ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ

ગ્રંથ ૮

# બ્રિટિશ કાલ

(ઈ.સ. ૧૯૧૪ સુધીનો)



શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-
સંશોધન વિદ્યાભવન, અમદાવાદ

સંશોધન ગ્રંથમાલા—ગ્રંથાંક ૮૩

શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન

# ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ

ગ્રંથ ૮

# બ્રિટિશ કાલ

(ઈ. સ. ૧૯૧૪ સુધીનો)

સંપાદકો

**હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી**, એમ.એ., પીએચ.ડી.

અનુસ્નાતક અધ્યાપક, સંશોધન-માર્ગદર્શક અને નિવૃત્ત અધ્યક્ષ

શેઠ ભો.જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ

અને

**પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ**, એમ.એ., પીએચ.ડી.

અનુસ્નાતક અધ્યાપક, સંશોધન-માર્ગદર્શક અને અધ્યક્ષ

શેઠ ભો.જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ

શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન

અમદાવાદ-૩૮૦ ૦૦૯

પ્રથમ સંસ્કરણ વિ. સં. ૨૦૪૧ ઈ. સ. ૧૯૮૪

કિંમત રૂ. [redacted]

પ્રકાશક

પ્રવીણચંદ્ર ચિ. પરીખ

અધ્યક્ષ

ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન

ર. છો. માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

મુદ્રક

નરેન્દ્ર ડી. પટેલ

ઉર્મિયા પ્રિન્ટરી

નારણપુરા ગામ

અમદાવાદ-૩૮૦ ૦૧૩

# પ્રસ્તાવના

"ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ"ની ગ્રંથમાલામાં પ્રકાશિત થયેલા ગ્રંથ ૧ થી ૭ના અનુસંધાનમાં આ ગ્રંથ ૮ પ્રકાશિત થાય છે.

ઈ. સ. ૧૮૧૭ના નવેમ્બરની આખરે, ગુજરાતનું પાટનગર ગણાતા અમદાવાદમાં ભદ્રના કિલ્લા ઉપર યુનિયન જેક ફરકયો અને ઈ. સ. ૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મીએ ભારતનાં સર્વ સ્થળોએ એના સ્થાને આઝાદ ભારતનો રાષ્ટ્રધ્વજ ફરક્યો એ બે સમયાવધિ વચ્ચેના ગાળાને ગુજરાતના ઇતિહાસમાં બ્રિટિશ કાલ ગણાય. પરંતુ પ્રદેશોની ફેરબદલીના કરારોને આખરી સ્વરૂપ બીજા વર્ષે અર્થાત્ ૧૮૧૮માં અપાયું હોઈ, અહીં એની પૂર્વમર્યાદા ત્યારથી ગણવામાં આવી છે. ક્ષત્રપ કાલ, મૈત્રક કાલ, સોલંકી કાલ, સલ્તનત કાલ અને મુઘલકાલની સરખામણીએ લગભગ ૧૩૦ વર્ષનો આ સમયગાળો ઓછો લાંબો ગણાય, પરંતુ આ નિકટતમ અતીત કાલખંડને લગતી સામગ્રી એટલા વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે ને એ કાલનું સાંસ્કૃતિક જીવન એટલું બધું વૈવિધ્ય ભર્યું છે કે આ ગ્રંથમાળાના માળખામાં સમસ્ત બ્રિટિશકાલના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસને સમાવવો મુશ્કેલ પડે. આથી પહેલેથી જ આ કાલના ઇતિહાસ માટે દોઢેક ગ્રંથનો વિસ્તાર ફાળવવામાં આવેલો. આ ગ્રંથમાં બ્રિટિશ કાલનો ઈ. સ. ૧૯૧૪ સુધીનો જ ઇતિહાસ આલેખાયેલો છે, એ પછીનો ઇતિહાસ ગ્રંથ ૯ માં આપવામાં આવશે.

ફિરંગીઓ અને વલંદાઓના ધીકતા વેપારથી પ્રેરાઈને ઈ. સ. ૧૬૦૦ માં અંગ્રેજોએ ભારત વગેરે પૂર્વના દેશો સાથે વેપાર કરવા "ઈસ્ટ ઇન્ડિયા કંપની"ની સ્થાપના કરી ને એનું પહેલું વેપારી વહાણ ઈ. સ. ૧૬૦૮ માં સુરત બંદરે લાંગર્યું. ત્યારથી અંગ્રેજો ગુજરાતના સંપર્કમાં આવ્યા હતા. ૧૬૧૩ થી ૧૬૧૮ દરમ્યાન તેઓને ગુજરાતમાં વેપાર કરવાની પરવાનગી મળી. સુરતની કોઠી હિંદનાં બધાં બ્રિટિશ વેપારી થાણાંનું વડું મથક બની. આ તબક્કાની રૂપરેખા 'મુઘલકાલ'ના પ્રકરણ ૫ માં પરિશિષ્ટ રૂપે આપી છે.

ઈ. સ. ૧૭૫૯ થી અંગ્રેજો અહીંના રાજકારણમાં પ્રવેશ કરી પ્રદેશ પ્રાપ્ત કરવા માંડ્યા ને પેશવાઓ અને ગાયકવાડો વચ્ચેના ખટરાગનો લાભ લઈ તેઓએ ધીમે ધીમે ગુજરાતમાં અનેક પ્રદેશો પર પોતાની સત્તા જમાવ્યા કરી. આ

તબક્કાની રૂપરેખા 'મરાઠા કાલ'ના પ્રકરણ ૫ ના પરિશિષ્ટ ૨ માં આલેખી છે. એમાં અંતે દર્શાવ્યું છે તેમ પેશવા તથા ગાયકવાડ સાથેના કરારોથી અંગ્રેજોને ૧૮૧૭–૧૮માં ઘણા પ્રદેશ પ્રાપ્ત થયા એટલું જ નહિ, સૌરાષ્ટ્રમાં પણ તેઓનું સર્વોપરી વર્ચસ સ્થપાયું.

આ ગ્રંથમાં ઈ. સ. ૧૮૧૮થી ૧૯૧૪ સુધીનો અર્થાત્ લગભગ એક શતકનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ આલેખાયો છે. એની વિવિધ સાધનસામગ્રીનો પરિચય પ્રકરણ ૧ માં અપાયો છે, જેમાં જૂના પ્રકારોનું મહત્ત્વ ઘટતું દેખાશે ને અનેક નવા પ્રકાર નજરે પડશે. રાજકીય ઇતિહાસના ખંડના આરંભમાં અંગ્રેજોના ગુજરાત સાથેના પૂર્વસંપર્કોની સળંગ સમીક્ષા ભૂમિકારૂપે આપવામાં આવી છે (પ્રકરણ ૨).

ઈ. સ. ૧૮૧૮ થી ગુજરાતના કેટલાક ભાગોમાં ઇંગ્લૅન્ડની ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું સીધું શાસન વિસ્તર્યું, ને ગુજરાતમાંના 'બ્રિટિશ હિંદ'ને વહીવટ માટે પાંચ જિલ્લાઓમાં વહેંચવામાં આવ્યું તેનો ઇતિહાસ આ ગ્રંથના પ્રકરણ ૩ માં આલેખાયો છે. ૧૮૫૭–૫૮માં દેશમાં પ્રજાના અમુક વર્ગો તરફથી અંગ્રેજ કંપનીના સત્તાધીશ સામે જે ઉદ્રેક પ્રગટ્યો તેમાં ગુજરાતમાં બનેલી કેટલીક ઘટનાઓનો સમાવેશ થાય છે. આનો વૃત્તાંત પ્રકરણ ૪ માં આપવામાં આવ્યો છે. એ ઉદ્રેક વિદેશી સત્તાનું ઉન્મૂલન કરવામાં ભલે સફળ ન નીવડ્યો, પરંતુ એના પરિણામે હિંદમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સ્થાને બ્રિટિશ સરકારનું શાસન પ્રવર્ત્યું, જે લોકશાહીની જવાબદારી ધરાવતું. આ બીજા તબક્કાના આરંભમાં ય હિંદના અન્ય પ્રદેશોની જેમ ગુજરાતની પ્રજા અંગ્રેજોના રાજકીય શાસન તથા સાંસ્કૃતિક પ્રભાવથી અંજાઈ જતી હતી ને તેમ છતાં ધીમે ધીમે અંગ્રેજોની શોષણનીતિનો અનુભવ થતાં એનામાં રાષ્ટ્રિય અસ્મિતા તથા જાગૃતિની ભાવના ખીલતી ગઈ ને પોતાના વાજબી હક્કો માટે સરકારની નીતિનો વિરોધ કરવાની હિંમત આવતી ગઈ. નવી શિક્ષણ પ્રથાએ તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ આ જાગૃતિને વેગ આપ્યો. છતાં ગાંધીજી આફ્રિકાથી આવી અહીં સ્થિર થયા ને એમણે રાષ્ટ્રિય જાગૃતિનો જે વ્યાપક અને પ્રબળ વિકાસ કરાવ્યો તેની સરખામણીએ ૧૯૧૪ સુધીની જાગૃતિ ધીમી અને મોળી ગણાય. ઈ. સ. ૧૮૫૮ થી ૧૯૧૪ સુધીના આ બીજા તબક્કાની રૂપરેખા પ્રકરણ ૫ માં આલેખી છે.

આ બંને તબક્કાઓ દરમ્યાન સ્થાનિક રિયાસતો પર અંગ્રેજ શાસકોનું વર્ચસ વધતું ગયું. તેઓને ચડતા–ઊતરતા સાત વર્ગોમાં વર્ગીકૃત કરવામાં આવી ને તેઓની સત્તાને ઘણી નિયંત્રિત કરી દેવામાં આવી. પ્રકરણ ૬ માં આ રાજકીય

પ્રક્રિયા નિરૂપી ગુજરાતમાંની રેસિડેન્સી તથા પોલિટિકલ એજન્સીઓનો તેમજ તળ-ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની મુખ્ય રિયાસતોનો પરિચય આપવામાં આવ્યો છે.

પ્રકરણ ૭ માં ગુજરાતમાંના બ્રિટિશ મુલકોના રાજ્યતંત્રની તથા સ્થાનિક રિયાસતોના રાજ્યવહીવટની સમીક્ષા કરી છે. ઈ. સ. ૧૮૧૮–૧૯૧૪ દરમ્યાન ગુજરાતમાં પહેલાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ને પછી બ્રિટિશ સરકારના તેમજ કેટલાંક દેશી રાજ્યોના વિવિધ સિક્કા ચલણમાં હતા, તેનો પરિચય આ પ્રકરણના પરિશિષ્ટમાં આપેલો છે.

બ્રિટિશ શાસનના પરિણામે ગુજરાતમાં એક બાજુ બ્રિટિશ સત્તાના પ્રાબલ્યની તથા પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવની અસર પ્રવર્તી, તો બીજી બાજુ ધીમે ધીમે રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદની ભાવના વિકસી, તેની રૂપરેખા પ્રકરણ ૮ માં આલેખી છે. એના પરિશિષ્ટમાં અહીંની રાજકીય ચેતના વ્યક્ત કરતાં સંસ્થાઓ અને મંડળોનો પરિચય આપ્યો છે.

લોકજીવન પર પ્રબળ અસર કરતા પરિબળ તરીકે જ અગત્ય ધરાવતા આ રાજકીય ઇતિહાસના ખંડ સંક્ષિપ્ત નિરૂપણને લઈને આ ગ્રંથનો માંડ ત્રીજો ભાગ રોકે છે.

નવી વિભાવના અનુસાર ઇતિહાસમાં સાંસ્કૃતિક જીવનનાં વિવિધ પાસાં મુખ્ય સ્થાન ધરાવે છે. એ અનુસાર સાંસ્કૃતિક ઇતિહાસનો ખંડ અહીં રાજકીય ઇતિહાસ કરતાં દોઢગણું પ્રમાણ ધરાવે છે. એમાં પહેલાં તત્કાલીન સમાજનાં અનિષ્ટો તથા સુધારણાની સમીક્ષા કરી છે (પ્રકરણ ૯). એના પરિશિષ્ટરૂપે આદિમ જાતિઓની સંસ્કૃતિનો પરિચય આપ્યો છે. એ કાલની આર્થિક સ્થિતિના નિરૂપણ(પ્રકરણ ૧૦)માં એક બાજુ શાંતિસલામતી અને યંત્રોના ઉપયોગ દ્વારા કેટલોક વિકાસ દેખા દે છે તો બીજી બાજુ અંગ્રેજોની સ્વાર્થવૃત્તિને લઈને સ્વદેશી હુન્નર કલાઓની તથા વેપારવણજની અવનતિ નજરે પડે છે. પરિશિષ્ટ ૧ માં એ કાલનાં બંદરો અને વહાણવટાની જે સમીક્ષા કરવામાં આવી છે તે આ અવનતિનો સચોટ ખ્યાલ આપે છે; બીજી બાજુ આ કાલ દરમ્યાન હિંદીઓનાં વિદેશોમાં ગમન તથા વસવાટ વધતાં ગયાં ને તેમાં ગુજરાતીઓ અગ્રિમ સ્થાન ધરાવતા એ પરિશિષ્ટ ૨ પરથી સ્પષ્ટ થાય છે.

બ્રિટિશ શાસને કેળવણીની પરિપાટીમાં કેટલાક ધરખમ ફેરફાર કર્યા, જેમાં અધ્યાપન-તાલીમ તથા કન્યાકેળવણી ખાસ નોંધપાત્ર છે (પ્રકરણ ૧૧). પ્રાદેશિક ભાષાના વિકાસમાં શિષ્ટ ગુજરાતી ભાષા ઘડાઈ ને મુદ્રણકલાએ ગુજરાતી લિપિનું

નિયતીકરણ કર્યું. છતાં આમ વર્ગમાં વિવિધ બોલીઓ પ્રચલિત રહી (પ્રકરણ ૧૨). સાહિત્યમાં એક બાજુ મધ્યકાલીન પરિપાટી ચાલુ રહી, તો બીજી બાજુ નવી કેળવણીએ સાહિત્યનું અર્વાચીન સ્વરૂપ વિકસાવ્યું ને અહીં કેટલાક નવા સાહિત્ય-પ્રકાર પ્રચલિત થયા (પ્રકરણ ૧૩). મુદ્રણકલાએ પ્રકાશન-પ્રવૃત્તિને વેગ આપ્યો (પરિશિષ્ટ ૧); કેળવણી ખાતાએ, વડોદરા રાજ્યે તથા કેટલીય વિદ્યા-સંસ્થાઓએ લેખન તથા પ્રકાશનને ઘણું પ્રોત્સાહન આપ્યું (પરિશિષ્ટ ૨).

વૃત્તપત્રો તથા સામયિકો એ બ્રિટિશ શાસન દ્વારા હિંદને મળેલી પશ્ચિમની અણમોલ ભેટ છે. ગુજરાતનું પત્રકારત્વ આ કાલ દરમ્યાન આ બંને ક્ષેત્રોમાં ઉગમ તથા વિકાસ પામ્યું (પ્રકરણ ૧૪).

સમાજની જેમ ધર્મસંપ્રદાયોમાં પણ આ કાલ દરમ્યાન એક બાજુ દૂષણોનો અને બીજી બાજુ સુધારણાનો પ્રવાહ વહેતો દેખાય છે. એમાં સ્વામિનારાયણ સંપ્રદાયનો તથા ધર્મસુધારણાનાં નવાં આંદોલનનો ફાળો ગણનાપાત્ર છે. એ પ્રવાહમાં રૂઢિ અને સુધારા વચ્ચે પહેલાં સંઘર્ષ થાય છે ને અંતે સમન્વય પણ સધાય છે (પ્રકરણ ૧૫). આ કાલ દરમ્યાન ખ્રિસ્તી ધર્મપ્રસારકોની પ્રવૃત્તિઓ પણ પાંગરી (પુરવણી).

આ ગ્રંથમાલાના અગાઉના ગ્રંથોની જેમ આ ગ્રંથમાં પણ સાંસ્કૃતિક ઇતિહાસના ખંડ પછી પુરાતત્ત્વનો ખંડ (પ્રકરણ ૧૬ થી ૧૮) આપવામાં આવ્યો છે. સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકલામાં હવે પરંપરાગત કલાનો વિકાસ ઘટયો છે, પણ એ દરેકમાં પશ્ચિમની અસર નીચે કેટલાક નવા ઉન્મેષ પ્રગટયા છે. આ કાલનાં મંદિરોમાં સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરોએ કલાઓમાં કરેલું પ્રદાન ખાસ નોંધપાત્ર છે. છેલ્લા પ્રકરણમાં ચિત્રકલા ઉપરાંત નૃત્યકલા, નાટયકલા તથા સંગીતકલાના જૂનાનવા પ્રવાહોની પણ સમીક્ષા કરવામાં આવી છે ને એના પરિશિષ્ટમાં એ કાલની વિવિધ હુન્નર-કલાઓનો પરિચય આપ્યો છે.

આ કાલને લગતી ઇતર પ્રવૃત્તિઓમાં પુરાતત્ત્વ-ખાતાનાં તથા મ્યુઝિયમોનાં પગરણ થયાં તેની સમીક્ષા અહીં ગ્રંથના અંતે પરિશિષ્ટ ૧ અને ૨ માં રજૂ કરવામાં આવી છે. વળી આ કાલ દરમ્યાન સમાજ, ધર્મ, સાહિત્ય, કલા વગેરે ક્ષેત્રોમાં પાશ્ચાત્ય સંસ્કૃતિની જે ઘેરી અસર પ્રસરી તેનું વિહંગાવલોકન પણ કરાવવામાં આવ્યું છે (પરિશિષ્ટ ૩). આમ આ ગ્રંથમાં અગાઉના ગ્રંથોના લગભગ સર્વ વિષય ચાલુ રહ્યા છે; એટલું જ નહિ, એ ઉપરાંત કેટલાક નવા વિષયોનું પણ ઉમેરણ થયું છે. છેલ્લા બે ગ્રંથોની આયોજનામાં સલાહકાર સમિતિના

સભ્યો ઉપરાંત અન્ય અનેક વિદ્વાનો સાથે થયેલ સંયુક્ત ચર્ચા–વિચારણાને એનો યશ ઘટે છે.

પ્રાચીન તથા મધ્યકાલીન ઇતિહાસની સરખામણીએ અર્વાચીન ઇતિહાસનું ખેડાણ ઓછું થયું હોઈ, આ ગ્રંથ તથા આના પછીનો ગ્રંથ ઘણો ઉપયોગી નીવડશે. અલબત્ત, ગ્રંથમાળાની આયોજના અનુસાર ફાળવાતી પૃષ્ઠસંખ્યાની મર્યાદાને લઈને આ ઇતિહાસનાં વિવિધ પાસાંનું નિરૂપણ સંક્ષેપમાં કરાયું છે ને એમાં વધુ ઊંડા અભ્યાસ તથા વિસ્તૃત નિરૂપણ માટે ઘણો અવકાશ રહેલો છે. અગાઉ જણાવ્યા મુજબ ગુજરાતના ઇતિહાસમાં બ્રિટિશ કાલ વધુ વિસ્તાર માગી લેતો હોઈ અહીં એનું ઈ. સ. ૧૯૧૪ સુધીનું જ નિરૂપણ કરાયું છે ને એનો ઈ. સ. ૧૯૧૪ થી ૧૯૪૭ સુધીનો તબક્કો ગ્રંથ ૯ માં નિરૂપવાનો રખાયો છે, જેની સાથે આઝાદી–પ્રાપ્તિથી ગુજરાત રાજ્યની સ્થાપના સુધીનો ઈ. સ. ૧૯૪૭ થી ૧૯૬૦ સુધીનો ઇતિહાસ પણ આપવામાં આવશે.

અગાઉના ગ્રંથોની જેમ આ ગ્રંથમાં ય અંતે સંદર્ભસૂચિ, શબ્દસૂચિ, આલેખો તથા ચિત્રો આપવામાં આવેલ છે, જે ગ્રંથની ઉપયોગિતામાં ઉમેરો કરે છે. નકશાઓ તથા વંશાવળીઓ છેલ્લા ગ્રંથમાં આપવા ધારીએ છીએ.

આ ગ્રંથમાળાના લેખન તથા પ્રકાશનના ખર્ચ અંગે અમને ગુજરાત રાજ્ય સરકાર તરફથી ૭૫ ટકા અનુદાનની આર્થિક સહાય મળતી રહી છે તેની અહીં પણ સાભાર નોંધ લઈએ છીએ. આ કાર્યમાં અમને બધો વખત સાથ–સહકાર અને માર્ગદર્શન આપવા માટે અમે ગુજરાતરાજ્યના ભાષા–નિયામકશ્રી તેમજ ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમીના મહામાત્રશ્રીના આભારી છીએ. ઇતિહાસના અનેક અભ્યાસીઓ તરફથી અમને જે સક્રિય સહકાર મળ્યો છે તે માટે અમે તે સહુનો પણ આભાર માનીએ છીએ. આવા ગ્રંથની ગુણવત્તાનો મુખ્ય આધાર એના વિદ્વાન લેખકોની નિષ્ઠા અને કાર્યક્ષમતા ઉપર રહેલો છે. કેટલાક અતિપ્રવૃત્ત વિદ્વાનોનાં લખાણ અમને અનેકાનેક ઉઘરાણીઓ દ્વારા છેક છેલ્લી ઘડીએ પ્રાપ્ત થયેલાં હોઈ સમયના અભાવે એના સંપાદનમાં જે કંઈ ક્ષતિઓ રહી ગઈ હોય તે માટે અમે દિલગીર છીએ.

સ્થાનિક રિયાસતોના ઇતિહાસની બાબતમાં લગભગ ઈ. સ. ૧૯૦૦ સુધીની ઠીક ઠીક માહિતી પ્રકાશિત થયેલી છે. પરંતુ એના અનુસંધાનમાં ઈ. સ. ૧૯૦૦ થી ૧૯૪૭ સુધીની મહત્ત્વની માહિતી એકત્ર કરવા માટે અમે લગભગ બધી મોટી રિયાસતોના છેલ્લા રાજાઓને અને / અથવા તેઓના વારસદારોને જરૂરી માહિતી મોકલાવવા વિનંતી કરેલી, તે પૈકી બહુ ઓછા મહાનુભાવોએ અમને

તેઓના કુળની તથા રાજ્યની જરૂરી માહિતી પૂરી પાડી છે. અમે ગુજરાતની એ રિયાસતોના વર્તમાન પ્રતિનિધિઓને અમને આ અંગે સક્રિય સહકાર આપવા આગ્રહપૂર્વક અનુરોધ કરીએ છીએ, જેથી તે તે રાજકુલો તથા રિયાસતોની આ ગ્રંથમાળામાં આવશ્યક નોંધ લેવાનું શકય બને.

આ ગ્રંથમાળાના ગ્રંથ ૧ થી ૭ ના સંપાદક તરીકે જેમનું અમૂલ્ય માર્ગદર્શક મળેલું તે પ્રો. રસિકલાલ છો. પરીખનું નિધન થતાં અમને હવે એમની છત્રછાયાની ગંભીર ખોટ પડી છે. આ ગ્રંથના સંપાદનના કેટલાક કાર્યમાં અમને પહેલેથી અમારાં સહકાર્યકાર ડૉ. ભારતીબહેન શેલતે અને છેલ્લા તબક્કામાં, તાજેતરમાં નિમાયેલા અધ્યા. રામજીભાઈ સાવલિયાએ નોંધપાત્ર સહાય કરી છે. વળી આ ગ્રંથના પ્રૂફવાચન વગેરેમાં અમને અમારા સહકાર્યકર અધ્યા. કે. કા. શાસ્ત્રીનો તથા. ડૉ. ભારતીબહેન શેલતનો સક્રિય સહકાર સાંપડ્યો છે.

ચિત્રો માટેના ફોટોગ્રાફ અથવા બ્લૉક આપવા માટે તેમજ એના પ્રકાશનની મંજૂરી આપવા માટે અમે તે તે સંસ્થા તથા વ્યક્તિના સૌજન્યની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લઈએ છીએ.

અનેક તજ્જ્ઞ વિદ્વાનો વડે તૈયાર થયેલો બ્રિટિશ કાલ(ઈ. સ. ૧૯૧૪ સુધીનો)ને લગતો આ ગ્રંથ ગુજરાતના ઇતિહાસના અભ્યાસીઓને આ ગ્રંથમાળાના અગાઉના ગ્રંથોની જેમ ઉપયોગી નીવડશે ને રાજ્ય સરકારના માતબર અનુદાનને લીધે ઘણી ઓછી કિંમતે મળતા આ દળદાર સચિત્ર પ્રમાણિત ગ્રંથની પ્રતો ખરીદીને ગુજરાતના ઇતિહાસમાં રસ ધરાવતી સર્વ સંસ્થાઓ તથા વ્યક્તિઓ આ ગ્રંથમાલાને સક્રિય પ્રોત્સાહન આપતી રહેશે એવી આશા રાખીએ છીએ.

ભો. જે. વિદ્યાભવન,
આશ્રમ માર્ગ,
અમદાવાદ–૩૮૦૦૦૯
તા. ૩૧–૮–૧૯૮૪

હરિપ્રસાદ ગં. શાસ્ત્રી
પ્રવીણચંદ્ર ચિ. પરીખ

# અનુક્રમણી


| | |
|---|---|
| પ્રસ્તાવના | ૫ |
| અનુક્રમણી | ૧૧ |
| ચિત્રોની સૂચિ | ૧૯ |
| ઋણસ્વીકાર | ૨૧ |
| સંક્ષિપ્તસૂચિ | ૨૨ |
| શુદ્ધિપત્રક | ૨૩ |

## ખંડ ૧

### પ્રાસ્તાવિક

#### પ્રકરણ ૧

#### સાધન-સામગ્રી

| | |
|---|---|
| ૧. સરકારી દફતરો અને પત્રવ્યવહાર<br>લે. **મકરંદ મહેતા**, એમ. એ., પીએચ. ડી.,<br>ઇતિહાસ વિભાગના વડા, સમાજવિદ્યા ભવન,<br>ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ | ૧ |
| ૨. ગેઝેટિયર<br>લે. **ઉમાકાંત મોહનલાલ ચોકસી**, એમ. એ.,<br>નાયબ મુખ્ય સંપાદક, ગુજરાત જિલ્લા ગેઝેટિયર કચેરી, અમદાવાદ | ૬ |
| ૩. સમકાલીન ઇતિહાસ-ગ્રંથો<br>લે. **મકરંદ મહેતા**, એમ.એ.,પીએચ.ડી. | ૯ |
| ૪. સમકાલીન સહાયક ગ્રંથો<br>લે. **મકરંદ મહેતા**, એમ.એ.,પીએચ.ડી. | ૧૩ |
| ૫. ખતપત્રો<br>લે. **હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી**, એમ.એ.,પીએચ.ડી.<br>નિવૃત્ત અધ્યક્ષ, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ | ૧૬ |
| ૬. અભિલેખો અને સિક્કા<br>લે. **હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી**, એમ.એ.,પીએચ.ડી. | ૧૮ |
| ૭. વર્તમાનપત્રો અને સામયિકો<br>લે. **પ્રફુલ્લ મહેતા**, એમ.એ.,પીએચ.ડી.<br>વ્યાખ્યાતા, ગુજરાતી વિભાગ, હ.કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ | ૨૫ |
| ૮. ઇતિહાસોપયોગી સાહિત્ય<br>લે. **ભારતીબહેન કીર્તિકુમાર શેલત**, એમ.એ.,પીએચ.ડી.<br>રીડર, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ | ૨૯ |

# ખંડ ૨

## રાજકીય ઇતિહાસ


પ્રકરણ ૨

અંગ્રેજોના ગુજરાત સાથેના પૂર્વ-સંપર્ક ૩૯

લે. પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ, એમ.એ.,પીએચ.ડી.
અધ્યક્ષ, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ

પ્રકરણ ૩

ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું શાસન (ઈ. સ. ૧૮૧૮-૧૮૫૮) ૫૮

લે. ઉષાબહેન ભટ્ટ, એમ.એ.,પીએચ.ડી.
વ્યાખ્યાતા, ઇતિહાસ વિભાગ, સમાજવિદ્યાભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

પ્રકરણ ૪

ગુજરાતમાં ૧૮૫૭નો સંગ્રામ ૬૫

લે. રમણલાલ ક. ધારૈયા, એમ.એ.,પીએચ.ડી.
ઇતિહાસ વિભાગના નિવૃત્ત વડા, સમાજ વિદ્યાભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

પ્રકરણ ૫

ગુજરાતમાંના બ્રિટિશ મુલકોનો રાજકીય ઇતિહાસ
(૧૮૫૮-૧૯૧૪) ૮૯

લે. રસેશકાંત ગો. પરીખ, એમ.એ.,પીએચ.ડી.
ઇતિહાસ વિભાગના વડા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

## પ્રકરણ ૬

### સમકાલીન રિયાસતો

૧. વિવિધ કુલોના રાજવંશ (સામાન્ય પરિચય) ૧૦૪

લે. **હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી**, એમ.એ.,પીએચ.ડી.

૨. રિયાસતોનું વર્ગીકરણ અને સત્તાનું નિયતીકરણ ૧૦૭

લે. **હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી**, એમ.એ.,પીએચ.ડી.

૩. રેસિડેન્સી અને પોલિટિકલ એજન્સીઓ ૧૧૬

લે. **શિવપ્રસાદ રાજગોર**, એમ.એ.,એમ.એડ.,પીએચ.ડી.,ડી.ઈ.એસ. (લિટ્ઝ)

નિવૃત્ત મુખ્ય સંપાદક, જિલ્લા સર્વસંગ્રહ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

૪. તળ-ગુજરાતની મુખ્ય રિયાસતો ૧૨૧

લે. **શિવપ્રસાદ રાજગોર**. એમ.એ.,એમ.એડ.,પીએચ.ડી.,ડી.ઈ.એસ. (લિટ્ઝ)

૫. કચ્છ-સૌરાષ્ટ્રની મુખ્ય રિયાસતો ૧૨૯

લે. **મુગટલાલ બાવીસી**, એમ.એ.,પી.એચ.ડી.,

વ્યાખ્યાતા, ઇતિહાસ વિભાગ, એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત

૬. અન્ય નોંધપાત્ર રિયાસતો ૧૪૨

લે. **હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી**, એમ.એ.,પીએચ.ડી.

## પ્રકરણ ૭

### રાજ્યતંત્ર

૧. બ્રિટિશ હિંદનું રાજ્યતંત્ર ૧૬૫

લે. **યતીંદ્ર ઇંદ્રશંકર દીક્ષિત**, એમ.એ.,પીએચ.ડી.

ઇતિહાસ વિભાગના વડા, હ. કા. આર્ટ્સ કોલેજ, અમદાવાદ

૨. રિયાસતોનો રાજ્ય વહીવટ ૧૭૩

લે. **મુગટલાલ બાવીસી**, એમ.એ.,પીએચ.ડી

### પરિશિષ્ટ

**સિક્કા** ૧૮૫

લે. **ભાસ્કરરાય લ. માંકડ**, બી.એ.,એલએલ.બી. ડિપ્લોમા ઇન મ્યુઝિયોલોજી

નિવૃત્ત નિયામક, મ્યુઝિયમ્સ, ગુજરાત રાજ્ય

## પ્રકરણ ૮

**રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદનો વિકાસ** ૧૯૪

લે. **રમેશ ચતુરભાઈ જમીનદાર**, એમ.એ.,પીએચ.ડી.

રીડર, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, મહાદેવ દેસાઈ સમાજસેવા

મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

પરિશિષ્ટ

રાજકીય સંસ્થાઓ અને મંડળો ૨૧૭

લે. એસ. વી. જાની, એમ.એ.,પીએચ.ડી.
રીડર, ઇતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

ખંડ ૩

સાંસ્કૃતિક ઇતિહાસ

પ્રકરણ ૯

સામાજિક સ્થિતિ ૨૨૫

૧. હિંદુ સમાજ
લે. નવીનચંદ્ર આ. આચાર્ય, એમ.એ.,પીએચ.ડી.
નિવૃત્ત અધ્યાપક, ભારતીય સંસ્કૃતિ વિભાગ, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૨. મુસ્લિમ સમાજ ૨૪૨
લે. એમ. ઇ. કુરેશી, એમ.એ.,
વ્યાખ્યાતા, ફારસી વિભાગ, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૩. પારસી સમાજ ૨૪૭
લે. ભારતીબહેન કીર્તિકુમાર શેલત, એમ.એ.,પીએચ.ડી.

૪. ખ્રિસ્તી સમાજ ૨૫૩
લે. થૉમસ બેરત્રામ પરમાર, એમ.એ.
વ્યાખ્યાતા, ભારતીય સંસ્કૃતિ વિભાગ,
હ.કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

પરિશિષ્ટ

આદિમ જાતિઓની સંસ્કૃતિ ૨૫૯
લે. શાંતિલાલ આચાર્ય, એમ.એ.,પીએચ.ડી.
રીડર, ભાષાવિજ્ઞાન, ગુજરાતી વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

પ્રકરણ ૧૦

આર્થિક પરિસ્થિતિ ૨૬૮
લે. મકરંદ મહેતા, એમ.એ.,પીએચ.ડી.

પરિશિષ્ટ ૧

ગુજરાતનાં બંદરોની અવનતિ અને વહાણવટું ૨૯૪
લે. શિવપ્રસાદ રાજગોર, એમ.એ. એમ.એડ.,પીએચ.ડી.,ડી.હ.એસ.(લિટ્‌)

પરિશિષ્ટ ૨

વિદેશોમાં તથા ભારતમાં ગુજરાતીઓ ૩૦૫

લે. **શિવપ્રસાદ રાજગોર**, એમ.એ.,એમ.એડ.,પીએચ.ડી.,ઇ.એસ.(લિડ્ઝ)

પ્રકરણ ૧૧

કેળવણી

**૧. જૂની પરિપાટી** ૩૧૬

અ. ગુજરાતી શિક્ષણ

આ. સંસ્કૃત પાઠશાળાઓ

લે. **ભારતીબહેન કીર્તિકુમાર શેલત**, એમ.એમ.,પીએચ.ડી.

ઇ. મદરેસાઓ

લે. **એમ. જી. કુરેશી**, એમ.એ.

**૨. નવી કેળવણી** ૩૩૧

પ્રાથમિક શિક્ષણ — અધ્યાપન-તાલીમ શિક્ષણ

માધ્યમિક શિક્ષણ — ધંધાદારી શિક્ષણ

ઉચ્ચ શિક્ષણ — લલિત કલાનું શિક્ષણ

લે. **શિવપ્રસાદ રાજગોર**, એમ.એ.,એમ.એડ.,પીએચ.ડી.,ડી.,ડી.ઈ.એસ.(લિડ્ઝ)

કન્યા કેળવણી ૩૪૩

લે. **પ્રવીણાબહેન ઠક્કર**, એમ.એ.,પીએચ.ડી.

શિક્ષિકા, મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ, અમદાવાદ

પાઠ્યપુસ્તકો ૩૪૮

લે. **શિવપ્રસાદ રાજગોર**, એમ.એ.,એમ.એડ.,પીએચ.ડી.,ડી.ઈ.એસ.(લિડ્ઝ)

ગ્રંથાલય પ્રવૃત્તિ ૩૫૨

લે. **કિરીટભાઈ ભાવસાર**, એમ.એ.,

ગ્રંથાલય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

## પ્રકરણ ૧૨

## ગુજરાતી ભાષા, બોલીઓ અને લિપિ

અ. શિષ્ટ ગુજરાતીનું ઘડતર

લે. **ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા,** એમ.એ.,પીએચ.ડી.

નિવૃત્ત નિયામક, પ્રાચ્યવિદ્યામંદિર, વડોદરા

**૧. ભાષા** ૩૫૯

આ. ગુજરાતી ભાષા સ્વરૂપનો વિકાસ ૩૬૧

**બોલીઓ**

અ. બોલી સ્વરૂપો

લે. **કેશવરામ કાશીરામ શાસ્ત્રી,** વિદ્યાવાચસ્પતિ

**મહામહિમોપાધ્યાય,** માનાર્હ અધ્યાપક

ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ

આ. બોલીગત શબ્દતંત્રો ૩૭૪

લે. **શાંતિલાલ આચાર્ય**, એમ.એ.,પીએચ.ડી.

ગુજરાતી બોલીઓના નમૂના ૩૭૮

લે. **કેશવરામ કાશીરામ શાસ્ત્રી,** વિદ્યાવાચસ્પતિ

**મહામહિમોપાધ્યાય**

**લિપિ** ૩૮૨

લે. **ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા,** એમ.એ.,પીએચ.ડી.

## પ્રકરણ ૧૩

## સાહિત્ય

અ. પ્રાચીન પરંપરાનું સાહિત્ય

લે. **કેશવરામ કાશીરામ શાસ્ત્રી,** વિદ્યાવાચસ્પતિ

મહામહિમોપાધ્યાય

આ. અર્વાચીન પરંપરાનું ગુજરાતી સાહિત્ય ૩૮૬

લે. **ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા,** એમ.એ.,પીએચ.ડી.

## પરિશિષ્ટ ૧

ગુજરાતમાં મુદ્રણનો ઉગમ અને વિકાસ ૪૦૫

લે. **જિતેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ,** બી.એ.,એલએલ.બી.,ડી.બી.પી.(લંડન)

વ્યવસ્થાપક, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ

## પરિશિષ્ટ ૨

ગુજરાતી ગ્રંથોનાં લેખન તથા પ્રકાશનનો વિકાસ ૪૧૨

લે. ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા, એમ.એ., પીએચ.ડી.

## પ્રકરણ ૧૪

## પત્રકારત્વ

૧. વૃત્તપત્રો ૪૨૪

લે. રતન આર. માર્શલ, એમ.એ., પીએચ.ડી.

૨. સામયિકો ૪૪૪

લે. વિષ્ણુભાઈ પંડ્યા, એમ.એ.
સહાયક તંત્રી, જનસત્તા, અમદાવાદ

## પ્રકરણ ૧૫

ધાર્મિક સ્થિતિ ૪૫૪

લે. રસિકલાલ રાવળ, એમ.એ.
રીડર, ઇતિહાસવિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

## પુરવણી

ખ્રિસ્તીધર્મ ૪૮૯

લે. થૉમસ બેરત્રામ પરમાર, એમ.એ.

# ખંડ ૪

## પુરાતત્ત્વ

## પ્રકરણ ૧૬

## સ્થાપત્ય

૧. સામાન્ય સમીક્ષા ૪૯૪

લે. પી. એસ. પ્રમાર
રીડર ઇન આર્કિટેક્ચર, મ. સ. યુનિવર્સિટી, વડોદરા

૨. હિંદુ અને જૈન મંદિરો ૫૦૫

લે. થૉમસ બેરત્રામ પરમાર, એમ.એ.

૩. સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરો ૫૦૯

લે. કિરીટકુમાર જેઠાલાલ દવે, એમ.એ. એલએલ.બી.
રજિસ્ટરિંગ ઑફિસર (ઍન્ટિક્વિટીઝ), પુરાતત્ત્વ ખાતું, ગુજરાત રાજ્ય

૪. ખ્રિસ્તી દેવળો ૫૧૨

લે. થૉમસ બેરત્રામ પરમાર, એમ.એ.

પ્રકરણ ૧૭

શિલ્પકૃતિઓ ૫૧૬

લે. કિરીટકુમાર જે. દવે, એમ.એ., એલએલ.બી.

પ્રકરણ ૧૮

ચિત્ર, નૃત્ય, નાટ્ય અને સંગીત ૪૨૯

લે. ચિનુભાઈ જગન્નાથ નાયક, એમ.એ., પીએચ.ડી.
આચાર્ય, હ.કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

પરિશિષ્ટ

હુન્નર કલાઓ ૫૪૭

લે. શિવપ્રસાદ રાજગોર, એમ.એ., એમ.એડ., પીએચ.ડી., ડી.ઈ.એસ.(લિડ્ઝ)


## પરિશિષ્ટો


પરિશિષ્ટ ૧ ૫૬૯

ગુજરાતમાં પુરાતત્ત્વનાં પગરણ

લે. છોટુભાઈ મ. અત્રિ, એમ.એ.
નિવૃત્ત પુરાતત્ત્વ નિયામક, ગુજરાતરાજ્ય, અમદાવાદ

પરિશિષ્ટ ૨ ૫૭૯

ગુજરાતમાં મ્યુઝિયમનાં પગરણ

લે. નંદન હરિપ્રસાદ શાસ્ત્રી, એમ.એસસી., પી.જી. ડિપ્લોમા
ઇન મ્યુઝિયોલૉજી
ક્યુરેટર, સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમ, વલ્લભવિદ્યાનગર

પરિશિષ્ટ ૩ ૫૮૮

પાશ્ચાત્ય સંસ્કૃતિ : પ્રસાર, પ્રભાવ અને પ્રત્યાઘાત

લે. યશવંત પ્રાણશંકર શુક્લ, એમ.એ.
સંયોજક, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ

સંદર્ભસૂચિ ૬૦૮

શબ્દસૂચિ ૬૩૫

## ચિત્રોની સૂચિ


| | | | |
|---|---|---|---|
| | આકૃતિ | ૧ | તત્કાલીન ગુજરાતી લખાણનો નમૂનો (પૃ. ૬૮૭) |
| | આકૃતિ | ૨ | જાહેરાતના હેન્ડબિલનો નમૂનો (પૃ. ૬૮૮) |
| પટ્ટ ૧ | આકૃતિ | ૩ થી ૯ | સિક્કાઓ |
| પટ્ટ ૨ | આકૃતિ | ૧૦ થી ૧૬ | સિક્કાઓ |
| પટ્ટ ૩ | ,, | ૧૭ | હઠીસિંહ મંદિર, અમદાવાદ |
| પટ્ટ ૪ | ,, | ૧૮ | વડવાળા મંદિર, દૂધરેજ; સમ્મુખ દર્શન |
| | ,, | ૧૯ | વડવાળા મંદિરના મંડોવરની દીવાલનું દૃશ્ય |
| પટ્ટ ૫ | ,, | ૨૦ | સ્વામિનારાયણ મંદિર, કાળુપુર, અમદાવાદ |
| પટ્ટ ૬ | ,, | ૨૧ | સ્વામિનારાયણ મંદિર, વડતાલ |
| પટ્ટ ૭ | ,, | ૨૨ | ક્રાઇસ્ટ ચર્ચ, મીરજાપુર, અમદાવાદ |
| પટ્ટ ૮ | ,, | ૨૩ | હઠીસિંહ મંદિરનો શિલ્પિત મહોરો |
| | ,, | ૨૪ | દ્વારપાલિકા, હઠીસિંહ મંદિર, અમદાવાદ |
| પટ્ટ ૯ | ,, | ૨૫ | કાષ્ઠ-કોતરણીવાળા સિંહાસન પર પ્રતિષ્ઠિત દેવ-પ્રતિમાઓ, સ્વામિનારાયણ મંદિર, કાળુપુર, અમદાવાદ |
| | ,, | ૨૭ | હાથીની અંબાડી પર બેઠેલ વિદેશી અફસર, સ્વામિનારાયણ મંદિર, ધોલેરા |
| પટ્ટ ૧૦ | ,, | ૨૬ | શિવ-પાર્વતી, સ્વામિનારાયણ મંદિર, ધોળકા |
| પટ્ટ ૧૧ | ,, | ૨૮-૨૯ | વાદ્યવાદિણીઓ, સ્વામિનારાયણ મંદિર, કાળુપુર, અમદાવાદ |
| પટ્ટ ૧૨ | ,, | ૩૦ | દ્વારપાલ, સ્વામિનારાયણ મંદિર, કાળુપુર, અમદાવાદ |
| | ,, | ૩૧ | વિષ્ણુ, સ્વામિનારાયણ મંદિર, સુરત |
| | ,, | ૩૨ | મહાપ્રભુજીની બેઠકના હવેલીનો મહોરો, ગુપ્ત પ્રયાગ (જિ. જૂનાગઢ) |
| પટ્ટ ૧૩ | ,, | ૩૩ | હાથીનું શિલ્પ, વડવાળા મંદિર, દૂધરેજ |
| | ,, | ૩૪ | દ્વારપાલ સાધુનું શિલ્પ, વડવાળા મંદિર, દૂધરેજ |
| પટ્ટ ૧૪ | ,, | ૩૫ | વાયુદેવ, પાળિયાદ |
| | ,, | ૩૬ | બ્રહ્માણી, ચંડીસર |
| | ,, | ૩૭ | કુબેર, રાજુલા |

| | | | | |
|---|---|---|---|---|
| પટ | ૧૫ | ,, | ૩૮ | શ્રદ્ધાંજલિ અર્પતું બાળક, પ્રોટેસ્ટન્ટ કબરસ્તાન, અમદાવાદ |
| | | ,, | ૩૯ | પરી, પ્રોટેસ્ટન્ટ કબરસ્તાન, અમદાવાદ |
| પટ | ૧૬ | ,, | ૪૦ | અંગ્રેજ કન્યા, ઢાળની પોળ, અમદાવાદ |
| | | ,, | ૪૧ | બાળકો, ઢાળની પોળ, અમદાવાદ |
| | | ,, | ૪૨ | વિદેશી વાદ્યધારિણી, જૈન ઉપાશ્રય, ધનાસુથારની પોળ, અમદાવાદ |
| પટ | ૧૭ | ,, | ૪૩ | પ્રવેશદ્વાર, કેશવભવન, નાણેકચોક, અમદાવાદ |
| | | ,, | ૪૪ | કાન–ગોપીઓના શિલ્પવાળી કમાન, હજીરાની પોળ, કાળુપુર, અમદાવાદ |
| પટ | ૧૮ | ,, | ૪૫ | કોરિન્થિયન શિલ્પયુક્ત મહોરો, સરકીવાડ, સારંગપુર, અમદાવાદ |
| | | ,, | ૪૬ | ચિનુભાઈ બૅરોનેટનો બંગલો, શાહીબાગ, અમદાવાદ |
| પ | ૧૯ | ,, | ૪૭ | સ્તંભશિરાવટી, નવલખા મહેલ, મુંદ્રા |
| | | ,, | ૪૮ | સ્તંભશિરાવટી, ફાલના અને છત, હવેલી સ્વામિનારાયણ મંદિર, ધોળકા |
| પ | ૨૦ | ,, | ૪૯ | મજૂસ, પિરાજી સાગરા સંગ્રહ, અમદાવાદ |
| | | ,, | ૫૦ | કલાત્મક બારી, પિરાજી સાગરા સંગ્રહ, અમદાવાદ |
| | ૨૧ | ,, | ૫૧ | હનુમાનજી, રામજી મંદિર, વસો |
| | | ,, | ૫૨ | મદલ, સ્વામિનારાયણ મંદિર, કાળુપુર, અમદાવાદ |
| | | ,, | ૫૩ | બાબલા દેવ, દેવહાટ (છોટાઉદેપુર) |
| | ૨૨ | ,, | ૫૪ | શ્રીપાલરાસ–કથાનું એક દૃશ્ય, લા. દ. વિદ્યામંદિર, અમદાવાદ |
| | | ,, | ૫૫ | પગથી તીર છોડતી નર્તકી, પટચિત્ર, લા. દ. વિદ્યામંદિર, અમદાવાદ |
| | ૨૩ | ,, | ૫૬ | નૃત્ય દૃશ્ય, પટચિત્ર, લા. દ. વિદ્યામંદિર, અમદાવાદ. |
| | ૨૪ | ,, | ૫૭ | માણકી ઘોડી પર બેઠેલા સહજાનંદ સ્વામી, સ્વામિનારાય મંદિર સંગ્રહ, કાળુપુર, અમદાવાદ |

# ઋણ સ્વીકાર

—ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, અમદાવાદ : આ. ૧

—શ્રી જિતેન્દ્રભાઈ દેસાઈ, નવજીવન કાર્યાલય, અમદાવાદ : આ. ૨

—મ્યુઝિયમ ઍન્ડ પિક્ચર ગૅલેરી, વડોદરા : આ. ૩ થી ૧૬

—શ્રી આનંદ પ્રાણલાલ પટેલ, અમદાવાદ : આ. ૧૭

—રોટરી ક્લબ, વઢવાણ : આ. ૧૮–૧૯

—'સ્વામિનારાયણ ચિત્રકલા' ગ્રંથ : આ. ૨૦, ૨૧ ૫૭

—શ્રી કેશવભાઈ પટેલ અમદાવાદ : આ. ૨૨

—'સ્વામિનારાયણ શિલ્પ-સ્થાપત્યકલા' ગ્રંથ : આ. ૨૩ થી ૩૧ ૪૮ ૫૨

—ડૉ. હરિલાલ ગૌદાની અમદાવાદ : આ. ૩૨ થી ૩૭, ૫૧ ૫૩

—શ્રી કિરીટકુમાર જે. દવે, ગાંધીનગર : આ. ૩૮ થી ૪૬

—કચ્છવર્તુળ, પુરાતત્ત્વખાતુ, ગુજરાત સરકાર, ભુજ : આ. ૪૭

—રજિસ્ટરિંગ ઑફિસર (ઍન્ટિક્વિટીઝ), ગુજરાત સરકાર, ગાંધીનગર વર્તુળ : આ. ૪૯, ૫૦

—લા. દ. વિદ્યામંદિર, અમદાવાદ : આ. ૫૪ થી ૫૬

# સંક્ષેપ સૂચિ

| | |
|---|---|
| A.I. | Ancient India |
| BBMPG | Bulletin of the Baroda Museum and Picture Gallery |
| BBR | Baroda Residency Records |
| BG | Bombay Gazetteer |
| CHI | The Cambridge History of India |
| DG | District Gazetteer |
| HEA | 'History of East Africa' ed. by Harlow & etc. |
| HEI | 'History of Education in India' by Nurullah & Naik |
| JAD | 'Indians Abroad Directory' by Waiz |
| J.N.S.I. | Journal of the Numismatic Society of India |
| PC | Political Correspondence |
| P.D. | Political Department |
| RPI | 'Ruling Princes of India' by Mewtee |
| SMHFMI | Source Material for a History of the Freedom movement in India |
| WCG | 'Wood Carving of Gujarat' by Trivedi |
| અગુરે | 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન' (લે.હી.ત્રિ. પારેખ) |
| ગુકેઇ | 'ગુજરાતની કેળવણીનો ઇતિહાસ' (લે. રાજગોર) |
| ગુવસોઇ | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ (લે.હી.ત્રિ. પારેખ) |
| બુપ્ર | બુદ્ધિપ્રકાશ |
| ભારામ | 'ભારત રાજ્ય મંડળ' (લે. અ. ગો. શાહ) |

## શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૮ | 'ડાંડીયો' | 'ડાંડિયો' |
| ૬ | ૩૦ | વિષયને | વિષયોને |
| ૧૦ | ૧૯ | બ્રિટશ | બ્રિટિશ |
| ૧૧ | ૮ | સાહિત્યક | સાહિત્યિક |
| ૧૪ | ૧૩ | Gurjarashatra | Gurjarashtra |
| | ૨૨ | જ્હેન | જહૉન |
| ૨૦ | ૪ | ગોર્વધનદાસે | ગોવર્ધનદાસે |
| ૨૬ | ૧૫ | રાસ્તા | રાસ્ત |
| ૩૨ | ૧૨ | ટ્રક | ટ્રંક |
| | ૧૬ | મહેતા/કૃત | મહેતા—કૃત |
| ૩૮ | ૨૮ | કૃષ્ણરાવ, ભોળાનાથ | કૃષ્ણરાવ ભોળાનાથ |
| | ૩૪ | દાદાભાઈ | 'દાદાભાઈ |
| ૪૩ | ૨૧ | રઘુનારાથરાવ | રઘુનાથરાવ |
| ૪૪ | ૪ | ઉત્તા. | ઉતા. |
| | ૧૭ | ગર્વનર | ગવર્નર |
| ૪૬ | ૧ | પછીના વ | પછીના વર્ષે |
| | ૧૯, ૨૦ | ગર્વનર | ગવર્નર |
| ૪૭ | ૯ | બળવાં | બળવા |
| ૪૮ | ૩, ૪ | ગર્વનર | ગવર્નર |
| ૫૧ | ૧૯ | ૧૮૧૩ | ૧૮૧૭ |
| ૫૫ | ૪ | ગયાં | ગયા |
| | ૫ | જે પરાનાં | જેથી પરાનાં |
| | ૧૦ | બચાવ્યાં | બચાવ્યા |
| ૬૦ | ૨૪ | ખંડિયા | ખંડિયાં |
| ૬૩ | ૭ | પ્રાતમાં | પ્રાંતમાં |
| ૬૫ | ૯ | આદોલન | આંદોલન |
| | ૧૬ | ગર્વનર | ગવર્નર |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬૫ | ૨૩ | બાર | ૧૨ |
| ૬૬ | ૫ | લડતા | લડત |
| ૬૭ | ૨૧ | ગર્વનર | ગવર્નર |
| ૭૩ | ૨૨ | એકત્રિત | એકત્રિત |
| ૭૪ | ૮ | દુર્જનસીંગ | દુર્જનસિંગ |
| | ૨૯ | આવ્યો.[૩૯] | આવ્યો અને ચારને તોપને મોઢે ઉડાડી દેવામાં આવ્યા.[૩૯] |
| ૭૫ | ૧૮ | પાલ | પાલ્લા |
| ૭૯ | ૨૦ | નિઃશસ્ત્રી | નિઃશસ્ત્ર |
| ૮૧ | ૧૨ | લશ્કરા | લશ્કરી |
| ૮૩ | ૮ | અ | એ |
| | ૯ | (સૌરાષ્ટ્ર | (સૌરાષ્ટ્ર) |
| ૮૪ | ૧૮ | હોવ | હોવા |
| ૮૯ | ૩ | (૧૮૫૯ | (૧૮૫૮ |
| ૯૧ | ૧૮–૧૯ | સુરત અને થાણા | અને સુરત |
| ૯૩ | ૨૭ | કિંટિંજે | કીટિંજે |
| ૯૪ | ૧૭ | એ | એ. |
| ૯૭ | ૨ | પંચમહાલમાં | પંચમહાલમાંના |
| | ૯ | એલન | એલન |
| ૯૯ | ૨૧ | પી. ઈ (પ્રાયમરી ઈયર) | પ્રી. ઈ. (પ્રીવિયસ ઈયર) |
| ૧૦૦ | ૨૬ | ૧૮૫૭ માં | ૧૮૫૭ માં કાયદેસરની |
| ૧૦૨ | ૯ | સિધિયા | સિંધિયા |
| | ૨૦ | Hisorical | Historical |
| ૧૦૬ | ૫ | સુંથ | સૂંથ |
| ૧૧૩ | ૧૨ | ઉમેઠા | ઉમેટા |
| ૧૧૫ | ૧૩ | ઉમેઠા | ઉમેટા |
| ૧૨૩ | ૧૪ | રેસિડેન્ડ | રેસિડેન્ટ |
| ૧૨૬ | ૮ | બ્રટિશ | બ્રિટિશ |
| ૧૨૯ | ૨૨ | 'હિમતનગર' | 'હિંમતનગર' |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૩૧ | ૧૭ | (૧૮૩૬ | (૧૮૩૬) |
| ૧૩૫ | ૧૯ | જાજાવી | બજાવી |
| ૧૩૬ | ૨૬ | નિર્મૂળ | નિર્મૂળ |
| ૧૪૯ | ૧૧ | જિન્નતનશીન | જન્નતનશીન |
| ૧૬૩ | ૨ | Bhavnager | Bhavnagar |
| ૧૬૫ | ૫ | ૧૮૫૭ | ૧૮૫૮ |
| | ૭ | **૧૮૫૭** | **૧૮૫૮** |
| ૧૬૬ | ૧૬ | સમગ્ર સમુદ્ર | સમુદ્ર |
| ૧૬૯ | ૨ | આવ્યું હતું. | આવ્યો હતો. |
| ૧૭૧ | ૧૦ | જજોની | જજો |
| ૧૭૮ | ૪ | રિસાયતો | રિયાસતો |
| ૧૮૮ | ૨૮ | ગુર્બ | ઝર્બ |
| ૧૯૦ | ૩૦ | બાજુ પણ | બાજુ પર |
| ૧૯૧ | ૧૦ | કિરણોત્સર્ગ | કિરણોત્સર્ગી |
| ૧૯૨ | ૮ | શીયા | શિયા |
| ૧૯૩ | ૧૨ | વસ્તુતઃ...સિકા... દર્શાવતો | બીજા મતે...સિક્કા...દર્શાવતો |
| | ૧૪ | chester...clifford | Chester....Clifford |
| ૨૦૧ | ૧૬ | મીઠાવેરો | મીઠાવેરો અર્ધો |
| | ૧૭ | લોકક્રાંતિ : | લોકક્રાંતિ; |
| | ૧૮ | કમ્પનીના | કમ્પનીનો |
| ૨૦૨ | ૨૪ | પાલા...ચંડપ | પાલ્લા...ચાંડપ |
| ૨૦૩ | ૧૭ | કર્યો. | કર્યા. |
| ૨૦૬ | ૮ | પ્રમુખ પ્રસ્થાને | પ્રમુખસ્થાને |
| ૨૦૭ | ૨૧ | કોંગ્રેસ | કોંગ્રેસ |
| ૨૦૮ | ૧૨ | નવસારીથી | મહેસાણા, બીલીમોરા કે નવસારીથી |
| ૨૦૯ | ૨૬ | આમ આ | આ |
| ૨૧૮ | ૨૩ | સમિતિના | સ્વાગત સમિતિના |
| ૨૧૯ | ૧૦ | કારોબારીની | કારભારીની |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| | ૨૧ | ગોર્વધનરામ | ગોવર્ધનરામ |
| ૨૨૦ | ૮ | સ્વદેશીની | સ્વદેશી |
| ૨૨૪ | ૫ | p. 41 | Part I, p. 41 |
| ૨૨૫ | ૮ | ગયા | ગયો |
| | ૧૦ | જોસાઈત | ભેંસાઈત |
| | ૧૧ | અને ગાંયજા | અને |
| ૨૨૯ | ૨૬ | લેડી | સેડી |
| ૨૩૨ | ૧૯ | જાહેરમાં પણ | જાહેરમાં |
| ૨૩૩ | ૩૧ | ભોગ | ભાગ |
| ૨૩૫ | ૧૦ | પાંચ દફામાં સ્થાન પામેલા (રદ કરો.) | |
| ૨૩૮ | ૮ | ગોર્વધનરામ | ગોવર્ધનરામ |
| ૨૩૯ | ૧૬ | સ્થાપવાનો | ચલાવવાનો |
| | ૧૭ | આ પછી | (રદ કરો.) |
| ૨૪૦ | ૨૯–૩૦ | બાજીગોરીએ | બાજીગૌરીએ |
| ૨૪૨ | ૧૪ | ગણાય. | ગણાય |
| ૨૪૪ | ૧૧ | કઃવ્ય | કાવ્ય |
| ૨૪૭ | ૩૦ | પર્શિયન | ફારસા |
| ૨૫૦ | ૧૮ | નવસરવાનજી | નસરવાનજી |
| | ૧૯ | કુરિવાજમાંથી | કુરિવાજોમાંથી |
| ૨૫૧ | ૨૧ | નવસરવાનજી | નસરવાનજી |
| ૨૫૩ | ૩૦ | 'છપનિયા દુકાળ' | 'છપ્પનિયા દુકાળ' |
| ૨૫૪ | ૯ | આવ્યાં.[૪૬] | આવ્યાં.[૬૪] |
| | ૧૬ | હતાં.[૩૬] | હતાં.[૬૬] |
| ૨૫૬ | ૩ | જેમને | જેમકે |
| | ૨૪ | Gazetteer | Gazetteer |
| ૨૬૧ | ૧૨ | ધનેડિયા | ઘોડિયા |
| | ૧૯ | છે. | છે, |
| ૨૬૨ | ૨૩ | ખોટો | ખાટો |
| ૨૬૩ | ૨૮ | સરો | સેરો |
| ૨૬૪ | ૧૦ | વાદલદેવ | વાદ્યાલદેવ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| | ૧૫ | ભેસથરે | ભેસધરે |
| | ૩૨ | પ્રસગ | પ્રસંગ |
| ૨૬૫ | ૩ | વિધિનિષેષ, | વિધિનિષેધ |
| | ૨૮ | નવસાડીની | નસવાડીની |
| | ૩૧ | ગધેડાના | ગધેડાનો |
| ૨૬૯ | ૨૩ | ન્યાયધીશ | ન્યાયાધીશ |
| | ૨૭ | એની | એમની |
| ૨૮૦ | ૫ | પરિર્વતનનું | પરિવર્તનનું |
| | ૧૧ | સકાની | સૈકાની |
| ૨૮૨ | ૧૧ | શિંપિંગ | શિપિંગ |
| ૨૮૪ | ૨૮ | વીવિંગ | વીવિંગ |
| ૨૯૨ | ૨૧ | Makarnd | Makrand |
| ૩૦૦ | ૩ | સાથે | સાથેના |
| ૩૦૨ | ૨૯ | જહાજી | ૨. જહાજી |
| ૩૦૪ | ૨૩ | Economies | Economics |
| ૩૧૨ | ૬ | વ્રગ | વેગ |
| ૩૧૩ | ૧૮ | ઉજારે | ઇજારો |
| ૩૧૪ | ૩ | ૧૭૬૮ | ૧૭૫૮ |
| ૩૩૦ | ૨૬ | અબુલ | અબુ |
| ૩૩૨ | ૬ | મિશનરીઓએ | મિશનરીઓ |
| ૩૩૮ | ૨૩ | પ્રોવિન્સ્યયલ | પ્રોવિન્સ્યલ |
| ૩૪૦ | ૭ | શું | (રદ કરો) |
| | ૨૮ | માટે | માટેનો |
| ૩૪૧ | ૨૫ | ગ્રાન્ડ | ગ્રાન્ટ |
| ૩૪૨ | ૬ | ઇન્સ્ટિટયૂટ | ઇન્સ્ટિટયૂટ |
| ૩૪૮ | ૨૧ | વાચનકાળ | વાચન |
| ૩૫૧ | ૨ | કોવનર્ટનના | કોવર્નટનના |
| | ૧૮ | કોર્વટન | કોવર્નટન |
| | ૨૧ | જિલ્લાઓ | જિલ્લાઓમાં, |
| ૩૫૬ | ૧૨ | ૧૯૧૨–૧૯૧૯ | ૧૯૧૨ થી ૧૯૧૯ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૫૭ | ૨ | Politics p. 47 | Politicsનું અવતરણ એજન, પૃ. ૪૭ ઉપર ઉદ્ધૃત |
| | ૭ | | રચ. અ. ઈ. ધ. દેસાઈ, 'સુરત સોનાની મૂરત', પૃ. ૧૫૮ |
| ૩૫૯ | ૧૬ | ડેરર | ડેગર |
| ૩૬૮ | ૨ | બતાવતાં, | બતાવત., |
| | ૨૦ | બોલર | બોલ્ડી |
| ૩૭૦ | ૨ | 'ગોમ' | 'ગોમ' |
| ૩૭૧ | ૩ | નહિ. | 'નહિ.' |
| | ૨૭ | સર્નનામોમાં | સર્વનામોમાં |

૩૭૪ ૨૩–૨૪–૨૫ આ ત્રણ પંક્તિઓને પૃ. ૩૬૫માં પંક્તિ ૯ પછી મૂકો.

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૮૪/૩ | ૩૦ | રુક્મિણવિવાહ | રુક્મિણીવિવાહ |
| ૩૮૪/૪ | ૬ | આધિદૈવિક | આધિદૈવિક |
| ૩૮૪/૬ | ૧૨ | મેવડા | મેવાડા |
| | ૨૮ | કર્તૃવ્ય | કર્તૃત્વ |
| ૩૮૪/૭ | ૧૫ | ૧૨૫૨ | ૧૮૫૨ |
| | ૧૭ | ૧૯૫૨ | ૧૮૫૨ |
| | ૨૪ | શીર્ષકનો | શીર્ષકના |
| ૩૮૪/૮ | ૨૪ | વનગર | વડનગર |
| ૩૮૫ | ૧૮ | ઉર્મિ૰ | ઊર્મિ૰ |
| ૩૮૭ | ૧૧ | પક્તિથી | પંક્તિથી |
| | ૧૯ | ૧૮૯૦...૧૮૯૯ | ૧૯૦૮...૧૮૯૭ |
| ૩૯૦ | ૨૮ | માણેકેશ્વર | માણુકેશ્વર |
| ૩૯૪ | ૧૮ | (૧૯૦૬)નું | (૧૯૦૬) નામે |
| ૩૯૫ | ૨૧ | આવ્યાં હતાં | આવ્યા હતા. |
| | ૨૫ | સાહિત્યક | સાહિત્યિક |
| ૩૯૯ | ૧ | કાલી પરજ | કાળીપરજ |
| | ૨૦ | વધી | નવી |
| ૪૦૦ | ૭ | લખાયેલો | લખાવેલો |
| | ૨૨ | પુસ્તય | પુસ્તક |
| ૪૦૩ | ૩૪ | કૃતિ | કૃતિઓ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૦૫ | ૧૫ | પહોંચ્યો | પહોંચ્યો. |
| | ૧૮ | લખાણને | લખાણને ઊલટા મરોડમાં |
| ૪૦૬ | ૮ | જો કે | કે જો |
| ૪૦૮ | ૧૭ | હિંદુસ્તાનમાં | હિંદુસ્તાનમાં |
| ૪૦૯ | ૬ | 'છાપગરણ' | 'છાપગર' |
| ૪૧૧ | ૨૦ | પૃ. ૧૩ | પુ. ૧૩ |
| ૪૧૨ | ૨૪ | એ નામથી | નામથી |
| ૪૧૪ | ૨૭ | જોઈએ | જોઈએ. |
| ૪૨૧ | ૩૩ | માર્ક્સ | માર્ક્સ |
| ૪૨૨ | ૨૪ | ઉધ્ધ(?)વ | ઉદ્ધવ |
| ૪૨૫ | ૨ | ૧૭૩૨ | ૧૮૩૨ |
| | ૧૫ | નવરોજી | નવરોજી કાબ્રાજી |
| ૪૨૮ | ૨૬ | આ | આ પત્ર |
| ૪૩૨ | ૧૭ | પૂર્વે જણાવ્યું છે કે | (રદ કરો) |
| | ૨૭ | સાપ્તાહિક | દ્વિસાપ્તાહિક |
| ૪૩૪ | ૧૭ | ૧૮૯૪ | ૧૮૯૧ |
| ૪૫૦ | ૫ | પામ્યું | પામ્યું. |
| | ૧૦ | પ્રિયવંદા | પ્રિયંવદા |
| | ૨૮ | ત' માધ, | માધ, |
| ૪૫૨ | ૨૬ | ગુજરાતી | 'ગુજરાતી' |
| ૪૫૬ | ૩૦ | ઈ. સ. | અનુશ્રુતિ અનુસાર ઈ. સ. |
| ૪૫૭ | ૨ | મહત્તવ | મહત્ત્વ |
| | ૧૭ | **બીજમાં** પગીહેલા | બીજમાર્ગી'...પહેલાં |
| ૪૬૧ | ૩ | મુસ્લિમ | મુસ્લિમ |
| ૪૮૪ | ૧૯ | કે. ઓ. | કે. કા. |
| | ૧૯ - ૨૧ | ગુજરાતમાં....મનાય છે. | (રદ કરો.) |
| ૪૯૩ | ૧૩ | લુસાડિયા | લુસડિયા |
| ૪૯૫ | — | ધાર્મિક સ્થિતિ | સ્થાપત્ય |
| ૫૦૦ | ૬ | ૧૮૪૮ માં | ૧૮૪૭ માં |
| ૫૦૫ | ૧૪ | ૧૮૪૮માં | ૧૮૪૭ માં |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫૦૮ | ૬ | ૧૯૩૭ | ૧૮૩૭ |
| ૫૦૯ | ૨૫ | ૨૪–૧૨–૧૮૨૨ | ૨૪–૨–૧૮૨૨ |
| ૫૧૪ | ૨૯ | Talumati | Taramati |
| ૫૧૫ | ૪ | — | પૃ. ૬૮૮–૮૯ |
| | ૧૨ | ૬૨–૨૦...તરંગ–૬૧ | ...૬૨–૨૦. તરંગ–૬૧ |
| ૫૧૬ | ૩ | ચિત્રકલાના | શિલ્પકલાના |
| | ૧૪ | છે. | છે.[1] |
| ૫૧૭ | ૨ | છે. | છે.[2] |
| | ૪ | છે. | છે.[3] |
| ૫૧૮ | ૨૬ | છે. | છે.[4] |
| ૫૧૯ | ૪ | સ્થાપી. | સ્થાપી.[5] |
| | ૧૬ | છે. | છે.[6] |
| ૫૨૦ | ૧૧ | છે. | છે.[7] |
| | ૨૮ | શ્રીલીલાધરે | શ્રીલીલાધરે[8] |
| ૫૨૧ | ૧૭ | છે. | છે.[9] |
| ૫૨૨ | ૩ | વણિક | વણિક |
| | ૪ | (આ. ૧૭) | (આ. ૩૭) |
| ૫૨૪ | ૧૭ | છે. | છે.[10] |
| | ૨૬ | (આ. ૪૭) | (આ. ૪૭)[11] |
| ૫૨૫ | ૨૧ | (આ. ૪૯) | (આ. ૪૯)[12] |
| | ૩૧ | (આ. ૫૦) | (આ. ૫૦)[13] |
| ૫૨૬ | ૪ | કમર | કમરે |
| | ૯ | ઉંચાઈમાં | ઊંચાઈમાં |
| | ૨૬ | લાગ્યું. | લાગ્યું.[14] |
| ૫૨૭ | ૮ | હતાં. | હતાં.[15] |
| ૫૪૭ | ૩૨ | વાંકાંનેર | વાંકાનેર |
| ૫૫૪ | ૧૦ | તદુપઉરાંત | તદુપરાંત |
| ૫૫૫ | ૨૧ | સમ્ગીતાચાર્યો | સંગીતાચાર્યો |
| ૫૫૬ | ૨૯ | વાદ્યધારિણુઓ | વાદ્યધારિણીઓ |
| ૫૭૦ | ૬ | ફ્રોબ્સે | ફ્રોબ્સે |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| | ૧૯ | મહાનિર્દેશક | મહાનિદેશક |
| | ૨૧ | એન્ટિક્વરી' | એન્ટિક્વરી' |
| ૫૭૧ | ૧૨,૧૭ | મહાનિર્દેશક | મહાનિદેશક |
| | ૨૬ | એરિયા | ઓરિયા |
| ૫૭૨ | ૧ | મહાનિર્દેશકના | મહાનિદેશકના |
| | ૧૨ | બુશ | બુસ |
| | ૧૫ | કરા | કરી |
| | ૨૮ | મહાનિર્દેશકનું | મહાનિદેશકનું |
| | ૨૯ | પુરાતત્ત્વવિદ્ વાસ્તુવિદ્ | પુરાતત્ત્વવિદ્...વાસ્તુવિદ્ |
| ૫૭૩ | ૨૩ | પ્લાયસ્ટોલિન | પ્લાયસ્ટોસીન |
| ૫૭૪ | ૪ | રોબર્ટ ..ઊર્ધ્વકાલના | રોબર્ટ..ઊર્ધ્વકાપના |
| | ૨૫ | નવા | નવો |
| | ૨૮ | મોહે—જો દડોની | મોહેંજો—દડોની |
| ૫૭૫ | ૫ | —આદ્ય | આદ્ય— |
| | ૨૨ | રોબર્ટ | રોબર્ટ |
| ૫૭૮ | ૩૨ | Vol. XXXIX | Vol. XXXIV |
| ૫૮૫ | ૯ | ત્રાજા | ત્રીજા |
| ૫૮૬ | ૧૮ | પર્શિયન | ફારસી |
| | ૨૪ | નોર્થ કોટ | નોર્થ કોટ |
| ૫૯૦ | ૧૨ | હતા. | હતી. |
| | ૩૧ | મંડયા | માંડયા |
| ૫૯૧ | ૯ | રહેલા | રહેવા |
| ૫૯૩ | ૯ | ખંડ | ખંડ |
| ૫૯૬ | ૮ | ન્યાયાધીશ | સહાયક ન્યાયાધીશ |
| ૫૯૭ | ૨૫ | ધાત્રા | ધાત્રી |

# ખંડ ૧

# પ્રાસ્તાવિક

## પ્રકરણ ૧

## સાધન–સામગ્રી

### ૧. સરકારી દફતરો અને પત્રવ્યવહાર

૧૮૧૮ માં ગુજરાતમાં અંગ્રેજી હકૂમત સ્થપાયા બાદ આ પ્રદેશનો ઇતિહાસ લખવા માટેનાં સાધન વધુ વિપુલ પ્રમાણમાં અને બહુલક્ષી સ્વરૂપે જોવા મળે છે. ૧૮૧૮ પછીનો ગુજરાતનો ઇતિહાસ લખવા માટે જે અનેક પ્રકારની સાધનસામગ્રી ઉપલબ્ધ છે, તેમાં સરકારી દફતરો અને પત્રવ્યવહાર મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

હિંદના અન્ય પ્રાંતોની જેમ ગુજરાતમાં પણ અંગ્રેજોનો આશય સંગીન અમલદારશાહી દ્વારા શાસન કરવાનો હોઈ ગુજરાતની પ્રજાના સામાજિક સાંસ્કૃતિક રાજકીય તથા આર્થિક પાસાં વિશે માહિતી એકત્ર કરવી એ અંગ્રેજી શાસન–વ્યવસ્થાનું મહત્ત્વનું અંગ હતું. અંગ્રેજ અમલદારો આ માહિતી મેળવવામાં ઘણી ચીવટ રાખતા અને ચોકસાઈપૂર્વક એને સંગ્રહી રાખતા કે જેથી તત્કાલીન તેમજ ભાવી શાસકોને એમની નીતિ ઘડવામાં કામ લાગે. ઇતિહાસ–લેખનની દૃષ્ટિએ સરકારી દફતરોનું મહત્ત્વ એટલું બધું છે કે એના ઉપયોગ વગર ગુજરાતનો ઇતિહાસ સમજવો અને એનું પુનર્મૂલ્યાંકન કરવું લગભગ અશક્ય છે. હાલના સરકારી અભિલેખાગારોમાં સચવાયેલા સંખ્યાબંધ પ્રકાશિત તથા અપ્રકાશિત ગ્રંથો, દસ્તાવેજો તથા પત્રવ્યવહાર માત્ર રાજ્યનીતિવિષયક બાબતો ઉપર જ નહિ, પ્રજાજીવનનાં અનેક મહત્ત્વનાં પાસાં ઉપર પણ પ્રકાશ નાખે છે.

૧૯ મા સૈકાના સાતમા દાયકામાં અને ત્યારબાદ મુંબઈ સરકારે *Gazetteer of the Bombay Presidency* તરીકે ઓળખાતા અતિ મહત્ત્વના ગ્રંથો પ્રકાશિત કર્યા હતા, જેનું વિવેચન આ પ્રકરણમાં પછીના ખંડમાં કરવામાં આવશે.

૧૮૬૧–૬૨ના વર્ષથી મુંબઈ સરકાર પ્રતિવર્ષ એના વહીવટ અંગેના અહેવાલ પ્રસિદ્ધ કરતી. આ અહેવાલો *General Report on the Administration of the Bombay Presidency* તરીકે ઓળખાય છે. એ સમકાલીન રાજકીય પરિસ્થિતિ, વહીવટીતંત્ર, શહેરી તથા ગ્રામજીવન, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, જેલ–વહીવટ, કેળવણીવિષયક સંસ્થાઓ તથા વેપાર–ઉદ્યોગ વિશે માહિતી પૂરી પાડે છે.

વડોદરા તથા ભાવનગર જેવાં દેશી રાજ્યો પણ આ પ્રકારના વાર્ષિક અહેવાલો દ્વારા ઉપર્યુક્ત માહિતી આપતાં.[1]

સરકારી ખાતાંના પત્રવ્યવહાર તથા અમલદારોના અહેવાલો પણ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વના છે. મુંબઈ સરકારનાં આ ગ્રંથસ્થ લખાણ *Selections from the Records of the Government of Bombay* ના સ્વરૂપમાં સચવાયાં છે. ૧૮૫૨ બાદ વ્યવસ્થિત રીતે એ પ્રકાશિત કરવામાં આવતાં. આ સંગ્રહોમાં આપવામાં આવેલી વિગતો ૧૮૫૨ પહેલાંના સમયને પણ આવરી લે છે. અંગ્રેજી હકૂમત નીચેના વિસ્તારો તથા દેશી રજવાડાં વિશે સર્વગ્રાહી માહિતી પૂરી પાડતાં આ *Selections* રાજકીય અને સાંસ્કૃતિક જીવનની ઘણીખરી પ્રવૃત્તિઓ અને સંસ્થાઓને આવરી લે છે. નીચેનાં દૃષ્ટાંતો ઉપરથી આ પસંદગીઓની વિવિધતા વિશે ખ્યાલ આવી શકે તેમ છે. ક્રમાંક ૧૫ માં કચ્છ રાજ્ય, એના ઇતિહાસની રૂપરેખા, એનાં નગરો તથા ગામો, નકશો, માંડવી બંદર, ભૂજની તબીબી સમીક્ષા, ભૂજ અને અમદાવાદ વચ્ચેના માર્ગો ઇત્યાદિને વિશે જુદા જુદા અધિકારીઓએ આપેલા અહેવાલો ઉપરાંત કચ્છના નામદાર રાવે આપેલી પ્રકીર્ણ માહિતીનો સમાવેશ થાય છે. એવી રીતે ક્રમાંક ૩૭ માં કાઠિયાવાડ પ્રાંતનું ઐતિહાસિક, ભૌગોલિક અને આંકડાકીય વૃત્તાંત, ત્યાંનાં દેશી રાજ્યો વિશે પ્રકીર્ણ નોંધ, ઝાલાવાડ કાઠિયાવાડ મચ્છુકાંઠો હાલાર સોરઠ બરડો ગોહિલવાડ વગેરે વિશેની વિગતવાર માહિતી; ઓખામંડળનાં કિલ્લેબંધ-સ્થળો મુખ્ય-રાજાઓ વગેરે વિશે જુદા જુદા અધિકારીઓએ પૂરી પાડેલી માહિતી આપી છે. ક્રમાંક ૩૯ તથા ૧૪૭ ગુજરાતમાં દૂધપીતીની ચાલનાં કારણો (દહેજપ્રથા વ.) તથા અંગ્રેજોએ એને અટકાવવા લીધેલાં પગલાં વિશે તલસ્પર્શી ચર્ચા કરે છે. ખાસ કરીને એ અંગેના પત્રવ્યવહાર મહત્ત્વના છે. ક્રમાંક ૧૧ ધોળકા ખેડા મહેમદાવાદ નડિયાદ વગેરે વિસ્તારોની કૃષિ-વિષયક બાબતોને આલેખે છે તેમજ પાલણપુર જિલ્લામાં સતી અને દૂધપીતીની ચાલ વિરુદ્ધ અંગ્રેજોએ કરેલા કાયદા-કાનૂનો સંબંધી પણ ખ્યાલ આપે છે. ક્રમાંક ૩૭ કાઠિયાવાડ વિશે અત્યંત ઉપયોગી માહિતી પૂરી પાડે છે. ગુજરાતની સામાજિક તથા રાજકીય સ્થિતિ, રીતરિવાજો, ગ્રામ તથા નગરજીવન, ખેતી અને જમીન મહેસૂલ, વાહનવ્યવહારનાં સાધનો અને વેપાર-વિષયક પ્રવૃત્તિઓ સંબંધી પ્રાથમિક સામગ્રી પૂરી પાડનાર સરકારી દફતરોમાં આ પસંદગીઓ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

જમીન-મહેસૂલ સરકારની આવકનું મુખ્ય સાધન હોઈ અંગ્રેજો એમની જમીન-મહેસૂલ-નીતિ એવી રીતે ઘડતા કે જેથી સરકારને વધુ ને વધુ મહેસૂલ

મળતું રહે. આ માટે ખેડૂતો ખેતમજૂરો ગણોતિયાઓ ખાતેદારો, નાનામોટા જમીનદારો તથા ગામડામાં વ્યાજવટાનો ધંધો કરતા શરાફો જેવા ખેતી સાથે સંકળાયેલા વર્ગોના માણસોના સામાજિક તથા આર્થિક જીવન વિશે તેમજ જમીનના પ્રકારો, ખેતીને લગતાં ઓજારો, અનાજ તથા રોકડિયા પાકની જાત તથા એની કિંમત તથા જીવનધોરણના ખર્ચ વિશે ઝીણામાં ઝીણી વિગતો અંગ્રેજ અમલદારો મેળવતા. ગામડાંઓના સામાજિક ઇતિહાસનું તથા ગામડાં અને શહેરો વચ્ચે પ્રવર્તતા સંબંધોનું સંશોધન કરવામાં ઉપરની બાબતોના જ્ઞાનનું મહત્ત્વ ઘણું છે. આ વિષયની વર્ણનાત્મક તથા આંકડાશાસ્ત્રીય માહિતી પૂરી પાડતાં સરકારી લખાણો સંખ્યાબંધ ઉપલબ્ધ છે, જે *Survey and Settlement Report* તરીકે ઓળખાય છે.[2] ગુજરાતનાં જિલ્લા તાલુકા તથા ગામડાંને આવરી લેતા આ ખેતી-વિષયક અહેવાલ ગુજરાતની જમીન-મહેસૂલ-વિષયક કચેરીઓમાં અને ખાસ કરીને અભિલેખાગારોમાં વ્યવસ્થિત રીતે સચવાયેલા છે. વડોદરા અને અન્ય દેશી રાજ્યો એમના અલાયદા અહેવાલો પ્રસિદ્ધ કરતાં.[3]

પ્રજાજીવનનાં વિવિધ પાસાં વિશે વર્ણનાત્મક તેમજ આંકડાશાસ્ત્રીય માહિતી આપનારાં સાધનોમાં *Census Reports*(વસ્તી-ગણતરીના અહેવાલો)નો સમાવેશ થાય છે. હિંદના અન્ય પ્રાંતોની જેમ ગુજરાતનાં ધર્મો, સંપ્રદાયો, કોમો, જ્ઞાતિઓ, વાહનવ્યવહારનાં સાધનો, જન્મ મૃત્યુના દર, જાહેર આરોગ્ય, ખેતી-વેપાર-ઉદ્યોગ, કેળવણીની સંસ્થાઓ વગેરે બાબતો ઉપર વિસ્તૃત માહિતી પૂરી પાડનારા આ અહેવાલો હાલ ઘણું કરીને જર્જરિત દશામાં છે. પ્રથમ વસ્તીગણતરી ફેબ્રુઆરી ૧૮૭૨માં હાથ ધરવામાં આવી હતી, પણ એનો અહેવાલ બહુ આધારભૂત નથી, કારણ કે એ કાંઈક અંશે પ્રયોગાત્મક હતી અને રાષ્ટ્રિય સ્તર પર વસ્તી-ગણતરીની કોઈ નિશ્ચિત પદ્ધતિ પણ વિકસાવવામાં આવી નહોતી. ૧૮૭૨ની વસ્તી-ગણતરીમાં કેટલાક આંકડા ૧૮૪૬માં અખતરારૂપે કરવામાં આવેલી વસ્તી-ગણતરીના પણ છે, પણ એને બહુ આધારભૂત ગણી ના શકાય. પણ ત્યારબાદ કરવામાં આવેલ ૧૮૮૧ની વસ્તી-ગણતરીની વિગતો વિશ્વસનીય છે. ૧૮૮૧ બાદ દર દસ વર્ષે વસ્તી ગણતરી થતી હોઈ એ ગુજરાતની સાંસ્કૃતિક રાજકીય તથા આર્થિક પ્રવૃત્તિઓ અને સંસ્થાઓ વિશે અને પલટાતા જતા સમાજ-જીવનની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વની છે.

મધ્યસ્થ સરકાર હિંદના રાજકીય વહીવટી આર્થિક તથા કેળવણી-વિષયક પ્રશ્નો સંબંધી તપાસ કરવા અવારનવાર સમિતિઓ અને પંચોની નિમણૂક કરતી. મુંબઈ સરકારે પણ એ ઇલાકા સંબંધી માહિતી પ્રાપ્ત કરવાના અથવા મહત્ત્વની સમસ્યાનું નિરાકરણ કરવાના આશયથી સંખ્યાબંધ પંચ નીમ્યાં હતાં, જેના

અહેવાલો *Reports of the Committees and Commissions* તરીકે ઓળખાય છે. દુષ્કાળ, જેલ-વહીવટ, વાહનવ્યવહારનાં સાધનો, સરકારી ખાતાંમાં થતી લાંચરુશવતો તથા કેળવણી-વિષયક સંસ્થાઓ જેવા વિષયોને આ અહેવાલો આવરી લે છે.[૪]

૧૮૬૦ની આસપાસ મુંબઈ સરકારે ઠરાવ કર્યો કે જે લખાણ સરકારી હિતનાં ધ્વંસક હોય અથવા તો નીતિવિષયક દૃષ્ટિએ મહત્ત્વનાં હોય તેનો અંગ્રેજીમાં તરજૂમો કરી એને છપાવી ગ્રંથસ્થ રાખવાં. *Report on the Native Newspaper* તરીકે ઓળખાતા આ અઠવાડિક અહેવાલો તે સમયનાં 'ડાંડીયો' 'ગુજરાતમિત્ર' 'અમદાવાદ સમાચાર' 'સત્યપ્રકાશ' 'સૂર્યપ્રકાશ' 'ગુજરાતદર્પણ' તથા 'સમશેર બહાદુર' જેવાં અગ્રગણ્ય છાપાંના લેખો અને સમાચારોનો પરિચય કરાવે છે અને નાશ પામેલાં ઘણાંખરાં અખબારોના અવશેષરૂપે મદદરૂપ બને છે. આ જ અરસામાં મુંબઈ સરકારે એની નીતિઓની પ્રજાજીવન ઉપર થતી અસરો વિશે જાણકારી મેળવવા *Moral and Material Progress Reports* પ્રસિદ્ધ કરવા શરૂ કર્યા હતા.

મુંબઈ સરકારની જુદી જુદી અદાલતોમાં ચાલેલા મુકદ્દમા અને ન્યાયાધીશોએ આપેલા ચુકાદા ગુજરાતના સામાજિક તથા સાંસ્કૃતિક જીવન પર અત્યંત મહત્ત્વનો પ્રકાશ નાખે છે. મિલકત અંગેના અધિકાર, વારસાહક, જ્ઞાતિમાંથી બરતરફ કરવા અંગેના નિયમો અને રીતરસમો, નાતરાં તથા લગ્નવિચ્છેદ, શેઠ-નોકરોના સંબંધો, મકાનમાલિકો તથા ભાડૂતો વચ્ચેના સંબંધો, સ્ત્રીઓનો સામાજિક દરજ્જો, મંદિરોનો વહીવટ, બાળલગ્નો વગેરે પ્રશ્નો સંબંધી એ સમયના ગુજરાતી સમાજનાં વલણો અને વર્તનનો ચિતાર આપતી અદાલતી સામગ્રી ૧૮૦૦ની સાલથી ઉપલબ્ધ છે.[૫] હિંદુઓ મુસલમાનો પારસીઓ વગેરે કોમોના પરંપરાગત રિવાજોના સંદર્ભમાં અંગ્રેજી કાયદા-કાનૂનોનું જે રીતે અમલીકરણ થયું તેનાં વ્યાવહારિક દૃષ્ટાંતો અદાલતી ચુકાદા પૂરા પાડે છે.

મુંબઈ ઇલાકાની લેજિસ્લેટિવ કાઉન્સિલમાં જેમ જેમ હિંદીઓને સ્થાન મળતું ગયું તેમ તેમ પ્રજાના મહત્ત્વના પ્રશ્નો વધુ ને વધુ ચર્ચાવા લાગ્યા. *Bombay Legislative Council Debates* માં ગુજરાતને સ્પર્શતા અનેક મહત્ત્વના પ્રશ્નોની વિગતવાર છણાવટ થતી.

ઇંગ્લૅન્ડની પાર્લામેન્ટ હિંદના પ્રશ્નો અંગે સજાગ હોઈ એ હિંદના રાજકારણ તેમજ સમાજજીવનનાં વિવિધ પાસાં વિશે માહિતી એકત્ર કરતી. આ લિખિત સાધનોને *British Parliamentary Papers* કહેવામાં આવે છે. ગુજરાતના

ઐતિહાસિક સંશોધન માટે એ માહિતીની ખાણ સમાન છે. પાર્લામેન્ટરી પેપરોની સંખ્યા ઘણી મોટી છે અને વિષયનું વૈવિધ્ય પણ એમાં ઘણું છે. નીચેનાં દૃષ્ટાંતો ઉપરથી આ સરકારી દસ્તાવેજોના મહત્ત્વનો ખ્યાલ આવી શકશે. એક પાર્લામેન્ટરી પેપર ૧૮૮૦થી ૧૮૯૦ સુધીના સમયમાં ખંભાતના ખેડૂતોની કથળતી જતી આર્થિક સ્થિતિનો ચિતાર આપે છે, એટલું જ નહિ, પણ પરિસ્થિતિ અસહ્ય બનતાં ખેડૂતોએ રાજ્ય સામે કેવી રીતે બળવો પોકાર્યો એની માહિતી પૂરી પાડે છે.[6] એક પાર્લામેન્ટરી પેપર ગુજરાતનાં રજવાડાંમાં તથા ઈસ્ટ ઇંડિયા કંપનીના ગુજરાતી તેમજ અંગ્રેજી કર્મચારીઓમાં તથા ગુજરાતના વેપારીઓ અને શરાફોમાં પ્રવર્તતી લાંચરુશવતની બદીઓને છતી કરે છે.[7] એટ્કિન્સન નામના અંગ્રેજ સનંદી અમલદારે તૈયાર કરેલી ગ્રંથમાળાના ગ્રંથ ૬ માં અંગ્રેજી શાસનની શરૂઆતમાં કંપની સરકાર અને ગુજરાતનાં દેશી રાજ્યો વચ્ચે જે કોલ-કરાર થયા તેની સવિસ્તર દસ્તાવેજી માહિતી આપેલી છે.

ગુજરાતના ઇતિહાસ-લેખન માટે અપ્રકાશિત સાધનસામગ્રી ઘણા સારા પ્રમાણમાં ઉપલબ્ધ છે, જે સરકારી અભિલેખાગારોમાં તેમજ કૌટુંબિક તથા સાર્વજનિક માલિકીના સ્વરૂપમાં મળી આવે છે. દિલ્હીના રાષ્ટ્રિય અભિલેખાગાર (National Archives of India), મુંબઈમાં આવેલ મહારાષ્ટ્ર રાજ્ય દફ્તર-ભંડાર, તથા ગુજરાત રાજ્ય દફ્તર–ભંડાર, ગાંધીનગરની વિવિધ શાખાઓમાં સમાવિષ્ટ અપ્રકાશિત કાગળો, દસ્તાવેજો અને પત્રવ્યવહાર આ સમયની પ્રજાકીય પ્રવૃત્તિઓનાં વિવિધ પાસાં વિશે માહિતી પૂરી પડે છે. મહારાષ્ટ્ર અભિલેખાગાર (મુંબઈ) તથા રાષ્ટ્રિય અભિલેખાગારમાં Foreign Political Department ની સેંકડો ફાઈલો સાચવવામાં આવી છે, જે રાજકીય અને સામાજિક વિષયોને લગતી છે.

સરકાર સામે વધતા જતા ખેડૂતોના અસંતોષ તેમજ રાજકીય પ્રવૃત્તિઓને આલેખતી અનેક હસ્તપ્રતો અને ટાઈપ થયેલાં લખાણો હિંદ સરકારના *Home Department (Political) Fortnightly Reports*માં જોવા મળે છે. મુંબઈ સરકારના એ સમયે 'ખૂબ ખાનગી' ગણાતા અહેવાલ હાલ મહારાષ્ટ્ર સરકારના સચિવાલયમાં રેકૉર્ડ્ઝ ઑફિસમાં તથા અભિલેખાગારમાં છૂટક છૂટક સાચવવામાં આવ્યા છે.

મહારાષ્ટ્ર રાજ્ય-દફ્તરે ગુજરાતની ધાર્મિક અને સામાજિક બાબતોને સ્પર્શતી અનેક વિગતોને Revenue Department Filesમાં પણ જાળવી છે. આ ફાઈલોમાં ખાસ કરીને વંશપરંપરાગત સામાજિક તથા આર્થિક અધિકારો,

પેન્શનો, ઇનામી જમીનો, મંદિરની સાચવણી માટે સરકાર તરફથી અપાતાં અનુદાનો વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. ૧૮૧૮ માં ઈસ્ટ ઇંડિયા કંપનીનું શાસન સ્થપાતાં ગુજરાતના કેટલાક સામાજિક-ધાર્મિક વર્ગોને સહન કરવું પડ્યું હતું. ગાયકવાડ અને પેશવાના લશ્કરમાં તથા અન્ય સરકારી નોકરીઓમાં કામ કરતા ઘણા માણસોનાં પેન્શન રદબાતલ ગણવામાં આવ્યાં હતાં, ઘણાને નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા હતા. નિરાધાર બનેલા આ માણસોએ સરકારને 'દયા' માટે કરેલી અનેક અરજીઓ આ ફાઈલમાં મળી આવે છે. ગુજરાતના ઇનામદારો જમીનદારો અને મંદિરોના મહંતોએ પણ એમના પરાપૂર્વના અધિકારો ચાલુ રાખવા માટે અરજીઓ કરી હતી. અંગ્રેજી શાસનની શરૂઆતમાં પ્રજાજીવન કેવા સંજોગોમાંથી પસાર થયું એનો સચોટ અહેવાલ ઉપર્યુક્ત ફાઈલોમાંથી મળે છે. એક ફાઈલ ડાકોરમાં આવેલ રણછોડજીના મંદિરની સ્થાપના અને એના નિભાવાર્થે પેશવા તરફથી મળતા અનુદાન સંબંધી વિગતો આપે છે. આ મંદિરના અગ્રણીએ કંપની સરકારને 'મદદ' માટે અરજી કરી હતી.[૮] આમ ગુજરાત જ્યારે એના રાજકીય અને સામાજિક પરિવર્તનના કાલમાંથી પસાર થતું હતું ત્યારે જે પરિબળોએ ભાગ ભજવ્યો તેને સમજવામાં આ ફાઈલો મદદરૂપ છે.

## ૨. ગૅઝેટિયર

બ્રિટિશ શાસન નીચે મુંબઈ ઇલાકામાં ૧૮ જિલ્લા હતા તે પૈકી પાંચ ગુજરાતના હતા : સુરત ભરૂચ ખેડા પંચમહાલ અને અમદાવાદ. બીજાં અનેક દેશી રાજ્ય હતાં, જેમાં વડોદરા કચ્છ પાલનપુર મહીકાંઠા રેવાકાંઠા ખંભાત સુરત પ્રદેશ અને કાઠિયાવાડનાં અનેક મોટાંનાનાં રાજ્યોનો સમાવેશ થતો હતો.

મુંબઈ ઇલાકાના જુદા જુદા જિલ્લાઓનાં આંકડાકીય વૃતાંત્ત તૈયાર કરવાની હિલચાલ ૧૮૪૩ માં શરૂ થઈ લાગે છે. સરકારે આ કામ જિલ્લાઓના કલેક્ટરોને સોંપ્યું હતું. ૧૮૬૭ માં મુંબઈ સરકારને ઇલાકાનું ગૅઝેટિયર તૈયાર કરાવવા સૂચના અપાઈ. એ અંગે મુંબઈ સરકારે પોતાના બંને રેવન્યૂ કમિશનરોને અને ડાયરેક્ટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રક્શનને યોજના ઘડવા જણાવ્યું, એ સમિતિને આ કાર્ય ભગીરથ લાગ્યું ને એમાં અનેક તજ્જ્ઞોનો સહકાર અનિવાર્ય જણાયો. સમિતિની ભલામણથી આ કામ માટે પૂર્ણ સમયના સંપાદકની નિયુક્તિ કરવામાં આવી. ડેક્કન કૉલેજના કાર્યકારી પ્રોફેસર મિ. કાવેને સંપાદક નીમવામાં આવ્યા. એમણે દરેક જિલ્લાના ગૅઝેટિયર માટે જુદા જુદા વિષય નક્કી કર્યા ને એ વિષયને ૧૬ પ્રકરણમાં વર્ગીકૃત કર્યા. એમાં કેટલાક સુધારાવધારા સૂચવાયા. એવામાં

૧૮૭૨ ની વસ્તીગણતરી નજીક આવી ને ગૅઝેટિયરની યોજના વસ્તીગણતરીના અહેવાલ તૈયાર થાય ત્યાં સુધી મોકૂફ રાખવામાં આવી. ૧૮૭૩ માં મુંબઈ સરકારના મુખ્ય સચિવ મિ. ચેપમેને ગૅઝેટિયરની યોજના પોતાના હાથમાં લીધી ને સંગ્રાહક તરીકે મિ. જેમ્સ કેમ્પબેલની નિમણૂક કરી. જિલ્લાઓના કલેક્ટરો અને આસિસ્ટન્ટ કલેક્ટરો મારફતે આવેલી માહિતી તેમજ કેટલાક તજ્જ્ઞોએ તૈયાર કરેલા લેખોના આધારે મુંબઈ ઇલાકા અંગેના કુલ ૩૩ ગ્રંથ તૈયાર કરાયા અને પ્રકાશિત થયા.[૯] એમાં ગ્રંથ ૨ થી ૮ ગુજરાતના જુદા જુદા ભાગોને લગતા છે, જે ૧૮૭૭ થી ૧૮૮૪ માં પ્રકાશિત થયા.[૧૦]

એની વિગત આ પ્રમાણે છેઃ ગ્રંથ ૨ : સુરત અને ભરૂચ જિલ્લા, ૩. ખેડા અને પંચમહાલ જિલ્લા, ૪. અમદાવાદ જિલ્લો, ૫. કચ્છ પાલનપુર અને મહીકાંઠા, ૬. રેવાકાંઠા નારુકોટ ખંભાત અને સુરત (એજન્સીનાં) રાજ્યો ૭. વડોદરા રાજ્ય[૧૧] અને ૮. કાઠિયાવાડ. આ ગ્રંથોમાં તે તે પ્રદેશનો વૃત્તાંત સામાન્યતઃ આ રીતે વર્ગીકૃત કરવામાં આવ્યો હતો : ૧. વર્ણન, ૨. ઉત્પાદન, ૩. વસ્તી, ૪. ખેતી, ૫. મૂડી, ૬. વેપાર, ૭. ઇતિહાસ, ૮. વહીવટ, ૯. ન્યાય, ૧૦. મહેસૂલ, ૧૧. શિક્ષણ, ૧૨. આરોગ્ય, ૧૩. વહીવટી પેટા વિભાગો કે રાજ્યો અને ૧૪. જોવાલાયક સ્થળો.

આ પ્રકરણો પૈકી ઇતિહાસનાં પ્રકરણ પ્રાચીન તથા મધ્યકાલીન ઇતિહાસ માટે એ સમયની ઘણી મર્યાદિત ઉપલબ્ધ સાધન-સામગ્રી પર આધારિત છે, પરંતુ ૧૮૧૮ થી ૧૮૭૫-૮૨ ના સમય માટે સીધી પ્રમાણિત સાધનસામગ્રી તરીકે ઘણાં ઉપયોગી છે, વર્ણનનાં પ્રકરણ ભૂગોળ અને ભૂસ્તરની દૃષ્ટિએ ઉપયોગિતા ધરાવે છે, ઉત્પાદન વસ્તી ખેતી વેપાર અને મૂડીને લગતાં પ્રકરણ એ સમયના આર્થિક સામાજિક ઇતિહાસ માટે અનેકવિધ માહિતી પૂરી પાડે છે, વહીવટ ન્યાય, અને મહેસૂલનાં પ્રકરણ રાજ્યતંત્રનાં વિવિધ પાસાં નિરૂપે છે, શિક્ષણ અને આરોગ્ય જનકલ્યાણની સરકારી પ્રવૃત્તિઓના ઇતિહાસ માટે મદદરૂપ નીવડે છે, તો પેટા વિભાગો કે રાજ્યો અને જોવાલાયક સ્થળોનાં પ્રકરણ તે તે વિભાગ, રાજ્ય અને સ્થળના સ્થાનિક ઇતિહાસ અંગે વિવિધ માહિતી ધરાવે છે. બ્રિટિશ અમલના આરંભિક છ-સાત દસકાઓના ગુજરાતના રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસ માટે આમ ગૅઝેટિયરના આ સાત ગ્રંથ વિપુલ અને વિવિધ માહિતી પૂરી પાડે છે, જે આ સમયના સરકારી વહીવટદારો મારફતે મળેલી છે.

આ પૈકી કાઠિયાવાડને લગતા ગ્રંથ ૮ નો લાભ ત્યાંની પ્રજાને વિશેષ મળે એ હેતુથી શ્રી. નર્મદાશંકર લાલશંકરે એનું ગુજરાતી ભાષાંતર કર્યું, જે ૧૮૮૬ માં

પ્રકાશિત થયું; એવી રીતે એમણે ગુજરાતમાંના પાંચ જિલ્લાઓને લગતા ગ્રંથ ૨-૪નું સંકલિત ભાષાંતર કર્યું તે 'ગૂજરાત સર્વસંગ્રહ' તરીકે બીજે વર્ષે બહાર પડયું.

મુંબઈ ઇલાકાના ગૅઝેટિયરની આ યોજનામાં ઇતિહાસ અને વસ્તીને લગતા બે વિશિષ્ટ ગ્રંથોનો પણ સમાવેશ કરાયો હતો. આ પૈકી ઇતિહાસને લગતો ગ્રંથ ૧ ૧૮૯૬ માં અર્થાત્ ગ્રંથ ૨-૮ ના પ્રકાશન પછી ૧૨ વર્ષે પ્રકાશિત થયો. એનો ભાગ ૧ ગુજરાતના ઇતિહાસને લગતો છે[12] ને એનું અન્વેષણ તેમ નિરૂપણ એ સમયની ઉપલબ્ધ સર્વવિધ સાધન-સામગ્રીના આધારે કરેલ છે. આથી ગુજરાતના ઇતિહાસને લગતા અર્વાચીન ગ્રંથોમાં એ અગ્રિમ સ્થાન ધરાવે છે.

ગુજરાતની વસ્તી અર્થાત્ વિવિધ જ્ઞાતિઓ વિશેનો ગ્રંથ ૯ બે ભાગમાં લખાયો છેઃ ખંડ ૧ હિંદુ વસ્તીને લગતો છે, જેમાં બ્રાહ્મણો લહિયા વેપારીઓ રાજપૂતો ખેડૂતો કારીગરો ભાટચારણો અને ગાયકો-નટો, વસવાયા કોળીઓ કાઠીઓ માલધારીઓ, આદિવાસી જાતિઓ, પછાત વર્ગો વગેરે વર્ગીકૃત ખંડોમાં દરેક હિંદુ જ્ઞાતિની વત્તીઓછી માહિતી આપવામાં આવી છે. આ માહિતી ભીમભાઈ કિરપારામે જહેમતપૂર્વક એકત્ર કરી હતી. ગ્રંથ ૯ નો આ ભાગ ૧૯૦૧ માં પ્રકાશિત થયો. મુસલમાનો અને પારસીઓને લગતો ભાગ ૨ એ અગાઉ ૧૮૯૯ માં બહાર પડયો. એમાં ગુજરાતની મુસલમાન કોમો તથા તેઓના રીતરિવાજ વગેરે વિશેનો વૃત્તાંત ખા. બ. ફઝલુલ્લાહ લુત્ફુલ્લાહ ફરીદીએ તૈયાર કરેલો, જ્યારે ગુજરાતના પારસીઓના વસવાટ રીતરિવાજ વગેરેને લગતી માહિતી ખરસેદજી નસરવાનજી સીરવાઈએ અને ખા. બ. બમનજી બેહરામજી પટેલે સંયુક્ત રીતે તૈયારી કરી હતી. ગૅઝેટિયરનો આ આખો ગ્રંથ ગુજરાતના એ સમયના સામાજિક તથા ધાર્મિક ઇતિહાસ અંગે ઘણો ઉપયોગી નીવડયો છે. મુંબઈ ઇલાકાનું ગૅઝેટિયર જેને ટૂંકમાં 'બૉમ્બે ગૅઝેટિયર' કહે છે તેને લગતા આ સાડા આઠ ગ્રંથ[13] આમ ગુજરાતના આ કાલખંડના પહેલા છ-સાત કે વધુમાં વધુ આઠ દસકાના રાજકીય વહીવટી આર્થિક સામાજિક અને ધાર્મિક ઇતિહાસ વિશે સત્તાવાર ધોરણે એકત્ર કરાયેલી શ્રદ્ધેય માહિતીના વર્ગીકૃત એકત્રીકરણ દ્વારા વિપુલ માહિતી પૂરી પાડે છે.

આ કાલખંડના પછીના દસકાઓ દરમ્યાન આ ગૅઝેટિયરની કોઈ પુનરીક્ષિત અને પૂરક આવૃત્તિ થઈ ન હોઈ, એ સમયના રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસ માટે ગૅઝેટિયરની સમકાલીન સામગ્રી સાંપડતી નથી, પરંતુ દેશના દ્વિભાજન પછી ગુજરાત રાજ્ય સરકારે ગૅઝેટિયરના ગ્રંથ નવેસર તૈયાર કરી બહાર પાડવા માંડ્યા

છે તેમાંથી એ દસકાઓના ઇતિહાસ, ખાસ કરીને રાજકીય તથા વહીવટી ઇતિહાસ વિશે કેટલીક પ્રમાણિત માહિતી મળી રહે છે.

વળી બ્રિટિશ સરકારે સમસ્ત હિંદનાં પ્રદેશો રિયાસતો પ્રાંતો જિલ્લા તાલુકા નગરો વગેરે સ્થળોને લગતું ગૅઝેટિયર ૧૮૮૧ માં નવ ગ્રંથોમાં પ્રગટ કરેલું, ૧૮૮૫–૮૭ માં એની ૧૪ ગ્રંથોમાં સંવર્ધિત આવૃત્તિ બહાર પાડેલી ને પછી ૧૯૦૮–૧૯૦૯ માં એની તદ્દન નવી કહી શકાય તેવી સુધારેલી આવૃત્તિ કુલ ૨૬ ગ્રંથોમાં પ્રકાશિત કરેલી.[૧૪] એમાં ગ્રંથ ૧–૪ માં ભારતીય સામ્રાજ્યનો વર્ણનાત્મક ઐતિહાસિક આર્થિક અને વહીવટી વૃત્તાંત નિરૂપાયો છે, ગ્રંથ ૫–૨૪ માં ૧૯૦૧ ની વસ્તી-ગણતરીના આધારે વહીવટી અમલદારોએ તૈયાર કરેલાં અધિકરણ સ્થળનામોના અકારાદિ ક્રમે આપ્યાં છે, ગ્રંથ ૨૫ માં ગ્રંથ ૧–૨૪ માં આવેલાં વિશેષ નામોની વિસ્તૃત શબ્દસૂચી આપી છે, ને ગ્રંથ ૨૬ માં ભારતને લગતા ૨૮ વિવિધ સામાન્ય નકશા, પ્રાંતોને લગતા ૧૮ નકશા અને નગરોને લગતા ૧૬ પ્લેન આપ્યા છે. આ ગ્રંથમાળાનું શીર્ષક છે *The Imperial Gazetteer af India. The Gazetteer of the Bomby Presidency* માં આપેલી માહિતીમાં એ ગ્રંથમાળા કેટલીક બાબતમાં એકાદ દસકા જેટલા પછીના સમય માટે પૂરક માહિતી પૂરી પાડે છે.

વડોદરા રાજ્યે શ્રી. ગો. હા. દેસાઈ પાસે પોતાના ચારેય પ્રાંતોના સર્વસંગ્રહ ગુજરાતીમાં તૈયાર કરાવી ૧૯૧૯–૨૧ માં પ્રકાશિત કર્યા. એવી રીતે એણે અંગ્રેજીમાં પણ ગૅઝેટિયર તૈયાર કરાવ્યું. તે બે ગ્રંથોમાં ૧૯૨૩ માં પ્રસિદ્ધ થયું. એમાં અમરેલી પ્રાંત જેને 'બૉમ્બે ગૅઝેટિયર'માં વડોદરા રાજ્યના ગ્રંથમાં ન લેતાં કાઠિયાવાડના ગ્રંથમાં સમાવેલો, તેને અહીં રાજ્યના અન્ય પ્રાંતો સાથે સમાવી લીધો છે. વડોદરા રાજ્યના ૧૮૮૩ થી ૧૯૧૪ ના ઇતિહાસ માટે આ બંને ગ્રંથાવલી અગત્યની નીવડી છે.

## ૩. સમકાલીન ઇતિહાસગ્રંથો

ગુજરાતમાં અંગ્રેજી રાજ્ય સ્થપાતાં કેટલાક વિદેશી અધિકારીઓએ અહીંના ઇતિહાસ-પુરાતત્ત્વ વિશે અન્વેષણ કરવા માંડયું. બીજી બાજુ અર્વાચીન ઢબની ગુજરાતી તથા અંગ્રેજી શાળાઓ સ્થપાતી ગઈ તેને માટે ઇતિહાસનાં ખાસ કરીને પ્રાદેશિક કે સાંસ્થાનિક ઇતિહાસનાં, પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવાની જરૂર પડી. એમાં શ્રી મગનલાલ વખતચંદે તૈયાર કરેલો 'ગુજરાત દેશનો ઇતિહાસ' (૧૮૬૦ માં પ્રકાશિત) ઉલ્લેખનીય છે. એમાં બ્રિટિશ કાલને લગતા લખાણમાં ગાયકવાડી

રાજ્યનો તથા ૧૮૫૭ના બળવાનો વૃત્તાંત નોંધપાત્ર છે. અલબત્ત આ નાનકડાં પાઠ્યપુસ્તકોમાં આપેલી રૂપરેખાત્મક માહિતીમાંથી આ કાલના ઇતિહાસને લગતી માહિતી ઘણી આછી અને ઓછી મળે છે. શ્રી એદલજી ડોસાભાઈએ લખેલો 'ગુજરાતનો ઇતિહાસ' (૧૮૫૦) સામાન્ય વાચકો માટે પહેલ-વહેલો તૈયાર થયો હોય એવો રૂપરેખાત્મક જ છે. એમાં ૧૮૧૮ થી ૧૮૫૦ સુધીનો ઇતિહાસ દોઢેક પાનામાં જ આપ્યો છે ને એ પણ વડોદરાના ગાયકવાડ રાજ્યને અનુલક્ષીને.

સ્થાનિક ઇતિહાસ વિશે આ કાલ દરમ્યાન લખાયેલા બીજા અનેક ગ્રંથ આ કાલના ઇતિહાસમાં સમકાલીન સાધન તરીકે ઉપકારક નીવડે છે.

જૂનાગઢના દીવાન રણછોડજી અમરજીએ ફારસીમાં 'તારીખે સોરઠ વ હાલાર'[૧૫] લખ્યો, એ મુખ્યત્વે ૧૮૧૫-૧૮૩૦ દરમ્યાન લખાયો છે ને એમાં અંતે ૧૮૪૦ સુધીના અગત્યના પ્રસંગ પુરવણીરૂપે ઉમેર્યા છે. આ ગ્રંથમાં ૧૮૧૮ થી ૧૮૪૦ સુધીની સમકાલીન ઘટનાઓ લેખકે સોરઠ અને હાલાર સંબંધી વિગતે નિરૂપી છે તે એ રાજ્યોના ઇતિહાસ માટે અગત્યની ગણાય.

અંગ્રેજ અધિકારી મિ. અલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સે ૧૮૫૦-૫૬ દરમ્યાન ગુજરાતના ઇતિહાસને વિશે વહીવંચાઓના ચોપડા અને જૈન લેખકોના રાસ વગેરે સાધનોમાંથી માહિતી એકત્ર કરી અંગ્રેજીમાં સળંગ વિસ્તૃત તવારીખ તૈયાર કરી, જે "રાસમાલા" નામે, બે ગ્રંથોમાં ૧૮૫૬માં પ્રકાશિત થઈ. એમાં કુલ ચાર વિભાગ પાડેલા છે. એમાંના વિભાગ ૧ માં પ્રાચીનકાલનો, વિભાગ ૨ માં સલ્તનત કાલનો અને વિભાગ ૩ માં મરાઠા તથા બ્રિટિશ કાલનો વૃત્તાંત નિરૂપ્યો છે, એમાંના વિભાગ ૩ માં ઈ. સ. ૧૮૧૮ થી પોતાના સમય સુધીનો જે વૃત્તાંત આપ્યો છે તેમાં અમદાવાદ કાઠિયાવાડ અને મહીકાંઠાના ઇતિહાસની ઘણી માહિતીનો સમાવેશ થાય છે. વિભાગ ૪ માં વિવિધ પ્રકારની સામાન્ય માહિતી આપી છે તેમાં 'બ્રિટિશ સત્તા નીચે રાજપૂતોની જમીનનો વહીવટ' વિશેનું પ્રકરણ આ કાલના વહીવટી ઇતિહાસ માટે ઉપકારક છે. મુંબઈની ફાર્બસ ગુજરાતી સભાએ શ્રી રણછોડભાઈ ઉદયરામ પાસે એ ગ્રંથનો ગુજરાતી અનુવાદ કરાવી ૧૮૬૯માં બહાર પાડયો. એની બીજી આવૃત્તિ(૧૮૯૯)માં અનુવાદકે કેટલાક વૃત્તાંત ઉમેરેલા, એમાં આપેલી કેટલીક દેશી રાજ્યોના રાજવંશોની અંતિમ વિગતો આ કાલના ઇતિહાસ માટે ઉપયોગી ગણાય.

શ્રી કાળિદાસ દેવશંકર પંડયાએ ગુજરાતમાં દેશી રાજ્યો વિશે વિસ્તૃત માહિતી સંકલિત કરી "ગુજરાત-રાજસ્થાન" નામે દળદાર ગ્રંથરૂપે ૧૮૮૪ માં પ્રગટ કરી. એમાં લેખકે વડોદરા રાજ્ય, પાલનપુર એજન્સી, સુરત એજન્સી,

ખંભાતનું રાજ્ય, નારુકોટનું રાજ્ય અને કાઠિયાવાડ એજન્સીનાં રાજ્યો વિશે માહિતી આપીને એમાં તે તે રાજ્યના ઇતિહાસની ય રૂપરેખા આલેખી છે. એમાં 'બૉમ્બે ગેઝેટિયર'ના ગ્રંથ ૫-૮ નો ઘણો લાભ લેવાયો છે.

શ્રી એદલજી ડોસાભાઈએ 'રાસમાલા,' 'બૉમ્બે ગેઝેટિયર' વગેરેના આધારે અંગ્રેજીમાં ગુજરાતનો વિસ્તૃત ઇતિહાસ તૈયાર કર્યો, જે ૧૮૯૪ માં પ્રસિદ્ધ થયો. એમાં ભાગ ૪ નાં પછીનાં પ્રકરણોમાં ૧૮૧૮ થી ૧૮૯૩ સુધીની અનેક અગત્યની રાજકીય તથા સાંસ્કૃતિક ઘટનાઓ નિરૂપાઈ છે.

નવી નવી પ્રકાશમાં આવેલી સાહિત્યક, આભિલેખિક અને પુરાતત્ત્વીય સામગ્રીના આધારે મુંબઈ ઇલાકાના ગેઝેટિયરના ગ્રંથ ૧ ના ભાગ ૧ તરીકે અંગ્રેજીમાં તૈયાર થયેલો ગુજરાતનો ઇતિહાસ (૧૮૯૬) એ વિષયના ગ્રંથોમાં આદ્ય પ્રમાણિત ગ્રંથ તરીકે અનોખી ભાત પાડે છે, પરંતુ એમાં બ્રિટિશ કાલના ઇતિહાસમાં માત્ર ૧૮૫૭-૫૯ ની ઐતિહાસિક ઘટનાઓ જ નિરૂપવામાં આવી છે. બ્રિટિશ સરકારની સિવિલ સર્વિસમાં રહેલા અધિકારીએ નિરૂપેલો એ વૃત્તાંત સરકારી દૃષ્ટિથી લખાયો છે.

પરંતુ બૉમ્બે ગેઝેટિયરના ગ્રંથો પરથી શ્રી ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈએ ગુજરાતીમાં જે સંક્ષિપ્ત ઇતિહાસ તૈયાર કર્યો તેના ભાગ ૨(૧૮૯૮)માં બ્રિટિશ રાજ્યકાલને લગતો ખાસ વિભાગ અપાયો છે, જેમાં ૧૮૨૦ થી ૧૮૯૭ સુધીના ઇતિહાસની રૂપરેખા આલેખી એ કાલનાં રાજ્યકારભાર લોકસ્થિતિ વગેરેનો પણ ખ્યાલ આપવામાં આવ્યો છે.

દરમ્યાન કચ્છ, વડોદરા રાજ્ય, જામવંશ, અમદાવાદ, સુરત, નવસારી, ભરૂચ વગેરેના સ્થાનિક ઇતિહાસને લગતાં કેટલાંક પુસ્તક પ્રગટ થયાં. એમાં શ્રી મગનલાલ વખતચંદે અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (અત્યારે ગુજરાત વિદ્યાસભા)ના ઇનામી નિબંધ તરીકે લખેલા 'અમદાવાદનો ઇતિહાસ' (૧૮૫૦)માં એ નગરના આ કાલના ઇતિહાસનો પણ સમાવેશ થાય છે, જે સ્થાનિક ઇતિહાસ માટે અદ્યાપિ ઉપયોગી નીવડે છે.

સુરતના વતની શ્રી નર્મદાશંકર લાલશંકરે ૧૮૬૬ માં 'સુરતની મુખતેસર હકીકત' પ્રગટ કરી. એમાંની ૧૮૦૦-૧૮૬૫ ની બાબત આ કાલની ઐતિહાસિક ઘટનાઓ તથા સામાજિક પરિસ્થિતિ માટે ઉપયોગી છે. એ પછી ૧૮૯૦ માં શ્રી એદલજી બરજોરજી પટેલની 'સુરતની તવારીખ' પ્રકાશિત થઈ, જેમાં ૧૮૦૦ થી ૧૮૯૦ સુધીની અનેક અગત્યની ઘટનાઓ નિરૂપાઈ છે.

શ્રી ચતુર્ભુજ શિવજી મહેતાએ મુંબઈ સરકારનાં દફતરોમાંથી પ્રગટ થયેલ *Miscellaneous Information Connected with the Province of Kutch,* વગેરેના આધારે કચ્છના ઇતિહાસનો સળંગ સંક્ષિપ્ત વૃત્તાંત તૈયાર કરી ૧૮૬૯ માં 'કચ્છ વૃત્તાંત' નામે પ્રકાશિત કર્યો. એમાં મહારાવ પ્રાગમલજી(રાજ્યારોહણ સં. ૧૯૧૭)ના રાજ્યકાલ સુધીનો વૃત્તાંત આપ્યો છે. એ અને બીજી વધુ સાધન-સામગ્રીમાંથી દોહન કરીને શ્રી આત્મારામ કેશવજી દ્વિવેદીએ 'કચ્છ દેશનો ઇતિહાસ' તૈયાર કર્યો, તે ૧૮૭૬ માં પ્રસિદ્ધ થયો. એમાં એ વર્ષ સુધીની માહિતી ઉમેરી છે.

દરમ્યાન મિ. ઇલિયટે અંગ્રેજીમાં વડોદરાના રાજાઓનો ઇતિહાસ તૈયાર કર્યો, તે ૧૮૭૯ માં *'Rulers of Baroda'* શીર્ષક નીચે પ્રકાશિત થયો. શ્રી ઈશ્વરદાસ ઇચ્છારામ મશરૂવાલાએ એનું ગુજરાતી ભાષાંતર કર્યું, તે 'વડોદરાના રાજ્યકર્તા' નામે ૧૯૫૦ માં બહાર પડ્યું. એમાં વડોદરાના રાજ્યનો રાજકીય ઇતિહાસ, બ્રિટિશ રેસિડન્ટો તથા દીવાનો, ગાયકવાડી મુલકો વગેરેને લગતી ૧૯૦૫ સુધીની માહિતી વિગતે આપવામાં આવી છે.

"શ્રી ઝાલાવંશવારિધિ" (ઈ. સ. ૧૯૧૭), "મકરધ્વજવંશી મહીપમાલા" (સં. ૧૯૭૮), 'ગોંડળનો ઇતિહાસ અને મહારાજા શ્રી ભગવતસિંહજી જીવનચરિત્ર' (ઈ. સ. ૧૯૨૭), 'યદુવંશપ્રકાશ અને જામનગરનો ઇતિહાસ' (ઈ. સ. ૧૯૩૪) વગેરે ઇતિહાસ ગ્રંથો ૧૯૧૪ પછી નજીકના સમયમાં લખાયા હોઈ એમાં પણ આ કાલખંડના ઇતિહાસ વિશે ઠીક ઠીક પ્રમાણમાં સમકાલીન માહિતી મળે છે.

૧૯૦૨ માં 'ભારત રાજ્ય મંડળ' નામે દળદાર ગ્રંથ પ્રસિદ્ધ થયો, જેમાં ભરત-ખંડનાં મોટાંનાનાં દેશી રાજ્યો વિશે વિપુલ માહિતી આપેલી છે. એમાં એના લેખક શ્રી અમૃતલાલ ગો. શાહ બાપાવાળાએ કચ્છનું રાજ્ય, કાઠિયાવાડ એજન્સીનાં મોટાં રાજ્ય, પાલનપુર એજન્સીનાં મોટાં રાજ્ય, ઈડરનું રાજ્ય, રેવાકાંઠા એજન્સીનાં મોટાં રાજ્ય, વડોદરાનું રાજ્ય, ખંભાતનું રાજ્ય અને સુરત એજન્સીનાં મોટાં રાજ્યોના વિપુલ વૃત્તાંતનો તેમજ એ એજન્સીઓમાં આવેલાં નાનાં રાજ્યોના સંક્ષિપ્ત વૃત્તાંતનો સમાવેશ કર્યો છે. ગુજરાતમાં આવેલાં મોટાંનાનાં દેશી રાજ્યોના ઇતિહાસ માટે આ ગ્રંથ હજી ઘણો ઉપકારક નીવડે છે.

'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' તરફથી *Ruling Princes of India* ગ્રંથમાળામાં જૂનાગઢ રાજ્યના ઐતિહાસિક પુરાતત્ત્વીય રાજકીય અને આંકડાકીય વૃત્તાંત તરીકે મિ. એડવર્ડ્ઝ અને ફ્રેઝરે અંગ્રેજીમાં લખેલો ગ્રંથ ૧૯૦૭ માં પ્રકાશિત થયો. એમાં જૂનાગઢના નવાબ અને રાજ્યના તાજેતરના ઇતિહાસને લગતું પ્રકરણ રાજકીય

ઇતિહાસ માટે ને જૂનાગઢ ઉપરકોટ ગિરનાર વેરાવળ સોમનાથ માંગરોળ વગેરેને લગતાં પ્રકરણ ધાર્મિક તથા પુરાતત્ત્વીય ઇતિહાસ માટે ખાસ ઉપયોગી છે.

શ્રી સોરાબજી મનચેરજી દેસાઈએ 'તવારીખે નવસારી'માં નવસારીનો ૧૯૦૮ સુધીનો ઇતિહાસ નિરૂપેલો, એમાં ૧૯૩૯ સુધીનો વૃત્તાંત ઉમેરી ડૉ. ધનજીભાઈ હો. મહેતાએ એની સુધારેલી–વધારેલી આવૃત્તિ ૧૯૩૯ માં પ્રકાશિત કરી; એમાં એ શહેરની સામાન્ય માહિતી ઉપરાંત ત્યાંના પારસીઓ વિશે વિપુલ માહિતી આપવામાં આવી છે.

શ્રી ગણપતરામ હિંમતરાય દેસાઈએ 'ભરૂચ શહેરનો ઇતિહાસ' ૧૯૧૪ માં પ્રગટ કર્યો; એમાં એ શહેર વિશેની વિવિધ માહિતી આપીને એના પ્રાચીન તથા અર્વાચીન ઇતિહાસની રૂપરેખા તેમજ વહીવટી બાબતોની માહિતી આપી છે. એમાંથી ભરૂચના આ કાલના રાજકીય વહીવટી સામાજિક આર્થિક ધાર્મિક અને શૈક્ષણિક ઇતિહાસ વિશે ઠીક માહિતી પ્રાપ્ત થાય છે.

આમ આ કાલ દરમ્યાન જે મોટાનાના ઇતિહાસ–ગ્રંથ લખાયા તે સમકાલીન સાધનો તરીકે હજી ઘણે અંશે ઉપયોગી નીવડે છે.

## ૪. સમકાલીન સહાયક ગ્રંથો

આ કાલના ઇતિહાસ માટે સરકારી દફતરો અને પત્રો, ગૅઝેટિયર અને ઇતિહાસ–ગ્રંથો ઉપરાંત કેટલાક સમકાલીન સહાયક ગ્રંથ પણ ઉપયોગી નીવડે છે. આ ગ્રંથો કેટલાક લેખકો દ્વારા વ્યક્તિગત હેસિયતથી લખાયા છે. એ વહીવટ ધર્મસંપ્રદાયો, સામાજિક રીતરિવાજો જ્ઞાતિપ્રથા ધંધારોજગાર વેપાર–ઉદ્યોગ વિશે ઘણી પૂરક માહિતી પૂરી પાડે છે. અહીં એમાંના કેટલાક અગત્યના ગ્રંથોની સમીક્ષા કરીએ.

વૉલ્ટર હેમિલ્ટને ૧૮૨૦ માં લખેલા ભારતને લગતા અંગ્રેજી ગ્રંથમાં[૧૬] ગુજરાતનાં એ સમયનાં જિલ્લા તાલુકા શહેરો તથા ગામોની પ્રાકૃતિક ભૌગોલિક સામાજિક તથા વેપાર તેમજ ખનિજ–સંપત્તિ–વિષયક માહિતી આપી છે.

બિશપ રેજિનાલ્ડ હેબરે ૧૮૨૫ માં કલકત્તાથી મુંબઈ સુધીની જે મુસાફરી કરી તેનો વિગતવાર અહેવાલ અંગ્રેજીમાં લખ્યો છે.[૧૭] એમાં ગુજરાતના પ્રદેશની મુસાફરીનો સમાવેશ થતો હોઈ એમાં અહીંની એ સમયની ધાર્મિક અને સામાજિક બાબતો પણ આલેખાઈ છે. ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કરાવવાના આશયથી આ બિશપ નડિયાદમાં સ્વામી સહજાનંદને મળ્યા હતા એનો પણ એમાં ઉલ્લેખ છે.

મિસિસ પોસ્ટાન્સે ૧૮૩૮ માં સુરત અને કચ્છની મુલાકાત લઈ પોતાના એ પ્રવાસનું વર્ણન કરતો અંગ્રેજી ગ્રંથ[૧૮] બહાર પાડેલો. એમાં કચ્છનાં દેશી રાજ્યોની રીતરસમોનું બયાન નોંધપાત્ર છે.

રાજસ્થાનની તવારીખના લેખક લેફ્ટેનન્ટ–કર્નલ જેમ્સ ટોડે પશ્ચિમ ભારતના પ્રવાસ વિશે જે વિસ્તૃત ગ્રંથ[૧૯] ૧૮૩૯ માં પ્રસિદ્ધ કર્યો છે તેમાં ગુજરાતનાં ચંદ્રાવતી તથા નહેરવાલા(અણહિલવાડ પાટણ) અમદાવાદ ખેડા ખંભાત ઘોઘા ભાવનગર વલભી પાલીતાણા, શત્રુંજય ગારિયાધાર ઉમરાળા કોડીનાર સુત્રાપાડા સોમનાથપાટણ ચોરવાડ જૂનાગઢ ગિરનાર ઘૂમલી દ્વારકા શંખોદ્ધારબેટ માંડવી ભૂજ વગેરે અનેક સ્થળોનું વર્ણન આપ્યું છે; એમાં તત્કાલીન તીર્થધામો તથા દેવાલયો વગેરે સ્મારકોની વિપુલ માહિતી મળે છે.

એચ. જી. બ્રિગ્સે ૧૮૪૭–૪૮ માં ગુજરાતનો જે પ્રવાસ ખેડેલો તેનું વર્ણન કરતો એમનો અંગ્રેજી ગ્રંથ ૧૮૪૯ માં પ્રકાશિત થયો. એનું શીર્ષક રાખ્યું છે '*The Cities of Gurjarashatra.*' એમાં લેખકે ગુર્જરાષ્ટ્ર અર્થાત્ ગુર્જર–રાષ્ટ્રનાં સુરત ખંભાત અમદાવાદ વડોદરા અને ભરૂચ જેવાં મોટાં શહેરોનું જે ભૌગોલિક તથા ઐતિહાસિક બયાન આપ્યું છે તે સમકાલીન વૃત્તાંત તરીકે ઘણી ઉપયોગી માહિતી પૂરી પાડે છે. પ્રવાસ દરમ્યાન એ વિવિધ ક્ષેત્રોના અહીંના અનેક અગ્રગણ્ય માણસોને મળ્યો હતો. એ સંવેદના તથા સદ્ભાવ તેમ બારીક અવલોકન શક્તિ તથા સાહિત્યક પ્રતિભા ધરાવતો હતો. એ નિયમિત રોજનીશી રાખતો, જેને લીધે આ ગ્રંથ નક્કર હકીકતોની દૃષ્ટિએ આધારભૂત બન્યો છે.

અંગ્રેજ મુસાફરો અને વેપારીઓ પોતાના ગ્રંથોમાં અહીંનાં દૂધપીતી અને સતીપ્રથા જેવાં સામાજિક અનિષ્ટોની ટીકા કરતા. એડવર્ડ મૂરે ૧૮૧૧માં હિંદુ–બાળહત્યા પર પુસ્તક લખેલું તેવી રીતે જોન કોરમેક અને વિલ્સને દૂધપીતીનો ચાલ બંધ કરવાના તેમજ જેમ્સ પિગ્સે સતીપ્રથાનું અનિષ્ટ દૂર કરવાના ઉપાયો વિશે પુસ્તક લખ્યાં.[૨૦]

ઇંગહામે ખ્રિસ્તી મિશનરીઓના કાર્યને લગતાં પુસ્તકોમાં શાળાઓ દ્વારા ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કરાવવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો.[૨૧] બોરોડેલે ગુજરાતની જ્ઞાતિઓ વિશે માહિતી એકત્ર કરી એ વિશે અભ્યાસપૂર્ણ પુસ્તક લખ્યું.[૨૨]

શ્રી ફરામજી બમનજીએ 'ગુજરાત તથા કાઠિયાવાડ દેશની વાર્તાઓ' ૧૮૭૨ માં ત્રણ ભાગમાં પ્રસિદ્ધ કરી તે ઐતિહાસિક અનુશ્રુતિને લગતી લોકકથાઓ તરીકે

લક્ષમાં લેવા જેવી છે. એવી રીતે કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈએ 'રત્નમાલ અને ગુજરાતનાં રાજ્યો તથા રાજવંશીઓની તવારીખોનો સંગ્રહ' (૧૯૦૩) કરેલો. તેમાં જૂના ચોપડાઓ તથા દંતકથાઓ ઉપરથી આપેલા કેટલાક વૃત્તાંત આ સમયનાં રાજાઓ-રજવાડાંને લગતા છે.

કાઠિયાવાડના ડેપ્યુટી આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ શ્રી ધનજીશાહ હોરમઝજી કડાકાએ ૧૮૭૧ માં 'કાઠિયાવાડ ડીરેકટરી' ભાગ ૧-૨ માં સરકારી દસ્તાવેજોના પ્રકારની વિપુલ માહિતી આપેલી. એનો ભાગ ૩ ૧૮૯૬ માં અને ભાગ ૪ ૧૯૦૭માં બહાર પડ્યો; સૌરાષ્ટ્રના રાજકીય તથા વહીવટી ઇતિહાસ માટે એમાં દસ્તાવેજી માહિતી વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે.

૧૮૮૫ માં મુંબઈ સરકારે 'ગુજરાત તાલુકદારી બિલ' બહાર પાડી એને લગતો ધારો પસાર કર્યો ત્યારે પેશવાએ ૧૮૦૨માં બ્રિટિશ સરકાર સાથે કરાર કર્યો ત્યારથી માંડીને ૧૮૬૨ માં તાલુકદારીને લગતો ધારો મંજૂર થયેલો તેને લગતો સર્વ દસ્તાવેજી માહિતીનો સંગ્રહ શ્રી લીલાધરદાસ હરખચંદે તૈયાર કર્યો.[૨૩] એ પ્રકાશન (૧૮૯૧) ગુજરાતના તાલુકદારોના હક વિશે દસ્તાવેજી માહિતી પૂરી પાડતું હોઈ એ સમયના વહીવટી ઇતિહાસ માટે ઘણું ઉપયોગી ગણાય.

૧૮૯૫ માં શ્રી જેઠાલાલ બાવાભાઈ મહેતાએ બહાર પાડેલી 'રાધનપુર ડીરેક્ટરી'ના ભાગ ૧ માં ત્યાંના બાબી વંશની તવારીખ તથા વંશાવળી સહિત એ રાજ્યોનો ઇતિહાસ આલેખ્યો છે ને ભાગ ૨ માં એ રાજ્યને લગતા મહત્ત્વના દસ્તાવેજોનો સંગ્રહ આપ્યો છે. આથી આ ડિરેક્ટરી રાધનપુર રાજ્યના રાજકીય તથા વહીવટી ઇતિહાસ માટે ઉપકારક બની છે. શ્રી દામોદર રેવાદાસ શાહે તૈયાર કરી ૧૯૦૫ માં બહાર પાડેલી તે 'મહીકાંઠા ડીરેક્ટરી' એવી રીતે મહીકાંઠાનાં દેશી રાજ્યોનો ઇતિહાસ તથા મહીકાંઠા એજન્સીનો વૃત્તાંત નિરૂપી એને લગતા અગત્યના દસ્તાવેજોનો સંગ્રહ રજૂ કરે છે.

એક વિદેશી પ્રકાશક સંસ્થા તરફથી જોન હુસ્ટને તૈયાર કરેલો *"Representative Men of the Bombay Presidency"*નામે સચિત્ર ગ્રંથ ૧૮૯૭ માં પ્રકાશિત થયો, જેમાં ગુજરાતના અનેક નામાંકિત રાજાઓ ઠાકોરો દાનવીરો મુત્સદ્દીઓ અને અન્ય અગ્રગણ્ય રહેવાસીઓની છબીઓ સહિત જીવનરેખા આલેખવામાં આવી છે. આ જીવનરેખાઓ એ કાલના રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસના નિરૂપણમાં ઠીક ઠીક ઉપયોગી નીવડે છે.

જ્ઞાતિઓ અને કોમોના કેટલાક અભ્યાસ આ કાલ દરમ્યાન થયા, જેમાં પારસી ખોજા કાળી-પરજ લેઉઆ-કણબી નાગર વાણિયા મોઢ વગેરે કોમો અને

જ્ઞાતિઓને લગતા કેટલાક ગ્રંથ આ કાલ દરમ્યાન પ્રકાશિત થયા.[૨૪] આ કાલની પ્રજાના અભ્યાસમાં આ સમકાલીન ગ્રંથો ઠીક ઠીક ઉપયોગિતા ધરાવે છે. પારસીઓ ગુજરાતમાં આવી વસ્યા ત્યારથી માંડીને તેઓની અગત્યની પ્રવૃત્તિઓની જે માહિતી ઉપલબ્ધ થઈ તેને વર્ષવાર સંકલિત કરી 'પારસી પ્રકાશ'ની ગ્રંથમાળારૂપે પ્રકાશિત કરવામાં આવી. એનું દફતર ૧ લું શ્રી બહમનજી બેહરામજી પટેલે ૧૧ ભાગમાં તૈયાર કરી એમાં ૧૮૬૦ સુધીના બનાવોની નોંધ કરી, જે ૧૮૭૮–૧૮૮૮માં પ્રકાશિત થયા. ૧૯૧૪ સુધીનાં એના પછીનાં દફતર બહાર પડતાં એ પછી લગભગ ૫૦ વર્ષ લાગ્યાં.

જ્ઞાનપ્રસારક મંડળી તરફથી ગુજરાતી ભાષામાં જ્ઞાનકોશ તૈયાર કરાવાયો. શ્રી રતનજી ફરામજી શેઠનાએ ૧૫ વર્ષના પુરુષાર્થથી તૈયાર કરેલો એ કોશ 'જ્ઞાનચક્ર' નામથી ૧૮૯૯–૧૯૧૨ દરમ્યાન ૯ પુસ્તકોમાં પ્રકાશિત કરાયો. એમાંનાં કેટલાંક અધિકરણોમાં આ કાલના ઇતિહાસને લગતી માહિતીનો સમાવેશ થાય છે.

શેઠ વલ્લભદાસ પોપટભાઈ મહુવાકરે 'સૌરાષ્ટ્ર ચિન્તામણિ' નામે પુસ્તક-(૧૯૧૪)માં ૧૮૫૦ થી ૧૯૦૯ સુધીનાં સાઠ વર્ષના સૌરાષ્ટ્રના શૈક્ષણિક ઇતિહાસની રૂપરેખા આલેખી છે, તે ગુજરાતના આ કાલના શૈક્ષણિક ઇતિહાસ માટે ઉપયોગી છે.

ઓગણીસમી સદીનો ઉત્તરાર્ધ રાજકીય જાગૃતિ, આર્થિક રાષ્ટ્રવાદ અને સંઘર્ષનો કાલ હતો. અંગ્રેજોના સામ્રાજ્યવાદનું અર્થકારણ સમજવાના પ્રયાસ આ સમયમાં થયા. ખાસ કરીને હિંદી રાષ્ટ્રિય મહાસભાની સ્થાપના (૧૮૮૫) બાદ રાજકીય જાગૃતિનો પ્રભાવ વધતો ગયો. રાજકીય અને આર્થિક સમસ્યાઓને સમજવાના અને પ્રજાને એ અંગે જાગૃત કરવાના અને માર્ગદર્શન આપવાના ગંભીર પ્રયાસો આ સમય દરમ્યાન થયા, જે એ સમયનાં અનેક પ્રકાશનોમાં નજરે પડે છે.[૨૫]

## ૫. ખતપત્રો

જેમ સરકારી ફરમાનો પત્રો કરારો વગેરે તે તે કાલખંડના રાજકીય તથા રાજતંત્રીય ઇતિહાસ અંગે ઉપયોગી નીવડે છે તે પ્રમાણે સ્થાવર મિલકતનાં વેચાણ ગીરો વગેરેને લગતાં ખાનગી ખતપત્ર તે તે કાલખંડના સાંસ્કૃતિક તથા કાનૂની ઇતિહાસ માટે ઉપકારક નીવડે છે.

પરંતુ મુઘલ અને મરાઠા કાલનાં ખતપત્રોની સરખામણીએ બ્રિટિશ કાલનાં ખતપત્ર સંસ્થાકીય સંગ્રહાલયોમાં જૂજ સંખ્યામાં ઉપલબ્ધ છે. સ્થાવર મિલકતના

માલિકો પોતાની મિલકતને લગતા નજીકના ભૂતકાળના દસ્તાવેજ પોતાની પાસે રાખી મૂકવાનું વલણ ધરાવે એ સ્વાભાવિક છે.

આ ગ્રંથમાલાના ગ્રંથ ૬ અને ૭ માં ગુજરાત વિદ્યાસભા-અમદાવાદના સંગ્રહાલયમાં સંગૃહીત થયેલાં ખતપત્રોની સમીક્ષા કરવામાં આવી હતી. એના અનુસંધાનમાં આ ગ્રંથમાં પણ એ સંગ્રહાલયમાંનાં ખતપત્રોની સમીક્ષા કરીએ તો માલૂમ પડે છે કે એમાં ૯૬ વર્ષના આ કાલખંડને લગતાં કુલ ૨૪ ખત-પત્રોનો સમાવેશ થાય છે.[૨૬] આમાંનાં લગભગ બધાં ખતપત્ર વડોદરાના ગાયકવાડ રાજ્યના કડી પ્રાંતના પરગણા (કે તાલુકા) વિજાપુરના કસબા વિજાપુરને લગતાં છે. અમુક ખતપત્રોમાં જણાવ્યું છે કે વડોદરાથી શ્રીમંત કૈલાસવાસી મહારાજ શ્રી ગોવિંદરામ ગાયકવાડનો હુકમ સંવત ૧૮૫૬ માં કુમાવીસદાર બલવંતરાય કાસી ઉપર આવેલો કે દીવાનખાનાના દરવાજાથી દક્ષિણે જૂના કોટ સુધી જે પડતર જમીન છે તેમાં આબાદી કરવી. એ હુકમ પ્રમાણે એ કુમાવીસદારે એ જમીન ખરીદી એમાં પોતાના ખર્ચે કોટ-દરવાજાની જોગવાઈ કરી ત્યાં નવું પરું વસાવ્યું ને એમાંની કેટલીક જમીન અમુક ગૃહસ્થોને ઘર બાંધવા માટે વેચાતી આપી.[૨૭] આ વિગત ત્યાંના સ્થાનિક ઇતિહાસમાં મહત્ત્વની ગણાય. ખતપત્રના મથાળે શરૂઆતમાં ફારસી લખાણવાળી ગોળ મહોરની છાપ લગાવતા તેની જગ્યાએ સમય જતાં જરૂરી કિંમતનો श्रीमंत सरकार गायकवाड सेनाखासखेल शमशेरबाहादुर बडोदे'ની મહોરની છાપ લગાવવા લાગ્યા.[૨૮] વળી ખત નોંધવાની લાગતની તથા નકલ કરવાની લાગતની રકમ પણ ટાંચે દર્શાવવા લાગ્યા.[૨૯] અગાઉ મિતિ (વિક્રમ) સંવતનાં વર્ષ માસ પક્ષ અને તિથિમાં અપાતી; છેવટમાં એની પછી વાર તેમજ ઈસવી સનનાં વર્ષ મહિનો અને તારીખ આપવાની પ્રથા પ્રચલિત થઈ.[૩૦] ઘણાં ખત વૈશાખ સુદ ૩ ની મિતિ ધરાવે છે,[૩૧] જ્યારે ખેડૂતનું હિસાબી વર્ષ શરૂ થતું. વિજાપુરમાં કેટલાંક કુટુંબ કિલ્લે કડી જેવાં નજીકનાં સ્થળોએથી, તો બીજાં કેટલાંક દખ્ખણ જેવા દૂરના પ્રદેશમાંથી આવી વસ્યાં હતાં.[૩૨] કોઈ ખત વીસનગર[૩૩] અને ગૂંદરાસણ[૩૪] (તા. વિજાપુર) જેવાં નજીકનાં અન્ય સ્થળોને લગતાંય છે.

આ ખતપત્રોમાં કેટલીક જ્ઞાતિઓ અને અટકોના ઉલ્લેખ આવે છે; જેમકે દસા-દૈસાવાળ વીસલનગરા-નાગર ભટ્ટ-મેવાડા આંજણા કડવા કણબી મોદી જોશી કુમડા બારોટ પરમાર ચોધરી કડિયા મણિયાર.

જમીનની લંબાઈ-પહોળાઈ સુતારી ગજમાં મપાતી ને એનું ક્ષેત્રફળ ચોરસ ગજમાં ગણાતું. જમીન તથા ઘરને લગતા ખતમાં એના ચારે દિશાના હદખૂંટ

જણાવવામાં આવતા. મકાનના વર્ણનમાં ઓરડા કરા પછીત ખડકી પરસાળ ચોક માંડવી ઓટલો વંડો મેડી નવેળી ખાળ વગેરે તેમજ આવવા–જવાનો માર્ગ, નેવાંનું પાણી જવાનો માર્ગ, બારીબારણાં મૂકવાનો હક, વગેરે વિગત આપવામાં આવતી. ઉત્તરમાં ખેતરની જમીનનું માપ વીઘામાં આપી એનો આકાર (વિઘોટી) તથા સર્વે–નંબર આપવાની પ્રથા પણ પ્રચલિત થઈ.

ખતપત્રો પરથી એ સમયે જમીન તથા ઘરના વેચાણમાં કે ગીરોમાં એની જે કિંમત ગણાતી તે પરથા એના દરનો ખ્યાલ આવે છે. એક ખતપત્રમાં એક મકાનનું ભાડું વાર્ષિક રૂપિયા ચાર ગણાવ્યું છે.[૩૫] રકમ સક્કાઈ ચલણી રોકડા 'રૂપૈઆ'માં ચૂકવાતી. રકમની સંખ્યા આંકડામાં તેમજ શબ્દોમાં દર્શાવતા, એટલું જ નહિ, પછી એની અર્ધી રકમ એ રીતે દર્શાવી એના બમણા–એ રીતેય દર્શાવતા, જેથી એની સંખ્યામાં કોઈ આગળ જતાં ઘાલમેલ કરી શકે નહિ.

ખતપત્રો પરથી તે તે શહેર કે ગામનાં મહેલ્લા પોળ ચકલા દરવાજા વગેરેની કેટલીક વિગત મળે છે.

આ ખતપત્ર સામાન્યતઃ ગુજરાતી ભાષામાં છે ને એની લીટીઓ સળંગ રેખા નીચે ગુજરાતી લિપિમાં લખાઈ છે, એમાં "ઘર વેચાથી આપું છે" જેવા પ્રયોગ તત્કાલીન લોકભાષાનું સ્વરૂપ દર્શાવે છે. સ્થાવર મિલકતને લગતાં ખતપત્રોમાં એ મિલકત પર નવા માલિકને મળતા વિવિધ હક ગણાવવામાં આવે છે તેમજ 'અભરામ–ન–દાવે' 'રાજી–રજામંદીથી' 'અત્ર મતુ' 'અત્ર સાખ' જેવા પારિભાષિક શબ્દ પણ પ્રયોજાય છે. ખત લખી આપનાર વ્યક્તિ કે વ્યક્તિઓની તેમજ સાક્ષીઓની સહીમાં એ વ્યક્તિઓનાં અક્ષરજ્ઞાન તથા લેખનશૈલી પ્રતિબિંબિત થાય છે. ખત લખી આપનાર વ્યક્તિ નિરક્ષર હોય તો એના કહેવાથી એના વતી કોઈ બીજું દસ્કત કરતું.[૩૬]

આમ ખતપત્રો તે તે કાલખંડના ઇતિહાસનાં વિવિધ પાસાં વિશે કેટલીક ઉપયોગી માહિતી પૂરી પાડે છે.

## ૬. અભિલેખો અને સિક્કા

પ્રાચીન અને મધ્યકાલની સરખામણીએ અર્વાચીન કાલના ઇતિહાસ માટે અભિલેખો અને સિક્કા ઓછું મહત્ત્વ ધરાવે છે, છતાં રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસના સાધન તરીકે એ ઠીક ઠીક ઉપયોગી છે.

### અભિલેખો

ભૂમિદાનશાસન તામ્રપત્ર પર કોતરાવી આપવાની પ્રથા લાંબા કાલથી લુપ્તપ્રાય હતી. પૂર્તનિર્માણને લગતા શિલાલેખ સંખ્યામાં અગાઉ કરતાં ઓછા લખાતા ને

જે લખાયા છે તેઓમાંના કેટલાક જ પ્રકાશિત થયા છે. એના ઘટેલા મહત્ત્વને લઈને આ કાલના અનેક શિલાલેખ હજી અપ્રકાશિત રહ્યા છે.

આ કાલના અભિલેખોમાં મોટી સંખ્યા પ્રતિમાલેખોની તથા પાળિયાલેખોની છે.

દેવાલય-નિર્માણને લગતા તકતી-લેખોમાં કેટલાક અભિલેખ શત્રુંજય પર્વત પર આવેલા છે.[37] એમાંથી તે તે દેવાલય બંધાવનારનાં નામ જ્ઞાતિ કુટુંબ અને નિવાસસ્થાનની તેમજ એના નિર્માણનો સમયનિર્દેશ તથા પ્રતિષ્ઠા કરનાર સૂરિનાં નામ અને ગચ્છની માહિતી મળે છે. એમાંના એક અભિલેખમાં[38] દેવાલય ઉપરાંત ધર્મશાળા અને ઉપાશ્રય બંધાવ્યાનું તથા ૩૨ પ્રતિમાઓ કરાવ્યાનું નોંધ્યું છે ને એ કયા ગચ્છના કયા સૂરિના ઉપદેશથી કરવામાં આવ્યું એ પણ જણાવ્યું છે. એક બીજા અભિલેખમાં[39] પૂર્તકાર્ય ઉપરાંત યાત્રા તથા દાનોનોય ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ત્યાંના એક બીજા શિલાલેખમાં[40] અમદાવાદના શેઠ વખતચંદના પૂર્વજોનો પરિચય આપી વખતચંદ શેઠે, એમની પત્નીઓએ, પુત્રોએ તથા પૌત્રોએ વિ. સં. ૧૮૬૪ થી ૧૯૦૫ સુધીમાં આપેલાં દાનોની વિગત આપવામાં આવી છે. એક બીજા શિલાલેખમાંય[41] વિનયસાગર-કૃત પ્રશસ્તિ કોતરી છે. એમાં શ્લોક ૧-૧૧ માં અંચલગચ્છની આચાર્ય-પટ્ટાવલી આપી છે, પછી શ્લોક ૧૨-૧૮ માં કોઠારા(કચ્છ)ના દાનવીર કેશવજીનો તથા એમના કુટુંબપરિવારનો પરિચય આપવામાં આવ્યો છે. મામા સાથે મુંબઈ જઈ ત્યાં વેપાર કરી એ અઢળક દ્રવ્ય કમાયા હતા. એ સંઘ કાઢી સં. ૧૯૨૧ માં શત્રુંજય ગયા ત્યાં એમણે અનેક પ્રદેશોના સંઘોને નિમંત્ર્યા ને હજારો જિનબિંબોની અંજન-શલાકા કરી બે ચૈત્ય બંધાવ્યાં તેમજ પાદલિપ્તપુર(પાલિતાણા)માં વિપુલ દ્રવ્ય ખર્ચી જૈનધર્મની પ્રભાવના કરી. એ સમયે ત્યાં ગોહિલવંશી ઠાકોર સૂરસિંહજીનું રાજ્ય પ્રવર્તતું હતું.

શત્રુંજય પરના અનેક લેખ પ્રતિમા-પ્રતિષ્ઠાને લગતા છે.[42] એમાં પ્રતિષ્ઠાની મિતિ, પ્રતિમા કરાવનાર વ્યક્તિ કે વ્યક્તિઓનાં નામ, જ્ઞાતિ ગામ વગેરેની વિગત તથા એની પ્રતિષ્ઠા કરાવનાર સૂરિનાં નામ અને ગચ્છ જણાવવામાં આવે છે. આ વિગત સામાજિક તથા ધાર્મિક ઇતિહાસ માટે ઉપયોગી નીવડે છે. એમાં ક્યારેક ચતુર્વિંશતિ તીર્થંકર-પટ્ટ કે પંચપરમેષ્ઠિ-પટ્ટનો ઉલ્લેખ આવે છે. ક્યારેક એ સમયના રાજાઓનો તથા તેઓના પુત્રોનો પણ નામ-નિર્દેશ કરતા.[43] રાધનપુર જેવાં બીજાં અનેક સ્થળોએ પણ આવા સંખ્યાબંધ પ્રતિમાલેખ કોતરેલા છે.[44]

અમદાવાદમાં દિલ્હી દરવાજા બહાર આવેલી હઠીસિંહની વાડીમાં ધર્મનાથનું ચૈત્ય શેઠ હઠીસિંહે બંધાવવા માંડેલું તે એમની હયાતી બાદ એમનાં પત્ની હરકુંવરે પૂરું કરાવી સં. ૧૯૦૩(ઈ. સ. ૧૮૪૭) માં મહોત્સવપૂર્વક શાંતિસાગર-

સૂરિના હસ્તે પ્રતિષ્ઠા કરાવી એનો એક સંસ્કૃત શિલાલેખ તથા એક ગુજરાતી શિલાલેખ ત્યાં કોતરાવેલો છે. એમાંના સંસ્કૃત લેખમાંની પ્રશસ્તિ[૪૫] પં. સરૂપે રચેલી, મોઢ બ્રાહ્મણ વિજયરામે ઉતારેલી અને સલાટ ઇસફે કોતરેલી. ગુજરાતી લેખ ગોવર્ધનદાસે ઉતાર્યો છે ને ઇસફભાઇએ કોતર્યો છે.[૪૬] આમ આમાં વિભિન્ન સંપ્રદાયોના અનુયાયીઓનો સહકારી પુરુષાર્થ દેખા દે છે. બંને લેખોમાં અંગ્રેજોની ઈસ્ટ ઇન્ડિયા કંપનીના અમલનો ઉલ્લેખ પણ છે. ભમતીમાંની દેવકુલિકાઓમાંય અનેક પ્રતિમાઓ પર અભિલેખ કોતરેલા છે, પણ એ હજી અપ્રકાશિત છે.

શિહોરમાં શ્રી પુરુષોત્તમ સરસ્વતીએ સં. ૧૮૮૭ માં બંધાવેલું બ્રહ્માનું મંદિર,[૪૭] માધવપુર(ઘેડ)માં જેઠવા મહારાણા વિક્રમાતજીનાં માતુશ્રી રૂપાળીબાએ માધવરાયજીના મંદિરનું સં. ૧૮૯૬ માં કરાવેલું નવનિર્માણ[૪૮] અને શેખપાટ(તા. જામનગર)માં જામ વિભાએ સં. ૧૯૧૪ માં કરાવેલો આશાપૂરી માતાના મંદિરનો જીર્ણોદ્ધાર,[૪૯] આવી બધી માહિતી આપણને તે તે મંદિરના શિલાલેખ દ્વારા પ્રાપ્ત થાય છે.

શંખોદ્ધાર બેટમાં શંખનારાયણના મંદિરમાં સં. ૧૯૩૫ નો શિલાલેખ છે તે અગાઉ સં. ૧૭૭૪ માં તથા સં. ૧૮૫૨ માં એ મંદિરનાં સંસ્કરણોને લગતા શિલાલેખોનો ઉલ્લેખ કરી મહારાવ પ્રાગમલજીનાં માતુશ્રી નાનીબા ઝાલીએ તાજેતરમાં જે સુધારા વધારા કરાવ્યા તેનો વૃત્તાંત નિરૂપે છે.[૫૦] આમ આ નાનકડો શિલાલેખ એ મંદિરનાં પૂર્વસંસ્કરણો અને એને લગતા શિલાલેખો વિશે જે માહિતી આપે છે તે મહત્ત્વની ગણાય.

એવી રીતે કેટલીક વાર જળાશયોના નિર્માણ કે પુનર્નિર્માણને લગતા શિલાલેખ એની માહિતી પૂરી પાડે છે. દા. ત. ઝાલા મહારાણા ચંદ્રસિંહજીએ રાજસીતાપુર (તા. ધ્રાંગધ્રા) પાસે ચંદ્રાસર નામે તળાવ કરાવેલું એના શિલાલેખનો ઉલ્લેખ કરી, એનો જીર્ણોદ્ધાર મહારાણા રણમલસિંઘજીએ વિ. સં. ૧૯૧૧(ઈ. સ. ૧૮૫૫) માં કરાવ્યો[૫૧] ને શિમરોલી(જિ. જૂનાગઢ)માં નવાબ બહાદુરખાન તથા દીવાન અમરજીના સમય દરમ્યાન સં. ૧૮૩૧ માં ખોડિયાળ નામે જૂની વાવ ખોદાયેલી તેને સં. ૧૯૧૨(ઈ. સ. ૧૮૫૬) માં મુગટરામે કોડી ૩,૨૧૬$\frac{3}{4}$ ખરચી ફરી બંધાવી.[૫૨] આમ કેટલાક શિલાલેખ વર્તમાન વૃત્તાંત ઉપરાંત પૂર્વવૃત્તાંત પણ આપે છે.

કચ્છમાં પણ પૂર્તનિર્માણને લગતા કેટલાક શિલાલેખ એને લગતી માહિતી આપે છે; જેમકે કોટેશ્વરનું મંદિર સં. ૧૮૫૭ માં ધરતીકંપથી પડી ગયું તેને મહારાવ શ્રી દેવળજીના સમયમાં ખત્રી જેઠા શિવજીએ સં. ૧૮૭૭ માં નવું કરાવ્યું

ને સં. ૧૮૭૮ માં ખત્રી જેઠા શિવજી તથા સુંદરજીએ ત્યાં કલ્યાણેશ્વરનું મંદિર બંધાવ્યું.[૫૩] રવમાં બાઈ રામબાઈએ ૨૪,૦૦૦ કોરીના ખર્ચે જાડેજા વિભાજીના સમયમાં સં. ૧૮૭૮ માં મંદિર બંધાવ્યું,[૫૪] રાવશ્રી દેશળજીના સમયમાં સં. ૧૮૮૦ માં માતાના મઢમાં આશાપૂરાનું મંદિર બંધાયું.[૫૫] રાણા સરતાનજીના સમયમાં સં. ૧૮૯૭ માં ગેડીમાં લક્ષ્મીનારાયણના મંદિરનું પુનર્નિર્માણ થયું.[૫૬] સં. ૧૯૧૧ માં ગોસાઈ હીરાગરે સેલોરા વાવ નવી બંધાવી,[૫૭] દેશળજીના સમયમાં સં. ૧૯૧૬ માં રિયાણમાં શંકરનાથજીએ ધોરમનાથજીના મંદિરમાં સિંહાસન કરાવ્યું,[૫૮] પ્રાગમલજીના સમયમાં સં. ૧૯૧૮ માં કોઠારામાં શાંતિનાથનું મંદિર બંધાયું[૫૯] અને સં. ૧૯૨૧ માં ગેડીમાં મહાવીર મંદિરમાં શાંતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ.[૬૦]

ગુજરાતમાં સ્થાપત્ય-શિલ્પને લગતા આ કાલના નાનામોટા અભિલેખ બીજાં અનેક સ્થળોએ પણ આવેલા છે; જેમકે સોજિત્રા(તા. પેટલાદ), તળાજા (જિ. ભાવનગર), ઉમરેઠ(જિ. ખેડા), લીંગડા(તા. આણંદ), ભદ્રેશ્વર(જિ. કચ્છ), અંજાર(જિ. કચ્છ) વગેરે.[૬૧] દેલવાડા(જિ. જૂનાગઢ)ની જામે મસ્જિદમાંનો ફારસી શિલાલેખ એ મસ્જિદ હિ. સ. ૧૨૯૦(ઈ. સ. ૧૮૭૩) માં બંધાવ્યાનું નોંધે છે.[૬૨]

ગુજરાતમાં પ્રતિમાલેખોની જેમ પાળિયાલેખ પણ મોટી સંખ્યામાં કોતરાયા છે, પરંતુ સલ્તનતકાલ અને મુઘલકાલની સરખામણીએ આ કાલ દરમ્યાન પાળિયા-લેખોની સંખ્યા પ્રમાણમાં ઓછી થઈ ગઈ છે. બ્રિટિશ હકુમત નીચેના જિલ્લા-ઓમાં શાંતિ અને સલામતી વધી તેમજ રિયાસતોમાં પણ આંતર-વિગ્રહ બંધ થઈ ગયા તેથી સંગ્રામમાં વીરગતિ પામવાના પ્રસંગ ઓછા થયા હતા.

આ કાલના પ્રકાશિત પાળિયાલેખોમાં સહુથી વધુ લેખ કચ્છમાં આવેલા છે. કચ્છના જાડેજા રાજકુલમાં હવે મહારાવ મૃત્યુ પામે એ પછી એમની યાદગીરીમાં ભુજમાં છતરડી કરાવવાની પ્રથા પ્રચલિત થઈ. સં. ૧૮૮૩ માં ભારમલજી, સં. ૧૮૯૨ માં ભોજરાજ અને સં ૧૯૩૨ માં પ્રાગમલજી દેવલોક પામ્યા તેઓની છતરડીઓ ભુજમાં આવેલી છે ને એમાં તે તે મહારાવનાં નામ તથા મૃત્યુવર્ષ નોંધતા લેખ પણ કોતરેલા છે.[૬૩] મહારાજ ભોજરાજને લગતા લેખમાં એમનાં પત્ની રૂપાળીબાએ સહગમન કીધાનું તથા છતરડી સં. ૧૮૯૩ માં ચણાવ્યાનું પણ જણાવ્યું છે.[૬૪]

કચ્છમાં આ કાલખંડ દરમ્યાન પણ કેટલાક પુરુષ સંગ્રામમાં વીરગતિ પામ્યાનું કે કેટલીક સ્ત્રીઓ સતી થયાનું જણાવતા પાળિયાલેખ મળે છે; જેમકે કોટડી-

મહાદેવપુરીમાં સં. ૧૮૮૪ માં રાજગોર સોજપાલ વગેરે શૂરધન થયાનો,[૬૫] કોટડીમાં સં. ૧૮૯૮ માં રાજગોરજી રવજી રામચરણ પામ્યા તેમની પાછળ નાથીબાઈએ સાગવન લીધાનો,[૬૬] ભૂજમાં સં. ૧૯૦૨ માં રૂપબાઈનો પાળિયો સ્થપાયાનો,[૬૭] નાની અરલ(ધીણોધર પાસે)માં સં. ૧૯૪૧ માં તથા સં. ૧૯૪૩ માં પ્રતિષ્ઠા કરી પૂજા સંપૂર્ણ કર્યાનો,[૬૮] અંજાર માં સ. ૧૯૧૦માં આશાપુરાના પૂજારી દેવ થયાનો[૬૯] નળિયામાં સં. ૧૮૯૭ માં સોનબાઈએ સાગવન કીધાનો,[૭૦] અને છસરામાં સં. ૧૯૪૪ માં ગામ ઝાંપામાં મરેલા યોદ્ધાનો પાળિયો કરાવ્યાનો.[૭૧] કચ્છના સુપ્રસિદ્ધ પોલિટિકલ રેસિડન્ટ કૅપ્ટન મેકમર્ડોનું મૃત્યુ વિયાણીઓને હાથે થયેલું એવી અનુશ્રુતિ છે, જ્યારે એની કબર પરના લેખમાં એ મૃત્યુ કૉલેરાથી થયાનું જણાવ્યું છે.[૭૨] દુધઈ(તા. અંજાર)માં કપ્તાન રેના તુર્ક કૂતરાનું પણ સ્મારક છે, જેના પર ઈ.સ. ૧૮૮૩ નો લેખ છે.[૭૩]

કેટલાક ભાવિક ભક્ત પોતાના ઇષ્ટદેવને પોતાનું મસ્તક ચડાવી કમલ-પૂજા કરતા. મોડવદર(તા. અંજાર)ના ચારણ શંકર જીવાએ સં. ૧૯૬૮ માં ગઢ પુંઅ રાંના શંકર ઉપર એ રીતે કમલપૂજા કરેલી, એના ઓટા ઉપર સં. ૧૯૭૦ નો લેખ છે.[૭૪] છસરા(તા. અબડાસા)ના એક પાળિયાલેખમાં સં. ૧૯૫૨ માં ત્યાંના એક ગાલા ગુજરી જતાં ખેતર ગૌચર કર્યાનું જણાવ્યું છે.[૭૫]

કચ્છની જેમ સૌરાષ્ટ્રમાં પણ ઠેકઠેકાણે પાળિયા જોવામાં આવે છે, પરંતુ આ કાલખંડના પ્રકાશિત પાળિયાઓની સંખ્યા ત્યાં પ્રમાણમાં ઓછી છે. બારોટના ચોપડાઓમાં નોંધાયેલા સૌરાષ્ટ્રના પાળિયાલેખોમાંના બે લેખોમાં સં. ૧૮૮૭ માં બે જાડેજા હાલા દેવાતણ પામ્યાનું નોંધાયું છે.[૭૬] એવી રીતે ઉત્તર ગુજરાતમાં શિણોલ(તા. મોડાસા)માં જોધપુરના કોઈ રાજપુત્ર અને એની પાછળ સતી થયેલી એની બે પત્નીઓને લગતા લેખવાળો પાળિયો છે.[૭૭] આ તો માત્ર એકાદ ઉદાહરણ છે. સમસ્ત ગુજરાતમાં સંખ્યાબંધ પાળિયા આવેલા છે, જેની ઉપરના ઘણા અભિલેખ હજી અપ્રકાશિત રહ્યા છે.

### સિક્કા

સિક્કા વેપારમાં તેમજ રોજિંદા વ્યવહારમાં નાણાકીય ચલણ તરીકે મહત્ત્વનું સ્થાન ધરાવતા હોઈ એમાં તે તે શાસક વર્ગનું, સર્વોપરિ સત્તાનાં રાજકીય પરિવર્તનોનું તેમજ એની સાંસ્કૃતિક અસરોનું ઠીક ઠીક પ્રતિબિંબ પડે છે. અલબત્ત, સિક્કાઓમાં ઘણી વાર રૂઢિપાલનનું વલણ વર્ષો લગી લંબાતું હોઈ એમાં પરિવર્તનો કે નવાં વલણોનું પ્રતિબિંબ પડતાં વિલંબ થતો હોય છે.

ગુજરાતમાં સત્તાના કેંદ્રસ્થાને અગાઉ પેશવા–ગાયકવાડ હતા ને હવે એનું સ્થાન બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ લીધું, છતાં વર્ષો સુધી અહીંના સિક્કાઓ ઉપર દિલ્હીના મુઘલ બાદશાહોનું નામ ચાલુ રહેલું ! આથી એ પરથી તેઓની સત્તા અહીં ચાલુ રહી હોવાનું અનુમાન તારવવું અસ્થાને છે. મુઘલ બાદશાહનું નામ આપવાની પ્રથા ૧૮૫૮ માં એ બાદશાહતના અંત આવવાની સાથે બંધ થઈ, પરંતુ સિક્કાઓ ઉપર ફારસી ભાષાનો ઉપયોગ એ પછી પણ ચાલુ રહ્યો !

હવે મુંબઈમાં મશીનથી સિક્કા પડવા લાગ્યા અને એની ઉપર અંગ્રેજી લખાણ આવવા લાગ્યું, છતાં એમાં મુઘલ બાદશાહ શાહઆલમ ૨ જાનું વર્ષ ૪૬ દર્શાવાતું ! ઈ. સ. ૧૮૨૫ થી ઈસવી સનનું વર્ષ અપાવા લાગ્યું. અગ્રભાગ ઉપર કંપનીનું રાજચિહ્ન અને રોમન આંકડામાં સિક્કાનું મૂલ્ય દર્શાવાતું. ૧૮૩૪ થી બ્રિટિશ હિંદમાં એકસરખી સિક્કા–પદ્ધતિ અપનાવવામાં આવી. હવે એમાં મુઘલ બાદશાહને બદલે બ્રિટિશ રાજાનું નામ અપાયું ને રાજાની આકૃતિ પણ ઉમેરાઈ, કંપનીનું નામ અંગ્રેજીમાં ને સિક્કાનું મૂલ્ય અંગ્રેજીમાં તથા ફારસીમાં અપાતું. હવે ૧૮૦ ગ્રેનનું મુખ્ય તોલમાન મુકરર થયું. કંપનીના સિક્કા સોનાના, ચાંદીના અને તાંબાના હતા.[૭૮]

૧૮૫૮ માં કંપનીના શાસનનો અંત આવ્યો ને બ્રિટિશ તાજનું સીધું શાસન શરૂ થયું. સિક્કાઓ પર કંપનીનું નામ રદ થયું ને પૃષ્ઠભાગ પર અંગ્રેજીમાં INDIA શબ્દ ઉમેરાયો. રાણીની છબી સાથે VICTORIA QUEEN લખાતું તેને બદલે ૧૮૭૭ થી VICTORIA EMPRESS લખાવા લાગ્યું. એડવર્ડ ૭ માના સિક્કાઓ પર શહેનશાહની આકૃતિ તાજ વિનાની હોઈ એ સિક્કા 'બોડિયા રાજાના સિક્કા' તરીકે ઓળખાતા, એના સોનાના સિક્કા પડયા નથી. તાંબાને બદલે કાંસાના અને નિકલના સિક્કા પણ પડાયા. બોડિયા રાજાની ટાલવાળી આકૃતિ સામે પ્રજામાં વિરોધ થયેલો. જ્યોર્જ ૫ માના સિક્કાઓ પર શહેનશાહની આકૃતિ તાજવાળી અને શાહી પોશાકવાળી રખાઈ, પરંતુ એમાં ઝભ્ભા ઉપર ચીતરેલી હાથીની સૂંઢ ભૂંડ જેવી લાગતાં મુસ્લિમોને રંજ થયો ને પછી એ ભૂલ સુધારી લેવામાં આવી.[૭૯] આમ વિદેશી શાસકોને શાસિત પ્રજાની લોકલાગણી લક્ષમાં લેવાની ફરજ પડતી. વળી અંગ્રેજોના આ સિક્કાઓ ઉપર ફારસી લખાણ ઉત્તરોત્તર ઘટતું જતાં આખરે એનું મૂલ્ય દર્શાવવામાં એ સીમિત રહ્યું ને એ પણ વિકલ્પરૂપે, બાકીનું બધું લખાણ છેવટે અંગ્રેજીમાં અપાતું થયું. સિક્કાઓ પર શાસકોની ભાષાનો પ્રભાવ ઘણો પડતો રહ્યો છે.

બ્રિટિશ સિક્કાઓમાં થયેલાં આ ક્રમિક પરિવર્તનોની ઘણી અસર વહેલીમોડી સમકાલીન સ્થાનિક રાજ્યોના સિક્કાઓ ઉપર પણ પડી.

૧૮૧૮ માં અહીં અંગ્રેજોનું રાજ્ય શરૂ થયું ત્યારે ગુજરાતમાં વડોદરા કચ્છ જૂનાગઢ નવાનગર ભાવનગર રાધનપુર અને ખંભાત જેવાં અનેક સ્થાનિક રાજ્ય સિક્કા પડાવતાં. સમય જતાં બ્રિટિશ સરકારે અમુક રજવાડાંના સિક્કા પાડવાના હક્ક માન્ય રાખ્યા તે પૈકી અમુક રાજ્યોએ જ છેક ૧૯૪૭ સુધી પોતાની ટંકશાળો ચાલુ રાખી સિક્કા પાડવાનો પોતાનો હક્ક જારી રાખ્યો હતો.

વડોદરાના ગાયકવાડ રાજાએ શરૂઆતમાં બાદશાહ અકબર ૨ જાના નામના ફારસી લખાણ સાથે નાગરીમાં પોતાનું નામ સૂચવતો એકાદ સંકેતાક્ષર ઉમેરેલો. ૧૮૫૮ થી મુઘલ બાદશાહનું નામ લુપ્ત થયું ને એના સ્થાને ગાયકવાડનાં બે પરંપરાગત બિરુદ ઉમેરાયાં. હવે નાગરીમાં તથા ફારસીમાં રાજાનું આખું નામ અપાતું. સિક્કા ઉપર વર્ષ હજી હિજરી સનનું અપાતું. સયાજીરાવ ૩ જાએ (ઈ. સ. ૧૮૭૫–૧૯૩૯) સમય જતાં સિક્કાઓ પર પોતાનું ઉત્તરાંગ, નાગરીમાં સિક્કાનું મૂલ્ય તથા વિક્રમ સંવતનું વર્ષ આપવું શરૂ કર્યું. આ રાજ્યના કેટલાક સિક્કા અમરેલીની ટંકશાળમાંથી બહાર પડ્યા છે. ગાયકવાડી રાજ્યના સિક્કાઓ પર મુઘલ બાદશાહને બદલે ઇંગ્લૅન્ડના શહેનશાહનું નામ ક્યારેય પ્રયોજાયું નહિ.[૮૦]

કચ્છના ચલણમાં ચાંદીની કોરીનું એકમ પ્રચલિત હતું. ભારમલજી ૨ જા (૧૮૧૪–૧૯) ની કોરી ઉપર ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફરશાહ ૩ જાના નામનું ફારસી લખાણ અને હિ. સ. ૯૭૮(ઈ. સ. ૧૫૭૦) નું વર્ષ અપાતું ને સાથે સાથે મહારાવનું નામ નાગરીમાં લખાતું. દેશળજી ૨ જાએ (૧૮૧૯–૬૦) ગુજરાતના સુલતાનના નામને બદલે મુઘલ બાદશાહનું નામ મુકાવ્યું. પ્રાગમલજી ૨ જાએ (૧૮૬૦–૭૫) ફારસી લખાણમાં મુઘલ બાદશાહને બદલે રાણી વિકટોરિયાનાં નામ–ખિતાબ તથા ઈસવી સનનું વર્ષ આપવાની પ્રથા શરૂ કરી. પૃષ્ઠભાગ પર નાગરીમાં મહારાવનું નામ તથા વિક્રમ સંવતનું વર્ષ અપાતું. ખેંગારજી ૩ જાએ (૧૮૭૫–૧૯૪૨) વિકટોરિયા માટે 'રાણી' ને બદલે 'સામ્રાજ્ઞી'ની પદવી પ્રયોજી હતી. કચ્છના રાજાઓએ પોતાના સિક્કાઓમાં તે તે અંગ્રેજ શહેનશાહના નામને અગ્રિમ સ્થાન આપવાની આ પ્રથા છેક ૧૯૪૭ સુધી ચાલુ રાખી. ઉપર જણાવેલા છેલ્લા બે રાજાઓએ તાંબા ઉપરાંત ચાંદીની તથા સોનાની કોરી પણ પડાવી હતી.[૮૧] કચ્છના સિક્કા ત્યાંના રાજકીય ઇતિહાસ અંગે કેટલીક પ્રમાણિત વિગતો પૂરી પાડે છે.

જૂનાગઢના નવાબોના દીવાનશાહી (નવાબો મુઘલ સત્તાના દીવાન હતા એ દૃષ્ટિએ) સિક્કા પણ મુઘલ બાદશાહના નામે પડાતા, એમાં ઘણું લખાણ ફારસીમાં અને થોડું નાગરીમાં હતું ને હિજરી સનની સાથે સાથે વિક્રમ સંવતનું વર્ષ પણ અપાતું. આગળ જતાં નાગરીમાં सोरठ सरकार અને ફારસીમાં रियासते जूनागढ લખાતું. સોનામાં તથા ચાંદીમાં કોરીનું અને તાંબામાં દોકડાનું ચલણ લોકપ્રિય હતું. એમાં દોકડો છેક સુધી ચાલુ રહ્યો.[82]

નવાનગર રાજ્યના શરૂઆતના સિક્કા ગુજરાતના સુલતાન મુઝફ્ફરશાહ ૩ જાનું નામ તથા હિ. સ. ૯૭૮ નું વર્ષ ધરાવતા. એમાં નાગરીમાં श्रीजाम ઉમેરાતું. જામ વિભાજીએ (૧૮૫૨-૯૫) નાગરીમાં જામનું નામ, સિક્કાનું મૂલ્ય, અને ટંકશાળનું નામ તથા વિક્રમ સંવતનું વર્ષ આપવાની નવી પદ્ધતિ પ્રવર્તાવી. આ સિક્કાઓમાં પણ સોનાની કોરી, ચાંદીની કોરી અને તાંબાના દોકડા મુખ્ય હતા. ૧૯૦૦ પછી આ રાજ્યે સિક્કા પડાવવા બંધ કર્યા.[83]

ભાવનગરના સિક્કા કચ્છના સિક્કા જેવા છે. એના અગ્રભાગ ઉપર ફારસીમાં મુઘલ બાદશાહનું નામ અને પૃષ્ઠભાગ ઉપર નાગરીમાં बाहादुर બિરુદ હોય છે.[84]

રાધનપુરના નવાબ જોરાવરખાને (૧૮૨૯-૭૪) ત્રણેય ધાતુઓમાં સિક્કા પડાવેલા. એમાં અગ્રભાગ પર ફારસીમાં વિકટોરિયાનું નામ તેમ બિરુદ, ટંકશાળનું નામ અને ઈસવી સનનું વર્ષ ને પૃષ્ઠભાગ પર ફારસીમાં નવાબનું નામ, સિક્કાનું મૂલ્ય અને હિ. સ. નું વર્ષ દર્શાવેલું હોય છે. નવાબ બિસમિલ્લાખાન(૧૮૭૪-૯૫) ના ચાંદીના સિક્કા મળ્યા છે.[85]

ખંભાતના નવાબોના સિક્કાઓ પર ફારસીમાં નવાબનું નામ તથા હિજરી વર્ષ અને ટંકશાળનું નામ હોય છે. કયારેક ફારસીમાં रियासते कम्बायत કે ગુજરાતીમાં 'શ્રીખંભાત બંદર' અને ગુજરાતીમાં સિક્કાનું મૂલ્ય તથા વિક્રમ સંવતનું વર્ષ હોય છે. આ સિક્કા ચાંદીના અને તાંબાના છે. તાંબાના પૈસા વિ. સં. ૧૯૬૮ સુધીના મળ્યા છે.[86]

આમ આ કાલના બ્રિટિશ હિંદના તથા સ્થાનિક રાજ્યોના સિક્કા ગુજરાતના રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસમાં પરિવર્તનોનું વહેલુંમોડું પ્રતિબિંબ પાડે છે, એટલું જ નહિ, એની વિગતો ગુજરાતના સિક્કાશાસ્ત્રમાં વિપુલ માહિતી પૂરી પાડે તેમ છે.

## ૭. વર્તમાનપત્રો અને સામયિકો

મુદ્રણકલાના પ્રચલન સાથે વર્તમાનપત્રો અને સામયિકો અર્વાચીન ઇતિહાસનાં મહત્ત્વનાં સાધન બન્યાં છે. ગુજરાતમાં બ્રિટિશ શાસન સ્થપાયું ત્યારે એનું

વહીવટી કેંદ્ર મુંબઈમાં હતું. ત્યારે ત્યાં *The Bombay Courier* અને *The Bombay Gazette* જેવાં અંગ્રેજી વર્તમાનપત્ર નીકળતાં હતા. એમાં મુખ્ય સમાચાર મુંબઈના અને થોડા સમાચાર ગુજરાત મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોના પણ આપવામાં આવતા હતા. આથી ગુજરાતના ઇતિહાસના આ કાલખંડની કેટલીક માહિતી મુંબઈનાં એ અંગ્રેજી વર્તમાનપત્રોમાંથી મળે છે. ગુજરાતી મુદ્રણકલા તથા ગુજરાતી પત્રકારત્વના આરંભિક ઇતિહાસનો કેટલોક વૃત્તાંત પણ એમાંથી જાણવા મળે છે.

૧૮૨૨ માં મુંબઈમાં 'શ્રી મુમબઈનાં સમાચાર' (હાલનું 'મુંબાઈ સમાચાર') નામે પહેલું ગુજરાતી વર્તમાનપત્ર નીકળ્યું ત્યારથી ૧૮૫૦ સુધીમાં ત્યાં કુલ પાંચ ગુજરાતી વર્તમાનપત્ર બહાર પડતાં હતાં, જેમાં 'જામે જમશેદ' પણ જાણીતું છે. આ બધાં પારસી માલિકીનાં હતાં. એમાં મુખ્ય સમાચાર મુંબઈનાં વેપાર વહીવટ આબોહવા વગેરેના તેમજ પારસી સમાજનાં જન્મ લગ્ન મરણ વગેરેના અપાતા, ઉપરાંત ગુજરાત કલકત્તા યુરોપ વગેરે દેશદેશાવરના મહત્ત્વના સમાચાર પણ અપાતા. એનાં લખાણ પારસી શૈલીમાં લખાતાં ને એના તંત્રીઓ જુનવાણી વિચારસરણીની હિમાયત કરતા. ૧૮૫૦ પછી 'રાસ્તા ગોફતાર' (સત્યવક્તા), અને 'સ્ત્રીબોધ' જેવાં વર્તમાનપત્ર નીકળ્યાં તેમાં સુધારક વિચારસરણીની હિમાયત કરવામાં આવી. 'રાસ્તા ગોફતાર'માં રાજકીય વિષયોની પણ ચર્ચા કરવામાં આવતી.

શ્રી કરશનદાસ મૂળજીનું 'સત્યપ્રકાશ' વૈષ્ણવ મહારાજોની જુનવાણી દૃષ્ટિ સામે નીડરતાથી ઝઝૂમ્યું ને અદાલતના મુકદ્દમાની કપરી કસોટીમાં પાર ઊતરી વધુ લોકપ્રિય થયું. એની ભાષા પણ પારસી વર્તમાનપત્રોની ભાષા જેવી હતી. મુંબઈનાં આ ગુજરાતી વર્તમાનપત્ર પહેલેથી ટાઇપમાં છપાતાં, પરંતુ એ ગુજરાતી ટાઇપોમાં જોડાક્ષર જૂજ હોવાથી ઘણા જોડાક્ષર છૂટા પાડીને છાપવા પડતા. આ સમયની ભાષાશૈલી અને વિચારસરણીના નમૂના તરીકે 'સત્યપ્રકાશ'માંથી એક વાક્ય લઈએ : 'હમો જદુનાથજી મહારાજને પૂછીએ છ કે કહા વેદમાં, કહા પુરાણમાં, કહા શાસ્ત્રમાં અને કહી સમૃતીમાં લખીઉં છ કે માહારાજને અથવા ધરમગુરુને પોતાની પરણેલી સ્રી ભોગવેઆ પેહેલાં સોંપવી ?'[૮૭]

૧૮૫૧ થી ૧૮૭૫ ની પચીસી દરમ્યાન મુંબઈમાં બીજાં અનેક વર્તમાનપત્ર નીકળ્યાં હતાં તેમાંનાં ઘણાં પત્ર પણ થોડાં થોડાં વર્ષ ચાલી બંધ પડી ગયાં હતાં. અંગ્રેજીમાં ૧૮૩૮ માં *The Bombay Times* અને હવે *The Bombay Gardian* અને *The Bombay Standard* જેવાં વર્તમાનપત્ર ઉમેરાયાં હતાં. કેટલાંક ચાલુ અંગ્રેજી વર્તમાનપત્રોના સંયોજનથી ૧૮૬૧ માં ત્યાં *The Times*

*of India* શરૂ થયું, જે સરકારમાં તથા અમલદારોમાં માનીતું બન્યું. આ કાલખંડના અંતે એ ઉપરાંત *The Bomaby Gazette* અને *Advocate of India* ચાલુ હતાં ને *The Bombay Chronicle* શરૂ થયું હતું. ૧૯૦૧ થી *The Illustrated Weekly of India* પણ પ્રકાશિત થતું. વિવિધ વૃત્તોના પ્રકાશનમાં તથા વિવેચનમાં આ અંગ્રેજી વર્તમાનપત્રો તથા સામયિકોએ ઘણી પ્રગતિ સાધી હોઈ ઇતિહાસના સમકાલીન સાધન તરીકે હવે એ વધુ ઉપયોગિતા ધરાવે છે.

૧૮૮૦ માં શ્રી ઇચ્છારામ સૂર્યરામ દેસાઈના તંત્રીપણા નીચે મુંબઈમાં 'ગુજરાતી' નામે સાપ્તાહિક નીકળ્યું ત્યારે ગુજરાતી પત્રકારત્વનો નવો તબક્કો શરૂ થયો. એમાં રાજકીય તથા સામાજિક એ બંને પ્રકારના વિષય હિંદુ વગેરે સર્વ કોમોને લક્ષમાં રાખી શુદ્ધ ભાષામાં ચર્ચાતા. ભાષાશુદ્ધિ માટે પોતાનું મુદ્રણાલય કાઢી બધા જોડાક્ષરોના ટાઇપ વસાવવામાં આવ્યા હતા. ૧૮૮૫ માં કોંગ્રેસ સ્થપાતાં 'ગુજરાતી' એને સક્રિય સાથ આપવા લાગ્યું હતું. એ સમયે અગ્રગણ્ય ગુજરાતી વર્તમાનપત્રોમાં અંગ્રેજી વિભાગ અપાતો ને એમાંનાં કેટલાંકમાં તંત્રી-નોંધ અંગ્રેજીમાં અપાતી, જેથી અંગ્રેજ તથા બિન-ગુજરાતી ભારતીય અમલદારો એમાં દર્શાવેલાં વૃત્તો તથા વિચારોથી વાકેફ થાય. 'ગુજરાતી'નું પહેલું પાનું અંગ્રેજીમાં અપાતું, પછી ગુજરાતીમાં તાજા સમાચાર, અગ્રલેખ, ચાલુ વાર્તા, રમૂજી વિભાગ, વિશિષ્ટ લેખો, ચર્ચાપત્રો, વીણેલા વર્તમાન અને સામાન્ય સમાચાર-આવો એનો વિવિધરંગી ઘાટ ઘડાયો. વળી એની ભાષા શુદ્ધ છતાં સાદી સરળ અને સુબોધ રખાતી. 'ગુજરાતી'ના આ ઘાટની તથા એની ભાષા અને શૈલીની અસર અન્ય સાપ્તાહિક વર્તમાનપત્રો પર પડી.[૮૮] હવે પછીનાં વર્તમાનપત્રો તથા સામયિકોમાંથી રાજકીય સામાજિક સાહિત્યિક વગેરે અનેક પ્રકારની સમકાલીન માહિતી સાંપડે છે.

દરમ્યાન તળ-ગુજરાતમાં કેટલાંક વર્તમાનપત્ર તથા સામયિક નીકળ્યાં, જેમાંથી એ કાલના ગુજરાત વિશે વિશેષ માહિતી પ્રાપ્ત થાય છે. અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી(હાલની ગુજરાત વિદ્યાસભા)એ ૧૮૪૯ માં શરૂ કરેલું 'વરતમાન' ('વર્તમાન') સાપ્તાહિક અને એના પ્રતીકારરૂપે શરૂ થયેલું 'શમશેર બહાદુર' વિરુદ્ધ હિતો વચ્ચેનો સંઘર્ષ પ્રતિબિંબિત કરે છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ૧૮૫૫ માં પોતાને હસ્તક લીધેલું 'બુદ્ધિપ્રકાશ' માસિક આ સમસ્ત કાલખંડની સામાજિક ધાર્મિક આર્થિક શૈક્ષણિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓની ઠીક ઠીક માહિતી પૂરી પાડે છે.

૧૮૫૧ થી ૧૮૮૦ના ગાળા દરમ્યાન અમદાવાદમાં 'અમદાવાદ સમાચાર' અને 'ગુજરાત શાળાપત્ર,' ખેડામાં 'ખેડા વર્તમાન', સુરતમાં 'સુરત સમાચાર' 'જ્ઞાનદીપક' 'સત્યોદય' 'વિદ્યાવિલાસ' 'ડાંડિયો' 'ગુજરાત મિત્ર' 'દેશીમિત્ર' અને 'સ્વતંત્રતા', ભરૂચમાં 'ભરૂચ વર્તમાન'; જૂનાગઢમાં 'સૌરાષ્ટ્ર દર્પણ' અને રાજકોટમાં 'કાઠિયાવાડ સમાચાર' તથા 'વિજ્ઞાન વિલાસ' જેવાં વર્તમાનપત્ર તથા સામયિક નીકળ્યાં. મુંબઈમાં 'બુદ્ધિવર્ધક' 'આર્યમિત્ર' અને 'જ્ઞાનવર્ધક' જેવાં તેમજ 'અખબારે સોદાગર' 'સતીઅ મીતર' ('સત્યમિત્ર') અને 'પારસી પંચ' જેવાં નવાં વર્તમાનપત્ર–સામયિક નીકળ્યાં. ૧૮૭૧–૭૨ માં મુંબઈમાંથી ૧૩, ગુજરાતમાંથી ૧૨ અને કરાંચીમાંથી ૧ મળી કુલ ૨૬ ગુજરાતી વર્તમાનપત્ર નીકળતાં હતાં.[૮૯] એ પૈકી 'ખેડા વર્તમાન' ત્યારે ત્યાંની પ્રજાને દેશ-વિદેશના સમાચાર મેળવવામાં ઉપયોગી થતું; એ આપણને હાલના ખેડા જિલ્લાના એ સમયના સમાચાર જાણવા માટે પણ ઉપયોગી નીવડે છે. 'ડાંડિયો' એ સમયના ગુજરાતના સામાજિક–રાજકીય પ્રશ્નો અંગે વિપુલ માહિતી પૂરી પાડે છે. 'ગુજરાત મિત્ર' પ્રજાના હક માટે લડતું ને દેશી રાજાઓનીય જાહેર ટીકા કરતું. 'દેશીમિત્ર' ગંભીર બનાવોય રમૂજી શૈલીમાં રજૂ કરતું ને કટાક્ષ દ્વારા પ્રજાની સુધારક પ્રવૃત્તિઓને ટેકો આપતું. 'સ્વતંત્રતા' માસિકે વર્તમાનપત્રોના અધિકાર માટે ચલાવેલી ઝુંબેશ નોંધપાત્ર છે.

૧૮૮૧ થી ૧૯૦૦ની વીસી દરમ્યાન તળ-ગુજરાતમાં 'સુદર્શન' 'ગુજરાત ગેઝેટ' 'જ્ઞાનસુધા' 'ભરૂચમિત્ર' 'ગુજરાત દર્પણ' 'કાઠિયાવાડ ટાઇમ્સ' 'મહાકાલ' 'બે ઘડી મોજ' 'સયાજીવિજય' 'જ્ઞાનસુધા' 'નવસારી પ્રકાશ' અને 'પ્રજાબંધુ' જેવાં વર્તમાનપત્ર–સામયિક નીકળ્યાં હતાં. વડોદરામાં 'बडोदा वत्सल' નામે મરાઠી અને 'વડોદરા વત્સલ' નામે ગુજરાતી સાપ્તાહિક નીકળેલું. એ બંધ પડયા બાદ 'સયાજી વિજય' મરાઠીમાં અને ગુજરાતીમાં નીકળતું ને આગળ જતાં એ આખું ગુજરાતીમાં નીકળતું થયેલું. સુરતમાં 'ગુજરાતી દર્પણ' સુધરાઈ અને લોકલ બોર્ડના કામકાજનો વિગતવાર અહેવાલ આપતું. આગળ જતાં એ 'ગુજરાત મિત્ર'માં ભળી ગયું. અમદાવાદમાં 'હિતેચ્છુ' પ્રજાના પ્રશ્નોની છણાવટ કરવામાં મોખરે હતું. ૧૮૯૮ માં નીકળેલા 'પ્રજાબંધુ'એ મુંબઈના 'ગુજરાતી'ની જેમ વિવિધ ક્ષેત્રોમાં પ્રજાની સંગીન સેવા સાધી.

૧૯ મી સદીના અંતભાગમાં ગુજરાતી વર્તમાનપત્રોની સંખ્યા ૪૦ ની હતી. એમાંનાં ઘણાં સાપ્તાહિક કે અર્ધ-સાપ્તાહિક હતાં. થોડાં વર્તમાનપત્ર દૈનિક હતાં તે મુંબઈનાં હતાં. મુંબઈનાં પારસી વર્તમાનપત્રોમાં 'સત્યમિત્ર' અને 'કયસરે હિન્દ' લોકપ્રિય હતાં. એમાં પારસી સમાજમાં પ્રવર્તતાં જુનવટ અને સુધારા

વચ્ચેનો સંઘર્ષ આબેહૂબ નજરે પડે છે. તળ-ગુજરાતનાં કેટલાંક વર્તમાનપત્ર પણ પારસીઓએ કાઢેલાં[૯૦] તે સામાન્ય કક્ષાનાં હતાં, પરંતુ હવે ઉચ્ચ ધોરણનાં વર્તમાનપત્ર તથા સાહિત્યિક પ્રકારનાં સામયિક પણ વિકસ્યાં હતાં. અન્ય સામયિકોમાં જૈનોને લગતાં તથા વિજ્ઞાન અને વૈદ્યકને લગતાં સામયિક શરૂ થયાં હતાં.[૯૧]

૨૦ મી સદીના આરંભમાં ગુજરાતી વર્તમાનપત્રોની સંખ્યા ઘટી, પણ નીવડેલાં વર્તમાનપત્રોનો ફેલાવો વધતો ગયો.[૯૨] એમાં અમદાવાદનું 'ગુજરાતી પંચ', મુંબઈનું 'સાંજ વર્તમાન', અમદાવાદનાં 'સુંદરી સુબોધ' તથા 'વસંત', અને મુંબઈનું 'હિન્દુસ્તાન' તથા 'સાહિત્ય' નોંધપાત્ર છે. આ ગાળામાં ગુર્જર-બ્રાહ્મણ તપોધન ટોળક દસાલાડ પટેલ મોઢ વહોરા વગેરે જ્ઞાતિઓ તથા કોમોને લગતાં સામયિક પણ નીકળ્યાં. અમદાવાદમાંથી भारत दिवाकर નામે એક સંસ્કૃત-ગુજરાતી માસિક પણ નીકળતું. ૧૯૧૩-૧૪ માં ગુજરાતી વર્તમાનપત્રોની સંખ્યા ૧૯ ની હતી, તેમાં 'ગુજરાતી' 'સાંજ વર્તમાન' 'જામે જમશેદ' 'મુંબઈ સમાચાર' અને 'પારસી'નો ફેલાવો સારો હતો.[૯૩]

ગુજરાતનાં વર્તમાનપત્રોમાં બધાં જ અગ્રગણ્ય વર્તમાનપત્ર ગુજરાતી ભાષાનાં છે. ઇતર ભાષાઓમાં બહાર પડ્યાં હોય તે સંખ્યામાં જૂજ અને અસરમાં નજીવાં હતાં. કેટલાંક વર્તમાનપત્ર અંગ્રેજી નામ ધરાવતાં, છતાં એ ગુજરાતી ભાષામાં જ હતાં.[૯૪] સામયિકોમાં ઘણાં માસિક હતાં, થોડાંક ત્રૈમાસિક. કોઈ સામયિક વૈદ્યક ધર્મ સાહિત્ય શિક્ષણ હાસ્ય સ્ત્રી જ્ઞાતિ ઇત્યાદિ અમુક વિષયોને લગતાં હતાં; ઘણાં સમસ્ત સમાજને રસ પડે તેવાં સામાન્ય વિષયોનાં હતાં. કોઈ હિંદી સંસ્કૃત અંગ્રેજી-ગુજરાતી સંસ્કૃત-અંગ્રેજી કે સંસ્કૃત-ગુજરાતીમાંય નીકળતાં. ૧૯૧૪ માં મુંબઈ ગુજરાત અને કરાંચીમાં એકંદરે લગભગ ૪૩ જેટલાં ગુજરાતી સામયિક નીકળતાં હતાં.[૯૫]

આ બધાં ગુજરાતી વર્તમાનપત્રો તથા સામયિકોનો તે તે સમયના રાજકીય સામાજિક આર્થિક ધાર્મિક અને સાહિત્યિક ઇતિહાસના સાધન તરીકે અભ્યાસ કરવામાં આવે તો એ પરથી એને લગતી ઠીક ઠીક માહિતી પ્રાપ્ત થાય એમ છે.

## ૮. ઇતિહાસોપયોગી સાહિત્ય

ઈ.સ. ૧૮૧૮ થી ઈ.સ. ૧૯૧૪ દરમ્યાન ગુજરાતના ઇતિહાસ-આલેખન માટેની જે સાધન-સામગ્રી ઉપલબ્ધ છે તેમાં ઐતિહાસિક ઘટનાઓને પ્રસ્તુત કરતાં ઉપલબ્ધ સાહિત્યિક સાધનોમાં સંસ્કૃત સાહિત્યની કૃતિઓનું પ્રમાણ થોડુંક અને ગુજરાતી સાહિત્યની કૃતિઓનું પ્રમાણ વિશેષ છે.

### સંસ્કૃત

આ સમયની સંસ્કૃતમાં રચાયેલી ઇતિહાસોપયોગી માહિતીવાળી ઉપલબ્ધ કૃતિઓ નહિવત્ છે. એમાં ગુજરાતના કવિશ્રી શંકરલાલ મહેશ્વર(ઈ. સ. ૧૮૪૪-૧૯૧૬)ની रावजीविलासम् કૃતિ નોંધપાત્ર છે.[૯૬] આ મહાકાવ્યમાં જાડેજા રાજાઓના ચરિતનું આલેખન કરેલું છે. કવિને શીઘ્ર કવિનું બિરુદ આપનાર મહારાજા રાવજીરાવ પ્રાયઃ મોરબીના જાડેજા વંશના રવોજી ૨ જા (ઈ.સ. ૧૮૪૬-ઈ.સ ૧૮૭૦) છે. આ પરથી કૃતિમાં જેમનું ચરિત આલેખાયું છે તે જાડેજા રાજાઓ મોરબીના હોવા જોઈએ.[૯૭]

### ગુજરાતી

આ કાલના ગુજરાતી ભાષામાં રચાયેલ ઐતિહાસિક સાહિત્યમાં કવીશ્વર દલપતરામ(ઈ.સ. ૧૮૨૦ થી ૧૮૯૮)ની કૃતિઓ નોંધપાત્ર છે. એ કૃતિઓના વિષય મુખ્યત્વે લોકહિત, સામાજિક માન્યતાઓ, સમાજસુધારા અને યંત્રવિજ્ઞાનની દેશ પર પડેલી અસરોને લગતા છે. અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સ્થાપક અને કવિના પરમ સ્નેહી એલેક્ઝાંડર કિન્લાક ફોર્બ્સને મુખ્ય પાત્ર તરીકે કેંદ્રમાં રાખીને રચાયેલા 'ફાર્બસ-વિલાસ(૧૨ અંક)'માં તત્કાલીન સામાજિક માન્યતાઓ અને સાહિત્યિક પ્રવાહો વિશેનું ચિત્ર ઉપસાવવામાં આવ્યું છે.[૯૮]

કવિ દલપતરામનું 'ફાર્બસવિરહ'[૯૯] કાવ્ય એ શોકપ્રશસ્તિ-કાવ્ય છે. એમાં અમદાવાદ સુરત મહીકાંઠા અને કાઠિયાવાડમાં અમલદાર તરીકે સેવા આપનાર મિત્ર ફોર્બ્સના મૃત્યુથી અત્યંત દુઃખી થયેલા કવિએ અહીં મિત્રના ગુણોની પ્રશસ્તિ કરી છે. ફોર્બ્સ જેવા પરોપકારી અને દેશના લોકોનું હિત ચાહનાર અંગ્રેજ અમલદારોની કીર્તિ આ દેશમાં અમર રહેશે એવો કવિનો સંદેશ છે.

મનઃસુખરામ ત્રિપાઠીએ સ્વાર્થ અને કામના વિના કલ્યાણ કરનાર ફોર્બ્સના જીવનનું ચરિત્ર ઈ.સ. ૧૮૬૯માં લખ્યું. 'વિજયવિનોદ'[૧૦૦] કાવ્યમાં દલપતરામે ભાવનગરના રાજા વિજયસિંહજી(ગુહિલ રાજા વજેસિંહજી-ઈ.સ. ૧૮૧૬ થી ૧૮૫૨)ની સભાનો સંવાદ કલ્પ્યો છે. એમાંથી તત્કાલીન જમાનામાં રાજદરબારોમાં સાહિત્યિક પ્રવૃત્તિઓ કેવી રીતે વિકસી હતી એનો પરિચય મળે છે. એ ઉપરાંત પીલ સાહેબ, જે આ સમય દરમ્યાન કાઠિયાવાડમાં પોલિટિકલ એજન્ટ હતા, તેમનો પણ ઉલ્લેખ કરેલો છે; કાવ્યના અંતે ચારણી કવિતામાં ધ્રોળના જાડેજા હરધોળજી ૧ લા(ઈ.સ. ૧૫૩૯થી ૧૫૫૦)થી માંડી દોલતસિંહજી (ઈ.સ. ૧૯૧૪ થી ૧૯૩૯) સુધીના રાજાઓની નામાવલિ ગણાવી છે.

ઈ. સ. ૧૮૬૮ ના જાન્યુઆરીની ૧૬ મી તારીખે ઈડરના રાઠોડ રાજા જુવાનસિંહજી(ઈ. સ. ૧૮૫૫-૧૮૬૮)ને સરકારે "સ્ટાર ઑફ ઇન્ડિયા"નો ઈલકાબ આપ્યો તે સમયે રાજાની પ્રશસ્તિરૂપે 'ઈડરના મહારાજા જુવાનસિંહ વિષે'[૧૦૧] એ કાવ્યની રચના કવિ દલપતરામે કરી. લીંબડીના ઝાલાવંશી રાણા જશવંતસિંહજી(ઈ. સ. ૧૮૬૨-૧૯૦૮)એ સં. ૧૯૩૦ (ઈ. સ. ૧૮૭૩-૭૪)માં કચ્છના જાડેજા કુળની બે કન્યાઓ સાથે લગ્ન કર્યું તે સમયે દલપતરામે 'મહારાણા જશવંતસિંહજી વિષે'[૧૦૨] કવિત રચ્યું. સન ૧૮૮૪ ના ડિસેમ્બરમાં ગવર્નર જનરલ રિપન સાહેબ અમદાવાદમાં આવ્યા એ વિશે પણ એમણે કવિતા રચી છે.[૧૦૩] 'હિન્દુસ્તાન પર હુન્નરખાનની ચઢાઈ'[૧૦૪] કાવ્યમાં કવિએ બ્રિટિશ સંપર્કના પરિણામે અવતરી રહેલા યંત્રવિજ્ઞાનના પરિણામે આવનારી આબાદીની સાથે કારીગરીને પહોંચેલી હાનિનું પણ વર્ણન કરેલું છે.

આ ઉપરાંત દલપતરામની 'ગુજરાતના કેટલાએક ઐતિહાસિક પ્રસંગો અને વાર્તાઓ' એ કૃતિ છેક ૧૯૩૩ માં પ્રસિદ્ધ થઈ હોવા છતાં એમાંથી ઈડર રાજ્યના રાઠોડ રાજાઓનો તેમજ ભાવનગરના ગૂહિલ રાજાઓનો સમકાલીન વૃત્તાંત જાણવા મળે છે.

ઈ. સ. ૧૮૫૯ માં બેટ દ્વારકામાં અંગ્રેજોએ વાઘેરોને હરાવ્યા અને ત્યાં મંદિરો લૂટયાં એ સમાચાર જાણી કવિ નર્મદે 'સ્વતંત્રતા' કાવ્ય રચ્યું. એમાં બ્રિટિશ અમલની ભારત પરત્વેની ફરજો વિશે નર્મદની મુખ્ય મુખ્ય અપેક્ષાઓ અહીં શબ્દબદ્ધ થયેલી છે. આ અપેક્ષાઓ બેટ દ્વારકા પરના અંગ્રેજોના હુમલાના પ્રસંગમાં ફલિતાર્થ થઈ નથી એવું સૂચિત કરેલું છે.[૧૦૫] આ ઉપરાંત કવિ નર્મદે ઈ. સ. ૧૮૬૪ માં રચેલા 'હિન્દુઓની પડતી' નામના કાવ્યમાંથી રૂઢિ અને વહેમોનું જડમૂળમાંથી ખંડન જેવા સમાજસુધારણાને લગતા વિષયોની સાથે કેટલીક ઐતિહાસિક ઘટનાઓ વિશે પણ માહિતી પ્રાપ્ત થાય છે.[૧૦૬]

આ સમય દરમ્યાન દેશી રાજાઓની પ્રશસ્તિને લગતાં બીજાં ઘણાં કાવ્ય રચાયાં છે. જામનગરના રાજા વિભાજીની આજ્ઞાથી એમના ચારણ કવિ વજમાલ પરબતજી મેહડુએ જામવંશનો ક્રમબદ્ધ ઇતિહાસ ચારણી કવિતામાં વિ. સં. ૧૯૩૧ સુધીનો તૈયાર કર્યો તે 'વીભા-વિલાસ' નામથી ઈ. સ. ૧૮૯૩ માં પ્રકાશિત થયો. એમાં જામનગરના રાજવંશ વિશે વિપુલ માહિતી મળે છે. કવિ શિવલાલ ધનેશ્વરે (ઈ. સ. ૧૮૫૦-૧૮૯૯) 'કચ્છ ભૂપતિવિવાહવર્ણન' ઈ. સ. ૧૮૮૮ માં રચ્યુ, જેમાં કચ્છના જાડેજા મહારાણા ખેંગારજી ૩ જા(ઈ. સ. ૧૮૭૬-૧૯૪૨)ના વિવાહપ્રસંગનો વિગતવાર ઇતિહાસ આલેખ્યો છે. કાવ્ય પ્રાસંગિક અને વ્યક્તિ-

પ્રશંસાનું છે.[૧૦૭] આ કવિનું 'પ્રવાસવર્ણન' કાવ્ય ઈ. સ. ૧૮૮૬ માં રચાયું. એમાં કવિએ કચ્છના મહારાજા ખેંગારજી ૩ જા સાથે કચ્છથી મહાબળેશ્વરનો પ્રવાસ કરેલો એનું વર્ણન આવે છે.

રાજા ખેંગારજીની સ્તુતિ કવિશ્રી જીવરામ ગોરે 'કચ્છભૂપતિકવિતા'માં કરી છે. આ ઉપરાંત ખેંગારજી ૩ જાના રાજ્યાભિષેક સંબંધી કાવ્યો કવિશ્રી લધા બારોટ, દયાશંકર શામજી. લીલાધર મોરારજી, જયશંકર દલપતરામ, હાથીરામ પુરુષોત્તમ વગેરેએ રચ્યાં છે.

શ્રી નથુરામ સુંદરજી શુકલે (ઈ. સ. ૧૮૬૧-૧૯૨૩) ભાવનગરના ગૂહિલ રાજા તખ્તસિંહજી (ઈ. સ. ૧૮૬૯-૧૮૯૬) વિશે 'તખ્તયશત્રિવેણિકા' નામે ગ્રંથ લખ્યો. એમાં 'સંગીતતખ્તવિનોદ' 'તખ્તયશબાવની' અને 'તખ્તયશસંગીતસુમન' એ ત્રણ કૃતિઓનો સંગ્રહ મહારાજાની હયાતીમાં યોજાયેલો, પરંતુ એ પછી ટૂંક સમયમાં મહારાજાનું અવસાન થતાં એ ત્રિવેણિકાના પ્રકાશનમાં અંતે એ કવિની 'તખ્તવિરહબાવની' નામે કૃતિ ઉમેરાઈ, જે તખ્તસિંહજીના અવસાન બાદ રચાયેલું અંજલિકાવ્ય છે, વળી માધવજી પ્રાગજી દવેએ લખેલું આ રાજાનું વિસ્તૃત જીવનચરિત્ર પણ એ પ્રકાશનના આરંભમાં જોડવામાં આવ્યું છે.

ગિરજાશંકર દલસુખરામ મહેતા/કૃત 'કવિતારૂપે ગુજરાતનો ઇતિહાસ' ઈ. સ. ૧૮૭૨ માં રચાયો, જેમાં અર્વાચીન ઇતિહાસમાં આ સમયનાં વડોદરા ભાવનગર જૂનાગઢ ધ્રાંગધ્રા પોરબંદર નાંદોદ વાડાશિનોર લુણાવાડા ગોંડળ અને લીંબડીનાં દેશી રજવાડાંઓનો ઉલ્લેખ સમાવ્યો છે. કૃતિના અંતે આપેલા કોષ્ઠકમાં આ કાલના ગાયકવાડી રાજ્યમાં ગણપતરાવ ખંડેરાવ મલ્હારરાવ વગેરેએ કેટલાં વર્ષ રાજ્ય કર્યું એનો ઉલ્લેખ કરેલો છે.

અંગ્રેજ સરકાર દ્વારા ઈ. સ. ૧૮૭૫માં વડોદરાના પદભ્રષ્ટ કરાયેલા મલ્હારરાવ ગાયકવાડ વિશે બે સ્વતંત્ર પદ્યકૃતિઓ રચાયેલી છે તેમાંથી એક ચિમનલાલ નરસીદાસ–કૃત 'વડોદરાના મહારાજા મલ્હારરાવનો રાસડો' (ઈ. સ. ૧૮૭૫) તથા બીજી કૃતિ ગોવર્ધનદાસ લક્ષ્મીદાસ–કૃત 'મલ્હારવિરહશતક' (ઈ. સ. ૧૮૭૫) છે. આ બંને કૃતિઓમાં શરૂઆતમાં ગાયકવાડના જુલમોની ટીકા થયેલી છે.[૧૦૮] બીજી કૃતિમાં રાજ્યભ્રષ્ટ થયેલા મલ્હારરાવના પદચ્યુત થવાથી રૈયતના જે દુઃખોદ્ગાર નીકળતા હતા તે પરથી કવિએ એના વિરહથી પોતાને થયેલું દુઃખ વ્યક્ત કર્યું છે.

ભાવનગરના ગૂહિલ વંશના રાજાઓની કારકિર્દીનું ઝીણવટભર્યું વર્ણન પ્રજ્ઞાચક્ષુ કવિશ્રી શિવદાસ નારણે 'ગોહિલ બિરદાવળી'(ઈ. સ. ૧૮૯૯)માં કર્યું છે. એમાં ભાવનગર સંસ્થાનના પ્રથમ રાજા સેજકજી(ઈ. સ. ૧૨૪૦–૧૨૯૦)થી

માંડીને ભાવસિંહજી ૨ જા (ઈ. સ. ૧૮૬૯-૧૯૧૯) સુધીના રાજાઓનાં યશસ્વી કૃત્યોનું વર્ણન કર્યું છે.

ઈડરના રાઠોડ વંશના રાજા કેસરીસિંહજી(ઈ. સ. ૧૮૬૮-૧૯૦૧)એ કરેલાં લોકોપયોગી કાર્યો વિશેની માહિતી લીલાચંદ હેમચંદે 'ઈડર સ્તુતી' (પ્રાયઃ ઈ. સ. ૧૮૮૮) કાવ્યમાં આપી છે.

લીંબડીના ઝાલા રાજા દોલતસિંહજી (ઈ. સ. ૧૯૦૮-૧૯૪૦) રાજ્યાસને બિરાજ્યા એ સંબંધી અને એ પછી એમણે પ્રજામાં જે હિતકારી કાર્યો કર્યાં તે સંબંધી વર્ણન કવિશ્રી શંકરદાન જેઠીભાઈ દેથાએ 'શ્રી દોલત રૌપ્ય મહોત્સવ કાવ્યકુસુમ'માં કર્યું છે. આ ઉપરાંત ઈશરદાસજી-પ્રણીત 'શ્રી હરિરસ' કૃતિની પ્રસ્તાવનામાં શંકરદાન કવિએ લીંબડી રાજ્યકર્તાઓની વંશાવળી આપી છે. ત્યારબાદ મહારાણા દોલતસિંહજીનાં સત્કાર્યોની પ્રશસ્તિ કરી છે, તથા એમણે એમના પછી દિગ્વિજયસિંહજીએ કેટલાં વર્ષ રાજ્ય કર્યું એની પદ્યમાં નોંધ કરી છે.

રાજાઓની જેમ પ્રજાના કેટલાક નામાંકિત અગ્રણીઓનાં જીવનચરિત્ર આ કાલ દરમ્યાન પ્રકાશિત થયાં, જેમકે અરદેશર કોટવાળ, કરસનદાસ, મૂળજી, દુર્ગારામ, ભોળાનાથ સારાભાઈ, મોહનલાલ ઝવેરી, રણછોડભાઈ છોટાલાલ, બહેરામજી મલબારી, ગોવર્ધનરામ, ગાંધીજી અને દાદાભાઈ નવરોજી.[૧૦૯] શ્રી મગનભાઈ પટેલે લખેલા 'મહાજન મંડળ'(૧૮૯૬)માં પણ કેટલાક મહાજનોની રૂપરેખા આલેખાઈ છે. આ જીવનચરિત્રો પ્રજાકીય જીવનની આરસીરૂપ હોઈ એમાંથી આ કાલના સામાજિક સાહિત્યિક અને રાજકીય ઇતિહાસ પર ઠીક પ્રકાશ પાડે છે. એમાં કેટલીક વાર રૂઢિ અને નવા વિચારો વચ્ચેના સંઘર્ષની પણ ઝાંખી થાય છે.

આ કાલ દરમ્યાન ગુજરાતીમાં જે નિબંધસાહિત્ય સર્જાયું તેમાં પશ્ચિમની કેળવણી તથા સંસ્કૃતિથી પ્રભાવિત થયેલા કેટલાક પ્રગતિશીલ લેખકોએ સામાજિક અનિષ્ટો સામે ઝુંબેશ ચલાવી સામાજિક સુધારાઓની હિમાયત કરી હતી; જેમકે 'ભૂતનિબંધ' 'જ્ઞાતિનિબંધ' 'પુનર્વિવાહ પ્રબંધ' 'ગુજરાતના હિંદુઓની સ્થિતિ' 'નાતસુધારો' 'ભોજનવ્યવહાર ત્યાં કન્યાવ્યવહાર' 'જમણવાર વિશે નિબંધ' 'નારી-શિક્ષણ' 'બાળલગ્ન' 'નાતજાતનાં તડાં' 'પાટીદાર-સુબોધસંગ્રહ' વગેરે.

## અરબી-ફારસી

આ કાલ દરમ્યાન અરબી-ફારસી ભાષામાં રચાયેલ ઇતિહાસોપયોગી માહિતી-વાળી સાહિત્યિક કૃતિઓની સંખ્યા જૂજ છે. જૂનાગઢ રાજ્યના ફારસીના ખ્યાતનામ કવિ રણછોડજી દીવાને (ઈ. સ. ૧૭૬૮-૧૮૪૧) 'જંગનામએ હોલી' નામનું

પુસ્તક રચ્યું છે, જેમાં હોળી જે રીતે રમાય તેનું વર્ણન કર્યું છે. હોળીના ઉત્સવનું ખૂબ મહત્ત્વ તત્કાલીન સમાજમાં હતું. નવાબો આ ઉત્સવમાં હાજરી આપતા. ઠેર ઠેર શામિયાના ઊભા હતા. વિવિધ રંગના ભભકાદાર તખ્ત પર નવાબ બિરાજતો.[૧૧૦]

આ જ કવિનું 'રુકાતે ગૂનાગૂન' ('વિવિધપત્રો') નામનું પુસ્તક પણ એ સમયે ગુજરાત-કાઠિયાવાડમાં પત્રો કેવી રીતે લખાતા એની ઝાંખી કરાવે છે. આ કૃતિમાં દીવાન રણછોડજીએ ફઝ્લઅલી ઉપર લખેલા પત્રો અને ફઝ્લઅલીએ દીવાન રણછોડ પર લખેલા પત્રો ઐતિહાસિક દૃષ્ટિએ નોંધપાત્ર છે. જૂનાગઢના ઇતિહાસને લગતી કેટલીક હકીકત પણ એમાંથી મળી આવે છે.[૧૧૧]

## પાદટીપ

૧. દા. ત. Baroda State, *Baroda Administration Report*, 1905–06

૨. ઉદાહરણ તરીકે T. R. Farnandes, *Papers Relating to the Revision Survey Settlement of the Bardoli Taluka of the Surat Collectorate.*

૩. દા. ત., Baroda State, *Jamabandhi Revision Settlement of the* Siddhapur Taluka of the *Kadi Division.*

૪. ઉદાહરણ તરીકે Prabhashankar Pattani, *Report on Famine Operations in the Bhavnagar State in 1899–1900* વગેરે.

૫. ઉદાહરણ તરીકે Bombay Government, *Report of the Civil Cases Adjudged by the Court of Suddur Udalut for the Province of Bombay Between the years A.D.* 1800 *and A.D. 1824 with an Appendix and Index to the Reports, 2 Vols*; Bombay Government, *Bombay Sudder Dewanni Adawlutt Decisions* 1840–1848, *Reports of Civil Cases Determined in the Court of Civil Dewanny Adawlutt of Bombay* 1840–1848. Compiled by A.F. Bellasis.

૬. Parliamentary Paper H.C. No. 156 of 1891; Return dated 23-2-1891

૭. Parliamentary Paper H.C. No. 615 of 1852–53; Return dated 15–6–1853

૮. Maharashtra State Archives, Revenue Department, Vol. 313 of 1821

૯. Preface, *Gazetteer of the Bombay Presidency*, Vol. I, Part I (Bompay, 1896)

૧૦. આગળ જતાં ૧૯૦૪માં અમદાવાદ જિલ્લાને લગતા ગ્રંથ ૪(૧૮૭૯)ની પુરવણી ગ્રંથ ૪-બી રૂપે બહાર પાડવામાં આવી.

૧૧. આમાં વડોદરા રાજ્યના વડોદરા કડી અને નવસારી એ ત્રણ પ્રાંત લેવામાં આવેલા, જ્યારે અમરેલી પ્રાંતના મુલકોનો સમાવેશ 'ગ્રંથ ૮ : કાઠિયાવાડ'માં કરેલો.

૧૨. ગ્રંથ ૧ નો ભાગ–૨ કોંકણ દખ્ખણ અને દક્ષિણ મરાઠા દેશના ઇતિહાસને લગતો છે.
૧૩. ગ્રંથ ૧ ના ભાગ–૨ સિવાયના ગ્રંથ ૧ થી ૯
૧૪. General Preface, *The Imperial Gazetteer of India*, Vol, I (Oxford 1909)
૧૫. લેખકે એનું નામ वकायाए सोरठ व हालार રાખેલું. મૂળ ગ્રંથ અમુદ્રિત છે. એના અંગ્રેજી તથા એના પર ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ થયેલ છે. એનો સ્વતંત્ર સીધો પ્રામાણિક અનુવાદ બે વર્ષ ઉપર શ્રી શંભુપ્રસાદ હ. દેસાઈએ પ્રસિદ્ધ કર્યો છે.
૧૬. *Geographical Statistical and Historical* Description of Hindostan and Adjacent *Countries*, 2 Vols.
૧૭. *Narrative of a Journey through the Upper Provinces of India from Calcutta to Bombay, 1825 with notes upon Ceylon*
૧૮. *Western India in 1838*, 2 Vols.
૧૯. James Tod, *Travels in Western India Embracing a Visit to the Secred Mounts of the Jains and the Most Celebrated Shrines of Hindu Faith Between Rojputana and the Indus with an Account of the Ancient City of Nehrwalla.*
૨૦. John Cormack, *Abolition of Female Infanticide in Gujarat;* Edward Moore, *Hindu Infanticide*, John Wilson, *History of the Suppression of Infanticide in Western India*; James Pigs, *India Cries to British Humanity.*
૨૧. K. Ingham, *An Account of the Work of Christian Missionaries on behalf of School Reform 1793–1833.*
૨૨. Mangaldas Nathubhai (Ed.), *Borrodaile's Gujarat Caste Rules*
૨૩. લીલાધર હરખચંદ (સંગ્રહકર્તા), ગુજરાત તાલુકદારી પ્રાચીન અર્વાચીન સંગ્રહ, ભા. ૧
૨૪. બહેરામજી ખરશેદજી, 'આજના પારસીઓ (૧૮૯૨); પ્રેમાનંદ પટેલ, 'નવસારી પ્રાંતની કાળીપરજ'(૧૯૦૧); ગોવર્ધન ભટ્ટ, 'લેઉઆ પુરાણ', જાફરભાઈ રહેમતુલ્લા, 'ખોજા કોમનો ઇતિહાસ', સૌરાષ્ટ્ર જ્ઞાનપ્રચારક મંડળી, 'નાગરખંડ' (૧૮૮૫); કાશીનાથ ગોવિંદજી, 'બાવરી વગેરે ગુન્હા કરનારી ટોળીઓની માહિતી' (૧૯૦૫); ડાહ્યાભાઈ પટેલ, 'વડનગરા કણબીઓની ઉત્પત્તિ' (૧૯૦૬); પુરુષોત્તમ પરીખ, 'કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ' (૧૯૧૨); અનામી, 'વાણિયા જ્ઞાતિના રિવાજોનું એકીકરણ' (૧૯૧૨); કેળવણીખાતું, વડોદરા રાજ્ય, 'ગુજરાતી બ્રાહ્મણ જ્ઞાતિના રીતરિવાજોનું એકીકરણ' (૧૯૧૪); માણેકલાલ શાસ્ત્રી, 'મોઢપુરાણ' (૧૯૧૪)
૨૫. અનામી, 'દેશી કારીગરીને ઉત્તેજન', બે ભાગ (૧૮૭૫–૭૬); જેસંગ પટેલ, 'દુકાળ વિશે નિબંધ' (૧૮૮૦); ભવાનીશંકર જોષી, 'પરદેશી માલ આપણા દેશમાં તૈયાર કરવા શા ઉપાય યોજવા જોઈએ?' (૧૮૮૯); મયારામ શંભુનાથજી, 'સ્થાનિક રાજકીય સ્વસત્તા' (૧૮૮૬); કેશવલાલ વકીલ, 'સ્થાનિક સ્વરાજ્ય' (૧૮૮૬); વિઠ્ઠલદાસ ધનજી-

ભાઈ પટેલ, 'ગુજરાતની ખેતીવાડીની હાલની સ્થિતિ' (૧૮૮૬); મહાશંકર ભટ્ટ, 'ઇન્ડિયન નેશનલ કોંગ્રેસનું કામકાજ' (૧૯૦૬).

૨૬. એની વિગત આ પ્રમાણે છે :
ખતપત્ર નં. ૬૦ (સં. ૧૮૭૬), ૭૬ (સં. (૧૮૭૭), ૬૧ (સં. ૧૮૭૮–હિ. ૧૨૩૯), ૬૨ (સં. ૧૮૮૧), ૭૭ (સં. ૧૮૮૩), ૭૮ (સં. ૧૮૮૪), ૬૩ (સં. ૧૮૮૭), ૯૨ (સં. ૧૮૯૫), ૬૪ (સં. ૧૮૯૫), ૬૫ (સં. ૧૯૦૩), ૬૬ (સં. ૧૯૦૭), ૪૮ (સં. ૧૯૦૭). ૭૯ (સં. ૧૯૦૮), ૮૨ (સં. ૧૯૦૯), ૮૩ (સં. ૧૯૦૯), ૬૭ (સં. ૧૯૦૯), ૮૦ (સં. ૧૯૧૨), ૬૮ (સં. ૧૯૧૩), ૮૧ (સં. ૧૯૧૮), ૬૯ (સં. ૧૯૨૦), ૭૦ (સં. ૧૯૩૨), ૭૧ (સં. ૧૯૫૩), ૭૨ (સં. ૧૯૫૫), અને ૭૩ (સં. ૧૯૭૦)

૨૭. ખતપત્ર નં. ૬૦, ૭૮, ૯૨, ૬૪, ૪૮

૨૮. દા. ત. ખતપત્ર નં. ૭૧ અને ૭૩ માં

૨૯. જુઓ ખતપત્ર નં. ૭૩.

૩૦. ખતપત્ર નં. ૭૧–૭૩ માં

૩૧. દા. ત. ખતપત્ર નં. ૬૩, ૬૪, ૮૨, ૮૩, ૬૭, ૬૮

૩૨. જુઓ ખતપત્ર નં. ૭૮, ૯૨, ૬૪. ૬૭, ૬૮.

૩૩. ખતપત્ર નં. ૭૧

૩૪. ખતપત્ર નં. ૭૨.

૩૫. ખતપત્ર નં. ૭૬

૩૬. દા. ત. ખતપત્ર નં. ૭૨ માં.

૩૭. મુનિ જિનવિજયજી, પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા. ૨, અવલોકન, પૃ. ૫૫–૬૫ માં આપેલા લેખ નં. ૫૩, ૫૪, ૫૯, ૬૦, ૬૨, ૭૨, ૭૩, ૮૭, ૯૦

૩૮. લેખ નં. ૯૦

૩૯. લેખ નં. ૧૦૨

૪૦ લેખ નં. ૯૧

૪૧. લેખ નં. ૩૨ એ

૪૨. લેખ નં. ૫૪ થી ૧૧૨

૪૩. લેખ નં. ૬૦. ૬૮, ૬૯, ૯૬, ૧૦૩ અને ૧૧૦

૪૪. મુનિ વિશાળવિજયજી, શ્રી રાધનપુર પ્રતિમાલેખસંદોહ, લેખ નં. ૪૫૫ (સં ૧૮૯૦) થી ૪૭૩ (સં. ૧૯૨૧) અને સં. ૧૯૨૧ તથા ૧૯૩૭ના લેખ (પૃ. ૨૨૦)

૪૫. પ્રાજૈલેસ. ભા. ૨, લે. ૫૫૬

૪૬. આ લેખ હજી અપ્રસિદ્ધ છે. આ માહિતી એની જાતે કરેલી નકલ પરથી આપી છે.

૪૭. Diskalkar, *Inscriptions of Kathiawad*, No. 188.

૪૮. *Ibid.*, 189

૪૯. *Ibid.*, 192

૫૦. *Ibid.*, 193

૫૧. *Ibid.*, No. 190

૫૨. *Ibid.*, No. 191

૫૩. D. P. Khakhar, Report on the Architectural and Archaeological Remains in the Province of Kachchh, App. I. Nos. 9-12

૫૪. *Ibid.*, No. 42

૫૫. *Ibid.*, No. 14

૫૬. *Ibid.*, No. 38

૫૭. *Ibid.*, No. 22

૫૮. *Ibid.*, No. 20

૫૯. *Ibid.*, No. 1

૬૦. *Ibid.*, No. 41

૬૧. જુઓ *Vallabh Vidyanagar Research Bulletin*, Vol. I, Issue 2, International Language Section, No. 24; ચરોતર સર્વસંગ્રહ, ભા. ૧, પૃ.૧૦૬૦ (અહીં સં. ૧૮૧……शाके १७६४ છપાયું છે, તેમાં વિ. સં.નું વર્ષ ૧૮૯૮

જોઈએ. એમાં બોડાણાની સં. ૧૨૧૨માં થયેલી પધરામણીનો ઉલ્લેખ છે) અને ૧૦૨૩; વ. ગૌ. ઓઝા, ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ. સૂચીપત્ર, લે. ૬૩; Collection of Prakrit and Sanskrit Inscriptions (Bhavnagar); Gohil Dynasty, No 12; 'પથિક', વર્ષ ૬, અંક ૧૧-૧૧, પૃ. ૩૯

૬૨. S. H. Desai, *Arabic and Persian Inscriptions of Saurashtra*, No. 70. સંપાદક હિ. સ. ૧૨૯૦-ઈ. સ. ૧૮૪૭ જણાવે છે (પૃ. ૨૩૮), પરંતુ એ વર્ષે ઈ. સ. ૧૮૭૩-૭૪ આવે.

૬૩. શં. સા. બારોટ, 'બારોટના ચોપડામાં પાળિયાની નોંધ', ઊર્મિ-નવરચના, દીપોત્સવી વિશેષાંક, સં. ૨૦૩૧, પૃ. ૫૦૭

૬૪. નાગજીભાઈ કે. ભટ્ટી, 'કચ્છનાં છેલ્લાં સતી : રૂપાળીબા' ઊર્મિ-નવરચના, સળંગ અંક ૫૪૪, પૃ. ૧૬૫; શં સા. બારોટ, એજન, પૃ. ૫૦૭

૬૫. શં. સા. બારોટ, એજન, પૃ. ૫૦૩

૬૬. એજન પૃ. ૫૦૨-૦૩

૬૭. નાગજીભાઈ કે. ભટ્ટી, 'સ્મૃતિચિહ્નો અને કચ્છના ખાંભી પાળિયાનું સર્વેક્ષણ : એક અભ્યાસ'; ઊર્મિ-નવરચના, સળંગ અંક ૫૪૫, પૃ. ૨૩૪

૬૮. એજન, પૃ. ૨૭૪ અને ૨૪૦

૬૯. એજન, પૃ. ૨૭૪-૭૫

૭૦. નાગજીભાઈ કે. ભટ્ટી 'અમારો કચ્છ પ્રવાસ', "પથિક", વર્ષ ૭, અંક ૮, પૃ. ૬૫

૭૧. એજન વર્ષ, ૯, અંક ૧૨, પૃ. ૫૪

૭૨. નાગજીભાઈ કે. ભટ્ટી, 'સ્મૃતિચિહ્નો અને કચ્છના ખાંભી પાળિયાનું સર્વેક્ષણ : એક અભ્યાસ', ઊર્મિનવરચના, સળંગ અંક ૫૪૫, પૃ. ૨૨૮

૭૩. હરિપ્રસાદ શાસ્ત્રી, 'કચ્છના અભિલેખો', "પથિક", વર્ષ ૬, અંક ૧૦-૧૧, પૃ. ૩૯

૭૪. પ્રા. ડૉ. નાગજી કે. ભટ્ટી, ઉપર્યુક્ત, પૃ. ૨૨૩

૭૫. પ્રા. ડૉ. નાગજી કે. ભટ્ટી, 'અમારો કચ્છપ્રવાસ', "પથિક", વર્ષ ૯, અંક ૧૧, પૃ. ૫૭

૭૬. શંભુદાન સામજીભાઈ બારોટ, ઉપર્યુક્ત, પૃ. ૫૦૬

૭૭. ડૉ. હરિભાઈ ગૌદાની, 'ગુજરાતની પાળિયાસૃષ્ટિ', "ઊર્મિ-નવરચના", દીપોત્સવી વિશેષાંક, સં. ૨૦૩૧, પૃ. ૪૩૭

૭૮-૮૩. વિગતો માટે જુઓ આ ગ્રંથનું પ્રકરણ ૭, પરિશિષ્ટ : 'સિક્કા' તથા હ. ગં. શાસ્ત્રી અને પ્ર. ચિ. પરીખના 'ભારતીય સિક્કાશાસ્ત્ર'નું પ્રકરણ ૨૦

૮૪. C.L. Krause & C. Mishler, *Standard Catalog of World Coins*, p. 655 હ. ગં. શાસ્ત્રી અને પ્ર. ચિ. પરીખ, એજન, પૃ. ૨૫૬

૮૫. ઉપરની પા. ટી. ૪૩-૪૮ પ્રમાણે

૮૬. C.L. Krause & C. Mishler, *op. cit.*, pp. 660 f.; આ ગ્રંથનું પ્રકરણ ૭, પરિશિષ્ટ : 'સિક્કા'

૮૭. 'સત્યપ્રકાશ'ના તા. ૨૧-૧૦-૧૮૬૦ ના અંકમાંથી (રતન રુસ્તમજી માર્શલ, 'ગુજરાતી પત્રકારિત્વનો ઇતિહાસ', પૃ. ૧૧૭)

૮૮. એજન, પૃ. ૧૪૨-૧૪૪

૮૯. કપિલરાય મહેતા, 'વૃત્તપત્રો', "ગુજરાત, એક પરિચય", પૃ. ૩૨૨

૯૦. દા. ત. 'સુરત સમાચાર', 'અખબારે સોદાગર', 'ભરૂચ વર્તમાન', 'કાઠિયાવાડ સમાચાર', 'ભરૂચ મિત્ર', 'કાઠિયાવાડ ટાઇમ્સ', 'નવસારી પ્રકાશ'.
૯૧. દા. ત. જૈન દિવાકર, જૈન ધર્મપ્રકાશ, જૈન હિતેચ્છુ વૈદ્યકલ્પતરુ, વિજ્ઞાનવિલાસ
૯૨. કપિલરાય મહેતા, ઉપર્યુક્ત, પૃ. ૩૨૩
૯૩. રતન રુ. માર્શલ, ઉપર્યુક્ત, પૃ. ૩૪૪–૩૪૫
૯૪. રતન રુ. માર્શલ, 'વૃત્તવિવેચન', "ગુજરાત એક પરિચય", પૃ. ૩૨૭
૯૫. Catalogue of Books (and Periodicals) Printed in the Bombay Presidency during the *Quarters ending 31 st March, 30th June*, 30th September and 31st December, 1914
૯૬. डॉ. हीरालाल शुक्ल, आधुनिक संस्कृत साहित्य, पृ. २४०
૯૭. ડૉ. હીરાલાલ શુક્લે મહારાજા રાવજીરાવ જામનગરના નરેશ હોવાનું દર્શાવ્યું છે (એજન, પૃ. ૨૪૦), પરંતુ જામનગરના ઇતિહાસમાં ઈસવી સનની ૧૮ મી–૧૯ મી સદીમાં રાવજીરાવ નામના કોઈ રાજા થયા હોવાનું જણાતું નથી.
૯૮. કવિ દલપતરામ ડાહ્યાભાઈ, 'દલપતકાવ્ય', ભા. ૨, પૃ. ૭૪–૧૧૭
૯૯. એજન, પૃ. ૧૧૭-૧૧૯
૧૦૦. કવિ દલપતરામ, ઉપર્યુક્ત, પૃ. ૧૫૭, ૧૭૪
૧૦૧. એજન, પૃ. ૨૫૯
૧૦૨. એજન, પૃ. ૨૬૨
૧૦૩. એજન, પૃ. ૨૬૭
૧૦૪. એજન, પૃ. ૨૬
૧૦૫. ડૉ. દિલાવરસિંહ જાડેજા, 'ગુજરાતી કવિતામાં પ્રતિબિંબિત રાષ્ટ્રીય અસ્મિતા', પૃ. ૪૪–૪૫
૧૦૬. કવિ નર્મદાશંકર લાલશંકર 'નર્મકવિતા', પૃ. ૩૨૧–૩૯૦
૧૦૭. પ્રફુલ્લ મહેતા, 'નર્મદ યુગના અન્ય કવિઓ' "ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ" (સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ અને યશવંત શુક્લ), ગ્રંથ ૩, પૃ. ૧૩૧
૧૦૮. ડૉ. દિલાવરસિંહ જાડેજા, ઉપર્યુક્ત, પૃ. ૧૦૫
૧૦૯. અનામી, 'અરદેશર કોટવાલ', (૧૮૭૨); મહીપતરામ રૂપરામ, 'ઉત્તમ કપોળ : કરસનદાસ મૂળજી ચરિત્ર' (૧૮૮૭); 'દુર્ગારામ ચરિત્ર', (૧૮૭૯). કૃષ્ણરાવ, ભોળાનાથ, 'ભોળાનાથ, સારાભાઈનું જીવનચરિત' (૧૮૮૮); ચુનીલાલ મોદી, 'મોહનલાલ ઝવેરીનું સંક્ષેપ જીવનચરિત્ર', (૧૮૮૮); ભગવાનલાલ બાદશાહ, 'રણછોડલાલ છોટાલાલ સી. આઈ. ઈ. નું જીવનચરિત્ર' (૧૮૯૯); માણેકબાઈ દાદીના, 'બહેરામજી મલબારી' (૧૯૦૦); કાન્તિલાલ છગનલાલ પંડ્યા, 'ગોવર્ધનરામ' (૧૯૧૦); પ્રાણજીવન મહેતા, 'ગાંધીજીનો 'જન્મવૃત્તાંત' (૧૯૧૨); પાંડુરાવ દેસાઈ, 'ગાંધીજીનો જીવનવૃત્તાંત' (૧૯૧૩); હરિપ્રસાદ દેસાઈ, દાદાભાઈ નવરોજજી' (૧૯૧૩)
૧૧૦. ડૉ. છોટુભાઈ નાયક, 'ગુજરાતના નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યનું ખેડાણ', પૃ. ૪૭ ૪૮
૧૧૧. એજન, પૃ. ૪૭

# ખંડ ૨

# રાજકીય ઇતિહાસ

## પ્રકરણ ૨

## અંગ્રેજોના ગુજરાત સાથેના પૂર્વ-સંપર્ક

### ૧. ગુજરાતમાં પ્રવેશ અને વેપારનો વિસ્તાર

ફિરંગીઓ અને વલંદાઓના ભારત વગેરે પૂર્વના દેશો સાથેના ધીકતા વેપારથી પ્રેરાઈને ઈ. સ. ૧૬૦૦ માં અંગ્રેજોએ પણ એ પ્રયોજનથી 'ઈસ્ટ ઇન્ડિયા કંપની'ની સ્થાપના કરી. એનું પહેલું વેપારી વહાણ ઈ. સ. ૧૬૦૮ માં સુરત બંદરે લાંગર્યું ત્યારથી અંગ્રેજોના ગુજરાત સાથેના સંપર્કનો આરંભ થયો.

સુરત બંદરે આવેલા અંગ્રેજોને ફિરંગીઓની ચડવણીને લઈને મુઘલ બાદશાહ તરફથી કોઠી સ્થાપવાની પરવાનગી ન મળી તેથી તેઓએ સુરતની નજીકના સુંવાળી બંદરે વહાણ લાંગરી ત્યાંથી વેપાર કરવા માંડ્યો. ૧૬૦૮ થી ૧૬૧૨ દરમ્યાન તેઓને ફિરંગીઓ સાથે વારંવાર અથડામણ થઈ, પણ ૧૬૧૨ માં અંગ્રેજ કૅપ્ટન બેસ્ટે સુંવાળી ખાતે ફિરંગીઓને હરાવી પોતાની શક્તિનો પરચો આપ્યો, આથી સુરતના મુઘલ ફોજદાર તરફથી અંગ્રેજોને સુરતમાં આવકાર મળ્યો. થોડા વખતમાં બાદશાહ જહાંગીર તરફથી ત્યાં કોઠી સ્થાપવાનો શાહી પરવાનો પણ આવી ગયો (૧૩-૧૦-૧૬૧૩). એ કોઠીનો પહેલો વડો ટૉમસ ઍલ્ડવર્થ હતો. પોતાનાં વેપારી ધ્યેય સિદ્ધ કરવા માટે અંગ્રેજોએ સુંવાળી બંદરના બારામાં ફિરંગીઓને ભારે શિકસ્ત આપેલી તેથી ફિરંગીઓને દીવ ભાગી જવું પડ્યું હતું. આ વિજયથી મુઘલો તેમજ હિંદી વેપારીઓ પર અંગ્રેજો સારો પ્રભાવ પાડી શક્યા.

૧૬૧૩ થી ૧૬૧૮ ના ગાળા દરમ્યાન એમણે ગુજરાતમાં વેપારનો વિસ્તાર કરવા માટે ખંભાત ભરૂચ વડોદરા અને અમદાવાદમાં સુરતની કોઠીની શાખાઓ સ્થાપી દીધી. દરમ્યાનમાં ઇંગ્લૅન્ડના રાજાના એલચી તરીકે ઈ. સ. ૧૬૧૫ માં જહાંગીરના દરબારમાં આવેલા સર ટૉમસ રોએ બાદશાહ પાસેથી દેશનાં જુદાં

જુદાં સ્થાનોએ વેપારી કોઠીઓ સ્થાપવાનો પરવાનો મેળવતી વખતે ૧૬૧૮ માં ગુજરાતમાં વેપાર કરવાનો પરવાનો પણ મેળવી લીધો.[1]

ગુજરાતમાં અંગ્રેજો હિંદીઓ સાથે સુમેળથી વેપારવ્યવહાર ચલાવતા રહ્યા. હિંદીઓ સાથે ઝઘડો કરનાર અંગ્રેજોને શિક્ષા કરવામાં આવતી. મુઘલ સરકાર તરફથી અંગ્રેજોનાં હિતોની જાળવણી થતી અને એમની ફરિયાદો પર પૂરતું ધ્યાન અપાતું; જેમકે ગુજરાતના ગળીના ઉત્પાદકો ગળીમાં તેલ અને રેતીનું મિશ્રણ કરે છે એવી અંગ્રેજોએ ફરિયાદ કરતાં મુઘલ સૂબેદાર આઝમખાને ઉત્પાદકો તેમજ એનો વેપાર કરનારા વેપારીઓને ભેળસેળ બંધ કરવા માટે ભારે ચીમકી આપી હતી;[2] જોકે મુઘલોને ધીમે ધીમે અંગ્રેજોની વેપારી પ્રવૃત્તિઓથી હિંદી વેપારીઓને થનારા નુકસાનનો ખ્યાલ આવતાં એમણે અંગ્રેજો પર નિયંત્રણ લાદવા માંડયાં. બીજી બાજુ સુરત બંદર અંગ્રેજોને અનેક રીતે અગવડભર્યું લાગતું હતું. ઈ. સ. ૧૬૬૪માં શિવાજીએ સુરત લૂંટયું એ પછી સુરતની જાહોજલાલી પણ ઝાંખી પડી ગઈ હતી, આથી અંગ્રેજોએ સુરક્ષિત અને મુક્તપણે વેપાર કરી શકાય તેવા મથક તરીકે ઈ. સ. ૧૬૬૮ માં મુંબઈનો ટાપુ ભાડે રાખ્યો અને એનો ઝડપથી વિકાસ કરી ૧૬૮૭ માં વડું મથક સુરતથી મુંબઈ ખસેડવામાં આવ્યું,[3] અલબત્ત, મુંબઈના તાબામાં રહીને સુરતની કોઠી કામ કરતી રહી.

## ૨. રાજકારણમાં પ્રવેશ અને પ્રદેશ પ્રાપ્તિનો પ્રારંભ

૧૭ મી સદીના અંત અને ૧૮ મી સદીના પ્રારંભમાં મુઘલોની સત્તા અન્ય પ્રાંતોની જેમ ગુજરાતમાં પણ નબળી પડવા માંડી અને અહીં મરાઠા પોતાનું પ્રભુત્વ જમાવવા લાગ્યા. ૧૭૫૮ માં મરાઠાઓએ મુઘલો પાસેથી ગુજરાત જીતી લીધું. આવી સ્થિતિમાં અંગ્રેજોને પોતાનાં વેપારી હિતોના જતન માટે ગુજરાતમાં પણ રાજકીય સત્તા હાંસલ કરવાની આવશ્યકતા વરતાઈ. એમણે સુરત કબજે કરીને એનો પ્રારંભ કર્યો.[4]

સુરતમાં નવાબ સફદરખાનનું અવસાન થતાં અલીનવાઝખાન નવાબ બન્યો, પણ મિયાં સૈયદ અચ્ચને સીદીઓ અને પેશવાઓની મદદ લઈ નવાબી હાંસલ કરી લીધી. આ ધમાલમાં અંગ્રેજોની કોઠી લૂંટાઈ અને શહેરના કિલ્લેદાર હબસી અહમદખાને બે અંગ્રેજ કારકુનોને મારી નાખ્યા, આથી સુરતની કોઠીના વડા સ્પેન્સરે મુંબઈથી મનવારોની મદદ મગાવી (૧૫–૨–૧૭૫૯). પેશવાએ પણ અંગ્રેજોની સહાયમાં ફોજ મોકલી. અંગ્રેજોના આક્રમણ સામે હબસી કિલ્લેદાર ટકી શક્યો નહિ. અંગ્રેજોએ સુરતનો કિલ્લો જીતી લીધો (૪–૩–૧૭૫૯).[5] સ્પેન્સરને ત્યાંનો હાકેમ અને એના હાથ નીચે મિ. ગ્લાસને કિલ્લેદાર બનાવવામાં આવ્યો.

પાછળથી મુઘલ બાદશાહે ફરમાન બહાર પાડી અંગ્રેજોનો સુરતના કિલ્લા પરનો અધિકાર માન્ય રાખ્યો (૪-૯-૧૭૫૯). હવે સુરતમાં મુઘલોના નવાબ (ગવર્નર) તરીકે મિયાં અચ્ચનનો અને અંગ્રેજોનો એમ બેવડો વહીવટ સ્થપાયો. આ વહીવટ ૪૦ વર્ષો સુધી (અર્થાત્ ઈ. સ. ૧૮૦૦ સુધી) ચાલ્યો.[૬]

સુરતનો કિલ્લો સર થયા પછી સુરત શહેરની મહેસૂલી ઊપજ અંગ્રેજો નવાબ અને મરાઠાઓ વચ્ચે વહેંચાવા લાગી; જોકે કિલ્લાના તથા મુઘલ કાફલાના વહીવટ માટે અંગ્રેજોએ મરાઠાઓને તાબે રહેલાં અંકલેશ્વર ટેંબા તથા બાલેસર પરગણાં અને વરિયાવ કસબાની મહેસૂલ ઉઘરાવવાના હક્ક લઈ લીધા. આ પ્રદેશો-માંથી વાર્ષિક રૂ. ૫૪,૦૦૦ની મહેસૂલી આવક થતી હતી.[૭]

સુરતમાં વલંદાઓએ સીદીઓની મદદથી અંગ્રેજો અને નવાબને હાંકી કાઢીને સત્તા પોતાના હાથમાં લેવા પ્રયત્ન કર્યો, પણ એમાં તેઓ ફાવ્યા નહિ. નવાબ મિયાં અચ્ચને વલંદાઓની કોઠી જમીનદોસ્ત કરી નાખી અને એમને શહેર છોડીને વલંદાબંદર નામે ઓળખાતી એમની જૂની કોઠીમાં જવાની ફરજ પાડી. ધીમે ધીમે વલંદાઓનો સુરતનો વેપાર તૂટતો ગયો અને ઈ. સ. ૧૭૮૦ સુધીમાં એમનું સુરતમાંનું અસ્તિત્વ નગણ્ય બની રહ્યું.[૮]

પાણીપતના મેદાનમાં પરાજિત થયા પછી મરાઠાઓની પ્રતિષ્ઠા ઘટી હતી. અંગ્રેજો આનો લાભ ઉઠાવવા પ્રયત્નશીલ બન્યા ને તેઓએ મરાઠાઓના આંતર વિખવાદમાં ભાગ લઈ બને તેટલો લાભ લેવાની નીતિ અખત્યાર કરી.

પેશવા બાલાજી બાજીરાવનું અવસાન થતાં (૧૨-૬-૧૭૬૧) માધવરાવ ૧ લો પેશવા બન્યો ત્યારે નિઝામ તરફથી મરાઠા પ્રદેશો પર થયેલા આક્રમણ વખતે અંગ્રેજો પાસેથી તોપખાનાની લશ્કરી મદદ મેળવવાના બદલામાં કંપનીને જંબુસરનું ફળદ્રુપ પરગણું આપવાની દરખાસ્ત પેશવાના વાલી રઘુનાથરાવે (રાઘોબાએ) કરી; જોકે કંપનીના મુંબઈના અધિકારીઓને આ પ્રદેશ કરતાં મુંબઈના બારામાં આવેલ સાલસેટ વસઈનગર અને બીજા ટાપુ મેળવવામાં વિશેષ રસ હતો. પરિણામે એ સોદો પાર પડ્યો નહિ (૧૭૬૨).[૯]

દરમ્યાન વડોદરાની સત્તા માટે ગોવિંદરાવ અને ફત્તેસિંહરાવ વચ્ચે ઝઘડો થયો. ફત્તેસિંહરાવે પોતાનો પક્ષ મજબૂત કરવા સુરતની અંગ્રેજ કોઠીના પ્રમુખ પ્રાઇસ સાથે વાટાઘાટો કરી અને એની પાસે ૧૦૦૦ સિપાઈ, ૩૦૦ યુરોપીય સૈનિકો, અને ૨૦ તોપોની મદદના બદલામાં સુરત પરગણાનો પેશવાનો હિસ્સો તેમજ પોતાની સુરતની ચોથ આપવાની તૈયારી બતાવી, પણ મુંબઈની કંપનીના

અધિકારીઓને આ દરખાસ્ત પણ મોળી લાગી. તેઓ હવે વધુ ને વધુ લાભ મળે તેવી તકો ઊભી કરવા લાગ્યા. આવી એક તક એમને સુરતના નવાબ તરફથી ઈ. સ. ૧૭૭૧ માં મળી હતી.

## ૩. ભરૂચ લીધું

સુરતના નવાબે મુંબઈના ગવર્નર અને પ્રમુખ વિલિયમ હોર્નબાયને ૧૭૭૧ ના માર્ચમાં લખ્યું કે મુઘલોના દોઢસો વર્ષના અમલ દરમ્યાન મુઘલ બાદશાહોએ ભરૂચમાં ફુરજા(જકાતનાકા)ની જકાતની આવક સુરતના નવાબ (સૂબેદાર)ને આપી હતી અને આ હક્ક આજથી ૪૦ વર્ષ પહેલાં સુધી અબાધિતપણે સુરતના નવાબો ભોગવતા હતા, પણ ભરૂચનો નવાબ સ્વતંત્ર થતાં એણે આ જકાત આપવી બંધ કરી છે તેથી આ જકાતની વાર્ષિક ઊપજ રૂ. ૭૦,૦૦૦ લેખે ગણતાં આ બાકી લેણી નીકળતી રકમનો આંકડો રૂ. ૨૮ લાખ સુધી પહોંચી ગયો છે, આથી ભરૂચનો નવાબ આ રકમ ચૂકવી આપે એ માટે કંપની સરકારે એને ફરજ પાડવી જોઈએ. નવાબની આ માગણીની સાથે કંપનીએ પણ પોતાની એક બાબત જોડી દીધી. કંપનીના રક્ષણ નીચે ભરૂચથી વેપાર કરતા વેપારીઓના માલ પર કંપની શરૂઆતમાં ૧½ ટકા અને પછી ૨½ ટકા જકાત લેતી હતી, અને કંપની વતી ભરૂચના નવાબે આ રકમ ઉઘરાવી કંપનીને આપવાની હતી. આની છ વર્ષથી બાકી નીકળતી રકમનો આંકડો દોઢ લાખ રૂપિયા સુધી પહોંચ્યો હતો, આથી ભરૂચના નવાબ પાસેથી એકંદરે રૂ. ૩૦ લાખ કઢાવવાની અંગ્રેજોને તક સાંપડી. સુરતના નવાબે અંગ્રેજો સાથે સંધિ કરી કે ભરૂચ પાસેથી જે કંઈ ચડત રકમ પ્રાપ્ત થાય તેનો ⅓ ભાગ હું અંગ્રેજોને આપીશ અને વસૂલાત માટે થનારા ખર્ચમાં ત્રીજા ભાગનો ખર્ચ પણ આપીશ.[૧૦]

ભરૂચનો નવાબ મુઆઝ્ઝિમખાન આ વખતે વડોદરાના ફત્તેસિંહરાવ, ખંભાતના નવાબ મોમીનખાન અને સુરતના અંગ્રેજ હાકેમની ભીંસ અનુભવી રહ્યો હતો. આવી સ્થિતિમાં અંગ્રેજોએ સુરતના નવાબની માગણીના વાજબીપણાની ખાતરી કર્યા વિના શક્ય તેટલી રકમ ભરૂચના નવાબ પાસેથી પડાવવા ભરૂચ પર આક્રમણ કર્યું. (માર્ચ ૧૭૭૧); પરંતુ આ આક્રમણ નિષ્ફળ ગયું.[૧૧] આ વખતે નવાબનું પલ્લું નમતું હોવા છતાં એણે મુંબઈ જઈ અંગ્રેજો સાથે સમાધાન કરી લેવાનું નક્કી કર્યું. એ મુંબઈ પહોંચ્યો (૪–૧૧–૧૭૭૧) ત્યારે એનું અંગ્રેજોએ ભારે દબદબાપૂર્વક સ્વાગત કર્યું. એમની વચ્ચે સંધિ થઈ (૩૦–૧૧–૧૭૭૧) તેમાં નવાબે અંગ્રેજોને ચાર લાખ રૂપિયા અને ભરૂચમાં કોઠી સ્થાપવા માટેની જગ્યા આપવાનું ઠર્યું. જ્યારે નવાબ પર કોઈ બાહ્ય આક્રમણ થાય તો અંગ્રેજોએ એને

સહાય આપવાનું સ્વીકાર્યું. કરાર મુજબ ભરૂચમાં કોઠી સ્થાપવા માટે રેસિડેન્ટ તરીકે જેમ્સ મોર્લેને મોકલવામાં આવ્યો (એપ્રિલ, ૧૭૭૨). આ પહેલાં બનેલી એક ઘટનાથી નવાબનો અંગ્રેજોમાંનો વિશ્વાસ ઘટી ગયો હતો. બન્યું હતું એમ કે સંધિ કર્યા પછી નવાબ મુંબઈથી દરિયામાર્ગે ખંભાત પાછો ફર્યો ત્યારે એણે પોતાની સાથેના રસાલાને ભૂમિમાર્ગે મુંબઈથી રવાના કરેલો. એ રસાલા પર મરાઠાઓએ આક્રમણ કરીને એમાંના ૧૦૦ માણસોને મારી નાખ્યા અને એમના ઘોડા છીનવી લીધા. નવાબે મરાઠાઓના આ કૃત્ય અંગે કંપનીને ફરિયાદ કરી, પરંતુ મુંબઈ સરકારે એના પર કંઈ ધ્યાન આપ્યું નહિ. નવાબે એને સંધિભંગ ગણ્યો તેથી મોર્લે સાથે કંપનીએ મોકલાવેલ ભેટનો એણે અસ્વીકાર કર્યો. મોર્લેએ એને કંપનીનું અપમાન ગણી એની જાણ મુંબઈના ગવર્નરને કરી. એની સાથે ભરૂચની મહેસૂલી આવકનું ભારે અત્યુક્તિભર્યું વર્ણન કરી, અંગ્રેજોએ આ પ્રદેશ સર કરી લેવો જોઈએ એવી પણ એણે જોરદાર હિમાયત કરી.[૧૨]

અંગ્રેજોએ મોર્લેના હેવાલને આધારે ભરૂચ પર આક્રમણ કરવા બ્રિગેડિયર જનરલ વેડરબર્નની સરદારી નીચે ખુશ્કી દળ અને સુપરિન્ટેન્ડેન્ટ વૉટ્સનની સરદારી નીચે નૌકાદળ મુંબઈથી રવાના કર્યું. સેનાએ ભરૂચ પહોંચી (તા. ૯-૧૧-૧૭૭૨) કોટને ઘેરો ઘાલ્યો. ૧૪મી નવેંબરે વેડરબર્ન મરાયો અને એનું સ્થાન રૉબર્ટ ગૉર્ડને લીધું. ભારે હલ્લો કરી છેવટે તા. ૧૮-૧૧-૧૭૭૨ના રોજ ભરૂચનો કિલ્લો સર કરવામાં આવ્યો. નવાબ શહેર છોડીને નાસી છૂટયો. અંગ્રેજોએ ત્યારબાદ શહેરમાં ભારે લૂંટ ચલાવી.[૧૩]

## ૪. મરાઠાઓના આંતરસંઘર્ષના લાભ ઉઠાવતા અંગ્રેજો

આ અરસામાં રઘુનાથરાવ અને પુણેના પેશવા વચ્ચેનો આંતરસંઘર્ષ ઉગ્ર બન્યો. ગુજરાતમાં અડાસ નજીક આણંદ-મોગરી પાસે એને પેશવાના સેનાપતિ હરિપંત ફડકે સાથે લડાઈ થઈ, જેમાં રાઘોબાને હારીને નાસવું પડયું. એ ખંભાત તરફ નાસી ગયો, પણ ત્યાંના નવાબ તરફથી આશ્રય ન મળતાં ખંભાતની અંગ્રેજ કોઠીના વડા મેલેટે એને આશ્રય આપ્યો અને એને છૂપી રીતે ભાવનગર થઈ સુરત રવાના કરી દીધો. આ ઉપકારથી પ્રેરાઈને તેમજ પોતાનો પેશવાઈનો હક્ક પુનઃ અપાવવામાં અંગ્રેજો સહાયભૂત થાય એમ છે એમ લાગતાં રાઘોબાએ અંગ્રેજો સાથે સુરત મુકામે મૈત્રીકરાર કર્યા (૬-૩-૧૭૭૫). આ કરાર અંગ્રેજોને પોતાની સત્તાનો પ્રસાર કરવામાં પહેલરૂપ બન્યા. કરાર અનુસાર અંગ્રેજોએ ૨,૫૦૦ સૈનિકોની ટુકડી અને યોગ્ય પ્રમાણમાં તોપખાનાની સહાય કરવાના બદલામાં ઉપર્યુક્ત વસઈ અને સાલસેટ ઉપરાંત થાણા સહિતના મુંબઈના

બધા ટાપુ અને જંબુસર તેમજ ઓલપાડનાં ફળદ્રુપ પરગણાં તથા અંકલેશ્વરમાંનો પેશવાનો હિસ્સો પોતાને મળે એવી તજવીજ કરી.[૧૪]

હવે ગુજરાતના ખંભાત તેમ વડોદરા વગેરેના શાસકો અંગ્રેજોના પ્રભાવથી એમની શેહમાં આવવા લાગ્યા હતા. રાઘોબાની અંગ્રેજો સાથેની મૈત્રીની જાણ થતાં પહેલાં એને જાકારો આપનાર ખંભાતનો નવાબ પણ રાઘોબાને મળવા સુરત ગયો અને એને ભેટસોગાદો આપી આવ્યો. ગોવિંદરાવ ગાયકવાડ રાઘોબાને પક્ષે જોડાયો. રાઘોબા સાથે કર્નલ કીટિંગની સરદારી નીચે ૧,૫૦૦ની અંગ્રેજ ફોજ જોડાઈ. અંગ્રેજોની ચડિયાતી યુદ્ધશક્તિને લઈને રાઘોબાના સૈન્યને પેશવાના લશ્કર સામે વારંવાર થયેલી અથડામણમાં જીત મળતી રહી; જોકે અડાસ પાસેના નિર્ણાયક યુદ્ધમાં શરૂઆતમાં રાઘોબાને હાર મળી, પણ પછી વિજય મળ્યો. એ પછી હરિપંત ફડકે ગુજરાતમાંથી વિદાય થયો. આ વખતે ફત્તેસિંહરાવને ભીંસમાં લઈ ગોવિંદરાવ વડોદરાનો કબજો લેવા પ્રવૃત્ત થયો ત્યારે કીટિંગે મુત્સદ્દીગીરી વાપરી ફત્તેસિંહરાવને વિરોધી પક્ષની છાવણીમાંથી પોતાના પક્ષે કરી લીધો. ફત્તેસિંહરાવને વડોદરાની પોતાની સત્તા ચાલુ રાખવા માટે એનો પક્ષ લેવા સબબ હવે અંગ્રેજોએ સુરતના કરાર અનુસાર ભરૂચ પરગણાનું મહેસૂલ અને ચીખલી વરિયાવ તથા કોરલ પરગણાં પોતાને મળે તેવી તજવીજ કરવા માંડી, પણ સુરતના કરારને ગવર્નર-જનરલ વૉરન હેસ્ટિંગ્સે અમાન્ય કરતાં રાઘોબાને પોતાના નસીબ પર છોડી કર્નલ કીટિંગને પાછા ફરવાનો હુકમ થયો. અંગ્રેજોએ પુણેના પેશવા સાથે પુરંધરમાં સંધિ કરી, જેનાથી સુરતના કરાર રદ થયા. પુરંધરના કરારથી અંગ્રેજોને પેશવા પાસેથી ભરૂચની મહેસૂલ અને એની આસપાસની જમીન પ્રાપ્ત થઈ, પણ પાછળથી ઇંગ્લૅંડની કોર્ટ ઑફ ડાઇરેક્ટર્સે સુરતના કરાર માન્ય રાખતાં ભારે ગૂંચવાડો ઊભો થયો. અલબત્ત, અંગ્રેજો બધા કરારોનો પોતાના લાભમાં અર્થ તારવતા રહ્યા.[૧૫]

આ અરસામાં પેશવાનો ફ્રેન્ચો સાથેનો વધતો સંપર્ક જાણી સાવધ બનેલ અંગ્રેજોએ કોર્ટ ઑફ ડાઇરેક્ટર્સની આજ્ઞાથી પેશવા વિરુદ્ધ રાઘોબાને ટેકો આપવાનું નક્કી કર્યું. મુંબઈનો આશ્રય લઈ વધારામાં પોતાને પેશવાપદે સ્થાપવામાં અપાનારી લશ્કરી સહાયના બદલામાં વલસાડ અને અંકલેશ્વરની પેશવાના હિસ્સાની મહેસૂલ આપવાનું પણ સ્વીકાર્યું (નવેંબર, ૧૭૭૮). હવે પરિસ્થિતિનો શક્ય લાભ ઉઠાવવા અને ગુજરાતમાંથી મરાઠી સત્તાને પાંગળી બનાવી એના સ્થાને પોતાની સત્તા સ્થાપવા કલકત્તાની વડી કચેરીએ બાજી ગોઠવવા માંડી. રાઘોબાની સાથે લશ્કરી ટુકડી મોકલવામાં આવી (૨૫-૧૧-૧૭૭૮). વળી મુંબઈની અંગ્રેજ

સત્તાને મદદ કરવા માટે ગોડાર્ડને ગુજરાત તરફ રવાના કરવામાં આવ્યો. રાઘોબાની સેનાનો પેશવા તરફથી નાના ફડનવીસ અને મહાદજી સિંધિયએ મક્કમ મુકાબલો કરતાં છેવટે વડગાંવની સંધિ થઈ (૧૬-૧-૧૭૭૯), જેમાં અંગ્રેજોએ રાઘોબાને પેશવાને હવાલે કરવા ઉપરાંત ગુજરાતમાં મરાઠાઓ તરફથી મળેલા પ્રદેશો પાછા આપવાનું પણ નક્કી થયું. અલબત્ત, અંગ્રેજોએ આ કબૂલાતનું પાલન કર્યું હોવાનું જણાતું નથી.[૧૬]

થોડા વખત પછી સિંધિયાની પકડમાંથી રાઘોબા નાસી છૂટી ભરૂચ પહોંચી ગયો. જનરલ ગોડાર્ડ એને જઈ મળ્યો અને એની સાથે વાટાઘાટો કરવા રોકાયો (૧૨-૬-૧૭૭૯). એવામાં પોતાની વિરુદ્ધ પેશવા નિઝામ અને માયસોરના સુલતાન સંઘ રચી રહ્યા હોવાની બાતમી મળતાં અંગ્રેજોએ હવે પુનઃ રાઘોબાનો પક્ષ કરવા માંડચો. બીજી બાજુ કંપની સત્તાએ પેશવાની સત્તાને ગુજરાતમાંથી નાબૂદ કરવા પેશવા અને ગાયકવાડ વચ્ચેના મતભેદોનો લાભ લેવાનું નક્કી કર્યું અને એ માટે ગાયકવાડ સાથે મળી એક સંઘ સ્થાપવાની યોજના વિચારી (૧૪-૬-૧૭૭૯). કલકત્તાએ આ યોજનાને મંજૂર રાખી જનરલ ગોડાર્ડને એમાં સહાય કરવાનો આદેશ પાઠવ્યો.[૧૭]

આ સમયે પેશવાના લશ્કરે ડભોઈને ઘેરો ઘાલ્યો હોવાથી ગોડાર્ડે ડભોઈ તરફથી ઝડપી કૂચ કરી, જ્યારે અંગ્રેજોની ભરૂચમાંની ટુકડીએ ભરૂચમાંના મરાઠા સરદારોને હાંકી કાઢચા અને અંકલેશ્વર હાંસોટ તથા આમોદ સર કરી લીધાં. ગોડાર્ડે પેશવાની ફોજ પાસેથી ડભોઈ જીતી લીધું (૨૦-૧-૧૭૮૦). આ સમયે કુંઢેલા ગામે ગોડાર્ડ અને ફત્તેસિંહરાવ ગાયકવાડ વચ્ચે કરાર થયા (૨૬-૧-૧૭૮૦). આ કરારમાં પેશવાની ધૂંસરી ગાયકવાડ પરથી જતી રહે, પેશવાનો ગુજરાતનો મહી નદીની ઉત્તરનો ભાગ ગાયકવાડને મળે એના બદલામાં ફત્તેસિંહરાવ અંગ્રેજોને ૩૦૦૦ સવારદળની મદદ આપે ને એ યુદ્ધસમયે વધારો આપે તેમજ ગાયકવાડનો સુરત અઠ્ઠાવીસી જિલ્લામાંનો ગાયકવાડી હિસ્સો તેમજ ભરૂચ તથા નર્મદા પર આવેલ શિનોરનો પ્રદેશ પણ અંગ્રેજોને આપે એમ ઠર્યું.[૧૮] આ કરાર પછી ગોડાર્ડ ડભોઈનો હવાલો મેજર ફોર્બ્સને સોંપી, ફત્તેસિંહરાવને સાથે લઈ અમદાવાદ જીતવા નીકળી પડચો. પાંચ દિવસના ઘેરા બાદ પેશવાના સૂબા બાબાજી પંડિત પાસેથી એ લીધું (૧૫-૨-૧૭૮૦) અને એનો હવાલો ફત્તેસિંહરાવને સોંપ્યો.[૧૯] કુંઢેલાના કરાર પ્રમાણેના પ્રદેશ ફત્તેસિંહરાવે અંગ્રેજોને આપ્યા; જોકે એમાંથી સોનગઢને હેતુપૂર્વક બાકાત રાખ્યું.[૨૦] એ પછી ફત્તેસિંહરાવની વિનંતીથી, વડોદરા ખાતે બ્રિટિશ રેસિડેન્ટ તરીકેની જવાબદારી પણ ખંભાતના રેસિડેન્ટ મેલેટને

સોંપાઈ; જોકે ૧૭૮૧ માં કૅપ્ટન અર્સ ખરેખર વડોદરા રહ્યો, પણ એને પછીના વ પાછો બોલાવી લેવાયો હતો. થોડા સમય બાદ વડોદરામાં નિયમિતપણે રેસિડેન્ટની નિમણૂક થવા લાગી.

૧૭૮૦ ના અંતમાં જનરલ ગોડાર્ડ ગુજરાતના લશ્કરની જવાબદારી મેજર ફોર્બ્સને સોંપી પોતે વસઈને ઘેરો ઘાલવા ઉપડ્યો. ફોર્બ્સે સુરત ભરૂચ શિનોર અને ડભોઈ ખાતે લશ્કરી ટુકડીઓ રાખી ત્યાંની અંગ્રેજી હકૂમતને જાળવી રાખી.[૨૧]

અંગ્રેજો અને મરાઠાઓ વચ્ચે ચાલેલા સંઘર્ષનો અંત ગ્વાલિયર પાસે આવેલ સાલબાઈ નામના સ્થળે થયેલા કરારથી આવ્યો (૧૭-૫-૧૭૮૨). આ કરારમાં ગુજરાતને લગતી કેટલીક અગત્યની બાબતોનો સમાવેશ થતો હતો. આ સંધિથી ગાયકવાડ અને અંગ્રેજો વચ્ચેના કુંઢેલાના કરાર રદ થયા અને લડાઈ પહેલાં ગાયકવાડને તાબે જે મુલકો હતા તે જ એના કહેવાયા. અમદાવાદ ઉપરનો પણ એનો હક્ક જતો રહ્યો અને એણે એનો કબજો પેશવાને સોંપવાની સ્થિતિ ઊભી થઈ. અલબત્ત, પુરંધરની સંધિ અનુસાર અંગ્રેજોએ પેશવાને આપી દીધેલો ભાગ હવે એમને પરત મળ્યો.[૨૨] આ કરારથી ગાયકવાડને ઘણું ગુમાવવું પડ્યું અને ભારે ખર્ચ પણ ભોગવવો પડ્યો; અંગ્રેજોને જોકે આથી ખાસ કંઈ ગુમાવવું પડ્યું નહિ. આ સ્થિતિ ૧૭૮૯ સુધી ટકી રહી. ૧૭૮૯માં ફત્તેસિંહરાવનું અવસાન થતાં રાજા સયાજીરાવ ગાયકવાડના મુતાલિક તરીકે પોતપોતાનો હક્ક સ્વીકારાવવા માટે માનાજીરાવ અને ગોવિંદરાવ વચ્ચે પેશવા દરબારમાં લાંબો સત્તાસંઘર્ષ ચાલ્યો તેમાં માનાજીરાવે કુંઢેલાના કરારના આધારે પોતાને સહાય કરવા અંગ્રેજ ગર્વનરને વિનંતી કરી, પણ એ કરાર સાલબાઈના કરારથી રદ થયેલા હોવાથી ગર્વનર-જનરલ લૉર્ડ કોર્નવૉલિસની સલાહથી મુંબઈની અંગ્રેજ સત્તા તટસ્થ રહી.[૨૩] આ સત્તાસંઘર્ષનો અંત ૧૭૯૨ માં રાજા સયાજીરાવનું અવસાન થતાં ગોવિંદરાવ હક્કની રૂએ વડોદરાની ગાદીએ આવે એવી સ્થિતિ સર્જતાં આવ્યો.

સાલબાઈના કરારથી અમદાવાદ પુનઃ પેશવાને પ્રાપ્ત થયું હતું, પણ અમદાવાદમાંનો સરસૂબો આબા શેલૂકર ખુદ પેશવાને પણ ગાંઠતો નહોતો. શેલૂકરે ગાયકવાડની હવેલી પર હુમલો કરતાં ગોવિંદરાવ ગાયકવાડે અમદાવાદ જીતી લીધું અને શેલૂકરને કેદ કરી લીધો (જુલાઈ, ૧૮૦૦).[૨૪] પેશવાએ પણ વાર્ષિક પાંચ લાખ રૂપિયા લેખે ચાર વર્ષ માટે અમદાવાદ તેમજ મહી નદીની ઉત્તરે આવેલા પ્રદેશોના પોતાના મહેસૂલી હક્ક ગાયકવાડને આપ્યા.[૨૫]

## ૫. ગુજરાતમાં વિસ્તરતી સત્તા અને સર્વોપરિતા

ગોવિંદરાવ ગાયકવાડનું (સપ્ટેમ્બર ૧૮૦૦ માં) અવસાન થયું એ વખતે વડોદરા રાજ્ય આર્થિક દૃષ્ટિએ ઘસાઈને ઘણું નબળું પડી ગયું હતું. આવે વખતે ગોવિંદરાવના બે પુત્રો આનંદરાવ અને કાન્હોજીરાવ વચ્ચે ગાદી માટે લાંબો સંઘર્ષ થયો. છેવટે બંને પક્ષોએ અંગ્રેજોને લવાદી કરવા વિનંતી કરી. મુંબઈના અંગ્રેજ ગવર્નર જોનાથન ડંકને એલેકઝાન્ડર વૉકરને જરૂરી લશ્કરી ટુકડી સાથે આ બાબતમાં લવાદી કરવા તેમજ વડોદરા રાજ્યના બધા પ્રશ્નોની પતાવટ કરવા મોકલ્યો. આનંદરાવનો ગાદી માટેનો હક્ક સ્વીકારાયો અને એના વતી દીવાન રાવજી અને એના ભાઈ બાબાજીએ દીવાન રાવજી ને આનંદરાવ વિરુદ્ધનાં બંડ–બળવાં સમાવ્યાં. કડીનો મલ્હારરાવ મેજર વૉકરને શરણે આવ્યો. એનો પ્રદેશ ખાલસા કરી ગાયકવાડીમાં જોડી દેવાયો (મે, ૧૮૦૨). કાન્હોજીરાવને કેદ કરવામાં આવ્યો અને સંખેડા તથા બહાદરપુરના બંડખોર જાગીરદાર ગણપતરાવને પણ શરણે લેવાયો. ગાયકવાડને આ બધી સહાય કરવાના બદલામાં ખંભાત ખાતે ગવર્નર ડંકન અને દીવાન રાવજી વચ્ચે કરાર થયા (૬–૬–૧૮૦૨) તેમાં અંગ્રેજોને ચોરાસી પરગણું અને સુરતની ચોથનો ગાયકવાડનો હિસ્સો પરત પ્રાપ્ત થયો. કડીના વિજયમાં સહાય કરવા માટે ચીખલી પરગણું અપાયું અને ૩૦૦૦ ની અંગ્રેજ ફોજ તથા તોપખાનાની સહાય કરી સેના રાખવાના નિભાવ ખર્ચના માસિક રૂ. ૬૫,૦૦૦ ચૂકવવા પેટે ધોળકા અને નડિયાદની ઊપજ આપવાનું ઠર્યું. ખેડાનો પણ સમાવેશ થયો.[૨૬] પ્રથમ વર્ષમાં થયેલા લશ્કરી ખર્ચ પેટે અંગ્રેજોને ધોળકા નડિયાદ અને અને વીજાપુરમાં પરગણાં તેમજ કડી ટપ્પો પ્રાપ્ત થયાં (૧૮–૧–૧૮૦૩).[૨૭]

૬–૬–૧૮૦૨ ના કરાર અનુસાર મેજર વૉકરને રેસિડેન્ટ નીમવામાં આવ્યો અને એ ૮ મી જૂને વડોદરા પહોંચી ગયો..[૨૮]

દરમ્યાન અંગ્રેજોએ પેશવા બાજીરાવ બીજા સાથે વસઈની સંધિ કરી (૩૧–૧૨–૧૮૦૨) તદનુસાર પેશવા પાસે સહાયકારી સૈન્યની યોજનાનો સ્વીકાર કરાવી એના બદલામાં વાર્ષિક ૨૬ લાખ રૂપિયાની ઊપજવાળો પ્રદેશ મેળવ્યો. એમાં સુરત અઠ્ઠાવીસીમાંના પેશવાના મહાલોના વાર્ષિક ૧૨ લાખ ૨૮ હજારની ઊપજવાળા પ્રદેશનો સમાવેશ થયો હતો. ગાયકવાડનો સુરત પ્રદેશનો હિસ્સો આ અગાઉ અંગ્રેજોને મળ્યો હતો તેથી હવે સમગ્ર સુરત જિલ્લા પર અંગ્રેજોની આણ પ્રવર્તી. આ કરારથી ગાયકવાડ સાથે કોઈ પણ પ્રશ્ન ઊભો થાય તો એમાં અંગ્રેજોની લવાદી પેશવાએ સ્વીકારી.[૨૯]

સિંધિયાએ વડોદરા રાજ્યની વિકટ પરિસ્થિતિનો લાભ ઉઠાવવા માટે પેશવાને વાર્ષિક ૧૦ લાખ આપીને અમદાવાદનો ઇજારો ગાયકવાડ પાસેથી લેવાની તજવીજ કરવા માંડી. બીજી બાજુ સિંધિયાને કલકત્તાના ગવર્નર-જનરલ માર્કવેસ ઑફ વેલેસ્લી સાથે સંઘર્ષમાં ઊતરવું પડ્યું. ગવર્નર-જનરલની સૂચનાથી સિંધિયાના તાબાનો ભરૂચનો કિલ્લો[૩૦] (૨૯–૮–૧૮૦૩) અને પાવાગઢનો કિલ્લો (૧૭–૯–૧૮૦૩) સર કરી લેવામાં આવ્યા.[૩૧] પાછળથી સિંધિયા અને અંગ્રેજ સરકાર વચ્ચે સુરજી અંજનગાંવની સંધિ (ડિસેમ્બર, ૧૮૦૩) થતાં અંગ્રેજોએ પેશવા તથા ગાયકવાડ પરના સિંધિયાના કેટલાક હક્ક મુકાવી દીધા. અંગ્રેજોએ પણ સિંધિયાને ભરૂચનો પ્રદેશ પોતાની પાસે રાખી દાહોદ તેમજ પાવાગઢ પાછાં આપી દીધાં.[૩૨]

ઈ. સ. ૧૮૦૪ માં અમદાવાદના ઇજારાની મુદત પૂરી થતી હતી. પુણેના રેસિડેન્ટ કર્નલ બેરી કલોઝે ભારે પ્રયત્નો પછી ગાયકવાડ માટે વાર્ષિક ૪½ લાખ રૂપિયાના ભાડાથી ૧૦ વર્ષનો ઇજારો ફરીથી તાજો કરાવી આપ્યો (૧૦–૧૦–૧૮૦૪).[૩૩] એ પછી વડોદરાના રેસિડેન્ટે ગાયકવાડ સાથે નવા કરાર કર્યા, જેમાં અગાઉના બધા કરારોની જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો (૨૧–૪–૧૮૦૫). આ કરારથી અંગ્રેજોને સહાયકારી સેના રાખવાના બદલામાં ૧૧ લાખ ૭૦ હજારની ઊપજવાળાં ધોળકા નડિયાદ વીજાપુર માતર તથા મહુધા પરગણાં મળ્યાં તેમજ કડી–ટપ્પો અને કમી–કઠોદરા પણ અંગ્રેજોને અપાવાં. ગાયકવાડના બધાં જ દેશી–વિદેશી રાજ્યો સાથેના રાજકીય અને આર્થિક પ્રશ્નોમાં અંગ્રેજોને લવાદ રાખવાનું અને એમનો નિર્ણય માન્ય ગણવાનું ઠર્યું.[૩૪] આમ આ નિર્ણાયક સંધિથી અંગ્રેજોની વડોદરા પરની સર્વોપરિતા સ્પષ્ટ થઈ.

પેશવા સાથેની સાલબાઈની અને ત્યાર પછી વસઈની સંધિથી તેમજ ગાયકવાડ સાથેની આ સંધિથી ગુજરાતમાં અંગ્રેજોની સત્તાનો વ્યાપક વિસ્તાર થયો. સુરત ચોવીસી અને સુરત અઠ્ઠાવીસી, ચીખલી પરગણું, ખેડાનો કિલ્લો તથા જિલ્લો, ધોળકા નડિયાદ માતર મહુધા તથા વીજાપુર પરગણાં, કડી–ટપ્પો, તાપી અને મહી વચ્ચેનાં જંબુસર સિનોર ડભોઈ આમોદ દહેજબારા ઓલપાડ હાંસોટ અને અંકલેશ્વર પરગણાં ઉપરાંત ધંધુકા રાણપુર અને ઘોઘાનાં પરગણાં તથા નાપાડ અને ખંભાતની ચોથ વગેરે એમને પ્રાપ્ત થયાં.[૩૫]

દીવાન રાવજી આપાજીના અવસાને (૧૮–૭–૧૮૦૩) દીવાન બનેલો એનો દત્તક પુત્ર સીતારામ મહારાજા આનંદરાવને ખોટી સલાહ આપતો અને એમની જાણ બહાર બેફામ ખર્ચ કરતો, આથી ધીમે ધીમે એ એને અપ્રિય થઈ પડ્યો. રાજ્યમાં આનંદરાવના નાના ભાઈ ફત્તેસિંહ ૨ જાની રાજ્ય–રક્ષક તરીકે પસંદગી

થઈ. એ અંગ્રેજોનો મિત્ર બની રહ્યો (૧૮૦૬). આ વખતે ગંગાધર શાસ્ત્રી પટવર્ધન વડોદરાની રેસિડેન્સીમાં દેશી સહાયક તરીકે નોકરી કરતો હતો તે ફત્તેસિંહરાવનો પણ પ્રીતિપાત્ર બન્યો હતો.[36]

સૌરાષ્ટ્રમાં આ સમયે નાના-મોટા અનેક ઠાકોરોની સત્તા પ્રવર્તતી હતી. વળી પેશવા અને ગાયકવાડ પોતાની ખંડણીઓ ઉઘરાવવા માટે મુલકગીરી ચડાઈઓ કરતા; જૂનાગઢ અને ભાવનગર જેવાં મોટાં રાજ્યો પડોશી પ્રદેશો પર હલ્લા કરી જોરતલબી વસૂલ લેતા, આથી નાના ઠાકોરોએ વડોદરાના રેસિડેન્ટ પાસે આવા ત્રાસમાંથી પોતાને રક્ષણ આપવા વિનંતી કરી.

શરૂઆતમાં આવી દરમ્યાનગીરી કરવામાં મુંબઈના ગવર્નરે રસ દાખવ્યો નહિ, પણ છેવટે સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યો પર પોતાની વગ વધારવાની આ તક ઝડપી લેવા મેજર વૉકરને લીલી ઝંડી અપાઈ. સૌરાષ્ટ્રની પેશવાની ઊપજનો હિસ્સો ઉઘરાવવાનો ઇજારો પણ ગાયકવાડને મળ્યો હોવાથી ગાયકવાડનું આધિપત્ય સમગ્ર સૌરાષ્ટ્ર પર પ્રવર્તતું હતું. આવી સ્થિતિમાં ગાયકવાડની આવકને નિશ્ચિત કરવાની જરૂર પણ હતી તેથી મેજર વૉકર સૌરાષ્ટ્રમાં ગયો (ઈ. સ. ૧૮૦૭) અને ગાયકવાડના પ્રતિનિધિ વિઠ્ઠલરાવ દેવાજીને સાથે રાખી એણે વેરાઓ(જમા અને ખરાજાત)ની રકમ નિશ્ચિત કરી. ઘણા સરદારોએ વૉકરનું આ સમાધાન સ્વીકાર્યું. આ સમાધાન 'વૉકર સેટલમેન્ટ' તરીકે ઓળખાય છે. ગાયકવાડની ઊપજ આનાથી નિશ્ચિત થઈ, સમાધાનના દસ્તાવેજ પર સહી કરનારા દરબારો સ્વાભાવિક રીતે અંગ્રેજોના પ્રભાવ નીચે આવી ગયા અને ખંડણીની બાબતમાં નિશ્ચિંત બન્યા.[37]

આ દરમ્યાન વડોદરાના ગાયકવાડ સાથે અંગ્રેજોએ પૂરક કરાર કરી પોતાને લેવાની વાર્ષિક રકમ રૂ. ૧,૭૬,૧૬૮ પૂરેપૂરી પ્રાપ્ત થાય એ માટે ૧૮૦૫ના કરારના પ્રદેશો ઉપરાંત ભાવનગરથી આવતી ઘાસદાણાની રકમ અને નડિયાદ મહુધા ધોળકા માતર વગેરે વિસ્તારના કેટલાંક ગામોની મહેસૂલી ઊપજ પણ પોતાને મળે એવી ગોઠવણ કરી (૭-૭-૧૮૦૮).[38]

૧૮૧૨ માં સદ્ગત ગોવિંદરાવ ગાયકવાડના પુત્ર કાન્હોજીએ વડોદરા રાજ્યમાં બંડની પ્રવૃત્તિ આદરી, આથી ભરૂચના કેપ્ટન બેલેન્ટાઇને કાન્હોજીના કેંદ્ર પાદરા ઉપર હલ્લો કરી એને કેદ પકડ્યો અને એ ફરી ક્યારેય ખતરો ઊભો ન કરે એ માટે એને મદ્રાસ મોકલી દેવાયો, જ્યાં એને મૃત્યુપર્યંત નજરકેદ રખાયો.[39]

૧૮૧૨ માં કેપ્ટન કર્નાકે વિઠ્ઠલરાવ દેવાજીને સાથે રાખીને જામનગર પર ચડાઈ કરી અને જામનગરને સંધિ કરવાની ફરજ પાડી. ૧૮૧૩ માં કચ્છનો જમાદાર

ફતેહમામદ હાલાર પર ચડી આવતાં વડોદરાના રેસિડેન્ટ કર્નાકે બંને વચ્ચે સુલેહ કરાવી. એ જ સાલમાં ખેડાના કલેકટરે ભાવનગર પાસેથી રાણપુર ધંધુકા અને ઘોઘા પરગણાં લઈ લીધાં.[૪૦]

૧૮૧૩ માં અંગ્રેજોએ ફતેહસિંહરાવની વિનંતીથી ગંગાધર શાસ્ત્રીને ગાયકવાડનો મુતાલિક નીમ્યો.

૧૮૧૪ માં અમદાવાદના ઇજારાની મુદત પૂરી થતી હતી. ઇજારાની મુદત વધારી આપવાની પેશવાની અનિચ્છાની જાણ થતાં અંગ્રેજો અને ગાયકવાડે ઇજારો તાજો કરાવવા તેમજ પેશવા અને ગાયકવાડ વચ્ચે ખંડણી તેમજ અન્ય નાણાકીય લેવડદેવડ અંગેના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે ગંગાધર શાસ્ત્રીને પુણે મોકલવાનું નક્કી કર્યું. શાસ્ત્રી ભારે અનિચ્છા છતાં અંગ્રેજોનું રક્ષણ મળવાથી પુણે જવા નીકળ્યો (૨૯–૧૦–૧૮૧૩).[૪૧]

ગંગાધર શાસ્ત્રી પુણે પહોંચ્યો (ફેબ્રુઆરી, ૧૮૧૪), પણ પેશવા બાજીરાવ ૨ જાએ એના તરફ શુષ્ક વ્યવહાર દાખવ્યો અને એને મધ્યસ્થ તરીકે કોઈ મહત્ત્વ આપ્યું નહિ. આમ છતાં શાસ્ત્રીએ પેશવા સમક્ષ નાણાકીય બાબતોના ઉકેલ માટેની દરખાસ્તો રજૂ કરી (સપ્ટેમ્બર, ૧૮૧૪), જેને પેશવાએ ફગાવી દીધી અને અમદાવાદનો ઇજારો ગાયકવાડને તાજો કરી ન આપતાં એ પોતાના માનીતા સરદાર ત્ર્યંબકજી ડેંગળેને આપી દીધો અને એને અમદાવાદનો સરસૂબો નીમ્યો (૨૩–૧૦–૧૮૧૪).[૪૨]

૧૮૧૫ માં અંગ્રેજો નેપાળ-યુદ્ધમાં વ્યસ્ત હતા એવામાં પેશવાને માહિતી મળી કે વડોદરામાં રાજા આનંદરાવ ગાયકવાડ અને ફત્તેસિંહરાવ બંને બ્રિટિશ રેસિડેન્ટના જાપ્તામાં લગભગ નજરકેદ જેવી સ્થિતિમાં છે. પેશવાએ તક જોઈ વડોદરા પરના પોતાના આધિપત્યનો દાવો કરી પોતાના ખંડિયા રાજા તરીકે ગાયકવાડની સાર-સંભાળ લેવાનો પોતાનો હક્ક આગળ કર્યો, પણ પેશવાનો આ હક્ક રેસિડેન્ટ એલ્ફિન્સ્ટને નકારી કાઢી પેશવાની સ્વાધીન સત્તાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો. બંનેને લાગવા માંડ્યું કે બ્રિટિશરોની મધ્યસ્થી સિવાય પોતાના પ્રશ્નોનો ઉકેલ આવે એમ નથી અને સરવાળે પોતાને જ ગુમાવવાનું આવશે, આથી પેશવાએ ગંગાધર શાસ્ત્રી પ્રત્યે એકદમ સદ્ભાવ બતાવી એને મંત્રીનું પદ આપવાની તેમજ એના પુત્ર વેરે પોતાની સાળીનાં લગ્ન કરવાની દરખાસ્ત કરી. શાસ્ત્રી પેશવાથી અંજાઈ ગયો અને નાસિકમાં એ લગ્નની ઉજવણી કરવા રવાના થયો, પણ અંગ્રેજો અને ગાયકવાડ આથી ચોંકી ઊઠયા. એમણે શાસ્ત્રીને પોતાની કામગીરી તાત્કાલિક આટોપી લેવા હુકમ કર્યો (૮–૫–૧૮૧૫). શાસ્ત્રીને હવે પેશવાને પક્ષે જવામાં

ડહાપણ નહિ લાગતાં એણે ફેરવી તોળ્યું અને લગ્નની દરખાસ્ત નકારી કાઢી. પેશવાનું અપમાન કરવા સબબ પંઢરપુર મુકામે ત્ર્યંબકજી ડેંગળેએ (જુલાઈ, ૧૮૧૫ માં) એનું ખૂન કરાવી નાખ્યું. ખૂનના આ ગુના સબબ અંગ્રેજો પેશવા પર ભારે રોષે ભરાયા. એમણે ખૂનીનો હવાલો મેળવવા ઉપરાંત ખૂનના બદલામાં ગાયકવાડનું પેશવા પ્રત્યેનું તમામ દેવું માફ કરાવી દીધું.[૪૩]

શાસ્ત્રીના ખૂન બાદ દીવાનપદે આવવા માટે સીતારામે ભારે ઉધામા કર્યા, પણ ફત્તેસિંહરાવે એને ફાવવા દીધો નહિ. બીજી બાજુ રેસિડેન્ટે શાસ્ત્રીના અનુગામી તરીકે ગાયકવાડ અને અંગ્રેજો વચ્ચે મધ્યસ્થી બની શકે તેવા ધાકજી દાદાજીની નિમણૂક કરાવી (૨૦-૨-૧૮૧૬), પણ ફત્તેસિંહરાવે એને અંગ્રેજો-તરફી બીજો શાસ્ત્રી જ ગણી લીધો. ફત્તેસિંહરાવનું વલણ આથી અંગ્રેજો પ્રત્યે અસહિષ્ણુ બનતું ચાલ્યું અને એની તથા રેસિડેન્ટની વચ્ચે મતભેદ વધતા ગયા.[૪૪] ઓખા-મંડળના વાઘેરોની લૂંટફાટની પ્રવૃત્તિ ખૂબ વધી હતી તેને ડામવા કર્નલ વૉકર અને એના અનુગામી તરીકે વડોદરાના રેસિડેન્ટ તરીકે આવેલા કૅપ્ટન કર્નાકે પગલાં લીધાં હતાં, પણ એ પ્રવૃત્તિ જડમૂળથી નાબૂદ થઈ નહોતી. છેવટે ૧૮૧૬ માં કર્નલ ઈસ્ટનને મોકલીને અંગ્રેજોએ વાઘેરોને શરણે આણ્યા.[૪૫]

૧૮૧૭ માં દેશભરમાં અંગ્રેજો વિરુદ્ધ વાતાવરણ રચાયું અને મરાઠા સંઘના અધ્યક્ષ તરીકે અંગ્રેજો વિરુદ્ધ પગલાં લેવામાં આગેવાની લેવાનું પેશવા પર દબાણ થવા લાગ્યું. અંગ્રેજોને આ કાવતરાની જાણ થતાં એમણે પેશવાને પોતાના અંકુશ નીચે લઈ એની સાથે પુણેના કરાર કરી લીધા (તા. ૧૩-૬-૧૮૧૭). આ કરારમાં ગુજરાતને લગતી બાબતોનો સમાવેશ થતો હતો. પેશવાએ ગાયકવાડ પાસેથી ચાર લાખ રૂપિયા લઈ ભૂતકાળના પોતાના બધા હક્કદાવા જતા કર્યા. એણે અમદાવાદનો ઇજારો વાર્ષિક સાડા ચાર લાખ રૂપિયા[૪૬] લઈ ગાયકવાડને કાયમ માટે આપી દીધો. પાછળથી આ રકમ લેવાનો હક્ક પેશવાએ અંગ્રેજોને આપી દીધો. પેશવાએ સહાયકારી સેના રાખવાના ખર્ચ પેટે અંગ્રેજોને સૌરાષ્ટ્રમાંથી ખંડણી ઉઘરાવવાના પોતાના હક્ક પણ આપી દીધા. તદુપરાંત જંબુસર આમોદ દહેજબારા ડભોઈ બહાદરપુર અને સાવલી પણ એમને આપ્યાં. હકીકતે અમદાવાદ અને ઓલપાડ સિવાયના ગુજરાતમાંના બધા પેશવાઈ પ્રદેશ અંગ્રેજોને મળ્યા. આ કરારથી ગાયકવાડને પેશવાના આધિપત્યમાંથી સંપૂર્ણપણે મુક્તિ મળી અને એ સ્વતંત્ર રાજા બન્યો. વળી પેશવાઈનો ગુજરાતમાં અંત આવી ગયો. પુણેના કરારના અન્વયે ગાયકવાડ સાથેના કરારોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા. એ વર્ષના નવેમ્બરમાં એ માટે પૂરક કરાર થયા અને પછીના વર્ષે એટલે કે નવેમ્બર ૧૮૧૮ માં

એમાં બંને પક્ષને અનુકૂળ ફેરફાર કરવામાં આવ્યા. આ કરારોને અન્વયે ગાયકવાડના સહાયક દળમાં વધારો કરી એની પાસેથી અમદાવાદ અને એની આસપાસનો દશક્રોઈ વિસ્તાર અંગ્રેજોએ મેળવ્યો. અંગ્રેજોએ પણ ઊપજના સંદર્ભમાં હિસાબ સરભર કરવા ડભોઈ બહાદરપુર સાવલી અને પેટલાદ ગાયકવાડને આપ્યાં. પેટલાદના બદલામાં અંગ્રેજોએ ઉમરેઠ લીધું. સિદ્ધપુર અને ઓખામંડળ પ્રાંત તથા શંખોદ્ધાર બેટ ગાયકવાડને મળ્યાં. ગાયકવાડે કપડવંજ ભાલેજ કડોદ અને બીજા કેટલાંક ગામ આપી બીજાપુર અને કડી મેળવ્યાં. ગાયકવાડે સૌરાષ્ટ્રમાં મહેસૂલ વસૂલ કરવાનું કાર્ય પોતાના વતી અંગ્રેજ સત્તાને સોંપી દીધું. મહીકાંઠામાં પણ આ વ્યવસ્થા ગોઠવાઈ. પેશવા તરફથી સૌરાષ્ટ્ર અને બીજા પોતાના તાબાના પ્રદેશોનું મહેસૂલ ઉઘરાવવાના હક્ક અંગ્રેજોને પ્રાપ્ત થયા હતા. આમ હવે ગુજરાતમાં બ્રિટિશ કંપનીની સત્તા સર્વાધિક અને સર્વોપરિ બની.[૪૭]

## પાદટીપ

૧. સુમનાબહેન શ. શાહ, 'ગુજરાતમાં વિદેશી વસાહતો' "મુઘલ કાલ" ('ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ–૬), પૃ. ૧૭૧–૭૩

૨. રમેશકાંત પરીખ, 'અકબરથી ઔરંગઝેબ', "મુઘલ કાલ", પૃ. ૬૩

૩. સુમનાબહેન શાહ, ઉપર્યુક્ત, પૃ. ૧૭૪

૪. M.S. Commissariat, *History of Gujarat*, Vol. III, pp. 649–51

બન્યું હતું એવું કે સુરતની પ્રજા ત્યાંના હબશી કિલ્લેદાર સીદી અહમદ અને નવાબ સફદરખાનના મોઢે ચડાવેલા પુત્ર અલીનવાઝખાનના ત્રાસથી કંટાળી ગઈ હતી, તેથી સફદરખાનથી અસંતુષ્ટ પ્રજાએ કંપની સરકારને સુરતનો કિલ્લો કબજે કરી લેવા અને પોતાને કિલ્લેદાર તથા નવાબના ત્રાસમાંથી ઉગારવા વિનંતી કરી હતી. (*Ibid.*, p. 649)

૫. *Ibid.*, pp. 674 f.

૬. *Ibid.*, p. 681

૭. *Ibid.*, p. 682

૮. *Ibid.*, p 688

૯. રમેશકાંત પરીખ, 'પેશવાઈ અમલ', "મરાઠા કાલ" ('ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ ૭), પૃ. ૮૮

૧૦. M.S. Commissariat, *op. cit.*, Vol. III, pp. 699 f.

૧૧. નિષ્ફળતાનાં કારણો માટે જુઓ *Ibid.*, p. 701.

૧૨. *Ibid.*, pp. 704–707

૧૩. *Ibid.*, pp. 709–712

૧૪. રમેશકાંત પરીખ, 'પેશવાઈ અમલ', "મરાઠાકાલ", પૃ. ૯૨

૧૫. એજન, પૃ. ૯૨-૯૬ ૧૬. એજન, પૃ. ૯૬-૯૭
૧૭. એજન, પૃ. ૯૭; યતીંદ્ર દીક્ષિત, 'ગુજરાતમાં અંગ્રેજોનું જામતું પ્રભુત્વ', "મરાઠાકાલ", પૃ. ૧૬૦-૧૬૧
૧૮. G. W. Forrest, *Selections from the Letters, Despatches, and Other State Papers Preseved in the Bombay Secretariat*, *Maratha Series*, Vol. 1, pp. 394 ff.
૧૯-૨૦. રમેશકાંત પરીખ, 'પેશવાઈ અમલ', "મરાઠાકાલ", પૃ. ૯૮-૯૯
૨૧. એજન, પૃ. ૧૦૩
૨૨. G.S. Sardesai, *New History of the Marathas*, Vol. III, p. 109
૨૩. રમેશકાંત પરીખ, 'પેશવાઈ સત્તાની પડતી', "મરાઠાકાલ", પૃ. ૧૩૩-૧૩૪
૨૪. Commissariat, *op. cit.* pp., 819 f.
૨૫. *Ibid.*, p. 822. આથી ગાયકવાડને પેશવાના વાર્ષિક રૂ. ૧૬,૭૫,૦૦૦ ની ઊપજવાળા પ્રદેશ પ્રાપ્ત થયા. *Ibid.*, p. 837
૨૬. વિગતો માટે જુઓ ગ્રંથ ૭, "મરાઠા કાલ", પૃ. ૧૦૮-૦૯, ૧૩૮-૩૯, ૧૬૨-૬૩. આ કરાર (૬-૬-૧૮૦૨) હેઠળ વડોદરામાં નિયમિત રેસિડેન્ટ તરીકે મેજર વોકરની નિમણૂક થઈ અને એણે પોતાનો હોદ્દો તા. ૧૧-૭-૧૮૦૨ ના રોજ સંભાળ્યો.
૨૭. એજન, પૃ. ૧૪૦, પૃ. ૧૬૩
૨૮. *Bombay Gazetteer*, Vol. I, Part I, p. 493
૨૯. એજન, પૃ. ૧૦૯-૧૦
૩૦. અંગ્રેજોએ ભરૂચ પ્રદેશ એના નવાબ પાસેથી છીની લીધો હતો, પરંતુ ૧૭૮૩ માં અંગ્રેજોએ મહાદજી સિંધિયાને ભરૂચ શહેર અને પરગણું આપી દીધાં અને ૧૭૮૩ થી ૧૮૦૩ દરમ્યાન એનો કબજો મહાદજી સિંધિયા પાસે રહ્યો હતો.
૩૧. *Ibid.*, pp. 809f. ૩૨. 'મરાઠા કાલ'; પૃ. ૧૧૦-૧૧૧
૩૩. Commissariat, *op. cit.*, p. 846
૩૪. 'મરાઠા કાલ", પૃ. ૧૧૧-૧૨, ૧૪૧-૪૨
૩૫. Commissariat, *op.cit.*, p. 840-41
૩૬. "મરાઠા કાલ", પૃ. ૧૧૬-૧૭, ૧૪૨-૪૩
૩૭. એજન, પૃ. ૧૧૪-૧૫, ૧૪૪-૪૫
૩૮. એજન, પૃ. ૧૪૨ ૩૯. એજન, પૃ. ૧૪૮
૪૦. શંભુપ્રસાદ હ. દેસાઈ, 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ', પૃ. ૬૮૮-૯૦
૪૧. એજન, પૃ. ૧૧૬-૧૧૭, ૧૪૮-૧૪૯
૪૨. એજન, પૃ. ૧૧૭-૧૧૮, ૧૫૧
૪૩. એજન, પૃ. ૧૧૮-૨૦, ૧૫૧-૫૨
૪૪. એજન, પૃ. ૧૫૩-૫૪
૪૫. એજન, પૃ. ૧૫૪
૪૬. *Bombay Gazetteer*, Vol. I, Part I, p. 428
૪૭. "મરાઠા કાલ", પૃ. ૧૨૨-૨૩, પૃ. ૧૫૫-૫૭, ૧૬૫

## પ્રકરણ ૩

# ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું શાસન (ઈ. સ. ૧૮૧૮–૧૮૫૮)

સન ૧૮૧૮માં પેશવાઈ સત્તા બંધ પડી અને ગુજરાતમાં અંગ્રેજો સર્વોપરિ સત્તાધિકારી થઈ પડ્યા, જોકે એ પૂર્વે કેટલોક મુલક એમના કબજામાં આવી ગયો હતો.

### બ્રિટિશ શાસનનાં પગરણ

એ નવી સત્તાની સ્થાપના સાથે જે યુગ મંડાયો તેને આપણે 'અર્વાચીન યુગ'નું નામ આપીશું તો એ યોગ્ય અને બંધબેસતું થઈ પડશે.[1]

ઈ. સ. ૧૮૧૮ સુધીમાં બ્રિટિશ ઇન્ડિયા કંપનીને ગુજરાતમાં જે કેટલાક મુલક મળ્યા તે પાંચ જિલ્લાઓમાં વહેંચાયેલા હતા. પ્રારંભમાં ગુજરાતના પાંચ જિલ્લાઓનું રાજકીય ગઠન કેવી રીતે તૈયાર થયું એનો ઇતિહાસ જોવો જરૂરી બની રહે છે. સમગ્ર ગુજરાત એકી સાથે બ્રિટિશ શાસન હેઠળ આવ્યું નહોતું. સુરત સાથેના વેપારને અનુષંગીને સંબંધ લગભગ સત્તરમી સદીથી હતા. ત્યારપછી ભરૂચ અમદાવાદ ખેડા અને છેલ્લે પંચમહાલ સાથેના સંબંધ વિકસ્યા હતા. આ જિલ્લાઓમાં જે સંજોગોમાં બ્રિટિશ શાસન આવ્યું તેનો ટૂંક ખ્યાલ કરી લઈએ.[2]

**(૧) સુરત** : ઈ. સ. ૧૭૫૯ થી ઈ. સ. ૧૮૦૦ દરમ્યાન તેઓ શહેર કિલ્લો અને આસપાસના કેટલાક પ્રદેશના માલિક બન્યા હતા. મુંબઈ સરકારે ઈ. સ. ૧૮૦૦નો ધારા નંબર ૧ બહાર પાડયો હતો, જેના દ્વારા કલેક્ટરની નિમણૂક કરવાની હતી. ૧૮૦૨માં એડવર્ડ ગલ્લે સુરતનો પ્રથમ કલેક્ટર બન્યો હતો અને ઍલેક્ઝાંડર રામ્સે સુરત શહેરના ન્યાયાધીશ અને મૅજિસ્ટ્રેટ તરીકે નિમાયો હતો.

ઈ. સ. ૧૮૦૨માં ગાયકવાડે કેટલાક પ્રદેશો પરનો હક્ક જતો કર્યો હતો અને એ પ્રદેશોને સુરત કલેક્ટરેટમાં સમાવી લેવામાં આવ્યા હતા. આને કારણે સુરત પાસે આવેલ ચોરાસી તેમજ ચીખલીના પેટાવિભાગો પાડવામાં આવ્યા હતા. કેટલાક બાકી રહેલા પ્રદેશો ઈ. સ. ૧૮૧૬ અને ૧૮૧૭માં બ્રિટિશરોના હાથમાં આવ્યા હતા. ૧૮૩૯માં પારડી બંદર અને પાસેનાં પાંચ ગામડાંનું જોડાણ થયું હતું.

સુરતમાં ઈ. સ. ૧૮૦૦ માં એક વાવાઝોડું નુકસાન કરી ગયેલું. ઈ. સ. ૧૮૦૪(વિ. સ. ૧૮૬૦)માં 'સાઠો દુકાળ' પડ્યો એ પછી આવી ૧૮૧૦ ની ભયંકર રેલ. ઈ. સ. ૧૮૧૩(વિ. સં. ૧૮૬૯)માં ગુજરાતમાં અગ્ગોણતરા કાળે કેર વરતાવ્યો. સુરતમાં પણ લોકો દુઃખી થઈ ગયાં. ૧૮૧૯ માં ધરતીકંપ આવ્યો. ૧૮૨૨ માં રુસ્તમપરામાં મોટી આગ લાગી, જે પરાનાં આશરે ૧૦૦૦ ઘર બળીને ખાખ થઈ ગયાં. એમાં સર્વસ્વ ખોઈ બેઠેલા વેપારીઓ અને ખાસ કરીને વણકરો ઘણી મોટી સંખ્યામાં મુંબઈ જઈને વસ્યા.[3]

એ જ વર્ષે ૨૧ મી સપ્ટેમ્બરે મોટી રેલ આવી અને જાનમાલની ભારે ખુવારી થઈ. આ આફત વેળાએ અરદેશર કોટવાલે ૭ દિવસ ભારે મહેનત અને ખર્ચ કરી લોકોને બચાવ્યાં અને એમને ખોરાક–પાણી પહોંચાડ્યાં. વળી એક બીજી રેલ ૧૮૩૫ માં આવી. ૧૮૩૭ માં મોટી આગ લાગી. માછલીપીઠમાં શરૂ થયેલી આગ જોતજોતામાં આખા શહેરમાં ફરી વળી. માછલીપીઠનો પારસીવાડ અને શહેરનો મધ્ય ભાગ બળીને ભસ્મ થઈ ગયાં. બીજે દિવસે પવનથી આગ વધુ ફેલાઈ, આથી વહોરવાડ ભસ્મીભૂત થઈ ગઈ. ત્રણ દિવસ લગી ચાલુ રહેલી આગથી માલમિલકતની તથા જાનની ઘણી મોટી ખુવારી થઈ. એકંદર ૯૩૭૩ ઘર ખાખ થયાં, જેની કિંમત રૂ. ૪૬,૮૬,૫૦૦ ની થતી હતી. આખું શહેર ખંડિયેર થયું. કાટપોટિયાનો નવો વેરો નીકળ્યો. એ જ વર્ષમાં તાપીમાં પૂર આવ્યું, ૩૭૨ ઘર તણાઈ ગયાં, ૧૦૧૨ પડી ગયાં ને ૨૫૩૯ કાકાપુરી થઈ ગયાં. આ મહાસંકટોથી શહેરને લાખો રૂપિયાનું નુકસાન થયું. લોકોના રહ્યાસહ્યા ધંધા ચૂંથાઈ ગયા. ઠેર ઠેર ચોરી વગેરેનો ભય પ્રવર્ત્યો. પછી ૧૮૪૨ થી ૧૮૪૯ માં આગ ફાટી નીકળી અને ૧૮૪૭ તથા ૧૮૪૯ માં રેલનું સંકટ ઊભું થયું.[4]

૧૯ મી સદીના પહેલા બે દાયકા દરમ્યાન શ્રીકૃષ્ણ અર્જુન ત્રવાડીએ ત્રણ લાખ રૂપિયા ખર્ચી બાલાજીનું મંદિર બંધાવ્યું. ૧૮૨૫ માં સ્વામી સહજાનંદજી સુરત ગયા ને નવ દિવસ રહ્યા. સુરતવાસીઓ મોટી સંખ્યામાં સત્સંગી બન્યાં. ૧૮૩૬ માં સ્વામિનારાયણનું મંદિર બંધાયું.[5] આ વર્ષે નિર્મળદાસ પણ સુરત આવ્યા. એમનાં ભજન ખૂબ લોકપ્રિય થયાં છે.

ફીરોજશાહ ધનજીશાહ સુરત અદાલતમાં ન્યાયાધીશ બન્યા. વળી તેઓ વાંસદા ધરમપુર અને માંડવીમાં ગવર્નરના દેશી એજન્ટ હતા. મુંબઈ સરકારે એમને ૭ ગામ બક્ષિસ આપ્યાં (ઈ. સ. ૧૮૨૨). એમના ભાઈ અરદેશર કોટવાલ સુરતના લોકપ્રિય સેવક હતા. ૧૮૩૮ માં એમણે સુરતમાં પહેલું પુસ્તકાલય શરૂ

કરાવ્યું. સરકારે સમારંભ ભરી એમનું અનેક વાર બહુમાન કરેલું (ઈ. સ. ૧૮૨૨, ૧૮૨૬, ૧૮૨૯, ૧૮૩૦).[૬]

ખ્રિસ્તી ધર્મનો પ્રચાર અહીં ૧૮૧૨ થી ઘણો ચાલતો હતો. ઍન્ગ્લિકન ચર્ચ બંધાયું. ૧૮૨૦ માં મિશન પ્રેસ શરૂ થયું, જે ગુજરાતનું પ્રથમ છાપખાનું છે. ૧૮૪૦ માં ખાનગી અંગ્રેજીશાળા અને ૧૮૪૨ માં સરકારી અંગ્રેજીશાળા શરૂ થઈ. ૧૮૪૦ માં આઈરિશ પ્રેસ્બિટિરિયન ચર્ચે અહીંના મિશન હાઉસનો વહીવટ સંભાળ્યો. ૧૮૪૪ માં દુર્ગારામે માનવધર્મ સભા સ્થાપી. ૧૮૪૪ માં સુરતના ધક્કા પર પહેલી આગબોટ આવી. ૧૮૪૪ માં સરકારે મીઠા પરની જકાત ૮ આનાથી વધારીને ૧૨ આના કરી. લોકોએ એનો ઉગ્ર વિરોધ કર્યો. ૧૮૪૮ માં સરકારે બંગાળી માપનાં કાટલાં રાખવાનો હુકમ કાઢયો તેના વિરોધમાં પણ કેટલાક દહાડા સુધી હડતાલ પડી. એ કાયદાનો અમલ મોકૂફ રહ્યો.

૧૮૧૮ પછી સુરતના વેપારની પડતી થતી જતી હતી, પણ ૧૮૪૦ સુધીમાં વેપારધંધા સુધરવાનાં ચિહ્ન જણાયાં, ૧૮૪૭ સુધીમાં લોકોએ કાટમાળ ખસેડીને નવાં મકાન ખડાં કરી દીધાં. ૧૮૫૧ થી ૧૮૫૮ લગીનો સમય સારી તેજીનો ગયો. ૧૮૫૮ માં રેલવેની સડક નાખવાનું કામ આરંભાયું. ૧૮૫૮ માં પહેલું અજમાયશી ઍન્જિન દોડાવવામાં આવ્યું ને ગુજરાતના રેલવે-વ્યવહારના કેંદ્ર તરીકે સુરતને નવું મહત્ત્વ પ્રાપ્ત થયું.[૭]

૧૮૫૦ માં ઍલેક્ઝાન્ડર કિન્લૉક ફોર્બ્સની પ્રેરણાથી ઍન્ડ્રૂસ લાઇબ્રેરીની સ્થાપના થઈ. એ જ વર્ષે 'સુરત સમાચાર' શરૂ થયું. ૧૮૫૨ માં સુરતમાં સુધરાઈની સ્થાપના થઈ. ૧૮૫૩ માં શહેરના માર્ગો પર રોશની કરવાનું શરૂ થયું.[૮]

**(૨) ભરૂચ**[૯] : ઈ. સ. ૧૭૭૨ માં લશ્કરી અને નૌકાદળના સંયુક્ત સાથ અને સહકારથી શહેરનો કબજો લેવામાં આવ્યો હતો. ૧૭૭૨ ના યુદ્ધના પરિણામસ્વરૂપે ભરૂચના પેટાવિભાગ અને વડગામને જોડવામાં આવ્યાં. જુદી જુદી રીતે ભરૂચના વિવિધ પેટાવિભાગો, જેવા કે અંકલેશ્વર હાંસોટ જંબુસર અને આમોદ, બ્રિટિશ સંચાલન હેઠળ આવ્યા હતા. ઈ. સ. ૧૭૮૩ માં આ વિભાગ મહાદજી સિંધિયાને આપી દેવામાં આવ્યા હતા. ઈ. સ. ૧૮૦૨ માં વસઈની સંધિ થઈ ત્યાંસુધી ભરૂચ મરાઠા શાસન હેઠળ રહ્યું હતું. ઈ. સ. ૧૮૦૩ માં ભરૂચ અને વડગામ ફરી બ્રિટિશ શાસન હેઠળ આવ્યાં હતાં. ૧૮૩૦-૧૮૪૩ દરમ્યાન ભરૂચ સુરત-કલેક્ટરેટ હેઠળ પેટા કલેક્ટરેટ તરીકે હતું.

**(૩) અમદાવાદ**[૧૦] : ઈ. સ. ૧૮૦૨ માં (ધંધુકા તાબે) ધોલેરા બંદર અને એના તાબાના નવ ગ્રામો કંપની સરકારને મળ્યાં હતાં. વસઈની સંધિ દ્વારા પેશવાએ બ્રિટિશરોને સમગ્ર ધંધુકા અને ઘોઘા આપી દીધાં હતાં. પછી થોડા

સમયે ગવર્નર-જનરલ લૉર્ડ **વેલેસ્લીએ** દાખલ કરેલી સહાયકારી યોજનાના અમલી-કરણને ટેકો આપવા માટે ગાયકવાડે ધોળકાનો પેટાવિભાગ પણ સોંપી દીધો હતો. ઈ. સ. ૧૮૦૫ સુધી વડોદરાના ગાયકવાડના દરબારના રેસિડેન્ટ હેઠળ આ પ્રદેશ (ધોળકા ધંધુકા ઘોઘા) રહ્યા હતા. ત્યારથી માંડીને ઈ. સ. ૧૮૧૮ સુધી અમદા-વાદના અલગ કલેક્ટરેટની રચના કરવામાં આવી હતી, જે ખેડાના કલેક્ટરેટ મહી નદી પરના પૂર્વીય જિલ્લાના ભાગરૂપે હતો. ઈ. સ. ૧૮૧૭ની પૂનાની સંધિ દ્વારા પેશવાએ અમદાવાદ શહેર, દસક્રોઈના પેટાવિભાગ, વિરમગામ, પ્રાંતીજના પેટા વિભાગો તેમજ મોડાસા અને હરસોલનો એનો ભાગ બ્રિટિશરોને આપી દીધો હતો. આમ ઈ. સ. ૧૮૧૮માં મહીની ઉત્તરે આવેલા પશ્ચિમ જિલ્લાને, જે હવે 'અમદાવાદ' તરીકે ઓળખાય છે તેને આખરી સ્વરૂપ મળ્યું હતું.

ઈ. સ. ૧૮૧૭ની ૩૦મી નવેમ્બરે બ્રિટિશરોએ અમદાવાદનો હવાલો સંભાળી લીધો હતો. પ્રથમ કલેક્ટર ઍન્ડ્રૂ ડનલોપ હતો અને પ્રથમ ન્યાયાધીશ ધ્રુડમંડ ઇરોનસાઈડ હતો.[૧૧]

**(૪) ખેડા**[૧૨] : હાલનો આ જિલ્લો આંશિક રીતે ઈ. સ. ૧૮૦૨-૩માં અને ઈ. સ. ૧૮૧૭માં બ્રિટિશ શાસન હેઠળ આવ્યો હતો. ઈ. સ. ૧૮૩૦ સુધી એમાં ફેરફાર થયો નહોતો. એ વર્ષમાં ત્રણ વર્ષ માટે કપડવંજ અમદાવાદને સોંપાયું હતું અને ખેડાને પેટા કલેક્ટરેટ બનાવવામાં આવ્યું હતું, પરંતુ ઈ. સ. ૧૮૩૮માં જ્યારે ખેડાને કલેક્ટરેટનું સંપૂર્ણ સ્થાન મળ્યું ત્યારે કપડવંજ પાછું ખેડા સાથે સમાવી લેવામાં આવ્યું હતું. ઈ. સ. ૧૮૦૨માં ગાયકવાડ પાસેથી ધોળકા ધંધુકા ઘોઘા ખેડા શહેર, અત્યારના નડિયાદનો પેટાવિભાગ, માતર અને મહુધા મળ્યાં હતાં અને પેશવા પાસેથી નાપાડ પાસેનાં થોડાં ગામ મળ્યાં હતાં. ઈ. સ. ૧૮૧૭માં વધારાના સહાયકારી બળ માટે અર્ધું પેટલાદ તેમ એની આજુબાજુનો પ્રદેશ ગાયકવાડે આપ્યો હતો. ઉત્તર ગુજરાતના વિજાપુરના બદલામાં કપડવંજ અને ભાલેજ આપવામાં આવ્યાં હતાં પેટલાદ ત્યારપછી પાછું ગાયકવાડને સોંપવામાં આવ્યું હતું.

**(૫) પંચમહાલ** : બ્રિટિશ શાસન હેઠળ ગુજરાતનો આ જિલ્લો છેલ્લો આવ્યો હતો. ઈ. સ. ૧૮૫૧થી ઈ. સ. ૧૮૬૦ દરમ્યાન આ જિલ્લો સિંધિયા માટે બ્રિટિશ હવાલા હેઠળ હતો. એનું સંચાલન રેવાકાંઠાના રાજકીય એજન્ટ દ્વારા થતું. ઝાંસીમાંના પ્રદેશના બદલામાં એની સોંપણી થઈ હતી અને ઈ. સ. ૧૮૬૧થી એ પ્રાંતના ભાગરૂપે હતો.

ગુજરાતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો વહીવટ ઈ. સ. ૧૮૫૮ સુધી રહ્યો. આ વહીવટનો ટૂંકો ઇતિહાસ અમદાવાદના નિવૃત્ત નાયબ કલેક્ટર એદલજી ડોસાભાઈએ '*History of Gujarat*'માં નીચે પ્રમાણે આપ્યો છે :[૧૩]

## વહીવટ

ઈ. સ. ૧૮૦૦ માં નવા મેળવાયેલા સુરત જિલ્લાના વહીવટને નિયમનમાં રાખવા માટેનો કાયદો પસાર થયો હતો. ઈ. સ. ૧૮૦૨ માં આ જિલ્લા માટે જમીન–મહેસૂલનો કલેક્ટર નીમવામાં આવ્યો હતો. આ વર્ષ દરમ્યાન પસાર થયેલ ૧૩ મા નિયમન અનુસાર એની ફરજોની વ્યાખ્યા કરવામાં આવી હતી. એ દરમ્યાન અસ્તિત્વ ધરાવતી કેટલીક ભૂધૃતિ–પટ્ટેદારી (ટેન્યોર) બાબતમાં તપાસ કરવા માટે એક મહેસૂલી કમિશન પણ નિમાયું હતું. આ કમિશનની ભલામણને આધારે ઈ. સ. ૧૯૧૧ માં ભરૂચ જિલ્લાના એક ખૂબ જ તલસ્પર્શી અને વૈજ્ઞાનિક સર્વેક્ષણનો આરંભ કરાયો હતો. બે વર્ષમાં આ કાર્ય પૂરું કરવામાં આવ્યું હતું. સ્વાભાવિક રીતે જ ગુજરાતના બીજા જિલ્લાઓ માટે પણ આ સર્વેક્ષણ વિસ્તારવામાં આવ્યું હતું. આ રીતે લગભગ ઈ. સ. ૧૮૫૩ સુધી નિયમિત મહેસૂલ–સર્વેક્ષણ અને મહેસૂલી આંકણીના વર્ગીકરણની એક પદ્ધતિ ઊભી થઈ હતી, જેને 'માજી જરીફ' (જૂનું સર્વેક્ષણ) તરીકે ઓળખાવવામાં આવે છે.

ખેડા કલેક્ટરેટ હેઠળ પ્રત્યેક વર્ષે મોટી સંખ્યામાં નદી નાળાં ઊભરાતાં અને એને કારણે ખેતીને ઘણું નુકસાન થતું તેમજ ઘણી જાનહાનિ પણ થતી, આથી સરકારે મોટા પાયા ઉપર ડ્રેઇનેજનું કામ હાથ ઉપર લીધું હતું. થોડા સમયમાં આ મુશ્કેલી નિવારી શકાઈ હતી. ઈ. સ. ૧૮૧૪–૧૫ માં વૃત્તિકા (સ્ટાઇ-પેન્ડ) આપીને તલાટી તરીકે ઓળખાતા હિસાબનીશોની નિમણૂક કરવામાં આવી હતી. તેઓ રૈયત પાસેથી સીધું મહેસૂલ ઉઘરાવતા. આ પૂર્વે ખેડૂતો દ્વારા મહેસૂલ ઉઘરાવવામાં આવતું. એ પદ્ધતિમાં અત્યાચારોને સ્થાન હતું. હવે આ તલાટીઓ સાચાં આંકડાશાસ્ત્રીય અને નાણાકીય રજિસ્ટર રાખતા હતા.

ઈ. સ. ૧૮૨૭ માં જિલ્લા અને ગ્રામકક્ષાના પોલીસ નાગરિક વહીવટના બંધારણ માટે ન્યાયતંત્ર દ્વારા વિસ્તારપૂર્વક નિયમન તૈયાર કરવામાં આવ્યાં હતાં. નાગરિક મહેસૂલી અને ગુનાહિત ન્યાયતંત્ર માટે તેમજ બીજા ઘણા વિવિધ વિષયો માટે પોલીસ વ્યવસ્થા કરવામાં આવી હતી. ઈ. સ. ૧૮૨૦ માં સતીપ્રથા પર કાયદેસર રીતે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

અમદાવાદ શહેરને લાગેવળગે છે ત્યાંસુધી શહેરની જકાત ઘટાડવામાં આવી હતી અને ત્યાર પછી એના વેપારનો ઝડપી વિકાસ થયો હતો. અમદાવાદ જિલ્લાના પહેલા કલેક્ટર જે. એ. ડનલૉપને જણાયું હતું કે શહેરની દીવાલો તદ્દન બિસ્માર હાલતમાં હતી,[૧૪] આથી ચોરીલૂંટના બનાવ વધી ગયા હતા. એણે કોટને દુરસ્ત કરવાની કોઈ યોજનાને સાકાર કરવા ઘણા પ્રયત્ન કરવા માંડચા હતા. છેક ઈ. સ. ૧૮૩૦ માં ડનલૉપ, જે હવે મહેસૂલ–કમિશનર બન્યો હતો, તેણે ફરી શહેરની દીવાલને દુરસ્ત કરવાનો પ્રશ્ન હાથ પર લીધો હતો. ઈ. સ. ૧૮૩૧ ના એપ્રિલની ૨૨મી તારીખે આ સંદર્ભમાં સરકારી અધિકારીઓ અને શહેરના સમાજના અગ્રણીઓની એક મિશ્ર સમિતિની નિમણૂક કરવામાં આવી હતી. આ પ્રખ્યાત શહેર–કોટ–ફંડ કમિટીમાંથી જ આજની અમદાવાદ મ્યુનિસિપાલિટીનો જન્મ થયો છે એમ કહી શકાય.[૧૫] ઈ. સ. ૧૮૩૧ ની ૬ ઠ્ઠી જુલાઈએ સદર દીવાની અદાલત કે કંપનીની મુંબઈની સર્વોચ્ચ અદાલતે નિયમન–ધારો પસાર કર્યો. આ નિયમન–ધારો અમદાવાદ શહેરની દીવાલની દુરસ્તી માટે ફંડ આપતો હતો.[૧૬] આ પછી આ સંદર્ભમાં અગાઉ નિમાયેલી સમિતિએ નિરર્થક સમય વેડફ્યો નહિ અને ઈ. સ. ૧૮૩૧ ના ઑક્ટોબરમાં જેઠા ખુશાલજી અને મૂળજી ગિરધર સાથે દીવાલના એક એક ભાગની દુરસ્તી માટેનો કરાર કરવામાં આવ્યો.[૧૭] આ કરાર રૂ. ૩૧,૬૭૨ નો હતો અને કામ એક વર્ષમાં પૂરું કરવાનું હતું, આ કામ ખાનપુર દરવાજાથી દિલ્હી દરવાજા સુધીનું હતું અને એમાં શાહપુર દરવાજાનો સમાવેશ થતો હતો.

ઈ. સ. ૧૮૩૨ માં એક ખાસ મરજિયાત કોટ–ફી (શહેરની દીવાલની ફી)ની આવક દ્વારા આ કોટને સંપૂર્ણ રીતે દુરસ્ત કરવામાં આવ્યો હતો. આમાંથી જે બચત થઈ હતી તે મ્યુનિસિપલ ફંડમાં જમા થઈ હતી. આ ફંડ શહેર માટે હિતાવહ પુરવાર થયું હતું. લોકહિતની ઘણી યોજનાઓ આ ફંડ દ્વારા પૂરી પાડવામાં આવી હતી. આગળ જતાં કૉન્ટ્રેક્ટરો રાખવાની પદ્ધતિ જરૂરી જણાતાં ઈ. સ. ૧૮૩૩ ના મે માસમાં આ કામગીરીને સીધી સમિતિ ઇન્સ્પેક્ટિંગ એન્જિનિયર હેઠળ મૂકી દેવામાં આવી હતી. ઈ. સ. ૧૮૪૨ ના ઑક્ટોબરની ૩૧ મી તારીખે સમિતિએ એને સોંપવામાં આવેલી ફરજો પૂરી કરી હતી એવો અહેવાલ સરકારને કર્યો હતો.[૧૮] શહેર કોટ ફંડ બચાવવામાં આવ્યું હતું પરંતુ પછી એણે નવું સ્વરૂપ ધારણ કર્યું હતું. એ એક મરજિયાત ફંડ બન્યું હતું. એ નોંધવું ઘટે કે આ ફંડ આ પછી પણ ઉઘરાવવામાં આવતું અને એમાંથી ઈ. સ. ૧૮૪૨ થી ઈ. સ. ૧૮૫૨ દરમ્યાન બીજાં ચૌદ વર્ષ સુધી શહેરની મ્યુનિસિપલ જરૂરિયાતો પરત્વે સમિતિએ ધ્યાન આપ્યું હતું. આ દ્વારા શહેરને પાણીનો પુરવઠો, રસ્તા

પરની દીવાબત્તીની સગવડો, સફાઈ અને આરોગ્યની વ્યવસ્થા સચવાતાં હતાં. ઈ. સ. ૧૮૫૭–૫૮ના ફુસ્કીના સમય દરમ્યાન પણ એ સમિતિએ શહેરના રક્ષણની વ્યવસ્થા માટેના પ્રયત્ન કર્યા હતા.[૧૯]

૧૮૨૨ માં નદીમાં રેલ આવી હતી.[૨૦] ૧૮૪૬ માં કોટ–ફીનો એક ટકાને બદલે અડધો ટકો કરી નાખ્યો. ૧૮૪૭ થી સરિયામ રસ્તા ઉપર દિવસમાં બે વખત પાણી છાંટવાનું શરૂ થયું. રાત્રે પ્રકાશને માટે ફાનસ મૂકવાની વ્યવસ્થા થઈ. ઈ. સ. ૧૮૪૯ માં રૂ. ૮,૦૦૦ ના ખર્ચે ભદ્રના કિલ્લા ઉપર ઘડિયાળ મૂકવામાં આવ્યું. બાદશાહી વખતના નળ પુરાઈ ગયા હતા તે સાફ કરાયા.[૨૧]

૧૮૧૯ માં અમદાવાદમાં મોટો ધરતીકંપ થયો, તેથી જુમા મસ્જિદના પ્રસિદ્ધ મિનારા પડી ગયા, ઘણાં ઘર પડી ગયાં ને ઘણી જાનહાનિ પણ થઈ. પછી ૧૮૨૧ માં ધરતીકંપ થયો. ૧૮૨૪માં શહેરની પહેલી મોજણી થઈ અને ૧૮૩૦ માં ફોજદારી કચેરી જજના તાબામાંથી મૅજિસ્ટ્રેટના તાબામાં આવી.[૨૨]

સુરત ભરૂચ ખેડા નડિયાદ અને બીજાં મહત્ત્વનાં નાનાં શહેરોમાં મ્યુનિસિપાલિટીઓની રચના કરવામાં આવી. સમગ્ર પ્રાંતમાં સંખ્યાબંધ શાળાઓ ખોલવામાં આવી હતી. દેશી રાજ્યોમાં પણ શૈક્ષણિક પ્રવૃત્તિ નોંધપાત્ર હતી.

આ ઉપરાંત માર્ગોનાં બાંધકામ, રેલવે, પોસ્ટ અને ટેલિગ્રાફની વ્યવસ્થા પરત્વે પણ લક્ષ્ય અપાયું હતું.

ન્યાયતંત્રના વહીવટને વિકસાવવાનો પ્રયાસ પણ ધીરે ધીરે થઈ રહ્યો હતો. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના શાસને પરંપરાગત અને રૂઢિગત કાયદામાંથી નવા કાયદા–સમુચ્ચય અને એની રીતરસમો દાખલ કર્યાં એ એક નોંધપાત્ર હકીકત છે. શરૂઆતમાં અસાધારણ જાતની અડચણો નડતી હતી, આશ્ચર્ય ઉપજાવે એવી રીતે એ ફિટાડી દેવામાં આવી. ગાયકવાડ પેશવા અને ખંભાતના નવાબના તાબાના મુલકનું બ્રિટિશ મુલક સાથે ચાલતું સેળભેળપણું અને કાઠિયાવાડ તથા મહીકાંઠાનાં અવ્યવસ્થિત ખંડિયા સંસ્થાન, બ્રિટિશ તાબાની સીમમાં આવેલા સંખ્યાબંધ અર્ધા વશમાં આવેલા એવા ગરાસિયા અને મહેવાસી, ઘણું કરીને પ્રત્યેક ગામમાં પાર વિનાના અને જેનાં જોઈએ તેવાં વલણ નક્કી થયેલાં નહિ તેવા જમીનના ભોગવટાનો વહીવટ, અને લોકોનો ઘણો ભાગ જોઈએ તો ફુલ્લડી તથા લુટારુ, એ સર્વે વાનાં એકઠાં મળ્યાં હતાં તેથી કરીને કંપની સરકારના તાબાના મુલકના બીજા હર કોઈ ભાગ કરતાં મહી નદીની પેલી મેરનો ભાગ વહીવટ ચલાવવાને ઘણો કઠણ થઈ પડ્યો હતો, છતાં પણ સરકારની સાવચેતીથી અને જુદાં જુદાં ઠેકાણાંના અધિકારીઓની વિચારશક્તિ અને સાવચેતીથી કોઈ અચાનક અથવા

ભારે પડતા ફેરફારને લીધે પ્રજાનાં મન ઉશ્કેરાયા વિના અને પોતાની મેળે ગભરાટમાં પડ્યા સિવાય, અતિશય સલાહ શાંતિથી, બ્રિટિશ સત્તા અને બ્રિટિશ વહીવટ સ્થાપવામાં આવ્યાં.[23]

આમ વહીવટી પરિસ્થિતિમાં પરિવર્તન લાવવાની પ્રક્રિયા પ્રથમ તબક્કે અમુક પરિસ્થિતિને યથાવત્ જાળવી રાખીને એક પ્રકારની વહીવટી નાજુકાઈથી સંભાળી લેવામાં આવી હતી.

જૂના ખેડા જિલ્લાનાં પરગણાં જ્યારે પ્રથમ બ્રિટિશ હાથમાં આવ્યાં ત્યારે એ સર્વે કર્નલ વોકરને સ્વાધીન કરાયાં અને એના ઉપર એના આસિસ્ટન્ટો વહીવટ ચલાવવા લાગ્યા. બધો કારભાર એના જૂના ધોરણ પ્રમાણે ચાલવા દીધો અને બધી વાતની ખરી હકીકત શી છે એ વિશે કાંઈક બાતમી મેળવવા સિવાય બીજુ કાંઈ પણ કરવામાં આવ્યું નહિ. જ્યારે નિયમસર કલેક્ટર ઠરાવવામાં આવ્યા ત્યારે પણ લાંબા વખત સુધી ચાલતો વહીવટ જારી રાખવામાં આવ્યો.[24]

મહેસૂલખાતામાં અને ન્યાયખાતામાં પણ એવી સાવધાનીપૂર્વક ફેરફાર કે પરિવર્તન કરવાના પ્રયત્ન થયા હતા.[25]

ગુજરાતમાં બ્રિટિશ સરકારની સ્થાપના થવાથી ત્યાંના એક ભાગના લોકો મુસીબત નીચે આવી પડ્યા તો પણ ઘણા ભાગને તેથી લાભ થયો. ગરાસિયા નબળા પડી ગયા અને દબાઈ ગયા. દેસાઈ અને પટેલ સહિત બધા વતનદારો પાસેથી અધિકાર અને સત્તા છીનવી લેવામાં આવ્યાં ને એને બદલે એમના અંગનું અને એમની મિલકતનું નિર્ભયપણું એમને આપવામાં આવ્યું. મહેસૂલની રીતિમાં ફેરફાર કરવામાં આવ્યો તેથી નાણાવટીઓને એમના લાભનું એક મોટું કામ મળતું બંધ થઈ ગયું અને ઘણાં બધાં દેશી સંસ્થાન પડી ભાંગ્યાં, તથા માલમિલકત સરખી રીતે વહેંચાઈ ગઈ. તેથી વેપારની પડતી થવાથી પણ એક બીજું નુકસાન થયું. ભાટ લોકો[26] એક વાર ગુજરાતમાં વજનદાર થઈ પડ્યા હતા તે હવે કશા લેખામાં રહ્યા નહિ અને રૈયત જે અગાઉ દુઃખ સહન કરતી હતી તેને બદલે ઘણું ધન સુખ તેમ નિર્ભયપણું પામી. જેઓ વેપારના કામમાં લાગેલા હતા તે અને ગરાસિયાઓ એ બે જ વર્ગના લોકો ખેદ જણાવતા. હવે વંશપરંપરાના ઠાકોર રહ્યા નહિ, સ્થાપિત લશ્કરી નાયક રહ્યા નહિ, અને વિદ્યા અથવા ધર્મને દેખીતું પણ સ્વાર્પણ કરવાથી પ્રતિષ્ઠાને પાત્ર થાય તેવા માણસ પણ રહ્યા નહિ. રૈયતના લોકોને બ્રિટિશ રાજ્ય સુખદાયક થઈ પડ્યું. એ રાજ્યે પીંડારાઓના હલ્લા થતા બંધ કરી નાખ્યા, અંદરખાનેની અવ્યવસ્થા થતી અટકાવી, સમ અને નિષ્પક્ષપાત ન્યાય આપવા માંડ્યો અને

જુલ્મ તથા બળાત્કારથી પૈસા ખેંચી લેવાના પ્રકાર ઘણા ખરા સાફ કરી નાખ્યા. રૈયતની ચડતી એમના રહેઠાણના સૂખે કરીને, એમના પોશાકની સફાઈએ કરીને અને એમની ધરતીની ઊંચી ખેતીએ કરીને જણાઈ આવી. પુષ્કળ ઝાડો અને વાડોની બાબતમાં, સુંદર અને ખરેખરાં સારી બાંધણીનાં ગામોની બાબતમાં અને લોકોના યોગ્ય તથા ખીલતા દેખાવોની બાબતમાં ગુજરાત પૂર્વ ભારતના બંગાળ સાથે મુકાબલો કરવાની પંક્તિમાં મુકાયું.

આમ આ રાજકીય પરિવર્તનની અસર સામાજિક ઇતિહાસના ઘડતરની પ્રક્રિયા ઉપર પણ પડી હતી. આ સમય દરમ્યાન બ્રિટિશરોએ સામાજિક સુધારાઓ દ્વારા પરિવર્તન લાવવાના પ્રયત્ન કર્યા હતા.[૨૭]

૧૮૧૯માં પેશવાના મુલકની છેલ્લી વ્યવસ્થા થઈ તેની રૂએ ગુજરાતમાંના એના સઘળા હક્ક બ્રિટિશ સરકારને મળ્યા ને એણે બાજીરાવના ચડેલા રૂપિયાના બદલામાં ગાયકવાડ પાસેથી ચાર લાખ લેવાના તે આપ્યા. બીજે વર્ષે કાઠિયાવાડના ખંડણી તથા ઘાસદાણા સંબંધી પેશવા તથા ગાયકવાડના હિસ્સાની ખાસ તપાસ કરવામાં આવી. એના પરિણામે બ્રિટિશ સરકારે સયાજીરાવ ગાયકવાડને ફરજ પાડી કે ખંડણીની વસૂલાત માટે કાઠિયાવાડમાં એક બ્રિટિશ અમલદાર રહે કે જે જરૂર પડે તો ગાયકવાડી સવારોને પણ કામે લગાડે. એવી જ ગોઠવણ મહીકાંઠામાં કરવામાં આવી. એ રીતે કાઠિયાવાડની રાજ્યવ્યવસ્થા સંબંધી સઘળો કારભાર બ્રિટિશ સરકારના હાથમાં આવ્યો.[૨૮]

કેપ્ટન બૅલેન્ટાઇન ૧૮૧૮થી હર વર્ષ ખંડણી ઉઘરાવવા કાઠિયાવાડ જતો હતો. ૧૮૨૦માં કૅપ્ટન બાર્નેવાલ કાઠિયાવાડનો પોલિટિકલ એજન્ટ નિમાઈ ગાયકવાડનાં ખંડિયાં રાજ્યોની તપાસ કરવા સારુ કાઠિયાવાડમાં આવ્યો. એ વર્ષે ગાયકવાડ સરકારે એવી કબૂલત લખી આપી કે કાઠિયાવાડના રાજાઓ પાસેથી ખંડણીની માગણી હવે પછી બ્રિટિશ સરકાર મારફત જ કરવી. ૧૮૨૦માં ઓખાના વાઘેરોએ બંડ ઉઠાવ્યું. કર્નલ સ્ટાનર્ટને લશ્કર લઈ દ્વારકા હલ્લો કરીને લીધું ને વાઘેરોનું જોર તોડ્યું. બ્રિટિશ સરકારે પ્રાંતનો સઘળો વહીવટ ૧૮૨૨માં પોતાના હાથમાં લીધો. જૂનાગઢના સિપાઈઓ ઘણા હુલ્લડખોર હતા ને એમણે ધોરાજીના ઠાકોરને ધાડ પાડી ઘણો હેરાન કર્યો હતો; ૧૮૨૪માં તેઓને વશ કરવામાં આવ્યા ને જૂનાગઢ સંસ્થાન પાસેથી નુકસાનીના બદલામાં ૬,૮૫,૦૦૦ કોરી લેવામાં આવી. એવી રીતે ખુમાણોને પણ વશ કરવા પ્રયત્ન થયો. ૧૮૨૪–૨૫માં ગૈરબંદોબસ્તનું જડમૂળ નીકળી ગયું. ૧૮૨૯માં ખુમાણો શાંત થયા. કચ્છના

રાવ મોરબી તથા ઝાલાવાડમાં સવારી કરતા તે બંધ કરાવાઈ ને કેપ્ટન મેકમર્ડોના પ્રયાસથી લાગતાંવળગતાં સંસ્થાનોને રાવની પાસેથી નુકસાની અપાવી.[29]

ફોજદારી હકૂમત ન ધરાવતાં કાઠિયાવાડનાં સંસ્થાનો માટે બ્રિટિશ સરકારે કાઠિયાવાડમાં ૧૮૩૧ માં એક ફોજદારી કોર્ટ સ્થાપી. ગાયકવાડી સૂબાઓ ઝટપટીથી તથા જબરીથી ગાયકવાડી મુલકમાં વધારો કરતા રહ્યા. પોલિટિકલ એજન્ટોએ ખાસ કરીને સર લી ગ્રાંડ જેકબ તથા કર્નલ લાંગે, માંહોમાંહેની લડાઈનો અંત આણી આખા પ્રાંતમાં સલાહશાંતિ પ્રવર્તાવી ને લોકોની બેદિલી નાબૂદ કરી.[30]

## પાદટીપ

૧. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન', ખંડ ૧, પૃ. ૬
૨. Rogers, *Land Revenue of Bombay*, Vol. 1, pp. 168–170
૩. ઇચ્છારામ ઈ. દેસાઈ, 'સૂરત: સોનાની મૂરત', પૃ. ૧૩૦
૪. એજન, પૃ. ૧૩૧–૧૩૩
૫. એજન, પૃ. ૧૩૪–૧૩૫
૬. એજન, પૃ. ૧૩૫-૧૩૭
૭. એજન, પૃ. ૧૪૩
૮. એજન, પૃ. ૧૪૯
૯. Rogers, *op. cit.*, pp. 130 f.
૧૦. *Ibid.*, pp. 12 f.
૧૧. Edalji Dosabhai, *History of Gujarat*, p. 241 f.n.
૧૨. Rogers, *op. cit.*, pp. 76 f.
૧૩. Edalji Dosabhai, *op. cit.*, pp. 304-ff.
૧૪. B. K. Boman Behram, *The Rise of Municipal Government in the City of Ahmedabad*, Intro., p. XI
૧૫. *Ibid.*, p. XIII
૧૬. *Ibid.*, p. XIV
૧૭. *Ibid.*, p. XV
૧૮. *Ibid.*, p. XVI, f. n. 1
૧૯. *Ibid.*, p. XXV
૨૦. રત્નમણિરાવ ભીમરાવ જોટ, 'ગુજરાતનું પાટનગર અમદાવાદ,' પૃ. ૬૭૪
૨૧. એજન, પૃ. ૬૬૯–૭૦
૨૨. એજન, પૃ. ૬૬૮

૨૩. એલેકઝાન્ડર કિન્લૉક ફાર્બસ, 'રાસમાળા'–ભા. ૨, (ગુજ. અનુ. દી.બ. રણછોડભાઈ ઉદયરામ), પૃ. ૨૭૬

૨૪–૨૫. એજન, પૃ. ૨૭૭

૨૬. Dvijendra Tripathi & M. J. Mehta, *Colonialism and Modernization, The case of Early British Intervention in a Traditional Indian Society*, p. 6.

૨૭. Kenneth Ballhatchet, *Social Policy and Social Change in Western India*, Preface, p. V

૨૮. નર્મદાશંકર લાલશંકર દવે, 'ગુજરાત સર્વસંગ્રહ', પૃ. ૩૭૯–૩૮૦

૨૯. નર્મદાશંકર લાલશંકર દવે, 'કાઠિયાવાડ સર્વસંગ્રહ', પૃ. ૨૩૯–૨૪૦

૩૦. એજન, પૃ. ૨૪૦

## પ્રકરણ ૪

# ગુજરાતમાં ૧૮૫૭નો સંગ્રામ

### પૂર્વભૂમિકા

સામાન્ય માન્યતા એવી છે કે ૧૮૫૭ના સંગ્રામમાં ગુજરાતે નહિવત્ ભાગ ભજવ્યો હતો તેમજ વિદેશી સત્તા સામેના કહેવાતા બળવામાં પોતાના દેશબાંધવોને એણે કોઈ ગણનાપાત્ર સહકાર આપ્યો ન હતો, પરંતુ ભિન્ન ભિન્ન પ્રકારના નક્કર પુરાવા આ માન્યતાને તદ્દન ભૂલભરેલી સાબિત કરે છે.

૧૮૫૭ પહેલાં પણ ગુજરાતે સરકારનાં અન્યાયી કાર્યો સામે સામુદાયિક આંદોલન કર્યાં હતાં. મુંબઈ સરકારે ૧૮૪૪માં મુંબઈ ઇલાકામાં મણ મીઠા પરનો કર આઠ આનાથી વધારીને એક રૂપિયાનો કર્યો. આનાથી એને વાર્ષિક ૨૨ લાખની વધારાની આવક મળે એમ હતી, પરંતુ આની સામાન્ય અને ગરીબ લોકોના જીવન-ધોરણ પર ઘણી જ માઠી અસર થાય એમ હતું, આથી સુરતના તમામ વર્ગોના તથા તમામ જાતિઓના લોકોએ ૧૮૪૪ના ઑગસ્ટના છેલ્લા સપ્તાહમાં આ વધારા સામે પ્રચંડ દેખાવ યોજ્યા, સુરત શહેરમાં છેલ્લા ત્રણ દિવસ સુધી સખત હડતાળ પડી. સુરતના આશરે ૩૦,૦૦૦ લોકો વિરોધી અરજી સાથે શહેરના મુલકી અધિકારી રેમિંગ્ટન તથા મુંબઈ ગવર્નરના સુરતના પ્રતિનિધિ આર્બુથનોટની કચેરીએ કૂચ કરી ગયા. લશ્કર તથા પોલીસના એમને વિખેરવાના પ્રયાસ સફળ થયા નહિ[1]. સતત ત્રણ દિવસ સુધી લોકોએ આ રીતે વિરોધી દેખાવ યોજ્યા. તમામ વર્ગના લોકોના ભારે વિરોધને કારણે છેવટે આર્બુથનોટે ૧ લી સપ્ટેમ્બર, ૧૮૪૪ના રોજ મીઠા પરનો વધારાનો કર મોકૂફ રખાયાની જાહેરાત કરી,[2] પરંતુ આગળ જતાં સરકારે મીઠાવેરાનો વધારો ફરી નાખવાની જાહેરાત કરતાં ફરી લોકોમાં અસંતોષ ફેલાયો. પ્રત્યેક વર્ગના ભારે દબાણને લીધે છેવટે સરકારે મીઠા પરનો વેરો દર મણે ૧ રૂપિયાને બદલે બાર આના લેવાની જાહેરાત કરી.

સુરતમાં આ પ્રકારનું બીજું સામુદાયિક આંદોલન પણ થયું. સરકારે એપ્રિલ ૧૮૪૮માં બંગાળી ધોરણનાં તોલમાપનાં નવાં સાધન દાખલ કર્યાં. આની સામે લોકોએ અને મહાજનોએ સખત હડતાળ પાડી તથા મોટા દેખાવ યોજ્યા.

લોકોએ હજારોની સહીઓ સાથેની વિરોધી અરજી સુરતના કામચલાઉ કલેક્ટર અને મૅજિસ્ટ્રેટ ઑલિવન્ટને સુપરત કરી.[3] હડતાળ એક સપ્તાહ સુધી ચાલુ રહેતાં લોકોને અનાજ અને અન્ય ચીજો મેળવવાની ભારે મુસીબત પડી. સરકારે આ બાબત કરેલી વ્યવસ્થા નિષ્ફળ નીવડી. દરમ્યાન મહાજનોએ લોકોને મફત અનાજ વહેંચતાં લોકલડતમાં ઘણો જુસ્સો આવ્યો. લોકોને લડતા ચાલુ રાખવા તથા કાયદા સામે કાનૂની લડત ચલાવવા મોટું ભંડોળ (રૂ. ૫૦,૦૦૦) એકઠું કર્યું. લોક–વિરોધ સામુદાયિક લડતમાં પલટાવાનો ભય લાગતાં સરકારે તોલમાપનાં નવાં સાધનોના અમલ રદ કરવાની જાહેરાત કરી.[૪]

### પરિબળો

૧૮૫૭ના ઉત્થાન માટે ભારતમાં જે સંયોગો અને પરિબળો જવાબદાર હતાં તે તો ગુજરાતમાં મોજૂદ હતાં જ, પરંતુ એ ઉપરાંત કેટલાંક ખાસ કારણ પણ ગુજરાતમાં ૧૮૫૭ની ઘટના માટે જવાબદાર કહી શકાય. લૉર્ડ ડેલહાઉસીએ બિન–દસ્તાવેજી જમીન જપ્ત કરવા માટે ઇનામ–કમિશનની નિયુક્તિ કરી હતી. ભારતની આ પ્રકારની કુલ જમીનની આશરે $\frac{1}{3}$ ભાગની જમીન ગુજરાતમાં હતી.

દસ્તાવેજી પુરાવા નહિ હોવાથી ગુજરાતના મોટા ભાગના તાલુકદારો અને જમીનદારોની જમીન જપ્ત થતી હતી, આથી તેઓએ ગુજરાતમાં ૧૮૫૭ના વિપ્લવને ઉત્તેજન આપ્યું, એટલું જ નહિ, પરંતુ એમાં સક્રિય ભાગ ભજવ્યો.[૫] ૧૮૫૭માં રાજાઓનો સાથ મેળવવા બ્રિટિશ સરકારે રાજાઓ સામેના તાલુકદારોના દાવાઓની ઉપેક્ષા કરીને રાજાઓની રજૂઆતને મંજૂર કરી, આથી મોટા ભાગના ભાયાતો અને તાલુકદારો આર્થિક રીતે પાયમાલ થઈ ગયા, આથી મહીકાંઠાના ૧૪૦ જેટલા ભાયાતો પોતાની ખરાબ આર્થિક સ્થિતિને લીધે હરપળે વિપ્લવને સાથ આપવા તૈયાર હતા.[૬]

ગુજરાતના લશ્કરમાં બહુધા આરબ મકરાણી પવારી મરાઠા વગેરેની ભરતી થતી હતી, પરંતુ કાઠી કોળી ભીલ ધારાળા નાયકડા વગેરે જેવી ગુજરાતની લડાયક કોમોના લોકોની અપવાદરૂપે જ ભરતી થતી હતી. આથી એમાંના મોટા ભાગના બેકાર હતા અને તેઓ લૂંટફાટનો ધંધો કરતા. ગુજરાતમાં વિપ્લવ થતાં તેઓએ એમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.[૭]

ગુજરાતના ઘણાખરા રાજાઓ નવાબો અને સામંતો પોતાનાં લશ્કરોમાં આરબ મકરાણી અને સિંધી મુસ્લિમોની સારા પ્રમાણમાં ભરતી કરતા. એમને સ્વાભાવિક રીતે જ મુઘલ સમ્રાટ પ્રત્યે કૂણી લાગણી અને બ્રિટિશ સરકાર પ્રત્યે

નફરત હતી, આથી તેઓએ ગુજરાતમાં ૧૮૫૭ ના વિપ્લવના ફેલાવામાં અગ્રભાગ ભજવ્યો.[૮]

ગુજરાતમાંથી થેલામાં મીઠું કચ્છના રણ મારફત રાજપૂતાનામાં મોકલાતું હતું. આ થેલામાં અગાઉ સિંદૂર ભરેલ હોવાથી મીઠું લાલ બની ગયું હતું. મહીકાંઠામાંથી પસાર થતા આ થેલા લોકોએ જોયા ત્યારે તેમને લાગ્યું કે લોકોને ઇરાદાપૂર્વક ધર્મભ્રષ્ટ કરવા માટે મીઠા પર ગાયનું લોહી છાંટવામાં આવ્યું હતું. આ અફવા ગુજરાતના અન્ય ભાગોમાં ફેલાતાં વિપ્લવને ઉત્તેજન મળ્યું.[૯]

૧૮૫૭ માં ગુજરાતના લશ્કરમાં ગ્વાલિયરના કેટલાક સૈનિક હતા. આ સમયે ગ્વાલિયરમાં દોલતરાવ સિંદેની વિધવા રાણી બૈઝાબાઈ પોતાના સગીર પુત્ર વતી રાજ્યનો વહીવટ કરતી. એને બ્રિટિશ શાસન પ્રત્યે ભારે નફરત હતી તેથી એણે ગુજરાતમાં જાસૂસો મોકલીને પોતાના સૈનિકોને તથા ગુજરાતના અન્ય ઠાકોરોને બ્રિટિશ સરકાર સામે વિપ્લવ પોકારવા ઉશ્કેર્યા.[૧૦]

ગુજરાતમાં સાધુઓ ફકીરો તથા મૌલવીઓએ બ્રિટિશ સરકાર સામે ખુલ્લી જેહાદ જગાવી હતી. સરાજુદ્દીન મૌલવી અમદાવાદની જુમ્મા મસ્જિદ તથા અમદાવાદની લશ્કરી ટુકડીઓમાં બ્રિટિશ સરકાર વિરુદ્ધ ખુલ્લાં ભાષણ કરતો, આથી એની ધરપકડ કરીને એને સજા કરવામાં આવેલી.[૧૧] જેમ ભારતના અન્ય પ્રદેશોમાં ચપાટી મારફત વિપ્લવનો સંદેશો ફેલાવાતો હોવાનું મનાતું તેમ ગુજરાતમાં વૃક્ષની ડાંખળીઓ મારફત આવો સંદેશો ફેલાવાતો.[૧૨] ગુજરાતમાં તેમજ અન્ય પ્રદેશોમાં કૂતરા મારફત પણ વિપ્લવનો સંદેશો ફેલાવાતો.[૧૩]

ભારતીય ભાષાઓમાં પ્રસિદ્ધ થતાં વર્તમાનપત્રોએ પણ વિપ્લવને ઉત્તેજિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. મુંબઈના ગર્વનર માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટને મુંબઈ ઇલાકામાં ન્યાયની પ્રથા બદલી નાખી. એણે સ્થાનિક અદાલતોને બદલે સરકારી અદાલતો સ્થાપી, જે ઘણી ખર્ચાળ તથા લાંચ લેનારી હતી. વળી એમાં ન્યાયની ઢીલ પણ ખૂબ થતી. વળી બ્રિટિશ સરકારે ગુજરાત તથા અન્ય ભાગોમાં કરેલા કેટલાક સુધારા અને કાયદા ભારતીય રિવાજો અને પ્રણાલિકાઓના વિરોધી હતા, આથી બ્રિટિશ શાસન પ્રત્યેના લોકોના અણગમામાં વધારો થયો. ગુજરાતની આસપાસના પ્રદેશોમાં બનેલા વિપ્લવના બનાવોએ પણ ગુજરાતમાં વિપ્લવને ઉત્તેજિત કરવામાં ગણનાપાત્ર ફાળો આપ્યો. રાજપૂતાના મધ્યપ્રદેશ તથા મહારાષ્ટ્રના અમુક ભાગોનાં બંડોએ ગુજરાતના સૈનિકો લોકો તથા ઠાકોરોમાં વિપ્લવ જગાવવાની વૃત્તિને સતેજ કરી.[૧૪] બહાદુરશાહ પહેલાના સીધા વંશજ શાહજાદા ફીરોજશાહે રાજપૂતાનાના અમુક ભાગોમાં વિપ્લવ ફેલાવવામાં અગ્રભાગ ભજવ્યો.

પોતે ફક્ત ૨૦ વર્ષનો જુવાન હોવા છતાંય એણે મકરાણીઓ અફઘાનો અને આરબોની સહાયથી મંદસોરનો કિલ્લો અને શહેર કબજે કર્યાં તથા ત્યાં પોતાને જૂન ૧૮૫૭ માં રાજા તરીકે જાહેર કર્યો. એણે આશરે ૨૦,૦૦૦ નું લશ્કર એકત્રિત કર્યું તથા એની મદદથી રાજપૂતાના મધ્યપ્રદેશ તથા ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના અમુક પ્રદેશ કબજે કરવાની યોજના કરી. આ માટે એણે જે તે પ્રદેશોના ઠાકોરોને પોતાને સહકાર આપવા પત્રો લખ્યા, પરંતુ એને પૂરતો સહકાર નહિ મળતાં એની યોજના નિષ્ફળ ગઈ.[૧૫]

ખાસ કરીને ઇંદોર, મ્હાવ તથા ધારનાં બંડોએ મહીકાંઠા પંચમહાલ તથા ખેડાના પ્રદેશોમાં બનેલા વિપ્લવના બનાવો પર ઊંડો પ્રભાવ પાડ્યો હતો.[૧૬] વળી નસીરાબાદ તથા ઇંદોરના બનાવોએ દાહોદ વડોદરા તથા ભરૂચના બનાવો પર સીધી અસર કરી હતી.[૧૭]

ભરૂચમાં મે, ૧૮૫૭ માં મુસ્લિમો અને પારસીઓ વચ્ચે થયેલા કોમી રમખાણને ૧૮૫૭ના વિપ્લવના બનાવો સાથે સાંકળી લેવામાં આવતાં ભરૂચ તથા દક્ષિણ ગુજરાતના અમુક પ્રદેશોમાં વિપ્લવ વિશેષ ફેલાયો. સ્થાનિક પોલીસ રમખાણ દબાવવામાં નિષ્ફળ જતાં વડોદરા વાગરા હાંસોટ અંકલેશ્વર વગેરે શહેરોમાંથી બોલાવવામાં આવેલી લશ્કરી કુમકથી રમખાણને દાબી દેવામાં આવ્યું. રોજર્સને ૧૩ મી જૂન ૧૮૫૭ના રોજ ભરૂચના-કામચલાઉ મૅજિસ્ટ્રેટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો. એની તપાસમાં ભરૂચના મૌલવીનો પુત્ર તથા બીજા ૧૬ મુસ્લિમ લૂંટ-ફાટ તથા પારસી ગુરુની હત્યા માટે મુખ્ય અપરાધી જણાયા, આથી એમાંના બેને ફાંસી આપવામાં આવી, ત્રણને જેલવાસ મળ્યો તથા બાકીનાને અપરાધના પ્રમાણમાં વધતી-ઓછી સજા કરવામાં આવી.[૧૮] આ બનાવમાં સરકારે પારસીઓની તરફેણ કરી હતી એવા બહાના તળે પહેલાં ભરૂચના મુસ્લિમોએ સરકાર સામે બંડ પોકાર્યું, તથા એમની પ્રેરણાથી અંકલેશ્વર નાંદોદ રાજપીપળા હાંસોટ વગેરે સ્થળોએ પણ બંડ થયાં. સુરતમાં મુસ્લિમોના ધર્મગુરુ શેખ સૈયદ હુસેન ઇદ્રુસની અસર તળે સુરતના મુસ્લિમોએ સરકાર સામે બંડ પોકાર્યું નહિ. પરિણામે સૈયદ ઇદ્રુસને રૂ. ૫૦૦ નું વર્ષાસન બાંધી અપાયું તથા એને 'કમ્પેનિયન ઑફ ધી સ્ટાર ઑફ ઇન્ડિયા'નો ખિતાબ અપાયો.[૧૯]

## ગુજરાતમાં વિપ્લવના મુખ્ય બનાવ : અમદાવાદમાં શરૂઆત

ગુજરાતના વિપ્લવની શરૂઆત અમદાવાદમાં જૂન, ૧૮૫૭ માં બનેલા બનાવથી થઈ. ઇંદોર અને મ્હાવના વિપ્લવકારીઓ જૂન, ૧૮૫૭ માં અમદાવાદ-ઇંદોર-

રતલામની સરકારી ટપાલ રોકતા હતા એના અનુસંધાનમાં અમદાવાદના સિપાઈઓએ પણ બંડ પોકારવાનું નક્કી કર્યું. અમદાવાદની સાતમી ટુકડીના સૂબેદારે વિપ્લવકારોની આગેવાની લીધી. એમનો ઇરાદો પ્રથમ અમદાવાદ તાબે કરીને, બાદમાં વડોદરા કૂચ કરીને ગાયકવાડની સહાયથી ગુજરાતમાંથી બ્રિટિશ શાસન નાબૂદ કરવાનો હતો, પરંતુ અમદાવાદના મુખ્ય લશ્કરી અધિકારી જનરલ રોબર્ટ્સને જાસૂસ મારફત આ યોજનાની જાણ થઈ જતાં, બંડ શરૂ થાય તે પહેલાં જ સૂબેદારની ધરપકડ કરીને એને સજા કરી તથા ૭ મી ટુકડીને તાત્કાલિક વિખેરી નાખી.[૨૦]

મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના અમુક ભાગોના વિપ્લવના સમાચાર જાણીને અમદાવાદના સૈનિકો ફરી બેચેન બન્યા. ૧૮૫૭ ની જુલાઈની શરૂઆતમાં મરાઠી ટુકડીના અમુક સૈનિકોએ બળવો પોકાર્યો. પરંતુ ગ્રેનેડિયર ટુકડીએ સાથ નહિ આપતાં બળવો નિષ્ફળ ગયો અને બંડખોરોને આકરી સજાઓ કરવામાં આવી.[૨૧]

દરમ્યાનમાં ગુજરાતના અનિયમિત અશ્વદળના અમુક સૈનિકોએ અમદાવાદમાં ૯ મી જુલાઈ ૧૮૫૭ ના રોજ બંડ પોકાર્યું. એમનો ઇરાદો સરકારી શસ્ત્રાગાર અને શસ્ત્રો કબજે કરવાનો હતો, પરંતુ એમની વિરોધી ટુકડીના સિપાઈઓએ એમને સાથ નહિ આપતાં આ ઇરાદો બર આવ્યો નહિ. સજા થવાની બીકે એમાંના સાત ઘોડેસવાર સૈનિકો સરખેજ બાજુ નાસી ગયા. ઉપ–લશ્કરી અધિકારી પીમ તથા કેપ્ટન ટેયલરની લશ્કરી ટુકડીઓએ એમનો પીછો કરીને એમને અમદાવાદ-ધોળકા માર્ગ પર તાજપુર પાસે પકડી પાડ્યા. થયેલ સંઘર્ષમાં સાતમાંથી બે ઘોડેસવાર માર્યા ગયા, બાકીના પાંચ તાબે થયા, જેમને ફાંસી આપવામાં આવી. તેઓને મદદ કરવાના આરોપસર બીજા ૧૦ સૈનિકોને જેલની સજા કરવામાં આવી.[૨૨]

ઉત્તર ભારતમાં વિપ્લવ ફેલાયાના સમાચાર જાણીને અમદાવાદી ગ્રેનેડિયર સૈનિકોએ ૧૪ મી સપ્ટેમ્બર, ૧૮૫૭ ના રોજ બંડ કર્યું. તેઓ તોપદળ કબજે કરવા માગતા હતા, પરંતુ મરાઠા ટુકડીના સૈનિકોએ તથા તોપચીઓએ એમને સાથ નહિ આપતાં ગ્રેનેડિયર બંડખોરોમાંના ૨૧ સૈનિક પોતાની બંદૂકો મૂકી નાસી ગયા. એમને પછીથી પકડવામાં આવ્યા. એમના પાંચ મુખ્યોને તોપગોળે ઉડાડી દેવામાં આવ્યા, ત્રણને બંદૂકથી વીંધવામાં આવ્યા અને બાકીના ૧૩ ને ફાંસી આપવામાં આવી.[૨૩]

ગુજરાતમાંથી બ્રિટિશ શાસનનો અંત લાવવાનો અને વડોદરાના બ્રિટિશ તરફી મહારાજા ખંડેરાવ ગાયકવાડને પદભ્રષ્ટ કરવાનો પ્રયાસ સપ્ટેમ્બર ૧૮૫૭ માં

અમદાવાદમાં ઘડાયેલ એક ગુપ્ત યોજના મારફત થયો. શાહીબાગમાં ગોવિંદરાવ (બાપુ) ગાયકવાડના રહેઠાણે નેતાઓની મળેલ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે બાપુ ગાયકવાડે અમદાવાદની લશ્કરી ટુકડીઓમાં બેદિલી ફેલાવી એમને પોતાની સાથે બંડમાં સામેલ થવા સમજાવવી, જે બાપુ ગાયકવાડ કરી શક્યો નહિ. ભોંસલે અને વડોદરાના નિહાલચંદ ઝવેરીને ઉમેટા તથા ભાદરવાના દરબારોની અને ખેડા તથા મહીકાંઠાના પ્રદેશોના પટેલોની આ કાર્યમાં સહાય મેળવવાની કામગીરી સોંપાઈ, જે તેઓએ સારી રીતે પાર પાડી. પાટણના મગનલાલ વાણિયાને ગાયકવાડના કડી પ્રદેશમાંથી લશ્કર એકત્રિત કરવાનું કાર્ય સુપરત થયું. એણે આ તાલુકામાંથી ૨,૦૦૦ પાયદળ તથા ૧૫૦ હળદળના માણસો એકત્રિત કર્યા.[૨૪]

આ પછી એવું નક્કી કરવામાં આવ્યું કે વિપ્લવકાર નેતાઓ અને એમની લશ્કરી ટુકડીઓએ ૧૬ મી ઑક્ટોબર, ૧૮૫૭ને ધનતેરસના રોજ વડોદરા પર હુમલો કરવો. વડોદરા કબજે કર્યા બાદ બંડખોરો અમદાવાદ અને ગુજરાતના અન્ય ભાગો તાબે કરવા માગતા હતા.[૨૫] દરમ્યાન દિલ્હીના પતનના સમાચાર ઑક્ટોબરના પહેલા સપ્તાહમાં અમદાવાદ અને ગુજરાતના અન્ય ભાગોમાં ફેલાયા, આથી બ્રિટિશ-તરફી બળ મજબૂત બન્યાં અને બ્રિટિશ વિરોધી બળ હતાશ થયાં. વડોદરાના ગાયકવાડ ખંડેરાવે દિલ્હીના પતનના પ્રસંગની ઉજવણી કરવા માટે ૧૦મી ઑક્ટોબરના રોજ એક ભવ્ય ભોજન-સમારંભ યોજ્યો. આ પ્રસંગે એક બંડખોરે ગાયકવાડ વિરોધના કાવતરાની ખંડેરાવને જાણ કરી, જે ખબર ખંડેરાવે તુરત વડોદરાના રેસિડેન્ટ કર્નલ શેક્સપિયરને આપી. શેક્સપિયરના આદેશથી તુરત જ ખેડાના મૅજિસ્ટ્રેટ આશબર્નરે તથા રેવાકાંઠાના પોલિટિકલ એજન્ટ બકલેએ પોતાની લશ્કરી ટુકડીઓ સાથે, મહી નદી કાંઠે પડાવ નાખી પડેલા બંડખોરો પર, ઓચિંતો હુમલો કર્યો. મોટા ભાગના બંડખોરો પકડાઈ ગયા, જ્યારે બાકીના નાસી છૂટયા.[૨૬]

દસને તોપને ગોળે ઉડાવી દેવામાં આવ્યા અને નવને જીવનભર દેશનિકાલ કરવામાં આવ્યા. નાસી છૂટેલા મગનલાલ વાણિયાએ લોદરામાં જઈને બળવો પોકાર્યો. એને તથા એના સાથીદારોને અમદાવાદના પોલીસ અધિકારી મેજર અગરે પકડી પાડયા. એ તમામને તોપને ગોળે ઉડાવી દેવામાં આવ્યા. નિહાલચંદ ઝવેરીને પણ ફાંસી આપવામાં આવી, જ્યારે ગાયકવાડની સૂચનાથી ગોવિંદરાવ અને ભોંસલેને વડોદરાની જેલમાં પૂરવામાં આવ્યા. ખેડા જિલ્લાના પ્રતાપપુર તથા આંગર ગામોનો કાવતરામાં અગ્ર ભાગ લેવા માટે તથા બંડખોરોને આશ્રય આપવા બદલ સંપૂર્ણ નાશ કરવામાં આવ્યો. આ બનાવ પછી અમદાવાદની

લશ્કરી ટુકડીઓમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો તથા ૧૪ મી ઑક્ટોબર, ૧૮૫૭ના રોજ મુંબઈથી ઘોઘા બંદરે ક્રિમિયાના યુદ્ધમાં પંકાયેલી ૮૯ મી લશ્કરી ટુકડીને ઉતારવામાં આવી, જેનો મુકામ અમદાવાદ રાખવામાં આવ્યો. આથી અમદાવાદમાં પછીથી વિપ્લવનો કોઈ બનાવ બન્યો નહિ.[૨૭]

**મહીકાંઠાના બનાવ**

એ સમયે મહીકાંઠાના પ્રદેશમાં નાના-મોટા ૧૪૦ જેટલા તાલુકાદાર હતા. રાજાઓ સામેના પોતાના હકદાવામાં બ્રિટિશ સરકાર રાજાઓની તરફદારી કરતી હોવાથી તેઓ મહીકાંઠાના પ્રદેશોનાં બંડોને ઉત્તેજન આપતા હતા તથા સક્રિય સહાય પણ કરતા. આવું જ ઉપરોક્ત કારણોને લીધે જિલ્લાના પટેલ જમીનદારો પણ કરતા.[૨૮]

મહીકાંઠામાં વિપ્લવની શરૂઆત ઈડરથી વાયવ્ય બાજુ આશરે ૨૫ કિ.મી. ને અંતરે આવેલા ચાંડપ ગામ(તા. ઈડર)થી થઈ. એ ગામના કોળી વડાઓ તરીકે નાથાજી અને યામાજી હતા. ગામ પ્રતિવર્ષ વડોદરાના ગાયકવાડને તથા ઈડરના રાજાને નિશ્ચિત ખંડણી આપતું હતું. સાવચેતીના પગલા તરીકે ગાયકવાડે ૧૮૫૭ માં ત્યાં ૧૦ ઘોડેસવારોનું થાણું સ્થાપ્યું. નાથાજી અને યામાજીએ આ પગલાને ગામમાં આંતરિક દરમ્યાનગીરી ગણીને એનો સખત વિરોધ કર્યો. નાથાજીની આગેવાની નીચે ચાંડપના કોળીઓને ઘોડેસવારો સાથે થયેલ સંઘર્ષમાં એક ઘોડેસવાર માર્યો ગયો અને બાકીના નાસી ગયા. ગાયકવાડ અને ઈડરના રાજાએ મોકલેલ લશ્કરી ટુકડીને ૨૦ સપ્ટેમ્બર, ૧૮૫૭ના રોજ નાથાજીની આગેવાની નીચે કોળીઓએ સખત પરાજય આપ્યો. દરમ્યાન બાજુનું ગામ દુગારા પણ બળવામાં સામેલ થતાં બંડખોરોની સ્થિતિ વધારે મજબૂત બની.[૨૯]

આથી બ્રિટિશ સરકાર, ગાયકવાડ તથા ઈડરના રાજાના આશરે ૮૦૦ સૈનિકોના બનેલા સંયુક્ત લશ્કરે ૧૭ ઑક્ટોબર, ૧૮૫૭ના રોજ ચાંડપ પર આક્રમણ કર્યું. આની સામે ચાંડપના લોકોએ ટકવું મુશ્કેલ લાગતાં તેઓ સમસ્ત વસ્તી સહિત ગામ છોડીને પાસેની ટેકરીઓમાં જતા રહ્યા. સંયુક્ત લશ્કરે ચાંડપ ગામને સળગાવી મૂક્યું. એની સાથે અનાજના મોટા જથ્થાનો પણ નાશ થયો. નાથાજીની આગેવાની નીચે કોળીઓએ ટેકરીઓમાંથી બ્રિટિશ સરકાર, ગાયકવાડ તથા ઈડરના રાજા સામે આશરે ચારથી છ માસ સુધી લડત ચાલુ રાખી. છેવટે નાથાજીના અવસાન સાથે કોળીઓના સામનાનો અંત આવ્યો.[૩૦]

બ્રિટિશ અને ગાયકવાડી સૈનિકોએ ચાંડપનો નાશ કર્યાની, આસપાસના વિસ્તારનાં ગામોને જાણ થતાં તેઓએ સરકાર અને ગાયકવાડ સામે બળવો

પોકાર્યો. ગાયકવાડના તાબા હેઠળના વિજાપુર વડનગર અને ખેરાળુ વિસ્તારમાં આશરે ૨૦૦૦ કોળી ભીલ અને સશસ્ત્ર લોકો એકઠા થયા. તેઓએ ૨૦ મી ઑક્ટોબર, ૧૮૫૭ ના રોજ ગાયકવાડી ગામ લોદરા (તા. વિજાપુર) પર હુમલો કર્યો, પરંતુ મેજર ઍન્ડ્રૂઝના નેતૃત્વ તળે લોદરામાં વધારે બ્રિટિશ લશ્કરી સહાય આવી પહોંચતાં બળવાખોરોને પાછા હઠી જવાની ફરજ પડી. ઈડરના રાજાના બ્રિટિશ-તરફી વલણને લીધે એના સૈનિકો અને લોકો એની સામે ગમે તે ક્ષણે બંડ કરે એવી સ્થિતિ હોવાથી, રાજાએ બ્રિટિશ લશ્કરી રક્ષણ માગતાં એ એને આપવામાં આવ્યું. મહીકાંઠાની સ્ફોટક પરિસ્થિતિ જોતાં મેજર વ્હાઇટલૉકે મુંબઈ સરકારને તાત્કાલિક મહીકાંઠામાં વધારે લશ્કર મોકલવા જણાવ્યું.[31]

## મંડેટીના ઠાકોર સૂરજમલનો બળવો અને એની અસરો

મહીકાંઠામાં આવેલું મંડેટી ઈડરના રાજાના સાર્વભૌમત્વ હેઠળનું એક નાનકડું રાજ્ય હતું. એનો ઠાકોર સૂરજમલ ઈડરના રાજાને નિયમિત ખંડણી ભરી શકતો નહિ, આથી ૧૮૫૭ ના અંતે ઈડરના રાજા પ્રત્યેનું એનું દેવું આશરે રૂ. ૪૨,૦૦૦ નું થયું હતું. જેથી ઈડરના રાજા જવાનસિંહજીએ ઈડર તરફથી એને અપાતી જિવાઈ બંધ કરી તથા મહીકાંઠાના પોલિટિકલ એજન્ટ મેજર વ્હાઇટલૉકને આ બાબતમાં દરમ્યાનગીરી કરવા વિનંતી કરી. આથી મેજર વ્હાઇટલૉકે સૂરજમલને પોતાને મળી જવા તથા ઈડરના રાજા સાથે આ મામલાની પતાવટ કરવા જણાવ્યું. સૂરજમલે પોતાના સૈનિકો સાથે પાસેની ટેકરીઓમાં જતા રહીને ૩૦ મી માર્ચ, ૧૮૫૮ ના રોજ બ્રિટિશ સરકાર અને ઈડરના રાજા સામે બળવો પોકાર્યો. એને મેવાડના રાજા, મહીકાંઠાના મોટા ભાગના તાલુકદારો અને લોકોનો સાથ હતો.[32]

આને પરિણામે બ્રિટિશ સરકાર તથા ઈડરના રાજાની સંયુક્ત લશ્કરી ટુકડીઓએ મંડેટીમાં લશ્કરી થાણું નાખ્યું. શેક્સપિયરની સૂચનાથી વ્હાઇટલૉકે સૂરજમલને મંડેટી આવવા ફરી સંદેશો મોકલ્યો, જેના પ્રત્યુત્તરમાં સૂરજમલે મંડેટીમાંથી તુરત લશ્કરી થાણું હઠાવી લેવા તથા પોતાની જિવાઈ તાત્કાલિક ચાલુ કરાવી આપવા બાબત વ્હાઇટલૉકને ૭ મી એપ્રિલ ૧૮૫૮ ના રોજ એક પત્ર લખ્યો, જેનો ઇન્કાર થતાં સૂરજમલે બ્રિટિશ સરકાર તથા ઈડરના રાજા સામેની પોતાની લડત આરંભી, તેથી, વ્હાઇટલૉકે અમદાવાદથી તોપદળ, હિંદી અને યુરોપિયન પાયદળ, ગુજરાતનું અનિયમિત અશ્વદળ વગેરે મળીને આશરે ૧૦૦૦ સૈનિકોની બનેલી લશ્કરી ટુકડીઓ મંડેટી બોલાવી.[33]

દરમ્યાન સૂરજમલ અને સરકાર વચ્ચે સમાધાન સાધવા વધુ બે અસફળ પ્રયત્ન થયા. સૂરજમલના બ્રાહ્મણ કારભારી વજેરામ અને વ્હાઇટલૉક વચ્ચેની

૨૭ એપ્રિલ ૧૮૫૮ની વાતચીત નિષ્ફળ ગઈ તથા ૨૫ મી મે ૧૮૫૮ના રોજ મંડેટીમાં સૂરજમલ અને વ્હાઇટલોકના પ્રતિનિધિ કેપ્ટન એન્ડર્સન વચ્ચેની ચર્ચા પણ નિષ્ફળ નીવડી. આથી છેવટે સૂરજમલે મંડેટીમાંથી બધાં સ્ત્રીબાળકોને ટેકરીઓમાં મોકલી આપ્યાં અને મંડેટીનો કબજો લઈને ત્યાં રાજપૂતો ભીલો તથા કોળીઓનું મજબૂત લશ્કર રાખ્યું. એણે આસપાસના વિસ્તારોમાંથી મકરાણીઓ રજપૂતો ભીલો વગેરેનું મળીને જુલાઈના અંત સુધીમાં બીજું આશરે એક હજાર સૈનિકોનું લશ્કર ઊભું કર્યું. આના જવાબમાં વ્હાઇટલોકની સૂચનાથી કેપ્ટન બ્લેક અને ઉપલશ્કરી અધિકારી લોના નેતૃત્વ તળે સરકાર તથા ઈડરના રાજાની આશરે ૮૦૦ સૈનિકોની બનેલી લશ્કરી ટુકડીઓએ મંડેટી પર હુમલો કર્યો, પણ એમનો સખત પરાજય થયો અને વળતા હુમલાથી બચવા એમને મંડેટીથી ૮ કિ. મી. દૂર આવેલા બડોલી ગામ સુધી પાછા હઠી જવાની ફરજ પડી.[૩૪]

આ પછી સૂરજમલે ઈડર પર હુમલો કરવાની યોજના વિચારતાં એને ખાળવા અમદાવાદ ડીસા તથા ગુજરાતના અન્ય ભાગોમાંથી બ્રિટિશ લશ્કરી ટુકડીઓ મંડેટી રવાના કરવામાં આવી. આ ટુકડીઓએ સૂરજમલને બધી બાજુઓથી ઘેરી લેતાં સૂરજમલે પોતાની શરતે બ્રિટિશ સરકાર સાથે સમાધાનનો એક વધુ પ્રયાસ કર્યો, પરંતુ વ્હાઇટલોકે સૂરજમલની પ્રથમ બિનશરતી શરણાગતિનો આગ્રહ રાખતાં સૂરજમલે પોતાની લડત ચાલુ રાખી. પરિણામે ગુજરાતના પોલિટિકલ કમિશનર શેક્સપિયરની પરવાનગીથી વ્હાઇટલોકે મંડેટીનો કબજો લેવા કેપ્ટન બ્લેક, કેપ્ટન હીકોક અને રસાલાદાર હસનખાનની ટુકડીઓને મોકલી, જેમનો મંડેટીના મકરાણી, કોળી તથા ભીલ લોકોએ સખત સામનો કર્યો, પરંતુ છેવટે ચડિયાતા બળ આગળ પરાજિત થઈને તેઓ ટેકરીઓમાં નાસી ગયા. સૂરજમલે ટેકરીઓમાં વધારે લશ્કર એકત્રિત કરીને મંડેટી પાછું કબજે કરવાનો મક્કમ નિર્ણય કર્યો.

મંડેટીનો કબજો લેવાનું પગલું ડહાપણભર્યું નહિ હોઈને એ છોડી દેવા વ્હાઇટલોકને જણાવ્યું,[૩૫] કેપ્ટન રેફ્સ તથા લીજીટે સૂરજમલને શરણે લાવવાની યોજના ઘડી કાઢી. સરકારી દળોએ બધી બાજુઓથી સૂરજમલ પર ૭મી સપ્ટેમ્બર, ૧૮૫૮ના રોજ આક્રમણ કર્યું. ભારે લડાઈને અંતે સૂરજમલ ટેકરીઓમાં નાસી ગયો. દરમ્યાન જાણીતો બંડખોર ડફેર યદુ કેશવ પોતાના લશ્કર સહિત સૂરજમલ સાથે જોડાતાં સરકારને સૂરજમલને મહાત કરવા વધારે લશ્કરની જરૂર પડી. વધારે તોપદળ, વધારે અશ્વદળ, એક વધારાની ભીલ ટુકડી તથા વિશેષ પાયદળ ખંડેરી બાજુ તાત્કાલિક મેળવાતાં[૩૬] સૂરજમલ બ્રિટિશ દળોથી બધી બાજુઓથી ઘેરાઈ ગયો. માત્ર ટેકરીઓની પાછલી બાજુથી શિરોહી તરફ નાસી જવાનો માર્ગ એને માટે ખુલ્લો

રહ્યો, જેથી એણે ફરી ૧૭ ઑક્ટોબરે અને ૨૬ ઑક્ટોબરે વ્હાઇટલૉક અને લીજીટને પત્રો લખીને પોતાની શરતે શરણાગતિ સ્વીકારવાની તૈયારી બતાવી, જેનો ફરી સાફ ઇન્કાર કરવામાં આવ્યો.

આ પછી રેકૂસે સૂરજમલને શરણે લાવવા જુદા પ્રકારનાં પગલાં અમલમાં મૂક્યાં. એણે સૂરજમલને સાથ આપતા ઠાકોરોને મોટાં મોટાં વચન આપીને સરકાર તથા રાજાના પક્ષમાં લઈ લીધા. આમ ગોતાનો ઠાકોર તથા સૂરજમલનો ભત્રીજો ચૌહાણ હમીરસીંગ ઇડરના રાજાને શરણે ગયો તથા ચુડાલાનો ઠાકોર રાઠોડ દુર્જનસીંગ સરકારને તાબે થયો, જ્યારે મેવાડા માલુસા ખાનપુર વગેરેના ઠાકોરોએ જો સૂરજમલ ઇડરના રાજા અને સરકાર સાથે સમાધાન કરે નહિ, તો એનો સાથ છોડી દેવાની ધમકી આપી,[૩૭] આથી સૂરજમલ નિઃસહાય સ્થિતિમાં મુકાયો. વળી સરકારે તથા ઇડરના રાજાએ શરણે આવેલા ઠાકોરો પ્રત્યે ઉદાર વર્તન રાખતાં સૂરજમલ પણ શરણે આવવા લલચાયો.

આ સ્થિતિમાં સૂરજમલે ઈડર જઈને ત્યાંના રાજા સાથે પોતાની શરણાગતિની શરતો નક્કી કરી તથા પછીથી રેકૂસને મળીને એને આખરી સ્વરૂપ આપ્યું. આમ આશરે દસ માસ બાદ મંડેટીનો ઉપદ્રવ શાંત પડ્યો.

## પંચમહાલ અને ખેડા જિલ્લાનાં બંડો : દાહોદ

ઈડર અને રહાવના બળવાની અસરરૂપે એની નજીક આવેલા પંચમહાલ જિલ્લાના દાહોદ શહેરમાં ૧ લી જુલાઈ, ૧૮૫૭ ના રોજ વિપ્લવની શરૂઆત થઈ. સ્થાનિક જમીનદાર તીલદારખાનની આગેવાની નીચે બંડખોરોએ દાહોદનો કબજો લઈને ત્યાંના થાણાદાર તથા સિપાઈઓને કિલ્લામાં આશ્રય લેવાની ફરજ પાડી. દાહોદ શહેર ૬ ઠ્ઠી થી ૧૧ મી જુલાઈ સુધી બળવાખોરોને કબજે રહ્યું. એ દરમ્યાન કિલ્લામાંના સિપાઇઓએ સૂબેદાર હસનખાનની આગેવાની નીચે કિલ્લાનો બહાદુરીપૂર્વક બચાવ કર્યો. દરમ્યાન બળવો પંચમહાલનાં અન્ય શહેરો—ગોધરા દેવગઢબારિયા વગેરેમાં પણ ફેલાયો. રેવાકાંઠાના પોલિટિકલ એજન્ટ બકલે લશ્કરી ટુકડી સાથે વડોદરાથી ૮ મી જુલાઈ ૧૮૫૭ ના રોજ દાહોદ જવા રવાના થયો. કિલ્લામાંથી સિપાઈઓને મુક્ત કર્યા તથા શહેરોમાંથી બંડખોરોને નાસી જવાની ફરજ પાડી.[૩૮] દાહોદમાંથી ૧૫ કેદીઓને પકડવામાં આવ્યા. નવને આજીવન દેશનિકાલની સજા કરવામાં આવી, એકને ૧૪ વર્ષની સજા થઈ, જ્યારે એકને છોડી મૂકવામાં આવ્યો.[૩૯]

દાહોદની સંરક્ષણ-વ્યવસ્થા મજબૂત કરવાના આશયથી દાહોદમાં વધારે લશ્કર રાખવાનો તેમજ દાહોદના કિલ્લા ફરતી મોટી ખાઈ ખોદવાનો નિર્ણય

લીધો. આ અનુસાર દોઢથી બે માસના ગાળામાં દાહોદના કિલ્લા ફરતી ખાઈ ખોદવામાં આવી. આમાં સૂબેદાર વલીખાન તથાં ભૂખણુ મિસ્ત્રીએ સુંદર કામગીરી બજાવી.[૪૦]

## ગોધરામાં બખેડા

ઈંદોર અને મ્હાવથી બંદૂકધારી બંડખોર ૬ ઠ્ઠી જુલાઈ, ૧૮૫૭ના રોજ ગોધરા આવી પહોંચ્યા. તુરત જ સ્થાનિક માણસો એમની સાથે જોડાયા અને તેઓએ ગોધરાની સરકારી કચેરીઓનો કબજો લઈ લીધો. કેપ્ટન બકલે મેજર ટોમસની લશ્કરી ટુકડી, લશ્કરી અધિકારી શેપીના તોપદળ તથા ગાયકવાડે આપેલ ૧૦૦ના અસ્વદળ સાથે ૭ મી જુલાઈની રાત્રિએ ગોધરા પહોંચ્યો, આથી બંડખોરો દાહોદ નાસી ગયા અને એમણે ત્યાંની સરકારી કચેરીઓનો કબજો લીધો. બકલે વધુ ૩૦૦ સૈનિકોની કુમક સાથે દાહોદ પહોંચ્યો. થયેલ લડાઈમાં બંડખોરો પરાજિત થઈ નાસી ગયા અને બકલેએ દાહોદ તથા ગોધરામાં મજબૂત લશ્કરો મૂકયાં.[૪૧]

## સૂરજમલનો રકાસ

સુરજમલ ડાકોરની આસપાસના પ્રદેશોનો જાગીરદાર હતો. એણે લુણાવાડાની ગાદી માટે દાવો કરીને ૧૫ મી જુલાઈ, ૧૮૫૭ના રોજ લુણાવાડા પર હુમલો કર્યો, પરંતુ ત્યાંના રાજાએ બ્રિટિશ લશ્કરની સહાયથી એને પાછો હઠાવ્યો. લુણાવાડાના રાજાના શત્રુ અને પંચમહાલના પાલ ગામના જાગીરદાસ કાનદાસ ચારણની તેમજ અન્ય ઠાકોરોની અને કોળીઓની સહાયથી સૂરજમલે ફરી લુણાવાડા કબજે કરવા હુમલો કર્યો, પરન્તુ એન્ડ્રુઝ અને આર્શબર્નરનો લશ્કરી ટુકડીઓએ એને પરાજય આપ્યો. કાનદાસ પકડાઈ જતાં એને જેલમાં પૂરીને પછીથી ફાંસી આપવામાં આવી, જ્યારે સૂરજમલ મેવાડ તરફ નાસી ગયો અને એ બેપત્તા બન્યો. પાલ ગામનો નાશ કરવામાં આવ્યો.[૪૨]

## ખાનપુર ગામનો નાશ

મહી નદીને કિનારે આવેલું ખાનપુર ગામ લુણાવાડાના રાજાના સાર્વભૌમત્વ તળે હતું, પરંતુ ગામના કોળીઓ તથા તેના વડાએ બંડખોરોને ટેકો આપતાં કેપ્ટન બકલેએ થોડાં પાયદળ હયદળ અને તોપદળ સાથે ૬ ઠ્ઠી ડિસેમ્બરની રાત્રે લુણાવાડાથી કૂચ કરીને ૭ મી ડિસેમ્બરની વહેલી સવારે ઓચિંતા જ ખાનપુરને ઘેરી લીધું, એના ગામેતી (વડા) અને અન્ય અગ્રણીઓની ધરપકડ કરી તથા ગામને બાળી મૂકયું, તેમજ પછીથી ખાનપુરના ગામેતીને ફાંસી આપી.[૪૩]

## નાયકડાઓનું ધાંધલ

પંચમહાલ જિલ્લાના નાયકડા ઠાકોરો તથા લોકો બ્રિટિશ સરકારથી ઘણા નારાજ હતા કારણ કે સરકાર એમની વિરુદ્ધ એમના રાજાઓનો પક્ષ કરતી હતી. સૌપ્રથમ સંખેડાના નાયકડાઓએ એમના સરદાર રૂપા નાયક અને કેવળ નાયકના નેતૃત્વ તળે સરકાર સામે બંડ પોકાર્યું. કેપ્ટન લેઈટ જાંબુઘોડા પાસેની લડાઈમાં એમને પરાજય આપતાં તેઓ ટેકરીઓમાં નાસી ગયા. સીબન્દીઓ અને એમના નેતા મેટલકિખાનનો સાથ મળતાં તેઓએ ચાંપાનેર અને નારુકોટ વચ્ચેનો પ્રદેશ કબજે કર્યો તથા છેક ગોધરા સુધીનાં બ્રિટિશ થાણાં પર અવારનવાર હુમલા કર્યા. તેઓ વારંવાર ઓચિંતા બ્રિટિશ લશ્કરી ટુકડીઓ પર હલ્લા કરીને પાસેની ટેકરીઓ કે જંગલોમાં જતા રહેતા. આમ નાયકડા બંડખોરોએ બ્રિટિશ સરકારને છેક ડિસેમ્બર, ૧૮૫૮ એટલે કે એક વર્ષ સુધી ભારે પરેશાન કરી. જાન્યુઆરી ૧૮૫૯ માં કેપ્ટન હેબર્ડના લશ્કરી દળ સાથેની નાયકડાઓની લડાઈમાં હેબર્ડ સખત રીતે ઘવાયો અને પરાજય પામ્યો. નાયકડાઓનાં જંગલો અને રહેઠાણોને શોધી કાઢી એમના પર રિચાર્ડે ભીલોની સહાયથી અવારનવાર હુમલા કર્યા. પરિણામે રૂપા નાયક તથા કેવળ નાયક માર્ચ ૧૮૫૯ માં સરકારને શરણે આવ્યા. આમ આશરે ૧૫ માસ સુધીના નાયકડા ધાંધલનો અંત આવ્યો.[૪૪]

## જીવાભાઈ અને ગરબડદાસની કામગીરી

આણંદ પાસેના ખાનપુર ગામના ઠાકોર જીવાભાઈ તથા આણંદના મુખી ગરબડદાસ પટેલે ખેડા જિલ્લામાં બળવાની આગેવાની લીધી હતી. તેઓએ કોળી ભીલ નાયકડા સીબન્દી વગેરે મળીને આશરે ૨૦૦૦ જેટલા સશસ્ત્ર લોકો એકઠા કર્યા અને એમની સહાયથી ખેડા નડિયાદ આણંદ વગેરે પ્રદેશોનાં બ્રિટિશ થાણાં પર હુમલા કર્યા. વડોદરાથી બંડખોરોને તાબે કરવા નીકળેલી બ્રિટિશ લશ્કરી ટુકડીઓએ વડોદરા અને આણંદ વચ્ચેનાં ગામડાંઓને લૂટયાં, એમના અમુક લોકોને ફાંસીએ લટકાવ્યા તથા કેટલાકને જેલમાં પૂર્યા. તેઓએ બળવાખોરોને વિખેરી નાખીને ઠાકોર જીવાભાઈની ધરપકડ કરી અને પછીથી એને ફાંસી આપી.[૪૫] મુખી ગરબડદાસ અને એના સાથીદારો માલાજી જોશી, બાપુજી પટેલ, કૃષ્ણરામ દવે વગેરે આણંદની લોટિયા ભાગોળે પડેલી બ્રિટિશ લશ્કરી ટુકડીઓનાં હથિયાર મધ્યરાત્રિએ લઈ ગયા. બ્રિટિશ લશ્કરી ટુકડીને આ બનાવની જાણ થતાં ખાનપુરમાંથી ગરબડદાસના સાથીદારોને પકડવામાં આવ્યા અને એમને તોપને ગોળે ઉડાવી દેવામાં આવ્યા, જ્યારે પોતાના લગ્ન માટે આસોજ ગયેલ ગરબડદાસની પછીથી ધરપકડ કરવામાં આવી અને એને જીવનભર આંદામાન દેશનિકાલ કરવામાં આવ્યો, જ્યાં પછીથી એનું મૃત્યુ થયું[૪૬]

## રેવાકાંઠા અને દક્ષિણ ગુજરાતના બનાવો

મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના બનાવોની તુલનામાં દક્ષિણ ગુજરાતમાં વિપ્લવના બનાવ જૂજ હતા. રેવાકાંઠાનાં ગામો નાંદોદ–રાજપીપળામાં વિપ્લવની વિશેષ અસર થઈ હતી. ભરૂચના કોમી બંડને વિપ્લવ સાથે સાંકળી લેવામાં આવતાં ભરૂચ તથા એની આસપાસના વિસ્તારમાં વિગ્રહ ફેલાયો. વાગરા આમોદ જંબુસર વગેરે સ્થળોએ ૧૨થી ૧૫ જૂન, ૧૮૫૭ની વચ્ચે આશરે ૩૦૦૦થી ૪૦૦૦ જેટલા સશસ્ત્ર મુસ્લિમો કોળી તથા ભીલ એકત્ર થયા. એમનો ઇરાદો ભરૂચ કબજે કરવાનો હતો. ભરૂચના મૅજિસ્ટ્રેટ ડેવિસને આની જાણ થતાં એણે તુર્ત જ વડોદરા ભરૂચ ખેડા વગેરેની સરકારી લશ્કરી ટુકડીઓને તાકીદ કરી. એ ટુકડીઓએ તાકીદનાં પગલાં લેતાં બંડખોરોને વીખરાઈ જવાની ફરજ પડી.[૪૭]

ભરૂચના રમખાણના પ્રત્યાઘાતરૂપે નાંદોદમાં ઑગસ્ટ, ૧૮૫૭માં સૈયદ મુરાદઅલીના નેતૃત્વ નીચે બંડ થયું. રાજપીપળાના રાજાએ રેવાકાંઠાના પૉલિટિકલ એજન્ટ બકલે તેમ જ ભરૂચના મૅજિસ્ટ્રેટ રોજર્સને રાજપીપળા તથા નાંદોદને બચાવવા તાત્કાલિક મદદ મોકલવા અપીલ કરી. બકલે દાહોદનો બળવો સમાવવામાં રોકાયેલ હોવાથી રોજર્સ પોતે થોડા તોપદળ પાયદળ તથા અશ્વદળ સાથે તુરત નાંદોદ પહોંચ્યો; બળવાખોરો પરાજિત થતાં નાસી ગયા. આ પછી રાજપીપળામાં સીબન્દીઓએ બંડ પોકારતાં બકલેએ એને સખત હાથે દાબી દીધો.[૪૮]

## સૂંથનું બંડ

ગુજરાતનાં નાનાંમોટાં રાજ્યોએ આ સમય દરમ્યાન ગુજરાતમાં 'વિલાયતી' (વિદેશી) તરીકે જાણીતા થયેલા આરબ કાબુલી સિંધી અને મકરાણીઓને પોતાના લશ્કરમાં સિપાઈઓ તરીકે રાખ્યા હતા. રેવાકાંઠામાં આવેલા નાનકડા રાજ્ય સૂંથ(સંત)ના મહારાણા ભાવસિંહજી, જે બ્રિટિશ તરફી હતા, તેમના લશ્કરમાંના વિલાયતી સિપાઈઓએ પોતાના ચડેલ પગાર વસૂલ કરવાના બહાને જમાદાર મુસ્તફાખાનના નેતૃત્વ તળે જુલાઈના અંતમાં બંડ પોકાર્યું. રાજાએ પોતાનાં થોડાં ઘરેણાં બૅન્કરને ત્યાં ગીરે મૂકીને મુસ્તફાને થોડી રકમ ચૂકવી તોપણ એનો ઘેરાવો ચાલુ રાખતાં રાજાએ કૅપ્ટન બકલેને પોતાને તુરત જ લશ્કરી સહાય મોકલવા વિનંતી કરી. બકલેની સૂચનાથી લશ્કરી અધિકારી આલ્બન લશ્કરી ટુકડી સાથે ૧૭૫૭ના ઑગસ્ટના બીજા સપ્તાહમાં સૂંથ પહોંચ્યો. મુસ્તફાખાને સશસ્ત્ર સામનો કર્યો, પરંતુ આલ્બનની ગોળીથી એ માર્યો ગયો. એના અમુક માણસોને મારી નાખવામાં આવ્યા, જ્યારે બાકીના નાસી છૂટ્યા,[૪૯] છતાંયે એમનાં બંડો છેક ૧૮૫૮ના અંત સુધી ચાલુ રહ્યાં.

## વડોદરામાં ગુપ્ત આયોજન

વડોદરાના ગાયકવાડ મહારાજા ખંડેરાવ બ્રિટિશ સરકાર તરફી હોવાથી એને ઉથલાવવાનાં કાવતરાં થતાં રહ્યાં. ગાયકવાડને પદભ્રષ્ટ કરવાનું અને વડોદરાના અંગ્રેજ અધિકારીઓની હત્યા કરવાનું એક છૂપું કાવતરું કેટલાક સિપાઈઓ મારફત કરવામાં આવ્યું. એનો આગેવાન રામનારાયણ નામે સિપાઈ હતો. ખાનપુર ભાદરવા તથા પ્રતાપપુરના ઠાકોરોએ આ કાવતરાને ટેકો આપ્યો,[૫૦] પરંતુ એક બંડખોરે આ આયોજનની સરકારને જાણ કરી દેતાં આગેવાનોને પકડી લેવામાં આવ્યા. રામનારાયણ, ભાદરવા દરબાર અને બીજા થોડાએકને તોપને ગોળે ઉડાવી દેવામાં આવ્યા.[૫૧]

## તાત્યાનું આગમન અને વડોદરામાં હલચલ

તાત્યા ટોપેએ ૧ લી ડિસેમ્બર, ૧૮૫૮ના રોજ વડોદરાથી ૮૦ કિ. મી.ના અંતરે આવેલ છોટાઉદેપુર શહેર કબજે કર્યું. એ પછી તુરત જ તાત્યા ટોપેએ ગુજરાતમાં વિપ્લવકારીઓને સાથ આપવાની અપીલ કરતો સંદેશો ગાયકવાડને મોકલ્યો. ગાયકવાડે આની જાણ બ્રિટિશ અધિકારીઓને કરતાં તેઓએ વડોદરા-છોટાઉદેપુર માર્ગ પર તાત્કાલિક લશ્કરી ટુકડીઓ ગોઠવી દીધી. દરમ્યાનમાં તાત્યાનો છોટાઉદેપુર પાસેની લડાઈમાં માર્કને હાથે પરાજય થતાં એને પ્રથમ પંચમહાલ અને બાદમાં રજપૂતાના પ્રતિ નાસી જવું પડ્યું. પરિણામે વડોદરામાં વિપ્લવની હલચલ બંધ થઈ ગઈ.[૫૨]

## ગુજરાતમાં નિઃશસ્ત્રીકરણ

૧૮૫૭ના વર્ષ દરમ્યાન ઉત્તર ભારતના જુદા જુદા વિસ્તારોમાં વિપ્લવ ઝડપથી ફેલાયો. ગુજરાત અને મહારાષ્ટ્રમાં બંડ ફેલાતાં અટકાવવા સરકારે મુંબઈ ઇલાકાના અન્ય પ્રદેશો સાથે ગુજરાતમાં પણ નિઃશસ્ત્રીકરણનો અમલ કરવાનું વિચાર્યું.

ગુજરાતના મુખ્ય અધિકારીઓના પ્રતિકૂળ અભિપ્રાયો છતાંય મુંબઈ સરકારે ગુજરાતમાં પણ નિઃશસ્ત્રીકરણનો અમલ કરવાનો નિર્ણય કર્યો, પરંતુ એણે આમાં ગાયકવાડ કચ્છ તથા કાઠિયાવાડના વિસ્તારો સહિત ગુજરાતના અન્ય પ્રદેશોના રાજાઓ અને ઠાકોરોના પ્રદેશોને પણ સમાવી લેવાનું ઠરાવ્યું. શેક્સપિયરને ગુજરાતના પોલિટિકલ કમિશનરનો હોદ્દો આપીને એને આ બાબતની સર્વ સત્તા આપી.[૫૩]

ફેબ્રુઆરી, ૧૮૫૮ માં ગુજરાતમાં નિઃશસ્ત્રીકરણના અમલનો પ્રારંભ થયો. માર્ચ, ૧૮૫૮ સુધીમાં વડોદરા અને એની આસપાસના ગાયકવાડના પ્રદેશો, ધરમ-

પુર વાંસદા સચીન દમણ વગેરે સહિત સુરત જિલ્લાના વિસ્તારો, ભરૂચ અને એની આસપાસના તાલુકા અને ગામડાં, અમદાવાદ દહેગામ બીજાપુર કડી પાટણ રેવાકાંઠાનું વાડાશિનોર ખંભાત તથા એની આસપાસનાં ગામડાં વગેરેમાં એક માસના સમયમાં નિઃશસ્ત્રીકરણના પગલાનો અમલ થયો, પરંતુ પંચમહાલ ખેડા અને મહીકાંઠાના કેટલાક પ્રદેશો અને ગામડાંઓના લોકો અને ઠાકોરોએ સરકારના આ પગલાનો તીવ્ર વિરોધ કરીને પોતાનાં હથિયાર સોંપવાનો ઇન્કાર કર્યો. મહી નદીનાં કોતરોમાં આવેલા પ્રતાપપુરા તથા અંગર ગામોનો સરકારી દળોએ નાશ કરીને, એમના રહેવાસીઓને મેદાનમાં વસાવેલાં નવાં ગામોમાં રહેવાની ફરજ પાડી. શેકસપિયરની સૂચનાથી સરકારી અધિકારીઓએ ખેડા જિલ્લાના મેવાસી (તોફાની) ગામોમાં પણ સખ્તાઈથી તથા રાસ્તી (શાંત) ગામોમાં પ્રમાણમાં નરમાશથી નિઃશસ્ત્રીકરણનો અમલ કર્યો.[૫૪] નિઃશસ્ત્રીકરણના સરકારી પગલાનો સૌથી ઉગ્ર વિરોધ મહીકાંઠાના ઠાકોરો અને કોળીઓએ કર્યો, આથી શેકસપિયરે ઈડરના લશ્કરની સહાયથી કબજો લેવાની સાદરાના રાજાને ધમકી આપતાં એ તુરત જ તાબે થયો અને પોતાના વિસ્તારમાં રાજાએ નિઃશસ્ત્રીકરણનો અમલ કર્યો. એ પછી તોપદળ પાયદળ તથા હયદળની ટુકડીઓને મહીકાંઠાના વિરોધ કરતા ઠાકોરોના પ્રદેશોમાં મોકલવામાં આવતાં, તેઓ પણ તાબે થયા અને તેઓએ પોતાનાં હથિયાર સરકારને સુપરત કર્યાં.[૫૫] આમ કટોસણ કલોલ માણસા પેથાપુર વરસોડા ડાભા વગેરેના ઠાકોરોએ સરકારના ભારે લશ્કરી દબાણ નીચે પોતાનાં ગામડાંઓમાં નિઃશસ્ત્રીકરણ કર્યું. ગાયકવાડના વીજાપુર વીસનગર ખેરાળુ કલોલ અને કડી તાલુકા તથા એમનાં ગામડાંને પણ નિઃશસ્ત્રી કરવામાં આવ્યાં. આમ ગુજરાતના જુદા જુદા જિલ્લાઓ પ્રદેશો તેમ ગામડાંઓ વગેરેમાંથી સરકારે ભારે ધાકધમકી અને જુલ્મથી ૧૬૦ તોપો, ૨૧,૦૩૬ બંદૂકો, ૧,૧૮,૭૭૯ તલવારો તથા ૩,૦૬,૯૭૨ અન્ય હથિયાર જપ્ત કર્યાં.[૫૬]

વિજાપુર તાલુકાના કનારિયા ગામે તથા ગાયકવાડના તાબાના દુબારા ગામે પોતાનાં શસ્ત્ર સોંપવાનો ઇન્કાર કર્યો, આથી શેકસપિયર અને વ્હાઇટલૉકની સૂચનાથી મેજર ગ્રાઈકાએ સરકારી ટુકડીઓ સાથે આ ગામો પર આક્રમણ કર્યું. ૪૦૦૦ જેટલા કોળીઓએ સરકારી દળોનો સખત સામનો કર્યો, પરંતુ તેઓ પરાજિત થઈને પોતાનાં સ્ત્રી-બાળકો સાથે પાસેની ટેકરીઓમાં જતા રહ્યા. મેજર ગ્રાઈકાએ બંને ગામોનો સંપૂર્ણ નાશ કર્યો. આ પ્રવૃત્તિની ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સંચાલક મંડળે સખત ટીકા કરી.[૫૭] બ્રિટિશ સંસદ સભ્ય વિલ્ધબીએ પણ આવા કૃત્યની સખત ટીકા કરી અને એને જંગલી ગણાવ્યું.[૫૮] આ જ કારણોસર પંચમહાલના પાલ, ખેડા

જિલ્લાના આનપુર, વિજાપુર તાલુકાનાં અણોદિયા અગલોદ વગેરે ગામોનો નાશ કરવામાં આવ્યો. ત્યાર બાદ ખંભાતના નવાબને પણ લશ્કરી ધાકધમકીથી એના રાજ્યમાં નિઃશસ્ત્રીકરણનો અમલ કરવાની ફરજ પાડવામાં આવી. શેકસપિયરનાં આ પગલાંની પણ વિદ્યબીએ ખૂબ આકરી ટીકા કરી.[૫૯]

## તાત્યા ટોપેનું ગુજરાતમાં આગમન અને એના પ્રત્યાઘાત

તાત્યા ટોપેએ દખ્ખણ તથા ગુજરાતમાં વિપ્લવ ચાલુ રાખવા માટે દખ્ખણ તથા ગુજરાતમાં કૂચ કરવાનો નિર્ણય લીધો. બ્રિટિશ સરકારને આની જાણ થતાં એણે કોઈપણ ભોગે તાત્યાને નર્મદા નદી ઓળંગતો તથા દખ્ખણમાં પ્રવેશ કરતો અટકાવવા નિશ્ચય કર્યો, આથી અનુભવી લશ્કરી સેનાનીઓની ટુકડીઓ ચારે બાજુથી તાત્યાને ઘેરી વળી. તાત્યા ટોપે આશરે ચાર માસની કૂચ પછી ૨૫ મી ઑક્ટોબર, ૧૮૫૮ ના રોજ હોશિંગાબાદ પાસે પહોંચ્યો અને બ્રિટિશ લશ્કરોના બધા જ પ્રયત્ન નિષ્ફળ બનાવીને એણે ત્યાંની નર્મદા નદી ઓળંગી.[૬૦] ત્યાંથી એણે આશરે ૮૦૦૦ થી ૧૦,૦૦૦ના લશ્કર સાથે દખ્ખણ પહોંચવાના ઇરાદાથી નાગપુર પ્રતિ ઝડપી કૂચ કરી, પરંતુ ફરી બ્રિટિશ લશ્કરોથી ઘેરાઈ જતાં એને પાછા હઠવું પડ્યું અને બીજી વખત નર્મદા નદી પાર કરીને એણે પ્રથમ ગુજરાતમાં પહોંચવાનો અને વિગ્રહમાં ગાયકવાડની સહાય મેળવવાનો નિર્ણય લીધો.

તાત્યા ટોપે રાતદિવસ ખૂબ જ ઝડપી આગેકૂચ કરીને પોતાનાં આશરે ૪૦૦૦ માણસો સાથે નર્મદા નદી તરી જઈને ૩૦ મી નવેમ્બર, ૧૮૫૮ ના રોજ ગુજરાતના ચીખલી ગામે પહોંચ્યો. ત્યાંથી ૧ લી ડિસેમ્બર, ૧૮૫૮ ના રોજ વહેલી સવારે એ છોટાઉદેપુર પહોંચ્યો. ત્યાંના રાજાના સૈનિકો એની સાથે જોડાઈ ગયા. છોટાઉદેપુરથી વડોદરા માત્ર ૫૦ માઈલ દૂર હતું. તાત્યાએ પોતાનાં આશરે ૪૦૦૦ માણસો સાથે છોટાઉદેપુરથી વડોદરા પ્રતિ કૂચ કરવાની તૈયારી કરી તેવામાં જ બ્રિગેડિયર પાર્કની બ્રિટિશ સેનાએ ઓચિંતા આવી એને ઘેરી લીધો. બંને વચ્ચેની સખત લડાઈને અંતે તાત્યાનો પરાજય થતાં એને પંચમહાલ બાજુ નાસી જવું પડ્યું.[૬૧]

એણે પંચમહાલનાં ગામો ગોધરા કાલોલ હાલોલ દેવગઢબારિયા દાહોદ ઝાલોદ લીંબડી વગેરેમાંથી સારા પ્રમાણમાં માણસો પૈસા અને શસ્ત્રો એકત્રિત કર્યાં. મહીકાંઠા ખેડા તથા પંચમહાલના તાલુકાદારોએ સુરત તથા ભરૂચથી આવતાં બ્રિટિશ દળોને આશરે એક સપ્તાહ સુધી મહી પાર કરતાં રોક્યાં. આ દરમ્યાન તાત્યા ટોપેએ નડિયાદના બિહારીદાસ દેસાઈને ત્યાં છુપાઈને એ વિસ્તારના લોકો તથા ઠાકોરોને બ્રિટિશ સરકાર સામે સારી રીતે ઉશ્કેરી ઉત્તેજિત કર્યા.[૬૨] બ્રિટિશ

દળોએ તાત્યા ટોપે પર હલ્લો કરતાં તાત્યાએ એમનો એક સપ્તાહ સુધી સખત સામનો કર્યો, પરંતુ છેવટે પરાજિત થતાં તાત્યા ૧૬ મી ડિસેમ્બરની આસપાસ પાસેના વાંસવાડાનાં જંગલોમાં નાસી ગયો.[૬૩]

તાત્યા ટોપેએ ગુજરાતમાં ફરી પ્રવેશવા નિષ્ફળ પ્રયાસ કર્યો. જંગલોમાં બ્રિટિશ દળોએ એને બધી બાજુએથી ઘેરી લીધો. આમાંથી છટકીને તાત્યા ટોપે ઉત્તર ગુજરાતના ડીસા શહેરથી ૮૦ કિ.મી. દૂર આવેલ એક ગામમાં ૨૩ મી ફેબ્રુઆરી, ૧૮૫૯ ના રોજ પહોંચ્યો. બ્રિટિશ દળોને તાબડતોબ રવાના કરવામાં આવ્યાં. તાત્યાએ બ્રિટિશ દળોને અંતિમ લડાઈ આપી તેમાં પરાજિત થતાં એ પેરોનના જંગલમાં નરવરના ઠાકોર માનસિંહના આશ્રયે ગયો. એવું કહેવાય છે કે માનસિંહે દગો કરીને ભરઊંઘમાં પડેલા તાત્યાને ૭ મી એપ્રિલ, ૧૮૫૯ ની મધ્યરાત્રિએ કેપ્ટન મીડની લશ્કરી ટુકડી પાસે પકડાવી દીધો. સરકારી સાધનો પછી જણાવે છે કે તાત્યાને સિપ્રી (મધ્યપ્રદેશ) લાવીને એના પર લશ્કરી અદાલતમાં મુકદ્દમો ચલાવીને એને ૧૮ એપ્રિલ, ૧૮૫૯ ના રોજ ફાંસી આપવામાં આવી;[૬૪] જો કે આ બાબત હજુયે વિવાદાસ્પદ રહી છે.

## ઓખામાં વાઘેરોનો વિગ્રહ

દ્વારકા અને ઓખા પ્રદેશના વાઘેરો સ્વાતંત્ર્ય–પ્રેમી હતા. તેઓ ગાયકવાડ અને બ્રિટિશ સરકાર સામે છેક ૧૮૨૦ થી બંડ કરતા રહ્યા. એમના નેતાઓમાં જોધા માણેક અને એનો ભત્રીજો મૂળુ માણેક મુખ્ય હતા. ૧૮૫૭ નો વિપ્લવ થતાં પેટા જાતિઓના આગેવાનો એક થઈ ગયા અને તેઓએ જોધા માણેકના નેતૃત્વ તળે ગાયકવાડ તથા બ્રિટિશ સરકાર સામે બંડ પોકારીને ૧૮૫૮ ના ઑગસ્ટ સુધીમાં ઓખા તેમ જ દ્વારકાની આસપાસના કેટલાક પ્રદેશો પર ફરી પોતાનો કબજો જમાવી દીધો અને ઑગસ્ટ ૧૮૫૯ સુધીમાં ઓખા બેટ તથા દ્વારકાનો પણ મૂળુ માણેકે કબજો લીધો. વિગ્રહકારોએ ઓખા મંડળમાંથી ગાયકવાડ તથા બ્રિટિશ શાસનને નાબૂદ કરી નાખ્યું.[૬૫]

ગાયકવાડે વાઘેરો પાસેથી પોતાના પ્રદેશ પાછા મેળવવા બ્રિટિશ લશ્કરી સહાયની માગણી કરી. આ અનુસાર કર્નલ ડોનોવાનની નેતાગીરી તળેનાં બ્રિટિશ તથા ગાયકવાડી દળોએ બેટ તથા દ્વારકા પર ઑકટોબર ૧૮૫૯ માં જમીન તથા દરિયાઈ માર્ગે આક્રમણ કર્યાં. વિગ્રહકારો છેવટે બેટ ખાલી કરીને દ્વારકા જતા રહ્યા. ડોનોવાનના આદેશથી એની ટુકડીએ કિલ્લાને જમીનદોસ્ત કરીને, બેટનાં મંદિરો તોડી નાખીને આશરે ત્યાંનું ચાર લાખનું ઝવેરાત લૂંટી લીધું[૬૬]. પછી બ્રિટિશ અને ગાયકવાડી સેના દ્વારકા પર હલ્લો લઈ ગઈ. ત્યાં પણ અંદરના વિગ્રહકારો

છેવટે પરાજિત થયા અને તેઓ નાસીને ગીરનાં તથા બરડાનાં જંગલોમાં વેરવિખેર થઈ ગયા. ડોનોવાનના આદેશથી દ્વારકામાં પણ બ્રિટિશ દળોએ મંદિરો તોડી પાડયાં તથા ત્યાંનું ઝવેરાત લૂંટી લીધું.[૬૭]

ડોનોવાનનાં આવાં કૃત્યો સામે ઓખામંડળ કચ્છ તથા કાઠિયાવાડનાં રાજાઓ મહાજનો અને લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો. કચ્છના રાવ, જામનગરના જામ તથા પોરબંદરના રાણાએ કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ એ. કે. ક્રોબર્સ પર ડોનોવાનનાં કૃત્યો સામે સખત વિરોધ વ્યક્ત કરતા પત્રો લખ્યા. કચ્છ કાઠિયાવાડ વગેરે પ્રદેશોનાં ઘણાં મહાજનોએ પણ આવા પ્રકારના વિરોધી પત્ર સરકારને લખ્યા.[૬૮] રૌબર્સે પણ પોતાની વિરોધ નોંધ સાથે પત્રો વડોદરાના કમિશનર મેજર વોલેસને મોકલ્યા. એણે ડોનોવાનના આ કૃત્ય પ્રત્યે સખત નાપસંદગી વ્યક્ત કરતો તથા રાજાઓ અને મહાજનોની માગણી અનુસાર મંદિરો ફરી બંધાવી આપવા બાબતનો લાંબો પત્ર હિંદ સરકારના મંત્રીને તથા મુંબઈ સરકારના મંત્રીને લખ્યો.[૬૯] એના જવાબમાં મુંબઈ સરકારના સચિવ એન્ડર્સને ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૫૯ના રોજ કચ્છના ઉપ-પોલિટિકલ એજન્ટ પરના એક પત્રમાં સરકાર વતી રાજાઓ મહાજનો અને લોકો સમક્ષ દિલગીરી વ્યક્ત કરવાનું જણાવ્યું તથા તાત્કાલિક મંદિરો ફરી બંધાવવા તેમજ મિલકત તથા ઝવેરાત પરત કરવા આદેશ આપ્યો.[૭૦]

જોધા માણેકના નેતૃત્વ તળે વાઘેરોએ ગીરનાં જંગલોમાંથી બ્રિટિશ સરકાર સામેની લડત ચાલુ રાખી. થોડા સમય બાદ જોધા માણેકનું મૃત્યુ થતાં એના ભત્રીજાઓ મૂળુ માણેક અને દેવા માણેકની નેતાગીરી નીચે વાઘેરોએ છેક ૧૮૬૭ સુધી બ્રિટિશ સરકાર અને ગાયકવાડ સામે વિગ્રહ ચાલુ રાખ્યો. છેવટે સરકારે વાઘેરોના મોટા ભાગને એમની જમીનો ઓખામંડળમાં પાછી આપી મનાવી લીધા.[૭૧]

## અમુક વિપ્લવકાર નેતાઓના ગુજરાતમાં અંતિમ દિવસ

૧૮૫૭ના વિપ્લવના અમુક મુખ્ય નેતાઓએ—ખાસ કરીને નાના સાહેબ પેશવા, તાત્યા ટોપે અને લિયાકતઅલી અલાહાબાદીએ પોતાનાં અંતિમ વર્ષ ગુજરાતમાં પસાર કર્યાં હોવાનું મનાય છે. અલબત્ત, નાના સાહેબ પેશવા અને તાત્યા ટોપેના ગુજરાતના વસવાટ બાબત માત્ર સાંયોગિક પુરાવા છે, દસ્તાવેજી પુરાવા નથી, જ્યારે લિયાકતઅલી સચીન(તા. ચોર્યાસી, જિ. સુરત)ના નવાબના આશ્રયે રહ્યો હતો એના દસ્તાવેજી પુરાવા પણ મળે છે. નેતા નાના સાહેબ પેશવાના એક મંત્રી રંગો બાપુજી પણ નર્મદા કિનારે વસ્યા હોવાની લોકવાયકા છે.

## નાના સાહેબનો શિહોરમાં વસવાટ

એ હવે ઐતિહાસિક બાબત મનાય છે કે નેપાળની સરકારે હિંદ સરકારને અહેવાલ મોકલ્યા પ્રમાણે નાના સાહેબ પેશવા ૧૮૫૯ માં નેપાલના તરાઈના જંગલમાં અવસાન પામ્યા ન હતા. વાસ્તવમાં ૧૮૫૯ માં તરાઈના જંગલમાં નાના સાહેબ પેશવાના ભાઈ બાલારાવ પેશવાનું અવસાન થયું હતું અને નાના સાહેબ ત્યાંથી છટકીને અન્ય સ્થળે જતા રહ્યા હતા. હિંદ સરકારે ૧૮૬૧ થી ૧૮૭૫ની વચ્ચે નાના સાહેબ હોવાની મનાતી એવી કેટલીક વ્યક્તિઓની ધરપકડ કરી હતી. આ હકીકત સૂચવે છે કે સરકારને પણ નાના સાહેબ જીવિત હોવાની શંકા હતી.

નાના સાહેબે પોતાના જીવનનાં અંતિમ વર્ષ ગુજરાતમાં શિહોર (સૌરાષ્ટ્ર નજીક ગાળ્યાં હોવાનું કહેવાય છે.* નાના સાહેબ નેપાલથી શિહોર કઈ રીતે પહોંચ્યા એને લગતી જુદી જુદી હકીકતો રજૂ કરાઈ છે.[૭૨] નાના સાહેબ પેશવા દયાનંદ સ્વામીનું બનાવટી નામ ધારણ કરીને શિહોરથી આશરે ૧.૫ થી ૨ કિ. મી. દૂર આવેલ ગૌતમેશ્વર નામના સ્થળે વસ્યા હોવાનું કહેવાય છે. ગૌતમેશ્વરના મંદિરની બાજુમાં જ જંગલમાં આવેલી મોટી ગુફામાં નાના સાહેબ રહ્યા હોવાનું મનાય છે. દયાનંદ નાના સાહેબ હોવા વિશેની હકીકત એની સેવા કરતા અને એની અવારનવાર મુલાકાત લેતી અમુક સ્થાનિક વૃદ્ધ વ્યક્તિઓ તરફથી રજૂ કરવામાં આવી છે. દયાનંદની છેલ્લાં પાંચ વર્ષોથી રસોઈ કરતી જડીબેન નામની સ્ત્રીએ સ્થાનિક મૅજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન કર્યું હતું કે એમના અવસાન પહેલાં દયાનંદે પોતે નાના સાહેબ પેશવા હોવાનું મને જણાવેલ, પરંતુ આ હકીકત દયાનંદે એ બાઈને છૂપી રાખવા જણાવેલ અને હિંદને સ્વાતંત્ર્ય મળ્યા બાદ બાઈએ આ હકીકત જાહેરમાં મૂકી. દયાનંદની રીતભાત રાજવંશી હતી

* નાના સાહેબે નેપાલથી છાનામાના પલાયન થઈ ગુપ્તવેશે અને અન્ય નામે નૈમિષારણ્ય (ઉ. પ્ર.), ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોમાં શેષ જીવન વીતાવ્યું હોવાની ભિન્ન-ભિન્ન અનુશ્રુતિઓ પ્રચલિત છે. ગુજરાતમાં મોરબી (જિ. રાજકોટ), ભૂજ, દ્વારકા–બેટ (જિ. જામનગર), શિહોર (જિ. ભાવનગર), ચાંદોદ (જિ. વડોદરા) વગેરે સ્થળો નાનાસાહેબનું અંતિમ નિવાસસ્થાન હોવાનો દાવો કરે છે. (જુઓ ઉ. પ્રે. શાહ, 'નાનાસાહેબ પેશ્વાની ઉત્તરાવસ્થા,' "સ્વાધ્યાય," પુ. ૫, પૃ. ૨૯૨–૨૯૬; દિનકર પી. મહેતા, 'નાના સાહેબ પેશ્વાનું મૃત્યુસ્થળ મોરબી'. "પથિક", વર્ષ ૮, અંક ૧૨, પૃ. ૫૦–૫૨; વિષ્ણુ પંડ્યા, 'નાના સાહેબ દ્વારકામાં રહેલા ?' "પથિક" વર્ષ ૧૧, અંક ૧૦. પૃ. ૨૫-૨૮; માનસંગજી બારડ. 'ભૂજ(કચ્છ)માં નાનાસાહેબ રહ્યા હતા', "પથિક", વર્ષ ૧૧, અંક ૬. પૃ. ૧૩ થી ૧૬ વગેરે.]–સં.

અને એ પેશવાની પ્રણાલિકાને બિલકુલ મળતી હતી. તેઓ પ્રતિવર્ષ બ્રાહ્મણ કન્યાને કન્યાદાન આપતા અને એ સમયે સોનાની મહોર વહેંચતા. એમની ગુફામાંની મુખ્ય બેઠક પેશવાના પુનાના શનિવારવાડાના મહેલની બેઠકને બરોબર મળતી હતી. દયાનંદ પાસે અવારનવાર જનાર વૃદ્ધ વ્યક્તિઓને આયુર્વેદ તથા પેશવા કુટુંબની ગુણગાથા ગાતાં પુસ્તક 'ગણેશશતક' અને અન્ય સાધનો દયાનંદ પાસેથી મળ્યાં હતાં. પેશવા નાના સાહેબ આયુર્વેદના ખૂબ શોખીન હતા એ જાણીતી હકીકત છે.[૭૩] દયાનંદ(નાના સાહેબ)નું સંવત ૧૯૫૯ શ્રાવણ સુદ ૧૧ ના રોજ (ઈ.સ. ૧૯૦૩ માં) શિહોરમાં અવસાન થયું હોવાનું કહેવાય છે. એમની ઇચ્છા મુજબ એમને ગુફા પાસેના બ્રહ્મકુંડ નજીક દાટવામાં આવેલ છે, જ્યાં આજે પણ એમની સમાધિ છે, પરંતુ દયાનંદ નાના સાહેબ હોવા વિશેની ઉપર્યુક્ત હકીકતને વધારે નક્કર પુરાવાની જરૂર રહે છે.

## તાત્યા ટોપેનો નવસારીમાં વસવાટ

૧૮ મી એપ્રિલ, ૧૮૫૯ ના રોજ સિપ્રી મુકામે જે વ્યક્તિને ફાંસી અપાઈ તે તાત્યા ટોપે ન હતો, પરંતુ એને મળતી બીજી વ્યક્તિ હતી એવું કેટલાંક સાધનોનું કથન છે. સિપ્રીથી નાસી ગયા બાદ તાત્યા ટોપે દક્ષિણ ગુજરાતમાં નવસારીમાંના દૂધિયા તળાવની વચ્ચે નૃસિંહ ટેકરી પરના મંદિરનાં વસ્યો હતો. તાત્યા માનસિંહનો વિશ્વાસ કરે તે શકય ન હતું. વળી મીડને પણ પકડાયેલ માણસ તાત્યા હોવા વિશેની શંકા જતાં એની પર લશ્કરી અદાલતમાં તાત્કાલિક કામ ચલાવી એને ફાંસી આપી. માનસિંહને દગા બદલ જે જાગીર આપવાની હતી તે સરકારે એને આપી નહિ. ૧૮૫૯ પછી સરકારે તાત્યા ટોપેની શોધ ચાલુ રાખી હતી અને એક પકડાયેલ વ્યક્તિને તાત્યા ટોપે માનીને ફાંસી આપી હતી.[૭૪] ૧૮૬૨ માં તાત્યાના ભાઈને વડોદરાના બ્રિટિશ રેસિડેન્ટે તાત્યાના હાલના વસવાટ વિશે પ્રશ્નો પૂછ્યા હતા, બ્રહ્માવર્તમાં વસતા તાત્યાના સગાંઓ એવું જણાવે છે કે ૧૮૬૦ બાદ તાત્યાએ અવારનવાર છૂપા વેશે એનાં માબાપની મુલાકાત લીધેલી અને તેઓને આર્થિક સહાય કરેલી.[૭૫]

એવું કહેવાય છે કે તાત્યા ટોપે ૧૮૬૨ ની આસપાસ ઉપર્યુક્ત સ્થળે ટહેલદાસ નામ ધારણ કરીને રહ્યો. એ ટહેલદાસ તાત્યા હોવા વિશેની કેટલીક દલીલો રજૂ કરવામાં આવી છે. ટહેલદાસ પોતાને મહારાષ્ટ્રના વતની દેશસ્થ બ્રાહ્મણ તરીકે ઓળખાવતો. તાત્યા પણ મહારાષ્ટ્રનો દેશસ્થ બ્રાહ્મણ હતો.[૭૬] 'તારીખે નવસારી'-માં ટહેલદાસ કારબાજી(મહારાષ્ટ્રનું એક ગામડું)નો વતની હોવાનું લખ્યું છે, જે તાત્યાને લાગુ પડે છે. ટહેલદાસ ભીલવાસના જંગલ પાસેના ગામ ગંગરોલની

અવારનવાર મુલાકાત લેતો કે જ્યાંથી તાત્યા બ્રિટિશ લશ્કરી દળોને થાપ આપીને છટકી ગયો હતો. ત્યાંથી રામચરણ નામે બ્રાહ્મણને એ નવસારી પોતાની સાથે લાવ્યો હતો, જે તાત્યાનો અનેક લડાઈઓનો સાથીદાર રામભાઉ હોવાનું મનાય છે.[૭૭] ટહેલદાસ ખૂબ સારો ઘોડેસવાર હતો. એનું યુદ્ધ અને શસ્ત્રોનું જ્ઞાન બહુ સારું હતું. એ મરાઠી ખુબ સારું બોલતો. હિંદી પણ સારું જાણતો તથા ગુજરાતી ભાંગ્યું તૂટયું બોલતો. એ બ્રાહ્મણોને જમાડતો તથા એમને સોનાની મહોરો આપતો. વળી ફ્રુક્ત લેગ નામના બ્રિટિશ લશ્કરી અધિકારીએ તાત્યા ટોપેને રૂબરૂમાં જોયેલ. એણે તાત્યાના શારીરિક બાંધા અને વર્ણનું કરેલ વર્ણન બરોબર ટહેલદાસના બાંધા અને વર્ણને મળતું આવે છે. આ ઉપરથી ટહેલદાસ તાત્યા હોવા વિશેની હકીકતને સમર્થન મળે છે. ગુજરાતમાં વિપ્લવ-કારીઓના ખાસ ટેકેદાર મલ્હારરાવ ગાયકવાડ નવસારીમાં ટહેલદાસને મળ્યા ત્યારે ટહેલદાસ સાથેની વાતચીત પરથી એમને ટહેલદાસ તાત્યા હોવાની પ્રતીતિ થઈ હતી. ટહેલદાસ સંવત ૧૮૭૧(ઈ.સ. ૧૮૧૪–૧૫)માં જન્મ્યો હતો, જે વર્ષે તાત્યાનો પણ જન્મ થયો હતો.[૭૮] આમ છતાં ટહેલદાસ તાત્યા હોવા વિશેની રજૂ થયેલ હકીકતને વધારે નક્કર આધારોની જરૂર ગણાય.

## મૌલવી લિયાકતઅલીનો સચીનમાં વસવાટ

૧૮૫૭ માં અલ્હાબાદના વિપ્લવનો મુખ્ય આગેવાન મૌલવી લિયાકતઅલી સચીનના નવાબને આશ્રયે રહ્યો હતો એના દસ્તાવેજી પુરાવા મળે છે. અલ્હાબાદ પર બ્રિટિશ સેનાએ આક્રમણ કરતાં એનો પરાજય થયો હતો અને એ પોતાની પત્ની સાથે નાસી છૂટયો હતો. જુદી જુદી જગ્યાએ છૂપા વેશે ફરતાં ફરતાં ગુજરાતમાં પ્રથમ એ નવસારી, બાદ તાજપોર(જિ. સુરત) અને છેવટે સચીન(જિ. સુરત)માં સ્થિર થયો હતો. નવાબે એની પ્રત્યે ખૂબ સારું વર્તન રાખ્યું તથા સચીનમાં એને મકાન બંધાવી આપ્યું, પરંતુ આખરે નવાબે બ્રિટિશ સરકારને મૌલવી સચીનમાં હોવા વિશેની માહિતી આપી, આથી મૌલવી તુરત જ સચીન છોડીને વડોદરા આવ્યો અને ત્યાંથી મક્કા હજ કરવા જવાના ઇરાદાથી મુંબઈ પહોંચ્યો, પરંતુ સરકારે એની ધરપકડ કરી. મૌલવી સરકાર વિરોધની કોઈ પ્રવૃત્તિમાં ભવિષ્યમાં ભાગ નહિ લે એવી એ ખાતરી આપે તો સરકારે એને મુક્ત કરવાની તૈયારી બતાવી. પણ મૌલવીએ આ શરત સ્વીકારવાનો ઇન્કાર કરતાં સરકારે એને આંદામાન દેશનિકાલ કર્યો, જ્યાં પછીથી એનું અવસાન થયું.[૭૯]

## રંગો બાપુજીનો નર્મદા કિનારે વસવાટ

એવું કહેવાય છે કે ડિસેમ્બર, ૧૮૫૭ માં સતારામાં વિપ્લવ નિષ્ફળ ગયા બાદ રંગો બાપુજી ત્યાંથી નાસીને સાધુના છૂપા વેશે વડોદરા આવ્યો. એ વડોદરામાં

બાપુજી વ્યંકટેશ ચીતવલે નામના મરાઠી ગૃહસ્થને મળ્યો. રંગો બાપુજીએ ગાયકવાડ ખંડેરાવને સુપરત કરવા માટેનો એક પત્ર ચીતવલેને આપ્યો,[૯૦] પરંતુ ખંડેરાવ બ્રિટિશ-તરફી હોવાથી એણે એ પત્ર વડોદરાના અંગ્રેજ રેસિડેન્ટને આપ્યો હોવાનું કહેવાય છે. આની રંગોજીને જાણ થતાં એ તુરત વડોદરાથી નાસીને નર્મદા-કિનારે ચાણોદની આસપાસ સાધુવેશે વસ્યો હોવાની તથા શેષ જીવન એણે ત્યાં પૂરું કર્યું હોવાની લોકવાયકા છે.

ઉપર્યુક્ત હકીકત સિદ્ધ કરે છે કે ગુજરાતે ૧૮૫૭ માં વિપ્લવમાં ગણનાપાત્ર ફાળો આપ્યો હતો તથા માણસ માલ-મિલકત વગેરેની ખુવારી મોટા પ્રમાણમાં વેઠી હતી, એટલું જ નહિ, પરંતુ વિપ્લવના મુખ્ય આગેવાનોને પણ ગુજરાતે આશ્રય આપ્યો હતો.

## પાદટીપ

૧. *Political Department (P.D.) Volume*, no. 1625 of 1844-45, Bombay Government, p. 70
૨. *Bombay Times* (Times of India), 7th sept, 1844
૩. *Bombay Gazetteer*, Vol. II, 1877, p. 167
૪. *Source Material of History of Freedom Movement*, Vol. I, pp. 17 f.
૫. *BG.*, Vol. I, Pt. I, p. 438
૬. *Ibid*, p. 439; *Bombay Times*, 17th July, 1857
૭. *Ibid.*, pp. 440 f; *P.D.* Vol. no. 41, 1857, p. 42
૮. *P D.*, Vol. no. 48 of 1857, p. 573
૯. *BG.*, Vol. I, Part I, 1896, p. 433
૧૦. *The Revolt in Central India*—1857-59, Indian Govt. Publication, p. 68
૧૧ *BG.*, Vol. I, Part I, p. 433
૧૨ *P.D.*, Vol. no. 60 of 1858, pp. 341-42
૧૩. Kaye, *A Sepoy War*, Vol, I, p. 632
૧૪. *P.D.*, Vol. no. 48 of 1857, p. 162
૧૫. S.N. Sen, *Eighteen Fifty-seven*, pp. 311-12
૧૬. *P.D*,, Vol. no. 46 of 1857, pp. 137-144
૧૭. *Ibid.*, Letter dated 31st July, 1857
૧૮. *P.D.*, Vol. no. 40 of 1857, pp. 578-79
૧૯. *BG.*, Vol. II, p. 157

૨૦. *P.D.*, Vol. no. 42 of 1857, pp. 161-62
૨૧. *BG.*, Vol. I, Part I, p. 438
૨૨. *Ibid.*, p. 439
૨૩-૨૪. *Ibid.*, pp. 440 f.
૨૫. *Ibid.*, pp. 443 f.
૨૬. *Ibid.*, *PD*, Vol. 51 of 1857, pp. 473-479
૨૭. *The Times of India*, 17th Octoter, 1857
૨૮. *P.D.*, Vol. 135 of 1857, pp. 123 f.
૨૯. *P.D.*, Vol. 51 of 1857, pp. 117-124
૩૦. *Ibid.*, pp. 133-140
૩૧. *Ibid.*, Vol. 50 of 1857, pp. 363-64
૩૨. *A Letter from Whitelock to Anderson*, no. 72, 7th July, 1858
૩૩. *Baroda Residency Records*, Vol. no. 418, Letter no. 180
૩૪. *Ibid.*, Vol. no. 418
૩૫. *Ibid.*, Vol. no. 417, letter 30th Aug., 1858
૩૬. *Ibid.*, no. 417., No. 769 of 1858, 8th October, 1858
૩૭. *Ibid*, no. 417; no. 4382 of 1858, 18th Dec., 1858
૩૮. *P.D.*, Vol. 46 of 1857, p. 474
૩૯. *P.D.*, Vol. 48 of 1857, p. 231
૪૦. *Ibid.*, Vol. no. 144 of 1857, pp. 189-191
૪૧. *Ibid.*, Vol. no. 146 of 1857, p. 139
૪૨. *Ibid*, Vol. no. 43 of 1857, pp. 201-204
૪૩. *Ibid*, Vol. no. 52 of 1857, pp. 171-173
૪૪. *BG.*, Vol. I, part I, pp. 445 f.
૪૫-૪૬ પુરુષોત્તમ છ. શાહ અને ચંદ્રકાંત શાહ (સંપા.) 'ચરોતર સર્વસંગ્રહ,' પૃ. ૯૯૮-૯૯
૪૭. *P.D.*, Vol. 41 of 1857, pp. 41-44
૪૮. *BG.*, Vol. II, 1877, p. 477
૪૯. *P.D.*, Vol. 48 of 1857, p. 394
૫૦-૫૧ *The Times of India*, 5th March, 1858
૫૨. *Baroda Residency Records* (BRR), no. 460 of 1858, pp. 231 f.
૫૩. *Political Correspondence* (PC), no. 1219 of 31st Oct., 1857
૫૪. *P.D.*, Vol. 54 of 1858, pp. 165 f.
૫૫. *PC.*, Letter dated 19th April, 1858
૫૬. R.K. Dharaiya, *Gujarat in 1857*, p. 151
૫૭. *Parliamentary Paper*, no. 402, letter no. 29, pp. 11 f.
૫૮-૫૯ *Ibid.*, pp. 1-10

૬૦. G.B., Malleson, *History of the Indian Mutiny*, Vol. III (1880), pp. 341–43

૬૧. *B.R. Records*, Vol. no. 460

૬૨. *BRR*; Vol. no. 460 of 1858, pp. 226 ff.

૬૩. પુ. છ. શાહ અને ચંદ્રકાંત શાહ, 'ચરોતર સર્વસંગ્રહ,' પૃ. ૮૯૪–૯૫

૬૪. *The Times of India*, 20th April, 1859

૬૫. *BG.*, Vol. III, 1884, p. 307, *BRR*, file no. 763, Aug., 1859

૬૬. *B.G.*, Vol. I, part I, 1896, pp. 447 f.

૬૭. *BRR.*, file no. 763

૬૮. *Ibid.*, Letters nos. 385 and 407, of 1859

૬૯. *Ibid.*, Letters no. 50 of 1859

૭૦. *Ibid.*, Letters no. 989 of 1859

૭૧. *BG.*, Vol. III (1889), p. 582

૭૨. R. K. Dharaiya, *The last days of Nana Saheb Peshwa in Gujarat', Journal of the Gujarat Research Society* Vol. XXX, no. 4/120, pp. 252 ff.

૭૩. *Ibid.*, R. K. Dharaiya, *Gujarat in 1857* pp. 132 ff.

૭૪–૭૫ एस हार्डीकर, अठारसो सत्तावनकी चिनगारियाँ, परिशिष्ट १

૭૬. Narayan, 1857, pp. 479 ff.

૭૭–૭૮ શેરાબજી મનચેરજી દેસાઈ, 'તવારીખે નવસારી', પૃ. ૩૬૦–૬૨

૭૯. ઈ. ઇ. દેસાઈ, 'સુરત સોનાની મૂરત', પૃ. ૨૮

૮૦. *BRR*, no. 52, Letter 18th April, 1859; V.G. Khobrekar, Disturbances in Gujarat (1857–1864), p. 87 (Baroda, 1962)

## પ્રકરણ ૫

# ગુજરાતમાંના બ્રિટિશ મુલકોનો રાજકીય ઇતિહાસ
## (૧૮૫૯-૧૯૧૪)

બ્રિટિશ હિંદનો પશ્ચિમી પ્રાંત-મુંબઈ ઇલાકો ચાર મહેસૂલી વિભાગો અને પચીસ જિલ્લાઓમાં વહેંચાયેલો હતો. મુંબઈ પ્રાંતનું માળખું ૧૮૦૩ થી ૧૮૨૭ વચ્ચેના સમયમાં ઘડાયું હતું, જે છેવટ સુધી ચાલુ રહ્યું હતું. એમાં જે પહેલો મહેસૂલી વિભાગ સંગઠન પામ્યો તે ગુજરાતનો હતો.[1] ગુજરાતનો કેટલોક પ્રદેશ ૧૮૦૫ માં મુંબઈની અંગ્રેજ કંપની સરકારે લીધો અને ૧૮૧૮ માં એનો પ્રદેશવિસ્તાર વધારવામાં આવ્યો. આ સમયે વડોદરાનું ગાયકવાડનું રાજ્ય બ્રિટિશ રક્ષણ નીચે હતું. ગુજરાતમાં પુણેના પેશવાના જે કંઈ પ્રદેશ હતા તે અંશતઃ કરારથી અને અંશતઃ લડાઈઓ કરીને કમ્પની સરકારે પ્રાપ્ત કરી લીધા. ગુજરાતના જિલ્લાઓની રચના બંગાળ પ્રાંતના જિલ્લાઓના ધોરણે કરવામાં આવી. કાઠિયાવાડ(સૌરાષ્ટ્ર)માં અંગ્રેજ સત્તાનો પ્રભાવ સ્થાપવા અને વધારવાનો ૧૮૦૭ માં આરંભ થયો. કાઠિયાવાડમાં ગાયકવાડની લહેણી ખંડણીઓ બાબતની સમસ્યાઓનું નિરાકરણ લાવવાના હેતુથી અને અરાજકતા દૂર કરવાના હેતુથી ૧૮૦૭-૧૮૦૮ માં "વૉકર સેટલમેન્ટ"[2] કરીને અને મહીકાંઠા વિભાગમાં પ્રશ્નોનું નિરાકરણ લાવવા ૧૮૨૦ માં પગલાં લેવામાં આવ્યાં. આ સંગઠનકાર્યમાં મુંબઈના ગવર્નર માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન-(૧૮૧૯-૨૭) નો ફાળો ઘણો મોટો હતો.

૧૮૨૭ થી ૧૮૫૨ સુધીમાં મુંબઈ પ્રાંતનો વિસ્તાર વધારવામાં આવ્યો. કેટલાંક દેશી રાજ્યો તથા એડન (૧૮૩૯), સિંધ (૧૮૪૭) અને સિંધિયા પાસેનો પંચમહાલ પ્રદેશ વહીવટ કરવા માટે ૧૮૫૩ માં દસ વર્ષ માટે લેવાયો.[3] ૧૮૫૭ પહેલાંના સમયમાં પ્રાંતમાં શિક્ષણ, સિંચાઈ, જાહેર આરોગ્ય, રેલવે વગેરે માટે થોડાં પગલાં લેવામાં આવ્યાં. જમીનની મોજણી અને માપણી કરવામાં આવી. જમીન-મહેસૂલ નક્કી કરાયું અને જમીન-મહેસૂલ પદ્ધતિને ૧૮૪૭ માં આખરી સ્વરૂપ આપવામાં આવ્યું. ખેતી-ક્ષેત્રની બાબતમાં ભાડા-મુક્તિના કિસ્સા જણાઈ આવતાં તપાસ માટે ઇનામ કમિશન નીમવામાં આવ્યું (૧૮૫૨). એની કામગીરીથી ખેતી-ઉદ્યોગમાં ઉગ્ર પ્રત્યાઘાત પડચા, હિતો ધરાવતા વર્ગોમાં ભારે અસંતોષ ફેલાયો અને એનું ઉગ્ર સ્વરૂપ ૧૮૫૭ માં દેશમાં થયેલા ઉદ્રેકમાં જોવામાં આવ્યું.

## ગુજરાતમાં ૧૮૫૭–૫૮ નો ઉદ્રેક

૧૮૫૭ માં હિંદી સિપાઈઓએ અંગ્રેજ સરકાર સામે કરેલા કહેવાતા બળવાના પ્રત્યાઘાત ઉત્તર ભારતમાં પડ્યા. ઘણાં સ્થળોએ આંદોલનો અને બંડ થયાં. આવા કપરા અને કટોકટીવાળા સમયમાં ગુજરાત ઘણે અંશે ઉદ્રેકની અસરોથી શાંત રહ્યું. અંગ્રેજ સરકાર સામે વિરોધો અને સામનો કરવાના કેટલાક બનાવ બન્યા હતા. એ તોફાનોને દાબી દેવા ઘણી કડકાઈ દાખવવામાં આવી હતી. ૧૮૫૮ માં ગુજરાતમાં લોકોને નિઃશસ્ત્ર કરવા જતાં ઘણી દમનનીતિ અને અત્યાચારોનો આશ્રય લેવાયો હતો.[૪]

આ સમયે ખંડેરાવ ગાયકવાડે બ્રિટિશ સરકાર પ્રત્યે વફાદારી રાખી રેસિડેન્ટને મદદ કરી હતી. ખંડેરાવ ગાયકવાડની વફાદારીનો બદલો બ્રિટિશ સરકારે એમને દત્તક લેવાની સનદ આપીને(માર્ચ ૧૧, ૧૮૬૨) તથા "હીઝ હાયનેસ ધ મહારાજા ઑફ બડોદા" એવું સંબોધન આપીને અને જી. સી. આઈ. નો ખિતાબ આપીને વાળ્યો હતો.[૫]

ગુજરાતનાં રમખાણોની વિશેષતા એ હતી કે અહીં પ્રાયઃ લોક–સમુદાયના અમુક વર્ગોએ રમખાણો જગાડી શાંતિ અને સલામતી ભયમાં મૂક્યાં હતાં.

૧૮૫૭ ના સિપાઈઓના કહેવાતા બળવાનું તથા અન્ય સ્થળોએ થયેલાં તોફાનો અને રમખાણોનું સીધું પરિણામ એ આવ્યું કે હિંદનો વહીવટ વેપારી ઇંગ્લિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી બ્રિટિશ તાજે ૧૮૫૮ માં એક ધારો પસાર કરીને લઈ લીધો. એ ધારામાં હિંદનો વહીવટ સુધારવા પોતે મુખ્ય સત્તા ધારણ કરી છે એવું જાહેરનામું રાણી વિકટોરિયાના નામથી બહાર પાડવામાં આવ્યું. હિંદના દેશી રાજાઓને સલામતી અને રક્ષણની બાંહેધરીઓ આપવામાં આવી હતી.

## ૧૮૫૮ પછી : રાજ્યવહીવટ

૧૮૫૭–૫૮ નાં ભારે અશાંતિ અને અજંપો દૂર કરીને બ્રિટિશ તાજ હેઠળ સ્થપાયેલી નવી અંગ્રેજ સરકારે કાયદો અને વ્યવસ્થા સ્થાપવા પ્રયત્નો આરંભ્યા, ગુજરાતના પ્રદેશો પર પણ વહીવટ કરવા પર ધ્યાન આપ્યું.

ગુજરાતનો વહીવટ બે ભાગમાં વહેંચાયેલો હતો. પહેલા ભાગમાં મોટી સંખ્યાનાં દેશી રજવાડાંઓ પર હળવા હાથે છતાં મજબૂત પકડ રાખી વહીવટ કરવાનો હતો, તો બીજા ભાગમાં પોતાના સીધા વહીવટ હેઠળની પ્રજા જે ફળદ્રુપ જિલ્લાઓમાં વસતી હતી તેમની પાસેથી એમની ધર્મશ્રદ્ધાઓ કે એમના ઉદ્યોગ–ધંધાઓમાં કારણ વિના દરમિયાનગીરી કર્યા વગર પૂરતા પ્રમાણમાં મહેસૂલ

વસૂલ લેવાનું કાર્ય અંગ્રેજ સરકારે કરવાનું હતું અને એ પ્રમાણે એ શરૂ કર્યું.[૬] સીધા વહીવટ હેઠળના બ્રિટિશ પ્રદેશ 'ખાલસા મુલક' તરીકે ઓળખાતા.

### દેશી રાજ્યો

મુંબઈ પ્રાંત(ઇલાકા)નાં દેશી રાજ્યો પરનો અંકુશ મુંબઈ સરકાર પોલિટિકલ એજન્ટ દ્વારા ધરાવતી. એજન્ટનાં સ્થાન અને ફરજો જુદાં જુદાં રાજ્યો પ્રમાણે જુદાં જુદાં રહેતાં. એનો આધાર આરંભના અને પછીના સમયમાં થયેલા કરારો, સમજૂતીઓ, સંધિઓ વગેરે પર તથા ૧૮૫૭ પછી અપાયેલ સનદો કે હક્કપત્રકો (patents) પર રહેતો. આમ છતાં ઘણી રીતે વણલખાયેલા કે નિર્દેશ વગરના અધિકારોનો ઉપયોગ એ પોતાની વિવેકબુદ્ધિથી કરતો.

### બ્રિટિશ પ્રદેશો (ખાલસા મુલકો)

મુંબઈ પ્રાંતનો વહીવટ ગવર્નર–ઇન–કાઉન્સિલ મારફતે થતો. કાઉન્સિલના પ્રમુખ તરીકે ગવર્નર રહેતો અને ઇન્ડિયન સિવિલ સર્વિસની બે વ્યક્તિઓ એના સભ્યો તરીકે કામ કરતી. આ બધાની નિમણૂક પાંચ વર્ષ માટે બ્રિટિશ તાજ તરફથી થતી. પ્રાંતના વહીવટનાં વિવિધ પ્રકારનાં ખાતાં કાઉન્સિલના સભ્યો વચ્ચે વહેંચવામાં આવતાં.

મુંબઈ પ્રાંતના સિંધ, ઉત્તરી, મધ્ય અને દક્ષિણી, એવા ચાર વિભાગ હતા. દરેક વિભાગ પર એક કમિશનર નીમવામાં આવતો. ઉત્તરી વિભાગમાં ગુજરાતના સીધા બ્રિટિશ વહીવટ હેઠળના અમદાવાદ ભરૂચ ખેડા પંચમહાલ સુરત અને થાણા જિલ્લાઓનો સમાવેશ થતો હતો. એ વિભાગનું વડું મથક અમદાવાદ ખાતે રાખવામાં આવ્યું હતું.[૭] ગુજરાતના આ પાંચ જિલ્લા બ્રિટિશ પ્રદેશ તરીકે ઓળખાતા. દરેક જિલ્લા પર કલેક્ટર(સમાહર્તા)ની નિમણૂક કરવામાં આવતી. જિલ્લાના પેટા વિભાગ એટલે કે તાલુકાને મામલતદારના તાબામાં મૂકવામાં આવતો. કલેક્ટરને વર્ષમાં ચારેક મહિના પોતાના જિલ્લાનો પ્રવાસ કરવો પડતો. એના ઉપરી તરીકે વિભાગીય કમિશનરો રહેતા, જે પોતાના વિભાગો પર સામાન્ય પ્રકારની દેખરેખ તથા મહેસૂલી વહીવટ પર અંકુશ રાખતા. ગામનું સ્વાતંત્ર્ય બ્રિટિશ શાસન શરૂ થતાં અગાઉ જે હતું તે બ્રિટિશ વહીવટ શરૂ થતાં હણાઈ ગયું.

### ૧૮૫૭ પછીના બનાવ

૧૮૫૭ના કહેવાતા લશ્કરી બળવા વખતે મુંબઈના ગવર્નર તરીકે લૉર્ડ એલ્ફિન્સ્ટન હતો. ઇનામ તપાસ પંચની કામગીરીના કારણે તથા ખાલસા સિદ્ધાંતના

અમલના કારણે મુંબઈ પ્રાંતમાં ઘણા જમીનદારો ચોંકી ઊઠયા હતા. આમ છતાં આખો પ્રાંત કહેવાતા બળવાની કટોકટી અને અન્યત્ર બનેલા બનાવોના પ્રત્યાઘાતની અસરમાંથી મુક્ત બની બહાર આવ્યો હતો.

## સુરતમાં આવકવેરા-વિરોધી આંદોલન, ૧૮૬૦

બ્રિટિશ સરકારે આવકવેરો દાખલ કર્યો એના વિરોધમાં સુરતના બુરહાનપુરી ભાગોળ(જે હાલ 'ભાગળ' નામથી ઓળખાય છે)ના ૨,૦૦૦ થી વધુ સંખ્યાના વેપારીઓએ ભેગા થઈ આવકવેરા-પત્રક નહિ ભરવાની અને જ્યાંસુધી આવકવેરો પાછો ખેંચી લેવામાં આવે નહિ ત્યાંસુધી દુકાનો બંધ રાખી હડતાલ પાડવાની જાહેરાત કરી હતી. ત્યારથી આવકવેરા-ધારા-વિરોધી આંદોલનનો આરંભ થયો (નવેમ્બર ૨૯, ૧૮૬૦). દુકાનો બંધ કરી રહેલા વેપારીઓની ધરપકડ કરવામાં આવી અને સુરતના મૅજિસ્ટ્રેટ પાસે લઈ જવામાં આવ્યા. ભેગા થયેલા ટોળા ઉપર છેવટે લાઠીમાર કરી એને વિખેરી નાખવામાં આવ્યું. શહેરના અન્ય ભાગોમાં પણ વિરોધ થયા હતા. આ બાબતમાં ૨૪ વ્યક્તિઓને ગુનેગાર ઠરાવી સખત મજૂરી સાથેની ૬ મહિનાની કેદની સજા કરવામાં આવી હતી.[૮]

## વસઈમાં આંદોલન, ૧૮૬૦

વસઈ, જે એ સમયે થાણા જિલ્લામાં હતું, ત્યાં પણ આવકવેરા સામે વિરોધ થયો હતો (ડિસેમ્બર ૫, ૧૮૬૦). મામલતદારની કચેરી સામે લગભગ ૪,૦૦૦ લોકો ભેગા થયા હતા અને સરકારે બજાવેલી નોટિસો અને ભરવાનાં પત્રક ફેંકી દીધાં હતાં. બધાંની આગેવાની ગોરધનદાસ શેઠે લીધી હતી. એમણે ડેપ્યુટી કલેક્ટર મિ. હન્ટરને હિંમતભર્યા જવાબ આપી, પ્રજાશક્તિનો પરચો કરાવી કાનૂનભંગ કરવા બદલ શિક્ષા ભોગવવાની તૈયારી બતાવી હતી.[૯]

## પંચમહાલ જિલ્લાની તબદીલી, ૧૮૬૧

ગ્વાલિયરના સિંધિયાના તાબામાં પંચમહાલ જિલ્લો તથા પાવાગઢ અને ચાંપાનેર શહેર હતાં. ગ્વાલિયરથી આ પ્રદેશોનો વહીવટ કરવાનું મુશ્કેલ હોવાથી સિંધિયાએ આ પ્રદેશોનો વહીવટ ૧૮૫૩ માં બ્રિટિશ સરકારને દસ વર્ષ માટે સોંપ્યો. દસ વર્ષની મુદતનો અંત આવે તે પહેલાં જ સિંધિયાએ ૧૮૬૧ માં આ પ્રદેશો બ્રિટિશ સરકારને તબદીલ કરી આપ્યા અને એના બદલામાં એ પ્રદેશ જેટલો જ વિસ્તાર, જે ઝાંસી પાસે આવેલો હતો તે, લીધો. પ્રદેશોની આવી અદલાબદલીથી પંચમહાલને ફાયદો થયો. ૧૮૬૧ પછી જિલ્લામાં બધે મેટલ્વાળા માર્ગ બનાવાયા, બ્રિટિશ પદ્ધતિની મહેસૂલ અને ન્યાયવ્યવસ્થા સ્થપાઈ, શાળાઓ અને દવાખાનાં

પણ શરૂ કરાયાં, મુંબઈ તથા અન્ય સ્થળો સાથે ગોધરા–દાહોદના રેલવે–માર્ગો બંધાતાં, વ્યવહાર સ્થપાયો. એ પછી રતલામ અને અન્ય સ્થળો સાથે પણ રેલવે-વ્યવહાર સ્થપાયો હતો.

૧૮૫૭ પછીના સમયમાં મુંબઈ પ્રાંતમાં શિક્ષણ, રેલવે અને રૂના ઉદ્યોગમાં ભારે પ્રગતિ થઈ હતી. એમાં પણ રૂનો ઉદ્યોગ મહત્ત્વપૂર્ણ ઉદ્યોગ બની રહ્યો. ૧૮૬૦ માં શ્રી. રણછોડલાલ છોટાલાલે અમદાવાદમાં પહેલી કાપડ–સૂતરની મિલ બાંધી. મુંબઈના ગવર્નર સર બાર્ટલ ફ્રેરે(૧૮૬૨–૬૭)ના સમયમાં ખેતી–ક્ષેત્રમાં વિકાસ ચરમ સીમાએ પહોંચ્યો હતો.

## અમેરિકાના આંતરવિગ્રહની અસરો

૧૮૬૧ માં અમેરિકામાં ઉત્તર અને દક્ષિણનાં રાજ્યો વચ્ચે આંતરવિગ્રહ શરૂ થયો. હિંદમાં વેપારઉદ્યોગ પર એની ભારે અસર થઈ. દક્ષિણ અમેરિકાનાં રાજ્યોમાંથી રૂના પુરવઠાની જે નિકાસ યુરોપના દેશોમાં થતી હતી તે બંધ થઈ જતાં, હિંદના રૂની માંગ યુરોપમાં વધી પડી. વધુ મૂડી વધવાને કારણે રૂનું વાયદા બજાર પણ ભરબજારમાં ફાલ્યું. વધુમાં, ૧૮૬૦ અને ૧૮૬૪ દરમ્યાન બી. બી. એન્ડ સી. આઈ.(બોમ્બે બરોડા એન્ડ સેન્ટ્રલ ઇન્ડિયા) રેલવે શરૂ થતાં માલની અવરજવરમાં વધુ સુગમતા પ્રાપ્ત થઈ. રેલવે–માર્ગે રૂનો પુરવઠો મુંબઈ પહોંચતો અને ત્યાંથી દરિયાઈ માર્ગે એની નિકાસ યુરોપમાં થતી. રૂ ઉગાડતા જિલ્લાઓને આના કારણે ઘણો ફાયદો થયો. ૧૮૬૪–૬૫ દરમ્યાન શેરબજાર ખૂબ ગરમ બન્યું, રૂનું ઉત્પાદન વધ્યું અને દેશમાં સમૃદ્ધિ પણ વધી. સટ્ટા–બજારો અને અન્ય ધંધા પણ પૂરબહારમાં ખીલી ઊઠ્યા, પરંતુ આ કૃત્રિમ સમૃદ્ધિ અલ્પજીવી નીવડી. આંતરવિગ્રહ બંધ પડતાં શેરોના બજારમાં ભારે કડાકો બોલાયો, ઘણાં ગુજરાતી ઉચ્ચ વેપારી કુટુંબ એમાં તારાજ થઈ ગયાં! વેપારમાં દરિયાઈ નિકાસ પર પણ અસર પડી. આ સમય દરમ્યાન આગ અને પાણીનાં પૂર જેવી કુદરતી આફતો આવી છતાં મુંબઈ પ્રાંતના જિલ્લાઓમાં વિકાસક્રમ અને સમૃદ્ધિ ધીમી ગતિએ ચાલુ રહ્યાં. ગુજરાત પર આ આંતરવિગ્રહની સારીનરસી અસરો થઈ હતી.

## કાઠિયાવાડના સાત વર્ગ

૧૮૬૩ માં કર્નલ કિંટિંજે કાઠિયાવાડનાં દેશી રજવાડાંઓના સાત વર્ગો કરી એઓને પોતાના દરજ્જા પ્રમાણે દીવાની અને ફોજદારી ન્યાય કરવાના અધિકાર આપ્યા.

## પંચમહાલમાં તોફાન, ૧૮૬૮

પંચમહાલ જિલ્લામાં જાંબુઘોડા પાસે આવેલા વાડકના જોરિયા નામના એક નાયકડાએ પોતે ઈશ્વર છે અને ચમત્કારો કરી શકે છે એવો દંભ કર્યો અને લોકો પર ઊંડી છાપ પાડી, આથી એના અનુયાયીઓનું એક મોટું જૂથ ઊભું થયું. એ જૂથમાં દાંડિયાપુરાનો નાનો જમીનદાર રૂપસિંગ આગળ થયો. જોરિયાએ અને રૂપસિંગે વાડકમાં રાજા જેવી સત્તા જમાવી અને આવતા જતા માલ પર લાગો (મહેસૂલ) લેવાનું શરૂ કર્યું. ધર્મવેરો પણ લેવા માંડયો. શરૂઆતમાં સ્થાનિક અધિકારીઓએ આ બાબતની અવગણના કરી, આથી આ નાયકડા પ્રોત્સાહિત બન્યા અને તેઓએ પોતાના ૫૦૦ હથિયારધારી અનુયાયીઓના ટોળા સાથે બારિયા તાબાના રાજગઢ ગામે પહોંચી એના પર હુમલો કર્યો (ફેબ્રુઆરી ૨). તેઓએ પોલીસચોકીએ જઈ એક હિંદી અમલદારની હત્યા કરી, રાજગઢ લૂંટયું. રૂપસિંગે પંચમહાલ જઈ નાયકડાઓની ફોજ ભેગી કરી જાંબુઘોડા પર છાપો માર્યો. ત્યાંની સરકારી પોલીસ એમને પાછા હઠાવવામાં નિષ્ફળ ગઈ. નાયકડાઓએ જાંબુઘોડા લૂટયું અને સરકારી દફતર બાળી નાખ્યાં. ત્યાંથી છોટાઉદેપુર તાબાના જેતપુર ગામે ગયા અને હલ્લો કર્યો. ત્યાં પણ લૂંટફાટ કરી હાહાકાર મચાવ્યો. આમ નાયકડાઓનાં તોફાન વધતાં એજન્ટ ટુ ધ ગવર્નર–જનરલ ડબ્લ્યુ એચ. પ્રોપર્ટ, નોર્ધર્ન ડિવિઝનના કમિશનર એ. રોજર્સ અને કેપ્ટન મેકલિયોડે અમદાવાદ, વડોદરા તથા અન્ય સ્થળોની લશ્કરી ટુકડીઓ એકત્ર કરી નાયકડાઓ સામે ઉગ્ર મોરચો માંડયો અને ભારે જહેમત બાદ થોડી ખુવારી વેઠી, નાયકડાઓનો સામનો કરી એમને વેરવિખેર કરી નાખ્યા (ફેબ્રુઆરી ૧૮). એ પછી એક મહિનાના સમયમાં જોરિયો રૂપસિંગ ગલાલિયો(જોરિયાના પુત્ર)વગેરેની તપાસ કરી તેઓને કેદ કરવામાં આવ્યા અને કામ ચલાવી ફાંસીની સજા કરવામાં આવી. આમ જોરિયાનું બંડ જે ધાર્મિક અંધશ્રદ્ધા પર આધારિત હતું તેને અંગ્રેજ સરકારે સખતાઈથી દાબી દીધું અને ગુનેગારોને ભારે શિક્ષાઓ કરી.[૧૦]

## અમદાવાદમાં ભારે વરસાદ, ૧૮૬૮, ૧૮૭૫

૧૮૬૮ માં અમદાવાદમાં પાંચ દિવસ દરમ્યાન (ઑગસ્ટ ૧૧ થી ૧૫) ૨૭ ઇંચ જેટલો વરસાદ પડયો. એની સાથે ભારે વેગવાળું વાવાઝોડું ફૂંકાયું. આના પરિણામે ૯,૫૦૦ જેટલાં મકાન, જેની કિંમત ૯ લાખ ૫૦ હજાર રૂપિયા આંકવામાં આવી હતી, તેનો નાશ થયો. અમદાવાદ જિલ્લામાં અન્યત્ર પણ ઘણું નુકસાન થયું.[૧૧]

આવી રીતે ૧૮૭૫ માં અમદાવાદમાં મુસળધાર વરસાદ પડતાં (સપ્ટેમ્બર ૨૩) શહેર જળબંબાકાર બની ગયું. શહેરનો મોટો ભાગ પાણીમાં ડૂબ્યો. ૩,૮૦૦ જેટલાં મકાન ધરાશાયી બન્યાં, જેની કિંમત ૫ લાખ ૮૨ હજાર રૂપિયા અંદાજવામાં આવી હતી. અન્ય મિલકતોને પણ ભારે નુકસાન થયું હતું, જેની કિંમત ૧ લાખ ૬૪ હજાર રૂપિયા મૂકવામાં આવી હતી. બાર જેટલા માણસોએ જાન ગુમાવ્યા હતા. અમદાવાદ શહેરના કોટની બહાર આસપાસનાં લગભગ સો જેટલાં ગામડાંઓને ઓછુંવત્તું નુકસાન થયું હતું. સાબરમતી નદી પરનો રેલવે પુલ, જે રેલવે કંપની તરફથી ૩ લાખ રૂપિયા કરતાં વધુ ખર્ચે બાંધવામાં આવ્યો હતો તે, તથા સાબરમતી નદી પરનો એલિસ પુલ, જે સરકાર તરફથી ૧૮૭૦ માં રૂપિયા પાંચ લાખના ખર્ચે બાંધવામાં આવ્યો હતો ને જેને ઉત્તરી વિભાગના કમિશનર સર બૅરો એલિસનું નામ આપવામાં આવ્યું હતું તે બંને પાણીના પૂરમાં ઘસડાઇ ગયા હતા. ૧૮૬૮ અને ૧૮૭૫ ના પાણીપૂરની હોનારતના પ્રસંગોએ મુંબઈ સુરત અને અમદાવાદની તથા અન્ય સ્થળોની સેવાભાવી પ્રજાએ ઉદાર હાથે પૂરપીડિતોને મદદ કરી હતી. સરકારે પણ એની રીતે મદદ કરી હતી.

## દિલ્હી દરબાર, ૧૮૭૭

બ્રિટનની રાણી વિક્ટોરિયાએ બ્રિટનની સંસદે પસાર કરેલા "ધ રૉયલ ટાઇટલ્સ ઍક્ટ, ૧૮૭૬" અન્વયે 'હિંદના મહારાણી' (કૈસરે હિંદ)ની પદવી ધારણ કરી (જાન્યુઆરી ૧, ૧૮૭૭) અને એની ઉજવણી કરવા દિલ્હીમાં ગવર્નર-જનરલ લૉર્ડ લિટને ભવ્ય દરબાર યોજી હિંદની પ્રજાને બ્રિટિશ શાહીવાદનું દર્શન કરાવ્યું અને રાણી તરફ ભક્તિભાવ રાખવા પરોક્ષપણે અનુરોધ કર્યો.

## દુકાળ, ૧૮૭૭

૧૮૭૭ માં ચોત્રીસા (સંવત ૧૯૩૪) નામે ઓળખાયેલો દુકાળ પડ્યો. એ દુકાળની અસર કાઠિયાવાડમાં ઘણી જણાઈ હતી. ગુજરાતના અન્ય ભાગોમાં ખાસ દેખાઈ ન હતી.

## સુરતમાં લાયસન્સ ટૅક્સ-વિરોધી આંદોલન, ૧૮૭૮

સુરત શહેરની પ્રજાને ૧૮૪૪, ૧૮૪૮ અને ૧૮૬૦ માં અંગ્રેજ સરકારનું દમન સહન કરવું પડ્યું હોવા છતાં એ પ્રજા ફરી એક વાર બ્રિટિશ સરકારનો વિરોધ કરવા મેદાને પડી. સરકારે ૧૮૭૮ માં લાયસન્સ ટૅક્સ નામનો નવો કર નાખ્યો. એમ કહેવામાં આવ્યું કે દેશના મોટા ભાગોમાં દુકાળને લીધે તારાજી સર્જાઈ હતી અને એમાં સરકારને થયેલા ખર્ચને પહોંચી વળવા સરકારે આ વેરો

નાખ્યો હતો.[૧૨] આ વેરાનો વિરોધ કરવાની પહેલ મુંબઈની પ્રજાએ કરી. સુરતમાં આ લાયસન્સ ટૅક્સ-વિરોધી આંદોલનનો આરંભ ૨૭ મી માર્ચથી થયો. સુરતના વેપારીઓએ ભેગા થઈ પાંચ દિવસ(એપ્રિલ ૧ થી ૫) સુધી શાંત હડતાલ પાડી. હડતાલને વધુ જોરદાર બનાવવા લોકો રેલવે સ્ટેશન પર ગયા અને ત્યાંના કર્મચારીઓ સમક્ષ માગણી કરી કે જેવી રીતે અમે દુકાનો બંધ કરી છે તેવી રીતે તમારે પણ ગાડીઓ ચલાવવાનું બંધ કરી હડતાલમાં ભાગ લેવો જોઈએ. ૫ મી એપ્રિલે વાતાવરણ તંગ બન્યું. સરકારે સખતાઈ બતાવી. હડતાલમાં ભાગ લેનારા તથા અન્ય લોકો પર દમનનીતિ આચરવામાં આવી. ગોળીબાર કરવામાં આવતાં ત્રણ જણા માર્યા ગયા અને બે જણા ઘાયલ થયા. આખરે આંદોલનને સખતાઈથી દાબી દેવાયું. ભાગ લેનારાઓને પકડી, એમના પર કામ ચલાવી જુદા જુદા પ્રકારની શિક્ષાઓ કરવામાં આવી.[૧૩] શિક્ષાત્મક પગલાં તરીકે સુરત શહેરના લોકોના ખર્ચે પાંચ વર્ષ સુધી ત્યાં વધારાનો પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો.[૧૪] લાયસન્સ ટૅક્સને પાછળથી (૧૮૮૬માં) આવકવેરામાં ફેરવવામાં આવ્યો.

## *ગોંડળ-ભાવનગર રેલવે, ૧૮૮૦*

કાઠિયાવાડમાં રેલવે-વ્યવહાર શરૂ થયો. ૧૮૮૦ માં ગોંડળથી ભાવનગર સુધીની રેલવે-લાઇન બાંધવામાં આવી અને રેલવે શરૂ થઈ.

## સુરતમાં પૂર, ૧૮૮૩

સુરતમાં ૧૮૮૩ માં પાણીનાં ભારે પૂર આવતાં (જુલાઈ ૩) જાનમાલને નુકસાન થયું.

## સ્થાનિક સ્વરાજ્ય, ૧૮૮૪

બ્રિટિશ વહીવટ નીચે ૧૮૩૪ માં અમદાવાદમાં અને એને પગલે પગલે સુરત ભરૂચ ખેડા નડિયાદ અને અન્ય મહત્ત્વનાં નગરોમાં સુધરાઈઓ-સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ શરૂ કરવામાં આવી હતી, જાહેર આરોગ્ય અને અન્ય સુવિધાઓ પૂરાં પાડવાની જોગવાઈઓ કરવામાં આવી હતી, જાહેર બાંધકામ કરવાનાં તથા અન્ય કામોની મરામત કરાવવા જેવાં કાર્યો હાથ લેવામાં આવ્યાં હતાં, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ તથા જિલ્લા લોકલ બોર્ડની રચના, જિલ્લામાં રસ્તાઓ, પાણી-પુરવઠો, આરામગૃહો અને અન્ય કામો માટે કરવામાં આવી હતી. આ બંને પ્રકારની સંસ્થાઓમાં લોકોને મતાધિકાર આપવામાં આવ્યો(૧૮૮૪ના બૉમ્બે ઍક્ટ ૧ અને ૨ અનુસાર). મતાધિકારનો અમલ થયો ત્યારે ગવર્નર-જનરલ તરીકે લૉર્ડ રિપન હતો. લોકોને સ્થાનિક સ્વરાજ્ય ચલાવવાનો અનુભવ મેળવવાની તથા એને કેળવવાની તાલીમનો આરંભ અહીંથી થયો હતો.

**ભરૂચમાં તળાવિયાઓનું બંડ, ૧૮૮૫**

પંચમહાલમાં ભીલોને મળતા આવતા આદિવાસી જાતિના તળાવિયા લોકોને સુધારવા અને એમને ખેતીવ્યવસાયમાં જોડવા માટેના પ્રયાસ અંગ્રેજ સરકારે કર્યા હતા. ખરાબાની જમીનને વિકસાવવા નાણાં–ખર્ચ પણ કરવામાં આવ્યો હતો, પરંતુ તળાવિયાની મૂળભૂત પ્રકૃતિમાં ફેર ન પડ્યો. એમનામાંના એક લખા ભગત અને બીજા એક ભગતે ભેગા મળી એવી વાત ચલાવી કે માતાએ તેઓને અલગ રાજ્ય આપવા વચન આપ્યું છે. એમના લોકોને તેઓ સમજાવવા માંડ્યા. પરિણામે એમનું જૂથ રચાયું. આશરે સો જેટલા તળાવિયા આ બે ભગતોની આગેવાની નીચે ચોમાસામાં ભરૂચના કલેક્ટર વિલિયમ એલનને મળવા ઊપડ્યા. કલેક્ટર પોતાના બંગલે હાજર ન હતો, તેથી તેઓ શહેર તરફ જવા નીકળ્યા. રસ્તામાં બી. બી. એન્ડ સી. આઈ. રેલવેનો પોલીસ સુપરિન્ટેન્ડન્ટ ડબ્લ્યુ બી. પ્રેસ્કોટ પોતાની ગાડીમાં બેસી શહેરમાં પાછો ફરતો હતો તે આ ટોળા પાછળ આવી પહોંચ્યો. પોતાને જવા માટે રસ્તો કરી આપવા તુમાખીથી ગમે તેમ બોલતાં ટોળું વીફર્યું અને એના પર તૂટી પડ્યું. એને મરણતોલ માર મારી એ સ્થિતિમાં પડતો મૂકી ટોળું શહેર તરફ ગયું. ત્યાં જતાં નજીકમાં આવેલી પોલીસ–ચોકી લૂંટી. ચોકીનાં હથિયાર છીનવી લીધાં અને ભરૂચમાં આવેલી મુંબઈ બૅંકની એક શાખા તરફ ગયા. બૅંકના પહેરેગીરો તળાવિયાઓની સામે થતાં તેઓ શહેર બહાર નીકળી ગયા. માર્ગમાં પોલીસ ટુકડીએ એમનો સામનો કર્યો. નાની સરખી અથડામણ થઈ. એમાં પોલીસનો એક માણસ મરાયો અને ત્રણ જણા સખત ઘવાયા. કરવામાં આવેલા ગોળીબારમાં પાંચ તળાવિયા માર્યા ગયા અને એટલા જ ઘવાયા. પોલીસે બીજી વાર ગોળીબાર કરતાં તળાવિયા ગભરાઈને નાસી ગયા. પોલીસે એમનો પીછો કરી ૪૦ જણને તરત પકડી લીધા અને લખા તેમજ બીજા ભગતને પાછળથી પકડ્યા. એમની સામે કેસ ચલાવાયો. લખા અને એમના સાગરીત ભગતને ફાંસીની સજા ગુનાવાળી જગાએ જ આપવામાં આવી. બીજાઓને હદપારી કે કેદની સજા કરવામાં આવી. એમ કહેવામાં આવ્યું છે કે બંડખોર તળાવિયાઓને રોકવામાં ન આવ્યા હોત તો ભરૂચ નજીક શુક્લતીર્થમાં એ દિવસે (નવેમ્બર ૨૨) ભરાયેલા લોકમેળામાં પહોંચી જઈ એમણે ભારે નુકસાન કર્યું હોત કે લૂંટફાટ ચલાવી હોત.[૧૫]

**ધોળકામાં કોમી તંગદીલી, ૧૮૮૭**

સરકારે 'એજ ઑફ કન્સેન્ટ બિલ' દાખલ કર્યું હતું એના પરિણામે હિંદુઓની લાગણીઓ ઘવાઈ હતી. વળી ગોરક્ષામંડળોની ઉપદેશાત્મક પ્રવૃત્તિઓના કારણે

જાહેરમાં ભારે ચર્ચાઓ થતી હતી. પરિણામે હિંદુ–મુસ્લિમ પ્રજાના સંબંધોમાં કડવાશ ફેલાવા પામી હતી. મુંબઈ અને અન્ય સ્થળોએ આ બે પ્રજા વચ્ચે હુલ્લડો ફાટી નીકળ્યાં હતાં.[૧૬] ગુજરાતમાં ધોળકામાં આવો બનાવ બની ગયો.

ધોળકાના હિંદુ વેપારીઓએ બકરી ઈદના દિવસે પોતાની દુકાનો બંધ રાખી હતી. આનો બદલો લેવા માટે ત્યાંના મુસલમાનોએ એ દિવસે (ઑગસ્ટ ૩૦, ૧૮૮૭) એક ગાયને સાથે રાખી સરઘસ કાઢ્યું. હિંદુ મંદિર આગળ બજારની મધ્યમાં સાથે રાખેલી ગાયની કતલ કરી, ગાયના મડદાને એ જ સ્થળે સાફ કરી, એનાં વિવિધ અંગો સાથે પાછું સરઘસ કાઢી મુસલમાનો ફર્યા. આખા નગરમાં હિંદુઓની લાગણી તીવ્રપણે ઘવાઈ હતી. સ્થાનિક અને ઉચ્ચ અધિકારીઓની સમજાવટથી તંગ બનેલી પરિસ્થિતિ મહામુશ્કેલીએ કાબૂમાં રાખવામાં આવી હતી. પાછળથી તપાસ કરવામાં આવતાં આ તોફાનમાં સંડોવાયેલાઓને શોધી કાઢી એમના પર કામ ચલાવવામાં આવ્યું અને જુદા જુદા પ્રકારની કેદની શિક્ષાઓ કરવામાં આવી. કેટલાક પાસે સારી વર્તણૂક માટે એક વર્ષના જામીન પણ લેવામાં આવ્યા.[૧૭]

## બીજા કેટલાક બનાવ

૧૮૭૩ માં સુરતમાં પ્રાર્થના સમાજ શરૂ થયો. ૧૮૮૨ માં વડોદરામાં શ્રેયઃ-સાધક અધિકારીવર્ગ સ્થપાયો.

૧૮૮૭ માં રાણી વિક્ટોરિયાને ગાદી પર બેઠાને ૫૦ વર્ષ પૂરાં થતાં એની "જ્યુબિલી" ગુજરાતભરમાં પણ ઊજવવામાં આવી. બે દિવસો (ફેબ્રુઆરી ૧૬–૧૭) જાહેર તહેવારના પાળવામાં આવ્યા. બ્રિટિશ શાહીવાદ અને રાજભક્તિ માટેનું દર્શન અહીંના બ્રિટિશ શાસકોએ આ રીતે કરાવ્યું. રાણીને માનપત્ર આપવા ઘણા રાજા–મહારાજાઓ ઈંગ્લૅન્ડ ગયા હતા.

૧૮૮૮–૮૯ ના વર્ષમાં જોઈએ તેટલો વરસાદ ન પડવાથી અનાજના ભાવ ઘણા ચડી ગયા હતા, ઘાસની પણ તંગી ઊભી થઈ હતી. ગુજરાતના બધા ભાગોને આ અનાવૃષ્ટિની અસર થઈ હતી. આ વર્ષમાં ટ્રિગોનોમેટ્રિકલ સર્વે ઑફ ઇન્ડિયાની ટુકડીઓએ ગુજરાતમાં માપણીનું કામ શરૂ કર્યું હતું. ૧૮૮૯ ના એપ્રિલમાં સુરત શહેરમાં એક મોટી આગ લાગી હતી, તેથી સુરત શહેરનો ઘણો ભાગ બળીને ખાખ થઈ ગયો હતો.

અમદાવાદમાં લોકોને ચોખ્ખું પીવાનું પાણી મળે એ માટે એક પાણી-પુરવઠા યોજના તૈયાર કરવામાં આવી હતી. એ યોજના પાછળ રાવ બહાદુર

રણછોડલાલ છોટાલાલ, જે સુધરાઈના પ્રમુખ હતા, તેમનો ઘણો મોટો ફાળો હતો. આ યોજના તૈયાર કરવા પાછળ રૂપિયા આઠ લાખ ખર્ચાયા હતા. યોજનાના વૉટર વર્ક્સની ઉદ્દઘાટન–વિધિ મુંબઈના ગવર્નર લૉર્ડ હેરિસને ૧૮૯૧ માં ૬ ઠ્ઠી જૂને કરી હતી. મોટા પાયા પર ડ્રેનેજ કામ પણ શરૂ કરવામાં આવ્યાં હતાં. ૧૮૯૧ માં જુલાઈ આખરમાં ભરૂચમાં ચોવીસ કલાકમાં તેવીસ ઇંચ વરસાદ પડતાં જાનમાલનું ઘણું નુકસાન થયું હતું. ૧૮૯૩ માં સુરતની સુધરાઈએ રસ્તાઓ ઉપર વીજળીના દીવા મૂકયા. આ બાબતમાં આખા હિંદમાં સુરતે પહેલ કરી. ૧૮૯૬ માં તાપ્તી રેલવે બંધાવા લાગી. વિ. સં. ૧૯૫૬ માં છપ્પનિયો કાળ પડયો અને લોકો ભારે વિપત્તિમાં મુકાયા.

## શિક્ષણ અને સ્થાનિક સ્વરાજ્ય

૧૮૭૯ પછીનાં વર્ષોમાં શિક્ષણ અને સ્થાનિક સ્વરાજ્યના ક્ષેત્રમાં ટૂંકા સમયમાં ભારે પ્રગતિ થઈ. અગાઉના સમયમાં અમદાવાદ ખેડા નડિયાદ વગેરે શહેરોમાં અંગ્રેજી શાળાઓ શરૂ કરાઈ હતી હતો. ૧૮૫૫ પછી કન્યાશાળાઓ પણ સ્થાપવામાં આવી શાળાઓ માટે શિક્ષકો તૈયાર કરવા સરકારે ૧૮૫૭ માં અમદાવાદમાં "ગુજરાત ટ્રેઇનિંગ કૉલેજ" શરૂ કરી. સ્ત્રી–શિક્ષકોની ખોટ પૂરી પાડવા "ફિમેઇલ ટ્રેઇનિંગ કૉલેજ" પણ અમદાવાદમાં ૧૮૭૧ માં શરૂ કરવામાં આવી. આવી રીતે રાજકોટ અને વડોદરામાં પણ આવી શિક્ષક તાલીમ કૉલેજો શરૂ કરવામાં આવી.

અમદાવાદમાં ઇજનેરી અને કાયદાનું શિક્ષણ મળી રહે એ માટે ૧૮૫૬ થી ૧૮૭૨ સુધીના સમયમાં નોંધપાત્ર પ્રયાસ કરવામાં આવ્યા, પણ એ સફળ ન થયા. એ પછી ૧૮૭૯ માં કૉલેજ શિક્ષણ પી. ઈ. (પ્રાયમરી ઈયર) સુધી મળે એ માટે કૉલેજો શરૂ કરાઈ, જે સરકારી હાઇસ્કૂલ સાથે ૧૮૮૪ સુધી સંલગ્ન રહી. એ પછીના સમયમાં કૉલેજને જુદી પાડવા પ્રયાસો થતાં અમદાવાદમાં 'ગુજરાત કૉલેજ' નામથી ઓળખાયેલી સંસ્થા, જ્યાં બી. એ. પદવી સુધીના શિક્ષણની જોગવાઈ કરવામાં આવી તે, શરૂ થઈ (એપ્રિલ ૧, ૧૮૮૭). કૉલેજનું મકાન પણ તૈયાર થતાં એનું ઉદ્દઘાટન મુંબઈના ગવર્નર લૉર્ડ સૅન્ડહર્સ્ટે કર્યું હતું (ઑગસ્ટ ૨૩, ૧૮૯૭). આ પરથી ગુજરાતમાં બીજાં મોટાં શહેરોમાં પણ આવી કૉલેજો સ્થપાઈ હતી.[૧૮] ગ્રેટ બ્રિટન આયર્લૅન્ડ અને અમેરિકાની ઘણી ખ્રિસ્તી 'સોસાયટી'ઓએ હિંદમાં મોકલેલા ખ્રિસ્તી મિશનરીઓની કામગીરીના પરિણામે અંગ્રેજી શિક્ષણનો વ્યાપ વધ્યો હતો. સુરત અને અમદાવાદમાં આવી મિશનરી-સંચાલિત શાળાઓ શરૂ થઈ હતી. દેશી રાજા–મહારાજાઓના કુંવરોને શિક્ષણ

આપવા રાજકોટમાં 'રાજકુમાર કૉલેજ' સ્થાપવામાં આવી, જેનું ઉદ્ઘાટન મુંબઈના ગવર્નર સર સેમોર ફિટ્ઝજેરોલ્ડે કર્યું હતું (ડિસેમ્બર ૧૬, ૧૮૭૦). ગરાસિયાઓના પુત્રોને શિક્ષણ આપવા વઢવાણમાં ગરાસિયા સ્કૂલ સ્થાપવામાં આવી હતી. તાલુકાદારોના દીકરાઓ માટે સાદરામાં સ્કૉટ કૉલેજ સ્થાપવામાં આવી હતી.

શિક્ષણનો વ્યાપ વધતાં એના સીધા પરિણામસ્વરૂપે સરકારી નોકરીઓમાં હિંદના લોકોને સ્થાન મળવા લાગ્યું. ડેપ્યુટી કલેક્ટર, મૅજિસ્ટ્રેટ, સ્મૉલ કૉઝ કૉર્ટના ન્યાયાધીશ વગેરે ઊંચી જગ્યાઓ પર શિક્ષિત હિંદીઓની નિમણૂક થવા લાગી. મોભા અને પગાર-ધોરણમાં પણ સુધારો કરવામાં આવ્યો. ઇંગ્લૅન્ડમાં સિવિલ સર્વિસ પરીક્ષા પસાર કરનાર માટે મહેસૂલ ન્યાયતંત્ર શિક્ષણ પોસ્ટ અને અન્ય વિભાગોમાં જગ્યાઓ ખુલ્લી મૂકવામાં આવી.[૧૯]

અંગ્રેજ સરકારે વહીવટી તંત્રમાં સ્થાનિક કક્ષાનો અંકુશ મેળવવા સુધરાઈઓ અને જિલ્લા લોકલ બોર્ડની રચના કરી હતી. મુંબઈ પ્રાંતમાં મુંબઈ શહેર સિવાય સુધરાઈનો આરંભ ૧૮૫૦ થી કરવામાં આવ્યો. ૧૮૫૦ ના એક ધારાથી એવું ઠરાવવામાં આવ્યું કે નગરના લોકો માગણી કર્યેથી એની રચના કરવા મંજૂરી આપવી. ૧૮૬૨ થી સુધરાઈઓને વધુ અધિકાર આપવામાં આવ્યો. ૧૮૫૦ પછીનાં વીસ વર્ષોમાં ૯૬ જેટલાં નગરોને સુધરાઈઓ આપવામાં આવી હતી. ૧૮૭૩ માં શહેર અને નગર સુધરાઈઓ વચ્ચેના વિભાગ પડાયા હતા.

સ્થાનિક પ્રાથમિક શિક્ષણનો અંકુશ ૧૮૮૨ માં સુધરાઈઓને સોંપવામાં આવ્યો. ૧૮૮૪ માં બધી જ સુધરાઈઓમાં મતાધિકાર દાખલ કરવામાં આવ્યો. ૧૯૦૧ માં સુધરાઈઓના અધિકાર વિસ્તૃત કરાયા હતા.

શહેરની કે નગરની સ્થાનિક બાબતો માટે સુધરાઈઓ દ્વારા અંકુશ રાખવામાં આવ્યો તેવી રીતે જિલ્લા અને તાલુકા પર લોકલ બોર્ડ દ્વારા અંકુશ રાખવામાં આવ્યો.

ગુજરાતમાં બ્રિટિશ વહીવટ હેઠળના પાંચ જિલ્લાઓમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ આવી હતી. અમદાવાદમાં ૧૮૫૭ માં સુધરાઈ થઈ હતી.

ખેડા જિલ્લામાં ખેડા કપડવંજ મહેમદાવાદ નડિયાદ ડાકોર બોરસદ આણંદ ઉમરેઠ ઓડ અને મહુધામાં નગર સુધરાઈઓ હતી. ૧૮૬૩ માં જિલ્લા લોકલ બોર્ડ સ્થપાયું અને ૭ તાલુકા બોર્ડ સ્થપાયાં હતાં.

પંચમહાલનો પ્રદેશ અંગ્રેજ સરકારને સિંધિયાએ છેવટે ૧૮૬૧ માં તબદીલ કરી આપ્યો હતો તે સમયે એનો વહીવટ રેવાકાંઠાના પોલિટિકલ એજન્ટને સોંપ-

વામાં આવ્યો હતો. આ પ્રદેશનું મહેસૂલ ખેડાના કલેક્ટર મારફતે ૧૮૬૪ માં ઉઘરાવાતું હતું. એક અલગ જિલ્લા તરીકે પંચમહાલની રચના ૧૮૭૭ માં કરવામાં આવી અને એ અલગ કલેક્ટરના તાબા નીચે મૂકવામાં આવ્યો. જિલ્લાનું વડું મથક ગોધરા રખાયું. ગોધરા-દાહોદને સુધરાઈ આપવામાં આવી, જ્યારે એ સિવાયના બાકીના વિસ્તાર પર જિલ્લા લોકલ બોર્ડની સત્તા સ્થપાઈ. ગોધરા કાલોલ અને દાહોદનાં ત્રણ તાલુકા બોર્ડ પણ રચાયાં હતાં.

ભરૂચ જિલ્લામાં ભરૂચ અંકલેશ્વર જંબુસર હાંસોટ અને આમોદમાં નગર સુધરાઈઓ સ્થપાઈ હતી. જિલ્લા બોર્ડ અને પાંચ તાલુકા બોર્ડ સ્થાનિક બાબતોની દેખભાળ અને વ્યવસ્થા સંભાળતાં હતાં.

સુરત જિલ્લામાં સુરત રાંદેર વલસાડ અને માંડવીમાં નગર સુધરાઈઓ હતી. જિલ્લા બોર્ડ અને આઠ તાલુકા બોર્ડ પણ રચાયાં હતાં.

૧૯ મી સદીના અંત સુધીમાં વહીવટી ક્ષેત્રે બ્રિટિશ સરકારે ગુજરાત પરના પોતાના પ્રદેશો પર મજબૂત પકડ જમાવી દીધી હતી. ધર્મભાવના કે સામાજિક રિવાજોની બાબતમાં સરકારનાં પગલાંઓથી કોમી વાતાવરણ ઉગ્ર બનતું. સરકાર સામે પણ પ્રજા મેદાને પડતી. આ સમય સુધીમાં અખિલ ભારતીય કોંગ્રેસની સ્થાપના અને કામગીરીથી રાષ્ટ્રિય જાગૃતિ અને ચેતના ફેલાવા લાગી હતી અને તેથી અંગ્રેજોના પરદેશી શાસન સામે અસંતોષની લાગણી ફેલાવા પામી હતી. ૧૯ મી સદીના છેલ્લા દસકામાં તથા વીસમી સદીના પહેલા દસકામાં તેમજ પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થતાં સુધીના સમયમાં અંગ્રેજ સરકારને પોતાના પ્રદેશમાં રાષ્ટ્રિય જુવાળને ખાળી રાખવા સખતાઈ અને દમનનીતિનો જ ઉપયોગ કરવો પડતો. દુકાળના સમયમાં (૧૮૯૫ અને ૧૮૯૯–૧૯૦૦ માં) તથા પ્લેગ જેવા જીવલેણ ચેપી રોગોના સમયમાં આપત્તિ-ગ્રસ્ત પ્રદેશની પ્રજા મહેસૂલ ન ભરી શકે તેવી સ્થિતિમાં સરકારની નીતિ સામે અસંતોષી પ્રજા હુલ્લડ કે કોમી રમખાણો દ્વારા પોતાનો અણગમો પ્રદર્શિત કરતી. ઓગણીસમી સદીના છેલ્લા દસકામાં ઉદ્દામવાદી વિચારસરણીથી રાષ્ટ્રિય જાગૃતિમાં નવો ઝોક આવ્યો હતો અને એના પરિણામે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ અને બનાવો બનવા લાગ્યાં હતાં. ૨૦ મી સદીના પ્રથમ ચરણ દરમ્યાન અમદાવાદ અને સુરત મુકામે મળેલ કોંગ્રેસનાં અધિવેશનોએ પણ ભારે જાગૃતિ આણી હતી. ઈ. સ. ૧૯૧૪ માં ગાંધીજી આફ્રિકાથી હિંદ આવી અમદાવાદમાં વસ્યા બાદ એમાં દેશવ્યાપી જુવાળ આવ્યો.

## પાદટીપ

૧. *Imperial Gazetteer of India*, Vol. I : *Bombay Presidency*, p. 32

૨. વડોદરાના અંગ્રેજ રેસિડેન્ટ કર્નલ એલેક્ઝાંડર વોકરે કાઠિયાવાડના રાજાઓ ઠાકોરો મુખીઓ વગેરે સાથે કરેલા આ નિરાકરણમાં એના રિપોર્ટમાં જણાવ્યા મુજબ ૧૯૨ જેટલાં રાજ્યોની સંખ્યા લખી છે, પરંતુ હકીકતમાં તો એણે ૧૫૩ રાજ્યો સાથે જ મહેસૂલી ખંડણી અંગે સમજૂતી કરી હતી (C. U. Aitchison, *Treaties, Engagements and Sunnuds*, Vol. VI, p.4, f.n.)

૩. પંચમહાલમાં ગોધરા, દાહોદ (પેટા મહાલ ઝાલોદ સહિત) તથા હાલોલ (પેટા મહાલ કાલોલ સહિત), જે સિંધિયાએ ૧૮૫૩ માં અંગ્રેજ સરકારને સોંપ્યાં હતાં તે, ૧૮૬૧ માં આખરી રીતે અંગ્રેજ સરકારને તબદીલ કરી આપવામાં આવ્યાં. એના બદલામાં ઝાંસી પાસેનો અંગ્રેજ તાબાનો પ્રદેશ સિંધિયાએ લીધો હતો (Edalji Dosabhai. *History of Gujarat*, Appendix I, p. 327).

૪. આ અંગેની રસપ્રદ માહિતી મુંબઈ સરકાર દ્વારા પ્રકાશિત *Source Material for a History of Freedom Movement in India*, Vol. I : 1818–1885 ના પ્રકરણ ૫ (Echoes of 1857 : Rising in Gujarat (pp. 194–252)માં તથા ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિત *Historical Selections from Baroda Records*, New Series, (Gen. edi. P.M. Joshi), Vol. II : *Disturbances in Gujarat* (1857–1864) માં અંગ્રેજી, મરાઠી તથા ગુજરાતી પત્રવ્યવહાર જે આપવામાં આવ્યો છે તેમાંથી મળે છે.

૫. Colonel, G. Malleson, *A Hisorical Sketch of the Native States of India*, p. 252

૬. Sir W. W. Hunter, *Bombay* (1885–1890) : *A Study in Indian Administration*, p. 29

૭. Edalji Dosabhai, *op. cit.*, Appendix 1, pp. 327–329

૮. *Source Material for a History of Freedom Movement in India*, Vol. I, pp. 19–21.

અંગ્રેજ સરકાર વિરોધી આંદોલનોમાં સુરતની પ્રજા મોખરે રહ્યાનું જણાય છે. ૧૮૪૪ માં મીઠાવેરો આઠ આનાથી વધારી રૂ. ૧ નો કરવામાં આવ્યો ત્યારે ઑગસ્ટની ૨૯ થી ૩૧ સુધી આંદોલન થયું હતું. સુરતમાં મૅજિસ્ટ્રેટે આ વેરો કામચલાઉ મોકૂફ રાખ્યો હતો. છેવટે સરકારે આ વેરો રૂ. ૧ થી ઘટાડી બાર આના જેટલો કર્યો હતો (સપ્ટેમ્બર ૧૪, ૧૮૬૦), ૧૮૪૮ માં પણ અંગ્રેજ સરકારે બંગાળી ધોરણનાં વજન–માપ દાખલ કરવાનો પ્રયાસ કર્યો (એપ્રિલમાં) ત્યારે સુરતમાં એનો સંગઠિત સામનો કરવામાં આવ્યો હતો. લગભગ એક અઠવાડિયા સુધી (માર્ચ ૩૧ થી એપ્રિલ ૪) આંદોલન

ચાલ્યું હતું. છેવટે સરકારને નવાં વજનમાપનો પ્રસ્તાવ પડતો મૂકવો પડ્યો હતો (*Source Material for a History of Freedom Movement in India*, Vol. I, pp. I–18).

૯. *Ibid*., pp. 23–25
૧૦. Edalji Dosabhai, *op. cit*., pp. 293–296
૧૧. *Ibid*., p. 297
૧૨. એદલજી બરજોરજી પટેલ, 'સુરતની તવારીખ,' પૃ. ૧૭૩
૧૩. Edalji Dosabhai, *op. cit*., pp. 298 f.
૧૪. *Ibid*., p. 298
૧૫. *Ibid*., pp. 299 ff.
૧૬. *Ibid*., p. 303
૧૭. *Ibid*., p. 301
૧૮. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ, 'ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ', પૃ. ૪૦૧–૪૦૨
૧૯. Edalji Dosabhai, *op. cit*., p. 309

## પ્રકરણ ૬

# સમકાલીન રિયાસતો

### ૧. વિવિધ કુલોના રાજવંશ (સામાન્ય પરિચય)

બ્રિટિશ સરકાર વતી ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીએ ગુજરાતના કેટલાક વિસ્તારો પર પોતાનું સીધું શાસન પ્રવર્તાવ્યું ત્યારે એનો પાંચ જિલ્લાઓમાં સમાવેશ થતો હતો : સુરત ભરૂચ અમદાવાદ ખેડા અને પંચમહાલ. ગુજરાતના બાકીના વિસ્તારોમાં અગાઉથી શાસન કરતા આવેલા અનેક મોટાનાના રાજવંશોની સત્તા પ્રવર્તતી હતી. એમાંના ઘણા પ્રાચીન કે મધ્યકાલથી સત્તારૂઢ થયેલા હિંદુ રાજવંશ હતા, તો કેટલાક મધ્યકાલ દરમ્યાન રાજસત્તા પામેલા મુસ્લિમ રાજવંશ હતા.

આ રાજવંશોની રિયાસતો('દેશી રાજ્યો')માં વડોદરાનું ગાયકવાડી રાજ્ય અગ્રિમ સ્થાન ધરાવતું. એક બાજુ પુણેના પેશવાઓ સાથેની ગુજરાતમાંની ભાગીદારીમાં ગાયકવાડ રાજ્યનું વર્ચસ વધતું ગયું હતું, તો બીજી બાજુ એ બે ભાગીદારોની વચ્ચેના વિખવાદમાં બ્રિટિશ કમ્પની સરકારની દરમ્યાનગીરી વધી ગઈ હતી. મરાઠા કાલના અંતભાગમાં થયેલા કરારો મુજબ કમ્પની સરકાર અને ગાયકવાડ વચ્ચે અમુક મુલકોની અદલાબદલી થઈ હતી, ગુજરાતના પાટનગર અમદાવાદ પર કમ્પની સરકારની સત્તા સ્થપાઈ હતી ને ગાયકવાડ રાજ્યમાં કમ્પનીના રેસિડેન્ટની નિયુક્તિ તથા સહાયક દળની જોગવાઈ સ્વીકારાવી એ અગ્રિમ રિયાસતમાંય કમ્પની સરકારનું વર્ચસ સ્થપાયું હતું, છતાં આંતરિક વહીવટમાં ગાયકવાડ વંશના રાજાઓ એકંદરે પ્રજાહિતના પ્રગતિશીલ વહીવટની સારી છાપ પાડતા હતા.

સૌરાષ્ટ્રમાં જાડેજા તથા ઝાલા કુલની મોટીનાની અનેક રિયાસતો હતી. જાડેજા કુલનાં રાજ્યોમાં નવાનગર(જામનગર)નું રાજ્ય અગ્રિમ સ્થાન ધરાવતું. એના રાજવંશમાંથી ધ્રોળ રાજકોટ અને ગોંડળની શાખાઓ ફંટાઈ હતો. કચ્છમાં જાડેજા વંશ એનીય પહેલાંથી રાજસત્તા ધરાવતો હતો. સૌરાષ્ટ્રમાં આવેલા મોરબીમાંનો જાડેજા વંશ એ મૂળ વંશની શાખારૂપે હતો. માળિયા–મિયાણા (હાલ જિ. રાજકોટ) અને વીરપુર(હાલ જિ. રાજકોટ)માં તથા કોટડા સાંગાણી(જિ. રાજકોટ)માં પણ જાડેજા કુલની રિયાસતો હતી.

ઝાલા કુલની રિયાસતોમાં હળવદ–ધ્રાંગધ્રાની રિયાસત અગ્રિમ સ્થાન ધરાવતી. એની રાજધાની મુઘલ કાલના અંતભાગમાં હળવદમાંથી ધ્રાંગધ્રા ખસેડવામાં આવી હતી. એ રિયાસત સોલંકી કાલ દરમ્યાન પાટડી( જિ. દસાડા )માં સ્થપાઈ હતી, એ કુલની એક બીજી શાખા ત્યારે જાંબુ( જિ. લીંબડી )માં સ્થપાઈ હતી. આ રિયાસતની રાજધાની મુઘલ કાલના અંતભાગમાં લીંબડીમાં રખાઈ હતી. હળવદના ઝાલા વંશમાંથી મુઘલ કાલ દરમ્યાન વાંકાનેર વઢવાણ ચૂડા લખતર અને સાયલાની શાખાઓ અલગ પડી હતી. આ રિયાસતોની સત્તા સૌરાષ્ટ્રના ઉત્તરપૂર્વ ભાગમાં પ્રવર્તતી ને એ પરથી એ પ્રદેશ 'ઝાલાવાડ' કહેવાતો.

ઝાલાવાડની દક્ષિણે આવેલા ગોહિલવાડમાં ગૂહિલ(ગોહિલ) વંશની રિયાસતો હતી. એમાં ભાવનગરની રિયાસત અગ્રિમ સ્થાન ધરાવતી. ભાવનગર વસાવનાર ભાવસિંહજીના બીજા કુમારે વળામાં શાખા સ્થાપી હતી. ગૂહિલોના આદ્ય પુરુષ સેજકજીના અન્ય પુત્રોમાંથી લાઠી અને પાલીતાણાની શાખાઓ નીકળી હતી. સેજકજીના પૌત્ર મોખડાજીના નાના કુમારે પોતાના મોસાળ રાજપીપળા( હાલ જિ. ભરૂચ )માં અલગ શાખા સ્થાપી હતી.

જૂનાગઢમાં મુઘલકાલ દરમ્યાન બાબી વંશની દીવાનશાહી રિયાસત સ્થપાઈ હતી, જે સમય જતાં નવાબી રિયાસતમાં વિકસી હતી. આ રિયાસત ઘણી વિશાળ હતી. આ બાબી વંશની એક શાખા વાડાસિનોર( હાલ જિ. ખેડા )માં અને એક બીજી શાખા રાધનપુર( હાલ જિ. બનાસકાંઠા )માં સ્થપાઈ હતી. વળી એમાંથી બાંટવા માણાવદર અને ગીદડ( સરદારગઢ )માં નાની અલગ શાખાઓ સ્થપાઈ. માંગરોળમાં શેખમિયાંના કાઝી વંશની રિયાસત હતી.

સોરઠની ઉત્તર–પશ્ચિમે બરડા પ્રદેશમાં રાજ્ય કરતા જેઠવાઓની રાજધાની મરાઠાકાલમાં છાયામાંથી ખસેડાઈ પોરબંદરમાં રખાઈ હતી. જાલોર( રાજસ્થાન )ના મલેકોની એક રિયાસત પાલણપુરમાં સ્થપાઈ હતી. હેતાણી વંશના એ નવાબ જૂનાગઢના બાબીઓની જેમ 'દીવાન'નો હોદ્દો ધરાવતા. તળ–ગુજરાતનાં એક બીજી નવાબી રિયાસત ખંભાતમાં હતી. એ નવાબ મીરઝા કુલના હતા. ભરૂચ અને સુરતની નવાબી અસ્ત પામી ગઈ હતી. સચીન(જિ. સુરત)ના નવાબ સીદી વંશના હતા. જાફરાબાદ(હાલ જિ. અમરેલી) જંજીરા(કોંકણ)ના નવાબને તાબે હતું.

તળ–ગુજરાતની હિંદુ રિયાસતોમાં ઈડરનું રાજ્ય ગણનાપાત્ર હતું. આ રાઠોડ મારવાડથી આવી ગુજરાતમાં સત્તારૂઢ થયા હતા. તેઓ 'રાવ' નું બિરુદ ધરાવતા. માલપુર( હાલ. જિ. સાબરકાંઠા )નો રાઠોડ વંશ તથા પોળો(વિજયનગર, જિ. સાબરકાંઠા )નો રાઠોડ વંશ એ ઈડરના જૂના રાઠોડ વંશની શાખાઓ છે.

મગોડી(હાલ માલપુર મહાલ)માં માલપુરના ઠાકોરની શાખા સ્થપાઈ હતી. વાઢેર કે વાઢેલ કુલના રાઠોડોની એક રિયાસત સૌરાષ્ટ્રમાં ઓખામંડળમાં હતી તે અસ્ત પામી ચૂકી હતી.

દાંતા( બનાસકાંઠા )માં પરમાર વંશના મહારાણાઓની રિયાસત હતી. સંત કે સુંથ(તા. સંત-રામપુર જિ. પંચમહાલ )માં તથા કડાણા(તા. સંત-રામપુર )માં પણ પરમાર વંશની રિયાસતો હતી. પરમાર કુલની એક બીજી રિયાસત સૌરાષ્ટ્રમાં મૂળી( ઝાલાવાડ )માં હતી.

કાઠીઓની શાખાઓમાં વાળાઓ ખુમાણો અને ખાચરો 'શાખાયત' ગણાયા છે. એ પૈકી જસદણ( હાલ જિ. રાજકોટ )માંની ખાચર રિયાસત ખાસ નોંધપાત્ર છે. ચિત્તળ( હાલ જિ. અમરેલી )ના વાળાઓએ આગળ જતાં જેતપુર મેંદરડા અને બિલખા મેળવીને જેતપુરમાં પાટનગર રાખ્યું. એક કાઠી રિયાસત ભાયાણી વાળાઓની બગસરા( જિ. અમરેલી )માં હતી. વાળા રાજપૂતોની ઠકરાત ઢાંક(હાલ તા. રાજકોટ)માં હતી. સોરઠમાં બાબરિયા રાજપૂત કુલના તથા વડનગરા નાગર કુલના તાલુકદાર પણ હતા.

માણસા( હાલ જિ. મહેસાણા ) અને વરસોડા( હાલ જિ. મહેસાણા )માં ચાવડાઓની ઠકરાતો હતી. સૂઈગામ અને વાવ( બનાસકાંઠા )માં તથા દેવગઢ-બારિયા( પંચમહાલ ) અને છોટા ઉદેપુર( હાલ જિ. વડોદરા )માં તથા માંડવા ( તા. ડભોઈ)માં ચૌહાણ કુલની રિયાસતો હતી. સાબરકાંઠામાં મોહનપુર રણાસણ રૂપાલ( તા. પ્રાંતીજ ) અને બોલુંદરા( તા. ઈડર ) તથા વડાગામ( તા. મોડાસા)માં રહેવર રાજપૂતો રિયાસતો ધરાવતા હતા.

સિસોદિયા રાજપૂતો ધરમપુર( હાલ જિ. વલસાડ )માં રિયાસત ધરાવતા હતા. સાબરકાંઠામાં દધાલિયા( તા. મોડાસા )માં પણ સિસોદિયાઓની ઠકરાત હતી.

સોલંકીઓની રિયાસતોમાં લુણાવાડા( પંચમહાલ ) અને વાંસદા( હાલ જિ. વલસાડ )ની રિયાસતો અગ્રસ્થાન ધરાવતી હતી. વાઘેલા, જે મૂળમાં સોલંકીઓની શાખારૂપે ઉદ્ભવેલા, તેઓની રિયાસતો પાલણપુર એજન્સીમાંના થરાદ દિયોદર અને મારવાડામાં તેમજ મહીકાંઠા એજન્સીમાંના પેથાપુર( હાલ જિ. ગાંધીનગર )માં હતી. કાંકરેજમાં થરાના તાલુકદારો પણ વાઘેલા કુલના હતા.

અણહિલવાડ પાટણના વાઘેલા વંશના છેલ્લા રાજા કર્ણદેવના વંશજ મનાતા વાઘેલાઓની એક શાખા કલોલ(જિ. મહેસાણા)માં અને બીજી શાખા સાણંદ(જિ. અમદાવાદ)માં સ્થપાઈ હતી. સાણંદની શાખાનું વડું મથક આગળ જતાં કોઠ(તા. ધોળકા)માં ખસેડાયું. કલોલના વાઘેલાઓએ આગળ જતાં કોળીઓ પાસેથી અનગઢ

( તા. વડોદરા ) જીતી લઈ ત્યાં રાજધાની રાખી. ૧૮ મી સદીમાં આ વંશનું પાટનગર મહીકાંઠા પરના ભાદરવા( હાલ તા. વડોદરા )માં રખાયું હતું.

ઉમેટા( હાલ તા. બોરસદ )માં પઢિયાર( પ્રતિહાર )ની ઠકરાત હતી, કટોસણ (તા. મહેસાણા) તથા ખડાલ(તા. કપડવંજ)માં મકવાણાઓનાં સંસ્થાન હતાં.

પાટડી(તા. દસાડા)માં કણબી દેસાઈ વેણીદાસના વંશજોની અને વિઠ્ઠલગઢ (તા. લખતર)માં મહારાષ્ટ્રિય સરદાર વિઠ્ઠલરાવના વંશજોની રિયાસત હતી.

દાંઠા(તા. તળાજા–દાંતા)ની રિયાસત ચૂડાસમા કુલની શાખારૂપ ગણાતા સરવૈયા રાજપૂતોની હતી. સાબરકાંઠા તથા વાત્રકકાંઠામાં કોળીઓની રિયાસતો હતી. એમાંના કેટલાક હિંદુ હતા ને કેટલાક મુસલમાન. પાલણપુર એજન્સીના કેટલાક તાલુકાઓ પર પાલવી ઠાકરડા સત્તા ધરાવતા.

બજાણા(ઝાલાવાડ)માં તથા વારાહી(તા. સાંતલપુર)માં ઇસ્લામધર્મી જત લોકોની રિસાયતો હતી.

ગુજરાતમાં, ખાસ કરીને સૌરાષ્ટ્રમાં, બીજી પણ અનેકાનેક નાની રિયાસતો આવેલી હતી. કમ્પની સરકારે આ મોટીનાની રિયાસતોને ચડતા–ઊતરતા દરજ્જાના સાત વર્ગોમાં વર્ગીકૃત કરી એના વહીવટ પર દેખરેખ રાખવા માટે જુદા જુદા પ્રકારની જોગવાઈ કરી.[1]

## ૨. રિયાસતોનું વર્ગીકરણ અને સત્તાનું નિયતીકરણ

બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીએ વડોદરાના ગાયકવાડ રાજ્ય વતી ખંડણી ઉઘરાવી આપવાની જવાબદારી લઈને ધીમે ધીમે શાંતિ અને સલામતીના નામે ગુજરાતની મોટીનાની બધી રિયાસતો પર પોતાનું વર્ચસ જમાવ્યું ત્યારે કાઠિયાવાડ અને તળ–ગુજરાતમાં મોટીનાની સંખ્યાબંધ રિયાસતો હતી. વિસ્તાર વસ્તી અને વાર્ષિક આવકની બાબતમાં રિયાસતો વચ્ચે ઘણો મોટો તફાવત રહેતો હતો. એક બાજુ આમાંની કેટલીક રિયાસતો ઘણી વિશાળ સમૃદ્ધ અને જોરાવર હતી, તો બીજી બાજુ કેટલીક રિયાસતો નાના નાના તાલુકાઓની કે એકાદ ગામોની બનેલી જાગીરો જેવી હતી. કોઈ કોઈ એકલદોકલ ગામ વળી અનેક ભાગીદારોની માલિકી નીચે હતાં, આથી કમ્પનીએ આ મોટીનાની રિયાસતો સાથેના રાજકીય સંબંધો અંગે એ રિયાસતોનું વર્ગીકરણ કરવાનું જરૂરી માન્યું. એમાં એણે ગણનાપાત્ર રિયાસતોના સાત વર્ગ પાડ્યા ને નગણ્ય જાગીરો માટે અલગ વ્યવસ્થા કરી. એકથી સાત વર્ગ નીચે આવતી રિયાસતોના વત્તાઓછા માનમરતબા તેમજ દીવાની તથા ફોજદારી ન્યાય તોળવાની વત્તીઓછી સત્તા નિયત કરવામાં આવી. ઉપલક

રીતે આંતરિક વહીવટમાં રિયાસતોને સ્વાયત્ત ગણવામાં આવતી હતી ને આંતર-રિયાસત સંબંધોમાં જ કમ્પની સરકારનું સર્વોપરિપણું પ્રવર્તતું હતું છતાં રિયાસતોને રેસિડેન્સી અને પોલિટિકલ એજન્સીઓમાં વર્ગીકૃત કરીને મુંબઈ ઇલાકાના ગવર્નરે નીમેલા રેસિડેન્ટ તથા પોલિટિકલ એજન્ટો દ્વારા તેઓના આંતરિક વહીવટ પર પણ ચાંપતી નજર રાખવામાં આવતી હતી. અદાલતી ઉપરાંત લશ્કરી તથા આબકારી બાબતોમાં પણ કમ્પની સરકારનું વર્ચસ પ્રવર્તતું હતું રાજગાદીના વારસાને લગતા વિખવાદમાં તેમજ ગાદીવારસ માટે દત્તક પુત્ર લેવાને લગતા હક્કમાં પણ કમ્પની સરકારની દરમ્યાનગીરી તથા સત્તા પ્રવર્તતી હતી. રિયાસત આર્થિક વહીવટમાં નિષ્ફળ જતી, તો કમ્પની સરકારને દરમ્યાનગીરી કરવાનો મોકો મળતો હતો. રાજવારસ સગીર વયનો હોય તો એ પુખ્ત વયનો થાય ત્યાં સુધી કમ્પની સરકારે નીમેલા ઍડમિનિસ્ટ્રેટરનો વહીવટ ચાલતો હતો. આમ રિયાસતોના રાજ્યકર્તાઓની સત્તા અનેક રીતે ઘટતી જતી હતી ને રિયાસતો પર કમ્પની સરકારનું વર્ચસ વધતું જતું હતું એમાં રિયાસતોના વર્ગીકરણે તથા તેઓની સત્તાના નિયતીકરણે એ પ્રક્રિયાને દઢ કરી. દીવાની તથા ફોજદારી સત્તાના નિયતીકરણની સામે માનમરતબાનાં પ્રલોભન ધરાયાં ને રિયાસતોના વર્ગીકરણમાં નિયત થતી ચડતી–ઊતરતી પાયરીઓએ રાજ્યકર્તાઓ વચ્ચેના ભેદભાવોને દઢ કર્યા, પરંતુ આ સઘળી પ્રક્રિયાને લીધે કમ્પની સરકારને મોટીનાની રિયાસતો સાથેના વિભિન્ન વ્યવહારમાં નિયત ધોરણોની સરળતા સાંપડી.

## રિયાસતોનું વર્ગીકરણ

રિયાસતોનું વર્ગીકરણ કરતાં કયા વર્ગ માટે કઈ કઈ ને કેટલી કેટલી લાયકાત જોઈએ એમાં કોઈ ચોક્કસ ધોરણ નક્કી કરાયાં નહોતાં, પરંતુ સામાન્ય રીતે ગુજરાતના જુદા જુદા વિભાગોમાં જે મોટીનાની રિયાસતો સરખામણીએ વિસ્તાર વસ્તી અને આમદાનીમાં જેટલું વર્ચસ ધરાવતી હતી તે અનુસાર એને તે તે ચડતા–ઊતરતા વર્ગમાં મૂકવામાં આવી હતી.

ગુજરાતની મોટી રિયાસતોમાં વડોદરાનું ગાયકવાડી રાજ્ય સહુથી વધુ સત્તા અને વર્ચસ ધરાવતું હતું. વિસ્તાર વસ્તી અને આમદાનીમાંય એ અગ્રિમ સ્થાન ધરાવતું, આથી એને સ્વાભાવિક રીતે પ્રથમ વર્ગમાં મૂકવામાં આવ્યું હતું. વડોદરામાં કમ્પની સરકારનો રેસિડેન્ટ રહેતો. એનો સીધો સંબંધ કેટલોક વખત હિંદના ગવર્નર–જનરલ સાથે રહેલો.

સૌરાષ્ટ્ર ત્યારે 'કાઠિયાવાડ' નામે ઓળખાતું. એના ચાર પ્રાંત હતા : ઝાલાવાડ હાલાર સોરઠ અને ગોહિલવાડ. એમાં કુલ ૧૮૮ રિયાસતો હતી.

કાઠિયાવાડ સ્ટેટ્સ એજન્સીનું વડું મથક રાજકોટમાં હતું. નાના નાના તાલુકાઓને થાણદારોના તાબામાં મૂકયા હતા. કાઠિયાવાડની મોટી નાની નોંધપાત્ર રિયાસતોનું વર્ગીકરણ અગાઉ આ પ્રમાણે કરવામાં આવ્યું હતું[૨] :

| વર્ગ | ઝાલાવાડ | હાલાર | સોરઠ | ગોહિલવાડ |
|---|---|---|---|---|
| ૧ | ધ્રાંગધ્રા | નવાનગર | જૂનાગઢ | ભાવનગર |
| ૨ | વાંકાનેર | મોરબી | જાફરાબાદ | પાલીતાણા |
| | લીંબડી | ધ્રોળ | | |
| | વઢવાણ | રાજકોટ | | |
| | | ગોંડળ | | |
| ૩ | (થાન-) લખતર | | પોરબંદર | વળા |
| | સાયલા | | બાંટવા | જસદણ |
| | ચૂડા | | | |
| ૪ | મૂળી | વીરપુર | જેતપુર | લાઠી[૧] |
| | બજાણા | માળિયા | | |
| | પાટડી | કોટડા-સાંગાણી | | |
| ૫ | વણોદ[૩] | મેંગણી | વસાવડ | |
| | | ગવરીદડ | ડેડાણ | |
| | | પાળ | | |
| | | ગઢકા | | |
| | | જાળિયા-દેવાણી | | |
| | | કોઠારિયા[૪] | | |
| ૬ | ભોઈકા | ભાડવા | બગસરા | બાબરા |
| | રાજપર | રાજપરા | વીંછાવડ | કોટડા-પીઠા |
| | વડોદ | શાહપુર | કુબા[૫] | ભડલી |
| | દસાડા | | | છતરિયા |
| | ચોટીલા | | | વાંકિયા |
| | સણોસરા | | | કરિયાણા |
| | આણંદપર | | | |
| | રાઈ-સાંકળી | | | |
| ૭ | | લોધીકા | | કમઢિયા |
| | | વડાલી | | |
| | | ખિરસરા | | |

વીસમી સદીના આરંભમાં આમાં કેટલાક ફેરફાર થયા હતા. ત્યારે કાઠિયાવાડમાં હકૂમતવાળાં સંસ્થાનો અને તાલુકાઓની કુલ સંખ્યા ૮૨ હતી ને તેઓના વર્ગ આ પ્રમાણે હતા :[૭]

| | | |
|---|---|---|
| વર્ગ ૧ | વર્ગ ૪ | વર્ગ ૬ |
| જૂનાગઢ | લાઠી | ડેડાણ |
| નવાનગર | મૂળી | શાહપુર |
| ભાવનગર | બજાણા | ભોઈકા |
| પોરબંદર | વીરપુર | વડોદ |
| ધ્રાંગધ્રા | માળિયા | ગજપુર |
| મોરબી | કોટડા-સાંગાણી | ભાડવા |
| ગોંડળ | જેતપુર-(૧૪ પૈકી) | રાજપરા |
| જાફરાબાદ | ૨ ભાગીદાર | જેતપુર-૬ ભાગીદાર |
| વર્ગ ૨ વાંકાનેર | પાટડી | બગસરા |
| પાલીતાણા | | કોટડા-પીઠા-૫ ભાગીદાર |
| ધ્રોળ | વર્ગ ૫ | ચોટીલા |
| લીંબડી | જાળિયા-દેવાણી | સણોસરા |
| રાજકોટ | કોઠારિયા | આણંદપર-૫ ભાગીદાર |
| વઢવાણ | ગવરીદડ | ભડલી |
| | પાળ | રાઈ-સાંકળી |
| વર્ગ ૩ | ગઢકા | વીંછાવડ |
| થાન-લખતર | મેંગણી | કૂબા |
| સાયલા | જેતપુર-૩ ભાગીદાર | ઇતરિયા |
| ચૂડા | વણોદ | ખંભાળા |
| વળા | વસાવડ | વર્ગ ૭ |
| જસદણ | સરદારગઢ | ખિરસરા |
| માણાવદર | આંટવા | લોધીકા-૨ ભાગીદાર |
| જેતપુર-(૧૪ પૈકી) | બગસરા | વડાળી |
| ૨ ભાગીદાર | | જેતપુર-૧ ભાગીદાર |
| | | કરિયાણા-૨ ભાગીદાર |

સિવિલ સ્ટેશનો રાજકોટ
વઢવાણ
જેતલસર
સોનગઢ

| થાણું | બિન-હકૂમતી તાલુકા | થાણું | બિન-હકૂમતી તાલુકા |
|---|---|---|---|
| વઢવાણ | ૧૬ | બગસરા | ૨ |
| વિઠ્ઠલગઢ | ૧ | ધ્રાફા | ૪ |
| ચોટીલા | ૭ | લોધીકા | ૯ |
| દસાડા | ૧ | બાબરા | ૧૨ |
| ભોઈકા | ૧૭ | સોનગઢ | ૧૩ |
| પાળિયાદ | ૫ | ચમારડી | ૧૦ |
| ઝીંઝુવાડા | ૧ | દાઠા | ૧ |
| લાખાપાદર | ૧૯ | ચોક | ૨૪ |

કચ્છનું રાજ્ય પ્રથમ વર્ગનું ગણાતું.

તળ-ગુજરાતમાં ખંભાતનું રાજ્ય પણ પ્રથમ વર્ગનું હતું. વડોદરા અને ખંભાત સિવાયની તળ-ગુજરાતની રિયાસતો પાલણપુર મહીકાંઠા, રેવાકાંઠા અને સુરત એજન્સીઓમાં મુકાઈ હતી.

પાલણપુર એજન્સીમાં મોટી નાની ૧૩ રિયાસતો હતી. આ રિયાસતોને આ પ્રમાણે વર્ગીકૃત કરી હતી :

વર્ગ ૧ પાલણપુર
રાધનપુર[૮]
વર્ગ ૪ થરાદ
વર્ગ ૫ વાવ

આ એજન્સીમાં નાના જાગીરદારોનાં પાંચ થાણાં હતાં : કાંકરેજ દિયોદર વારાહી વાવ અને સાંતલપુર. કાંકરેજ થાણામાં ૩૪ તાલુકદાર હતા. એમાં થરા અને સિહોરી તાલુકા નોંધપાત્ર છે. દિયોદર થાણાના તાબે ૧૧૪ ગામ અને ૪૩ તાલુકદાર હતા. આ તાલુકાઓમાં દિયોદર તેરવાડા અને ભાભર નોંધપાત્ર છે. વારાહી થાણાના તાબે ૫૯ ગામ હતાં; એમાં વારાહી અને ઊનડી નોંધપાત્ર છે. વાવ થાણાના તાબે ૫૧ ગામ હતાં, જેમાં સૂઈગામ જાણીતું છે. સાંતલપુર થાણા તાબે ૩૯ ગામ હતાં, જેમાં ચોરાડ ચાડચટ અને મોરવાડા ઉલ્લેખનીય છે.[૯]

મહીકાંઠા એજન્સીમાં સાબરકાંઠા તથા વાત્રકકાંઠાનો પણ સમાવેશ થતો. એના ૭ વિભાગ હતા—નાની મારવાડ, રહેવર જિલ્લો, સાબરકાંઠો, વાત્રકકાંઠો, બાવીસી જિલ્લો અને કટોસણ જિલ્લો. આ એજન્સીમાં આવેલી કુલ ૫૨ રિયાસતો હતી. એ મોટીનાની રિયાસતોને નીચે પ્રમાણે વર્ગીકૃત કરી હતી :[૧૦]

| | | | | | |
|---|---|---|---|---|---|
| વર્ગ ૧— | ઈડર | વર્ગ ૫— | વલાસણા | વર્ગ ૭— | મગુના |
| વર્ગ ૨— | પોળ–પોળો(વિજયનગર) | | ડાભા | | તેજપુરા |
| | દાંતા | | વાસણા | | વરસોડા |
| વર્ગ ૩— | માલપુર | | રૂપાલ | | પાલજ |
| | માણસા | | દધાલિયા | | દેલોલી |
| | મોહનપુર | | મગોડી | | કસલપુરા |
| વર્ગ ૪— | વરસોડા | | વડાગામ | | મહમદપુરા |
| | પેથાપુર | | સાઠંબા | | ઈજપુરા |
| | રણાસણ | વર્ગ ૬— | રમાંસ | | રામપુરા |
| | પુનાદરા | | બોલૂંદરા | | રાણીપુરા |
| | ખડાલ | | દેરોલ | | ગાબટ |
| | ઘોડાસર | | ખેડાવાડી | | ટીંબા |
| | કટોસણ | | કડોલી | | ઊમરી |
| | ઇલોલ | | વકતાપુર | | મોટા કોઠારણા |
| | આંબલિયારા | | પ્રેમપુર | | |
| | સુદાસણા | | દેધરોટા | | |
| | | | તાજપુરી | | |
| | | | હાપા | | |
| | | | સતલાસણા | | |
| | | | ભાલૂસણા | | |
| | | | લીખી | | |
| | | | હડોલ | | |

રેવાકાંઠા એજન્સીમાં આવેલી નોંધપાત્ર રિયાસતોનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવેલું :[૧૧]

વર્ગ ૧– રાજપીપળા

વર્ગ ૩—છોટાઉદેપુર

બારિયા

લુણાવાડા

વાડાસિનોર

સૂંથ[૧૨]

વર્ગ ૪—કડાણા

ભાદરવા

સંજેલી

આ એજન્સીમાં નાની ૫૫ રિયાસત હતી, તેમાં કડાણા અને સંજેલી અગ્રિમ સ્થાન ધરાવતી. નારુકોટ સંસ્થાન પહેલાં પંચમહાલ જિલ્લામાં હતું, તેને પછી રેવાકાંઠા એજન્સી નીચે મૂકેલું. પાંડુમેવાસનો વિભાગ મહીનદીના કાંઠા પર પથરાયેલો છે. એમાં આવેલી રિયાસતોમાં ભાદરવા અને ઉમેઠા નોંધપાત્ર છે. એ સિવાયની રિયાસતો એજન્સી થાણદારની દેખરેખ નીચે હતી. નર્મદાના જમણા કાંઠે આવેલા સંખેડામેવાસમાં ૨૬ નાની રિયાસત હતી. આ પરગણું પણ એજન્સી થાણદારની દેખરેખ નીચે હતું.[૧૩]

સુરત એજન્સીમાં વાંસદા ધરમપુર અને સચીન એ વણેય બીજા વર્ગની રિયાસત હતી.

## સત્તાનું નિયતીકરણ

પહેલા વર્ગની રિયાસતોના રાજાઓને બ્રિટિશ મુલકની રૈયત સિવાય કોઈ પણ રૈયતના ગુનેગારને ફોજદારી મુકદ્દમામાં દેહાંતદંડ સુધીની સજા કરવાનો અને દીવાની મુકદ્દમામાં ગમે તેટલી રકમના દાવા સાંભળવાનો પૂર્ણ અધિકાર હતો. બ્રિટિશ મુલકની રૈયતના ઇન્સાફ માટે પોલિટિકલ એજન્ટની પરવાનગી જરૂરી હતી.

બીજા વર્ગની રિયાસતોના રાજાઓને ફોજદારી મુકદ્દમામાં પોતાની રૈયતના ગુનેગારને દેહાંતદંડ સુધીની શિક્ષા કરવાનો અધિકાર હતો. કાઠિયાવાડ એજન્સીમાં દેહાંતદંડ માટે પોલિટિકલ એજન્ટની મંજૂરી જરૂરી નહોતી. મહીકાંઠા જેવી કેટલીક એજન્સીઓમાં દેહાંતદંડ માટે પોલિટિકલ એજન્ટની મંજૂરી લેવી પડતી. દીવાની મુકદ્દમામાં અમુક એજન્સીમાં કુલ અખત્યાર હતો, જ્યારે બીજી કેટલીક એજન્સીઓમાં રૂ. ૨૦,૦૦૦ સુધીના દાવા સાંભળવાનો અધિકાર હતો.

ત્રીજા વર્ગની રિયાસતોના રાજ્યકર્તાઓને કાઠિયાવાડ એજન્સીમાં ફોજદારી મુકદ્દમામાં સાત વરસ સુધીની સખ્ત કેદની સજા તથા રૂ. ૧૦,૦૦૦ સુધીનો દંડ

કરવાનો અને દીવાની મુકદ્દમામાં રૂ. ૨૦,૦૦૦ સુધીના દાવા સાંભળવાનો હક્ક હતો, જ્યારે મહીકાંઠા જેવી એજન્સીઓમાં ફોજદારી મુકદ્દમામાં બે વરસની સખ્ત કેદની અને રૂ. ૧,૦૦૦ સુધીના દંડની સજા કરવાની તેમજ દીવાની મુકદ્દમામાં રૂ. ૫,૦૦૦ સુધીના દાવા સાંભળવાની સત્તા હતી.

પછીના વર્ગોની રિયાસતોના તાલુકદારોને નીચે પ્રમાણેના અધિકાર હતા :

| | ફોજદારી | | દીવાની | |
|---|---|---|---|---|
| વર્ગ | કાઠિયાવાડ એજન્સી | મહીકાંઠા એજન્સી | કાઠિયાવાડ એજન્સી | મહીકાંઠા એજન્સી |
| ૪ | ૩ વર્ષ સુધીની સખ્ત કેદ, રૂ. ૫,૦૦૦ સુધીનો દંડ | ૧ વર્ષ સુધીની સખ્ત કેદ, રૂ. ૫૦૦ સુધીનો દંડ | રૂ. ૧૦,૦૦૦ સુધીના દાવા | રૂ. ૨,૫૦૦ સુધીના દાવા |
| ૫ | ૨ વર્ષ સુધીની સખ્ત કેદ, રૂ. ૨,૦૦૦ સુધીનો દંડ | ૬ માસ સુધીની સખ્ત કેદ, રૂ. ૨૫૦ સુધીનો દંડ | રૂ. ૫,૦૦૦ સુધીના દાવા | રૂ. ૧,૦૦૦ સુધીના દાવા |
| ૬ | ૩ માસ સુધીની સખ્ત કેદ, રૂ. ૨૦૦ સુધીનો દંડ | ૩ માસ સુધીની સખ્ત કેદ, રૂ. ૧૦૦ સુધીનો દંડ | રૂ. ૫૦૦ સુધીના દાવા | રૂ. ૫૦૦ સુધીના દાવા |
| ૭ | ૧૫ દિવસ સુધીની સખ્ત કેદ, રૂ. ૨૫ સુધીનો દંડ | ૧ માસ સુધીની સખ્ત કેદ, રૂ. ૫૦ સુધીનો દંડ | કોઈ હક્ક નહિ | રૂ. ૨૫૦ સુધીના દાવા[૧૪] |

પાલણપુર એજન્સીમાં માત્ર પહેલા ચોથા અને પાંચમા વર્ગની રિયાસતો હતી. પહેલા વર્ગનાં રાજ્યોના રાજ્યકર્તાઓને બ્રિટિશ સરકારની રૈયત સિવાયનાં માણસોનાં ખૂનના મુકદ્દમા ચલાવવાનો અધિકાર હતો. ચોથા વર્ગના રાજ્યકર્તાને ફોજદારી મુકદ્દમામાં બે વરસ સુધીની સખ્ત કેદની સજા અને રૂ. ૫,૦૦૦ સુધીનો દંડ કરવાનો અધિકાર હતો, ને દીવાની મુકદ્દમામાં રૂ. ૧૦,૦૦૦ સુધીના દાવા સાંભળવાનો અધિકાર હતો. પાંચમા વર્ગના તાલુકાના રાજ્યકર્તાને ફોજદારી

મુકદ્દમામાં બે વરસ સુધીની સખ્ત કેદની સજા તથા રૂ. ૫,૦૦૦ સુધીનો દંડ કરવાનો અને દીવાની મુકદ્દમામાં રૂ. ૫,૦૦૦ સુધીના દાવા સાંભળવાનો અધિકાર હતો.[૧૫]

રેવાકાંઠા એજન્સીમાં પણ પહેલા વર્ગની રિયાસતના રાજ્યકર્તાને બ્રિટિશ રૈયત સિવાય કોઈ પણ ગુનેગારને દેહાંતદંડની સજા કરવાનો અધિકાર હતો, એ માટે પોલિટિકલ એજન્ટની મંજૂરી જરૂરી નહોતી. બીજા વર્ગની રિયાસતોના રાજ્યકર્તાઓને પોતાની રૈયતના હત્યા સુધીના ગુના તપાસવાનો હક્ક હતો ને દીવાની કામમાં પૂરી સત્તા હતી. ચોથા વર્ગની રિયાસતો પૈકી કડાણાના ઠાકોરને રૂ. ૧૦,૦૦૦ સુધીના દીવાની દાવા સાંભળવાનો અને ફોજદારી મુકદ્દમામાં ૩ વરસ સુધીની કેદની સજા તથા રૂ. ૫,૦૦૦ સુધીનો દંડ કરવાનો અધિકાર હતો; મંજેલીના ઠાકોરને રૂ ૨,૦૦૦ સુધીના દીવાની દાવા સાંભળવાની અને ફોજદારી બાબતમાં પહેલા વર્ગના મૅજિસ્ટ્રેટની સત્તા હતી; ભાદરવાના ઠાકોરને તમામ દીવાની દાવા સાંભળવાનો તથા ફોજદારી દાવામાં પહેલા વર્ગના મૅજિસ્ટ્રેટનો હક્ક હતો; ઉમેટાના ઠાકોરને પણ દીવાની દાવા સાંભળવાનો અધિકાર હતો, પરંતુ ફોજદારી બાબતમાં બીજા વર્ગના મૅજિસ્ટ્રેટની સત્તા હતી. નારુકોટના ઠાકોરને આવી કોઈ સત્તા નહોતી. સંખેડામેવાસની અમુક રિયાસતોના તાલુકદારોને રૂ. ૫૦૦ કે ૨૫૦ કે ૨૦૦ સુધીના દાવા સાંભળવાનો તેમજ ફોજદારી બાબતમાં બીજા ને ત્રીજા વર્ગના મૅજિસ્ટ્રેટનો અધિકાર હતો; પાંડુમેવાસની રિયાસતોના તાલુકદારોને રૂ. ૧૦૦ સુધીના દીવાની દાવા સાંભળવાનો હક્ક હતો; એ પૈકી એકના તાલુકદારને ફોજદારી દાવામાં ત્રીજા વર્ગના મૅજિસ્ટ્રેટની સત્તા પણ હતી.[૧૬]

ખંભાતના નવાબને પોતાની રૈયત પર દીવાની તથા ફોજદારી બાબતમાં પૂરો અખત્યાર હતો.[૧૭]

સુરત એજન્સીનાં વાંસદા ધરમપુર અને સચીન રાજ્યોના રાજાઓને પણ પોતાની રૈયત પર એવો પૂરો અખત્યાર હતો.

કમ્પની સરકારે અખત્યાર ધરાવતી દરેક મોટી નાની રિયાસતના રાજ્યકર્તા સાથે લિખિત કરાર કર્યા હતા, વળી જે રિયાસતના રાજ્યકર્તાને લશ્કરી માન આપવાનું ઠર્યું હતું તેઓને કેટકેટલા સિપાઈઓની ટુકડીથી એ માન આપવાનું એની સંખ્યા તેમજ મોટાં રાજ્યોના રાજ્યકર્તાઓ કમ્પની સરકારના મથકમાં આવે ત્યારે એ દરેકને કેટકેટલી તોપોનું માન આપવું એની સંખ્યા પણ મુકરર કરવામાં આવી હતી. દા.ત. વડોદરાના મહારાજાને ૨૧, કચ્છના મહારાજાને ૧૭ અને ઈડરના મહારાજાને ૧૫ તોપોનું માન અપાતું. સામાન્ય રીતે ગુજરાતમાં પ્રથમ વર્ગનાં અન્ય રાજ્યોના રાજાઓને ૧૧ તોપોનું અને દ્વિતીય વર્ગનાં

રાજ્યોના રાજાઓને ૯ તોપોનું માન આપવામાં આવતું. એવી રીતે તે તે રાજા સાથે રાજસત્તાના વારસા–હક્કના પ્રકાર (જેમકે જ્યેષ્ઠતા, ભાઈએ–ભાગ વગેરે) નક્કી કરવામાં આવ્યા હતા તેમજ જેઓને દત્તક પુત્ર લેવાનો હક્ક આપવામાં આવેલો તેઓને એ અંગેની સનદ આપવામાં આવતી હતી. જે રિયાસતોએ કમ્પની સરકારને, ગાયકવાડ સરકારને, કે કોઈ અન્ય રાજ્યોને વાર્ષિક ખંડણી આપવાની ઠરાવેલી હોય, તો એની રકમ પણ મુકરર કરવામાં આવી હતી. એજન્સીના અમલદારો તરફથી જુદા જુદા વર્ગની મોટી નાની રિયાસતોના રાજ્યકર્તાઓ, જે 'મહારાજા' 'મહારાવ' 'રાવ' 'રાજા' 'નવાબ' 'મહારાણા' 'રાણા' 'મહારાવળ' 'રાવળ' 'ઠાકોર' વગેરે તરીકે ઓળખાતા, તેઓને પત્રવ્યવહારમાં કેવી રીતે સંબોધવા એના શબ્દપ્રયોગ પણ મુકરર કરવામાં આવતા. એજન્સીમાં દરબાર ભરાય ત્યારે તે તે રિયાસતના રાજા કે તાલુકદારને કયા ક્રમે ખુરશી આપવામાં આવે એનું પણ વર્ગવારી પત્રક કરવામાં આવતું. એજન્સી–અદાલતો, મૅનેજમેન્ટ થાણદારો, સિક્કા રેલવે ટપાલ તાર ઇત્યાદિ બાબતોને લગતા નિયમ પણ ઘડવામાં આવેલા.

## ૩. રેસિડેન્સી અને પોલિટિકલ એજન્સીઓ

૧૮૦૨ માં વેલેસ્લીની સહાયકારી યોજના સ્વીકારીને તથા "વૉકર સેટલમેન્ટ" તરીકે ઓળખાતો કરાર ઈસ્ટ ઇન્ડિયા કમ્પની સાથે ૧૮૦૭માં કરીને વડોદરાના ગાયકવાડે સમગ્ર ગુજરાત ઉપરનું સાર્વભૌમત્વ ગુમાવ્યું અને સમગ્ર ગુજરાતમાંથી દેશી રાજ્યો પાસેથી ખંડણી ઉઘરાવવાનો હક્ક એમના વતી કમ્પની સરકારને મળ્યો. ૧૮૦૫, ૧૮૧૭ અને ૧૮૧૮ની જુદી જુદી સંધિથી આ પ્રક્રિયા સંપૂર્ણ બની. ખડકીની લડાઈ બાદ પેશવાની સત્તાનો ગુજરાતમાંથી અંત આવતાં અંગ્રેજ કમ્પની ગુજરાતની સાર્વભૌમ સત્તા બની. આ સાર્વભૌમ સત્તાના નામે ગવર્નર-જનરલ, ગવર્નર, રેસિડેન્ટ, પોલિટિકલ એજન્ટ, પોલિટિકલ ખાતું અને એના અધિકારીઓ દેશી રાજ્યો ઉપર અબાધિત સત્તા ભોગવતાં હતાં. ઈસ્ટ ઇન્ડિયા કમ્પની સાથે કોલકરાર કર્યો હોય અને એમાં કેટલીક શરતો હોવા છતાં સાર્વભૌમત્વના સ્વીકારને કારણે કોઈ પણ પરિસ્થિતિમાં બધી બાબતોમાં ઈસ્ટ ઇન્ડિયા કમ્પની અને એની અનુગામી બ્રિટિશ સત્તાનો હાથ ઉપર રહેતો હતો અને એના નિર્ણય અફર અને છેલ્લા ગણાતા હતા. બ્રિટિશ હિતને સર્વોપરિ સ્થાન આપવાનું હોવાથી કોઈ અપીલને અવકાશ ન હતો. કોઈ રાજ્ય સાથે મતભેદ ઊભો થતો ત્યારે દેશી રાજ્યને નમતું જોખવાની ફરજ પડતી હતી. પરદેશ-નીતિ, સંરક્ષણ અને આંતરરાજ્ય સંબંધો સિવાય બધી બાબતોમાં દેશી રાજ્યો સંપૂર્ણ રીતે આંતરિક સ્વાતંત્ર્ય ભોગવતાં હતાં છતાં સાર્વભૌમત્વને આગળ ધરીને દેશી રાજ્યની

આંતરિક બાબતોમાં પણ સાર્વભૌમ સત્તા માથું મારતી હતી. માર્ક્વિસ ઑફ હેસ્ટિંગ્સના આ બાબતોના ઉદ્‌ગારો સૂચક છે : "એમની સાથેની સંધિ પ્રમાણે આપણે એમને સ્વતંત્ર રાજવી તરીકે માન્ય રાખીએ છીએ. એમની કચેરીમાં રેસિડેન્ટ મોકલીએ છીએ. એ એલચી તરીકે વર્તવાને બદલે સરમુખત્યાર તરીકે વર્તે છે. બધી ખાનગી બાબતોમાં માથું મારે છે, એમની વિરુદ્ધના બંડખોરોને સહારો આપે છે અને એમની સત્તાનું નગ્ન પ્રદર્શન કરે છે. આપણી કાઉન્સિલ એમને દૃઢતાથી સહકાર આપે છે. સરકાર પણ એકાદ મુદ્દા બાબત નહિ, પણ એનાં બધાં પગલાંઓ ને વર્તનને ટેકો આપે છે. આમ દેશી રાજ્યોની લાગણીઓ દુભાવવામાં આવે છે. મુસ્લિમ અને હિંદુ રાજવીઓ બાબત એમના પુત્રો પૈકી વારસ પસંદ કરવાની બાબતમાં મુસ્લિમ કાયદા અને હિંદુ કાયદા વિરુદ્ધ વલણ અપનાવીએ છીએ." દેશી રજવાડાંઓના શાસન કરતાં બ્રિટિશ શાસન સોગણું સારું છે અને દેશી રાજ્યોની પ્રજાને બ્રિટિશ શાસન ગમે છે એવી ભ્રામક માન્યતાને કારણે સાચી કે ખોટી રીત-રસમો અજમાવી દેશી રાજ્યોનો મુલક ખાલસા કરવાની નીતિ ૧૮૫૭ ના સંગ્રામ સુધી અપનાવાઈ હતી. ૧૮૫૭ ના સંગ્રામ બાદ રાણી વિક્ટોરિયાના ઢંઢેરા અનુસાર દેશી રાજ્યો તરફના વલણમાં પલટો આવ્યો હતો અને દત્તક લેવા બાબત સંપૂર્ણ છૂટ અપાઈ હતી. ગેરશાસન અને અશાંતિ સિવાય દેશી રાજ્યોના કારોબારમાં માથું મારવામાં આવતું ન હતું.

વડોદરા રાજ્યમાં ૧૮૦૨ પછી સુશાસન સ્થાપવા અને ઉદ્દંડ અરબ સૈનિકોને દબાવવા અને ગાયકવાડની ગાદી ટકાવી રાખવા ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીએ વડોદરા રાજ્યને ખુલ્લી મદદ કરી હતી. ગાયકવાડના દીવાન નીમવાની અને રાજ્યના બજેટ જેવી આંતરિક વહીવટની બાબતમાં પણ રેસિડેન્ટની ઇચ્છાને માન આપવાની ગાયકવાડને ફરજ પડાઈ હતી. ગાયકવાડના શરાફોને તથા ગાયકવાડના બ્રિટિશ-તરફી અમલદારો અને ગાયકવાડના સગાઓને બાંહેધરી આપીને બ્રિટિશ સરકારે ગાયકવાડના આંતરિક વહીવટમાં રસ લીધો હતો. ખંડણી આપવા ઉપરાંત દરેક દેશી રાજાને સીધો ગાદી–વારસ ન હોય તો દત્તક–પુત્ર લેવા માટે સાર્વભૌમ સત્તાની મંજૂરી મેળવવી પડતી હતી. ગેરશાસન અને અવ્યવસ્થાના પ્રસંગોમાં રાજાને પદભ્રષ્ટ કરી, રિજન્સી કાઉન્સિલ નીમી બ્રિટિશ સરકાર હસ્તક્ષેપ કરતી હતી. કોઈ રાજાના અકાળ અવસાનના પ્રસંગે નવા રાજાની સગીર અવસ્થા દરમ્યાન પણ દરમ્યાનગીરી કરવામાં આવી હતી.

ગોવધ કરવા બદલ ભાવનગરના મહારાજાએ કસૂરદારને શિક્ષા કરતાં ખેડાના કલેક્ટરે ભાવનગર મહારાજાને દોષિત ઠરાવી દંડ કર્યો હતો અને કેટલોક પ્રદેશ ખૂંચવી

લીધો હતો. જામનગર અને પોરબંદર રાજ્યો વચ્ચે કંડોરણાના કિલ્લાના કબજા બાબત ઝઘડા પ્રસંગે કમ્પની સરકારે દરમ્યાનગીરી કરી પોરબંદરને ન્યાય આપ્યો હતો. ખુમાણો અને વાઘેરોના બહારવટાના પ્રસંગોમાં બહારવટિયાને આશ્રય આપનાર દેશી રાજાઓને અટકમાં લઈને કે એમને રાજ્ય બહાર ચાલ્યા જવા ફરજ પાડી સાર્વભૌમ સત્તાએ શિક્ષા કરી હતી. આ રીતે જેતપુરના કાઠી દરબારને અટકમાં લીધેલ અને પોરબંદરના વિક્રમાજિતને રાજકોટ રહેવા ફરજ પાડી હતી. વડોદરાના મલ્હારરાવને ગેરવહીવટ તથા કર્નલ ફેરને ઝેર આપવાનો આરોપ મૂકીને પદભ્રષ્ટ કર્યો હતો. સરહદી ઝઘડાઓના પ્રશ્નોમાં રાજ્યો વચ્ચે મધ્યસ્થી તરીકે કામ કરીને તકરારી પ્રશ્નોની પતાવટ પોલિટિકલ એજન્ટ અને એના તાબેદાર નોકરો કરતા હતા અને આ માટે રાજસ્થાનિક કોર્ટની સ્થાપના પણ કરી હતી. આમ ૧૮૦૨ થી ઈસ્ટ ઇન્ડિયા કમ્પની અને ૧૮૫૮ પછી બ્રિટિશ સરકાર ગુજરાતમાં સાર્વભૌમ સત્તા બની હતી.

મુંબઈના ગવર્નર ડંકને મેજર ઍલેક્ઝાન્ડર વૉકરને વડોદરાના પ્રથમ રેસિડેન્ટ તરીકે નીમ્યો હતો. એમણે ૧૧–૭–૧૮૦૨ ના રોજ ચાર્જ લીધો હતો. શરૂઆતમાં આ રેસિડેન્ટ મુંબઈના ગવર્નર નીચે હતો, પણ સયાજીરાવ બીજાના સમયમાં રેસિડેન્ટ વિલિયમ્સ સાથેના સંબંધ બગડતાં રેસિડેન્સી બંધ કરી એ અમદાવાદ રહ્યો હતો અને એણે ગુજરાતના પોલિટિકલ કમિશનર તરીકે ૧–૧૨–૧૮૩૦થી કામગીરી સંભાળી હતી. સહાયકારી યોજના નીચે વડોદરામાં અંગ્રેજો તરફથી ઊભું કરાયેલું સૈન્ય ઉત્તર વિભાગના સૈન્ય સાથે જોડી દેવામાં આવ્યું હતું અને વડોદરા રાજ્ય સીધું ગવર્નર–જનરલની સત્તા નીચે મુકાયું હતું. ત્યારબાદ વહીવટી મુશ્કેલી જણાતાં અને સંબંધો સુધરવાથી ફરીથી વડોદરા રાજ્ય ગવર્નરના અંકુશ નીચે મુકાયું હતું. રેસિડેન્ટને દેશી એજન્ટ મદદ કરતો હતો. પાછળથી વડોદરામાં એ.જી.જી. (એજન્ટ ટુ ગવર્નર-જનરલ) રહેતો હતો.

સૌરાષ્ટ્રમાં ૧૮૦૭ ના 'વૉકર કરાર'ને કારણે કંપની સરકારને ગાયકવાડ વતી ખંડણી ઉઘરાવવાનો હક્ક મળતાં ૧૮૨૦ માં રાજકોટમાં કમ્પની સરકારે એજન્સીની સ્થાપના કરી હતી. સને ૧૮૨૨ માં પોલિટિકલ એજન્ટ તરીકે કેપ્ટન બાર્નવેલની નિમણૂક કરવામાં આવી હતી. આ પોલિટિકલ એજન્ટ સીધો ગવર્નરને જવાબદાર હતો અને એના હાથ નીચે ઝાલાવાડ હાલાર સોરઠ અને ગોહિલવાડમાં પોલિટિકલ આસિસ્ટન્ટ હતા. બાવાવાળાના બહારવટાના પ્રસંગે, મૈયાની કતલના પ્રસંગે, ગોંડળના પ્રદેશમાં જૂનાગઢના લશ્કરે લૂંટ ચલાવી ત્યારે તથા ખુમાણો

વગેરેના બહારવટાના પ્રસંગે પોલિટિકલ એજન્ટે સક્રિય દરમ્યાનગીરી કરી હતી. વાઘેરોનાં બંડોના પ્રસંગે દેશી રાજ્યોના લશ્કરની મદદથી એમને દબાવી દેવામાં આવ્યા હતા. સગીર અવસ્થા દરમ્યાન કે ગેરવ્યવસ્થાને કારણે પોરબંદર લીંબડી ભાવનગર જેવાં રાજ્યોમાં રિજન્સી કાઉન્સિલ નીમીને સાર્વભૌમ સત્તાએ દરમ્યાનગીરી કરી હતી.

૧૯૦૨ માં બ્રિટિશ સરકારના સૌથી વધારે શ્રેયાન અધિકારીને પોલિટિકલ એજન્ટને બદલે "એજન્ટ ટુ ગવર્નર"નું બિરુદ મળ્યું હતું, જ્યારે એમનો મદદનીશ આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ બન્યો હતો. શરૂઆતમાં રાજકોટ વિભાગ નીચે કચ્છ ગોહિલવાડ હાલાર ઝાલાવાડ સોરઠ તથા અમરેલી પ્રાંતનો સમાવેશ કરાયો હતો. ત્યાર બાદ કચ્છ જૂનાગઢ જામનગર ભાવનગર પોરબંદર ધ્રાંગધ્રા મોરબી ગોંડળ જાફરાબાદ વાંકાનેર પાલીતાણા ધ્રોળ લીંબડી રાજકોટ અને વઢવાણનાં દેશી રાજ્યો "વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ્સ એજન્સી" નીચે મુકાયાં હતાં. લખતર સાયલા મૂળી ચૂડા વળા દાઠા બજાણા પાટડી વગેરે નાનાં રાજ્યો "ઈસ્ટર્ન કાઠિયાવાડ એજન્સી" નીચે મુકાયાં હતાં. જસદણ માણાવદર થાણાદેવળી વડિયા વીરપુર માળિયા કોટડા–સાંગાણી જેતપુર પિઠડિયા જેતપુર બીલખા ખિરસરા વગેરે નાનાં રાજ્યોનો "વેસ્ટર્ન કાઠિયાવાડ એજન્સી"માં સમાવેશ કરાયો હતો.

શરૂઆતમાં વડોદરા વિભાગમાં ખંભાત રાજ્ય, મહીકાંઠા એજન્સી, પાલણપુર એજન્સી, રેવાકાંઠા એજન્સી, સુરત એજન્સી, ડાંગ અને અમરેલી પ્રાંત સિવાયના ગુજરાતમાં આવેલ વડોદરાના કડી(મહેસાણા) નવસારી અને વડોદરા પ્રાંતનો સમાવેશ કરાયો હતો.

તળગુજરાતનાં દેશી રાજ્યો પાલણપુર એજન્સી, મહીકાંઠા એજન્સી તથા રેવાકાંઠા એજન્સી નીચે મુકાયાં હતાં. સુરત જિલ્લાનાં સચીન વાંસદા અને ધરમપુરનાં દેશી રાજ્ય 'સુરત એજન્સી' તરીકે ઓળખાતાં હતાં ને એનો પોલિટિકલ એજન્ટ સુરતનો કલેક્ટર હતો. ખંભાતનું નાનું દેશી રાજ્ય ખેડા જિલ્લાના કલેક્ટરની હકૂમત નીચે હતું.

પાલણપુર એજન્સી ૧૮૧૯ માં અસ્તિત્વમાં આવી હતી. એની ઉત્તરે મારવાડ અને શિરોહી, પૂર્વમાં શિરોહી દાંતા અને મહેસાણા જિલ્લાનો પાટણ તાલુકો અને કાઠિયાવાડ એજન્સીનું ઝીંઝુવાડા તથા પશ્ચિમે કચ્છનું રણ છે. એની વધારેમાં વધારે લંબાઈ ૧૬૦ કિ. મી. તથા પહોળાઈ પણ એટલી છે. એનો વિસ્તાર ૧૬,૫૩૩ ચો. કિ. મી. હતો. અને કુલ ગામોની સંખ્યા ૧૨૫૨ હતી. એ ૨૩.૩૦ થી ૨૪.૪૩ ઉત્તર અક્ષાંશ અને ૭૧.૨૦ પૂ. અને ૭૨.૪૫ પૂર્વ

રેખાંશ વચ્ચે આવેલ છે. ૧૯૦૧ માં એની વસ્તી ૪,૮૦,૪૧૦ માણસની હતી. આ એજન્સીમાં પાલણપુર અને રાધનપુરનાં પ્રથમ વર્ગનાં બે રાજ્ય અને બાકીનાં નવ દેશી રાજ્ય તે તેના દરજ્જા પ્રમાણે ઓછી–વધતી સત્તા ભોગવતાં હતાં. પોલિટિકલ એજન્ટ આ પ્રદેશ ઉપર બ્રિટિશ શાસનના પ્રતિનિધિ તરીકે હકૂમત ધરાવતો હતો.

મહી અને સાબરમતી વચ્ચે આવેલાં દેશી રાજ્યોનો સમૂહ 'મહીકાંઠા એજન્સી' તરીકે ઓળખાતો હતો. આબુરોડથી ૧૩ કિ. મી. દૂર ઉત્તરે એની સરહદ હતી. રાજસ્થાન સરહદે ખેરવાડા કેન્ટોનમેન્ટથી ૨૯ કિ. મી. દૂર સુધી એની સરહદ હતી. એની પૂર્વ સરહદ સૌરાષ્ટ્રની સરહદથી ૧૪ કિ.મી. દૂર રામપુરા સુધી ફેલાયેલી હતી. જૂના મુંબઈ રાજ્યના ઈશાન ખૂણે આવેલા આ વિસ્તારની ઉત્તરે મેવાડ અને શિરોહીના ડુંગરાળ વિસ્તાર આવેલ. પૂર્વ તરફ ડુંગરપુર રેવાકાંઠા અને ખેડા આવેલ, જ્યારે દક્ષિણ સરહદે લુણાવાડા અને વાડાસિનોરનાં દેશી રાજ્ય, ખેડા જિલ્લો, અમદાવાદ જિલ્લો તેમ વડોદરા રાજ્યનો દહેગામ તાલુકો આવ્યો હતો. પશ્ચિમે પાલણપુર અને મહેસાણા જિલ્લાના ખેરાળુ તથા વિજાપુર તાલુકા અને પાલણપુર રાજ્ય આવેલાં હતાં. એની વધુમાં વધુ લંબાઈ ૧૪૫ કિ. મી. તથા પહોળાઈ ૯૬ કિ. મી. હતી. રાજ્યોની સંખ્યા ૬૪ હતી. નાની મારવાડ કે ઈડર અને એના તાબાનો પ્રદેશ, રહેવર કે રહેવર રાજપૂતોના તાબાનો પ્રદેશ, વાત્રકકાંઠો, વાસણા અને સાદરાના રાજપૂતોનાં ૨૨ ગામોનો પટ્ટો અને કટોસણનો આમાં સમાવેશ થતો હતો. આ પ્રદેશ હંમેશાં તોફાની ને બળવાખોર પ્રવૃતિ માટે જાણીતો હતો. ૧૮૧૩ માં આસિસ્ટન્ટ રેસિડેન્ટ બેલેન્ટાઈને ગાયકવાડ અને આ પ્રદેશના ઠાકોરો સાથે 'વૉકર સેટલમેન્ટ' જેવું તહનામું કરાવેલ. ગાયકવાડ સરકાર આ પ્રદેશમાં વ્યવસ્થા ન સંભાળી શકવાથી એનો હવાલો અંગ્રેજોને ૧૮૨૦ માં એણે સોંપ્યો હતો. એનો વિસ્તાર ૯૧૩૭ ચો. કિ. મી. હતો. ૧૮૨૮ માં જે. વિલોબી પોલિટિકલ એજન્ટ તરીકે નિમાયો હતો. ૧૯૦૧ માં એની વસ્તી ૩,૬૧, ૫૪૫ હતી.

રેવાકાંઠા એજન્સીમાં ૬૧ દેશી રાજ્યો આવેલાં હતાં તે પૈકી રાજપીપળા પ્રથમ વર્ગનું હતું, જ્યારે છોટાઉદેપુર બારિયા લુણાવાડા વાડાસિનોર અને સંતરામપુર બીજા વર્ગનાં રાજ્ય હતાં. બાકીનાં ૫૫ રાજ્ય ત્રીજા વર્ગનાં હતાં. આ બધાં રાજ્ય રેવા કે નર્મદાના તટ ઉપર કે એની નજીક આવેલાં નથી. ઉત્તર તરફનાં કડાણા લુણાવાડા વાડાસિનોર પાંડુમેવાસ મહી ઉપર કે એ નજીક આવેલાં હતાં, પણ વહીવટી સુગમતા ખાતર એ બધાંને રેવાકાંઠાના પોલિટિકલ એજન્ટ નીચે મૂકવામાં

આવ્યાં હતાં. પંચમહાલનો કલેક્ટર રેવાકાંઠાના પોલિટિકલ એજન્ટ તરીકે ગોધરાથી આ વહીવટ સંભાળતો હતો. શરૂઆતમાં વડોદરાનો આસિસ્ટન્ટ રેસિડેન્ટ જે. પી. વિલોબી આ એજન્સીનો પોલિટિકલ એજન્ટ ૧૮૨૫ માં બન્યો હતો.

પાલણપુર એજન્સી આગળ જતાં 'બનાસકાંઠા એજન્સી' તરીકે ઓળખાઈ. ૧૯૩૩ માં મહીકાંઠા અને બનાસકાંઠા એજન્સીઓને ભેગી કરી 'સાબરકાંઠા એજન્સી' રચાઈ. એમાં ૪૪ બિનસલામી રિયાસત અને આઠ થાણાં હતાં. ૧૯૪૪ માં પોલિટિકલ એજન્ટો બિન-સલામી રિયાસતો સાથે સંબંધ ધરાવતા બંધ થતાં સાબરકાંઠા એજન્સી રદ કરવામાં આવી. ૧૯૨૪ થી કાઠિયાવાડ કચ્છ અને પાલણપુર એજન્સીઓ 'વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ્સ એજન્સી'રૂપે ભારત સરકાર સાથે સીધા સંબંધમાં મુકાઈ. બીજાં રાજ્ય ૧૯૩૩ માં 'બરોડા એન્ડ ગુજરાત સ્ટેટ એજન્સી'-રૂપે ભારત સરકારના વહીવટ નીચે મુકાયાં. એ બધાંનો વહીવટ વડોદરાના રેસિડેન્ટને સોંપાયો. ૧૯૪૪ માં આ બંને એજન્સીઓને ભેગી કરી 'વડોદરાના અને વેસ્ટર્ન ઇન્ડિયા તથા ગુજરાતનાં રાજ્યો માટેના રેસિડેન્ટ'ની નીચે મૂકવામાં આવી.

ગુજરાતનો સમગ્ર પ્રદેશ ઉત્તર વિભાગના કમિશનર નીચે મુકાયો હતો. એનું મથક અમદાવાદ હતું અને એ બધા પોલિટિકલ એજન્ટોના વહીવટ ઉપર દેખરેખ રાખતો હતો.[૧૮]

## ૪. તળ-ગુજરાતની મુખ્ય રિયાસતો

૧૮૦૨ ના ડિસેમ્બરની ૩૧ મી તારીખે અંગ્રેજોએ પેશવા સાથે વસઈની સંધિ કરી અને પેશવા અને ગાયકવાડ વચ્ચેના પ્રશ્નો અંગે એમની લવાદી સ્વીકારવા ફરજ પાડી.[૧૯] એ પ્રમાણે ૧૮૦૫ ની ગાયકવાડ સરકાર સાથેની અંગ્રેજોની સંધિથી 'સહાયકારી યોજના'ને કબૂલ રાખી કોઈ પણ પરદેશીને નોકરીમાં ન રાખવાનું ગાયકવાડે વચન આપ્યું તથા પરદેશો સાથેના સંબંધોની બાબત અને પેશવા સાથેના તકરારી પ્રશ્નોની પતાવટ અંગ્રેજોને ગાયકવાડે સોંપી.[૨૦] ૧૮૦૭ માં 'વૉકર સેટલમેન્ટ' મુજબ કાઠિયાવાડની ખંડણી ઉઘરાવવાનું કાર્ય ગાયકવાડે કમ્પનીને સોંપ્યું, તે જ પ્રમાણે પેશવાએ પણ એમના વતી ખંડણી ઉઘરાવવાનું કામ વિના વેતને કમ્પનીને સોંપ્યું.[૨૧]

મહીકાંઠાની ખંડણી ઉઘરાવવાનું કામ ૧૮૧૧-૧૨ માં ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીને ગાયકવાડે સોંપ્યું.[૨૨] જૂનાગઢ રાજ્ય વતી ૧૮૧૩ માં જોરતલબી ઉઘરાવવાનું કામ કમ્પનીએ સ્વીકાર્યું.[૨૩] આમ પેશવા અને ગાયકવાડનો પગદંડો કાઢીને કમ્પની સરકાર સમગ્ર ગુજરાતમાં સાર્વભૌમ સત્તા બની, આથી આગળ વધીને દેશી

રાજ્યો વચ્ચેની લડાઈઓ બંધ કરાવી સરહદી ઝઘડા પતાવવાનું અને કોઈ પણ દેશી રાજ્યનો વહીવટ અંતોષકારક ન હોય કે જુલ્મી હોય તો બ્રિટિશ સરકાર વહીવટદાર નીમી કે રાજાની સગીરાવસ્થા હોય તો રિજન્ટ અને કાઉન્સિલ નીમીને એનો વહીવટ હાથમાં લઈને હસ્તક્ષેપ કરતી હતી. કોઈ રાજા અપુત્ર હોય તો દત્તક લેવા માટે સનદ પણ એ આપતી હતી. આ રીતે ભાવનગર પોરબંદર છોટાઉદેપુર રાજપીપળા વગેરે રાજ્યોમાં હસ્તક્ષેપ કરી કમ્પનીએ રજવાડાંઓને સજા કરી હતી કે રાજાઓને પદભ્રષ્ટ કરી રિજન્સી કાઉન્સિલ નીમી હતી. ખુદ વડોદરા રાજ્યમાં આનંદરાવ, સયાજીરાવ બીજા તથા મલ્હારરાવના શાસન દરમ્યાન કમ્પનીએ દરમ્યાનગીરી કરી હતી અને દીવાનોની નિમણૂક બાબત રસ લીધો હતો, અને મલ્હારરાવને તો પદભ્રષ્ટ પણ કરેલ.[૨૪] ૧૮૫૮ માં લૉર્ડ કેનિંગે, ૧૮૭૫ માં હિંદી વજીર સેલિસબરીએ, ૧૯૦૯ માં લૉર્ડ મિન્ટોએ, ૧૯૨૧ માં લૉર્ડ રીડિંગે તથા ૧૯૨૭ માં હિંદી વજીરે દેશી રાજ્યો ગમે તેવાં મોટાં હોય તોપણ તેઓ તાબેદાર રાજ્યો છે અને તેઓની વચ્ચે સંધિ કે કોલકરાર થયા છે તે બંને સમાન દરજ્જાનાં રાજ્યો વચ્ચેના નથી અને તેથી તેઓને આંતરરાષ્ટ્રિય કાયદાનુસાર સ્વતંત્ર દરજ્જો પ્રાપ્ત થતો નથી એમ જાહેર કરેલ. સંધિ–કરારની ઉપરવટ જઈને સાર્વભૌમ સત્તા દેશી રાજ્યોના વહીવટમાં અસાધારણ સત્તા દ્વારા માથું મારી શકે છે આ કારણે હંમેશાં કોઈ પણ તકરારી પ્રશ્નમાં પોલિટિકલ ખાતું એના નિર્ણય રાજ્યો ઉપર ઠોકી બેસાડવા હક્કદાર હતું અને રાજવીઓ આ બાબતમાં લાચાર હતા. દેશી રાજ્યોનાં રાજકીય અને આર્થિક હિત બ્રિટિશ હિતો આગળ ગૌણ ગણાતાં હતાં અને બ્રિટિશ સરકારનું મૂળભૂત ધ્યેય સાર્વભૌમ સત્તા તરીકે એના ભારતમાંના હિતની રક્ષા કરવાનું હતું. ઈ. સ. ૧૮૨૦ માં પેશવાઈ નષ્ટ થતાં ઈસ્ટ ઇન્ડિયા કમ્પની ગુજરાતમાં સાર્વભૌમ સત્તા બની. ગવર્નર-જનરલ આ સાર્વભૌમ સત્તાનો પ્રમુખ પ્રતિનિધિ હતો.[૨૫] વડોદરામાં ૧૮૧૨ થી રેસિડેન્ટની નિમણૂક કરાઈ હતી, જ્યારે રાજકોટમાં પોલિટિકલ એજન્ટની નિમણૂક ૧૮૨૦ માં કરાઈ હતી. તેઓ સમગ્ર ગુજરાતનાં દેશી રાજ્યોના વહીવટની દેખરેખ રાખતા હતા અને જરૂર પડ્યે હસ્તક્ષેપ કરતા હતા. સને ૧૮૧૮ માં ગુજરાતમાં વડોદરા રાજપીપળા પાલણપુર રાધનપુર કચ્છ ભાવનગર જૂનાગઢ જામનગર ધ્રાંગધ્રા વગેરે પ્રથમ દરજ્જાનાં કહી શકાય તેવાં રાજ્ય હતાં. કર્નલ કીટિંગે ૧૮૬૩ માં ગુજરાતનાં રજવાડાંઓને તે તેના દરજ્જા તથા રાજ્યનાં ક્ષેત્રફળ વસ્તી આવક વગેરે લક્ષમાં રાખીને સાત વિભાગમાં વહેંચ્યાં હતાં અને એ પ્રમાણે દિલ્હીમાં એમના આગમન વખતે ૧૩–૧૫ તોપોની સલામી નક્કી કરી હતી.

## વડોદરા

સને ૧૮૧૮ માં વડોદરાની ગાદી ઉપર આનંદરાવ હતા. એમના વતી ફતેહસિંહરાવ કારભાર સંભાળતા હતા. તા. ૨૩-૬-૧૮ ના રોજ ફતેહસિંહરાવનું મૃત્યુ થતાં ૧૯ વર્ષના સયાજીરાવ રિજન્ટ બન્યા. તા. ૨-૧૦-૧૮૧૯ ના રોજ આનંદરાવ અપુત્ર મરી જતાં એમના ભાઈ સયાજીરાવને ગાદી મળી. તેઓ સ્વતંત્ર મિજાજના અને કુશળ વહીવટકાર હતા. એમને અંગ્રેજોનો હસ્તક્ષેપ ગમતો ન હતો અને રેસિડેન્ટની સલાહની અવગણના કરતા હતા. આ કારણે કમ્પની સરકાર સાથે તેઓ ઘર્ષણમાં આવ્યા હતા. ૧૮૨૦ માં મુંબઈના ગવર્નર એલ્ફિન્સ્ટને વડોદરાની મુલાકાત લઈને નિર્ણય આપ્યો કે (૧) સયાજીરાવ આંતરિક શાસન પૂરતી પૂર્ણ સત્તા ધરાવે છે, પણ કમ્પની સરકારે જે શરાફો તથા અન્ય વ્યક્તિઓને બાંહેધરી આપી હોય તેનું પાલન ગાયકવાડે કરવું જોઈએ, (૨) દર સાલનું બજેટ ગાયકવાડે રેસિડેન્ટને બતાવવું, હિસાબ જોવા દેવો અને બજેટ કરતાં વધારે ખર્ચ કરવો હોય તો રેસિડેન્ટની સલાહ લેવી, (૩) ગાયકવાડે પોતાનો દીવાન રેસિડેન્ડની સલાહ લઈને નીમવો અને (૪) પરદેશ સાથેના સંબંધ અંગ્રેજો હસ્તક રાખવા.[૨૬]

ઉપર્યુક્ત સૂચનાઓ હોવા છતાં બ્રિટિશ બાંહેધરીવાળા શરાફો તથા અન્ય પ્રજાજનોને ત્રાસ આપવાના કારણે તથા નિયમિત દેવાના હપ્તા ન ભરવાને કારણે સર જોન માલકમે રૂ. ૨૭ લાખની ઊપજ આપતા પેટલાદ બહિયલ કડી ડભોઈ સિનોર અમરેલી સોનગઢ વગેરે પ્રદેશ કબજે લીધા અને કાઠિયાવાડ મહીકાંઠા અને રેવાકાંઠાની ખંડણી પણ ટાંચમાં લીધી. આ ઉપરાંત ગાયકવાડે સહાયકારી યોજનાનુસાર ૩,૦૦૦ની ફોજ રાખવાની હતી તેને બદલે ૨,૦૦૦ થી ઓછું સૈન્ય રાખેલ, આથી પંદર લાખની ઊપજવાળો બીજો મુલક કબજે લેવામાં આવ્યો. આ ઝઘડાઓને કારણે ૧૮૩૦ માં વડોદરાના રેસિડેન્ટની કોઠી ફેરવીને એ અમદાવાદમાં રાખી અને લશ્કર પણ ખસેડી લીધું.[૨૭] આ તકરાર રેસિડેન્ટ વિલિયમ સાથે, છતાં, ચાલુ રહી હતી. ૧૮૩૧ માં સયાજીરાવને પદભ્રષ્ટ કરવાનું કાવતરું પકડાઈ ગયું. ૧૮૩૨ માં મુંબઈના ગવર્નર ક્લેરે વડોદરાની મુલાકાત લીધી. બાંહેધરીવાળા શરાફોએ એમનું લેણું સીધી રીતે લેવાનું કબૂલ કરતાં બ્રિટિશ સરકારની દખલગીરી બંધ થઈ. સયાજીરાવે રૂ. ૧૦ લાખ સહાયકારી યોજનાની ફોજના ખર્ચ પેટે અલગ મૂકયા, આથી બ્રિટિશ સરકારે જપ્ત કરેલ બધો પ્રદેશ ગાયકવાડને પાછો આપ્યો. ૧૮૩૯ માં સતારાના રાજાને પદભ્રષ્ટ કરતાં અને સયાજીરાવના વર્તન બદલ જાહેરમાં નાખુશી વ્યક્ત કરતાં સયાજીરાવના

વર્તનમાં પલટો આવ્યો અને અંગ્રેજ રેસિડેન્ટ સાથેના ઘર્ષણનો અંત આવ્યો.[૨૮] ખરી રીતે જોઈએ તો બ્રિટિશ દખલગીરી બિનજરૂરી અને રાજ્યના સ્વાતંત્ર્યમાં દખલરૂપ હતી અને સ્વમાનભંગ કરતી હતી. સયાજીરાવે ઈશ્વર ગણેશની બૅન્ક તથા અન્ય શરાફી પેઢી ખોલી એમની આવક વધારી હતી. સયાજીરાવ ૧૮૪૭ માં મૃત્યુ પામ્યા.

સયાજીરાવના મૃત્યુ બાદ એમના પુત્ર ગણપતરાવ ગાદીએ આવ્યા. એમણે લેઉવા પાટીદારોમાં પ્રચલિત દૂધપીતીનો રિવાજ બંધ કરાવ્યો, બાળકોના વેચાણ ઉપર પ્રતિબંધ મૂક્યો. સતીનો ચાલ ૧૮૪૦ માં સયાજીરાવે બંધ કરાવ્યો હતો એ અંગે કડક અમલ કર્યો. ગણપતરાવ અભણ હતા. એમને નવા સુધારાઓથી વાકેફ કરવા રેસિડેન્ટ કેપ્ટન ફ્રેન્ચે સ્ટીમ એંજિન તથા ટેલિગ્રાફનાં સાધનોના નમૂનાઓની ભેટ આપી હતી. ૧૮૫૬ માં એમના પ્રદેશમાં રેલવે નાખવા ગણપતરાવે છૂટ આપી હતી. એમનું મૃત્યુ ૧૯ મી નવેમ્બર, ૧૮૫૬ ના રોજ થયું હતું.[૨૯]

ગણપતરાવના મૃત્યુ બાદ ખંડેરાવ ગાદીએ બેઠા. ૧૮૫૭ ના સ્વાતંત્ર્ય-સંગ્રામ વખતે એમણે અંગ્રેજોને સક્રિય મદદ કરી હતી. ૧૮૫૮ ના નિઃશસ્ત્રીકરણના કાયદાનો અમલ કરવામાં પણ એમણે સહાય આપી હતી. ખંડેરાવ ભપકાના શોખીન હતા. એમણે મકરપુરાનો મહેલ તથા અન્ય ઇમારતો બંધાવી હતી. શિકારના શોખને કારણે ડભકા નજીક શિકારખાનું ખોલ્યું હતું. આને લીધે ખેડૂતોના પાકનો નાશ થવાની ભીતિ ઊભી થઈ હતી. એમને કુસ્તીનો શોખ હતો અને પહેલવાનોનાં દંગલ ગોઠવતા હતા. એમણે આથી દક્ષિણમાંથી આવેલા મલ્લોને નોકરી આપીને પ્રોત્સાહન આપેલ. મિયાંગામ-ડભોઈની રેલવે લાઈન એમના વખતમાં શરૂ કરવામાં આવી હતી. એમણે લોકો પર ખૂબ કરવેરા નાખ્યા હતા. દલપતરામ કવિએ એમની મુલાકાત લઈને શાળાઓ અને પુસ્તકાલયો ખોલવા એમને વિનંતી કરી હતી. એમના વખતમાં વડોદરા રાજ્યમાં આધુનિક કેળવણીની શરૂઆત થઈ હતી. ૧૮૫૭–૫૯ દરમ્યાન ઓખામંડળના વાઘેરોએ બળવો કર્યો હતો તે અંગ્રેજ સરકારની મદદથી દબાવી દેવામાં આવ્યો હતો. એમનું મૃત્યુ ૨૮ નવેમ્બર, ૧૮૭૦ ના રોજ થયું હતું.[૩૦]

ખંડેરાવ અપુત્ર હતા અને જમનાબાઈએ પુત્રીને જન્મ આપતાં મલ્હારરાવ વડોદરાની ગાદી ઉપર આવ્યા. એમણે ૧૮૬૩ માં ખંડેરાવ વિરુદ્ધ કાવતરામાં સામેલ થયેલી વ્યક્તિઓને છૂટી કરી અને મલ્હારરાવ તરફ ખરાબ વર્તન રાખેલ તેવા સેનાપતિ ભાઉ શિન્દેને કેદમાં નાખ્યો અને જૂના નોકરોને રુખસદ આપી. શરૂઆતમાં એમણે ગોપાળદાસ મૈરાલને દીવાન નીમીને રાજ્યનો વહીવટ સારી રીતે

ચલાવ્યો, પણ પાછળથી એમણે લોકો ઉપર ખૂબ કરવેરા વધારી દીધા. શ્રીમંતો પાસેથી બળજબરીથી કેટલુંક ધન મેળવ્યું અને ખાનદાન કુટુંબોની સ્ત્રીઓ સાથે અઘટિત વ્યવહાર કર્યો. લોકોની ગેરવહીવટ અને ગેરવર્તનની ફરિયાદને કારણે રેસિડેન્ટ કર્નલ ફેરની સૂચનાથી મુંબઈ સરકારે મલ્હારરાવ સામેના આક્ષેપોની તપાસ માટે એક કમિશન નીમ્યું. આ કમિશનની ભલામણ પ્રમાણે ૨૫–૧–૧૮૭૪ ના રોજ બે વરસમાં રાજ્યનો વહીવટ સુધારવા ને નઠારા સલાહકારોને દૂર કરવા સલાહ આપવામાં આવી. મલ્હારરાવે દાદાભાઈ નવરોજીને દીવાન નીમ્યા, અને એમણે સુવહીવટ માટે પ્રયાસો કર્યા અને લાંચિયા અધિકારીઓને દૂર કર્યા, પણ દાદાભાઈની નિમણૂક અંગ્રેજ સરકારને પસંદ નહોતી અને ખટપટથી કંટાળી દાદાભાઈએ દીવાનપદનું રાજીનામું આપ્યું હતું. દાદાભાઈએ ગાયકવાડ અને રેસિડેન્ટ વચ્ચેના ઘર્ષણને દૂર કરવાના ઉપાય તરીકે કર્નલ ફેરની બદલી કરવા સૂચન કરેલ અને તેથી સર લૂઈની નિમણૂક કરવામાં આવી, પરંતુ કર્નલ ફેર વડોદરામાંથી વિદાય થયા એ પહેલાં મલ્હારરાવની શિખામણથી રેસિડેન્ટના નોકરો દ્વારા શરબતમાં ઝેર ભેળવી કર્નલ ફેરને મારી નાખવાનું કાવતરું યોજાયું હતું એવો રેસિડેન્ટે આક્ષેપ મૂક્યો. આ આક્ષેપની તપાસ માટે ઉચ્ચ કક્ષાના ત્રણ અંગ્રેજ અધિકારીઓ ને બે ભારતીયોને નીમ્યા. આ તપાસમાં અંગ્રેજ સભ્યોને આક્ષેપમાં ઝેર આપવા ઉશ્કેરવા બાબત તથ્ય જણાયું, જ્યારે ભારતીય સભ્યોને એક બે હલકી કોટીના ગુના સિવાય કોઈ ગંભીર આક્ષેપ સાચો જણાયો નહિ. ઉપર્યુક્ત કમિશનની તપાસના આધારે મલ્હારરાવને ગેરવહીવટ માટે જવાબદાર ગણી ૨૨–૪–૧૮૭૫ ના રોજ પદભ્રષ્ટ કરવામાં આવ્યા અને એમને મદ્રાસમાં નજરકેદમાં રાખવામાં આવ્યા.[૩૧]

મલ્હારરાવને પદભ્રષ્ટ કરીને દામાજીરાવ ગાયકવાડના ભાઈ ઝોંગોજી ગાયકવાડના વંશજો પૈકી માલેગામ તાલુકાના કોલાણા ગામના ગોપાલરાવને પસંદ કરીને ખંડેરાવની વિધવા જમનાબાઈએ દત્તક લીધા અને વડોદરાનો કારભાર સર ટી. માધવરાવને દીવાન તરીકે ૧૦–૫–૧૮૭૫ થી સોંપવામાં આવ્યો. એમણે કુશળ વહીવટકાર તરીકે કેળવણી ન્યાયતંત્ર વૈદક-ખાતું બાંધકામ-ખાતું મહેસૂલ-ખાતું વગેરેમાં સુધારા કર્યા ને વડોદરા રાજ્યને કરજમુક્ત કર્યું. સગીર મહારાજ સયાજીરાવ ત્રીજાની કેળવણી માટે એફ. એ. એચ. ઇલિયટને નીમ્યો હતો. મહારાજાએ પ્રત્યક્ષ વહીવટની તાલીમ લેવા ઉપરાંત ઘોડેસવારી વગેરેમાં પ્રાવીણ્ય મેળવ્યું હતું. દીવાને મહેસૂલના દરમાં ઘટાડો કરી, વાહનવ્યવહારની સગવડ વધારી, નકામા કરવેરા દૂર કરી વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન આપ્યું હતું. તા. ૨૮–૧૧–૧૮૮૧ ના રોજ સયાજીરાવ ગાદીનશીન થયા. એમણે ૧૮૯૩ માં પ્રયોગ તરીકે અમરેલીનાં

૧૦ ગામોમાં અને ત્યાર બાદ ૧૯૦૬ દરમ્યાન સમગ્ર રાજ્યમાં પ્રાથમિક કેળવણી ફરજિયાત કરી હતી. આ ઉપરાંત મોતીભાઈ પટેલના સહકારથી સમગ્ર રાજ્યમાં પુસ્તકાલયો સ્થાપી જ્ઞાનવિસ્તારનું કાર્ય આરંભ્યું હતું. આર. સી. દત્ત જેવા કુશળ અધિકારીની મદદથી મહેસૂલ ન્યાય તથા વેપાર ઉદ્યોગના ક્ષેત્રે ઘણા ફેરફાર કર્યા અને પ્રાંત પંચાયતો તેમ ગ્રામ પંચાયતો સ્થાપી સ્થાનિક સ્વરાજ્યની ભેટ આપી. આ ઉપરાંત એમણે લોકલાગણીને માન આપી ધારાસભા પણ સ્થાપી, જેમાં નિયુક્ત તથા ચૂંટાયેલા સભ્યો હતા. શ્રીમંત ઉપર આવકવેરો નાખ્યો, પણ બીજા કેટલાક કરવેરા ઘટાડ્યા. તેઓ રાષ્ટ્રવાદી હતા અને તેથી બ્રિટિશ સરકારની એમની તરફ કરડી નજર રહેતી હતી. ૧૮૯૮ માં વડોદરા રાજ્યના બે ન્યાયાધીશોએ કોંગ્રેસના અધિવેશનમાં હાજરી આપી હતી. છૂ ી ચળવળ ચલાવતા કેટલાક ક્રાંતિકારીઓને વડોદરામાં આશ્રય અપાતો હતો એવો બ્રિટિશ સરકારનો આરોપ હતો. અરવિંદ ઘોષ જેવા પ્રખર રાષ્ટ્રવાદી અને અધ્યાત્મવાદી અધિકારી અને નેતાએ ગુજરાતના છોટુભાઈ પુરાણી વગેરે અનેક લોકસેવકોના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. કલાભવન અને ગંગનાથ વિદ્યાલયની સ્થાપના કેળવણીના ઇતિહાસમાં ક્રાંતિકારી કહી શકાય તેવો પ્રયોગ હતો. સયાજીરાવના રાહબરી નીચે વડોદરા રાજ્યની સમગ્ર ભારતમાં પ્રગતિશીલ રાજ્ય તરીકે ગણના થતી હતી. પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન અંગ્રેજ સરકારને વડોદરા રાજ્ય તરફથી નાણાંની અને માણસોની સહાય સારા પ્રમાણમાં મળી હતી. એમના શાસન દરમ્યાન મહેસાણા જિલ્લાના પિલવાઈના રાજપૂતોએ તોફાન કરતાં લશ્કર મોકલી એ સમાવી દેવામાં આવ્યું હતું. એકંદરે પ્રજાને પ્રથમ વખત સુશાસન અને શાંતિનો અનુભવ થયો હતો.[૩૨]

## રાજપીપળા

આ રાજ્યનો વિસ્તાર ૩૯૩૦.૩૩ ચો. કિ. મી. ને ૧૯૨૧ માં વસ્તી ૧, ૬૧, ૬૦૬ ને ઊપજ રૂ. ૨૨, ૬૮, ૦૦૦ હતી. આ રાજ્યના રાજવી ગોહિલ વંશના હતા. ૧૮૧૯ માં વડોદરાના રેસિડેન્ટે વારસની તકરાર પતાવીને નારસિંગજીનો હક્ક સ્વીકાર્યો અને પ્રતાપસિંગ રામસિંગની રાણીનો સાચો પુત્ર નથી એમ ઠરાવ્યું. નારસિંગજી વૃદ્ધ અને અંધ હોવાથી એમના પુત્ર વેરીસાલજી તા. ૧૫-૧૧-૧૮૨૧ ના રોજ ગાદીએ બેઠા. વેરીસાલ સગીર હોવાથી રાજ્યવહીવટ અંગ્રેજ સરકારે નીમેલા અધિકારી કરતા હતા. એનો અંત ૧૮૩૭ માં આવ્યો. ૧૮૫૭ ના સ્વાતંત્ર્યસંગ્રામ વખતે રાજપીપળામાં તોફાન થવાથી બ્રિટિશ લશ્કર મોકલી વિગ્રહ સમાવી દેવામાં આવ્યો હતો. ૧૮૬૫ સુધી રૂ. ૨૦, ૦૦૦ લશ્કરના ખર્ચ પેટે

રાજ્ય પાસેથી લેવામાં આવતા હતા. ૧૮૫૫ માં વેરીસાલજીના અંધેર કારભારને લીધે મુંબઈ સરકારે રાજ્ય-વહીવટ પોતે સંભાળ્યો હતો. ૧૮૬૦ માં વેરીસાલે એના પુત્રને ગાદી સોંપી હતી, પણ હસ્તક્ષેપ ચાલુ રહેતાં પિતા-પુત્રના મતભેદને કારણે ૧૮૬૭ માં વેરીસાલને કારભારમાંથી મુક્ત કર્યા હતા. વેરીસાલ ૧૮૬૮ માં ગુજરી ગયા. વેરીસાલના પુત્ર ગંભીરસિંહનો કારભાર અસંતોષકારક હોવાથી ૧૮૮૪-૮૭ દરમ્યાન બ્રિટિશ અમલદાર નીમીને રાજ્યનો કારભાર એને સોંપ્યો હતો.

ગંભીરસિંહ ૧૮૯૭ માં મૃત્યુ પામ્યા તેથી છ કુંવરો પૈકી સૌથી મોટા છત્રસિંહજીને ૨૦-૫-૧૮૯૭ ના રોજ ગાદીનશીન કરવામાં આવ્યા. ૧૮૯૯ માં ૫૯.૫ કિ.મી. અંકલેશ્વર-રાજપીપળા (નાંદોદ) રેલવે લાઈન રૂ. ૧૪ લાખને ખર્ચે નાંખવામાં આવી. આ રાજાના વખતમાં વસૂલાતો ન્યાય કેળવણી વગેરે ખાતાં પદ્ધતિસર કામ કરતાં હતાં. ૧૮ વરસ રાજ્ય કરીને છત્રસિંહ ૫૪ વર્ષની વયે ૨૬-૯-૧૯૧૫ માં મરણ પામ્યા. એમનો કારોબાર લોકચાહના મેળવી શક્યો હતો.[૩૩]

## પાલણપુર

આ રાજ્યનો વિસ્તાર ૪૫૭૩-૭૧ ચો. કિ. મી., વસ્તી ૨, ૨૨, ૬૨૭ અને આવક રૂ. ૭,૮૬,૭૯૭ હતી.

૧૮૧૮ માં ફતેહખાન નવાબ હતા. ૧૮૧૭ માં પાલણપુર જીતીને અંગ્રેજોએ નવાબના કાકા અને સસરા શમશેરખાનને નીમચ નાસી જવા ફરજ પાડી હતી. વડોદરાના નેટિવ એજન્ટને રેવન્યૂ ખાતા બાબત મદદ કરવા મોકલવામાં આવ્યો હતો. આ જગ્યા ૧૮૪૮ માં રદ કરવામાં આવી હતી. અંગ્રેજ અમલદારે રાજ્યનું કરજ ઘટાડયું હતું. ૧૮૧૯ માં શમશેરખાનને પાલણપુર પાછા આવતાં રૂ. ૨૫, ૦૦૦ ની આવકવાળા નવ ગામની જાગીર આપવામાં આવી હતી. ૧૮૩૪ માં એનું મૃત્યુ થયું.

૧૮૨૨ માં પાલણપુર રાજ્યે ચોરીછૂપીથી આવતા અફીણને અટકાવ્યું હતું. ફતેહખાન ૧૮૫૪ માં મરણ પામતાં એમના ચાર પુત્રો પૈકી સૌથી મોટા પુત્ર જોરાવરખાન ગાદીએ બેઠા. ૧૮૫૨ ના અફઘાન-વિગ્રહ દરમ્યાન તથા ૧૮૫૭ ના સ્વાતંત્ર્ય-સંગ્રામ દરમ્યાન આ નવાબે અંગ્રેજોને સારી મદદ કરી હતી. ૨૮ ઑગસ્ટ, ૧૮૭૭ માં એ મરણ પામતાં શેર મહમદખાન ગાદીએ આવ્યા. એમણે અફીણની આવક જતી કરી, સને ૧૮૯૨ માં વેઠની પ્રથા દૂર કરી અને ૧૮૯૬ માં જૂનું સિક્કાઈ ચલણ નાબૂદ કરી બ્રિટિશ ચલણ દાખલ કર્યું. ૧૯૦૪ માં એમણે ચરસ અને ગાંજાના વાવેતર ઉપર પ્રતિબંધ મૂકયો. વિઘોટી પ્રથા દાખલ કરી અને ઓછા દરે ધિરાણ કરીને એમણે ખેતીને ઉત્તેજન આપ્યું. એમણે ૬૮ નવાં ગામ વસાવ્યાં. એમણે

પ્રાથમિક શિક્ષણ મફત કર્યું અને પાલણપુરમાં હાઈસ્કૂલ શરૂ કરી. અદ્યતન હોસ્પિટલ ન્યાયાલય વગેરેની શરૂઆત કરી નવા યુગનો પ્રારંભ કર્યો. એમનું મૃત્યુ ૧૯૧૮ માં થયું.[૩૪]

**રાધનપુર**

આ રાજ્ય ૧૭૫૭ માં જવાંમર્દખાને સ્થાપ્યું હતું. એનો વિસ્તાર ૨૯૭૮.૫ ચો. કિ.મી. અને વસ્તી ૧૯૨૧ માં ૬૭,૭૮૯ અને આવક રૂ. ૮,૨૬,૬૩૩ હતી. શેરખાનના સમયમાં સિંધના ખોસા લોકોના હુમલાથી કંટાળીને એમણે અંગ્રેજોની મદદ માગી. ૧૮૧૯ માં કર્નલ બર્કલેએ એમને મારી હઠાવ્યા. મેજર માઇલ્સે રાધનપુર રાજ્ય સાથે પરસ્પર સહકારના અને દુશ્મન કે લુટારાઓને આશ્રય ન આપવા કરાર કર્યા. તા. ૧૮-૨-૧૮૨૨ માં રૂ. ૧૭,૦૦૦ વાર્ષિક ખંડણી આપવા રાજ્યે કબૂલ કર્યું, પણ નવાબની એ ભરવાની અશક્તિને કારણે પાછળથી એ રદ કરવામાં આવી. શેરખાન ૧૮૨૫ માં મૃત્યુ પામતાં એમનો ત્રણ વર્ષનો પુત્ર જોરાવરખાન ગાદીએ આવ્યો. ૧૮૩૭ સુધી નવાબની સગીરાવસ્થા દરમ્યાન બ્રિટિશ અધિકારીનું શાસન રહ્યું. નવાબે ૫૦ વર્ષ સુધી શાસન કર્યું. ઑક્ટોબર ૧૮૭૪ માં એ મરણ પામતાં બિસ્મિલ્લાખાન ગાદીએ આવ્યા. મહેસૂલ અને ન્યાય ખાતામાં એમણે સુધારા દાખલ કર્યા અને ૧૮૫૭ માં અંગ્રેજી શાળા અને પુસ્તકાલય ખોલ્યાં. ૧૮૯૧માં બનાસમાંથી ૧૪.૫ કિ.મી. લાંબી સ્કૅાટ કેનાલ ખોદી ખેતીવાડીને પ્રોત્સાહન આપ્યું. છપ્પનિયા દુકાળમાં ઘણાં મનુષ્યો અને પ્રાણીઓની હાનિ થઈ. ૧૮૯૫ માં એમણે ખેડૂતોનું મહેસૂલ માફ કર્યું હતું. રણના કાંઠે પરદેશી બાવળનું વાવેતર કરી ખારી જમીન નવસાધ્ય કરવાનો એમણે પ્રથમ અખતરો કર્યો હતો. ૧૮૯૫ માં એ મરણ પામતાં હાજી મહમદ શેરખાન ગાદીએ આવ્યા. સગીરાવસ્થાને કારણે ૧૯૦૭ સુધી બ્રિટિશ અધિકારી પાસે શાસન રહ્યું હતું. નવાબ ૧૯૧૦ માં મરણ પામ્યા અને એમના પછી એમના નાના ભાઈ જલાઉદ્દીનખાનજી ગાદીએ આવ્યા. એમણે વઢિયાર બૅન્ક સ્થાપી સસ્તા દરે ખેડૂતોને ધિરાણની સગવડ પૂરી પાડી.[૩૫]

**ઈડર**

૧૮૧૮ માં શિવસિંગનો પૌત્ર અને ભાવસિંગનો પુત્ર ગંભીરસિંહ ઈડરમાં રાજ્ય કરતો હતો. એણે ગાદી પચાવી પાડવાના એના કાકાઓના કાવતરાનો પટાવતોની મદદથી સામનો કર્યો હતો. ૧૮૨૩ માં અમરસિંગ અપુત્ર મરી જતાં ગંભીરસિંહે મોડાસા અને બાયડ ઉપર એનો હક્ક કર્યો હતો પણ કર્નલ બેલેન્ટાઇને સમજૂતી કરાવતાં ઈડરે બાયડ ઉપરનો હક્ક ઉઠાવી લીધો અને કુંતલબારાનો પ્રદેશ ઈડરને પાછો મળ્યો. ૧૮૩૩ માં ઈડરની આખી જાગીર અમરસિંગની વિધવાએ

સુવાગે એમની પુત્રીના લગ્નની વ્યવસ્થા કરવાની શરતે લખી આપી હતી. ગંભીરસિંહને એમના કુટુંબ સાથે બનતું ન હોવાથી મરણસમયે અર્સ્કીનની એણે સહાય માગી અને ૧૮૩૭ માં એની સાત પત્નીઓ સાત રખાતો સહિત સતી થઈ. કેપ્ટન આઉટરામના વખતમાં ઈડર ૧૮૩૭ માં એજન્સીના વહીવટ નીચે મુકાયું. મહારાજ જવાનસિંગે ઈડર અને અહમદનગર (હિંમતનગર) વચ્ચેના પુરાણા ઝઘડાનો ૧૮૪૮ માં અંત આણ્યો. વર્ષે ઈડર અને અહમદનગર રાજ્યોનું એકીકરણ થયું. ગંભીરસિંહનો પુત્ર ઉમેદસિંહ પિતાની હયાતીમાં મરણ પામવાને કારણે પૌત્ર જવાનસિંગ ૧૮૫૫ માં ગાદીએ આવ્યો હતો. ૩૮ વરસની વયે (૧૮૬૮) એ મૃત્યુ પામતાં ૭ વરસની વયે કેસરીસિંહ ગાદીએ આવ્યો. અને ઈડર એજન્સીના વહીવટ નીચે ફરી મુકાયું. એણે રાજકુમાર કોલેજમાં શિક્ષણ લીધું હતું. ૧૮૮૨ માં એ ગાદીનશીન થયો. એણે રાજ્યમાં સુધારા દાખલ કર્યા. ૨૦–૨–૧૯૦૧ ના રોજ એ મરણ પામ્યો. ૪–૧૦–૧૯૦૧ ના રોજ જન્મેલ કૃષ્ણસિંહનું બાળ વયે ૩૦–૧૧-૧૯૦૧ માં મૃત્યુ થયું. હવે જોધપુરના પ્રતાપસિંહ ઈડરની ગાદીએ આવ્યા. જૂન ૧૯૧૧ માં પ્રતાપસિંહે એમના દત્તક પુત્ર દોલતસિંહની તરફેણમાં ગાદીત્યાગ કર્યો અને પોતે જોધપુર–નરેશ રામસિંહની સગીરાવસ્થા દરમ્યાન રિજન્ટ તરીકે રહ્યા. દોલતસિંહજી પ્રતાપસિંહનો ભત્રીજો હતો. પોશીના અને ડુંગરપુર સાથેના સરહદી ઝઘડાનો નિકાલ કર્યો હતો. ૧૯૧૦ માં મહારાજકુમાર દોલતસિંહે રાજ્યની ધુરા ૪૧ વર્ષની વયે સંભાળી હતી. એના શાસન દરમ્યાન અમદાવાદ–પ્રાંતીજ રેલવે લાઈન હિંમતનગર સુધી લંબાવવામાં આવી. ૧૮૭૮ થી રાજ્યમાં શિક્ષણની સુવિધા પ્રાપ્ત થઈ હતી. ૧૯૦૫ માં પ્રાથમિક શિક્ષણ મફત કરાયું હતું ઈડરમાં અંગ્રેજી શાળા શરૂ કરી માધ્યમિક શિક્ષણની શરૂઆત કરાઈ હતી. ઈડર 'ખીચડી' તરીકે ઓળખાતી ખંડણી નજીકનાં નાનાં રાજ્યો પાસેથી વસૂલ કરતું હતું.[૩૬] હિંમતસિંહજી એના વારસ હતા. એમના નામ પરથી અહમદનગરનું નામ બદલી 'હિમતનગર' રખાયું.

## ૫. કચ્છ–સૌરાષ્ટ્રની મુખ્ય રિયાસતો

### પ્રસ્તાવના

કચ્છ અને સૌરાષ્ટ્રનાં રાજ્યો ઉપર સીધો અંકુશ અને દેખરેખ સ્થાપવા માટે ઈ. સ. ૧૮૧૯ માં કચ્છમાં બ્રિટિશ રેસિડેન્ટની નિમણૂક કરવામાં આવી[૩૭] ને ઈ. સ. ૧૮૨૦ માં રાજકોટમાં કાઠિયાવાડ માટેની પોલિટિકલ એજન્સીની સ્થાપના કરવામાં આવી.[૩૮] ઈ. સ. ૧૮૪૦ ની ૧ લી એપ્રિલથી કચ્છના બ્રિટિશ રેસિડેન્ટને પોલિટિકલ એજન્ટનો હોદ્દો આપવામાં આવ્યો હતો.[૩૯]

## ઈ. સ. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય–સંગ્રામ પછી

ઈ. સ. ૧૮૫૭ ના સ્વાતંત્ર્ય–સંગ્રામ પછી અંગ્રેજોએ દેશી રાજ્યોને ખાલસા કરવાની નીતિ છોડી દીધી; એટલું જ નહિ, પરંતુ રાજાઓનો બાહ્ય મોભો તેમ દરજ્જો જાળવીને એમની સાથે માનભરી રીતે વર્તવાની શરૂઆત કરી. એમના રાજ્યનાં વિસ્તાર અને વાર્ષિક ઊપજ પ્રમાણે એમને ૧ થી ૭ વર્ગનાં રાજ્યોમાં વહેંચી એમની દીવાની અને ફોજદારી સત્તાઓ નિશ્ચિત કરી એમના દરજ્જા પ્રમાણે એમને તોપોની સલામી આપવાનું શરૂ કર્યું. રાજાઓને એમની વહીવટી કુશળતા અને અંગ્રેજો તરફની એમની વફાદારીના બદલામાં એમને સી. આઈ. ઈ. (Companion of Indian Empire), સી. એસ. ઈ. (Companion of the Star of India), કે. સી. આઈ. ઈ. (Knight Commander of the Indian Empire) કે. સી. એસ. આઈ. (Knight Commander of the Star of India) જી. સી. આઈ. ઈ. (Grand Commander of the Indian Empire) અને જી. સી. એસ. આઈ. (Grand Commander of the Star of India) ઇલ્કાબો આપવાનું શરૂ કર્યું. એ ઉપરાંત રાજ્યોના દીવાનો કારભારીઓ શ્રીમંતો તથા અગ્રણી પુરુષોને પણ અંગ્રેજોની સેવા અને વફાદારીના બદલામાં 'દીવાન બહાદુર' 'રાવ બહાદુર' 'ખાન બહાદુર' વગેરે ખિતાબો આપવા શરૂ કર્યા.

## રાજકુમાર કૉલેજની સ્થાપના

રાજપુત્રો કે જે ભવિષ્યમાં રાજા થવાના હતા તેમને નાનપણથી જ યોગ્ય શિક્ષણ સંસ્કાર અને તાલીમ આપવા માટે ઈ. સ. ૧૮૭૦ માં રાજકોટમાં રાજકુમાર કૉલેજ શરૂ કરવામાં આવી,[૪૦] જેમાં રાજાઓએ પોતાના કુમારોને શિક્ષણ માટે મોકલવાનું લગભગ ફરજિયાત હતું. અહીં શિક્ષણ લેતા રાજકુમારોની પ્રગતિ અને પ્રવૃત્તિનો વિગતવાર અહેવાલ કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટને તથા મુંબઈ પ્રાંતના ગવર્નરને મોકલવામાં આવતો. આ કૉલેજમાં શિક્ષણ લઈને બહાર પડેલા કેટલાક કુમારો જ્યારે રાજાઓ બન્યા ત્યારે એમણે પોતાનાં રાજ્યોમાં આધુનિક સુધારા દાખલ કર્યા. એમાંના કેટલાકે ઇંગ્લૅન્ડ અને યુરોપની મુસાફરી પણ કરેલી. એ પછી રાજકુમાર કૉલેજની ઢબ પ્રમાણે ઈ. સ. ૧૮૮૧ માં વઢવાણમાં 'તાલુકદારી ગરાસિયા સ્કૂલ'ની સ્થાપના કરવામાં આવી હતી,[૪૧] જેમાં ગરાસિયાઓ અથવા નાના તાલુકદારોના પુત્રોને શિક્ષણ આપવામાં આવતું હતું. આ બંને પ્રકારની શિક્ષણસંસ્થાઓમાં અહીંના રાજપુત્રોમાં બ્રિટિશ સરકાર પ્રત્યે વફાદારી કેળવાય એની પણ કાળજી રાખવામાં આવતી.

## ૧. જાડેજા વંશની રિયાસતો

૧. કચ્છ

આ રાજ્યનો વિસ્તાર રણને બાદ કરતાં ૧૯,૭૨૫ ચો. કિ. મી. હતો અને ૧૯૨૧ માં વસ્તી ૪,૮૪,૫૪૭ અને આવક રૂ. ૨૩ લાખ હતી.

ઈ. સ. ૧૮૧૩ માં રાવ ભારમલજી કચ્છની ગાદીએ આવ્યા હતા. એમની ઉંમર ૧૫ વર્ષની હોવાથી ફતેહમહમદના પુત્ર હુસેનમિયાંને વહીવટી સત્તા સોંપવામાં આવી હતી; જો કે સત્તા માટેના આંતરિક સંઘર્ષ ચાલુ રહ્યા. ઈ. સ. ૧૮૧૯ ના જાન્યુઆરીમાં કેપ્ટન જેમ્સ મેકમર્ડોની કચ્છના પ્રથમ બ્રિટિશ રેસિડેન્ટ તરીકે નિમણૂક કરવામાં આવી. એ જ વર્ષમાં રાવ ભારમલજીને વહીવટકર્તા તરીકે અયોગ્ય ગણીને પદભ્રષ્ટ કરવામાં આવ્યા અને એમના બાળપુત્ર દેશળજીને કચ્છના રાવ તરીકે જાહેર કરવામાં આવ્યા. દેશળજી પુખ્ત ઉંમરના થતાં ઈ. સ. ૧૮૩૪ ની ૮ મી જુલાઈએ એમને સ્વતંત્ર વહીવટની સત્તા સોંપવામાં આવી. રાવ દેશળજીના સમયમાં બાળહત્યા સતીપ્રથા તથા ગુલામીપ્રથા નાબૂદ કરવાના પ્રયાસ થયા.[૪૨] એમના સમયમાં ૧૮૧૯ માં ભયંકર ધરતીકંપ થયો હતો. કચ્છ–વાગડના ગરાસિયાઓને શાંત પાડીને એમણે લૂંટફાટ અટકાવી હતી. ૧૮૨૩ ના દુકાળમાં પાંચમા ભાગની વસ્તી સાફ થઈ ગઈ હતી. ૧૮૩૯ માં અફઘાન–વિગ્રહ વખતે કચ્છે અંગ્રેજોને મદદ કરી હતી. દૂધપીતી (૧૮૪૧) તથા ગુલામોના વેપાર (૧૮૩૬ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ૧૮૫૩ માં રાજ્ય તરફથી પ્રાથમિક શિક્ષણની શરૂઆત થઈ હતી. ૧૮૫૨ માં સતીપ્રથા પર પ્રતિબંધ મુકાયો હતો.

રાવ દેશળજીનું ઈ. સ. ૧૮૬૦ માં અવસાન થતાં એમના પુત્ર પ્રાગમલજી કચ્છના રાવ બન્યા. એમણે દીવાની અને ફોજદારી ન્યાયના નવા કાયદા રચીને અમલમાં મૂકયા. વહીવટી તંત્રમાં ઘણા સુધારા કર્યા. પ્રજાનાં શિક્ષણ અને આરોગ્ય માટે સુવિધાઓ ઊભી કરી. તેઓ સુશિક્ષિત સિદ્ધાંતપ્રિય તેમજ પ્રગતિશીલ વિચારો ધરાવતા રાજવી હતા. ૧૮૬૧ માં દુકાળ વખતે લોકોને પ્રાગમલ તળાવ, હમીરસર અને બીજાં તળાવ વગેરે બંધાવી રાહત–કાર્યો ખોલીને મદદ કરી હતી, પરંતુ ઈ. સ. ૧૮૭૬ ની તા. ૧લી જાન્યુઆરીના રોજ ૩૭ વર્ષની ભરજુવાન વયે એમનું અવસાન થયું. એમના પછી એમના પુત્ર ખેંગારજી ૯ વર્ષની ઉંમરે કચ્છના રાવ બન્યા. એમની સગીરાવસ્થા પૂરી થતાં ઈ. સ. ૧૮૮૬ માં એમને સ્વતંત્ર વહીવટ કરવાની સત્તા સોંપવામાં આવી. અંગ્રેજ સરકારે એમને 'સવાઈ બહાદુર' તથા 'જી. સી. આઈ. ઈ.' ના ઇલકાબ આપ્યા. એમના સમયમાં ભૂજમાં સંસ્કૃત પાઠશાળા તથા ફર્ગ્યુસન મ્યુઝિયમ અને પુસ્તકાલયની સ્થાપના કરવામાં આવી હતી. એમણે શિક્ષણને ઘણું ઉત્તેજન આપ્યું હતું. ખેતીવાડી તથા સિંચાઈને

પણ પ્રોત્સાહન આપ્યું હતું. અંજાર–તૂણા રેલવે એમના સમય દરમ્યાન અસ્તિત્વમાં આવી હતી. ઈ. સ. ૧૮૯૦ માં એમણે બ્રિટિશ સરકાર સાથે કરાર કરી કચ્છમાં તાર–વ્યવસ્થા દાખલ કરી હતી.[૪૩] ૧૯૦૦–૧૯૦૧ ના છપ્પનિયા દુકાળ વખતે દોઢ કરોડના ખર્ચે લોકોને રાહત આપી હતી. એમણે અફીણના મુક્ત વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો. એમના લાંબા (ઈ. સ. ૧૯૪૨ સુધીના) શાસનકાલ દરમ્યાન કચ્છે ઘણી પ્રગતિ સાધી હતી.

## ૨. નવાનગર

આ રાજ્યનું ક્ષેત્રફળ ૯,૮૧૯ ચો. કિ. મી. હતું. ૧૯૨૧ માં વસ્તી ૩,૪૫,૩૫૩ અને વાર્ષિક આવક રૂ. ૬૬,૪૪,૩૩૦ હતી.

ઈ. સ. ૧૮૧૪ માં જામ સતાજી ગાદીના વારસ બન્યા હતા. ઈ. સ. ૧૮૨૦ માં એમનું અવસાન થતાં સ્વર્ગસ્થ જામ જસાજીની વિધવા રાણી અછુબાએ દત્તક તરીકે લીધેલા પુત્ર રણમલજી નવાનગર(જામનગર)ની ગાદીએ આવ્યા. ઈ. સ. ૧૮૩૪, ૧૮૩૯ અને ૧૮૪૬ માં પડેલા દુકાળો દરમ્યાન ગરીબોને રોજી આપવા માટે એમણે નવાનગરમાં કોઠા અને લાખોટા તરીકે ઓળખાતા મહેલ તથા પાસેનું તળાવ બંધાવ્યાં હતાં. એમને શિકારનો ખૂબ શોખ હતો. ઈ. સ. ૧૮૫૨ માં જામ રણમલજીનું મૃત્યુ થતાં એમની આઠ રાણીઓમાંથી સોનાંબાઈના પુત્ર વિભાજી નવાનગરના જામ બન્યા. એમણે ઓખામંડળના વાઘેરોએ કરેલા બંડને સમાવવામાં અંગ્રેજોને મદદ કરી. સનદી અને ફોજદારી અદાલતોની સ્થાપના કરવામાં આવી તથા પોલીસ, જાહેર હિતનાં કાર્યો, શિક્ષણ આરોગ્ય વગેરે ખાતાં શરૂ કરવામાં આવ્યાં. એમણે મહાલોને ઇજારે આપવાની પ્રથા ઈ. સ. ૧૮૬૬ માં રદ કરી. રસ્તા બંધાવી, બંદરોની સગવડ વધારી વેપારને ઉત્તેજન આપ્યું. તેઓ સંગીતના ખૂબ શોખીન હતા. એમની સલામી ૧૧ તોપોથી વધારીને ૧૫ તોપોની કરવામાં આવી હતી. એ સમયમાં અનેક પ્રકારના ખર્ચને લીધે રાજ્ય દેવામાં હતું.[૪૪]

ઈ.સ. ૧૮૯૫ ની ૨૮મી એપ્રિલે એમનું અપુત્ર નિધન થતાં એ જ વર્ષની ૧૦મી મેએ એમના દત્તક સગીર પુત્ર જસવંતસિંહજી ઉર્ફે જસાજીને અંગ્રેજ અધિકારી કર્નલ હેન્કોક દ્વારા ગાદીએ બેસાડવામાં આવ્યા. એમની સગીરાવસ્થા દરમ્યાન મેજર ડબ્લ્યુ. પી. કેનેડી નામના ઍડમિનિસ્ટ્રેટરે વહીવટ ચલાવ્યો. ઈ.સ. ૧૮૯૭ માં રાજકોટ–જામનગર અને જામનગર–બેડી રેલવેઓ ખુલ્લી મૂકવામાં આવી. જસવંતસિંહજી પુખ્ત ઉંમરના થતાં ઈ.સ. ૧૯૦૩ માં એમને સંપૂર્ણ વહીવટી સત્તાઓ આપવામાં આવી, પરંતુ ઈ.સ. ૧૯૦૬ માં એમનું નિઃસંતાન અવસાન થતાં એમના ઓરમાન ભાઈ (ઠાકોર વિભાજીના બીજા દત્તક પુત્ર) રણજિતસિંહે

ગાદી માટે માગણી કરી. અંગ્રેજોએ એમનો દાવો સ્વીકાર્યો અને ઈ.સ. ૧૯૦૭માં તેઓ ગાદીએ બેઠા. એમણે રાજકોટની રાજકુમાર કોલેજમાં તથા કેમ્બ્રિજની ટ્રિનિટી કોલેજમાં શિક્ષણ લીધું હતું.[૪૫] એમને ક્રિકેટનો ઘણો શોખ હતો અને "રણજી"ના હુલામણા નામે મહાન ક્રિકેટર તરીકે પ્રસિદ્ધ બન્યા હતા.[૪૬] જામનગર શહેરને એમણે આધુનિક બનાવ્યું, રેલવેનું ઓખા સુધી વિસ્તરણ કર્યું. એમણે રાજ્યનો વહીવટ ચાર સેક્રેટરીઓ નીમી વ્યવસ્થિત કર્યો, વેપાર ઉદ્યોગને પ્રોત્સાહન આપ્યું.

### ૩. ધ્રોળ

ઈ.સ. ૧૮૦૩માં ઠાકોર ભૂપતસિંહજી ગાદીએ આવ્યા હતા. એમના સમયમાં નવાનગર રાજ્ય પાસેથી સરપદડનો પ્રદેશ મળ્યો. ઈ.સ. ૧૮૪૫માં ભૂપતસિંહના અવસાન પછી એમના મોટા પુત્ર જયસિંહજી એમના અનુગામી બન્યા. ઠાકોર જયસિંહજીનો જન્મ ઈ. સ. ૧૮૨૪માં થયો હતો. એ પોતે વિદ્વાન હતા તેમજ વિદ્વાનોને આશ્રય આપતા હતા. એમણે ઈ. સ. ૧૮૭૮ના દુષ્કાળમાં પ્રજાને મદદ કરી હતી. રસ્તા ધર્મશાળાઓ તથા બગીચા બનાવરાવ્યાં. ધ્રોળમાં સુંદર રાજમહેલ બંધાવ્યો તેમજ એ શહેર ફરતી રક્ષણાત્મક દીવાલ બંધાવી. નવાનગરના જામ વિભાજી સાથે એમને સારા સંબંધ હતા. ઈ. સ. ૧૮૮૬માં જયસિંહજીના મૃત્યુ પછી એમના પુત્ર હરિસિંહજી ધ્રોળના ઠાકોર બન્યા.[૪૭] એમના સમયમાં શિક્ષણમાં પ્રગતિ થઈ અને ઈ. સ. ૧૯૦૦, ૧૯૦૧, ૧૯૦૨ અને ૧૯૧૨ના દુષ્કાળોમાં ગરીબો તથા ભાયાતોને મદદ કરવામાં આવી. ટપાલવ્યવસ્થાની સાથે તારવ્યવસ્થા વધારવામાં આવી. ઈ. સ. ૧૯૧૪માં એમનું મૃત્યુ થતાં એમના પુત્ર દોલતસિંહજી ગાદીએ આવ્યા.[૪૮]

### ૪. રાજકોટ

ઈ. સ. ૧૭૯૬માં લાખાજીના મૃત્યુ પછી એમના પૌત્ર (મહેરામણજીના પુત્ર) રણમલજી રાજકોટના ઠાકોર બન્યા. ઈ. સ. ૧૮૨૦માં કમ્પનીએ રાજકોટમાં 'કોઠી' અથવા 'એજન્સી' સ્થાપી. રાજકોટના ઠાકોરે ઈ. સ. ૧૮૨૨માં રૂ. ૨,૮૦૦ના વાર્ષિક ભાડાથી એજન્સીને જમીન આપી હતી. રણમલજીનું ઈ. સ. ૧૮૨૫માં અવસાન થતાં એમના પુત્ર સુરાજી ગાદીના વારસ બન્યા. ઈ. સ. ૧૮૪૪માં એમનું અવસાન થયું. સુરાજીના સમયમાં રાજકોટના રાજવંશમાં બાળકીની હત્યાનો પ્રસંગ બનતાં અંગ્રેજોએ રાજ્યને રૂ. ૧૨,૦૦૦ના આકરા દંડની સજા કરીને ફરી આવો પ્રસંગ નહિ બને એની ખાતરી એમની પાસેથી મેળવી હતી.[૪૯]

એ પછી એમના પુત્ર મહેરામણજી ૪થા રાજકોટની ગાદીએ આવ્યા. એમનું ઈ. સ. ૧૮૬૨માં મૃત્યુ થતાં એમના ચોથા પુત્ર બાવાજીરાજ એમના અનુગામી

બન્યા. એમની સગીરાવસ્થાને લીધે દાદી નાનીબા તેમજ કેપ્ટન લૉઈડની રિજન્સી કાઉન્સિલનું શાસન ૧૮૭૬ સુધી ચાલ્યું. ઈ. સ. ૧૮૭૦ માં રાજકુમાર કૉલેજની સ્થાપના કરવામાં આવી. ઈ. સ. ૧૮૭૬ માં બાવાજીરાજને સ્વતંત્ર વહીવટની સત્તા સોંપવામાં આવી. એમના અમલ દરમ્યાન મહાત્મા ગાંધીના પિતા શ્રી કરમચંદ ઉત્તમચંદ ગાંધી ઈ. સ. ૧૮૮૧ સુધી રાજકોટના દીવાન હતા.[૫૦] બાવાજીરાજે રાજકોટમાં મ્યુનિસિપાલિટી અને પુસ્તકાલયની સ્થાપના કરી. ઈ. સ. ૧૮૮૭ માં રાણી વિક્ટોરિયાના રાજ્ય-અમલને ૫૦ વર્ષ પૂરાં થતાં અન્ય રાજ્યોની માફક રાજકોટમાં પણ એની 'જ્યુબિલી'ની ઉજવણી કરવામાં આવી. ઈ. સ. ૧૮૮૯ માં બાવાજીરાજનું આકસ્મિક અવસાન થતાં એમનાં પુત્ર લાખોજી ઉર્ફે લાખાજીરાજ ૬ વર્ષની વયે રાજગાદીના વારસ બન્યા. એમની સગીર ઉંમરને લીધે પોલિટિકલ એજન્ટની સીધી દેખરેખ નીચે કારભારી શ્રી મોતીચંદ તુલસી રાજ્યનો વહીવટી ચલાવતા હતા.[૫૧] ૧૯૦૭ માં લાખાજીરાજને સ્વતંત્ર વહીવટી સત્તા મળ્યા પછી એમણે રાજ્યમાં ઉદ્યોગો અને શિક્ષણનો વિકાસ કર્યો. તેઓ પ્રજાવત્સલ રાજવી તરીકે ખ્યાતિ પામ્યા.[૫૨]

## ૫. ગોંડળ

ઈ. સ. ૧૮૧૪ માં નાથોજીનું અપુત્ર અવસાન થતાં એમના બીજા ભાઈ કાનોજી ગાદીએ આવ્યા. ઈ. સ. ૧૮૨૧ માં કાનોજીનું અપુત્ર અવસાન થતાં એમના ત્રીજા ભાઈ ચંદ્રસિંહજી ઠાકોર બન્યા. એમના અમલ દરમ્યાન જૂનાગઢના લશ્કરે ધોરાજી વિસ્તારમાં લૂંટફાટ કરતાં અંગ્રેજ લશ્કરની એક ટુકડી જૂનાગઢ મોકલવામાં આવી હતી અને અને એ ટુકડીએ લૂંટફાટની રકમ પાછી મેળવી, એટલું જ નહિ, પણ આ લૂંટફાટ બદલ જૂનાગઢના નવાબનો ૬,૮૫,૦૦૦ જામશાહી કોરીનો દંડ કર્યો હતા. ઈ. સ. ૧૮૪૧ માં ચંદ્રસિંહજીનું પણ અપુત્ર અવસાન થતાં એમના ચોથા ભાઈ ભાણોભાઈ ગોંડળના ઠાકોર બન્યા. ઠાકોર દેવોજીના ચારેય પુત્ર ગોંડળની રાજગાદી ભોગવવા ભાગ્યશાળી બન્યા હતા. ઈ. સ. ૧૮૫૧ માં ચંદ્રસિંહજીનું મૃત્યુ થતાં એમના પુત્ર સગરામજી ગોંડળની ગાદીએ આવ્યા. ઈ. સ. ૧૮૭૦ માં સગરામજી મૃત્યુ પામતાં એમના પુત્ર ભગવતસિંહજી ગોંડળની ગાદીએ આવ્યા. એમની સગીરાવસ્થાને લીધે ઈ. સ. ૧૮૮૩ સુધી ગોંડળનો વહીવટ વિવિધ વહીવટકર્તાઓની દેખરેખ નીચે ચાલ્યો. ભગવતસિંહજીએ ઈ. સ. ૧૮૮૩ તેમજ ૧૮૮૬ માં ઇંગ્લૅન્ડ અને યુરોપનો પ્રવાસ કર્યો હતો. તેઓ મુંબઈ યુનિવર્સિટીના ફેલો હતા અને ડેક્કન એજ્યુકેશન સોસાયટી(પુણે)ના ઉપપ્રમુખ પણ બન્યા હતા. ઈ. સ. ૧૮૮૭ માં એડિનબર્ગ યુનિવર્સિટીએ એમને એલ. એલ. ડી.ની ઉપાધિ આપી હતી. એમણે

રાજ્યમાં શાળાઓ હોસ્પિટલો રસ્તાઓ અદાલતો તેમ તાર અને ટપાલની કચેરીઓ વગેરે શરૂ કરાવ્યાં. ગોંડળ ધોરાજી ઉપલેટા વગેરેમાં સુંદર રસ્તા તૈયાર કરાવી નગરોનું વ્યવસ્થિત આયોજન કર્યું. કન્યાકેળવણી ફરજિયાત કરી. કરમુક્તિને લઈને રાજ્યની પ્રજા એકંદરે સુખી બની. આ સર્વને લઈને તેઓ પ્રજાનો ખૂબ પ્રેમ સંપાદન કરી સૌરાષ્ટ્રના એક અગ્રગણ્ય રાજવી બન્યા.[૫૩]

## ૬. મોરબી

ઈ. સ. ૧૭૯૦ માં રાજા જિયોજી મોરબીની ગાદીએ આવ્યા. ઈ. સ. ૧૮૧૯–૨૦ માં કચ્છના કોળીઓએ રાજ્યની ઉત્તર સરહદનાં ગામોમાં લૂંટફાટ કરતાં રાજકોટના પોલિટિકલ એજન્ટની મદદથી ત્યાં અંગ્રેજ લશ્કરની ટુકડી મૂકવામાં આવી અને કચ્છના રાવ પાસેથી દંડની રકમ લઈને જેમને નુકસાન થયું હતું તેમને વહેંચી આપવામાં આવી. ઈ. સ. ૧૮૨૯ માં જિયોજીનું અવસાન થતાં એમના પુત્ર પૃથ્વીરાજજી ગાદીએ આવ્યા. એમણે કરકસરથી વહીવટ ચલાવ્યો અને રાજ્યનું કેટલુંક દેવું ભરપાઈ કર્યું.

ઈ. સ. ૧૮૪૬ માં પૃથ્વીરાજજીનું મૃત્યુ થતાં એમના પુત્ર રવાજી મોરબીના ઠાકોર બન્યા. એમણે પહેલી જ વખત દીવાની અને ફોજદારી અદાલતોની સ્થાપના કરી અને જમીન–મહેસૂલ ખેતીવાડી તેમજ વેપારને લગતા સુધારા દાખલ કર્યા. ઈ. સ. ૧૮૭૦ માં રવાજીનું અવસાન થતાં એમના પુત્ર વાઘજી મોરબીના ઠાકોર બન્યા. વાઘજીની સગીરાવસ્થાને લીધે સં. ૧૮૭૦ થી ૧૮૭૮ દરમ્યાન રાવબહાદુર શંભુપ્રસાદ લક્ષ્મીલાલે વહીવટકર્તા તરીકે કામગીરી બજાવી અને ઈ. સ. ૧૮૭૯ માં ઠાકોર વાઘજીને રાજ્યની વહીવટી લગામ સોંપવામાં આવી. ઈ. સ. ૧૮૮૩ માં એમણે ઇંગ્લેન્ડ તથા યુરોપનો પ્રવાસ કર્યો અને ઈ. સ ૧૮૮૭ ના જૂનમાં ઇંગ્લેન્ડમાં ઉજવાયેલ રાણી વિક્ટોરિયાની સુવર્ણજયંતીના સમારંભમાં એમણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો, તેથી મોરબી રાજ્યને બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગના રાજ્ય તરીકે બઢતી આપવામાં આવી.[૫૪] એમના સમયમાં મણિમંદિર, વી. સી. હાઈસ્કૂલ, ગ્રીન ટાવર, મચ્છુનો પુલ વગેરે અસ્તિત્વમાં આવ્યાં.

# ૨. જેઠવા વંશની રિયાસત

## ૧. પોરબંદર

ઈ. સ. ૧૮૧૨ માં રાણા સુલતાનજીના પૌત્ર પૃથ્વીરાજજી, 'ખીમોજી' નામ ધારણ કરીને ગાદીએ આવ્યા હતા. એમણે કૂછડી પાસે ખીમેશ્વર મહાદેવનું મંદિર પોતાનું નામ જોડીને સમરાવ્યું. ઈ. સ. ૧૮૩૧ માં એમના અવસાન પછી એમની

રાણી રૂપાળીબાના પુત્ર ભોજરાજજી ઉર્ફે વિક્રમાતજી ૮ વર્ષની ઉંમરે ગાદીના વારસ બન્યા. ભોજરાજજીની સગીર વયને લીધે ઈ. સ. ૧૮૪૧ સુધી એમની માતાએ એમના વતી કારભાર ચલાવ્યો. રૂપાળીબાનો રાજ્યવહીવટ લોકો માટે કલ્યાણકારી હતો. ઈ. સ. ૧૮૬૩ થી ૧૮૬૬ દરમ્યાન રાણા વિક્રમાતજીએ સમગ્ર ભારતનાં ધાર્મિક સ્થળોની યાત્રા કરી. એમના મૂળ નામ 'ભોજરાજ' ઉપરથી એમણે ભોજેશ્વર મહાદેવનું મંદિર બંધાવ્યું. રાણા વિક્રમાતજીના પુત્ર માધવસિંહનું લક્ષ્મણ ખવાસ નામના ખરાબ સોબતીને કારણે યુવાવસ્થામાં અકાળ અવસાન થયું. રાણા વિક્રમાતજીએ લક્ષ્મણનાં નાક–કાન કાપી નાખવાની સજા કરી, તેથી લક્ષ્મણે જેલમાં આત્મહત્યા કરી. કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટે આને ગંભીર બાબત ગણી વિક્રમાતજીને સજા કરવા ઈ. સ. ૧૮૬૯ માં પોરબંદર રાજ્યને પ્રથમ વર્ગમાંથી નીચે ઉતારી ત્રીજા વર્ગમાં મૂક્યું, રાણાને પદભ્રષ્ટ કરી, બ્રિટિશ ઍડમિનિસ્ટ્રેશન મૂકી રાજકોટ રહેવાની ફરજ પાડવામાં આવી.[૫૫] ઈ. સ. ૧૯૦૦ માં વિક્રમાતજીનું અવસાન થતાં એમના પૌત્ર (માધવસિંહના પુત્ર) ભાવસિંહજીને ગાદી આપવામાં આવી. ભાવસિંહજીના સમયમાં ભાવનગરવાળાં રાણી રામબા માટે રાજમહેલ, ભોજેશ્વર બંગલો, જુમા આદમ લેન, સુદામા મંદિર, અશ્માવતી ઘાટ, અનાથાશ્રમ તેમજ ગામ બહાર વંડીઓ થઈ.[૫૬] ભોજેશ્વર પ્લૉટ, સેક્રેટરિયેટ, ત્રવડા જેલ, ઝવેરી બંગલો, સિમેન્ટનું કારખાનું, વાઘેશ્વર મંદિર, ભાવસિંહજી હૉસ્પિટલ અને હાઈસ્કૂલ તથા ભાવેશ્વર મંદિર અને આસપાસના પ્લૉટ થયા.

ભાવસિંહજીનું ઈ. સ. ૧૯૦૮ માં મૃત્યુ થતાં એમના સગીર પુત્ર નટવરસિંહજી પોરબંદરના રાણા બન્યા. એમની સગીરાવસ્થા (ઈ. સ. ૧૯૨૦ સુધી) દરમ્યાન એકથી વધુ વહીવટદાર એક પછી એક નિમાયા હતા.[૫૭]

## ૩. ઝાલા વંશની રિયાસતો

### ૧. ધ્રાંગધ્રા

ઈ. સ. ૧૮૦૪માં અમરસિંહજી ધ્રાંગધ્રાની ગાદીએ આવી રાજસાહેબ બન્યા.[૫૮] એમના સમયમાં જત મિયાણા સિંધીઓ અને કચ્છના કોળીઓનો ઉપદ્રવ થયો હતો, પરંતુ અંગ્રેજોની મદદથી એને નિર્મૂળ કરવામાં આવ્યો હતો. ઈ. સ. ૧૮૪૩ માં એમનું અવસાન થતાં એમના પુત્ર રણમલસિંહજી રાજગાદીના વારસદાર બન્યા. તેઓ સંસ્કૃત ફારસી ઉર્દૂ વ્રજ અને ગુજરાતી ભાષાઓના વિદ્વાન હતા તેમજ પોતે પણ કાવ્યરચનાઓ કરતા હતા. એમણે સીથામાં ચંદ્રસર અને ધ્રાંગધ્રામાં રણમલસર નામનાં તળાવ તથા સીથા અને ઉમરડાના કિલ્લા બંધાવ્યા; હળવદનો મહેલ બંધાવ્યો તથા ધ્રાંગધ્રાનો કિલ્લો સમરાવ્યો; કેટલાક આર્થિક

સુધારા પણ કર્યા. ઈ. સ. ૧૮૬૯ માં એમનું અવસાન થતાં એમના મોટા પુત્ર માનસિંહજી એમના ઉત્તરાધિકારી બન્યા.

રાજા માનસિંહે ઈ. સ. ૧૮૭૦ માં ભારત આવેલા ડયૂક ઑફ એડિનબરોની અને ઇ. સ. ૧૮૭૬ માં ભારત આવેલા પ્રિન્સ ઑફ વેલ્સની મુલાકાત લીધી હતી. પ્રિન્સ ઑફ વેલ્સ સાથેની મુલાકાતની સ્મૃતિમાં એમણે ધ્રાંગધ્રામાં હૉસ્પિટલ બંધાવી હતી. ઈ. સ. ૧૮૭૭ માં અંગ્રેજોએ એમને કે. સી. એસ. નો ઇલકાબ આપીને એમની સલામી ૧૧ તોપોથી વધારીને ૧૫ તોપોની કરી હતી. ઈ. સ. ૧૮૮૦ માં યુવરાજ જશવંતસિંહનું એમની હયાતીમાં જ અવસાન થયું. ૧૮૯૮ માં ધ્રાંગધ્રા-વઢવાણ રેલવે લાઈન ખુલ્લી મુકાઈ.[૫૯] ઈ. સ. ૧૯૦૦ માં માનસિંહજીના મૃત્યુ પછી એમના પૌત્ર અજિતસિંહ રાજસાહેબ બન્યા. એમના કડક અમલને લઈને ગુનાઓનું પ્રમાણ ઘણું ઘટી ગયું. એમણે મિયાણાઓને લશ્કરમાં દાખલ કર્યા ને લશ્કરને આધુનિક બનાવ્યું. ઈ. સ. ૧૯૧૧ માં શીતળાના રોગને લીધે એમનું મૃત્યુ થતાં એમના પુત્ર ઘનશ્યામસિંહજી ધ્રાંગધ્રાની ગાદીએ આવ્યા, જેમણે ઈ. સ. ૧૯૪૨ સુધી રાજ્ય કર્યું. ઝાલાવંશનાં અન્ય રાજ્યોમાં ધ્રાંગધ્રાના રાજાને પોતાના વડીલ અને મુરબ્બી ગણવામાં આવતા હતા.[૬૦]

## ૨. લીંબડી

ઈ. સ. ૧૭૮૬ માં હરિસિંહજી લીંબડીના ઠાકોર બન્યા હતા. એમણે કાઠીઓ જત વગેરે સામે ટક્કર લઈને લીંબડી રાજ્યનો વિસ્તાર કર્યો. 'વૉકર કરાર' સમયે બરવાળા પરગણું લીંબડી રાજ્ય નીચે હતું અને ત્યાં કારભારી તરીકે ઘેલાશા હતા. ઈ. સ. ૧૮૨૫ માં હરિસિંહનું અવસાન થતાં એમના પુત્ર ભોજરાજજી ૪ થા ગાદીએ આવ્યા.[૬૧] ઈ. સ. ૧૮૩૭ માં ભોજરાજજીનું અકાળ અવસાન થતાં એમના બાળપુત્ર હરભમજી ૨ જા ગાદીના વારસ બન્યા. ૧૮૫૬ માં ૨૮ વર્ષની જુવાન વયે હરભમજી ૨ જાનું અપુત્ર મૃત્યુ થતાં એમના નાના ભાઈ ફતેહસિંહજી ગાદીએ આવ્યા. ઈ. સ. ૧૮૬૨ માં ફતેહસિંહજીનું પણ યુવાવસ્થામાં અવસાન થતાં એમના પુત્ર જશવંતસિંહજી લીંબડીના ઠાકોર બન્યા.

જશવંતસિંહજીની સગીરાવસ્થાને લીધે શરૂઆતમાં એમની માતા હરિબાઈએ, એ પછી કૅપ્ટન જે. એ. લૉઈડે અને ત્યાર પછી થોડા સમય માટે પ્રસિદ્ધ સુધારક શ્રી કરસનદાસ મૂળજીએ લીંબડીના વહીવટકર્તા તરીકે કામગીરી બજાવી. જશવંતસિંહજીએ રાજકોટની રાજકુમાર કૉલેજમાં શિક્ષણ લીધા પછી એના પ્રિન્સિપાલ મિ. મૅકનાટન સાથે ઇંગ્લૅન્ડ અને યુરોપની મુસાફરી કરી. ઈ. સ. ૧૮૭૭ માં એમને સ્વતંત્ર વહીવટની સત્તાઓ સોંપવામાં આવી. એમના સમયમાં લીંબડી

રાજ્યે શિક્ષણ આરોગ્ય ખેતીવાડી વગેરે ક્ષેત્રોમાં ઘણી પ્રગતિ સાધી. ઈ. સ. ૧૮૮૪માં મુંબઈ રાજ્યની લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય તરીકે બે વર્ષ માટે એમની નિમણૂક થઈ હતી. ઈ. સ. ૧૮૮૭માં તેઓ ઈંગ્લૅન્ડની રાણીની 'જ્યુબિલી'માં ભાગ લેવા ઈંગ્લૅન્ડ ગયા ત્યારે એમને કે. સી. આઈ. ઈ. નો ઇલકાબ આપવામાં આવ્યો હતો.[૬૨]

ઈ. સ. ૧૯૦૭માં એમનું મહાબળેશ્વર મુકામે અપુત્ર અવસાન થતાં એમની ઇચ્છા પ્રમાણે એમના એક દૂરના સગા દોલતસિંહજી ઈ. સ. ૧૯૦૮ માં લીંબડીની ગાદીએ આવ્યા. એ દરમ્યાન વચ્ચે એક વર્ષ અંગ્રેજોનો વહીવટ રહ્યો હતો. દોલતસિંહજી જામનગર રાજ્યમાં અશ્વદળના ઉપરી હતા અને એમની શક્તિઓ વિશે અંગ્રેજ અધિકારીઓનો ઘણો સારો અભિપ્રાય હતો. દોલતસિંહએ પ્રજા-કલ્યાણનાં કાર્ય કરવાની નીતિ ચાલુ રાખી તેમાં કારભારી શ્રી ઝવેરભાઈ અમીને એમને ઘણી મદદ કરી હતી.[૬૩]

### ૩. વાંકાનેર

રાજસાહેબ ચંદ્રસિંહજીના રાજ્યમાં અવારનવાર કાઠીઓ લૂંટફાટ કરતા તેથી એમને સજા કરવા એમણે કાઠીઓના ગામ સુદામડા ઉપર હુમલો કરીને એને લૂંટયું હતું. ઈ. સ. ૧૮૩૯ માં રાજસાહેબ ચંદ્રસિંહજીનું અવસાન થતાં એમના પુત્ર વખતસિંહજી એમના ઉત્તરાધિકારી બન્યા. તેઓ ધાર્મિક પ્રકૃતિના હતા અને એમણે સોમનાથ દ્વારકા વગેરેની યાત્રા કરીને ત્યાં મોટી રકમો દાનમાં આપી હતી. એમના મોટા પુત્ર જશવંતસિંહજીનું એમની હયાતીમાં અવસાન થયું હતું, તેથી રાજસાહેબ વખતસિંહજીના મૃત્યુ (ઈ. સ. ૧૮૬૦) પછી જશવંતસિંહજીના પુત્ર બનેસિંહજી વાંકાનેરની ગાદીએ આવ્યા. ઈ. સ. ૧૮૮૧ના જૂનમાં રાજસાહેબ બનેસિંહજીનું ૩૯ વર્ષની ઉંમરે અવસાન થતાં એમના બે વર્ષના પુત્ર અમરસિંહજી ગાદીના વારસ બન્યા. એમની સગીરાવસ્થા દરમ્યાન કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટની દેખરેખ નીચે શ્રી ગણપતરાવ એન. લાડે વહીવટ ચલાવ્યો હતો.[૬૪]

શ્રી અમરસિંહજીએ રાજકોટની રાજકુમાર કૉલેજમાં ૯ વર્ષ સુધી અભ્યાસ કરીને ઈ. સ. ૧૮૯૭માં રમતગમત માટેનો 'ગૉર્ડન સિલ્વર મેડલ' મેળવ્યો હતો.[૬૫] ઈ. સ. ૧૮૯૮માં ઈંગ્લૅન્ડની મુલાકાત લીધા પછી ઈ. સ. ૧૮૯૯માં એમને સંપૂર્ણ વહીવટી સત્તાઓ સુપરત કરવામાં આવી.[૬૬] ઈ. સ. ૧૯૦૦-૧૯૦૧ ના 'છપ્પનિયા દુકાળ'માં એમણે પ્રજાને સારી રાહત આપી,[૬૭] ખેતીવાડી શિક્ષણ ઉદ્યોગો વેપાર વગેરેનો વિકાસ કર્યો, પ્રજાને રક્ષણ તથા સલામતી આપ્યાં. એમના લાંબા અમલ દરમ્યાન વાંકાનેર રાજ્યે ઘણો વિકાસ સાધ્યો.

### ૪. વઢવાણ

ઠાકોર જાલમસિંહજીની સગીરાવસ્થા દરમ્યાન એમની માતા બાઈરાજબાએ એમના વતી વહીવટ ચલાવ્યો હતો. ઈ. સ. ૧૮૨૭ માં ઠાકોર જાલમસિંહજીનું ભરજુવાનીમાં અવસાન થતાં એમનાં બાળપુત્ર રાજસિંહજીને ગાદીએ બેસાડવામાં આવ્યા, પરંતુ બાળરાજા વતી વહીવટ ચલાવવાની સત્તા માટે રાજસિંહજીની માતા બાજીરાજબા અને એમના પિતાની માતા બાઈરાજબા (વહુ અને સાસુ) વચ્ચે ઝઘડો થયો, જેમાં બાજીરાજબાનો વિજય થયો.

ઈ. સ. ૧૮૭૫ માં ઠાકોર રાજસિંહજીનું અવસાન થતાં એમના પૌત્ર (ચંદ્રસિંહજીના પુત્ર) દાજીરાજજી ગાદીના વારસ બન્યા. ઈ. સ. ૧૮૮૩ માં એમણે કાઠિયાવાડના મદદનીશ પોલિટિકલ એજન્ટ મિ. વૉર્ડન સાથે ઈંગ્લેન્ડ તથા યુરેપની મુલાકાત લીધી. ઈ. સ. ૧૮૮૫ માં દાજીરાજજીનું અપુત્ર મૃત્યુ થતાં એમના નાના ભાઈ કાળુભા ઉર્ફે બાલસિંહજી વઢવાણની ગાદીએ આવ્યા.[૧૮] બાલસિંહજીએ લગભગ ૨૫ વર્ષ રાજ્ય કર્યા પછી ઈ. સ. ૧૯૧૦ માં એમનું અપુત્ર અવસાન થયું. એ પછી એમના કાકા બેચરસિંહજીના પુત્ર જશવંતસિંહ ગાદીનશીન બન્યા.[૧૯]

## ૪. ગૂહિલ વંશની રિયાસતો

### ૧. ભાવનગર

આ રાજ્યનું ક્ષેત્રફળ ૭,૪૦૭ ચો. કિ. મી., ૧૯૨૧ માં વસ્તી ૪,૨૬,૪૦૪ અને વાર્ષિક આવક રૂ. ૮૬,૫૫,૬૨૯ હતી.

ઈ. સ. ૧૮૧૬ માં ઠાકોર વજેસિંહજી ગાદીએ આવ્યા હતા. ઈ. સ. ૧૮૧૭ માં સૌરાષ્ટ્રમાં આવેલા વડોદરાના મદદનીશ રેસિડેન્ટ કેપ્ટન બૅલેન્ટાઈન સાથે એમણે જૂનાગઢ રાજ્યને અપાતી 'જોરતલબી'ની રકમ નક્કી કરી હતી. એમના સમયમાં ખુમાણ કાઠીઓ સાથેના ઝગડા ચાલુ રહ્યા. કુંડલાના હાદા ખુમાણે ૧૮૨૧ માં ભાવનગર રાજ્યનાં બે ગામ ભાંગીને બહારવટું શરૂ કર્યું. જોગીદાસ ખુમાણ, ઘેલો ખુમાણ વગેરે ભાઈઓ સાથમાં હતા. જેતપુર અને ચીતળના કાઠી દરબારો આ બહારવટિયાને સાથ આપતા હતા તેથી ભાવનગરની ફરિયાદ ઉપરથી જેતપુર દરબાર મૂળુવાળાને અટકમાં લઈને એના રાજ્ય ઉપર જપ્તી મૂકવામાં આવી. કેટલાક ખુમાણોને જેતપુર દરબારે પકડી રજૂ કર્યા હતા, પણ જોગીદાસ વગેરે ગીરમાં છટકી ગયા હતા. એમના બહારવટાનો અંત ૧૮૨૯ માં આવ્યો. જોગીદાસની નેકી અને એના શીલને એની ક્ષાત્રવૃત્તિને અને એની ખાનદાનીને સૌરાષ્ટ્રના લોકકવિઓએ ભારે બિરદાવી છે. ઈ. સ. ૧૮૫૨ માં વજેસિંહજીનું મૃત્યુ થતાં એમના

પૌત્ર (મોટા પુત્ર ભાવસિંહજીના પુત્ર) અખેરાજજી ગાદીએ આવ્યા. ઈ. સ. ૧૮૫૪ માં અખેરાજજીનું અપુત્ર મરણ થતાં એમના નાના ભાઈ જશવંતસિંહજી ગાદીએ આવ્યા. એમના સમયમાં ગૌરીશંકર ઉદયશંકર ઓઝાએ ભાવનગર રાજ્યના દીવાન તરીકે સારું કાર્ય કર્યું.

ઈ. સ. ૧૮૬૯ માં જશવંતસિંહજીનું અવસાન થતાં ઈ. સ. ૧૮૭૮ સુધી એમના પુત્ર તખ્તસિંહજીની સગીરાવસ્થા દરમ્યાન ગૌરીશંકર ઓઝા અને ઈ. એચ. પર્સિવલની સંયુક્ત દેખરેખ નીચે વહીવટ ચાલ્યો. એ પછી ઠાકોર તખ્તસિંહજીની સગીરાવસ્થા પૂરી થતાં એમને સંપૂર્ણ વહીવટી સત્તાઓ સોંપવામાં આવી. ઠાકોર તખ્તસિંહજીના સમયમાં આધુનિક સગવડો દાખલ કરવામાં આવી. ઈ. સ. ૧૮૭૭ માં દુકાળ–રાહતના પગલા તરીકે વઢવાણ–ભાવનગર રેલવેનું કામ હાથ ઉપર લઈ ઈ. સ. ૧૮૮૦ માં રેલવે ખુલ્લી મૂકવામાં આવી. ગૌરીશંકર ઓઝા રાજ્યની ૫૦ વર્ષની સેવા કર્યા પછી ઈ. સ. ૧૮૭૯ માં નિવૃત્ત થયા. એમના પછી શામળદાસ મહેતા ભાવનગર રાજ્યના દીવાન બન્યા. ઈ. સ. ૧૮૮૪ માં શામળદાસ કોલેજની સ્થાપના કરવામાં આવી. ૧૮૯૩ માં તખ્તેશ્વર મહાદેવનું આરસનું મંદિર બંધાયું. ઇંજનેર સીમ્સના માર્ગદર્શન નીચે પીપાવાવ ઉર્ફે વિક્ટર બંદર બાંધવામાં આવ્યું.

ઈ. સ. ૧૮૯૬ ની ૨૯ મી જાન્યુઆરીએ ઠાકોર તખ્તસિંહજીનું અવસાન થતાં એમના પુત્ર ભાવસિંહજી ૨ જા એમના ઉત્તરાધિકારી બન્યા. એમના સમયમાં ઈ.સ. ૧૮૯૬ ના પ્લેગમાં ૧૯૦૦ ના પ્લેગમાં અને દુકાળમાં લોકોને સારી રાહત આપવામાં આવી હતી. ઈ. સ. ૧૯૦૯ માં એમને 'મહારાજા' નો ઇલ્કાબ આપવામાં આવ્યો તથા પ્રથમ વિશ્વયુદ્ધમાં એમણે અંગ્રેજોને કરેલી મદદ બદલ એમની સલામી વધારીને ૧૫ તોપોની કરવામાં આવી હતી. ભાવનગર સૌરાષ્ટ્રનું એક અગ્રણી રાજ્ય બન્યું. ઈ. સ. ૧૯૧૯ ની ૧૭ મી જુલાઈએ ભાવસિંહજી ૨ જાનું અવસાન થતાં એમના પુત્ર કૃષ્ણકુમારસિંહજી એમના ઉત્તરાધિકારી બન્યા. ૭૦

## ૨. પાલીતાણા

ઈ. સ. ૧૮૨૦ માં પાલીતાણાના ઠાકોર ઉનડજીના મૃત્યુ પછી એમના પુત્ર કાંધોજી ૪ થા ગાદીએ આવ્યા. ભાવનગર રાજ્ય સામે બહારવટે નીકળનાર જોગીદાસ ખુમાણને એમણે મદદ કરી હતી. એમના સમયમાં ઈ. સ. ૧૮૩૬ માં મોનપુરના બહારવટિયા સાદૂલ ખસિયાએ એના સાગરીતો સાથે શત્રુંજય પર્વત પરનાં જૈન મંદિરો લૂંટતાં કાંધોજીએ એ સમયના કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. બ્લેનને જાણ કરતાં, બ્લેને સાદૂલ ખસિયાને પકડીને એને ૧૦ વર્ષની સખત કેદની સજા કરી હતી. કાંધોજી ૪ થા નું ઈ. સ. ૧૮૪૦ માં અવસાન થતાં એમના પુત્ર નોંઘણજી

૪ થા ગાદીના વારસ થયા. એમણે કરકસર કરીને હેમચંદ વખતચંદ નામના વેપારીનું રાજ્યનું દેવું ભરપાઈ કર્યું.

ઈ. સ. ૧૮૬૦ માં નોંઘણજી ૪ થાનું અવસાન થતાં એમના પુત્ર પ્રતાપસિંહજી પાલીતાણાના ઠાકોર બન્યા. પ્રતાપસિંહજીએ યુવરાજ-અવસ્થામાં સારું કામ કર્યું હતું, પરંતુ રાજા તરીકે એ પોતાના વિચારોને અમલમાં મૂકે તે પહેલાં ઈ. સ. ૧૮૬૦ માં જ એમનું મૃત્યુ થયું અને એમના પુત્ર સુરસિંહજી ૧૭ વર્ષની જુવાન વયે ગાદીના વારસ બન્યા. એમણે રાજ્યને સમૃદ્ધ બનાવવા ભગીરથ પ્રયાસો કર્યા. ઈ. સ. ૧૮૮૫ માં એમનું મૃત્યુ થતાં એમના મોટા પુત્ર માનસિંહજી પાલીતાણાના ઠાકોર બન્યા. એમણે રાજકોટની રાજકુમાર કૉલેજમાં શિક્ષણ લીધું હતું.[૭૧] ઈ. સ. ૧૯૦૫ માં ઠાકોર માનસિંહજીનું અવસાન થતાં એમના પુત્ર બહાદુરસિંહજી ૫ વર્ષની ઉંમરે ગાદીએ આવ્યા. એમની સગીરાવસ્થા દરમ્યાન વહીવટી સમિતિની દેખરેખ નીચે રાજ્યનો વહીવટ ચાલ્યો.[૭૨]

## ૫. બાબી વંશની રિયાસતો

### ૧. જૂનાગઢ

આ રાજ્યનું ક્ષેત્રફળ ૮,૬૪૩ ચો. કિ. મી. અને ૧૯૨૧ માં વસ્તી ૪,૬૫,૪૯૩ અને વાર્ષિક આવક રૂ. ૬૬,૩૪,૧૨૭ની હતી. એ બ્રિટિશ સરકારને ખંડણી પેટે રૂ. ૨૮,૩૯૪ અને ગાયકવાડને પેશકશ રૂપે રૂ. ૩૭,૨૧૦ આપતું હતું, જ્યારે એને સૌરાષ્ટ્રની ૧૩૭ રિયાસતો પાસેથી રૂ. ૯૨,૪૨૧ 'જોરતલબી' તરીકે મળતા હતા.

ઈ. સ. ૧૮૧૧ માં નવાબ બનેલા બહાદુરખાન ૨ જાએ ઈ. સ. ૧૮૪૦ સુધી રાજ્ય કર્યું. એમના સમયમાં જમાદાર ઉમરે કરેલો બળવો કંપની સરકારની મદદથી શમાવવામાં આવ્યો હતો અને એના બદલામાં નવાબે ધોધા ધોલેરા ધંધુકા અને રાણપુર તાલુકાઓમાં જોરતલબી ઉઘરાવવાનો અધિકાર ઈ. સ. ૧૮૧૭ માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીને સુપરત કર્યો હતો. આ નવાબના સમય દરમ્યાન રણુનાથજી, સુંદરજી શિવજી અને ગોવિંદજી ઝાલાએ દીવાન તરીકે કામ કર્યું હતું. ઈ. સ. ૧૮૪૦ માં બહાદુરખાન ૨ જાના અવસાન પછી એમના પુત્ર હમીદખાન ૨ જા નવાબ બન્યા. એમના સમયમાં માંગરોળના શેખે બળવો કરતાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના કર્નલ જેકબે માંગરોળ કબજે કરીને એના શેખ પાસે ઈ. સ. ૧૮૪૨ માં ફરીથી જૂનાગઢની સત્તાનો સ્વીકાર કરાવ્યો હતો.

ઈ. સ. ૧૮૫૧ માં નવાબ હમીદખાન ૨ જાનું ક્ષયરોગમાં મૃત્યુ થતાં એમના નાના ભાઈ મહાબતખાન ૨ જા રાજગાદીના વારસ બન્યા.[૭૩] એમના અમલ દરમ્યાન

અનંતજી અમરચંદ વસાવડા, શેઠ ડુંગરશી દેવશી, ગોકુળજી સંપતરામ ઝાલા અને જમાદાર સાલેહ બિન સાલેહ હિન્દીએ દીવાન તરીકે કામગીરી બજાવી હતી. નવાબના સાળા બહાઉદ્દીનભાઈ વઝીર હતા. જૂનાગઢ રાજ્યની સ્વતંત્ર સિક્કા પાડવાની સત્તાનો બ્રિટિશ સરકારે સ્વીકાર કર્યો હતો અને તેથી આ નવાબના સમયમાં દીવાનશાહી કોરી, તાંબાના દોકડાઓ અને સોનાની કોરી જેવા સિક્કા જૂનાગઢની ટંકશાળમાં પાડવામાં આવ્યા હતા. ઈ. સ. ૧૮૭૩ માં બહાદુરખાનજી હાઈસ્કૂલ સ્થપાઈ.[૭૪] ઈ. સ. ૧૮૮૨ માં મહાબતખાન ૨ જા જન્નતનશીન થતાં એમના પુત્ર બહાદુરખાન ૩ જા એમના ઉત્તરાધિકારી બન્યા. એમણે રાજકોટની રાજકુમાર કૉલેજમાં શિક્ષણ લઈને વહીવટતંત્રનો અનુભવ મેળવ્યો હતો. એમના સમયમાં સરદાર હરિદાસ બિહારીદાસ દેસાઈની દીવાન તરીકે અને પુરુષોત્તમરાય સુંદરજી ઝાલાની નાયબ દીવાન તરીકે નિમણૂક કરવામાં આવી હતી. આ નવાબના સમયમાં 'ઇજારા પદ્ધતિ' તથા 'જમાદાર પદ્ધતિ' નાબૂદ કરવામાં આવી અને બહારવટિયા કાદુ મકરાણીને જેર કરવામાં આવ્યો. નવાબના મામા બહાઉદ્દીન-ભાઈ વઝીર તરીકે ચાલુ હતા.

ઈ. સ. ૧૮૯૨ માં નવાબ બહાદુરખાન ૩ જાનું અવસાન થયું. એમને પાંચ પત્નીઓ હોવા છતાં કોઈ પુરુષ વારસદાર ન હોવાથી એમના પછી એમના નાના ભાઈ રસૂલખાન નવાબની ગાદીએ આવ્યા. એમના અમલ દરમ્યાન ચુનીલાલ સારાભાઈ હઝરત, હરિદાસ બિહારીદાસ, શ્યામજી કૃષ્ણ વર્મા, સરદાર બેચરદાસ દેસાઈ, સર અબ્બાસઅલી બેગ અને મિ. કુરેશીએ જૂનાગઢના દીવાન તરીકે કામગીરી બજાવી હતી, જ્યારે બહાઉદ્દીનભાઈ આ સમયે પણ વઝીર તરીકેની કામગીરી સંભાળતા હતા. ઈ. સ. ૧૮૯૭ માં પ્લેગ તથા ઈ. સ. ૧૯૦૦ માં દુષ્કાળને લીધે ઘણી ખુવારી થઈ હતી. ઈ. સ. ૧૮૯૭ માં બહાઉદ્દીન કૉલેજ સ્થપાઈ.[૭૫] ૩૩ નવાં ગામ વસાવવામાં આવ્યાં. ઈ. સ. ૧૯૧૧ માં નવાબ રસૂલ-ખાનનું મૃત્યુ થતાં એમના સગીર ઉંમરના પુત્ર મહાબતખાન ૩ જા નવાબ બન્યા. એમની સગીરાવસ્થા દરમ્યાન એચ. ડી. રેન્ડોલે વહીવટદારની કામગીરી સંભાળી હતી.[૭૬]

## ૬. અન્ય નોંધપાત્ર રિયાસતો

તળ-ગુજરાતની તથા કચ્છ-સૌરાષ્ટ્રની મુખ્ય રિયાસતોનો ટૂંક વૃત્તાંત ઉપર આલેખાયો છે તેના અનુસંધાનમાં ચોથા વર્ગ સુધીની અન્ય રિયાસતોની મહત્ત્વની ઘટનાઓનું વિહંગાવલોકન કરીએ.

૧. **લખતર**—ઝાલા કુળના ઠાકોર પૃથ્વીરાજજી (૧૮૦૩–૩૫) પછી એમના પુત્ર વજેરાજજી ૨ જા ગાદીએ આવ્યા ને ૧૮૪૬ માં વજેરાજજીનું અવસાન થતાં એમના પુત્ર કરણસિંહજી ગાદીએ આવ્યા ત્યારે એ ત્રણ માસની ઉંમરના હતા. એમણે ૧૯૦૭ માં લખતરમાં મિડલ સ્કૂલ સ્થાપી.[૭૭]

૨. **ચૂડા**—ઝાલા કુળના ઠાકોર હઠીસિંહજી ૧૮૨૦માં અવસાન પામ્યા. એમના ઉત્તરાધિકારીઓમાં અભયસિંહજી ૨ જા (૧૮૨૦–૨૯), રાયસિંહજી (૧૮૨૯–૪૪) અને બહેચરસિંહજી (૧૮૪૪–૧૯૦૮)ના શાસનકાલ દરમ્યાન કંઈ નોંધપાત્ર બનાવ બન્યા નથી. બહેચરસિંહજી પછી એમના સદ્ગત પુત્ર માધવસિંહજીના પુત્ર જોરાવરસિંહજી (૧૯૦૮–૨૦) ગાદીએ આવ્યા.[૭૮]

૩. **સાયલા**—અહીંના ઝાલા કુળની રિયાસત ૧૮મી સદીના મધ્યમાં સ્થપાઈ હતી. સ્થાપક શેખોજી—શેષાભાઈ (મૃ. ૧૭૯૪) પછી વિક્રમાતજી (મૃ. ૧૮૧૩), મદારસિંહજી (મૃ. ૧૮૩૭), શેષાભાઈ ૨ જા–બાપજી (મૃ.૧૮૩૯) અને કેશરીસિંહજી ક્રમશઃ ગાદીએ આવ્યા. કેશરીસિંહજીના રાજ્યકાલમાં ખેતીવાડીમાં ઘણા સુધારા થયા ને રાજ્યની જમીન–મહેસૂલમાં ઘણી વૃદ્ધિ થઈ. બહારવટે ચડેલા ભાયાતોને જીવતા પકડવામાં આવ્યા ને એમને જન્મકેદની સજા થઈ. એમના મૃત્યુ (૧૮૮૨) બાદ એમના કુંવર વખતસિંહજી ગાદીએ આવ્યા. એમના સમયમાં સાયલા–જોરાવરનગર રેલવે લાઇનનું કામ શરૂ થયું. એમને વર્ગ ૨ ની સત્તા પ્રાપ્ત થઈ. ૧૯ મી સદીના આરંભમાં અહીં લાલજી ભગત નામે વણિક સંત થયા. એમની એટલી ખ્યાતિ પ્રસરી હતી કે એમના નામ પરથી સાયલાને પ્રાયઃ 'ભગતનું ગામ' તરીકે ઓળખવામાં આવે છે.[૭૯]

૪. **મૂળી**—સોઢા પરમાર કુળના ઠાકોર રામોભાઈ પછી વખતસિંહજી ગાદીએ બેઠા. એ અપુત્ર મૃત્યુ પામતાં એમનો ગાદીવારસો એમના ભાઈ સરતાનજીને મળ્યો, જે ૧૮૯૪માં મૃત્યુ પામ્યા. ત્યારે એમના પાટવી કુંવર હિંમતસિંહજી સગીર વયના હતા; પુખ્ત વયના થતાં એમણે ૧૯૦૨ માં સત્તા સંભાળી. એમના અવસાન (૧૯૦૫) બાદ એમના કુંવર હરિશ્ચંદ્રસિંહજી ગાદીએ આવ્યા. એ સગીર વયના હોઈ ૧૯૧૮ સુધી રિયાસતનો કારભાર એજન્સીના મૅનેજમેન્ટે સંભાળ્યો.[૮૦]

૫. **દાંતા**—આરાસુરી અંબાજીના મંદિર તથા કુંભારિયાનાં દેરાસરો માટે જાણીતા આ સ્થળે પરમાર કુળના મહારાણાની સત્તા પ્રવર્તતી હતી. માનસિંહજીના મૃત્યુ (૧૮૦૦)પછી એમના ભાઈ જગતસિંહજી ગાદીએ આવ્યા હતા. મહારાણા અને એમના ભાયાતો વચ્ચે ભારે સંઘર્ષ રહેતો હતો. કમ્પની સરકારે ૧૮૨૦ માં દાંતામાં થાણું બેસાડયું. જગતસિંહજી અપુત્ર હોઈ પોતાના ભાઈ નારસિંહજીના પુત્રને

દત્તક લેવા માગતા હતા, પરંતુ નારસિંહજી એમાં સહમત ન થતાં જગતસિંહજી એમના પર શંકાશીલ રહ્યા. જગતસિંહજીનું મૃત્યુ થતાં નારસિંહજી ગાદીએ બેઠા (૧૮૨૩). એમણે દાંતામાં નવો મહેલ બંધાવ્યો ને પોતાના નામ પરથી નારગઢ નામે ગામ વસાવ્યું. ૧૮૩૬ માં ઉદેપુરના રાણા જવાનસિંહજી અંબાજીની યાત્રાએ આવ્યા ત્યારે એમણે ત્યાં નારસિંહજીને મુલાકાતે બોલાવેલા. નારસિંહજી ૧૮૪૭ માં મૃત્યુ પામતાં કુંવર જાલમસિંહજીએ એમની છત્રી બંધાવી. જાલમસિંહજી ૧૮૪૮ માં ગાદીએ બેઠા. ૧૮૫૩ માં જોધપુરના મહારાજા તખ્તસિંહજી આબુની યાત્રા કરવા આવ્યા ત્યારે એમને મુલાકાતે તેડાવેલા. ૧૮૫૭ ના સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે મહારાણા જાલમસિંહે બ્રિટિશ સરકારને મદદ કરેલી. તેઓ ૧૮૫૯ માં મૃત્યુ પામ્યા. એમનો ગાદીવારસો એમના સગીર પુત્ર સરદારસિંહજીને મળ્યો, પરંતુ એ છ માસમાં મૃત્યુ પામતાં એના કાકા હરિસિંહજી ગાદીએ આવ્યા (૧૮૬૦). હરિસિંહજીએ જાલમસિંહની છત્રી બંધાવી. વળી પુંજપુરમાં ૧૮૬૧ માં મોટું શિવાલય બંધાવ્યું, ૧૮૬૬ માં માતાજીના માર્ગ પર બે વાવ કરાવી, કોટેશ્વર મહાદેવનું મંદિર સુધરાવ્યું ને દાંતામાં ૧૮૭૬ માં મોટું મંદિર બંધાવ્યું. હરિસિંહજી ૧૮૭૭ માં મૃત્યુ પામ્યા ને પાટવી કુંવર જશવંતસિંહજી ગાદીએ આવ્યા (૧૮૭૮). એમણે પિતાની છત્રી કરાવી. એમણે મહીકાંઠામાં અફીણ અંગેનો બંદોબસ્ત કરવામાં બ્રિટિશ સરકારને સક્રિય મદદ કરી. ૧૮૮૪ માં સિરોહીના મહારાવ અંબાજીની યાત્રા કરવા જતાં દાંતા આવેલા. મુંબઈ સરકાર તરફથી કેટલાક વખતથી એમને માટે 'રાણાજી' બિરુદ લખાતું તે સુધરાવી 'મહારાણાજી' કરાવ્યું (૧૮૮૬). સાદરામાં સ્કોટ કોલેજ સ્થાપવામાં મહારાણાએ અગ્રિમ ફાળો આપ્યો. એમણે દાંતામાં નવી વાવ બંધાવી ગબ્બર પર ચડવાનાં પગથિયાં બંધાવ્યાં.[૮૧] ૧૮૯૬ માં મહારાણાને બીજા વર્ગના રાજવી તરીકેની પદવી પાછી મળી. જશવંતસિંહજી રાજ્યતંત્રની તમામ વિગત જાતે જોતા ને ભીલો સાથે કડક હાથે કામ લેતા. તેઓ ૧૯૦૮ માં મૃત્યુ પામતાં એમના જ્યેષ્ઠ કુંવર હમીરસિંહજી ગાદીએ આવ્યા. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે એમણે બ્રિટિશ સરકારને ઘણા ઉદાર ફાળા આપેલા.[૮૨]

**૬. સૂંથ (સંત, સંત-રામપુર)**—પરમાર કુળના રાજા કેશરીસિંહજી ૧૮૧૯ માં અવસાન પામ્યા. કલ્યાણસિંહજીના રાજ્યકાલના પ્રથમ વર્ષે (૧૮૧૯) સિંધિયાના લશ્કરે સૂંથ પર ચડાઈ કરી. સર જોન માલકમે વચ્ચે પડી એ લશ્કરને પાછું કાઢ્યું. ૧૮૨૫ માં રેવાકાંઠા એજન્સી સ્થપાતાં સૂંથનું રાજ્ય એમાં દાખલ કરાયું. કલ્યાણસિંહજી(૧૮૧૯–૩૫)ના મૃત્યુ (૧૮૩૫) બાદ બાલવયના ભવાનીસિંહજી (૧૮૩૫–૫૪) ગાદીએ આવ્યા. ઈશાનમાં આવેલાં ગામોના ભીલોના ઉપદ્રવ સામે રક્ષણ કરવા સરહદ પર 'ફતેગઢી' (ફતેહનો કિલ્લો) નામે કિલ્લો

બંધાવ્યો; વળી બ્રિટિશ સરકારને ત્યાં થાણું બેસાડવું પડેલું. ભવાનીસિંહજી ૧૮૭૨ માં ૪૦ વર્ષની વયે અકાળ મૃત્યુ પામ્યા. એમના સગીર વયના દત્તક પુત્ર પ્રતાપસિંહજીએ પુખ્ત વયના થતાં ૧૮૮૦ માં સત્તાનાં સૂત્ર સંભાળ્યાં. એમની હયાતી બાદ જોરાવરસિંહજી નામે દત્તક કુંવરનો રાજ્યાભિષેક થયો (૧૮૯૬). પુખ્ત વયના થતાં એમણે ૧૯૦૨ માં સત્તા સંભાળી.[૮૩]

૭. **લાઠી**–ગૂહિલ કુલના ઠાકોરની આ રિયાસત ૧૪ ગામોની નાની બિન-સલામતી રિયાસત હતી. સારંગજીની ૨૨ મો પેઢીએ લાખાજી થયા. એમણે લાઠી પ્રદેશના લોકોને ઉપદ્રવ કરતા કાઠીઓને વશ કર્યા. લાખાજી પછી એમના મોટા પુત્ર દાજીરાજ ઉર્ફે અમરસિંહ ગાદીએ આવ્યા, પરંતુ એ થોડા વખતમાં મૃત્યુ પામ્યા. એમની ગાદી એમના નાના ભાઈ તખ્તસિંહજીને મળી. એમના પાટવી કુંવર ભાવસિંહજી અભ્યાસકાલ દરમ્યાન અકાળ અવસાન પામ્યા હોઈ એમનો ઉત્તરાધિકાર ભાવસિંહજીના નાના ભાઈ સૂરસિંહજીને મળ્યો (ઈ. સ. ૧૮૮૬) ત્યારે એ ૧૨ વર્ષની વયના હોઈ એજન્સીએ રાજ્યનો કારભાર મૅનેજમેન્ટને સોંપ્યો. પુખ્ત વયના થતાં ૧૮૯૫ માં એમણે રાજ્યનો કારભાર પોતાના હસ્તક લીધો. ઠાકોર સૂરસિંહજી કવિ 'કલાપી' તરીકે ગુજરાતી સાહિત્યમાં નામાંકિત છે. 'કલાપીનો કેકારવ'માં એમનાં અનેક હૃદયદ્રાવક કાવ્ય પ્રકાશિત થયાં છે, જેમાંના 'હૃદયત્રિપુટી'માં પતિ કલાપી, પત્ની રમા અને પ્રેયસી શોભના વચ્ચેનો પ્રણય-ત્રિકોણ આબેહૂબ નિરૂપાયો છે. તેઓ ૧૯૦૦ માં ૨૬ વર્ષની વયે અકાલ મૃત્યુ પામ્યા. એમના પછી એમના પુત્ર પ્રતાપસિંહજી ગાદીએ આવ્યા. એમની સગીર વય દરમ્યાન એજન્સી તરફથી મૅનેજમેન્ટ નિમાયું હતું. પુખ્ત વયના થતાં ૧૯૧૧ માં એમણે સત્તાનાં સૂત્ર હાથમાં લીધાં.[૮૪]

૮. **જસદણ**–ખાચર કાઠી કુલના વાજસૂર(મૃ. ૧૮૧૦)ના ઉત્તરાધિકારી ચેલા ખાચર ૨ જાના મૃત્યુ (૧૮૫૨) પછી એમના કુંવર આલા ખાચર ૨ જા રાજા થયા. ૧૮૯૭ માં અંગ્રેજ સરકારે એમને સી. એસ. આઈ.નો ખિતાબ આપ્યો. કાઠીઓમાં પોતાની મિલકત સહુ પુત્રોને સરખે ભાગે આપવાની પ્રથા હતી તેને બદલે જ્યેષ્ઠાધિકારની પ્રથા એમના સમયથી બ્રિટિશ સરકારે ચાલુ કરેલી. આલા ખાચરના મૃત્યુ પછી એમના પાટવી કુંવર ઓઢા ખાચર ગાદીએ આવ્યા (૧૯૦૪), ને એમના મૃત્યુ (૧૯૧૨) બાદ એમના કુંવર વાજસૂર ખાચર ગાદીએ આવ્યા.[૮૫]

૯. **છોટાઉદેપુર**—ખીચી ચૌહાણ કુલના રાયસિંહજી ૧૮૧૯ માં મૃત્યુ પામ્યા ને એમના કુંવર પૃથુરાજજી ૨ જા ગાદીએ આવ્યા. ૧૮૨૨ માં ગાયકવાડ

સરકારે છોટાઉદેપુરનું પોતાનું આધિપત્ય બ્રિટિશ સરકારને સુપરત કર્યું ને ગાયકવાડને અપાતી ખંડણીનો આંકડો મુકરર કરાવ્યો. પૃથુરાજજી અપુત્ર હોઈ એમની ગાદી એમના પિતરાઈ ભાઈ ગુમાનસિંહજીને મળી (૧૮૨૨). તેઓ પણ અપુત્ર મૃત્યુ પામતાં (૧૮૫૧) એમનો વારસો એમના ભત્રીજા જિતસિંહજીને પ્રાપ્ત થયો. ૧૮૫૮ માં તાતિયા ટોપેએ છોટાઉદેપુર લૂંટયું; બ્રિટિશ સરકારની લશ્કરી ટુકડીએ એની લશ્કરી ટુકડીને ત્યાંથી વિખેરી નાખી. મહારાવળ જિતસિંહજીના મૃત્યુ (૧૮૮૧) બાદ એમની ગાદી એમના પાટવી કુંવર મોતીસિંહજીને મળી. એમના પછી એમના કુંવર ફતેસિંહજી ગાદીએ આવ્યા (૧૮૯૫). એમની સગીર વય દરમ્યાન એજન્સીએ એડમિનિસ્ટ્રેટર નીમ્યો. પુખ્ત વયે પહોંચતાં ૧૯૦૩ માં ફતેસિંહજીને સત્તાનાં સૂત્ર સોંપાયાં.[૮૬]

**૧૦. બારિયા**—દેવગઢ બારિયામાં પણ ખીચી ચૌહાણ કુલના રાજવંશની સત્તા પ્રવર્તતી હતી. મહારાવળ ગંગદાસજી ૨ જા(મૃત્યુ ૧૮૧૯)ના કુંવર પૃથુરાજજી ૨ જા સગીર વયના હોઈ ૧૮૨૪ થી ત્યાં એજન્સીએ નીમેલા કારભારીનો વહીવટ રહ્યો. એ વર્ષે સાલમશાહીની ખંડણીની રકમ પણ ઠરાવવામાં આવી. પૃથુરાજજીના મૃત્યુ (૧૮૬૪) બાદ એમના કુંવર માનસિંહજી ગાદીએ આવ્યા. એમની સગીર અવસ્થા દરમ્યાન રાજ્યકારભાર બરાબર ન ચાલતાં અંગ્રેજ સરકારે ૧૮૬૫ માં ત્યાં જપ્તી મૂકી. પુખ્ત વયના થતાં માનસિંહજીએ સત્તા સંભાળી લીધી (૧૮૭૬). એ ૧૯૦૮ માં મૃત્યુ પામ્યા ને એમની ગાદી એમના પાટવી કુંવર રણજિતસિંહજીને મળી.[૮૭]

**૧૧. લુણાવાડા**—વીરપુરા સોલંકી કુલના રાજા પ્રતાપસિંહની ગાદી એમના બીજા કુંવર ફતેસિંહજીએ કબજે કરી (૧૮૦૩). અંગ્રેજ સરકારની મધ્યસ્થી મારફત સિંધિયાને ભરવાની ખંડણી નક્કી થઈ (૧૮૧૯). ૧૮૨૦ માં આ રાજ્ય મહીકાંઠા એજન્સીમાં મુકાયું, પણ ૧૮૨૫ માં એને રેવાકાંઠા એજન્સીમાં દાખલ કરાયું. ફતેસિંહજીના મૃત્યુ (૧૮૪૯) બાદ એમના દત્તક પુત્ર દલપતસિંહજી ગાદીવારસ થયા, પણ એ સગીર અવસ્થામાં ૧૮૫૧ માં અકાલ મૃત્યુ પામ્યા ને દલેલસિંહજી નામે ભાયાતને દત્તક લઈ ગાદીવારસ તરીકે સ્વીકારવામાં આવ્યા. તેઓ ૧૮૬૭માં અપુત્ર મૃત્યુ પામ્યા. રાણી મોતીકુંવરબાએ સાત વરસના વખતસિંહજીને દત્તક લીધા અને એમને ગાદી મળી. એમની સગીર વય દરમ્યાન બ્રિટિશ સરકારે રાજ્યનો સઘળો કારભાર પોતાને હસ્તક લીધો. ૧૮૮૦ માં પુખ્ત વયના થતાં વખતસિંહજીને સત્તા સોંપાઈ. ૧૮૮૯ માં બ્રિટિશ સરકારે એમને 'કે. સી. આઈ. ઈ.'(નાઈટ કમાન્ડર ઑફ ધી ઇન્ડિયન એમ્પાયર)નો ખિતાબ આપ્યો. એમના સમયમાં અર્વાચીન લુણાવાડાનો પાયો નખાયો. એમની લકવા-અવસ્થા દરમ્યાન એમના પાટવી

કુંવર રણજિતસિંહજીએ વહીવટ સંભાળ્યો. એમનાં માતા સ્વરૂપકુંવરબાએ વરધરી તાલુકામાં 'સ્વરૂપ સાગર' નામે સરોવર બંધાવ્યું. સજ્જનકુંવરબાએ સંસ્કૃત પાઠશાળા, સજ્જનકુંવરબા હાઈસ્કૂલ અને સત્યનારાયણનું મંદિર બંધાવ્યાં.[૮૮]

**૧૨. વાંસદા**—સોલંકી કુલના રાજા ઉદયસિંહજી ૧૮૨૯ માં અવસાન પામ્યા. એમની રાણીઓએ પિતરાઈ હમીરસિંહજીને દત્તક લીધા, જે ત્યારે દોઢ વરસના હતા. એમની સગીર અવસ્થા દરમ્યાન બ્રિટિશ સરકારે વહીવટ સંભાળ્યો ને ૧૮૫૨ માં પુખ્ત વયના થયેલા હમીરસિંહજીને સઘળો રાજ્ય કારભાર સોંપ્યો. હમીરસિંહજી ૧૮૬૧ માં અપુત્ર મૃત્યુ પામ્યા ને એમના કુટુંબની શાખાના ગુલાબસિંહને ગાદીવારસો મળ્યો. એમનો વહીવટ ઘણો લોકપ્રિય હતો. એમના મૃત્યુ (૧૮૭૬) બાદ ૧૧ વર્ષના કુંવર પ્રતાપસિંહજી ગાદીએ બેઠા. એમની સગીર અવસ્થા દરમ્યાન અંગ્રેજ સરકારે વહીવટ સંભાળેલો. ૧૮૮૫ માં પ્રતાપસિંહજીને સત્તાનાં સૂત્ર સુપરત થયાં. એમણે વાંસદા અને બીજાં સ્થળોએ મોટાં તળાવ ખોદાવ્યાં હતાં. વળી પ્રજાહિતનાં બીજાં અનેક કામ કર્યાં હતાં, જેમાં શિક્ષણની તથા ફરતા દવાખાનાની સવલતો ખાસ નોંધપાત્ર છે. એમના પછી એમના પાટવી કુંવર મહારાવળ ઇંદ્રસિંહજી ગાદીએ આવ્યા (૧૯૧૧). પિતાના રાજ્યકાલ દરમ્યાન એમણે શિક્ષણ ખાતામાં ઘણા સુધારા કર્યા હતા.[૮૯]

**૧૩. ધરમપુર**—સિસોદિયા કુલના મહારાજા વિજયદેવજીના સમય (૧૮૦૭–૧૮૫૭) દરમ્યાન રાજ્યને માથે ઘણું કરજ થઈ જતાં મુંબઈ સરકારે વચ્ચે પડી દેવું વાળવાની ગોઠવણ કરેલી. વિજયદેવજી પછી એમના કુંવર રામદેવજી ૩ જા ગાદીએ બેઠા (૧૮૫૭), પણ એ ૧૮૬૦ માં મૃત્યુ પામ્યા ને કુંવર નારણદેવજી ગાદી પર બેઠા. એમણે ન્યાયની અદાલતોમાં સુધારો કર્યો ને કેટલાક જુલમી કર દૂર કર્યા. વળી પરગણાં ઇજારે આપવાનો રિવાજ રદ કર્યો. રૈયતની આબાદી માટે તથા વિદ્યા અને સાહિત્યના વિકાસ માટે એમણે ઘણી કાળજી રાખેલી. એમના પછી એમના પાટવી કુંવર મોહનદેવજી ગાદીએ આવ્યા (૧૮૯૦). એમણે રાનીપરજ કોમમાં શિક્ષણનો બહોળો પ્રસાર કરવા માટે ઠેકઠેકાણે નિશાળો સ્થાપી ને નવા વિદ્યાર્થીઓને કપડાં તથા ચોપડીઓ મફત આપવાનો પ્રબંધ કર્યો. વળી મોહનગઢમાં એક હુન્નર-શાળા સ્થાપી. ધરમપુરથી વલસાડ જવાની સડક પર આવતો વલંડીનો પુલ સમરાવ્યો તેમજ સ્વર્ગવાહિની નદી પર લેલી પુલ કરાવ્યો (૧૮૯૪). વળી ધાર્મિક પર્વોએ થતી પશુહિંસાની બંધી ફરમાવી. સુરતની પ્રજાએ આ શુભ કાર્ય માટે એમનું જાહેર બહુમાન કર્યું (૧૮૯૪). મોહનદેવજીએ ધરમપુરમાં દરબાર હોલ તથા મોહનવિલાસ પેલેસ તેમજ ડુંગર પર મોહનગઢ નામે પ્રમોદ-ભવન બંધાવ્યું. એમની પ્રશસ્તિરૂપે 'મોહન-સુધાકર' નામે ગ્રંથ રચાયો હતો.[૯૦]

**૧૪. પાટડી**—૧૮૨૦ માં અંગ્રેજ સરકાર અને પાટડી દરબાર વચ્ચે કોલ-કરાર થયા. દરબારે મીઠાના અગર ઉપરના પોતાના સઘળા હક્ક છોડી દીધા. કડવા પાટીદાર દેસાઈ કુલના દરબાર વખતસિંહ ૧૮૨૯ માં અવસાન પામ્યા પછી હરિસિંહજી (૧૮૨૯–૩૬), કુબેરસિંહજી (૧૮૩૬–૪૬), જોરાવરસિંહજી (૧૮૪૬–૭૫) અને હિંમતસિંહજી(૧૮૭૫–૮૪)નો અમલ પ્રવર્ત્યો. હિંમતસિંહજી અપુત્ર મૃત્યુ પામતાં રાજવારસો એમના ભાઈ સૂરજમલજીને મળ્યો. એ ચોથા વર્ગના સરદાર ગણાતા.[૯૧]

**૧૫. બાંટવા–માણાવદર–સરદારગઢ**—જૂનાગઢના શેરખાન બાબીના ભાઈ દિલેરખાને માણાવદરનો અને શેરજમાનખાને ગીદડ(સરદારગઢ)–બાંટવાનો વહીવટ અલગ કર્યો હતો (૧૭૭૦) ને શેરજમાનખાનના પુત્ર એદલખાને બાંટવાનો વહીવટ અલગ પાડયો હતો (૧૮૧૨). બાંટવામાં એદલખાનજી પછી મહમદખાનજી, શેરબુલંદખાનજી, શેરખાનજી (૧૮૫૬–૮૯), રુસ્તમખાનજી વગેરે તાલુકદાર થયા. માણાવદરમાં દિલેરખાનનો વારસો ક્રમશઃ સરદારખાનજી, ગજનફરખાનજી ૧ લા, કમાલુદ્દીનખાનજી ૧ લા, નોવરખાનજી, ગજનફરખાનજી ૨ જા (મૃ. ૧૮૮૭) અને ફતેહજંગખાનજીને મળ્યો, ગીદડનું નામ ૧૮૯૮ માં 'સરદારગઢ' રાખવામાં આવ્યું. ત્યાં શેરજમાનખાનજીના બીજા સાહેબજાદા મુખત્યારખાનજી(મૃ. ૧૮૧૧)ની શાખા પ્રવર્તેલી, એમના પૌત્ર નથુખાનજી પછી એમના પુત્ર સાલામતખાનજી ગાદીવારસ થયા (૧૮૬૭). એમાં એમના નાના ભાઈ અનવરખાનજી ભાગદાર ઠર્યા હતા.[૯૨]

**૧૬. માંગરોળ**—અહીં ૧૭૪૮ માં શેખમિયાંએ પોતાની સત્તા સ્થાપી હતી. એમના વંશના શેખ બદરુદ્દીન પછી એમના પુત્ર બાવામિયાં (૧૮૧૫–૨૩) તખ્તનશીન થયા. અપુત્ર બાવામિયાં પછી એમના નાના ભાઈ શેખ બડામિયાં ગાદીએ આવ્યા. ૧૮૪૬ માં મકરાણીઓએ માંગરોળ પર ધાડ પાડી રાજમહેલ લૂંટ્યો. આનું વળતર અંગ્રેજ એજન્સીએ જૂનાગઢ પાસેથી અપાવ્યું, કેમકે જૂનાગઢ રાજ્યે એને મદદ કરવાનો કરાર કરેલો હતો. ૧૮૬૪ માં માંગરોળમાં અદાલત સ્થપાઈ. બડામિયાં ગુજરી જતાં એમના મોટા પુત્ર શેખ બાપુમિયાં ગાદીએ આવ્યા (૧૮૭૪). એમનો વારસો એમના નાના ભાઈ હુસેનમિયાંને મળ્યો (૧૮૭૯). એમની સગીર અવસ્થામાં અંગ્રેજ એજન્સીએ માંગરોળનો વહીવટ સંભાળેલો, હુસેનમિયાંના સમયમાં કારભારી છોટાલાલ શિવજીએ માંગરોળનું રાજકીય બંધારણ નવી પદ્ધતિનું બાંધી આપ્યું. ૧૯૦૭ માં હુસેનમિયાં અપુત્ર ગુજરી જતાં એમના નાના ભાઈ જહાંગીરમિયાંને ગાદી મળી. એમના સમયમાં કોરોનેશન હાઈસ્કૂલ સ્થપાઈ (૧૯૧૨)[૯૩]

૧૭. **ખંભાત**—મોમિનખાન ૨ જાના વખત(૧૭૪૮–૮૩)થી અહીં નવાબી સ્થિર થઈ હતી. વસઈની સંધિથી પેશવાએ ખંભાતને લગતા પોતાના સઘળા હક્ક અંગ્રેજ સરકારને સુપરત કરી દીધા હતા (૧૮૦૦). ૧૮૧૮ માં બ્રિટિશ સત્તા ગુજરાતમાં દૃઢ થતાં ખંભાતમાં જુદો રેસિડેન્ટ રાખવાની પ્રથા બંધ થઈ ને ખેડા જિલ્લાના કલેક્ટરને ખંભાત રાજ્યનો પોલિટિકલ એજન્ટ ઠરાવવામાં આવ્યો. એ વખતે ફતેહઅલીખાન (૧૭૮૯–૧૮૨૩) ખંભાતના નવાબ હતા. ફતેહઅલીખાન અપુત્ર ગુજરી જતાં એમના પછી એમના ભાઈ બંદેઅલીખાન તખ્તનશીન થયા. એમનો વારસો એમના ભાઈ યાવરઅલીખાનને મળ્યો, પણ એમણે ગાદીનો હક્ક પોતાના શાહજાદા હુસેનયાવરખાનને આપી દીધો (૧૮૪૧). ૧૮૫૩ માં મીઠાની જકાત નાખી ને રાજ્યની હદમાં રહેલા મીઠાના અગર બંધ કરવામાં આવ્યા. ૧૮૮૦ માં લાંબું રાજ્ય કરી નવાબ હુસેનયાવરખાન જિન્નતનશીન થયા. એમના પછી એમના વડા શાહજાદા જાફરઅલીખાન નવાબ (૧૮૮૦–૧૯૧૫) થયા. ૧૮૮૧ માં મીઠા અને અફીણ પકવવાનું કાયમ માટે બંધ કરવા અંગે તથા અફીણના વેચાણ અંગે અંગ્રેજ સરકાર સાથે કરાર થયા. ૧૮૮૪–૮૫ માં બ્રિટિશ હિંદની જેમ ખંભાત રાજ્યમાં જકાતના દર નક્કી કરવામાં આવ્યા. ૧૮૮૮ માં ખંભાત રાજ્યમાં મુક્ત વેપાર–રોજગારની છૂટ થઈ. ૧૮૮૯ માં શેપર્ડ મારકીટ થઈ. ૧૮૯૦ માં દીવાન શામરાવ નારાયણ લાડ સામે લોકોએ હુલ્લડ મચાવ્યું, એને દાબવા માટે ખેડા જિલ્લાના કલેક્ટરની મદદ લેવી પડેલી. અંગ્રેજ સરકારે ખંભાતનો વહીવટ પોતાને હસ્તક લીધો ને ૧૮૯૪ માં દીવાન તરીકે શ્રી માધવરાય વ્યાસની નિમણૂક કરી રાજ્યાધિકાર નવાબને પાછો સોંપ્યો. ૧૮૯૦ માં ખંભાત દરબારી ગેઝેટ શરૂ થયું. ૧૮૯૨ માં સુધરાઈ સ્થપાઈ. ૧૮૯૩ માં ન્યાયમંદિરનું નવું મકાન બંધાયું તેમજ કેનેડી હૉસ્પિટલ થઈ. ૧૮૯૮ માં ઝનાના હૉસ્પિટલ થઈ. ૧૯૦૧ માં ખંભાતની ટંકશાળ બંધ થઈ. ૧૯૦૧ માં પેટલાદ–ખંભાત રેલવે નાખી એને આણંદ–પેટલાદ રેલવે સાથે જોડવામાં આવી. ૧૯૦૮ માં ખંભાતમાં કાપડ વણવાની મિલ સ્થપાઈ. ૧૯૧૧ માં ખંભાતી નાણાનું ચલણ બંધ થયું.[૯૪]

૧૮. **સચીન**—સચીનના નવાબ સીદી મુસલમાન છે. જંજીરા(કોંકણ)ની જાગીર એમને ૧૫ મી સદીમાં મળેલી. ૧૭૯૦ માં બ્રિટિશ સરકારે એમના વંશજ બાલુમિયાંને જંજીરાના બદલામાં સચીનની જાગીર આપી. ત્યારથી આ વંશની રાજધાની સચીનમાં થઈ. નવાબ ઇબ્રાહીમ મહંમદ યાકુતખાન(૧૮૦૨–૧૮૫૩)ના સમયમાં રાજ્યનું દેવું વધી જતાં અંગ્રેજ સરકારે રાજ્યનો વહીવટ પોતાને હસ્તક લીધો. નવાબ અબ્દુલકરીમખાન(૧૮૫૩–૧૮૬૯)ને ૧૮૫૯ માં અંગ્રેજ સરકારે રાજ્ય પાછું સોંપ્યું. પછી ઇબ્રાહીમ મહંમદ યાકુતખાન ૨ જા તખ્તનશીન થયા. એ

૧૮૭૩ માં ગુજરી જતાં એમના વડા શાહજાદા અબ્દુલકાદર ગાદી પર બેઠા. એમણે પોતાના સગીર શાહજાદા ઇબ્રાહીમખાનની તરફેણમાં ગાદીત્યાગ કર્યો. એમની સગીર અવસ્થા(૧૮૮૯–૧૯૦૭)માં અંગ્રેજ સરકારે રાજ્યકારભાર સંભાળેલો. નવાબે શાહજાદા નજર અલીખાનને નવાબપદ આપ્યું.[૯૫]

**૧૯. પોળો (પછીથી વિજયનગર)**—ઈડરના પહેલા રાઠોડ વંશના છેલ્લા રાજા ચંદ્રસિંહ પડોશના જાગીરદાર ઠાકોરોના સતત ઉપદ્રવથી કંટાળી પોળો ચાલ્યા ગયા ત્યારે ત્યાં પ્રતિહાર કુલના એમના સસરા રાજ્ય કરતા હતા. પોળો પાસેના સરસવ ગામમાં સસરાને નિમંત્રણ આપી દગાથી મારી નાખ્યા ને પોળોની ગાદી કબજે કરી ત્યાં પોતાનો વંશ સ્થાપ્યો (૧૭૨૦). એમના વંશજ પહાડસિંહજી પછી એમના પુત્ર નવલસિંહજી ગાદીએ આવ્યા (૧૮૫૯). એમની હયાતી બાદ એમના કાકાના દીકરા હમીરસિંહજી રાજા થયા (૧૮૬૪). પોળોનાં હવાપાણી સારાં રહેતાં નહિ હોવાથી હમીરસિંહજીના વખતથી રાજ્યકર્તા ધોડાદરમાં દરબારગઢ બાંધી ત્યાં રહેતા થયા. એમના મૃત્યુ બાદ પાટવી કુંવર પૃથ્વીસિંહજી સગીર વયે ગાદીએ બેઠા (૧૮૮૯).[૯૬] એમણે પુખ્ત વયના થતાં ૧૮૯૩ માં સત્તાનાં સૂત્ર સંભાળ્યાં. તેઓ ૧૯૦૫ માં અપુત્ર અવસાન પામ્યા, આથી એમનો ગાદીવારસો એમના નાના સાવકા ભાઈ ભૂપતસિંહજીને મળ્યો (૧૯૦૬). ભૂપતસિંહજીના મોટા ભાઈ મહોબતસિંહજીએ પોળોની ગાદી પરનો હક્ક તજી દઈ ઈડર તાબાની વેરાબર જાગીર સંભાળી. આગળ જતાં એમને એ ઉપરાંત પોળો રિયાસતની ગાદીનો વારસો પણ પ્રાપ્ત થયો (૧૯૧૩). મહોબતસિંહજી ૧૯૧૪ માં મૃત્યુ પામ્યા.[૯૭]

**૨૦. મોહનપુર**—મોહનપુર(હાલ તા. પ્રાંતીજ)ના ઠાકોર રહેવર રાજપૂત હતા. એ ચંદ્રાવતીના પરમાર રાવના કુલના હતા. એમના પૂર્વજ જસપાળ ચંદ્રાવતીથી ૧૨૨૭ માં હડોલ આવી વસેલા. એમની તેરમી પેઢીએ પૃથુરાજ થયા. એમણે ધોડવાડામાં રિયાસત સ્થાપી. હાથરોલમાં ઠાકોર હરિસિંહે ગાદી સ્થાપી. એમના પછી પબાજી, સીહાજી, હીંગોળજી, ગંગદાસ અને મુનદાસ નામે એક પછી એક રાજા થયા. હીંગોળજીના કુંવર રાજસિંહજીએ રણાસણમાં જુદી ગાદી સ્થાપી. હીંગોળજીના ભત્રીજા ગંગદાસના પુત્ર મુનદાસજીએ મોહનપુર વસાવી ત્યાં રાજધાની કરી. મુનદાસજી પછી મનોહરદાસજી, સોઢસિંહજી, દલીજી અને જિતસિંઘજી ક્રમશઃ ગાદીએ આવ્યા. પછી જાલમસિંહજીને ગાદીવારસો મળ્યો (૧૭૬૪), પણ એ અપુત્ર હોઈ એમના પછી એમના ભાઈ અભેસિંહજી ગાદીએ આવ્યા (૧૭૮૪). એ ૧૭૯૩ માં અપુત્ર મરણ પામ્યા ને સરડોઈ(તા. મોડાસા)ના ઠાકોર હિંદુસિંઘજી મોહનપુરના ઠાકોર થયા (૧૭૯૫). ૧૮૦૧ માં એમની હયાતી બાદ એમના પુત્ર સાલમસિંહજી

ગાદીએ આવ્યા. મહીકાંઠા એજન્સીના સમયમાં રાજસિંહજી પછી દોલતસિંહજી (૧૮૫૦) અને એમના પછી ઉમેદસિંહજી ગાદીવારસ થયા. પછી ૧૮૮૨ માં હિંમતસિંહજી ગાદીએ આવ્યા. એમની સગીર અવસ્થા દરમ્યાન ૧૨ વર્ષ એજન્સીનો વહીવટ રહેલો. પુખ્ત વયના હિંમતસિંહજીના ગેરવહીવટના કારણે એજન્સીએ ૧૯૦૫ માં વહીવટ પોતાને હસ્તક લીધો.[૯૮]

**૨૧. માલપુર**—માલપુરના ઠાકોર ઈડરના જૂના રાઠોડ રાવના વંશના હતા. એ વંશના વાઘસિંહજીએ ૧૪૬૬ માં માલપુરમાં ગાદી સ્થાપી હતી. વાઘસિંહજી પછી ગોવિંદસિંહજી, પૂજાજી, ઉદેકરણજી, જગતસિંહજી, જેતસિંહજી, અનોપસિંહજી અને ભીમસિંહજી ગાદીએ બેઠા (૧૬૦૧–૧૭૨૬). ભીમસિંહજીએ માલપુરને ફરતો કિલ્લો બંધાવ્યો. ૧૭૬૩ થી અહીં ભીમસિંહજીના પુત્ર રાઉલ ઇંદ્રસિંહજી રાજ્ય કરતા હતા. એમના સમયમાં માલપુર ઉપર ગાયકવાડ સરકારનો ઘાસ–દાણાનો લાગો શરૂ થયો. ૧૭૮૧ માં રાયસિંહજી, પછી એમના ભાઈ કરણસિંહજી, પછી ૧૭૮૭ માં કિશોરસિંહજી, પછી જાલમસિંહજી, પછી તખતસિંહજી, પછી ખુમાનસિંહજી ને પછી શિવસિંહજી ગાદીએ આવ્યા (૧૮૬૪). ૧૮૧૬ થી ઈડરના મહારાજાનો ખીચડીવેરો લાગુ પડયો હતો. શિવસિંહજી પછી એમના પુત્ર દીપસિંહજી ગાદીએ બેઠા (૧૮૮૨). એમની સગીર અવસ્થામાં એજન્સીનો વહીવટ રહેલો. દીપસિંહજી ૧૯૧૪ માં મૃત્યુ પામ્યા ને જસવંતસિંહજી ગાદીએ બેઠા.[૯૯]

**૨૨. અહમદનગર**—અહમદનગર પહેલાં ઈડર રાજ્યનો ભાગ હતું. મહારાજા શિવસિંહે (૧૭૪૨–૯૧) એ પોતાના બીજા પુત્ર સંગ્રામસિંહને સુપરત કર્યું. સંગ્રામસિંહ પછી જાલિમસિંહ ગાદીએ આવ્યા. પછી ગાદીવારસો એમના દત્તક પુત્ર પ્રતાપસિંહને મળ્યો. પછી કરીમસિંહ ગાદીએ આવ્યા. એ ૧૮૩૫ માં મૃત્યુ પામ્યા ને અંગ્રેજ અધિકારીઓની તકેદારી છતાં એમની રાણીઓ સતી થઈ. આ કુપ્રથા રદ કરવાની શરતે ૧૮૩૬ માં પૃથ્વીસિંહજીને ગાદી આપવામાં આવી. એમનું ૧૮૩૯ માં અવસાન થયું. પૃથ્વીસિંહજીના નાના ભાઈ તખ્તસિંહજીની સમજાવટથી પૃથ્વીસિંહજીની વિધવાઓ સતી ન થઈ. પૃથ્વીસિંહજીનો બાલ કુંવર અકાળ મૃત્યુ પામતાં ગાદી તખ્તસિંહને મળી (૧૮૪૧). ૧૮૪૩ માં જોધપુરના રાજા અપુત્ર મૃત્યુ પામતાં તખ્તસિંહને ત્યાંની ગાદી આપવામાં આવી, આથી અહમદનગરની રિયાસત ઈડર રાજ્યમાં ભેળવી દેવામાં આવી (૧૮૪૮).[૧૦૦]

**૨૩. માણસા**—ચાવડા વંશના સામંતસિંહના પુત્ર અહિવતના વંશજ સૂરસિંહે રાજગાદી અંબાસણ(હાલ તા. મહેસાણા)માંથી માણસા (તા. વિજાપુર) ખસેડી હતી (૧૬૦૯). આ વંશના ચાવડા વનરાજ ચાવડાના વંશના ઉલ્લ્લા

રાજા સામંતસિંહના પુત્ર અહિપતના વંશજો હોવાનું મનાય છે. સૂરસિંહજી પછી પ્રતાપસિંહ, વચ્છરાજ, પૃથ્વીરાજ, પ્રતાપસિંહ, પર્વતસિંહ, નહારસિંહ, ફતેસિંહ, જોરાજી, ભીમસિંહ અને રાજસિંહ (મૃ. ૧૮૮૬) રાજા થયા. પછી એમના ભાઈ કેસરીસિંહ (મૃ. ૧૮૮૯) ગાદીએ આવ્યા. એમના પુત્ર તખતસિંહજી ૧૮૮૯ માં ગાદીએ આવેલા. એમની સગીર અવસ્થા દરમ્યાન એજન્સીએ કારભાર સંભાળેલો. તખતસિંહજીએ પુખ્ત વયના થતાં ૧૮૯૭ માં વહીવટ સંભાળી લીધો.[૧૦૧]

**૨૪. ઇલોલ**—ઝાલાઓની શાખા ગણાતા મકવાણા રાજપૂતોમાંથી ઉત્પન્ન થયો હોવાનો દાવો કરતા હરપાળના બીજા કુંવર વિજયપાળના વંશજ વિશાજી લીંબોદરાના ઠાકોર સાથે સંબંધ બાંધી કોળી ગણાયા. એમના વંશજ વાઘાજીએ ૧૫૯૬ માં ઇલોલમાં પોતાની રાજધાની સ્થાપી. આગળ જતાં ઠાકોર નાહારસિંહજી પછી દીપસિંહજી અને વખતસિંહજી રાજા થયા. વખતસિંહજીની સગીર અવસ્થા દરમ્યાન એજન્સીએ મૅનેજમેન્ટ નીમેલું. પુખ્ત વયના થઈ કારભાર સંભાળ્યા બાદ એમણે ઘણા સુધારા કર્યા, એમને ત્રીજા વર્ગની રિયાસતનો દરજ્જો મળ્યો (૧૮૮૭). અપુત્ર વખતસિંહજી પછી એમના પિતરાઈ ભાઈ માનસિંહજી ઠાકોર થયા (૧૮૯૯). તેઓ નિરક્ષર હોવાથી અદાલતી અધિકાર સાબરકાંઠા થાણદારને હસ્તક રહ્યા. માનસિંહજી પછી એમના પુત્ર વજેસિંહજી ગાદીએ આવ્યા (૧૯૦૨). એમની સગીર અવસ્થા દરમ્યાન એજન્સીનું મૅનેજમેન્ટ રહ્યું (૧૯૧૬ સુધી).[૧૦૨]

**૨૫. રણાસણ**—આ સંસ્થાનના ઠાકોર રહેવર રાજપૂત હતા. એમના પૂર્વજો ચંદ્રાવતી જાગીરના રાવના કુટુંબી હતા. આ રિયાસતના સ્થાપક રાજસિંહજી હતા. એમણે ઈડર રાજ્યની સારી સેવા કરેલી. એમણે રણાસણ વસાવી ત્યાં રાજધાની કરી. એમના પુત્ર અને ઉત્તરાધિકારી સૂરસિંહજીએ મોડાસા અને પ્રાંતીજના તોફાની ભીલોને વશ કરેલા. એમના પછી સરવરસિંહજી, અદેસિંહજી અને ભારતસિંહજી ક્રમશઃ વારસદાર થયા. પછી ખુમાનસિંહજી ગાદીએ આવ્યા (૧૭૬૮). એમના પુત્ર મકનસિંહજી (૧૮૦૨–૨૮)ના સમયમાં બ્રિટિશ સરકાર સાથેના સંબંધ બંધાયા. પછી રાયસિંહજી (૧૮૨૮–૩૮) અને એમના પછી એમના કાકાના દીકરા લાલસિંહજી ગાદીએ આવ્યા. અપુત્ર લાલસિંહજી (મૃ. ૧૮૪૨) પછી એમના પિતા નાહારસિંહજી અને એમના પછી એમના કાકાના દીકરા સરતાનસિંહજીને ગાદી મળી. પછી એમના કુંવર વજેસિંહજી (૧૮૪૫–૭૯) પછી એમના કુંવર હમીરસિંહજી (૧૮૭૯–૮૦), ને પછી એમના કાકાના દીકરા કિશોરસિંહજી ગાદીએ આવ્યા (૧૮૮૦). એમના મૃત્યુ (૧૯૧૪) બાદ પૃથ્વીસિંહજી નામે ભાયાત રાજવારસ ઠર્યા.[૧૦૩]

**૨૬ વરસોડા**—ત્યાંના ઠાકોર માણસાના ચાવડા રાવળના ભાયાત હતા. આ ચાવડા પોતાને વનરાજ ચાવડાના વંશજ સામંતસિંહના પુત્ર અહિપતના વંશજ ગણાવે છે. અહિપતે મોરગઢ(કચ્છ)માં ગાદી સ્થાપી. એમના વંશજ પૂંજાજીએ પહેલાં ધારપુર(પાલણપુર તાબે)માં ને પછી અંબાસણમાં રાજ્ય સ્થાપ્યું. એમના પુત્ર મહેસાજીએ મહેસાણા વસાવ્યું. એમની ચોથી પેઢીએ જેસિંહજી થયા. એમના પુત્ર સૂરજમલજીને વરસોડાની જાગીર મળી, પણ એ પ્રાયઃ મહેસાણામાં રહેતા હતા. એમના પાંચમા વંશજ ગંગજી થયા. તેઓ અપુત્ર હતા. એ વિ. સં. ૧૫૬૫(ઈ. સ. ૧૫૦૭–૦૮)માં વરસોડા આવી વસ્યા, જ્યાં એમને આશકરણજી નામે પુત્ર થયો. આશકરણજીના પુત્ર રામસિંહે રામપુર વસાવ્યું. એમની પાંચમી પેઢીએ ભીમસિંહ થયા તેમણે ભીમનાથ મહાદેવ સ્થાપ્યા. પછી બદસિંહ, રતનસિંહ, મોતીસિંહ અને કિશોરસિંહ નામે રાજા થયા. કિશોરસિંહ પછી એમના પુત્ર સૂરજમલજી ગાદીએ આવ્યા (૧૮૯૧). એમણે ૧૯૧૯ સુધી રાજ્ય કર્યું.[૧૦૪]

**૨૭ પેથાપુર**—કર્ણ વાઘેલાના પુત્ર જેતા અને વરસિંહ હતા તેમણે અનુક્રમે કલોલ અને સાણંદમાં પોતાની ગાદી સ્થાપી હતી. કલોલની શાખામાંથી રૂપાલની પેટાશાખા થઈ. ત્યાંના સાવંતસિંહજીના નાના કુંવર સોમેશ્વરને કોલવડા વગેરે ૧૪ ગામ મળ્યાં. સોમેશ્વરના પૌત્ર ચાંદોજીના પુત્ર હિમાળોજી થયા. એમણે પોતાના મામા પેથુજી ગોહિલને મારી એમનું સોખડા લઈ લીધું. સતી થયેલી મામીની સૂચના અનુસાર એમણે મામા પેથાજીના નામ પરથી સોખડાનું નામ 'પેથાપુર' રાખ્યું ને રાજગાદી ત્યાં રાખી. હિમાળોજી જેતાથી દસમી પેઢીએ થયા. એમના પછી નવમા રાજા પૂંજોજી ૧૬૫૬ માં ગાદીએ આવેલા. એમના પછી દસમા રાજા હિંમતસિંહજી થયા. એમના સગીર પુત્ર ગંભીરસિંહજી પુખ્ત વયના થતાં ૧૮૯૨ માં તખ્તનશીન થયા. એમના મૃત્યુ બાદ થોડા દિવસમાં એમનાં ઠકરાણીને કુંવર જન્મ્યો તેમનું નામ ફતેસિંહજી રખાયું. એમની સગીર અવસ્થામાં એજન્સીનું મૅનેજમેન્ટ રહેલું.[૧૦૫]

**૨૮. પુનાદરા**—અહીંના રાજ્યકર્તાઓના પૂર્વજ પહેલાં મકવાણા રાજપૂત હતા, પછીથી ઇસ્લામ સ્વીકારી મોલેસલામ થયેલા. ઝાલા હરપાળે પાટડીમાં ગાદી સ્થાપી, એમના વંશજ ધ્રાંગધ્રામાં સત્તારૂઢ થયા. એમના આઠમા કુંવર બાપુજીના વંશજ હરિસિંહજી કોળીની કન્યા સાથે લગ્ન કરી મકવાણા કોળી થયા. પછી એમણે સુલતાન મહમૂદ બેગડાની નોકરીમાં રહી, ઇસ્લામ સ્વીકારી માંડવાની જાગીર પ્રાપ્ત કરી (૧૪૭૩). એમાંથી આતરસૂંબાની શાખા થઈ. એ શાખાના જોરાવરસિંહજી–જોરામિયાં પાસેથી ૧૮૦૪ માં ગાયકવાડ સરકારે આતરસૂંબા લઈ લીધું તોપણ

પુનાદરા વગેરે ગામ એમના કબજામાં રહેવા દેવામાં આવ્યાં ત્યારથી આ વંશની રાજગાદી પુનાદરામાં થઈ. જોરાવરસિંહ પછી નહારસિંહ-નહારમિયાં (મૃ. ૧૮૪૦), અમરસિંહજી (મૃ. ૧૮૬૫) અને અભયસિંહ ગાદીએ આવ્યા.[૧૦૬]

**૨૯. ખડાલ**—ઝાલા કુલના હરપાળે પાટડીમાં ગાદી સ્થાપેલી. એમના પુત્ર બાપુજીના વંશજ હરિસિંહના પુત્ર જમાલમિયાં થયા. એમના સમયમાં માંડવાની અને આતરસૂંબાની શાખાઓ થઈ. હાજીમિયાંના નાના કુંવર વજેસિંહજીએ ખડાલ સંસ્થાનની સ્થાપના કરી. પછી સૂરસિંહજી, રૂપસિંહજી, જગતસિંહજી, સરદારસિંહજી, હિંમતસિંહજી અને કેશરીસિંહજી રાજા થયા. કેશરીસિંહજીએ અશાંતિના સમયમાં અંગ્રેજ સરકારનો આશ્રય લીધો હતો (૧૮૧૨). એમના મૃત્યુ (૧૮૨૨) બાદ એમના કુંવર દોલતસિંહજી ગાદીએ આવ્યા, પણ એ છ વર્ષ રાજ્ય ભોગવી ૧૮૨૮ માં મૃત્યુ પામ્યા. એમના પછી ફતેહસિંહજી (૧૮૨૮–૪૭), સરદારસિંહજી (૧૮૪૭–૮૪) અને સૂરસિંહજી (૧૮૮૪ થી) રાજવારસ થયા.[૧૦૭]

**૩૦. ઘોડાસર**—વાત્રકકાંઠામાં આવેલી આ રિયાસતના ઠાકોરના પૂર્વજ બુંદેલખંડથી ગુજરાત આવેલા. એ વંશના મયાજીએ ભરકૂડામાં ગાદી સ્થાપી હતી. એમના વંશજ સુંદરજીએ ઘોડાસરમાં રાજધાની કરી. આગળ જતાં દાદાસાહેબ ૧ લા ઠાકોર થયા. એમના સમયમાં મહીકાંઠા એજન્સી સ્થપાઈ (૧૮૨૧). એમના પુત્ર જાલમસિંહજીએ જાલમપુરા વસાવ્યું. એમના વખતમાં આ રિયાસત મહીકાંઠામાંથી ખેડા જિલ્લામાં મુકાઈ. પછી દલપતસિંહજી અને અજબસિંહજી થયા. એમણે બે અજબપુરા વસાવ્યાં. એમના પછી એમના પૌત્ર સૂરજમલજી ગાદીએ આવ્યા (૧૮૫૫). ૧૮૬૮ માં આ રિયાસત પાછી મહીકાંઠામાં મુકાઈ. એમના કુંવર દાદાસાહેબ ૨ જા ૧૮૮૩ માં ગાદીએ આવ્યા. અપુત્ર દાદાસાહેબના અવસાન (૧૯૧૨) પછી એમના નાના ભાઈ રતનસિંહજી થોડા સમયમાં ગુજરી ગયા. આ વંશના રાજાઓ મૂળમાં રાજપૂત હતા, પણ કોળી કન્યાઓને પરણતાં ડાભી થયા હતા.[૧૦૮]

**૩૧, કટોસણ**—ત્યાંના ઠાકોર મકવાણા કોળી કુલના હતા. કચ્છના રાજા કેશર મકવાણાના મરણોત્તર પુત્ર હરપાળજીએ કર્ણ વાઘેલાની હાર થયા બાદ પાટડીમાં રાજગાદી સ્થાપી. એમના વંશજ ઝાલા મકવાણા કહેવાયા. હરપાળજીના વડા કુંવરે કટોસણ પાસેના સાંથલમાં ગાદી સ્થાપી. એમના નાના ભાઈના વંશજ ધ્રાંગધ્રા, વાંકાનેર, લીંબડી, વઢવાણ, સાયલા, ચૂડા વગેરે સ્થળોએ રાજ્ય કરતા થયા. એનાથી નાના ભાઈએ ધ્રોલમાં રાજ્ય સ્થાપ્યું. સાંથલમાં ખાનાજી નામે પ્રતાપી પૂર્વજ થયા. એમણે મહમૂદશાહ બેગડાના રાજ્યમાં ઉપદ્રવ કરતા કાળા ભીલને મારી નાખી બાદશાહને પ્રસન્ન કર્યો ને કટોસણની આજુબાજુનાં ૮૪ ગામ પ્રાપ્ત કર્યાં. એમણે

સાંથલથી ગાદી કટોસણ ખસેડી. એમની દસમી પેઢીએ ઠાકોર જસવંતસિંહજી થયા. એમના પછી હરપાળજી, હરખાજી, નારાયણજી અને રાયસિંહજી નામે ઠાકોર ગાદીએ આવ્યા. પછી અજબસિંહજીએ (લગ. ૧૭૪૭) કટોસણનું રાજ્ય ઘણું વધાર્યું. એમના વખતમાં મરાઠાઓએ કટોસણ પર ચડાઈ કરી ખંડણી લીધી. અજબસિંહજીએ જોધપુરના મહારાજા વખતસિંહજી તથા એમના ભાઈ અભયસિંહજીને મદદ કરી પ્રસન્ન કરેલા તેથી તેઓએ એમને ઘણી બક્ષિસ આપેલી, જેથી એમની ખ્યાતિ વધી હતી. રાધનપુરના નવાબને ઈડરગઢ પરના આક્રમણમાં મદદ કરવા બદલ અજબસિંહજીએ ઈડરના મહારાવને રૂપિયા સાઠ હજારનો દંડ ભરવો પડેલો. સૂરજમલજીએ ગાયકવાડ ફતેહસિંહરાવને પ્રસન્ન કરેલા, પરંતુ બાળ વયના બનેસિંહજીના વખતમાં મલ્હારરાવ ગાયકવાડે કટોસણ કબજે કર્યું ને લૂંટાવી દીધું. થોડા વખતમાં ગાયકવાડ સરકારે મલ્હારરાવને વશ કરી બનેસિંહજી(મૃ. ૧૮૧૮)ને કટોસણ પાછું અપાવ્યું. ઠાકોર રાણોજીના સમયમાં મહીકાંઠા એજન્સી સ્થપાઈ (૧૮૨૨). તેઓ લૂંટારાઓને વશ કરવામાં એજન્સીને સક્રિય મદદ કરતા હતા. ખંડેરાવ ગાયકવાડ પાટણ આવ્યા ત્યારે રાણોજીએ એમને કટોસણ આવવા નિમંત્રી એમની સારી આગતા-સ્વાગતા કરી હતી. રાણોજી ૫૧ વર્ષ રાજ્ય ભોગવી ૧૮૬૯ માં મૃત્યુ પામ્યા. પછી એમના કુંવર કરણસિંહજી ગાદીએ આવ્યા. એમણે ૩૧ વર્ષ રાજ્ય કરી પોતાની રિયાસતની આબાદી વધારી. એમના પછી એમના પાટવી કુમાર તખ્તસિંહજી ગાદીએ આવ્યા (૧૯૦૧). ૧૯૧૧ માં આ રિયાસતને ત્રીજા વર્ગનો દરજ્જો મળ્યો.[૧૦૯]

**૩૨. આંબલિયારા**—વાત્રકકાંઠામાં આવેલા આ સંસ્થાનના રાજ્યકર્તા ચૌહાણ રાજપૂત હતા. સાંભરથી આવેલા એમના પૂર્વજ કસનદાસને મુઘલ બાદશાહ તરફથી આ તાલુકો ૧૬૧૯ માં ઇનામમાં મળેલો. પછી સબળાજી (૧૬૭૩-૮૯), રૂપાજી (૧૬૮૯-૧૭૨૪), મેંધાજી (૧૭૨૪-૭૩) અને ઝાલાજી (૧૭૭૩-૧૮૧૦) થયા. ૧૭૯૮ માં અહમદનગરના મહારાવ સંગ્રામસિંહજી અને મોડાસાના મહારાજા જાલમસિંહજીએ આંબલિયારા પર હુમલો કર્યો ત્યારે ત્યાંના ઠાકોર ઝાલાના પ્રતાપી કુંવર ભાથીજીએ એને પાછો હઠાવેલો. ૧૮૦૮ માં એમણે આનંદરાવ ગાયકવાડ સાથે સંધિ કરી. ઝાલાજી પછી ૧૮૧૦ માં ભાથીજી, ૧૮૧૪ માં નાથુસિંહજી અને ૧૮૩૮ માં અમરસિંહજી ગાદીએ આવ્યા. પછી ૧૮૭૬ માં જાલમસિંહજી ઠાકોર થયા, પણ એ સગીર વયના હોઈ એજન્સીએ વહીવટ સંભાળ્યો. ૧૮૭૯ માં ઠાકોર પુખ્ત વયના થતાં એમને પૂર્ણ સત્તા મળી. એમનો વહીવટ લોકપ્રિય હતો. દુકાળના વખતે એમણે પ્રજાને ઘણી મદદ કરેલી. ૧૯૦૮ માં એમના પુત્ર કેશરીસિંહ સત્તારૂઢ થયા.[૧૧૦]

૩૩ **સુદાસણા**—દાંતાના પરમાર મહારાણા રાજસિંહજીના ભાઈ જસવંતજીને સુદાસણાની જાગીરી મળી હતી. જસવંતજી પછી એમના પાટવી કુંવર સરદારસિંહજી ગાદીએ આવ્યા. એમના પૌત્ર અમરસિંહજીએ દાંતાનું એક પરગણું જીતી લીધેલું ને થોડો વખત દાંતા ઉપર પણ કબજો કરેલો. પછી ફતેસિંહજી અને એમના પછી મહોબતસિંહજી ગાદીએ આવ્યા. એમણે ૧૮૦૪ માં ગાયકવાડ સૈન્યને પાછું હઠાવેલું. એમના ત્રીજા પુત્ર પરબતસિંહજીને ૬૦ વર્ષની વયે ગાદી મળી (૧૮૪૫) ને એમના પછી એમના કુંવર તખ્તસિંહજી ગાદીએ બેઠા (૧૮૮૫). એમનો વારસો એમના પાટવી કુંવર પૃથ્વીસિંહજીને મળ્યો (૧૯૦૦). ત્યારે આ રિયાસત પાંચમા વર્ગની ગણાતી; ૧૯૧૯ માં આ રિયાસતને ચોથા વર્ગનો દરજ્જો પ્રાપ્ત થયો.[૧૧૧]

૩૪. **થરાદ**—ત્યાં પહેલાં પરમારોનું ને પછી ચૌહાણોનું રાજ્ય હતું. ૧૩ મી સદીના આરંભમાં એ મુલતાની મુસલમાનોનું પરગણું થયું. ૧૮ મી સદીના આરંભમાં અહીં પહેલાં પાલણપુરની ને પછી રાધનપુરની આણ પ્રવર્તી. ૧૭૫૯ માં આ જાગીર મોરવાડાના ખાનજીને મળી. એ વાઘેલા સરધરા શાખાના હતા. ખાનજી પછી એમના પાટવી કુંવર આનંદસીંગજી રાજા થયા (૧૭૮૬). ઠાકોર હરભમજીએ ૧૮૧૯ માં લૂંટારાઓ સામે અંગ્રેજ સરકારની લશ્કરી મદદ માગી ને એની સાથે કરાર કર્યા. ૧૮૨૩ માં કરણસીંગજી ગાદીએ આવ્યા, ને ૧૮૫૯ માં એમના પૌત્ર ખેંગારસીંગજીને ગાદી મળી. ૧૮૯૨ માં એમના કુંવર અભેસીંગજી ગાદીએ આવ્યા.[૧૧૨] અભેસીંગજી પછી દોલતસિંહજીને ગાદી મળી (૧૯૧૦). એમના વખતમાં થરાદમાં ઍંગ્લો-વર્નાક્યુલર સ્કૂલ અને શ્રી દોલતસિંહજી લાઇબ્રેરી સ્થપાઈ. મોરવાડામાં 'ત્રીકમ જીવરાજ દવાખાનું" શરૂ થયું (૧૯૧૩-૧૪).[૧૧૩]

૩૫. **કડાણા**—ઝાલોદના પરમાર વંશના રાજા જાલમસિંહજી ૨ જાના કુંવર સંતે ૧૨૫૫ માં સૂંથ(સંત)માં પોતાની ગાદી સ્થાપી હતી. એમના ભાઈ લીમાદેવજીએ સૂંથની ઉત્તરે કડાણા વસાવી ત્યાં રિયાસત સ્થાપી. આ મુલકમાં બહાદુર અને જોરાવર ભીલ લોકોની વસ્તી હોવાથી આજુબાજુના કોઈ રાજા એની ઉપર ખંડણી લાદી શકયા નહિ. કડાણાને હંમેશાં સૂંથ, ડુંગરપુર કે વાડાશિનોર સાથે સંઘર્ષ થયા કરતો. ઠાકોર પરબતસિંહજીના સમયમાં સૂંથના રાજા ભવાનીસિંહજીએ કડાણા પર પોતાની અધિસત્તા હોવાનો દાવો કરેલો, પણ પોલિટિકલ એજન્ટે એને અલગ અને સ્વતંત્ર ઠરાવેલું (૧૮૭૧). પરબતસિંહજીનું મૃત્યુ થતાં (૧૮૮૯) એમના દત્તક કુંવર છત્રસાલજી ગાદીએ બેઠા. એમની સગીર અવસ્થામાં એજન્સીનો વહીવટ રહેલો. એ પુખ્ત વયના થતાં ૧૯૦૧ માં એમને સત્તાનાં સૂત્ર સોંપાયાં.[૧૧૪]

**૩૬. ભાદરવા**—કર્ણું વાઘેલાના વંશજ જેતાએ કલોલમાં અને વરસિંહે સાણંદમાં રિયાસત સ્થાપી. જેતાજીના વંશજ લૂણકરજીએ અંનગઢ (વાસદ પાસે) જીતી લઈ ત્યાં રાજધાની કરી. આગળ જતાં ત્યાંથી જાસપુર (૧૪૮૩), ત્યાંથી બહીધર (૧૬૭૭) અને ત્યાંથી ભાદરવા (વાસદ પાસે) રાજધાની ખસી. ભાદરવાના પહેલા ઠાકોર ઉદયસિંહજી ૧૭૭૨માં ગાદીએ આવેલા. એમને પોતાનાં મા સાથે ટંટો થવાથી એ ભાદરવા આવી રહ્યા. એમના પછી ૧૭૮૧ માં દલપતસિંહજી, ૧૭૮૩ માં પ્રતાપસિંહજી, ૧૮૨૫ માં જાલમસિંહજી, ૧૮૪૦ માં સરદારસિંહજી, ૧૮૭૯ માં અદેસિંહજી ને ૧૮૮૮ માં ફતેસિંહજી ગાદીએ આવ્યા. ભાદરવા પાંડુ મેવાસની સહુથી મોટી રિયાસત હતી ને એ ચોથા વર્ગની ગણાતી.[૧૧૫]

**૩૭. સંજેલી**—અહીંના ઠાકોર સોનગઢા ચૌહાણ કુલના રાજપૂત હતા, જે અજમેરના ચૌહાણ રાજા પૃથ્વીરાજના વંશજ ગણાતા. આ કુલના છત્રસાલજીએ ચિતોડથી આવી રાજપુર(પછી બારિયા તાબે)માં ગાદી સ્થાપી. એમના વંશજ સરદારસિંહજીને મારી દેવગઢ બારિયાના રાજાએ એમના રાજ્યનો કેટલોક મુલક લીધો. સરદારસિંહજીના કુંવર બહાદુરસિંહજીએ પોતાની બાપીકી જાગીર પાછી મેળવી. તેઓ ૧૭૯૬ માં ગાદીએ બેઠા. બારિયાના રાજા જશવંતસિંહજી સાથેની લડાઈમાં તેઓ મરાયા ને એમના પુત્ર જગતસિંહજી ગાદીએ બેઠા. એમણે પોતાની રાજધાની સંજેલીમાં રાખી. એ 'પૂંછડિયો રાજા' તરીકે ઓળખાતા. એમના વખતમાં અંગ્રેજ સરકારે વચમાં પડી સંજેલી અને બારિયા વચ્ચે સમાધાન કરાવ્યું હતું. ૧૮૫૮ માં જગતસિંહજી અપુત્ર મરણ પામ્યા ને એમના દત્તક પુત્ર પ્રતાપસિંહજીને ગાદી મળી. તેઓ ૧૯૦૧ માં મૃત્યુ પામ્યા. એમના પાટવી કુંવર રણજિતસિંહને ગેરવર્તણૂકના કારણે ગાદીના વારસામાંથી બાતલ કરવામાં આવ્યા ને બીજા કુંવર પુષ્પસિંહને ઠાકોરની પદવી પ્રાપ્ત થઈ (૧૯૦૩). તેઓ ૧૯૧૪ માં પુખ્ત વયના થઈ સત્તા ધરાવતા થયા. આ રિયાસત અગાઉ ચોથા વર્ગમાં હતી તે આગળ જતા પાંચમા વર્ગમાં મુકાઈ.[૧૧૬]

**૩૮. બજાણા**—ઝાલાવાડમાં આવેલી આ રિયાસત જત જાતિના મુસલમાન રાજાઓના તાબે હતી. એમના પૂર્વજો બલૂચિસ્તાન-મકરાણમાંથી આવીને પહેલાં સિંધમાં વસેલા ને ત્યાંથી કચ્છ થઈ ઝાલાવાડ આવેલા. ગુજરાતના સુલતાન મહમૂદ બેગડાને પાવાગઢ પરની ચડાઈમાં આ જત લોકોએ સારી મદદ કરેલી તેના બદલામાં તેઓના સરદાર હેદોજીને બજાણા સાથેનાં ૨૪ ગામ ઇનામમાં મળેલાં. આ મુલક 'નાની જતવાડ' તરીકે ઓળખાય છે. મુઘલ કાલમાં આ તાલુકાના ભાયાતો વચ્ચે ભાગ પડી ગયા, એમાં બજાણા મલેક હૈદરખાનને

ભાગ આવેલું. જત લોકો બંડ અને ચોરી કરવા માટે પંકાયેલા હતા. ૧૮૦૬–૦૭ માં કાઠિયાવાડમાં કર્નલ વૉકરે ખંડણીના આંકડા નક્કી કર્યા ત્યારે ત્યાં મલેક હૈદરખાનના વંશજ સુજોજી (સૂરજમલજી) ૩ જા રાજ્ય કરતા હતા. દરિયાખાન ૨ જાની હયાતી બાદ ૧૮૪૧ માં મલેક નસીરખાનજી તખ્તનશીન થયા. નસીબખાન (મૃ. ૧૯૦૨) પછી મલેક જીવણખાનજીએ ૧૯૦૩ થી ૧૯૨૦ સુધી રાજ્ય કર્યું.[૧૧૭]

**૩૯. વીરપુર**—હાલારમાં આવેલી આ રિયાસતના રાજ્યકર્તા જાડેજા રાજપૂત હતા. નવાનગરના જાડેજા વંશના સ્થાપક જામ રાવળના પુત્ર વિભોજી(૧૫૬૩–૧૫૬૯)ના ત્રીજા કુંવર ભાણજીને નવાનગર તરફથી કેટલાંક ગામ મળેલાં તે ભારોજીએ છોડી દીધાં ને પોતે ખરેડીના મુસલમાન થાણદારના તાબામાં જઈ રહ્યો. ખરેડીના મૂળ જમીનદાર કાઠીઓને ત્યાંથી કાઢી મૂકયા ને એમની કેટલીક જમીન હસ્તગત કરી. ભારોજી પછી સાતમી પેઢીએ મોકોજી ઉર્ફે બાપોજી થયા, એમણે ૧૭૬૬ માં ત્યાંથી મુસલમાન થાણદારને કાઢી મૂકયા ને ખરેડી પોતાના તાબામાં કરી લીધું. વળી એમણે કાઠી પાસેથી વીરપુર અને બીજાં બે ગામ જીતી લઈ ૧૩ ગામોનો તાલુકો બાંધ્યો, ને પોતાની ગાદી વીરપુરમાં સ્થાપી. મોકોજી પછી પાંચમી પેઢીએ સુરાજી થયા, એ ૧૮૫૧ માં ગાદીએ બેઠા.[૧૧૮]

**૪૦. માળિયા**—હાલારમાં મચ્છુકાંઠામાં આવેલી આ રિયાસતના રાજ્યકર્તા પણ જાડેજા રાજપૂત હતા. મોરબીના જાડેજા વંશના મૂળ પુરુષ કાંયોજીના છઠ્ઠા કુંવર મોડજીને મચ્છુકાંઠામાં પાંચ અને વાગડમાં કેટલાંક ગામ મળેલાં. મોડજીએ મોરબીનું ઉપરીપણું કાઢી નાખવાના હેતુથી સિંધથી મિયાણાઓને બોલાવી પોતાનાં ગામોમાં વસાવ્યા. મોડજી પછી નાથોજી, ભીમોજી અને ડોસોજી થયા. ડોસોજીને મોરબીના રાજા જિયોજીએ દગાથી પકડી કેદ કર્યા (૧૮૦૨–૦૩) ત્યારે મિયાણાઓએ મોરબી પર હુમલો કરી એમને છોડાવ્યા. મિયાણીઓની ભારે લૂંટફાટને કારણે અંગ્રેજ સરકારે ૧૮૧૦ માં માળિયા પર ફોજ મોકલી, જેણે માળિયાનો ગઢ જમીનદોસ્ત કરી નાખ્યો. ડોસોજી પછી એમના કુંવર સતોજી ગાદીએ આવ્યા. એમના પછી એમના પૌત્ર મોડજી ગાદીએ આવ્યા (૧૮૬૬). માથાભારે તત્ત્વોને વશ ન કરાતાં (૧૮૭૯–૮૦) અંગ્રેજ સરકારે ઠાકોર મોડજી પાસેથી એમનો ચોથા વર્ગનો ફોજદારી અધિકાર લઈ લીધો. કારભારીઓએ સરકારમાં લડી એ અધિકાર પાછો મેળવ્યો, પણ અંગ્રેજ સરકારે મિયાણા ઉપરની ફોજદારી હકૂમત પોતાના હાથમાં રાખી ને મિયાણામાં 'મૅજિસ્ટ્રેટ' ની નિમણૂક કરી.[૧૧૯]

**૪૧. કોટડા સાંગાણી**—હાલારમાં આવેલી આ રિયાસતના રાજ્યકર્તા જાડેજા રાજપૂત કુલના હતા. એના મૂળ પુરુષ સાંગોજી ગોંડળની જાડેજા શાખા-

ના મૂળ પુરુષ કુંભોજી ૧ લાના બીજા કુંવર હતા. એમના નામ પરથી તાલુકો 'સાંગાણી' નામે ઓળખાયો. સાંગોજી કાઠીઓ સાથેની લડાઈમાં માર્યા ગયા (૧૬૯૯). એમના પછી તેજોજી (મૃ. ૧૭૨૭) થયા ને પછી જસોજી. જસોજીના વખતમાં કાઠી લોકોએ કોટડા કબજે કરેલું, પણ ગોંડળના કુંભોજીની મદદથી જસોજીએ એ પાછું જીતી લીધું (૧૭૫૦). સાયલાના રાજા સેંસાભાઈએ ૧૭૫૫ માં જસોજી પર ચડાઈ કરી. લડાઈમાં જસોજી માર્યા ગયા. પછી એમના ભાઈ દેવોજી ગાદીએ બેઠા. એમના કુંવર હોથીજીના સમયમાં કર્નલ વૉકરના કરાર થયા. હોથીજી લાંબો વખત રાજ્ય કરી ૧૮૧૨ માં મૃત્યુ પામ્યા. એમના પુત્ર ભોજ-રાજજીએ ૧૩ વર્ષ (૧૮૧૨–૨૫) રાજ્ય કર્યું. પછી બામણિયોજી (૧૮૨૫–૩૮), સબળજી (૧૮૩૮–૪૦), મેરોજી (૧૮૪૦–૬૨) અને તોગાજી (૧૮૬૨–૭૯) રાજા થયા. તોગાજી દારૂ અને અફીણના ભારે વ્યસની હતા. ને રાજ્યકારભારમાં ધ્યાન આપતા નહિ, આથી પોલિટિકલ એજન્ટે એમને ચોથા વર્ગમાંથી પાંચમા વર્ગમાં ઉતારી પાડયા. પછી એમના કુંવર મૂળવોજી ગાદીએ બેઠા (૧૮૭૮). એમની સગીર અવસ્થા દરમ્યાન એજન્સીએ કારભાર સંભાળેલો. મૂળવોજીએ પુખ્ત વય પ્રાપ્ત થતાં ૧૮૯૫ માં વહીવટ સંભાળ્યો.[૧૨૦]

**૪૨. જેતપુર**—તળ કાઠિયાવાડના દક્ષિણ ભાગમાં આવેલું આ રાજ્ય મોટું હતું, પણ વાળા શાખાના કાઠી ભાગીદારોમાં વહેંચાઈ ગયું હતું. ઢાંકના વાળા રાજા ધાન વાળાનો કુંવર વેરાવળ કાઠી કન્યાને પરણ્યો ને એનામાંથી વાળા, ખુમાણ અને ખાચર શાખાઓ થઈ. એના વંશજ 'સખાવત કાઠી' (કુલીન કાઠી) ગણાયા. કાઠીઓ પહેલાં બાબરિયાઓને કાઢી થાનમાં રહ્યા. ત્યાંથી તેઓ પોતાના મુલકનો વિસ્તાર કરતા રહ્યા. ૧૭૬૦ ના અરસામાં જૂનાગઢના નવાબે જેતપુર, બીલખા અને દેદરડા તાલુકા કાઠીઓને આપી દીધા. કાઠીઓમાં બધા ભાઈઓને સરખા ભાગે ગરાસ વહેંચવાનો ચાલ પડયો હતો. કુંડલા જેતપુર ચીતળ જસદણ વગેરેના કાઠીઓએ ચીતળમાં ભેગા થઈ ભાવનગર પર ચડાઈ કરવા તૈયારી કરી (૧૭૯૨–૯૩), ત્યાં તો ભાવનગરના રાજા વખતસિંહે ચીતળ પર હુમલો કરી એ જીતી લીધું. ચીતળના કૂંપા વાળા અને બીજા કાઠીઓ જેતપુર આવતા રહ્યા. ૧૭૯૭–૯૮ માં વખતસિંહજીએ ચીતળ કૂંપા વાળાને પાછું સોંપ્યું. દરમ્યાન કાઠીઓએ જેતપુરમાં કિલ્લો બાંધી પોતાનું વડું મથક ત્યાં રાખ્યું. ૧૮૦૪ માં ગાયકવાડના દીવાન બાબાજીએ જેતપુર પર હુમલો કરી ખંડણી લીધેલી. ખુમાણોને આશ્રય આપવા બદલ ભાવનગરના રાજાની ફરિયાદ પરથી કૅપ્ટન બાર્નવેલે જેત-પુરના મૂળુ વાળા વગેરે ભાગીદારોને કેદ કરી જેતપુર તાલુકો જપ્ત કર્યો.

ખુમાણોને પકડી ભાવનગરના રાજાને હવાલે કરવા કબૂલાત આપતાં જેતપુરના વાળા ભાગીદારો છૂટા થયા ને જેતપુર પરથી જપ્તી ઊઠી ગઈ. વાળા ચાંપરાજને પોતાની ખૂબસૂરત કન્યા અંગે સમસખાન સાથે સંઘર્ષ થયો. સમસખાને જેતપુર જીતી લીધું. કહે છે કે જેતપુર ચાંપરાજના બાપના દાદા જેતજીએ વસાવ્યું હતું. ચાંપરાજના વંશજોએ એ પાછું જીતી લીધું. જેતપુર રાજ્યમાં વાળા શાખાના ૧૫ કે ૧૬ કે ૧૯ તાલુકદાર હતા, જે બધા વાળા નાજા દેસાના વંશના હતા, એમાંના કેટલાકને ચોથા વર્ગનો, કેટલાકને પાંચમા વર્ગનો, ને કેટલાકને છઠ્ઠા વર્ગનો અધિકાર હતો.[૧૨૧]

'તારીખે સોરઠ'માં જણાવ્યું છે કે જૂનાગઢના પહેલા નવાબ બહાદુરખાન ૧ લાએ વાળા વીરાને જેતપુર આપેલું, જ્યારે વાળાઓની અનુશ્રુતિ એવી છે કે ચીતળના વાળા વીરાનાજીએ બગસરાના વાળાઓને મદદ કરેલી, તેથી તેઓએ વીરાને બગસરા આપેલું. કહે છે કે જેતપુર મૂળમાં પહેલાંના વાળાઓના તાબે હતું. તેઓના મુસ્લિમ સૂબાઓ પાસેથી બલોચે મેળવેલું ને બલોચ પાસેથી એ બગસરાના વાળાઓને મળ્યું હતું; ને વાળા ચાંપરાજ પાસેથી એ શમ્સખાને જીતી લીધેલું. વાળા ચાંપરાજના પ્રપિતામહ જેતાજીએ જેતપુર વસાવેલું.[૧૨૨]

## પાદટીપ

૧. માહિતીની વિગતો માટે જુઓ અ. ગો. શાહ, 'ભારત રાજ્યમંડળ'; *Bombay Gazetteer*, Vols. V, VI, VII, VIII & IX; ન. લા. દવે, 'ગુજરાત સર્વસંગ્રહ' અને 'કાઠીઆવાડ સર્વસંગ્રહ'; ધ. હો. કડાકા, 'કાઠીઆવાડ ડીરેક્ટરી'; દા. રે. શાહ, 'મહીકાંઠા ડીરેક્ટરી'; અને ફ. સો. માસ્તર, 'પાલણપુર એજન્સી ડીરેક્ટરી'.

૨. 'કાઠીઆવાડ ડીરેક્ટરી', ભાગ ૧, પૃ. ૬૭–૬૯

૩. ઝાલાવાડમાં ૧૭ તાલુકા વઢવાણ થાણાના, ૯ તાલુકા ચોટીલા થાણાના, ૨૦ તાલુકા ભોઈકા થાણાના, ૪ તાલુકા પાળિયાદ થાણાના, ૧ તાલુકો દસાડા થાણાના અને ૧ તાલુકો વિઠ્ઠલગઢ થાણાના તાબે હતો.

૪. લોધીકા થાણાના તાબે ૧૪ અને ધ્રાફા થાણાનાં તાબે ૪ તાલુકા હતા.

૫. બગસરા થાણાના તાબે ૩ અને લાખાપાદર થાણાના તાબે ૧૯ તાલુકા હતા.

૬. ગોહિલવાડમાં ૧૩ તાલુકા સોનગઢ થાણાના, ૧૪ તાલુકા બાબરા થાણાના, ૧૦ તાલુકા ચમારડી થાણાના, ૧ તાલુકો દાઠા થાણાના અને ૨૨ તાલુકા ચોક થાણાના તાબે હતા.

૭. રતનજી પેસ્તનજી, 'કાઠીઆવાડ ડીરેક્ટરી', ભા. ૪, પૃ. ૧૩૮–૧૫૧

૮. વર્ગ ૨ અને ૩ ની કોઈ રિયાસત ન હતી.

૯. ફ. સો. માસ્તર, 'પાલણપુર એજન્સી ડીરેક્ટરી', ગ્રંથ ૧, પૃ. ૧૩–૨૧૦

૧૦. દા. રે શાહ, 'મહીકાંઠા ડીરેક્ટરી', ભાગ ૨, પૃ. ૧–૨૯૪

૧૧. ભા. હ. પરમાર, 'રેવાકાંઠા ડીરેક્ટરી', વો. ૧. પૃ. ૪૫, ૧૨૮–૧૪૭

૧૨. આ એજન્સીમાં વર્ગ ૩ ની કોઈ રિયાસત ન હતી.

૧૩. *Bombay Gazetteer*. Vol. VI, p.1; 'રેવાકાંઠા ડીરેક્ટરી', ભા. ૧, પૃ. ૨૭૮–૨૭૯; દા. રે. શાહ, 'મહીકાંઠા ડીરેક્ટરી', પૃ. ૧૧૨–૧૧૪

૧૪. પ. હા. કડાકા, 'કાઠીઆવાડ ડીરેક્ટરી', ભા. ૧, પૃ. ૨૭૭–૨૭૮; દા. રે. શાહ, 'મહીકાંઠા ડીરેક્ટરી', પૃ. ૧૧૨–૧૧૪.

૧૫. ફ. સો. માસ્તર, 'પાલણપુર એજન્સી ડીરેક્ટરી', વૉ. ૧, પૃ. ૧૪–૧૫

૧૬. લા. હ. પરમાર, 'રેવાકાંઠા ડીરેક્ટરી', વૉ. ૧, પૃ. ૧૦૬–૧૩૭

૧૭. *BG*, Vol. VI, p. 233

૧૮. માહિતીની વિગતો માટે જુઓ James Campbell (ed.), *Bombay Gazetteer*, Vol. VII; નર્મદાશંકર લાલશંકર દવે, 'કાઠીઆવાડ સર્વસંગ્રહ; S. Master F. S, '*Pālanpur Agency Directory*, Vol. IV; લા. હ. પરમાર, 'રેવાકાંઠા ડીરેક્ટરી'; *District Gazetteer* (DG): *Vadodara*, *Sabarkantha*, *Surendranagar* and *Rajkot*.

૧૯. G. H. Desai and A. B. Clarke, *Gazetteer of Baroda State*, Vol. I, p. 494

૨૦. *Ibid*, p. 500

૨૧. *Ibid*; p. 504

૨૨. *D. G. Sabarkantha* pp. 138–139

૨૩. *D. G. Junagadh*, pp. 160f.

૨૪. *F. A. H*, Elliot, *The Rulers of Baroda*, pp. 96-97

૨૫. R. L. Handa, *History of Freedom Struggle in Princely States*, pp. 28, 31, 32, 36–38 and 42

૨૬. G. H. Desai and A. B. Clarke, *op. cit.*, p. 534

૨૭. *Ibid*, pp. 544, 547

૨૮. *Ibid.*, pp. 549, 550

૨૯. *Ibid.*, pp. 578, 581, 584

૩૦. *Ibid.*, pp. 584-585, 588, 594–595

૩૧. *Ibid.*, p 597, 599-603

મલ્હારરાવની તપાસ-સમિતિના સભ્યો બંગાળના ચીફ જસ્ટિસ રિચાર્ડ કુચ, રિચાર્ડ મીડ, પી. એસ. મેલવિલ, જયપુરના મહારાજા, ગ્વાલિયરના મહારાજા તથા સર દિનકરરાવ હતા.

૩૨. *Ibid.*, pp. 604–605, 615

૩૩. લાધાભાઈ હરજીભાઈ પરમાર, 'રેવાકાંઠા ડીરેક્ટરી', વૉ. ૧, પૃ. ૮૨, વૉ. ૨, પૃ. ૨૫–૨૬

૩૪. *The Ruling Princes, Chiefs and Leading Personages in Western India States Agency*. pp. 166–167

૩૫. *D. G. Banaskantha*, pp. 108-109, 116–117; ફ. સો. માસ્તર, 'પાલણપુર એજન્સી ડીરેક્ટરી', વૉ. ૧. પૃ. ૧૧૬–૧૧૭

૩૬ *D. G. Sabarkantha* pp. 113–116

૩૭. Markand N. Mehta and Manu N. Mehta, *The Hind Rajasthan or the Annals of the Native states of India*, p. 358
૩૮. H. Wilberforce-Bell, *The History of Kathiawad*, p. 197
૩૯. M. N. Mehta and M. N. Mehta, *op,cit.*, p. 359
૪૦. H. Wilberforce-Bell, *op. cit.*, p. 224
૪૧. *Ibid.*, p 238
૪૨. M. N. Mehta and M. N. Mehta, *op. cit.*, pp. 357ff.
૪૩. *Ibid.*, pp. 360 ff.
૪૪. *Ibid.*, pp. 370 ff.
૪૫. *D. G. Jamnagar*, pp. 86 f.
૪૬. આજે પણ એમની સ્મૃતિમાં 'રણજી ટ્રોફી, ક્રિકેટ મેચો ભારતમાં દર વર્ષે રમાય છે.
૪૭. M. N. Mehta and M. N. Mehta, *op. cit.*, pp. 855 f.
૪૮. *D. G. Jamnagar*, p. 96
૪૯. ભગવાનલાલ સંપતરામ, 'કાઠિયાવાડ એજન્સીનાં દેશી સંસ્થાનો સંબંધી કોલકરાર, દસ્તાવેજ અને સનદો', પૃ. ૪૮-૪૯.
૫૦. *D. G. Rajkot*, p. 59
૫૧. M. N. Mehta and M. N. Mehta, *op. cit.*, pp. 896 ff.
૫૨. *D. G. Rajkot*, p. 60
૫૩. *Ibid.*, p. 61
૫૪. M. N. Mehta and M. N. Mehta, *op. cit.*, pp. 685 ff.
૫૫. *Ibid*, pp. 713 ff.
૫૬. મણિભાઈ વોરા, 'પોરબંદર', પૃ. ૨૦
૫૭. *D. G. Junagadh* p. 191
૫૮. C. Mayne, *History of the Dhrangadhra State*, p. 123
૫૯. M. N. Mehta and M. N. Mehta, *op. cit.*, pp. 323 ff.
૬૦. *D. G. Surendranagar*, pp. 99 f.
૬૧. મુગટલાલ બાવીસી, 'ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ, ખંડ ૭: ગુજરાતના ઇતિહાસને લગતી વંશાવળીઓ', પૃ. ૪૦
૬૨. M. N. Mehta and M. N. Mehta, *op, cit.*, p. 881
૬૩. *D. G. Surendranagar*, p. 110
૬૪. M. N. Mehta and M. N. Mehta, *op. cit.*, pp. 914 f.
૬૫. જસવંતસિંહ હરિસિંહ ટાપરિયા, 'અમરચરિત્ર', પૃ. ૪૪
૬૬. એજન, પૃ. ૫૦
૬૭. આ દુકાળ વિ. સં. ૧૯૫૬ માં પડેલો હોવાથી એ સમયના લોકો એને 'છપ્પનિયા દુકાળ' તરીકે ઓળખાતા હતા. આ દુકાળ ઘણો ભયંકર હતો અને એમાં મોટી સંખ્યામાં માનવો તથા પશુઓ મૃત્યુ પામ્યાં હતાં.
૬૮. M. N. Mehta and M. N. Mehta, *op. cit.*, pp.907 ff.

૬૯. મુગટલાલ બાવીસી, ઉપર્યુક્ત, પૃ. ૪૧
૭૦. *D. G. Bhavnager*, pp. 74, ff.
૭૧. M. N. Mehta and M. N. Mehta, *op. cit*, pp. 889 ff.
૭૨. *D. G. Bhavnagar*, p. 87
૭૩. શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઈ, 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ', પૃ. ૭૧૬
૭૪. *D. G. Junagadh*, p. 682
૭૫. *Ibid.*, p. 683
૭૬. *Ibid*, pp. 160 ff.
૭૭. અ. ગો. શાહ, 'ભારતરાજ્યમંડળ', ભા. ૨, પૃ. ૨૨૦; *D. G. Surendranagar*, pp. 113, P. V. Mewfee, *Ruling Princes of India*, p. 209
૭૮. ભારામં, ભા. ૨, પૃ. ૭૫; *D. G. Surendranagar*, p. 120
૭૯. ભારામં, ભા. ૨, પૃ. ૨૬૦–૨૬૧; *Ibid.*, pp. 116 f., *RPI*, p. 251
૮૦. એજન, પૃ. ૨૦૨–૨૦૩; *Ibid.*, p. 112; *RPI*, p. 231
૮૧. એજન, પૃ. ૧૨૮ (૫૧–૫૮); 'મહીકાંઠા ડીરેક્ટરી', પૃ. ૧૦૪–૧૧૪
૮૨. *D. G. Banaskantha*, pp. 123 f.
૮૩. ભારામં, ભા. ૧, પૃ. ૨૩૮–૨૩૯; *RPI*, p. 260
૮૪. ભારામં ભા. ૨, પૃ. ૨૨૨; *RPI*, p. 211
૮૫. ભારામં, ભા. ૨, પૃ. ૮૩; *RPI*, p. 191
૮૬. ભારામં, ભા. ૧, પૃ. ૨૨૩–૨૨૪; *RPI*, p. 172., *D. G. Vadodara*, p. 124
૮૭. ભારામં, ભા. ૧, પૃ. ૨૨૨–૨૨૩; *RPI*, p. 160
૮૮. ભારામં, ભા. ૧, પૃ. ૨૩૦–૨૩૨, *RPI*, p. 215; *D. G. Panch Mahals*; pp. 137 ff.
૮૯. ભારામં, ભા. ૧, પૃ. ૨૯૩–૩૦૦; *RPI*,, p. 155
૯૦. એજન, પૃ. ૨૮૩–૨૮૬ (ક)
૯૧. એજન, ભા. ૨, પૃ. ૧૩૯
૯૨. ભારામં, પૃ. ૧૬૩-૧૬૪
૯૩. કે. કા શાસ્ત્રી, 'માંગરોળ–સોરઠ', પૃ. ૬૬–૮૧
૯૪. ૨. ભી. જોટ, 'ખંભાતનો ઇતિહાસ' પૃ. ૮૨–૯૦; ન. ચં. ભટ્ટ, 'ખંભાતનું સાંસ્કૃતિક દર્શન', પૃ. ૧૦૦–૧૧૫
૯૫. ભારામં, ભા. ૧, પૃ. ૩૦૨–૩૦૩; *RPI*, p. 249
૯૬. ભારામં, ભા. ૨, પૃ. ૧૪૭–૧૪૮, 'મહીકાંઠા ડીરેક્ટરી,' ભા. ૨, પૃ. ૨૬–૨૮
૯૭. *D. G. Sabarkantha*, p. 137
૯૮. ભારામં, ભા. ૨, પૃ. ૨૦૭; 'મહીકાંઠા ડીરેક્ટરી,' ભા. ૨, પૃ. ૧૩૭–૧૪૧; *D. G. Sabarkantha*, pp. 128–129
૯૯. ભારામં. ભા. ૨, પૃ. ૧૮૬; 'મહીકાંઠા ડીરેક્ટરી' ભા. ૨. પૃ. ૧૨૨–૧૨૫; *Ibid.*, pp. 131–132
૧૦૦. *Ibid.*, pp. 118–120

૧૦૧. આરામ', ભા. ૨. પૃ. ૧૮૪-૧૮૫; 'મહીકાંઠા ડીરેક્ટરી', ભા. ૨, પૃ. ૧૨૯-૧૩૪; *RPI*, p. 217., *D. G. Mehsana*, p. 804

૧૦૨. 'મહીકાંઠા ડીરેક્ટરી', ભા. ૨, પૃ. ૧૯૮-૯૯; *D. G. Sabarkantha*, p. 129-130

૧૦૩. આરામ', પૃ. ૨૦૯; 'મહીકાંઠા ડીરેક્ટરી', ભા. ૨, પૃ. ૧૫૯-૧૬૧; *Ibid.*, pp. 130-131

૧૦૪. આરામ', ભા. ૨, પૃ. ૨૩૨; 'મહીકાંઠા ડીરેક્ટરી, ભા. ૨, પૃ. ૧૪૪-૧૪૬; *D. G. Mehsana*, p. 127

૧૦૫. આરામ', પૃ. ૧૪૪-૧૪૫; 'મહીકાંઠા ડીરેક્ટરી', ભા. ૨, પૃ. ૧૫૦-૧૫૬

૧૦૬. આરામ', પૃ. ૧૪૩; એજન પૃ. ૧૬૩-૧૭૨

૧૦૭. આરામ', પૃ. ૬૦-૬૨; 'મહીકાંઠા ડીરેક્ટરી,' ભા. ૨, પૃ. ૧૭૫-૧૭૬

૧૦૮. આરામ', પૃ. ૭૨, મહીકાંઠા ડીરેક્ટરી, 'ભા. ૨, પૃ. ૧૭૯-૧૮૫; *D. G. Kheda*, p. 110

૧૦૯. આરામ', પૃ. ૨૨-૩૩; 'મહીકાંઠા ડીરેક્ટરી', ભા. ૨, પૃ. ૧૮૮-૧૯૬; *D. G. Mehsana*, p. 122

૧૧૦. આરામ', ભા. ૨, પૃ. ૧૦; 'મહીકાંઠા ડીરેક્ટરી', ભા. ૨, પૃ. ૨૦૩-૨૧૨; *D. G. Sabarkantha*, pp. 134-135

૧૧૧. આરામ', ભા. ૨, પૃ. ૨૬૯-૨૭૦; 'મહીકાંઠા ડીરેક્ટરી', ભા. ૨, પૃ. ૨૩૧; *D. G Mehsana*, pp. 124 f.

૧૧૨. પાલણપુર એજન્સી ડીરેક્ટરી, વો ૧, પૃ. ૯૮-૧૦૨

૧૧૩. *D. G. Banaskantha*, p. 126

૧૧૪. કા દે. પંડ્યા, 'ગૂજરાત રાજસ્થાન', પૃ. ૨૦૨; આરામ', ભા. ૨, પૃ. ૩૪; *D. G. Panchmahals*, pp. 149 f.

૧૧૫. 'ગૂજરાત રાજસ્થાન', પૃ. ૨૦૩-૨૦૬; આરામ', ભા. ૨, પૃ. ૧૭૬-૧૭૯; 'રેવાકાંઠા ડીરેક્ટરી' પૃ. ૪૩

૧૧૬. 'ગૂજરાત રાજસ્થાન', પૃ. ૨૦૮; આરામ', ભા. ૨, પૃ. ૨૭૨-૨૭૪; 'રેવાકાંઠા ડીરેક્ટરી', પૃ. ૪૪, *D. G. Panchmahals*, p. 148

૧૧૭. 'ગૂજરાત રાજસ્થાન', પૃ. ૪૯૨-૪૯૩; આરામ', ભા. ૨, પૃ. ૧૫૦-૧૫૧; *D. G. Surendranagar*, pp. 117-118

૧૧૮. 'ગૂજરાત રાજસ્થાન', પૃ. ૪૯૪; આરામ', ભા. ૨, પૃ. ૨૫૦; ન. લા. દવે, 'કાઠીઆવાડ', પૃ. ૫૮૫; 'કાઠીઆવાડ ડીરેક્ટરી', ભા. ૧. પૃ. ૧૯૭-૧૯૮

૧૧૯. 'ગૂજરાત રાજસ્થાન,' પૃ. ૪૯૭-૪૯૯; આરામ', ભા. ૨, પૃ. ૧૮૭-૧૮૮; 'કાઠીઆવાડ ડીરેક્ટરી,' ભા. ૧ પૃ. ૧૯૯-૨૦૦

૧૨૦. 'ગૂજરાત રાજસ્થાન,' પૃ. ૪૯૫-૪૯૭; આરામ', ભા. ૨, પૃ. ૫૪-૫૭; 'કાઠીઆવાડ', પૃ. ૩૩૦-૩૩૧; 'કાઠીઆવાડ ડીરેક્ટરી', ભા. ૧, પૃ. ૨૦૦-૨૦૧

૧૨૧. 'ગૂજરાત રાજસ્થાન', પૃ. ૫૦૦-૫૦૫; આરામ', ભા. ૨, પૃ. ૯૨-૯૭; 'કાઠીઆવાડ ડીરેક્ટરી', ભા. ૧, પૃ. ૨૦૧-૨૦૩

૧૨૨ *D. G. Rajkot*, p. 614

# પ્રકરણ ૭

# રાજ્યતંત્ર

## ૧. બ્રિટિશ હિંદનું રાજ્યતંત્ર

આ રાજ્યતંત્ર સ્પષ્ટ બે ભાગમાં વહેંચાઈ જાય છે. એનો પહેલો સમય ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીના રાજ્યતંત્રનો ઈ. સ. ૧૮૫૭ સુધીનો છે ને એનો બીજો સમય બ્રિટિશ તાજના રાજ્યતંત્રનો ઈ. સ. ૧૮૫૮થી શરૂ થાય છે.

### (અ) ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીનું રાજ્યતંત્ર (૧૮૧૮ થી ૧૮૫૭)

૧૯ મી સદીની શરૂઆત થઈ ત્યાંસુધી મુંબઈ સરકારનો પ્રાદેશિક વિસ્તાર નહિવત્ થયો હતો. ૧૮૦૦ માં સુરત શહેર અને એની આસપાસના વિસ્તારને જિલ્લા તરીકે સ્વીકારવામાં આવ્યો. ૧૮૦૩ માં ભરૂચ બ્રિટિશ તાબામાં આવ્યું.

૧૭૯૮ માં રેકોર્ડ્સ કોર્ટની રચના કરવામાં આવી. એના વિસ્તારમાં વસતી બધી જ બ્રિટિશ પ્રજાઓને મુંબઈ સરકારના હાથ નીચે મૂકવામાં આવી અને એ સાથે કરારથી જોડાયેલી દેશી રાજ્યોની પ્રજાને પણ એના અધિકારક્ષેત્રમાં આવરી લેવામાં આવી. ૧૫ મી મે, ૧૮૦૦ માં સુરત જિલ્લાને માટે કલેક્ટર, જજ અને મૅજિસ્ટ્રેટ નીમવામાં આવ્યા. એ જ સમયે સુરતમાં સદર અદાલત સ્થાપવામાં આવી અને એની સત્તા નીચે ગુજરાતમાં કમ્પનીના તાબાના પ્રદેશ મૂકવામાં આવ્યા.

૧૮૧૮ થી ૧૮૫૮ સુધીમાં મુંબઈ પ્રેસિડેન્સીનો વિસ્તાર હજુ પણ વધ્યો અને દેશી રાજ્યોના પ્રદેશ એમાં ઉમેરાયા. ૧૮૩૩ માં ખેડા અને અમદાવાદ જિલ્લા અસ્તિત્વમાં આવ્યા અને ૧૮૫૩ અને ૧૮૬૧ માં સિંધિયાએ પંચ-મહાલનો પ્રદેશ કમ્પનીને સંપૂર્ણપણે આપી દીધો. આમ ૧૮૧૮ માં પેશવા પાસેથી જે વિશાળ પ્રદેશ મળ્યો તેનાથી વહીવટી પદ્ધતિને વધારે વિસ્તારવાની જરૂર ઊભી થઈ. નવા મેળવેલા પ્રદેશોને જિલ્લાઓમાં વહેંચવામાં આવ્યા.

ન્યાયતંત્ર માટેના નિયમ ધીમે ધીમે દાખલ કરાયા. જમીન-મહેસૂલ ઉઘરાવવા માટે શરૂઆતનાં થોડાં વર્ષ મરાઠાઓની પદ્ધતિ ચાલુ રાખવામાં આવી અને એ મુજબ જિલ્લાઓમાં દેસાઈઓને અને ગામો માટે પટેલોને એ કાર્ય સોંપવાનું ચાલુ રાખવામાં આવ્યું. ઈ. સ. ૧૮૧૬ પછી ધીમે ધીમે રૈયતવારી પદ્ધતિ દાખલ કરવામાં આવી, તેથી દેસાઈ અને પટેલનું સ્થાન મુંબઈ સરકાર તરફથી

સીધા નિમાયેલા તલાટી(ગામનો હિસાબનીશ)એ લીધું. મામલતદાર કે કમાવીસદારનું સ્થાન જોઈએ તેવું સંતોષજનક નહોતું. જો કે એ કલેક્ટરના હાથ નીચેનો મુખ્ય માણસ હતો અને જિલ્લાની મહેસૂલ અને પોલીસ બાબતોનો એ મુખ્ય દેશી અધિકારી હતો. રૈયતવારી પદ્ધતિને કારણે ગામો સરકારી અધિકારીઓના સીધા સંપર્કમાં આવ્યાં અને સરકારે હિસાબનીશોની સીધી જ નિમણૂકો કરી. કલેક્ટરનું યોગ્ય નિરીક્ષણ દાખલ થયું; એ સાથે વહીવટીતંત્રમાં કમિશનરને તપાસ કરવાનું કાર્ય સોંપાયું.[૧]

મામલતદારની ફરજોમાં જમીન–મહેસૂલ ભેગું કરવું, પોલીસ–વ્યવસ્થા ઉપર કાબૂ ધરાવવો, દીવાની અને ફોજદારી ફરિયાદો સ્વીકારવી વગેરે મુખ્ય હતી, એને આ ફરજોમાં મદદ કરવા શિરસ્તેદાર, હિસાબનીસ અને હાથ નીચેના કારકુનો હતા.[૨]

૧૮૩૭ માં મીઠા ઉપર આબકારી જકાત નાખવા માટે કાયદો પસાર કરવામાં આવ્યો. મીઠાના ઉત્પાદનનાં બધાં જ ક્ષેત્રોને કસ્ટમ્સ અને એક્સાઈઝના કલેક્ટરના હાથ નીચે મૂકવામાં આવ્યાં. આ કલેક્ટરને ડેપ્યુટી કલેક્ટર અને બીજા પાંચ મદદનીશ કલેક્ટર આપવામાં આવ્યા હતા. આ વ્યવસ્થા ૧૮૫૪ સુધી ચાલુ રહી. આ વર્ષે સમગ્ર મુંબઈ પ્રેસિડેન્સીનાં સમગ્ર સમુદ્ર અને જમીન ઉપરની જકાત અને મીઠાવેરાની વ્યવસ્થા માટે કમિશનરની નિમણૂક થઈ હતી.[૩]

૧૮૨૮–૨૯ થી એક વ્યક્તિમાં ન્યાયકીય અને મૅજિસ્ટ્રેટની સત્તાઓ ભેગી હતી તેને જુદી પાડવામાં આવી અને જિલ્લાના કલેક્ટરને મૅજિસ્ટ્રેટની સત્તાઓ અને પોલીસ ખાતા ઉપરનો કાબૂ રાખવાનું કાર્ય સોંપવામાં આવ્યું. મુંબઈમાં સુપ્રીમ કોર્ટ કે કિંગ્સ કોર્ટ હતી, જેણે ૧૮૨૩ માં રેકોર્ડર્સ કોર્ટનું સ્થાન લીધું હતું અને કમ્પનીની કોર્ટો હતી જે 'સદર દીવાની અદાલત' અને 'સદર ફોજદારી અદાલત' તરીકે ઓળખાતી હતી. આ કોર્ટોને ૧૮૨૭ માં સુરતથી બદલીને પ્રેસિડેન્સીની રાજધાનીમાં ખસેડવામાં આવી.[૪] સદર દીવાની અદાલતમાં ચાર ન્યાયાધીશો, રજિસ્ટ્રાર, મદદનીશ રજિસ્ટ્રાર હતા, પરંતુ એની પાસે મૂળ દાવાની સત્તા નહોતી. ફોજદારી અદાલતમાં કાઉન્સિલનો જુનિયર સભ્ય એ એનો ચીફ જજ અને બીજા ત્રણ ઊતરતી કક્ષાના ન્યાયાધીશો હતા, જેઓ જિલ્લાઓની બધી જ ફોજદારી અને પોલીસ બાબતો ઉપર નિરીક્ષણ કરતા.

ગુજરાતમાં સદર અદાલતના કાર્યક્ષેત્રમાં પ્રાંતીય અદાલત હતી, જે અપીલ અને સર્કિટ કોર્ટ હતી. એનું સ્થાન સુરતમાં હતું અને એમાં ત્રણ ન્યાયાધીશ હતા. આ કોર્ટ દીવાની અદાલત તરીકે કામ કરતી, જ્યારે ન્યાયાધીશોમાંનો

એક દર છ મહિને સુરત અને બીજાં કેંદ્રો ઉપર સેશન્સ ભરતો. આ અદાલત મૃત્યુદંડ, હદપારી કે આજન્મ કેદની સજા કરી શકતી, પરંતુ એ માટે સદર ફોજદારી અદાલતની મંજૂરી લેવી પડતી. ઈ. સ. ૧૮૩૦ માં આ અદાલત નાબૂદ કરવામાં આવી. ભરૂચ સુરત અને અમદાવાદ–ખેડા જિલ્લાઓનાં મુખ્ય મથકોએ દીવાની અને ફોજદારી કેસો માટે એક એક ન્યાયાધીશ નીમવામાં આવ્યો. એને મદદ કરવા મદદનીશ ન્યાયાધીશ કે રજિસ્ટ્રાર આપવામાં આવ્યા. દીવાની ન્યાયની બાબતમાં દરેક જિલ્લામાં અનેક મુન્સિફ હતા તેમજ દરેક મુખ્ય મથકના નગરમાં એક કે વધારે સદર અમીનો હતા. ફોજદારી કેસોમાં જિલ્લાનો ન્યાયાધીશ છ મહિનાની એકાંત કેદની સજા, સાત વર્ષની સખત મજૂરી સાથેની કેદની શિક્ષા, ફટકાની સજા, જાહેરમાં અપમાનિત કરવાની અને વ્યક્તિની અટકાયતની સજા કરી શકતો, પરંતુ એ માટે સર્કિટ અદાલતની પરવાનગીની જરૂર હતી. અમદાવાદ ખેડા ભરૂચ અને સુરતના ચાર જિલ્લાઓના કલેક્ટરોને મૅજિસ્ટ્રેટની સત્તાઓ આપવામાં આવી હતી ને એમને દંડ, બે મહિનાથી વધારે નહિ તેવી સાદી કેદની સજા, તથા વ્યક્તિનું નિયંત્રણ કરવાની સત્તા હતી. કલેક્ટરોના હાથ નીચેના દેશી જિલ્લા પોલીસ અધિકારીઓ અને ગ્રામ પોલીસ અધિકારીઓને નાના કેસોમાં અપરાધીને શિક્ષા કરવાની સત્તા હતી.[૫]

૧૮૩૦ માં ન્યાયવ્યવસ્થામાં ફેરફાર થયા. બધા જ મૂળ દીવાની દાવા ચલાવવાનું કાર્ય ભારતવાસીઓને સોંપાયું અને ગુજરાત માટે ખાસ ન્યાયાધીશ કમિશનરોની નિમણૂક કરવામાં આવી. કલેક્ટર, મદદનીશ કલેક્ટર અને મામલતદારોની મૅજિસ્ટ્રેટ તરીકેની સત્તાઓમાં વધારો કરવામાં આવ્યો. કલેક્ટરને મુખ્ય મહેસૂલી જમીનને લગતા દાવાઓ અને માલિકીને લગતી બાબતોનો ન્યાય આપવાનું કાર્ય સોંપવામાં આવ્યું.[૬]

ગુજરાતમાં સમુદ્રની આબકારી જકાતના વહીવટીતંત્રમાં એક કસ્ટમ્સ માસ્ટર અને એના એક ડેપ્યુટીની નિમણૂક કરવામાં આવી. લૉર્ડ ડેલહાઉસીએ જૂની પોસ્ટની વ્યવસ્થા નાબૂદ કરી અને એને સ્થાને અડધા આનાના પોસ્ટ-કાર્ડની એકસરખી વ્યવસ્થા બધે દાખલ કરી.[૭]

બૉમ્બે એજ્યુકેશન સોસાયટીએ ઈ. સ. ૧૮૫૫ સુધીમાં ગુજરાતમાં પ્રાથમિક શાળાઓ શરૂ કરી હતી. ઈ. સ. ૧૮૪૦ માં બોર્ડ ઑફ એજ્યુકેશનની સ્થાપના થઈ અને એને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યું. દરેક વિભાગ ઉપર એક યુરોપિયન ઇન્સ્પેક્ટર અને એક ભારતીય મદદનીશ નીમવામાં આવ્યા. ૧૮૫૨ માં મુંબઈ સરકારે શાળાઓ શરૂ કરવા માટે બોર્ડની આર્થિક મદદ વધારી આપી,

કન્યાશાળાઓ ખાનગી રાહે ચલાવવાનું ચાલુ રાખવામાં આવ્યું. ૧૮૫૫ માં 'ડિપાર્ટમેન્ટ ઑફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન'ની રચના કરવામાં આવી.[૮]

૧૮૧૨ માં પસાર કરવામાં આવેલાં નિયમનો મુજબ પોલીસના ત્રણ મૅજિસ્ટ્રેટોને પોલીસ બાબતોનો કાબૂ સોંપવામાં આવ્યો. એમને મદદ કરવા પોલીસદળના વડા ડેપ્યુટી ઑફ પોલીસ અને હેડ કૉન્સ્ટેબલની નિમણૂક કરવામાં આવી. સમયે સમયે પોલીસદળની સંખ્યા વધારવામાં આવી. ૧૮૫૫ માં પોલીસની અણઆવડત અને લાંચરુશવતના નિયમન માટે ૧૮૫૬ માં કાયદો ઘડવામાં આવ્યો, ને આ માટે એક જિલ્લા પોલીસ ઑફિસરને પોલીસદળના સુપરિન્ટેન્ડેન્ટ તરીકે નીમવામાં આવ્યો.[૯]

પોલીસતંત્રના એક ભાગ તરીકે પટેલ એ પોતાના ગામના પોલીસ-કાર્ય માટે જવાબદાર હતો અને બીજો ગામ–ચોકીદાર કે રખેવાળ હતો. ગામમાં ચોરી થાય તો ચોકીદારે ચોરને શોધી કાઢવાનો હતો. એ ચોરનું પગેરું શોધતો અને જો આ પગેરું એને બીજા ગામ તરફ લઈ જાય અને ત્યાંના ચોકીદારને એ બાબતમાં સંતોષ થાય અથવા તો બાજુમાં આવેલા ગામમાંથી એ ચોરાયેલી મિલકતનો પતો મેળવે એટલે એની જવાબદારી પૂરી થતી. જે છેલ્લા ગામમાં ચોરનું પગેરું મળે તે ગામ ચોરાયેલી મિલકત માટે જવાબદાર ગણાતું અને ચોકીદારની શક્તિ મુજબ ચોરાયેલી મિલકતમાં એને ફાળો આપવાનો રહેતો, બાકીનો ફાળો ગામને ભોગવવાનો આવતો.[૧૦] ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીએ પોલીસની બધી જ સત્તા કલેક્ટર અને મૅજિસ્ટ્રેટને આપી. દરેક જિલ્લાને નાનાં પોલીસ-સર્કલોમાં વહેંચ્યો અને દરેક સર્કલના વડા તરીકે દારોગા કે હેડ કૉન્સ્ટેબલને રાખ્યા.[૧૧]

કલેક્ટર અને મૅજિસ્ટ્રેટ દ્વારા ચાલતી પોલીસ–વ્યવસ્થા ૧૮૪૮ સુધી ચાલુ રહી. પ્રકીર્ણ ફરજો જિલ્લા પોલીસ એજન્સીને આપવામાં આવી. ૧૮૩૪ માં સુરત સિબંદીઓની રચના થાણાં–લશ્કર ઉપરથી કરવામાં આવી. ૧૮૩૮ માં લેફ્ટેનન્ટ લેકીએ ગુજરાત કૂલી કોર્પ્સની રચના કરી.[૧૨]

૧૮૫૨ માં નવી પોલીસ–પદ્ધતિ સિંધની જેમ પ્રેસિડેન્સીના બીજા ભાગોમાં દાખલ કરવામાં આવી. તાલુકા સુપરિન્ટેન્ડેન્ટ પોલીસ કલેક્ટરના હાથ નીચે મૂકવામાં આવ્યા, રેવન્યુ અધિકારીઓ પાસેથી પોલીસ–વહીવટી કાર્ય લઈ લેવામાં આવ્યું. સમગ્ર પ્રેસિડેન્સી માટે એક પોલીસ કમિશનરની નિમણૂક કરવામાં આવી, સામાન્ય જિલ્લા પોલીસ–નિરીક્ષણનું કાર્ય પ્રેસિડેન્સીના બે રેવન્યુ કમિશનરોને સોંપવામાં આવ્યું.[૧૩]

૧૮૫૫–૫૬ માં બૉમ્બે પ્રેસિડેન્સીને ન્યાયતંત્રની દૃષ્ટિએ આઠ જિલ્લાઓમાં વિભક્ત કરવામાં આવ્યું હતું. રેવન્યુ બાબત માટે એનું ૧૩ કલેક્ટરોમાં વિભાજન કરાયું. સદર અદાલત માટે ત્રણ ન્યાયાધીશો હતા, જેઓ દીવાની અને ફોજદારી ન્યાયનું કાર્ય કરતા. વળી આઠ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ, ત્રણ સીનિયર આસિસ્ટન્ટ જજ, ૭ આસિસ્ટન્ટ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ, સાત મુખ્ય સદર અમીન, તેર સદર અમીન અને ૭૩ મુન્સિફ હતા.[૧૪]

૧૮૫૫માં જેલો ઉપર ઇન્સ્પેક્ટર–જનરલની નિમણૂક કરવામાં આવી. ૧૮૫૬ માં જેલોમાં સુધારા કરવામાં આવ્યા અને એ સાથે કેદીઓનાં શિસ્ત અને સ્વાસ્થ્ય અંગે પગલાં ભરવામાં આવ્યાં.[૧૫]

જાહેર કાર્યો, ધાર્મિક અને મેડિકલ ડિપાર્ટમેન્ટ માટે ખાસ પ્રગતિ થઈ શકી નહોતી. ૧૮૫૫–૫૬ માં બૉમ્બે ડાયોસીસે ૩૨ કલર્જીઓની નિમણૂક કરી. બિશપ ઑફ ધ સીના કાબૂ નીચે ચૅપ્લેઈનો હતા. ૧૮૩૮ માં મુંબઈના પ્રથમ બિશપ તરીકે ડૉ. કારની નિમણૂક થઈ હતી. આરોગ્ય–વ્યવસ્થા માટે ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીએ પોતાની ફૅક્ટરીઓ અને પૂર્વ તરફ વેપાર કરતાં વહાણોના પોતાના કર્મચારીવર્ગ અને લશ્કર માટે ઇંગ્લેન્ડથી સર્જનોને મોકલ્યા હતા, તેમાંથી 'ઇન્ડિયન મેડિકલ સર્વિસ'ની રચના થઈ. ૧૮૫૩ માં આ નોકરી ભારતવાસીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા ખુલ્લી મૂકવામાં આવી અને ૧૮૫૫ માં આવી પ્રથમ પરીક્ષા લેવામાં આવી.[૧૬]

## (આ) તાજનું વહીવટીતંત્ર (૧૮૫૮થી ૧૯૧૪)

કમ્પનીએ સર્જેલા વહીવટીતંત્રના માળખામાં બ્રિટિશ તાજ દ્વારા સુધારા કરવામાં આવ્યા.

આ સમયે કાઠિયાવાડમાં ૧૯૩થી વધારે નાનાં રાજ્ય હતાં. એ બધાંમાં મુંબઈ સરકારે ફોજદારી અદાલતો સ્થાપી અને એના ઉપર પોલિટિકલ એજન્ટને રાખવામાં આવ્યો. ૧૮૬૩ સુધી ન્યાયતંત્રની દૃષ્ટિએ કાઠિયાવાડને ચાર પ્રાંતોમાં વહેંચવામાં આવ્યો ને દરેક ઉપર એક આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ નીમવામાં આવ્યો. એને દીવાની અને ફોજદારી સત્તાઓ આપવામાં આવી. પછીનાં વર્ષોમાં ચાર આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટોને મદદ માટે એક એક ડેપ્યુટી આપવામાં આવ્યો, જેને દરેક પ્રાંતના મુખ્ય મથકે મૂકવામાં આવ્યો. એને કેટલીક દીવાની અને ફોજદારી ન્યાયની સત્તા સોંપવામાં આવી. ૧૯૦૩ માં પોલિટિકલ એજન્ટ અને એના ચાર આસિસ્ટન્ટોના હોદ્દાઓનાં નામ બદલીને 'પ્રાંતોના ગવર્નરના એજન્ટ' અને 'પોલિટિકલ એજન્ટો' રાખવામાં આવ્યા.[૧૭]

ગુજરાતની સરહદે આવેલાં રાજ્યોના વહીવટ માટે કે જ્યાં વિશાળ સંખ્યામાં જંગલી જાતિઓ વસતી હતી ત્યાં ૧૮૩૮ માં મુંબઈ સરકારે સરહદી પંચાયતો સ્થાપી. ૧૮૭૬ માં આ પંચાયતોને નિયમિત અદાલતોમાં ફેરવીને એના ઉપર એક બ્રિટિશ અધિકારી નીમવામાં આવ્યો. આ અદાલતો ૧૯૧૪ સુધી ચાલુ રહી હતી.[૧૮]

રૈયતવારી પદ્ધતિ મુજબ જમીનમાલિક પાસેથી મહેસૂલ ઉઘરાવવામાં આવતું અને તેથી જમીનના ખેડાણ અને આંતરિક વેપારને ઉત્તેજન મળ્યું હતું. મુંબઈ સરકારે સર્વે ડિપાર્ટમેન્ટ વ્યવસ્થિત કર્યું હતું. દરેક જમીનના ક્ષેત્રનું માપ લેવામાં આવ્યું. આનાવારી પ્રમાણે એનું વર્ગીકરણ કરવામાં આવ્યું. એ પછી બજારો, ધોરી માર્ગોનું સાંનિધ્ય અને બીજી આર્થિક પરિસ્થિતિઓને ધ્યાનમાં લઈને ગામોને જૂથમાં વહેંચવામાં આવ્યાં. દરેક જૂથની સરાસરી કિંમત નક્કી કરવામાં આવી અને ૧૮૪૦ માં કેટલાક પાયાના નિયમ ઘડી કાઢવામાં આવ્યા, જેના આધારે જમીન-વેરાની પદ્ધતિ અસ્તિત્વમાં આવી. ૧૮૫૨ માં ઇનામ કમિશનની નિમણૂક કરવામાં આવી.[૧૯]

૧૯૧૪ માં મુંબઈ સરકારમાં એક ગવર્નર અને એની કાઉન્સિલમાં ત્રણ સામાન્ય સભ્ય હતા. ગવર્નરને રાજકીય ખાતું, જાહેર સેવા ખાતું, અને સામાન્ય ખાતું, તેમજ ધારાકીય કાઉન્સિલને લગતી બાબતો સોંપવામાં આવી. મહેસૂલ-સભ્યને મહેસૂલ, નાણાવિષયક અને રેલવે બાબતો સોંપવામાં આવી. કાઉન્સિલના બીજા બે સભ્યોને શહેરી અને જિલ્લા પોલીસ, કેળવણી, વહાણવટું અને પ્રકીર્ણ ખાતાં અને સ્થાનિક અને જાહેર આરોગ્ય વહેંચી આપવામાં આવ્યાં. કાઉન્સિલમાં આવતા પ્રશ્નોનો નિર્ણય બહુમતી દ્વારા લેવામાં આવતો.[૨૦]

પ્રજાનાં કામકાજને લગતા બધા જ પત્ર સેક્રેટરિયેટ દ્વારા સરકારને પહોંચતા, સેક્રેટરિયેટની રચના નીચે પ્રમાણે હતી : મહેસૂલ અને નાણાં ખાતાઓ માટે એક સેક્રેટરી અને અન્ડર-સેક્રેટરી, રાજકીય ન્યાયકીય અને ખાસ ખાતાંઓ માટે એક સનંદી સેક્રેટરી અને એક અન્ડર-સેક્રેટરી તથા બે બિનસનંદી આસિસ્ટન્ટ સેક્રેટરીઓ; સામાન્ય, કેળવણીવિષયક, વહાણવટું અને પ્રકીર્ણ ખાતાંઓ માટે એક સેક્રેટરી (સનંદી નાગરિક) અને એક સનંદી આસિસ્ટન્ટ સેક્રેટરી; કાયદાખાતા માટે એક સનંદી સેક્રેટરી અને એક સનંદી આસિસ્ટન્ટ તથા આસિસ્ટન્ટ સેક્રેટરી હતો. જાહેરકાર્યોના ખાતા માટે (જેમાં રેલવેનો સમાવેશ થતો) એક સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી અને બે અન્ડર-સેક્રેટરીઓ હતા. ચીફ સેક્રેટરીના તાબામાં એક અલાયદું ખાતું હતું અને એને મદદ કરવા પીઢ દીવાની અન્ડર સેક્રેટરીઓ હતા.[૨૧]

૧૮૬૫ માં પ્રેસિડેન્સીના બધા જ જિલ્લાઓનું ન્યાયતંત્ર હાઈકોર્ટને સોંપવામાં આવ્યું, જેમાં એક ચીફ જસ્ટિસ અને સાત ન્યાયાધીશ હતા.[૨૨]

હાઈકોર્ટનાં બધાં જ કાર્ય જ્યુડિશિયલ કમિશનર દ્વારા કરવામાં આવતાં, જેણે ૧૯૦૬ માં સદર અદાલતનું સ્થાન લીધું હતું. મુંબઈ હાઈકોર્ટ ઉપરાંત પ્રેસિડેન્સીમાં દીવાની ન્યાય માટે ચાર દરજ્જાની અદાલતો હતી, જેમાં જિલ્લાની અદાલતો અને આસિસ્ટન્ટ ન્યાયાધીશો અને પ્રથમ અને દ્વિતીય વર્ગના ન્યાયાધીશો હતા. ૧૮૬૮–૬૯ થી સદર અમીન અને મુન્સિફનાં જૂનાં બિરુદ રદ કરીને હાથ નીચેના જજોને એમને સ્થાને નીમવામાં આવ્યા અને એ સાથે ન્યાયતંત્રના જિલ્લાઓની સંખ્યા અને હદોમાં ફેરફાર કરવામાં આવ્યા. ૧૯૧૪ માં તાલુકા ન્યાયખાતામાં ૧૭ જજો, ૩ જોઈન્ટ જજોની અને ૭ આસિસ્ટન્ટ જજો હતા. પ્રથમ અને દ્વિતીય વર્ગના હાથ નીચેના જજોની સંખ્યા ૧૭ અને ૮૯ અનુક્રમે હતી. હાથ નીચેના જજોમાંથી ચાર જજોને આસિસ્ટન્ટ જજો જ્યારે પોતાના જિલ્લાઓમાં નિરીક્ષણ માટે હોય ત્યારે એમને મદદ કરવાની હતી. સુરત જિલ્લાના જજોને પારસી લગ્ન અદાલતોનું કામ કરવાનું હતું. નાનાં દેવાંઓની અને માગણીઓની ચુકવણી માટે સ્મૉલ કૉઝ કોર્ટોને ઝડપી નિર્ણયની સત્તાઓ આપવામાં આવી હતી. આવી કોર્ટો અમદાવાદ નડિયાદ સુરત અને ભરૂચમાં હતી. ૧૮૭૯ ના કાયદા પ્રમાણે ગામ-મુન્સિફો અને 'સમજૂતી કરાવનારાઓ'ની નિમણૂકો કરવામાં આવી. બીજી દીવાની અદાલતોમાં કેન્ટોનમેન્ટ મૅજિસ્ટ્રેટો હતા. ૧૯૦૬ માં મામલતદારોને સ્થાવર મિલકતોની માલિકીને લગતા દાવાઓ ઉપર સત્તા સોંપવામાં આવી હતી.[૨૩]

૧૮૬૭ માં 'ડિસ્ટ્રિક્ટ પોલીસ ઍક્ટ' અસ્તિત્વમાં આવ્યો, જે ૧૮૯૦ સુધી અમલમાં રહ્યો. પોલીસ વહીવટીતંત્રને રેવન્યુ કમિશનરોના નિરીક્ષણ નીચે મૂકવામાં આવ્યું. ૧૮૮૫ માં પ્રેસિડેન્સીના ડિસ્ટ્રિક્ટ પોલીસનું વહીવટીતંત્ર 'ધ ઇન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ' જેવા એક અધિકારીને સુપરત કરવામાં આવ્યું.[૨૩અ]

૧૮૮૫ માં પંચમહાલ જિલ્લાનો સમાવેશ રેગ્યુલેશન ડિસ્ટ્રિક્ટોમાં કરવામાં આવ્યો, મેવાસી ઠાકોરોના ગામો ઉપર પશ્ચિમ ખાનદેશના કલેક્ટરને દીવાની અને ફોજદારી અધિકારક્ષેત્ર આપવામાં આવ્યું.[૨૪]

૧૯૧૪ માં બૉમ્બે પ્રેસિડેન્સીના મહેસૂલી વહીવટીતંત્રમાં ચાર રેવન્યુ કમિશનરો, ૧૧ સીનિયર અને દસ જુનિયર કલેક્ટરો, ૧૭ પ્રથમ અને ૧૮ દ્વિતીય મદદનીશ કલેક્ટરો, ૬૧ ડેપ્યુટી કલેક્ટરો હતા. રેવન્યુ વહીવટીતંત્ર ચાર કલેક્ટરો, બે ડેપ્યુટી કમિશનરો, ૭ મદદનીશ કલેક્ટરો અને ૨૨ ડેપ્યુટી કલેક્ટરો દ્વારા ચાલતું હતું.[૨૫]

જિલ્લામાં બાર તાલુકા હતા. દરેક તાલુકામાં લગભગ ૧૦૦ ગામ સરકારી હતાં. દરેક ગામમાં નિયમિત અધિકારીઓ હતા, જેઓ વારસાગત હોદ્દા ભોગવતા હતા. એમાં પટેલ તલાટી અને ચોકીદારનો સમાવેશ થતો. ગામના મહેસૂલના હિસાબનો આધાર સર્વે-રજિસ્ટર ઉપર રહેતો. દરેક જમીન-માલિકને એક પહોંચબુક આપવામાં આવતી. દરેક વર્ષે ગામની જમાબંદી નક્કી કરવામાં આવતી. મદદનીશ કે ડેપ્યુટી કલેક્ટર પોતાના તાબાના ગામની વર્ષમાં એક વાર મુલાકાત લેતો.[૨૬]

મામલતદારના તાબા નીચે તાલુકો હતો. એના તાલુકાના કોશની કાર્યવાહીની જવાબદારી એની હતી. એના હાથ નીચેનાં ગામોમાંથી મહેસૂલ-હપ્તા નિયમ પ્રમાણે ઉઘરાવાય છે કે નહિ એ એને જોવાનું હતું. એ હાથ નીચેના મૅજિસ્ટ્રેટ તરીકે કાર્ય કરતો. એને મદદ કરવા માટે કેટલીક સંખ્યાનાં ગામ સર્કલ-ઇન્સ્પેક્ટરોના અને મામલતદારની કચેરીના બીજા સભ્યોના હાથ નીચે મૂકવામાં આવ્યાં.[૨૭]

મામલતદારની ઉપર આસિસ્ટન્ટ કે ડેપ્યુટી કલેક્ટર હતો તેના તાબા નીચે સરેરાશ ત્રણ તાલુકા હતા. વર્ષના સાત મહિના આ તાલુકાઓમાં એણે પ્રવાસ કરવાનો હતો.[૨૮]

આસિસ્ટન્ટ અને ડેપ્યુટી કલેક્ટરોની ઉપર કલેક્ટર અને મૅજિસ્ટ્રેટ હતો, જેના હાથ નીચે સમગ્ર જિલ્લો આવતો. એ આ વિસ્તારમાં વર્ષના ચાર મહિના પ્રવાસ કરતો, રેવન્યુ અને મૅજિસ્ટ્રેટના કાર્યનું નિરીક્ષણ કરતો, એક્સાઇઝ અને બીજા ખાસ કરવેરાનો અને સ્ટૅમ્પ-રેવન્યુનો વહીવટ સંભાળતો.

છેલ્લે, રેવન્યુ વહીવટીતંત્ર ઉપરનું સામાન્ય નિરીક્ષણ ત્રણ કમિશનરો (પ્રેસિડેન્સીના ઉત્તર મધ્ય અને દક્ષિણ વિભાગો) કરતા અને કાબૂ રાખતા.[૨૯]

જાહેર સેવા ખાતું (પી. ડબલ્યુ. ડી.) ધીમે ધીમે વ્યવસ્થિત કરવામાં આવ્યું. ૧૯૧૪માં રેલવે શાખા માટે બે ચીફ ઍન્જિનિયર નિમાયા. સીનિયર એ સરકારનો સેક્રેટરી અને જુનિયર એ જૉઇન્ટ સેક્રેટરી બન્યો. ૭ નિરીક્ષક ઍન્જિનિયરો, ૩૮ એક્ઝિક્યુટિવ ઍન્જિનિયરો અને ૫૯ આસિસ્ટન્ટ ઍન્જિનિયરો હતા. ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટર અને દસ હંગામી ઍન્જિનિયર પણ નિમાયા.[૩૦]

૧૮૬૦માં મુંબઈમાં જંગલ વહીવટતંત્રની વ્યવસ્થા થઈ. પ્રેસિડેન્સીને ચાર જંગલ સર્કલોમાં વહેંચવામાં આવી. ૧૯૦૭ અને ૧૯૧૧માં એની પુનર્રચના થઈ. એમાં ત્રણ કૉન્ઝર્વેટર, ૨૪ ડેપ્યુટી કે આસિસ્ટન્ટ કૉન્ઝર્વેટર, પ્રાંત માટે પાંચ વધારાના ડેપ્યુટી કૉન્ઝર્વેટર, અને ૨૩ વધારાના આસિસ્ટન્ટ કૉન્ઝર્વેટર રાખવામાં આવ્યા. ૧૮૮૮માં જંગલોની સર્વે હાથ ધરવામાં આવી અને ૧૯૧૮ સુધીમાં ફૉરેસ્ટ સેટલમેન્ટનું કાર્ય પૂર્ણ થયું.[૩૧]

૧૮૬૫ માં ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓનું સંચાલન બોર્ડ ઑફ મૅનેજમેન્ટ દ્વારા થતું તે હવે જિલ્લા અને લોકલ બોર્ડો દ્વારા ચલાવવામાં આવતી. સરકાર શાળાઓને ગ્રાન્ટ આપતી. આ માટે એક ઇન્સ્પેક્ટર, ડેપ્યુટી ઇન્સ્પેક્ટર અને મદદનીશોનો સ્ટાફ રાખવામાં આવ્યો.[૩૨]

૧૮૮૪ માં જમીનની નોંધણી અને ખેતીવાડી માટે એક ખાતું શરૂ થયું. એ માટે સનંદી ડાયરેક્ટરની નિમણૂક થઈ. ૧૯૦૫ માં ડાયરેક્ટર ઑફ ઍગ્રિકલ્ચર અને ડાયરેક્ટર ઑફ લૅન્ડ રેકૉર્ડ્સ નીમવામાં આવ્યા અને એ સાથે ડેપ્યુટી ડાયરેક્ટર, ઍગ્રિકલ્ચર કેમિસ્ટ અને એક ઇકોનોમિક બોટનિસ્ટની નિમણૂક થઈ. ૧૯૦૩ માં કો-ઑપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ઍક્ટ પસાર કરવામાં આવ્યો. આવી સોસાયટીઓનું કાર્ય રજિસ્ટ્રારને સોંપાયું. એને મદદ કરવા મદદનીશ રજિસ્ટ્રારો ઑડિટરો અને બીજા અધિકારીઓ આપવામાં આવ્યા.[૩૩]

પ્રકીર્ણ ખાતાંઓના વહીવટમાં કસ્ટમ્સ મીઠું અફીણ અને આબકારીના ચાર કમિશનરોને મદદ માટે જરૂરી મદદનીશો કારકૂનો અને મજૂરો આપવામાં આવ્યા. મીઠાનું ખાતું અલગ કરવામાં આવ્યું; એ કસ્ટમ્સના કમિશનરના હાથ નીચે મૂકવામાં આવ્યું. ખાસ સેવાઓ, જેવી કે નહેર, રસ્તા અને મકાનો, ખેતીવાડી ઉદ્યોગો, કારખાનાં અને સહકારી ક્રેડિટ એ બધાં માટે અલગ સ્ટાફ રાખવામાં આવ્યો. એ માટે દરેક ખાતા ઉપર એક અધિકારી નીમવામાં આવ્યો.[૩૪]

આમ સમગ્ર બ્રિટિશ હિંદની નીતિના એક ભાગ તરીકે મુંબઈ પ્રેસિડેન્સી હતી અને એનાય એક નાના ભાગ તરીકે ગુજરાત ઉપર વહીવટ ચાલતો.

## ૨. રિયાસતોનો રાજ્યવહીવટ

અંગ્રેજ સરકારે દેશી રાજ્યોનું એકથી સાત વર્ગમાં વિભાજન કરીને તેઓની દીવાની અને ફોજદારી સત્તાઓ નિશ્ચિત કરી આપી હતી અને એ સત્તાઓની મર્યાદામાં રહીને દેશી રાજ્યો પોતાનો વહીવટ ચલાવતાં. આ ઉપરાંત અંગ્રેજ સરકારે 'સલામી રાજ્યો' અને 'બિનસલામી રાજ્યો' એવા બે વર્ગ પણ પાડ્યા હતા. પહેલા અને બીજા વર્ગનાં રાજ્યોના વડાઓને તોપોની સલામી આપવામાં આવતી તેથી એ 'સલામી રાજ્યો' ગણાતાં, જ્યારે ત્રીજાથી સાતમા વર્ગનાં રાજ્યોના વડાઓને તોપોની સલામી આપવામાં આવતી ન હતી તેથી એ 'બિનસલામી રાજ્યો' તરીકે ઓળખાતાં હતાં.

### રાજાનાં સ્થાન અને સત્તાઓ

રાજ્યમાં સર્વોચ્ચ વડા તરીકે રાજા હતો, જે પોતાને 'મહારાજા' 'મહારાણા' 'જામસાહેબ' 'શ્રીરાજ' 'નવાબ' 'સેનાખાસખેલ સમશેરબહાદુર' 'ઠાકોર'

'દરબાર' વગેરે પરંપરાગત બિરુદ અથવા ખિતાબથી ઓળખાવતો. અંગ્રેજ અધિકારીઓ એને પત્ર લખે ત્યારે એને માટે નિશ્ચિત થયેલા બિરુદથી જ એને સંબોધન કરતા. રાજ્યમાં સૌથી ઊંચા સ્થાને રાજાની કચેરી અને રાજાની અદાલત હતી, જે અનુક્રમે 'હજૂર ઑફિસ' અને 'હજૂર કોર્ટ' તરીકે ઓળખાતી. રાજ્યના અધિકારીઓની નિમણૂક કરવાની કે એમને છૂટા કરવાની રાજાને સંપૂર્ણ સત્તા હતી. મહત્ત્વના હુકમો કે પરિપત્રો રાજાના નામથી નીકળતા અને એ 'હજૂર હુકમ' તરીકે ઓળખાતા. દીવાની તથા ફોજદારી બાબતોમાં પહેલા અને બીજા વર્ગના રાજાઓને સંપૂર્ણ સત્તાઓ આપવામાં આવી હતી. એમને સ્વતંત્ર રીતે કાયદા ઘડવાની પણ સત્તા હતી. દરેક રાજ્યને પોતાનું સ્વતંત્ર પ્રતીક, સૂત્ર તેમ ગીત હતું. રાજાનો અંગત મંત્રી એનાં કાર્યોમાં એને મદદ કરતો.

આમ આંતરિક રીતે રાજાઓ સ્વતંત્ર હતા, પરંતુ જરૂર પડે તો કેટલાક સંજોગોમાં અંગ્રેજ સરકારને એમાં 'દરમ્યાનગીરી કરવાનો' અધિકાર હતો.[૩૫] અંગ્રેજ સરકાર પોતાને 'સર્વોપરિ સત્તા' તરીકે ઓળખાવતી હતી.

દરેક રાજા એના જન્મદિવસે, રાજ્યાભિષેકના દિવસે, નૂતન વર્ષના દિવસે, વિશિષ્ટ મહેમાનની મુલાકાતના દિવસે કે અન્ય કોઈ ઉત્સવ કે ઉજવણીના પ્રસંગે રાજદરબાર ભરતો તેમાં રાજ્યના અધિકારીઓ તથા પ્રજાના આગેવાનો હાજરી આપતા. ચારણો રાજાની પ્રશસ્તિ કે પ્રસંગને અનુરૂપ કાવ્ય રજૂ કરતા. રાજાના જન્મદિવસે તથા રાજ્યાભિષેકના દિવસે રાજ્યમાં જાહેર રજા પણ રાખવામાં આવતી.

રાજાનું અવસાન થાય ત્યારે એ વિસ્તારના પોલિટિકલ એજન્ટે ગવર્નરને એની જાણ કરવી પડતી અને એ સાથે એ રાજ્ય રાજા તથા એના વારસદારની તમામ જરૂરી વિગતો જણાવવી પડતી.[૩૬] ગવર્નર આ વિગત હિંદી સરકારને જણાવતો.

જો રાજાના અવસાન પછી ગાદીના વારસ અંગે વિવાદ ઊભો થાય તો એ વિવાદનો ઉકેલ આવે ત્યાં સુધી વહીવટદાર(Administrator)ની નિમણૂક કરવામાં આવતી. જો ગાદીએ આવનાર નવો રાજા સગીર ઉંમરનો હોય તો એના વતી રાજ્ય ચલાવવા માટે એની માતા દાદી કે કાકા વગેરે નજીકનાં સગાંઓમાંથી કોઈ એકની 'રિજન્ટ' તરીકે નિમણૂક થતી અથવા બે કે ત્રણ સગાંઓની સમિતિ રચવામાં આવતી, જે 'રિજન્સી' તરીકે ઓળખાતી. એ ઉપરાંત વહીવટદારની નિમણૂક પણ થતી.

વહીવટદારની નિમણૂક પોલિટિકલ એજન્ટ અથવા એજન્ટ ટુ ધી ગવર્નર દ્વારા થતી. એને પોલિટિકલ એજન્ટ અથવા એજન્ટ ટુ ધી ગવર્નરની સૂચના

અને માર્ગદર્શન નીચે કામ કરવાનું હતું તેમજ એની મંજૂરી વગર એ રાજ્યની નીતિ અથવા કાયદાઓમાં સુધારાઓ કરી શકતો નહિ. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની એની ફરજ હતી.

સગીર ઉંમરનો રાજા પુખ્ત ઉંમરનો થાય ત્યારે પ્રજાની હાજરીમાં જાહેર રાજ્યારોહણ–સમારંભ કરીને એને વહીવટી સત્તાઓ વિધિસર રીતે સોંપવામાં આવતી. રાજ્યારોહણનો સમારંભ ભવ્ય રીતે ઊજવવામાં આવતો.[૩૭]

દેશી રિયાસતોના રાજાઓ જ્યારે પોલિટિકલ એજન્ટને મળવા જાય ત્યારે પોલિટિકલ એજન્ટ એમના સ્વાગત માટે પોતાનો પ્રતિનિધિ અને રાજાની કક્ષા પ્રમાણે નક્કી થયેલા ઘોડેસવારો મોકલતો. કોઠીમાં રાજાનું સંમાન કરીને એને પાન–અત્તર વગેરે આપવામાં આવતાં. રાજાની કક્ષા પ્રમાણે એને તોપોની સલામી આપવામાં આવતી. પ્રથમ વર્ગના રાજાને ગાર્ડ ઑફ ઑનર પણ આપવામાં આવતું.[૩૮] મુલાકાત કેટલા સમય માટે છે અને એ મુલાકાત દરમ્યાન કોણે કયાં બેસવાનું છે તથા શું કરવાનું છે એની વિગતવાર સૂચનાઓ રાજાને તથા એના માણસોને અગાઉથી આપી દેવામાં આવતી.

ગવર્નરને મળવા જતી વખતે પોશાકના ભપકા અને કિંમતીપણામાં ભારે હરીફાઈ થતી. ગવર્નરને મળતા પહેલાં રાજવીઓને 'રિહર્સલ' કરાવવામાં આવતું અને એ વખતે પોશાક, ફેંટો, તલવારના પટ્ટા અને મ્યાન કેવાં અને કેમ રાખવાં એની સૂચના અપાતી.[૩૯]

પોલિટિકલ એજન્ટ કે ગવર્નર જ્યારે દેશી રાજ્યની મુલાકાતે જાય ત્યારે રાજા એના અધિકારીઓ સાથે એના સ્વાગત માટે રેલવેના સ્ટેશને કે ગામને પાદરે આવતો. એમને તોપોની સલામી તથા ગાર્ડ ઑફ ઑનર આપવામાં આવતાં. એ પછી શહેરમાં સવારી નીકળતી. એમને જ્યાં ઉતારો આપવાનો હોય ત્યાં એમની સાથે જઈને રાજા એમને પાન, ગુલાબ તથા અત્તર આપતો. કેટલીક વાર આ અધિકારીઓને ખુશ કરવા રાજા શિકારના કાર્યક્રમ પણ યોજતો.

રાજા ગવર્નરને એની પૂર્વ મંજૂરી વગર મળી શકતો નહિ અને એ મંજૂરી તથા મુલાકાતનો દિવસ પોલિટિકલ એજન્ટ મારફત જ નક્કી થઈ શકતો. રાજાઓની આબુ મહાબળેશ્વર માથેરાન કાશ્મીર સીમલા દિલ્હી અને યુરોપની મુલાકાતો માટે નિયમો નક્કી કરવામાં આવ્યા હતા.

## દીવાન અથવા મુખ્ય કારભારી

રાજાને વહીવટી બાબતોમાં સલાહ અને મદદ આપવા માટે 'દીવાન' અથવા 'મુખ્ય કારભારી' નામનો અધિકારી રહેતો. એ રાજ્યનાં બધાં ખાતાંઓ ઉપર

દેખરેખ રાખતો તેમજ રાજ્યની સામાન્ય નીતિ નક્કી કરતો. એણે રાજા પ્રજા તથા અંગ્રેજ સરકાર વચ્ચે સમતુલા જાળવીને વહીવટ ચલાવવાનો રહેતો. કેટલીક વાર રાજકુટુંબના ઝઘડા પણ એને પતાવવા પડતા. એ રાજાનો મુખ્ય વિશ્વાસુ માણસ હતો અને રાજ્યની પ્રગતિ કે પીછેહઠનો એના પર આધાર રહેતો. કેટલીક વાર અંગ્રેજ સરકારમાં વકીલ મામલતદાર કે ન્યાયાધીશ તરીકે સફળ કામગીરી કરનારને દેશી રાજ્યમાં દીવાન તરીકે નીમવામાં આવતા.

## મુખ્ય ખાતાં

દરેક રિયાસતમાં સામાન્ય રીતે નીચે પ્રમાણે મુખ્ય ખાતાંઓ રહેતાં :

### ૧. લશ્કર અને પોલીસ

'વૉકર–કરાર' પછી રાજાઓ વચ્ચે આંતરિક લડાઈઓને સ્થાન ન હતું એટલે રાજ્યોને મોટાં લશ્કર રાખવાની હવે જરૂર ન હતી, છતાં પ્રથમ વર્ગનાં રાજ્યો તરફથી કેટલીક 'સિબંદી' રાખવામાં આવતી. અને રાજાનો મહેલ, દરબારગઢ, વહીવટી કચેરીઓ, તિજોરી વગેરેના રક્ષણની જવાબદારી સોંપવામાં આવતી. સિબંદીને કેટલાક 'બેડાઓ'(જૂથો)માં વહેંચી નાખવામાં આવતી અને દરેક 'બેડા'ના ઉપરી તરીકે એક 'જમાદાર' રહેતો. તોપોની સલામી વગેરે કામ માટે તોપદળમાં કેટલાક માણસ રાખવામાં આવતા. એ ઉપરાંત 'પલટણ' નામનું તાલીમ પામેલું અને શિસ્તબદ્ધ દળ પણ રાખવામાં આવતું, જેને જેલ માટેના રક્ષકો પૂરા પાડવાનું તેમજ વિશિષ્ટ પ્રસંગે ગાર્ડ ઑફ ઑનર આપવાનું કાર્ય કરવાનું હતું.[૪૦] બીજા વર્ગના રાજ્યમાં સિબંદીની સંખ્યા ઘણી ઓછી રહેતી. એમાં રાજમહેલ અને દરબારગઢના રક્ષણ માટે કેટલાક આરબોને રોકવામાં આવતા.

દરેક રાજ્યમાં પોલીસ ખાતાના ઉપરી તરીકે 'પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ' નામનો અમલદાર રહેતો. કેટલીક વાર રાજાના કોઈ સગાને, ભાયાતને અથવા અંગ્રેજને આ હોદ્દો સોંપવામાં આવતો. રાજ્યનાં કદ અને વસ્તી પ્રમાણે પોલીસોની સંખ્યા રાખવામાં આવતી. જરૂરિયાત પ્રમાણે એમાં વધારો કે ઘટાડો પણ થતો. દરેક ગામમાં યુનિફૉર્મ સાથેનો એક પોલીસ–પટેલ રહેતો. સૌરાષ્ટ્રનાં ઘણાખરાં ગામોમાં 'પક્કા પગી'ની વ્યવસ્થા હતી, એટલે કે કોઈ પણ ગામમાં ચોરી થાય તો પકડવાની જવાબદારી ત્યાંના પગીની રહેતી અને જો એ ચોરો ન પકડી શકે તો પંચકેસ પ્રમાણે જેટલી રકમની ચોરી થઈ હોય તેટલી રકમ પગીએ ભરપાઈ કરવી પડતી.

દેશી રાજ્યો તરફથી પોતાની જેલો પણ રાખવામાં આવતી. પ્રથમ વર્ગનાં રાજ્યોમાં એકથી વધારે જેલો રાખવામાં આવતી.[૪૧]

દેશી રિયાસતોમાં એવો નિયમ હતો કે રાજા અથવા ઠાકોરનો મોટો પુત્ર ગાદીનો વારસ બને અને બીજા પુત્રોને એકાદ-બે ગામની જાગીર મળે. એ એક-બે ગામનો તાલુકદાર પોતાને ત્યાંના ઠાકોર તરીકે ઓળખાવે, પરંતુ એની વાર્ષિક આવક ઘણી ઓછી હોવાને લીધે એ પોતાના વિસ્તારમાં યોગ્ય પોલીસતંત્ર તથા જેલની વ્યવસ્થા રાખી શકે નહિ. પરિણામે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્ન ઊભા થાય, તેથી અંગ્રેજ સરકારે આવા તાલુકાદારોના પ્રદેશની ફોજદારી સત્તા પોતાના હાથમાં લીધી અને એ અંગેની વ્યવસ્થા ગોઠવી. આવાં આઠથી દસ ગામોનું એક જૂથ બનાવવામાં આવ્યું. એ જૂથ માટે અલગ પોલીસ-થાણાની રચના કરવામાં આવી. એ થાણા ઉપર 'થાણદાર' નામનો અધિકારી અંગ્રેજ પોલિટિકલ એજન્ટ દ્વારા નીમવામાં આવતો અને એ અંગ્રેજ અધિકારીને જવાબદાર હતો. એનું તાલુકાદારો વતી ફોજદારી કાયદાનો અમલ કરવાનો હતો.[૪૨]

## ૨. જમીન-મહેસૂલ

જમીન-મહેસૂલનો આધાર જમીનની જાત અને પાકના પ્રકાર ઉપર રહેતો. કેટલાંક રાજ્યોમાં મહેસૂલ અનાજમાં લેવામાં આવતું, જેને 'ભાગબટાઈ' કહેવામાં આવતી. કેટલાંક રાજ્યોમાં મહેસૂલ રોકડ રકમમાં લેવામાં આવતું, જેને 'વિઘોટી' કહેવામાં આવતી. ભાગબટાઈની પદ્ધતિમાં સામાન્ય રીતે ઉત્પન્નનો ⅓ ભાગ લેવામાં આવતો અને વિઘોટીમાં એક એકર જમીને ⅓ રૂપિયો લેવામાં આવતો.[૪૩]

દરેક મોસમમાં પાક જ્યારે તૈયાર થાય ત્યારે ગામનો બધો પાક એક જગ્યાએ એકઠો કરવામાં આવતો. એ જગ્યાને 'ખળી' કે 'ખળાવાડ' તરીકે ઓળખવામાં આવતી. ત્યાંથી રાજ્યનો ભાગ જુદો પાડીને ગાડાંઓ મારફત રાજ્યના મુખ્ય મથકમાં લઈ જવામાં આવતો. જે જમીનનો પાક જમીનના માલિકો ખળી નાખ્યા વગર બહાર ખળી કરી ઉપાડી લેતા તે જમીન 'બારખલી' તરીકે અને એવી જમીનના માલિકો 'બારખલીદાર' તરીકે ઓળખાતા. ઈડર તથા પાલનપુર રાજ્યમાં કળતર-પદ્ધતિ પ્રચલિત હતી. એમાં દરબાર કે રાજ્યના અધિકારી પોતે ખેતર ઉપર જઈને ઊપજનો અંદાજ પંચ આગળ કઢાવતા અને જે રાજભાગ નક્કી થાય તે અનાજના રૂપમાં લેવામાં આવતો.

દરેક રાજ્યમાં મહેસૂલ ઉઘરાવવા તેમજ એને લગતા પ્રશ્ન પતાવવા માટે મહેસૂલ-ખાતું રાખવામાં આવતું અને એના ઉપરી તરીકે 'રેવન્યુ કમિશનર' અથવા 'રેવન્યુ કારભારી' નામનો અમલદાર નીમવામાં આવતો. એની નીચે વસૂલાત-અધિકારીઓ રહેતા. દુષ્કાળ-સમયે ખેડૂતોને રાહત આપવામાં આવતી.

નવાં ગામ વસાવાય ત્યારે ત્રણ વર્ષ સુધી મહેસૂલ માફ કરીને ખેડૂતોને જમીન આપવામાં આવતી.[૪૪]

## ૩. ન્યાય

દેશી રિસાયતોને ફોજદારી તથા દીવાની બાબતોમાં સંપૂર્ણ સત્તાઓ હતી અને એમના ચુકાદા વિરુદ્ધ કોઈ પણ બ્રિટિશ અદાલતમાં અપીલ કરી શકાતી નહિ. નવાનગર જેવા પ્રથમ વર્ગના રાજ્યમાં ફોજદારી બાબતો માટે હજૂર અદાલત, સર ન્યાયાધીશ અદાલત, ફર્સ્ટ કલાસ મૅજિસ્ટ્રેટની અદાલત, સેકન્ડ કલાસ મૅજિસ્ટ્રેટની અદાલત, થર્ડ કલાસ મૅજિસ્ટ્રેટની અદાલત તથા કેટલીક મહેસૂલી અદાલતો રાખવામાં આવતી,[૪૫] જ્યારે લીંબડી જેવા બીજા વર્ગના રાજ્યમાં હજૂર અદાલત, સર ન્યાયાધીશ અથવા જ્યુડિશિયલ કારભારીની અદાલત અને મુન્સિફ અથવા ન્યાયાધીશની અદાલત રાખવામાં આવતી.[૪૬] આમાં મુન્સિફની અદાલત ઉપર સર–ન્યાયાધીશની અદાલતને અને સર–ન્યાયાધીશની અદાલત ઉપર હજૂર અદાલતને અપીલ સાંભળવાની સત્તા હતી. રાજ્યની છેવટની કોર્ટ હજૂર અદાલત ગણાતી. એમાં રાજા પોતે અથવા રાજા વતી એનો દીવાન કે વહીવટદાર ન્યાય તોળવાનું કાર્ય કરતો.

દીવાની કામ માટે નવાનગર જેવા પ્રથમ વર્ગના રાજ્યમાં હજૂર અદાલત, સર–ન્યાયાધીશ અદાલત, મુન્સિફની અદાલત, મદદનીશ મુન્સિફની અદાલત, ન્યાયાધીશની અદાલત તથા સ્મૉલ કૉઝ કોર્ટ રાખવામાં આવતી, જ્યારે લીંબડી જેવા બીજા વર્ગના રાજ્યમાં હજૂર અદાલત, જ્યુડિશિયલ કારભારી અથવા સર–ન્યાયાધીશની અદાલત, મુન્સિફ અથવા ન્યાયાધીશની અદાલત અને સ્મૉલ કૉઝ કોર્ટ રાખવામાં આવતી. દરેક અદાલત કેટલી રકમ સુધીના દાવા ચલાવી શકે એ નિશ્ચિત કરવામાં આવતું. દીવાની બાબતોમાં પણ છેવટની અદાલત હજૂર અદાલત હતી. દીવાની દાવાની રકમ પ્રમાણે કોર્ટ–ફી લેવામાં આવતી.

આ ઉપરાંત નવાનગર રાજ્યમાં 'ભાયાતી કોર્ટ' અને 'રજવાડી કોર્ટ' નામની બે અદાલતો હતી. ભાયાતી કોર્ટ એક તરફ રાજ્ય અને બીજી તરફ મૂળ ગરાસિયા અથવા ભાયાત વચ્ચેના ઝઘડા પતાવવાનું કામ કરતી. રજવાડી કોર્ટ એક તરફ રાજ્ય અને બીજી તરફ ભાયાતો અને મૂળ ગરાસિયા સિવાયના માણસો વચ્ચેના દાવા ચલાવવાનું કામ કરતી.[૪૭]

અંગ્રેજ સરકાર અને દેશી રાજ્ય, એક દેશી રાજ્ય અને બીજા દેશી રાજ્ય તેમજ ભાયાતો વચ્ચેના સરહદી ઝઘડા ઉકેલવા માટે અંગ્રેજ સરકારે ઈ. સ.

૧૮૭૩ માં બ્રિટિશ અધિકારીના પ્રમુખપદે એક 'રાજસ્થાનિક કોર્ટ'ની સ્થાપના કરી હતી, જેણે ઈ. સ. ૧૮૯૦ સુધી કામ કરીને તમામ સરહદી ઝઘડાઓનો નિકાલ કર્યો હતો.[૪૮]

વકીલોને વકીલાત કરવા માટે રાજ્ય તરફથી ફર્સ્ટ કલાસ અને સેકન્ડ કલાસ એમ બે પ્રકારની સનદ આપવામાં આવતી. આ ખાતું ઘણુંખરાં સંસ્થાનોમાં 'કમાઈ કરનારું ખાતું' ગણાતું, કારણ કે એ અદાલતોનાં લવાજમો અને સ્ટાંપની પુષ્કળ કમાણી આપતું.[૪૯]

## ૪. શિક્ષણ

કાઠિયાવાડમાં પહેલાં શિક્ષણ ખાતું અંગ્રેજ સરકારના હાથમાં હતું, પરંતુ પછી દેશી રાજ્યોના આગ્રહથી એ ખાતું એમને સોંપવામાં આવ્યું હતું. રાજકુમાર કોલેજમાં શિક્ષણ લઈને ગાદીએ આવેલા રાજાઓએ એમનાં રાજ્યોમાં શિક્ષણના પ્રચારને મહત્ત્વ આપ્યું હતું. રાજ્યમાં ગુજરાતી તથા અંગ્રેજી શાળાઓ શરૂ કરીને એની સંખ્યા તથા વિદ્યાર્થીઓની સંખ્યા વધારવાના પ્રયાસ કર્યા હતા. કન્યાઓ માટે અલગ કન્યાશાળાઓ પણ શરૂ થઈ હતી. કેટલીક ખાનગી 'ધૂળિયા શાળાઓ' પણ પ્રચલિત હતી.[૫૦]

મોટા ભાગનાં રાજ્યોમાં મફત અથવા નજીવી ફી લઈને શિક્ષણ આપવામાં આવતું. વડોદરા ભાવનગર જૂનાગઢ લીંબડી ગોંડળ વગેરે રાજ્યોએ આ બાબતમાં વિશેષ નામના પ્રાપ્ત કરી હતી; જો કે વસ્તીના પ્રમાણમાં દેશી રાજ્યોમાં શિક્ષણનો પ્રસાર ઘણો ઓછો હતો અને આવકની મર્યાદામાં રહીને જ શિક્ષણ પાછળ ખર્ચ કરવામાં આવતો. શિક્ષણ ખાતાના વડા તરીકે 'એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર' નામનો અધિકારી રહેતો. ઘણી વાર હાઈસ્કૂલના હેડમાસ્તરને જ આ હોદ્દો આપવામાં આવતો. હાઈસ્કૂલોમાં ક્રિકેટની રમતને પ્રોત્સાહન આપવામાં આવતું. કેટલાંક રાજ્યો તરફથી મૅટ્રિક સુધીનો અભ્યાસ પૂરો કરી અન્ય શહેર કે વિદેશમાં અભ્યાસ કરવા જનાર તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ કે આર્થિક મદદ આપવામાં આવતી. મોટા ભાગનાં રાજ્યોમાં એક અથવા એનાથી વધારે વાચનાલયો કે પુસ્તકાલયો શરૂ કરવામાં આવતાં, ને રાજ્ય તરફથી એનો ખર્ચ આપવામાં આવતો.

## ૫. ઔષધાલય અને આરોગ્ય

મોટા ભાગનાં રાજ્યોમાં રાજ્યના ખર્ચે જરૂરિયાત પ્રમાણે ઔષધાલયો ચલાવવામાં આવતાં. રાજ્યના મુખ્ય મથકમાં હોસ્પિટલ સ્થાપવામાં આવતી અને એમાં 'અંદરના' તથા 'બહારના' દર્દીઓના વિભાગ રાખવામાં આવતા. એમાં

ઓપરેશનની પણ વ્યવસ્થા થતી, એ ઉપરાંત રાજ્યનાં મોટા ગામોમાં દવાખાનાં ચલાવવામાં આવતાં. મોટે ભાગે પ્રજાને મફત અથવા નજીવી ફીથી સારવાર આપવામાં આવતી. આ ખાતાના ઉપરી તરીકે 'ચીફ મેડિકલ ઓફિસર' નામનો અધિકારી રાખવામાં આવતો. સામાન્ય રીતે મુખ્ય મથકની હૉસ્પિટલના મુખ્ય ડૉકટરને આ હોદ્દો આપવામાં આવતો.

લોકોના આરોગ્ય માટે પણ કેટલીક જોગવાઈ કરવામાં આવતી. શીતળા ટંકાવવા માટે ખાસ અધિકારી રહેતો. પ્લેગ–રોગચાળાના સમયે રાજ્ય તકેદારીનાં પગલાં લેતું તથા એને અંકુશમાં લેવા પ્રયાસો કરતું. કેટલાંક મોટાં રાજ્યોમાં પશુઓની સારવાર માટે પણ વ્યવસ્થા કરવામાં આવતી; જોકે પ્રજાની વસ્તીના પ્રમાણમાં ઔષધ–ખાતા પાછળ ઓછું ખર્ચ કરવામાં આવતું. કેટલાંક ગામોમાં ખાનગી વૈદો પ્રજાની સારવાર કરતા. કેટલીક વાર મુખ્ય હૉસ્પિટલના ડૉકટરને વધુ અભ્યાસ માટે રાજ્યના ખર્ચે વિદેશ મોકલવામાં આવતો, તો કેટલીક વાર તબીબી વિદ્યાર્થીઓને એ માટે આર્થિક મદદ કરવામાં આવતી.

## આવક અને ખર્ચનાં સાધન

દેશી રિયાસતોની આવકનું મુખ્ય સાધન જમીન-મહેસૂલ હતું. જકાત કોર્ટ–ફી ઇજારા–ફી દંડ જપ્તી વગેરેમાંથી પણ રાજ્યને આવક થતી. એ ઉપરાંત નજરાણાં લાયસન્સ–ફી ટ્રામ–વે રેલવે મેળાઓ વગેરેમાંથી પણ રાજ્યને નોંધપાત્ર રકમ મળતી. રાજ્યો તરફથી ઔદ્યોગિક સાહસોમાં પૈસા રોકવામાં આવ્યા હોય તો એની આવક પણ થતી. કેટલાંક રાજ્યોમાં કરવેરાનું પ્રમાણ વધારે હતું. આવાં રાજ્યોમાં રાજકુટુંબમાં જન્મ કે લગ્નના પ્રસંગે પ્રજા પાસેથી વિશેષ કર લેવામાં આવતો. રાજાને ત્યાં કુંવરનો જન્મ થાય ત્યારે 'કુંવરપછેડો' નામનો કર, રાજાના કુંવરના લગ્નપ્રસંગે 'વિવાહ-વધાવો' નામનો કર, અને કુંવરીના લગ્ન પ્રસંગે 'કન્યા-ચોળી' નામનો કર લેવામાં આવતો.[૫૧] કોઈ રાજ્યમાં ઘરવેરો, ઘી ઉપરનો ઓકટ્રોય વેરો, તથા લગ્ન અને છૂટાછેડા ઉપર પણ કર લેવામાં આવતો. આ ઉપરાંત હરિજનો મુસ્લિમો કણબી રબારી મેર વગેરે પાસેથી જ્ઞાતિ પ્રમાણે કર લેવામાં આવતો, જ્યારે બ્રાહ્મણો એમાંથી મુક્ત રહેતા.[૫૨]

રાજ્યોને જે આવક થતી તેમાંથી વહીવટીતંત્ર, પોલીસ, શિક્ષણ, ઔષધાલયો, આરોગ્ય, જાહેર હિતનાં કાર્યો, બાંધકામ તથા રાજકુટુંબની પાછળ મોટા ભાગનો ખર્ચ કરવામાં આવતો. ધાર્મિક તથા ધર્માદા સંસ્થાઓને પણ મદદ કરવામાં આવતી. મુખ્ય શહેરની સુધરાઈ પાછળ નોંધપાત્ર ખર્ચ કરવામાં આવતો. આવક કરતાં ખર્ચનું પ્રમાણ હંમેશાં ઓછું રહેતું રોગચાળો દુષ્કાળ કે કુદરતી આફતોના

સમયે રાજ્ય એની શક્તિની મર્યાદામાં રહીને રાહતનાં પગલાં ભરતું. અંગ્રેજોના ફંડફાળામાં પણ દેશી સંસ્થાઓએ પૈસા આપવા પડતા.

### કાયદા

દેશી રાજ્યોને પોતાનું તંત્ર ચલાવવા માટે કાયદા ઘડવાની સત્તા હતી, તેથી કેટલાક કાયદા તેઓ પોતે નવા ઘડીને અમલમાં મૂકતાં હતાં, તો કેટલીક વાર તેઓ અંગ્રેજ સરકારે ઘડેલા કાયદાઓને સ્વીકારી લઈને પોતાના પ્રદેશમાં લાગુ પાડતાં હતાં. તેઓ જે કાયદા નવા ઘડે તેને અમલમાં મૂકતાં પહેલાં અંગ્રેજ સરકારની સંમતિ લેવી જરૂરી હતી.

## સિક્કાઓ ટિકિટો તથા દસ્તાવેજી કાગળો

ભાવનગર નવાનગર જૂનાગઢ પોરબંદર કચ્છ તથા વડોદરા રાજ્યોને એની પોતાની ટંકશાળ હતી. એમાંનાં ઘણાંખરાં રાજ્યોમાં ચાંદીની કોરીનું ચલણ હતું. અંગ્રેજ સરકારના એક રૂપિયા બદલ ચાંદીની સાડા ત્રણથી પાંચ કોરીનું ધોરણ રાખવામાં આવતું. એમાં સંજોગો પ્રમાણે થોડો ફેરફાર થયા કરતો.[૫૩] ઈ. સ. ૧૯૦૮ સુધીમાં અંગ્રેજોએ ઘણીખરી ટંકશાળો બંધ કરાવી હતી.

આ ઉપરાંત કેટલાંક રાજ્યોને એમની પોતાની રેવન્યુ ટિકિટો, કોર્ટ-ફીની ટિકિટો તથા દસ્તાવેજી કાગળો છાપવાની અને ચલાવવાની છૂટ હતી. બીજા વર્ગનાં રાજ્યોને સિક્કા પાડવાની સત્તા ન હતી, પરંતુ કોર્ટફીની ટિકિટો, દસ્તાવેજી કાગળો વગેરે છાપવાની છૂટ હતી.

### શહેર-સુધરાઈ

કેટલાંક રાજ્યોએ પોતાના મુખ્ય શહેરમાં સુધરાઈની શરૂઆત કરી હતી. એમાં કેટલાક સભ્યો ચૂંટાયેલા અને કેટલાક નિમાયેલા રહેતા. દરેક કોમના આગેવાનોનો એમાં સમાવેશ થતો. સભ્યો એના પ્રમુખની પસંદગી કરતા. શહેરમાં દીવાબત્તી રસ્તાઓ સ્વચ્છતા આરોગ્ય અગ્નિશમન વગેરેની સગવડ ઉપર તેઓ ધ્યાન આપતા. એના ખર્ચ માટે રાજ્ય તરફથી રકમ આપવામાં આવતી. શહેરનાં તળાવ કે હૉસ્પિટલ માટે ફંડ રાખવામાં આવતું.

### ગામનો વહીવટ

દરેક ગામમાં એક પોલીસ-પટેલ રહેતો હતો; ઉપરાંત એક પગી પણ રહેતો, જેનું કાર્ય ચોર કે ગુનેગારોને પકડવાનું હતું. કેટલાંક રાજ્યોનાં ગામોમાં એક સામાન્ય ફંડ રહેતું, જે 'ગામ-ખરચ' તરીકે ઓળખાતું. એ ફંડમાં દરેક ખેડૂત

પોતાનો ફાળો આપતો અને એ ગામના સામાન્ય હિતમાં વપરાતું. ગામના મહેમાનો સાધુઓ તથા ફકીરો પાછળ પણ એમાંથી ખર્ચ થતો.

### અન્ય વિગતો

કેટલાંક રાજ્યો તરફથી પ્રજાના આગેવાનોને વિશિષ્ટ સેવા કે સિદ્ધિ બદલ 'રાજરત્ન'નો ખિતાબ અપાતો હતો. મોટા રાજ્યમાં એક અમીરને 'તાઝિમી સરદાર'નો ખિતાબ આપવામાં આવતો. ઢસા જેવા છઠ્ઠા વર્ગના રાજ્યમાં 'ઢસાનૂર' 'દીપક' 'પુષ્પ' 'રંજન' અને 'ભૂષણ' જેવા ઇલ્કાબ અપાતા હતા.[૫૪]

દરેક રાજ્યને પોતાનું રાજ્યચિહ્ન, રાજ્યસૂત્ર તેમ રાજ્યગીત હતું. દરેક રાજ્ય તરફથી પોતાનું 'દરબારી ગૅઝેટ' બહાર પડતું, જેમાં રાજ્યના હુકમો તથા પરિપત્રો પ્રસિદ્ધ કરવામાં આવતા. રાજ્યની પ્રવૃત્તિઓનો દર વર્ષે 'વાર્ષિક વહીવટી અહેવાલ' બહાર પડતો અને એમાં દરેક ખાતાની કામગીરીની વિગતો તથા વિશિષ્ટ બનાવો કે ફેરફારની નોંધ આપવામાં આવતી. દરેક રાજ્યનો પોતાનો 'રાજકવિ' (મોટે ભાગે ચારણ કે ગઢવી) રહેતો, જે શુભ પ્રસંગોએ રાજાની પ્રશસ્તિ રચીને દરબારમાં સંભળાવતો અથવા આશીર્વચન કહેતો.[૫૫] દરેક રાજ્યનો પોતાનો 'વકીલ' પણ રહેતો, જે એજન્સી કે પ્રાંતિક સરકાર સાથેની કાયદા-વિષયક બાબતો પતાવવામાં મદદ કરતો. હિંદુ રાજા હિંદુ તહેવારોની ઉજવણીને અને મુસ્લિમ રાજા મુસ્લિમ તહેવારોની ઉજવણીને ઉત્તેજન આપતા. કેટલાંક રાજ્યોમાં અધિકારીઓએ એમને માટે મુકરર થયેલો પોશાક પહેરવો પડતો.

આમ દેશી રિયાસતોનું રાજ્યતંત્ર વિશિષ્ટ પ્રકારનું તેમજ વિવિધતાથી સભર હતું.

### પાદટીપ

૧. H. H. Dodwell (ed.), *The Cambridge History of India* (*CHI*), Vol. VI: The Indian Empire (1858-1918), p. 62

૨-૪. *Ibid.*, pp. 63 f.

૫. *Ibid.*, pp. 64 f.

૬. p. 65

૭-૮. *Ibid.*, pp. 68 f.

૯. *Ibid.*, p. 70

૧૦. *Imperial Gazetteer of India, Provincial Series, Bombay Presidency* Vol. I, 119

૧૧. *CHI.*, Vol. VI, p. 70

૧૨. *Ibid.*, p. 71

૧૩. *Ibid.*, pp. 71 f.

૧૪. *Ibid.*, pp. 72 f.

૧૫-૧૬. *Ibid.*, pp. 73 f.

૧૭. *Ibid.*, pp. 255 f.

૧૮. *Imperial Gazetteer of India, Provincial Series, Bombay Presidency*, Vol. I, pp. 86ff.

૧૯. *CHI.*, Vol. VI, pp. 255-257

૨૦-૨૧. *Ibid.*, pp. 257-259

૨૨-૨૩. *Ibid.*, pp. 259-261

૨૩ અ. *Ibid.*, pp. 71 f.

૨૪-૨૫. *Ibid.*, p. 261

૨૬-૨૭. *Ibid.*, pp. 261 f.

૨૮-૨૯. *Ibid.*, p. 262

૩૦-૩૧. *Ibid.*, pp. 262 f.

૩૨-૩૩. *Ibid.*, pp. 264 f.

૩૪. *Ibid.*, *pp. 265f.*

૩૫. K. M. Panikkar, *Indian States and the Government of India*, p. 122

૩૬. एम. जे. थानकी, 'सौराष्ट्रके पहले चार वर्ग(श्रेणियों)के पुराने राज्योंका इतिहास और उनका ब्रिटिश सार्वभौम सत्तासे सम्बन्ध', पृ. २६७

૩૭. एजन, पृ. १६३

૩૮. एजन, पृ. १९७

૩૯. કલ્યાણજી વિઠલજી મહેતા, 'દરબાર શ્રી ગોપાળદાસ', પૃ. ૭૦

૪૦. *The Annual Administration Report of Nawanagar State for the year 1895-96*, p. 13

૪૧. *Ibid.*, p. 25

૪૨. William Lee-Warner, *The Native States of India*, p. 37

૪૩. P. L. Chudgar, *Indian Princes Under British Protection*, p. 46

૪૪. 'સાંતી' એટલે એક સાંતી અથવા હળથી ખેડી શકાય તેટલી જમીન, એવો અર્થ કરવામાં આવતો.

૪૫. *The Annual Administration Report of Nawanagar State for the year* 1895-96, p. 18

૪૬. *The Annual Administration Report of Limbdi State for the year* 1910-11, p. 28

૪૭. *The Annual Administration Report of Nawanagar State for the year*, 1895-96, p. 24

૪૮. H. Wilberforce Bell, *The History of Kathiawad*, p. 230

૪૯. મનસુખલાલ રવજીભાઈ મહેતા, 'દેશી રાજ્યોના પ્રશ્નો', પૃ. ૧૫૯

૫૦. જે પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને આંકડા તથા અક્ષરો પાટી પર નહિ, પરંતુ રેતી પર લખીને શીખવવામાં આવતા તે 'ધૂળિયા નિશાળ' અથવા 'ધૂળિયા શાળા' તરીકે ઓળખાતી.

૫૧. મનસુખલાલ રવજીભાઈ મહેતા, ઉપર્યુક્ત, પૃ. ૨૩૮

૫૨. *The Annual Administration Report of Porbandar State for the year* 1887-88, p. 18

૫૩. શંભુપ્રસાદ હ. દેસાઈ, 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ', પૃ. ૭૫૫

૫૪. કલ્યાણજી વિઠલજી મહેતા, ઉપર્યુક્ત, પૃ. ૧૩૩

૫૫. આ કવિઓ મોટે ભાગે ચારણી કે ડિંગળી ભાષામાં કાવ્યો કે ગીતો રચતા.

# પરિશિષ્ટ

## સિક્કા

૧૮૧૮–૧૯૧૪ના કાલપટ દરમ્યાન ગુજરાતમાં મુખ્યત્વે ઈસ્ટ ઇન્ડિયા કમ્પની તથા અન્ય વિદેશી કમ્પનીઓ, અંગ્રેજો તથા કેટલાક દેશી રાજાઓના સિક્કા પ્રચલિત હતા. અન્ય વિદેશી કમ્પનીઓના સિક્કાઓનો આ અસ્તકાળ હતો, છતાં તાણું જસત નિકલ કથીર વગેરેનાં મિશ્રણવાળી ત્યુતિનાગ નામની ધાતુના બઝારુકો નામના વિવિધ પ્રકારના ઇન્ડો-પોર્ટુગીઝ સિક્કા દીવની ટંકશાળમાંથી ઈ. સ. ૧૮૨૮ સુધી પડતા હતા.[૧]

### ભારતીય-બ્રિટિશ સિક્કા

ઈ.સ. ૧૮૦૦માં સુરતના નવાબની સત્તા નાબૂદ થતાં મુંબઈ તથા કલકત્તાની ટંકશાળોમાંથી સુરતના નામે કમ્પનીના સિક્કા પડતા હતા. મુંબઈના સિક્કા દેશી પ્રકારના તથા કલકત્તાના મશીનથી પાડેલા હતા. મુખ્ય બાજુએ મુંબઈ ટંકશાળનું ચિહ્ન (રાજાનું તાજયુક્ત શીર્ષ) દર્શાવાતું. બીજી બાજુ લંબગોળમાં હિજરી વર્ષ દર્શાવાતું. ગમે તે સાલનો સિક્કો હોય, છતાં શાહઆલમ બીજાનું ૪૬ મું વર્ષ જ દર્શાવાતું. પરંતુ ૧૮૦૪ પછી પડેલા સિક્કા ઉપર હિજરી કે ઈસુનું વર્ષ દર્શાવાતું નહિ.[૨] ઈ.સ. ૧૮૧૮ માં કલકત્તાની ટંકશાળ બંધ થતાં મુંબઈથી મશીનના સિક્કા પડવા લાગ્યા. ૧૮૧૮–૨૫ વચ્ચે મુખ્યત્વે મશીનથી બનેલી સીધી ધાર તથા બંને બાજુ લીટીનાં વર્તુલવાળા સિક્કા પ્રચલિત હતા, જ્યારે ૧૮૨૫–૩૫ વચ્ચેના સિક્કા સાદી ધાર તથા કાપાવાળી કિનારીવાળા હતા. ઈ.સ. ૧૮૨૫ માં મુખ્ય બાજુએ કમ્પનીનું રાજ્યચિહ્ન તથા બીજી બાજુ ફારસી શબ્દો તથા રોમન આંકડામાં મૂલ્ય તથા ૧૨૩૦ હિજરીનું વર્ષ દર્શાવતા ચાર આના, બે આના તથા એક પાઈના સિક્કા પડ્યા હતા.

ઈ.સ. ૧૮૩૩ થી પાછો ફેરફાર થયો. ૧૮૦ ગ્રેન વજનના, ૮૫ ટકા ચાંદી તથા પંદર ટકા મિશ્રણવાળા મીંડાંની કિનારીવાળા રૂપિયા શરૂ થયા. ૧૮૩૪ થી સમગ્ર દેશ માટે સંપૂર્ણપણે અંગ્રેજી સિક્કા શરૂ થયા.[૩]

ઈ.સ. ૧૮૩૫ થી આ દેશના બ્રિટિશ ચલણમાં અવનવા સુધારા થયા. દરેક પ્રકારના સિક્કાઓનાં વજન કદ તથા યોગ્યતાનું એક ચોક્કસ ધોરણ ઠરાવવામાં

આવ્યું. સિક્કા પાડવા માટે ૧૮૦ ગ્રેનના તોલાનું એકમ નક્કી થયું અને તેથી સોનાની મહોર, ચાંદીનો રૂપિયો તથા તાંબાનો પૈસો એક પ્રકારનું પ્રમાણસરનું વજન–ધોરણ જાળવતા.[૪]

૧૮૩૫ થી ૧૯૪૭ના ગાળામાં ભારતના સિક્કાના એકમ એવા રૂપિયાએ આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત કરી અને આ બધાં વર્ષોમાં કાલક્રમે ભારતથી ઘણા દૂરના દેશોએ પણ રૂપિયાનો એકમ અપનાવ્યો. અફઘાનિસ્તાન બર્મા જાવા મોમ્બાસા તિબેટ પોર્ટુગીઝ–ઇન્ડિયા વગેરે આવા પ્રદેશ હતા.[૫]

૧૮૩૫ની સાલમાં સોનાના ડબલ મહોર, મહોર, દસ રૂપિયા તથા પાંચ રૂપિયા તથા ચાંદીના અરધા તથા પા રૂપિયા એ સિક્કા શરૂ થયા. મહોરનું મૂલ્ય પંદર રૂપિયા તથા ડબલ મહોરનું ત્રીસ રૂપિયા હતું. આ બધા સિક્કાઓની મુખ્ય બાજુએ વિલિયમ ૪ થાનું ખુલ્લું માથું એના નામ સાથે દર્શાવાતું. બીજી બાજુએ સોનાના સિક્કા ઉપર તાડવૃક્ષની નીચે ચાલતો સિંહ, અંગ્રેજીમાં કમ્પનીનું નામ તથા અંગ્રેજી–ફારસીમાં મૂલ્ય દર્શાવાતાં. ચાંદીના સિક્કાઓ ઉપર પુષ્પમાળાની વચ્ચે મૂલ્ય તથા બહાર વર્તુળાકારે લખાણ તથા વર્ષ દર્શાવાતાં. તાંબાનાં પૈસા બે પૈસા તથા પાઈ હતાં. મુખ્ય બાજુ રાજ્યચિહ્ન તથા વર્ષ અને બીજી બાજુ પુષ્પમાળામાં અંગ્રેજી તથા ફારસીમાં મૂલ્ય દર્શાવાતું. બહાર વર્તુળાકારે અંગ્રેજી કમ્પનીનું નામ લખાતું. ૧૮૪૪માં અરધો પૈસો શરૂ થયો.

૧૮૪૦માં રાણી વિક્ટોરિયાના સોના–ચાંદીના સિક્કા શરૂ થયા. મુખ્ય બાજુએ વામાભિમુખ રાણીનું ડોકું, ચહેરા પાસે અંગ્રેજીમાં 'વિક્ટોરિયા' તથા મસ્તક પાછળ 'ક્વીન' લખાતું. બીજી બાજુ વિલિયમ ચોથાના સિક્કા જેવી હતી. સોનામાં ફક્ત મહોર જ હતી. ચાંદીમાં ૧૮૪૧માં બે આનીનો સિક્કો ઉમેરાયો. ૧૮૫૮માં કમ્પની પાસેથી રાજ્ય–કારભાર સંભાળતાં નવા સિક્કા પડ્યા. આ સિક્કા ચાંદી તથા ત્રાંબાના હતા. એના ઉપર શાહી તાજ તથા પ્રચુર ભરત-વાળો જામો ધારણ કરતું રાણીનું ઉત્તરાંગ હોય છે. લખાણો તથા બીજી બાજુ અગાઉના સિક્કા જેવી હોય છે. ૧૮૭૨ સુધી આવા સિક્કા પડતા રહ્યા, પરંતુ ૧૮૬૨ પછીના સિક્કા ઉપર પણ વર્ષ ૧૮૬૨ દર્શાવાતું, પરંતુ દરેક વર્ષ માટે એક ટપકું ઉમેરાતું, જેમ કે ૧૮૬૨ સાથે પાંચ ટપકાં એટલે ૧૮૬૭.[૬] ૧૮૭૭થી 'ક્વીન'ને બદલે 'એમ્પ્રેસ' લખાવા લાગ્યું. ૧૮૯૧માં બે પૈસા બંધ થયા.

૧૯૦૧માં સાતમા એડવર્ડ ગાદીએ આવ્યા. ત્યારે સિક્કાઓ ઉપર રાજાનું મસ્તક દર્શાવાતું. અંગ્રેજી લખાણમાં નામ સાથે 'રાજા' તથા 'શહેનશાહ' અર્થવાળા શબ્દ લખાતા. સોનાના સિક્કા પડ્યા નથી. ચાંદીના સિક્કાની બીજી

બાજુએ કમળની બે ડાળખી વચ્ચે અંગ્રેજીમાં તથા ફારસીમાં મૂલ્ય તથા ઉપર તાજ દર્શાવાતો, પરંતુ તાંબાના સિક્કાની બીજી બાજુ વિક્ટોરિયાના સિક્કા જેવી જ હતી. ૧૯૦૧ માં દશ કરકરિયાંવાળો નિકલનો એક આનો શરૂ થયો તથા બંધ થયેલા બે પૈસા ફરી શરૂ થયા. આ સિક્કા તાજ તથા શાહી જામાવાળું રાજાનું મસ્તક દર્શાવતા.

૧૯૧૧ માં પંચમ જ્યોર્જના સંપૂર્ણ શાહી પોશાક તથા રાજયમુગટવાળા સિક્કા દિલ્હી દરબારને પ્રસંગે શરૂ થયા. ઝભ્ભા ઉપર ચીતરેલા હાથીની સૂંઢ ભૂંડ જેવી લાગતાં, મુસ્લિમોએ ઊહાપોહ કરતાં એ ભૂલ સુધારવામાં આવી.[૭] રૂપિયો, અરધો તથા બે આનાના ચાંદીના સિક્કા હતા. મુખ્ય બાજુ પર અંગ્રેજીમાં રાજાનું નામ તથા હોદ્દો અને બીજી બાજુ પુષ્પમાળા વચ્ચે અંગ્રેજી તથા ફારસી શબ્દોમાં મૂલ્ય તથા અંગ્રેજીમાં વર્ષ દર્શાવાતું.

### દેશી રાજ્યોના સિક્કા

૧૮૫૮ માં અંગ્રેજોએ સત્તા ધારણ કરી ત્યારે સો ઉપરાંત રાજ્ય સિક્કા પાડવાનો હક્ક ધરાવતાં હતાં. ૧૮૫૭ ના સ્વાતંત્ર્ય–સંગ્રામથી ઘણાં વર્ષ પહેલાં અંગ્રેજો સર્વસત્તાધીશ બન્યા હતા. વિવિધ સુલેહ–કરારો વગેરેને કારણે દેશી રાજ્યો ઉપર સારી વગ પણ ધરાવતા હતા, છતાં એમના સિક્કા પાડવાના હક્કની વચ્ચે આવ્યા નહિ. રાજ્યોએ શરૂમાં સિક્કા ઉપર મુઘલ શહેનશાહનું નામ ચાલુ રાખેલું, પરંતુ ૧૮૫૭ માં બહાદુરશાહ દેશનિકાલ થતાં એનું નામ ચાલુ રાખવું નિરર્થક હતું. ઇંગ્લૅન્ડના સત્તાધીશો ઇચ્છતા હતા કે અંગ્રેજોના સર્વોપરિપણાનું તથા પોતાની તાબેદારીનું સૂચક રાણીનું નામ કે એવું કાંઈક રાજ્યો અપનાવે, પરંતુ તાજેતરના વિગ્રહને કારણે આવું સીધું સૂચન કરવા તેઓ હિંમત ધરાવતા નહોતા.[૮] છેવટે, પોતાની વફાદારી દર્શાવવા રાજ્યોને જ આમ કરવું જરૂરી લાગ્યું. ૧૮૪૬ માં કચ્છના રાવે બ્રિટિશ સરકારનું નામ દર્શાવવા દરખાસ્ત કરી જ હતી. ૧૮૫૭ પછી આ પ્રક્રિયા વેગીલી બની ને ૧૮૭૨ માં એ સંપૂર્ણ થઈ, આમ છતાં રાણીનું નામ ન દર્શાવનારાં રાજ્ય પણ હતાં ખરાં. બીજી બાજુ અંગ્રેજોએ રાજ્યોના સિક્કા પાડવાના હક્કની ચકાસણી કરી ફક્ત ચોત્રીસ રાજ્યોનો હક્ક માન્ય રાખ્યો તે પૈકી પંદર રાજ્યોએ રાણીનું નામ અપનાવ્યું.

૧૮૭૬ માં અંગ્રેજોએ જાહેર કર્યું કે જે રાજ્યો પોતાની ટંકશાળ બંધ કરી અંગ્રેજી ટંકશાળમાં પોતાના સિક્કા પડાવશે તેમને એ સિક્કા વિનામૂલ્યે પાડી આપવામાં આવશે. આ પ્રથા ૧૮૯૩ માં બંધ થતાં રાજ્યોના સિક્કાની કિંમત બજારમાં ઘટી ગઈ અને ઘણાં રાજ્ય બ્રિટિશ સરકાર બજારભાવે એમના

સિક્કા ખરીદી લે તો તેઓ પોતાનો હક્ક જતો કરવા કબૂલ થયાં. ગુજરાતમાં કચ્છે ચાંદીના તથા વડોદરા અને જૂનાગઢે ફક્ત તાંબાના જ સિક્કા પાડવાનો હક્ક રાખ્યો તથા ટંકશાળો પણ રાખી. કચ્છે ઇંગ્લૅન્ડના રાજાના નામવાળા સિક્કા ચાલુ રાખ્યા.

**વડોદરા રાજ્યના સિક્કા :** ૧૮૧૮ માં આણંદરાવ ગાયકવાડનું રાજ્ય હતું. એના સિક્કા ઉપર ફારસીમાં અકબર બીજાનું નામ તથા ખિતાબો સાથે રાજ્ય-કાલસૂચક વર્ષ મુખ્ય બાજુએ તથા બીજી બાજુએ રાજ્યકર્તાના નામનો પ્રથમાક્ષર તથા 'ગાયકવાડ'નો પ્રથમાક્ષર નાગરીમાં એક વધારાની ઊભી લીટી સાથે તેમ જ રાજ્યચિહ્ન કટાર સાથે દર્શાવાતાં.

સયાજીરાવ ૨ જાએ ઉપર્યુક્ત પ્રકારના ચાંદીના રૂપિયા અરધા તથા બે આના ઉપરાંત તાંબાના વિવિધ પ્રકારના સિક્કા પાડ્યા. સૂર્ય, કિરણોત્સર્ગી વર્તુલ, મોટી ધજા, બે નિશાનવાળી ધજા, પુષ્પ, કટાર, મોટું પાંદડું વગેરે વિવિધ પ્રકારનાં ચિહ્ન આ સિક્કાઓ પર જોવા મળે છે.[૯] ગાયકવાડના પોતાના નામનો નાગરી પ્રથમાક્ષર પણ દર્શાવાતો. અકબર ૨ જાના નામવાળા એના સિક્કા ઉપર નાગરી અક્ષરો સાથે દંડ અંકિત થતો. રૂપિયો ૧૫૭ થી ૧૭૭ ગ્રેન તથા .૮ ઇંચનો, અરધા ૮૮ થી ૯૦ ગ્રેન તથા .૬૫ ઇંચના અને બે આના ૨૨.૫ ગ્રેન તથા .૫ ઇંચના હતા. એક બાજુ સાત ટપકાં તથા બીજી બાજુ ફારસીમાં 'જલુસ' લખેલો અરધો પૈસો પણ હતો.

ગણપતરાવે તથા એના અનુગામી ખંડેરાવે પણ અકબર ૨ જાનું ફારસીમાં નામ તથા બીજી બાજુ મોટો દંડ તથા સાત ટપકાંવાળા તાંબાના સિક્કા પાડ્યા હતા, પરંતુ ૧૮૫૭ના સ્વાતંત્ર્ય–સંગ્રામ પછી મુઘલ શહેનશાહના નામને સ્થાને ગાયકવાડોનો કૌટુંબિક ખિતાબ 'સેના ખાસખેલ શમશેર બહાદુર' ફારસીમાં લખાવા લાગ્યો. ખંડેરાવે કેટલાંક વર્ષ પછી મુખ્ય બાજુ પર પોતાનાં નામ અને ખિતાબો તથા મરાઠીમાં મુદ્રાલેખવાળા તથા બીજી બાજુ ફારસીમાં નામ ટંકશાળ તથા વર્ષ દર્શાવતા યુરોપીય પ્રકારના સિક્કા પડાવ્યા.[૧૦]

ખંડેરાવના રૂપિયા અરધા તથા પા રૂપિયા ઉપર પ્રથમાક્ષરો, કટાર, બાજુમાં નાગરીમાં 'सरकार' તથા વર્તુલાકારે નામ અને કૌટુંબિક ખિતાબ દર્શાવેલાં હોય છે. બીજી બાજુ ફારસીમાં 'સિક્કે મુબારક ખંડેરાવ ગાયકવાડ ઝર્બ બડોદા' છે. આ સિક્કા પૂરા એક ઇંચ વ્યાસના છે. વળી ખંડેરાવે મુખ્ય બાજુ અકબર ૨ જાનું ફારસીમાં નામ તથા બીજી બાજુ પોતાના નાગરી પ્રથમાક્ષરોવાળા પૈસા,[૧૧] અરધા પૈસા; મુખ્ય બાજુ કટાર, પ્રથમાક્ષરો, હિજરી વર્ષ, ફારસીમાં ટંકશાળનું નામ તથા

બીજી બાજુ ફારસીમાં કૌટુંબિક ખિતાબવાળા પૈસા;[૧૨] તેમજ મુખ્ય બાજુ પ્રથમાક્ષરો, ઘોડાની ખરી, હિજરી વર્ષ તથા બીજી બાજુ ફારસી ખિતાબવાળા પૈસા એમ ત્રણ પ્રકારના પૈસાના સિક્કા પડાવ્યા હતા.

મલ્હારરાવના બે રૂપિયા,[૧૩] રૂપિયો તેમ જ અરધા પર એમના પ્રથમાક્ષરો કટાર ટંકશાળ તથા બીજી બાજુ ફારસીમાં કૌટુંબિક ખિતાબ મળે છે. તાંબામાં એમના બે પૈસા, પૈસા તથા મધ્યમાં દડાવાળા પૈસા પડાવ્યા હતા.

સયાજીરાવ ૩ જાનાં શરૂઆતનાં વર્ષોના રૂપિયા, અરધા, ચાર આના તથા બે આના મલ્હારરાવના ચાંદીના સિક્કા જેવા જ હતા,[૧૪] પરંતુ પછીનાં વર્ષોમાં પોતાની અર્ધ છબી તથા નાગરીમાં નામ અને બીજી બાજુ નાગરીમાં મૂલ્ય કટાર તથા સંવત દર્શાવતા વિવિધ પ્રકારના રૂપિયા પાડચા હતા.[૧૫]

**કચ્છ રાજ્યના સિક્કા :** ૧૮૧૮માં ભારમલ ૨ જા સત્તા પર હતા. એમની ૬૫ થી ૬૮ ગ્રેન વજનની કોરી ઉપર ફારસીમાં ગુજરાતના સુલતાન અહમદશાહ ૨ જા(ઈ.સ. ૧૪૫૧ થી ૧૪૫૯)નું નામ તથા નીચે નાગરીમાં 'રાઉશ્રી ભારમલજી' લખાણ દૃષ્ટિગોચર થાય છે.

દેશળજી ૨ જા(૧૮૧૯ થી ૧૮૬૦)ની કોરી ઉપર ફારસીમાં અકબર ૨ જાનું નામ તથા નાગરીમાં પોતાનું નામ લખાતું. બીજી બાજુ ફારસીમાં હિજરી વર્ષ તથા ટંકશાળનું નામ 'ભુજ' લખવાનું એમણે શરૂ કર્યું. કદ તથા વજનમાં આ કોરીઓ અગાઉની કોરી જેવી જ હતી, પરંતુ દેશળજીએ અરધી કોરી પણ પાડી હતી.[૧૬] બીજા પ્રકારની કોરી તથા અરધી ઉપર મુખ્ય બાજુ પર ટંકશાળનું ફારસી નામ તથા બીજી બાજુ નાગરીમાં 'રાઉશ્રી દેશળજી' સાથે વિક્રમ સંવતનું વર્ષ લખાતું. આ રાજાના પ્રથમ પ્રકારની કોરી જેવા દોકડા, અકબર ૨ જાના ફારસી નામવાળા દોકડા તેમજ તાંબિયા પણ મળે છે. બહાદુરશાહના નામવાળા દોકડા તાંબિયા તથા ઢીંગલા પણ એવા હતા.

પ્રાગમલજી ૨ જાના સમય(૧૮૬૦–૭૫)માં મુખ્ય બાજુ પર શહેનશાહના નામને સ્થાને ફારસીમાં રાણી વિકટોરિયાનાં નામ તથા ખિતાબો અને ખ્રિસ્તી વર્ષ દર્શાવતા સિક્કા શરૂ થયા. સોનાની કોરી ખૂબ જ આકર્ષક હતી. ટંકશાળનો ઉલ્લેખ હવે 'ભૂજનગર' તરીકે થવા લાગ્યો. બીજી બાજુ ત્રિશૂલ અર્ધચંદ્ર તથા કટાર દર્શાવાતાં અને નાગરીમાં વિક્રમ સંવત તથા 'મહારાઉશ્રી પ્રાગમલજી' લખાતું.[૧૭] સોનાની કોરી, ચાંદીની કોરી, અઢી કોરી અને પાંચ કોરીના સુંદર કલામય સિક્કા હતા, જેને સોળ સુંદર પર્ણોની આલંકારિક કિનારી પણ હતી.

નાગરીમાં 'મહારાજાધિરાજ મિરજા મહારાઉશ્રી પ્રાગમલજી બહાદુર' લખાતું. તાંબાના દોકડા ત્રણ પ્રકારના હતા : કટાર, નાગરીમાં સંવત તથા ટંકશાળના નામવાળા; ફારસીમાં મૂલ્ય, ખ્રિસ્તી વર્ષ તથા ટંકશાળના નામવાળા અને વિક્ટોરિયાનાં નામ તથા ખિતાબો અને નાગરીમાં પ્રાગમલજીના નામવાળા. આવા જ દોઢ દોકડા તથા તાંબિયા હતા.

૧૮૭૫ માં ખેંગારજી ૩ જા ગાદીએ આવતાં ચાંદીમાં પાંચ કોરી અને અઢી કોરી તથા તાંબામાં દોકડો દોઢ દોકડો ત્રણ દોકડા તથા તાંબિયા પાડયા. પાંચ કોરીનું ફારસી લખાણ 'વિક્ટોરિયા કૈસરે–હિન્દ ઝર્બ ભૂજ', ખ્રિસ્તી વર્ષ, બીજી બાજુ ત્રિશૂળ કટાર અર્ધચંદ્ર સાથે 'મહારાજાધિરાજ મિરજા મહારાઉશ્રી ખેંગારજી બહાદુર' નાગરીમાં લખાતું. બીજા સિક્કા લગભગ પ્રાગમલજીના સિક્કાઓ જેવા જ હતા, પરંતુ અઢી કોરી ઉપર ખેંગારજીનો 'સવાઈ બહાદુર' તરીકે ઉલ્લેખ છે.[૧૮]

**જૂનાગઢ રાજ્ય :** જૂનાગઢના નવાબોની કોરી 'દીવાનશાહી' તરીકે ઓળખાય છે. ૧૮૧૮ માં બહાદુરખાન ૧ લાનું રાજ્ય હતું તેની કોરીનું વર્ણન આ પૂર્વેના ગ્રન્થમાં આવી ગયું છે. ૧૮૪૦ પછી નવાબ હમીદખાને મુખ્ય બાજુએ ફારસીમાં અકબર ૨ જાનું નામ, નીચે નાગરીમાં 'શ્રી દીવાન', બીજી બાજુ હિજરી વર્ષ, નાગરીમાં વંશ–દર્શક અક્ષર 'બા,' તથા 'જૂનાગઢ'ના છેલ્લા બે અક્ષરો 'ગઢ', ફારસીમાં ટંકશાળનું નામ તથા વિક્રમ સંવતવાળી અરધી કોરી પાડી હતી.[૧૯]

મહાબતખાન ૨ જાએ એવા જ પ્રકારની ૭૦ થી ૭૨ ગ્રેન વજનની કોરીના તથા ૨૮ થી ૩૬ ગ્રેન વજનની અરધી કોરીના સિક્કા પાડયા, એમાં મુખ્ય બાજુએ ફારસીમાં નવાબના નામવાળી થોડા નાના કદની કોરીઓ પણ પાડી હતી. ૧૮૯૨ થી રસૂલ મહાબતખાન ૩ જાએ પોતાની કોરીઓ ઉપર 'સોરઠ સરકાર' અને વિક્રમ સંવત તથા બીજી બાજુ ફારસીમાં 'રિયાસતે જૂનાગઢ' લખાણવાળા પૈસા પાડયા.[૨૦]

**નવાનગર રાજ્ય :** આ રાજ્યની કોરીઓ 'જામશાહી' કહેવાય છે. એનું વજન ૭૦ થી ૭૪ ગ્રેન હોય છે. ૧૮૨૦ની રણમલજીની કોરીની મુખ્ય બાજુએ ફારસીમાં ગુજરાત સુલતાન મુઝફ્ફરશાહ ૩ જાનું નામ, હિજરી ૯૭૮ વર્ષ તથા મુઝફ્ફરના સિક્કાના ફારસી લખાણના અવશેષો માત્ર ઊભી લીટીઓ જેવા દેખાય છે. નીચે નાગરીમાં 'શ્રી જામજી' લખાણ હોય છે. બીજી બાજુ પણ સુલતાનના સિક્કાઓનાં લખાણના ફારસી અવશેષ દેખાય છે. અરધી કોરી પણ હતી.

૧૮૫૨–૯૫ વચ્ચે જામ વિભાજીએ ઉપર મુજબના લખાણવાળી સોનાની ૯૯ ગ્રેન વજનની કોરી[૨૧] પણ પાડેલી. એમણે ચાંદીની કોરી તથા અરધી કોરી અને તાંબાના ઢીંગલા અને દોકડા પાડચા હતા.

બીજા એક પ્રકારની કોરીની મુખ્ય બાજુએ બે કટારોની વચ્ચે લખાણ 'જામ વિભાજી' તથા બીજી બાજુ વર્તુલમાં 'કોરી' તથા અર્ધવર્તુલાકારે નાગરી લખાણ 'નવાનગર' સાથે વિક્રમ સંવત હોય છે. પાંચ કોરીના સિક્કા પણ હતા, જેમાં મુખ્ય બાજુએ મથાળે ફારસીમાં 'મુઝફ્ફરશાહ,' નીચે નાગરીમાં વિભાજીનું નામ તથા મૂલ્ય અને બીજી બાજુ સુલતાન મુઝફ્ફર ૩ જાના સિક્કાઓના ફારસી લખાણના અવશેષ હતા.[૨૨] ત્રણ દોકડા ઉપર મુખ્ય બાજુ નાગરીમાં 'મહારાજાધિરાજ જામશ્રી વિભાજી' તથા કટાર અને બીજી બાજુ કિરણોત્સર્ગ વર્તુલમાં લખાણ 'સંસ્થાન નવાનગર,' બીજા પ્રકારમાં મુખ્ય બાજુ ફારસીમાં 'મુઝફ્ફરશાહ' નાગરીમાં 'શ્રી જામજી' તથા સંવત અને બીજી બાજુ વર્તુલમાં મૂલ્ય તથા કટાર; બે દોકડામાં મુખ્ય બાજુ કટાર સાથે નાગરીમાં નામ, બીજી બાજુ મૂલ્ય તથા સંવત દર્શાવાતાં. જૂની કોરીના પ્રકારનો દોકડો તથા તાંબિયો પણ ચલણમાં હતા.

**પોરબંદર રાજ્ય :** ૧૮૩૧ ની વિક્રમાતજીની 'રાણાશાહી' કોરી પણ જૂની જામશાહી કોરી જેવી જ હતી, પરંતુ હિજરી વર્ષ ૯૭૮ ને બદલે ૮૦૭[૨૩] તથા શ્રીજામને સ્થાને 'શ્રીરાણા' લખાતું. ચાંદીમાં કોરી (૭૨ થી ૭૬ ગ્રેન), અરધી કોરી અને પાવ કોરી તેમજ તાંબામાં દોકડો તથા તાંબિયો એમ વિવિધ પ્રકારો હતા.

**રાધનપુર રાજ્ય :** બાબી નવાબ જોરાવરે રૂપિયાથી બે આના સુધીના સિક્કા પાડચા હતા.[૨૪] મુખ્ય બાજુએ ફારસીમાં વિકટોરિયાનું નામ તથા ખિતાબ 'મલ્કે મુઆઝમે,' ટંકશાળનું નામ તથા ખ્રિસ્તી વર્ષ, બીજી બાજુ ફારસી શબ્દોમાં મૂલ્ય તથા નવાબનું નામ તથા ખિતાબો દર્શાવાતાં. રૂપિયાનું વજન આશરે ૧૮૦ ગ્રેન, આઠ આનાનું આશરે ૯૦ ગ્રેન, ચાર આનાનું આશરે ૪૫ ગ્રેન અને બે આનાનું આશરે ૨૨.૫ ગ્રેન વજન હતું. ત્રાંબાના સિક્કા જાડા, લંબચોરસ તથા અનિયમિત ઘાટના હતા, જેના ઉપર એક બાજુ પ્રથમાક્ષર નાગરી 'જો' દર્શાવાતો, બીજી બાજુ લખાણ કે ચિહ્ન વિનાની હતી.[૨૪અ]

પછીના નવાબ બિસ્મિલ્લાએ (૧૮૭૪–૯૫) બંને બાજુ ફારસી લખાણવાળા ૧૭૫ ગ્રેન વજનના રૂપિયા પાડચા હતા. મુખ્ય બાજુ રાણીના ખિતાબો 'કૈસરે–હિન્દ' તથા 'મલ્કે મુઆઝમે,' ખ્રિસ્તીવર્ષ અને ટંકશાળ તથા બીજી બાજુ નવાબનું નામ તથા ખિતાબો સાથે હિજરી વર્ષ દર્શાવાતું. તાંબાના જોરાવરના પ્રકારના, પરંતુ પ્રથમાક્ષર 'બિ' દર્શાવતા પૈસા પણ હતા.

**લુણાવાડા રાજ્ય :** મહારાણા વખ્તસિંહજીના ૧૮૬૭ના ચોરસ કે લંબચોરસ પૈસા તથા અરધા પૈસા મળે છે. મુખ્ય બાજુએ કમળ તથા ત્રૂટક અસ્પષ્ટ ગુજરાતી લખાણ તથા બીજી બાજુએ અસ્પષ્ટ લખાણ તથા નિશાનીઓના અવશેષ હોય છે. પૈસા ૧૨૦ થી ૧૨૮ ગ્રેનના અને અરધા પૈસા ૫૦ થી ૭૫ ગ્રેનના હતા. પૈસાના એક બીજા રસપ્રદ પ્રકારમાં મુખ્ય બાજુએ જમણી બાજુ જોતો સિંહ, તલવાર, સંવત તથા ગુજરાતી લખાણ 'લણાવાડ' અને બીજી બાજુ અસ્પષ્ટ ત્રૂટક લખાણ તથા નિશાનીઓ હોય છે.[૨૫]

**ખંભાત રાજ્ય :** શીયા નવાબ જાફરખાનનો ૧૮૮૦ નો રૂપિયો મળે છે. મુખ્ય બાજુ ફારસીમાં નવાબનું નામ, હિજરી વર્ષ, બીજી બાજુ ફારસીમાં માનુસ ફોર્મ્યુલા તથા ટંકશાળનું નામ હોય છે.[૨૬] આવા બે આના પણ હતા. આ રાજ્યના પૈસા અનિયમિત આકારના, જાડા, મુખ્ય બાજુ અંતર્ગોળમાં ગુજરાતીમાં 'પૈસા શ્રી સાલ (કે શ્રી સવા ?)' લખાણવાળા તથા બીજી બાજુ લખાણ વગરના અથવા ફારસીમાં 'શાહ' લખેલા હોય છે. બીજા પ્રકારના પૈસા ઉપર મુખ્ય બાજુ 'શ્રી ખંભાત બંદર સં. ૧૯૪૮ ની સાલ' લખેલું હોય છે અને ત્રીજા પ્રકારમાં મુખ્ય બાજુ ફારસીમાં 'રિયાસતે કમ્બાયત' તથા બીજી બાજુ ગુજરાતીમાં મૂલ્ય તથા સંવતવાળા પાતળા તથા ગોળ હોય છે.[૨૭]

**છોટા ઉદેપુર રાજ્ય :** મહારાવળ મોતીસિંહજીના બે પૈસા મળે છે. મુખ્ય બાજુ ગુજરાતીમાં આંકડા તથા શબ્દમાં મૂલ્ય, કટાર, લખાણ 'મહારાવલશ્રી મોતીસંગજી', બીજી બાજુ ૧૯૪૮ સાથે લખાણ 'સ્વસ્થાન છોટાઉદેપોર' હોય છે.[૨૮] એક પૈસો પણ મળે છે, પણ એનાં ગુજરાતી લખાણ વાંચી શકાતાં નથી.

## પાદટીપ

૧. P. L. Gupta, *Coins*, p. 145
૨. *Ibid*., p. 159 ૩. *Ibid*., p. 162
૪. *J. N. S. I.*, Vol. XXIII, p. 90
૫. *Ibid*., Vol. XIX, pp. 59-70
૬. P. L. Gupta, *op. cit*., p. 165
૭. *Ibid*., p. 177 ૮. *Ibid*., p. 170
૯. John Allan, *Catalogue of the Coins in the Indian Museum, Calcutta*, Vol. IV, p. 160
૧૦. *Ibid*., Pl. IX-7 ૧૧. *Ibid*., Pl. IX-4
૧૨. *Ibid*., Pl. IX-5 ૧૩. *Ibid*., Pl. IX-6

૧૪. *Ibid.*, pp. 167 f. ૧૫. *Ibid.*, p. 169

૧૫ અ. ભારમલજી ૨ જાના કેટલાક સિક્કાઓ ઉપર મુઝફ્ફરશાહ ૩ જાનું નામ અને હિ.સ. ૧૧૬૫ અંકિત કરેલ છે (Chester L. Krause and Clifford Mishler, *Standard Catalog of World Coins*, p. 690—સં.).

૧૬. *Ibid.*, Pl. XI-14-16., XI 1 ૧૭. *Ibid.*, Pl. X-17

૧૮. *Ibid.*, Pl. XI-6 ૧૯. *Ibid.*, p. 180

૨૦. *Ibid.*, Pl. X-7 ૨૧. *Ibid.*, Pl. XI-13

૨૨. *Ibid.*, Pl. XII-3

૨૩. શંભુપ્રસાદ દેશાઈ, 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ', પૃ. ૭૫૫

૨૪. John Allan, *op cit.*, Vol. III, pp. 203 f.

૨૫. *Ibid.*, p. 197 ૨૬. *Ibid.*, Pl. X-3

૨૪ અ. વસ્તુત: રાધનપુરના આ સિક્કાઓ પર જી કે ગો દર્શાવતો, અને એને શાસકના નામના પ્રથમાક્ષર સાથે કોઈ સંબંધ નહોતો. જુઓ. *Ibid.*, pp. 202. અને chester L. Krause and clifford Mishler, *op cit.*, p. 707,—સં.

૨૭. *Ibid.*, p. 176 ૨૮. *Ibid.*, Pl. X-4

પ્રકરણ-૮

# રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદનો વિકાસ

સાંસ્કારિક-સાંસ્કૃતિક નક્કર ભૂમિ ઉપર ઊભેલા ભારતમાં એક પછી એક યુરોપીય પ્રજાઓ આવી; આરંભમાં વેપાર નિમિત્તે અને પછીથી અહીંની રાજકીય નિર્બળતા જોઈ રાજસત્તા નિમિત્તે. આ બધી પ્રજાઓની ઉભય નિમિત્તની પરસ્પરની હરીફાઈમાં આખરે અંગ્રેજ પ્રજા સર્વોપરિ બની. અંગ્રેજ પ્રજા આમ તો વૈશ્ય-પ્રકૃતિની હતી, અર્થાત્ વેપારીવૃત્તિને વરેલી. આ પ્રજાને આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિઓની જેટલી નિસબત હતી તેટલી પ્રજાકલ્યાણની પડી ન હતી, આથી દેશનું અર્થતંત્ર કથળ્યું, ગૃહોદ્યોગો નાશ પામ્યા અને પ્રજાની આર્થિક તાકાત કમજોર થઈ ગઈ.

અંગ્રેજોના સંપર્કને પરિણામે પશ્ચિમી સંસ્કૃતિ, ત્યાંની વિચારધારા, ત્યાંનું રાજકારણ અને ત્યાંની પ્રજાએ સ્વાતંત્ર્ય મેળવવા આપેલાં બલિદાન-આ બધી બાબતોની બુનિયાદના પરિચયમાં ભારતીય પ્રજાનો શિક્ષિત વર્ગ આવવા લાગ્યો. અંગ્રેજી કેળવણીને કારણે આ બધા લાભ પ્રાપ્ત થયા હતા, તેથી એની અસર ભારતીય વિચારો ઉપર-સાહિત્ય ઉપર થઈ, જેણે પ્રજામાં રાજકીય જાગૃતિ માટેની ચિનગારી ચાંપી. આની અસર સમાજજીવન અને ધર્મજીવન ઉપર થઈ અને એમાંથી પ્રત્યાઘાત ઉદ્ભવ્યા, જેણે પ્રજાજીવનને ખળભળાવી મૂક્યું. વૈચારિક ક્રાંતિને-સ્વાતંત્ર્ય માટેની ક્રાંતિને પ્રજા આવકારવા કટિબદ્ધ બની, જેમાંથી રાષ્ટ્રિય ભાવનાઓ ઉદ્ભવી અને ભારતીય પ્રજા પુનરુત્થાન માટે પરિશ્રમી થવા લાગી.

## વિવિધ પરિબળો

અઢારમી સદીના ઉત્તરાર્ધમાં અને ઓગણીસમી સદીના આરંભના બે દાયકા દરમ્યાન ગુજરાતમાં પણ સામાજિક ધાર્મિક આર્થિક અને રાજદ્વારી ઊથલપાથલો ચાલ્યા કરતી હતી. છેલ્લા સાતેક સૈકા દરમ્યાન ગુજરાતમાં ધર્મ અને સંસ્કૃતિ ઉપર અનેક આક્રમણ થતાં રહ્યાં અને સમાજજીવન ઉપર એના પ્રતિકૂળ પ્રત્યાઘાત પડતા રહ્યા. સમગ્ર પ્રદેશમાં ત્રાસ અને ભયનું વાતાવરણ પ્રસરી ગયું હતું, ગુર્જર સમાજ ભીરુ અને સંકુચિત મનોદશાવાળો બની ગયો

હતો, સંસ્કારપ્રવાહો ક્ષીણ થતા જતા હતા, જાનમાલ અને ધર્મની સલામતી જોખમમાં હતી, પ્રજામાં અજ્ઞાન અને વહેમ વ્યાપક બન્યાં હતાં, સ્ત્રીઓની ઇજ્જત આબરૂ જોખમમાં હતી, બાળલગ્નોની બોલબાલા વધી હતી, વિધવા-વિવાહ અશક્ય હતો, દીકરીનો જન્મ શાપરૂપ ગણાતો હતો, મંત્રતંત્રમાં લોકોની શ્રદ્ધા વધતી જતી હતી, વેપારવાણિજ્યનો વિકાસ થંભી ગયો હતો, જ્ઞાન-પ્રાપ્તિનાં સાધનોનો કે વ્યવસ્થિત કેળવણીનો અભાવ પ્રવર્તતો હતો, કલા સાહિત્ય અને વિજ્ઞાનનો વિકાસ રૂંધાઈ ગયો હતો, ત્યારે માત્ર ધર્મનો થોડો ધબકાર પ્રજાજીવનની નાડમાં ચૈતન્યનો થોડો રક્તપ્રવાહ પ્રસરાવી પ્રજાને બેઠી રાખવાનો પ્રયત્ન કરતો હતો.[1]

ગુજરાતમાં આવી સાંસ્કૃતિક કટોકટી હતી ત્યારે રાજકીય ક્ષેત્રે કોઈ સ્થિરતા પ્રવર્તતી ન હતી. ગુજરાત ઉપર ત્યારે એક તરફ મરાઠા-શાસનનો પ્રભાવ હતો, તો બીજી તરફ સેંકડો હિંદુ-મુસ્લિમ દેશી રાજ્યોનો પ્રભાવ હતો. આ બધા રાજ્યકર્તાઓ પરસ્પર સતત ઝઘડતા રહેતા હતા, આથી આમાં એમનાં સાધનો અને શક્તિ વેડફાઈ જતાં હતાં. વળી નબળાઈ અને નિરાશામાંથી બચવા સ્વરક્ષણ અથવા અંગત સ્વાર્થ ખાતર આ બધા શાસકો એકબીજાનો છેદ ઉડાડવા ત્રાહિતને કુમકે બોલાવી પોતાની સ્થિતિને વિશેષ પરાધીન કરતા હતા. આવી પરિસ્થિતિમાં ત્રીજો પક્ષ ફાવી ગયો અને વેપાર અર્થે આવેલી ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીના ચાલકોએ આનો પૂરો લાભ ઉઠાવ્યો. ૧૮૦૨ માં વસઈની સંધિથી પેશવાઈને રાજક્ષય લાગુ પડ્યો, જેનો અંજામ પેશવાઈના અસ્તથી ૧૮૧૮ માં આવ્યો. આ સાથે ગુજરાત ઉપર અંગ્રેજો સર્વોપરિ બન્યા; જોકે દેશી રાજ્યોની આંતરિક, પરંતુ નિયંત્રિત સ્વતંત્રતા ચાલુ રહી. આ નવી સત્તાની સ્થાપના સાથે ગુજરાતમાં પણ નવજાગૃતિનાં વમળ ઉદ્‌ભવ્યાં. અંગ્રેજોના સંપર્કની અસર ગુજરાતનાં સમાજ ધર્મ સાહિત્ય રાજકારણ અને ઇતિહાસ ઉપર પડી.

અંગ્રેજ રાજ્યની સ્થાપના પછી ગુજરાતની પ્રજાએ થોડીક શાંતિ અનુભવી અને નિરાંતનો શ્વાસ લીધો, નવી વિદ્યા અને કેળવણીનો પ્રકાશ ફેલાવા લાગ્યો.

ગુજરાતની અસ્મિતાને જાગ્રત કરનાર પરિબળોમાં સાહિત્ય શિક્ષણ અને સમાચારપત્રોનો ફાળો મહત્ત્વનો ગણી શકાય, કારણ કે આ માધ્યમો દ્વારા જ એ પછી સમાજ-ધર્મસુધારા અને રાજકીય જાગૃતિના ઉન્મેષ અનુભવાયાં છે.

આ ક્ષેત્રોમાં અગ્રણી રહ્યા મહીપતરામ રૂપરામ, નર્મદ, કરસનદાસ મૂળજી, શેઠ પ્રેમચંદ રાયચંદ, દુર્ગારામ મહેતાજી, રણજિતરામ વાવાભાઈ મહેતા વગેરે.

સંસ્થાકીય દૃષ્ટિએ 'માનવ ધર્મસભા' 'બુદ્ધિવર્ધકસભા' 'પુસ્તક પ્રચારક મંડળી' 'સ્વદેશ હિતેચ્છુ' 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' 'ગુજરાત કેળવણી મંડળ' 'વનિતા વિશ્રામ' વગેરેનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. 'મુંબઈ સમાચાર' 'જ્ઞાનસાગર' 'વર્તમાન' 'સુરતસમાચાર' 'ખબરદર્પણ' 'સ્વતંત્રતા' 'અમદાવાદ સમાચાર' 'સત્યપ્રકાશ' 'સ્ત્રીબોધ' 'સ્વદેશ–વત્સલ' 'મહાકાલ' 'પ્રાતઃકાલ' 'પરહેજગાર' 'રાસ્તગોફ્તાર' 'જામેજમશેદ' વગેરે સામયિકોએ તથા 'હોપ વાચનમાળા' અને 'સરસ્વતીચંદ્ર' જેવા ગ્રંથોએ અને 'ભૂતનિબંધ' 'બાળવિવાહ નિબંધ' 'પુનર્વિવાહ નિબંધ' 'કજોડા દુઃખદર્શક નાટક' 'સાસુવહુની લડાઈ' 'વૈધવ્યચિત્ર' 'રોવાકૂટવાની ઘેલાઈ' વગેરે નિબંધોએ જનસમાજને સ્વતંત્રતા માટે જાગ્રત કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.[૨]

આમાં વિશેષ ઉલ્લેખનીય છે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની સ્થાપના અને એની અનેક-પાંખી પ્રવૃત્તિઓ. એનો હેતુ હતો 'ગુજરાતી ભાષા સાહિત્યનો ઉત્કર્ષ કરવો, ઉપયોગી જ્ઞાનનો પ્રચાર કરવો અને સામાન્ય રીતે કેળવણીની વૃદ્ધિ કરવી.' આ માટે વર્તમાનપત્રનું પ્રકાશન કરવું, પુસ્તકાલય સ્થાપવું, હસ્તપ્રતોનો સંગ્રહ કરવો, નિશાળોની સ્થાપના કરવી વગેરે કાર્ય યોજાયાં. આ સંસ્થાના પ્રસ્તુત હેતુઓ અને કાર્યક્રમો જ સૂચવે છે કે ગુજરાતની અસ્મિતાના ઘડતરમાં અને પ્રજાકીય પુનરુત્થાનના પરિશ્રમમાં એનો ફાળો કેટલો દાયિત્વપૂર્ણ હતો. આ સંસ્થા દ્વારા નવજાગૃતિનો શંખ ફૂંકાયો, 'વરતમાન' નામના સાપ્તાહિક પ્રકાશનના પ્રારંભથી ૧૮૪૯ માં એ જ વર્ષે 'નેટિવ લાયબ્રેરી'ની સ્થાપના થઈ (૧૮૫૭ થી જે જાણીતી થઈ 'હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ'ના નામકરણથી). ૧૮૫૦ માં હરકુંવર શેઠાણીની સહાયથી કન્યાશાળાની સ્થાપના થઈ. એ જ વર્ષે 'બુદ્ધિપ્રકાશ' નામનું પાક્ષિક શરૂ થયું, જે પછીથી માસિક બન્યું. આમ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ એ વખતની સાંસ્કારિક સામાજિક બૌદ્ધિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પ્રેરણાદાયી પ્રાણ પૂર્યો. આમાં દલપતરામ કવિનો ફાળો નાનોસૂનો ન હતો.

૧૮૫૮ માં 'હોપવાચનમાળા'નું પ્રકાશન થયું, જેણે ઊછરતી ગુજરાતી પ્રજાના ઘડતરમાં દાયિત્વપૂર્ણ કાર્ય કરેલું. નીતિના ઉપદેશ અને ચારિત્ર્યના બંધારણ પ્રત્યે આપેલું ધ્યાન આ વાચનમાળાની મહત્તા ગણાવી શકાય.

દી. બા. અંબાલાલ સાકરલાલે ગુજરાતી ભાષા દ્વારા કેળવણીનો બહોળો પ્રચાર કરવાનો ભગીરથ અભિલાષ સેવીને ૧૯૧૩ માં ગુજરાતના શિક્ષિત સમાજની

સહાયથી 'ગુજરાત કેળવણી મંડળ'ની સ્થાપના કરી ગુજરાતના નવઘડતરમાં વેગ આપ્યો.

ભીરુ, ભયત્રસ્ત અને હતાશ બનેલી ગુજરાતની પ્રજાને સાંસ્કારિક દૃષ્ટિએ બેઠી કરવાનું અભૂતપૂર્વ કાર્ય ૧૯ મી સદીના આરંભના ત્રણ દાયકાઓ દરમ્યાન ઘનશ્યામ નામના યુવકે ઉત્તર પ્રદેશમાંથી આવી વૈષ્ણવી દીક્ષા લઈ સહજાનંદ સ્વામીના સ્વરૂપે કર્યું; અરાજકતા અંધાધૂંધી અને આચારલોપના ભયાનક બાહુઓમાં સપડાયેલી ગુજરાતની પ્રજાનો હાથ પકડીને એમણે ધર્મના પ્રચાર દ્વારા નીતિપ્રચાર અને આચારપ્રસ્થાપનનું અલૌકિક કાર્ય કર્યું.

બંગાળથી મુંબઈ પહોંચેલી ધર્મસુધારાની પ્રવૃત્તિની અસર કવિ નર્મદ ઉપર થયેલી, આથી ૧૮૬૦ માં નર્મદે 'તત્ત્વશોધક સભા' સ્થાપી અને 'બ્રહ્મધર્મ' પુસ્તક (૧૮૬૪ માં) પણ આ અનુષંગે પ્રગટ કર્યું; જો કે આ અગાઉ સુરતમાં 'માનવધર્મસભા' (૧૮૪૪) ની અને અમદાવાદમાં 'ધર્મસભા'(૧૮૫૮–૫૯) ની સ્થાપના થઈ હતી. ૧૮૭૧ માં અમદાવાદની ટ્રેઇનિંગ કોલેજમાં ઈશ્વરોપાસનાનો આરંભ ભોળાનાથે કર્યો હતો. આ જ અરસામાં દયાનંદ સરસ્વતીએ મુંબઈમાં 'આર્યસમાજ'ની સ્થાપના કરી, ૧૮૭૫ માં દયાનંદે અંત્યજોદ્ધાર અને વૈદિક ધર્મના ઉદ્ધારનું કાર્ય પણ કરેલું. અમેરિકા જતાં પૂર્વે સ્વામી વિવેકાનંદ ગુજરાતમાં કેટલાક મહિના રહ્યા હતા અને એમના સંસર્ગે પણ ગુજરાતમાં ધર્મજાગૃતિની હવા જન્માવેલી.

શ્રીમન્નૃસિંહાચાર્ય (ઈ.સ. ૧૮૪૮ થી ૧૮૯૮) અને શ્રીમન્નથુરામ શર્મા (ઈ.સ. ૧૮૫૮ થી ૧૯૩૦)એ પણ ગુજરાતમાં ધર્મપ્રસ્થાપનનું કાર્ય કર્યું હતું.

પશ્ચિમી કેળવણી પામેલા શિક્ષિતો વિજ્ઞાનવાદને કારણે ધર્મવિષયમાં શંકાશીલ બનેલા. આવી સ્થિતિમાં ધર્મ-સમાજ સુધારણા પ્રાપ્ત કરવાના આશયથી થિયોસોફિકલ સંસ્થાની સ્થાપના થઈ હતી.

આમ વિધર્મી મિશનરીઓની વટાળ–પ્રવૃત્તિઓમાંથી ગુજરાતની પ્રજાને સંરક્ષવાનું અને હિંદુધર્મ પ્રતિ પ્રજાનું લક્ષ્ય ખેંચવાનું કામ સધર્મી સુધારકોએ કરેલું. સુરત અને નડિયાદના હિંદુ અનાથાશ્રમો અને બાલાશ્રમો સ્થપાયા એ આવાં કારણોથી.

ગુજરાતમાં મરાઠાઓના અમલ દરમ્યાન આર્થિક સ્થિતિ તદ્દન ડામાડોળ થઈ ગઈ હતી. દેશી રાજ્યોના શાસકો પ્રજાના આર્થિક જીવનની સધ્ધરતા વધે

એવા કોઈ પ્રયત્ન કરતા ન હતા. મરાઠાઓની કેટલીક આર્થિક નીતિઓ, જેવી કે કલમબંધી ઇજારાપદ્ધતિ અને મુલકગીરીએ ગુજરાતના અર્થતંત્રને ખાડે બેસાડી દીધું હતું. પેશવા અને એમના માંડલિકો વચ્ચેની હોંસાતોંસીથીય અર્થ-વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. અંગ્રેજોના આગમન પછી ગૃહોદ્યોગ લગભગ નાશ પામ્યા હતા. આમ સર્વ રીતે રાજકીય અસ્થિરતા અને વિદેશી શાસન દરમ્યાન ગુજરાતનું આર્થિક જીવન છિન્નવિચ્છિન્ન થયું હતું.[3] આટલું બસ ન હોય તેમ અગણોતરો દુકાળ પડ્યો, ૧૮૧૨-૧૩ માં. ૧૮૧૯ માં ગુજરાતમાં મોટો ધરતીકંપ થયો. ૧૮૩૭ માં સુરતમાં ભયાનક આગ લાગી. ૧૮૯૬ માં મુંબઈમાં મરકીનો ઉત્પાત મચ્યો, જેની અસર ગુજરાત સુધી પ્રસરી. ૧૯૦૦ માં છપ્પનિયો દુકાળ પડ્યો. આમ રાજકીય અને કુદરતી ઉભય પ્રકોપને કારણે ગુજરાતે સારી એવી આર્થિક પછડાટ ખાધી હતી.[4]

દુકાળ-કમિશનોએ દુકાળના સમયે ખેડૂતોને જમીન-મહેસૂલ ભરવા સરકારે ફરજ ન પાડવી એમ વારંવાર જણાવેલું, તોય મુંબઈ સરકારે ઊલટી નીતિ અપનાવી, આથી ગુજરાતમાં સમગ્ર પ્રજા અકળાઈ ઊઠી. એમ થવાનું એક મુખ્ય કારણ એ પણ હતું કે સરકારી અમલદારોએ સર્વગ્રાહી તપાસને સ્થાને વ્યક્તિગત તપાસ કરાવેલી,[5] જેમાંથી પક્ષપાત અને લાગવગનું જોર વધ્યું, આથી ગુજરાતમાં જમીન-મહેસૂલની વસૂલાત વેળાએ થયેલા અત્યાચારોની વિગતો એકત્રિત કરી પ્રજા સમક્ષ રજૂ કરવાનું કાર્ય કર્યું ગોકળદાસ કહાનદાસ પારેખે, તો ધારાસભામાં જમીન-મહેસૂલ કાનૂનમાં સુધારો રજૂ થવાનો હતો તેનો વિરોધ કર્યો હતો સર ફીરોજશાહ મહેતાએ. પ્રજાકીય સભ્યો અને સર ફીરોજશાહની માગણી એટલી જ હતી કે પ્રસ્તુત ખરડાને જાહેર ચર્ચા માટે મૂકવો અને અભિપ્રાયો મેળવવા. સરકારે માગણી ન સ્વીકારી અને તેથી સભ્યોએ સભા-ત્યાગ કર્યો. ધારાસભાના ઇતિહાસમાં આ બનાવ પહેલપ્રથમ હતો અને તેથી ગુજરાતની રાજકીય જાગૃતિને સબળ પીઠિકા પ્રાપ્ત થઈ.

૧૮૬૦ માં રણછોડલાલ છોટાલાલે અમદાવાદમાં સૌ પ્રથમ સુતરાઉ કાપડની મિલ સ્થાપી અને ગુજરાતના આર્થિક જીવનને સમૃદ્ધ કરવાનો યત્ન આરંભ્યો હતો. અમેરિકી સિવિલ યુદ્ધ શરૂ થતાં ઇંગ્લૅન્ડને ત્યાંથી મળતું રૂ આવવાનું બંધ થયું, આથી ૧૮૬૨ માં હિંદના રૂની પરદેશમાં ખાસ કરીને ઇંગ્લૅન્ડમાં સારી માંગ હતી. ખેતીપ્રધાન રૂના વાવેતરવાળો ગુજરાત વિસ્તાર આ કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ચમક્યો અને પ્રદેશ આર્થિક રીતે સમૃદ્ધ થયો. સટ્ટાનો વેપાર વધ્યો. પ્રેમચંદ રાયચંદ શેઠ આના અગ્રેસર હતા.

પરંતુ ૧૮૬૫ માં અમેરિકી યુદ્ધ બંધ થતાં મુંબઈના નાણાબજારમાં ભયંકર મંદીનું મોજું ફરી વળ્યું. રૂના ભાવ ગગડયા, શેરસટ્ટામાં મંદી આવી, તેથી સરકારને એ જ વર્ષે નાદારીનો કાયદો પસાર કરવો પડયો હતો. ગુજરાતની આર્થિક સ્થિતિમાં ફરીથી ગાબડું પડયું, જેને નર્મદે ઈશ્વરકોપ ગણાવ્યો હતો.[૬]

'સ્વદેશવત્સલ' (૧૮૭૪–૭૫) માસિકમાં સ્વદેશીના પ્રચારની જોરદાર હિમાયત થતી રહેતી હતી.

અંગ્રેજ રાજ્યની સ્થાપના પછી ગુજરાતની પ્રજાએ શાંતિનો દમ ઘૂંટયો. પશ્ચિમી કેળવણીના સંપર્કથી શિક્ષિતોમાં નવસંચારના ઉન્મેષ પ્રગટયા છતાં સમાજનો મોટો વર્ગ તો જુનવાણી વિચારને વરેલો રૂઢિચુસ્ત હતો, આથી નવશિક્ષિતો તરફથી પ્રસ્તુત થતા પ્રત્યેક સુધારા સામે આ રૂઢિચુસ્તો ઉગ્ર પ્રત્યાઘાતથી વિરોધ કરતા હતા,[૭] એટલે કોઈ પણ સુધારક માટે સુધારણાનું કાર્ય વિકટ અને કપરું હતું.

ગુજરાતમાં સંસારસુધારાના આદ્ય પ્રવર્તક હતા દુર્ગારામ મંછારામ મહેતાજી (૧૮૦૯ થી ૧૮૭૬) અને એની આદ્ય સંસ્થા હતી માનવધર્મસભા (૧૮૪૪); જોકે આ ક્ષેત્રે પાંચ દક્ષાઓની કામગીરી પણ ધ્યાનપાત્ર છે : દુર્ગારામ, દાદોબા પાંડુરંગ, દિનમણિશંકર શાસ્ત્રી, દલપતરામ માસ્તર અને દામોદરદાસ. આ સમય દરમ્યાન સૌરાષ્ટ્ર વિસ્તારમાં મણિશંકર કિકાણી 'સુપંથ પ્રવર્તક મંડળ' ચલાવતા હતા.

ગુજરાતમાં 'માનવધર્મસભા' અને 'બુદ્ધિવર્ધકસભા'ની સ્થાપનાથી તથા 'સત્યપ્રકાશ' જેવાં સામયિકોના પ્રકાશનથી ગુજરાતી પ્રજાના મનમાં જૂનાનવા વિચારોનો જબરો સંઘર્ષ ઉદ્ભવ્યો હતો. લોકોમાંથી અજ્ઞાન–અંધશ્રદ્ધા, વહેમ અને ભયનું આવરણ દૂર કરવાના ભગીરથ પ્રયત્ન દુર્ગારામ વગેરેથી શરૂ થયા. દલપતરામે ધીમે ધીમે સુધારો કરવાનો ઉપદેશ આપ્યો, તો નર્મદે 'યા હોમ કરીને પડો'ની બુલંદ ઘોષણાનો શંખ ફૂંકયો.

ત્યારે પરદેશગમન એ ભયાનક સામાજિક ગુનો ગણાતું. પરદેશ ખેડનારને જ્ઞાતિબહાર મુકાઈ જવાનો ભય હતો. સમુદ્રપ્રયાણનો કોઈ વિચાર કરી શકે નહિ તેવા વાતાવરણમાં નડિયાદના પાટીદાર શામળદાસ દેસાઈએ ૧૮૩૨ માં સહુ પ્રથમ પરદેશપ્રયાણ કરેલું. એ પછી ૧૮૬૦ માં મહીપતરામ નીલકંઠ પરદેશ ગયા હતા.

દેશાટનની જેમ વિધવા–પુનર્વિવાહનો પ્રશ્ન પણ એ સમયે ગુજરાતી ઉચ્ચ સવર્ણ સમાજને–હિંદુસમાજને માટે વિકટ હતો, આથી કરસનદાસે એની ચર્ચા 'સત્યપ્રકાશ'માં ઉપાડી. 'ગુજરાત જ્ઞાનપ્રસારક મંડળી' પણ એમની પ્રેરણાથી

અસ્તિત્વમાં આવી હતી. સુરત–મુંબઈના થોડાક વૈષ્ણવ મહારાજોની પ્રપંચલીલા સામે એમણે વ્યાપક ધર્મયુદ્ધ ચલાવેલું.

ગુજરાતમાં પહેલવહેલું પુનર્લગ્ન ઉચ્ચ સવર્ણોમાં કરસનદાસની સહાયથી કર્યું ધનકોરબા અને માધવદાસે ૧૮૬૭ માં. વિધવાવિવાહને ઉત્તેજન આપવામાં લાલશંકર ઉમિયાશંકરે એક સંસ્થા અમદાવાદમાં સ્થાપી હતી. કવિ નર્મદે તો વિધવાના પ્રશ્નને પોતીકો ગણ્યો હતો.

આપણા દેશમાં નિરાધાર સ્ત્રીઓનો પ્રશ્ન પણ સમાજસુધારકોને મૂંઝવતો હતો, આથી ૧૯૦૭ માં શિવગૌરી ગજ્જર અને બાઈગૌરી મુનશીના સંયુક્ત સાહસથી 'વનિતા વિશ્રામ'[૮] ની સ્થાપના સુરતમાં થઈ. ગુજરાતની સ્ત્રીકેળવણી અને વિધવાઓના જીવન ઉપર આ સંસ્થાની પ્રબળ અસર થયેલી.

આમ ૧૮ મી–૧૯ મી સદી દરમ્યાન–ખાસ કરીને મરાઠાઓના શાસન દરમ્યાન –ગુજરાતી પ્રજાએ જે રાજકીય અસ્થિરતા અનુભવી અને એ વડે જે સામાજિક-ધાર્મિક-આર્થિક જોખમો માણ્યાં તેમાંથી બોધપાઠ લઈને તથા અંગ્રેજોના સંપર્કથી પ્રાપ્ત થયેલી વૈચારિક–શૈક્ષણિક સંપ્રાપ્તિનો લાભ લઈને ગુજરાતમાં સમાજનાં બધાં ક્ષેત્રોમાં હલચલ મચી અને સુધારાના ભયંકર વાવાઝોડામાં આ બધાં ક્ષેત્ર સપડાઈ ગયાં.

## રાજકીય ઘટનાઓ

ઓગણુસમી સદી દરમ્યાન સામાજિક સુધારણાનાં મુખ્ય કેંદ્ર મુંબઈ અને સુરત હતાં, તો રાજકીય પ્રવૃત્તિઓનાં મથક સુરત (પ્રારંભમાં) અને અમદાવાદ (લાંબો સમય) હતાં. આ ઉપરાંત રાજકોટ વડોદરા નડિયાદ જેવાં શહેરોનો ફાળો પણ ધ્યાનાકર્ષક છે.

૧૮૧૮ માં અંગ્રેજી સત્તાનાં મંડાણ થયાં અને હજી એમની વહીવટી અસરનો પરિચય થાય ત્યાં તો ગુજરાતની પ્રજાએ અસંતોષનો સળવળાટ આરંભી દીધો આ અસંતોષનાં મૂળ કયાં છે અને એનાં કયાં કારણ છે એનો અભ્યાસ કરવા માટે કમ્પની સરકારે કેપ્ટન જેમ્સ આઉટરામને ગુજરાતના પ્રવાસે મોકલ્યો. એણે ૧૪ મી સપ્ટેમ્બર ૧૮૩૫ માં પ્રવાસ આરંભી, આશરે એક હજાર માઇલનો ગુજરાતવ્યાપી પ્રવાસ ખેડીને ૧૪ મી નવેમ્બર ૧૮૩૫ ના રોજ અહેવાલ રજૂ કર્યો.[૯] આઉટરામના અહેવાલ અનુસાર ગુજરાત ઉપરનું અને ખાસ કરીને વડોદરા રાજ્ય ઉપરનું કમ્પની સરકારનું પ્રભુત્વ ઘટતું જાય છે અને યુરોપ પ્રત્યેનું માન પણ ઘટતું જાય છે. ગુજરાતની તપાસ કરી અહેવાલ રજૂ કરવા આઉટરામને

મોકલવાનું કમ્પની સરકારનું પગલું સ્પષ્ટ સૂચવે છે કે ગુજરાતમાં ભારેલો અગ્નિ હતો, જેના ઉપરની રાખ સૌ પ્રથમ ખંખેરી સુરતની પ્રજાએ.

## મીઠાવેરા-વિરોધી પ્રજોત્થાન (૧૮૪૪)

કમ્પની સરકારે ૧૮૪૪માં મુંબઈ ઇલાકામાં મીઠાનો ભાવ બમણો કર્યો (આઠ આનાને સ્થાને એક રૂપિયો) અને એનો અમલ ૧ લી સપ્ટેમ્બરથી થવાનો હતો. સુરતની પ્રજાએ આ દર-વધારા સામે ઑગસ્ટના છેલ્લા ત્રણ દિવસો દરમ્યાન મીઠાવેરા-વિરોધી શાંત અને અહિંસક પ્રતીકાર કર્યો. આશરે ત્રીસ હજાર લોકોએ ત્રીસમી ઑગસ્ટે સામૂહિક દેખાવ કર્યા. બજાર સંપૂર્ણ બંધ રહ્યાં. રાય-રંક અને હિંદુ-મુસ્લિમ સર્વેમાં આ દર-વધારાથી અસંતોષની એકસરખી લાગણી પ્રસરી ગઈ હતી. સરકારે લશ્કરનો ઉપયોગ કર્યો, પણ પ્રજાએ ત્રણ દિવસ સુધી મચક ન આપી. આખરે સત્તાધીશોને પ્રજા-ઇચ્છાની સામે નમતું જોખવું પડ્યું. આ અંગે સ્થાનિક મૅજિસ્ટ્રેટે (રેમિંગ્ટને) સમયસૂચકતા વાપરી આપેલા કામચલાઉ વેરા રદ કરવાના નિર્ણયને પ્રજાએ હૃદયથી આવકાર્યો, પણ સરકારના અહમે એને અવગણ્યો અને વેરા-નિર્ણયને ચાલુ રાખવા એજન્ટને હુકમ કર્યો; જોકે છેવટે તો ૧૪ મી સપ્ટેમ્બર, ૧૮૪૪ના રોજ જાહેરનામું બહાર પાડીને સરકારે મીઠાવેરો ઘટાડ્યો.[૧૦]

ગુજરાતની પ્રજાનો આ પહેલો રાજકીય વિજય, પહેલી લોકક્રાંતિ : ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીના ત્રણ દાયકાના વહીવટ દરમ્યાન જ પહેલો રાજકીય પરાજય. ભારતમાં આ પહેલી સફળ જનજાગૃતિ. વિધિની કરુણતા તો એ કે કમ્પનીએ જ્યાં સૌપ્રથમ વેપારી કોઠી નાંખી ત્યાંની જ પ્રજાએ સૌપ્રથમ રાજકીય પરાજય આપ્યો.

## નવાં તોલમાપનો વિરોધ (૧૮૪૮)

મીઠાવેરા-વિરોધી પ્રજાકીય પ્રતીકારની સફળતાએ પ્રજાની રાષ્ટ્રીય અસ્મિતાને મૂળમાંથી પ્રોત્સાહિત કરી. પરિણામે ચાર વર્ષના ટૂંકા ગાળામાં સુરતની પ્રજાએ ફરીથી પ્રતીકારનો ટંકારવ કર્યો.

સરકારે બંગાળી તોલમાપ દાખલ કરવાનો હુકમ કર્યો અને સ્પ્રિંગના ઉછાળાની જેમ સુરતની પ્રજાએ નવાં વજનના અમલનો વિરોધ કર્યો. એપ્રિલ ૧૮૪૮ માં, લોકોએ દિવસો સુધી હડતાળ ચાલુ રાખી, બજાર દિવસો સુધી બંધ રહ્યાં, મહાજનોએ વેચાણબંધનો આદેશ આપ્યો, સરકારી નોકરોને કશું જ ન વેચવા મહાજને ઠરાવ કર્યો, આથી લોકોને અનાજ અને રોજબરોજની ચીજોની હાડ-

મારી વેઠવી પડી. મૅજિસ્ટ્રેટ પડોશી જિલ્લાઓમાંથી અનાજ લાવી ગરીબોને વેચવા લાગ્યા, તો રાષ્ટ્રપ્રેમી મહાજને ગાડાં ભરીને અનાજ ગરીબોને મફત વહેંચવાનું શરૂ કર્યું. આંદોલન માટે ૫૦ હજારનો જનફાળો એકત્રિત થયો. ૫ મી એપ્રિલે નાગરિકોનું એક પ્રતિનિધિમંડળ મૅજિસ્ટ્રેટને મળ્યું ત્યારે હજારોની સંખ્યામાં લોકો ઊમટી પડ્યા. મૅજિસ્ટ્રેટે વિનંતી સાંભળી અને એના પ્રતિભાવરૂપે દુકાનો ટપોટપ ખૂલી ગઈ. સરકારે આખરે દરખાસ્ત પડતી મૂકી.[૧૧]

સુરતની પ્રજાએ બીજી વાર સામૂહિક શાંત સત્યાગ્રહ દ્વારા અને સભાસરઘસ વડે સરકારને નમાવી. સવિનય શાંત નિઃશસ્ત્ર પ્રતીકારનો ગુજરાતે રાષ્ટ્રને ચરણે ધરેલો આ બીજો પ્રસંગ.

### સત્તાવનનો સ્વાતંત્ર્ય-સંગ્રામ

સુરતની પરિણામદાયી ચિરંજીવ અસરો ઉપજાવનારી બે ઘટનાઓ પછી સમગ્ર ગુજરાતમાં ૧૮૫૭ની દેશવ્યાપી ઘટનાની થોડીક અસર જરૂર થઈ; જો કે એ ઘટનાઓને બળવાનું નામ આપી શકાય નહિ. હકીકતમાં સમાજના થોડાક-વર્ગોએ પોતાના વ્યક્તિગત સ્વાર્થ ખાતર એમાં તકસાધુની જેમ ભાગ લીધો હતો, આથી છૂટીછવાઈ કેટલીક ઘટનાઓ પરસ્પરના સંબંધ વિના જરૂર ઘટી, પરંતુ નેતાગીરીનો અભાવ, વ્યવસ્થિત કાર્યક્રમનો અભાવ, ગાયકવાડી રાજ્યની આ ઘટના પ્રત્યેની નિષ્ક્રિયતા, કાઠિયાવાડનાં રાજ્યોની આ તરફની ઉદાસીનતા, અંદરોઅંદરની ફાટફૂટ, સંકેત આપવામાં અને વ્યૂહાત્મક સંજ્ઞાઓના પાલનમાં નિષ્ફળતા, નૈતિક નિર્બળતા વગેરે કારણોને લીધે ગુજરાતે આ ઘટના પ્રત્યે ખાસ ઉત્સાહ દાખવ્યો નહિ.

પરંતુ ઉત્તર અને મધ્ય ભારતમાંથી રોહિલા અને રાજપૂતોના આગમનને કારણે ગુજરાતની ભીલ કોળી ઠાકરડા નાયકડા જેવી કોમોને થોડીક પ્રેરણા મળી. પરિણામે સમગ્ર ગુજરાતમાં એની આંશિક અસર થઈ. નાંદોદ(જિ. ભરૂચ) દાહોદ પાલા જાંબુઘોડા અને ગોધરા(જિ. પંચમહાલ) સૂંથ(રેવાકાંઠા) ચંડપ પ્રતાપપુર અને અનગઢ(મહીકાંઠા) આનપુર(લુણાવાડા) વગેરે સત્તાવનની ઘટનાનાં કેંદ્ર હતાં. આ બધાં સ્થળોનું વાતાવરણ સરકારને ભયજનક જણાતાં સરકારે અમાનવીય પદ્ધતિ અખત્યાર કરી અસંતોષની આગને વધતી અટકાવી દીધી હતી. વડોદરાના મહારાજા ખંડેરાવની સક્રિય સહાયથી સરકારે ગુજરાતમાં શાંતિ સ્થાપી અને ગોરા અમલદારોએ બંડખોરોને વીજળીવેગે પકડી લીધા.[૧૨]

સત્તાવનના દેશવ્યાપી વિગ્રહમાં જે ઘટનાઓ બની તેનાથી બ્રિટિશ સરકાર સવેળા જાગ્રત થઈ અને આવી ઘટનાઓને ફરીથી જોમ ના મળે એ માટે બ્રિટિશ

સરકારે ભારતમાં લોકોને નિઃશસ્ત્ર કરવાની યોજનાનો નિર્ણય લીધો. તદનુસાર ગુજરાતમાં પણ એ યોજના અમલી બનાવવાના યત્ન થયેલા. સરકારની આ ગુસ્તાખી સામે ગુજરાતની પ્રજા શાંત ન રહી અને ગુજરાત જેવા પ્રમાણમાં શાંત પ્રદેશમાં પણ નિઃશસ્ત્રીકરણનું કાર્ય અંગ્રેજ સરકારને સરળ ન જણાયું.

આમ ૧૮૫૭–૫૮ નાં બે વર્ષો દરમ્યાન ગુજરાતની પ્રજાએ બ્રિટિશ સરકારનો શાંત પ્રતીકાર કર્યો હતો; જો કે સશસ્ત્ર પ્રતીકારની ઠંડી તાકાત પણ ગુજરાતની પ્રજામાં સુષુપ્તાવસ્થામાં ભારેલા અગ્નિ જેવી હતી. ગુજરાતની આ ક્ષાત્રશક્તિની ભૂમિકા ભુલાય એવી નથી.

વડોદરા રેસિડન્સી રેકોર્ડ્ઝ(ફાઇલ નં. ૪૬૦, ૧૮૫૮)ના આધારે તાત્યા ટોપે ગુજરાતમાં આવ્યાની વિગતો પ્રાપ્ત થાય છે.

## આવકવેરા–વિરોધી તોફાનો

આ તોફાનો સુરતમાં થયાં હતાં ૨૯ નવેમ્બર ૧૮૬૦માં. આ પૂર્વે ૧૪મી નવેમ્બરે પુણેમાં આવકવેરા–વિરોધી તોફાન થયાં હતાં. સુરતમાં ત્રણ હજાર માણસો બુરહાનપુર ભાગોળે એકઠા થયા અને જ્યાંસુધી આવકવેરા અંગે ફેરવિચારણા ન થાય ત્યાંસુધી આવકવેરાપત્રો નહિ ભરવા અને દુકાનો બંધ રાખવા નિર્ણય કર્યો. ઘોડેસવાર અને પાયદળ પોલીસ દ્વારા સરકારે આ તોફાનોને દાબી દેવા પ્રયત્નો કર્યો. દુકાનો બંધ કરનારની ધરપકડ થઈ. ૩૦માંથી પાંચને છોડી મૂક્યા, એકને રૂ. ૫૦નો દંડ કર્યો અને ૨૪ને ૭ માસની સખત કેદની સજા થઈ. આ પ્રસંગે પણ સુરતની પ્રજાના નિર્ભીક વલણની પ્રતીતિ અનુભવાઈ.[१३]

## સ્વદેશી અંગે પહેલ

કાપડ અને અન્ય ઉદ્યોગોને સ્થાનિક કક્ષાએ ઉત્તેજન આપવાના તથા ચીજ-વસ્તુની મૂલ્યરેખાને સ્થિર રાખવાના આશયથી અમદાવાદમાં ૧૮૭૬ માં 'સ્વદેશી ઉદ્યોગવર્ધક મંડળ'ની સ્થાપના થઈ. જ્યારે સમગ્ર દેશે આ બાબતમાં ખાસ કરીને રાષ્ટ્રીય લડતના રચનાત્મક સ્વરૂપના હથિયાર તરીકે હજી અઢી દાયકા રાહ જોવાની હતી ત્યારે અમદાવાદની પ્રજાની આ પહેલ ભાવનામાં લડાયક હતી, કાર્યમાં સંપૂર્ણ શાંત પ્રકૃતિની હતી અને વિચારમાં રાષ્ટ્રવાદી હતી. સર્વશ્રી અંબાલાલ સાકરલાલ, રણછોડલાલ છોટાલાલ, હરગોવિંદ કાંટાવાળા, પ્રેમાભાઈ હીમાભાઈ વગેરે આ પ્રવૃત્તિઓના અગ્રેસર હતા.[१४]

## પરવાના સંદર્ભમાં આંદોલન

આઝાદીની રાષ્ટ્રીય લડત માટે અખિલ હિંદ રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થાય તે પૂર્વે તો ગુજરાતે, ખાસ કરીને સુરત અને અમદાવાદની પ્રજાએ, સ્વરાજ્ય માટે બ્રિટિશ શાસનનાં કેટલાંક પગલાંઓનો વિરોધ કરીને સ્વાતંત્ર્યની ખુમારીનાં દર્શન કરાવ્યાં હતાં. અગાઉ સુરતની પ્રજાએ ત્રણ વખત વિરોધી દેખાવો દ્વારા સરકારને હંફાવી મૂકી હતી. ૧૮૭૮ માં ફરી એક વાર સુરતની પ્રજાએ પરવાના-કરના સંદર્ભમાં પોતાના શાંત પ્રતીકારનો પરચો બતાવ્યો હતો. દેશમાં દુકાળની કુદરતી આફતોને પહોંચી વળવા થતા ખર્ચને નિવારવા સારુ મુંબઈ સરકારે પરવાના-કર નાખ્યો હતો.

રાજદ્વારી હેતુથી પ્રેરાઈને લડતનું મંગળાચરણ સુરતમાં ૨૭ ફેબ્રુઆરી ૧૮૭૮ થી થયું. આ દિવસે સુરતના નગરશેઠ નરોત્તમદાસ નરસિંહદાસ અને દ્વારકાદાસ લલ્લુભાઈની સહીથી જાહેર ખબર અખબારોમાં પ્રસિદ્ધ થઈ, જેમાં પરવાના-કરનો વિરોધ કરવાનો પ્રજાને આદેશ હતો અને ૨૮ મીની જાહેર સભામાં ઉપસ્થિત રહેવાની વાત હતી.

પરંતુ લડતે ખરી ખુમારી બતાવી ૧ લી એપ્રિલ ૧૮૭૮ ના રોજ સંપૂર્ણ બજાર બંધ રાખીને. સતત પાંચ દિવસ સુધી બજાર બંધ રહ્યાં. દરમ્યાન જિલ્લા મૅજિસ્ટ્રેટ અને વેપારી આલમના અગ્રણીઓ વચ્ચે વાટાઘાટો થઈ. પરિણામ શૂન્યમાં આવ્યું. છેલ્લે દિવસે પોલીસ વડાને ઘેરો ઘાલ્યો. વાતાવરણ તંગ બન્યું. તોફાન થયાં. ગોળીબાર પણ થયા. બે માર્યા ગયા. બે ગંભીર રીતે ઘાયલ થયા. ઘણાની ધરપકડ થઈ. 'રાસ્ત ગોફતાર' પત્રે આ બનાવની, ખાસ કરીને 'રાયટ ઍક્ટ' જાહેર કર્યા વિના ગોળીબાર કર્યો એની આકરી ટીકા કરી. ૩ જી જુલાઈ ૧૮૭૮ ના રોજ સુરતના ચૌદ નાગરિકોએ મુંબઈની હાઈકોર્ટમાં ઍફિડેવિટ રજૂ કરી અને સુરતની ઘટનાની વિગતો વર્ણવી પોલીસ-દમનની રજૂઆત કરી.[૧૫]

આમ સુરતના નાગરિકોએ ચોથી વાર શાંત પ્રતીકાર દ્વારા સ્વતંત્રતાની ભાવના અભિવ્યક્ત કરી હતી.

## ગુજરાત સભાની સ્થાપના (૧૮૮૪)

અમદાવાદમાં થયેલી આ સંસ્થાની સ્થાપના[૧૬] પણ ગુજરાતની પ્રજાની રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદની ભાવનાના દ્યોતક ઉદાહરણરૂપ તથા ગુજરાતના સ્વાતંત્ર્ય-સંગ્રામના ઇતિહાસમાં અનેક દૃષ્ટિએ સીમાચિહ્ન સમાન છે. આ સંસ્થા

મારફતે ગુજરાતમાં એક પ્રકારનું સબળ અને સક્ષમ રાજકીય વાતાવરણ ઊભું થયું. ૧૮૮૫માં અખિલ હિંદ રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઈ એના એક વર્ષ અગાઉ ૧૮૮૪માં 'ગુજરાત સભા'ની સ્થાપના થયેલી. આમ, મહાસભાની લઘુ આવૃત્તિ જેવી આ સંસ્થા રાષ્ટ્રની આઝાદીના ઇતિહાસમાં પાયાની સંસ્થાનું મહત્ત્વ પામી. એની સ્થાપનાનો હેતુ હતો, પ્રજાની મુશ્કેલીઓ અને અન્યાયોને અરજીઓ અને પ્રતિનિધિત્વ દ્વારા સરકાર સમક્ષ રજૂ કરવાનો. આરંભકાલનાં વર્ષોમાં પણ મહાસભાનો આ હેતુ જ હતો, એટલે ગુજરાત સભાની રચના કોંગ્રેસની પૂર્વવૃત્તિ જેવી બની રહી.

## કોંગ્રેસની સ્થાપના પહેલાંની અન્ય ઘટનાઓ

ગુજરાતમાં કેટલીક ઐતિહાસિક ઘટનાઓ થઈ તેનો કેવળ નામનિર્દેશ અહીં કરીએ: (૧) ૧૮૫૬માં વેઠપ્રથા નિર્મૂળ થઈ. (૨) ૧૮૬૦માં પહેલું વિધવા-પુનર્લગ્ન થયું. (૩) આ જ વર્ષે મહીપતરામે સમુદ્રપ્રવાણ પણ કર્યું. (૪) ૧૮૬૧માં ભાટોનું નડિયાદમાં બંડ થયું. (૫) ૧૮૬૭માં કવિ નર્મદે 'પ્રેમશૌર્ય'ના રાષ્ટ્રધ્વજની કલ્પના રજૂ કરી. (૬) ૧૮૬૮માં નર્મદે 'હિંદી'ને રાષ્ટ્રભાષા કરવાનો મત ઉચ્ચાર્યો. (૭) ૧૮૬૯માં નર્મદે પુનર્લગ્ન કર્યું. (૮) ૧૮૭૨માં સુરતમાં પહેલવહેલી વસ્તી-ગણતરી થઈ. (૯) આ જ વર્ષે ગાયકવાડ સરકારે આદેશ જાહેર કર્યો કે રાષ્ટ્રલિપિરૂપે નાગરીલિપિ રહેશે. (૧૦) ૧૮૭૩માં નાનાભાઈ હરિદાસ મુંબઈની વરિષ્ઠ અદાલતના પહેલા હિંદી ન્યાયમૂર્તિ નિમાયા. (૧૧) ૧૮૭૪માં અમદાવાદમાં સ્ત્રીઓ માટે 'મહાલક્ષ્મી ટ્રેઇનિંગ કોલેજ' સ્થપાઈ. (૧૨) ૧૮૭૪-૭૫માં 'સ્વદેશ વત્સલ' માસિકમાં સ્વદેશીનો પ્રચાર થયો.

આમ કોંગ્રેસની સ્થાપના થઈ તે પૂર્વે ગુજરાતે રાજકીય જાગૃતિની સાથોસાથ સાંસ્કૃતિક જાગૃતિનાં અને નવોત્થાનનાં મંડાણ આરંભી દીધાં હતાં. રાષ્ટ્રવાદને પોષક આ બધાં પરિબળોથી જનજાગૃતિમાં ચેતનાનો સંચાર થયો હતો.

## કોંગ્રેસનો પ્રારંભકાળ

૧૮૮૫માં 'અખિલ હિંદ રાષ્ટ્રીય મહાસભા'નું અધિવેશન સૌ પ્રથમ મુંબઈમાં મળ્યું હતું. મુંબઈ આમ તો ગુજરાતની રાજકીય અને સાંસ્કૃતિક જાગૃતિનું પ્રેરણાકેંદ્ર-પ્રારંભકેંદ્ર બની ગયું હતું. કલકત્તા(૧૮૮૬) મદ્રાસ(૧૮૮૭) લાહોર, (૧૮૯૩) અને કલકત્તા(૧૯૦૬)નાં આરંભકાલનાં અધિવેશનોના પ્રમુખસ્થાને દાદાભાઈ નવરોજી (ત્રણ વખત) અને બદ્રુદ્દીન તૈયબજી (એક વખત) જેવા ગુજરાતીઓ હતા. ત્યારે કોંગ્રેસમાં ભાગ લેનાર અગ્રણી ગુજરાતીઓ હતા સર્વશ્રી

દાદાભાઈ નવરોજી, સર દીનશા વાચ્છા, સર ફીરોજશાહ મહેતા, ડૉ. હરિ હર્ષદ ધ્રુવ, દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈ, ત્રિભોવનદાસ માળવી, ડૉ. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર, મંચેરશા પાલવજી કેકોબાદ વગેરે. આ અગ્રણીઓ અધિવેશનોમાં ભાગ લેવા ઉપરાંત ભાષણો કરતા, ઠરાવો રજૂ કરતા, ઠરાવો પરની ચર્ચામાં ભાગ લેતા, લેખો લખતા અને પ્રજાકીય જાગૃતિના પ્રયત્ન કરતા હતા.

## અમદાવાદ અધિવેશન (૧૯૦૨)

કોંગ્રેસનું ૧૮ મું અને ગુજરાતમાં પહેલું અધિવેશન ૧૯૦૨માં અમદાવાદમાં મળ્યું હતું અને પ્રમુખપ્રસ્થાને સુરેંદ્રનાથ બેનરજી હતા. સ્વાગત સમિતિના પ્રમુખ તરીકે દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈ હતા. આ અધિવેશનની સાથે જ ઔદ્યોગિક પરિષદનું બીજું અધિવેશન પણ યોજાયું હતું, જેનું ઉદ્ઘાટન વડોદરાના સ્વતંત્ર પ્રકૃતિના રાજવી મહારાજા સયાજીરાવ ૩ જાએ કર્યું હતું. આમ ગુજરાતમાં કોંગ્રેસની સ્થાપનાના બે દાયકામાં જ એનું પહેલું અધિવેશન અમદાવાદમાં યોજાયું એ ગુજરાતની રાજકીય જાગૃતિનું પ્રતિબિંબ પાડે છે.

આ અધિવેશનમાં ૨૨ જેટલા ઠરાવ થયા હતા, જેમાં સરકારી નોકરીઓ—જાહેર નોકરીઓના હિંદીકરણનો, દેશમાં ઉત્પાદિત કાપડ ઉપરનો એક્સાઈઝ વેરો રદ કરવાનો, જનતાને કેળવણીનો વિશેષ લાભ મળે એવી વ્યવસ્થા ગોઠવવાનો, દક્ષિણ આફ્રિકામાંના હિંદીઓની સ્થિતિ અંગેનો, લશ્કરમાં ઊંચી પાયરીઓ ઉપર હિંદીઓને નીમવા બાબતનો—જેવા રાજકીય જાગૃતિને પોષક ઠરાવોનો સમાવેશ થતો હતો.[૧૭]

## સ્વદેશી વસ્તુસંરક્ષક મંડળી (૧૯૦૩)

અગાઉ નોંધ્યું કે સ્વદેશીની ભાવનાને ગુજરાતની પ્રજાએ અભિવ્યક્ત કરી છેક ૧૮૭૬ માં. સ્વદેશી પ્રવૃત્તિની યોજનાનો એક હેતુ બજારભાવને સ્થિર કરવાનો હતો, તો બીજો સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહિત કરવાનો હતો, આથી ૧૯૦૩ માં પ્રસ્તુત મંડળીની સ્થાપના કરીને ગુજરાતે બીજું વિધાયક પગલું ભર્યું.[૧૮] આ પછી જ ભારતના શિક્ષિત લોકોમાં એક એવો અભિપ્રાય જોર પકડતો ગયો કે આપણા વિકસતા ઉદ્યોગોને રક્ષણ આપવું એ આપણી ફરજ છે. અમદાવાદની—ગુજરાતની આ પ્રવૃત્તિ પણ સીમાચિહ્ન બની રહી, જેણે પછીના સમયે રાષ્ટ્રીય લડતના ખ્યાલને એક અભિનવ વળાંક આપ્યો. ગુજરાતે આરંભેલી સ્વદેશી—પ્રવૃત્તિની આ બે સંસ્થા એટલે પ્રજાકીય જાગૃતિ અને લોકોની કાર્યશીલતા.

૧૯૦૬ માં ઑગસ્ટની ૧૧ મીએ ૫૦ જેટલા વિદ્યાર્થીઓનું એક મિલન

અમદાવાદમાં યોજાયું હતું,[૧૯] સ્વદેશીની પ્રવૃત્તિના કાર્યને વેગીલું બનાવવા માટે આ મિલનને જીવણલાલ વ્રજરાય દેસાઈએ સંબોધ્યું હતું.

દેકાવાડા અને માંડલ(બંને તા. વીરમગામ)ના જુવાનોએ અમદાવાદના જુવાનોનું અનુકરણ કર્યું હતું, અનુક્રમે ૨૨-૮-૧૯૦૬ અને ૨૩-૮-૧૯૦૬ના રોજ સભાઓ યોજીને. દેકાવાડાના લોકોએ દેશી ખાંડ વાપરવાનો ઠરાવ કર્યો, જ્યારે માંડલના મિલનમાં વણિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.[૨૦]

આમ સ્વદેશીની પ્રવૃત્તિ ગુજરાતમાં બંગભંગ પૂર્વે પ્રચારમાં આવી ચૂકી હતી.

## અધિવેશનોમાં ઠરાવો

દેશમાં અસંતોષ વ્યાપક બનતો જતો હતો. ૧૯૦૦થી ૧૯૦૬ દરમ્યાન લોકોમાં રાજકીય જાગૃતિ આવતી જતી હતી, તોપણ અસહાયતાની લાગણી વધતી જતી હતી. એ સમયે કોંગ્રેસે એની બનારસની બેઠકમાં ૧૯૦૫માં એક ઠરાવ દ્વારા સામયિક તપાસની માગણી મૂકી. આ અંગેનો ઠરાવ રજૂ કર્યો ગુજરાતના અંબાલાલ સાકરલાલ દેસાઈએ.[૨૧] બીજે જ વર્ષે કલકત્તા બેઠકમાં (૧૯૦૬) પણ દસ નંબરનો ઠરાવ રજૂ કર્યો અંબાલાલ દેસાઈએ, જેને વ્યાપક ટેકો પ્રાપ્ત થયો હતો. આ ઠરાવ દ્વારા સરકારની શિક્ષણનીતિનો વિરોધ, ઉચ્ચ શિક્ષણની મર્યાદિત નીતિનો વિરોધ, મુક્ત શિક્ષણની માગણી, મોટાં અનુદાનોની માગણી, ટેકનિકલ શિક્ષણની જોગવાઈની માગણી વગેરે મુદ્દાઓનો સમાવેશ થતો હતો.[૨૨]

દૂરગામી અસરવાળા આ બંને ઠરાવ રજૂ કરીને અંબાલાલભાઈએ રાષ્ટ્રીય લડતની પ્રક્રિયામાં બુનિયાદી ફાળો આપેલો.

## સુરત કોંગ્રેસ (૧૯૦૭)[૨૩]

રાષ્ટ્રીય મહાસભાનું ત્રેવીસમું અધિવેશન સુરતમાં ડૉ. રાસબિહારી ઘોષના અધ્યક્ષસ્થાને મળ્યું હતું. આ અધિવેશન ઐતિહાસિક બની રહ્યું, કેમકે મહાસભાના બે દાયકાના ઇતિહાસમાં પહેલી જ વાર ઉપસ્થિત પ્રતિનિધિઓ 'જહાલ' અને 'મવાલ' એમ બે પક્ષોમાં વિભાજિત થયા. સંભવતઃ કોંગ્રેસના આ સહુ પ્રથમ ભાગલા. અધિવેશન તોફાની સ્વરૂપનું બન્યું હતું. સુરત અધિવેશન આખરે મુલતવી રહ્યું હતું.

માત્ર પાંચ વર્ષના ટૂંકા ગાળામાં ગુજરાતે કોંગ્રેસના અધિવેશનને બીજી વખત નોતર્યું એમાં એની રાજકીય જાગૃતિનો જરૂર પડઘો પડે છે.

## ક્રાંતિકારી પ્રવૃત્તિ

સુરતના અધિવેશનમાં કોંગ્રેસના ભાગલા પડયા પછી દેશમાં વિનીત વર્ગની સાથે ક્રાંતિકારી વર્ગ જોડાયો હતો. સ્વદેશી ચળવળની સાથે જ સરકારનો સામનો સશસ્ત્ર ક્રાંતિથી કરવો હતો. સશસ્ત્ર ક્રાંતિકારીઓની એક નેમ અંગ્રેજ સરકારને ચોંકાવી દેવાની હતી, તો બીજી નેમ લશ્કરમાંના હિંદીઓમાં ક્રાંતિની ભાવનાનો સંચાર કરવાની હતી.

ગુજરાત પણ આ અસરથી મુક્ત ન રહ્યું, ખાસ કરીને બારીંદ્ર ઘોષ આના અગ્રણી પુરસ્કર્તા હતા.[૨૪] આમ તો સશસ્ત્ર ક્રાંતિની પ્રેરણા અધ્યાત્મના પાયા ઉપર શ્રી અરવિંદે ગુજરાતમાં આરંભેલી અને પુરાણી બંધુઓએ એને વ્યાયામની બુનિયાદ ઉપર પ્રચારેલી–પ્રસારેલી.

'દેશી વનસ્પતિની દવાઓ' જેવી છેતરામણાં નામોવાળી પુસ્તિકાઓ નવસારીથી પ્રગટ થઈ હતી અને એમાં બૉમ્બ બનાવવાની પ્રક્રિયા પ્રચ્છન્ન સ્વરૂપે વર્ણવાઈ હતી. સર્વશ્રી મોહનલાલ કામેશ્વર પંડયા (ડુંગળીચોર), નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ, બેચરદાસ પંડિત, પૂંજાભાઈ વકીલ, મકનજી દેસાઈ વગેરે આ પ્રવૃત્તિના અગ્રેસર હતા. વીસમી સદીના પ્રથમ દાયકા દરમ્યાન આ પ્રવૃતિ ગુજરાતમાં ઠીક ઠીક પ્રમાણમાં ફેલાઈ હતી. પરદેશમાં આ પ્રકારની પ્રવૃત્તિના કર્ણધાર હતા પંડિત શ્યામજી કૃષ્ણવર્મા, માદમ કામા અને સરદાર સિંઘજી રેવાભાઈ રાણા. નર્મદાતટે ગંગનાથ વિદ્યાલય પણ આ પ્રવૃત્તિનું એક કેંદ્ર હતું. બીલીમોરા અને નવસારી ગાયકવાડી તાલુકા હોઈ ત્યાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ સરળતાથી ચાલતી હતી. ઘણાબધા નામી–અનામી ગુજરાતી વીરોએ બૉમ્બ પ્રવૃત્તિમાં ગુપ્ત ફાળો આપ્યો હતો.

## લૉર્ડ મિન્ટો ઉપર બૉમ્બ (૧૯૦૯)

આ વર્ષે નવેમ્બરની ૧૩ મીએ અમદાવાદ સાથે સમગ્ર દેશ ખળભળી ઊઠયો. આ દિવસે અમદાવાદની મહેમાનગત માણી રહેલાં લૉર્ડ અને લેડી મિન્ટોની શહેરસવારી ઉપર બે વખત બૉમ્બ ઝીંકાયો; જોકે બંને વખતે આ શાહી મહેમાનો બચી ગયાં. બૉમ્બ સૌ પ્રથમ રાયપુર દરવાજા બહાર અને એ પછી તરત જ આસ્ટોડિયા દરવાજા અંદર ફેંકાયા હતા. સરકાર તોફાનકારીઓને પકડી શકી ન હતી.[૨૫] આ બનાવના અગ્રેસર હતા સર્વશ્રી મોહનલાલ કામેશ્વર પંડ્યા અને એમના બે સાથી પૂંજાભાઈ વકીલ અને વસંતરાય વ્યાસ;[૨૬] સરકારને જોકે છેક સુધી આ ક્રાંતિકારીઓની જાણ થઈ શકી ન હતી.

ગુજરાતની રાજકીય જાગૃતિના તથા ક્રાંતિકારી પ્રવૃત્તિના સંદર્ભમાં આ બનાવનું સૂચક મહત્ત્વ ગણી શકાય.

## વિદેશમાં ગુજરાતી ક્રાંતિકારીઓ

શ્યામજી કૃષ્ણ વર્મા, સરદારસિંહજી રેવાભાઈ રાણા તથા માદામ કામાની ત્રિપુટીએ[૨૭] લન્ડન અને પેરિસમાં રહીને ભારતની આઝાદી માટે ઠીક ઠીક પ્રયાસ કર્યા હતા. શ્યામજી કૃષ્ણ વર્માએ "ઇન્ડિયન સોશ્યોલોજિસ્ટ" દ્વારા તથા માદામ કામાએ "વન્દે માતરમ્" સામયિક દ્વારા વિદેશોમાં ભારતની આઝાદી માટે રાજકીય પ્રચાર કર્યો હતો. તેઓ સભાઓ પણ ભરતાં હતાં અને સંગઠન દ્વારા રાજકીય હમદર્દી ઉદ્‌ભાવતાં હતાં. આ માટે શ્યામજીએ "ઇન્ડિયા હાઉસ" નામની સંસ્થા લન્ડનમાં સ્થાપી હતી. ડિસેમ્બર, ૧૯૦૫ માં "ઇન્ડિયન સોશ્યોલોજિસ્ટ" માં શ્યામજીએ જાહેરાત કરી કે યુરોપ કે અન્ય દેશોમાં વ્યાખ્યાન આપવા આવનાર ભારતીય માટે પ્રત્યેક રૂ. ૧૦૦૦ ના પુરસ્કાર સાથેની ૬ વ્યાખ્યાનોની યોજનાનો નિર્ણય લીધો છે. સરદારસિંહજીએ આ માટે રૂ. ૨૦૦૦ ની એક એવી પ્રવાસ માટેની ત્રણ ફેલોશિપની જાહેરાત કરી હતી.[૨૮] ટૂંકમાં, આ બંને જાહેરાતોનો આશય આ વિશે રાજકીય વિચારોની આપલે કરી સ્વાતંત્ર્ય–સંગ્રામની પ્રક્રિયાને સુદૃઢ કરવાનો હતો.

સરદારસિંહજી શાહી કુટુંબના અને લીંબડી રાજ્યના હકદાર હોવા છતાંય લગભગ આઝાદી–પ્રાપ્તિ સુધી પેરિસ અને લન્ડનમાં રહીને ભારતની આઝાદી માટેની પ્રવૃત્તિઓમાં સદાય સંલગ્ન રહ્યા હતા. એમની આ બ્રિટિશ સરકારવિરોધી પ્રવૃત્તિઓથી અકળાઈને કાઠિયાવાડના ગવર્નરના એજન્ટે બ્રિટિશ સરકારની સહમતીથી જાહેરનામું બહાર પાડીને (ઑક્ટોબર, ૧૯૧૧) રાણાના બધા રાજકીય હક્ક છીનવી લીધા હતા અને બીજા હુકમ દ્વારા (મે, ૧૯૧૨) એમની લીંબડી રાજ્યની તમામ મિલકતો સરકારે જપ્ત કરી લીધી હતી; જો કે આ જપ્તીના હુકમનો અમલ એમના પિતા રેવાભાઈ રતનસિંહ રાણાના અવસાન પછી કરવાનો હતો.[૨૯]

આમ આ ત્રિપુટીએ ભારતની મુક્તિ માટે વિદેશમાં રહીને નિઃસ્વાર્થપણે પ્રામાણિક રાજકીય લડતો ચલાવી હતી. ગુજરાતની રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદના સંદર્ભમાં એમનાં કાર્યોનું મૂલ્યાંકન નોંધપાત્ર ગણી શકાય.

## સયાજીરાવની દેશદાઝ

આઠ દાયકાઓનું (૧૮૬૧ થી ૧૯૩૯) દીર્ઘાયુ ભોગવનાર અને બ્રિટિશ સરકાર પ્રત્યે હંમેશાં રાજકીય હમદર્દીની હિમાયત કરનાર વડોદરાના ગાયકવાડી રાજ્યના

આ શાસક સ્વભાવે સ્વતંત્ર મિજાજના અને દેશદાઝનાં લાગણી–વિચારોથી સભર હતા. સયાજીરાવ વ્યક્તિગત અને વહીવટી એમ ઉભય પ્રકારની આઝાદીમાં અંતરથી માનતા હતા; આથી તો એમણે બહાદુરીપૂર્વક અંગ્રેજ સરકાર સામે લડત ચલાવી હતી. બ્રિટિશ સરકારના અધિકારીઓ જેની અવગણના કરતા હતા તેવા પોતાના કાયદેસરના હક્કો માટે તેઓ સદાય ઝઝૂમ્યા હતા અને આથી એમની અને બ્રિટિશ સરકાર વચ્ચે પોતપોતાની હકૂમતને આગ્રહપૂર્વક રજૂ કરવા હરીફાઈ ચાલતી રહેતી હતી, જેની પરાકાષ્ઠા લૉર્ડ કર્ઝનના સમયમાં જોવા પ્રાપ્ત થઈ. સરકારી અધિકારીઓ અને બ્રિટિશ સરકાર–વિરોધી એમના ટીકાત્મક વર્તનને તથા એમની વહીવટ બાબતમાં અવરોધક નીતિને ડામવાના બધા પ્રકારના પ્રયાસ કર્યા, પણ સરકારને નિષ્ફળતા મળી.

સયાજીરાવ ૧૯૦૪ માં સરકારની અનિચ્છા હોવા છતાંય અને પ્રિન્સ ઑફ વેલ્સની ભારતની શાહી મુલાકાત સામે ધરાર વિદેશ ગયા જ ગયા, અને પોતાની અનુકૂળતાએ ૧૯૦૬ ના અંતમાં સ્વદેશ પાછા ફર્યા. આથી ગુસ્સે થયેલી બ્રિટિશ સરકારે ૧૯૧૧ ના નવેમ્બરમાં એમની સામે એક લાંબું તહોમતનામું ફરમાવ્યું હતું. આઠ સરકારી અધિકારીઓની સહીવાળું આ તહોમતનામું લૉર્ડ માર્ફવિસને સંબોધીને તૈયાર થયું હતું.[૩૦]

સયાજીરાવના લોકાભિમુખી વહીવટનો દ્યોતક દાખલો તો છે એમણે ૧૯૦૭ માં વડોદરા રાજ્યમાં વિધાનસભાની રચના કરી એ. આ વિધાનસભામાં તેઓ ૨૬ ઑકટોબર, ૧૯૧૨ ના દિને ઉપસ્થિત રહ્યા, સર્વ કાર્યવાહી નિહાળી અને પછી સભ્યોને ટૂંકું સંબોધન કર્યું.[૩૧]

બંગાળાના ભાગલા પછી જૂન, ૧૯૦૭ માં સયાજીરાવે દીવાનને લખેલા શબ્દ એમના સ્વતંત્ર મિજાજની ખુમારીનાં દર્શન કરાવે છે : 'કેટલાંક પરિબળોનું આ તાર્કિક પરિણામ છે. ભારતને વધારે ઉદારમતવાદી સરકાર જોઈએ છે. આપણા રાજ્યમાં (આ સંદર્ભે ફેલાયેલા) અસંતોષની લાગણીને રોકવા આપણે કોઈ પગલાં ભરવાં જરૂરી નથી. આપણે આપણા રાજ્યના વિકાસ તરફ ધ્યાન આપીએ.'[૩૨] આથી એમણે એમની પ્રજાને લોકશાહીનો આત્મા જિવાડવા અને લોકશાહી સંસ્થાઓ ઘડવા અનુરોધ કર્યો હતો.

આ બધું સયાજીરાવની રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદ પ્રત્યેની ખુમારી તથા જાગરૂકતા દર્શાવે છે.[૩૩] સયાજીરાવના આ અંગેના પ્રયાસ ગુજરાતની પ્રજાના રાજકીય વિચારોનો જ હૂબહૂ પડઘો પાડે છે એમ કહી શકાય. એમ કહી શકાય કે સયાજીરાવ એમના પૂર્વજોથી રાજકીય બાબતોમાં જુદી રીતે વર્ત્યા હતા

અને સાચા અર્થમાં (રાજવી હોવા છતાંય) દેશભક્ત અને પ્રજાપ્રેમી શાસક હતા. લોકશાહી રાષ્ટ્રવાદને સુદૃઢ કરવાના એમના સઘળા પ્રયાસોમાં ગુજરાતની પ્રજાના એ અંગેના અગાઉના પ્રયાસોનું જ પ્રતિબિંબ પડે છે.

આમ ગુજરાતની પ્રજાએ સવેળા રાજકીય જાગૃતિનાં દર્શન કરાવ્યાં હતાં. કેટલીક બાબતોમાં તો (સ્વદેશી પ્રવૃત્તિ, ગુજરાત સભા, મીઠા-કર વગેરે વિરોધી શાંત દેખાવો વગેરે) ગુજરાતની પ્રજાએ નેતૃત્વ પૂરું પાડ્યું હતું–પ્રેરણા આપી હતી એમ ખસૂસ કહી શકાય. ગુજરાતની પ્રજાની આ રાજકીય જાગૃતિમાં સારસ્વતોએ, ધર્મસમાજ–સુધારકોએ અને સામયિકોએ પણ સારો ફાળો આપ્યો હતો.

### પાદટીપ

૧. કૃષ્ણલાલ મહારાજે 'કળિકાળનો ગરબો'(૧૮૧૭)માં આ યુગની પરિસ્થિતિનું વર્ણન કર્યું છે. ગુજરાતની આવી ડામાડોળ પરિસ્થિતિનો સારો ચિતાર મગનલાલ વખતચંદે પણ એમના 'અમદાવાદનો ઇતિહાસ' (૧૮૫૧) ગ્રંથમાં આપ્યો છે. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખે પણ 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન', ખંડ ૧ (૧૯૩૫)માં દેશના સંદર્ભમાં ગુજરાતની પરિસ્થિતિનું ઠીક ઠીક વર્ણન કર્યું છે.

૨. આ બધાંનો વિગતે પરિચય મેળવવા માટે આ જ ગ્રંથમાં જુઓ ઇતર પ્રસ્તુત પ્રકરણો.

૩. ગુજરાતનાં ગરીબાઈ, આર્થિક જીવનધોરણ અને આર્થિક અવદશાનો સચોટ ચિતાર આપણને દાદાભાઈ નવરોજીના ગ્રંથ *Poverty and Un-British Rule in India* માંથી મળે છે.

૪. કુદરતી આફતો અંગેની વિગતવાર માહિતી માટે જુઓ 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન', ખંડ ૧, પ્રકરણ ૭ થી ૯; ખંડ ૨, પ્રકરણ ૯ અને ૧૧.

૫. *Report on Indian Famine Commission*, 1901, p. 99

૬. એક પારસી, 'મુમબઈના શેર સટાની તવારીખ', પૃ. ૨૬ થી

૭. હીરાલાલ ત્રિ. પારેખ, ઉપર્યુક્ત, ખંડ ૨, પ્રકરણ ૩

૮. નવલરામ જ. ત્રિવેદી, 'સમાજસુધારાનું રેખાદર્શન', પૃ. ૨૦૦–૨૦૧; હીરાલાલ ત્રિ. પારેખ, ઉપર્યુક્ત, ખંડ ૩, પૃ. ૧૧૩–૧૧૬

૯. *Political Development, Volume* No. 37/736 (1836); *Source Material for a History of the Freedom Movement in India* (*SMHFMI*), Vol. I, pp. 53ff.

૧૦. *SMHFMI*, Vol. I, pp. 1–16

૧૧. *Ibid.*, pp. 17 f.

૧૨. સત્તાવનના સંગ્રામના વિગતવાર વૃત્તાંત માટે જુઓ આ ગ્રંથનું પ્રકરણ ૪.

૧૩. *SMHFMI*, Vol. I, pp. 19 ff.

૧૪. શાંતિલાલ દેસાઈ, 'રાષ્ટ્રનો સ્વાતંત્ર્યસંગ્રામ અને ગુજરાત', પૃ, ૩૯–૪૦ અને ૬૮

૧૫. *SMHFMI*, Vol. I, pp. 29 ff.

૧૬. N. D. Parikh, *Sardar Vallabhbhai Patel*, Vol. I, p. 41-47:ઇન્દુલાલ

યાજ્ઞિક, 'આત્મકથા', ભાગ ૨, પૃ. ૨૦

૧૭. Annie Besant, *How India Wrought for Freedom*, pp. 364 ff.

શ્રી મગનભાઈ શં. પટેલ, 'ગુજરાતમાં ભરાયેલાં કોંગ્રેસ અધિવેશનો', "ગુજરાત એક પરિચય", પૃ. ૬૪૮ પર આ અધિવેશન ૧૯૦૩ માં ભરાયાનું જણાવ્યું છે, એ સરતચૂક ગણાય.–**સં.**

૧૮. 'પ્રજાબંધુ', ૧૮–૧–૧૯૦૩ અને ૧૫–૨–૧૯૦૩

૧૯. 'વંદે માતરમ્'નું ગુજરાતી અનૂદિત ગીત સૌપ્રથમ ગુજરાતી વિદ્યાર્થીઓએ આ સભામાં ગાયું હતું (*SMHFM*I, Vol. II, p. 613).

૨૦. *Ibid.*, p. 614

૨૧. Pattabhi Sitaramayya, *op. cit.*, pp. 112–113

૨૨. Annie Besant, *How India Wrought for Freedom*. p. 453

૨૩. *SMHFMI*, Vol. II, pp. 143–172

૨૪. અરવિંદના નાના ભાઈ બારીંદ્રે 'બ્રહ્મયુગના બ્રહ્મા' બનવાનો નિર્ધાર પણ નર્મદાતટે કર્યો હતો.

ક્રાંતિની યોજના અરવિંદે આલેખી એમના 'ભવાનીમંદિર' નામના પુસ્તકમાં, જેમાં અંગ્રેજી રાજ્યને વિદાય આપવાની અને ભારતમાં ભારતીય રાજ્યના પ્રસ્થાપનની હિમાયત કરાઈ હતી.

૨૫. *SMHFM*I, Vol. II, pp. 497-499

૨૬. આની વિગતો માટે જુઓ રામલાલ પરીખ (સં.), 'ગુજરાત એક પરિચય', પૃ. ૬૩૧-૬૩૩.

૨૭. શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ–માંડવીના વતની હતા. માદામ કામા મુંબઈના પારસી સુધારક સોરાબજી ફ્રામજી પટેલનાં પુત્રી અને રુસ્તમ કામાનાં પત્ની હતાં. સ્વરાજ્યપ્રાપ્તિ એ માદામ કામાનો જીવનોદ્દેશ હતો. તેઓ સતત લન્ડન અને પૅરિસ વચ્ચે આવજા કરતાં હતાં. માદામ કામાએ ૨૦–૨–૧૯૦૯ ની લન્ડન ઇન્ડિયન સોસાયટીની મીટિંગમાં પ્રવચન કરતાં ખિસ્સામાંથી એક રેશમી ધ્વજ બહાર કાઢી શ્રોતા સમક્ષ ધર્યો તો એમાં 'સ્વદેશી' અને 'વંદે માતરમ્' એમ બે શબ્દ લખેલા હતા. સરદારસિંહજી કંથારિયાના વતની, જન્મે રાજપૂત અને લીંબડી રાજ્યની ગાદીના હકદાર હતા. મુંબઈ અને લન્ડનમાં અભ્યાસ કરી બૅરિસ્ટર થયા હતા, અને પૅરિસમાં ઝવેરીની કંપનીમાં જોડાયા હતા. આઝાદી પછી જ તેઓ વતનમાં પાછા ફર્યા હતા. લન્ડન અને પૅરિસમાં આ ત્રણેય ક્રાંતિકારીઓ અવારનવાર પરસ્પરને મળતાં રહેતાં અને રાજકીય પ્રવૃત્તિઓ ચલાવતાં હતાં.

૨૮. *SMHFMI*, Vol. pp. 518–527

૨૯. *Ibid.*, p. 521

૩૦. *Ibid.*, pp. 570–586

૩૧. *Ibid.*, pp. 566 f.

૩૨. *Ibid.*, pp. 556 f.

૩૩. હિંદના રાજાઓના વિદેશપ્રવાસ અંગે નિયમન લાદતા 'કર્ઝન સર્ક્યુલર' અંગે પણ સયાજીરાવ ૩ જાએ પરોક્ષ રીતે કચવાટની લાગણી રજૂ કરી હતી અને પછી એ સર્ક્યુલરનો અમલ બંધ રહ્યો હતો.—**સં.**

# પરિશિષ્ટ

## રાજકીય સંસ્થાઓ અને મંડળો

ઓગણીસમી સદી ભારતમાં સુધારાની સદી ગણાય છે. આ સદીમાં સૌપ્રથમ ધાર્મિક અને સામાજિક સુધારાના શ્રીગણેશ થયા. આ સુધારાની શરૂઆત 'ભારતીય નવજાગૃતિના જનક' અને 'હિંદી રાષ્ટ્રવાદના પયગંબર'[1] રાજા રામમોહન રાયે કરી હતી. ૧૮૫૦ સુધીમાં લગભગ સંપૂર્ણ ભારત ઉપર બ્રિટિશ સત્તા સ્થપાઈ ગઈ હતી. આશુતોષ મુખર્જી જેને 'સ્વતંત્રતાની ભાષા' કહે છે તેવી અંગ્રેજી ભાષાના શિક્ષણથી ભારતમાં સ્વતંત્રતા રાષ્ટ્રિયતા અને સ્વરાજ્યના ભાવ ઉત્પન્ન થયા. લોકોએ માનસિક સ્વતંત્રતા મેળવી. માનસિક સ્વતંત્રતા વિના સામાજિક સ્વતંત્રતા અને સામાજિક સ્વતંત્રતા વિના રાજકીય સ્વતંત્રતા અસંભવિત છે.[2] ભારતની પ્રજાએ માનસિક સ્વતંત્રતા મેળવ્યા પછી ધાર્મિક અને સામાજિક સુધારા કરી સામાજિક સ્વતંત્રતા મેળવી. ત્યારપછી રાજકીય સ્વતંત્રતા મેળવવાના પ્રયાસ શરૂ થયા. જેમ ધાર્મિક અને સામાજિક સ્વતંત્રતા મેળવવા માટે બ્રહ્મોસમાજ પ્રાર્થનાસમાજ અને આર્યસમાજ જેવી સંસ્થાઓ સ્થપાઈ હતી તેવી રીતે રાજકીય સ્વતંત્રતા મેળવવા માટે ગુજરાતમાં કે મુંબઈ પ્રાંતમાં ૧૮૫૦ સુધી કોઈ રાજકીય સંસ્થા કે મંડળ સ્થપાયાં ન હતાં.

### ધ બૉમ્બે એસોશિયેશન (મુંબાઈ સભા), ૧૮૫૨

ભારતની પ્રથમ રાજકીય સંસ્થા 'બ્રિટિશ ઇન્ડિયન એસોશિયેશન'ની સ્થાપના કલકત્તામાં ૧૮૫૧ માં થઈ હતી. કલકત્તાના પગલે પગલે મુંબઈ પ્રાંતની પ્રથમ રાજકીય સંસ્થા 'ધ બૉમ્બે એસોશિયેશન'(મુંબઈ સભા)ની સ્થાપના ૨૬ ઑગસ્ટ, ૧૮૫૨ ના રોજ મુંબઈમાં થઈ હતી. એના પ્રમુખ જગન્નાથ શંકર શેટ અને મંત્રી ભાઉ દાજી હતા. આ સંસ્થાનું ધ્યેય હતું મુંબઈ પ્રાંતના ભારતીયોની માગણીઓ જાણવી અને દેશનાં કલ્યાણ અને પ્રગતિ માટેનાં પગલાં લેવા માટે સત્તાધીશો સમક્ષ અવારનવાર રજૂઆત કરવી.[3]

### ગુજરાતમાં પ્રજાકીય રાજકારણનો ઉદય

૧૮૫૨ માં મુંબઈમાં 'બૉમ્બે એસોશિયેશન'ની સ્થાપના થઈ તે પહેલાં ગુજરાતમાં કોઈ રાજકીય સંસ્થાની સ્થાપના થઈ ન હતી. રાજકીય સંસ્થા

સ્થપાઈ ન હોવા છતાં પણ ગુજરાતમાં ૧૮૪૪થી પ્રજાકીય રાજકારણનો ઉદય થઈ ચૂકયો હતો અને એની શરૂઆત કરવાનું શ્રેય સુરતને ફાળે જાય છે. સુરત એ કલકત્તા પછી ભારતની બીજી અને ગુજરાતની પ્રથમ સુધારાનગરી બન્યું હતું.[૪] સુરતના પાંચ દદ્દા(દુર્ગારામ, દાદોબા, દિનમણિશંકર શાસ્ત્રી, દલપતરામ માસ્તર અને દામોદરદાસ) એ તથા ત્રણ નન્ના(નર્મદ, નવલરામ અને નંદશંકર)એ સુધારાના ક્ષેત્રે નોંધપાત્ર કાર્ય કર્યું હતું. 'ગુજરાતના લ્યૂથર' અને ગુજરાત તથા સૌરાષ્ટ્રની પ્રજા જેને 'નવા યુગના આદિ શિક્ષાગુરુ' કહે છે તેવા દુર્ગારામ મહેતાજીએ સુરતમાં સામાજિક સુધારાનું અને માનવધર્મ સભા (૧૮૪૪) સ્થાપવાનું કાર્ય કર્યું હતું. સુરતમાં સામાજિક પ્રવૃત્તિના ઉદય સાથે જ પ્રજાકીય રાજકારણની શરૂઆત થઈ હતી, જે ૧૮૪૪થી ૧૮૭૮ના ગાળામાં વિકાસ પામ્યું હતું.

૧૮૪૪માં બ્રિટિશ સરકારે મીઠા ઉપરનો કર મણે ૮ આના હતો તે વધારીને ૧ રૂપિયો કરી નાખતાં આ અન્યાયી વધારાના વિરોધમાં સુરતના લોકોએ ૨૯થી ૩૧ ઑગસ્ટના રોજ સર્વવ્યાપી જંગી હડતાલ પાડી હતી. પ્રજાનો આ હુંકાર નવચેતનની સાબિતીરૂપ હતો અને તેથી પ્રજાકીય રાજકારણનો ઉદય મીઠાના કરના વિરોધની આ હડતાલથી થયો એમ કહેવામાં કશું ખોટું નથી.[૫] ૨૯ ઑગસ્ટ, ૧૮૪૪ ગુજરાતના રાષ્ટ્રિય ઇતિહાસની ગૌરવતિથિ બની ગઈ.[૬] આ આંદોલનમાં હિંદુ અને મુસ્લિમો તથા પારસી સર્વેએ એકતા દાખવી હતી અને બધા મળીને લગભગ ૩૦ હજાર લોકોએ એમાં ભાગ લીધો હતો. પ્રજાના આ શાંત પ્રતીકાર સામે નમતું જોખી મુંબઈની સરકારે મીઠા ઉપરનો કર ઘટાડીને ૧૨ આના કરી નાખ્યો.[૭] કર–ઘટાડો જાહેર થયા પછીની માનવધર્મ સભાની બેઠકમાં દુર્ગારામ મહેતાએ કહેલું કે 'રાજા પોતે જ પ્રજાને દુઃખી કરવા ઇચ્છે તો પ્રજાએ પોતાના હાથનું બળ રાજાને બતાવવું.'[૮]

૧૮૪૮માં મુંબઈ સરકારે ગુજરાતમાં બંગાળી તોલમાપ દાખલ કરતાં સુરતની પ્રજાએ ફરીથી જાગૃતિ બતાવી અને સભા સરઘસ અને હડતાલના કાર્યક્રમ દ્વારા એનો વિરોધ કર્યો હતો. ફરી સરકારે પ્રજાની માગણી સામે નમતું જોખ્યું હતું. ફરી ૧૮૬૦માં આવકવેરાના કાયદાનો વિરોધ કરવા સુરતમાં બુરહાનપુરી ભાગોળે બે હજારથી વધુ લોક ભેગા થયા હતા. આ પ્રશ્ને નડિયાદમાં ભાટો અને બ્રાહ્મણોએ ત્રાગું કર્યું હતું. આમ આ કાયદાનો પણ ઠેર ઠેર વિરોધ થયો હતો. આમ ગુજરાતમાં કોઈ રાજકીય સંસ્થાની સ્થાપના થઈ ન હોવા છતાં સુરતે ૧૮૪૪, ૧૮૪૮ અને ૧૮૬૦માં પ્રજાકીય રાજકારણના ઉદયની ઝાંખી કરાવી હતી.

## પ્રજાસમાજ (૧૮૭૧)

સમસ્ત પશ્ચિમ ભારતમાં કેટલીક બાબતોમાં સુરતે મુંબઈ કરતાં પણ વધુ જાગૃતિ દાખવી હતી. અંગ્રેજો દ્વારા ભારતના કરાતા શોષણને અનેક નેતાઓએ વાચા આપતાં પ્રજાને આત્મભાન થયું હતું અને આત્મ-ગૌરવ મેળવવા એ કટિબદ્ધ બની હતી. પ્રજાનું કલ્યાણ કરવા માટે તથા એના પ્રશ્નોને વાચા આપવાની દૃષ્ટિથી ૧૮૭૧માં સુરતમાં 'પ્રજાસમાજ' નામની સંસ્થાની સ્થાપના થઈ હતી. આને ગુજરાતની પ્રથમ રાજકીય સંસ્થા કહી શકાય. શરૂઆતમાં તો વકીલો, અન્ય શિક્ષિતો અને શ્રીમંતોએ પણ એની પ્રવૃત્તિમાં રસ લઈ એને ટેકો આપ્યો હતો. પછીથી તેઓ આમાંથી નીકળી જતાં આ સંસ્થા વિશેષ કામ કરી શકી નહિ અને થોડા સમયમાં જ લુપ્ત થઈ ગઈ. ભરૂચમાં પણ સુરતની જેમ ૧૮૭૧માં 'પ્રજાસમાજ' સંસ્થા સ્થપાઈ હતી તે પણ નોંધપાત્ર કાર્ય કર્યા વિના ૧૮૭૪માં બંધ થઈ ગઈ. અમદાવાદમાં પણ ૧૮૭૨માં 'પ્રજાકીય સમાજ'ની સ્થાપના થઈ હતી તે પણ તુરત બંધ થઈ ગઈ.[૯]

## સુરતની પ્રજાનો મિજાજ

સુરતની પ્રજાએ ફરી એક વાર ૧૮૭૮માં બ્રિટિશ સરકારને પોતાના મિજાજનાં દર્શન કરાવ્યાં હતાં. ૧૮૭૮માં મુંબઈની સરકારે લાયસન્સ-ટેક્સ નાખવાનો નિર્ણય કર્યો હતો ત્યારે રાજકીય સંસ્થાઓ ન હોવા છતાં સુરતના મહાજનના અગ્રણીઓએ પ્રજાકીય જાગૃતિની નેતાગીરી લીધી હતી. સુરતના નગરશેઠ શ્રી નરોત્તમદાસ નરસિંહદાસ અને દ્વારકાદાસ લલ્લુભાઈએ ૨૭ ફેબ્રુઆરી, ૧૮૭૮ની જાહેરખબર દ્વારા બધા વેપારીઓને એ કાયદાનો વિરોધ કરવા તથા 'પોતાનાં દુઃખો અને લાગણીઓ વડી સરકારને જાહેર કરવા' માટે એકત્ર થવા જણાવ્યું હતું.[૧૦]

લાયસન્સ-ટેક્સ દુકાળ માટે થતા ખર્ચ માટે નાખવામાં આવ્યો હતો, પરંતુ એ અંગે પ્રજાની સંમતિ લેવામાં આવી ન હતી.[૧૧]

આ ટેક્સના વિરોધમાં સુરતની પ્રજાએ ૧ થી ૫ એપ્રિલ, ૧૮૭૮ના રોજ શાંત હડતાલ પાડી દુકાનો બંધ રાખી હતી. મુંબઈના ગુજરાતી સાપ્તાહિક 'રાસ્ત ગોફ્તાર' પત્રે એ અંગે લખેલું કે 'સુરતે ઘણા દિવસો સુધી આ હડતાલ ચલાવી તેમાં પ્રેરણા કોની હતી?...જો આ બધું સંગઠન સુરતની પ્રજાએ પોતાની મેળે કર્યું હોય તો તેની પાછળ મૂળમાં કોઈ ચમત્કારિક રાજકીય બળ હોવું જોઈએ.'[૧૨]

## પ્રજાહિતવર્ધક સભા (૧૮૮૨)

૧૮૭૮ માં સુરતની પ્રજાએ જે અદ્દભુત રાજકીય જાગૃતિ અને એકતા દર્શાવેલી તેનાથી પ્રોત્સાહિત થઈને ડૉ. હરિ હર્ષદ ધ્રુવ અને શ્રી ઉકાભાઈ પરભુદાસે ૧૮૮૨ માં સુરતમાં 'પ્રજાહિતવર્ધક સભા'ની સ્થાપના કરી હતી. ૧૮૮૨ માં લૉર્ડ રિપને સ્થાનિક સ્વરાજ્યનો પ્રસિદ્ધ કાયદો પસાર કરી મ્યુનિસિપાલિટીઓ અને લોકલ બોર્ડોમાં લોકોને પોતાની પસંદગીના સભ્યોની અમુક સંખ્યા નીમવાનો હક્ક આપ્યો હતો. પ્રજાને મળેલા સ્થાનિક સ્વરાજ્યના આ હકના અનુસંધાને પ્રજાહિતવર્ધક સભાએ પોતાના સ્થાપના–કાલથી જ રાજકીય ક્ષેત્રે જાગૃતિ દાખવી કેટલીક મહત્ત્વની સફળતાઓ મેળવી હતી, જે આ પ્રમાણે હતી: (૧) સરકારમાં લખાણો મોકલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટાયેલા સભ્યોની સંખ્યા વધારાવી હતી, (૨) રૂ. ૨,૦૦૦ ની મિલકતવાળાને મતાધિકાર અપાવ્યો હતો, અને (૩) ૧૮૭૮ માં સુરતમાં લાયસન્સ–ટેક્સના વિરોધમાં થયેલ હુલ્લડના બહાના હેઠળ સુરત શહેર ઉપર રૂ. ૧૮,૦૦૦નો દંડ થયેલો તે માફ કરાવ્યો હતો.[૧૩]

આ સભાની કામગીરીમાં સક્રિય રસ લઈ એને સફળતા અપાવવામાં ડૉ. હરિ હર્ષદ ધ્રુવે ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. સુરતના તત્કાલીન રાષ્ટ્રવાદી કાર્યકર શ્રી ગુલાબદાસ ભાઈદાસ વકીલ અને મંચેરશા કેકોબાદ ડૉ. ધ્રુવના સહાધ્યાયી હતા. ડૉ. ધ્રુવે રાષ્ટ્રિય મહાસભા(કૉંગ્રેસ)ની પ્રથમ બેઠક મુંબઈમાં મળી તેમાં પણ હાજરી આપી હતી અને એની ખુલ્લી બેઠકમાં ઠરાવ રજૂ કર્યા હતા અને ભાષણ કર્યાં હતાં.

## ગુજરાત સભા (૧૮૮૪)

રાષ્ટ્રિય મહાસભાની સ્થાપના પૂર્વે પ્રાંતોમાં રાજકીય અને રાષ્ટ્રિય પ્રવૃત્તિઓના સંચાલન માટે પ્રાંતીય સંસ્થાઓ સ્થાપવામાં આવી હતી. ગુજરાત માટેની એવી પ્રાંતિક સંસ્થા અમદાવાદમાં ૧૮૮૪ માં 'ગુજરાત સભા' નામથી સ્થપાઈ હતી. એ ગુજરાતના રાજકીય પ્રશ્નોમાં રસ લેતી હતી. એનો હેતુ અરજીઓ લખીને કે પ્રતિનિધિઓ મોકલીને સરકાર પાસે પ્રજાની મુશ્કેલીઓ અને ફરિયાદો રજૂ કરવાનો હતો. આમ આ સભા વિનીત વિચારસરણીમાં માનતી હતી. અમદાવાદના જાણીતા વકીલ ગોવિંદરાવ પાટીલ અને શિવાભાઈ પટેલ તથા દાક્તર બેંજમિને વારાફરતી ગુજરાત સભાનું કામકાજ વર્ષો સુધી એના મંત્રી તરીકે સંભાળેલું. ૧૯૦૨માં રાષ્ટ્રિય મહાસભાનું ૧૮ મું અધિવેશન અમદાવાદમાં ભરાયેલું તે આ સભાને આભારી હતું.[૧૪]

૧૯૧૬ માં અમદાવાદમાં મુંબઈ પ્રાંતિક રાજકીય પરિષદ શ્રી. ઝીણાના પ્રમુખપદે ભરાઈ હતી એ માટે પણ ગુજરાત સભા સાધનરૂપ બની હતી. શ્રી. ઝીણા ત્યારે માત્ર કોંગ્રેસના એક નેતા જ નહિ, પરંતુ હિંદુ–મુસ્લિમ એકતાના પ્રખર હિમાયતી હતા.[૧૫] અમદાવાદનું મુંબઈ પ્રાંતિક રાજકીય પરિષદનું આ અધિવેશન ઘણું જ મહત્ત્વપૂર્ણ હતું. આ પરિષદ વખતે જ ૧૯૦૭ પછી પ્રથમ વાર વિનીત (મવાલ) અને ઉગ્ર (જહાલ) દળના નેતાઓ ફરી એક મંચ ઉપર ભેગા થયા હતા. ૧૯૧૭ માં ગાંધીજીને ગુજરાત સભાના પ્રમુખ નીમવામાં આવ્યા પછી એ સંસ્થામાં નવજીવનનો સંચાર થયો હતો. ગાંધીજીએ ગુજરાત સભાની બેઠક દર વર્ષે ગુજરાતમાં બોલાવવાનું નક્કી કર્યું હતું અને તદનુસાર આવી પહેલી પરિષદ ૧૯૧૭ માં ગોધરામાં બોલાવવામાં આવી હતી.

## રાષ્ટ્રિય મહાસભા (૧૮૮૫)

સમસ્ત ભારતના રાજકીય પ્રશ્નોને વાચા આપવા માટે રાષ્ટ્રિય મહાસભા-(કોંગ્રેસ)ની ૧૮૮૫ માં સ્થાપના કરવામાં આવી હતી. રાષ્ટ્રિય મહાસભા પ્રથમ રાષ્ટ્રિય રાજકીય સંસ્થા અને ભારતમાં જૂનામાં જૂની રાજકીય સંસ્થા ગણાય છે. એની સ્થાપના અને પ્રવૃત્તિઓમાં ગુજરાતના રાજદ્વારી નેતાઓએ ખૂબ જ સક્રિય અને અગ્રગણ્ય ભાગ ભજવ્યો હતો. આ સંસ્થાની સ્થાપનાના ૧૧ મહિના પહેલાં જ મુંબઈમાં 'મુંબઈ પ્રાંતિક સભા' નામની સંસ્થાની પણ સ્થાપના કરવામાં આવી હતી. એ સંસ્થા મુંબઈ પ્રાંતના રાજદ્વારી પ્રશ્નોનો વિચાર તેમ પ્રસાર કરવા માટે રચવામાં આવી હતી. આ પ્રાંતિક સભાની રચનામાં ફીરોજશાહ મહેતા, બદરુદ્દીન તૈયબજી અને કે. ટી. તેલંગે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

હિંદી રાષ્ટ્રિય મહાસભાની સ્થાપના એ આધુનિક ભારતના ઇતિહાસનો એક મહાન બનાવ ગણવામાં આવે છે, તેથી જ ડૉ. પટ્ટાભી સીતારામૈયા લખે છે કે 'મહાસભાનો ઇતિહાસ એ સાચી રીતે હિંદની મુક્તિની લડતનો ઇતિહાસ છે.'[૧૬] તેથી જ કહેવાય છે કે રાષ્ટ્રિય મહાસભાની સ્થાપના પછી ભારતની મુખ્ય રાજકીય પ્રવૃત્તિઓ એ સભારૂપી મુખ્ય નહેરમાંથી પસાર થતી હતી અને બાકીનાં ક્ષેત્ર સૂકાં થઈ ગયાં હતાં.[૧૭]

રાષ્ટ્રિય મહાસભાનું પ્રથમ અધિવેશન મુંબઈમાં ૨૮ ડિસેમ્બર, ૧૮૮૫ના રોજ ગોકુળદાસ તેજપાળ સંસ્કૃત પાઠશાળામાં મળ્યું હતું. એના પ્રતિનિધિઓના સ્વાગતની જવાબદારી મુંબઈ પ્રાંતિક સભાને સોંપવામાં આવી હતી. રાષ્ટ્રિય મહાસભાની સ્થાપનામાં અનેક પારસીઓ અને ગુજરાતીઓએ ભાગ લીધો હતો. એમાં મુખ્ય હતા દાદાભાઈ નવરોજી, દીનશા વાચ્છા, ફીરોજશાહ મહેતા,

ડૉ. હરિ હર્ષદ ધ્રુવ, અંબાલાલ સાકરલાલ દેસાઈ, ડૉ. ત્રિભુવનદાસ ગજ્જર, ત્રિભુવનદાસ માળવી, મંચેરશા કેકોબાદ વગેરે. આ બધા નેતાઓ મુખ્યત્વે વિનીત (મવાળ) વિચારસરણીમાં માનનારા હતા. મુંબઈમાં આ પ્રથમ અધિવેશનમાં કુલ ૭૨ પ્રતિનિધિઓમાંથી ૩૬ તો મુંબઈ પ્રાંતના જ હતા. એ ૩૬ માં મુંબઈના ૧૮, પુણેના ૮, સુરતના ૬, અમદાવાદના ૩ અને વીરમગામના ૧ પ્રતિનિધિનો સમાવેશ થતો હતો. આમ આ પ્રથમ અધિવેશનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ (૧૪ ટકા) અન્ય પ્રદેશોની સરખામણીમાં સારું હતું. ગુજરાતને રાષ્ટ્રિય એકતા અને સંગઠન વિશે પ્રથમથી જ કેટલો રસ હતો તથા એ અંગે કેટલી જાગૃતિ હતી એનો ખ્યાલ આના પરથી આવે છે.[૧૮]

રાષ્ટ્રિય મહાસભાની સ્થાપનામાં સક્રિય ભાગ લેનાર ઉપર્યુક્ત નેતાઓમાં દાદાભાઈ નવરોજીને ભારતીય રાષ્ટ્રિય ચળવળના 'ભીષ્મ પિતામહ' ગણવામાં આવે છે. તેઓ એમનાં કાર્યોને લીધે 'હિંદના દાદા' તરીકે ઓળખાતા હતા. એમણે અંગ્રેજોની સામ્રાજ્યવાદી નીતિ અને આર્થિક શોષણ કરવાની કુટિલ નીતિને પારખી લીધી હતી, તેથી એમણે ભારતની પ્રજાને આત્મભાન કરાવી આત્મગૌરવ ઉત્પન્ન થાય તેવાં પગલાં લીધાં હતાં. મહાસભાના આરંભકાલથી માંડીને ૧૯૦૬ ની કલકત્તાની બેઠકમાં એમણે 'સ્વરાજ્ય'નો મંત્ર આપ્યો ત્યાંસુધીના આખા સમય દરમ્યાન તેઓ મહાસભાની પ્રવૃત્તિઓમાં મહત્ત્વપૂર્ણ ભાગ લેતા રહ્યા હતા. ૧૮૮૬ માં રાષ્ટ્રિય મહાસભાના કલકત્તામાં યોજાયેલા બીજા જ અધિવેશનમાં દાદાભાઈને પ્રમુખ બનાવવામાં આવ્યા હતા. પછી તો તેઓ બ્રિટિશ સંસદના સભ્ય પણ બન્યા હતા. ૧૮૯૩ અને ૧૯૦૬ માં એમને ફરીથી મહાસભાના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા. એમનાં કાર્યોથી ગુજરાત અને ભારતની પ્રજાના કાર્યકરો અને નેતાઓને પ્રેરણા મળી હતી.

૧૮૮૯ માં મહાસભાનું પાંચમું અધિવેશન મુંબઈમાં મળ્યું ત્યારે સમિતિના પ્રમુખ તરીકે ફીરોજશાહ મહેતા હતા, જેમને બીજે જ વર્ષે ૧૮૯૦ માં કલકત્તા અધિવેશનમાં મહાસભાના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા. દાદાભાઈ નવરોજી પછી રાષ્ટ્રિય મહાસભાના મહત્ત્વના નેતા તરીકે ફીરોજશાહ મહેતા આગળ આવ્યા હતા. ૧૮૮૯ના વર્ષના મુંબઈના અધિવેશનમાં કુલ ૧,૮૮૯ પ્રતિનિધિ હાજર રહ્યા હતા તેઓમાં મુંબઈ અને સિંધના સૌથી વધારે (૮૨૧) પ્રતિનિધિ હતા.[૧૯]

રાષ્ટ્રિય મહાસભા એવી અસરકારક બની રહી હતી કે ભારત સરકારના વિદેશ વિભાગે પણ ગુજરાતનાં દેશી રાજ્ય એમાં ભાગ લે છે એવી બાતમી ઉપરથી મુંબઈની સરકારને સાવધાન રહેવા ૭ નવેમ્બર, ૧૮૮૯ના રોજ પત્ર

લખ્યો હતો. એ પત્રમાં વિદેશ વિભાગે લખેલું કે અમને એવી માહિતી મળી છે કે મુંબઈ પ્રાંતમાં કચ્છ જૂનાગઢ અને કાઠિયાવાડનાં રાજ્યો પાસેથી મહાસભાને દાન મળે એવી ધારણા છે. ભારત સરકારે દેશી રાજ્યોને જણાવેલુ કે બ્રિટિશ ભારતમાં ચાલતી પ્રજાની રાજકીય ચળવળ સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ ન રાખવો. ઉપર્યુક્ત પત્રના જવાબમાં મુંબઈ સરકારે જણાવેલું કે 'તેઓ દેશી રાજાઓને પોતાના પ્રદેશ બહારની સેવાભાવી કે બિન–સેવાભાવી યોજના ઉપર ખર્ચ કરવા નિરુત્સાહિત કરે છે. મહાસભાની સ્વાગત સમિતિને દેશી રાજાઓ લવાજમ આપે એ તો નિશ્ચિતપણે ઇચ્છનીય નથી. કચ્છના રાવ કે જૂનાગઢના નવાબ મહાસભા સાથે સંબંધ રાખવાનું પોતે પસંદ કરતા નથી. જો તેમના કારભારીઓ આવો ફાળો આપે તો તેને કારોબારીની વ્યક્તિગત સહાનુભૂતિ તરીકે ગણવો... જો દેશી રાજાઓએ પોતાના ખાનગી ફંડમાંથી ફાળો આપ્યો હશે તો પ્રશ્ન ખૂબ જ નાજુક ગણાય અને તેને ખૂબ જ સાવચેતીથી ભારત સરકારની ઇચ્છા જણાવવી પડશે.'[૨૦] ૧૮૯૮ માં મદ્રાસમાં ભરાયેલા મહાસભાના અધિવેશનમાં ભરૂચ અને સુરતના પ્રતિનિધિઓ તરીકે વડોદરા રાજ્યના બે ન્યાયાધીશ ડૉ. હરિ હર્ષદ ધ્રુવ અને રાવબહાદુર માધવલાલ ગયા હતા તેથી અંગ્રેજ શાસકો વડોદરાના સયાજીરાવ પ્રત્યે શંકાની નજરે જોતા હતા.

૧૮૮૫ થી ૧૯૧૪ ના ૩૦ વર્ષના ગાળા દરમ્યાન મહાસભાનાં બે અધિવેશન પણ ગુજરાતમાં ભરવામાં આવ્યાં હતાં, ૧૯૦૨ માં અમદાવાદમાં અને ૧૯૦૭ માં સુરતમાં. ૧૯૦૨ ના અમદાવાદના અધિવેશનની સ્વાગત સમિતિના પ્રમુખ તરીકે અંબાલાલ સાકરલાલ દેસાઈએ ખૂબ જ સારી કામગીરી બજાવી હતી. આ અધિવેશનના પ્રમુખપદે સુરેંદ્રનાથ બેનરજી હતા. ગોવર્ધનરામ મા. ત્રિપાઠી, મગનભાઈ ચતુરભાઈ પટેલ, કનૈયાલાલ યાજ્ઞિક (ઇંદુલાલ યાજ્ઞિકના પિતા) તથા સ્વયંસેવક તરીકે કનૈયાલાલ મા. મુનશીએ આ અધિવેશનમાં ભાગ લીધો હતો. આ અધિવેશનમાં હિંદની ગરીબાઈ, દુકાળ, કાપડ ઉપરની જકાત, પરદેશોમાં ભારતીયો પ્રત્યે દર્શાવાતો ભેદભાવ, રંગભેદની નીતિ, સરકારી નોકરી અને લશ્કરમાં ભારતીયોને વધુ પ્રતિનિધિત્વ વગેરે બાબતો અંગે ૨૨ ઠરાવ થયા હતા.[૨૧] આ સમયે એક સ્વદેશી ઔદ્યોગિક પ્રદર્શન પણ રખાયું હતું, જેનું ઉદ્ઘાટન વડોદરાના સયાજીરાવ ગાયકવાડે કર્યું હતું. આ અધિવેશનમાં પ્રમુખસ્થાનેથી બોલતાં સુરેંદ્રનાથ બેનરજીએ સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટેની બંધારણીય લડત ચલાવવા માટે અતૂટ ધૈર્ય સહનશક્તિ તથા સ્વાર્થત્યાગ ઉપર ભાર મૂક્યો હતો.

૧૯૦૪ માં મુંબઈમાં મહાસભાનું અધિવેશન મળ્યું ત્યારે ફરી એક વાર

ફીરોજશાહ મહેતા સ્વાગત સમિતિના પ્રમુખ હતા. ૧૯૦૫ માં કર્ઝને બંગાળના ભાગલા પાડયા પછી સ્વરાજ્ય, સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ, વિદેશી વસ્તુઓનો બહિષ્કાર અને રાષ્ટ્રિય શિક્ષણનો ચારસૂત્રી કાર્યક્રમ મહાસભાએ ૧૯૦૬ માં જાહેર કર્યો હતો. ૧૯૦૬ માં કલકત્તાના મહાસભાના અધિવેશનમાં 'સ્વરાજ્ય એ હિંદની મુક્તિની ચાવી છે' એવો મંત્ર સૌપ્રથમ દાદાભાઈએ જ આપ્યો હતો.[૨૨] આ અધિવેશન પછી ભારતમાં ઠેર ઠેર સ્વદેશીની ચળવળે ઉગ્ર સ્વરૂપ પકડયું હતું, પરંતુ ગુજરાતમાં તો ૩૦ વર્ષ અગાઉ ૧૮૭૬ થી આ ચળવળ શરૂ થઈ ગયેલી. ૧૮૭૬ માં એ માટે અમદાવાદમાં સ્વદેશીની ઉદ્યોગવર્ધક મંડળી સ્થાપવામાં આવી હતી. સુરત ભરૂચ રાજકોટ નડિયાદ અને ભાવનગરમાં સ્વદેશી પ્રવૃત્તિને સક્રિય બનાવવામાં આવી હતી. વીરમગામ તાલુકાના દેકાવાડા અને માંડલ ગામમાં તથા વડોદરા અને સંખેડા તાલુકામાં સ્વદેશી ખાંડ વાપરવાનો નિર્ણય લેવાયો હતો. ૧૯૦૬ માં બંગાળમાં વિદેશી વસ્તુઓના બહિષ્કારને ઉગ્ર બનાવવામાં આવતાં મુંબઈ અને અમદાવાદની કાપડ મિલોએ લગભગ ૧ લાખ ગાંસડીઓ કલકત્તાના વેપારીઓને વેચી સારો નફો કર્યો હતો.

૧૯૦૬ માં સુરતમાં મુંબઈ પ્રાંતિક પરિષદની સભા મળી હતી તેની સ્વાગત સમિતિના પ્રમુખ રા. બ. ખંડુભાઈ દેસાઈ હતા. પ્રાંતિક પરિષદના પ્રમુખ તરીકે શ્રી ભાલચંદ્ર ભાટવડેકર હતા. શ્રી કાનજીભાઈ પ્રતિનિધિ, શ્રી ભૂલાભાઈ સ્વયંસેવક અને ડૉ. દીક્ષિત કપ્તાન તરીકે હતા.

## સુરતનું યાદગાર અધિવેશન (૧૯૦૭)

૧૮૪૪, ૧૮૪૮, ૧૮૬૦ અને ૧૮૭૮ માં સુરતની પ્રજાએ બ્રિટિશ સરકારના વિવિધ અન્યાયી કાયદાઓનો વિરોધ કરી પ્રજાકીય જાગૃતિનો બ્રિટિશ સરકારને પરિચય કરાવ્યો હતો અને એમાં સફળતા મેળવી પ્રસિદ્ધિ મેળવી હતી. ફરી સુરતનું ૧૯૦૭ નું મહાસભાનું અધિવેશન યાદગાર બની ગયું હતું, કારણ કે આ સભામાં મહાસભાના વિનીત(મવાળ) દળ અને ઉગ્ર(જહાલ) દળ એવા બે સ્પષ્ટ ભાગ પડી ગયા હતા.

૧૯૦૭ માં સુરતમાં મહાસભાનું ૨૩ મું અધિવેશન ભરવામાં આવ્યું હતું તેમાં કુલ ૧૬૦૦ પ્રતિનિધિ આવ્યા હતા. ૧૯૦૬ ના કલકત્તાના અધિવેશન પછી મહાસભાનું અધિવેશન નાગપુરમાં ભરવાનું નક્કી થયું હતું, પરંતુ વિનીત(મવાળ) દળના નેતાઓને લાગ્યું કે નાગપુર તો ઉગ્ર(જહાલ)દળનો ગઢ છે તેથી આપણે આપણું ધાર્યું ત્યાં કરાવી શકીશું નહિ. નાગપુરને જોખમભર્યું મથક માની એમણે અધિવેશનનું સ્થળ ફેરવીને સુરતમાં રાખ્યું હતું. સુરતમાં વિનીતો(મવાળો)નું પ્રભુત્વ

હતું. પુણેનાં છાપાં તો સુરતને વિનીત(મવાળ) દળના નેતા 'ફીરોજશાહની ખીડકી કે ગલી' કહેતા હતા.[૨૩] આ સ્થળ એમના માટે સલામત અને સગવડભર્યું બની રહેશે એમ માની આ બેઠક સુરતમાં ગોઠવવામાં આવી હતી.

ઉગ્ર(જહાલ) દળને એ શંકા હતી કે વિનીતો(મવાળો) ૧૯૦૬ માં કલકત્તામાં પસાર થયેલ ચારસૂત્રી કાર્યક્રમને અમલમાં મૂકશે નહિ, વિશેષ કરીને વિદેશી વસ્તુઓના બહિષ્કારના કાર્યક્રમને. કુલ ૧,૬૦૦ પ્રતિનિધિઓમાંથી ૧,૦૦૦ વિનીત(મવાળ) દળના હતા તેથી તેઓ ઉત્સાહમાં હતા, કારણ કે તેઓ માનતા હતા કે આપણે ધાર્યું કરાવી શકીશું. ઉગ્ર(જહાલ) દળની શંકા પણ સાચી પડી, કારણ કે અધિવેશનના ૮ કે ૧૦ દિવસ અગાઉ બહાર પડેલી એની કાર્યસૂચિમાં સ્વરાજ્ય, બહિષ્કાર કે રાષ્ટ્રિય શિક્ષણના વિષય ન હતા.[૨૪]

૨૬ મી ડિસેમ્બરના અધિવેશનની શરૂઆત સ્વાગત સમિતિના પ્રમુખના ભાષણથી થઈ. ત્યાર પછી દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈએ પ્રમુખપદ માટે ડૅા. રાસબિહારી ઘોષનું નામ સૂચવતાં દેકારો મચી ગયો અને કામકાજ આગળ ચલાવવાનું શક્ય ન લાગતાં એ બેઠક મુલતવી રાખવામાં આવી. બીજા દિવસે ડૅા. રાસબિહારી ઘોષનું નામ પ્રમુખ તરીકે સૂચવાયું અને અનુમોદન કરાયા પછી તેઓ પ્રમુખ તરીકેનું ભાષણ કરવા ઊભા થયા ત્યારે ઉગ્ર(જહાલ) દળના નેતા ટિળકે એના વિરોધમાં ઊભા થઈ બોલવાની પરવાનગી માગી. એ ન અપાતાં ધુમરાણ અને ધાંધલ થયાં.[૨૫] પછી તો ખુરશીઓ ફેંકાઈ અને લાઠીઓ પણ ઊછળી અને પરિણામે એ દિવસની બેઠક પણ વિખેરી નાખવામાં આવી. ત્રીજા દિવસે વિનીતો(મવાળો)એ પોતાની બેઠક બોલાવી અને ઉગ્ર(જહાલ) દળના સભ્યોને એમાં પ્રવેશવા જ દીધા નહિ. આમ સુરતમાં ૧૯૦૭ માં મહાસભાના બે ભાગ પડી ગયા. પરિણામે કૉંગ્રેસ નબળી પડી અને થોડાં વરસો સુધી દેશમાં એનો ઝાઝો પ્રભાવ રહેલો નહિ.[૨૬]

## નૅશનાલિસ્ટ ઍસોશિયેશન

સુરતમાં રાષ્ટ્રિય મહાસભાના ભાગલા પડ્યા પછી સુરતમાં નૅશનાલિસ્ટ ઍસોશિયેશનની સ્થાપના કરવામાં આવી હતી. એને આપણે સુરતની ઉગ્ર (જહાલ) દળની સંસ્થા કહી શકીએ, કારણ કે ત્યારે ઉગ્ર(જહાલ) દળ દેશમાં પોતાને 'નેશનાલિસ્ટ દળ' તરીકે ઓળખાવતું હતું. ડૅા. મનંતરાય મદનરાય રાયજી અને ડૅા. મગનલાલ મોતીરામ મહેતાના દવાખાનામાં આ સંસ્થાની સભાઓ થતી. એમણે એક પ્રેસ પણ રાખ્યું હતું અને 'શક્તિ' નામનું સાપ્તાહિક પણ છાપતા

હતા.[૨૭] એ છાપું દોઢ વર્ષ ચાલ્યું હતું, પરંતુ ત્યારપછી એની જામીનગીરી માગવામાં આવતાં એ બંધ કરી દેવાયું હતું. ડૉ. રાયજી અને ડૉ. મહેતા ઉપરાંત ડૉ. મોહનનાથ દીક્ષિત, કરસનજી વકીલ, પંડિત વકીલ, દયાળજીભાઈ દેસાઈ, કલ્યાણજીભાઈ મહેતા વગેરે એ સંસ્થાના મુખ્ય અને મહત્ત્વના કાર્યકર હતા.

આમ સુરતનું મહાસભાનું અધિવેશન થઈ ગયા પછી તો જાણે કે સમસ્ત ગુજરાતમાં રાજકીય જાગૃતિ ખૂબ જ આવી ગઈ હોય એમ લાગે છે.

## અભિનવ ભારત

ભારતના મહાન ક્રાંતિકારી વિનાયક દામોદર સાવરકર અને એમના ભાઈ ગણેશ દામોદર સાવરકરે ૧૯૦૦માં 'મિત્રમેળા' નામની ક્રાંતિકારી સંસ્થા સ્થાપી હતી. એ બૉમ્બની આરાધનામાં માનતી હતી. ૧૯૦૪માં એ સંસ્થાનું નામ 'અભિનવ ભારત' રાખવામાં આવ્યું હતું. ગુજરાતમાં એ સંસ્થાની એક માત્ર શાખા વડોદરામાં સ્થપાઈ હતી. એનું સૂત્ર હતું 'વિદેશી શાસનમાંથી ભારતને મુક્ત કરો'.[૨૮] આ સંસ્થા મેઝિનીની સંસ્થા 'યંગ ઈટાલી'ના ધોરણે ગુપ્ત રીતે કામ કરતી હતી. અભિનવ ભારત સંસ્થા ઘોડેસવારી નિશાનબાજી સૈનિક-શિક્ષણ અને સંચાલન જેવી બાબતોની ગુપ્ત તાલીમ આપતી હતી. ગુજરાતમાં અમદાવાદ અને સુરત વિનોત(મળાવ) દળના ગઢ હતા તેમ વડોદરા એ ગુજરાતમાં ક્રાંતિકારી અને ત્રાસવાદી પ્રવૃત્તિનું એકમાત્ર મહત્ત્વનું કેંદ્ર હતું. અભિનવ ભારત ઉપરાંત અન્ય ગુપ્ત સંસ્થાઓ પણ વડોદરામાં કામ કરતી હતી.

## કેટલાક ક્રાંતિકારીઓ

વડોદરા કૉલેજના અંગ્રેજીના પ્રાધ્યાપક શ્રી અરવિંદ ઘોષ એક મહાન ક્રાંતિકારી હતા. એમના ભાઈ શ્રી બારીંદ્રકુમાર પણ બંગાળના ક્રાંતિકારી જૂથના એક નેતા હતા. બારીંદ્રકુમાર ઘોષ ૧૯૦૨માં વડોદરામાં આવ્યા હતા અને ગુજરાતના છોટુભાઈ અને અંબુભાઈ પુરાણી સાથે રહી દક્ષિણ ગુજરાતમાં ફરી વળ્યા હતા. ૧૯૦૨માં જ 'ભારતીય ક્રાંતિની માતા' ગણાતાં મૅડમ ભીખાયજી રુસ્તમ કામા યુરોપમાં ગયાં હતાં. એમણે સરદારસિંહ રાણા સાથે ૧૯૦૭ની સ્ટુટગાર્ટમાં યોજાયેલી આંતરરાષ્ટ્રિય સમાજવાદી કૉંગ્રેસમાં હાજરી આપી હતી. ગુજરાતમાં બૉમ્બ બનાવવાના સાહિત્યને પ્રચલિત કરવાનું કાર્ય નરસિંહભાઈ પટેલે કર્યું હતું. એમનું એ અંગેનું પુસ્તક 'દેશી વનસ્પતિઓની દવાઓ' નામથી છપાવવામાં આવ્યું હતું. અમદાવાદમાં ૧૯૦૯માં લૉર્ડ અને લેડી મિન્ટો જે ગાડીમાં ફરી રહ્યાં હતાં તેને બૉમ્બ ફેંકી ઉડાડી દેવાનો બે વાર પ્રયાસ કરાયો

હતો. પરંતુ એ બંને વાર નિષ્ફળ ગયો હતો. એમાં ખેડા જિલ્લાના ક્રાંતિકારીઓનો હાથ હતો એમ મનાય છે.

ઉદયપુર અને જૂનાગઢમાં થોડા સમય માટે દીવાન રહી ચૂકેલા કચ્છના માંડવી ગામના સપૂત શ્યામજી કૃષ્ણ વર્મા ૧૮૯૭થી લન્ડનમાં વસી ગયા હતા. ત્યાં એમનું 'ઇન્ડિયા હાઉસ' ક્રાંતિકારી પ્રવૃત્તિનું કેંદ્ર બન્યું હતું. ૧૯૦૭ પછી તેઓ પેરિસમાં જઈને વસ્યા હતા અને ત્યાં પણ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી. પેરિસમાં એમને આ બાબતમાં ગુજરાતના બીજા સપૂત લીંબડી તાલુકાના એક જાગીરદાર સરદારસિંઘ રાણાનો સક્રિય સાથ મળ્યો હતો. ગોવિંદ અમીન નામનો એક વીરલો પિસ્તોલના તજ્જ્ઞ તરીકે સરદારસિંઘ રાણાના મદદનીશ તરીકે પેરિસમાં હતો. મૅડમ કામાનો પણ એમને સાથ હતો.

આમ, ૧૮૧૮થી ૧૯૧૪ના લગભગ એક સદીના ગાળા દરમ્યાન ગુજરાતે પણ સમસ્ત ભારતમાં આવેલી રાજકીય જાગૃતિ અને એના પગલે પગલે કરવામાં આવેલી રાષ્ટ્રિય ચળવળમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. પ્રથમ ધાર્મિક અને સામાજિક સ્વતંત્રતા મેળવવા ઉપર ધ્યાન કેંદ્રિત કરવામાં આવ્યું હતું અને ત્યારપછી રાજકીય સ્વતંત્રતા મેળવવાના હેતુ સાથે કેટલીક રાજકીય સંસ્થાઓ સ્થાપી હતી. એ બધીમાં રાષ્ટ્રિય મહાસભા અગ્રસ્થાને રહી હતી. ૧૯૧૪ સુધીની એની કામગીરીમાં ગુજરાતના લોકસેવકો અને લોકનેતાઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

## પાદટીપ

૧. પટ્ટાભી સીતારામૈયા, 'મહાસભાનો ઇતિહાસ' (ગુજ. અનુ.), પૃ. ૧૮
૨. इन्द्र विद्यावाचस्पति, 'भारतीय स्वाधीनता संग्राम का इतिहास,' पृ. २९
૩. R. C. Majumdar (Ed.), *The British Paramountcy and Indian Renaissance*, Part II, p. 459
૪. ભોગીલાલ ગાંધી, 'ગુજરાત દર્શન,' પૃ. ૨૭૨ અને ૩૧૦
૫. ઈ. ઇ. દેસાઈ, 'સૂરત સોનાની મૂરત', પૃ. ૧૪૧
૬. ભોગીલાલ ગાંધી, ઉપર્યુક્ત, પૃ. ૨૭૯
૭. *SMHFMI*, Vol. I, pp. 1 and 15
૮. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૨૦૮
૯. શિવપ્રસાદ રાજગોર, 'અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', પૃ. ૧૨૯
૧૦. *SMHFMI*, Vol, I, p. 33

૧૧. *Ibid.*, pp. 45–46
૧૨. *Ibid.*, pp. 48–49
૧૩. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૬૧
૧૪. શાંતિલાલ મ. દેસાઈ, 'રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત', પૃ. ૨૧૬
૧૫. Narhari Parikh, *Sardar Vallabhbhai Patel*, p. 41
૧૬. પટ્ટાભી સીતારામૈયા, ઉપર્યુક્ત, પૃ. ૪
૧૭. R. C. Majumdar (Ed.), *op. cit.*, p. 516
૧૮. આચાર્ય જાવડેકર, 'આધુનિક ભારત', પૃ. ૧૯૪
१९. मन्मथराय गुप्त, राष्ट्रीय आंदोलन का इतिहास, पृ. २०७
૨૦. *SMHFMI*, Vol. II, pp. 95–97
૨૧. શિવપ્રસાદ રાજગોર, ઉપર્યુક્ત, પૃ. ૧૩૭
૨૨. હીરાલાલ ત્રિ. પારેખ, 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન', પૃ. ૩૭૨
૨૩. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૨૦૯
૨૪. Ramgopal, *Lokmanya Tilak*, p. 267
૨૫. પાંડુરંગ ગણેશ દેશપાંડે, 'લોકમાન્ય ટિળક', પૃ. ૨૨૧
૨૬. જવાહરલાલ નહેરુ, 'જગતના ઇતિહાસનું રેખાદર્શન' (ગુજ. અનુ.), પૃ. ૫૨૩
૨૭. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૨૦૯
૨૮. R. C. Majumdar (Ed.), *Struggle for Freedom*, pp. 203–204

# ખંડ ૩

# સાંસ્કૃતિક ઇતિહાસ

## પ્રકરણ ૯

## સામાજિક સ્થિતિ

### ૧. હિંદુ સમાજ

**જ્ઞાતિઓ**

ઓગણીસમી સદીમાં હિંદુ સમાજ અનેક નાની મોટી જ્ઞાતિઓમાં વહેંચાઈ ગયા હતો. 'વિમલપ્રબંધ'માં વર્ણવેલી અઢાર વર્ણ આ સમયે પણ ગુજરાતમાં હિંદુસમાજમાં અસ્તિત્વમાં હતી : બ્રાહ્મણ, રાજપૂત વૈશ્ય, શૂદ્ર તથા નારુકારુના નામે ઓળખાતી કંદોઈ કાછિયા કુંભાર માળી મર્દનિયા સૂત્રધાર જોસાઈત તંબોળી, સોની (નવનારુ) અને ગાંયજા, ઘાંચી, છીપા, લુહાર, મોચી, ચમાર (પાંચ કારુ) વગેરે.[૧] સમાજમાં નારુકારુ 'વસવાયાં' તરીકે ઓળખાતા. આ સમયમાં થયેલ કવિશ્રી દલપતરામ પોતાના જ્ઞાતિ વિશેના નિબંધમાં ગુજરાતની વિવિધ જ્ઞાતિઓની માહિતી આપે છે. તેઓ બ્રાહ્મણોની ૮૪, ક્ષત્રિયોની ૯૯, વાણિયાઓની ૮૪ અને શૂદ્રોમાં ધંધા પ્રમાણે અસ્તિત્વ ધરાવતી ૫૩ જ્ઞાતિઓનો ઉલ્લેખ કરે છે.[૨]

એક અંગ્રેજ અધિકારી મિ. એલ્ફિન્સ્ટનના જણાવ્યા પ્રમાણે ઈ. સ. ૧૮૨૧ માં ગુજરાતના મહીકાંઠા વિસ્તારમાં વસતી રાજપૂત કોમ બે વિભાગોમાં વહેંચાયેલ હતી : (૧) ઈડર દરબારની સાથે જોધપુરથી આવી વસેલા તે મારવાડી રાજપૂતો અને (૨) ઘણા લાંબા સમયથી અત્રે ગુજરાતમાં વસતા રાજપૂતો. મારવાડી રાજપૂતોનાં આચાર-વિચાર ખાનપાન પહેરવેશ વગેરે જોધપુર પ્રદેશમાં વસતા રાજપૂતોને મળતાં હતાં, જ્યારે અહીં લાંબા સમયથી વસતા રાજપૂતો એમના કરતાં વધારે સંસ્કારી અને કેળવાયેલા જણાતા હતા.[૩]

ઈ. સ. ૧૮૨૭ માં સુરતમાં બોરડેલ (Borradaile) નામે અંગ્રેજે સુરતની જ્ઞાતિઓની નોંધણી કરાવેલી ત્યારે માલૂમ પડયું હતું કે એ વખતે સુરતમાં

બ્રાહ્મણ વાણિયા રાજપૂત કડિયા સુથાર ધોબી વાળંદ બ્રહ્મક્ષત્રી ભરવાડ ભાડભૂંજા ભાટિયા માછી માળી સોની કંદોઈ મોચી વગેરેની બધી મળી ૨૦૭ જ્ઞાતિ હતી.[૪]

આ સમયે જુદી જુદી જ્ઞાતિઓના ઉદ્ભવ વિશે વિવિધ દંતકથાઓ પ્રચલિત હતી. કેટલીક જ્ઞાતિઓ ધંધા અને સ્થાન ઉપરથી બની હતી. દરેક જ્ઞાતિમાં વર્ગભેદ દેખાતા હતા. દરેક જ્ઞાતિમાં ભોજન અને કન્યાપ્રદાન માટેના નિયમ અલગ અલગ હતા. દા.ત. વિસલનગરા નાગરકોમમાં બે શાખાઓ (૧) અમદાવાદ શાખા અને (૨) સુરત શાખા હતી. આ બંને શાખાના લોકો એકબીજા સાથે ભોજન-વહેવાર કરતા, પણ કન્યાની આપલે કરતા નહિ. આવી સ્થિતિ દરેક જ્ઞાતિમાં પ્રવર્તતી હતી.

દરેક જ્ઞાતિમાં ચોક્કસ પ્રકારના સ્પર્શાસ્પર્શના નિયમ પ્રચલિત હતા. ખાસ કરીને સમાજના ઉપલા વર્ગમાં આ નિયમોનું ચુસ્ત રીતે પાલન થતું. નીચલા વર્ગના કારીગર લોકોમાં આ અંગેના નિયમોમાં કેટલીક શિથિલતા વરતાતી હતી. બ્રાહ્મણોમાં જમતી વખતે રેશમી વસ્ત્ર પહેરીને બેસવાનો રિવાજ હતો. સ્ત્રીઓ માનતી કે નવેણે સૂકવેલાં કપડાંને પુરુષ અડકે તો અભડાઈ જાય, એને પલાળીને સૂકવવાં પડે. માટીનાં વાસણોમાં ભોજન કરવાનો નિષેધ હતો. બ્રાહ્મણો બ્રાહ્મણેતરના હાથની રાંધેલી રસોઈ જમતા નહિ. જો રસોઈ દૂધની બનાવેલી હોય તો એને સ્વીકારવામાં એમને કોઈ વાંધો ન હતો. આ ઉપરાંત એકબીજાનું પાણી પીવું, પ્રસૂતા સ્ત્રીઓ સાથેનો વહેવાર, શબનો સ્પર્શ વગેરે બાબતમાં ખાસ નિયમો પ્રચલિત હતા. સામાન્ય રીતે અમદાવાદ સુરત જેવાં સ્થળોએ વસતા બ્રાહ્મણોમાં આ અંગે ઘણી જ રૂઢિચુસ્તતા દેખાતી હતી.

આ વખતે સમાજમાં સૂતકનું મહત્ત્વ સવિશેષ હતું. મરનાર વ્યક્તિનાં કુટુંબીઓએ અમુક દિવસ સુધી સમાજથી અલગ રહેવું એ બાબતમાં દરેક જ્ઞાતિમાં જુદા જુદા રિવાજ પ્રચલિત હતા. બ્રાહ્મણોએ ૧૦ દિવસ, ક્ષત્રિયોએ ૧૨ દિવસ અને વૈશ્યોએ ૧૫ દિવસ સુધી સૂતક પાળવું જોઈએ એમ મનાતું, સમાજમાં કારીગર વર્ગમાં આ અંગેના નિયમ બહુ કડક ન હતા.

સમાજના ઉપલા વર્ગના લોકોમાં આ રિવાજોનું ચીવટથી પાલન કરવામાં આવતું. આજે પણ ગુજરાતમાં વસતા ઔદીચ્ય ઉદુમ્બર ત્રિવેદીમેવાડા વગેરે બ્રાહ્મણો તથા નીમા વણિકો સૂતક પાળવામાં બહુ જ ચીવટ દાખવે છે. કેટલીક બ્રાહ્મણ જ્ઞાતિઓમાં બાળકના જન્મને લીધે વૃદ્ધિ-સૂતક પાળવાનો પણ રિવાજ જોવા મળે છે.

સમાજમાં પ્રાચીન કાલથી ચાલી આવતી પ્રણાલિકા મુજબ ઉપનયન વિવાહ અને અંત્યેષ્ટિ સંસ્કારો થતા. બ્રાહ્મણોમાં ઉપનયન સંસ્કારનું મહત્ત્વ સવિશેષ હતું. યજ્ઞોપવીત ધારણ કર્યા વગરના બ્રાહ્મણને સમાજમાં રહેવું મુશ્કેલ બનતું. આ સંસ્કાર ચોક્કસ પ્રકારના વિધિ દ્વારા કરવામાં આવતો. આ સર્વ સંસ્કારોના વિધિ બાબતમાં જ્ઞાતિના નિયમ ઘણા જ સખ્ત હતા. દરેકે પોતાને જ્ઞાતિના રિવાજ મુજબ વિધિસર સર્વ સંસ્કાર કરવા પડતા. જો આમાં કંઈ ભૂલ થાય તો જ્ઞાતિના રોષનો ભોગ બનવું પડતું. કેટલીક વાર જ્ઞાતિબહિષ્કાર જેવી સજા પણ સહન કરવી પડતી.

'જ્ઞાતિબહિષ્કાર' એ એક ભયંકર સજા હતી. દરેક જ્ઞાતિનું એ એક અમોઘ શસ્ત્ર હતું. એના દ્વારા જ્ઞાતિના પટેલો સર્વ ઉપર અંકુશ રાખી શકતા. ઈ. સ. ૧૮૫૦ ના ગાળામાં નંદરબારના નાગેશ્વર ઓઝા નામના એક મોભાદાર શ્રીમાળી બ્રાહ્મણે પોતાના જ્ઞાતિબંધુઓને પોતાને ત્યાં શુભ પ્રસંગે આમંત્ર્યા. યોગ્ય પુરસ્કાર અને ભોજન દ્વારા સંમાન્યા હતા. એમણે દરેકને પોતાને ત્યાં આવવા-જવા માટે થયેલ ખર્ચ પણ આપ્યું હતું, આથી એમને પોતાની જ્ઞાતિના અમુક વર્ગની ઈર્ષ્યાના ભોગ બનવું પડયું હતું. એવામાં એવું બન્યું કે એક દિવસ એમનો નાનો છોકરો એક વાણિયાના પાડાને વળગી તળાવમાં નાહવા પડ્યો. રમતાં રમતાં પાડું પાણીમાં મરી ગયું, આથી જ્ઞાતિવાળાએ એમને પાડાની હત્યા બદલ જ્ઞાતિબહાર મૂકયા. નાગેશ્વરે આ પાપમાંથી મુક્ત થવા વિદ્વાનોની સલાહ અનુસાર પ્રાયશ્ચિત્ત કર્યું હતું, પણ જ્ઞાતિવાળાઓએ એ માન્ય ન રાખ્યું અને પોતાની જ્ઞાતિવાળા પાસે પ્રાયશ્ચિત્ત કરવાનો આગ્રહ રાખ્યો. એમાંના કેટલાકે તો એમની સાથે જે ભોજનવહેવાર કરશે તેની સાથે અમે વહેવાર નહિ રાખીએ એમ જાહેર કર્યું. આને લીધે આખા કુટુંબની દશા ઘણી જ ખરાબ થઈ. એના પરિણામે શુકલતીર્થની શ્રીમાળી જ્ઞાતિમાં બે તડ પડી ગયાં.[૫]

દેશાંતર-પ્રવાસ માટે પણ હિંદુ સમાજમાં નિષેધ હતો. દરિયાની મુસાફરી કરનારને જ્ઞાતિબહિષ્કાર જેવી કારમી સજા ભોગવવી પડતી. આ અંગે એવી માન્યતા પ્રચલિત હતી કે અજાણ્યા દેશમાં ખાનપાન અંગેના નિયમ જળવાતા નથી, આથી ઓગણીસમી સદી સુધી તો સમુદ્રપ્રયાણ કરવાનો કોઈ વિચાર પણ કરી શકતું નહિ.

આ અંગેનો નાગરજ્ઞાતિના શ્રી મહીપતરામ રૂપરામનો કિસ્સો નોંધવા જેવો છે. ઈ. સ. ૧૮૫૬ માં ગુજરાતના કેળવણીખાતામાં નોકરી કરતા શ્રી નંદશંકર-ભાઈને શિક્ષણના વિકાસ અર્થે અંગ્રેજ સરકારે ઇંગ્લૅન્ડ મોકલવા વિચાર કર્યો.

આ વાતની જાણ એમનાં કુટુંબીઓને થતાં એમણે રોકકળ કરી મૂકી અને એવી પરિસ્થિતિ સર્જી કે ન છૂટકે નંદશંકરભાઈને ઈંગ્લૅન્ડ જવાનો વિચાર પડતો મૂકવો પડ્યો.

આ પછી સરકારે મહીપતરામ રૂપરામને પસંદ કરી ઈંગ્લૅન્ડ મોકલવા નિર્ણય કર્યો. આ વાત નાગર જ્ઞાતિમાં ફેલાતાં એમને જતા અટકાવવા અનેક પ્રયત્ન થયા. આ સર્વ સામે મક્કમતાથી ટકી રહી મહીપતરામભાઈ છેવટે ઈંગ્લૅન્ડ ગયા. જતી વખતે એમની પત્નીએ રસ્તામાં એક માસ સુધી ચાલે તેટલું ભાથું બંધાવ્યું હતું. ત્યાં જમવાની તકલીફ ન પડે એ માટે એમણે એક બ્રાહ્મણ રસોઇયો સાથે રાખ્યો હતો. કેટલાક સમય બાદ ત્યાંનું કાર્ય પૂર્ણ કરી તેઓ સ્વદેશ પાછા આવ્યા. પાછા આવ્યા ત્યારે એમના મિત્રવર્ગે એમને સંમાન્યા, પણ જ્ઞાતિજનોએ એમને નાતબહાર મૂક્યા. આના પરિણામે એમના કુટુંબની સ્થિતિ ઘણી જ કફોડી થઈ. કેટલીક વાર તો તેઓ બહાર નીકળે ત્યારે 'વિલાવતી વાંદરું' કહી નાતીલાઓ મોં મચકોડતા અને પાછળ અવનવી ટીકાઓ કરતા. આ સર્વ સહન કરતાં કરતાં મહીપતરામ ઘણા જ ત્રાસી ગયા હતા.

એવામાં એમના પિતાનું અવસાન થયું. આ તકનો લાભ લઈ નાગરો એમને વધારે હેરાન કરવા લાગ્યા. એમણે જાહેર કર્યું કે નાગર જ્ઞાતિના પુરોહિતે મહીપતરામના પિતાની મરણોત્તર ક્રિયા કરાવવી નહિ અને આ પ્રસંગે જે કોઈ એમને ત્યાં જમવા જશે તેને નાતબહાર મૂકવામાં આવશે. ઘણી મુશ્કેલીને અંતે મક્કમતાથી સામનો કરતાં કરતાં તેઓ આ કપરી કસોટીમાંથી પસાર થયા, પણ છેવટે એમને જ્ઞાતિ આગળ નમતું જોખવું પડ્યું. નાગરજ્ઞાતિની ઇચ્છા અનુસાર પ્રાયશ્ચિત્ત કરી બ્રાહ્મણોને ગોદાનમાં પંદરસો રૂપિયા તથા જ્ઞાતિભોજન આપી તેઓ જ્ઞાતિમાં દાખલ થયા સમાજસુધારકોએ આ માટે મહીપતરામની ખૂબ ટીકા કરી.[૬] એ પછી ધીરે ધીરે જ્ઞાતિબંધનો શિથિલ થતાં પરદેશગમન સહજ બનવા લાગ્યું.

## રૂઢિઓ અને સુધારા

આ સમયે સમાજમાં કન્યાવિક્રય બાળલગ્ન સતીપ્રથા, બાળકીને દૂધપીતી કરવાનો ચાલ વગેરે અનેક દૂષણ પ્રચલિત હતાં. બ્રાહ્મણ વાણિયાની જ્ઞાતિઓમાં જ્ઞાતિની અનુમતિ વગર સગપણ તોડી શકાતું નહિ. કેટલીક—શ્રીમાળી ઉદુમ્બર વગેરે બ્રાહ્મણો જેવી—જ્ઞાતિઓમાં જો વરપક્ષ સાથે કંઈ અણબનાવ થાય અને કન્યાનો હથેવાળો થયો ન હોય તો વર તોરણે આવેલો પરણ્યા વગર પાછો જતો. ઘણી જ્ઞાતિઓમાં કન્યાવિક્રયની બદી ફેલાયેલી હતી. આવું કાર્ય જ્ઞાતિના

ગોર કે અગ્રગણ્ય વ્યક્તિ મારફતે થતું. સામાન્ય રીતે દરેક નાતમાં મોભાદાર કુટુંબને ત્યાં કન્યા આપવા તત્પર રહેતા. આ માટે ગમે તેટલી કિંમત ચૂકવવા પણ કેટલાક તૈયાર રહેતા, જ્યારે કેટલાક તો સારા કુટુંબના ગમે તેવા પુરુષને પણ સ્વીકારવા તત્પર રહેતા, આથી ઘણા આ તકનો લાભ લઈ બહુપત્નીત્વ પણ ભોગવતા તો કેટલીક વાર બાળલગ્ન વૃદ્ધલગ્ન જેવાં અનિષ્ટ પણ સર્જાતાં.

નીચલા વર્ગમાં છૂટાછેડાની પ્રથા પ્રચલિત હતી. અહીં પંચ સમક્ષ કબૂલાત આપીને છૂટાછેડા લઈ શકાતા. ગુજરાતી કડવા કણબી કોમમાં એવો રિવાજ પ્રચલિત હતો કે કન્યાનું લગ્ન સિંહના ગુરુના સમયે થાય. આ સમય લગભગ બાર વર્ષે એક વાર આવતો, આથી સિંહના ગુરુના સમયમાં માબાપો પોતાની ગમે તેટલી ઉંમરની અપરિણીત કન્યાનાં લગ્ન ગમે તેવા નાતના પાત્ર સાથે કરી નાખતાં. કેટલીક વાર કન્યા ઘણી નાની હોય તો પૈસા આપીને પણ કેટલાક એનું લગ્ન કરી નાખતા. કેટલીક વાર કન્યા બહુ નાની હોય તો તાત્કાલિક અન્ય વ્યક્તિ સાથે લગ્ન ગોઠવી ઉંમરલાયક થતાં એનાથી છૂટાછેડા લઈ અન્યત્ર લગ્ન કરવામાં આવતું. આવી કોઈ વ્યવસ્થા ન ગોઠવાય તો એવી કન્યાનું લગ્ન ફૂલના દડા કે માટીના ઘડા સાથે કરી એ દડો કે ઘડો કૂવામાં નાખી દેવામાં આવતો. આ પછી કન્યા વિધવા કહેવાતી. અમુક સમય બાદ એનું ફરીથી લગ્ન કરવામાં આવતું.[૭]

### બાળલગ્ન

ઓગણીસમી સદી દરમ્યાન મરાઠાઓનાં આક્રમણોને લીધે ગુજરાતમાં બાળલગ્નનું પ્રમાણ વધી ગયું હતું. સમાજનો મોટો વર્ગ કન્યાનું લગ્ન દસ વર્ષની ઉંમરે કરી નાખવું જોઈએ એ મતનો હતો. કન્યાનું લગ્ન મોટી ઉંમરે કરાવું એ દોષ મનાતો, દરેક માબાપ પોતાની કન્યા બાર વર્ષની થાય એ પહેલાં તો પોતાની જ્ઞાતિનો જે મુરતિયો મળે તેની સાથે પોતાની કન્યાનું લગ્ન કરી નાખવા તત્પર રહેતાં. કોઈ માબાપ પોતાની દીકરી ઉંમરલાયક થતાં ન પરણાવે તો સમાજ એને ટકવા દેતો નહિ. કોઈક કમનસીબ બાપને તો આ દોષ માટે જ્ઞાતિ-બહિષ્કાર જેવી સજા સહન કરવી પડતી. આ સંબંધમાં પોતાને ત્યાંનો એક પ્રસંગ ટાંકતાં લેડી વિદ્યાગૌરી નીલકંઠ જણાવે છે કે 'એ જમાનામાં છોકરી દસ વર્ષની થાય એટલે લગ્ન કરવું જ જોઈએ એવો રિવાજ હતો. શારદા (એમની બહેન) બાર વર્ષની થવા આવી છતાં એનું લગ્ન થયેલું ન હોવાથી એમની માતા બાળા ઉપર ટીકાઓનો વરસાદ વરસતો. બાળા આ સર્વનો મક્કમતાથી સામનો કરતી. બહુ જ પ્રયત્ને ડૉ. બટુકરામના પુત્ર સુમંતરાય સાથે શારદાના વિવાહ નક્કી થયા. એવામાં બટુકરામે પોતાના પુત્રને અમુક સ્ટીમરમાં ઇંગ્લેન્ડ મોકલવાનો

છે તેથી એ સમય પહેલાં લગ્ન કરી નાખવાનું જણાવ્યું. એ સમયે મીનાર્ક ચાલતાં હતાં. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે મીનાર્ક એટલે કે સૂર્ય મીન રાશિમાં હોય તે સમય દરમ્યાન લગ્ન કરવાનો નિષેધ મનાતો. આમ છતાં સારો મુરતિયો ગુમાવવો ન પડે અને પોતાની દીકરીનો કન્યાકાલ વહી ન જાય એ માટે મનને મજબૂત કરી, વહેમને દૂર કરી શારદાનાં લગ્ન કરી નાખવામાં આવ્યાં. આ અંગે નાગરોની નાતમાં ઘણી જ ટીકા થયેલી.[૮]

નવલરામે બાળલગ્ન અંગે પોતાના એક પદ્યમાં લખ્યું છે :

'હાં રે નામ બાળલગ્નનું તો બાળો,
બાળલગ્નનું નામ જ સુણતાં આવે મને કંટાળો રે,
બાળલગ્નનું દુઃખ દેખીને દેશ થઈ ગયો કાળો રે.'

ધીરે ધીરે સમાજસેવકોના અથાગ પ્રયત્નોથી બાળલગ્ન વિરુદ્ધ લોકમત જાગ્રત થતાં સરકારને પણ આ અંગે વિચાર કરવો પડ્યો. ઈ. સ. ૧૮૯૧ માં હિંદી પીનલ કોડમાં સંમતિવયના કાયદામાં સરકારને સુધારો કરવો પડ્યો. ઈ. સ. ૧૯૦૪ માં વડોદરા રાજ્યમાં ગાયકવાડ સરકારે કાયદા દ્વારા કન્યાની લગ્ન માટેની લઘુતમ વય ૧૬ વર્ષની નક્કી કરી. ઈ. સ. ૧૯૨૯ માં સારડા ઍક્ટ પસાર થતાં લગ્નવયમાં સારો એવો સુધારો થયો. આ કાર્યમાં કવિશ્રી દલપતરામ, નર્મદાશંકર, નવલરામ, બહેરામજી મલબારી, રણછોડભાઈ ઉદયરામ, કરસનદાસ મૂળજી અને મહીપતરામ રૂપરામ જેવા સમાજસુધારકોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.[૯]

## વિધવાવિવાહ

બાળલગ્નના પરિણામે બાળમરણનું પ્રમાણ વધતાં સમાજમાં બાળવિધવાઓનો વિકટ પ્રશ્ન ઉપસ્થિત થયો. વિધવા-પુનર્લગ્ન માટે કોઈ વિચાર સરખો પણ કરી શકતું નહિ. કરસનદાસ મૂળજી જેવા સમાજસુધારકો આ દિશામાં કંઈક કરી છૂટવા પ્રયત્નશીલ હતા. એમણે મહામુસીબતે સમાજમાં દાખલો બેસાડવા દિવાળીબાઈ નામની એક વિધવાનું ગંડુ નામના બ્રાહ્મણ સાથે લગ્ન ગોઠવ્યું. આ કાર્યમાં અંતે એમને ઘણું સહન કરવું પડ્યું. અયોગ્ય પતિને લીધે બાઈ બીચારી હેરાન થઈ ગઈ. અંતે લગ્ન નિષ્ફળ નીવડ્યું.

આ પછી કેટલીક સમજૂતી બાદ કરસનદાસના અથાગ પ્રયત્ને એક ધનિક કપોળ વણિકની બાળવિધવા થયેલ ધનકોર નામની કન્યાનું લગ્ન માધવદાસ રુઘનાથ નામના એક વૃદ્ધ સાથે થયું. આ અંગે સમાજમાં ઘણી જ ટીકા થયેલી. ઈ. સ. ૧૮૬૯–૭૦ માં કવિ નર્મદાશંકરે એક વિધવા સાથે લગ્ન કર્યું એને કારણે

એમને નાત બહાર મૂકવામાં આવ્યા હતા, પણ છેવટે ધીરે ધીરે આ વિરોધ શાંત પડવા લાગ્યો. વિધવાવિવાહ માટે જનમત કેળવાવા લાગ્યો.

## દૂધપીતીનો ચાલ

અઢારમી–ઓગણીસમી સદીમાં ગુજરાતમાં હિંદુસમાજમાં કન્યાનો જન્મ આનંદદાયક મનાતો ન હતો. દીકરીનો બાપ હંમેશાં ઓશિયાળો મનાતો હતો. ઘણી જ્ઞાતિઓમાં દહેજના કારણે માબાપને દીકરી પરણાવતાં ઘણો ત્રાસ થતો. દહેજમાં ભારે રકમ આપવી ન પડે એ માટે ઘણાં માબાપ દીકરીને જન્મતાંની સાથે દૂધના તપેલામાં ડુબાડી મારી નાખતાં. આ પ્રથા ખાસ કરીને ગુજરાતના જાડેજા રાજપૂતો, પાટીદારો વગેરે કોમોમાં વ્યાપક પ્રમાણમાં વિસ્તરેલ હતી. હિંદુ સમાજ ઉપર આ જેવું તેવું કલંક ન હતું.

ઓગણીસમી સદીની શરૂઆતમાં ગાયકવાડ સરકારની મુલ્કગીરીને લીધે કર્નલ વૉકર નામે એક અંગ્રેજ અધિકારીની સૌરાષ્ટ્ર ખાતે નિમણૂક થઈ. કર્નલ વૉકરે સૌરાષ્ટ્રમાં આવી આ પ્રથાનું દર્શન કરતાં એનો આત્મા કકળી ઊઠ્યો. એણે આ પ્રથા અટકાવવા ઘણા રાજવીઓને સમજાવવા માંડયા. કેટલાક ઉપર દબાણ પણ કરવા માંડ્યું. મોરબી જેવાં ઘણાં રાજ્યોના રાજવીઓને તો આમાં હત્યા થાય છે એવું લાગતું જ ન હતું. છેવટે અથાગ પ્રયત્ન બાદ ઈ. સ. ૧૮૦૮ માં કર્નલ વૉકર સૌરાષ્ટ્રના જાડેજા જેઠવા વગેરે રાજપૂતોને સમજાવી આ પ્રથા બંધ કરવાનો કરાર કરાવી શક્યા.

રાજપૂતોને જોઈ પાટીદારોએ પણ આ પ્રથા બંધ કરવાનો નિર્ણય કર્યો. આ પ્રથા અંગે ગૅઝેટિયરના લેખક નોંધે છે કે આ પ્રથાને લીધે ભરૂચ પાસેના એક ગામમાં સેંકડો પુરુષો વચ્ચે પૂરી એક ડઝન સ્ત્રીઓ પણ ન હતી.[૧૦]

ઈ. સ. ૧૮૬૯ માં પાટડી દરબાર જોરાવરસંઘજીએ કણબી જ્ઞાતિના સમુદાયને એકત્ર કરી આ પ્રથા અટકાવવા કાયદો કર્યો.

ગાયકવાડ સરકારે પણ વડોદરા રાજ્યમાં દૂધપીતીના રિવાજને બાળહત્યાનો ગુનો ગણી એના માટે સજા જાહેર કરી.

## સતી–પ્રથા

આ અમાનુષી પ્રથા ગુજરાતમાં ઓગણીસમી સદી દરમ્યાન પ્રચલિત હતી. સમાજમાં સતીના બહાને અનેક બાળવિધવાઓને ફરજિયાત અગ્નિસ્નાન કરાવવામાં આવતું. આ પ્રથા સામે બંગાળમાં રાજા રામમોહન રાયે બંડ જગાવ્યું.

એની અસર ધીરે ધીરે ગુજરાતમાં પણ વર્તાવા લાગી હતી. આ પ્રથા વિરુદ્ધ ધીરે ધીરે જનમત કેળવાતો જતો હતો.

સં. ૧૭૯૭(ઈ. સ. ૧૭૪૦-૪૧)માં સુરતની નાગરી નાતમાં શિવબાઈ નામે સ્ત્રી સતી થઈ હતી.[૧૧] આ સમયે ભરૂચમાં સુંદરબાઈ અને દિવાળીબાઈ દેસાઈ નામે બે સ્ત્રીઓ સતી થઈ હતી એવું ભરૂચ શહેરના ઇતિહાસમાં નોંધાયેલ છે.[૧૨]

ગુજરાતમાં સૌરાષ્ટ્ર કચ્છ ઉત્તર ગુજરાત સાબરકાંઠા વગેરે પ્રદેશોમાં અનેક સ્થળોએ સતીના પાળિયા મળે છે. સાબરકાંઠા જિલ્લાના મોડાસા ગામમાં ગેબનાથ મહાદેવ પાસે સતીનો એક પાળિયો આવેલો છે. જાણવા પ્રમાણે આ પાળિયો મોડાસામાં રામજીમંદિરમાં રહેતા શ્રી હરિપ્રસાદ દલસુખરામ જોશીના કુટુંબમાં આશરે દોઢસો-બસો વર્ષ પૂર્વે કોઈ સ્ત્રી સતી થઈ હતી એનો છે.[૧૩]

**અસ્પૃશ્યતા**

ભારતના અન્ય પ્રદેશોની જેમ ગુજરાતમાં પણ અસ્પૃશ્યતા વિશેના ચોક્કસ ખ્યાલ વ્યાપક પ્રમાણમાં વિસ્તરેલા હતા. સમાજમાં આભડછેટ અંગેના નિયમ ઘણા સખ્ત હતા. હલકું કાર્ય કરનાર, જેવું કે સુવાવડી સ્ત્રીનાં કપડાં ધોનાર, મડદાં ઉપાડનાર, ઝાડુ વાળનાર, મેલું સાફ કરનાર, મરેલાનું ગોમાંસ ખાનાર અને વેચનાર, વગેરે સમાજમાં અસ્પૃશ્ય મનાતા. એમનાં રહેઠાણ કૂવા વગેરે સવર્ણોનાં રહેઠાણોથી દૂર રાખવામાં આવતાં. સમાજમાં સ્પર્શાસ્પર્શના ચોક્કસ ખ્યાલ પ્રવર્તતા હોવાથી એમને જાહેરમાં પણ આવવા માટે પણ કેટલાંક નિયંત્રણ હતાં. આ દલિત વર્ગમાં પણ કામ પ્રમાણે ઢેડ વણકર ચમાર ભંગી વગેરે વર્ગ હતા. તેઓમાં પણ ઉચ્ચ-નીચના ભેદ હતા. તેઓમાં પણ ખાનપાન, કન્યાની આપલે અસ્પૃશ્યતા વગેરે માટેનાં ખાસ નિયમન હતાં. પંચમહાલ જિલ્લાના લુણાવાડા પાસેના બાકોર ગામે લગભગ ૧૯૪૦ સુધી ઢેડની કૂઈ અને ભંગીની કૂઈ એમ દલિતો માટે પાણી લેવાનાં બે અલગ અલગ સ્થળ હતાં. મંદિરપ્રવેશ માટે એમને મનાઈ હતી.

ઓગણીસમી સદી સુધી ગુજરાતમાં આ વર્ગ માટે શિક્ષણની કોઈ વ્યવસ્થા ન હતી. આ અંત્યજોની સેવા માટે હજુ સુધી કોઈ સમાજસુધારક બહાર આવ્યો ન હતો. સૌ પ્રથમ શ્રી દુર્ગારામ મહેતાજીએ માનવધર્મ સભાના ઉપક્રમે આ અંત્યજો માટે કેટલાક સુધારક વિચાર પ્રગટ કર્યા હતા, છતાં આ સમયે સમાજમાં જોઈએ તેવી જાગૃતિ આવી ન હતી. આ દિશામાં સહુ પ્રથમ સયાજીરાવ

ગાયકવાડે ચોક્કસ કાર્યનો આરંભ કર્યો. ઈ. સ. ૧૮૮૩માં વડોદરા રાજ્યમાં અંત્યજો માટે અલગ શાળાઓની સ્થાપના કરવામાં આવી. શરૂઆતમાં હિંદુ શિક્ષકો શિક્ષણકાર્ય કરવા તૈયાર ન થતાં શિક્ષણકાર્યમાં કેટલીક મુશ્કેલી આવી હતી, પણ ધીરે ધીરે મુસ્લિમ શિક્ષકો દ્વારા શિક્ષણકાર્ય શરૂ કરતાં અસ્પૃશ્યોના શિક્ષણ માટે સારી એવી પ્રગતિ સાધી શકાઈ હતી. અંત્યજોમાં ધર્મભાવના વિકસે એ માટે એમના પુરોહિતોને શિક્ષણ આપવા સંસ્કૃત પાઠશાળાઓ શરૂ કરવામાં આવી. એમાં ભણનારને મહિને આઠ રૂપિયાની સ્કોલરશિપ આપવાનું નક્કી કર્યું. રાજ્યનાં જુદાં જુદાં ખાતાંઓમાં એમને નોકરીઓ આપવામાં આવી.

આમ ઓગણીસમી સદી દરમ્યાન શ્રી સયાજીરાવ ગાયકવાડે અસ્પૃશ્યતા-નિવારણની પ્રવૃત્તિને વેગવંતી બનાવી.[૧૪]

## સમાજ-સુધારાનું પ્રેરક બળ

ગુજરાતમાં અંગ્રેજી શાસનનો વિકાસ થતાં પશ્ચિમની નવી કેળવણીનો પ્રારંભ થયો. ધીરે ધીરે એનો પ્રચાર વધતાં પ્રજામાં અજ્ઞાન આળસ વહેમ જેવા દોષોને દૂર કરવાની કેટલીક તમન્ના જાગી. નવી કેળવણીથી લોકોમાં બાળલગ્ન, પરદેશગમન, પ્રાચીનકાલથી ચાલ્યા આવતા લૌકિક આચાર-વિચારો, વગેરે જોવાની અને ચકાસવાની દૃષ્ટિ આવી. પ્રજામાં સ્ત્રી–સંમાન અને સ્વાતંત્ર્ય–ભાવનાનો વિકાસ થયો.

અંગ્રેજી કેળવણીના પ્રતાપે ગુજરાતની પ્રજાને પોતાના ભવ્ય સંસ્કારવારસાનું તેમજ પોતાની કૂપમંડૂકતાનું ભાન થયું. આદિ કાલથી જડ જંગલી અને વહેમી મનાતી પ્રજાને મહર્ષિ દયાનંદ તેમજ સ્વામી સહજાનંદે નૂતન ધર્મદૃષ્ટિ આપી.

ઘણા જુવાનો જ્ઞાતિનાં બંધન તોડીને સુધારો કરવા થનગની રહ્યા હતા, તો કેટલાક શ્રી આનંદશંકર અને શ્રી મણિલાલ જેવા વિદ્વાનો ધર્મ નીતિ અને ઇતિહાસના સનાતન પાયા ઉપર હિંદુ સમાજને સુધારવાના આગ્રહી હતા.

ગુજરાતમાં સામાજિક ક્ષેત્રે ક્રાંતિ આણવામાં વર્તમાનપત્રોએ નોંધપાત્ર ફાળો આપ્યો હતો. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં મુંબઈથી ચાર દૈનિકો ગુજરાતીમાં પ્રગટ થતાં હતાં, પણ ગુજરાતમાં એક પણ દૈનિક પ્રગટ થતું ન હતું. ધીરે ધીરે આ ક્ષેત્રમાં ગુજરાતે વિકાસ સાધ્યો. ગુજરાતમાંથી પ્રગટ થતાં સાપ્તાહિકો 'ગુજરાતમિત્ર' 'દેશીમિત્ર'' ગુજરાતદર્પણ' અને 'ડાંડિયો' ઘણાં જ નોંધપાત્ર હતાં. તેઓએ સામાજિક ક્ષેત્રે ક્રાંતિ આણવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

## સમાજસુધારકો (નૂતન યુગના ઘડવૈયા)

પશ્ચિમની કેળવણીને લીધે સમાજમાં પ્રવર્તતી આવી દુર્દશા તરફ ગુજરાતના ઘણા જુવાનોનું ધ્યાન દોરાયું. જ્ઞાતિ–પ્રથાનાં દૂષણોને નાથવા ઘણા નરપુંગવ આગળ આવ્યા. વાહન–વહેવારની સરળતા થતાં અને વિવિધ પ્રજાના સંપર્કમાં આવતાં એમનામાં સમાજને જોવાની નવી દૃષ્ટિ આવી, સમાજસુધારાની ચેતના પ્રગટી, પશ્ચિમની સંસ્કૃતિએ ગુજરાતમાં સુધારાની જ્યોત પ્રગટાવી.

આ સમયના સુધારકોના પ્રથમ સૂત્રધાર દુર્ગારામ મહેતાજી હતા. એમનો જન્મ ઈ. સ. ૧૮૦૯ માં થયો હતો. એમણે ઈ. સ. ૧૮૪૪ માં માનવધર્મસભાની સ્થાપના કરી. આ સભાનો ઉદ્દેશ નાતજાતના ભેદભાવ દૂર કરી વિધવાવિવાહને ઉત્તેજન આપવાનો હતો. એમણે સમાજસુધારાની પ્રેરણા રણછોડદાસ ગિરધરભાઈ ઝવેરી (ઈ. સ. ૧૮૦૩–૧૮૭૩) પાસેથી મેળવી હતી. રણછોડભાઈ એ જમાનાના એક સમર્થ કેળવણીકાર હતા. એમણે તાલીમબદ્ધ શિક્ષકો તૈયાર કરી સુધારાનો દીપક પ્રગટાવ્યો. દુર્ગારામ મહેતાજી ઉપર રણછોડભાઈની અસર વર્તાતી હતી. આ સમયે મુંબઈ સુરત અને અમદાવાદ એ સુધારાનાં કેંદ્ર હતાં. સુરત એ દુર્ગારામ મહેતાજીનું કાર્યક્ષેત્ર હતું.

દુર્ગારામ મહેતાજીએ ગુજરાતમાં સામાજિક ક્ષેત્રે ક્રાંતિ આણી. તેઓ વડનગરા નાગર જ્ઞાતિના બ્રાહ્મણ હતા. શરૂઆતનું પ્રાથમિક શિક્ષણ સુરતમાં લઈ તેઓ મુંબઈ ગયા. ત્યાંથી અભ્યાસ કરી પાછા સુરત આવી ઈ. સ. ૧૮૨૬ માં શિક્ષક બન્યા. એમના જમાનાના તેઓ એક સફળ શિક્ષક અને ઉત્તમ વિદ્વાન ગણાતા હતા. તેઓ જંતરમંતર અને મેલી વિદ્યાના પ્રખર વિરોધી હતા. ઈ. સ. ૧૮૩૮ માં પોતાની પ્રથમ પત્નીના મૃત્યુ બાદ તેઓ સમાજમાં સુધારક તરીકે બહાર આવ્યા. એમણે વિધવા–વિવાહનો પ્રચાર શરૂ કર્યો. તેઓ પોતે વિધવા–વિવાહના હિમાયતી હોવાથી વિધવા સાથે લગ્ન કરવા શક્તિશાળી બન્યા. આમ છતાં સમાજના મહાનુભાવોની પરવા કર્યા વગર રાતદિવસ એમણે વિધવા–વિવાહની તરફેણમાં પ્રવચન કરવા માંડયાં. એમનાં 'માનવધર્મસભા'માંનાં ભાષણોએ લોકશિક્ષણની ગરજ સારી હતી. અહીં પુનર્વિવાહ પરદેશગમન ધર્મ કર્મકાંડ વગેરે વિષયો ઉપર પ્રવચનો થતાં. આ ઉપરાંત મૂર્તિપૂજા અસ્પૃશ્યતા જાદુ વહેમ વગેરે વિષયો ઉપર ચર્ચાઓ યોજાતી. દુર્ગારામ અને એમના મિત્રોની બનેલી 'પરેહજગાર મંડળી' તરીકે ઓળખાતી મંડળી સુધારાનો પ્રચાર કરતી. આ સમયે દુર્ગારામ દાદોબા દલપતરામ દામોદરદાસ અને દિનમણિશંકર જેવા સજ્જનો સમાજ–સુધારકોમાં નોંધપાત્ર સ્થાન ધરાવતા હોવાથી તેઓ સમાજમાં 'પાંચ દદ્દા' તરીકે

ઓળખાતા. દુર્ગારામે મિત્રો સાથે મળીને સમાજમાં પ્રવર્તતી કુરૂઢિઓને તોડવા માટે 'પુસ્તક-પ્રચારક મંડળી' સ્થાપીને નવા વિચારો સમાજમાં વહેતા કર્યા હતા.

આમ દુર્ગારામે શિક્ષક તરીકે વર્ષો સુધી સમાજની સેવા કરી. એમની કીર્તિ ગુજરાતમાં ચારે બાજુ ફેલાઈ. ગુજરાતને એમણે અજ્ઞાન અને અંધશ્રદ્ધાની મનોદશામાંથી જાગ્રત કર્યું. ઓગણીસમી સદીની અધવચમાં તેઓ કાઠિયાવાડ ગયા. ઈ. સ. ૧૮૭૬ માં એમનું અવસાન થતાં સુરતમાંની સુધારાની પ્રવૃત્તિમાં કેટલેક અંશે ઓટ આવી, પણ થોડાક જ સમયમાં દુર્ગારામના કાર્યને પાંચ દાયકાઓ પછી ત્રણ નન્ના નામે ઓળખાતા નર્મદાશંકર નવલરામ અને નંદશંકરની ત્રિપુટીએ આગળ વધાર્યું અને સુરતને સુધારાના ઇતિહાસમાં અમર કર્યું.[૧૫]

પાંચ દદ્દામાં સ્થાન પામેલા કવિ દલપતરામ (ઈ. સ. ૧૮૨૦ થી ૧૮૯૮) શાંત અને વિવેકી સુધારક હતા. 'સજ્જનો સંભળાવજો રે ધીરે ધીરે સુધારાનો સાર' એ એમના 'વેનચરિત્ર'માંની પંક્તિ એમની સુધારાની ભાવનાને મૂર્ત કરે છે. પ્રજામાંથી પ્રચલિત વહેમ અને કુરૂઢિઓ દૂર કરવા ભૂત જ્ઞાતિ બાળવિવાહ પુનર્વિવાહ વગેરે ઉપર નિબંધો લખી નવા યુગને દૃષ્ટિ આપી એમણે પોતાનાં કવિતા અને નિબંધોમાં બાળલગ્નની હાંસી ઉડાવી. મરણ પાછળ થતા વરાની ટીકા કરી. સ્ત્રીઓ પરનાં બંધનોની ઝાટકણી કાઢી. પરદેશગમન કરવા પ્રજાને અનુરોધ કર્યો. કન્યા-કેળવણી માટે હઠીસિંગનાં પત્ની હરકોર શેઠાણીના નામથી તેમજ શેઠ મગનભાઈ કરમચંદના નામથી ઈ.સ. ૧૮૫૦ માં કન્યાશાળાઓ શરૂ કરાવી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (પછીથી ગુજરાત વિદ્યાસભા) તરફથી પ્રગટ થતા 'બુદ્ધિપ્રકાશ' માસિક દ્વારા એમણે પોતાની સમાજસુધારાની પ્રવૃત્તિને વિકસાવી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના ઈ. સ. ૧૮૪૮ ની ૨૫ મી ડિસેમ્બરે શ્રી એ. કે. ફૉર્બ્સની સૂચનાથી અમદાવાદમાં થઈ હતી.

ઈ. સ. ૧૮૪૮ માં સ્થપાયેલ 'સ્ટુડન્ટ્સ'માંથી 'જ્ઞાનપ્રસારક સભા'નો જન્મ થયો હતો. આ સભામાં પારસી જુવાનો સક્રિય રસ ધરાવતા હતા. એમણે ઈ. સ. ૧૮૪૯ માં દર મહિને 'ગનેઆન-પરસારક' નામનું ચોપાનિયું શરૂ કર્યું હતું. આ સભામાં દાદાભાઈ નવરોજીએ વિજ્ઞાન સંબંધે અનેક ભાષણ આપ્યાં હતાં.

આ સમયે સમાજસુધારાના ક્ષેત્રમાં કવિ નર્મદાશંકરનું નામ મોખરે હતું. એમનો જન્મ ઈ. સ. ૧૮૩૩ માં સુરતમાં થયો હતો. એમના પિતાનું નામ લાલશંકર અને માતાનું નામ રુક્મિણી હતું. એમણે સુરતમાંથી યોગ્ય શિક્ષણ મેળવી ત્યાં જ શિક્ષકની નોકરી લીધી હતી, પણ સંયોગવશાત્ એમને ઈ. સ.

૧૮૫૭ માં સુરત છોડી ઉચ્ચ શિક્ષણ માટે મુંબઈ જવું પડ્યું. ત્યાં બુદ્ધિવર્ધક સભાના આશ્રયે એમણે સમાજસુધારક બનવાની પ્રેરણા મેળવી. ત્યાં એમને કરસનદાસ અને મહીપતરામ જેવા નરવીરોનો સાથ સાંપડ્યો. 'સત્યપ્રકાશ' નામના સાપ્તાહિકે એમને જાહેરમાં આવવાની તક આપી. ઈ. સ. ૧૮૬૦ માં વૈષ્ણવ સંપ્રદાયના મહારાજ જદુનાથ સાથે તેઓએ વિધવાવિવાહની શાસ્ત્રસંમતિ ઉપર વાદવિવાદ કર્યો. કવિએ એક વિધવાને આશ્રય આપ્યો; અને ઈ. સ. ૧૮૬૯–૭૦ માં નર્મદાગૌરી નામની એક વિધવા સાથે લગ્ન પણ કર્યું. નર્મદને આના માટે જ્ઞાતિ-બહિષ્કારની સજા ભોગવવી પડી હતી.[૧૬] ઈ. સ. ૧૮૬૬ માં એમણે પોતાના 'હિંદુઓની પડતી' નામના પુસ્તકમાં વહેમ અને કુરિવાજો સામે બંડ પોકાર્યું, એમણે જણાવ્યું કે 'બ્રાહ્મણો જોગીઓ વગેરે કામ વગરના રળી ખાવાને મૂર્તિઓ માંડી બેઠેલા ઢોંગી અને ધુતારા છે. અજ્ઞાની લોકો પથ્થર અને પાડાને દેવ તરીકે પૂજે છે. ખોટા વહેમથી લોકો પરદેશ જતા નથી.' એમણે સ્ત્રીઓની દુર્દશા જોઈ 'બાળલગ્ન' વિરુદ્ધ ઝુંબેશ આદરી. એમણે લોકોને વિધવાવિવાહ માટે અભિગમ કેળવવા અનુરોધ કર્યો.[૧૭] પોતાના વિચારોને વાચા આપવા એમણે 'ડાંડિયો' નામે પાક્ષિક શરૂ કર્યું. એના દ્વારા સમાજમાં પ્રચલિત દંભ ખુલ્લા પાડવા માંડ્યા.[૧૮] નર્મદે જે સુધારાનો દીપક પ્રગટાવ્યો તેનો પ્રકાશ ભરૂચ વડોદરા નડિયાદ અમદાવાદ રાજકોટ જૂનાગઢ લીંબડી ભાવનગર વગેરે સ્થળોએ ફેલાયો. સર્વત્ર સુધારાની ચળવળે વેગ પકડ્યો.

આ પૂર્વે જણાવ્યું છે તે પ્રમાણે મહીપતરામ નીલકંઠને પરદેશગમન માટે સહન કરવું પડ્યું હતું. એ સમયે સુરતમાં ચાલતી 'પરહેજગાર મંડળી'ના સભ્યપદે રહીને એમણે કેફી-પીણાં બાળલગ્ન ફટાણાં અને વિધવાના કેશ ઉતારવાની વિરુદ્ધ ભાષણો કર્યાં. એમણે મહારાષ્ટ્રમાં સ્થપાયેલા "વિધવાવિવાહ ઉત્તેજક મંડળ"ના 'સત્યાર્થપ્રકાશ'ના તંત્રી, પ્રાર્થના સમાજના કાર્યવાહક, અમદાવાદની મગનભાઈ કરમચંદ શાળાના મંત્રી, 'શ્રી ભોળાનાથ સારાભાઈ લિટરરી ઇન્સ્ટિટ્યૂટ ફોર વીમેન'ના મંત્રી વગેરે સ્થાને રહી સુધારાની વિવિધ પ્રવૃત્તિઓ આદરી હતી. તદુપરાંત 'અંજુમને ઇસ્લામ' નામની મુસ્લિમ સંસ્થા, જ્યુબિલી હૉસ્પિટલ, પ્રાણીદયા મંડળી, હિંદુસંસારસુધારા સમાજ, વિધવાવિવાહ સભા, એમ વિવિધ સંસ્થાઓના પ્રમુખપદેથી ગુજરાતમાં સમાજ-સુધારાની ચળવળને વેગ આપ્યો હતો. એમના અવસાન બાદ અમદાવાદમાં એમના સ્મરણાર્થે 'મહીપતરામ રૂપરામ અનાથાશ્રમ' નામની સંસ્થા સ્થાપવામાં આવી. આ સંસ્થા આજે અમદાવાદમાં રાયપુર દરવાજા બહાર પોતાના મકાનમાં સામાજિક ક્ષેત્રે ઉત્તમ સેવાઓ આપી રહી છે.

મુંબઈમાં રહી શ્રી કરસનદાસ મૂળજી(ઈ. સ. ૧૮૩૩–૧૮૭૧)એ ત્યાંની બુદ્ધિવર્ધક સભાના સભ્યપદે રહીને સામાજિક ક્ષેત્રે અને કેળવણીના ક્ષેત્રે નોંધપાત્ર સેવાઓ આપી હતી. 'સત્યપ્રકાશ'ના તંત્રી તરીકે એમણે સમાજના કુરિવાજો અને પાખંડો સામે બળવો પોકાર્યો હતો. ઈ. સ. ૧૮૫૫ માં ભૂલેશ્વરમાં છપ્પન ભોગના પ્રસંગે વૈષ્ણવ અને શૈવ સંપ્રદાય વિરુદ્ધ લખાણ છાપી સમાજમાં એક મોટો વંટોળ ઊભો કર્યો, આથી જદુનાથ મહારાજે કરસનદાસ સામે બદનક્ષીનો દાવો માંડયો, જે ગુજરાતમાં 'મહારાજ લાયબલ કેસ' તરીકે પ્રખ્યાત છે. આ કેસમાં કરસનદાસનો વિજય થયો. એ પછી તેઓ ઈ. સ. ૧૮૬૩ માં યુરોપની સફરે જઈ આવ્યા. ઘણા જ્ઞાતિજનોએ એમની સામે પ્રચાર કર્યો, પણ એનું કાંઈ પરિણામ ન આવ્યું. તેઓ પુનર્લગ્નના હિમાયતી હતા. એમના અવસાન બાદ મુંબઈ યુનિવર્સિટી તરફથી 'સંસાર–સુધારા'ના વિષયને લગતા નિબંધને અપાતું 'કરસનદાસ મૂળજી પારિતોષિક' આજે પણ એમની સુધારા–પ્રવૃત્તિની યાદ કરે છે.[૧૯]

આ ઉપરાંત ભોળાનાથ સારાભાઈ, કેખુશરો નવરોજજી, બહેરામજી મલબારી, મણિભાઈ નભુભાઈ, ગોવર્ધનરામ ત્રિપાઠી, સયાજીરાવ ગાયકવાડ, રમણભાઈ નીલકંઠ વગેરેએ પણ ગુજરાતમાં સમાજ–સુધારાના ક્ષેત્રે મહત્ત્વની કામગીરી બજાવી હતી. પરદેશગમન કરવાથી નાતબહાર મુકાયેલા મહીપતરામ સાથે ભોજન કરવાથી નાગરોએ ભોળાનાથભાઈને નાતબહાર મૂકયા હતા. તેઓ અમદાવાદની 'વિધવાવિવાહ ઉત્તેજક મંડળી'ના સક્રિય કાર્યકર હતા. એમણે વિધવાવિવાહ અને બાળલગ્ન ઉપર કેટલાક નિબંધ રચી લોકમત કેળવવાનો પ્રયત્ન કર્યો હતો. તેઓ સ્ત્રીસ્વાતંત્ર્ય અને સ્ત્રીકેળવણીના પ્રખર હિમાયતી હતા. એમણે લાજ કાઢવાનો, રોવા કૂટવાનો તેમજ મરણોત્તર ક્રિયા વખતે થતા અન્ય લૌકિક વગેરે રિવાજો બંધ કરાવવા ભગીરથ પ્રયત્નો આદર્યા હતા. એમને પોતાના સુધારાના કાર્યમાં જૂનાગઢના મણિશંકર કિકાણીનો સુંદર સહકાર મળ્યો હતો.[૨૦]

આ ઉપરાંત ભોળનાથભાઈએ સમાજમાંથી શરાબની બદીને દૂર કરવા પ્રયત્ન કર્યા. એને માટે 'મદ્યપાનનિષેધક સભા'ની સ્થાપના કરી. ઈ. સ. ૧૮૫૮ માં નિરાકાર ઈશ્વરની ઉપાસના માટે 'ધર્મસભા'ની સ્થાપના કરી. ઈ. સ. ૧૮૭૧ માં એ સભાને રૂપાંતર આપી 'પ્રાર્થના સમાજ'ની સ્થાપના કરી.[૨૧]

પારસી જુવાન કેખુશરો નવરોજજી કાબરાએ કરસનદાસને લાયબલ કેસ વખતે વૈષ્ણવ સંપ્રદાય સામે લખાણો પ્રગટ કરી કેસ જીતવામાં સારી એવી મદદ કરી હતી. એમણે સ્ત્રીશિક્ષણ, બાળલગ્ન–નાબૂદી, વિધવાવિવાહ, મુસ્લિમ સ્ત્રીઓની પડદા–પદ્ધતિ અંગે 'સ્ત્રીબોધ' માસિકમાં મોટી ઝુંબેશ ચલાવી હતી.

આ જ રીતે બીજા પારસી સુધારક બહેરામજી મલબારીએ બાળલગ્નનાં પરિણામો, કજોડાં, વિધવાનો ઉદ્ધાર વગેરે વિષયો ઉપર કાવ્યો રચી સમાજમાં જનમત કેળવવા માંડયો હતો. ઈ. સ. ૧૮૪૪ માં બાળલગ્નો અટકાવવા એમણે જાહેરમાં ચર્ચાઓ આરંભી. સરકારે એને ટેકો આપ્યો હતો. એમણે નિરાધાર સ્ત્રીઓ માટે મુંબઈમાં 'સેવાસદન'ની સ્થાપના કરી હતી. આમ મલબારી-એ પોતાના જીવનમાં સમાજ–સુધારાના ક્ષેત્રે મહત્ત્વનું કાર્ય કરી ગુજરાતમાં ઉત્તમ કીર્તિ સંપાદિત કરી હતી.

શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીએ (ઈ. સ. ૧૮૫૫–૧૯૦૭) પોતાની મહા નવલ 'સરસ્વતીચંદ્ર' દ્વારા સ્ત્રીકેળવણી, વિધવાવિવાહ, બાળલગ્ન, જ્ઞાતિપ્રથાનાં અન્ય દૂષણો વગેરે વિશે જનમત કેળવ્યો હતો, ગુજરાતમાં સામાજિક ક્ષેત્રે ક્રાંતિ આણી હતી.

વડોદરાના શ્રી સયાજીરાવ ગાયકવાડ એક રાજવી હોવા છતાં સાચા અર્થમાં સમાજસુધારક હતા. એમણે પોતાના અમલ દરમ્યાન ગુજરાતમાં કેળવણી હરિજનોદ્ધાર બાળલગ્નનિષેધ વિધવાવિવાહ વગેરે કાર્યોને ઘણું જ ઉત્તેજન આપ્યું હતું. એમણે સમગ્ર વડોદરા રાજ્યમાં પ્રાથમિક કેળવણી ફરજિયાત અને મફત કરી હતી. વિવિધ હાઈસ્કૂલો અને કૉલેજોની સ્થાપના અને છાત્રાલયો શરૂ કરી હરિજનો માટે અલગ શાળાઓ અને હરિજનોદ્ધારપ્રવૃત્તિને વેગ આપ્યો હતો. પોતાના રાજ્યમાં બાળલગ્નો અટકાવવા અને વિધવાવિવાહને ઉત્તેજન આપવા કાયદા કર્યા હતા.

શ્રી રમણભાઈ નીલકંઠે 'ભદ્રંભદ્ર' 'રાઈનો પર્વત' જેવી પોતાની કૃતિઓ તેમજ લેખો દ્વારા સામાજિક ક્ષેત્રે નૂતન સરણી પ્રગટાવી હતી.

આ ઉપરાંત અમદાવાદના રણછોડલાલ છોટાલાલ, નવલરામ, નરસિંહરાવ, કેશવલાલ વકીલ, ગોપાળદાસ હરિદેશમુખ, રા. બ. ખુશાલરાય સારાભાઈ, હર-ગોવિંદદાસ કાંટાવાળા, સાંકળેશ્વર જોશી, વ્યાસ ઇચ્છાશંકર અમથારામ, ગટુભાઈ ધ્રુ વગેરેએ પોતાનાં લખાણો દ્વારા સમાજમાં પ્રચલિત બદીઓ દૂર કરવામાં ઘણી મદદ કરી હતી.

આ સમયે બળિયા ટંકાવવા બાબતમાં સમાજમાં અનેક પ્રકારના વહેમ પ્રચલિત હતા. ગામમાં બળિયા ટાંકનાર ડૉક્ટરનું આગમન થતાં માબાપ પોતાનાં બાળકોને સંતાડી દેતાં યા બીજે ગામ ચાલી જતાં. આ અંગે શ્રી દલપતરામ 'રાજવિદ્યાભ્યાસ'માં લખે છે કે

'બળિયા કાઢે નીસરે ફરી માતા માટે કોપ જ કરી.
જેને ફરી બળિયા નીસરે તેને દાક્તર એવું કરે.
ખૂબ ખાટલા સાથે ઘસે, જ્યાં સુધી જીવથી તે જશે.'

લોકોના મનમાંથી આવા ખોટા ખ્યાલ કાઢી નાખવા માટે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ શ્રી મગનલાલ વખતચંદ પાસે બળિયા વિશે તેમજ હોળી ઉપર રમાતી અશ્લીલ રમતો જેવા જંગલી રિવાજોને દૂર કરવા માટે નિબંધ લખાવ્યા હતા.[૨૨]

આમ ઓગણીસમી સદી દરમ્યાન અનેક ઉગ્ર અને શાંત સમાજ–સુધારકોએ નિબંધો ભાષણો કાવ્યો દ્વારા સમાજને જાગ્રત કર્યો, 'ધર્મસભા' 'પ્રાર્થના સમાજ' 'મદ્યનિષેધ મંડળ' જેવી સંસ્થાઓ સ્થાપીને સમાજમાંથી કુરિવાજોરૂપી રાક્ષસોને હઠાવી ગુજરાતનું સમાજ-જીવન ઉજ્જવળ બનાવ્યું.

## ગુજરાતમાં સ્ત્રીજીવનનો વિકાસ

ગુજરાતમાં પણ અઢારમી–ઓગણીસમી સદી દરમ્યાન હિંદુ સમાજ અજ્ઞાન બાળલગ્નો દહેજપ્રથા વગેરે અનેક દૂષણોથી ઘેરાયેલો હતો. આ સમયે ગુજરાતમાં પશ્ચિમની કેળવણીનો પ્રારંભ થતાં આ દૂષણોને દૂર કરવા અનેક સમાજ-સુધારકો આગળ આવ્યા. એના પરિણામે ગુજરાતમાં કન્યાકેળવણીનો પ્રારંભ થયો. ગુજરાતમાં પહેલવહેલી કન્યાશાળા સ્થાપવાનો યશ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને ફાળે જાય છે. આ પૂર્વે જણાવ્યા પ્રમાણે આ પછી અમદાવાદમાં શેઠાણી હરકુંવરબાઈ કન્યાશાળા અને રા. બ. મગનભાઈ કરમચંદ કન્યાશાળાની શરૂઆત થઈ. આમ ધીરે ધીરે ઓગણીસમી સદીના પ્રારંભમાં ગુજરાતમાં કન્યા-કેળવણીનાં પગરણ મંડાયાં.

આ સમયે ઘણા લોકો કન્યાને લગ્નવય થતાં લગી ચાર–પાંચ ધોરણ સુધી ભણાવતા હતા, પણ નાની વયમાં થતાં લગ્નોને કારણે કન્યાઓનું શિક્ષણ અધકચરું રહેતું. શ્રી લાલશંકર ઉમિયાશંકરે સ્ત્રીકેળવણીના વિકાસ માટે ઘણા પ્રયત્ન કર્યા હતા. ઈ.સ. ૧૯૦૧ માં વિદ્યાગૌરી નીલકંઠ અને શારદાબહેન મહેતા ગુજરાતમાં ગ્રેજ્યુએટ થનાર પ્રથમ સન્નારીઓ હતાં.[૨૩] લગ્ન પછી પણ એમણે અભ્યાસ ચાલુ રાખ્યો હતો, જેને લીધે ઉચ્ચ વર્ણની સ્ત્રીઓમાં શિક્ષણની મહત્ત્વાકાંક્ષા જાગી હતી. આમ છતાં ઓગણીસમી સદી દરમ્યાન ગુજરાતમાં સ્ત્રીકેળવણીનો વ્યાપ જોઈએ તેટલા પ્રમાણમાં વિસ્તર્યો ન હતો.

આ સમયનું સ્ત્રીજીવન ધાર્મિક અને અનેક પ્રકારની પ્રણાલિગત રૂઢિઓથી ઘેરાયેલું હતું. અનેક સ્ત્રીઓ જ્ઞાતિની મર્યાદામાં રહી જીવન વિતાવતી. જ્ઞાતિની

મર્યાદાઓમાં માનનારને અનેક રીતે સહન કરવું પડતું, વડીલવર્ગના શાસનને અધીન રહેવું પડતું. સંસારની કઠિનતાઓથી તેઓ ટેવાઈ ગયેલાં હોઈ એમને જ્ઞાતિનાં બંધનો સામે બળવો કરવાની તો કલ્પના પણ આવતી ન હતી. સ્ત્રીઓ પડ્યું પાનું નિભાવી લેવાની વૃત્તિવાળી હતી. ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખી તેઓ પોતાનું જીવન વ્યતીત કરતી હતી.

કન્યાવિક્રયને કારણે ઘણી જ્ઞાતિઓ ભૂંસાઈ જવાની અણી પર હતી. ગુજરાતમાં અસંખ્ય જ્ઞાતિઓ–પેટાજ્ઞાતિઓને કારણે વરવિક્રય કુલીનશાહી અને કન્યાવિક્રયનાં દૂષણ સમાજમાં પેસી ગયાં હતાં. જ્ઞાતિસંસ્થાની પકડ ખૂબ દૃઢ હતી. 'પ્રેતભોજન' 'મરણોત્તર લૌકિક આચાર' વગેરેથી અનેક કુટુંબ બરબાદ થયાં હતાં, અનેક વિધવા સ્ત્રીઓ બરબાદીના પંથે પડી હતી, અનેક કુટુંબ જ્ઞાતિબહિષ્કારના ભય સામે મૂંગાં મૂંગાં સામાજિક અત્યાચારો સહન કરી રહ્યાં હતાં. વિધવાવિવાહ માટે હજુ પૂરતો જનમત જાગ્રત થયો ન હતો. અલબત્ત, શિક્ષણના કારણે વિધવાવિવાહ તરફથી લોકોની સૂગ ધીરે ધીરે ઓછી થવા લાગી હતી.

જેમ જેમ સમાજમાં કેળવણીનો પ્રચાર વધતો ગયો તેમ તેમ સુશિક્ષિત યુવકો ભણેલી અને સંસ્કારી કન્યાઓની પસંદગી કરતા થયા. આને લીધે ઉચ્ચ કોમોમાં સ્ત્રી–કેળવણીને વિશેષ ઉત્તેજન મળ્યું. એની અસર અન્ય અભણ અને પછાત વર્ગની જ્ઞાતિઓ ઉપર ધીમે ધીમે થવા લાગી. આના પરિણામે સમાજમાં બાળલગ્નોનું પ્રમાણ ઘટવા લાગ્યું. ઈ.સ. ૧૮૯૧ માં સંમતિ–વયનો કાયદો પસાર કરવામાં આવ્યો, જેના પરિણામે કન્યાની લગ્નની વયમાં થોડોક સુધારો થયો.

બાળલગ્નોના પરિણામે વિધવાઓનું પ્રમાણ વધતાં વિધવા સ્ત્રીઓના અનેક પ્રશ્ન સમાજમાં ઉદ્ભવતા હતા. એમની સ્થિતિ દુઃખમય અને દયાપાત્ર બનતી. વિધવા–પુનર્લગ્નનો નિષેધ હોવાથી અનેક સ્ત્રીઓને નછૂટકે સમાજના અત્યાચારોના ભોગ બનવું પડતું. આ માટે અંગ્રેજ સરકારે ઈ.સ. ૧૮૫૬ માં પુનર્લગ્નનો કાયદો પસાર કર્યો હતો. પણ એનો લાભ લેવા કોઈ સ્ત્રી આગળ આવતી ન હતી. આ સંજોગોમાં વિધવાની સ્થિતિ સુધારવા અને એમને સુખી અને સ્વાશ્રયી બનાવવા કોઈ પ્રકારની વ્યવહારુ અને ઔદ્યોગિક કેળવણી અપાય એવી વ્યવસ્થા કરવા સુધારકોનો કેટલોક વર્ગ વિચારવા લાગ્યો હતો. એમને માટે ઉપયોગી વાચન-સાહિત્ય સુલભ થાય એ માટે પ્રબંધ થવા લાગ્યો હતો.

ઈ.સ. ૧૯૦૭માં આ પૂર્વે શ્રી અંબાલાલ સાકરલાલનાં દૌહિત્રી બાળાગૌરીએ અમદાવાદમાં સ્ત્રીઓના હિતાર્થે એક સરસ્વતી મંદિરની સ્થાપના કરી હતી, જે બેએક વર્ષ બાદ ઉપર્યુક્ત બાળાગૌરી તથા શિવગૌરીના સૂચનથી

'વનિતા વિશ્રામ' તરીકે ઓળખાયું.[૨૪] શ્રી સુલોચનાબહેને ૧૯૧૪માં શ્રીમતી શારદાબહેન મહેતાના યોગ્ય સહકારથી 'વનિતા વિશ્રામ'ના અંગ તરીકે 'મહિલા વિદ્યાલય' નામે શાળાની સ્થાપના કરી. આ સંસ્થાએ અમદાવાદની સ્ત્રી-કેળવણીમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ૧૯૦૯માં શ્રી પ્રાણશંકર લલ્લુભાઈનાં ખંત અને શ્રમથી અમદાવાદમાં 'બહેરાં-મૂગાંની શાળા'નો જન્મ થયો.

આમ ધીરે ધીરે કેળવણીનો વ્યાપ વધતાં જનસમાજ સમજતો થયો, સમાજમાં ધીરે ધીરે પરિવર્તન આવવા લાગ્યું, સમાજમાંથી બહુપત્નીત્વની પ્રથા અદૃશ્ય થવા લાગી અને એક-પત્નીત્વની ભાવના વિકસવા લાગી. બાળલગ્નની પ્રથા ધીરે ધીરે બંધ થવા માંડી. મોટી વયે લગ્ન કરવાની અનેક કન્યાઓ હિંમત કરવા લાગી. વરકન્યાની પસંદગીમાં પણ વડીલો પોતાનાં સંતાનોની સંમતિ પૂછવા લાગ્યા. આંતરજ્ઞાતીય તેમજ આંતરપ્રાંતીય લગ્નોની સંખ્યા વધતી ગઈ. ધીરે ધીરે આવાં લગ્ન 'સિવિલ મેરેજ ઍક્ટ' મુજબ નોંધાવા લાગ્યાં કે જેથી વારસા-હક્કને નુકસાન ન પહોંચે. તદુપરાંત પતિપત્ની વચ્ચે સંઘર્ષ થાય અને સહજીવન મુશ્કેલ બને તો છૂટાછેડા પણ મેળવી શકાય એવી પરિસ્થિતિ સર્જાવા લાગી.

ધીરે ધીરે સ્ત્રીઓ સામાજિક અને રાજકીય ક્ષેત્રે જાહેર જીવનમાં ભાગ લેવા લાગી. કેળવાયેલી સ્ત્રીઓએ શિક્ષણક્ષેત્રે ઝંપલાવ્યું. સમાજમાં સ્ત્રીસંમાનની ભાવના વિકસી. આ સમયે મહારાણી ચિમનાબાઈ ગાયકવાડે પશ્ચિમના દેશોમાં સ્ત્રીઓની ઉન્નતિ જોઈ પોતાના દેશમાં સ્ત્રીઓનો વિકાસ થાય એ માટે 'હિંદુસ્તાનના સામાજિક જીવનમાં સ્ત્રીનું સ્થાન' એ વિષય ઉપર અંગ્રેજીમાં એક પુસ્તક શ્રી એસ. એન. મિત્ર પાસે તૈયાર કરાવ્યું. આ પુસ્તકનું ભાષાંતર શ્રીમતી વિદ્યાગૌરી નીલકંઠ અને શ્રીમતી શારદાબહેન મહેતાએ કરેલું. આ ઉપરાંત ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ 'મોટી ઉંમરની સ્ત્રીઓની કેળવણી' 'સ્ત્રીઓની પરાધીનતા' 'સ્ત્રી-પોકાર' 'સંસારમાં સ્ત્રીની પદવી' વગેરે સ્ત્રી-ઉપયોગી પુસ્તકો લખાવી સ્ત્રીઓનો સામાજિક દરજ્જો સુધારવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

ટૂંકમાં, સમાજસુધારકોના ભગીરથ પ્રયત્ને ગુજરાતમાં સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર ફેરફારો થયા. જનસમુદાય એકત્ર થઈ વિચારવિનિમય કરતો થયો. હોળી વખતે બોલાતા અપશબ્દ બંધ થયા અને લગ્ન પ્રસંગે ગવાતાં ફટાણાંમાં સભ્યતા આવી. વિધવાવિવાહ વિશે લોકમત કેળવાયો, ભોજન અને આંતરજ્ઞાતીય લગ્નો વગેરે ઉપરનાં જ્ઞાતિબંધન ઢીલાં પડ્યાં. સ્ત્રીઓ સામાજિક અને રાજકીય ક્ષેત્રે નોંધપાત્ર ભાગ ભજવવા લાગી. કેળવણી અને સાહિત્યનો સુંદર વિકાસ થયો.[૨૫]

## ૨. મુસ્લિમ સમાજ

ગુજરાતના મુસ્લિમોનો મોટો વર્ગ સ્થાનિક હિંદુઓના ઇસ્લામ-અંગીકારમાંથી બનેલો હોઈ એની રહેણીકરણી પોતાના પ્રાચીન સંસ્કારોમાંથી સંપૂર્ણ મુક્ત રહી શકતી નહિ, વળી આસપાસના અન્ય સંપ્રદાયોના અનુયાયીઓની અસરથી પણ એ પૂરી અલિપ્ત રહી શકતી નહિ. આથી અહીંના મુસ્લિમોમાં જન્મ લગ્ન મરણ તહેવારો વગેરે પ્રસંગોએ હિંદુ સમાજની થોડી અસર વરતાય એ સ્વાભાવિક છે. શુકન-અપશુકન વહેમ તાવીજ દોરા વગેરેમાં મુસ્લિમ સમાજમાં મિશ્ર માન્યતાઓ પ્રચલિત રહી છે.

ગુજરાતના મુસ્લિમ સમાજમાં જન્મ લગ્ન મરણ અને તહેવારોને લગતા રીતરિવાજોમાં સમય જતાં ખાસ ફેર પડ્યો નથી. આ ગ્રંથના કાલખંડ દરમ્યાન એ રીતરિવાજ કેવા હતા એ જાણવા માટે એ સમયનાં બે અપ્રસિદ્ધ પુસ્તક ઉપયોગી નીવડે છે, વળી એ પહેલાંનું એક અપ્રસિદ્ધ પુસ્તક મરાઠા-કાલનું હોઈ બ્રિટિશ-કાલના આરંભ પહેલાના નજીકના સમયનું બયાન આપે છે, એને પણ આ કાલના મુસ્લિમ સમાજના નિરૂપણ માટે લક્ષમાં લઈએ તો ગેરવાજબી નહિ ગણાય.

અમદાવાદની હઝરત પીર મુહમદશાહ લાઇબ્રેરીમાં એક ઉર્દૂ હસ્તપ્રત 'फिकहुल मुबीन' નામના પુસ્તકની છે. મરાઠા કાલ દરમ્યાન હિ.સ. ૧૧૮૨ (ઈ.સ. ૧૭૬૮-૬૯)માં યકીને લખેલ આ 'મસનવી'માં ૬૦૦ શેર છે. એની નકલ હિ.સ. ૧૨૧૪ (ઈ.સ. ૧૭૯૯-૧૮૦૦)માં થઈ છે. આ તેમજ હવે પછી જેમનો ઉલ્લેખ થશે એ બંને હસ્તપ્રતો કાવ્યમાં, અને फिकह (ઇસ્લામી કાનૂન ) ઉપર છે, પણ એમાં મુસ્લિમ સમાજ અંગેની અદ્ભુત માહિતી મળે છે.

યકીનની દૃષ્ટિએ મુસ્લિમ સમાજમાં પેઠેલા સડા માટે સ્ત્રીઓ અને હિંદુઓનો પ્રભાવ જવાબદાર છે.

એ લખે છે કે સ્ત્રીઓ બ્રાહ્મણો અને શ્રાવકો પાસે ભવિષ્ય જાણવા જાય છે, શાદી વખતે જલવા(મુખદર્શન)નો આગ્રહ રાખે છે, કોઈ મરે છે તો હિંદુઓની જેમ કૂટે છે. ઝિયારત (મૃત્યુ પછી ત્રીજા દિવસની ક્રિયા) માટે ભાથાં તૈયાર કરે છે, એમને બિરયાન પુલાવ અને ખીર ખાવાનો શોખ છે. લોકો નથી પહોંચી શકતા તો પૈસા વ્યાજે લાવે છે અને વ્યાજે પૈસા નથી મળતા તો ઘર વેચી મારે છે. રાતે કિસ્સા (કથા-વાર્તા) વંચાવે છે, રેખતા (ગુર્જરી ભાષાનાં ગીત) ગવાય છે, ઢોલ વગાડાય છે અને આખી રાત હુક્કો અને ભાંગમાં લોકો વિતાવી દે છે. લોકોમાં શરાબ, તંબાકુ અને ભાંગનો રિવાજ વધી ગયો છે.

સ્ત્રીઓ હિંદુઓની જેમ સતમાસો (સતવાસો–સીમંત સંસ્કાર) કરે છે, ખોળામાં નાળિયેર મૂકે છે. સ્ત્રીઓએ 'સહનક'ની પ્રથા શરૂ કરી છે. એમની માન્યતા પ્રમાણે 'સહનક'નું ભોજન કોઈ પુરુષ જમી શકે નહીં, બલ્કે કોઈને પડછાયો પણ એની ઉપર ન પડવો જોઈએ, એ વખતે એક છોકરાની હાજરી પણ ચલાવી લેવા તૈયાર નથી.

સ્ત્રીઓએ મહેંદીની પ્રથા કાઢી છે. દીવાબત્તી કરી સંતાન–પ્રાપ્તિ માટે અને ધન દોલત માટે બાધા રાખે છે. મહેંદી રાખેલી લાકડાની વસ્તુ ઉપર મોગરાના હાર ચડાવે છે, ફળ નાળિયેર વગેરે લટકાવે છે, અને સજદા (નમાઝ પઢતા ઘૂંટણિયે પડવાની ક્રિયા) કરે છે.

સ્ત્રીઓએ જ કૂંડો ભરવાની પ્રથા શરૂ કરી છે. કેટલીક સ્ત્રીઓ પુત્ર ન મરે એટલા માટે કાનમાં વાળી પહેરે છે, કેટલીક દેરામાં ભૂતને પૂજવા જાય છે. કેટલીક પોતાના પુત્રનું નામ ચોટીપીર રાખે છે. કેટલીક લોંડો દસાનો ઉપવાસ કરે છે અને કેટલીક શેતાનની માતાની બાધા રાખે છે.

સ્ત્રીઓએ કૂંજ (ખૂણો) ભરવાની, મંડવા(માંડવો)ની અને રતિજોગાની રસમ શરૂ કરી છે. મંડવાને નાડા બાંધે છે અને પોતાની મનોકામના પૂરી કરવા અપેક્ષા રાખે છે. એને નાળિયેર બાંધી નાળિયેરને પાણીમાં વહેતું મૂકવાની રસમ કરે છે. લોકો તાડી પીને સંદલ (ચંદન) ઘસે છે અને પછી એ સંદલ મંડવોને ચોડે છે. અંતે ઓઢણીઓ ઓઢાડે છે. ફૂલોના કૂંડા ઉપર હાર બાંધવામાં આવે છે.

લોકો રતિજોગામાં પખાવજ (પખવાજ) બજાવે છે, માજૂન (ચાટણ) ચાખે છે અને રાગમાલા ગાય છે. આ નિર્લજ્જ સ્ત્રીઓ એમ માને છે કે હઝરત મુહમ્મદ(રા.અ.વ.)ની સુપુત્રી હઝરતે ફાતિમા(ર.ત.અ.)એ પણ રતિજોગાની રસમ કરી હતી.

ઢોલની રસમ વગર તો જાણે લગ્ન શક્ય જ નથી. સામાન્ય માનવીની વાત તો જવા દો, કાઝી મુફ્તી અને મશાયખ જેવા લોકો પણ એમાં માને છે. બાળક જન્મે તો પખાવજ ઢોલ અને મિઝમાર (વાંસળી) વગાડનારા પહોંચી જાય છે, લોકો એમને દોશાલા (શાલ) અને કિંમતી વસ્તુઓ વળતર–રૂપે આપે છે. આ ન હોય તો છીંટના થાનની પાઘડીઓ આપે છે. ડોમનીઓ(નાચનારીઓ) નચાવે છે.

મોહર્રમના તાજિયાની વિરુદ્ધ યકીન લખે છે કે મૂર્તિની જેમ તાબૂત બનાવી એને વાંકાં વળીને લોકો સલામ કરે છે, એમાં શ્રદ્ધા રાખે છે, મન્નત માને છે,

તાબૂતને પંખો નાખે છે, લોકો આગના અલાવા (અંગારા) ઉપર કૂદે છે, બલ્લમ અને સેફ પટ્ટી ઝારે છે, એમાં લાકડાં બાળી હોળીની જેમ એની આસપાસ નાચે છે, એકબીજાને જોઈને કૂટે છે, વસ્ત્રો ફાડે છે, રામજણીઓને બોલાવાય છે, મરસિયા ગવાય છે, મીઠાઈ દૂધ પેંડા અને પતાસાં વહેંચાય છે, સમોસાં બરફી ખાજા મગાવી લોકો જાણે પિકનિક કરે છે. આ સ્વાદિષ્ટ વાનગીઓમાં નિર્ધન લોકોનો ભાગ હોતો નથી. અંતે તાબૂતને લાઠીઓ મારી ડુબાડે છે. આ રસમ યકીનના કહેવા પ્રમાણે સુન્ની કે શિયા કોઈને શોભે એવી નથી.

આ ઉપરાંત લોકોને જાદુ શીખવાનો અને મેલી વિદ્યા જાણવાનો શોખ હતો. કેટલીક સ્ત્રીઓ પોતાના શરીર ઉપર ભૂત- પ્રેતને વળગાડી માથું ધુણાતી અને ભવિષ્યની વાતો જાણવા લોકો એમને ઘેરી વળતા.

फिक्रहे आसान નામનું એક બીજું હસ્તલિખિત કાવ્ય છે, જેનો લેખક ઇરફાન છે. આ ચોપડી અમદાવાદમાં હિ. સ. ૧૨૪૧ (ઈ.સ. ૧૮૨૫–૨૬)માં કાલુપુર પાંચપટીમાં કાઝીઅલી માટે લખાઈ છે.

ઇરફાન કહે છે લોકો ખોટી રીતે એમ માને છે કે મડદાને નવડાવવાનું પાણી ઘરમાંથી ન આપવું, બહારથી ભરાવવું. કારણ જે વાસણમાં મડદાને નવડાવવાનું પાણી ભરાય તે નકામું થઈ જાય છે. જે લુંગી મડદાનાં અંગોને ઢાંકવા વપરાય તેનો ફરી કોઈ ઉપયોગ ન કરી શકે. કેટલાંક શહેરોના લોકો મડદાને ઓઢાડવા સફેદ લુંગીને કોઈ રંગમાં રંગે છે. કારણ કે રંગીન લુંગી સફેદ કરતાં અંગો ઢાંકવાનું કામ વધારે સારી રીતે કરે છે, જે અનુકરણીય છે.

ઇરફાન કહે છે: મૃત્યુના ત્રીજા દિવસે મહેમાની (મિજબાની) કરવાને બદલે મરનારના સંબંધીઓ અને પાડોશીને એમને ત્યાં પોતાના ઘરે રાંધેલ મોકલે એ હિતાવહ છે.

ઈરફાન કહે છે લોકો માતમ કરે છે, વસ્ત્રો ફાડે છે, છાતીઓ કૂટે છે, જાંઘ ઉપર જોરથી હાથ મારે છે, મહિનાઓ સુધી શોક પાળે છે, ઘરમાં રાંધવા માટે અગ્નિ નથી સળગાવતા, મૈયત(શબ)થી ડરે છે, મડદાને જેની ઉપર નવડાવવામાં આવ્યું હોય તેને સ્પર્શતાં પણ ડરે છે. લોકો મંગળવારના મોતને અશુભ ગણે છે, સફરના મહિનાને અશુભ ગણે છે, મૃત્યુ પછી ઓછામાં ઓછા ૪૦ દિવસ સુધી કોઈનાં પુનર્લગ્ન નથી કરતા.

લોકો એમ માનતા હતા કે જો પીરોની મન્નત પૂરી નહીં કરીએ તો એ લોકો અમને નુકસાન પહોંચાડશે. બાધાઓ કંઈક આ પ્રમાણે રાખતા : 'હે પીર, હું

મારી મુરાદ પૂરી થશે તો નગારું અને બકરો લાવી દરગાહના ચાકરોને ખુશ કરીશ; સોનું ચાંદી દૂધ અને તેલ લાવીશ. જો તમે મને સંતાન આપશો તો હું એના માથા ઉપર વાળ રાખીશ, લાંબા કરાવીશ અને હજામત નહીં કરાવું. ફદાલી(તબલચી)ને લાવીશ, બાળકના પગમાં બેડી અને કાનમાં વાળી નાખીશ અને આપની દરગાહની સીડીને હું મારા વાળનો ઝાડુ તરીકે ઉપયોગ કરી સાફ કરીશ'.

લોકો મરનારનો ત્રીજો ચોથો બરસી જુમેરાતો વગેરે કરે છે. એ દિવસે નાન બાકરખાની કલેજી ખીર પૂરી જલેબી લાડુની કળીઓ વગેરે ખાય છે અને વહેંચે છે.

લોકો દર વર્ષે અનેક નાના મોટા પીર ઓલિયાનો ઉર્સ કરતા હતા. કવિ કહે છે: આ ઉર્સની પ્રથા પણ ખૂબ પાછળથી મશાયખોએ શરૂ કરેલ છે અને એનો હેતુ જુદો હતો. 'પણ તમે નગારા-નાચ કબર-પૂજા વગેરે કરો છો, ફૂલ સાકર ચડાવો છો, ભૂસુ ભરી કપડાના ઘોડા તૈયાર કરી લટકાવો છો એ તો મૂર્તિપૂજા થઈ કહેવાય, કબરની તમે તવાફ (પરિક્રમા) કરો છો, એની ઉપર પાણી વારો છો, હિંદુઓની જેમ મૂર્તિને બદલે તમે કબર સમક્ષ નાળિયેર લઈને જાઓ છો. પીરોના તબક (થાળ) અને મહેંદીની પ્રથામાં મહેંદી બાળીને એની પાછળ ભોજન રાખવામાં આવતું તે અજુગતું છે. પીરોના નામની વાળી અને હાંસડીઓ જેવી વસ્તુઓ ન પહેરો.'

લોકો નાવ કાઢે છે અને નદીએ જઈને ડુબાડે છે. ખિઝ્રૂર (અ.સ.) જેવા પયગંબર પાસે મુરાદો માગે છે. મોભ ઉપર નીલનો દોરો બાંધી એની પૂજા કરે છે. લોકો હથેલી પીરના નામનો મરઘો ખાય છે, રજબ સાલાર પીરના નામના ક્રિયાકાંડ કરે છે અને ભવિષ્ય જાણવા માટેના બિનઇસ્લામી પ્રયાસો કરે છે.

મુસ્લિમો પણ હિંદુઓની જેમ મોહરમને બદલે ખાતાવહી કે વહી દિવાળીથી શરૂ કરે છે, ચોપડાપૂજન કરે છે, દરવાજા ઉપર રામપદી બાંધે છે, દિવાળી માટે ઘરને રંગાવે છે કે ચૂનો કરાવે છે, દૂધમાં સોના અને ચાંદીના સિક્કા ધુએ છે, આતશબાજી કરતા, દીવાલો ઉપર દોરા બાંધતા, ચોપડાઓ ઉપર ટીલો કરતા, તેમજ વેવાઈને દિવાળીની મૂર્તિઓ મોકલે છે. ઇરફાનના મંતવ્ય પ્રમાણે આ હિંદુ ગુમાસ્તાઓનો પ્રભાવ છે.

મોહર્રમ મહિનામાં લોકો નાનાં બાળકોને લીલા રંગનાં વસ્ત્રો પહેરાવતા, ગળામાં નાડા પહેરાવતા, જે લગભગ જનોઈ જેવા જ હતા. રેવડીઓ વહેંચતા અને એ બાળકને ઇમામ હુસેનનો ફકીર કહેતા, એ બાળક મહેલ્લામાં જઈને

ભીખ માગી અમુક દિવસો સુધી જમતો હતો. ઇરફાન કહે છે: આ બધી પ્રથાઓ મુસ્લિમોએ હિંદુઓના પ્રભાવ હેઠળ અપનાવી છે.

ઇરફાન એક શેરમાં કહે છે કે મોહરમની આવી બધી બિદઅતો (નવી બાબતો) ને માત્ર ત્રણસો વર્ષથી શરૂ થયાં છે; જો કોઈ વિદ્વત્તાનો દાવો કરતો હોય તો કોઈ આધારભૂત ગ્રંથનો હવાલો આપી મારી વાતનું ખંડન કરે.

સફર મહિનાના અંતિમ બુધવારે લોકો તળીને ખાવામાં માનતા હતા. આ પ્રથા આજે પણ ચાલુ છે, પણ ઓછી થઈ ગઈ છે અને હવે કદાચ બંધ થઈ જશે. છેવટે ઇરફાને એક શેર લખ્યો છે તેમાં બધું આવી જાય છે:

'હર કોમ કી હર મુલક કી હૈ બિદઅતાં જુદી,
હર શહર કી હર બસ્તી કી હૈ બિદઅતાં જુદી.'

દરેક કોમ, દરેક પ્રદેશ, દરેક શહેર અને દરેક વસ્તીના ધર્મથી વિરુદ્ધના રીત-રિવાજો જુદા જુદા છે.

પુરુષોને શરીઅતે દાઢી રાખવાનો આદેશ આપ્યો છે એના બદલે મુસ્લિમ પુરુષો દાઢી સાફ કરાવે છે અને હિંદુ–રાજપૂતોની જેમ મૂછો રાખે છે. એને વળ આપે છે અને એમ કરવામાં ગર્વ લે છે.

હિ. સ. ૧૨૫૧ (ઈ. સ. ૧૮૩૫–૩૬) માં અબ્દુલ કરીમ નામના એક કવિએ પીરાનપાટણ(અણહિલવાડ પાટણ)માં 'मुख्तासरूल मसाइल' નામનો ગ્રંથ કાવ્યમાં લખ્યો છે તે પણ હજી હસ્તલિખિત સ્વરૂપમાં જ છે.

અબ્દુલ કરીમને મુસ્લિમ સ્ત્રીઓ સામે સખત વાંધા છે. એમણે વિચિત્ર પ્રકારની શિર્ક (બહુતત્ત્વવાદ) બિદઅત અને કુફ્ર(કાફર)ના રિવાજો ઇસ્લામમાં પ્રચલિત કર્યા છે.

કેટલીક સ્ત્રીઓ, એમના કહેવા પ્રમાણે, અનેક પ્રકારના બિનઇસ્લામી ઉપવાસ કરે છે; જેમ કે બીબીનો ઉપવાસ, નીલી સૈયદનો ઉપવાસ, કલબલનો ઉપવાસ વગેરે. ઇસ્લામની દૃષ્ટિએ મનુષ્યના લાભાલાભ માત્ર ખુદાના હાથની વાત છે, પણ આજે લોકો પીર ઓલિયાને લાભાલાભ માટે સમર્થ ગણતા થઈ ગયા છે. લોકો વિચિત્ર પ્રકારની બાધાઓ પૂરી કરવા જુદા જુદા પીરોની કબરો ઉપર જાય છે; જેમ કે 'હે પીર, જો તમે મારો આ પુત્ર જીવતો રાખશો તો અમે ચાદર અને શીરો ચડાવીશું,' કોઈ ફૂલ છિલ્લા (કરડા) અને ચડાવા ચડાવે છે. અબ્દુલ કરીમ કહે છે કે અહીં જલવારાનીની એક કબર લોકોએ તૈયાર કરી છે અને લોકો એમ માને છે કે લગ્ન પછી નવશાહ અને દુલ્હન એ કબરના સાત ફેરા ન કરે ત્યાં સુધી

લગ્નસંબંધ પવિત્ર ન ગણાય. લોકોએ એક પીરનું નામ 'ચોટીપીર' રાખ્યું છે. લોકો શુકન–અપશુકનમાં માનતા થઈ ગયા છે. કેટલાક છોકરાનું નાક એ માટે વીંધાવે છે કે એ જીવતો રહે. કેટલાક લોકો સંતાનોને લઈને બ્રાહ્મણો અને શ્રાવકો પાસે ફૂંક મરાવવા જાય છે કે એ જીવતો રહે. શીતળા નીકળે તો મુસ્લિમો પણ માતાની પૂજા કરે છે.

આમ ગુજરાતના મુસ્લિમ સમાજમાં અગાઉના કાલની જેમ બ્રિટિશકાલના આરંભમાં પણ હિંદુસમાજના રીત–રિવાજોની કેટલીક અસર પ્રવર્તતી હતી.

## ૩. પારસી સમાજ

૧૮ મી સદી અને ૧૯ મી સદીનો આરંભકાલ ગુજરાતના અને ખાસ કરીને સુરતના પારસીઓ માટે સમૃદ્ધિનો સમય હતો. ઈ.સ. ૧૮૩૭ ની સુરતની આગ પછી ઘણાખરા પારસીઓ સુરત છોડી મુંબઈ જઈ વસ્યા. વલસાડમાં વસતા પારસીઓ ધરમપુર અને વાંસદાનાં કેટલાંક ગામોમાં ખેતી કરતા અને દારૂનાં પીઠાં ચલાવતા. અમદાવાદ અને ખંભાતમાં પારસીઓની વસ્તી ખૂબ જૂજ હતી. નવસારીમાં પારસી દેસાઈ કુટુંબોમાં ઘણા જમીનદારો હતા. સુરતના ગરીબ પારસીઓ વણાટકામ, નાના પાયા પર ખેતી અને દારૂ વેચવાનો વ્યવસાય કરતા.[૨૭]

એકંદરે આ સમય દરમ્યાન ગુજરાતમાં પારસીઓ જમીનદારો, વેપારીઓ અને સરકારી તેમજ રેલવેના કોન્ટ્રાક્ટરો હતા, વકીલો એન્જિનિયરો અને ડૉક્ટરોના ઉચ્ચ હોદ્દા ધરાવતા. ગ્રામ્ય પારસીઓ ખૂબ જુસ્સાદાર અને તાકાતવાન હતા. દસ્તૂર કુટુંબની કેટલીક પારસી સ્ત્રીઓ કસ્તી વણવાનું કામ પણ કરતી અને એમાંથી પૈસા કમાતી.

આ સમયના પારસીઓના રહેણીકરણી પોશાક વગેરે ગુજરાતીઓ જેવાં છે. સ્ત્રી ઉચ્ચ વર્ગની હિંદુ સ્ત્રીઓ જેવી ગુજરાતી સાડી પહેરતી. પુરુષો માથે ટોપી પહેરતા. સમૃદ્ધ પારસીઓનાં પોશાક અને ઘરેણાં ત્યારે રૂ. ૪૫૦ થી રૂ ૨,૦૦૦ સુધીની કિંમતનાં, મધ્યમ વર્ગના પારસીઓનાં રૂ. ૧૨૦ થી ૨૭૦ સુધીની કિંમતનાં અને ગરીબ પારસીનાં રૂ. ૩૦ થી રૂ. ૩૫ ની કિંમતનાં થતાં.[૨૮]

પારસીઓની ભાષા ગુજરાતી હતી; જો કે અહીંના મોટા ભાગના પારસીઓ હિંદુસ્તાની બોલી શકતા. અમદાવાદ અને મુંબઈના પારસી જુવાનો અંગ્રેજી પણ શીખતા. સુરતમાંની પારસી જરથુસ્ત્રી મદરેસા અને નવસારીમાંની તાતા મદરેસા પારસી ધર્મપુસ્તકોની ભાષા શીખવવા સ્થપાઈ હતી. મોટા ભાગના પારસી જુવાનો મુંબઈ યુનિવર્સિટીની ઉચ્ચ પરીક્ષાઓ માટે પર્શિયન ભાષા પસંદ કરતા. ગરીબ અને મધ્યમ વર્ગની પારસી સ્ત્રીઓનું શિક્ષણ પ્રાથમિક કક્ષાનું હતું. તેઓ

ગુજરાતીમાં લખી વાંચી શકતી. ધનિક કુટુંબની સ્ત્રીઓમાં જ ઉચ્ચ શિક્ષણ પ્રચલિત હતું.[૨૯]

૧૮૫૩ માં સર જમશેદજીએ નવસારીમાં પહેલવહેલી છોકરીઓની નિશાળ શરૂ કરી. આરંભમાં માબાપોએ આ સુધારા તરફ આંચકો અનુભવ્યો અને અણગમો બતાવ્યો. એટલે સુધી કે એક છોકરી લખવા–વાંચવાની કેળવણી લઈ ઘેર બેઠી; એના કુટુંબમાં જુવાનનું મૃત્યુ થયું ત્યારે વૃદ્ધ સ્ત્રીઓને કેળવણીનો વહેમ થયો.[૩૦] પારસીઓમાં કેળવણી પ્રત્યે આટલો બધો વહેમ અને સૂગ હતાં.

૧૮૫૭ માં બીજી એક પારસી સ્ત્રી-કેળવણીની શાળા સ્થપાઈ, જેને ૧૮૭૨ માં 'બાઈ નવાજબાઈ તાતા નવસારી જરથોસ્તી છોકરીઓની નિશાળ' એવું નામ અપાયું. એમાં છોકરીઓને લખવા વાંચવા ભરવા ગૂંથવા રાંધવા ગાવા સીવવા વગેરે દરેક પ્રકારની તાલીમ અપાતી. અંગ્રેજી કેળવણી પણ અપાતી.[૩૧]

૧૮૯૬ માં હિંદુ અને પારસી સ્ત્રીઓએ 'સ્ત્રીસમાજ' નામની મંડળી સ્થાપી, જેમાં સ્ત્રીઓ જ પ્રમુખ અને મૅનેજરો હતી. આમ આ સમયે સ્ત્રીઓ જાહેર ક્ષેત્રમાં વધુ આવવા લાગી.[૩૨]

પારસીઓનાં મકાન શહેરોમાં મોટાં, એકબે માળવાળાં અને ઈંટેરી હતાં. ગામડાંના પારસીઓનાં ઘર માટીની દીવાલોવાળાં હતાં. ધનિક પારસીના ઘરમાં રૂ. ૨,૦૦૦ થી રૂ. ૩,૦૦૦ ની કિંમતનું ફર્નિચર, મધ્યમ વર્ગના ઘરમાં રૂ. ૧૦૦ થી ૫૦૦ નું અને ગરીબ ઘરમાં રૂ. ૧૦ થી રૂ. ૨૦ સુધીની કિંમતનું ફર્નિચર જોવા મળતું.[૩૩]

પારસીઓના મકાનનો પાયો ખોદાય ત્યારે એક ત્રાંબાની પેટીમાં પંચરત્ન, સોપારી, હળદર, તાજુ લીલું ઘાસ, કંકુ, ધાણા અને ગોળ મૂકી, એ પેટી ખાડામાં મૂકવામાં આવતી અને એની પર બાંધકામ કરવામાં આવતું. કોપરું અને ગોળ વહેંચવામાં આવતાં. પ્રથમ બારણું બેસાડતી વખતે 'અહુરમઝ્દ મદદ કરો' એવું વાક્ય બારણા પર લાલ રંગથી લખવામાં આવતું. બારણાના ઉપરના ભાગમાં રૂપિયો ફૂલ અને નાળિયેર લટકાવવામાં આવતાં. મોભ ભરતી વખતે ધનિકો ચાંદીનો એક સળિયો ભરાવતા. મકાનનું બાંધકામ પુરું થતાં મુખ્ય દ્વાર પર હળદર–કંકુ લગાવી ફૂલોનો હાર લટકાવાતો. પુરોહિત વિધિ કરતો. કૂવો ખોદાવતી વખતે પણ પાણીના દેવ 'અવાન અર્દ્વીસૂર'ની પ્રાર્થનાઓ થતી.[૩૪]

ઉચ્ચ અને મધ્યમ વર્ગના પારસીઓ ત્રણ વાર ભોજન લેતા, જેમાં સવારે ચા, ઘઉંની બનાવટ જેમાં ઈંડા માખણ બપોરે દાળ ભાત માછલી માંસ અથાણાં, સાંજે રોટી માંસ માછલી ફળ શાકભાજી અને ભોજનને અંતે દારૂ લેતા.

ગરીબ પારસીઓના ખોરાકમાં જુવારના રોટલા ભાત દહીં અને શાક હતાં. ધનિક (૬ વ્યક્તિના બનેલા) કુટુંબનો ભોજનનો માસિક ખર્ચ રૂ. ૮૫, મધ્યમ વર્ગનાનો રૂ. ૫૦ અને ગરીબનાનો રૂ. ૧૦ થી ૨૦ નો હતો. ભોજન-સમારંભમાં પતરાળામાં ભોજન પીરસાતું. ધનિકો ખુરશી-ટેબલ પર જમણ આપતા.[૩૫] પારસીઓ નિત્યક્રમમાં વહેલા ઊઠી પ્રાર્થના કરતા. ગૌમૂત્ર મોં પર લગાડી પાણીથી મોં ધોઈ નાખતા. સવારે સ્ત્રીઓ આંગણામાં સાથિયા પૂરતી.

પાંચમા વર્ષે છોકરાને પ્રાથમિક શાળામાં મૂકવામાં આવતો. છોકરીને છઠ્ઠા વર્ષે મહિલાશાળામાં મૂકવામાં આવતી, જ્યાં એને ગુજરાતી બારાખડી તથા 'ઝંદ અવેસ્તા'નો અમુક ભાગ શીખવવામાં આવતો અને દસ્તૂર કુટુંબની હોય તો ભિન વણતાં પણ શીખવવામાં આવતું.[૩૬] કેટલીક છોકરીઓ ઉચ્ચ કેળવણી મેળવતી. દસથી ૧૫ વર્ષની નાની ઉંમરે લગ્ન થતાં. લગ્નમાં ગ્રામીણ પારસીઓમાં જન્માક્ષર મેળવવાની પ્રથા પણ જોવા મળતી. કેટલાક પારસીઓમાં બાળકના જન્મ પહેલાં બે ભિન્ન કુટુંબોની સગર્ભા સ્ત્રીઓ એકબીજાને વિજાતીય બાળક જન્મે તો લગ્નસંબંધથી બંધાશે એવું વચન આપતી. હિંદુઓમાં જેમ છોકરા-છોકરીનાં લગ્ન નાની ઉંમરે થતાં તેમ પારસીઓએ પણ આ રિવાજ અપનાવ્યો હતો. એમના ધર્મકાનૂન અનુસાર પંદર વર્ષ પહેલાં છોકરીનાં લગ્ન થતાં. ક્વચિત્ બાળલગ્નોનાં ઉદાહરણ પણ મળે છે. પારસી દૈનિકોમાં બાળલગ્નવિરોધી ઊહાપોહ થયો હતો.

લગ્નવિધિ પણ જે પહેલાં બે દિવસ લાંબો ચાલતો હતો તે ટૂંકાવી એક જ દિવસમાં બધો વિધિ પતાવવાનો સુધારો દાખલ કરવામાં આવ્યો.

કેટલાક પારસીઓએ લગ્નના રીતરિવાજો તથા પહેરામણીનું બેહદ ખર્ચ દૂર કરવાના સુધારા કર્યા હતા.[૩૭]

૧૮૬૫ સુધી ગુજરાતના બધા ભાગોમાં અને ગાયકવાડી રાજ્યમાં અંજુમન કે પારસી પંચાયતો સામાજિક અને ધાર્મિક વિવાદો પતાવતી. આ અંજુમન ગરીબ પારસીઓને અનાજ કપડાં પૂરાં પાડવાનું, પારસી શાળાઓના નિભાવનું, વાર્ષિક ઉજાણીઓ તેમજ અગિયારીઓ અને દોખમાઓની દેખરેખ રાખવાનું વગેરે કાર્યો કરતી.[૩૮]

ધર્મ અને પારસી રિવાજ અનુસાર બહુપત્નીત્વ માન્ય નહોતું, છતાં ઘણા પારસીઓ એનો ભંગ કરતા. પતિ કે પત્નીના મૃત્યુ બાદ પુનર્લગ્ન થઈ શકતું.[૩૯]

૧૮૬૫માં પારસી લગ્ન અને લગ્નવિચ્છેદ ધારો (The Parsi Marriage and Divorce Act) બહાર પડ્યો તેમાં બહુપત્નીત્વને ગેરકાનૂની ઠરાવવામાં આવ્યું.

આ કાયદા અનુસાર જો પ્રથમ પત્ની સાથે છૂટાછેડા લીધા સિવાય પુરુષ બીજી વાર લગ્ન કરે તો એને સાત વર્ષની જેલની સજા થતી. સાત વર્ષ સુધી પતિ કે પત્ની એક સ્થળે સાથે ન રહેતાં હોય તો એવાં લગ્ન રદ થઈ શકતાં. પતિ કે પત્ની વ્યભિચારી હોય અથવા બંનેની જિંદગી જોખમમાં હોય તો લગ્ન-વિચ્છેદ થઈ શકતો. પતિએ ૧૬ અને પત્નીએ ૧૪ વર્ષની ઉંમર પૂરી ન કરી હોય ત્યાંસુધી લગ્નવિષયક કોઈ પણ પ્રકારના ઝઘડા કોર્ટમાં લઈ જઈ શકાતા નહીં. કોર્ટમાં ન્યાયાધીશની સાથે સરકારે નિયુક્ત કરેલા પારસી પ્રતિનિધિઓ પણ બેસતા.[૪૦]

૧૮૬૫માં પારસી વારસાહક ધારો (The Parsi Succession Act) પસાર કરવામાં આવ્યો. આ કાયદા અનુસાર વસિયતનામું કરીને મૃત્યુ પામેલ પુરુષની મિલકત એની વિધવા અને બાળકો વચ્ચે વહેંચાય, જેમાં દરેક પુત્રને માતા કરતાં બમણો અને વિધવા માતાને દરેક પુત્રી કરતાં બમણો ભાગ મળે. જો પારસી સ્ત્રી પતિ પહેલાં મૃત્યુ પામે તો એના વિધુરને એણે વસિયતનામું કરેલ મિલકતમાં બાળકો કરતાં બમણો ભાગ મળે. પારસી પુરુષ મૃત્યુ પામે અને પાછળ વિધવા ન હોય તો દરેક પુત્રને પુત્રી કરતાં ચાર ગણો ભાગ મળે. પારસી વિધવા જો મૃત્યુ પામે તો એની મિલકત દરેક બાળકમાં સરખા ભાગે વહેંચાય.[૪૧]

આ સમય દરમ્યાન પારસીઓમાં સુધારકવૃત્તિ જાગી. પારસી પંચાયતે ૧૮૨૩માં મુંબઈમાં દાદીભાઈ નવસરવાનજી શેઠની અગિયારીમાં ભરાયેલી જાહેર સભામાં પારસીઓમાં જે કેટલાક કુરિવાજમાંથી ઊભી થતી સામાજિક બદીઓ હતી તેને દૂર કરવા અમુક નિયમો ઘડયા. એમાં પારસી પુરોહિતે વિના નિમંત્રણ આસોદાદ(ભેટસોગાદ) લેવા જવું નહિ અને કોઈ પારસી ગૃહસ્થે નિમંત્રણ વિનાના કોઈ પુરોહિતને ભેટ આપવી નહિ. કોઈ પણ પારસીના મૃત્યુ બાદ દરેક મહિનાના ચોથા દસમા અને ત્રીસમા દિવસે, પહેલા વર્ષે અને પછી દરેક વર્ષે મૃત્યુતિથિ વખતે થતા ભોજનસમારંભો બંધ કરવા. મૃત્યુ બાદ રોવા–કૂટવાનો રિવાજ બંધ કરાવ્યો. જે કોઈ આ નિયમોનો ભંગ કરે તેને નાના–મોટા દંડ થતા; જોકે આ નિયમો બહુ અમલમાં આવ્યા નહિ. કારણ કે ધનિકો ગુનામાંથી બચી જતા અને ગરીબોને દંડ ભોગવવો પડતો.[૪૨]

ગરીબ પારસીઓને મફત કેળવણી આપવા માટે ધનિક પારસીઓએ ખૂબ જહેમત ઉઠાવી હતી. ઉઠમણાની ક્રિયામાં કેટલાક પારસીઓ મૃત વ્યક્તિની પાછળ આંધળા–લૂલા પારસીઓની સેવાના ફંડમાં વાપરવા દાન આપતા.[૪૩]

આ સમયના કેટલાક ગુજરાતી પારસીઓએ ઘણાં લોકોપયોગી કાર્ય કર્યાં, જેમાં નવસારીના જમશેદજી જીજીભાઈ (ઈ.સ. ૧૭૯૩–૧૮૫૯) નું નામ વિખ્યાત છે. એમણે શાળાઓ તળાવો ધર્મશાળાઓ કૂવા ફુવારા રસ્તા વગેરે બંધાવ્યાં. એમણે માત્ર પારસીઓને જ નહિ, પણ બધી કોમોને દાન આપ્યાં. ૧૮૫૪ માં એમણે નવસારીના ગરીબ લોકો પર સરકાર તરફથી દર સાલ રૂ. ૭૧૪ અને ૭ આનાની ખંડણી લેવાતી તે માફ કરાવી. એના બદલામાં ગાયકવાડ સરકારના અહીંના પ્રતિનિધિ ગોપાલરાવ મૈરાલ મારફતે રૂ. ૧૧,૯૦૭ અને ૪ આના પોતાના તરફથી ભર્યા.[૪૪] ૧૮૪૨ માં સમ્રાજ્ઞી વિકટોરિયા તરફથી 'સર'નો ખિતાબ એમને મળ્યો, જે મેળવનાર તેઓ પ્રથમ ભારતીય હતા. દેશભક્તિ માટે બ્રિટિશ સરકાર તરફથી ચંદ્રક મળ્યો.[૪૫] ભારતના પ્રથમ બૅરોનેટ થનાર પણ તેઓ હતા.[૪૬]

૧૮૨૨ માં સુરતની 'મહાજમત રેલ' વખતે પારસી સમાજસેવક અરદેશર ધનજીશાહે (કોટવાલે) ઘણાંની જિંદગી બચાવવા છ દિવસ અને રાત ખૂબ જહેમત ઉઠાવી અને ઠેકાણે ઠેકાણે મછવા મોકલી હજારો આદમીઓને ડૂબી જતા બચાવ્યા અને એમને ખોરાક પહોંચતો કર્યો. એમની આ જહેમતની સ્તુતિમાં સુરતના ન્યાયાધીશ રોમરે એમને ખૂબ માન આપ્યું અને સુરતના એક જાણીતા શાયર હાફિજ દાઉદે કેટલાંક ફારસી બેત પણ જોડયાં.[૪૭]

સુરતમાં ૧૮૩૭ માં લાગેલી મોટી આગ વખતે પણ અરદેશર કોટવાળે ઘરબાર વિનાનાંને તાત્કાલિક રાહત આપવાનું પરમાર્થ કાર્ય પણ કર્યું. એ જ વર્ષે આવેલી તાપીની રેલ વખતે પણ એમણે ખૂબ સેવા બજાવી.[૪૮] આ રેલ વખતે સુરતના શેઠ હોરમસજી રુસ્તમજી ધાલાનાં દીકરી અને શેઠ બહેરામજી નવસરવાનજી ધાલાનાં પત્ની શ્રીમતી ડોસીબાઈએ પૂરમાં તણાતાં અનેક માણસોને પોતાના ઘરનું છાપરું ઉતારી એના પર આશ્રય આપ્યો અને આફતમાં સપડાયેલા માછીમારોનાં કુટુંબોને મદદ કરી.[૪૯]

૧૮૨૮ માં અરદેશર કોટવાળે જાફરઅલીખાનના સહકારથી વલંદાવાડમાં સુરત શહેરનું પહેલું પુસ્તકાલય શરૂ કરાવ્યું, જે પાછળથી ઍન્ડ્રૂસ લાયબ્રેરી સાથે જોડાઈ ગયું.[૫૦]

૧૮૬૨ માં ગુજરાતમાં પડેલા દુકાળ વખતે ખરશેદજી ફરદૂનજી પારેખે રૂ. ૮૦,૦૦૦ ની કિંમતના ચોખા અને રૂ. ૯૦,૦૦૦ રોકડા ગરીબોને વહેંચવા મોકલ્યા હતા. સુરતના રેલવે સ્ટેશન પાસે રૂ. ૨૫,૦૦૦ નું દાન આપી ધર્મશાળા અને પિતાની સ્મૃતિમાં રૂ. ૫૦,૦૦૦ નું દાન આપી ઔદ્યોગિક શાળા સ્થાપી.[૫૧] ૧૮૬૪ માં સુરતમાં કૉલેરા ફાટી નીકળતાં એમણે પારેખ રુગ્ણાલય માટે દાન

આપ્યું. એ જ વર્ષે કાવસજી જહાંગીરજી નામના બીજા એક સદ્‌ગૃહસ્થે રૂ. ૭૧,૯૦૦ ના ખર્ચે સિવિલ હૉસ્પિટલ બંધાવી સરકારને અર્પણ કરી.[૫૨] ૧૮૬૩ માં 'સુરતમિત્ર' નામનું સાપ્તાહિક શરૂ કરનાર દીનશા અરદેશર તાલિયારખાન હતા.[૫૩] સુરતમાં દસ્તૂર ખુરશેદ લઈબ્રેરી અને શેઠ હોરમસજી આદરજી દલાલ વાચનાલય ૧૮૬૭ માં અસ્તિત્વમાં આવ્યાં. દસ્તૂર ખુરશેદજીએ ફાળો એકઠો કરી આ સંસ્થા ઊભી કરી હતી. એનું મૂળ નામ 'રુસ્તમપુરા જરસ્થોસ્ત્રી પુસ્તકાલય' હતું. ૧૮૮૯ માં દસ્તૂરનું નામ આ સંસ્થા સાથે જોડાયું અને ૧૯૦૯ માં વકીલ બેજનજી માણેકજી અંકલેસરિયાએ ફાળો એકઠો કરી આ સંસ્થાનું મકાન બંધાવ્યું.[૫૪] ૧૯૦૫ માં સુરતના શ્રી બહેરામજી પેસ્તનજીના નામે જાણીતા ચુનાની તબીબની સ્મૃતિમાં એમના પુત્ર હકીમ બરજોરજી બહેરામજીએ 'બહેરામજી પેસ્તનજી ધર્માદા દવાખાનું' બંધાવવા રૂ. ૨૩,૩૦૦ નું દાન આપ્યું.[૫૫] ૧૯૦૭ માં દવાખાનાનું મકાન બંધાવ્યું. ૧૯૧૨ માં પારસી 'ઑર્ફનેજ'ની સ્થાપના થઈ, જેના ગૃહપતિ શ્રી એરવદ એરચ ડોસાભાઈ દાબુ હતા.[૫૬]

૧૮૫૬ માં નવસારીમાં પારસી મુસાફરો માટે શેઠ કુંવરજી હોમરજી ભાભાનાં પત્ની બાઈ નવાજબાઈએ એક ધર્મશાળા ખુલ્લી મુકાવી અને એ જ મકાનમાં એમનાં પુત્રી પીરોજબાઈએ એ જ વર્ષમાં એક કૂવો બંધાવ્યો.[૫૭] ૧૮૬૨ માં રુસ્તમજી જમશેદજી જીજીભાઈએ પિતાના પુણ્ય માટે રૂ. ૭૫,૦૦૦ નું દાન આપી વિકટોરિયા ડિસ્પેન્સરી શરૂ કરાવી. એમણે ૧૮૬૩ ના સપ્ટેમ્બરમાં નવસારી અને એની આસપાસના તમામ પ્રદેશોમાં મોંઘવારી હોવાથી દરેક ગરીબ વ્યક્તિને ત્યાં પોતાને ખર્ચે અનાજ પૂરું પાડ્યું.[૫૮] ૧૮૬૮ માં કાવસજી સોરાબજી ભેદવારે 'સોરાબ બાગ' અને નશરવાનજી ખરશેદજી કાંગાએ 'નશરવાન બાગ' નામે બે ધર્મશાળાઓ ખુલ્લી મૂકી.[૫૯] ધાર્મિક કેળવણી માટે શેઠ નશરવાનજી રતનજી તાતાએ ૧૮૮૪ માં 'જંદ મદરેસા' સ્થાપી, જેમાં ક્રિયામાર્ગનો, શુદ્ધ ઉચ્ચારણનો અને અવસ્તા પહેલવીના તરજૂમા તેમજ ફારસીનો અભ્યાસ કરાવાતો.[૬૦]

અમદાવાદમાં સલાપસ માર્ગ ઉપર મુંબઈના શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઈએ પોતાનાં દીકરી ગૂલમાજીની સ્મૃતિમાં પારસી મુસાફરો માટે ઈ. સ. ૧૮૬૬ માં એક ધર્મશાળા બંધાવી હતી ને એ અમદાવાદની જરથોસ્ત્રી અંજુમનને સુપરત કરી હતી.

આ ધર્મશાળા સાબરમતી નદીમાં આવેલી બીજી (પ્રાયઃ ૧૮૭૫ માં) રેલથી પડી ગઈ હતી. ત્યાર બાદ ૧૮૯૩ માં એ જ જગ્યાએ નવી ધર્મશાળા ખાનબહાદુર નવરોજી પેસ્તનજી વકીલે પોતાનાં પત્ની બચુબાઈના પુણ્ય માટે રૂ. ૨૫,૦૦૦ ના

ખર્ચે બંધાવી અમદાવાદની અંજુમનને સુપરત કરી અને મરામત તથા ચાલુ ખર્ચ માટે રૂ. ૧૦,૦૦૦ રોકડા અમદાવાદની પારસી પંચાયતને આપ્યા.[૬૧]

શેઠ નવરોજી પેશતનજી વકીલ (ઈ.સ. ૧૮૪૦–૧૯૨૬) અમદાવાદના પારસીઓમાં અગ્રગણ્ય ઉદ્યોગપતિ અને દાનવીર હતા. અમદાવાદમાં કરાયેલ સર નવરોજી વકીલ આંખની હોસ્પિટલ; પારસી વૉર્ડ, મેટર્નિટી વૉર્ડ, નવરોજી ડિસ્પેન્સરી, ગુજરાતી નર્સિંગ તાલીમ ફંડ, બહેરાં–મૂંગાંની શાળાને દાન, ગરીબ પારસી વિદ્યાર્થી ફંડ, અંધશાળા, જીમખાનું, નવરોજી હોલ વગેરેમાં એમનું નોંધપાત્ર પ્રદાન છે. એમણે અમદાવાદમાં પારસી સમાજની ખૂબ સેવા કરી, એમની એ દાનવીરતાની કદરરૂપે અંગ્રેજ સરકારે એમને ૧૮૮૮ માં 'ખાન બહાદુર'નો ઇલ્કાબ આપ્યો હતો.[૬૨]

આમ આ સમયના ગુજરાતના પારસીઓએ પારસી કોમના કલ્યાણ માટે દાન તથા પૂર્તકાર્યો કરવા ઉપરાંત અહીંના સમાજજીવનમાં ભળી જઈ ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં પણ નોંધપાત્ર ફાળો આપ્યો છે.

## ૪. ખ્રિસ્તી સમાજ

બ્રિટિશકાલીન ગુજરાતનો ખ્રિસ્તી સમાજ મુખ્યત્વે બે વિભાગોમાં વહેંચાયેલો હતો : (૧) યુરોપના દેશોમાંથી આવેલ પરદેશી ખ્રિસ્તીઓ અને (૨) અન્ય ધર્મ ત્યજીને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો હોય તેવા ગુજરાતી ખ્રિસ્તીઓ. પરદેશી ખ્રિસ્તીઓ વહીવટીતંત્રમાં અથવા લશ્કરમાં કામ કરતા હતા. કેટલાક વેપાર કરતા. ગુજરાતી ખ્રિસ્તીઓ એમને માનથી જોતા. ગુજરાતનો ખ્રિસ્તી સમાજ મોટે ભાગે ધર્માંતરિત સ્થાનિક ગુજરાતી લોકોનો બનેલો હતો. મોટા ભાગના ગુજરાતી બોલતા હતા. ગુજરાતમાં એમની વસતી અમદાવાદ ખેડા આણંદ કરમસદ ગામડી સામરખા કાસોર ભાલેજ ખડાણા પોરડા બોરસદ જંબુસર ખંભાત ભરૂચ અંકલેસ્વર સુરત મહેસાણા પાટણ સિદ્ધપુર પાલનપુર પ્રાંતીજ ડીસા પોરબંદર રાજકોટ ભાવનગર ઘોઘા અને દેવાણમાં આવેલી હતી.

આ સમય દરમ્યાન જેઓ ખ્રિસ્તી સમાજમાં ભળ્યા તેઓ મૂળ હિંદુ અને મુસ્લિમ હતા. હિંદુઓમાં અમીન કોળી ભીલ કણબી લોહાણા મારવાડી રાજપૂત ગોસાઈ વણકર વગેરે લોકો ધર્માંતર પામીને ખ્રિસ્તી સમાજમાં ભળ્યા હતા. ઈ.સ. ૧૯૦૦ માં એટલે કે વિ. સ. ૧૯૫૬ માં ગુજરાતમાં ભયંકર દુકાળ પડચો, જે 'છપનિયા દુકાળ' તરીકે પ્રસિદ્ધ છે. આ સમયે ગુજરાતમાં ખ્રિસ્તી મિશનરીઓએ સદાવ્રતો ચલાવીને અનેક જિંદગી બચાવી લીધી હતી. એમની આ સેવાભાવી

પ્રવૃત્તિઓથી અનેક હિંદુઓએ ખ્રિસ્તીધર્મ અંગીકાર કર્યો. આના પરિણામે ગુજરાતમાં ખ્રિસ્તીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો. ઈ. સ. ૧૮૯૯ માં એમની સંખ્યા ૪,૩૨૧ હતી, જે ઈ.સ. ૧૯૦૩ માં ૫,૬૮૯ ની થઈ ગઈ.[૬૩]

ખ્રિસ્તી સમાજમાં પ્રવેશ કરનારને એમના મૂળ ધર્મ અને જ્ઞાતિના લોકો તરફથી ઘણી જ કનડગત વેઠવી પડતી. ઈ.સ. ૧૮૩૪ માં સુરતમાં સૌ પ્રથમ ખ્રિસ્તી થનાર ભાઈચંદ નરસૈદાસ જાતે કણબી હતા. સુરતમાં તેઓ ભરતગૂંથણની ફૅક્ટરી ધરાવતા હતા. એમણે જ્યારે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો ત્યારે એમને એમના જ્ઞાતિજનો તરફથી ઘણી સતામણી વેઠવી પડી હતી. એમને જ્ઞાતિની બહાર મૂકવામાં આવ્યા.[૬૪] એવી જ રીતે વડોદરા પાસે ગાયકવાડો ગામ સીસવાના મુખી દેશાઈભાઈ ખોજીભાઈ ખ્રિસ્તી થયાની વાત એમનાં સાસરિયાંઓએ જાણી ત્યારે તેઓ દેશાઈભાઈની વિરુદ્ધ થયા હતા અને દેશાઈભાઈની ગેરહાજરીમાં એમનાં પત્ની અને બે સંતાનોને વડોદરે પોતાની સાથે લઈ ગયા હતા. પાછળથી રેસિડેન્ટની દરમ્યાનગીરીથી તેઓ પોતાના પરિવારને પાછો મેળવી શક્યા.[૬૫] મંટગમરી નામના ખ્રિસ્તી મિશનરીને ગુજરાતી શીખવનાર પોરબંદરના મુનશી અબ્દુલ રહેમાન જ્યારે ખ્રિસ્તી સમાજમાં ભળ્યા ત્યારે મુસલમાનો તથા હિંદુઓ—ખાસ કરીને ખવાસો અને રાજપૂતો—એમની વિરુદ્ધ થયા હતા.[૩૯] આમ ખ્રિસ્તી સમાજમાં ભળનારને એમના મૂળ સમાજના લોકો તરફથી ઘણી સતામણી વેઠવી પડતી. શરૂઆતમાં તો એમને ગામના સાર્વજનિક કૂવા વાવ તળાવ કે હવાડાનો ઉપયોગ કરવા દેવાતો નહિ. સુથાર દરજી લુહાર મોચી કે હજામની સેવાથી પણ એમને વંચિત રાખવામાં આવતા.

શરૂઆતમાં ધર્માંતરને પરિણામે હિંદુઓની જ્ઞાતિપ્રથા ગુજરાતી ખ્રિસ્તીઓમાં પણ પ્રવેશી. આવા ધર્માંતરિત ખ્રિસ્તીઓને જ્ઞાતિનું વળગણ યથાવત્ વળગી રહ્યું, આથી શરૂઆતમાં ખ્રિસ્તી સમાજમાં ઉચ્ચ–નીચની ભાવના કંઈક અંશે રહી હતી; જો કે પ્રોટેસ્ટન્ટ મિશનરીઓએ ખ્રિસ્તી સમાજમાં જ્ઞાતિના અસ્તિત્વનો વિરોધ કર્યો હતો.[૬૭] નીચલી વર્ણના હિંદુઓ ખ્રિસ્તી ધર્મ અપનાવે તોપણ એમના સામાજિક મોભામાં બહુ મોટો ફેર પડતો ન હતો. શહેરોમાં એમના પ્રત્યે કોઈ ભેદભાવ રાખવામાં આવતો ન હતો, પરંતુ ગામડાંઓમાં એમના પ્રત્યે ભેદભાવ રાખવામાં આવતો.

ખ્રિસ્તી સમાજમાં પ્રવેશનારને પોતાના મૂળ સમાજના આચાર–વિચાર ત્યજી દેવા પડતા; જેમ કે જો કોઈ સવર્ણ હિંદુ ખ્રિસ્તી સમાજમાં ભળે તો એણે જનોઈ કાઢી નાખવી પડતી અને માથેથી ચોટલી કપાવી નાખવી પડતી વગેરે. કેટલાક

હિંદુઓ તો ચોટલી કપાવ્યા પછી કહેતા કે 'અમારે માટે ખ્રિસ્તે પોતાનો જીવ આપ્યો તો ખ્રિસ્તને નામે ચોટલી આપવી એ શી વિસાતમાં!'[૯૮]

ખ્રિસ્તીઓમાં એક પતિ અને એક પત્નીની પ્રથા હતી. લગ્ન એક પવિત્ર સંસ્કાર ગણાતો હોવાથી ધર્મ છૂટાછેડાને માન્ય રાખતો ન હતો. છૂટાછેડા લે તે સ્ત્રી–પુરુષના અને એનાં કુટુંબીજનોના ધાર્મિક સંસ્કાર બંધ કરવામાં આવતાં. વિધુર અને વિધવાને જ પુનર્લગ્નની છૂટ અપાતી. અપરિણીત અવસ્થા ઇચ્છવાજોગ ન હતી. લગ્ન મા–બાપ દ્વારા ગોઠવવામાં આવતાં. એમના સામાજિક રીત–રિવાજો અને માન્યતાઓ મૂળ હિંદુ સમાજનાં જ રહ્યાં; જેમકે એમનામાં સંયુક્ત કુટુંબની પ્રથા હતી. કુટુંબમાં કાકા–કાકી મામા–મામી માસા–માસી ફૌઈ–ફૂવા વેવાઈ–વેવાણ જેવી સગાઈઓ ચાલુ રહી હતી. લગ્ન વખતે કન્યાને ત્યાં વરઘોડો કાઢીને જાન જતી. કન્યાપક્ષ તરફથી જાનૈયાઓને ભોજન આપવામાં આવતું. જો દેવળ નજીકમાં હોય તો લગ્નવિધિ દેવળમાં કરવામાં આવતી, પરંતુ દેવળ જો દૂર હોય તો લગ્ન મંડપ નીચે કરવામાં આવતાં. કુટુંબના પ્રથમ લગ્ન વખતે મામા મામેરું આપતા. લગ્ન વખતે ચાંદલો લેવાનો અને આપવાનો રિવાજ હતો. પ્રથમ સુવાવડ કન્યાનાં માતા–પિતાને ત્યાં કરવામાં આવતી. હિંદુઓમાં પ્રચલિત એવો ખોળો ભરવાનો રિવાજ એમનામાં ન હતો. પ્રથમ સંતાનના બૅપ્ટિઝમ (નામ આપવાનો વિધિ) વખતે કન્યાનાં માતપિતા પોતાની સ્થિતિ પ્રમાણે કન્યાને અને સંતાનને દાગીના અને કિંમતી વસ્ત્રો ભેટમાં આપતાં. આ રિવાજ હિંદુઓમાં પ્રચલિત બાળકને રમાડવા જવાના રિવાજ સાથે મળતો આવે છે.

ગુજરાતી ખ્રિસ્તીઓ શાકાહાર અને માંસાહાર કરતા હતા. એમનો ખોરાક અને પહેરવેશ એમના મૂળ સમાજ પ્રમાણેનો જ રહ્યો; જો કે ભણેલા-ગણેલાઓમાં પશ્ચિમની સભ્યતાની રહેણી–કરણીનો આદર્શ રહેતો. શરૂઆતમાં એમનાં નામ દેશી જ રહ્યાં, પરંતુ બીજી ત્રીજી પેઢીઓથી ખ્રિસ્તી નામ રાખવાની શરૂઆત થઈ. ખાસ કરીને બાઈબલનાં પાત્રો પરથી નામ પાડવામાં આવતાં. કેટલાકે હિંદુ સવર્ણોની અટક ધારણ કરી હતી.

તેઓ નવું વર્ષ, ઇસ્ટર–સન્ડે, નાતાલના તહેવારો ધામધૂમથી ઊજવતા. જાન્યુઆરી માસની ૧ લી તારીખે નવું વર્ષ આવતું. ઈસુ ખ્રિસ્ત મૃત્યુ પછી સજીવ થયા હતા એવી ખ્રિસ્તીઓમાં માન્યતા છે. આ પ્રસંગની યાદમાં ઈસ્ટર–સન્ડેની ઊજવણી કરવામાં આવતી. આ તહેવાર માર્ચ કે એપ્રિલ મહિનામાં હંમેશાં રવિવારના દિવસે જ આવે છે, હિંદુઓની હોળીની નજીકમાં ઈસ્ટર–સન્ડેની આગળનો શુક્રવાર ગુડ–ફ્રાયડે તરીકે ઓળખાય છે. ઈસુ શુક્રવારે મૃત્યુ પામ્યા હતા એ

દુઃખદ પ્રસંગની સ્મૃતિનો એ તહેવાર છે. ૨૫ મી ડિસેમ્બરે નાતાલની ઉજવણી થતી. નાતાલ એ ઈસુનો જન્મદિવસ છે. ખ્રિસ્તીઓની વસ્તીને લીધે કેટલાંક નવાં પરાં વસ્યાં, જેમને મંટગમરી પીર (આણંદ પાસે, બોરિયાવી નજીક), વેલેસ-પુર (ધોધા પાસે), ટેલર (ખંભાત પાસે), બ્રુકહિલ (બોરસદની પૂર્વે ૧૧ કિ.મી. દૂર), ફ્રેરીપુર (ડાકોરની પાસે), રાણીપુર (અમદાવાદની પાસે, હાલનું રાણીપ) વગેરે.

## પાદટીપ

૧. ધીરજલાલ ધ. શાહ, 'વિમલપ્રબંધ : એક અધ્યયન', પૃ. ૧૧૩
૨. દલપતરામ ડા. કવિ, 'જ્ઞાતિ વિશેનો નિબંધ', વિ. ૧, પૃ. ૧ થી ૫૮

૧૯૦૧ માં પ્રકાશિત થયેલ *Bombay Gazetteer*ના વૉ. ૯, ભાગ ૧ માં નોંધ્યું છે કે ગુજરાતના હિંદુઓની જ્ઞાતિઓ પૈકી રોટી-વ્યવહાર તથા બેટી-વ્યવહાર ન ધરાવતી જ્ઞાતિઓની સંખ્યા ૩૧૫ થી ઓછી નહીં હોવાનું જણાવ્યું છે; રોટી-વ્યવહારની છૂટ હોય પણ બેટીવ્યવહારનો નિષેધ હોય તેવી જ્ઞાતિઓ ઉમેરવામાં આવે તો આ સંખ્યા ઘણી મોટી થાય (પ્રસ્તાવના પૃ. ૧૨). આ ગ્રંથમાં બ્રાહ્મણો લેખકો વેપારીઓ રજપૂતો ખેડૂતો કારીગરો ભાટચારણો અને નટો સેવકો કોળીઓ કાઠીઓ ગોવાળો પ્રાચીન જનજાતિઓ દલિત વર્ગો એવા ૧૩ વર્ગોમાં જ્ઞાતિઓનું વર્ગીકરણ કર્યું છે.

૩. D.G. *Sabarkantha*, p. 192
૪. દલપતરામ ડા. કવિ, ઉપર્યુક્ત, પ્ર. ૧૯, પૃ. ૫૪
૫. એજન, પૃ. ૧૩૩–૧૩૫
૬. ભાનુસુખરામ નિ. મહેતા, 'મહિપતરામ ચરિત્ર', પૃ. ૬૨
૭. દલપતરામ ડા. કવિ ઉપર્યુક્ત, પૃ. ૧૧૯
૮. 'લેડી વિદ્યાગૌરી મણિમહોત્સવ ગ્રંથ', પૃ. ૧૯૭–૧૯૮
૯. હી. ત્રિ. પારેખ, 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન', ભા. ૩, પૃ. ૩૧૬–૩૧૭
૧૦. *Gazetteer of the Bombay Presidency*, Vol. IX, part I. p. 167
૧૧. સુરેશ દીક્ષિત (સં.), 'સતીમાનો ગરબો', "પ્રસ્થાન", સં. ૧૯૮૭, ફાગણ; હી. ત્રિ. પારેખ, ઉપર્યુક્ત, પૃ. ૧૬૯
૧૨. હી. ત્રિ. પારેખ, એજન, પૃ. ૧૬૭–૧૬૮
૧૩. નવીનચંદ્ર આચાર્ય, 'સાબરકાંઠા જિલ્લાના પાળિયા', "સ્વાધ્યાય", પુ. ૧૪. પૃ. ૩૮૫–૩૯૭
૧૪. નવલરામ જ. ત્રિવેદી, 'સમાજ–સુધારાનું રેખાદર્શન', પૃ. ૨૦૨
૧૫. એજન, પૃ. ૧૨–૨૩
૧૬. નર્મદાશંકર લા. દવે, 'મારી હકીકત,' ભા. ૨, પૃ. ૧૨૧; 'ગુજરાત એક પરિચય', કોંગ્રેસનો ભાવનગર અધિવેશન અંક, જાન્યુ. ૧૯૬૧, પૃ. ૨૫૦

૧૭. નર્મદાશંકર દવે, 'નર્મગદ્ય' (સં. મહીપતરામ રૂપરામ), પૃ. ૧૨૮; 'ગુજરાત એક પરિચય', ભાવનગર અધિવેશન અંક, પૃ. ૨૫૦
૧૮. નવલરામ જ. ત્રિવેદી, ઉપર્યુક્ત, પૃ. ૪૨–૫૨
૧૯. એજન, પ્રકરણ ૪
૨૦. 'ગુજરાત એક પરિચય', પૃ. ૨૫૧; નરોત્તમ વાળંદ, 'સંસ્કૃતિ અને ગુજરાત', પૃ. ૧૧૦–૧૧૨
૨૧. નરોત્તમ વાળંદ, એજન, પૃ. ૧૦૯–૧૧૦
૨૨. હી. ત્રિ. પારેખ, ઉપર્યુક્ત, પૃ. ૧૧૦
૨૩. નવલરામ જ. ત્રિવેદી, ઉપર્યુક્ત, પૃ. ૧૯૧
૨૪. એજન, પૃ. ૨૦૧; હી. ત્રિ. પારેખ, ઉપર્યુક્ત, ખંડ ૩, પૃ. ૧૧૩–૧૧૫
૨૫. હી. ત્રિ. પારેખ, ઉપર્યુક્ત, પૃ. ૫૩૭–૫૫૬
૨૬. આ પૈકીની પહેલી પ્રતનો ક્રમાંક ૮૨ અને બીજીનો ૧૨૬, છે. ત્રીજી પ્રતનો ક્રમાંક અપાયો નથી.
૨૭. *Gazetteer of the Bombay Presidency* (*BG*), Vol. IX, Part II, pp. 198 ff.
૨૮. *Ibid.*, p. 202
૨૯. *Ibid.*, pp. 203–204
૩૦. શેરાબજી મનચેરજી દેસાઈ, 'તવારીખે નવસારી', પૃ. ૨૬૭
૩૧. એજન, પૃ. ૨૬૮
૩૨. એજન, પૃ. ૨૬૮
૩૩. *BG*. Vol. IX, Part II, p. 205
૩૪. *Ibid.*, p. 206
૩૫. *Ibid.*, p. 207
૩૬. *Ibid.*, p. 209
૩૭. બહમનજી બેહરામજી પટેલ, 'પારસી પ્રકાશ', દફતર ૧ લું, પૃ. ૧૬૭
૩૮. *BG*, Vol. IX, Part II, pp. 244 f.
૩૯. *Ibid.*, p. 238
૪૦. Dosabhai Framji Karaka, *History of the Parsis*, Vol, II, Appendix B, pp. 300 ff.
૪૧. *Ibid.*, pp. 316 ff.
૪૨. *Ibid.*, Vol. I, pp 233 f.
૪૩. 'પારસી પ્રકાશ', દફતર ૧ લું, પૃ. ૧૬૩
૪૪. શેરાબજી મનચેરજી દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૬૬
૪૫. Karaka, *op. cit.*, Vol. II, p. 90
૪૬. શેરાબજી મનચેરજી દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૭૦
૪૭. 'પારસી પ્રકાશ'. દફતર ૧લું, પૃ. ૧૬૩, પા.ટી. ૨
૪૮. ઈ. ઇ. દેસાઈ, 'સૂરત સોનાની મૂરત,' પૃ. ૧૩૨–૧૩૩
૪૯. એજન, વિભાગ ૨જો, પૃ. ૨૩–૨૪
૫૦. એજન, પૃ. ૧૩૭
૫૧. Karaka, *op. cit.*, Vol. II, pp. 144 f.

૫૨. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૫૦
૫૩. એજન, પૃ. ૧૫૯
૫૪. એજન, પૃ. ૧૯૪
૫૫. એજન, પૃ. ૧૯૬
૫૬. એજન, પૃ. ૧૮૯
૫૭. શેરાબજી મનચેરજી દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૬૮
૫૮. એજન, પૃ. ૧૭૪
૫૯. એજન, પૃ. ૧૭૮
૬૦. એજન, પૃ. ૨૬૫
૬૧. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી અને ડૉ. ભારતી શેલત, 'અમદાવાદની પારસી ધર્મશાળાના શિલાલેખો', "પથિક", વર્ષ ૨૦, અંક ૩, પૃ. ૧૮-૧૯
૬૨. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી અને ડૉ. ભારતી શેલત, 'અમદાવાદની પારસી અગિયારીઓના શિલાલેખ', "બુદ્ધિપ્રકાશ", પુ. ૧૨૭, પૃ. ૪૮૫-૪૮૭
૬૩. Robin Boyd, *Church History of Gujarat*, p. 89
૬૪. *Ibid.*, p. 33
૬૫. તેજપાળ લાજરસ, 'ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીનો ઉદય', પૃ. ૧૮
૬૬. એજન, પૃ. ૪૭
૬૭. Robin Boyd, *op. cit.*, p. 142
૬૮. તેજપાળ લાજરસ, ઉપર્યુક્ત, પૃ. ૧૮

# પરિશિષ્ટ

## આદિમ જાતિઓની સંસ્કૃતિ

### સંસ્કૃતિ

માનવશાસ્ત્રીઓ સંસ્કૃતિને જે તે સમાજની જીવનરીતિ તરીકે ઓળખાવતા હોય છે. આ સમજૂતીમાં પ્રજાનો ભૌતિક તેમજ ચૈતસિક વ્યાપાર સમાવિષ્ટ થઈ જાય છે.

આદિમ સમાજની સંસ્કૃતિ એ સામાન્ય સંસ્કૃતિ કરતાં તદ્દન ભિન્ન એવી સંસ્કૃતિ નથી, ખરેખર તો એ સામાન્ય સંસ્કૃતિનો એક ભાગ જ છે. વળી એ કોઈ નીચી સંસ્કૃતિ પણ નથી, માત્ર માનવજાતની સંસ્કૃતિના સાપેક્ષ એવા વિકાસ–તબક્કાના સંદર્ભમાં આ સંસ્કૃતિ અનેકવિધ કારણોસર પ્રારંભિક તબક્કાની રહી છે.

### ગુજરાતનો આદિમ સમાજ

ગુજરાત રાજ્યમાં આદિમ જાતિઓની વસ્તીનો લગભગ સમગ્ર વિસ્તાર રાજ્યના ડુંગરાળ તેમજ જંગલવાળા ભૂ–ભાગમાં આવેલો છે. રાજ્યના ઉત્તર પશ્ચિમે આવેલા બનાસકાંઠા જિલ્લાના ઉત્તર તરફના છેડાના દાંતા તાલુકાથી માંડીને છેક દક્ષિણે મહારાષ્ટ્ર રાજ્યની સરહદે આવેલા ડાંગ જિલ્લા સુધીનો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યોની સરહદોને અડકતો જે પટ્ટો બની રહે છે તે ગુજરાતની આદિમ જાતિઓના રહેઠાણનો વિસ્તાર છે.

જિલ્લાઓની દૃષ્ટિએ વાત કરીએ તો એમ કહી શકાય કે આ પટ્ટામાં આવી જતા, રાજ્યના બનાસકાંઠા સાબરકાંઠા વડોદરા પંચમહાલ ભરૂચ સુરત વલસાડ અને ડાંગ એ આઠ જિલ્લા લગભગ પૂરેપૂરી આદિમ વસ્તીનો વસવાટ–વિસ્તાર બની રહે છે. આ સિવાયના જૂનાગઢ કચ્છ જામનગર અને અમદાવાદ જેવા જિલ્લાઓમાં વસતી પસંદ કરાયેલી પછાત કોમોને પણ આદિમ જાતિઓ ગણવામાં આવી છે, પણ સંખ્યાની દૃષ્ટિએ આ જાતિઓ ગણનાપાત્ર નથી.

૧૯૭૧ ની વસ્તીગણતરી મુજબ રાજ્યની કુલ આદિમ જાતિઓની વસ્તી ૩૭,૩૪,૪૨૨ ની છે. ટકાવારીની દૃષ્ટિએ એ રાજ્યની કુલ વસ્તીના ૧૩.૯૯ ટકા થવા જાય છે.[૧]

જાતિ પ્રમાણે જોતાં આ વસ્તીમાં કુલ ૨૮ જાતિઓનો સમાવેશ થાય છે. આ બધી જાતિઓનાં નામ તેમજ એમની વસ્તી નીચે મુજબ છે :[૨]

| ક્રમ | જાતિનું નામ | વસ્તી |
|---|---|---|
| ૧. | ભીલ | ૧૪,૫૧,૭૬૦ |
| ૨. | દૂબળા | ૩,૮૮,૫૮૯ |
| ૩. | ધોડિયા | ૩,૫૮,૭૭૩ |
| ૪. | ગામીત | ૨,૭૬,૫૯૧ |
| ૫. | નાયક/નાયકડા | ૨,૩૪,૯૯૯ |
| ૬. | રાઠવા | ૧,૯૨,૬૪૮ |
| ૭. | ચોધરા/ચૌધરી | ૧,૮૮,૨૭૩ |
| ૮. | કોકણા/કુનબી | ૧,૮૧,૪૧૧ |
| ૯. | ધાનકા | ૧,૩૮,૫૮૫ |
| ૧૦. | વારલી | ૧,૨૬,૧૦૮ |
| ૧૧. | પટેલિયા | ૪૮,૭૬૯ |
| ૧૨. | કોળી | ૩૦,૩૬૧ |
| ૧૩. | કોળીઢોર | ૨૯,૪૬૪ |
| ૧૪. | કોટવાળિયા/વિટોલિયા | ૧૨,૯૦૨ |
| ૧૫. | પઢાર | ૪,૭૫૮ |
| ૧૬. | રબારી | ૪,૬૯૩ |
| ૧૭. | વાઘરી | ૪,૬૩૭ |
| ૧૮. | સીદી | ૪,૪૮૨ |
| ૧૯. | કાથોડી | ૨,૯૩૯ |
| ૨૦. | પારધી (કચ્છ) | ૨,૮૦૬ |
| ૨૧. | પારધી (ફણુસે) | ૨,૬૭૭ |
| ૨૨. | બાવચા/બામચા | ૨,૩૪૫ |
| ૨૩. | ચારણ | ૧,૭૦૦ |
| ૨૪. | ભીલ (કચ્છ) | ૧,૨૨૭ |
| ૨૫. | ભરવાડ | ૫૩૧ |
| ૨૬. | ગોંડ–રાજગોંડ | ૪૦૨ |
| ૨૭. | પોમલા | ૩૦૦ |
| ૨૮. | બરડા | ૫૩ |
| ૨૯. | બિન–વર્ગીકૃત | ૪૧,૬૩૯ |
| | કુલ | ૩૭,૩૪,૪૨૨ |

આ જાતિઓની વસ્તીને જોતાં જણાય છે કે આમાંની ક્રમ ૧થી ૧૪ સુધીની જાતિઓમાં મોટા ભાગની આદિમ જાતિઓની વસ્તી સમાઈ જાય છે.

રાજ્યની આ બધી જ આદિમ જાતિઓ વિશે અધિકૃત અભ્યાસો નહિવત્ હોવાના કારણે એમના જીવનનાં વિવિધ પાસાંઓ વિશે અહીં જે કંઈ કહેવાયું છે તેને આદિમ જાતિઓના વિસ્તારના અભ્યાસપ્રવાસોના આધાર પર લખાયેલી છાપમૂલક નોંધરૂપ ગણવાનું છે.

આદિમ જાતિઓની વસ્તીની આ જાતિઓ પારસ્પરિક રીતે સાંસ્કૃતિક રેખાનાં ભિન્ન ભિન્ન બિંદુઓ પર છે. આમાંની કોટવાળિયા વારલી તેમજ કાથોડી જેવી જાતિઓમાં પોતાની પરંપરાગત રીતે જીવન જીવવાનું પ્રધાનપણે માલૂમ પડે છે. એમનું જીવન બિન-આદિમ સમાજની જીવન-પરંપરાઓથી નહિવત્ અસરવાળું હોઈ એમના જીવન-વ્યવહારમાં આદિમજાતિપણું સવિશેષપણે જળવાયું હોવાનું જણાય છે, તો આના બીજા છેડે ધનેડિયા અને ચોધરી જેવી જાતિઓ બિન-આદિમ સમાજના સંપર્કમાં આવીને એ સમાજના પછાતવર્ગ જેવી બનતો જતી હોય એવું જોવા મળે છે.

### આર્થિક જીવન

સમગ્ર રીતે જોતાં આ જાતિઓનું આર્થિક જીવન વિકાસરેખાના આદિમ-પણાના બિંદુ તરફનું રહ્યું હોઈ હજી પણ કંગાળ દશામાં છે. આ જાતિઓનો મુખ્ય વ્યવસાય ખેતી રહ્યો છે. જેમની પાસે ખેતીની જમીન નથી અથવા નહિવત્ છે. તેઓ ખેતમજૂરી કરીને અથવા તો કયારેક જંગલની પેદાશો એકત્ર કરીને પણ જીવતા હોય છે. આમાંની કોટવાળિયા તેમજ કાથોડી જેવી જાતિઓમાં અનુક્રમે વાંસકામ અને કાથો બનાવવાના પરંપરાગત ગૃહઉદ્યોગ પણ પ્રચલિત છે. સૌરાષ્ટ્ર તેમજ કચ્છમાં વસતી આદિમ જાતિઓમાંથી ભરવાડ રબારી અને ચારણ જાતિઓમાં ઢોર-ઉછેરનો વ્યવસાય જણાય છે, તો વળી દક્ષિણ ગુજરાતમાં વસતી દૂબળા જેવી જાતિ ત્યાંના ઉજળિયાતોના ઘર-કામમાં પરોવાયેલી જોવા મળે છે. પંચમહાલના ભીલ કોઈ વાર રસ્તાઓના બાંધકામના કાર્યમાં અને બહુધા રેલમાર્ગના બાંધકામના કાર્યમાં કામે લાગેલા જણાય છે. છોટાઉદેપુર તરફની આદિમ જાતિઓમાંથી ભીલ અને રાઠવા જેવી જાતિઓનાં કુટુંબ બનાસકાંઠા સાબરકાંઠા ખેડા આદિ જિલ્લાઓમાં ખેતમજૂરી કરવા જઈને ત્યાં આ કામ અર્થે સ્થિર થયેલાં પણ જોવા મળતાં હોય છે. હવે ખાસ કરીને ધોડિયા તેમજ ચોધરી જેવી જાતિઓમાં શિક્ષણના વ્યવસાયમાં પડેલાઓની સંખ્યા વધતી જતી જણાય છે.

## સામાજિક જીવન

આ જાતિઓમાં વ્યક્તિ કરતાં સમાજનું મહત્ત્વ વધુ જોવા મળે છે.

આ પ્રજાનો વસવાટ એક એક એવાં છૂટાં છૂટાં ઝૂંપડાંવાળો, થોડાંક ઘરોનાં ઝૂમખાંવાળો તેમજ સમસ્ત ગામ જે તે જાતિ કે જાતિઓના વસવાટવાળું હોય તેવો, એમ ભિન્ન ભિન્ન પ્રકારનો માલૂમ પડે છે. સાબરકાંઠા બનાસકાંઠા તથા પંચમહાલના ભીલો અને ભીલ ગરાસિયાઓના વસવાટોમાં પહેલા પ્રકારનાં, દક્ષિણ ગુજરાતના ચૌધરી ગામીત તેમજ કોટવાળિયા ઇત્યાદિ જાતિઓના વસવાટમાં બીજા પ્રકારનાં અને જૂનાગઢ જિલ્લાના તલાળા તાલુકાના જમ્બૂર ગામમાં વસતા સીદીઓના વસવાટમાં ત્રીજા પ્રકારનાં ઉદાહરણ જોવા મળે છે.

આહારની બાબતમાં આ પ્રજા માંસાહારી–શાકાહારી છે.

એમના વસવાટ–વિસ્તારમાં આવેલી જમીનો હલકા પ્રકારની પથરાળ, ખાડાટેકરાવાળી અને ઘણી વાર ટેકરીઓ પરની હોઈ એમાં પેદા થતા પાક મુખ્યત્વે હલકા પ્રકારનાં ધાન્યોના જ હોય છે. તેઓ મકાઈ જુવાર નાગલી કોદરી વગેરે જેવાં હલકાં ધાન્ય પકવે છે. એ તેઓનો મુખ્ય ખોરાક બની રહે છે.

વારન્તહેવારે તેઓ મુખ્યત્વે બકરાં કૂકડાં તેમજ ઉપલબ્ધ અન્ય પશુપક્ષીઓના માંસનો ઉપયોગ કરતા હોય છે. નદીનાળાંમાંથી માછલાં મળી શકતાં હોય તો ક્યારેક એનો ઉપયોગ પણ કરવામાં આવતો હોય છે. આ સિવાય ઘણી વાર કિશોર–કિશોરીઓ ગલોલ વડે ચકલાં–ખિસકોલાંનો નાનો શિકાર કરીને તથા જંગલમાંથી ફળોની વીણ કરીને પણ ખોરાકમાં પૂર્તિ કરતાં હોય છે.

જંગલમાંથી મળતી અનેક પ્રકારની વનસ્પતિઓના ભાજીપાલા તથા ફૂલો પણ એમના ખોરાકમાં શાકભાજી તરીકે વપરાતાં હોય છે. ઉ.ત. 'ખોટો ભાજો' નામની ભાજી ચૌધરીઓની અત્યંત પ્રિય ભાજી છે.[3]

વાહનવ્યવહારની સવલતો, શિક્ષણનો પ્રસાર અને બિન–આદિમો સાથેના સંબંધો, વગેરે વધવાને કારણે મેદાની વિસ્તારોના આદિમોમાં એમના પડોશના બિન–આદિમોનાં ખાનપાનની અસર હવે શરૂ થઈ ગયેલી જોવા મળે છે.

પહેરવેશમાં પુરુષોમાં લંગોટથી માંડી ધોતી સુધીનો પોશાક જુદી જુદી જાતિઓમાં પ્રચલિત છે. માત્ર લંગોટી તો હવે ડાંગના ભીલોમાં ઊંડાણવાળા વિસ્તારોમાં જ જોવા મળે છે, બાકી બધે તો બહુધા જુદી જુદી રીતે પહેરાતી નાનીમોટી ધોતી જોવા મળે છે. ભીલોમાં માથે ફાળિયું અને કમર ઉપરના ભાગે બંડી

પહેરવામાં આવે છે. ભીલો કાળી બંડીથી જુદા તરી આવે છે. આમાંયે પંચમહાલના તથા દક્ષિણ ગુજરાતના ચૌધરી અને ધોડિયાઓમાં આના બદલે અનુક્રમે ગાંધીટોપી અને ઝભ્ભો પ્રચલિત થયેલાં જણાય છે.

અલંકારપ્રિયતા આ જાતિઓનું સર્વસામાન્ય લક્ષણ છે.

પુરુષો કાનમાં સોનાની કે પિત્તળની કડી પહેરતા હોય છે. કેટલાક શોખીન તેમજ પહોંચતા હોય તેઓ કેડે સાંકળી તથા હાથે ચાંદીનાં કડાં પણ પહેરતા હોય છે. બંડીનાં બટનોમાં પણ ચાંદીની સેર જોવા મળતી હોય છે. કેટલાક વીંટી પણ પહેરતા હોય છે.

પરંતુ અલંકારની શોખીન તો સ્ત્રીઓ જણાય છે. પગથી માથા સુધી આદિમજાતિની સ્ત્રી કોઈક ને કોઈક અલંકારથી લદાયેલી કે મંડિત જોવા મળે છે. ઉ. ત. ભીલ સ્ત્રીએ માથાના આગળના ભાગે કપાળ ઉપર દામણી, નાકમાં જડ, હાથમાં જુદાં જુદાં બલૈયાં, હાથની આંગળીઓ પર વીંટીઓ અને ઝાબિયાં, ગળામાં કીડિયાંના રંગબેરંગી હાર, વાળમાં પણ કીડિયાંની સેરોની ગૂંથણી, પગમાં બેડી સાંકળાં કાંબી કડલાં ઇત્યાદિ પહેરેલ હોય છે. આ ઉપરાંત કોઈક વાર માથામાં અને કાનમાં જુદા જુદા પ્રકારનાં ફૂલ પણ ખોસવામાં આવતાં હોય છે અને કેટલીક વાર ઘાસના સુંદર ગૂંથણીવાળા અલંકાર પણ ધારણ કરવામાં આવતા હોય છે. ચૌધરીઓની 'ગંઠી' આનું ઉદાહરણ છે.

એમના પ્રત્યેક રિવાજમાં ઘણે અંશે રૂઢિગત માન્યતાઓનું જોર બહુ પ્રબળપણે વરતાય છે. મંત્રતંત્ર ભૂતપ્રેત ડાકણવંતરી ઝોડવળગાડ વગેરે જેવાં અનેક તત્ત્વ પણ આજે એ સમાજમાં વ્યાપકપણે માન્ય છે અને એના અનુસંધાનરૂપ આવાં તત્ત્વોમાંથી છુટકારો મેળવી આપનારા ભોપા–ભગત પણ સ્વાભાવિક રીતે જ એટલી જ વ્યાપક રીતે માનાર્હ બને છે.

આવું જ સમસ્ત સમાજલક્ષી વ્યાપક લક્ષણ સુરાપાન છે. એમનામાં બાળક અવતરે ત્યારથી માંડીને મૃત્યુ પર્યંતના અનેકવિધ સામાજિક રિવાજ સુરાયુક્ત રિવાજો છે. આ અર્થમાં સુરાપાન એ એમના સામાજિક જીવનનો એક સ્વીકૃત ભાગ હોય એમ જણાય છે. ભીલ ગરાસિયાઓની બોલીમાં તો 'સગાઈ કરવા જવું' એ ઉક્તિ માટે 'સરો પીવા ઝાવણું' ઉક્તિ પ્રચલિત છે.[૪]

## ધાર્મિક જીવન

ખ્રિસ્તી ધર્મમાં લાવવાની સરળતા થાય એવા ઉદ્દેશે આ પ્રજાના ધર્મ વિશે વિદેશી વિદ્વાનોએ વિસંવાદ ઉપજાવેલો, પરંતુ નીચે બતાવ્યું છે તે પ્રમાણેની

પરિસ્થિતિ જોતાં અનેકદેવવાદી હિંદુ ધર્મમાં આ પ્રજાના સમાવેશ વિશે શંકાને કારણુ રહ્યું નથી.

એમની જીવનરીતિ જોતાં એમનું ધાર્મિક જીવન ભયશંકિત એવી રૂઢિઓ અને પરંપરાઓ પર આધારિત હોય એમ જણાય છે. સ્વપ્નનું મહત્ત્વ, શુકન-અપશુકનનું પરંપરાગત પાલન, ભૂતપ્રેતનો વળગાડ, ડાકણુ-વંતરીનું ચોંટવું, મૂઠ અને નજર લાગવી, દેવ તથા પિતૃઓને વાંકું પડવું, ઇત્યાદિ માન્યતાઓમાં પ્રગાઢ વિશ્વાસ એ આનાં ઉદાહરણુ છે.

આમ હોવાથી એમનાં દેવદેવીઓની સૃષ્ટિ ભારે મોટી છે.

દા. ત. ચૌધરીઓ કુદરતનાં પરિબળોને દેવદેવીઓ તરીકે પૂજે છે. આવા દેવોમાં સૂરજદેવ ચાંદદેવ ગગનગોટો વીજળી વંડ્ડાદેવ મેઘદેવ વગેરે મુખ્ય છે. તેઓના ભરણુપોષણુ માટેનો મુખ્ય વ્યવસાય ખેતી છે, આથી ખેતીને કંઈ નુકસાન ન થાય અને સારી ફસલ ઊતરે એ અર્થે પણુ તેઓ જુદા જુદા દેવોને માનતા હોય છે. આ અંગેના મુખ્ય દેવોમાં નાંદરવો સીમાયરો કંસરીમાતા ભેરોતલાવ બણુભો કાલીકાકર વગેરે છે. એ જ રીતે પોતાનાં પશુઓનાં સુખ તેમજ સુમૃદ્ધિ અર્થે તેઓ ગોવાલદેવ મોગરદેવ વાઘદેવ ભેસધરો વગેરે દેવોને આરાધતા હોય છે. વળી રોગ-માંદગી અને ઝોડ-ઝપટ ઇત્યાદિ જેવાં શારીરિક દુઃખોમાંથી મુક્તિ મેળવવા માટે તો તેઓ અસંખ્ય દેવદેવીઓની પૂજા-આરાધના કરતા હોય છે. આમાં કાકાબળિયા, ભૂરી પાંડણુ, મરકી માતા, ગવલીગઢ, બગનો ભૂત, ગરબડ દેવી, પેટફોડી માતા, ડેબરી દેવી ઇત્યાદિ મુખ્ય મુખ્ય છે.

આવું જ અન્ય જાતિઓ વિશે કહી શકાય. વળી વ્યક્તિગત હિતો અર્થેનાં, સામાજિક હિત અર્થેનાં, સારામાઠા સામાજિક પ્રસંગો અર્થેનાં, સામાજિક ઉત્સવો અર્થેનાં અને કુદરતને લગતાં એમ પ્રત્યેક પ્રસંગ માટેનાં ખાસ દેવદેવીઓ હોય છે. જેવો પ્રસંગ, તેવો દેવ.

આ બધામાં પણુ અનેકવિધ ભેદો, મુખ્ય દેવથી માંડીને સામાન્યમાં સામાન્ય દેવ સુધીની અનેકવિધ કોટિઓ ! મુખ્ય દેવની પાસે પહોંચતાં પહેલાં એના એ અનેક હજૂરિયા દેવોને વીનવવા પડે, પ્રસન્ન પણુ કરવા પડે !

આ માટે જેવા દેવ, તેવો એનો બલિ. મોટા દેવને બકરું ચડાવવું પડે, જ્યારે નાના દેવને કૂકડું નાળિયેર અને અનાજ વગેરેથી રીઝવી શકાય. દેવોને રીઝવવા માટેનો વિધિ પણુ જુદો જુદો હોય.

આ પ્રકારના પ્રત્યેક વિધિ પાછળ આ પ્રજાનો દૃઢ રૂઢિસંસ્કાર જોવા મળે

છે. જે તે પ્રસંગે ઉપયોગમાં લેવાતાં ખાસ વાજિંત્રો, જે તે પ્રકારનાં ખાસ નૃત્યો, વિધિ કરાવવા માટેની નિયત વ્યક્તિઓ, આવી વ્યક્તિઓએ તેમજ સમસ્ત જાતિએ જે તે પ્રસંગની ઉજવણી વખતે પાળવા પડતા વિધિનિષેધ, ઇત્યાદિ જેવી બાબતોમાં આ પ્રજામાં અત્યંત ચુસ્ત પ્રકારની ચોકસાઈ જોવા મળે છે.

આમ ગુજરાતની આદિમ પ્રજાનું ધાર્મિક જીવન વિવિધરંગી માલૂમ પડે છે.

## સાંસ્કારિક જીવન

આદિમ જાતિઓના લોકો ઉત્સવપ્રિય પ્રજા છે. આની પ્રતીતિ આદિમ જાતિઓના કોઈ પણ મેળા કે જાત્રાને જોવાથી થઈ શકશે. ગુજરાતનો એક પણ વિસ્તાર મેળા વગરનો હોતો નથી. આદિમ લોકોના મેળા ઘણુંખરું પર્વતો નદીઓ વગેરેના સામીપ્યમાં યા તો દેવદેવીઓનાં સ્થાનકોમાં ભરાતા હોય છે,

આદિમોના મેળા સંખ્યાની દૃષ્ટિએ અનેક અને પ્રકારની દૃષ્ટિએ વિવિધ હોય છે. આવા મેળાઓમાં જે તે વિસ્તારની આદિમ પ્રજા પોતાનાં ગામોમાંથી રંગબેરંગી વસ્ત્રો પહેરીને તથા જુદાં જુદાં વાજિંત્ર વગાડતી સમૂહમાં જઈ રહી હોય તે વખતે તે તેના ખરા રંગમાં દેખાય છે.

ઉદાહરણરૂપે ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવામાં ભરાતા 'ડાંગ દરબાર' મેળાના કેંદ્રસ્થાને આર્થિક સ્વરૂપ પડેલું છે. ભીલ રાજાઓને સાલિયાણાની વહેંચણી અને અન્યોને બહાદુરી અથવા તો આ પ્રકારનાં પ્રજાહિતનાં કાર્યો માટે ઇનામો આપવાં એ આ મેળા પાછળની મુખ્ય ભૂમિકા છે. આ મેળો એના આવા સ્વરૂપને કારણે એક વિશિષ્ટ પ્રકારનો મેળો બની રહે છે.

ધાર્મિક પ્રકારના કહી શકાય તેવા મેળા પણ અનેક હોય છે. દા. ત. "ચૂલના મેળા' તરીકે જાણીતા આવા મેળાઓમાં પોતે લીધેલી બાધા-આખડી ફેડવા માટે અથવા આવા જ કોઈ કારણસર જુદાં જુદાં સ્થળોએ જુદી જુદી પહોળાઈની સળગતા અંગારની ચૂલો પર પણ આસ્તિક વ્યક્તિઓ ઉઘાડા પગે ચાલતી હોય છે.

આ મેળો જુદાં જુદાં સ્થળોએ બહુધા ફાગણ વદ ૧ ના રોજ ભરાતો હોય છે.[૫] પંચમહાલ જિલ્લામાં દાહોદની આજુબાજુનાં રણિયાર કણબી ગાંગરડી અભલોદ અને મોટી ખારજમાં તેમજ અનાસની નજીકના રાંચરડામાં, વડોદરા જિલ્લામાં નવસાડીની આજુબાજુના રતનપુરમાં અને સેગપુરમાં તથા છોટાઉદેપુરની આજુબાજુના પાનવડ અને રુમડિયા ગામોમાં ભરાતો હોય છે.

આ જ રીતે આદિમોના વિસ્તારોમાં સામાજિક પ્રકારના પણ અનેક મેળા અનેક સ્થળે ભરાતા હોય છે. ઉદાહરણ તરીકે 'ગોળ ગધેડાના મેળો' પણ અનેક

સ્થળોએ ભરાતો હોય છે. જે સ્થળે આ મેળો ભરાતો હોય છે ત્યાં છ-સાત મીટર ઊંચો એક થાંભલો જમીનમાં ખોડવામાં આવે છે અને એની ટોચે એકાદ કિલો જેટલા ગોળની એક પોટકી બાંધવામાં આવે છે. આ થાંભલાની ફરતે યુવતીઓ લીલાં ઝાડની પાતળી સોટીઓ લઈને ગોળની ચોકી કરતી નાચતી ગાતી હોય છે. આ ચોકી વીંધીને કોઈ બહાદુર જુવાન સોટીઓના ચાલુ માર વચ્ચેથી પસાર થઈને થાંભલાની ટોચ પર રહેલી ગોળની પોટકીને ઉતારી આવે છે. પછી ગીતો ગાતાં ગાતાં યુવક–યુવતીઓ નાચે છે.

આ મેળા સામાન્ય રીતે ફાગણ વદ ૫ થી માંડી અમાસ સુધીના દિવસોમાં ભરાતો હોય છે.

આ અને આવા બીજા અનેક મેળા આદિમ પ્રજાના સામાજિક જીવનમાં ખૂબ અગત્યનો ભાગ ભજવતા હોય છે. એમાં ખાનપાન તેમજ મોજશોખની અને એમની જરૂરિયાતોને પોષે તેવી અનેકવિધ ચીજ–વસ્તુઓની હાટડીઓ મંડાયેલી હોય છે તેથી આ મેળા એમના માટે ખરીદીનાં હાટ બની રહેતા હોય છે; યુવક–યુવતીઓ માટે જીવનની મસ્તીને હેલે ચડાવવા માટેના કોઈક વાર જીવનસાથીની પસંદગી માટેનાં પણ મિલનસ્થાન બની રહેતા હોય છે.

આવા મેળાઓમાં ગીતો અને નૃત્યો એ મુખ્ય પ્રવૃત્તિ હોય છે. સ્ત્રી-પુરુષોનાં સમૂહનૃત્યો આ પ્રજામાં તદ્દન સાહજિક છે. ભીલોમાં સ્ત્રીપુરુષો એક-બીજાને કેડથી પકડીને ગોળાકારે કલાકોના કલાકો સુધી ગીતો ગાતાં નાચતાં હોય છે. આવાં ચાલુ નૃત્યોમાંથી એક ઝોલું જાય અને બીજું આવે. આ વણઝાર મેળાના અંત સુધી સતત ચાલ્યા જ કરે! કેટલીક વાર આવાં જુદાં જુદાં ઝોલાંઓમાં "ગાયણા"ની હરીફાઈ પણ ચાલે અને કોઈ વાર તો એક પક્ષ જે ગાય તેનો બીજો પક્ષ શીઘ્ર ગાનમાં તરત જ જવાબ પણ આપી દે! આમ "ગાયણું અને નાચણું" સતત ચાલ્યા જ કરે. આ રીતે મેળાઓમાં ગાવું અને નાચવું એ આદિમ જાતિઓના લોકોના જીવનનું એક મહત્ત્વનું અંગ બની રહે છે.

હવે જોકે આદિમ જાતિઓના ભણેલા લોકોમાંનો અમુક વર્ગ આવાં ગીતો અને નૃત્યોમાં ભાગ નથી લેતો, એટલું જ નહિ, પરંતુ આ પ્રવૃત્તિઓ જાણે હીન હોય એવા માનસિક વલણ સાથે એ પ્રત્યે નફરતની નજરે પણ જોવા લાગ્યો છે.

## પાદટીપ

૧. 'આદિવાસી ગુજરાત', પુ. ૨, અંક ૧, પૃ. ૮૭

૨, 'આદિવાસી વર્તમાન' (સાઇક્લોસ્ટાઇલ્ડ), પુ. ૧, અંક ૧, પૃ. ૯–૧૦

આ સંદર્ભના આંકડાઓમાં ભૂલો જણાઈ હતી તે બીજા પ્રમાણિત સંદર્ભો દ્વારા ચકાસીને અહીં સુધારી લઈને આંકડા રજૂ કરવામાં આવ્યા છે.

૩. શાન્તિભાઈ આચાર્ય, 'ચૌધરીઓ અને ચોધરી શબ્દાવલિ', પ્રસ્તાવના, પૃ. ૮–૯

૪. શાન્તિભાઈ આચાર્ય, 'ગુજરાતી–ભીલી વાતચીત,' પૃ. ૨૩

૫. R. K. Trivedi (ed.), *Fairs and Festivals*. (Census of India, 1961), Vol. V, Part VII-B, pp. 132, 135, 136, 152 & 154

## પ્રકરણ ૧૦

# આર્થિક સ્થિતિ

ગુજરાત એની ભૌગોલિક રચના માટે પ્રસિદ્ધ છે. ફળદ્રુપ જમીન, લાંબો દરિયાઈ પટો તેમજ નદી અને જમીન-માર્ગોએ ગુજરાતને ખેતીપ્રધાન અને વેપારપ્રધાન બનાવવામાં મદદ કરી છે. આ ઉપરાંત ગુજરાત એના સાહસિક વેપારીઓ, કુશળ કારીગરો તથા ઉદ્યમી ખેડૂતોની બાબતમાં ઊંચી પરંપરા ધરાવે છે. આ પરંપરા નગરશેઠ આંગડિયા અને શરાફી સંસ્થાઓમાં, હસ્તકલા અને કારીગરોના ઉત્કૃષ્ટ નમૂનાઓમાં તેમજ કૃષિક્ષેત્રે કપાસ ગળી અને તમાકુ જેવા રોકડિયા પાકોના વાવેતરમાં વ્યક્ત થતી આવી છે. અઢારમા સૈકામાં ફેલાયેલી રાજકીય અવ્યવસ્થાને પરિણામે સત્તા માટે લડાયેલાં યુદ્ધોની ગુજરાત જેવા સમૃદ્ધ પ્રદેશ ઉપર વિપરીત અસર થાય એ દેખીતું છે. આમ છતાં પણ આ કાલમાં ગુજરાતે એની ઉચ્ચ પરંપરા જાળવી રાખી હતી. ૧૮૧૮ માં ગુજરાતના શાસનનો દોર મરાઠાઓના હાથમાંથી અંગ્રેજોના હાથમાં ગયો તે સમયે ગુજરાત એની કૃષિ-પેદાશો માટે જાણીતું હતું. બળદની ઉચ્ચ જાત માટે પણ એ દેશભરમાં મશહૂર હતું. હકીકતમાં તો સુરત ભરૂચ વડોદરા નડિયાદ અમદાવાદ ધોલેરા રાજકોટ ભાવનગર લખપત અને માંડવી જેવાં નાનાં-મોટાં અનેક બંદરોનો જે રીતે ઉદય થયો તે જ બતાવે છે કે ગુજરાતનાં ગામડાં નગરોને પોષી શકવાની ક્ષમતા ધરાવતાં હતાં.[1] જો ખેડૂતો એમના અને ગ્રામડાંઓના વપરાશ પૂરતું જ અનાજ પકવતા હોત તો ગુજરાતમાં નગરોનો ઉદય જ થયો ન હોત. આ પરિસ્થિતિ બતાવે છે કે બ્રિટિશ શાસન સ્થપાયું તે પહેલાં ગુજરાતમાં ખેતી અને વેપાર ઉદ્યોગ એકબીજાનાં પૂરક તરીકે સાબિત થયાં હતાં.

અંગ્રેજોએ પશ્ચિમ ભારતમાં સત્તા હાંસલ કર્યા બાદ આર્થિક વિકાસના આવશ્યક અંગરૂપ કાયદો અને વ્યવસ્થા સ્થાપ્યાં. આ સાથે એમણે એવા મૂળગત ફેરફાર દાખલ કર્યા કે એની અસર ગુજરાતના અર્થતંત્ર ઉપર પડયા વગર રહી નહિ. નાનાં-મોટાં દેશી રજવાડાંઓનાં અસંખ્ય ચલણોને સ્થાને સમગ્ર હિંદમાં એક સમાન ચલણપદ્ધતિ દાખલ થવી, વેપારના અંતરાયરૂપ સંખ્યાબંધ જકાત-ચોકઠાંઓનો અંત આવવો, તાર ટપાલ રેલવે અને છાપખાનાં જેવાં સાધનોની

શરૂઆત થવી, ગુજરાતમાંથી ઇંગ્લૅન્ડમાં કાચા માલની નિકાસ કરવાના તથા ત્યાંનાં મશીનોમાં તૈયાર થયેલા માલની ગુજરાતમાં આયાત કરવાના આશયથી બંદરોને જમીન-માર્ગો સાથે સાંકળવાં, આ બધી બાબતો ગુજરાતના આર્થિક જીવનમાં પરિવર્તન લાવવાની શકયતાઓ ધરાવતી હતી.[૨] ગુજરાત એના ઇતિહાસમાં સૌપ્રથમ વાર ઇંગ્લૅન્ડની સંસ્થાનવાદી રીતરસમ ધરાવતા મૂડીવાદી ગ્રહમંડલની પરિક્રમામાં આવતું ગયું. ગુજરાતના પલટાતા જતા આર્થિક જીવનને આ સંદર્ભમાં સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

૧. ખેતી અને જમીન-મહેસૂલવિષયક બાબતોમાં ગુજરાતમાં જે પદ્ધતિ અને સંસ્થાઓ મુઘલ સમયમાં પ્રવર્તતી હતી તે પદ્ધતિ અને સંસ્થાઓ મરાઠા કાલમાં લગભગ બ્રિટિશ શાસકોને સૈકાઓથી ચાલી આવેલી વ્યવસ્થારૂપે વારસામાં મળી હતી. પ્રાગ્-બ્રિટિશકાલીન વ્યવસ્થામાં જમીન ઉપરના સાચા માલિકી-અધિકાર ન તો રાજ્યના હતા કે ન તો વ્યક્તિગત ખેડૂત-કુટુંબોના, આ અધિકાર સામૂહિક હતા, એ ગ્રામ-સમુદાય સમસ્તના હતા. પુરાણી વ્યવસ્થામાં ખેડૂતો ન તો ભૂમિહીન થઈ શકતા કે ન તો જમીન વેચી શકતા. મુઘલ કે મરાઠા શાસક ઇચ્છે તોપણ એ ખેડૂતોને ભૂમિહીન કરી શકતો નહિ. વળી આ વ્યવસ્થા સાથે જે અધિકારીઓ સંકળાયા હતા તે રૂઢિ-પ્રણાલિગત રીતે વંશપરંપરાગત હોદ્દા અને અધિકારો ધરાવતા હતા. દેસાઈ પટેલ અમીન મજમૂદાર કમાવીસદાર તલાટી અને હવાલદાર જેવા મહેસૂલી અધિકારીઓ જુદા જુદા સ્તરો ઉપર એમની ફરજ બજાવતા હોવા છતાં એ ગુજરાતના મહેસૂલ-તંત્રના અવિભાજ્ય અંગ તરીકે પરસ્પર સંકળાયેલા હતા.[૩]

બ્રિટિશ શાસકોએ આ પરંપરાગત વ્યવસ્થામાં વ્યાપક અને કેટલેક અંશે મૂળભૂત ફેરફાર દાખલ કર્યા. એમણે 'દેસાઈ' અને 'મજમૂદાર' જેવી રૂઢિગત સંસ્થાઓને સત્તાહીન બનાવીને કલેક્ટર મામલતદાર અને ન્યાયધીશ જેવી વધારે શક્તિશાળી અને અધિકારયુક્ત સંસ્થાઓને વિકસાવી. કમ્પની સરકારે વંશપરંપરાગત સેવાઓ-સિદ્ધાંતોને ફગાવી દઈને પ્રત્યેક અધિકારીને સરકારના સીધા અંકુશ નીચે મૂક્યો અને એને સરકારનો પગારદાર નોકર બનાવ્યો. આ નોકરો એની ગેરવર્તણૂક માટે બરતરફ થઈ શકે અને એમની બદલી પણ થઈ શકે એવી વ્યવસ્થા અમલી બની.[૪] પુરાણી વ્યવસ્થામાં દેસાઈ અમીન અને મજમૂદાર જેવા અધિકારીઓ જમીન-મહેસૂલ ઉઘરાવનાર ઠેકેદાર હતા. બ્રિટિશ શાસકોએ આ વ્યવસ્થાને ખતમ કરીને ખેડૂતો સાથે પ્રત્યક્ષ સંબંધો બાંધવાના આશયથી ઈ. સ. ૧૮૨૬ સુધીમાં સુરત અમદાવાદ અને ખેડા જિલ્લાઓમાં નવેસરથી

જમીન-માપણી શરૂ કરી. એમણે જમીન-મહેસૂલના દર અંગેના નવા સિદ્ધાંત વિકસાવ્યા. આ બધાંને અંતે ઈ.સ. ૧૮૨૭ નો 'બોમ્બે રેગ્યુલેશન ઍક્ટ–નંબર સત્તર' અસ્તિત્વમાં આવ્યો, જેણે ગુજરાતમાં રૈયતવારી પ્રથાની શરૂઆત કરી.[૫] આ પ્રથા જેમ જેમ વિકસતી ગઈ તેમ તેમ વંશપરંપરાગત અધિકારીઓની અને ઠેકેદાર મધ્યસ્થીઓની સત્તા અને લાગવગ ક્ષીણ થતી ગઈ. મહેસૂલ-ઉઘરાણીની બાબતમાં હવે રાજ્ય અને ખેડૂતો વચ્ચેનો સંબંધ પ્રત્યક્ષ બન્યો.

આ પ્રથા વિકસાવવામાં માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન જેવા મુંબઈના ગવર્નરોએ તથા કેપ્ટન ક્રુકશૅન્ક, મેલવીલ, ન્યૂપૉર્ટ અને મોનિયર વિલિયમ્સ જેવા સંનિષ્ઠ અને કાર્યદક્ષ અધિકારીઓએ પણ ભાગ ભજવ્યો.[૬] કમ્પની સરકારનો આ 'મહેસૂલી અખતરાઓ' પાછળનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતો પાસેથી જેમ બને તેમ વધારે પ્રમાણમાં મહેસૂલ વસૂલ કરવાનો હતો, આથી આ નવી મહેસૂલ-વ્યવસ્થાની ગુજરાતના ખેડૂતો ઉપર ઘણી વિપરીત અસર થઈ. બેડન પોવેલ જેવા અનુભવી મહેસૂલી અધિકારી અને આ વિષયના ઊંડા અભ્યાસીએ નોંધ્યું છે તે મુજબ કમ્પની સરકારે ખેડૂતો પાસેથી મહેસૂલ વસૂલ કરવામાં એવી કઢંગી રીતરસમો અપનાવી કે બ્રિટિશ–ગુજરાતના ઘણા ખેડૂતો દેશી રાજ્યોમાં સ્થળાંતર કરી ગયા.[૭]

ઓગણીસમા સૈકાના પૂર્વાર્ધમાં કમ્પનીએ હિંદમાં એની સત્તા ફેલાવવા અને સત્તાનું તંત્ર વિકસાવવા ભારે નાણાં ખર્ચ્યાં. નાણાં પ્રાપ્ત કરવા એણે જમીન–મહેસૂલ વધાર્યું. 'જોઈન્ટ રિપૉર્ટ' તરીકે ઓળખાતા ૧૮૪૭ ના મહેસૂલ-વિષયક નીતિ-નિયમ અસ્તિત્વમાં આવતાં સરકારની મહેસૂલ-વિષયક નીતિમાં પરિવર્તન આવ્યું. આ નીતિ–નિયમો નીચેના સિદ્ધાંતો ઉપર રચાયા હતા : (૧) પ્રત્યેક જમીનનો આકારણી વ્યક્તિગત રીતે કરવામાં આવશે, (૨) દર ત્રીસ વર્ષે જમીનની ફરી આકારણી કરવામાં આવશે, અને (૩) આકારણીનું ધોરણ પાકની કિંમત ઉપર નહિ, પણ જમીનની કિંમત ઉપર બાંધવું. આ સિદ્ધાંતોને આધારે ઈ. સ. ૧૮૫૧ થી ઈ.સ. ૧૮૮૪ દરમ્યાન 'મૂળ જમાબંધી' વ્યવસ્થા શરૂ થઈ. ઈ. સ. ૧૮૮૮ થી ઈ.સ. ૧૯૧૦ દરમ્યાન 'સુધારેલી જમાબંધી'નો અમલ શરૂ થયો.

આ બધાં જ વર્ષો દરમ્યાન જમીન-મહેસૂલના દર વધતા ગયા. સરકાર ખેડૂતોને એમ ઠસાવવા માગતી હતી કે રેલવે જેવાં સાધન વિસ્તારીને અને દેશમાં કાયમી ધોરણે શાંતિની અને ખાનગી મિલકતની સહીસલામતીની સ્થાપના કરીને એણે ખેતીને પહેલાંના કરતાં વધારે આબાદ સ્થિતિમાં મૂકી છે. આ

ઉપરાંત સરકારનો દાવો હતો કે અમેરિકન આંતર વિગ્રહ (૧૮૬૧–૬૫) દરમ્યાન રૂના 'શેર-સટ્ટા'માં ગુજરાતના ઘણા ખેડૂત માતબર બન્યા હતા.[૮] જોકે હકીકતમાં 'શેર–મેનિયા'નો લાભ ખેડુતોને નહિ, વેપારીઓને મળ્યો હતો અને એ પણ અલ્પજીવી સાબિત થયો હતો. આંતરવિગ્રહનો અંત આવતાં જ વેપારીઓ અને સટ્ટાખોરો તારાજ થઈ ગયા હતા. આવાં ઉપરછલ્લાં કારણોને આગળ ધરીને મુંબઈ સરકારે ૧૮૬૭ પછી એનું મહેસૂલી તંત્ર વધારે શોષણ-ખોર બનાવ્યું. ગુજરાતમાં ઉપરાછાપરી દુકાળ પડવા છતાં એણે જમીન-મહેસૂલના દરમાં વધારો કર્યો. બ્રિટિશ શાસને ભૂમિને ખાનગી મિલકત તરીકે તો વિકસાવી જ હતી, તો વળી એણે જમીન–મહેસૂલ ચલણી નાણાંમાં જ ભરવાની પ્રથા પણ વિકસાવી હતી. આ કારણોથી ભૂમિ પણ અન્ય ચીજોની જેમ ખરીદ અને વેચાણને પાત્ર બની હતી. આવી પરિસ્થિતિમાં નિર્ધન અને દેવાદાર બનતા જતા ખેડૂતો એમની જમીનો શાહુકારોની પેઢીમાં ગીરો મૂકે અથવા તો એનું વેચાણખત કરી આપે એ સ્વાભાવિક હતું. આ ઝડપી પ્રક્રિયા દરમ્યાન ઘણા સ્વતંત્ર ખેડૂતો ખેતમજૂરોમાં પલટાઈ ગયા. આ વિષમ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને જ ભૂલા વરજભાઈએ એમના પુસ્તક 'ખેડુત લોકો ખેતી કરે છે તે ઉપર નિબંધ'માં વેધક ઉદ્ગારો વ્યક્ત કર્યા હતા કે ગુજરાતના વાણિયા અને શાહુકારો ખેડૂતોના અજ્ઞાનનો લાભ લઈને તેમજ બ્રિટિશ અદાલતોનો આશરો લઈને ખેડૂતોને ઠગે છે અને લૂંટે છે.

આવી કરુણ પરિસ્થિતિમાં પણ જો સરકારે ગુજરાતમાં નહેરો અને સિંચાઈઓના બાંધકામ પાછળ મૂડી-રોકાણ કર્યું હોત તો ખેતી તદ્દન કંગાળ હાલતમાં ન મુકાત, પરંતુ શાસકોની નીતિ ગુજરાતમાંથી કાચા માલની ઇંગ્લૅન્ડમાં નિકાસ કરવાની હોઈ એમણે સિંચાઈને ભોગે રેલવેના પાટા વિસ્તારવાની નીતિ અપનાવી. ઈ.સ. ૧૯૦૧માં નિમાયેલા સિંચાઈ-પંચે સાબરમતી મહી નર્મદા અને તાપી નદીઓની સિંચાઈ-યોજના શરૂ કરવાની ભલામણ કરી હોવા છતાં સરકારે 'નાણાકીય ખેંચતાણ'નું કારણ આગળ ધરીને એને પડતી મૂકી.[૯] સિંચાઈની બાબતમાં ગુજરાતની પરિસ્થિતિ મહારાષ્ટ્ર અને સિંધ કરતાં વિશેષ દયાજનક હતી. ઈ.સ. ૧૯૧૦થી ઈ.સ. ૧૯૧૪ દરમ્યાન ગુજરાતની ૪૦,૩૫,૦૦૦ એકર ખેડાયેલી જમીનમાંથી માત્ર ૧,૪૬,૦૦૦ એકર જમીન (એટલે કે ૪.૮ ટકા) લાભ મેળવી ચૂકી હતી.[૧૦] ઈ. સ. ૧૯૧૪ પહેલાં ગુજરાતની સિંચાઈ-યોજનાઓમાં સૌથી નોંધપાત્ર હાથમતી અને ખારીકટ યોજનાઓ હતી. ઉત્તર ગુજરાતની આ નદીઓ ઉપર બાંધવામાં આવેલા બંધોથી સાબરમતી અને ખારી

નદી વચ્ચેના ૧૪,૦૦૦ એકર વિસ્તારોને પાણીનો લાભ મળી શક્યો. આ બંધો બાંધવા પાછળ સરકારને રૂ. ૧૩ લાખનો ખર્ચ થયો હતો. આ ઉપરાંત સરકારે દુકાળ-રાહત કાર્યના ભાગરૂપે પંચમહાલ જિલ્લામાં ઈ.સ. ૧૯૦૦ માં એક તળાવ ખોદાવ્યું. આ મુવાલિયા તળાવ ખોદવામાં દુષ્કાળ-પીડિત ભીલોને રોજી મળી હતી.[૧૧] આ તળાવથી પંચમહાલના ખેડૂતોને કાંઈક રાહત મળી, પરંતુ આવા અપવાદોને બાદ કરતાં ગુજરાતમાં સિંચાઈ અને નહેરવ્યવસ્થા અત્યંત પછાત દશામાં રહેવા પામી હતી.

આવા સંજોગોમાં ખેડૂતોની પરિસ્થિતિ દિનપ્રતિદિન બગડતી ગઈ. જાણીતા સમાજ-સુધારક કરસનદાસ મૂળજીએ એમના 'ખેતીવાડી સુધારા વિષે નિબંધ'માં ખેડૂતોની દારુણ દશાનું વર્ણન કરતાં લખ્યું છે કે શરાફો અને વાણિયા એમને જીવનપર્યંત દેવાદાર રાખે છે.[૧૨] ૧૮૩૩, ૧૮૬૭, ૧૮૬૮, ૧૮૬૯, ૧૮૭૨, ૧૮૭૭, ૧૮૭૮, ૧૮૯૯, ૧૯૦૦ વગેરે વર્ષોમાં ગુજરાતમાં જે એક પછી એક દુકાળ પડ્યા[૧૩] તેને માટે માત્ર કુદરત જ જવાબદાર નહોતી; જો રેલવેના પાટાઓ પાછળ કરોડો રૂપિયા ખર્ચ કરવાને બદલે સરકારે સિંચાઈ અને નહેરો જેવી પ્રમાણમાં ઘણી ઓછી ખર્ચાળ યોજનાઓ પાછળ ખર્ચ કર્યો હોત તો ખેતીની પરિસ્થિતિ ઓછી વણસત.

પરંતુ બ્રિટિશ શાસન દરમ્યાન ખેડૂતોની સ્થિતિ વધારે ને વધારે ખરાબ થવાને સર્જાયેલી હતી. ૧૮૯૦ સુધીમાં તો બ્રિટિશ-શાસિત ગુજરાતના ખેડૂતો બેહાલ થઈ ચૂક્યા હતા. આવી વિષમ પરિસ્થિતિમાં અમદાવાદ પંચમહાલ ભરૂચ અને સુરત જિલ્લાઓમાં તેમજ સાબરકાંઠા એજન્સીના માણસા વગેરે પ્રદેશોના ખેડૂતોએ સરકારની મહેસૂલનીતિનો વિરોધ કરવો શરૂ કર્યો. માણસાના ખેડૂતોએ ભાગબટાઈ અને બીજા વેરાઓ સામે જેહાદ પોકારી, પરંતુ યોગ્ય નેતા તથા માર્ગદર્શનની ઊણપને લીધે તેમજ ખેડૂતોમાં સંગઠન-બળના અભાવને લીધે ખેડૂતોની આ લડત નિષ્ફળ ગઈ. એ જ પ્રમાણે દેશી રાજ્યના ખેડૂતોએ પણ રાજાઓની ચૂસણ-મહેસૂલી નીતિ સામે અસંતોષ વ્યક્ત કર્યો હતો. ઉદાહરણ તરીકે ઈ.સ. ૧૮૯૦ માં ખંભાત રાજ્યના ખેડૂતોએ રાજ્યના વધતા જતા ત્રાસ સામે આંદોલન કર્યું. ખંભાત રાજ્યમાં આ સમયે કુલ વસ્તી ૮૩,૪૯૪ ની હતી, જેમાં મોટા ભાગની વસ્તી કણબી કોળી મુસલમાન રાજપૂત અને ગરાસિયા ખેડૂતોની હતી. એમની પરિસ્થિતિ એટલી બધી દયાજનક થઈ પડી હતી કે જ્યારે રાજ્યે ઈ.સ. ૧૮૮૯-૯૦ માં જમીન-મહેસૂલ વધાર્યું ત્યારે ખેડૂતોએ મહેસૂલની રકમ ભરવા કરતાં લડી લેવાનું વધારે પસંદ કર્યું. ૧૮૯૦ ના સપ્ટેમ્બરમાં

રાજ્ય સાથે ખુલ્લેઆમ બંડ કર્યું અને ખંભાત શહેરને એસલે ઘેરો ઘાલ્યો, આથી નવાબ જાફરઅલીખાન ખંભાત છોડીને બ્રિટિશ વિસ્તારમાં નાસી ગયો. એણે મુંબઈ સરકારની મદદ વડે ખેડૂતો સામે ગોળીબાર કર્યો. લગભગ યુદ્ધ જેવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ, પણ અંતે બંદૂકની અણીએ ખંભાતની રાજ્ય સરકારે ખેડૂત-વિદ્રોહને દાબી દીધો. આ ખેડૂત-વિદ્રોહ વ્યાપક હતો; આમ છતાં પણ એને દોરવણી આપનાર કોઈ નેતાગીરી ઉત્પન્ન થઈ ન હોવાથી એ નિષ્ફળ ગયો.[૧૪]

આ પરિસ્થિતિ બતાવે છે કે ગુજરાતના ખેડૂતો કેવા અન્યાયી વાતાવરણ વચ્ચે જીવતા હતા. એમણે એક તરફ સતત વધતી જતી સરકારી મહેસૂલ સાથે, બીજી તરફ દુકાળોની પરિસ્થિતિ સાથે, તો ત્રીજી તરફ શેઠ-શાહુકારોની સંસ્થા સાથે ઝઝૂમવાનું હતું. આવી ત્રાસદાયક પરિસ્થિતિને અનુલક્ષીને જ અમદાવાદના એક સુપ્રસિદ્ધ સાપ્તાહિકે પોકાર કર્યો હતો :

'પહેલાંના સમયમાં ખેડુતોની તરફ જે દિલસોજી રહેતી હતી, વખતોવખત એમની જે સંભાળ લેવામાં આવતી હતી અને એમને બનતી મદદ આપવામાં આવતી હતી તે હાલ ક્યાં છે? વાસ્તવિક રીતે તો ખેડુતો એ રાજ્યની દૂઝણી ગાયો છે. એ ગાયોને રાજ્યકર્તા તરફથી જેટલી માયાથી પોષવામાં આવશે તેટલા પ્રમાણમાં એ દૂધ આપી શકશે, પરંતુ પોષણ નહિ હોય તો દૂધ આપવાના એ અખાડા જ કરશે અને વખતે લાત પણ મારશે. એમ છતાં પણ જો એને દોહવામાં આવશે તો દૂધને બદલે લોહી નીકળશે'.[૧૫]

જો આ પરિસ્થિતિ સામાન્ય ખેડુતોની હોય તો ભીલ અને દૂબળા જેવો આદિમ "ખેડૂત"પ્રજાની કેવી કરુણ સ્થિતિ હશે એ સમજી શકાય એમ છે. આ આદિમ જાતિઓ હકીકતમાં ખેડૂતો નહિ, પણ ખેતમજૂરો હતી અને દક્ષિણ ગુજરાતમાં એ એમના 'ધણિયામાં'ઓની વંશપરંપરાગત ગુલામ હતી.[૧૬] સુરતની રાની-પરજ કોમ 'હાળી પ્રથા'માં સૈકાઓથી જે રીતે સબડતી અને કચડાતી આવી હતી તે વાત જાણીતી છે. આ હાળીઓની પરિસ્થિતિ વિશે ગુજરાતમાં ઘોર અજ્ઞાન હતું. હિંદી રાષ્ટ્રિય મહાસભાએ તેમજ મહાત્મા ગાંધીની દોરવણી નીચે સ્થાનિક કોંગ્રેસી કાર્યકરોએ 'હાળી સમસ્યા'માં રસ લેવો શરૂ કર્યો હતો, પરંતુ એ ઈ.સ. ૧૯૧૯ બાદ. એ પહેલાં તો ગુજરાતની આદિમ પ્રજા પરત્વે, અનાવળા, પાટીદાર તથા પારસી જમીનદારો દ્વારા એમના થતા બેફામ શોષણ પરત્વે ગુજરાતના અગ્રવર્ગ પાસે ઉપરછલ્લી માહિતી પણ નહોતી.

ઉપર્યુક્ત ચર્ચા ઉપરથી ફલિત થાય છે કે ઈ.સ. ૧૮૧૮ થી ઈ.સ. ૧૯૧૪ દરમ્યાન ખેતીની પરિસ્થિતિ ઉત્તરોત્તર કથળતી જતી હતી. બ્રિટિશ શાસકોએ

એક તરફ જમીનને બજારુ ચીજોની જેમ લે-વેચને પાત્ર બનાવી, તો બીજી તરફ એમણે મહેસૂલની આકારણી રોકડમાં વસૂલ કરવાની નીતિ અપનાવીને મહેસૂલના દર વધારે ને વધારે આકરા બનાવ્યા. આવા સંજોગોમાં ખેડૂતો અને શાહુકારો વચ્ચે અદાલતી ઝઘડાઓની લાંબી અને વણથંભી ઘટમાળ શરૂ થઈ, જેમાં શાહુકારોએ એમની ખાતાવહીઓ અને અન્ય ચોપડાઓના 'પુરાવા'ઓને આધારે અભણ ખેડૂતોને અદાલતોમાં મહાત કર્યા. બીજા શબ્દોમાં કહીએ તો ગુજરાતમાં સંખ્યાબંધ ખેતરો એવી વ્યક્તિઓના હાથમાં ગયાં કે જેમને ખેતીમાં નહિ, પણ નફો ખાવામાં રસ હતો. આવા શાહુકાર-શેઠિયા ગામડાંઓમાં નહિ, પણ શહેરોમાં વસતા હતા. આ બધાં પરિબળોની વિપરીત અસર ખેતી ઉપર થઈ અને એક વ્યવસાય તરીકે ખેતી બિન-ઉત્પાદક અને બિન-ફાયદાકારક સાબિત થઈ.

૨. ઓગણીસમા સૈકાના પૂર્વાર્ધમાં ગુજરાતમાં વેપારના ત્રણ સ્તર હતા: (૧) ત્રણચાર હજારથી થોડી વસ્તી ધરાવતાં ગામડાંઓમાં 'વેપાર' કૃષિજીવન સાથે સંકળાયેલો હતો. ગ્રામવિસ્તારોમાં નાના દુકાનદારો ઘરના જ એક ભાગમાં કરવામાં આવેલી દુકાનોમાં કાપડ અનાજ કરિયાણું તથા બિયારણ રાખતા અને એ ખેડૂતો અને કારીગરોને (જે ઘણી વાર ખેતી પણ કરતા) વેચતા કે ધીરતા. સામાન્ય રીતે નાના શરાફો ખેડૂતોને ઓજારો બળદ અને બિયારણ ખરીદવા એમની સામાજિક જરૂરિયાતો પૂરી પાડવા નાણાં ધીરી સારું એવું વ્યાજ લેતા. આ પ્રકારનો વેપાર ગામડાંઓના ઘરાકોને દેવાદાર રાખવામાં અને એમની જમીનો ધીરધાર કરનાર દુકાનદાર–શરાફના હાથમાં ફેરવવા માટે જવાબદાર હતો. આવા દુકાનદાર–શરાફ નજીકનાં કે દૂરનાં નાનાં શહેરોમાથી આવીને ગામડાંમાં વસ્યા હતા; આમ છતાં પણ આસપાસનાં શહેરો સાથે એમનો સંબંધ ઘનિષ્ઠ હતો. જથ્થાબંધ માલ ખરીદવા એમને અવારનવાર શહેરોમાં જવું પડતું. (૨) ગામડાંઓની જેમ નાનાં શહેરોમાં પણ સામાન્ય રીતે દુકાનો ઘરના એક ભાગરૂપે જ હતી. આવી દુકાનોમાં જીવન–જરૂરિયાતની ચીજો વેચાતી હોવા ઉપરાંત વ્યાજવટાનો ધંધો પણ ચાલતો.[૧૭] આ વર્ગના શરાફ–વેપારીઓ ગામડાંઓના દુકાનદારોને જથ્થાબંધ માલ વેચતા અને ઘણી વાર નાણાં પણ ધીરતા. તેઓ સસ્તા બજારમાંથી માલ ખરીદવા નાનાં–મોટાં શહેરોની મુલાકાત લેતા. (૩) અમદાવાદ અને સુરત જેવાં એંશી–નેવું હજારની વસ્તી ધરાવતાં શહેરોમાં સામાન્ય રીતે દુકાન અને રહેઠાણોની જગા અલગ હતી. શાહુકારો (મોટા શરાફો) 'શાહુકાર' તરીકે ઓળખાતા અને મોટા વેપારીઓ એમની પેઢીઓમાં ગુમાસ્તા મુનીમો તથા નોકરચાકર રાખતા.[૧૮] વેપારીઓ માલનાં ખરીદી અને વેચાણ કરવા એમના દલાલોને હિંદના જુદા જુદા પ્રદેશોમાં મોકલતા. ઘણી વાર શાહુકારો નાના વેપારીઓ તથા શરાફોને નાણાં ધીરતા,

પણ આ વર્ગના શાહુકારોનો ખેડૂતો સાથે પ્રત્યક્ષ સંબંધ નહિ જેવો હતો. વસ્તુતઃ મોટા શાહુકારો અને વેપારીઓ ગુજરાત અને એની બહારના પ્રદેશો સાથે એમની પેઢીની શાખાઓ મારફત સતત સંપર્ક રાખતા અને એમની અનેકવિધ વેપારી અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા ગુજરાતના નગર-જીવનને ધબકતું રાખતા.[૧૯]

આ સમયની જાણીતી પેઢીઓમાં ત્રવાડી શ્રીકૃષ્ણ નાથજી, આત્મારામ ભૂખણ, નગરશેઠ વરજદાસ વિઠ્ઠલદાસ, મોતીભાઈ ભગુભાઈ (સુરતમાં), હરિભક્તિ, શામળ બેચર, નારાયણ મૈરાળ (વડોદરામાં), તથા નગરશેઠ હેમાભાઈ વખતચંદ, હઠીસિંહ, કરમચંદ પ્રેમચંદ, ઝવેરચંદ લક્ષ્મીચંદ અને અંબાઈદાસ લશ્કરી(અમદાવાદમાં)નો સમાવેશ થતો.[૨૦] હિંદના વિવિધ પ્રદેશોમાં શાખાઓ ધરાવતી આ શરાફી-વેપારી પેઢીઓ સામંતો રાજા-મહારાજાઓ અને કેટલેક અંશે વેપારીઓને વ્યાજે નાણાં ધીરતી અને સામાન્ય રીતે અફીણનો સટ્ટો તથા લેવડદેવડ કરતી.[૨૧] ઓગણીસમા સૈકાની શરૂઆતથી અફીણનો વેપાર અત્યંત નફાકારક પુરવાર થતાં ભાવનગર ઘોઘા સુરત અને ભરૂચ જેવાં બંદરો (આ બંદરો વત્તેઓછે અંશે નિસ્તેજ બનવા છતાં અફીણના વેપાર માટે જાણીતાં હતાં) મારફત એની નિકાસ ચીનમાં થવા લાગી હતી. હઠીસિંહ કેસરીસિંહ, હેમાભાઈ વખતચંદ અને હરિભક્તિ જેવા કેટલાય વેપારી-શાહુકારો અફીણના ધંધામાં માતબર બન્યા હતા. તેઓ કઈ ચીજોનો વેપાર કરતા અને કેવી પદ્ધતિથી કરતા એ સંબંધી માહિતી છૂટીછવાઈ રીતે જ મળે છે, પણ જૈન સાધુ ક્ષેમવર્ધને ૧૮૧૪માં અમદાવાદમાં નગરશેઠ કુટુંબ વિશે જે રાસ રચ્યો; તે ગુજરાતના ઘણા ખરા 'મોટા શેઠિયા'ઓને લાગુ પાડી શકાય એમ હોઈ અત્રે એ ઉદાહરણ-રૂપે ટાંકયો છે :

'આદરતી દોકાનો દેશાવર રે, ઢાકા બંગાળા દેશ,
કપડ મગાવે બહુ ભાતનાં રે, ભાર અલ્પ મૂલ વિશેષ.
સુરત મુંબાઈ પુના વળી રે, જયપુર ને નાગોર,
દિલ્હી આગ્રા મેડતો રે, ચિત્રોડ કોટા બુંદી ઓર.
દક્ષિણ સોરઠ મેવાડમાં રે, નવ ખંડે પ્રસિદ્ધ,
હુંડી સકરાય તોણે કરી રે, જરા પડો જગ લીધ.
વહાણવટી વેપારમાં રે, કરિયાણાં બહુ કોડ,
જલવટ થલવટ ભેદથી રે, વાણાંતર બહુ જોડ.'[૨૨]

ગુજરાતના આર્થિક જીવન અને વેપાર-રોજગારમાં મુસ્લિમોનો ફાળો ઘણો મહત્ત્વનો હતો. હિંદ ઉપરાંત તેઓ દરિયાપારના દેશો સાથે ઘનિષ્ઠ વેપારી સંબંધો ધરાવતા. મુસ્લિમોમાં સહુથી આગળ પડતી વેપારી કોમ વહોરાઓની હતી, જેમાં

દાઉદી વહોરા મુખ્ય હતા. વેપાર અર્થે તેઓ ભૂજ માંડવી ભાવનગર અમદાવાદ ભરૂચ ખંભાત ગોધરા અને સુરત ઉપરાંત એડન બસરા મક્કા મસ્કત ચીન અને રંગૂનમાં સ્થિર થયા હતા. ગુજરાત અને હિંદના જુદા જુદા પ્રાંતોમાં તેઓ હાર્ડવેર કાગળ કાચ ચામડું સાબુ અને રેશમનો વેપાર કરતા. પરદેશોમાં એમની પેઢીઓ હતી અને દરિયાપારના એમના વેપારમાં રેશમ અફીણ ચામડું કાગળ રંગ કરિયાણું રૂ અને હાથીદાંત મુખ્ય હતાં.[૨૩] ખંભાતનો અકીકનો વેપાર તથા અમદાવાદ સુરત અને અંકલેશ્વરનો કાગળનો જથ્થાબંધ અને છૂટક વેપાર વહોરાઓના હસ્તક હતો.[૨૪] વેપારના ક્ષેત્રમાં વહોરાઓની જેમ મેમણો અને ઇસ્માઇલી ખોજાની કોમ પણ સાહસિક અને મહેનતુ હતી. ગુજરાત ઉપરાંત ખોજાઓની વસ્તી હિંદની ફિરંગી વસાહતોમાં તથા ઈરાન–અરબસ્તાનમાં હતી. તેઓ રેશમ રૂ અફીણ હાથીદાંત ચામડું અને કરિયાણાનો વેપાર દેશદેશાવરમાં કરતા.[૨૫]

હિંદુઓ અને મુસ્લિમોની સરખામણીમાં ગુજરાતમાં સંખ્યાબળની દૃષ્ટિએ પારસી વેપારીઓની સંખ્યા ઘણી જ જૂજ હતી. એનું એક કારણ એ હતું કે અઢારમા સૈકામાં મુંબઈનો બંદરી નગર તરીકે ઝડપી વિકાસ થતાં તેઓ ત્યાં ઊભી થતી જતી વેપારી તકનો લાભ લેવા સ્થળાંતર કરતા ગયા. ગુજરાતમાં પારસીઓના વેપારનો મુખ્ય ઝોક રૂ સ્પિરિટ દારૂ રેશમ અફીણ તથા ઇમારતી લાકડાનો હતો. ગુજરાતમાં ભરૂચ નવસારી ગણદેવી બીલીમોરા અને વલસાડ પારસીઓના વેપારનાં મુખ્ય કેંદ્ર હતાં.[૨૬]

વ્યવહારકુશળ ગુજરાતી વેપારીઓએ સદીઓથી અપનાવેલી સંસ્થા તે મહાજનપ્રથા. સંઘબળના સિદ્ધાંત ઉપર પાંગરેલી આ સંસ્થા વિશે એક ઇતિહાસકારે નોંધ્યું છે: "અતિશયોક્તિના આરોપના ભય વગર આપણે કહી શકીએ કે મહાજનોની ખિલવણી ગુજરાતમાં જેટલી થઈ છે એટલી હિંદુસ્તાનના બીજા કોઈ ભાગમાં થઈ નથી. ગુજરાતમાં અન્ય પ્રાંતોની સરખામણીમાં જે સંસ્કારિતા અને વિશિષ્ટ વ્યક્તિત્વ જણાય છે તેનો મોટો ભાગ મહાજનોએ જ પોષ્યો છે, મહાજનોને લીધે જ ટકી રહ્યો છે. મહાજનોએ ગુજરાતના વેપારને ટકાવી રાખીને અન્ય પ્રાંતોની પેઠે પરદેશીઓને એમાં હાથ ઘાલવા દીધો નથી... મહાજનોએ ગુજરાતમાં રાજસત્તાઓની સામે બાથ ભીડી છે, રાજસત્તાથી લોકસમૂહને કચડવા દીધો નથી."[૨૭]

હિંદના અન્ય પ્રાંતોની સરખામણીમાં ગુજરાતમાં મહાજન સંસ્થા એના શુદ્ધ સ્વરૂપમાં વિકસી એનાં મૂળ ગુજરાતના વેપારી સંસ્કાર (business culture)-માં રહ્યાં છે. ઉત્તર પ્રદેશ અને બંગાળ તેમજ ગુજરાતની પડોશમાં આવેલા મહા-

રાષ્ટ્ર તથા મધ્યપ્રદેશ જેવા પ્રાંતોમાં રાજાઓ જમીનદારો સામંતો અને લશ્કરી સેનાપતિઓનું મહત્ત્વ હતું. એમનો સામાજિક દરજ્જો પણ ઊંચો ગણાતો, પણ ગુજરાતમાં આમ ન બન્યું અને એક રીતે કહીએ તો આ ભૂમિમાં એક પ્રકારનું 'વાણિયા–રાજ' વિકસ્યું. ગુજરાતી સમાજ–જીવનમાં કદાચ બ્રાહ્મણો ક્ષત્રિયો કે સામંતો નહિ, પણ જૈનો અને વૈષ્ણવ વેપારીઓ વધુ વગ ધરાવતા.[૨૮] વેપારી મૂડી(Merchant Capital)નો ગુજરાતના વેપારક્ષેત્રોમાં જ નહિ, પણ સાંસ્કારિક જીવનમાં પણ પ્રભાવ હતો. સ્થાવર મિલકતનાં વેચાણ અને ગીરો અંગેના મળી આવેલા સંખ્યાબંધ દસ્તાવેજોમાં 'શેઠ સમસ્ત' 'મહાજન સમસ્ત' તથા 'નગરશ્રેષ્ઠ સમસ્ત' શબ્દોના ઉલ્લેખ ઉપરની દૃષ્ટિએ સૂચક છે.[૨૯]

ઓગણીસમા સૈકાના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં કપાસ તમાકુ રેશમ અને કરિયાણાના વેપારીઓનાં તથા શરાફોનાં મહાજન શક્તિશાળી હતાં. શરાફનાં મહાજનોમાં જૈનો અને વૈષ્ણવ વાણિયા મુખ્ય હતા. એમાં પણ જૈનોનું વર્ચસ હતું. અમદાવાદના કાપડ–મહાજનની વિશિષ્ટતા એ હતી કે એમાં જૈનોનું વર્ચસ હોવા છતાં વડો વૈષ્ણવ વાણિયા જ્ઞાતિનો હતો.[૩૦] અમદાવાદનાં મહાજન જ્ઞાતિને ધોરણે નહિ, પણ ધંધાને ધોરણે રચાયાં હતાં. ઉદાહરણ તરીકે સુથાર જેવા કારીગરોમાં ચાર જ્ઞાતિ હોવા છતાં એનું પંચ (કારીગરોના સંઘ 'મહાજન' તરીકે નહિ, પણ 'પંચ' તરીકે ઓળખાતા.) એક જ હતું. એ મુજબ રેશમ અને મશરુના વ્યવસાયમાં રોકાયેલા કારીગરોના પંચમાં કણબી તથા વાણિયા હતા.[૩૧] શરાફ અને કાપડનાં મહાજનોમાં જુદી જુદી પેટા જ્ઞાતિઓ ધરાવતા વૈષ્ણવ વાણિયા, જૈનો તથા કેટલેક અંશે બ્રાહ્મણો અને પાટીદારો પણ હતા. ગુજરાતનાં નાનાં નગરોમાં પણ મહાજન સંસ્થા પ્રચલિત હતી, પણ એમાં એક જ ધંધાના વેપારીઓ પૂરતા પ્રમાણમાં ન મળી આવે તો વિવિધ ધંધાઓમાં રોકાયેલા વેપારીઓ એક સામૂહિક મહાજનની સ્થાપના કરતા. આવાં મહાજન 'નગર મહાજનો' (Town Mahajans)-ના નામથી ઓળખાતાં. ધોલેરા ભાવનગર પ્રાંતીજ અને ભરૂચ જેવાં શહેરોમાં આવાં મહાજન પ્રચલિત હતાં.[૩૨]

મુસ્લિમોમાં વોરા મેમણ અને ખોજા વેપારીઓનાં મહાજન જાણીતાં હતાં,[૩૩] પણ એ એમના કારીગરોનાં મહાજનો જેટલાં પ્રચલિત અને શક્તિશાળી ન હતાં. હોપ્કિન્સ નામના અમેરિકન વિદ્વાને ૧૮૯૬માં ગુજરાતનાં મહાજનોનો અભ્યાસ કર્યો હતો અને એના મત મુજબ ગુજરાતી મુસ્લિમોમાં પણ વેપારી મહાજનોની પ્રથા વિકાસ પામી ન હતી.[૩૪]

મહાજનની સંસ્થા વેપારી જીવનના મજબૂત પાયારૂપ હતી. એક પદ્ધતિ (system) તરીકે એ વ્યક્તિ–સ્વાતંત્ર્યના સિદ્ધાંતને પડકારરૂપ હતી અને ઘણી વાર

એણે હુન્નર-ઉદ્યોગના ક્ષેત્રમાં થતા સુધારાઓ(innovations)નો વિરોધ પણ કર્યો હતો એ સાચું છે.[૩૫]

આમ છતાં પણ ગુજરાતના વેપાર અને હુન્નર-ઉદ્યોગને ટકાવી રાખી એને સધ્ધર બનાવનાર જો કોઈ સંસ્થા હોય તો એ મહાજનની સંસ્થા હતી.[૩૬] સામાન્ય રીતે મહાજનો રજાના દિવસો, મજૂરીના દર તથા કામનો સમય નક્કી કરતાં અને કેટલીક વાર ચીજોના ભાવનું પણ નિયંત્રણ કરતાં. મહાજનના સભ્યોને જો સરકારી અમલદારો કે અન્ય વેપારીઓ સાથે કોઈ સમસ્યા ઊભી થાય તો એનું નિરાકરણ કરવાનું કાર્ય (function of arbitration) મહાજનોનું હતું.[૩૭] મહાજનો એમના સભ્યોનું હિત જાળવવાની ચીવટપૂર્વક તકેદારી રાખતાં, પણ અત્રે એ ચોખવટ કરવી જોઈએ કે મહાજનના સભ્યો વ્યક્તિ તરીકે નહિ, પણ એક સમુદાયના જ અખંડ ભાગરૂપે અસ્તિત્વ ધરાવતા હતા.

ગુજરાતના આર્થિક જીવનમાં ગૃહ-ઉદ્યોગોનું સ્થાન સદીઓથી મહત્ત્વનું હતું. ઓગણીસમા સૈકાની શરૂઆતમાં ગામડાં અને શહેરોમાં અનેક પ્રકારના કારીગરો ઉત્પાદનના કાર્યમાં રોકાયેલા હતા. સુથાર લુહાર વણકર ઘાંચી સલાટ કુંભાર કંસારા છીપા તથા કાચ રંગ કાગળ અને સાબુ જેવી ચીજોનું ઉત્પાદન કરનાર કારીગરોની ગુજરાતમાં ખોટ ન હતી,[૩૮] પણ હિંદના અન્ય પ્રાંતોની જેમ કારીગરોનો સામાજિક દરજ્જો હલકો હતો, એમની આર્થિક સ્થિતિ પણ નબળી હતી.

ગુજરાતનાં કેટલાંક શહેરો એની કારીગરીની નિપુણતા માટે જાણીતાં હતાં. ઉદાહરણ તરીકે ખેડા જિલ્લામાં આવેલ કપડવંજ એના સાબુ અને કાચના ઉદ્યોગ માટે મશહૂર હતું.[૩૯] અમદાવાદ જિલ્લામાં આવેલ પ્રાંતીજ પણ એના સાબુના ઉદ્યોગ માટે મશહૂર હતું. સંખેડા લાકડાના રંગબેરંગી ફર્નિચર માટે અને જામનગર તાળાં માટે મશહૂર હતાં.[૪૦] ભરૂચ અને વડોદરા એના સુતરાઉ કાપડના ટકાઉપણા માટે અને પાટણ એનાં પટોળાં માટે જાણીતાં હતાં. અમદાવાદના હુન્નરોમાં કિનખાબ જરીકામ રંગાટીકામ, રેશમી તથા સુતરાઉ કાપડ અને કાગળ મુખ્ય હતાં. અમદાવાદમાં ઘણી સ્ત્રીઓ રેંટિયા ઉપર જ એમનું ગુજરાન ચલાવતી. કેટલીક સ્ત્રીઓ રેશમના ફૂચા સાંધીને એના તાર બનાવવાનું કામ કરતી.[૪૧]

'ગુજરાત અને હિંદનાં શહેરોમાં જે હુન્નર-ઉદ્યોગો ખીલ્યા તેનો મુખ્ય ઝોક પ્રજાલક્ષી નહિ, પણ રાજા-રજવાડાંલક્ષી હતો અથવા તો એ ધનિકોના મોજશોખને પોષતો.'[૪૨] આવી દલીલ એક વિદ્વાને કરી છે. એમણે એમ પણ જણાવ્યું છે કે આવા હુન્નર-ઉદ્યોગોનું લક્ષણ સ્થાનિક હતું. માલનું ઉત્પાદન થયા બાદ એના વેચાણ માટેનું બજાર ઉત્પાદનના સ્થળની આસપાસના વિસ્તાર

પૂરતું જ મર્યાદિત હતું, રાષ્ટ્રિય નહિ,[૪૩] પણ ગુજરાતમાં હાથબનાવટની જે જે ચીજો બનતી તેને એ સમયના વાહનવ્યવહારના તેમજ લોકોની ખરીદશક્તિ અને માંગના ઢાંચા(pattern)ના સંદર્ભમાં તપાસવામાં આવે તો ઉપરનું વિધાન પુનર્વિચારણાને પાત્ર બને છે. અગાઉ નોંધ્યું છે તે મુજબ ગુજરાતમાં અન્ય પ્રાંતોની જેમ રજવાડાં મહત્ત્વનાં ન હતાં અને બજાર જેટલું સ્થાનિક માનવામાં આવે છે તેટલું ન હતું. ગુજરાતમાં કાંઠાના વેપાર(Coastal trade)નો વ્યાપ મોટો હતો અને એનો નદી કિનારાનો અને દરિયાઈ વેપાર જમીનમાર્ગી વેપાર સાથે સંકળાયેલો હતો. અઢારમી સદીના અંતમાં જેમ્સ ફોર્બ્સ નામના અંગ્રેજ સનંદી અધિકારીએ વહોરાઓનો ઉલ્લેખ 'પશ્ચિમ ભારત અને ગુજરાતના ફરતા વેપારીઓ' તરીકે કરીને નોંધ્યું હતું કે તેઓ ગુજરાતનાં શહેરોમાં વિવિધ પ્રકારનો માલ વેચવા ભમે છે.[૪૪] ૧૮૩૮માં શ્રીમતી પોસ્ટાન્સ નામની અંગ્રેજ સ્ત્રીએ આ જ બાબતનું પુનરુચ્ચારણ કર્યું હતું. ગુલામરસૂલ નામનો ખંભાતનો એક વહોરો અકીકના પથ્થરમાંથી બનાવેલ રમકડાં, માળા, ચપ્પાના હાથા, પેપર-કટર વગેરે ચીજો ગુજરાતમાં જ નહિ, પણ મદ્રાસમાં પણ વેચતો અને એનો તમામ માલ ખપી જતો.[૪૫] અમદાવાદના કાગળ ગુજરાતમાં જ નહિ, પણ રાજસ્થાન અને ઉત્તર હિંદુસ્તાનમાં ખપતા.[૪૬] વૉલ્ટર હેમિલ્ટને (૧૮૨૦માં) નોંધ્યું હતું કે સુરત એના 'સસ્તા અને ઊંચી જાતના' માલના ઉત્પાદન માટે જાણીતું હતું.[૪૭] લોખંડનાં તાળાં, સાબુ, તાંબાં-પિત્તળનાં વાસણો, શેતરંજીઓ કાગળ શાહી વગેરે જેવી જીવનજરૂરિયાતની ચીજો ગુજરાતમાં બનતી અને એને માટે ગુજરાતમાં અને એની બહાર પણ બજાર હતું.[૪૮] ઉપર્યુક્ત પુરાવાઓને આધારે આપણે કહી શકીએ કે ગુજરાતમાં ગૃહ-ઉદ્યોગ કેવળ રાજાઓ અને ધનિકોના મોજશોખને જ પોષનારો ન હતો.

ગુજરાતના કારીગરો એમના સંઘબળ વગરના ન હતા. એમનાં પંચ ઘણુંખરું વ્યવસાયના ધોરણે નહિ, પણ જ્ઞાતિના ધોરણે સ્થપાયાં હતાં. મુસ્લિમોમાં કાગળ બનાવનારાઓના અને અકીક-ઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરોના સંઘ ઘણા શક્તિશાળી હતા, જે અનુક્રમે 'કાગદીની જમાત' અને 'અકીકિયા જમાત' તરીકે ઓળખાતા.[૪૯]

ગુજરાતમાં બ્રિટિશ શાસનની શરૂઆત બાદ આર્થિક પરિવર્તનની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી હતી. ઉદાહરણ તરીકે જે વર્ષે (૧૮૧૮) ગુજરાતમાં યુનિયન જૅક લહેરાયો તેને બીજે જ વર્ષે ઇંગ્લૅન્ડની કાપડની મિલોમાં તૈયાર થયેલાં સૂતર અને કાપડનું અમદાવાદ જેવા સૂતરાઉ કાપડના ભડમાં વેચાણ કરવા મિસ્ટર

ડીસોઝાની પેઢીની સ્થાપના થઈ.[૫૦] અંગ્રેજી શાસનની શરૂઆત થતી અને પરદેશી માલનું વેચાણ વ્યવસ્થિત રીતે કરવા બજારો ઊભાં થવાં એ કાંઈ અકસ્માત ન હતો; આમ છતાં પણ આ પ્રક્રિયા ધીમી હતી, ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં એ વધુ ગતિશીલ બની.

ગુજરાતમાં આર્થિક પરિવર્તનનું સહુથી મહત્ત્વનું વાહનવ્યવહાર તથા સંદેશાવ્યવહારનાં સાધનોનું આધુનિકીકરણ હતું. ગુજરાતમાં પ્રજાના ઉપયોગ માટે સહુ પ્રથમ ટપાલ-વ્યવસ્થા ૧૮૫૩ માં દાખલ થઈ. તાર-વ્યવહાર ૧૮૫૬ માં શરૂ થયો. ૧૮૬૧ થી ૧૮૬૪ દરમ્યાન 'બૉમ્બે બડોદા ઍન્ડ સેન્ટ્રલ ઇન્ડિયા રેલવે' દ્વારા સહુ પ્રથમ વાર રેલવેમાર્ગ શરૂ થયો.[૫૧] રેલવે તાર તથા ટપાલનો ધીમે ધીમે ફેલાવો થતાં અને એની સાથે સ્ટીમર-વ્યવહાર (જે ઓગણીસમા સૈકાની શરૂઆતથી થઈ ચૂક્યો હતો) સંકળાતાં ગુજરાતની 'કાયાપલટ' કરતો નવો કાલ શરૂ થયો.

પણ બ્રિટિશ શાસનપદ્ધતિનું સંસ્થાનવાદી પાસું એટલું યોજનાબદ્ધ અને વ્યવસ્થિત હતું કે આ કાયાપલટ કૃત્રિમ રીતે થઈ અને ઉચ્ચ વેપારી પરંપરા ધરાવતું ગુજરાત એના આર્થિક વિકાસના મહત્ત્વના મૂડીવાદી તબક્કામાંથી પસાર થવાને બદલે એ કાચા માલની નિકાસ અને તૈયાર માલની આયાત કરતું ઇંગ્લૅન્ડનું મહત્ત્વનું બજાર બની ગયું: નવાં ક્રાંતિકારી સાધનો(રેલવે વગેરે)ને પરિણામે ગુજરાતનો વેપાર-ઉદ્યોગ વધ્યો, સૈકાઓથી 'પ્રજાસત્તાક રાજ્યો' તરીકે અલગ અસ્તિત્વ ધરાવતાં ગામડાં શહેરો સાથે સંકળાયાં, કૃષિ-ઉત્પાદન બજારલક્ષી બન્યું. ગુજરાત અને ગુજરાતની બહાર માલસમાન વધુ ઝડપે અને પહેલાં કરતાં સસ્તા દરે ફરવા લાગ્યો અને આ બધાને પરિણામે વેપારી વર્ગ તથા પ્રજાની (પહેલાંના 'અરાજકતા અને યુદ્ધોની પરંપરા ધરાવતા' સમયની સરખામણીમાં) આબાદીમાં વૃદ્ધિ થઈ.[૫૨] આ પ્રકારની વિચારધારા અંગ્રેજ ઇતિહાસકારો તથા રાજકારણીઓએ હિંદમાં સામ્રાજ્યવાદી શાસનને સમર્થન આપવાના અને એને બિરદાવવાના હેતુથી જાણ્યે-અજાણ્યે ફેલાવી હતી. આ વિચારસરણી આજે પણ ઇતિહાસ-લેખનમાં વત્તેઓછે અંશે પ્રવર્તે છે. એમના દૃષ્ટિબિંદુમાં કેટલેક અંશે તથ્ય પણ છે. જેમ્સ ફોર્બ્સે અઢારમી સદીના અંતમાં નોંધ્યું હતું કે હિંદના વેપારીઓ અને કારીગરો એમની સૈકાઓ-જૂની વેપારી તથા ઉત્પાદન-પદ્ધતિમાં કોઈ જ ફેરફાર કરતા નથી અને 'મારો બાપ આમ કરતો હતો તે જ પ્રમાણે કરવું જોઈએ'ના સિદ્ધાંતને વળગી રહે છે.[૫૩] ફોર્બ્સ અને ત્યારબાદ ગુજરાત અને હિંદમાં આવેલા અનેક મુસાફરોનાં આવાં અવલોકનોનો અસ્વીકાર

થઈ શકે એમ નથી.[૫૪] આમ છતાં પણ જો આપણે ગુજરાતના આર્થિક 'વિકાસ'ને એ સમયની સંસ્થાનવાદી નીતિના સંદર્ભમાં તપાસીએ તો સ્પષ્ટ રીતે જણાશે કે આ વિકાસ છીછરો અને ઉપરછલ્લો હતો, પાયાનો નહિ.

હકીકતમાં તો ગુજરાતના સૈકાઓ-જૂના ગૃહઉદ્યોગ એટલી ઝડપથી તારાજ થતા ગયા કે આ પ્રક્રિયાને અટકાવવા કવિ દલપતરામ, કવિ નર્મદ, રણછોડલાલ છોટાલાલ, હરગોવિંદદાસ કાંટાવાળા, વડોદરા-નરેશ સયાજીરાવ ગાયકવાડ, અંબાલાલ દેસાઈ તથા ગોપાળ હરિ દેશમુખ જેવા નેતાઓએ વ્યવસ્થિત રીતે ઝુંબેશ શરૂ કરી.[૫૫] ૧૮૫૧માં સુરતની એન્ડ્રુસ લાઈબ્રેરીમાં દલપતરામે રજૂ કરેલ 'હુન્નરખાનની ચડાઈ' ગુજરાતમાં પ્રવર્તતા અસંતોષનું પ્રથમ ગીત હતું.[૫૬] ત્યાર પછી તો 'દેશી કારીગરીને ઉત્તેજન' (૧૮૭૭) જેવાં સંખ્યાબંધ પુસ્તકો અને લેખો છપાયાં, જેમાં સાબુ કાગળ કાપડ હાર્ડવેર વાસણો વગેરે ઉદ્યોગો ઝડપથી તારાજ થતા જતા હતા એનું સચોટ આલેખન કરવામાં આવ્યું. અમદાવાદના 'બુદ્ધિપ્રકાશે' સ્વદેશાભિમાનથી ઊભરાતા લેખ છાપવાની બાબતમાં પહેલ કરી અને એણે બ્રિટનનાં આર્થિક આક્રમણોને વિશે ફરિયાદ કરવા કરતાં કઈ રીતે નવી ઢબથી માલ બનાવવો અને એને કઈ રીતે ખપાવવો એની ઉપર વધુ ભાર મૂક્યો. 'હિંદુઓ એમની નાત સિવાયની બીજી નાતોનું ખાવાથી વટલાય છે, તે જ રીતે પોતાના દેશ સિવાય પરદેશી માલ વાપરતાં એણે વટલાવું જોઈએ અને પરદેશી માલ વિરુદ્ધ એટલો જ તિરસ્કાર હોવો જોઈએ.'[૫૭] 'બુદ્ધિપ્રકાશે' આવી ઘોષણાઓ દ્વારા પ્રજામાં 'આર્થિક રાષ્ટ્રવાદ'નો જુસ્સો પ્રકટાવવાની રીત શરૂ કરી. ધર્મને નામે કરવામાં આવેલ આવી અપીલોમાં બળ જરૂર હતું, પણ ગુજરાતમાં હિંદુઓ ઉપરાંત અન્ય કોમો પણ હતી એ દૃષ્ટિએ જોઈએ તો એની મર્યાદા આંકી શકાય એમ છે; આમ છતાં પણ ૧૮૭૫ બાદ ગુજરાતના નેતાઓએ ગૃહ-ઉદ્યોગોને સજીવન કરવા માટે ગુજરાતમાં ઠેર ઠેર સ્વદેશી ઉદ્યોગ-મંડળીઓ ઊભી કરી. વિલાયતી ચશ્માંથી દુનિયાને જોતા અને પરદેશી ચીજ-વસ્તુઓનો ઉપયોગ કરવા ટેવાયેલા મધ્યમ વર્ગના બુદ્ધિજીવીઓ સ્વદેશીના કુમળા છોડને કાપવા પ્રયાસ કરશે એવી દહેશત ઘણા સ્વદેશાભિમાનીઓને હતી. આવા માણસોની 'બુદ્ધિપ્રકાશે' કડક ટીકા કરી.[૫૮]

આમ છતાં પણ હિંદ સરકારની આર્થિક નીતિ છેક ૧૯૧૭ સુધી મુક્ત વેપારની નીતિ (Free Trade Policy)ની હોઈ એણે પ્રજાનાં આંદોલનોને પાંગળાં બનાવવાનું કાર્ય કર્યું. આમ, અંગ્રેજોએ દાખલ કરેલાં ભૌતિક સાધનોનો મુખ્ય લાભ સામાન્ય રીતે ઈંગ્લૅન્ડના માલેતુજાર વેપારીઓ અને ઉદ્યોગપતિઓને જ મળ્યો.

પાછળથી ૧૯૦૪ થી ૧૯૦૮ દરમ્યાન થયેલી સ્વદેશી ચળવળને પરિણામે ગુજરાતના ગૃહ-ઉદ્યોગોને પ્રજા તરફથી અભૂતપૂર્વ પ્રોત્સાહન મળ્યું ખરું,[૫૯] પણ એ 'પાશેરામાં પહેલી પૂણી' સમાન નીવડયું. ઔદ્યોગિક ક્રાંતિના ઐતિહાસિક તબક્કામાંથી પસાર થયેલ ઇંગ્લૅન્ડ ગુજરાત તથા હિંદમાં રાજકીય સત્તા પણ ધરાવતું હતું એ હકીકતને જો આપણે લક્ષ્યમાં લઈએ તો 'પાશેરામાં પહેલી પૂણી'નો ખ્યાલ વધુ સ્પષ્ટ થશે. ટૂંકમાં, ગુજરાતની પ્રજામાં, અને ખાસ કરીને કારીગર વર્ગમાં, નૈતિક બળનું અને આર્થિક રાષ્ટ્રવાદની ભાવનાનું સિંચન કરવામાં સ્વદેશી આંદોલનોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો, પણ ઇંગ્લૅન્ડથી આવતા ઢગલાબંધ માલને ખાળવાના એક આર્થિક હથિયાર તરીકે એ નિષ્ફળ નીવડયાં.

ઓગણીસમા સૈકાના ઉત્તરાર્ધમાં ગુજરાતનું વહાણવટું પણ ઝડપથી તૂટવા માંડયું. યુરોપની મોટી રાક્ષસી કદની શિપિંગ કમ્પનીઓનાં યંત્ર-સંચાલિત વેપારી જહાજ હિંદી મહાસાગરમાં જે ખુમારીથી ફરતાં તેની સરખામણીમાં સદીઓ-જૂનું ગુજરાતનું વહાણવટું વામણું લાગતું હતું. આ ઉપરાંત મુંબઈ અને કરાંચી જેવાં નગરોનો બંદરો તરીકે વિકાસ થતાં ગુજરાતનાં બંદરો નિરુદ્યમી બન્યાં. ઓગણીસમા સૈકાના ઉત્તરાર્ધમાં ધંધાની શોધમાં સુરત જિલ્લાના પારસીઓ અને સૌરાષ્ટ્ર અને કચ્છનાં ભાટિયા લોહાણા ખોજા વણિક તથા ખારવા મુંબઈ સ્થળાંતર કરતા ગયા. રેલવે-પાટાના વિસ્તરણથી ગુજરાતનો કાંઠાળ વેપાર (Coastal trade) તૂટતો ગયો.[૬૦]

પણ ગુજરાત એની વેપારી પરંપરાને વમળમાં ડુબાડી દે તેવું નિર્બળ ન હતું. ગુજરાતે આ સમયે એવી વ્યક્તિઓ ઉત્પન્ન કરી કે જે રણપ્રદેશમાં ઝરણું ખોદી શકે અથવા પ્રયોજકીય ઇતિહાસ( entrepreneurial history )ની પરિભાષામાં કહીએ તો સમાજમાં સુષુપ્ત રીતે ધૂંધળી દશામાં રહેલી આર્થિક તકોનું બારીક અવલોકન કરી એને વાચા આપી શકે અને જોખમ ખેડીને પણ નવી વેપારી પદ્ધતિ અને નવી ટેક્નૉલૉજીને અપનાવી એને અમલમાં મૂકી શકે.[૬૧] આ કામ સરળ નથી હોતું.

સમયક્રમ અને પ્રયોજન-શક્તિ (entrepreneurship)ની કક્ષાની દૃષ્ટિએ રણછોડલાલ છોટાલાલ સહુ પ્રથમ હતા. એમના પૂર્વજો મૂળ પાટણના, પણ એમના પિતા અમદાવાદ સ્થાયી થયા હોઈ રણછોડલાલની કેળવણી અને સંસ્કારોનું સિંચન અમદાવાદમાં થયું હતું. રણછોડલાલ સાઠોદરા નાગર હતા. નાગરો એમની વેપારી કુનેહ માટે નહિ, પણ કેળવણી-વિષયક વહીવટી અને રાજદ્વારી બાબતો માટે

જાણીતા છે; આમ છતાં પણ ૧૮૬૧ માં રણછોડલાલે અમદાવાદમાં સહુપ્રથમ સુતરાઉ કાપડની મિલ સ્થાપી એને માટે એમની પલટાતા જતા ગુજરાતી સમાજમાં રહેલી તકોની ઝાંખી કરવાની કુશાગ્ર દૃષ્ટિ અને એનો અમલ કરવાનું પ્રબળ મનોબળ કારણભૂત હતાં. મિલ–ઉદ્યોગ શરૂ કરવાને માટે એમની પાસે જરૂરી મૂડી નહિ હોવાથી એમણે ગુજરાતના જૈન અને વૈષ્ણવ વેપારીઓ પાસે ૧૮૪૭ માં અને ત્યાર પછી પણ અનેક વાર હાથ લંબાવ્યા, પણ આ સમયે સારાયે હિંદમાં કોઈએ આ બાબતની પહેલ કરી ન હતી અને અમદાવાદ તથા ગુજરાતના શેઠિયા એમના ચીલાચાલુ ધંધામાં એટલા વ્યસ્ત હતા અથવા તો એમનો પુરાણો વ્યવસાય ઇંગ્લૅન્ડના આર્થિક આક્રમણ સામે એટલી હદે ટકી શક્યો હતો કે એમને મદદ કરવાની સહુએ ના પાડી. આ સમય દરમ્યાન મુંબઈમાં મિલો શરૂ થતાં અને એ વધારે નફાકારક સાબિત થતાં અમદાવાદી વેપારીઓએ અજમાયશ ખાતર મિલ શરૂ કરવાને રણછોડલાલની મિલ કમ્પનીમાં મૂડી રોકાણ કર્યું. આ રીતે સમગ્ર ગુજરાતમાં એક હિંદીને હાથે ૧૮૬૧માં મિલ–ઉદ્યોગનો પાયો નંખાયો.[૬૨] અમદાવાદની બીજી મિલ સ્થાપનાર (૧૮૬૭) બેચરદાસ લશ્કરી વાણિયા જ્ઞાતિના નહિ, પણ કડવા કણબી હતા.

રણછોડલાલ અને બેચરદાસ લશ્કરીએ મિલો સ્થાપ્યા બાદ અમદાવાદમાં બીજી અનેક મિલ ઊભી થઈ અને સમય જતાં વણિક–વેપારી જ્ઞાતિઓના સભ્યોએ એમની 'જૂની મૂડી'ને (શરાફી મૂડીને) નવો વળાંક આપી મોટી સંખ્યામાં મિલ-ઉદ્યોગમાં ઝંપલાવ્યું અને એમનું વર્ચસ પણ જમાવ્યું. ૧૯૧૬ માં અમદાવાદની કુલ ત્રેપન મિલ કમ્પનીઓ ઉપરનું જ્ઞાતિવાર વર્ચસ આ પ્રમાણે હતું : વૈષ્ણવ વાણિયા : ઓગણત્રીસ; જૈનો : બાર; કણબીઓ : ચાર; નાગરો (માત્ર રણછોડલાલના કુટુંબ દ્વારા સંચાલિત) બે; પારસી : એક; મુસ્લિમ : એક; એક કરતાં વધારે જ્ઞાતિ–કોમોની ભાગીદારીમાં : ચાર.[૬૩] નીચેના આંકડાઓ ઉપરથી અમદાવાદના મિલ–ઉદ્યોગના વિકાસ સંબંધી વધારે સ્પષ્ટ રીતે ખ્યાલ આવી શકશે :[૬૪]

| વર્ષ | મિલોની સંખ્યા | ત્રાકો | શાળો | મજૂરો |
|---|---|---|---|---|
| ૧૮૬૧ | ૧ | ૨,૫૦૦ | — | ૬૩ |
| ૧૮૬૪–૬૫ | ૧ | ૧૦,૦૦૦ | ૧૦૦ | ૫૧૫ |
| ૧૮૬૭–૬૮ | ૨ | ૨૦,૦૦૦ | ૨૨૮ | ૮૦૦ |
| ૧૮૭૫–૭૬ | ૩ | ૩૫,૦૦૦ | ૩૪૦ | ૧,૩૦૯ |
| ૧૮૭૮–૭૯ | ૪ | ૫૧,૫૨૮ | ૬૮૪ | ૨,૦૧૩ |
| ૧૮૮૧ | ૯ | ૧,૯૩,૭૩૭ | ૨,૪૮૫ | ૭,૪૫૧ |
| ૧૮૯૪ | ૧૫ | ૨,૩૭,૫૫૩ | ૪,૧૩૨ | ૯,૪૪૮ |
| ૧૮૯૮ | ૨૫ | ૪,૫૦,૨૬૬ | ૫,૮૮૭ | ૧૬,૧૩૪ |
| ૧૮૯૯ | ૨૬ | ૪,૮૭,૨૪૬ | ૫,૪૫૯ | ૧૬,૯૬૪ |
| ૧૯૦૩ | ૩૦ | ૫,૦૯,૩૪૪ | ૬,૫૭૧ | ૧૩,૧૩૨ |
| ૧૯૦૫ | ૩૨ | ૫,૭૭,૧૬૬ | ૭,૧૯૭ | ૨૧,૫૮૫ |
| ૧૯૦૭ | ૩૭ | ૬,૭૭,૦૬૫ | ૯,૭૧૬ | ૨૪,૪૭૩ |
| ૧૯૦૮ | ૪૭ | ૮,૫૦,૮૮૭ | ૧૨,૮૦૭ | ૨૯,૯૯૬ |
| ૧૯૧૦ | ૫૨ | ૯,૧૭,૫૯૦ | ૧૫,૫૨૬ | ૩૦,૦૧૩ |
| ૧૯૧૩ | ૪૯ | ૯,૨૯,૭૦૨ | ૧૭,૭૦૩ | ૩૨,૭૮૯ |

અમદાવાદમાં મિલ-ઉદ્યોગ વિકસ્યો એનું મુખ્ય કારણ વેપાર અને હુન્નરોની એની લાંબી અને વણથંભી પરંપરા હતું. ૧૮૬૭માં અમદાવાદમાં માત્ર બે જ મિલ હતી, પણ એની સંખ્યા વધીને ૧૮૯૯માં છવ્વીસની અને ૧૯૧૩માં ઓગણપચાસની થઈ. અમદાવાદ સુતરાઉ કાપડના ઉત્પાદન-ક્ષેત્રમાં 'હિંદના માન્ચેસ્ટર' તરીકે ઓળખાવા લાગ્યું. અમદાવાદ ઉપરાંત સુરત ભાવનગર વડોદરા વીરમગામ અને નડિયાદમાં પણ કાપડની મિલો શરૂ થઈ; જોકે આ મિલો એકલદોકલ હતી. વડોદરાની બાબતમાં એક હકીકત નોંધપાત્ર છે કે એ શહેરમાં જ્યારે ઉદ્યોગ શરૂ કરવા કોઈ વેપારી તૈયાર ન થયો ત્યારે ત્યાંની પ્રજાને ખાસ દાખલો બેસાડવા માટે ખુદ વડોદરાનરેશ સયાજીરાવ ગાયકવાડે એની સ્થાપના ૧૮૮૨માં કરી.[૬૫] વડોદરાની આ સહુ પ્રથમ મિલ 'રાજ્યના સાહસ' તરીકે શરૂ થઈ હતી. સુરતની સહુ પ્રથમ મિલ નવાબ વંશના સભ્યોએ ૧૮૬૩માં સ્થાપી હતી.[૬૬] સુરતની બીજી મિલ 'ગુલાબભાબા સ્પિનિંગ ઍન્ડ વીવિંગ મિલ' પણ આ જ કુટુંબના સભ્યોએ ૧૮૬૫માં શરૂ કરી હતી.[૬૭]

અમદાવાદ તથા ગુજરાતનાં અન્ય નગરોમાં થયેલા મિલ-ઉદ્યોગના વિકાસની સાથે સાથે એના આનુષંગિક ઉદ્યોગ શરૂ થયા. ૧૮૭૦ પછી કપાસ લોઢવાનાં

વરાળ-સંચાલિત કારખાનાં (cotton-ginning factories) અને રૂને દબાવવાનાં કારખાનાં (cotton-pressing factories) ગુજરાતનાં ઘણાં શહેરોમાં અસ્તિત્વમાં આવ્યાં. મિલોની સંખ્યા વધતાં ૧૮૯૦ બાદ અમદાવાદમાં મિલ-જિન સ્ટોર્સની વેપારી પેઢીઓ શરૂ થઈ.[૬૮]

રણછોડલાલ તથા એમના અનુયાયીઓએ અમદાવાદ તથા ગુજરાતમાં મિલો ઊભી કરી એ પહેલાં ઓગણીસમી સદીના ચોથા દાયકામાં હિન્દમાં મેનેજિંગ એજન્સીની પ્રથા શરૂ થઈ ચૂકી હતી. વેપારી સંસ્થાના મહત્ત્વના ભાગરૂપ ગણાતી આ પદ્ધતિ તેમજ સંયુક્ત હિસ્સાવાળી મંડળીઓ (joint stock-companies)ની પદ્ધતિ ગુજરાતના વેપારી-ઉદ્યોગપતિઓએ અપનાવી લીધી.[૬૯] ગુજરાતમાં પરંપરાગત વેપાર-ઉદ્યોગ સંયુક્ત કુટુંબવ્યવસ્થા તથા ભાગીદારીના સિદ્ધાંત ઉપર ચાલતા, પરંતુ મોટા અને નવા ઉદ્યોગ સ્થાપવામાં જોખમનું તત્ત્વ વિશેષ હોઈ અને એમાં ભારે મૂડીરોકાણ આવશ્યક હોઈ 'જોઈન્ટ સ્ટૉક-કમ્પનીઓ'ના સિદ્ધાંતનો અમલ અનિવાર્ય બન્યો. આવી કમ્પનીઓનું સંચાલન કરનાર પેઢીઓ 'મેનેજિંગ એજન્સીઓ' તરીકે જાણીતી બની. ગુજરાતના આર્થિક ઇતિહાસમાં વેપાર-ઉદ્યોગના સંચાલન માટે નવી સંસ્થાઓનો ઉદય અને વિકાસ થવો એ આર્થિક પરિવર્તનનું મહત્ત્વનું સોપાન હતું.

મિલ-ઉદ્યોગને બાદ કરતાં બીજા આધુનિક ઉદ્યોગ ગુજરાતમાં વિકસ્યા નહિ. આને માટે ગુજરાતની વેપારી કોમનું રૂઢિચુસ્ત માનસ જવાબદાર હતું, પરંતુ મહદ્ અંશે તો આ પરિસ્થિતિ માટે ઇંગ્લૅન્ડની સામ્રાજ્યવાદી નીતિ જ *જવાબદાર હતી. હિંદમાં નવા આધુનિક ઉદ્યોગ વિકસે એવી મુરાદ બ્રિટિશ* શાસકોએ કદી સેવેલી નહિ. આ જ કારણથી 'મુક્ત વેપાર'ના સિદ્ધાંતના ઓઠા નીચે એમણે અનેક અવરોધ પેદા કર્યા. ઉદાહરણ તરીકે ૧૮૮૨ માં રણછોડલાલ છોટાલાલ, મનસુખભાઈ ભગુભાઈ, બેચરદાસ લશ્કરી અને પેસ્તનજી વકીલ જેવા અમદાવાદી પ્રયોજકોએ પંચમહાલ જિલ્લામાં લોખંડ અને કોલસાની ખાણનું કામ શરૂ કરવા માટે 'ધી ગુજરાત કોલ ઍન્ડ આયર્ન કમ્પની, લિમિટેડ'ની સ્થાપના કરી; આ સાહસ અત્યંત જોખમ-ભરેલું અને વણખેડાયેલું હોઈ કમ્પનીના સંચાલકોએ મુંબઈ સરકારને ખાણકામ માટે પંદર વર્ષનો ઇજારો આપવાની વિનંતી કરી, પરંતુ મુંબઈ સરકારે આ વિનંતીનો અસ્વીકાર કર્યો, આથી સંચાલકોએ કેંદ્ર સરકાર સમક્ષ ધા નાખી. એમણે એમના આવેદનમાં જણાવ્યું કે હિંદને નિર્ધન થતું અટકાવવામાં આવા પાયાના ઉદ્યોગ ઘણા મદદરૂપ નીવડશે, પરંતુ વાઇસરૉય લૉર્ડ ડફરીને આ અરજીને ફગાવી દીધી તેથી નાછૂટકે કમ્પનીના સંચાલકોને

એમની આ મહાન યોજનાને સમેટી લેવી પડી.[૭૦] આમ ગુજરાતમાં એક મહત્ત્વના ઉદ્યોગ શરૂ થવાની જે શકયતાઓ ઊભી થઈ હતી તે સાંસ્થાનિક સરકારના પ્રતિકૂળ વલણને લીધે પડી ભાંગી.

આવા પ્રતિકૂળ વાતાવરણમાં નવા ઉદ્યોગ ઊભા થવાની શકયતાઓ ઘણી ઓછી હતી; આમ છતાં પણ ગુજરાતમાં વીસમા સૈકાની શરૂઆતમાં એક અત્યંત મહત્ત્વના ઉદ્યોગ શરૂ થયો. અત્યાર સુધી ગુજરાતી વેપારીઓ ચીલાચાલુ મિલ-ઉદ્યોગમાં જ ઝંપલાવતા હતા, એને બદલે એક પ્રયોજકે નવી ઢબના ઉદ્યોગ સ્થાપવાનો સંકલ્પ કર્યો. આ પ્રયોજક તે ગુજરાતના મહાન વૈજ્ઞાનિક પ્રોફેસર ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર (૧૮૬૩–૧૯૨૦). ગજ્જરે વડોદરામાં કેમિકલ્સના ઉદ્યોગ સ્થાપીને આધુનિક ઉદ્યોગના ઇતિહાસમાં નવો ચીલો પાડયો. બી. ડી. અમીન તથા કોટિભાસ્કર નામના એમના ભાગીદારોનો સહકાર પામીને એમણે વડોદરામાં 'એલેમ્બિક કેમિકલ વર્ક્સ'ની ૧૯૦૭માં સ્થાપના કરી[૭૧]. ગજ્જરે આ મહાન ઉદ્યોગની સ્થાપના કરી એ પહેલાં એ વડોદરાની સાયન્સ કૅાલેજમાં રસાયણશાસ્ત્રના અધ્યાપક રહી ચૂકયા હતા (૧૮૮૬–૯૦). વડોદરાની સુપ્રસિદ્ધ ટૅકનિકલ કૅાલેજ 'કલાભવન'ની સ્થાપના પણ એમને જ આભારી હતી. આવા બહોળા ધંધાદારી અનુભવને લીધે જ ગજ્જર 'એલેમ્બિક' જેવા અપરંપરાગત ઉદ્યોગની સ્થાપના કરી શકયા હતા એ નોંધપાત્ર છે. એમણે આ ઉદ્યોગ સ્થાપવા માટે વડોદરાને પસંદગી આપી એ પણ સૂચક છે. બ્રિટિશ સરકાર આવા ઉદ્યોગ સામે કરડાઈની નજરે જોતી હતી એ વાતથી એ અજાણ નહોતા. બીજી તરફ ગાયકવાડ સરકારની વેપાર–ઉદ્યોગને ઉત્તેજન આપવાની નીતિથી પણ તેઓ સુપેરે વાકેફ હતા. અગાઉ નોંધ્યું છે તે મુજબ વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે પ્રજાને દાખલો બેસાડવાના આશયથી ૧૮૮૨માં સુતરાઉ કાપડની મિલ સ્થાપી હતી. આ ઉપરાંત એમણે એમના રાજ્યમાં નાના પાયા ઉપર રંગાટીકામ તેમજ કાચ અને ઈંટનાં ઔદ્યોગિક એકમ સ્થાપ્યાં હતાં. આર્થિક વિકાસની નીતિને મૂર્ત સ્વરૂપ આપવાના ઉદ્દેશથી એમણે ૧૯૦૨માં મહાન દેશભક્ત અને અર્થશાસ્ત્રના નિષ્ણાત રોમેશચંદ્ર દત્તની મહેસૂલપ્રધાન તરીકે નિમણૂક કરી હતી.[૭૨] આમ એક તરફ બ્રિટિશ સરકારની પ્રતિકૂળ આર્થિક નીતિ અને બીજી તરફ વડોદરા સરકારની વેપાર અને હુન્નર–ઉદ્યોગને ઉત્તેજન આપવાની નીતિના સંદર્ભમાં ગજ્જરે વડોદરાને જ પસંદગી આપી એ એ સમયના સંજોગો સાથે સુસંગત હતું.

એલેમ્બિક કમ્પની મુખ્યત્વે દારૂ અને ઔદ્યોગિક સ્પિરિટનું ઉત્પાદન કરતી. આ ઉપરાંત એણે કેટલીક ઔષધીય ચીજોનું ઉત્પાદન તેમ વેચાણ પણ કર્યું હતું,

પણ એ ઘણા અલ્પ પ્રમાણમાં. એણે આગળ જતાં એના માલનું નોંધપાત્ર વિશાખન (diversification) કર્યું, પરંતુ ૧૯૧૪ પહેલાંનો એના ઉત્પાદનનો લગભગ એકમાત્ર ઝોક દારૂ અને ઔદ્યોગિક સ્પિરિટ ઉપર અને કાંઈક અંશે ઔષધો ઉપર હતો.[૭૩]

ત્રિભુવનદાસ ગજ્જરે રણછોડલાલ છોટાલાલની જેમ જ ગુજરાતના વેપારીઓ-ઉદ્યોગપતિઓને નવી દિશા બતાવી હતી એમાં શંકાને સ્થાન નથી. આ કામ માટે માત્ર મૂડી–રોકાણની જ નહિ, પણ રસાયણશાસ્ત્રના જ્ઞાનને વ્યવહારુ દૃષ્ટિએ અમલમાં મૂકવાની અસાધારણ કુનેહની જરૂર હતી અને આ ટેકનોલૉજી ગુજરાત અને હિંદમાં ઘણા અલ્પ પ્રમાણમાં ખીલી હતી. સુથાર કુટુંબમાંથી આવતા ગજ્જરમાં વિજ્ઞાનને ઉદ્યોગમાં પલટાવવાની પ્રતિભા હતી. એમણે ચરોતર-ના પાટીદાર જ્ઞાતિમાં જન્મેલા ભાઈલાલભાઈ અમીનની મદદથી વડોદરામાં આ કામ કર્યું અને એને વિકસાવ્યું. ઉપર્યુક્ત પ્રયોજકોની જ્ઞાતિઓનો અત્રે ઉલ્લેખ એટલા માટે કરવામાં આવ્યો છે કે આવાં દૃષ્ટાંત મૅક્સ વેબર અને એમના યુરોપીય અનુયાયીઓએ પ્રચલિત કરેલા 'જ્ઞાતિ–આધારિત' સિદ્ધાંતો સાથે સાથે લાલબત્તીની ગરજ સારે છે. ગુજરાતમાં જે વ્યક્તિઓએ નવા ઉદ્યોગ શરૂ કર્યા તેમની જ્ઞાતિઓ તપાસતાં તો ઊલટાની એવી છાપ ઊપસે છે કે આ પ્રચલિત માન્યતાઓ કરતાં ઐતિહાસિક વાસ્તવિકતા જુદી હતી.

૩. ઉપર્યુક્ત વિશ્લેષણમાંથી કેટલાંક તારતમ્ય ફલિત થાય છે. આર્થિક પરિવર્તનની દૃષ્ટિએ ગુજરાતના ઇતિહાસમાં બ્રિટિશ કાલ અભૂતપૂર્વ હતો. ગુજરાત પહેલી જ વાર એક એવા દેશના શાસન નીચે આવ્યો કે જે ઔદ્યોગિક ક્રાંતિના પ્રાથમિક તબક્કામાંથી પસાર થઈ ચૂક્યો હતો. બ્રિટિશ શાસને કેટલાંક પ્રગતિશીલ પરિબળ વિકસાવ્યાં. વાહન–વ્યવહાર અને સંદેશા–વ્યવહારને એના આધુનિક સ્વરૂપમાં મૂકનાર તથા ગુજરાતનાં ગામડાંઓ અને શહેરોને આર્થિક દૃષ્ટિએ સાંકળનાર (વિશાળ દૃષ્ટિએ હિંદના અન્ય વિસ્તારો સાથે પણ) બ્રિટિશ રાજ્ય હતું, પછી એનો ઉદ્દેશ ભલે ગમે તે હોય.

ગુજરાતમાં બ્રિટિશ રાજ્ય સ્થપાયું તે સમયે એ ઊંચા વેપારી સંસ્કાર ધરાવતું હતું; આમ છતાં પણ એને સંસ્થાનવાદી–મૂડીવાદી તબક્કામાંથી પસાર થવું પડ્યું તેથી એની જૂની વેપારી પરંપરા તૂટતી ગઈ, જ્યારે બીજી બાજુ, જે નવી આર્થિક પ્રક્રિયા શરૂ થઈ તે ઇંગ્લૅન્ડની જરૂરિયાતોને પોષવા માટે થઈ. ખેતીનું જે વાણિજ્યીકરણ થયું તેનો મૂળ આશય પણ ઇંગ્લૅન્ડમાં રોકડિયા માલની નિકાસ કરવાનો હતો. ખેતીના ક્ષેત્રમાં ગુજરાત તારાજ થઈ ગયું અને

ખેડૂતોના હાથમાંથી જમીનો શાહુકારો અને શરાફોના હાથમાં ચાલી ગઈ. અગાઉ નોંધ્યું છે તે પ્રમાણે ખંભાતમાં તો ખેડૂતોએ રાજ્ય સામે ખુલ્લેઆમ બળવો કર્યો. બ્રિટિશ વિસ્તારોમાં પણ ખેડૂતોનો અસંતોષ તીવ્ર બન્યો. બ્રિટિશ શાસનને પરિણામે જેવી રીતે એક તરફ ગુજરાતનાં ગૃહઉદ્યોગ તૂટયા તેવી જ રીતે ખેતીવાડી પણ નિકૃષ્ટ દશામાં મુકાઈ ગઈ. આમ વિશાળ ફલકમાં, આર્થિક દૃષ્ટિએ ગુજરાતમાં બ્રિટિશ શાસન પરિવર્તનલક્ષી સિદ્ધ થયું, વિકાસલક્ષી નહિ.

આમ છતાં પણ જે રીતે ઇંગ્લેન્ડ એનો ઔદ્યોગિક માલ ઉત્પન્ન કરતું હતું અને ગુજરાતમાં ઠાલવતું હતું એ સમગ્ર બાબતને એક વિશાળ ફલક ઉપર નિહાળનાર અને એનું વિશ્લેષણ કરી એમાં સુષુપ્ત સ્વરૂપમાં રહેલી તકોનો તાગ કાઢનાર વ્યક્તિઓ ગુજરાતે આ સમય દરમ્યાન ઉત્પન્ન કરી. ગુજરાતની વિવિધ જ્ઞાતિઓમાંથી આવતી આવી વ્યક્તિઓએ એમની પ્રયોજનશક્તિ વડે હુન્નર-ઉદ્યોગના ક્ષેત્રમાં નવો ચીલો પાડચો. આર્થિક પરિવર્તનનું આ પાસું સૂક્ષ્મ હોવા છતાં ઊજળું હતું.

ગુજરાતમાં નેતાગીરીના ઊગમને પરિણામે મહાજન જેવી પુરાણી રીતરસમો ધરાવતી સંસ્થાઓ તૂટતી ગઈ. 'જૂની મૂડી' ધરાવતા શરાફો અને વેપારીઓએ જેમ જેમ એમના મૂડી--રોકાણની દિશા બદલવા માંડી તેમ તેમ મહાજનોની મર્યાદા સ્વીકારવાને બદલે નવી ઢબના વેપારી–સંઘ રચવામાં વધુ વ્યવહારદક્ષતા જોઈ. ૧૮૯૧માં અમદાવાદમાં સ્થપાયેલ 'મિલ માલિક મંડળ' પલટાતી જતી પરિસ્થિતિના પ્રતીકરૂપ હતું. નવાં આર્થિક પરિબળોએ જન્માવેલી નવી શકયતાઓ અને જરૂરિયાતોને સંતોષી ન શકનાર અને એના કલેવરમાં સંજોગાનુસાર ફેરફાર દાખલ કરવાની સ્થિતિસ્થાપકતા ન ધરાવનાર મહાજન–સંસ્થા ઓગણીસમા સૈકાના અંતમાં મૃતપ્રાય દશામાં હતી.

લગભગ વીસમી સદીની શરૂઆતથી ગુજરાતમાં મૂડીવાદી વર્ગ દૃષ્ટિગોચર થતો ગયો. એની સાથે સાથે (યુરોપની જેમ એને પરિણામે નહિ) મજૂરોનો પણ નવો વર્ગ વધતો ગયો. અમદાવાદ એના મિલ-ઉદ્યોગને લીધે આ નવા ઝોક-(trend)નું કેંદ્ર બન્યું. બેરોજગાર બનતા જતા કારીગરોને ગુજરાતની મિલોએ સમાવ્યા. આ પ્રક્રિયા મહત્ત્વની હતી, પણ બજારમાં 'લે–વેચ'ની અન્ય ચીજોની જેમ મજૂરી પણ માંગ અને પુરવઠાના નિયમોને અધીન હોય છે ને બેરોજગાર કારીગરોની વધતી જતી સંખ્યાને મુકાબલે મિલોની સંખ્યાની ઝડપ કીડીની ગતિની હતી. બીજી તરફ, મિલો સિવાયના આધુનિક ઉદ્યોગ ૧૯૨૪

પહેલાં લગભગ નહિવત્ હતા. આ સમગ્ર પરિસ્થિતિના પ્રતિભાવરૂપે ગુજરાતી સમાજના વિવિધ વર્ગો કોમો અને જ્ઞાતિઓમાંથી આવતા માણસોએ (અહીં વિશ્લેષણની દૃષ્ટિએ 'ગુજરાતે' પ્રતિભાવ વ્યક્ત કર્યો કહેવા કરતાં એના વિવિધ 'વર્ગો' અને 'સામાજિક સ્તરો'ની શ્રેણી વધુ ઉપયોગી બની રહે છે.) આર્થિક રાષ્ટ્રવાદનું હથિયાર અજમાવ્યું. પરદેશી શાસનના ચોકઠામાં પાંગરતી જતી આ વિવિધલક્ષી અને જટિલ પ્રક્રિયા આર્થિક પરિવર્તનના સંદર્ભમાં નવી અને અત્યંત સૂચક હતી.

## પાદટીપ

૧. Walter H., *Geographical, Statistical and Historical Description of Hindostan and Adjacent Countries*, Vol. I, pp. 604-725
૨. વધુ વિગતો માટે જુઓ Tarashankar Banerji, *Internal Market of India* 1834–1900; James Robertson (Ed.), *Western India : Reports Addressed to the Chambers of Commerce of Manchester, Liverpool and Glasgow by their Commissioner the late Alexander Mackay Esq.*
૩. Government of Bombay, *Selections from the Records of the Bombay Government*, New series, no. CLXXIV, pp. 422–25
૪. R. D. Choksey, *Economic Life in the Bombay : Gujarat 1800–1939*, pp. 65–82
૫. *BG* : Vol. II, *Surat and Broach*, p. 220
૬. વધુ વિગતો માટે જુઓ Alexander Rogers, *Land Revenue of Bombay*, Vols. I and II.
૭. B.H. Baden Powell, *Land System of British India*, Vol. III, p. 211
૮. G. D. Patel, *The Land Revenue Settlements and the British Rule in India*, pp. 101–03; 253–57
૯. *Ibid.*, p. 13
૧૦. R. D. Choksey, *op. cit.*, p. 93
૧૧. *Ibid.*, pp. 93–95
૧૨. કરસનદાસ મૂળજી, 'નિબંધમાળા : સંસાર સંબંધી વિષયો', પૃ. ૧૭૬–૭૯
૧૩. ત્રિભોવનદાસ ગં. પટેલ, 'દુકાળ વિશે નિબંધ'
૧૪. *Parliamentary Paper* no. 156 of 1890–91 entitled *East India : Cambay Disturbances*
૧૫. 'પ્રજાબંધુ', તા. ૨૩–૫–૧૯૦૯, પૃ. ૫–૬

૧૬. વધુ માહિતી માટે જુઓ P. G. Shah, *The Dublas of Gujarat*; *Gazetteer of the Bombay Presidency* (*BG*), Vol. IX, Part I.

૧૭. *BG*, Vol IX, Part I, pp. 78–79

૧૮. *Ibid.*, pp. 78–87

૧૯. વધુ વિગતો માટે જુઓ H. G. Briggs, *The Cities of Gujarashtra*.

૨૦. એદલજી બ. પટેલ, 'સુરતની તવારીખ', પૃ. ૨૫૩–૫૫; વડોદરા રાજ્ય, 'હરિભક્તિ ઘરાણાની હકીકતનું પુસ્તક', પૃ. ૯–૧૪; મગનલાલ વખતચંદ, 'અમદાવાદનો ઇતિહાસ', પૃ. ૨૫૪–૭૫

૨૧. એજન

૨૨. 'જૈન ઐતિહાસિક રાસમાળા', ગ્રંથાંક ૨૪, ભા. ૧, પૃ. ૨૪

૨૩. *BG*, Vol, IX, Part II, pp. 24–57; Briggs, *op. cit.*, p., 145

૨૪, Augustus Summers, 'An Account of the Agate and Carnelian Trade of Cambay', *JBBRAS.*, Vol. III, Part I, pp. 318–27; Makrand Mehta, 'Indigenous Paper Industry and Muslim Entrepreneurship : A Case Study of Paper Technology and Trade in Ahmedabad with special reference to the 19th century.' *Proceedings of the Seminar on Science and Technology in 18th –19th century. Indian National Science Academy*, New Delhi, 1980, pp. 136–166

૨૫. *BG*, Vol. IX, Part II, pp. 24–57

૨૬. *Ibid.*, pp. 195–200

૨૭. રત્નમણિરાવ ભીમરાવ, 'ગૂજરાતનું પાટનગર : અમદાવાદ', પૃ, ૫૪૫

૨૮. E. Waghburn Hopkins, *India : Old and New*, p. 102; Kenneth L. Gillion, *Ahmedabad : A Study in Indian Urban History*, pp. 10–13

૨૯. 'ખતપત્ર' તરીકે ઓળખાતા આ દસ્તાવેજ ભો. જે. વિદ્યાભવન, અમદાવાદમાં તથા વડોદરાની મ.સ. યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગમાં સચવાયેલા છે.

૩૦. *BG*, Vol. IV, p. 14 ૩૧. *Ibid.*, p. 107

૩૨. *Ibid.*, p. 107., *BG.*, Vol. II, pp. 441–42

૩૩. *BG*, Vol. IV, p. 112

૩૪. Hopkins, *op. cit.*, p. 178

૩૫. વધુ વિગત માટે જુઓ ર. ભી. જોટ, ઉપર્યુક્ત, પૃ. ૫૪૨–૫૬૨.

૩૬. એજન, પૃ. ૫૪૫–૫૬૨

૩૭. એજન, પૃ, ૫૪૮–૫૪૯; Hopkins, *op. cit.*, p. 193

૩૮. *BG*, Vol. IX, Part I, pp. 117–202

૩૯. Hamilton, *op. cit.*, p. 695; *BG*, Vol. III, p. 76

૪૦. વધુ વિગત માટે જુઓ ભવાનીશંકર જોષી, 'પરદેશી માલ આપણા દેશમાં તૈયાર થવા શા ઉપાય યોજવા જોઈએ?' "બુદ્ધિપ્રકાશ" (બુપ્ર,) પુ. ૨૩, અંક ૧૨, પૃ. ૨૬૫–૭૦.

૪૧. બુપ્ર., પુ. ૨૧, અંક ૮, પૃ. ૧૭૦

૪૨. A. R. Desai, *Social Background of Indian Nationalism*, pp. 15 f.

૪૩. *Ibid.*, pp. 15 f.

૪૪. James Forbes, *Oriental Memoirs*, Vol. II, pp. 227 f.

૪૫. Mrs. Postans, *Western India in 1838*, Vol. I, p. 298; Briggs, *op. cit.*, pp. 182 ff.

૪૬. E. G. Fawcett, 'Report on the Collectors of Ahmedabad', *Selections from the Records of the Bombay Government*, New series, no. 5, pp. 80-82; Briggs, *op. cit.*, pp. 266–67

૪૭. Hamilton, *op. cit.*, p. 616; Mrs. Postans, *op. cit.*, p. 288

૪૮. William Milburn, *Oriental Commerce containing a Geographical Description of the Principal Places in the East Indies, China and Japan with their Produce, Manufactures, and Trade, including the Coasting of Country Trade* from *Port to Port*, Vol. I, pp. 238 ff., Robertson, *op. cit.*, pp. 232-63; Thomas Pennant, *The View of Hindostan*, Vol. I, pp. 60 ff

૪૯. Fawcett, *op. cit.*, pp. 80–82; Summers, *op. cit.*, p. 318; રત્નમણિરાવ ભી. જોટ, 'ખંભાતનો ઇતિહાસ,' પૃ. ૧૨૦–૧૩૧

૫૦. Briggs, *op. cit.*, p. 317

૫૧. Edalji Dosabhai, *History of Gujarat from the Earliest Period to the Present Time*, p. 294; *Imperial Gazetteer* of *India*: *Bombay Presidency*, Vol. I, pp. 76 f.; *BG*, Vol. II, pp. 163, 418-421

૫૨. વધુ વિગત માટે જુઓ Morris David, 'Towards a Reinterpretation of Nineteenth Century Indian Economic History', *The Indian Economic and Social History Review*, Vol. V, pp. 1ff., Morris David Morris, 'Values as an Obstacle to Economic Growth in South Asia: A Historical Survey', *The Journal of Economic History*, Vol. XXVII, No. 4, pp. 588 ff.

૫૩. Forbes, *op. cit.*, Vol. II, p. 217

૫૪. Robert Orme, *Historical Fragments of the Mogul Empire*, pp. 405 ff.; Briggs, *op. cit.*, p. 134

૫૫. વધુ માહિતી માટે જુઓ બુપ્ર, પુ. ૨૨, અંક ૧૧, પૃ. ૨૦–૨૧; પુ. ૨૩, અં. ૧, પૃ. ૨૦–૨૧; પુ. ૨૩, અં. ૧૨, પૃ. ૨૬૫–૨૭૦; પુ. ૨૫, અં. ૬, પૃ. ૧૩૭–૪૦; પુ. ૩૩, અં. ૬, પૃ. ૧૨૨–૧૨૭; પુ. ૪૧, અં. ૩, પૃ. ૭૫–૭૬; નરહરિ દ્વારકાદાસ પરીખ, 'દીવાન બહાદુર અંબાલાલભાઈ: જીવન દર્શન'.

૫૬. દલપતરામ ડાહ્યાભાઈ, 'દલપત કાવ્ય', પૃ. ૭૭–૮૬

૫૭. બુપ્ર, પુ. ૨૩, અંક ૧૨, પૃ. ૨૬૫–૭૦

૫૮. બુપ્ર, પુ, ૨૫, અંક ૬, પૃ. ૧૩૭–૪૦

૫૯. ગુજરાતમાં ૧૯૦૪ થી ૧૯૦૮ દરમ્યાન થયેલ સ્વદેશી આંદોલનની પ્રવૃત્તિઓ માટે જુઓ 'પ્રજાબંધુ', ૧૪–૫–૧૯૦૫, પુ. ૫–૭; ૪–૨–૧૯૦૬, પૃ. ૧૨–૧૩; ૧૧–૮–૧૯૦૭, પૃ. ૧૯; મગનભાઈ ચતુરભાઈ પટેલ, 'સ્વદેશી હિલચાલ', Maharaja Sayajirao, *Speeches and Addresses, 1877–1910*, Vol. I, Baroda Government, *Baroda Administration Report*, 1904–05 to 1908–09.

૬૦. શિવપ્રસાદ રાજગોર, 'ગુજરાતના વહાણવટાનો ઇતિહાસ', પૃ. ૧૪૬–૪૭

૬૧. આ વિષયની સૈદ્ધાંતિક ચર્ચા માટે જુઓ Arthur H. Cole, *Business Enterprize in its Social; Setting*; J. A. Schumpeter, *The Theory of Economic Development*; Dwijendra Tripathi, 'Indian Entrepremeurship in Historical Perspective—A Reinterpretation', *Economic and Political Weekly*, Vol. VI, pp. M59–M 65

૬૨. Bhagwanlal R. Badshah, *The Life of Rao Bahadur Ranchhodlal Chhotalal C.I.E.*

૬૩. Makarnd Mehta, *The Ahmedabad Cotton Textile Industry : Genesis and Growth*, pp. 151–55

૬૪. *Ibid.*, pp. 166 f.

૬૫ Baroda Government, *Report on the Administration of the Baroda State for 1882–83*, p. 68.

૬૬. Bombay Government, *General Report on the Administation of the Bombay Presidency for the year 1864*–65, pp. 212 ff.

૬૭. *Ibid.*, *year 1865*–66, pp. 520 ff.

૬૮. Somerset Playne, *The Bombay Presidency, The United Provinces The Punjab etc. Their History, People, Commerce and Natural Resources*, pp. 64–103.

૬૯. Mehta, *op. cit.*, pp. 140 ff. Blair Kling, 'The Origin of the Managing Agency System in India', *The Journal of Asian Studies*, Vol. XXVI, pp. 37 ff.

૭૦. Badshah, *op. cit.*, pp. 34 f.

૭૧. B. D. Amin, *The Rise and Growth of Alemebic Chemical Works*

૭૨. વધુ વિગત માટે જુઓ *Administration Reports of the Baroda State* for the years 1882-83 to 1907-08.

૭૩. Dwijendra Tripathi and Makrand Mehta, *Business Houses in Western India : A Study in Entrepreneurial Response, 1850-1956*, pp. 167 ff.

## પરિશિષ્ટ–૧

# ગુજરાતનાં બંદરોની અવનતિ અને વહાણવટું

### ૧. ગુજરાતનાં બંદરોની અવનતિ

વેપાર અને ઉદ્યોગના વિકાસ માટે હંમેશાં શાંતિની જરૂર છે. મરાઠા શાસન દરમ્યાન મુલ્કગીરી–પદ્ધતિને કારણે તથા વેપારીઓને બાન તરીકે પકડી પૈસા પડાવવાની નીતિને કારણે ઉદ્યોગ વેપાર અને ખેતી ઉપર ઘણી માઠી અસર થઈ હતી. સને ૧૮૧૭માં અમદાવાદ અંગ્રેજોના શાસન નીચે આવ્યું અને ૧૮૧૮ અને ૧૮૨૦માં ગાયકવાડ સાથે તથા પેશવા સાથે ૧૮૧૭ અને ૧૮૧૯ માં થયેલા કોલકરારને કારણે અંગ્રેજોની સત્તા ગુજરાતમાં સર્વોપરિ બની અને સમગ્ર દેશમાં શાંતિ પ્રસરી, આથી વેપાર-ઉદ્યોગ માટેનું અમુક અંશે સાનુકૂળ વાતાવરણ ઘડાયું. ૧૮૦૭ના સૌરાષ્ટ્રના રાજવીઓ સાથેના 'વૉકર સેટલમેન્ટ'ની એક કલમ મુજબ તેઓએ ચાંચિયાગીરી છોડી દેવાનું અને એમની હદમાં વાવાઝોડાથી તણાઈ આવેલાં વહાણોના ભંગાર અને માલ ઉપરથી હક્ક ઉઠાવી લેવાનું સ્વીકાર્યું. વળી બ્રિટિશ નૌકાસૈન્યની તાકાતને કારણે પણ ચાંચિયાગીરીનો અંત આવ્યો. આમ સુવ્યવસ્થા સ્થપાઈ છતાં ખેતી અને ઉદ્યોગોની અવદશાને કારણે અને વરાળથી ચાલતી આગબોટ સમુદ્ર–વ્યવહારમાં દાખલ થવાથી ગુજરાતનાં ધીકતાં બંદરો, જેવાં કે સુરત ભરૂચ ખંભાત ભાવનગર વગેરેના દરિયાઈ વેપારમાં ઓટ આવી. સુરત તથા ખંભાતનાં બારાં કાંપના જમાવને લીધે છીછરાં થઈ ગયાં હતાં. ખંભાતના અખાતનો મથાળાનો ભાગ કાંપથી પુરાઈ ગયો હતો, આથી આ બંદર આગબોટો માટે નકામાં બની ગયાં હતાં. તાપીમાં અવારનવાર આવતી રેલે તથા આગોએ સુરતની સમૃદ્ધિનો નાશ કર્યો હતો. અંગ્રેજોએ એમની કોઠી સુરતના નવાબના ત્રાસને કારણે મુંબઈ ફેરવવાથી મુંબઈના બંદરનો ઉદય થયો અને સુરતનો વેપાર ત્યાં ઘસડાઈ ગયો. રેલવેના આગમનને કારણે મુંબઈનો એના આંતરપ્રદેશ સાથે સંબંધ બંધાયો તથા ૧૮૬૯ માં સુવેઝની નહેર ખુલ્લી થતાં ગુજરાતનાં બંદર માઠી દશામાં આવી પડ્યાં. સિંધના કરાંચી બંદરના ઉદય સાથે કચ્છનાં માંડવી અને લખપત બંદરોનો વેપાર ખૂબ ઘટી ગયો. ૧૮૧૯ના કચ્છના ધરતીકંપને કારણે કોરી ખાડી છીછરી બની ગઈ, તેથી સુરત કચ્છ અને સૌરાષ્ટ્રના લોકો મુંબઈ ને કરાંચી તરફ આકર્ષાયા અને ગુજરાતનાં વહાણવટા તથા વેપારને

ધક્કો લાગ્યો. આ ઉપરાંત ૧૮ મી સદીના અંતભાગમાં ભારતના કાપડની આયાત કરવા ઉપર ઇંગ્લેન્ડે અને યુરોપના બીજા દેશોએ પ્રતિબંધ મૂકતાં ગુજરાતના કાપડ–ઉદ્યોગ ઉપર માઠી અસર થઈ. ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીની ધાકધમકી–ભરી નીતિથી વણકરોએ કંટાળીને આ ધંધો છોડી દીધો તેથી પણ કાપડ–ઉદ્યોગ પર માઠી અસર થઈ. વરાળયંત્રો શોધાતાં હાથશાળનું કાપડ મોંઘું થયું ને ૧૮૨૦ માં ગુજરાતમાં ઇંગ્લૅન્ડથી કાપડની સૌથી પ્રથમ વાર આયાત થઈ અને ખંભાતથી કાપડની નિકાસ ઘટી ગઈ. આ સિવાય ભારતનાં વહાણો દ્વારા વેપાર કરવા ઇંગ્લૅન્ડે પ્રતિબંધ મૂકતાં ગુજરાતના વહાણ બાંધવાના ઉદ્યોગમાં ઓટ આવી અને આમ અંગ્રેજી શાસન દરમ્યાન યંત્રો દ્વારા બનતા સસ્તા માલની આયાત વધી. ગુજરાતના ઉદ્યોગ આથી નામશેષ થયા. વહાણવટું માત્ર સૌરાષ્ટ્ર–કચ્છનાં દેશી રજવાડાંઓના પ્રોત્સાહનને કારણે ટકી રહ્યું જ્યારે સુરત ભરૂચ ખંભાત વગેરેના વેપારમાં ઓટ આવી. ૧૮૫૬ પછી રેલવે–લાઇન નંખાતાં તથા ડેલહાઉસીના શાસન દરમ્યાન તાર–ટપાલની સગવડ વધતાં આંતરિક વેપારમાં સુધારો થયો.[૧] ગુજરાતનાં બંદરોની ૧૮૧૮–૧૯૧૪ ના ગાળાની વિગત નીચે પ્રમાણે છે:

### સુરત

ઈ.સ. ૧૮૧૩ નો દુકાળ, નવાબનો આંતરકલહ અને ત્યાર પછી વિવિધ કારણોસર તંગીને કારણે સુરતનો વેપાર ઘટ્યો. ૧૮૧૮ માં મંદીની શરૂઆત થઈ. ૧૮૨૧ માં વરાડ પ્રાંત સાથે મુંબઈનો સીધો વ્યવહાર થવાથી સુરતનો વેપાર કમી થયો. માત્ર રૂની ગાંસડીઓ સુરતથી મુંબઈ નિકાસ થતી હતી. સને ૧૮૨૬ માં મક્કા અને જેદ્દાના કેટલાક વેપારીઓએ દેવાળું કાઢતાં વેપારીઓ પાયમાલ થઈ ગયા. સુરતનો દરિયાઈ વેપાર ૧૮૦૧ માં રૂ. એક કરોડનો હતો તે ૧૮૩૦ માં ઘટીને રૂ. ૮૦ લાખ થઈ ગયો હતો અને ૧૮૭૫માં પચાસ લાખનો થઈ ગયો. ૧૮૨૫–૩૭ નો ગાળો સુરત માટે ખરાબ હતો: રેલ અને આગે ઘણું નુકસાન કર્યું હતું. ૧૮૩૮ નું વર્ષ સૌથી ખરાબ હતું. ૧૮૪૦ પછી કાંઈક સુધારો થયો. ૧૮૪૯–૫૦ માં સુરતની આયાત રૂા. ૩૧ લાખની હતી, જ્યારે નિકાસ રૂ. ૪૦ લાખની હતી. સને ૧૮૫૧–૧૮૫૮ નો ગાળો વેપાર માટે સારો ગયો. ૧૮૫૬–૫૮ દરમ્યાન સુરત રેલવે–માર્ગે મુંબઈ સાથે જોડાયું. અમેરિકન આંતરવિગ્રહને કારણે સુરતથી રૂની નિકાસ ૧૮૬૧–૬૫ દરમ્યાન વધી અને ભાવોમાં ખૂબ ઉછાળો આવતાં નાણાંની રેલમ-છેલ થઈ. આ ઉપરાંત સ્પિનિંગ મિલ, કાગળનું કારખાનું, જીન પ્રેસ વગેરે સ્થપાતાં સુરતના નવજીવનની શરૂઆત થઈ. ૧૮૬૬–૮૧ દરમ્યાન સુરતમાં અનેક કારખાનાં વધ્યાં હતા. સુરતમાં પ્રથમ આગબોટ ૧૮૪૫ માં આવી હતી. ઈ.સ. ૧૮૭૪ માં

સુરતમાં રૂ. ૩૨,૯૦૨ ની આયાત અને રૂ. ૨૪,૦૩,૩૯૦ ની નિકાસ થઈ હતી. સને ૧૮૭૪–૭૫ માં સરેરાશ ૧૮.૫૩ ટન વજનનાં ૧,૫૩૩ વહાણુ આવ્યાં હતાં, જ્યારે સરેરાશ ૧૮.૭૫ ટન વજનનાં ૨,૦૬૫ વહાણો દ્વારા નિકાસ થઈ હતી. સુરતનો પરદેશ સાથેનો વેપાર નહિવત્ થઈ ગયો હતો.[૨]

નીચેનો કોઠો સુરતના વહાણવટાનો ખ્યાલ આપે છે :

સુરતની આયાત નિકાસ ૧૮૭૪–૭૫

| ક્રમાંક | બંદરનું નામ | સુરત આવેલાં વહાણુ સંખ્યા | ટન | સુરતથી ગયેલાં વહાણુ સંખ્યા | ટન |
|---|---|---|---|---|---|
| ૧. | કરાંચી | ૭ | ૨૬૨ | ૮ | ૨૨૮ |
| ૨. | માંડવી | ૧ | ૪૦ | ૯ | ૧૧૬ |
| ૩. | સૌરાષ્ટ્રનાં બંદર | ૨૯૪ | ૫,૮૦૧ | ૩૮૨ | ૫,૩૮૩ |
| ૪. | ગુજરાતનાં બંદર | ૬૩૭ | ૧૦,૪૯૨ | ૭૬૭ | ૮,૫૦૭ |
| ૫. | મુંબઈ | ૨૯૯ | ૭,૩૮૮ | ૧૮૪ | ૩,૬૭૮ |
| ૬. | કોંકણુ | ૨૬૭ | ૩,૨૨૦ | ૨૪૭ | ૨,૯૦૭ |
| ૭. | દીવ દમણુ ગોવા | ૧૭ | ૩૩૯ | ૨૪ | ૨૨૩ |
| ૮. | કાલીકટ | ૧૦ | ૪૬૫ | ૩ | ૧૨૮ |
| | કુલ... | ૧,૫૩૩ | ૨૮,૪૦૭ | ૧,૬૨૮ | ૨૨,૨૮૦ |

ઉપરનો કોઠો સ્પષ્ટ કરે છે કે સુરતનો વેપાર ગુજરાતનાં બંદરો, કોંકણુ, મલબાર અને સિંધ પૂરતો મર્યાદિત રહ્યો હતો. સુરતથી અનાજ, કઠોળ, મહુડાનાં ફૂલ, ઇમારતી લાકડું અને વાંસની નિકાસ થતી હતી, જ્યારે કોંકણુથી ચોખા, પોરબંદરથી પથ્થર, ખંભાતથી તમાકુ, ભરૂચથી રૂ, મુંબઈથી લોખંડ, ગોવાથી નાળિયેર અને દીવ–દમણુથી માછલીની આયાત થતી હતી. પાકો માલ, જેવો કે સૂતર, કાપડ, રેશમી કાપડ, ગળી વગેરેની નિકાસ સાવ બંધ હતી. ૧૮૭૬ અને ૧૮૮૭ માં રેલે અને ૧૮૮૯ માં આગે સુરતની ખૂબ ખાનાખરાબી કરી હતી, તા. ૩૧–૧૧–૧૮૯૬ ના રોજ સુરત તાપીની ખીણુ સાથે રેલવે માર્ગે જોડાયું હતું, આથી સુરતના વેપારને પ્રોત્સાહન મળ્યું હશે, આ પ્રદેશનાં અનાજ અને રૂની નિકાસ સુરત દ્વારા મુંબઈ તથા અન્ય પ્રદેશો સાથે વધી હશે. મિલ-ઉદ્યોગ અને જરી–ઉદ્યોગ વિકસતાં ખાસ કરીને નિકાસને પ્રોત્સાહન મળ્યું હતું. સુરતના બારામાં ઈ.સ. ૧૮૫૫ ના ૪૦૦–૫૦૦ ખાંડીનાં અને ૧૮૭૬ માં ૫૦૦ થી ૬૦૦ ખાંડીનાં વહાણુ આવતાં હતાં. ૧૮૬૩ માં આવેલી આગબોટ ૧,૧૨૧ ખાંડીની

મગદલ્લા સુધી આવેલી. હાલ તાપીમાં મોટી ભરતી વખતે સુરત સુધી ૫૦ ટન સુધીનાં વહાણ આવી શકે છે.

**ખંભાત**

ઓગણીસમી સદી દરમ્યાન ખંભાતનો વેપાર ઘટી ગયો હતો. ઘી, નાળિયેર, આફ્રીકની વસ્તુઓ, કપાસ, કપાસિયા, સૂતર, સૂકો મેવો, રંગ, અનાજ, કરિયાણું, હાથીદાંત અને એની વસ્તુઓ, મહુડાં, રેશમ, સાબુ, પથ્થર, ઇમારતી લાકડું, તમાકુ, લાકડાના ચૂડા, વગેરેની આ બંદરેથી આયાત–નિકાસ થતી હતી. સને ૧૮૩૯–૪૦ માં કાપડની આયાત રૂ. ૧૫,૬૫૦ ની અને નિકાસ રૂ. ૧,૫૮,૨૭૦ની હતી. ૧૮૭૪–૭૫ માં કાપડની આયાત રૂ. ૭,૧૨૦ ની અને નિકાસ રૂ. ૧,૩૨,૨૭૦ ની હતી. સને ૧૮૭૭–૭૮ માં કાપડની આયાત રૂ. ૧,૯૧,૨૬૫ ની અને નિકાસ રૂ. ૧૯૧૦ ની હતી. સને ૧૮૭૭–૭૮ માં કુલ આયાત રૂ. ૧૩,૧૭,૨૯૦ ની અને નિકાસ રૂ. ૯૦,૦૧,૭૦ ની થઈ હતી. ખંભાતને પરદેશીઓ 'દુનિયાનું વસ્ત્ર' કહેતા હતા, પરંતુ દોઢ સૈકામાં એની સ્થિતિ એવી થઈ કે પોતાની વપરાશનું કાપડ પણ પરદેશથી આયાત કરવાનો વખત આવ્યો.

સને ૧૮૭૮ માં કુલ ૧૦,૦૦૦ ટનનાં ૫૬૬ વહાણ આવ્યાં હતાં તેમાં કચ્છથી ૬૧, સૌરાષ્ટ્રમાંથી ૫૮, પોર્ટુગીઝ બંદરોએથી ૨૫, તળ ગુજરાતનાં બંદરોએથી ૨૪૮, મુંબઈથી ૧૩૪ અને કોંકણથી ૪૦ વહાણ આવ્યાં હતાં. હિંદ બહારનાં અને કોંકણથી દક્ષિણનાં અને પૂર્વ કિનારાનાં બંદરો સાથેનો ખંભાતનો વેપાર સાવ કપાઈ ગયો હતો.[3] ખંભાતમાં આવતાં વહાણ 'બતેલા' પ્રકારનાં ૭ ટનનાં નાનાં હતાં. ૧૮૬૪ માં મુંબઈ–અમદાવાદ રેલવે થતાં ખંભાત ઉત્તર ગુજરાતમાં લશ્કર મોકલવા ઉપયોગમાં લેવાતું હતું. સારી મોસમમાં ૫૦–૬૦ બતેલા અને પડાવ જાતનાં વહાણ આવતાં હતાં. રેલવે થતાં ખંભાત ખૂણામાં પડી જતાં એનો વેપાર ઘટી ગયો હતો. ૧૮૭૮ માં દુકાળને કારણે આ બંદરેથી અનાજની આયાત કરવામાં આવી હતી. ઈ.સ. ૧૮૫૨–૧૮૬૫ સુધી મુંબઈ સુરત ખંભાત અને ઘોઘાની વચ્ચે નાની આગબોટો દ્વારા આવજા થતી હતી.[4] આ બંદરને ખીલવવા નવાબે પ્રયત્નો ખાસ કર્યા ન હતા. ૧૮૩૭ માં ખંભાતના અખાતની દરિયાઈ મોજણી કરવામાં આવી હતી. ૧૯૧૨ માં પાકી જેટી બાંધવામાં આવી હતી અને એને ઊંડા પાણી સુધી લંબાવવામાં આવી હતી. મભરવાડી અને ખંભાત વચ્ચે આવેલો 'બોરોક' વહાણવટા માટે ભયજનક હતો. ૧૯૦૩ માં ખંભાતનો વેપાર રૂ. ૬,૫૦,૦૦૦ નો હતો. આ વેપાર દિનપ્રતિદિન ઘટતો ગયો હતો.[5] ભૂતકાળમાં ૩૦૦ ટન સુધીનાં વહાણ ખંભાતના બારામાં ભરતી વખતે આવી શકતાં હતાં.

### ભરૂચ

ભરૂચનો વેપાર મુખ્યત્વે કચ્છના માંડવી અને દક્ષિણમાં કોંકણ અને મુંબઈ તથા સૌરાષ્ટ્રનાં બંદરો સાથે રહ્યો હતો. ભરૂચનું રૂ સુરત કે મુંબઈ જતું હતું. ભરૂચથી લાકડું સૌરાષ્ટ્રનાં ભાવનગર તળાજા મહુવા વેરાવળ માંગરોળ પોરબંદર વગેરે બંદરોએ જતું હતું. ૧૮૧૫–૧૬ માં ભરૂચની આયાત-નિકાસ રૂ. ૨૬ લાખની હતી, જે પૈકી રૂ. ૧૪,૭૭,૮૦૦ ના માલની આયાત થઈ હતી, જ્યારે રૂ. ૧૧,૯૦,૦૦૦ ના માલની નિકાસ થઈ હતી. આ પૈકી ૮ લાખ રૂ.ની રૂ ની જ નિકાસ હતી.[૬] ૧૮૩૭–૪૭ દરમ્યાન એનો સરેરાશ વેપાર રૂ. ૪૪,૯૧૭ જેટલો હતો. ૧૮૩૭–૧૮૭૫ દરમ્યાન આ બંદરેથી મહુડાનાં ફૂલ અને ઘઉંની નિકાસ કરાઈ હતી, જ્યારે ગોળ ચોખા પાન કેળાં વાંસ અને સાગની આયાત કરાઈ હતી. મુંબઈ અનાજ અને રૂ મોકલાયેલ, ત્યાંથી લોખંડ કોલસો દોરડાં વગેરેની આયાત થઈ હતી. મલબારથી કાથી નાળિયેર પાન મરી અને સુખડની આયાત કરાઈ હતી. સૌરાષ્ટ્ર અને કચ્છ માટે અનાજ કપાસિયા નળિયાં અને બળતણનું લાકડું નિકાસ કરેલ, જ્યારે ત્યાંથી પથ્થરની આયાત થઈ હતી. કરાંચી સાથે ઉપર મુજબ વેપાર હતો. પ્રસંગોપાત્ત ઝંઝીબારથી સફેદ ખજૂરની આયાત કરાતી હતી. ભરૂચ મહી અને નર્મદા વચ્ચેના પ્રદેશ તથા રતલામ અને માળવા માટેના વેપારનું વિતરણ-કેંદ્ર હતું. રેલવે લાઇન ૧૮૬૧ માં શરૂ થતાં ભરૂચનો વેપાર ઘટચો હતો. ૧૮૭૪ માં એનો વેપાર ફક્ત રૂ. ૨,૨૭,૪૦૯ નો હતો. સને ૧૯૦૩ માં ભરૂચનો કુલ વેપાર રૂ. ૩૧ લાખનો હતો.[૭] ૮૦–૧૦૦ ટનનાં વહાણ ભરૂચ સુધી આવી શકતાં હતાં.

### ઘોઘા

ઈ.સ. ૧૮૧૭ માં માલ ઉપર લેવાતી જકાત કાઢી નાખી ઘોઘા અને ધોલેરાનાં બંદરોને વિકસાવવા પ્રયત્ન થયો હતો. ગુજરાત અને કચ્છનો માલ વીરમગામ થઈને ગાડા રસ્તે ધોલેરા લાવવામાં આવતો હતો. ઘોઘા બંદરનો વેપાર અફીણ, કાશ્મીરી શાલ અને રૂનો હતો. કપડવંજ ને લુણાવાડાને રસ્તે માળવાનું અફીણ ઘોઘા થઈને ચીન જતું હતું. ૧૮૪૬ સુધીનાં પાંચ વરસો દરમ્યાન રૂ. ૧૪ લાખની ૧,૪૦૦ પેટીની અફીણની નિકાસ ઘોઘાથી થઈ હતી. રૂ. ૧૦ લાખની કાશ્મીરી શાલોની ૧૮૩૪–૧૮૪૬ દરમ્યાન નિકાસ થઈ હતી. એ પ્રમાણે ૧,૭૬૦ ટન રૂ ઘોઘાથી પરદેશ ગયું હતું. ઘોઘાના બંદરે ૫૦–૨૫૦ ટનનાં વહાણ બંધાતાં હતાં. ૧૮૬૦–૬૪ દરમ્યાન અમેરિકન આંતર-વિગ્રહને કારણે ઘોઘાનો વેપાર વધ્યો હતો. આંતર-વિગ્રહ બંધ થતાં આ વેપાર ઘટી ગયો હતો ને ભાવનગરના બંદરે

આ વેપાર ખેંચાઈ ગયો હતો. ભાવનગર રાજ્યે ૧૮૮૦ માં રેલવે લાઇન નાખતાં ઘોઘાનો વેપાર તદ્દન ઘટી ગયો હતો. ઘોઘાની ચારે બાજુ ભાવનગરનો મુલક હતો.[૮]

### ધોલેરા

ધોલેરાનું નવું બંદર પ્રથમ બાવળિયાળી ખાડી ઉપર હતું. ત્યારબાદ ખૂન બંદર ૧૮૫૦ માં વિકસાવવામાં આવ્યું. સને ૧૮૬૩ માં પૂરાં થતાં દસ વરસ દરમ્યાન રૂની નિકાસ રૂ. ૯૭,૫૬,૬૯૦ થી વધીને રૂ. ૪,૭૮,૩૩,૨૬૦ જેટલી થઈ હતી. વીરમગામ–વઢવાણ રેલવે લાઇન થતાં ધોલેરાનો વેપાર ઘટી ગયો હતો. ધોલેરાથી અનાજ અને તેલ ભરૂચ અને સુરત કોઈક વાર જતાં હતાં અને અનાજ અને રૂ મુંબઈ મોકલાતાં હતાં. ૧૮૭૮ માં રૂ. ૧,૭૦,૦૦,૦૦૦ ના રૂની ધોલેરાથી નિકાસ થઈ હતી.[૯]

### અન્ય બંદરો

સને ૧૮૭૪ માં સુરત જિલ્લાનાં બંદરોની આયાત–નિકાસ નીચે મુજબ હતી :

| બંદરનું નામ | આયાત રૂ. માં | નિકાસ રૂ. માં | કુલ |
|---|---|---|---|
| બિલિમોરા | ૨,૫૮,૫૮૦ | ૯,૮૬,૪૫૦ | ૧૨,૪૫,૦૩૦ |
| વલસાડ | ૬૨,૬૮૦ | ૭,૮૬,૩૭૦ | ૮,૪૯,૦૫૦ |
| ઉમરસાડી | ૧૬,૭૯૦ | ૧,૨૭,૭૨૦ | ૧,૪૪,૫૧૦ |
| નવસારી | ૨૫,૩૧૦ | ૯૭,૮૮૦ | ૧,૨૩,૧૯૦ |
| કોલક | ૧૨,૫૫૦ | ૩૨,૩૨૦ | ૪૪,૮૭૦ |
| ભગવા | ૧૨૦ | ૧૨,૨૯૦ | ૧૨,૪૧૦ |

આયાત કરતાં નિકાસનું પ્રમાણ વધારે રહ્યું છે.

ઔરંગા ઉપર આવેલા વલસાડના બંદરે ૨,૦૬૫ વહાણ આવ્યાં હતાં, જ્યારે ૨,૦૨૮ વહાણ કાંઠાના વેપારમાં રોકાયેલાં હતાં. વલસાડનો વેપાર સુરતની માફક ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ કોંકણનાં બંદરો અને કાલીકટ ને કરાંચી સાથે મુખ્યત્વે હતો. ૩૮,૬૭૨ ટનની આયાત હતી, જ્યારે ૪૦,૦૮૭ ટન માલની વલસાડથી નિકાસ થઈ હતી.

ખુલ્લા સમુદ્રથી ઉમરસાડી ૧.૬ કિ.મી., નવસારી ૨૨.૪ કિ.મી., સુરત ૧૬ કિ.મી., વલસાડ ૮ કિ.મી., બિલિમોરા ૧૯.૨ કિ.મી., મટવાડ ૧૪.૪ કિ.મી. અને ભગવા ૪.૮ કિ.મી. દૂર આવ્યાં છે. સુરત નવસારી વલસાડ અને ઉમરસાડી રેલવે દ્વારા જોડાયાં હોવાથી એનો અંદરના ભાગ સાથે વેપાર ટકી રહ્યો હતો. આ ઉપરાંત જંબુસર ટંકારિયા કાવી કોલક વગેરેનો સ્થાનિક થોડો ઘણો વેપાર હતો.[૧૦]

## સૌરાષ્ટ્રનાં બંદર

સૌરાષ્ટ્રમાં ૧૮૪૨ માં ૬૨ બંદર હતાં. રેલવેના આગમન પૂર્વે દરેક ખાડી ઉપરનું નાનું કે મોટું બંદર અંદરના પ્રદેશ સાથે વેપાર માટે ઉપયોગી હતું. કાંપથી પુરાઈ જવાને કારણે કે માલની હેરફેર બંધ થવાથી દસ બંદર બંધ થઈ ગયાં હતાં. જોડિયા બેડી સલાયા પોરબંદર નવીબંદર માંગરોળ વેરાવળ જાફરાબાદ મહુવા તળાજા અને ભાવનગરનો વેપાર સારો હતો. ઐતિહાસિક બંદર કહી શકાય તેવાં દીવ સોમનાથ માંગરોળ અને ઘોઘા પૈકી માંગરોળનો જ વેપાર ટકી રહ્યો હતો. લૉર્ડ ડેલહાઉસીના શાસન દરમ્યાન ભારતનાં બધાં બંદરોનો એકહથ્થુ વહીવટ કરવાનો એને વિચાર આવ્યો હતો. લૉર્ડ કેનિંગે આ દરખાસ્ત ધપાવીને ભાવનગર તથા વડોદરા રાજ્ય પાસે સમાન જકાતની માગણી સ્વીકારાવી હતી (૧૮૬૦-૧૮૬૫). બીજાં રાજ્યોએ ૧૮૬૩ માં આ દરખાસ્ત નકારી કાઢી હતી તેથી ભાવનગરનો વેપાર ઘટી ગયો હતો. ૧૮૫૭ ના સ્વાતંત્ર્ય-સંગ્રામ વખતે મદદ કરવાથી ૧૮૬૦ ની અંગ્રેજ સરકાર સાથેની સંધિને કારણે ભાવનગરને બ્રિટિશ બંદરો જેવો દરજ્જો મળતાં એનો માલ ભારતના કોઈ પણ ભાગમાં જકાત ભર્યા સિવાય મુક્ત રીતે નિકાસ થઈ શકતો હતો. ૧૯૦૩ માં લૉર્ડ કર્ઝને સમાન જકાત અને વહીવટની દરખાસ્ત સૌરાષ્ટ્રનાં બધાં રાજ્યોને કરી હતી, પણ એ સૌરાષ્ટ્રનાં રાજ્યોએ ન સ્વીકારતાં ભારત સરકારે સૌરાષ્ટ્રમાંથી નિકાસ થતા માલ ઉપર જકાત નાખી સૌરાષ્ટ્રનાં બંદરોનો પ્રગતિ રૂંધી હતી. ૧૯૧૦ માં હિંદી વજીર લૉર્ડ મોર્લીએ આ અન્યાયી પગલું ભાવનગર પૂરતું પાછું ખેંચી લીધું હતું. વીરમગામ અને ધંધુકાની જકાતબારી ૧૯૦૩ પછી અસ્તિત્વમાં આવી હતી. સૌરાષ્ટ્રનાં બંદરોની વિગત નીચે મુજબ છે :[૧૧]

**ભાવનગર :** ખંભાતના અખાત ઉપર અંદરના ભાગમાં આઠ કિ.મી. લાંબી ખાડી ઉપર આ બંદર આવેલું છે. ૧૦.૫ મીટર જેટલી મોટી ભરતીને કારણે આ બંદરે મોટી ભરતી વખતે ૫૪', ૨૭" પાણી રહેતું હતું અને સ્ટીમરો માટે ધક્કા ઉપર લાંગરવાનું શક્ય બનતું. ઓટ વખતે પણ ૨૨', ૧૦" પાણી રહેતું હતું. ૧૭૬૦-૧૮૧૦ સુધી રાજસ્થાન, માળવા, ઉત્તર ગુજરાત અને ઉત્તર ભારત સાથે ભાવનગરનો વેપાર જમીનમાર્ગે ચાલતો હતો. ખાંડ અનાજ મોલાસીઝ રૂ વગેરેની નિકાસ થતી હતી. અગાઉ મસ્કત બસરા મોખા જેદ્દા ઝાંઝીબાર મોરેશિયસ મોઝામ્બિક શ્રીલંકા મલાક્કા પેનાંગ ચીન કોંકણ અને મલબાર સાથે એનો વેપાર હતો. સને ૧૮૮૦ પછી રેલવે-માર્ગ દ્વારા સૌરાષ્ટ્રના અંદરના ભાગો તથા ગુજરાતના અન્ય ભાગો સાથે જોડાતાં એનો વેપાર ખૂબ વધ્યો હતો. મિલો જીન

પ્રેસ વગેરેને કારણે કાપડ–ઉદ્યોગ વિકસ્યો હતો અને રૂ નિકાસ થતું હતું.[૧૨] સને ૧૮૩૨ માં ઘોઘાનો વિકાસ હાથ ધરાતાં ભાવનગરનો વેપાર ઘટી ગયો હતો, પણ ૧૮૪૬–૪૭ પછી એનો વેપાર વધવા લાગ્યો હતો. સને ૧૮૭૯–૮૦ માં સૌરાષ્ટ્રના કુલ દરિયાઈ વેપારની કુલ આવક પૈકી ૬૨ ટકા હિસ્સો ભાવનગરનો હતો. ૭૭–૭૮ માં રૂ. ૭૭,૮૮,૧૭૦ માલની આયાત થઈ હતી, જ્યારે રૂ. ૯૦,૩૧,૬૩૦ ના માલની નિકાસ થઈ હતી. ૧૮૮૦–૮૧ માં આયાત–નિકાસ અનુક્રમે રૂ. ૧૧,૯૬,૨૫૦ અને રૂ. ૧,૧૬,૪૯,૨૧૦ની હતી. સને ૧૯૦૩ માં ભાવનગરની આયાત–નિકાસ રૂ. ૨૨૧ લાખની હતી.

આમ ભાવનગરે એનો વિકાસ ચાલુ રાખ્યો હતો. ૧૮૭૯–૮૦ દરમ્યાન સૌરાષ્ટ્રનાં મુખ્ય બંદરોની આવક અને આયાત–નિકાસ નીચે મુજબ હતી :

| બંદરનું નામ | આયાત રૂ. | નિકાસ રૂ. | બંદરોની કુલ આવક | |
|---|---|---|---|---|
| ભાવનગર | ૭૭,૯૧,૦૩૦ | ૪૮,૮૨,૨૯૦ | ૧૭,૫૭,૪૮૭ | ૬૨ ટકા |
| મહુવા | ૨૫,૮૧,૮૯૦ | ૨૩,૨૩,૪૪૦ | | |
| તળાજા | ૧,૫૧,૬૭૦ | ૧,૧૮,૪૪૦ | | |
| વેરાવળ | ૨૭,૯૮,૯૪૦ | ૮,૩૫,૫૩૦ | ૪,૦૫,૩૩૮ | ૧૬.૬ ટકા |
| માંગરોળ | ૭,૩૪,૩૯૦ | ૭૭,૦૩૫ | | |
| બેડી | ૧૩,૫૮,૬૪૦ | ૪,૧૯,૩૯૦ | | |
| જોડિયા | ૭,૪૩,૨૦૦ | ૬,૧૭,૬૦૦ | ૩,૯૦,૮૩૨ | ૧૪.૦ ટકા |
| સલાયા | ૪,૧૭,૮૬૦ | ૩,૫૫,૬૩૦ | | |
| પોરબંદર | ૪,૭૦,૪૩૦ | ૨,૮૮,૮૯૫ | ૧,૦૪,૦૯૦ | ૪.૦ ટકા |
| મોરબી (વવાણિયા) | – | – | ૩૮,૧૪૩ | ૧.૩ ટકા |
| જાફરાબાદ | – | – | ૬૫,૫૨૪ | ૨.૧ ટકા |
| નવીબંદર | ૨,૩૦,૦૫૦ | ૫૧,૪૭૦ | – | – |

સૌરાષ્ટ્રનાં બંદરોનો પૂર્વ આફ્રિકાનાં બંદરો, ઝાંઝીબાર, રાતા સમુદ્ર તથા ઈરાની અખાતનાં બંદરો તથા મુંબઈ કોંકણ તથા મલબાર શ્રીલંકા વગેરેનાં બંદરો સાથે બહોળો વેપાર હતો.

૧૮૮૦ બાદ ભાવનગર ગોંડળ જૂનાગઢ મોરબી જામનગર વગેરેએ રેલવે લાઇન નાખતાં સૌરાષ્ટ્રનાં બંદરોનો વેપાર ખૂબ વધ્યો હતો. ૧૯૦૩ માં ભાવનગર વેરાવળ અને બેડીનો વેપાર અનુક્રમે રૂ. ૨૨૧, ૪૪ અને ૨૨ લાખનો હતો.[૧૩]

કચ્છનાં માંડવી તૂણા મુંદ્રા જખૌ લખપત રોહર જીંજૂડા અને કોટેશ્વર બંદરોનો પૂર્વ આફ્રિકા, ઈરાની અખાત તથા રાતા સમુદ્રના દેશો તથા મલબાર સાથે બહોળો વેપાર હતો. કસ્ટમ યુનિયનમાં ન જોડાવાને કારણે કચ્છનો વેપાર ઘટી ગયો હતો. કરાંચીના ઉદયને કારણે માંડવી અને લખપતના વેપારને ફટકો પડ્યો હતો. ૧૮૧૮

આસપાસ કચ્છનો મુંબઈ સાથેનો થોડો વેપાર ચાલતો હતો. ૧૪ થી ૧૮૦ ટનનાં ૮૦૦ વહાણો દ્વારા જેદ્દા મોખા મસ્તક બસરા હોરમઝ બુશાયર વગેરે બંદરો તેમ મકરાણ અને કોંકણ મલબાર અને શ્રીલંકાનાં બંદરો સાથે કચ્છનો વેપાર ચાલતો હતો. કચ્છમાં વહાણો બાંધવાનો ઉદ્યોગ સારી રીતે ચાલતો હતો. કોટિયા પડાવ નાવડી વગેરે બંધાતાં હતાં અને યુરોપના દેશ એ વહાણો ખરીદતા હતા. ઝડપ તથા મજબૂતાઈ માટે આ વહાણ જાણીતાં હતાં.[૧૪]

## રત્નમણિરાવનો અભિપ્રાય

ઓગણીસમી સદીના અંતસમયના વહાણવટા માટે રત્નમણિરાવે જણાવ્યું છે: 'આપણો મોટો કિનારો દેશી રાજ્યનો હોવાથી કચ્છ–સૌરાષ્ટ્રનું વહાણવટું અખંડ રહ્યું. દેશી કારીગરોને હાથે વહાણ બંધાવી અરબસ્તાન ઈરાન આફ્રિકા સિલોન સુધી ગુજરાતનાં વહાણ, સ્ટીમરો થવા છતાં પણ, ચાલુ રહ્યાં હતાં અને હવે એનો વેપાર કેવળ દેશીઓના હાથમાં વહાણો દ્વારા થતો હતો. તળ ગુજરાતનાં સુરત આદિ બંદરો તેમજ ખંભાતના અખાતનાં બંદરોનો પણ દેશી વહાણો દ્વારા થોડો વેપાર ચાલુ રહ્યો. આ ઉપરાંત મુંબઈ અને કરાંચીના દરિયાઈ વેપારમાંથી યુરોપીય તત્ત્વ કાઢી નાખીએ તો બાકીનો બધો વેપાર હિંદુ મેમણ પારસી ખોજા વોરા વગેરે ગુજરાતીઓના હાથમાં જ રહ્યો છે અને મુંબઈના આંકડા સાથે દેશી રાજ્યોનાં બંદરોનો આંકડો મેળવવામાં આવે તો ગુજરાતનો દરિયાઈ વેપાર ઓગણીસમી સદીના હિંદુસ્તાનના અન્ય પ્રાંતો સાથે સરખાવતાં ઘણો જ વધારે હતો. વહાણ બાંધવાનો ઉદ્યોગ મોટા પ્રમાણમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં હતો, બીજે બધે બંધ જેવો હતો.[૧૫]

વીસમી સદીની શરૂઆતમાં સૌરાષ્ટ્ર-ગુજરાતનો રેલવે વિકાસ ચાલુ રહ્યો હતો. સૌરાષ્ટ્રનાં બંદરોનું મીટરગેજ દ્વારા દિલ્હી અને ઉત્તર ભારત સાથે જોડાણ થતાં એનો વેપાર વધ્યો હતો. ૧૯૧૦ પછી ભાવનગર સિવાયનાં બીજાં બંદરોનો વિકાસ વીરમગામની લાઈનદોરીને કારણે રૂંધાયો હતો, પણ ભાવનગરના બંદરી વેપારની વિકાસ–કૂચ ચાલુ રહી હતી. ૧૯૧૪ના પ્રથમ વિશ્વયુદ્ધને કારણે ગુજરાતનો બંદરી વેપાર રૂંધાયો હતો. સ્થાનિક કાંઠાનો જ મુંબઈ કોંકણ મલબાર સિંધ કે ગુજરાતનાં બંદરો સાથે પરસ્પર દરિયાઈ વેપાર ચાલુ રહ્યો હતો.

## જહાજી ઉદ્યોગ

ગુજરાતમાં વહાણ બાંધવાનો ઉદ્યોગ ઓગણીસમી સદીના પૂર્વાર્ધ દરમ્યાન ધમધોકાર ચાલતો હતો. આગબોટ–યુગના આગમનને કારણે ૧૮૫૦ થી સૌરાષ્ટ્ર–

કચ્છ સિવાયના વિસ્તારમાં આ ઉદ્યોગમાં ઓટ આવી હતી. સુરતના પ્રખ્યાત લવજી વાડિયાના વંશજો જમશેદજી નસરવાનજી ખુરશેદજી જહાંગીરજી જમશેદજી અરદેશર વગેરેએ ૧૭૯૨-૧૮૮૪ દરમ્યાન બૉમ્બે ડૉકયાર્ડના ધક્કામાં અનેક ઝડપી અને મજબૂત વહાણ બાંધ્યાં હતાં, જે પૈકી કેટલાંક બ્રિટન અને બીજા દેશોના નૌકા-કાફલા માટે બંધાયાં હતાં. વિશ્રામ ખીમજીનાં વહાણ સલાયામાં બંધાયાં હતાં એવી નોંધ કે. બી. વૈદ્યે લીધી છે. મોતીચંદ અમીચંદ(૧૮૪૫-૧૯૧૧)નાં ૪૦ વહાણ હતાં, જે પૈકી કેટલાંક ૬૦૦-૧૦૦૦ ટનનાં હતાં અને પેસેન્જરશિપ હતાં. એમણે પોતાની દેખરેખ નીચે ૩૦ વહાણ મુંબઈ અને દમણના જહાજ-વાડામાં બંધાવ્યાં હતાં. મહુવામાં ગિરનારના સાગનો ઉપયોગ કરીને વહાણ બધાતાં હતાં.[૧૬] બૉ. ગૅ. વૉ. ૮ માં જણાવ્યા પ્રમાણે જોડિયા બેડી અને સલાયાનાં વાંઢા જ્ઞાતિના સુથારો ૨. ૭ થી ૪. ૨ મીટર લાંબી હોડીઓ બાંધતા હતા. સને ૧૮૮૮ની આસપાસના ગાળામાં ભાવનગરમાં ૯, ઘોઘામાં ૧૫, દમણમાં ૯, બિલિમોરામાં ૭, નવીબંદરમાં ૧૦, ઉમરગામમાં ૬, ભદેલીમાં ૪, સુરતમાં ૩, પોરબંદરમાં ૭૨, કોળિયાકમાં ૪, મહુવામાં ૨૨, જાફરાબાદમાં ૫, તળાજામાં ૨, ધોલેરામાં ૨, તારાપુરમાં ૧, વેરાવળમાં ૭૦, અને માંગરોળમાં ૧૭ વહાણ બંધાયાં હતાં.[૧૭] કચ્છમાં માંડવી તૂણા અને જખૌમાં મુસલમાન સુથાર વહાણો બાંધતા હતા. આ ઉપરાંત કેટલાક હિંદુ ને વાંઢા સુથારો પણ વહાણો બાંધતા હતા. કચ્છમાં સાગનું લાકડું કોંકણ કર્ણાટક અને મલબારથી આયાત કરાતું. માંડવી આસપાસનાં ગામડાંઓમાં સઢનું કાપડ વણાતું હતું. કચ્છના કોટિયા અને સુરતી બતેલા વખાણવાલાયક જહાજ હતાં. કચ્છ અને સૌરાષ્ટ્રમાં દરેક બંદરે એનાં પોતાનાં વહાણ બાંધવાની પ્રથા હતી.[૧૮] આમ, બ્રિટિશ સરકારનું પ્રોત્સાહન ન હોવા છતાં સ્થાનિક વેપારીઓ તથા દેશી રાજ્યોના આશ્રયને કારણે આ ઉદ્યોગ ટકી રહ્યો હતો.

## આયાત-નિકાસ

ગુજરાતમાંથી આ ગાળા દરમ્યાન પથ્થર ઘી રૂ તેલીબિયાં તેલ ઓષધિઓ અને અનાજની નિકાસ થતી હતી, જ્યારે નાળિયેર મેંગલોરી-નળિયાં ખાંડ સોપારી ઇમારતી-લાકડું ખજૂર લોખંડનો સામાન ગ્યાસતેલ વગેરેની આયાત થતી હતી. ગુજરાતનાં બંદરો પૈકી ભાવનગર વેરાવળ માંગરોળ પોરબંદર અને બેડીનાં બંદરોએ સ્ટીમરો ઊભી રહેતી હતી. ત્યાં સર્વત્ર કિનારા નજીક પાણી પ્રમાણમાં છીછરાં હોવાને કારણે કિનારા સુધી ન આવતાં સ્ટીમરો ૧ કિ.મી. થી લઈ ૧.૬ કિ.મી. દૂર દરિયામાં ઊભી રહેતી હતી અને બાર્જ અને મછવા દ્વારા માલનું વહન થતું હતું. વહાણોનો ઉપયોગ સાર્વત્રિક હતો. ભાવનગર બેડી

વેરાવળ માંડવી ને પોરબંદરનો વેપાર કાંઠા ઉપરાંત પરદેશો સાથે હતો, જેમાં રાતા સમુદ્ર અને ઈરાની અખાતનાં અને આફ્રિકાના પૂર્વ કિનારાનાં બંદરો અને શ્રીલંકા સાથે મુખ્યત્વે હતો. ભાવનગર અને બેડીનો વેપાર ઇંગ્લૅન્ડ તથા યુરોપના અન્ય દેશો સાથે પણ હતો. સૌરાષ્ટ્ર કચ્છ અને તળ ગુજરાતનાં બંદરોના વેપારની વિગત અગાઉ જોઈ ગયા છીએ તેથી એનું પુનરાવર્તન કરવાની જરૂર નથી.

## પાદટીપ

૧. શિવપ્રસાદ રાજગોર, 'ગુજરાતના વહાણવટાનો ઇતિહાસ', પૃ. ૧૪૬–૧૪૭; નર્મદાશંકર કવિ, 'ગુજરાત સર્વસંગ્રહ,' પૃ. ૨૬૪
૨. ઈ. ઇ. દેસાઈ, 'સૂરત સોનાની મૂરત', પૃ. ૧૪૨, ૧૪૩, ૧૪૫; *DG*: *Surat*, pp. 662 ff.
૩. રત્નમણિરાવ ભી. જોટ, 'ખંભાતનો ઇતિહાસ', પૃ. ૧૧૭
૪. *BG*, Vol. VI, p. 197
૫. રત્નમણિરાવ ભી. જોટ, 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ: ઇસ્લામ યુગ' (ગુસાંઇ) ખંડ ૪, પૃ. ૧૦૭૭–૭૮
૬. 'ગુજરાત સર્વસંગ્રહ' (ગુસસં), પૃ. ૨૬૧
૭. *DG* : *Broach*, pp. 401 f.; 'ગુસસં', પૃ. ૪૭૯
૮. 'ગુસસં', : પૃ. ૨૬૧, ૪૬૨, ૪૬૩ *BG*, Vol. IV, pp. 97 f.
૯. ગુસસં', પૃ. ૪૬૨–૪૬૩
૧૦. *DG* : *Surat*, p. 662
૧૧. જે. એમ. મહેતા, 'સૌરાષ્ટ્રનો દરિયાકાંઠો', પૃ. ૧૨, ૨૭–૨૯, ૩૫, ૪૨; *BG*, Vol. VIII, pp. 236, 240.
૧૨. A. B. Trivedi, *Kathiawar Economies*, p. 184
૧૩. *BG*, Vol. VIII, pp. 238–240, 256, 257, 538; ગુસસં', પૃ. ૨૬૫
૧૪. *BG*, Vol. V, pp. 114, 115, 117
૧૫. ગુસાંઇ: ઇસ્લામ યુગ, ખંડ ૪. પૃ. ૧૦૭૭–૭૮
૧૬. T.S. Sanjivrao, *A Sbort History of Modern Indian Shipping*, pp. 32 ff.
૧૭. *BG*, Vol. VIII, pp. 225 f.
૧૮. *Ibid*., Vol. V, p. 114

પારાશિષ્ટ-૨

# વિદેશોમાં તથા ભારતમાં ગુજરાતીઓ

ઔરંગઝેબના મૃત્યુ (૧૭૦૭) બાદ મુઘલ સત્તા નબળી પડી અને મરાઠી સત્તાનો ઉદય થયો. સને ૧૭૫૬ થી ૧૮૧૮ સુધી ગાયકવાડ અને પેશવાની સત્તા સર્વોપરિ બની. આ ગાળા દરમ્યાન અનેક દુષ્કાળ પડચા અને અશાંતિ પ્રવર્તતી હતી તેથી ખેતી અને ઉદ્યોગોની ખાનાખરાબી થઈ હતી. સુરત અને ખંભાત જેવાં ગુજરાતનાં ધીકતાં બંદરોની જાહોજલાલીનો અસ્ત થયો હતો. આ કારણે ગુજરાતના સાહસિક લોકોને વતન અકારું થઈ પડયું હતું અને તેથી પરદેશ-ગમનની પ્રવૃત્તિને વેગ મળ્યો હતો. 'પેરિપ્લસ'ના કર્તાથી લઈ વાસ્કો-દ-ગામા સુધીમાં ગુજરાતનો વેપાર મધ્યપૂર્વના ઈરાની અખાતના દેશો, અરબસ્તાન, તથા આફ્રિકાના પૂર્વ કિનારે આવેલા દેશો સાથે ચાલુ રહ્યો હતો. હોરમઝ બસરા મસ્કત મોચા એડન બર્બરા ઝેલા મોમ્બાસા દારેસલામ જંગબાર(ઝાંઝીબાર) મલિંડી કિલવા સોફાલા મોઝામ્બિક વગેરે બંદરોમાં ગુજરાતી વેપારીઓ સદીઓથી વસતા હતા. ૧૮૧૮ બાદ બ્રિટિશ શાસન ગુજરાતમાં સ્થિર થતાં આ સ્થળાંતર અને પરદેશગમનની પ્રવૃત્તિને વેપારના વિકાસ સાથે વેગ મળ્યો. પૂર્વ આફ્રિકામાં બ્રિટિશ સત્તા ફેલાતાં રેલવે-યુગ શરૂ થયો અને સુએઝની નહેર બંધાતાં આ પ્રવૃત્તિ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ અને વીસમી સદીના પ્રથમ ચરણ દરમ્યાન વેગવાન બની. પશ્ચિમની સરખામણીમાં શ્રીલંકા બ્રહ્મદેશ મલાયા સિંગાપોર ઇન્ડોનેશિયા ચીન જાપાન તથા પ્રશાંત મહાસાગરના દ્વીપોમાં ગુજરાતીઓનો પ્રવેશ જાતક-કાલ(સુપારગ અને ભરુકચ્છ જાતક)થી હોવા છતાં આ પ્રદેશમાં સ્થળાંતર કરનાર ગુજરાતીઓની સંખ્યા ઓછી હતી, પણ બ્રિટિશ સત્તાના ઉદય સાથે આ પરદેશ-ગમનની પ્રવૃત્તિ વધી હતી.

આ પ્રવૃત્તિમાં કચ્છના ભાટિયા લોહાણા અને ખોજા, હાલાર અને પોર-બંદરના મેમણ ખોજા લોહાણા અને બ્રાહ્મણો, સિદ્ધપુર રાંદેર અને સુરતના વહોરા, ખેડા જિલ્લાના પાટીદારો, સુરતના અનાવળા બ્રાહ્મણો વગેરેનો ફાળો મહત્ત્વનો છે. છેલ્લાં દોઢસો વરસોથી આ બધા પ્રદેશોને સાહસિક વેપારીઓ અને ઉદ્યોગપતિઓ બૅન્કરો ગુમાસ્તા શિક્ષકો કારકૂનો, સનદી અને નીચલી શ્રેણીના અધિકારીઓ અને કર્મચારીઓ વકીલો ડૉકટરો ઇજનેરો પોળીઓ

હજામ સુથારો લુહારો સોનીઓ દરજીઓ વગેરે કુશળ કારીગરો અને પ્રગતિશીલ ખેડૂતો પૂરા પાડવાનું કામ ગુજરાતે કર્યું છે. યુરોપીય પ્રજાઓએ જેવી રીતે સંસ્થાનો સ્થાપી, એ દેશોની આઝાદી છીનવી લઈ આર્થિક શોષણ કર્યું છે તે રીતે ગુજરાતે કદી પણ હીન આચરણ કર્યું નથી. ધર્મપ્રચાર અને વેપારને બહાને પગપેસારો કરીને જે તે પ્રદેશમાં અંગ્રેજો વગેરેએ સામ્રાજ્યની સ્થાપના કરી હતી, જ્યારે ગુજરાતીઓએ વેપારમાં જ રસ લઈને તે તે પ્રદેશના આર્થિક વિકાસમાં ફાળો આપ્યો છે. અંગ્રેજો માફક સમગ્ર ભારત અને પૃથ્વીના પડ ઉપર અનેક દેશોમાં તેઓ ફેલાઈ ગયા છે એમાં એમના મિલનસાર સ્વભાવ સાહસિકતા અને કરકસરના ગુણોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

ઈરાની અખાતના દેશો તથા અરબસ્તાન સાથે ગુજરાતનો ભૂતકાલમાં સુરત અને ખંભાતનાં બંદરોની જાહોજલાલી હતી ત્યારે ધીકતો વેપાર હતો. ઈરાનથી ગુલાબજળ ઘોડા અને મોતીની આયાત થતી હતી, જ્યારે કાપડ કરિયાણું અને અનાજની નિકાસ થતી હતી. બુશાયર બંદર-અબ્બાસ હોરમઝ મેશદ વગેરેમાં ભારતીય વેપારીઓ હતા, જે પૈકી વહોરા મેમણ વગેરે કેટલાક ગુજરાતીઓ પણ હતા. પેટ્રોલિયમની શોધ સાથે આબાદાનમાં કુશળ કારીગરો ડૉક્ટરો વગેરે તરીકે કેટલાક લોકોએ સ્થળાંતર કર્યું હતું. ઈરાકમાંથી ઘોડા તથા ખજૂરની આયાત થતી હતી. પોરબંદર ખજૂરના આયાતી વેપારનું મથક હતું. ગુજરાતના શિયા મુસલમાનો પૈકી વહોરાઓનાં ધાર્મિક સ્થળ કરબલા નજફ સમરા કઢીમૈન (બગદાદ) વગેરે ઇરાકમાં આવેલાં છે. કરબલામાં ઇમામ હુસેન તથા હઝરત અબ્બાસની દરગાહો છે. વેપારી અને કુશળ કારીગરો તરીકે ગુજરાતીઓ ત્યાં વસ્યા છે. કરબલા જનારાઓ પૈકી કેટલાકે કાયમી વસવાટ કર્યો છે.[1] ઓમાનના કાંઠા ઉપર આવેલ મસ્કત સાથે કચ્છના માંડવી બંદરનો તથા સૌરાષ્ટ્રનાં ભાવનગર વગેરે બંદરોનો ધીકતો વેપાર હતો. મસ્કતમાં કચ્છીઓની વસ્તી સત્તરમી સદીથી હતી, જેમાં મુખ્યત્વે ભાટિયા લોહાણા અને ખોજા હતા. સુરતના વેપારીઓની મોખા એડન વગેરે સ્થળોએ પેઢીઓ હતી. બહેરીનથી મોતીની આયાત થતી હતી. એડનમાં ધ્રાંગધ્રા તરફના દેપાળા જ્ઞાતિના લોકોનો વસવાટ ઘણા સમય પૂર્વેથી હતો. મેજર હેઈલીએ એડન લહેજના સુલતાન પાસેથી ઈ.સ. ૧૮૩૯માં જીતી લીધું. એ પૂર્વે દોઢસો વરસથી મુંબઈ ઇલાકાના પારસીઓ વાણિયા અને મુસ્લિમ વેપારીઓ ત્યાં હતા. ૧૮૬૨ માં વીરચંદ અમીચંદની પેઢીને દોઢસો વરસ થયાં હતાં. દીનશા વાચ્છા, એમના કાકા અને પિતા એડનના અગ્રગણ્ય વેપારી. એડનનો મીઠાનો અને અન્ય વેપાર ગુજરાતીઓના હાથમાં હતો. કેટલાક સૉલ્ટ-વર્ક્સના માલિક હતા. અહીં

ગુજરાતી શાળા પુસ્તકાલય વગેરે છે. મક્કા તથા જેદ્દામાં નાના વેપારીઓ મુખ્યત્વે ગુજરાતી મુસલમાનો હતા. પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં તુર્કસ્તાનમાં કેટલાક ગુજરાતી વેપારીઓ હતા. ભૂતકાલમાં સુરતથી હજ કરવા જતાં યાત્રાળુઓ કાપડ મસાલા ગળી વગેરે લઈ જતા ને બદલામાં સોનું મોતી જવાહીર વગેરે લાવતા હતા. એડનમાં ભારતીય ચલણ ને કાનૂનો અમલમાં હતાં.[૨]

આફ્રિકામાં ગુજરાતીઓ એબિસિનિયા સોમાલિલૅન્ડ કેનિયા યુગાન્ડા ટાંગાનિકા મોઝામ્બિક રૂહોડેશિયા મોરેશિયસ અને દક્ષિણ આફ્રિકામાં વસે છે. ઇજિપ્ત તથા સુદાનમાં એમની થોડી વસ્તી છે, જે ઝવેરાત રેશમી કાપડ વગેરેનો વેપાર કરે છે. એબિસિનિયામાં એડિસઅબાબા જીબુટી દીરેદવા અને હરારમાં એમની વસ્તી હતી, જે પૈકી ૫૦ ટકા માત્ર એડિસઅબાબામાં હતા. સિદ્ધપુરના વહોરા વેપારી મહમદઅલીની રાજ્યમાં ખૂબ લાગવગ હતી. એડિસઅબાબા અને દીરેદવામાં ગુજરાતી શાળા પુસ્તકાલય વગેરે છે. અંગ્રેજ એલચીની દરમ્યાનગીરીને કારણે હિંદુઓને શબ બાળવાની છૂટ મળી હતી. જી. મહમદઅલીની કમ્પની હસ્તક કાપડ ખાંડ ચોખા ક્રૉકરી સ્ટેશનરી ગ્યાસતેલ મોટર અને એના છૂટા ભાગોનો વેપાર હતો. તેઓ ઘી કૉફી અને ચામડાંની નિકાસ કરતા હતા. એડિસઅબાબા ઉપરાંત બીજાં મહત્ત્વનાં શહેરોમાં એની પેઢીની શાખાઓ હતી : લગભગ ૩૦૦ માણસ એની પેઢીમાં કામ કરતાં હતાં. નાથુ મૂળજી, લક્ષ્મીચંદ ભગવાનદાસ, ઇન્દ્રજિત માણેકચંદ વગેરે કૉફી કાપડ વગેરેના ધંધામાં પડયા હતા. એમની પણ શાખાઓ મોટાં શહેરોમાં હતી. આ ઉપરાંત ધોબી કડિયા સુથાર હજામ જેવા કારીગરોની પણ સંખ્યા ઘણી હતી.[૩]

સોમાલિલૅન્ડ ઇજિપ્તના વર્ચસ નીચે ૧૮૮૪ સુધી હતું. એ પૂર્વે ત્યાં જુબા નદી અને ટાણા નદીના પ્રદેશમાં ઝૈલા બર્બરા મોગાદીશુ જેવાં બંદરોમાં ગુજરાતીઓ વસ્યા હતા. એડન સાથે આ પ્રદેશનો વેપાર અને સ્ટીમર–વ્યવહાર દીનશા વાચ્છા એન્ડ બ્રધર્સ હસ્તક હતો. ૧૮૫૪માં બર્ટને બર્બરા બંદરની મુલાકાત લીધી ત્યારે એણે ગુજરાતનાં વહાણો અને વેપારીઓને જોયાં હતાં. ખોજા મેમણ વહોરા અને સૌરાષ્ટ્રના વણિક વેપારીઓના હાથમાં આ પ્રદેશનો આયાત–નિકાસ વેપાર હતો. કાવસજી દીનશાની પેઢી શરાફી કામકાજ ઉપરાંત કાપડ ખાંડ દારૂ મોટર વગેરેનો વેપાર સંભાળતી હતી. આ પેઢી ૧૮૮૪માં સ્થપાયેલી હતી. હાજીભાઈ લાલજીની પેઢી ૧૮૮૫માં સ્થપાયેલી હતી. અલી લાલજીની પેઢી ૧૮૯૭થી ગુંદર ખાંડ લોટ અને અનાજના વેપાર સાથે સંકળાયેલી હતી. આવી દસેક વેપારી પેઢીઓ હસ્તક મોટા ભાગનો વેપાર હતો. આ ઉપરાંત સોની સુથાર ધોબી દરજી વગેરે ગુજરાતમાંથી ગયેલા હતા.[૪]

૧૭૮૦ માં મસ્કતના સુલતાને ઝાંઝીબાર પોર્ટુગીઝો પાસેથી જીતી લીધા બાદ એના શાહજાદા સાથે કચ્છી વેપારીઓને વેપારની ખિલવણી માટે મોકલ્યા હતા. ઝાંઝીબારનો વેપાર માંડવી મસ્કત અને સુરત સાથે ઘણો હતો. સને ૧૮૦૪ થી ૧૮૫૬ સુધી જયરામ શિવજીની પેઢી સુલતાન સૈયદના સમય સુધી કસ્ટમનો ઇજારો ધરાવતી હતી. આ પેઢીના મુનીમ મુંદ્રાવાળા લધા દામજી સુલતાનના કારભારી હતા. એમના સ્વર્ગવાસ પછી અબડાસાના શેઠ કોરજી (કુંવરજી) માધવજી કારભારી થયા હતા. કચ્છી વેપારીઓને રહેવા કરવાની, બાગબગીચા બનાવવાની, દેવમંદિર બાંધવાની તેમજ વેપારવણજ અંગે બધી સગવડો સુલતાનોએ આપી હતી. હિંદુ વસ્તીનું મન ન દુભાય એ માટે રમજાનના તહેવારોમાં પણ જાહેર હિંસા કરવા સુલતાને મનાઈ કરી હતી. ઈ.સ. ૧૮૪૦ માં હિંદુઓની વસ્તી ૧,૦૦૦ હતી. એ વધીને વીસ વરસમાં છ ગણી થઈ હતી. ૧૮૫૦ સુધી ગુજરાતીઓનું વલણ વતનપરસ્ત હતું ને નફો એમના વતનમાં મોકલી આપતા હતા, પણ પાછળથી કચ્છી ખોજાઓએ ત્યાં કાયમી વસવાટ કર્યો હતો. વેપારીઓમાં ખોજા મેમણ ભાટિયા વાણિયા અને લોહાણા મુખ્યત્વે હતા. ભારતીય વેપારીઓ લવિંગના બગીચાના માલિકોને ગુલામો ખરીદવા પૈસા ધીરતા હતા. આ વેપારીઓ પૈકી કેટલાક લવિંગના બગીચાના માલિક હતા અને સમગ્ર ટાપુનો વેપાર એમને હસ્તક હતો. ૧૯૨૦ સુધી અહીં ભારતીય ચલણ પ્રચલિત હતું. સુલતાન બરગશે કચ્છી વેપારીઓના વર્ચસનો ૧૮૭૦ પછી શરૂઆતમાં સામનો કર્યો હતો, પણ પાછળથી એમના સંબંધ સુધર્યા હતા. આરબ સફરી વણઝારોને પૈસા ધીરીને એમની પાસેથી હાથીદાંત અને ગુલામો ગુજરાતી વેપારીઓ ખરીદતા હતા. ખંભાતનું કાપડ મણકા પિત્તળ અને લોખંડનો સામાન આયાત કરાતો હતો. ઝાંઝીબારથી આફ્રિકાના આંતરિક પ્રદેશમાં સને ૧૮૨૫ માં પ્રવેશ કરનાર સુરતી ખોજા સયાળ અને મુસામઝુરી ઉનિયમવેંઝી સુધી પહોંચ્યા હતા. હાથીદાંત મેળવવા અનેક સફર એમણે અંદરના પ્રદેશમાં ખેડી હતી. વિક્ટોરિયા સરોવરની દક્ષિણે આવેલા પ્રદેશની શોધખોળ માટે તેઓ યશસ્વી બન્યા હતા. ૧૮૫૪ માં કરાગ્વેના રાજવીને અને ટબોરા તથા બુગાન્ડાના રાજાને રાજ્ય પ્રાપ્ત કરવામાં અને અન્ય જાતિઓના હુમલા સામે રક્ષણ કરવામાં તેઓ સહાયભૂત થયા હતા. ઝાંઝીબારથી ૧૮૪૬ માં પેમ્બામાં ૫૦ ગુજરાતી વેપારીઓ ગયા હતા. સને ૧૮૫૭ માં ટાંગામાં ૨૦ વાણિયા વેપારી હતા. હાથીદાંત, ગેંડાનાં શીંગડાં, અને ગુલામોનો વેપાર એમને હસ્તક હતો. દરિયા–કિનારાનો વેપાર ઝાંઝીબારના વેપારીઓના આડતિયા હસ્તક હતો. કિલવાના ગુલામોના વેપાર માટેની મૂડી ભારતીય વેપારીઓએ પૂરી પાડી હતી. ૧૮૭૯ માં ઉજીજીમાં તેઓ હતા.

૧૮૨૨–૨૩ માં મોમ્બાસા હાથીદાંત, ગેંડાના શીંગડાં, ચામડાં અને ગમ-કોપલનો નિકાસ કરતું હતું. એના બદલામાં ખંભાતના અકીકના મણકા તેમ પિત્તળનો સામાન આવતો હતો. ૧૮૬૩ માં કચ્છના કેરા ગામમાં જન્મેલ અલાદીન વિશ્રામે આખા પૂર્વ આફ્રિકામાં એનું વેપારી સામ્રાજ્ય જમાવ્યું હતું. ૧૮૯૦ માં જર્મન અને અંગ્રેજ આધિપત્ય નીચેના પ્રદેશ તથા ઝાંઝીબારમાં મળીને એની પેઢીની ૩૦ શાખા હતી. કાપડ અને અનાજ તથા ધીરધારનો એનો મુખ્ય ધંધો હતો. એણે યુગાન્ડા અને અન્યત્ર બૅન્કો શરૂ કરી હતી. એનાં વેપારી થાણાં ખૂબ ઊંડાણના ભાગમાં હતાં. પેમ્બામાં લધા દામજીના ભત્રીજા પુરુષોત્તમનું વર્ચસ હતું. એ જકાતનો ઇજારદાર હતો. મોમ્બાસામાં લક્ષ્મીદાસ અને બીજા ૪૦ વેપારી હતા. પંગની બંદરમાં ત્રીકમદાસનું વર્ચસ હતું. ૧૮૮૮ ના અબુશીરીના બળવાને કારણે ગુજરાતી વેપારીઓને ખૂબ સહન કરવું પડયું હતું. ઝાંઝીબારમાંથી ગુલામી નાબૂદ કરવા માટે કચ્છના મહારાવે કચ્છી વેપારીઓને ફરમાન દ્વારા અનુરોધ કર્યો હતો. ૧૯૦૨–૦૩ માં ઝાંઝીબારમાં ગુજરાતીઓની દસ હજારની વસ્તી હતી. એમના આગેવાન વાઈ. જી. જીવણજી હતા.[૫]

કેનિયાના ઉચ્ચ પ્રદેશમાં આવેલ મચકોસમાં આદમજી અલીજી નામના ખોજા વેપારી ૧૮૯૨ માં વસ્યા હતા. ત્યારબાદ કેનિયામાં જુબા નદીને કાંઠે અને કિસુમુની પશ્ચિમે કીમો લોકોના પ્રદેશમાં કેટલાક ભારતીય ખેડૂતો વસ્યા હતા અને શેરડી તથા સીસલની ખેતી કરતા હતા. પૂર્વ આફ્રિકામાંથી ૧૮૯૦ માં તીવ્ર ગુલામીને દેશવટો આપવામાં આવ્યો ત્યારે આરબ અમીરો અને લવિંગના બગીચાના માલિકો ભારતીય શાહુકારોના ભારે દેવા નીચે હતા. અમેરિકન સરહદવાસીઓની માફક કચ્છ સૌરાષ્ટ્ર અને સુરતના વેપારીઓ ૧૮૯૮ માં નૈરોબી સુધી પહોંચી ગયા હતા ને મચકોસ અને કીમ્બુઝીમાં વેપાર કરતા હતા. કેનિયામાં રેલવે બાંધવામાં મિસ્ત્રી પરમાર ગુજરાતી હતા, જ્યારે ઠક્કરબાપા (અમૃતલાલ) ઇજનેર હતા. રેલવે લાઈનની સાથે ગુજરાતીઓ અંદરના પ્રદેશમાં દાખલ થઈ ગયા હતા. કેનિયાનો મોટા ભાગનો વેપાર ભારત સાથે હતો એટલે ૧૯૨૦ સુધી ચલણ અને સિવિલ કોડ પણ ભારતીય હતાં. કેનેથ ઇન્ધામે એમના પુસ્તકમાં જણાવ્યું છે કે 'આ ભારતીયો આફ્રિકાના આંતર-પ્રદેશના સફરીઓની વણઝારોને નાણાં ધીરનાર ભારતીય સાહસિક વેપારીઓના વંશજો છે. તેઓ પરાપૂર્વથી અહીં વસ્યા છે. જ્યાં વહીવટનું નામ નિશાન ન હતું તેવા જંગલના પ્રદેશોમાં દુકાનો સ્થાપીને એમણે વેપાર ખીલવ્યો છે. 'માઈ આફ્રિકન જર્ની' નામના પુસ્તકમાં ૧૯૦૮ માં ચર્ચિલ જેવા હડહડતા સામ્રાજ્યવાદીએ પણ એમના ઋણનો સ્વીકાર કર્યો છે. ભારતીય વેપારીઓએ

અંદરનાં ગાઢ જંગલોના ભાગમાં પ્રવેશીને વાહનવ્યવહાર માટેની સરળતા કરી આપી હતી. બૅન્કર તરીકે એમણે પોતાની મૂડીથી વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન આપ્યું હતું. ગોરા વસાહતીઓને પણ એમણે મૂડી ધીરી હતી. 'કોઈ પણ રાજ્ય સરકાર તરફથી પ્રામાણિકપણે એ વર્તે તો એમને દૂર કરવાનું શક્ય નથી.' આમ ભારતીયોનો પૂર્વ આફ્રિકાના વિકાસમાં મહદ્ ફાળો હોવા છતાં ૧૯૦૮ માં (સેક્રેટરી ઑફ સ્ટેટ) લૉર્ડ એલ્જિને કેનિયાનો ઉચ્ચ પ્રદેશ ગોરાઓ માટે અનામત રાખવાની નીતિ અખત્યાર કરી હતી. રાણી વિક્ટોરિયાએ ૧૮૯૫ માં બધી પ્રજા માટે મુક્ત વેપાર અને વસવાટ માટે સમાન હક્કની ઘોષણા કરી હતી છતાં વચનભંગ કરીને ભારતીય વેપારીઓને જમીન ધરાવવા તથા ઉચ્ચ પ્રદેશમાં કાયમી વસવાટ કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ૧૯૧૩ માં આરોગ્યની દૃષ્ટિએ કાળા અને ગોરાઓ માટેના અલગ વસવાટ માટે પ્રો. સેમ્પસને હિમાયત કરી હતી. ૧૯૧૪ બાદ આ નીતિ સરકારે સ્વીકૃત કરી હતી. ૧૯૦૯ માં કેનિયાની કાઉન્સિલમાં એક ભારતીય સભ્ય હતો. ખેતી, ગુમાસ્તાગીરી, ધાતુકામ, કડિયાકામ, દરજીકામ, ઈંટો પાડવી, કારીગરી તથા રેલવે ટ્રાન્સપોર્ટ, શરાફી વગેરે ધંધા, વેપાર ઉપરાંત, ગુજરાતીઓને હસ્તક હતા. જાહેર બાંધકામ ખાતામાં, રેલવેમાં તથા સરકારી કર્મચારીઓ તરીકે પણ એમની સંખ્યા ઘણી હતી. મોમ્બાસા અને નૈરોબી જિલ્લામાં મોટે ભાગે આ વસ્તી હતી. મોમ્બાસા નૈરોબી કીસુમુ બામુ ફૉર્ટહોલ નકુરૂ એલડોરેટ વગેરે સ્થળોએ એમણે શાળાઓ અને પુસ્તકાલયો શરૂ કર્યાં હતાં. ભારતથી અનાજ ચા કાપડ શણની બનાવટ વગેરેની આયાત થતી હતી, જ્યારે રૂની નિકાસ થતી હતી.[૬] યુગાન્ડામાં ગુજરાતીઓની વસ્તી મુખ્યત્વે ઝાંઝીબારમાંથી ફેલાયેલા ખોજા અને અન્ય વેપારીઓની હતી. ૧૮૯૦ થી બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા કમ્પનીનો વહીવટ હતો. ૧૮૯૩ માં બ્રિટિશ સરકારે આ વહીવટ સંભાળ્યો. ૧૮૯૬ માં યુગાન્ડામાં રેલવે-લાઈન શરૂ કરાઈ અને એ લેક વિક્ટોરિયા સુધી—જીંજા સુધી લંબાવવામાં આવી હતી. જીંજા અને કમ્પાલામાં એમની વસ્તી ઘણી છે. મોટા ભાગના નાના વેપારીઓ તથા રૂના વેપારીઓ, સરકારી કારકુનો, ગુમાસ્તાઓ વગેરે મુખ્યત્વે ગુજરાતીઓ છે. શેરડી કપાસ અને કૉફીના વાવેતરને પ્રોત્સાહન આપવાનો યશ ગુજરાતીઓને ફાળે જાય છે. અહીં ગોરાઓ અને ભારતીયો વચ્ચે કેનિયા જેવો સંઘર્ષ ન હતો અને તેઓ સંપીને રહેતા હતા. નાનજી કાળિદાસ તથા માધવાણી કુટુંબનું અહીં વેપારી સામ્રાજ્ય હતું. ૧૯૧૧ માં ૧,૮૫૨ પુરુષો અને ૩૬૪ સ્ત્રીઓની કુલ વસ્તી હતી, જે પૈકી મોટા ભાગના ગુજરાતી હતા.[૭]

ટાંગાનિકાનો પ્રદેશ ઝાંઝીબારના સુલતાનના આધિપત્ય નીચે હતો, પણ ૧૮૮૪ માં જર્મન સંશોધકોએ અંદરના પ્રદેશમાં પ્રવેશીને સ્થાનિક રાજાઓ કે

મુખીઓ પાસેથી વસવાટના હક્ક મેળવીને આ પ્રદેશ પચાવી પાડચો અને ૧૮૮૯ થી પ્રથમ વિશ્વયુદ્ધ સુધી એ જર્મન કબજા નીચે રહ્યું. ટાંગાનિકામાં શિવા હરજીની પેઢીનું વર્ચસ હતું. જર્મન વેપારીઓ એની સામે ટકી શકયા ન હતા. પ્રિન્સ બિસ્માર્કના અનુગામી કેપ્રીવીએ રિસ્ટાંગમાં ભારતીય વેપારીઓ વિશે બોલતાં જણાવ્યું હતું કે 'આપણે એમની જરૂર છે. તેઓનો આફ્રિકામાં આંતરપ્રદેશ સાથેનો સંપર્ક છે. આપણે એમને હઠાવી શકીએ એવી સ્થિતિમાં નથી. એમની શક્તિનો આપણે ઉપયોગ કરવો જોઈએ. બ્રિટિશ કોલોની કરતાં અહીં વધારે કરવેરા છે એવી તેઓ ફરિયાદ કરતા હોય તો એમણે સમજવું જોઈએ કે એમની સ્થિતિ એમના દેશમાં હોત એના કરતાં અહીં વધારે સારી છે.' ભાટિયા ખોજા અને અન્ય વેપારીઓનું વર્ચસ અહીં ઘણું હતું. ૧૯૧૩ માં વસ્તી ૮,૭૮૪ ભારતીયોની હતી, જે પૈકી મોટા ભાગના ગુજરાતી હતા. ખેતી વેપાર અને બેન્કિંગનાં ક્ષેત્રો ઉપરાંત કુશળ કારીગરો તરીકે દરજી સુથાર ધોબી હજામ વગેરેના ધંધા એમણે કબજે કર્યા હતા. કોફી રૂ સીસલ કોપરું અનાજ ચા વગેરેનો વેપાર ગુજરાતીઓને હસ્તક હતો. દારે-સલામ ટાંગાનિકા ટબોરા વગેરેમાં એમની ઘણી વસ્તી હતી. શાળાઓ તથા વર્તમાનપત્ર તેઓ ચલાવતા હતા.[૮]

પોર્ટુગીઝ ઈસ્ટ આફ્રિકામાં ઈ.સ. ૧૮૬૭ થી ભારતીય વેપારીઓ વેપાર કરતા હતા. સને ૧૮૯૩ માં મોઝામ્બિકનો પરચૂરણ વેપાર ગુજરાતીઓના હાથમાં હતો. એમાં મુખ્યત્વે દીવ–દમણના ગુજરાતી હતા. આ વેપારીઓની સમયસર ચેતવણીને કારણે પોર્ટુગીઝોએ મોઝામ્બિકની ઉત્તરનો પ્રદેશ ગુમાવ્યો ત્યારે આ પ્રદેશ ખોવો પડે એવી સ્થિતિમાંથી બચી ગયો હતો. અહીંથી ભારતમાં કાજુની નિકાસ થાય છે. લોરેન્ઝો મારકસમાં નાનકડી ગુજરાતી શાળા હતી અને બાકીના ગોવાનીઝ હતાં. ન્યાસાલૅન્ડમાં હજારેકની સંખ્યા પૈકી મોટા ભાગના મેમણ ખોજા અને વાણિયા વેપારી હતા. રહોડેશિયા તરીકે ઓળખાતો પ્રદેશ સેસિલ રહોડે ૫૦૦ માણસોની સહાયથી ૧૨–૯–૧૮૯૦ ના રોજ સેલિસબરી કબજે કરી હસ્તગત કર્યો હતો. ૧૮૯૮ માં એને આ નામ મળ્યું. સેલિસબરી બુલવાયો વગેરેમાં હજારેક ભારતીયો છે, જે પૈકી મોટા ભાગના ગુજરાતીઓ છે, જે સુરત જિલ્લા અને સૌરાષ્ટ્રમાંથી ગયેલા છે.[૯]

દક્ષિણ આફ્રિકાનું નાતાલ સંસ્થાન ૧૮૪૩ માં બ્રિટિશ સંસ્થાન તરીકે જાહેર કરવામાં આવ્યું હતું, તેથી ડચ વસાહતીઓ સ્થળાંતર કરીને ટ્રાન્સવાલમાં વસ્યા હતા. ભારતીયોની વસ્તી ઓરેંજ ફ્રી સ્ટેટમાં નહિવત્ છે. મોટા ભાગની વસ્તી નાતાલમાં છે. ૧૮૭૦ પછી આવેલા લોકોમાં સુરત અને સૌરાષ્ટ્ર–મુખ્યત્વે

પોરબંદર–ના મુસલમાન મેમણુ ખોજા વગેરે વેપારીઓ મુખ્ય હતા. પાછળથી ખેડાના પાટીદારો વસવા આવ્યા. એમનું વલણુ વતન-પરસ્ત હોવાથી તેઓ 'પેસેન્જર ઇન્ડિયન' તરીકે ઓળખાતા હતા. સને ૧૮૭૫–૮૫ ના ગાળામાં એકમાંથી ૪૦ ની સંખ્યા થઈ હતી. ગોરાઓને ભારતીય મજૂરો રહે એ સામે વાંધો ન હતો, પણુ ગુજરાતીઓ સામે તેઓ વેપારમાં ટકી શકતા ન હતા. વેપારી તરીકે આફ્રિકી સમાજને સુધારવામાં એમનો મહત્ત્વનો ફાળો છે. ૧૮૮૫ માં નિમાયેલા વ્રેગ (Wragg) કમિશને એમના તરફ અન્યાય થવો ન જોઈએ એમ જણાવ્યું હતું. 'નાતાલના ઉદ્યોગોમાં સંચાલકો તરીકે એમણે ખૂબ ફાળો આપ્યો છે. ઉદ્યોગમાં અને કારીગરો તરીકે એમની હાજરીથી નાતાલ સમૃદ્ધ થયું છે.' સને ૧૮૮૫ થી ભેદભાવની નીતિ રંગભેદને કારણે અપનાવવાની શરૂઆત થઈ. ૧૮૭૫ માં લૉર્ડ સેલિસબરીએ બધા લોકો તરફ સમાનતા રાખવાની હિમાયત કરી હતી એનાથી આ વિરુદ્ધ વર્તન હતું. બોઅર વિગ્રહમાં ભારતીયોએ ગાંધીજીની આગેવાની નીચે અંગ્રેજોને મદદ કરી હતી તેથી આ દ્વેષમાં વધારો થયો હતો. ગિરમીટિયા મજૂરોની જરૂરિયાતો પૂરી પાડવા ભારતીય વેપારીઓ આવ્યા હતા. એમની સાથે એમની મૂડી લઈને નાતાલમાં આવનાર સૌ પ્રથમ માનવી પોરબંદરના મેમણુ વેપારી અબુબકર હતા. આ વેપારીઓ પૈકી થોડા માલદાર ને જમીન–માલિક છે, મોટા ભાગના ફેરિયા અને નાના દુકાનદાર છે. ટ્રાન્સવાલમાં ભારતીયો ૧૮૮૪ પૂર્વે લન્ડન કન્વેન્શન પૂર્વે વસ્યા હતા. આરોગ્ય રક્ષવાને બહાને અલગ વસવાટ કરવાની એમને ફરજ પાડી હતી. ગોરા જે સ્થળમાં વેપાર કરતા હોય ત્યાં ભારતીયો દુકાન ધરાવી ન શકે અને વેપાર કરી ન શકે એવી માગણી ગોરાઓએ ૧૮૯૨ માં કરી હતી. ટ્રાન્સવાલમાં સ્થાવર મિલ્કત ધરાવવા ઉપર પ્રતિબંધ મુકાયો હતો. પ્રિટોરિયા તથા જહોનિસબર્ગમાં એમના ફૂટપાથ ઉપર ચાલવા ઉપર અને ટ્રામમાં બેસવા ઉપર પ્રતિબંધ હતો. થોડાક ભારતીયો કેપ કૉલોનીમાં વસ્યા હતા. રેલવેની ટ્રેનમાં ખાસ ડબામાં મુસાફરી કરી શકે એવી જોગવાઈ હતી. ૧૮૯૫–૧૯૧૩ દરમ્યાન કેટલાક ભારતીયોને ભારત ધકેલી દીધા હતા. ગાંધીજીએ કાળા કાયદાઓ સામે સત્યાગ્રહ કરીને નામના મેળવી હતી અને દેશના સ્વમાનનું રક્ષણ કર્યું હતું. ખોજા મેમણુ પાટીદાર અનાવળા વગેરે ગુજરાતીઓ કાયમી વસવાટ કરીને રહ્યા છે. ડરબન લેડીસ્મિથ પીટરમારિટ્ઝબર્ગ ન્યૂકેસલ બોકસબર્ગ પ્રિટોરિયા જહોનિસબર્ગ વીટવોટર્સ રેન્ડ જર્મિસ્ટોન કિમ્બરલી પૉર્ટ એલિઝાબેથ ઈસ્ટલન્ડન કેપટાઉન વગેરેમાં એમનો વસવાટ છે. કેટલાક ભારતીયો રેલવેમાં નોકરી કરતા હતા. વેપારીઓ ઉપરાંત શિક્ષક વકીલ ડૉકટર વગેરેના વ્યવસાયમાં પણુ કેટલાક ગુજરાતીઓ છે. ગાંધીજીના પુત્ર મણિલાલ ગાંધી 'ઇન્ડિયન ઓપિનિયન' વર્તમાનપત્ર ચલાવતા હતા. ગોરાઓ

સાથે લગ્ન-સંબંધ બાંધવા ઉપર પણ પ્રતિબંધ છે. ગુજરાતીઓની મોટા ભાગની વસ્તી નાતાલમાં છે.[૧૦]

ઑસ્ટ્રેલિયા ન્યૂ ઝીલૅન્ડ ફીઝી તથા પૅસિફિક (પ્રશાંત) મહાસાગરના ટાપુઓમાં ગુજરાતીઓની થોડી વસ્તી છે. ફીઝીમાં પાટીદારો તથા પોરબંદર અને સુરતના લોકો ગયા છે. તેઓ ખેતી અને વેપાર તથા નોકરીમાં જોડાયેલા છે. એમને સમાન અધિકાર મળ્યો છે. ફીઝીમાં મૂળ વતનીઓ કરતાં ભારતીયોની વસ્તી વધારે છે, જેમાં બિહાર પંજાબ ને ઉત્તર પ્રદેશના વતનીઓનું પ્રમાણ વધારે છે. સાઉથ ઑસ્ટ્રેલિયા-ક્વીન્સલૅન્ડ ઉષ્ણ હોવાથી આ પ્રદેશમાં મજૂરો માટે ભારત તરફ નજર કરવામાં આવેલ, પણ સોનું મળી આવતાં કેટલાક ત્યાં ગયા હતા. રંગભેદની નીતિ પરોક્ષ રીતે અમલમાં હોઈને ડૉક્ટર વેપારીઓ વગેરે સુશિક્ષિત વર્ગ અહીં રહી શકયો છે. ન્યુઝીલૅન્ડમાં ફીઝીમાંથી આવેલ લોકો વસ્યા છે, તેમાં સુરત જિલ્લાના વતનીઓનું પ્રમાણ વધારે છે. ઑકલૅન્ડ તથા વેલિંગ્ટનમાં એમની વસ્તી છે.[૧૧]

શ્રીલંકામાં વહોરા તથા પારસીઓ મુખ્યત્વે વસ્યા છે. એમની સંખ્યા અનુક્રમે ૫૦૦ તથા ૨૦૦ છે. ઇતર ગુજરાતીઓ-આશરે ૨,૦૦૦ વહોરા આયાત-વેપારમાં રસ ધરાવે છે. અનાજ, જીવન જરૂરિયાતની વસ્તુઓ અને ચોખાની આયાત ભારત અને બ્રહ્મદેશથી કરાય છે. મેમણ વેપારીઓની ચોખાની આયાતનો એકહથ્થુ ઇજારો હતો. આ ઉપરાંત કાપડના ટુકડાઓનો વેપાર એમને હસ્તક છે. નિકાસ વેપારમાં યુરોપિયનો બાદ કરતાં ભારતીયોનો બીજો નંબર છે, જેઓમાં પારસીઓ વહોરા વગેરે વિશેષ છે. કરીમભાઈ ઇબ્રાહીમભાઈ ૫૩૮ લૂમ અને ૨૧,૦૦૦ ત્રાકની એક મિલ ધરાવતા હતા. કાથીના ઉત્પાદક તરીકે રુસ્તમજી ઍન્ડ કં. જાણીતી છે. ગુજરાતી સ્ટીમર કમ્પનીઓ પૈકી સિંધિયા સ્ટીમ નેવિગેશન કમ્પની સારો રસ લે છે. કેટલાક પારસીઓ સરકારી નોકરીમાં પણ હતા.[૧૨]

૧૮૧૯માં અંગ્રેજોએ સિંગાપુર કબજે કર્યું હતું. ૧૮૬૭ સુધી પેનાંગ અને સિંગાપુરનો વહીવટ ભારતના ગવર્નર-જનરલ હસ્તક હતો. વેપાર-ઉદ્યોગમાં થોડા ગુજરાતીઓ હતા. મલાયાનો શેત્રંજી ગાલીચા કાપડ વગેરેનો વેપાર એમને હસ્તક હતો. સુમાત્રામાં મેડાન શહેરમાં તથા જાવામાં થોડા ગુજરાતી વેપારીઓ હતા. અંગ્રેજોના આગમન બાદ મલાયામાં ભારતીય મજૂરોનું આગમન થયું છે. પોર્ટુગીઝોએ મલાક્કા જીતી લીધું ત્યારે ૧૬મી સદી અને એ પહેલાં સુરતના વેપારીઓ મલાક્કામાં હતા. પિનાંગના ગવર્નર સ્ટૅમ્ફર્ડ રૅફલ્સે ૧૮૦૮માં મલાક્કા વિશે લખતાં જણાવેલ કે 'સુરતથી માલ ઉપરાંત વહાણો દ્વારા ગુજરાતી વેપારીઓ આવે છે.'

ઍન્ટમ અને અચીનનાં શહેરોમાં સુરત અને ખંભાતના વેપારીઓ કાપડ અને મસાલામાં વેપારમાં આગળ પડતો ભાગ લેતા હતા. ઇન્ડોનેશિયા થાઈલૅન્ડ હિંદી-ચીન વગેરે દેશોમાં મેમણો વેપારી તરીકે ગયા હતા. ઈ.સ. ૧૭૬૮ (વિ. સં. ૧૮૧૪)માં બ્રહ્મદેશના આક્યાબ માંડલે વગેરેમાં એમની વસ્તી હતી. ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છના વેપારીઓ ચોખા લાકડું ઝવેરાત તથા અફીણના વેપારમાં પડયા હતા. પાલનપુર અને ડીસાના વેપારીઓ ઝવેરી હતા. ખોજા મેમણ અને વાણિયા વેપારીઓ ચોખા બૅંકિંગ વીમો ધીરધાર વગેરે વ્યવસાયમાં પડયા હતા. હોંગકોંગ શાંઘાઈ વગેરે સ્થળોએ પારસીઓ અને વહોરા અફીણ રૂ અને કાપડના ધંધામાં રસ લેતા હતા. જમશેદજી તાતા વગેરે પારસી વેપારીઓ જાપાન સાથે રૂ અને સૂતરના નિકાસમાં રસ લેતા હતા.

યુરોપમાં ઍન્ટવર્પ બ્રસેલ્સ અને પૅરિસમાં પાટણ પાલનપુર અને સુરતના ઝવેરી ઝવેરાતનો ધંધો કરતા હતા. ઇંગ્લૅન્ડમાં વિદ્યાભ્યાસ અને વેપાર અર્થે ગુજરાતીઓ થોડા પ્રમાણમાં વસ્યા હતા. બ્રિટિશ સ્ટીમર કમ્પનીઓમાં ખલાસી તરીકે કામ કરનાર ગુજરાતી ખારવાની સંખ્યા પણ ઠીક ઠીક હતી. યુ. એસ. એ. માં વેપાર અને વિદ્યાભ્યાસ માટે ગુજરાતીઓ થોડી સંખ્યામાં હતા.[૧૩]

પરદેશો સિવાય ભારતના અન્ય ભાગોમાં ગુજરાતીઓની વસ્તી દસ લાખ ઉપરાંત હતી. મુંબઈમાં વધારેમાં વધારે વસ્તી આશરે ૭ લાખ ગુજરાતીઓની હતી, જે પૈકી સૌરાષ્ટ્રિયો કચ્છીઓ અને સુરતીઓની સંખ્યા મુખ્યત્વે હતી. સુરત અને ખંભાતનાં બંદરોની અવનતિ બાદ કચ્છ અને સૌરાષ્ટ્રના ભાટિયા વહોરા ખોજા મેમણ તથા વાણિયા અને સુરતીઓ તેમ પારસીઓએ મુંબઈની આબાદીમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. મુંબઈના કડિયા મુખ્યત્વે કચ્છી છે. કરાંચીમાં લગભગ બે લાખ ગુજરાતીઓ ભારતના ભાગલા પૂર્વે વસતા હતા, જેમાં કચ્છ અને સૌરાષ્ટ્રના લોકો મુખ્યત્વે હતા. મેમણ બ્રાહ્મણો લોહાણા કડિયા સુથાર દરજી વગેરે ગુજરાતના હતા. થોડા પારસીઓએ પણ ત્યાં કાયમી વસવાટ કર્યો હતો. આ ઉપરાંત દિલ્હી કલકત્તા ઝરિયા ધનબાદ જમશેદપુર કટક બાલાસોર નાગપુર પૂના હૈદ્રાબાદ સિકંદરાબાદ બૅંગલોર મદ્રાસ કાલીકટ કાનાનોર કોચીન અલ્પાઈ મદુરા કોલ્હાપુર ઈંદોર ઉજ્જન અજમેર જયપુર આબુ વગેરે શહેરોમાં વેપાર અર્થે ઘણા લોકો વસ્યા છે. કચ્છની વસ્તી જેટલા પાંચ લાખ કચ્છીઓ ભારતભરમાં ફેલાયેલા છે. નખત્રાણાના લોકો વેરણિયા તરીકે અને લાટીના માલિકો તરીકે સમગ્ર ભારતમાં ફેલાયેલા છે. મહારાષ્ટ્રમાં ગોળના વેપારમાં ઘણા ગુજરાતીઓ છે. સો-દોઢસો વર્ષથી મહારાષ્ટ્રનાં શહેરોમાં ગુજરાતી વાણિયાઓનો વસવાટ છે. નાના દુકાનદાર

તરીકે ગામડાંઓમાં એ ફેલાયેલા છે. ચરોતરનો પાટીદાર તમાકુના વેપારી તરીકે ભારતનાં મોટાં શહેરોમાં જોવા મળે છે. કલકત્તાનો ખાંડ ચોખા કરિયાણું કાપડ સૂતર વગેરેનો વેપાર ગુજરાતીઓના હાથમાં છે. મદ્રાસમાં જૂના વખતથી વસેલા જુદી જુદી નાતોના વાણિયા 'લંકાના વાણિયા' તરીકે ઓળખાય છે. સૌરાષ્ટ્ર અને ખેડા જિલ્લાના ઉમરેઠ વગેરેના ઘણા લોકો મદ્રાસમાં અને તામિલનાડુના અન્ય ભાગોમાં છે. કેટલાક ધીરધાર કરે છે. મદ્રાસનો સોના ચાંદી તથા સૂતરનો વેપાર એમને હસ્તક છે. મધ્યપ્રદેશનો અનાજ તમાકુ અને બીડીનો વેપાર ગુજરાતીઓના હાથમાં છે. ગુજરાતીઓના વસવાટવાળાં શહેરોમાં ગુજરાતી સમાજ, પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, પુસ્તકાલયો અને સામાજિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે. વસવાટનાં સ્થળોએ કેળવણી-સંસ્થાઓને એમના તરફથી ધનની સહાય સારા પ્રમાણમાં અપાઈ છે.[૧૪]

આમ ગુજરાતીઓ સૈકાઓથી દેશ-પરદેશના પરિભ્રમણથી ટેવાયા છે. સમુદ્ર અને દરિયાપારના દેશોનું આકર્ષણ એમના માટે નવીન નથી.

## પાદટીપ

૧. S.A. Waiz, *Indians Abroad Directory* (*IAD*), pp. 109-117

૨. *Ibid.*, pp. 119-127

૩. *Ibid.*, pp. 179-183

૪. *Ibid.*, pp, 186-198

૫. *Ibid.*, pp. 274-281; ડુંગરશી ધ. સંપત, 'ભાટિયા વહાણવટાનો જૂનો ઇતિહાસ,' પૃ. ૨૭-૨૯; Vincent Harlow, E.M. Chilver and Allison Smith (edi.), *History of East Africa*, (*HEA*) pp. 156, 168, 212-218, 57, 26, 156, 267 and 665

૬. *HEA*., 415, 441 and 267; Kenneth Ingham, *History of East Africa*, p. 215; *IAD*, pp. 201-242

૭. *HEA*, pp. 406-414 and 433; Kenneth Ingham, *Ibid.*, pp. 257-272

૮. *HEA*, p. 565; *IAD*, pp. 283-298

૯. શિવપ્રસાદ રાજગોર, 'ગુજરાતના વહાણવટાનો ઇતિહાસ' પૃ. ૨૨૭; *IAD*, pp. 307-319

૧૦. Edward H. Brooks and Colin D. Webb, *A History of Natal*, pp. 83-92; IAD., pp. 322-383

૧૧, *IAD*, pp. 128-178

૧૨. *Ibid.*, pp. 7-48

૧૩. શિવપ્રસાદ રાજગોર, ઉપર્યુક્ત, પૃ. ૨૩૦-૨૩૧

૧૪. એજન, પૃ. ૨૩૧-૨૩૨

## પ્રકરણ ૧૧

# કેળવણી

## ૧. જૂની પરિપાટી

### (અ) ગુજરાતી શિક્ષણ

અંગ્રેજોના આગમન પહેલાં હિંદમાં ઘણા લાંબા સમયથી ચાલી આવતી કેળવણીની અનોખી પદ્ધતિ પ્રચલિત હતી. આવી કેળવણી આપતી સંસ્થાઓ ગામઠી શાળાઓ, પંડ્યાની શાળાઓ કે ધૂળિયા નિશાળો તરીકે ઓળખાતી.

ગામઠી નિશાળોમાં સામાન્ય રીતે બાળક સાત વર્ષનો કે એનાથી વધુ ઉંમરનો થાય ત્યારે એને દાખલ કરવામાં આવતો. શાળાએ બેસાડવાની વિધિને 'વિદ્યારંભ-સંસ્કાર' કહેતા. સારા મુહૂર્તવાળા દિવસે બાળકને જે શાળામાં મોકલવામાં આવનાર હોય તે શાળાના પંડ્યા કે ગુરુજી અને બધા વિદ્યાર્થીઓ શાળામાં બેસનાર વિદ્યાર્થીને ઘેર આવતા ને શિક્ષક 'સરસ્વતી, સરસ્વતી, તું મેરી માત' વગેરે પ્રાર્થના ગવડાવતા, સરઘસાકારે ગામમાં ફરીને વિદ્યાર્થી સહિત નિશાળે આવતા. અહીં પહેલાં વિદ્યાર્થી પાસે સરસ્વતીનું પૂજન કરાવતા. ત્યારબાદ ચોખા પૂરેલા મંડળ(વર્તુલ)માં આંગળી પકડી બરુની કલમથી કે ચાંદીની કલમથી શિક્ષક 'શ્રી ભલે' વગેરે એની પાસે લખાવતા. ત્યારબાદ પતાસાં ધાણી દાળિયા કે મીઠાઈ બધાં બાળકોને વહેંચવામાં આવતાં. શિક્ષકને સવા શેર સાકરનો પડો, નાળિયેર અને શક્તિ પ્રમાણે ગુરુદક્ષિણા આપવામાં આવતી.

શિક્ષણની શરૂઆત સાતમે કે નવમે વર્ષે એકડાથી થતી. છએક મહિનામાં આંક પૂરા થતા ને તરત કક્કો શરૂ થતો. કક્કો બરાબર આવડ્યા બાદ બારાખડીનાં પદ શીખવવામાં આવતાં ને પદ પૂરાં થયા બાદ 'ક' થી 'જ્ઞ' સુધી શરૂ થતાં ઉદાહરણાત્મક નામ શીખવતા હતા. આ દરમ્યાન સાડા સાતનો પાડો શરૂ થતો અને જે સાડા સાતના પાડામાં પૂર્ણ થતો તેને મોઢાના હિસાબની કૂંચીઓ મહેતાજી શીખવતા. એમ ગુણાકાર ભાગાકાર સરવાળો બાદબાકી પણ શીખવવામાં આવતાં હતાં. એમાં આણુપાણુ એટલે પા રૂપિયો, આનો અને પા આનો દર્શાવતી અનુક્રમે ઊભી આડી અને ઊભી રેખાઓ પણ આવી જતી. અને છેલ્લા હિસાબમાં હડાકાર શીખ્યો એટલે એ પરિપૂર્ણ થયો કહેવાતો, હડાકારમાં વર્ગમૂળ ઘનમૂળ અને

વર્ગસમીકરણ(ક્વૉડ્રૅટિક ઇક્વેશન)ના દાખલા આવી જતા હતા. આ બધું ૯ થી ૧૨–૧૩ વર્ષની ઉંમર સુધીમાં શીખવવામાં આવતું.[1]

ગુજરાતમાં સામાન્ય રીતે અભ્યાસ કરવાની મુદત ૨ થી ૩ વર્ષની હતી. દરરોજ શિક્ષકને અનાજ શાકભાજી કે રોકડા પૈસા આપવાનો રિવાજ હતો, આથી શિક્ષક વિદ્યાર્થીની હાજરી માટે વધારે ચોકસાઈ રાખતો. આ ઉપરાંત અમુક અભ્યાસ પૂરો કર્યા બાદ હપ્તા પ્રમાણે શિક્ષકને પુરસ્કાર મળતો એટલે અભ્યાસ પૂરો કરાવવા તરફ એ વધારે લક્ષ આપતો. અભ્યાસ બાદ ૧૨ કે ૧૩ વર્ષની ઉંમર પછી વિદ્યાર્થી શાહુકારની પેઢીએ બેસતો અને ત્યાં એક–બે વર્ષ ઉમેદવારી કરી એ ગમે તે ધંધે વળગતો.[2]

નિશાળનો સમય સવારના સાતથી અગિયાર વાગ્યા સુધીનો અને પછી બેથી પાંચ વાગ્યા સુધીનો રહેતો. સવારે જે છોકરા આવે તેઓ મહેતાજી માટે મુઠ્ઠી લાવતા, અર્થાત્ એક કકડામાં અનાજ બાંધી લાવતા. નિશાળે આવ્યા બાદ છોકરા પાટી પર ધૂળ નાખી પોતાને જે પાઠ લખવાનો હોય તે લખતા. લખીને મહેતાજીને કે એમના મદદનીશને કે વડા નિશાળિયાને બતાવતા. છોકરા ધૂળમાં ભોંય પર બેસી ભણતા હતા અથવા આગળપાછળ ઓટલા હોય તે પર બેસી હાથમાં લખેલાં પાનાં લઈ ઉઘાડે માથે છાતી અને માથું ધુણાવતા ધુણાવતા મોટેથી ભણતા.[3] દસેક વાગ્યાનો વખત થાય એટલે મહેતાજી જે બે છોકરાઓએ નામ લખ્યાં હોય તેમને પોતાની પાસે ભોંય પર ઊભા રાખતા. એ દરમ્યાન દરેક જણ પોતાનો પાટલો નિશાળમાં મૂકી દેતો. દરેકને હારબંધ ઊભા રાખી, શિક્ષક જાતે હાથમાં સોટી લઈ 'સવાયા' સવા અઢી, પોણા ચાર, પાંચ, એવી રીતે હજારે સવા સાડી બારસે સુધી ઘાંટો પાડી ભણાવતા હતા. આ 'સવાયા' તો દરેક છોકરાને મોઢે હોય. નિશાળ સવારે છૂટે કે દરેક છોકરાએ પાટી લખવી જોઈએ. પાટી સફેદા કે ખડીથી લખવામાં આવતી હતી. એ પાટી ઉપર આંક ભણનાર 'આંક' કક્કો ભણનાર 'કક્કો' કે 'બારાખડીનાં પદ', નામું ભણનાર 'નામું' અને હિસાબ ભણનાર 'સાડા સાતનો પા' લખતા હતા. જે છોકરો પાટી ન લખી લાવ્યો હોય તેને મહેતાજી શિક્ષા કરતા.[4] વિદ્યાર્થીઓ વખતોવખત ગુરુની એકદિલથી સેવા બજાવતા.[5]

નામ બોલાય અને છોકરો મહેતાજી પાસે ગયો કે હાથ ધરે ને મહેતાજી જરા સોટી હથેળીમાં અડાડે એટલે છોકરાને રજા મળી કહેવાય. રજા મળતાં જ છોકરો પોબારા ગણી જતો. આ નામ જે બોલાતાં તેને 'મોડા' કહેતા. મહેતાજી કોઈ દિવસે 'મોડા'નો હુકમ આપે. કોઈ કોઈ દિવસે "હાજરી" સવારે છોડતી વખતે

બોલાવે. હાજરી એટલે જે છોકરા સાંજે નિશાળમાં આવ્યા હોય તેમની હાજરી. એ બોલવાની રીત જુદી હતી. 'કરસનદાસ નરસીદાસ સાજીના હાજર' આ મુજબ જેનું નામ વંચાયું કે તરત મહેતાજી છોકરાની પાટી જોઈ રજા આપતા. હવે સાંજે જે હાજર ન હોય તેમનાં નામ લઈને એકેકને બોલાવી 'કેમ ગેરહાજર રહ્યો'? કહી ઉપર મુજબ બેચારેક સોટી એના પર લગાવે. છોકરો જ્યાંસુધી એમ ન કહે કે "મહેતાજી સાહેબ, હવે સાંજે ગેરહાજર નહિ રહું." ત્યાં સુધી સોટી કવચિત જ પડતી બંધ થતી હતી. ગેરહાજરી અંગે અગાઉથી મહેતાજીની રજા લેવી પડતી કે ઘેરથી ચિઠ્ઠી લાવવી પડતી.

ચોમાસામાં ધૂળ મળે નહિ તેથી છોકરાઓ રોડાં એકઠાં કરી એને ભાંગીને ભુકો કરતા તેને 'પરપોટો' કહેતા. એ ખડી કે ગેરુથી રંગેલા પાટલા ઉપર નાખી છીણીના કે દાતણના વતરણાથી લખતા હતા.

સાંજે પાંચ વાગે એટલે સામાન્ય વિદ્યાર્થીને રજા આપી બાકીના સારા છોકરાઓને શિક્ષક પોતાની પાસે ઓટલે જુદા બેસાડે. છોકરા ફક્ત દસ કે પંદર હોય, તેમાંથી ત્રણચારને કે બધાને નીચે ઊભા રાખે અને એમાંથી કોઈને 'ડંકાપલ્લવી' કે 'કરપલ્લવી' પૂછવા માંડે.

ડંકાપલ્લવીમાં એક ડૂમકો (નાનું ઢોલ) મહેતાજી હાથમાં લેતા અને એ ડુમકા ઉપર એક નાની લાકડી વડે ઠોકતા. એક વગાડે તો અમુક અક્ષર, અમુક રીતે દાંડો ઠોકાય તો 'કાનો', અમુક રીતે દાંડો ઠોકાય તો 'માત્રા', અમુક રીતે ઠોકાય તો 'મીડું', એવી ગોઠવેલી સંજ્ઞા પ્રમાણે ડૂમકો વગાડી ગમે તે છોકરાને પૂછે કે એ તરત જ જવાબ આપે. આવી રીતે બે ચાર છોકરાઓને જુદાં જુદાં વાક્ય પૂછે કે તરત છોકરા જવાબ આપે.[૬]

'કરપલ્લવી' એટલે હાથના આંગળાની સંજ્ઞાથી સવાલો પૂછતા તેના જવાબ પણ છોકરા ઝડપથી આપતા. પછી 'લીલાવતી'ના હિસાબ ચાલતા. તેમાં ઝાડ પરનાં પાંદડાં ગણવાનું હતું. એ સમીકરણ જેવા હિસાબ હતા. વ્યાજ જેવા હિસાબ મોઢે કરતાં શીખવવાની ટેવ પાડતા.[૭] એવી રીતે મહેતાજી કેટલાક છોકરાઓને એકઠા કરી મોઢાના હિસાબ પૂછતા: 'પોણી પચીસ અને સવા ત્રણ આને ખાંડી, તો દોઢ શેર અને સવા ત્રણ અધોળનું શું?' જે છોકરાને સવાલ પુછાય તે છોકરો શીખવેલી હિસાબની ચાવીથી તરત જ જવાબ દઈ શકતો હતો. એ હિસાબમાં ઘણો કાબેલ ગણાતો અને એવો છોકરો ગરીબનો હોય તોપણ વરવાપાત્ર ગણાઈ એના વિવાહ થતા. મહેતાજી વિદ્યાર્થી પર ખૂબ ભાવ રાખતા.

પરગામના વિદ્યાર્થીઓ માટે રોજ ઠરાવેલા પાંચસાત ધનવાન બ્રાહ્મણોના ઘેરથી ભિક્ષા માગી લાવી ખાવાનો રિવાજ હતો.[૮]

મહેતાજી ચારથી પાંચ મદદનીશો રાખતા. તેઓ સૂર્યોદય થતાં પહેલાં નિશાળમાં આવતા. સાતેક વાગે એટલે કેટલા છોકરા નિશાળમાં આવ્યા છે એ તરફ નજર કરતા અને જે ન આવ્યા હોય તેમને તેડવા એક-બે જણ નીકળી પડતા. કલાકેક તેડાં કરવામાં જાય એટલે મદદનીશ મહેતાજી પાછા નિશાળમાં આવી પોતાને જે છોકરા સોંપેલા હોય તેમને પાટલા પર પાડા લખી આપતા, અથવા જે જે શીખતો હોય તેને નવો પાઠ આપતા હતા. પાઠ-પાડા પોતે લખી આપતી વખતે પણ પોતે મોઢે બોલી લખતા અને મહેતાજી બોલે તે મુજબ છોકરાને પણ બોલવું પડતું. બોલવામાં ભૂલ થાય તો એકાદ સોટી પણ લગાવતા. મદદનીશ મહેતાજીઓમાં પહેલાને વર્ષે દિવસે રૂા. ૪૦ થી ૫૦ સુધી, બીજાને રૂ. ૨૫ થી ૩૦ સુધી, ત્રીજાને રૂ. ૨૦ સુધી અને ચોથાને રૂ. ૧૫ સુધી પગાર આપતા હતા. એ પગાર ઉપરાંત જે મુઠ્ઠી દાણા આવે તેમાં અરધા મુખ્ય મહેતાજીને ત્યાં જતા અને અરધા મદદનીશો વહેંચી લેતા હતા. દાણો મણ દોઢ મણથી કવચિત જ ઓછો આવતો. જે છોકરો અનાજ લાવ્યો હોય તે તપખીર ઘૂંટવા જેવા માટીના કૂંડામાં નાખતો હતો.

ધનતેરસના દિવસે ઘણું કરીને દરેક છોકરાને પાટલો મંડાવવાનો રિવાજ હતો. મહેતાજી જે છોકરાને પાટલો મંડાવે તેના પિતા દક્ષિણા આપતા. છોકરાના આંક પૂરા થાય ત્યારે ઊભો પાટલો કર્યો કહેવાતું અને એ પાટલો નિશાળની દીવાલે ઊભો કરી બંધ કરવામાં આવતો. મહેતાજી નિશાળના છોકરાઓને પેલા છોકરાને ઘેર લઈ જતા અને ત્યાં આંક બોલાવતા તથા 'મહેતાજીને પાઘડી પહેરાવો, છોકરાઓને છુટ્ટી અપાવો' એવાં કેટલાંક કવિત બોલતા. મહેતાજીને આ પ્રસંગે એક પાઘડી તથા રૂપિયો અને છોકરાઓને પતાસાં, સાકરિયા ચણા વગેરે મળતાં.[૯]

મહેતાજીઓને બીજી એક સારી કમાઈ એ હતી કે કોઈને ત્યાં છોકરો આવે તે વખતે ઘણું કરી શહેરના બધા મહેતાજીઓએ છોકરાના બાપને ત્યાં જવાનો રિવાજ હતો. જેને ત્યાં છોકરો જન્મ્યો હોય તે દરેક મહેતાજીને રૂ. ૧ દક્ષિણામાં આપતા, આનું નામ 'છુટ્ટી લેવા જવાનું'' કહેતા. દરેક છોકરાને ધાણા સાકર અને ગોળ વહેંચતા. એ દિવસે સાંજે છોકરાઓને નિશાળમાં રજા રહેતી.

પ્રાચીન કાલની શિક્ષણપદ્ધતિની એક ખાસિયત વડા નિશાળિયા મારફત શિક્ષણ આપવાની હતી. આ પદ્ધતિ પ્રમાણે વિદ્યાર્થીઓને બબ્બેની જોડીમાં વહેંચી

નાખવામાં આવતા. વિદ્યાર્થી જ્યારે શાળામાં દાખલ થતો ત્યારે એને એનાથી જ્ઞાનમાં આગળ એવા વિદ્યાર્થીઓની દેખરેખ નીચે રાખવામાં આવતો. એ એનો પાઠ તપાસતો અને આગળ નવું શીખવવામાં મદદ કરતો. સાંજે ગુરુજીને એ એનાં પ્રગતિ અને વર્તન અંગે હેવાલ આપતો. વિદ્યાર્થીઓમાં અલગ વર્ગને બદલે અલગ અલગ જોડી થવાથી શિક્ષકો વ્યક્તિગત ધ્યાન આપી શકતા. બેસવાની વ્યવસ્થા પણ એવી રાખવામાં આવતી કે હોશિયાર અને અભ્યાસમાં પાછળ વિદ્યાર્થી પાસે પાસે બેસતા. જ્યારે કેટલાક મોટી ઉંમરના વિદ્યાર્થીઓનો અભ્યાસ લગભગ પૂરો થવા આવતો ત્યારે એમને એક હરોળમાં સાથે બેસાડવામાં આવતા ને મુખ્ય શિક્ષક એમને શીખવતા. આવી રીતે શિક્ષકો દરેક વિદ્યાર્થી તરફ કાળજી અને લક્ષ આપતા ને અભ્યાસમાંની પ્રગતિની તપાસ રાખતા. આ પદ્ધતિના શિક્ષણમાં સાધનોમાં પાટી અને વતરણા સિવાય બીજાં સાધનોની જરૂર પડતી ન હતી. લખવા માટે માટી ખડી ગેરુ જેવી સસ્તી ચીજો વપરાતી.

વિદ્યાર્થીઓમાં મુખ્યત્વે હિંદુ હોય. એમાંના ૩૦ ટકા જેટલા બ્રાહ્મણ હોય; એમની ફી લેવાતી ન હતી. આ સિવાય કણબી સોની વાણિયા વગેરે ઉજળિયાત કોમનાં બાળકોની સંખ્યા આશરે કુલ સંખ્યાના ૭૦ ટકા જેટલી હોય. વિદ્યાર્થીની ઉંમર સામાન્ય રીતે ૬ થી ૧૪ વર્ષ સુધીની રહેતી. અસ્પૃશ્ય હોવાને કારણે હરિજનોનો આવી શાળામાં પ્રવેશ નહોતો. એમનાં બાળકોને એમના ગોર 'ગરુડા' ભણાવતા.

૧૮૨૯ માં ન્યાયખાતાએ કરેલી તપાસના આંકડા ઉપરથી માલૂમ પડે છે કે એ સમયે સુરત ભરૂચ ખેડા અને અમદાવાદ જિલ્લાઓમાં ગામઠી શાળાઓની સંખ્યા ૨૮૨ ની હતી.[૧૦]

શિક્ષકો મુખ્યત્વે બ્રાહ્મણો હતા; જો કે વાણિયા અને બ્રહ્મક્ષત્રિય શિક્ષકો પણ કોઈ શાળામાં કામ કરતા જોવા મળતા. પાલનપુર વઢવાણ વગેરેમાં જૈન ગોરજીઓ શિક્ષકનું કામ કરતા. બ્રાહ્મણોમાં શિક્ષકોનો ધંધો પેઢી-દર-પેઢી વારસામાં ઊતરી આવતો હતો. શિક્ષકો વિદ્યાર્થીઓ તરફ ખૂબ પ્રેમ રાખતા. ગુજરાતમાં શિક્ષકોને માસિક નિયત રકમ આપવામાં આવતી ન હતી. અભ્યાસમાં અમુક તબક્કા પૂરા થાય ત્યારે અને અભ્યાસના અંતે રોકડ રકમ પુરસ્કારરૂપે આપવામાં આવતી. આ રોકડ રકમ માબાપની આર્થિક સ્થિતિ અને સ્થાન પ્રમાણે વિવિધ રહેતી. આ ઉપરાંત રોજ વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦ કે એનાથી વધુ થતી ત્યારે દર પખવાડિયે બશેર અનાજ અને ૪ પૈસાભાર ઘી વારા પ્રમાણે દરેક વિદ્યાર્થી ગુરુને આપતો. જંબુસરમાં શિક્ષકને દર વર્ષે વિદ્યાર્થી દીઠ રૂ. ૨½ થી રૂ. ૬ પુરસ્કાર

મળતો. ખેડા જિલ્લામાં વિદ્યાર્થી લગ્ન વગેરે પ્રસંગે સારી સારી સ્થિતિના લોકો પાસેથી ગુરુ માટે દક્ષિણા માગી લાવતા. સુરત જિલ્લામાં શિક્ષકોને કેટલીક જમીનનુ ઉત્પાદન આપવામાં આવતું. અમદાવાદમાં પટેલો તરફથી પસાયતાની જમીન શિક્ષકને નિર્વાહ માટે આપવાનું નોંધાયેલ છે. સુરત જિલ્લાના ગ્રામપ્રદેશમાં બક્ષિસ સહિત પુરસ્કારની રકમ માસિક રૂ. ૩ જેટલી હતી. સુરત શહેરમાં ૫૦ વિદ્યાર્થી-વાળી શાળાના શિક્ષકને રૂ. ૫ માસિક મળતા. ભરૂચ જિલ્લામાં ગામના કદ પ્રમાણે શિક્ષકને સરેરાશ વાર્ષિક રૂ. ૫૦ મળતા. ભરૂચ જેવા શહેરમાં પણ માસિક પુરસ્કાર રૂ. ૩.૫ મળતો. ખેડામાં વધારે સંખ્યા ધરાવતી શાળાના શિક્ષકનું વેતન વાર્ષિક રૂ. ૧૫૦ થી ભાગ્યેજ વધારે હતું.

સામાન્ય રીતે શિક્ષકને વાચન લેખન હિસાબ નામું આંક વગેરે શીખવવાનું હોવાથી એનું જ્ઞાન પરિમિત હતું. એ સુંદર લેખન તરફ વધુ ધ્યાન આપતા.

મોટે ભાગે શાળા માટે હિંદુઓમાં મંદિર અને મુસ્લિમોની મદરેસા માટે મસ્જિદનો ઉપયોગ થતો. કોઈ સ્થળે ગામના જમીનદાર કે સદ્‌ગૃહસ્થના મકાનનો ભાગ પણ શાળાના ઉપયોગ માટે આપવામાં આવતો. વાળંદ ઘાંચી કે કુંભારનાં મકાન પણ કોઈ સ્થળે શાળા માટે ઉપયોગમાં લેવાતાં. આવી શાળાઓમાં વિદ્યાર્થીઓની સરેરાશ સંખ્યા ૧૫ રહેતી. જ્યાંસુધી જરૂર હોય ત્યાંસુધી આવી શાળાઓ અસ્તિત્વમાં રહેતી અને જરૂરિયાત પૂરી થતાં બંધ પણ થઈ જતી.

સામાન્ય રીતે અગિયારસ પૂનમ અમાસ ગ્રહણ દિવાળી હોળી અને દસેરા જેવા તહેવારોની રજા રહેતી. આ ઉપરાંત કોઈ નવો વિદ્યાર્થી શાળામાં દાખલ થાય તો મીઠાઈ સાકર ચણા ધાણી વગેરે વહેંચાયા બાદ રજા અપાતી.

બાળકોને શારીરિક શિક્ષા કરવાનો પ્રતિબંધ ન હતો. સામાન્ય રીતે અંગૂઠા પકડાવવામાં આવતા અને એની ડોક ઉપર ઈંટ કે આંકણી કે એવી કોઈ વસ્તુ મૂકવામાં આવતી. જો ભૂલેચૂકે શિક્ષાની મુદ્દત દરમ્યાન એ વસ્તુ પડી જતી તો વિદ્યાર્થીને નેતરની સોટીથી માર મારવામાં આવતો. કેટલીક વાર વિદ્યાર્થીને અર્ધો કલાક કે એક કલાક એકપગે ઊભો રાખવામાં આવતો. વિદ્યાર્થીને એના પગને ડોક પર રાખીને જમીન ઉપર બેસવાની શિક્ષા પણ ફરમાવવામાં આવતી. કેટલીક વાર બે ઈંટ પર વિદ્યાર્થીને એવી રીતે બેસવાનું કહેવામાં આવતું કે જેથી બે પગો વચ્ચે વિદ્યાર્થીને એનું માથું કાન પકડીને વેદના થાય એવી રીતે રાખવું પડતું.

કોઈ શિક્ષામાં વિદ્યાર્થીને નજીકના ઝાડની ડાળીએ લટકાવવામાં આવતો, તો કોઈમાં એના હાથપગ બાંધી છાપરાના મોભ સાથે કે વળીએ લટકાવવામાં આવતો.

કોઈમાં વળી વિદ્યાર્થીના શરીર ઉપર જળો લગાડવામાં આવતી અને એને ચળ આવે તોપણ હાથ અડકાડવાની મના હતી. કોઈ શિક્ષામાં વિદ્યાર્થીને જળો કે બિલાડી કે કૂતરાં જેવાં પ્રાણીઓ સાથે કોથળામાં પૂરવામાં આવતો અને પછી એને જમીન પર ગબડાવવામાં આવતો. કેટલીક વાર વિદ્યાર્થીના હાથની બે આંગળીઓ વચ્ચે લાકડી ભરાવી એને દુઃખ થાય એવી રીતે બાંધવામાં આવતો. કોઈ વાર વિદ્યાર્થીને લાંબા પડીને જમીન માપવી પડતી અને નાક ઘસીને કેટલું અંતર થયું છે એની નોંધ કરવામાં આવતી. ચાર વિદ્યાર્થી જેને શિક્ષા કરવાની હોય તેના હાથપગ પકડતા, એને આમતેમ ઊંચો નીચો ફંગોળતા અને જમીન પર ફેંકતા. કોઈ વાર બે વિદ્યાર્થી જેને શિક્ષા કરવાની હોય તે વિદ્યાર્થીના કાન પકડતા અને એકદમ દોડતા જેથી એના કાન ખેંચાય અને એ વેદના અનુભવે. જે વિદ્યાર્થી શાળાએ મોડો આવતો તેને હાથમાં સોટી પડતી. આવી રીતે વિદ્યાર્થીઓને અનેક પ્રકારની કડક શારીરિક શિક્ષાઓ કરવામાં આવતી.[૧૧]

આમ પ્રાચીન પદ્ધતિથી ચાલતી શાળાઓમાં ઓછામાં ઓછા ખર્ચે સંગીન શિક્ષણ અપાતું હતું.

## (આ) સંસ્કૃત પાઠશાળાઓ

પ્રાચીન પદ્ધતિથી કેળવણી આપતી હિંદુઓની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને —સંસ્કૃત પાઠશાળાઓને રાજાઓ નવાબો જમીનદારો ધનિકો અને ધાર્મિક વૃત્તિના નાગરિકો તરફથી આર્થિક સહાય અને પ્રોત્સાહન મળતાં. આવી પાઠશાળાઓના અધ્યાપકો વિદ્વાનો હતા. ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે ગુજરાતી રાખી પ્રાચીન શિષ્ટ ભાષા સંસ્કૃતનો અભ્યાસ કરાવવામાં આવતો. પાઠશાળાઓના અધ્યાપકોને રાજ્યરજવાડાં તથા ધનિકો દ્વારા જમીન અનાજ તથા રોકડ રકમ કપડાં વગેરે પુરસ્કારરૂપે મળતું. આના બદલામાં શિક્ષકો મફત શિક્ષણ આપતા અને વિદ્યાર્થીઓને રહેવા-જમવાની મફત સગવડ આપતા. કેટલીક વાર સ્થાનિક આશ્રયદાતાઓ કે રાજારજવાડાં તરફથી ખાસ મકાન બંધાવી આપવામાં આવતું હતું. સામાન્ય રીતે વિદ્યાર્થીઓ શાળામાં ૧૨ વર્ષ કે એનાથી વધારે વર્ષ રહી અધ્યયન કરતા હતા.

સંસ્કૃત પાઠશાળાઓમાં અધ્યયન માટે મુખ્યત્વે બ્રાહ્મણો આવતા. એમાં સ્ત્રીઓનો અને જેમને વેદ વગેરે ભણવાનો અધિકાર નથી તેવી જ્ઞાતિના વિદ્યાર્થીઓનો સમાવેશ થતો નહિ. પાઠશાળાના અધ્યાપકો બ્રાહ્મણ ગૃહસ્થો હતા. એનો મુખ્ય ઉદ્દેશ પંડિતો બનાવવાનો હતો.

સામાન્ય રીતે બ્રાહ્મણનો પુત્ર ઉંમર-લાયક થાય ત્યારે એ આહ્નિકનું શિક્ષણ ઘેર મેળવતો. ઉપનયનના સંસ્કાર બાદ એ ગુરુ પાસે રહીને વ્યાકરણ કાવ્ય ન્યાય વેદાંત જ્યોતિષ વગેરે વિષયોનો અભ્યાસ કરતો.[૧૫]

એ વખતનો અભ્યાસક્રમ સામાન્ય રીતે ત્રણ ચાર વર્ષનો હતો. વિદ્યાર્થીના ઉત્સાહ ને સમય ઉપર તલસ્પર્શી અભ્યાસ આધાર રાખતો ને પ્રત્યેક વિદ્યાર્થીની શક્તિ પ્રમાણે જ ગુરુઓ વિવેક વાપરી એમને રુચતું ને જરૂરી જ્ઞાન આપતા. વધુ મહત્ત્વાકાંક્ષી શિષ્યને તો કાશી જવું પડતું. ગુજરાતમાં સંસ્કૃત વિદ્યાનું શિક્ષણ અમુક હદ સુધીનું મર્યાદિત પ્રમાણમાં અપાતું. શરૂઆત શબ્દરૂપાવલી ધાતુરૂપાવલી અને સમાસચક્રથી થતી, જેના પછી 'અમરકોશ' મુખપાઠ કરાવવામાં આવતો અને છંદ માટે 'શ્રુતબોધ' ભણાવાતો. એ પછી પાઠ્ય-પુસ્તકોમાં સારસ્વત વ્યાકરણ મુખ્ય ગણાતું ને 'કૌમુદી'નો અભ્યાસ વડોદરા જેવાં મોટાં શહેરોમાં થતો. 'પાતંજલ મહાભાષ્ય' જેવા ભારે ટીકાગ્રંથો કાશીમાં જ શીખવાતા. વેદાંતમાં વેદાંતસાર વેદાંતપરિભાષા પંચદશી શાંકરભાષ્ય શ્રીભાષ્ય વગેરે વડોદરામાં ભણાવાતાં. અલંકારશાસ્ત્રમાં સાહિત્યદર્પણ કાવ્યપ્રકાશ કાવ્યપ્રદીપ ને રસગંગાધર મુખ્ય હતાં. ચંદ્રાર્કી જાતકચંદ્રિકા ગ્રહલાઘવ કેશવી અને સિદ્ધાંતશિરોમણિ એ જ્યોતિષશાસ્ત્રનાં મુખ્ય પાઠ્ય-પુસ્તક હતાં. આયુર્વેદના અધ્યયનમાં ચરક સુશ્રુત ને શાર્ઙ્ગધરના ગ્રંથ અગ્રસ્થાન ભોગવતા. કાવ્યના અભ્યાસમાં મેઘદૂત રઘુવંશ અને કુમારસંભવ 'લઘુત્રયી' ગણાતાં, ને કિરાતાર્જુનીય શિશુપાલવધ ને નૈષધચરિત્ર એ 'બૃહત્ત્રયી' મનાતાં. નાટકોમાં અભિજ્ઞાન-શાકુન્તલ ઉત્તરરામચરિત વેણીસંહાર અનર્ઘરાઘવ પ્રસન્નરાઘવ તથા ગદ્યમાં કાદંબરી વાસવદત્તા ભારતચંપૂ વગેરેનો પરિચય કરાવવામાં આવતો. મનુસ્મૃતિ મિતાક્ષરી પારાશરસ્મૃતિ ને વ્યવહાર-મયૂખના અભ્યાસથી સ્મૃતિસાહિત્યમાં પ્રવેશ થતો. તર્કસંગ્રહ ન્યાયબોધિની જાગદીશી માથુરી પંચલક્ષણી ચતુર્દશલક્ષણી અને ગદાધરી એ ન્યાયશાસ્ત્રના માર્ગસ્તંભ હતા. છંદઃશાસ્ત્રના વધુ જ્ઞાન માટે વૃત્તરત્નાકર છંદોમંજરી પિંગળસૂત્ર વગેરે પાઠ્ય-પુસ્તકો તરીકે વપરાતાં. પાતંજલ-યોગદર્શન સાંખ્યતત્ત્વકૌમુદી ને સાંખ્યસૂત્ર એ સાંખ્યયોગના અભ્યાસમાં મુખ્ય હતાં. વિશેષમાં વેદની સંહિતાઓ બ્રાહ્મણો સૂત્રો આરણ્યકો ને ઉપનિષદો પણ સંસ્કૃત વિદ્યામાં મહત્ત્વનું સ્થાન ભોગવતાં. આ ઉપરાંત યજ્ઞયાગાદિના સંસ્કાર-સાહિત્યમાં ઋગ્વેદનાં સંસ્કાર-કૌસ્તુભ ને નારાયણભટ્ટી, યજુર્વેદનાં ઋષિભટ્ટી અને પ્રયોગદર્પણ, સામવેદનું પ્રયોગચિંતામણિ ને અથર્વવેદનું પ્રયોગભાનુ આવશ્યક ગ્રંથો હતા. શ્રૌતકર્મમાં પોતપોતાના વેદના શ્રૌતસૂત્રના આધારે લખાયેલા પ્રયોગગ્રંથ વપરાતા ને દર્શપૂર્ણિમાદિયાગ

તથા નિત્યહોમ તરફ પૂરતું લક્ષ્ય અપાતું. એ ઉપરાંત સ્માર્તકર્મમાં ઋગ્વેદનું આશ્વલાયન ગૃહ્યસૂત્ર, યજુર્વેદનું પારસ્કર ગૃહ્યસૂત્ર અને સામવેદનું ગોભિલ ગૃહ્યસૂત્ર પણ અભ્યાસનો વિષય બનતાં.[૧૩]

આ સમય દરમ્યાન ગુજરાતમાં અનેક પાઠશાળાઓ હતી તેમાંની મુખ્ય અમદાવાદ વડોદરા પેટલાદ ડભોઈ ચાણોદ ધમડાછા શિનોર નાંદોલ(તા. દહેગામ) ગેરીતા–કોલવડા(તા. વિજાપુર) કોલવડા(તા. વિજાપુર) વીસનગર વિજાપુર ગણદેવી વીરમગામ પછેગામ વલભીપુર ભાવનગર જામનગર પોરબંદર જૂનાગઢ માંગરોળ પ્રભાસ મોરબી કચ્છ વગેરેમાં હતી. પેટલાદમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડે ઈ.સ. ૧૮૯૦ માં સ્થાપેલી રાજકીય સંસ્કૃત પાઠશાળા હતી, જેમાં કર્મકાંડ જ્યોતિષ વ્યાકરણ અલંકાર સાહિત્ય જેવા વિષય શીખવાતા.[૧૪] અમદાવાદમાં મેયર લશ્કરીની અને સ્વામિનારાયણની પાઠશાળાઓ પ્રતિષ્ઠિત ગણાતી. મોરબીમાં સંસ્કૃત કોલેજ અને રવોજીરાવ સંસ્કૃત પાઠશાળા હતી. ઈ.સ. ૧૮૬૫ માં મોરબી સંસ્કૃત કોલેજમાં શંકરલાલ મહેશ્વર પંડિત આચાર્ય હતા અને એ પહેલાં રવોજીરાવ પાઠશાળામાં અધ્યાપક હતા.[૧૫] શિનોરની સંસ્કૃત પાઠશાળામાં વ્રજલાલ કાળિદાસ શાસ્ત્રીએ રંગીલાલ મહારાજ પાસે થોડો વખત ન્યાયનું અધ્યયન કર્યું હતું અને થોડો યોગનો અભ્યાસ કર્યો હતો. આ સાથે એમણે કૌમુદી વેદ વગેરેના અભ્યાસનો પણ પ્રારંભ કર્યો હતો (ઈ.સ. ૧૮૪૫–૫૦ દરમ્યાન).[૧૬]

ચાંદોદ(જિ. વડોદરા)માં સર વિઠ્ઠલદાસ દામોદર મૂળજી ઠાકરસી સંસ્કૃત પાઠશાળાની સ્થાપના સને ૧૮૯૭ માં થઈ હતી. એમાં સ્કૂલોમાં ભણતાં બાળકોને ત્રિકાલસંધ્યા, રુદ્રાષ્ટાધ્યાયી મહિમ્નસ્તોત્રાદિ વગેરેનું સવારે બે કલાક જ્ઞાન અપાતું. સંસ્કૃતના અભ્યાસી વિદ્યાર્થીને યાજ્ઞિક વિષયોનું જ્ઞાન અપાતું.

વીસમી સદીના આરંભમાં સરખેજમાં શ્રી ફૂલશંકર ત્ર્યંબકરામ જોશીએ સંસ્કૃત પાઠશાળાને પોતાનું મકાન દાનમાં આપી આ પાઠશાળાનો આરંભ કર્યો. એમાં પ્રારંભિક વ્યાકરણ સંધ્યા રુદ્રી વગેરેનું શિક્ષણ અપાતું. વડોદરામાં હિંદુ રાજ્યના આશ્રયને લીધે અને દક્ષિણીઓના વસવાટને કારણે નવ પાઠશાળા હોવાનું મનાય છે.

ભરૂચમાં નર્મદા સંસ્કૃત વેદશાળાની સ્થાપના સં. ૧૯૪૦(ઈ.સ. ૧૮૮૩)માં માધવરાવ ત્ર્યંબકરાવ જોશે કરી. એમાં સનાતન ધર્મ, વેદવિદ્યા તથા સંસ્કૃત વ્યાકરણ શીખવાતાં. આરંભમાં બ્રાહ્મણોના છોકરા દાખલ થયા. પછીથી વેદશાળાની પ્રતિષ્ઠા વધતાં વાણિયાના છોકરા પણ દાખલ થવા લાગ્યા. દરેક વેદ શીખવવા માટે દર વર્ષે રૂ. ૧૦૦ના પગારથી અલગ શિક્ષક રાખવામાં આવ્યા. ઈ.સ.

૧૯૧૪ના ગાળા દરમ્યાન અહીં સંસ્કૃત વ્યાકરણ ઋગ્વેદ યજુર્વેદ તથા જ્યોતિષ શીખવાતાં. એમાં લગભગ ૪૦ જેટલા વિદ્યાર્થીઓ ભણતા. પરગામના વિદ્યાર્થીઓ માટે એક વિદ્યાર્થી–આશ્રમ ખોલવામાં આવ્યો હતો.[૧૭] નાંદોલની પાઠશાળા જ્યોતિષ–વિદ્યાનું ખાસ કેન્દ્ર હતી.

એ યુગમાં જામનગર 'છોટી કાશી' કહેવાતું. સૌરાષ્ટ્રના બ્રાહ્મણ વિદ્યાર્થીઓ ત્યાં સંસ્કૃતનો અભ્યાસ કરવા જતા. કાળિદાસ શાસ્ત્રી જેવા વિદ્વાનો ત્યાં વિદ્યાર્થીઓને ભણાવતા. ત્યાંથી ભણીને નીકળેલા વિદ્યાર્થીઓ અન્યાન્ય નગરોની પાઠશાળાઓના આચાર્ય તરીકે નિમાતા. પોરબંદરની રાજકીય પાઠશાળામાં જામનગરથી ભણીને ગયેલા પ્રાગજી શાસ્ત્રી અને એમના પછી એમના જમાઈ બલદેવ શર્મા આચાર્ય હતા. ખાનગી પાઠશાળાઓ પણ ત્યાં હતી, જ્યાં પડધરીના વિખ્યાત રેવાશંકર શાસ્ત્રી વેદનો અભ્યાસ કરાવતા. પોરબંદરની રાજકીય પાઠ-શાળામાંથી શાસ્ત્રી કાશીરામ કરશનજી બાંભણિયા માંગરોળમાં ૧૯૦૧ માં સ્થપાયેલી પાઠશાળામાં આચાર્ય તરીકે ગયા. ૧૯૦૩ માં ત્યાં વૈષ્ણવ પાઠશાળા સ્થપાઈ ને વ્યાકરણ છંદ કાવ્ય નાટકો ને વેદાંતનું શિક્ષણ અપાવા લાગ્યું. માંગરોળમાં એક વેદશાળા પણ સ્થપાયેલી, જ્યાં સ્વર–સહિત મુખ્યત્વે યજુર્વેદસંહિતા શીખવવામાં આવતી. કર્મકાંડી બ્રાહ્મણો તો તે તે નગરમાં પિતૃપરંપરાથી સ્વરસહિત પોતપોતાના વેદનું અધ્યયન કરતા.

બ્રિટિશ કાલના આરંભ સમયે આવી ઘણી પાઠશાળાઓ જનસમાજની ધર્મભાવના પર નિભાવ કરતી, ને તેથી જ પરોપકાર–દૃષ્ટિએ કે સેવાવૃત્તિથી ફી વગર જ ચાલતી. એમાં અનેક સંસ્કૃત વાચસ્પતિઓ થઈ ગયા, જેમાં વડોદરામાં સમર્થ યજ્ઞેશ્વર ને મહાશંકર શાસ્ત્રી, અમદાવાદના ભાસ્કર શાસ્ત્રી, દીનાનાથ, નીલકંઠ શાસ્ત્રી, રામકૃષ્ણ હરખજી શાસ્ત્રી ને હરિશંકર જોશી, ધમડાછાના કૌમુદી ને જ્યોતિષમાં નિષ્ણાત ગણાતા ભગવાન શાસ્ત્રી, ગણદેવીના ન્યાયપારંગત દયારામ શુકલ, શિનોરના રંગીલદાસ, નડિયાદના રવિશંકર શાસ્ત્રી, નાંદોલના પ્રખ્યાત કરુણાશંકર જોશી, વીરમગામના આશાધર પંડિત, પાટણના અચલેશ્વર પંડિત ને વૈકુંઠ જોશી, ગેરીતા–કોલવડાના નારાયણ શાસ્ત્રી, કોલવડાના દલસુખ શાસ્ત્રી, વીસનગરના મગનલાલ જોશી તથા નારાયણ શાસ્ત્રી, ભાવનગરના ભાનુશંકર દીક્ષિત તથા જગન્નાથ, માંડવીના વિશ્વનાથ શાસ્ત્રી, ભૂજના દરબારી શાસ્ત્રી જેશંકર, જામનગરના હાથીભાઈ શાસ્ત્રી ને પંડ્યા નરભેરામ, જૂનાગઢના કરુણાશંકર શાસ્ત્રી, એમના પુત્ર હરિદત્ત અને હરિદત્તના પુત્ર વલ્લભજી આચાર્ય તથા પંડિત ગટુલાલજી અને મોરબીના શીઘ્ર કવિ શંકરલાલ મહેશ્વર પંડિત પ્રસિદ્ધ વિદ્વાનો હતા.[૧૮]

આમ તત્કાલીન સંસ્કૃત પાઠશાળાઓ હિંદુઓની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ તરીકે કામગીરી બજાવતી અને એમાં વિદ્યાર્થીનાં શક્તિ ઉત્સાહ અને સમયને લક્ષમાં લઈ શિક્ષણ આપવામાં આવતું હતું.

## (ઇ) મદરેસાઓ

ગુજરાતની ભૂમિ મદરેસાઓથી જાણીતી રહી છે. ગુજરાતમાં રાષ્ટ્રકૂટ અને સોલંકી રાજ્યોએ મુસ્લિમોને પ્રોત્સાહન આપ્યું. એમના જ કાલમાં મદરેસાઓ(મદ્રેસાઓ) સ્થપાઈ. સિદ્ધરાજના કાલમાં શિયા વહોરાઓની મદરેસા સ્થપાઈ. ગુજરાતના સુલતાનોના કાલમાં મદરેસાઓ સ્થપાઈ તેમાં હિંદુઓએ પણ પ્રવેશ મેળવ્યો હતો.

હજરત શેખ અહમદ ખટ્ટુના મૃત્યુ પછી સુલતાન મુહમ્મદશાહ ૨ જાએ સરખેજમાં એમનો મકબરો બંધાવ્યો અને ત્યાં મદરેસા સ્થાપી. નહરવાલા પાટણમાં ખાનસરોવર મદરેસા, અમદાવાદમાં ઉસમાનપુરામાં શેખ મુહમ્મદ ઉસમાન ઉર્ફે શમ્એ બુરહાનીની મદરેસા, શાહઆલમની મદરેસા, માંગરોળની મદરેસા, શાહ વજીહુદ્દીનની મદરેસા, નહરવાલા–પાટણની આલમગીરી મદરેસા, અમદાવાદના હિદાયત બખ્શની મદરેસા અને ભરૂચની મદરેસા–એ–બુરહાક ખૂબ જાણીતી હતી. નહરવાલા-પાટણની આલમગીરી મદરેસા વચ્ચે બંધ થઈ ગયેલી, જેનું જૂનું નામ 'ફૈઝે સફા' હતું. એ મદરેસા હવે ફરી શરૂ થઈ ગઈ છે, જેનું નામ 'કન્ટકે મરગૂલ' રાખવામાં આવ્યું છે.

મરહૂમ મૌલાના અબુ ઝફર નદવી સાહેબે એમના ગ્રંથ 'ગુજરાત કી તમદ્દુની તારીખ'માં ૨૯ મોટી મદરેસાઓનાં નામ ગણાવ્યાં છે, જેમાં ઔદ્યોગિક અને સંગીતની મદરેસાઓનો સમાવેશ થતો નથી.

આજે પણ મોટા ભાગે દરેક મહોલ્લાની મસ્જિદમાં મદરેસા હોય છે જ, જેમાં નાનાં બાળક કુરાન પઢવાનું શીખે છે. એને 'નાઝિરહ કુર્આન ખ્વાની' કહે છે. અરબીનું અક્ષરજ્ઞાન આપી, જોડણી કરી પઠન કરવાનું નામ છે 'નાઝિરહ ખ્વાની.' એમાં અરબી ભાષા ને ભાવાર્થ શિખવાડવામાં આવતાં નથી તેમજ અરબી લેખનનો પણ એમાં સમાવેશ થતો નથી. ચારેક વર્ષનાં છોકરાંને સામાન્ય રીતે મદરેસામાં પ્રવેશ આપવામાં આવે છે અને આઠેક વર્ષનું થતાં સુધીમાં બાળક કુરાનના ત્રીસ પારહ સરળતાથી વાંચતાં શીખી લે છે. શરૂઆતમાં જે બાળપોથી ભણાવવામાં આવે છે તેને 'કાયદહ' કહે છે. આવી મદરેસામાં પ્રવેશ માટે કોઈ તારીખ નક્કી હોતી નથી, વર્ષ દરમ્યાન ગમે ત્યારે પ્રવેશ અપાય છે તેમજ મદરેસામાં ભણતાં કોઈ પણ બે બાળકોનો સબક એક હોતો નથી, દરેકનો સ્તર

જુદો હોય છે, અને મૌલવી સાહેબ દરેકને એક એક કરીને પોતાની પાસે બોલાવી એને સબક પઢાવે છે. એક જ સ્તરે બે બાળક ન હોવાને લીધે વર્ગનું પ્રયોજન કશું હોતું નથી. કુરાન શીખી રહ્યા પછી થોડું પ્રાથમિક ધાર્મિક શિક્ષણ અપાય છે. ઉપરાંત સારાં ઘરની સ્ત્રીઓ પણ પોતાનાં ઘરોમાં 'નાઝિરહ કુરાન'ની તાલીમ આપતી હોય છે, પણ ત્યાં ઉચ્ચારશુદ્ધિ સંતોષકારક રીતે જળવાતી નથી.

આ ઉપરાંત જે મોટી મદરેસા હોય છે તે 'દારુલ ઉલૂમ' કહેવાય છે. 'દાર' એટલે ઘર અને 'ઉલૂમ' 'ઇલ્મ' (અર્થાત્ જ્ઞાન)નું બહુવચન છે, તેથી 'દારુલ ઉલૂમ' એટલે વિદ્યાઓનું ઘર.

છેલ્લા થોડા દાયકાથી દારુલ ઉલૂમ સ્થાપવાની પ્રથાને વેગ મળ્યો છે. અમદાવાદમાં દારુલ ઉલૂમ શાહેઆલમ, આસ્ટોડિયા પથ્થરવાળી મસ્જિદમાં 'મદ્રસાએ-અનવારુલ ઉલૂમ' અને રખિયાલમાં 'કાસેમુલ ઉલૂમ' સ્થપાયાં છે. બનાસકાંઠામાં છાપી, ખેડા જિલ્લામાં આણંદ અને સાબરકાંઠામાં વડાલીમાં આવી મદરેસાઓ સ્થપાઈ છે. ભરૂચ જિલ્લામાં આવી દારુલ ઉલૂમ પ્રત્યેનું વલણ ખૂબ પ્રબળ છે. ગુજરાત રાજ્યમાં જાણીતાં દારુલ ઉલૂમની સંખ્યા ૨૦થી ૨૫ જેટલી છે. સુરત અને સિદ્ધપુરમાં દાઉદી વહોરાઓની પ્રાચીન મદરેસા છે, જે શિયા વહોરાઓ માટે મર્યાદિત છે. સુરત પાસે આવેલ ધાબેલ અને રાંદેરની મદરેસાઓને સ્થપાયે લગભગ ૭૦ વર્ષ થવા આવ્યાં છે. આ મદરેસાઓમાં રમજાનના પવિત્ર મહિના દરમ્યાન રજા હોય છે અને વર્ષ દરમ્યાન દર શુક્રવારે રજા રહે છે. રમજાન પછી નવું સત્ર શરૂ થાય છે અને હવે એ વખતે જ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાય છે. મહોલ્લાની નાની મદરેસાઓની જેમ આમાં છોકરીઓને પ્રવેશ અપાતો નથી. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને દારુલ ઉલૂમમાં જ રહેવું પડે છે. કોઈ ફી લેવામાં આવતી નથી. ઉપરાંત વિદ્યાર્થીનો રહેવા-ખાવાનો ખર્ચ અને એના અભ્યાસક્રમનાં પુસ્તકોનો ખર્ચ દારુલ ઉલૂમ ભોગવે છે. એ ખરા અર્થમાં મફત શિક્ષણ છે. દારુલ ઉલૂમના શિક્ષકોનું રહેવા-ખાવાનું પણ મફત હોય છે. એ ઉપરાંત એમને માસિક પગાર અપાય છે. કેટલાંક દારુલ ઉલૂમોમાં દવાનો ખર્ચ પણ મદરેસા ભોગવે છે, આથી કોઈ પણ સામાન્ય દારુલ ઉલૂમનું વાર્ષિક બજેટ લાખ રૂપિયાથી ઓછું ભાગ્યેજ હોય છે. આ માટે સરકાર પાસેથી કોઈ ગ્રાન્ટ લેવામાં આવતી નથી, પરંતુ ધનિક મુસ્લિમો ખેરાત જકાત ફિતરહ અને સદકહ તેમજ ઇમદાદના રૂપિયા દર વર્ષે આવી મદરેસાઓને આપે છે. રમજાન મહિનામાં સામાન્ય રીતે જકાત કાઢવામાં આવે છે અને મદરેસાઓમાં રજાઓ હોય છે તેથી શાબાન મહિનાથી મદરેસાઓની અધિકૃત વ્યક્તિઓ ફાળો ઉઘરાવવા નીકળી પડે છે. એમને 'સફીર'

કહે છે. ઉ.પ્ર. બિહાર પશ્ચિમ બંગાળ તેમજ ભારતનાં અન્ય રાજ્યોની મદરેસાઓના સફીરો દર વર્ષે શાબાનથી રમજાન સુધી શહેર અમદાવાદમાં ફાળો ઉઘરાવતા ફરે છે તેમ જુદા સ્થાનિક તેમજ ગુજરાત રાજ્યની મદરેસાઓના સફીરો પણ અન્ય રાજ્યોમાંથી ફાળો લઈ આવે છે. દેશનાં અમદાવાદ અને મુંબઈ જેવાં મહાનગરોમાંથી મદરેસાઓને મોટા ફાળા મળે છે. સફીર પાસે પોતાની મદરેસાનો પ્રસિદ્ધ થયેલ છેલ્લા વર્ષનો રિપોર્ટ હોય છે, જેમાં મદરેસાની પ્રગતિ ઉપરાંત પાછલા વર્ષે ફાળા આપનાર વ્યક્તિઓનાં નામ ઠેકાણું અને એમણે આપેલ ફાળાની રકમ નોંધાયેલી હોય છે. દાનવીર તરીકની ખ્યાતિની એવના દંભ અને આડંબરમાં ફેરવાઈ જતી હોવાથી તેમજ ખુદાને પ્રસન્ન કરવા સિવાયના હેતુથી થતા પુણ્યના કામ અને પુણ્યોપાર્જનનો નિષેધ કરાતો હોવાથી મોટા ભાગે લોકોએ દાન આપતી વખતે પોતાના નામને બદલે 'એક મુસ્લિમ' કે 'એક મોમિન' એવા શબ્દ લખાવ્યા હોય છે.

સામાન્ય રીતે ૨૫૦ થી ૩૦૦ વિદ્યાર્થી દર વર્ષે કોઈ એક દારુલ ઉલુમમાં જુદા જુદા અભ્યાસક્રમ માટે પ્રવેશ મેળવતા હોય છે.

આલિમ–ફાઝિલનો અભ્યાસક્રમ આઠ વર્ષનો હોય છે. મોટા ભાગના વિદ્યાર્થીઓ ટૂંકા ગાળાનો અભ્યાસક્રમ પૂરો કરીને જતા રહે છે. સતત આઠ વર્ષનો અભ્યાસક્રમ પૂરો કરનારા વિદ્યાર્થીઓની ટકાવારી પાતળી રહે છે. આવા જૂજ વિદ્યાર્થીઓ માટે 'જલસએ દસ્તારે ફઝીલત'નો કાર્યક્રમ રાખવામાં આવે છે, જે યુનિવર્સિટીના પદવીદાન સમારંભ સમાન હોય છે. 'દસ્તાર' એટલે પાઘડી અને 'ફઝીલત' એટલે શ્રેષ્ઠતા. ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને માથે શ્રેષ્ઠતાની પાઘડી બાંધી એમને સંમાનવામાં આવે છે. દારુલ ઉલૂમ શાહેઆલમ–અમદાવાદનો આવો સમારંભ ઇશા(રાત)ની નમાજ પછી રાતે જામે મસ્જિદમાં યોજાય છે.

આલિમ ઉપરાંત દારુલ ઉલૂમમાંથી 'હાફિઝ' 'કારી' 'મુફસ્સિર' 'મુહદ્દિસ' અને 'મુફતી'ની પદવી મેળવી શકાય છે.

કુરાનના ત્રીસે ત્રીસ પારહ જેને મોઢે યાદ હોય તે 'હાફિઝ' કહેવાય. આ અભ્યાસક્રમ ત્રણ વર્ષનો હોય છે. થોડાં વર્ષો અગાઉ રાજસ્થાનમાં આવેલ જયપુર પાસેના ટોંકના હાફિઝો અમદાવાદમાં ડગલે ને પગલે જોવા મળતા, પણ હવે સ્થાનિક તેમજ રાજ્યનાં અન્ય સ્થળોમાં બહારે પડેલ હાફિઝોએ એમનું સ્થાન લીધું છે. હાફિઝ નમાજ વખતે ઇમામત કરાવે છે તેમજ 'તરાવીહ' નામે જાણીતી માત્ર રમજાન મહિના પૂરતી રાતે પઢવામાં આવતી વધારાની નમાજમાં આખું કુરાન મોઢે તિલાવત (પઠન) કરે છે. હાફિઝના અભ્યાસક્રમમાં કુરાન સિવાય

અન્ય ગ્રંથોનો સમાવેશ થતો નથી, જ્યારે બીજી પદવીઓ માટેના અભ્યાસક્રમમાં જુદાં જુદાં પાઠ્યપુસ્તક હોય છે.

આવો અભ્યાસક્રમ દર્સે નિઝામીના નામે સદીઓથી જાણીતો છે. આ અભ્યાસક્રમ તૈયાર કરનાર વિદ્વાન હતા ઉસ્તાઝુલ-હિન્દ મુલ્લાં નિઝામુદ્દીન ફિરંગી મહલી.

એમના પિતા મુલ્લાં કુતુબુદ્દીનને હિ. સ. ૧૧૦૩ (ઈ.સ. ૧૬૯૨)માં ઉ.પ્ર.ના ગામમાં બારાબંકી જિલ્લાના સિંહાલી નામના ગામમાં અમુક લોકોએ એ વખતે શહીદ કર્યા કે જ્યારે તેઓ મદરેસામાં સબક આપી રહ્યા હતા. મુલ્લાં કુતુબુદ્દીનની ખ્યાતિ અને વિદ્વત્તાથી ઔરંગઝેબ અંજાયો હતો.

મુલ્લાં નિઝામુદ્દીન ૧૪ વર્ષના હતા ત્યારે લખનૌમાં આવતા રહ્યા અને સાત આઠ વર્ષ પછી મદરેસા શરૂ કરી. ઔરંગઝેબે લખનૌમાં એક સનદ મારફત આ વંશના લોકોને રહેવા માટે એક કોઠી આપી, જેમાં અગાઉ કોઈ ડચ વેપારી રહેતો હતો. આ મકાન 'ફિરંગી મહલ'ના નામે જાણીતું છે. એ જ ફિરંગી મહલ ઇસ્લામી યુનિવર્સિટી સમાન થઈ ગયો. મુલ્લાં નિઝામુદ્દીન જ્યાં રહેતા હતા ત્યાં જ મદરેસા શરૂ કરી અને અહીં 'દર્સે નિઝામી' (નિઝામુદ્દીને તૈયાર કરેલો અભ્યાસક્રમ) ઘડવામાં આવ્યું.[૧૯] ત્યાંના સ્નાતકો 'ફિરંગી મહલી' કહેવાય છે. મુલ્લાં નિઝામુદ્દીનનું અવસાન હિ.સ. ૧૧૬૧(ઈ.સ. ૧૭૪૮)માં થયું. આજે બસો અઢીસો વર્ષથી એમણે ફિરંગી મહલમાં તૈયાર કરેલ અભ્યાસક્રમ આખા દેશમાં પ્રચલિત છે. અલબત્ત એમાં થોડા સુધારા-વધારા થયા છે, પણ બુનિયાદી રીતે આજે પણ એ અભ્યાસક્રમ 'દર્સે નિઝામી' કે 'દર્સે નિઝામિય્યહ' કહેવાય છે.

'દર્સે નિઝામી' અપૂર્વ ગ્રંથોના સંચયનું નહિ, પણ એક ખાસ પ્રકારની તાલીમની પદ્ધતિનું નામ છે. એ એક અભિગમ છે. શરૂઆતમાં મુલ્લાં નિઝામુદ્દીને કે એમના શિષ્યોએ લખેલ ગ્રંથ એમાં ભણાવાતા. એમાંના અમુક ગ્રંથ એમના જીવનમાં લખાયા. અમુક એમના મરણ બાદ એમના શિષ્યોએ લખેલાં પુસ્તક હતાં, પરંતુ મોટા ભાગના ગ્રંથ તો એ જ હતા કે જે પ્રાચીન કાલથી શીખવાતા હતા. અલ્લામહ શિબ્લીના મંતવ્ય અનુસાર જો કે આ અભ્યાસક્રમ 'નિઝામુદ્દીન'ના નામ સાથે જોડી દેવામાં આવ્યો છે, છતાં એનો આરંભ એમના પિતા મુલ્લાં કુતુબુદ્દીનના સમયથી થયેલો અને ખુદ એમના અનુગામીઓએ પોતાની સૂઝ પ્રમાણે એમાં ફેરફાર કર્યા હતા.

'દર્સે નિઝામી' સામે અમુક લોકોને વાંધો છે કે એમાં 'માકૂલાત' ઉપર સવિશેષ લક્ષ્ય અપાય છે, જ્યારે 'મનકૂલાત'(પરંપરાગત)ની ઉપેક્ષા થાય છે.

એના જવાબમાં એમ કહેવાય છે કે 'દર્સે નિઝામી'ના અભ્યાસક્રમમાં સામેલ ગ્રંથો સાધ્ય નથી, પરંતુ સાધન છે. એક વખત એની ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કર્યા પછી વિદ્યાર્થીની ગતિ માત્ર એ ગ્રંથ પૂરતી મર્યાદિત રહેતી નથી, પણ એ સમગ્ર રીતે જે તે વિષયને આવરી લે છે.

અલ્લામહ શિબ્લીએ 'દર્સે નિઝામી'ને એ સમયના એક અત્યંત પ્રગતિશીલ પગલા તરીકે બિરદાવતાં એની વિશિષ્ટતાઓનું નીચે પ્રમાણે નિરીક્ષણ કર્યું છે :

૧. સંક્ષિપ્તતા, અર્થાત્ દરેક વિષયના એક કે બે સંક્ષિપ્ત પણ સર્વગ્રાહી ગ્રંથોની પસંદગી.

૨. આ જ સંક્ષેપના નિયમના અનુસંધાનમાં અભ્યાસક્રમમાં સામેલ ગ્રંથોને પૂરા ભણાવવાને બદલે એમાંથી જરૂરી લાગે તેટલા ભાગનું જ અધ્યયન સ્વીકારાયું.

૩. દરેક વિષયમાં જે તે વિષયનું અઘરું મનાતું પુસ્તક અધ્યયન માટે પસંદ કરાયું, જેથી કરીને વિદ્યાર્થીઓમાં જે તે વિષયના પ્રમાણમાં સહેલા અન્ય ગ્રંથોના સ્વાધ્યાયની ક્ષમતા વિકસે.

શ્રી વેલસ્મિથ એને સુન્ની મદરેસા કહે છે, એમ છતાં એનો અભ્યાસક્રમ એવો છે કે જે સુન્ની શિયા અને બિન-મુસ્લિમ માટે સર્વસ્વીકૃત છે. એ સર્વ અહીંથી સ્નાતક થતા રહ્યા છે તેથી કેટલાક એને 'બિનસાંપ્રદાયિક અભ્યાસક્રમ' ગણે છે, જ્યારે કેટલાકને એમાં ધાર્મિક વિદ્યાર્થીઓના સમાવેશનો અભાવ ખૂંચે છે, તેથી જ સૈયદ સુલેમાન નદવીએ 'मकालाते सुलेमान'ના બીજા ભાગમાં 'દર્સે નિઝામુદ્દીન'ની એ માટે આકરી ટીકા કરી છે કે એમાં હદીસનો અભ્યાસ અપૂરતો થાય છે, કેમકે 'મિશકાત' સિવાય હદીસના કોઈ અન્ય ગ્રંથનું અધ્યયન થતું નથી.[૨૦]

તફસીરમાં માત્ર જલાલેન અને બેદાવી ભણાવાતા, પરંતુ મૌલાના શિબ્લીએ કરેલ પૃથક્કરણમાં આ ટીકાનો જવાબ આવી જ જાય છે.

મૌલાના હકીમ સૈયદ અબ્દુલ હઈ સાહેબે 'દર્સે નિઝામી'ની ખામીઓની સવિસ્તર ચર્ચા કરી છે તેમ એમાં થએલ ફેરફારો ઉપર પ્રકાશ ફેંક્યો છે. એમણે અરબીમાં લખેલ પુસ્તકનું ઉર્દૂમાં અબુલ ઝફર નદવીએ "इस्लामी उलूमो फुनून हिन्दुस्तानमें"ના નામે ભાષાંતર કર્યું છે તેમજ મનાઝિર હસન ગોલાનીએ પણ આ વિષય ઉપર "हिन्दुस्तानमें मुसलमानों के निज़ामे तालीमो तरबियत" નામનો ગ્રંથ લખ્યો છે.

આખાય ભારતમાં 'દર્સે નિઝામી' નજીવા ફેરફારો સાથે આજે પણ પ્રચલિત છે. મુસલમાનોમાં પ્રવર્તમાન અજ્ઞાનને નિવારવાના હેતુથી વલસાડના હજરત

મૌલાના આહમદ હસન ભામ સાહેબે સીમલક (તા. નવસારી) નામના ગામની મસ્જિદમાં હિ.સ. ૧૩૨૬ (ઈ. સ. ૧૯૦૮) માં 'મદ્રસએ તાલીમુદ્દીન'ની સ્થાપના કરી. એમણે પહેલાં તો કાનપુરથી ઉલમાને તેડાવ્યા. પહેલાં છમાસિક, પછી ત્રૈમાસિક અને અંતે માસિક પરીક્ષાની પ્રથા દાખલ કરી. ત્યાં ઉર્દૂના માધ્યમ વડે શિક્ષણ અપાય છે. મુસલમાનોમાં શૈક્ષણિક અને ધાર્મિક જાગૃતિ આણવા એમણે "અદ્દીન" નામનું માસિક પ્રગટ કરવાનું શરૂ કર્યું હતું, જેમાં વિદ્યાકીય ઐતિહાસિક ધાર્મિક અને સુધારક પ્રવૃત્તિને પોષક એવા લેખ પ્રગટ થતા. આ માસિકને પ્રગટ કરવા એમણે 'મુઈનુદ્દીન' નામે એક પ્રેસ પણ શરૂ કર્યું હતું. આગળ જતાં મૌલાના અહમદ હસને સીમલક પાસે આવેલા ડાંભેલની પશ્ચિમે ઇદગાહની સામે એક મોટી જમીન ખરીદી ત્યાં દારુલ ઉલૂમ સ્થાપવા કોશિશ કરી.

હાલ એ દારુલ ઉલૂમમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૪૫૦ થી ૫૦૦ સુધીની રહે છે. વિદેશોના વિદ્યાર્થી પણ એમાં પ્રવેશ મેળવતા રહે છે.

## ૨. નવી કેળવણી

### પ્રાથમિક શિક્ષણ

ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીને ૧૮૧૩ માં કેળવણી પાછળ દર વરસે રૂ. એક લાખ ખર્ચ કરવા માટે ફરજ પાડવામાં આવી હતી, પણ શરૂઆતમાં આ રકમનો ઉપયોગ સંસ્કૃત અને અરબીની પાઠશાળાઓ ખોલવા માટે કરવામાં આવ્યો હતો. એનો વિરોધ થતાં પાશ્ચાત્ય સાહિત્ય અને વિજ્ઞાનનો પ્રચાર કરવાનું ધ્યેય મેકૅાલેની નોંધ પ્રમાણે ૧૮૩૫ માં સ્વીકારવામાં આવ્યું.[૨૧] જૂની ગામઠી શાળાઓમાં લેખન વાચન અને ગણિતનું શિક્ષણ બે થી ત્રણ વર્ષ પર્યંત અપાતું હતું. તેને બદલે નવા પ્રકારનું શિક્ષણ ચારથી સાત વરસ સુધી અપાવા લાગ્યું. જૂની શાળાઓ શિક્ષકના ઘરમાં કે કોઈ દેવસ્થાન કે ધર્મશાળામાં બેસતી હતી. એને બદલે આ નવી શાળાઓ માટે સ્વતંત્ર મકાનની સગવડ પ્રાપ્ત થઈ હતી. અભ્યાસક્રમમાં ભૂગોળ. ઇતિહાસ અને ખગોળશાસ્ત્રને પ્રથમ વાર સ્થાન અપાયું હતું. ગણિતમાં બીજગણિતનો અને ત્રિકોણમિતિનો અભ્યાસ અંકગણિત ઉપરાંત કરાવાતો હતો. નવી કેળવણી આપતી શાળાઓના શિક્ષકો માટે તાલીમની વ્યવસ્થા કરાઈ હતી અને એમને દર માસે નિયમિત પગાર અપાતો હતો. અગાઉ પાઠ્ય પુસ્તકોનો અભાવ હતો. તેને સ્થાને વર્ણમાળા, લિપિધારા, બોધવચન, ડોડસ્લીની વાર્તાઓ, ઈસપનીતિ, બાલમિત્ર, શિક્ષામાળા, ગણિત વગેરેનાં પાઠ્ય પુસ્તક તૈયાર કરાવવામાં આવ્યાં

હતાં. શિક્ષણ ખાતાના જન્મ બાદ વાચનમાળા અને અન્ય પુસ્તકો તૈયાર કરાવવામાં આવ્યાં હતાં, જેમાં દલપતરામ, દુર્ગારામ મહેતા, ભોગીલાલ પ્રાણવલ્લભદાસ વગેરેનો સહકાર લેવાયો હતો. સુધારા-વધારા સાથે આ વાચનમાળા ૧૯૦૬ સુધી ઉપયોગમાં લેવાઈ હતી.[૨૨]

૧૮૫૫ માં મુંબઈ રાજ્યમાં કેળવણી ખાતાનો જન્મ થયો એ પૂર્વે ખ્રિસ્તી મિશનરીઓએ 'ગરીબોની કેળવણી માટેની સંસ્થા' 'બૉમ્બે નેટિવ એજ્યુકેશન સોસાયટી' તથા 'બોર્ડ ઑફ એજ્યુકેશને' નવી પદ્ધતિની પ્રાથમિક શાળાઓ શરૂ કરી હતી. લંડન મિશનરી સોસાયટી તથા આયરિશ પ્રેસ્બિટેરિયન મિશને ગુજરાતને એમના ક્ષેત્ર તરીકે પસંદ કર્યું હતું. એમણે ગુજરાતી ભાષાનો અભ્યાસ કરી કેટલાંક પાઠ્ય પુસ્તક તૈયાર કર્યાં હતાં. ગુજરાતમાં ઘોઘા પોરબંદર રાજકોટ સુરત અમદાવાદ જંબુસર બોરસદ દમણ વડોદરા વગેરે સ્થળોએ એમણે શાળાઓ શરૂ કરી હતી, જે પૈકી સુરત રાજકોટ અને ઘોઘામાં કન્યાશાળાઓ પણ હતી. આ શાળાઓ શરૂ કરવા માટેનું ધ્યેય ખ્રિસ્તીધર્મના પ્રચારનું હોવાથી નીચલા થરના લોકો સિવાય બીજા વર્ગોએ એનો ખાસ લાભ લીધો ન હતો. ગરીબોની કેળવણી માટેની સંસ્થાના આશ્રયે સુરત(૧૮૧૭) ભરૂચ અને ખેડા(૧૮૨૦)માં શાળાઓ શરૂ કરાઈ હતી. આ સંસ્થાએ એની પ્રવૃત્તિ બંધ કરતાં ૧૮૮૨ થી બૉમ્બે નેટિવ એજ્યુકેશન સોસાયટીએ સુરતમાં ૩, ભરૂચમાં ૨, અમદાવાદમાં ૨ અને ખેડા નડિયાદ અને ધોળકામાં એકેક એમ કુલ ૧૦ શાળા શરૂ કરી હતી. ૧૮૩૭ માં આ સંખ્યા વધીને ૨૦ની થઈ હતી. ૧૮૩૯ માં કુલ ૨૭ શાળાઓમાં ૧૦૫૫ વિદ્યાર્થી ભણતા હતા. ૧૮૪૦ માં બોર્ડ ઑફ એજ્યુકેશને શિક્ષણનો વહીવટ સંભાળ્યો હતો. ૧૮૪૬ માં કરુણાશંકર મહેતાજીએ અમદાવાદમાં અને દુર્ગારામ મહેતાએ ૧૮૫૨ માં સુરતમાં શાળા[૨૨અ] શરૂ કરી હતી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના પ્રયાસથી બે કન્યાશાળાઓ હરકુંવરબાઈ શેઠાણી અને મગનલાલ કરમચંદના દાનથી અમદાવાદમાં શરૂ કરાઈ હતી. સૌરાષ્ટ્રમાં પોલિટિકલ એજન્ટ કર્નલ મેટલેના પ્રયાસથી ૧૮૪૬ માં રાજકોટમાં શાળા શરૂ કરાઈ હતી. ૧૮૫૧ માં હેનરી એસ્ટને અને ત્યારબાદ કર્નલ લેંગે રજવાડાંઓને શાળાઓ શરૂ કરવા સમજાવ્યાં હતાં. ૧૮૫૫-૫૬ દરમ્યાન સૌરાષ્ટ્રના ૧૭૫ તાલુકાઓ પૈકી ૧૯ તાલુકાઓમાં ૫૪ શાળા શરૂ કરાઈ હતી.[૨૩] તળ ગુજરાતમાં ઈ.સ. ૧૮૬૪ દરમ્યાન ૪૧ શાળા હતી અને એમાં ૨,૭૪૧ વિદ્યાર્થી ભણતા હતા. કચ્છમાં ઈ.સ. ૧૮૫૩ માં એક શાળા શરૂ કરાઈ હતી.[૨૪] આ શાળાઓમાં નજીવી ફી લેવાતી હતી અને એ પૈકી અર્ધી ફીની રકમ શિક્ષકોને સારા પરિણામ માટે, બાકીની ફી પાઠ્ય પુસ્તકોની ખરીદી, શાળાની મરામત અને પુસ્તકાલય માટે ખર્ચાતી હતી. શિક્ષકનું પગાર ધોરણ રૂ. ૧૦-૫૦ નું હતું.

૧૮૫૪–૫૫ માં સર ચાર્લ્સ વૂડના ખરીતાની ભલામણ પ્રમાણે કેળવણી ખાતાની સ્થાપના થઈ. આ સમય દરમ્યાન કવિ દલપતરામે ભાવનગર લીંબડી વઢવાણ વડોદરા વગેરે સ્થળોની મુલાકાત લઈને શાળાઓ ખોલવા લોકોને સમજાવ્યા હતા. ૧૮૬૫ માં મુંબઈ રાજ્યના કેળવણી ખાતાના વડા હાવર્ડની સૂચનાથી જમીન મહેસૂલના રૂપિયા દીઠ એક આનો લોકલ સેસ ફંડ કેળવણીના વિકાસ માટે લેવાની શરૂઆત થઈ. ૧૮૬૯ માં આ કર દરેક વિસ્તારને લાગુ કર્યો. આ કરનો ત્રીજો ભાગ પ્રાથમિક શિક્ષણ માટે અનામત રખાયો હતો. ૧૮૬૩ થી ખાનગી શાળાઓને વિદ્યાર્થી દીઠ ચાર આનાથી માંડી રૂપિયો દેણગી આપવાની પ્રથા શરૂ કરાઈ હતી. ૧૮૬૫–૬૬ દરમ્યાન ગુજરાતના સમગ્ર વિસ્તારની નીચે પ્રમાણે હકીકત હતી :

શાળા અને વિદ્યાર્થીઓની સંખ્યા ૧૮૬૫–૬૬

| પ્રદેશનું નામ | શાળાઓની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| તળ ગુજરાત | ૩૦૩ | ૨૧,૧૫૨ |
| સૌરાષ્ટ્ર | ૭૧ | ૪,૧૮૯ |
| કચ્છ | ૧૪ | — |

શાળામાં દાખલ થવા લાયક વિદ્યાર્થીઓ પૈકી ૦.૪ ટકા બાળકો જ શાળાએ જતાં હતાં.

વડોદરા રાજ્યમાં ૧૮૫૬ માં નવસારીમાં પારસીઓની એક શાળા અને વડોદરા શહેરમાં બે ગુજરાતી અને બે મરાઠી શાળા શરૂ કરાઈ હતી.

૧૮૫૭માં વર્નાક્યુલર ખાતું શરૂ કરાયું અને એ વર્ષે બે કન્યાશાળા અને એક ઉર્દૂ શાળા શરૂ કરાઈ હતી. ૧૮૮૮ માં ૧૮૦ શાળાઓમાં ૭,૪૬૫ વિદ્યાર્થી પ્રાથમિક કેળવણી લેતા હતા.[૨૫]

૧૮૮૨ માં પ્રાથમિક શિક્ષણની જવાબદારી બ્રિટિશ હકૂમતના જિલ્લાઓમાં લોકલ બોર્ડ અને મ્યુનિસિપાલિટીને સોંપાઈ અને તેમને ૫૦ ટકા જેટલી ગ્રાન્ટ પ્રાંતિક ફંડમાંથી આપવામાં આવતી હતી. અમદાવાદની નગરપાલિકાએ સહુ પ્રથમ આ જવાબદારી સ્વીકારી હતી. ૧૮૮૭–૮૮ માં બાળવર્ગ દાખલ કરાયો હતો. ૧૮૯૧ સુધી જિલ્લા લોકલ બોર્ડ નામનો જ વહીવટ કરતું હતું. બોર્ડની આવક મર્યાદિત હોવાથી શિક્ષણનો વિકાસ-દર ઘટી ગયો હતો. નિરીક્ષણ, પાઠ્ય પુસ્તકોની પસંદગી અને અભ્યાસક્રમ નક્કી કરવાની સત્તા સરકારી શિક્ષણ–ખાતાને હસ્તક હતી. સરકારે પ્રાથમિક શિક્ષણની જવાબદારી સ્થાનિક સ્વરાજ્યની સત્તાને

સોંપવાથી શિક્ષણના વિકાસમાં ઓટ આવી હતી. ૧૮૯૧–૯૨ થી ૧૯૦૧ દરમ્યાન દુકાળ પ્લેગ વગેરેની અસરને કારણે પણ શિક્ષણના વિકાસ-દરમાં સહેજ ઘટાડો થયો હતો.

વડોદરા રાજ્યમાં ૧૮૮૧ માં એક જ દસકામાં શાળાની સંખ્યા ૧૮૦ થી વધીને ૫૫૯ થઈ હતી. એ પ્રમાણે વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી હતી. ૧૮૯૩ માં મહારાજા સયાજીરાવે અમરેલી જિલ્લાનાં ૧૦ ગામોમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરવાનો પ્રયોગ કર્યો હતો. સને ૧૮૯૪ માં ચુનીલાલ સેતલવાડે નગર. પાલિકા વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવા સૂચન કર્યું હતું.[૨૬] ૧૮૯૯ માં લૉર્ડ કર્ઝન વાઇસરોય બનતાં એણે શિક્ષણની ગુણવત્તા તથા પ્રાથમિક શિક્ષણ અંગે રાજ્યોને તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને વધુ ખર્ચ કરવા સૂચના આપી હતી. શિક્ષકોનું પગાર-ધોરણ એની ઉદાર દેણગી-નીતિને કારણે સુધર્યું હતું. શિક્ષણપદ્ધતિ અને લોકાભિમુખ અભ્યાસક્રમ અંગે એણે આવકારદાયક સૂચનો કરેલ, પણ કડક અંકુશનીતિને કારણે એની શિક્ષણ-નીતિ અપ્રિય બની હતી. ૧૯૦૬–૧૯૦૭ માં વડોદરા રાજ્યે એના સમગ્ર વિસ્તાર-માં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કર્યું હતું. બંગભંગની ચળવળે લોકોમાં જાગૃતિ આણી હતી અને શિક્ષણની ભૂખ ઊઘડી હતી. ૧૯૦૦–૧૯૧૧ દરમ્યાન શિક્ષણની પ્રગતિ નીચેના કોઠા ઉપરથી સ્પષ્ટ થશે :

### પ્રાથમિક શિક્ષણની પ્રગતિ ૧૯૦૦-૧૯૧૧

| પ્રદેશનું નામ | શાળાઓની સંખ્યા | | વિદ્યાર્થીઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | ૧૯૦૦–૧૯૦૧ | ૧૯૧૧–૧૯૧૨ | ૧૯૦૦–૧૯૦૧ | ૧૯૧૧–૧૨ |
| ૧. મૂળ ગુજરાત | ૨,૮૬૨ | ૫,૩૪૭ | ૧,૮૯,૩૧૦ | ૩,૯૪,૬૪૫ |
| ૨. સૌરાષ્ટ્ર | ૯૨૭ | ૧,૦૮૭ | ૬૫,૩૭૫ | ૭૦,૫૮૧ |
| ૩. કચ્છ | ૧૧૦ | ૧૧૩ | ૫,૩૭૮ | ૬,૫૪૦ |
| કુલ | ૩,૮૯૯ | ૬,૫૪૭ | ૨,૬૦,૦૬૩ | ૪,૭૧,૭૬૬ |

એક દસકામાં શાળાઓને વિદ્યાર્થીઓની સંખ્યામાં ૭૫ ટકાથી વધુ વધારો થયો હતો. ૧૯૦૬ માં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અંગે મુંબઈ સરકારે એક સમિતિ નીમી હતી. એણે આ પ્રયોગ માટે સમય પાક્યો નથી એવી પ્રત્યાઘાતી ભલામણ કરી હતી. ૧૯૧૦–૧૧ દરમ્યાન ગોખલેજીએ દિલ્હીમાં ધારાસભામાં આ માટે ઝુંબેશ ઉઠાવી હતી, પણ એ નિષ્ફળ ગયા હતા. ૧૯૦૧–૧૯૧૯ ના ગાળા

દરમ્યાન અભ્યાસક્રમ ભારે બનાવાયો હતો. પ્રેક્ષન-ભૂમિતિ સૃષ્ટિ-જ્ઞાન બાગકામ અને ચિત્રકામને અભ્યાસક્રમમાં સ્થાન અપાયું હતું. શિક્ષકોનો પગાર રૂ. ૪ થી માંડીને માસિક રૂ. ૬૦ સુધીનો હતો. નિયત પગારની જગ્યાઓની પ્રથા પણ ચાલુ થઈ હતી. ૧૯૧૪ માં પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થતાં નાણાકીય તંગીને કારણે શિક્ષણ અંગે ઉદાર દેણગી આપવાની ભારત સરકારની નીતિમાં પરિવર્તન આવ્યું હતું અને તેથી પ્રાથમિક શિક્ષણના વિકાસ-કાર્યક્રમમાં કાપ આવ્યો હતો. રાષ્ટ્રભાવનાના ઉદયને કારણે રાષ્ટ્રિય શિક્ષણ માટેની વિચારણાની શરૂઆત થઈ હતી.[૨૭]

## માધ્યમિક શિક્ષણ

ગુજરાતની સર્વ પ્રથમ અંગ્રેજી શાળા દલપતરામ ભગુભાઈ નામના સમાજ-સુધારકે સુરતમાં શાહપુર મુસાફરખાના પાસે ૧૮૩૪ માં શરૂ કરી હતી. ભરૂચમાં ટકલ અને ટાઉન્શેંડે અંગ્રેજી શીખવવાનો ખાનગી વર્ગ શરૂ કર્યો હતો. આઈ. પી. મિશન હાઈસ્કૂલ સુરતમાં ૧૮૪૦ માં શરૂ કરવામાં આવી હતી. પણ વટાળપ્રવૃત્તિના ભયને કારણે લોકોએ આ શાળાનો પૂરતો લાભ લીધો ન હતો. રાજકોટમાં રેવરન્ડ કાર તથા ગ્લાસગોએ ૧૮૪૩ માં અંગ્રેજી શીખવવાનો વર્ગ ખોલ્યો હતો. ૧૮૪૦-૪૧ માં સુરતમાં સરકારી હાઈસ્કૂલ લોકોની માગણીથી શરૂ કરવામાં આવી હતી. એના પ્રથમ આચાર્ય દાદાબા પાંડુરંગ હતા. ૧૮૪૨ માં ગ્રીન એના આચાર્ય હતા. ૧૮૪૧ અને ૧૮૫૪ માં આ શાળામાં ૩૫ અને ૩૮ વિદ્યાર્થી હતા. ૧૮૪૬ માં અમદાવાદમાં લોકોની અરજીને કારણે સરકારી શાળા અસ્તિત્વમાં આવી હતી. લોકોએ આ માટે રૂ. ૫,૦૦૦ નો ફાળો આપ્યો હતો અને કુલ વાર્ષિક ખર્ચના ૫૦ ટકા હિસ્સો પણ આપવા લોકો કબૂલ થયા હતા. ૧૮૪૭ માં ભરૂચના નાગરિકો રૂ. ૨,૦૦૦ નો લોકફાળો આપીને સરકારી શાળા શરૂ કરવા મદદરૂપ થયા હતા. સૌરાષ્ટ્રમાં રાજકોટમાં સેન્ટ્રલ ઇંગ્લિશ સ્કૂલ શરૂ કરવામાં આવી હતી; ભોગીલાલ પ્રાણવલ્લભદાસ એના પ્રથમ આચાર્ય હતા.[૨૮]

આ શાળાઓ ૧૮૭૫-૭૬ સુધી 'અંગ્રેજી શાળા' તરીકે ઓળખાતી હતી, કારણ કે એમાં અંગ્રેજી ભાષાના અભ્યાસને ખૂબ મહત્ત્વના વિષય તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું. માધ્યમિક શાળાઓ માટે 'હાઈસ્કૂલ' શબ્દનો પ્રયોગ ૧૮૫૫ સુધી થયો ન હતો. પણ ડાયરેક્ટર હાવર્ડે આ શબ્દ ઇંગ્લૅન્ડની 'ગ્રામરસ્કૂલ' જેવી શાળાઓ માટે વાપર્યો હતો. ધો. ૧-૩ માં ગુજરાતી ભાષાના માધ્યમ દ્વારા ગણિત સંસ્કૃત ઇતિહાસ ભૂગોળ શીખવાતાં હતાં. માતૃભાષાના વિષયને પાછળથી સ્થાન આપવામાં આવ્યું હતું. ગુજરાતની અંગ્રેજી નિશાળો સુરતની સરકારી અંગ્રેજી શાળાના આચાર્યના નિરીક્ષણ નીચે મૂકવામાં આવી હતી. આ

અંગ્રેજી શાળાઓમાં ૪–૬ વર્ષનો અભ્યાસક્રમ હતો. ૧૮૬૫–૬૬ સુધી ૭ ધોરણ હતાં, ૧૮૭૦–૭૧ માં પીલે સાતમું વર્ષ ઉમેર્યું હતું. સાતમા વર્ષના અંતે મેટ્રિક્યુલેશનની પરીક્ષા લેવાતી અને એમાં ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર અપાતું.

૧–૫ ધોરણો અને ૧–૩ ધોરણો શીખવતી શાળાઓને 'ઍંગ્લો વર્નાક્યુલર સ્કૂલ' કે 'એ. વી. સ્કૂલ' એવું નામ મળ્યું હતું. પહેલા ગ્રેડની એ. વી. સ્કૂલ 'સુપિરિયર એ. વી. સ્કૂલ' કહેવાતી હતી અને એમાં અંગ્રેજીના માધ્યમથી ૧–૫ ધોરણોનો અભ્યાસ કરાવાતો હતો. એનો મુખ્ય ઉદ્દેશ કારકુનો તૈયાર કરવાનો હતો તેથી અભ્યાસક્રમમાં અંગ્રેજી વાચન–લેખન, વ્યવહારુ ગણિત, અંગ્રેજી પત્ર-લેખન, અંગ્રેજીમાંથી સ્વભાષામાં ભાષાંતર, અને બીજગણિતનો પ્રાથમિક અભ્યાસ, ઇંગ્લેન્ડ અને ભારતના ઇતિહાસની મહત્ત્વની બાબતો તથા ભૌતિક શાસ્ત્રના સામાન્ય જ્ઞાનને સ્થાન અપાયેલ. એમાં ઉત્તીર્ણ થાય તે કારકુનની પરીક્ષામાં બેસી શકતો હતો અથવા હાઈસ્કૂલનાં ઉચ્ચ ધોરણોમાં બેસી મેટ્રિક્યુલેશન સુધી ભણતો હતો. બીજી કક્ષાની એ. વી. સ્કૂલમાં ૧–૩ ધોરણ સુધી શિક્ષણ અપાતું હતું. સ્વતંત્ર એ. વી. શાળાઓ હાઈસ્કૂલ માટેના વિદ્યાર્થી તૈયાર કરતી હતી; અંગ્રેજી મુખ્ય વિષય હતો. બીજા પ્રકારની એ. વી સ્કૂલમાં માતૃભાષા દ્વારા વિષયો શીખવાતા અને અંગ્રેજીનું શિક્ષણ મરજિયાત હતું. આ પ્રકારની શાળાઓમાં અંગ્રેજી શાળાઓ કરતાં ત્રીજું ધોરણ પણ ઓછું હતું. મુંબઈ રાજ્યના ડાયરેક્ટર પીલે આવી શાળાઓમાં પૂરતી સંખ્યા અને અંગ્રેજી સારી રીતે શીખવી શકે તેવો શિક્ષક હોય તો જ ચાલુ રાખવી કે શરૂ કરવી એવી નીતિ અખત્યાર કરતાં આ શાળાઓની સંખ્યા ઘટી ગઈ ને આ પ્રકારનો લોપ થયો હતો. છતાં હાઈસ્કૂલ સાથે ૧–૩ ધોરણ 'એ. વી. સ્કૂલ' કે 'મિડલ સ્કૂલ' તરીકે ૧૯૪૭ સુધી અસ્તિત્વમાં રહ્યાં હતાં[૨૯]

સને ૧૮૬૫–૬૬ માં સુરતમાં ૮, ભરૂચમાં ૩, ખેડામાં ૧૦, પંચમહાલમાં ૨ અને અમદાવાદ જિલ્લામાં ૧૧ માધ્યમિક શાળા હતી. સૌરાષ્ટ્રમાં ૧૧ માધ્યમિક શાળા આ અરસામાં હતી; તેમાં ૧,૭૨૫ વિદ્યાર્થી ભણતા હતા. ગુજરાતમાં કુલ ૪૫ શાળાઓમાં ૫,૫૧૪ વિદ્યાર્થી ભણતા હતા.

વડોદરા રાજ્યમાં સહુથી પ્રથમ અંગ્રેજી શાળા વડોદરા શહેરમાં ૧૮૭૧ માં શરૂ કરવામાં આવી હતી. સોજિત્રા અને ડભોઈમાં ૧૮૭૩ માં એ. વી. સ્કૂલો શરૂ કરાઈ હતી. ૧૮૭૯ માં વધુ ત્રણ શાળા શરૂ કરવામાં આવી હતી. પાલનપુર અને રાધનપુરમાં ૧૮૭૮–૭૯ માં અંગ્રેજી શાળા શરૂ કરાઈ હતી. કચ્છમાં ૧૮૭૮–૭૯ માં ભૂજની એક હાઈસ્કૂલ તથા બે એ. વી. સ્કૂલો હતી. સને ૧૮૭૨માં ભાવનગરમાં આલ્ફ્રેડ હાઈસ્કૂલ શરૂ કરાઈ હતી. જૂનાગઢની બહાદુરખાનજી

હાઈસ્કૂલ ૧૮૭૩ માં અને જામનગરની હાઈસ્કૂલ ૧૮૭૯ માં શરૂ કરાઈ હતી. ભાવનગરમાં ૧૮૭૮ માં એ. વી. સ્કૂલ શરૂ કરાઈ હતી. સને ૧૮૮૧-૮૨ માં સૌરાષ્ટ્રમાં કુલ ૧૫ અંગ્રેજી શાળા હતી. તેમાં ૧,૫૮૩ વિદ્યાર્થી ભણતા હતા. સુરત(૭) ભરૂચ(૨) અમદાવાદ(૬) અને ખેડા(૬) જિલ્લાઓની શાળાઓમાં અનુક્રમે ૭૬૮, ૨૬૮, ૫૬૧ અને ૨૦૭ વિદ્યાર્થી ભણતા હતા. ૧૮૭૯ માં મહેસાણા જિલ્લામાં પાટણ અને કડીમાં અંગ્રેજી શાળાઓ શરૂ કરાઈ હતી.[૩૦]

૧૮૮૨ માં નિમાયેલા હન્ટર કમિશને જિલ્લાવાર એક સરકારી આદર્શ શાળાની ભલામણ કરી હતી અને માધ્યમિક શિક્ષણની જવાબદારી ખાનગી સાહસ કે કેળવણી મંડળો દ્વારા ઉપાડાવી જોઈએ એવું મંતવ્ય વ્યક્ત કર્યું હતું. આ ઉપરાંત ખાનગી શાળાઓને ઉદારતાથી દેણગી આપવાની તથા સરકારી શાળામાં ફી વધારવાની એમણે ભલામણ કરી હતી. આથી લોકોમાં અસંતોષ ફેલાયો. પરિણામે સુરત અમદાવાદ અને ભરૂચમાં કેટલાક પરોપકારી અને દેશહિતચિંતક ગૃહસ્થોએ ખાનગી માધ્યમિક શાળાઓ શરૂ કરી. સુરતમાં ચુનીલાલ શાહે ૧૮૮૮ માં દેણગી લીધા સિવાય શાળા શરૂ કરી હતી. ભરૂચમાં 'લોક હિતેચ્છુ' શાળા શરૂ કરાઈ હતી, જેના શ્રી રતનરામ થાનકી પ્રથમ આચાર્ય હતા. ૧૮૮૦ માં ઓછી ફી લઈ મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા વ્રજરાય સાકરલાલ દેસાઈએ અમદાવાદમાં શાળા શરૂ કરી હતી. ઈડર માણસા રાજપીપળા ખંભાત લીંબડી વઢવાણ ભાવનગર કચ્છ જામનગર જૂનાગઢ પોરબંદર વગેરે રાજ્યોએ એમના રાજ્યમાં શાળાઓ શરૂ કરી હતી. લૉર્ડ કર્ઝન વાઇસરૉયપદે આવતાં એણે માધ્યમિક શિક્ષણના ફેલાવાને અટકાવવા પ્રયત્ન કર્યો અને એણે માન્યતા માટે કડક ધોરણ અપનાવવા સૂચન કર્યું, છતાં બંગભંગ અને ત્યારબાદ લોક-જાગૃતિને કારણે માધ્યમિક શિક્ષણનો વિકાસ અટક્યો નહોતો; ૧૯૦૦-૧૯૦૧ ના આંકડા આ બાબત સ્પષ્ટ કરે છે :

માધ્યમિક શિક્ષણ ૧૯૦૦-૧૧

| પ્રદેશનું નામ | શાળાની સંખ્યા | | વિદ્યાર્થીઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | ૧૯૦૧ | ૧૯૧૧ | ૧૯૦૧ | ૧૯૧૧ |
| ૧. તળગુજરાત | ૯૦ | ૧૩૧ | ૯,૭૨૦ | ૧૬,૦૦૨ |
| ૨. સૌરાષ્ટ્ર | ૫૬ | ૬૮ | ૬,૩૯૧ | ૯,૦૭૯ |
| ૩. કચ્છ | ૫ | ૭ | ૩૮૦ | ૭૩૧ |
| કુલ | ૧૫૧ | ૨૦૬ | ૧૬,૪૯૧ | ૨૫,૮૧૨ |

એક જ દાયકામાં શાળાઓની સંખ્યામાં ૩૬.૪ ટકા અને વિદ્યાર્થીઓની સંખ્યામાં ૫૦ ટકા વધારો થયો હતો.[૩૧]

એસ. એલ. સી. (સ્કૂલ-લીવિંગ સર્ટિફિકેટ) પરીક્ષા ૧૮૮૯ માં શરૂ કરાઈ હતી, પણ લોકો પર મૅટ્રિકની પરીક્ષાની પકડને કારણે ૧૯૦૪-૦૫ માં આ પરીક્ષા રદ કરાઈ હતી. અરવિંદ ઘોષની પ્રેરણા નીચે નર્મદા કિનારે કેશવરાવ દેશપાંડેએ ગંગનાથ વિદ્યાલય શરૂ કર્યું હતું. વિદ્યાલયમાં સંસ્કૃત, વૈદિક ધર્મ, ગણિત, ચિત્ર, ભારતનો રાષ્ટ્રિય ઇતિહાસ, લશ્કરી તાલીમ, રમતગમત, વણાટકામ, ધાર્મિક શિક્ષણ જેવા વિષયો સ્વામી આનંદ, જુગતરામભાઈ, કાકા કાલેલકર, બી. બી. જોશી, બી. એલ. ફડકે, નાગેશ ગુણાજી જેવા દેશસેવકો દ્વારા શીખવાતા હતા. લશ્કરી તાલીમમાં વડોદરાના સેનાપતિ શિંદે અને બીજા અધિકારીઓ રસ લેતા હતા. ૧૯૧૧ માં આ સંસ્થા બંધ કરવાની બ્રિટિશ સરકારે ફરજ પાડી હતી. દક્ષિણામૂર્તિ (૧૯૧૦) તથા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી (૧૯૧૪) જેવી રાષ્ટ્રિય કેળવણીની હિમાયત કરતી સંસ્થાઓ અસ્તિત્વમાં આવી હતી, તેથી હિંદી ભાષા શારીરિક કેળવણી અને ઉદ્યોગ જેવા વિષયોને ઐચ્છિક ધોરણે સ્થાન મળ્યું હતું. દક્ષિણામૂર્તિ સંસ્થાએ ચિત્ર અને સંગીતને પણ સ્થાન આપ્યું હતું. હરભાઈએ ડૉલ્ટન પદ્ધતિથી શિક્ષણ આપવાની શરૂઆત કરી હતી. આમ માધ્યમિક શિક્ષણના ક્ષેત્રે રાષ્ટ્રવાદના ઉદય સાથે અભ્યાસક્રમ તથા પરીક્ષાની પદ્ધતિ વગેરે અંગે ઠીક ઠીક પ્રયોગ શરૂ થયા હતા, છતાં મૅટ્રિક્યુલેશન પરીક્ષાની પકડ જેવી ને તેવી રહી હતી. સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યો પૈકી જામનગર પાલીતાણા ધ્રાંગધ્રા લીંબડી વગેરેએ માધ્યમિક શિક્ષણ મફત કર્યું હતું. છતાં માધ્યમિક શિક્ષણ મોટે ભાગે શહેરો અને દેશી રાજાઓની રાજધાની પર્યંત મર્યાદિત રહ્યું હતું.[૩૨]

## ઉચ્ચ શિક્ષણ

અર્વાચીન ઉચ્ચ શિક્ષણ માટેની પ્રથમ સંસ્થા ગુજરાત પ્રોવિન્સિયલ કૉલેજ સને ૧૮૬૧ માં અમદાવાદમાં રૂ. ૭૨,૫૦૦ના વ્યાજ સહિત લોકફાળાથી અસ્તિત્વમાં આવી હતી. કૉલેજનો માસિક ખર્ચ રૂ. ૪૩૦ હતો. એક યુરોપિયન અને બીજા બે હિંદીઓ અધ્યાપક તરીકે કામ કરતા હતા. કૉલેજની વ્યવસ્થા સરકારી માધ્યમિક શાળાના આચાર્યને હસ્તક હતી. કાયદો પ્રમાણશાસ્ત્ર ગણિત અને ચિત્રના વિષયોનું શિક્ષણ અપાતું હતું. કાયદાના સવારના અને સાંજના વર્ગોમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને સરકારી નોકરો હાજરી આપતા હતા. ૧૮૭૨ માં આ સંસ્થા ઓછી સંખ્યાને કારણે બંધ કરવામાં આવી હતી. ૧૮૭૯ માં ફરી આ કૉલેજ શરૂ કરવામાં આવી અને ૧૮૫૭ માં અસ્તિત્વમાં આવેલ

મુંબઈ યુનિવર્સિટી સાથે એનું જોડાણ કરાયું હતું અને ૧૮૮૭ માં કૉલેજની વ્યવસ્થા ઉચ્ચ શિક્ષણ માટેની સંસ્થાને સોંપવામાં આવી હતી. આ સંસ્થા પાસે પૂરતું ભંડોળ ન હોવાથી એણે સરકારને કૉલેજ સોંપી હતી. ૧૯૧૨ માં ચીનુભાઈ બૅરોનેટે આર્ટ્સ કૉલેજ માટે રૂ. ૨ લાખ અને વિજ્ઞાન વિભાગ માટે રૂ. ૬ લાખનું દાન આપ્યું. ત્યારબાદ કૉલેજનાં હૉલ તથા પુસ્તકાલય માટે પણ એમણે દાન આપ્યું હતું. સને ૧૯૦૦ માં આ કૉલેજમાં કુલ ૨૧૪ વિદ્યાર્થી હતા.

વડોદરામાં ૧૮૭૯ માં કૉલેજ શરૂ કરવામાં આવી હતી. ૧૮૮૨ માં એમાં ૩૦ વિદ્યાર્થી હતા. ૧૮૮૭ માં વિજ્ઞાન વિભાગ શરૂ કરવામાં આવ્યો હતો. ૧૮૯૦ માં આર્ટ્સ અને સાયન્સ વિભાગ ઉપરાંત લૉ, સિવિલ એન્જિનિયરિંગ અને ખેતીવાડીના ડિપ્લોમા-કોર્સના વિભાગ હતા. ૧૮૮૪-૮૫ અને ૧૮૯૪-૯૫ માં અનુક્રમે ૪૨ અને ૧૬૪ વિદ્યાર્થી હતા. કાયદો ઇજનેરી અને ખેતીવાડીના અભ્યાસક્રમ પાછળથી રદ કરાયા હતા.

સૌરાષ્ટ્રની સહુથી પ્રથમ કૉલેજ શામળદાસ કૉલેજ ૧૮૮૫ માં અસ્તિત્વમાં આવી હતી. સને ૧૯૦૦ માં આ કૉલેજમાં ૧૪૭ વિદ્યાર્થી હતા. આ કૉલેજમાં મહાત્મા ગાંધી એક સત્ર ભણ્યા હતા. જૂનાગઢના નવાબ રસૂલખાનજીએ એમના દીવાનના સ્મરણાર્થે બહાઉદ્દીન કૉલેજ શરૂ કરી હતી અને એમાં ૧૨૫ વિદ્યાર્થીઓ ૧૯૦૧ માં હતા. સૌરાષ્ટ્રની બંને કૉલેજોમાં માત્ર વિનયન વિભાગ હતો. સત્ર દીઠ વડોદરાની કૉલેજમાં ફીનું ધોરણ રૂ. ૩૦ અને ભાવનગરમાં રૂ. ૨૪ હતું. શિક્ષણ લૉ ઍલોપથી ખેતીવાડી વગેરેના શિક્ષણ માટે ગુજરાતના વિદ્યાર્થી પૂના અને મુંબઈની સંસ્થાઓનો લાભ લેતા હતા. ઉચ્ચ શિક્ષણનો શરૂઆતમાં પારસીઓએ તથા ઉચ્ચ જ્ઞાતિના હિંદુઓએ લાભ લીધો હતો. વિદ્યાબહેન નીલકંઠ અને એમનાં નાનાં બહેન શારદાબહેન મહેતા ગુજરાતનાં સહુ પ્રથમ સ્ત્રી-ગ્રેજ્યુએટ હતાં. આમ સમગ્ર ગુજરાત માટે ચાર કૉલેજ હતી, જે મુંબઈ યુનિવર્સિટી સાથે જોડાયેલ હતી.[૩૩]

## અધ્યાપન-તાલીમ શિક્ષણ

પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવાનું ધ્યેય ઘણું વહેલું સ્વીકારવામાં આવ્યું હતું. ૧૮૨૬ માં મુંબઈની નેટિવ એજ્યુકેશન સોસાયટીએ પ્રાથમિક શાળાઓ શરૂ કરી ત્યારે એનો ઉદ્દેશ પશ્ચિમનાં વિજ્ઞાન અને સાહિત્યનો ફેલાવો કરવાનો હતો. ગામઠી શાળાના શિક્ષકો આ દૃષ્ટિએ નિરુપયોગી હતા. ૧૮૨૪ માં શરૂ

કરવામાં આવેલ તાલીમ–વર્ગમાં અંગ્રેજી સંસ્કૃત ગુજરાતી ઇતિહાસ ભૂગોળ અંકગણિત બીજગણિત યંત્રશાસ્ત્ર ખગોળશાસ્ત્ર ત્રિકોણમિતિ સરળ-તત્ત્વજ્ઞાન અને શિક્ષણકલાનું જ્ઞાન અપાતું હતું. શિક્ષણની પદ્ધતિમાં વર્ગમાં લૅંકેસ્ટર કે મૉનિટર પદ્ધતિથી કેવી રીતે શિક્ષણ અપાય એ શીખવાતું હતું. ૧૮૪૫ માં ગુજરાતમાંથી દસ શિક્ષકોને તાલીમ માટે મુંબઈ મોકલવામાં આવ્યા હતા. ૧૮૫૪ માં સુરતમાં બે તાલીમ-વર્ગ ખોલવામાં આવ્યા હતા. સામાન્ય રીતે આ તાલીમ બે વર્ષની હતી, જે બદલ અમુક મુદત સુધી કામ કરવાની શું તાલીમીઓએ બાંહેધરી આપવી પડતી હતી.

ગુજરાતમાં રીતસરનું પ્રાથમિક શિક્ષણનું અધ્યાપન–મંદિર અમદાવાદમાં ૧૮૫૭ માં શરૂ કરાયું હતું. માધ્યમિક શાળાના આચાર્યના સંચાલન નીચે આ નૉર્મલ ક્લાસ હતો. એની સાથે આદર્શ પ્રૅક્ટિસિંગ શાળા અને છાત્રાલય સંલગ્ન હતાં. શરૂઆતમાં ૩૫ તાલીમાર્થીઓને પ્રવેશ અપાયો હતો. આ તાલીમની મુદત ત્રણ વર્ષની હતી અને ખાનગી તાલીમાર્થી માટે માસિક ચાર આના (૨૫ પૈસા) ફી રાખવામાં આવી હતી. 'તાલીમ શાળા' નામ બદલીને ૧૮૬૪ માં એનું નામ 'વર્નાક્યુલર કૉલેજ' રાખવામાં આવ્યું હતું. શેઠ પ્રેમચંદ રાયચંદે રૂ. ૩૪,૦૦૦ નું આ કૉલેજ માટે દાન આપતાં તા. ૨૪–૭–૧૮૬૮ માં આ કૉલેજનું મકાન અસ્તિત્વમાં આવ્યું. સને ૧૮૬૭ માં આ કૉલેજમાં ૨૬૭ તાલીમાર્થી હતા. મહીપતરામ, કમળાશંકર પ્રાણશંકર અને માધવલાલ હરિભાઈ જેવા વિદ્વાન એના આચાર્ય હતા. ૧૮૬૫ બાદ બે વર્ષની અને એક વર્ષની તાલીમવાળા શિક્ષકોને મોટી અને નાની શાળાઓમાં નીમવાની નીતિ સ્વીકારાતાં લેખન વાંચન ગણિત અને શિક્ષણની પદ્ધતિઓના જ્ઞાન તરફ વિશેષ લક્ષ અપાવું શરૂ થયું.

સને ૧૮૭૦ માં બહેનો માટેની તાલીમી સંસ્થા મહાલક્ષ્મી ટ્રેનિંગ કૉલેજ અમદાવાદમાં નૉર્મલ ક્લાસરૂપે શરૂ કરાઈ હતી. બેચરદાસ લશ્કરીએ એમની પુત્રીના સ્મરણાર્થે કૉલેજના મકાન માટે દાન આપવાથી એમનું નામ આ સંસ્થા સાથે જોડાયું હતું. શરૂઆતમાં આ કૉલેજ સાથે માધ્યમિક શાળા પણ હતી અને શિક્ષકોની પત્નીઓને આ સંસ્થામાં પ્રવેશ અપાયો હતો, જેથી બીજા લોકો એમની કન્યાઓને ભણવા મોકલવા પ્રેરાય. સૌરાષ્ટ્રમાં રાજકોટમાં ૧૮૬૭ માં નૉર્મલ ક્લાસ ખોલવામાં આવ્યો હતો. પ્રવેશ માટે વર્ગ બંધ કરીને બે વર્ષનો અભ્યાસક્રમ રખાયો હતો. ત્રીજા વર્ષ માટે ૬૦ થી ૭૦ ટકા માર્ક મેળવનાર તાલીમાર્થીઓને વધુ અભ્યાસ માટે અમદાવાદ મોકલવામાં આવતા હતા. ૧૮૭૬–૭૭ માં આ સંસ્થામાં ૫૭ તાલીમાર્થી હતા. વડોદરામાં ૧૮૭૨ માં અધ્યાપન મંદિર શરૂ કરવામાં આવ્યું હતું.

૧૮૮૫થી આ સંસ્થા કાયમી બની અને એને કલાભવન સાથે જોડવામાં આવી હતી. ૧૮૯૧ માં એમાં ૭૪ તાલીમાર્થી હતા. આ કોલેજ સાથે પ્રેકટિસિંગ સ્કૂલ જોડાયેલી ન હતી. બહેનો માટેનું અધ્યાપન–મંદિર મહેતા પોળમાં લલ્લુ બહાદુરની હવેલીમાં શરૂ કરવામાં આવેલ. ૧૮૯૧ માં આ સંસ્થામાં ૯ તાલીમાર્થી બહેનો હતી. ૧૮૯૫–૯૬ માં એને સુરસાગર ઉપર ફેરવવામાં આવી હતી. બાર્ટન ફિમેલ ટ્રેનિંગ કોલેજ રાજકોટમાં ૩૦–૧૨–૧૮૫૫ ના દિવસે શરૂ કરાઈ હતી. ૧૯૧૧–૧૬ ના ગાળામાં ડિવિઝન દીઠ એક અધ્યાપન–મંદિરને બદલે જિલ્લાવાર તાલીમ-શાળા ખોલવાનું વિચારાયું હતું. આ શાળામાં માત્ર એક વર્ષનો અભ્યાસક્રમ રખાયો હતો, બાકીનાં બે વર્ષો માટે તાલીમાર્થીઓને રાજકોટ અમદાવાદ કે વડોદરા મોકલવામાં આવતા હતા. વડોદરા રાજ્યમાં અમરેલી પાટણ અને નવસારીમાં આવા વર્ગ શરૂ કરાયા હતા. આમ સમગ્ર ગુજરાત માટે ૭ અધ્યાપન–મંદિર હતાં.

માધ્યમિક શાળાના શિક્ષકો માટે તાલીમની જરૂરિયાત જણાઈ ન હતી એવો મુંબઈ રાજ્યના કેળવણી ખાતાના વડાઓ હાવર્ડ અને ગ્રાન્ટનો મત હતો, છતાં ૧૮૯૯ માં એસ. ટી. સી. પરીક્ષા અન્ડર-ગ્રેજ્યુએટ શિક્ષકો માટે શરૂ કરાઈ હતી. એનું સંચાલન શિક્ષણ–નિયામક દ્વારા થતું હતું. લોર્ડ કર્ઝન તાલીમ માટે ખૂબ આગ્રહી હતા, તેથી ૧૯૦૬ માં મુંબઈમાં આવી તાલીમી સંસ્થા ખોલવામાં આવી હતી. ગુજરાતમાંથી થોડા જ શિક્ષકોને એમાં પ્રવેશ મળતો હોવાથી કેટલાકે મદ્રાસ અને કોલ્હાપુરથી બી. ટી. કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. શરૂઆતમાં આ કોલેજ એસ. ટી. સી. ડી. ની પદવી આપતી હતી.[૩૪]

## ધંધાદારી શિક્ષણ

સને ૧૮૫૪ પૂર્વે ગુજરાતમાં ધંધાદારી શિક્ષણ આપતી સંસ્થાઓ અસ્તિત્વ-માં ન હતી. ધંધાઓ વંશપરંપરાગત હોવાથી બાળક એ અંગેનું જ્ઞાન ઘીરે રહીને પિતા પાસેથી મેળવતો હતો. અંગ્રેજોને વૈદકીય અને ઇજનેર ખાતામાં નીચલી કક્ષાના નોકરો, જેવા કે કમ્પાઉન્ડર ઓવસિયર મોજણીદાર વગેરેની જરૂર હોવાથી એમણે એ માટે પ્રબંધ કર્યો હતો. મુંબઈમાં ૧૮૪૫ માં ગ્રાન્ડ મેડિકલ કોલેજ અને એલ્ફિન્સ્ટન કોલેજ સાથે જોડાયેલા વર્ગોમાં કેટલાક પારસી વિદ્યા-ર્થીઓ જોડાયા હતા.

'ગુજરાત સર્વસંગ્રહ'માં જણાવ્યા પ્રમાણે ગુજરાત પ્રોવિન્શિયલ કોલેજ સાથે કાયદાનો વર્ગ જોડાયેલો હતો અને હાઈસ્કૂલના વિદ્યાર્થી તથા સરકારી નોકરો આ વર્ગનો લાભ લેતા હતા. વડોદરાની કોલેજ સાથે પણ કાયદાનો વર્ગ જોડાયેલો હતો. પાછળથી અપૂરતી સંખ્યાને કારણે આ વર્ગ બંધ પડી ગયા હતા.

મિલ-ઉદ્યોગની શરૂઆત ગુજરાતમાં ૧૮૫૭માં થઈ હતી. અમદાવાદ આ ઉદ્યોગનું કેન્દ્ર હતું, તેથી ૧૯૦૧–૧૯૨૩ દરમ્યાન કેટલીક ટેકનિકલ સંસ્થાઓ અમદાવાદમાં અસ્તિત્વમાં આવી હતી. ૧૯૦૧–૦૨ દરમ્યાન અમદાવાદની ત્રણ ટેકનિકલ સંસ્થાઓમાં ૧૩૭ વિદ્યાર્થી અભ્યાસ કરતા હતા. ૧૯૧૧–૧૨ દરમ્યાન ચાર સંસ્થાઓમાં બધા મળીને ૨૦૫ વિદ્યાર્થી હતા. રણછોડલાલ છોટાલાલના દાનથી આર. સી. ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટ અસ્તિત્વમાં આવ્યું હતું.

વડોદરામાં મહારાજા સયાજીરાવે સને ૧૮૯૦માં ત્રિભુવનદાસ ગજ્જરના આચાર્યપદ નીચે 'કલાભવન' ખોલ્યું હતું. એમાં કલા, સ્થાપત્યવિદ્યા, સિવિલ અને મિકેનિકલ એન્જિનિયરિંગ, કેમિકલ ટેકનોલોજી, વણાટકામ, ઘડિયાળ–દુરસ્તી વગેરેનું જ્ઞાન અપાતું હતું. આ ઉપરાંત નવસારી અમરેલી અને પાટણમાં હુન્નરશાળાઓ ખોલવામાં આવી હતી, જેમાં ગુજરાતી ધોરણ ૬ ના અભ્યાસ ઉપરાંત રંગાટીકામ વણાટકામ તથા સુથારીકામ વગેરે તથા ભાષાનું શિક્ષણ અપાતું હતું. વડોદરામાં કારીગરો માટે સાંજના વર્ગ પણ ચલાવવામાં આવતા હતા. પેટલાદમાં રંગશાળા શરૂ કરવામાં આવી હતી, જ્યાં કેટલાક રંગ બનાવવાની ને રંગાટીકામની તાલીમ અપાતી હતી.

સુરતમાં ફરદુન પારેખની રૂ. ૫૦,૦૦૦ ની સખાવતથી એક ઔદ્યોગિક શાળા સને ૧૮૮૩માં શરૂ કરવામાં આવી હતી. ૧૮૮૩–૮૪માં એમાં ૨૦ વિદ્યાર્થી ભણતા હતા. ચિત્રકામ, ભૂમિતિ અને ઉદ્યોગના સારા શિક્ષકો નીમવા અને ત્રણ કલાકનું વર્ગશિક્ષણ તથા ત્રણ કલાક વર્કશૉપનો અનુભવ આપવા શ્રી લિટલ નામના ઉત્તર વિભાગના ઇજનેરે ભલામણ કરી હતી. રાજકોટમાં પણ એક ઔદ્યોગિક શાળા હતી, પણ વિદ્યાર્થીઓના અભાવે આ શાળા બંધ કરાઈ હતી એવો ઉલ્લેખ ૧૯૧૩ ના 'શાળાપત્ર'માં છે.

ઍલોપથીનું ગુજરાતી ભાષા દ્વારા શિક્ષણ આપતી બી. જે. મૅડિકલ સ્કૂલ ૧૮૭૯માં શરૂ કરાઈ હતી. એમાં હૉસ્પિટલ આસિસ્ટન્ટનો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ હતો. ૧૯૧૨ અગાઉ ધો. ૧૦ (જૂનું ધોરણ ૬) ઉત્તીર્ણ થનારને પ્રવેશ અપાતો હતો. ત્યારબાદ એલ.સી.પી.એસ. નો મેટ્રિક પછી ચાર વર્ષનો અભ્યાસક્રમ આ સંસ્થામાં શરૂ કરાયો હતો. વૈદ્યરાજ સાથે રહીને આયુર્વેદનું પ્રત્યક્ષ શિક્ષણ પણ મળતું હતું.

## લલિત કલાનું શિક્ષણ

કલાના શિક્ષણ માટે જમશેદજી જીજીભાઈના રૂ. એક લાખના દાનથી ૧૮૫૭ માં

મુંબઈમાં કલાશાળા (સર જમશેદજી જીજીભાઈ સ્કૂલ ઑફ આર્ટ) શરૂ કરાઈ હતી. આ સંસ્થા શરૂઆતથી ગ્રેડ ૧, ૨, ૩ ની ચિત્રની પરીક્ષા લેતી હતી.

આ સંસ્થાએ શરૂઆતમાં ચિત્રશિક્ષકો માટેનો બે કલાકનો અંશકાલીન અભ્યાસક્રમ શરૂ કર્યો હતો. ત્યારબાદ ડિઝાઇન તથા એન્ગ્રેવિંગના વર્ગ એણે શરૂ કર્યા હતા. ૧૮૭૧ માં એનું સંચાલન સરકારે સંભાળ્યું હતું. ૧૮૮૭ માં ચિત્ર-શિક્ષકો માટેનો વર્ગ શરૂ કરાયો હતો. ૧૯૦૧ પછી એમાં ઘણા વિભાગ ઉમેરાયા હતા. પેઇન્ટિંગ મૉડેલિંગ અને સ્થાપત્યના ડિપ્લોમા–કોર્સ આ સંસ્થાએ શરૂ કર્યા હતા. ભારતીય ચિત્રકલાને પણ સ્થાન અપાયું હતું. ગુજરાતના પ્રખ્યાત કલાગુરુ રવિશંકર રાવળે આ સંસ્થામાં તાલીમ લીધી હતી. ગુજરાત રાજ્યની સ્થાપના પર્યંત કલાશિક્ષણ માટે આ એક જ સંસ્થા હતી. બૉમ્બે ગૅઝેટિયર, ગ્રં. ૫ માં જણાવ્યા પ્રમાણે કચ્છના મહારાવ પ્રાગમલજીએ ભૂજમાં ૧૮૭૭–૭૮ માં એક કલાશાળા શરૂ કરી હતી.

સંગીત માટે વડોદરા સિવાય કોઈ પણ સ્થળે શિક્ષણની વ્યવસ્થા અસ્તિત્વમાં ન હતી. ૧૮૮૬ માં વડોદરામાં સ્થપાયેલી સંસ્થા કંઠ્ય અને વાદ્ય સંગીતની સુંદર તાલીમ આપતી હતી. વડોદરા રાજ્યના નવસારી, અમરેલી તથા પાટણમાં સંગીત-શાળાઓ હતી. રજવાડાંઓમાં સંગીતકારોને પ્રોત્સાહન અપાતું હતું. તેઓ શિષ્યપરંપરા પ્રમાણે તાલીમ આપતા હતા.

ગુજરાતમાં ભોજક કે નાયકની સમગ્ર જ્ઞાતિ અભિનયકલાને વરેલી હતી. એમણે ઉર્દૂ તથા ગુજરાતી રંગભૂમિને કુશળ અદાકારી પૂરી પાડીને ગુજરાતમાં લોકનાટ્ય તથા ધંધાદારી રંગભૂમિને જીવતી રાખી.

આમ ધંધાદારી તથા લલિત કળાના શિક્ષણ માટે ૧૯૧૪ સુધીમાં છૂટાછવાયા પ્રયાસ થયા હતા.[૩૫]

## કન્યા-કેળવણી

ઈ.સ. ૧૮૧૩ માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ પોતાની સત્તા નીચેના પ્રદેશોમાં કેળવણી માટે ખર્ચ કરવાની જોગવાઈ કરી, પણ સ્ત્રી–કેળવણી વિશે એણે ઉપેક્ષા સેવી. ઈ.સ. ૧૮૧૩ના ચાર્ટરમાં હિંદી સ્ત્રીઓની કેળવણી અર્થે નાણાં ખર્ચવાની કોઈ જોગવાઈ ન હતી.[૩૬] ઈ.સ. ૧૮૨૨ થી ઈ.સ. ૧૮૩૮ સુધીમાં મદ્રાસ મુંબઈ અને બંગાળમાં કેટલીક શૈક્ષણિક તપાસો હાથ ધરવામાં આવી, પરંતુ એ તપાસોમાં છોકરીઓને ભણવા માટે કોઈ ખાસ જોગવાઈ હોવાનું જણાતું નથી. ઈ.સ. ૧૮૨૩–૨૫માં શૈક્ષણિક તપાસમાં એવું નોંધાયું છે કે મુંબઈ રાજ્યમાં

એ સમયની શાળાઓ બહુધા છોકરાઓ માટે હતી અને છોકરીઓ જે શિક્ષણ મેળવતી તે તો ઘેર રહીને જ મેળવતી.[૩૭]

આમ અર્વાચીન કાલના શાળા-પ્રકારના શિક્ષણમાં કન્યા-કેળવણીની વાત કરવામાં આવે તો ઈ.સ. ૧૮૧૮ માં મિશનરીઓએ સુરતમાં સૌપ્રથમ શાળા સ્થાપી તથા સૌરાષ્ટ્રમાં પણ એમણે બે કન્યાશાળા ખોલીને ગુજરાતમાં કન્યા-કેળવણી માટેના પ્રથમ પ્રયાસનું માન મેળવ્યું. આ ઉપરાંત કન્યાઓ શાળામાં આવવા આકર્ષાય એ માટે મિશનરીઓ તરફથી જે યોજના કરવામાં આવી હતી તે અનુસાર આજથી લગભગ ૧૨૫-૧૫૦ વર્ષ પૂર્વે રૂ. ૪૫ ની વસ્તુ એને દહેજરૂપે શાળા છોડયા પછી પરણે ત્યારે આપવામાં આવતી. આ ગાળા દરમ્યાન સ્ત્રી-શિક્ષણને ઉત્તેજન આપવા માટે મિશનરીઓ ઉપરાંત ખાનગી રાહે જે પ્રયત્ન કરવામાં આવ્યા તેમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (સ્થાપના ઈ.સ. ૧૮૪૮) મુખ્ય છે. આ સોસાયટીનો મુખ્ય હેતુ છોકરા અને છોકરીઓની મિશ્ર શાળાઓ સ્થાપવાનો હતો. આ સોસાયટીને મિ. એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ અને કવીશ્વર દલપતરામ તથા બીજી અનેક વ્યક્તિઓની સહાયતા સાંપડી. સોસાયટીના સ્ત્રી-શિક્ષણના વિકાસને વેગ આપવાના કાર્યની નોંધ લેતાં ડૉ. કોલિયારે લખ્યું હતું કે 'છોડીઓને વિદ્યાભ્યાસ કરાવવો એવો જે ઉત્તમ ચાલ છે તે ઉપર આખરે લોકોનું ચિત્ત દોડયું અને આ મુલકના વિદ્વાન દેશીઓને સાચી વાત માલૂમ થતી ગઈ કે જો તમે નીતિની કેળવણી માંગતા હો તો પુત્રની માને વિદ્યાની કેળવણી આપજો કે જેમાંથી બાળકના મનમાં પહેલવહેલી જ વાત ઊતરે છે.'[૩૮] આ ગાળા દરમ્યાન કરુણાશંકર મહેતા એક શાળાનું સંચાલન કરતા હતા; એમણે મદદ માટે વર્નાક્યુલર સોસાયટીનો સંપર્ક સાધ્યો અને સોસાયટીએ તરત જ ઈ.સ. ૧૮૪૯ માં આ શાળાની જવાબદારી લઈ લીધી. એ વખતે શાળાની આવક રૂ. ૨૧, આના ૧૨ અને પાઈ ૬ હતી અને ખર્ચ રૂ. ૭૦ નો હતો. સોસાયટીએ જ્યારે શાળાની જવાબદારી સંભાળી ત્યારે શાળામાં ૪૭ છોકરાઓ અને ૧ છોકરીની સંખ્યા હતી, જે વર્ષના અંતે વધીને અનુક્રમે ૮૦ અને ૫ થઈ. ઈ. સ. ૧૮૫૧ ના અહેવાલ પ્રમાણે એ નિશાળનું કામ દહાડે દહાડે સુધરતું જતું હતું, છોકરા તથા છોકરીઓની સંખ્યા વધતી જતી હતી ને એ નિશાળમાં ત્યારે ૯૨ છોકરા તથા ૧૮ છોકરીઓ હતાં,[૩૯] આ જ અરસામાં શ્રીમતી હરકુંવરબા શેઠાણી તરફથી છોકરીઓની એક કન્યાશાળા શરૂ કરવામાં આવી. આ સંદર્ભમાં સોસાયટીએ 'બુદ્ધિપ્રકાશ'ના ૧૫ જૂન, ઈ.સ. ૧૮૫૦ ના અંકમાં એક જાહેરાત આપી હતી.[૪૦] હરકુંવરબા શેઠાણી તરફથી આર્થિક સહાય

મળતાં સોસાયટીએ ઈ. સ. ૧૮૫૦ માં પોતાની મિશ્ર શાળામાંની કન્યાઓનો વિભાગ આ નવી શરૂ થયેલી કન્યાશાળામાં ભેળવી દીધો. આમ ઈ. સ. ૧૮૫૦ માં એ કન્યાશાળામાં કન્યાઓની સંખ્યા ૪૨ ની થઈ. ત્યારપછી એ કન્યાશાળા ઈ. સ. ૧૮૫૮માં વ્યવસ્થિત સ્વરૂપે શરૂ થઈ. જેનો ઉલ્લેખ કવીશ્વર દલપતરામભાઈની એક કાવ્યરચનામાં જોવા મળે છે.[૪૧] આ ઉપરાંત અમદાવાદમાં રા. બ. મગનભાઈ કરમચંદ કન્યાકેળવણી ક્ષેત્રમાં આદ્ય પ્રવર્તક નીવડયા. એમણે કન્યાશાળાઓ શરૂ કરવા માટે રૂ. ૨૦,૦૦૦નું દાન આપ્યું. ઈ.સ. ૧૮૫૦ માં એમના દાનથી બે કન્યાશાળા સ્થપાઈ.[૪૨] ઈ.સ. ૧૮૫૨ માં સુરતમાં દુર્ગારામ મહેતાજીએ કન્યાશાળાની શરૂઆત કરી.[૪૩]

ગુજરાતના વિવિધ પ્રદેશોમાં (એટલે કે એ વખતનાં રજવાડાં તથા કચ્છ સહિતના પ્રદેશોમાં) શિક્ષણની વાત કરીએ તો ઈ.સ. ૧૮૨૬માં ત્રણ વર્નાક્યુલર શાળા ખેડા નડિયાદ અને ભરૂચમાં અસ્તિત્વમાં આવી. ઈ. સ. ૧૮૨૭ માં બે શાળાઓનો ઉમેરો થયો અને ૧૮૩૦ માં બીજી પાંચ શાળા ઉમેરાઈ. ત્યારપછી ઈ. સ. ૧૮૩૧ થી ૧૮૪૬ ના સુદીર્ઘ ગાળા દરમ્યાન એક પણ શાળા શરૂ થઈ હોવાનું નોંધાયું નથી, જ્યારે ઈ. સ. ૧૮૪૭ થી ઈ. સ. ૧૮૫૩ના ૭ વર્ષના ગાળામાં બીજી બાર શાળા એક પછી એક શરૂ થતી ગઈ અને ઈ. સ. ૧૮૫૩ ના અંતે કુલ ૨૨ શાળા ગુજરાતના વિવિધ ગ્રામ-વિસ્તારોમાં કામ કરતી હતી. આ શાળાઓમાં કન્યાઓની સંખ્યાની તપાસ કરતાં જાણવા મળે છે કે ઈ. સ. ૧૮૨૬ માં ખેડામાં કુલ ૧૬૦ માંથી ૨૭, નડિયાદમાં કુલ ૪૨૭ માંથી ૩૬ તથા ભરૂચમાં કુલ ૧૫૮ માંથી ૨૭ કન્યાઓએ શાળામાં જવાનું શરૂ કર્યું હતું. ઈ. સ. ૧૮૫૩માં ગુજરાતની કુલ ૨૨ શાળાઓમાં ૨,૧૫૪ વિદ્યાર્થીઓ સામે શિક્ષણ લેતી કન્યાઓની સંખ્યા ૭૩૪ હોવાનું નોંધાયું છે. આ ૭૩૪ કન્યાઓમાંથી સૌથી વધુ એટલે કે ૬૯૬ કન્યા હિંદુ તથા ૧૭ અને ૨૧ કન્યા અનુક્રમે મુસલમાન અને પારસી હોવાનું નોંધાયું છે.[૪૪]

## (આ) ઈ. સ. ૧૮૫૪ થી ઈ. સ. ૧૮૮૨ સુધી

ઈ. સ. ૧૮૫૪ ના ચાર્લ્સ વૂડના ખરીતા પછી આપણા આખા દેશમાં શિક્ષણની એક વ્યવસ્થિત પરિપાટી શરૂ થઈ. ચાર્લ્સ વૂડે ખરીતામાં ભારતીય પ્રજામાં સ્ત્રી-શિક્ષણને વધુ ઉત્તેજન મળે તેવાં પગલાં ભરવાનું ગવર્નર-જનરલને સૂચન કર્યું. ખરીતાએ સૂચવેલ 'ગ્રાન્ટ-ઇન-એઇડ' પદ્ધતિમાં છોકરીઓ માટેની શિક્ષણ-સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવ્યો.[૪૫]

હિંદુસ્તાનના એ વખતના ગવર્નર-જનરલ ડેલહાઉસીનું સ્ત્રી-કેળવણી પરત્વેનું વલણ કૂણું હતું. શિક્ષણની સમિતિ-'કાઉન્સિલ ફોર એજ્યુકેશન'ને માર્ગદર્શન આપતાં એમણે જાહેર કર્યું હતું કે 'ઈ. સ. ૧૮૫૪ ના ખરીતામાં શિક્ષણની જે જવાબદારી છે તે સરકારે સ્વીકારવી જોઈએ.' આમ વૂડના ખરીતાથી સ્ત્રીકેળવણીના ક્ષેત્રમાં ભારે ખર્ચ કરવાનો અનુરોધ કર્યો.[૪૬] પરિણામે ઈ. સ. ૧૮૫૪ થી ૧૮૬૨ ના આઠ જ વર્ષના ગાળામાં ૩૧ નવી કન્યાશાળા શરૂ થઈ અને એમાં પણ ૧૮૫૬-૫૭ ના એક જ વર્ષમાં પાંચ થઈ. આ એક એવું વર્ષ હતું કે જ્યારે ભારતની પ્રજા બ્રિટિશ સલ્તનતને ઉખાડી ફેંકવાના મિજાજમાં હતી. ત્યારપછી ઈ. સ. ૧૮૫૯ માં પાંચ શાળા અને ઈ. સ. ૧૮૬૨ માં આશ્ચર્યકારક રીતે ૧૧ શાળા શરૂ થતાં શાળાઓની સંખ્યા ૬૨ ની થઈ, જે આગળ જોયું તે પ્રમાણે ઈ. સ. ૧૮૫૩ ના અંતે માત્ર ૨૨ ની જ હતી. ત્યારપછી ઈ. સ. ૧૮૬૬ માં આઠ અને ઈ. સ. ૧૮૬૭ માં ૧૦ શાળા ઉમેરાઈ. આમ શાળાઓની સંખ્યાની વૃદ્ધિ સાથે શાળાએ જતી કન્યાઓની સંખ્યા પણ આશ્ચર્યકારક રીતે વધી, એટલે કે ઈ. સ. ૧૮૫૪ થી ઈ. સ. ૧૮૬૦ ના ગાળામાં શાળાએ જતી કન્યાઓની સંખ્યા લગભગ ૨,૦૦૦ ના આંકડા સુધી પહોંચી એટલે કે વિદ્યાર્થીઓની કુલ ૪,૬૬૯ ની સંખ્યામાંથી ૧,૮૩૯ સ્ત્રીઓની સંખ્યા નોંધાઈ છે, જેમાંથી ૧,૪૦૫ કન્યા હિંદુઓની, ૧૪૧ મુસલમાનોની, ૨૯૨ પારસીઓની અને એક કન્યા અન્ય જાતિની હતી. ઈ. સ. ૧૮૫૪ ના ખરીતામાં સ્ત્રી-શિક્ષણ વિશેની ભલામણો અને છોકરીઓની કેળવણી માટેની જે આશા જન્માવી હતી તે વસ્તુતઃ સિદ્ધ થઈ નહિ. ઈ. સ. ૧૮૫૭ ના વિપ્લવથી સરકારે મિશનરીઓની શિક્ષણપ્રવૃત્તિને કુંઠિત કરી નાંખી. આ ગાળા દરમ્યાન સ્ત્રીશિક્ષણના ક્ષેત્રે હજી માધ્યમિક શિક્ષણની શરૂઆત થઈ ન હતી, પરંતુ સ્ત્રી-શિક્ષકોને તૈયાર કરવાનો પ્રયત્ન ઈ. સ. ૧૮૭૦ થી શરૂ થયો. કુ. કાર્પેન્ટરે અમદાવાદમાં નોર્મલ સ્કૂલની સ્થાપના કરી, જે ઈ. સ. ૧૮૭૪ થી મહાલક્ષ્મી ટ્રેઇનિંગ કોલેજના નામે ઓળખાઈ.

## (૬) ઈ. સ. ૧૮૮૨ થી ઈ. સ. ૧૯૧૪ સુધી

આ ગાળા દરમ્યાન સ્ત્રી-શિક્ષણના વિસ્તરણનું કાર્ય વધુ ઝડપી બન્યું અને ગુજરાતે સર્વપ્રથમ માધ્યમિક શિક્ષણક્ષેત્રે પદાર્પણ કર્યું એ આ ગાળાની પ્રમુખ વિશેષતા ગણાય. ઈ.સ. ૧૮૮૨ માં નિમાયેલા હન્ટર શિક્ષણપંચે સ્ત્રીકેળવણીનો પ્રશ્ન ઝીણવટપૂર્વક તપાસ્યો. એણે દર્શાવ્યું હતું કે આગળ પડતા હોય એવા ઘણાખરા પ્રાંતોમાં ૯૯ ટકા જેટલી શાળા-વયકક્ષાની છોકરીઓ હજુ શાળાના શિક્ષણથી વંચિત હતી. શિક્ષણપંચની તપાસમાં સ્ત્રીઓની કુલ વસ્તીમાંથી ૯૯.૭

ટકાને આવરી લેવામાં આવી હતી અને એમાં ૯૯.૫ ટકા નિરક્ષર માલૂમ પડી હતી. સ્ત્રી-શિક્ષણપંચે સ્ત્રી-કેળવણીનાં લગભગ બધાં જ પાસાંને આવરી લેતી ભલામણ કરી હતી.[૪૭] આ ગાળા દરમ્યાન કન્યાઓને પ્રાથમિક શિક્ષણ આપતી શાળાઓની સંખ્યા ઈ. સ. ૧૮૮૦ માં માત્ર ૧૨૭ની હતી, જે ઈ. સ. ૧૮૯૧-૯૨માં ૩૬૫ થઈ. એ સંખ્યા ઉત્તરોત્તર વધતાં ઈ. સ. ૧૯૧૧-૧૨ માં સરકારી, જિલ્લા લોકલબોર્ડ, મ્યુનિસિપલ અનુદાન લેતી અને અનુદાન ન લેતી શાળાઓની સંખ્યા વધીને ૮૯૦ થઈ અને ઈ. સ. ૧૯૧૬-૧૭માં એ સંખ્યા વધીને ૧,૧૧૦ થઈ તેમજ શાળાએ જતી કન્યાઓની સંખ્યા ઈ. સ. ૧૯૧૧-૧૨ માં ૬૩,૦૦૯ હતી તે વધીને ઈ. સ. ૧૯૧૬-૧૭ માં ૮૨,૨૬૪ થઈ.

માધ્યમિક સ્તરે અમદાવાદમાં મગનભાઈ કરમચંદ શાળાને કન્યાઓની માધ્યમિક શાળામાં વિકસાવી શકાત, પરંતુ એને માધ્યમિક શાળાની શૈલીમાં રૂપાંતરિત કરતાં પહેલાં નિમ્ન માધ્યમિક શાળાસ્વરૂપે શરૂ કરવાનું ડહાપણભર્યું લાગ્યું. ઈ. સ. ૧૮૯૨ માં કન્યાઓને માધ્યમિક શિક્ષણ આપતી શાળાઓની સંખ્યા ૬ હતી, જેમાં હાઈસ્કૂલ કક્ષાએ ૩૧ અને મિડલ સ્કૂલ કક્ષાએ ૧૪૯ મળીને કુલ ૧૮૦ વિદ્યાર્થિની હતી. આ સંખ્યા ઈ. સ. ૧૯૧૧-૧૨ માં વધી અને શાળાઓની સંખ્યા ૫૩ તથા માધ્યમિક શિક્ષણ લેતી કન્યાઓની સંખ્યા ૮૭૬ થઈ, જ્યારે એ જ સંખ્યા ઈ. સ. ૧૯૧૬-૧૭માં વધીને અનુક્રમે ૫૮ અને ૬,૬૬૭ થઈ.

ઉચ્ચ શિક્ષણની વાત કરીએ તો ઈ. સ. ૧૯૧૧-૧૨ સુધી માત્ર કન્યાઓ માટેની ઉચ્ચ શિક્ષણ આપતી કોઈ સંસ્થા ન હતી. મુંબઈ રાજ્યનું પૂનામાં કામ કરતું કર્વે (પછીથી એસ. એન. ડી. ટી.) મહિલા વિશ્વવિદ્યાલય ઈ. સ. ૧૯૨૧-૨૨ સુધી સરકાર દ્વારા માન્ય થયું ન હતું. ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે આ ગાળામાં કોઈ નોંધપાત્ર બનાવ હોય તો એ ઈ. સ. ૧૯૦૧ માં ગુજરાતની બે મહાન સન્નારીઓ લેડી વિદ્યાગૌરી નીલકંઠ (રમણભાઈ નીલકંઠનાં ધર્મપત્ની) તથા શ્રીમતી શારદાબહેન મહેતા (ડૉ. સુમંત મહેતાનાં ધર્મપત્ની) સ્નાતક થનાર પ્રથમ બહેનો હતાં.[૪૮]

જ્ઞાતિનાં બંધન, પેટાજ્ઞાતિના રિવાજ, દહેજની પ્રથા, બાળલગ્ન, પુનર્લગ્નની મનાઈ, ધાર્મિક અંધશ્રદ્ધા વગેરે દૂષણોની બેડીઓમાંથી સ્ત્રીઓ શિક્ષણના અભાવે બહાર જ ન નીકળી શકે એવી પરિસ્થિતિમાંથી સ્ત્રીઓને બહાર લાવી એમનું વ્યક્તિત્વ સમાજ સમક્ષ પ્રગટાવવા કવીશ્વર દલપતરામ, વીર કવિ નર્મદ તેમજ શ્રી મહીપતરામ અને એમના પુત્ર રમણભાઈ નીલકંઠ જેવા અનેક મહાનુભાવોએ પાયાના પથ્થર બની સમાજના અનેક અવરોધો અને જડ માન્યતા સામે લડત આપી અને સ્ત્રી-ઉદ્ધારની

પ્રવૃત્તિનો આરંભ કરી એને વિકસાવી. એમના જેવાના અનેક પ્રશસ્ય પ્રયાસોને પરિણામે ગુજરાતના નારીસમાજને ઉપકારક શિક્ષણ આપવાનાં ચક્ર ગતિમાન થયાં.

## પાઠ્યપુસ્તકો

સને ૧૮૨૦માં 'બૉમ્બે એજ્યુકેશન સોસાયટી' દ્વારા અર્વાચીન પદ્ધતિની શરૂઆત થઈ ત્યારે પાઠ્યપુસ્તકોનો પ્રાથમિક શિક્ષણકક્ષાએ અભાવ હતો. અંગ્રેજી શાળા માટે ઇંગ્લૅન્ડથી પાઠ્યપુસ્તક આયાત કરાતાં હતાં. આ પુસ્તક ભારત કે ગુજરાત માટે બહુ અનુકૂળ ન હતાં, છતાં એનો ઉપયોગ થતો હતો. ઉપર્યુક્ત સંસ્થાએ દેશી ભાષાઓમાં પુસ્તકો રચાવવા અને દેશી શાળાઓ ખોલવા સંબંધી રિપોર્ટ કરવા એક સમિતિ નીમી હતી. પાછળથી ખ્રિસ્તીઓ પૂરતું સોસાયટીએ કાર્યક્ષેત્ર મર્યાદિત બનાવ્યું હતું. સને ૧૮૨૩માં 'બૉમ્બે નેટિવ સ્કૂલ બુક અને સ્કૂલ સોસાયટી' નામની સંસ્થા અસ્તિત્વમાં આવી હતી. ૧૮૨૭ પછી બૉમ્બે નેટિવ એજ્યુકેશન સોસાયટીએ પાઠ્યપુસ્તકો માટેનાં ધારાધોરણ નક્કી કર્યાં હતાં અને નવા ગ્રંથ રચનારાઓ અને ભાષાંતરકારો માટે બક્ષિસ આપવાની જાહેરાત કરી હતી. આ માટે મુંબઈ હિંદ સ્કૂલ બુક સોસાયટી સને ૧૮૨૫માં સ્થપાઈ હતી. સને ૧૮૨૫માં રણછોડભાઈ ઝવેરીને ગુજરાતી દેશી નિશાળો માટેનાં પુસ્તક રચવાનું કામ સોંપવામાં આવ્યું હતું. પ્રથમ વર્ણમાળા તૈયાર કરવામાં આવી. ગણિતકામ સારુ તથા રકમો તથા સાદા સરવાળા બાદબાકી ગુણાકાર ભાગાકાર ભાંજણી વગેરેના જ્ઞાન માટે ચાર્ટ તૈયાર કરવામાં આવ્યા હતાં. આ સિવાય લિપિધારા બોધવચન, ડોડસ્લીની વાતો, ઈસપનીતિકથા, બાળમિત્ર, પંચોપાખ્યાન, ભૂગોળ, ખગોળવિદ્યાના ઉદ્દેશ, લાભ અને સંતોષ વગેરે પુસ્તક વાચનકાળ સારુ રચાયાં હતાં. ગણિત માટે હટનકૃત પૂર્ણાંક અને અપૂર્ણાંકનું પુસ્તક, શિક્ષામાલા ભાગ ૧ અને ૨, કર્તવ્ય ભૂમિતિ વગેરે પુસ્તક શાળા પુસ્તક મંડળી તરફથી તૈયાર કરાયાં હતાં.[૪૯] મોતીલાલ ઝવેરીએ આ પુસ્તક અંગે કરેલી સૂચક ટીકા નોંધપાત્ર છે: 'બોર્ડે (બોર્ડ ઑફ એજ્યુકેશને, ૧૮૪૦–૧૮૫૫) કેટલાક સાક્ષર ગૃહસ્થો અને શાસ્ત્રીઓની પાસે શાળામાં ભણાવવા માટેનાં યોગ્ય પુસ્તક તૈયાર કરાવ્યાં હતાં. આમાંનાં ઘણાખરાં પુસ્તક મૂળ અંગ્રેજી કે ફ્રેંચમાંથી પહેલાં મરાઠીમાં લખાયાં હતાં અને પછી એનો ગુજરાતીમાં અનુવાદ મરાઠી શાસ્ત્રીઓને હાથે થયો હતો. તેથી એમાં વ્યાકરણ રૂઢિપ્રયોગો અને શૈલીના દોષ અજાણતાં પણ રહી ગયા હતા. મરાઠી વ્યાકરણનો ગુજરાતી અનુવાદ કરીને એમણે કામ ચલાવ્યું હતું.' મહીપતરામે આ અંગે અસંતોષ વ્યક્ત કર્યો હતો. લાલશંકર ઉમિયાશંકરે આ સંબંધમાં લખ્યું છે કે 'એ પુસ્તકો

શીખીને તૈયાર થયેલા માણસો રાજભક્ત, કર્તવ્યપરાયણ, દેશભક્ત, લોકસેવામાં તત્પર અને સદાચરણમાં ચડિયાતા થયા એ વાત પ્રસિદ્ધ છે ઉપર્યુક્ત પુસ્તકો અંગે એવી ટીકા પણ થઈ હતી કે "રોજના વ્યવહારમાં ઉપયોગી થઈ પડે એવા દેશી હિસાબ શીખવાતા નથી અને વાચનગ્રંથમાંથી સામાન્ય જ્ઞાન મળતું નથી. માટે બીજો ક્રમ ગોઠવવો જોઈએ અને વાચનમાળા નવી તૈયાર કરવી જોઈએ."[૫૦] આ પુસ્તકો ક્રમિક પણ ન હતાં અને ગોખણપટ્ટીને ઉત્તેજન આપે તેવાં હતાં એવી પણ ટીકા થઈ છે.

વૂડ ડિસ્પેચના પરિણામે મુંબઈ રાજ્યમાં કેળવણીખાતાનો જન્મ સને ૧૮૫૫ માં થયો. સને ૧૮૫૭ માં કેળવણીખાતાના નિયામક હાવર્ડે મરાઠી પુસ્તકોનો અનુવાદ કરીને વાપરવા જણાવેલ, પણ ઉત્તર વિભાગના શિક્ષણાધિકારી ટી. સી. હોપને આ સૂચન યોગ્ય લાગ્યું ન હતું અને તેથી સાત ધોરણ માટે સાત વાચનમાળા તૈયાર કરવાની યોજના એણે રજૂ કરી. દુર્ગાશંકર મહેતાજી, કવિ દલપતરામ, ભોગીલાલ પ્રાણવલ્લભદાસ વગેરેના પ્રયાસથી આ વાચનમાળા તૈયાર કરાઈ હતી. એમાં વિષયનિરૂપણ શૈલી તેમજ પાનાંની સંખ્યા એ બધાંની ક્રમિકતા સચવાય એની કાળજી એમણે રાખી હતી. પહેલી બે ચોપડી પ્રાથમિક કક્ષાની, પછીની બેમાં સરળ વાચન-સામગ્રી અને છેલ્લી ત્રણમાં કઠિન વિષયો આવે એવી એમણે યોજના કરી હતી. એમાં વિજ્ઞાનને આવરી લેતા પાઠ બાળકોની વયને ધ્યાનમાં રાખીને યોગ્ય સ્થાને ગોઠવવામાં આવ્યા હતા. કવિતા-વિભાગ દલપતરામને સોંપવામાં આવેલ. આ વાચનમાળા સને ૧૮૫૮ માં પ્રગટ થઈ હતી. આ વાચનમાળામાં ૧,૨૦૦ પૃષ્ઠ અંદાજે હતાં. આખી વાચનમાળાની રચના "Look and Say–જુઓ અને કહો" એવી અને લખાણ રસ પડે તેવું પસંદ કરાયું હતું. આ વાચનમાળાની કેટલીક કવિતાઓ ખૂબ લોકપ્રિય બની હતી અને એનો સંગ્રહ જુદો છપાવાયો હતો. 'વાચનમાળામાં જરૂરી જ્ઞાન આપવાનો પ્રયત્ન થયેલો છે, પણ તેની રચના અને સંકલનામાં નીતિનો ઉપદેશ અને ચારિત્ર્યના બંધારણ પ્રતિ વિશેષ લક્ષ આપેલું છે. કવિતા ટૂંકી, મુદ્દાસર, બાળ-જિજ્ઞાસાને રુચે અને સંતોષે એવી ઘાટીની, સાદી પણ મનોરંજક, છતાં જીવન ઉપર પ્રબળ અસર કરે એવી પ્રબોધક હતી.' નવીન ગુજરાતના ઘડતરમાં હોપ વાચનમાળાનો મોટો હિસ્સો હતો.[૫૧] સને ૧૮૭૭ માં હિંદ સરકારની પાઠ્ય-પુસ્તક માટેની સમિતિએ આ વાચનમાળાને આદર્શરૂપ ગણી બધાને એને અનુસરવા સૂચન કર્યું હતું. સને ૧૮૬૫ થી ૧૯૦૫ દરમ્યાન આ વાચનમાળામાં સુધારા-વધારા થયા હતા. આનંદશંકર ધ્રુવને આ વાચનમાળામાં ચાર ગંભીર

ઊણપો જણાઈ હતી: ધર્મને લગતા પાઠ નિર્માલ્ય હતા સ્વદેશાભિમાન અને સ્વદેશભાષાના પાઠ વિરલ હતા, પરાક્રમ, ઉત્સાહ આદિ વીર્યવાન સદ્‌ગુણોનાં દૃષ્ટાંતરૂપ ચરિત્રોનો એમાં અભાવ હતો, સહૃદયતા કેળવે એવાં કાવ્યો તથા કાવ્યલક્ષણના નિયમો બતાવતા પાઠો પણ એમાં ન હતા. જે. જી. કોવર્નટનના મત મુજબ આ વાચનમાળાનો હેતુ રસ સાથે બોધ આપવાનો હતો અને પોતાના દેશના રીત-રિવાજોમાં રસ લેતા કરવાનો હતો; આ ઉપરાંત પશ્ચિમના દેશો, એના લોકો અને એમની સંસ્કૃતિથી વિદ્યાર્થીઓને પરિચિત કરવાનો આ વાચનમાળાનો હેતુ હતો. 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન'ના લેખક આ વાચનમાળા માટે ગુજરાતી પ્રજા હોપ સાહેબના અહેસાન નીચે છે એમ જણાવે છે. આ વાચનમાળા ૧૯૦૭ સુધી પ્રચલિત હતી. ત્યારબાદ કોવર્નટન-સંપાદિત વાચનમાળા શરૂ થઈ હતી.

પાઠ્યપુસ્તકો ઉપરાંત વ્યાકરણ શબ્દકોશ વગેરેની રચના આ કાલ દરમ્યાન થઈ હતી. ડૉ. ડ્રમંડે શિખાઉ અંગ્રેજો માટે ગુજરાતી વ્યાકરણની રચના સને ૧૮૦૮ માં કરી હતી. સને ૧૮૨૨ માં મરે-કૃત વ્યાકરણ ઉપરથી અરદેશર બહેરામજીએ કોશ-યુક્ત વ્યાકરણની રચના કરી હતી. વિલિયમ ફૉર્બ્સે સને ૧૮૨૯ માં ડ્રમંડ જેવું વ્યાકરણ તૈયાર કર્યું હતું. એની સુધારેલી-વધારેલી બીજી આવૃત્તિ સને ૧૮૪૫ માં બહાર પડી હતી. ખંભાતના મિરઝા મહમદ કાઝીએ ૧૮૪૬ માં ગુજરાતી-અંગ્રેજી કોશ નવરોજજીની સહાયથી બહાર પાડ્યો હતો. સને ૧૮૪૭ માં વિલિયમ કલાર્કસને ગુજરાતી ભાષાનું વ્યવસ્થિત મોટું વ્યાકરણ બહાર પાડયું હતું. રુસ્તમજી રાણીનાએ ૧૮૫૧ માં શરૂ કરેલો અંગ્રેજી-ગુજરાતી કોશ ૧૮૫૭ માં બહાર પાડ્યો હતો. કવિ નર્મદાશંકર અને દલપતરામે પિંગળ વ્યાકરણ અને કોશના ગ્રંથ અભ્યાસનાં આવશ્યક અંગ તરીકે ગણી તૈયાર કર્યા હતા. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ગુજરાતી કોશ અને વ્યાકરણ તૈયાર કરાવવાનું કામ આરંભથી હાથ ધર્યું હતું. વ્યાકરણ જોસેફ વૉન ટેલરે શાસ્ત્રી વ્રજલાલની સહાયતાથી તૈયાર કર્યું હતું. વ્રજલાલ શાસ્ત્રીએ 'ઉત્સર્ગમાળા' દ્વારા ભાષાશાસ્ત્રનો પાયો નાખ્યો હતો. નર્મદાશંકર કવિએ કોશ તૈયાર કર્યો હતો.[૫૨]

સને ૧૮૭૩ માં પાઠ્યપુસ્તક-સુધારણા માટે પૂનામાં મળેલી સમિતિએ પાઠ્યપુસ્તકોમાંથી ધર્મની ખોટી માન્યતાઓ, દેવદેવાદિમાં અંધશ્રદ્ધા અને અજ્ઞાન-મૂલક અને ભ્રમજનક રીતિનીતિના વર્ણનો અને વિવેચનો કાઢી નાખવા ભલામણ કરી હતી. ગુજરાતનાં પાઠ્યપુસ્તકો આ દોષથી મુક્ત હતાં અને તેથી જ ભારત સરકારે એને આદર્શરૂપ ગણીને ૧૮૭૭ માં બધાને અનુસરવા ભલામણ કરી હતી. લૉર્ડ કર્ઝને વીસમી સદીની શરૂઆતમાં પાઠ્યપુસ્તક-સુધારણા ઉપર ભાર મૂક્યો

હતો. આ કારણે ઉત્તર વિભાગના (ગુજરાત-થાણા સહિત) શિક્ષણાધિકારી જે.જી. કોવનર્ટનના અધ્યક્ષપણા નીચે એક સમિતિ નીમી હતી તેણે હોપ વાચનમાળામાં સુધારા-વધારા કરી, નવા પાઠ ઉમેરી નવી વાચનમાળા તૈયાર કરાવી હતી. ધો. ૩, ૪ અને ૫ માટે ખેતીવાડીની વાચનમાળા અને પ્રાથમિક કન્યાશાળાની બાળાઓ માટે પ્રથમ ત્રણ ધોરણોની અલગ વાચનમાળા તૈયાર કરાવી હતી. ઇતિહાસ ભૂગોળ વ્યાકરણ નકશા વગેરે કેળવણી ખાતાએ તૈયાર કરી પ્રસિદ્ધ કર્યાં હતાં.

માધ્યમિક (અંગ્રેજી) શાળામાં સ્કોટ રીડર ચાલતી હતી. મુંબઈના શિક્ષણ ખાતાના હાવર્ડને આ રીડરોનાં આયોજન અને લખાવટ (Plan and Execution) ખામીયુક્ત જણાતાં એણે નવી અંગ્રેજી વાચનમાળા તૈયાર કરાવી અને એના પ્રકાશન અને વેચાણનું કાર્ય મૅકમિલન ઍન્ડ કું.ને સોંપ્યું તેથી આ રીડર 'મૅકમિલન રીડર' તરીકે પ્રસિદ્ધ થઈ હતી. એણે બીજા વિષયોનાં પુસ્તક પણ તૈયાર કરાવ્યાં હતાં, પરંતુ માધ્યમિક શાળાનાં પાઠ્યપુસ્તક ખાનગી પ્રકાશકો દ્વારા પણ પ્રસિદ્ધ કરાયાં હતાં અને એને સ્થાન મળતાં સરકારી રીડરોનો ઉપયોગ ૧૯૨૫ પછી બંધ થઈ ગયો હતો. કોવર્નટને તૈયાર કરાવેલી અંગ્રેજી રીડરો અન્ય પ્રાંતોમાં પણ ઉપયોગમાં લેવાતી હતી. ૧૯૦૩ થી મંજૂર કરાયેલાં પુસ્તક શાળામાં[૫૩] વાપરી શકાતાં હતાં.

આમ હોપ, હોવર્ડ, કોર્વટન, દલપતરામ, દુર્ગારામ મહેતાજી, ભોગીલાલ પ્રાણવલ્લભદાસ તથા અન્ય કેળવણીકારોની સહાયથી સારાં અને સસ્તાં પાઠ્યપુસ્તક આ કાલ દરમ્યાન સરકારી તંત્ર દ્વારા પ્રસિદ્ધ કરાયાં હતાં. બ્રિટિશ જિલ્લાઓ એજન્સીઓમાં તથા વડોદરા અને ગોંડળ સિવાયનાં દેશી રાજ્યોમાં સરકારી વાચનમાળા ચાલતી હતી. વડોદરા રાજ્યે 'સયાજી સાહિત્યમાળા' અને 'સયાજી બાલજ્ઞાનમંજુષા' નામની ગ્રંથમાળા શરૂ કરી હતી. વડોદરા તથા ગોંડળની વાચનમાળામાં સ્વદેશ અને સ્વદેશીની ભાવનાને પોષક રાષ્ટ્રપ્રેમ જાગ્રત કરે તેવા પાઠ આમેજ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સામાન્ય જ્ઞાન, વિજ્ઞાન અને ખેતીવાડીને લગતા પાઠ અને નવી કવિતાને સ્થાન આપવામાં આવ્યું હતું. 'રેવાબાઈ નીતિ વાચનમાળા' અને સસ્તા સાહિત્ય પ્રકાશન ગૃહના 'સદ્દગુણી બાળકો' વગેરે ગ્રંથો બાલ-સાહિત્ય તરીકે અને નીતિના શિક્ષણ માટેના પાઠ ધરાવતા હોઈને ચારિત્ર્ય-ઘડતર માટે ખૂબ જ મહત્ત્વના હતા. 'સયાજી સાહિત્યમાળા'માં ઉત્તમ ગ્રંથોનાં ભાષાંતરો તથા લોકોપયોગી મૂળ ગ્રંથોનું પ્રકાશન થયું છે.

## ગ્રંથાલય-પ્રવૃત્તિ

ઈ.સ. ૧૮૧૮ માં મરાઠી સત્તાનો અંત આવ્યો અને ગુજરાતમાં કમ્પની સરકારનું રાજ્ય દૃઢ અને સ્થાયી થયું. ગુજરાતમાં પ્રવર્તી રહેલ રાજકીય અસ્થિરતા સામે જ્ઞાતિસંસ્થા અને ગ્રામસંસ્થાએ પ્રજાને એક રાખીને કુદરતી અને સુલ્તાની આફતો સામે ટકાવી રાખી હતી. આ પ્રજા અજ્ઞાની હતી. તેઓને 'જીવનનિર્વાહ અર્થે સામાન્ય જ્ઞાન ઉપયોગી હોય છે એ સારુ એવો પ્રબંધ હતો કે બાળક છ. સાત વર્ષનું થાય કે પંડ્યાને ત્યાં ભણવા જાય. સંસાર-વ્યવહારનું જ્ઞાન મેળવી એ પોતાના બાપીકે ધંધે-રોજગારે લાગી જતું ને ગામઠી નિશાળે એને અક્ષરજ્ઞાન આંક ગણિત નામું અને લેખનપદ્ધતિનું વ્યવહારુ જ્ઞાન ઉપરાંત નીતિનું શિક્ષણ પણ અપાતું હતું.'[૫૪] કેળવણી આપવાની આ જૂની રીતમાં પુસ્તક નહોતાં. જીવનવ્યવહારનું શિક્ષણ લખતાં વાંચતાં અને ગણતાં શીખીને વિદ્યાર્થીઓ પોતાને ધંધે લાગી જતા. બ્રાહ્મણનો દીકરો કાશીએ જઈ સંસ્કૃત ભણી આવતો, કાયસ્થ અને વાણિયાના દીકરા ઘરના વેપારમાં પડતા, બીજી ઊતરતી જ્ઞાતિઓ તો અભણ જ રહેતી.

આ પ્રમાણે ભણેલાઓનો સાહિત્ય પરત્વેનો રસ શામળ પ્રેમાનંદ આદિ કવિઓનાં લહિયાઓએ ઉતારેલાં કાવ્યોના વાચનમાં જ વિરમતો અને અભણવર્ગ વ્યાસ કે માણભટોની શેરીએ શેરીએ કહેવાતી શાસ્ત્રપુરાણની કથા શ્રવણ કરી સંતોષ માનતો.[૫૫] આમ ૧૯ મી સદીનાં પ્રારંભિક વર્ષોમાં ગુજરાતમાં શિક્ષણ મેળવવાનું વલણ નહોતું, સમાજ અંધશ્રદ્ધા અને સામાજિક રૂઢિઓ અને કુરિવાજોના ઓછાયા હેઠળ હતો, એ સંજોગોમાં ગુજરાતની પ્રજાને અંધશ્રદ્ધા વહેમ અને સામાજિક અને આર્થિક પાયમાલીમાંથી બચાવવા માટે ગુજરાતમાં સુધારકોના અગ્રેસરોમાં દુર્ગારામ મહેતાજી, મહીપતરામ નીલકંઠ, કરસનદાસ મૂળજી, કવીશ્વર દલપતરામ, કવિ નર્મદાશંકર, રમણભાઈ નીલકંઠ, ગો.મા. ત્રિપાઠી વગેરે સુધારકોએ સમાજસુધારણાનો યુગ શરૂ કર્યો. આ સુધારકોએ જ્ઞાતિસુધારણા અને સમાજ-સુધારણાની હિમાયત કરી, અંધશ્રદ્ધા અને કુરિવાજો સામે જેહાદ જગાવી, લોકોમાં શિક્ષણનો પ્રસાર કરવા ભણતરના લાભો વિશે સમજણ આપી અને શાળાઓ શરૂ કરી. સ્ત્રી-શિક્ષણ માટે કન્યાશાળાઓ શરૂ કરી. સુધારકોની પ્રવૃત્તિથી ગુજરાતમાં નવજાગરણનો પ્રારંભ થયો એમ કહી શકાય. આ પૂર્વે મુંબઈમાં રૉયલ એશિયાટિક સોસાયટીની શાખા ઈ.સ. ૧૮૦૪ માં સ્થપાઈ. પછી ૫૩ વર્ષે મુંબઈ યુનિવર્સિટીની સ્થાપના ઈ.સ. ૧૮૫૭ માં થઈ. આમ દેશમાં તેમજ ગુજરાતમાં અંગ્રેજી શિક્ષણના લાભથી સ્વદેશપ્રેમ દ્વારા સમાજસુધારકોનો અને ભણેલો બુદ્ધિજીવી વર્ગ લોકકલ્યાણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે બહાર પડ્યો.

૧૯ મા સૈકાના મધ્ય ભાગમાં કલકત્તા મદ્રાસ અને મુંબઈમાં પરદેશી હકૂમતની સેવામાં મુલકી અધિકારીઓ અને ન્યાયાધીશોના હોદ્દા ઉપર બ્રિટિશરો આવતા હતા. તેઓ સ્થાનિક કક્ષાએ અધ્યયન અને અભ્યાસ અર્થે મંડળો રચતા હતા અને નાનાં નાનાં પુસ્તકાલય શરૂ કરતા હતા. ૧૯મા સૈકામાં ઇંગ્લેન્ડમાં ગ્રંથાલય-ધારો અસ્તિત્વમાં આવ્યો હતો તેની અસર ઈસ્ટ ઇન્ડિયા કમ્પની હેઠળના ત્રણ પ્રાંતો કલકત્તા મદ્રાસ અને મુંબઈમાં ઝિલાઈ હતી. આ અસર હેઠળ જ 'અમદાવાદમાં સને ૧૮૪૮ના અંતમાં ફાર્બસ સાહેબે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી'.[૫૬] આ સમયે ગુજરાતમાં 'નેટિવ લાઇબ્રેરી' નામની પ્રવૃત્તિ શરૂ થઈ હતી. ગુ. વ. સોસાયટીએ ૧૮૪૯ના આરંભમાં 'નેટિવ લાઇબ્રેરી' સ્થાપી. એ આઠ વર્ષ પછી 'હિમાભાઈ ઇન્સ્ટિટયૂટ'માં ફેરવાઈ ગઈ. આમ સ્વતંત્ર પુસ્તકાલય તરીકે ગુજરાતમાં જો કોઈ સૌથી પહેલું હોય તો એ આ 'નેટિવ લાઇબ્રેરી' જ. આ પછી (૧૮૫૭થી) ગુ. વ. સોસાયટીએ નવેસરથી પોતાનું જે પુસ્તકાલય શરૂ કર્યું તે ઉત્તરોત્તર વિકસાવ્યું; એ પુસ્તકાલયની આજે પણ ગુજરાતના સમૃદ્ધ પુસ્તકાલય તરીકે ગણના થાય છે. દરમ્યાન એ.કે. ફોર્બ્સે સ્થાનિક નાગરિકો સાથે મળી ભંડોળ ભેગું કરીને સુરતમાં ઈ.સ. ૧૮૫૦માં પુસ્તકાલય શરૂ કર્યું, જેની સાથે મિ. એન્ડ્રૂઝ–માજી જજનું નામ જોડવામાં આવ્યું. સુરતનું આ પુસ્તકાલય 'એન્ડ્રૂઝ લાઇબ્રેરી'[૫૭] તરીકે ઓળખાય છે. આ પછી બ્રિટિશ ગુજરાત તથા કાઠિયાવાડ સહિતનાં દેશી રાજ્યોમાં ૧૮૫૭થી ૧૯૧૧ સુધીના ગાળામાં ૪૯ જેટલાં પુસ્તકાલય સ્થપાયાં હતાં તેમાંથી ભરૂચની રાયચંદ દીપચંદ લાઇબ્રેરી (૧૮૫૭), નડિયાદનું 'ડાહીલક્ષ્મી પુસ્તકાલય' (૧૮૯૨), રાજકોટમાં 'લેંગ લાઇબ્રેરી' (૧૮૬૫), ભાવનગરની 'બાર્ટન લાઇબ્રેરી' (૧૮૯૫) અને અમદાવાદમાં 'આપારાવ ભોળાનાથ લાઇબ્રેરી' (૧૮૭૦) એ ઉલ્લેખનીય પુસ્તકાલયો આજે પણ સેવા આપી રહ્યાં છે. આ પુસ્તકાલયો ખરેખરાં સાર્વજનિક પુસ્તકાલય ન હતાં, એની વ્યવસ્થા કે નિભાવ વગેરેનાં હક અને જવાબદારીઓ વ્યક્તિઓનાં કે સંસ્થાનાં હતાં અને લવાજમ લેતાં પુસ્તકાલય હતાં, એમ છતાં ગુજરાતની પુસ્તકાલય–પ્રવૃત્તિના ઇતિહાસમાં પ્રારંભકાલનાં આ પુસ્તકાલયોનો ફાળો કદી પણ ઓછો આંકી શકાશે નહિ, કારણ કે પુસ્તકાલય તરીકે પ્રજાને વાચનસેવા પૂરી પાડવા માટે આ નેટિવ લાઇબ્રેરીઓએ ખરેખર સારું કામ કર્યું છે.

૧૮૮૫માં ઇન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપના પછી જેમ સમગ્ર દેશમાં બન્યું તેમ રાષ્ટ્રિયતાના જુવાળ હેઠળ ભણેલા બુદ્ધિશાળી વર્ગે ગુજરાતમાં આ પ્રવૃત્તિનું

કામ ઉપાડી લીધું. સેવામૂર્તિ મોતીભાઈ અમીને ૧૮૯૦માં વસોના વિદ્યાર્થી-સમાજના ઉપક્રમે એક નાનું પુસ્તકાલય શરૂ કર્યું હતું. ત્યારબાદ "વસોના વગદાર ગૃહસ્થોની એક સમિતિ રચાઈ હતી. ગામ સમસ્તને માટે એક 'સાર્વજનિક પુસ્તકાલય' શરૂ કરવાનું નક્કી થયું. સભાસદો નોંધાયા અને વસો ગામમાં એપ્રિલ ૧૮૯૪માં 'વસો–સાર્વજનિક પુસ્તકાલય' તરીકે ખુલ્લું મુકાયું".[૫૮] મોતીભાઈ અમીનની આ સેવાપ્રવૃત્તિનો ગુણ પારખીને શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ કે જેઓએ પોતાના રાજ્યની પ્રજાને શિક્ષણ આપવા માટે ૧૯૦૬ માં વડોદરા રાજ્યમાં પ્રાથમિક કેળવણી મફત અને ફરજિયાત કરી દીધી હતી તેમણે પ્રજાને સામે ચાલીને પુસ્તકો પહોંચતાં કરવા માટે 'સર્ક્યુલેટિંગ લાઇબ્રેરી'ની શરૂઆત કરી હતી. અમેરિકાના એમના બીજા પ્રવાસમાં અમેરિકાની જાહેર પુસ્તકાલય–પ્રવૃત્તિથી આકર્ષાઈને, વડોદરા રાજ્યમાં સાર્વજનિક પુસ્તકાલયો ઉઘાડવાનું કામ સોંપીને મિ. વિલિયમ એલેન્સન બોર્ડનને વડોદરે મોકલ્યા.[૫૯] સૌ પ્રથમ કામ મિ. બોર્ડને પૅલેસ લાઇબ્રેરીને આખા રાજ્યની 'સેન્ટ્રલ લાઇબ્રેરી' બનાવવાનું કર્યું. આમ શ્રીમંત સયાજીરાવના 'સરસ ખાનગી પુસ્તકાલયને વડોદરા રાજ્યનું મુખ્ય સાર્વજનિક પુસ્તકાલય બનાવ્યું'.[૬૦] એમાં આસંગ–પદ્ધતિનો ઉપયોગ કર્યો તેથી વડોદરા રાજ્યની પુસ્તકાલય–પ્રવૃત્તિને ઘણો વેગ મળ્યો. 'ત્યાર પછી મિ. બોર્ડનને રાજ્યમાં સેન્ટ્રલ લાઇબ્રેરી ડિપાર્ટમેન્ટ નામનું પુસ્તકાલય ખાતું ખોલવાની અને આખા રાજ્યમાં સાર્વજનિક પુસ્તકાલયો ઉઘાડવાનાં ધારાધોરણ ઘડવાની રજા મળી. એ પ્રમાણે એમણે વડોદરાની સેન્ટ્રલ લાઇબ્રેરીને વડોદરા રાજ્યની તેમજ પ્રાંતની સેન્ટ્રલ લાઇબ્રેરી ગણી બીજા ત્રણ પ્રાંતો માટે દરેક પ્રાંતમાં એક એક નાની સેન્ટ્રલ લાઇબ્રેરી સ્થાપવાની યોજના કરી. એનાથી આગળ વધીને રાજ્યના બાકીના ૩૮ કસબાઓમાં એકેકું પુસ્તકાલય અને મોટા ગામમાં લગભગ બધે જ પુસ્તકાલય સ્થાપ્યાં, નાનાં ગામોમાં પણ પુસ્તકાલય સ્થાપવા અને બધે વાચનાલયો ખોલવા ફરતાં પુસ્તકાલયો તો બધે જ મોકલ્યાં'.[૬૧] આ કામગીરી ઉપર દેખરેખ રાખવાનું કામ સેન્ટ્રલ લાઇબ્રેરી ડિપાર્ટમેન્ટનું રહેતું. આમ ગુજરાતમાં વડોદરાની દેશી હકૂમતે આખા રાજ્યને સાર્વજનિક પુસ્તકાલય–યોજના હેઠળ મૂકી દઈને ખૂબ જ ઉત્તમ કામ કર્યું હતું.

વડોદરા રાજ્યમાં પુસ્તકાલય પ્રવૃત્તિની યોજનાનો અમલ થાય તે પહેલાં મોતીભાઈ અમીનની રાહબરી હેઠળ મિત્રમંડળ પુસ્તકાલયોની પ્રવૃત્તિ શરૂ થઈ હતી. 'પ્રજા–કેળવણી તરફ સહાનુભૂતિ દર્શાવનારા કેટલાક સુશિક્ષિત ગૃહસ્થો અને શિક્ષકોનાં સ્થાનિક મંડળો સ્થાપીને તેઓ જનસમાજમાં જ્ઞાનનો ફેલાવો કરતા હતા. આ મંડળોએ અમુક ગામોમાં વાચનાલયો ઉઘાડીને સને ૧૯૦૬ માં આ પ્રવૃત્તિની શરૂઆત કરી, જે ૧૯ મા સૈકાના મધ્યભાગમાં 'નેટિવ લાઇબ્રેરી' ની

પ્રવૃત્તિને મળતી હતી એમ કહી શકાય. આવાં પુસ્તકાલય એકલા વડોદરા રાજ્યમાં 'જ નહીં', પરંતુ પડોશમાં અંગ્રેજી રાજ્યના પ્રદેશમાં પણ શરૂ કરવામાં આવ્યાં હતાં.'[૧૨] એમની આ યોજના આ પ્રકારની હતી : 'દૂર દૂરનાં ગામડાંમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવવા માટેનો એક માત્ર ઉપાય પુસ્તકાલયો છે, અને એ માટે જો એ મિત્રો પોતપોતાના ગામમાંથી દસપંદર રૂપિયા એકત્ર કરી મોકલશે તો પોતે રૂપિયા વીસથી ત્રીસનાં વર્તમાનપત્રો અને સામયિકો મળે તેવી ગોઠવણ કરશે.'[૧૩] આ જ અરસામાં વડોદરા રાજ્યના શિક્ષણખાતા તરફથી ગામડાં માટે 'ફરતાં પુસ્તકાલયો'ની યોજના ઈ.સ. ૧૯૦૭ માં શરૂ થઈ. મિત્રમંડળ-પ્રવૃત્તિ અને ફરતાં પુસ્તકાલયોની યોજનાના પરસ્પર સહકારથી વડોદરા રાજ્યમાં એકંદરે ૧૯૦ વાચનગૃહો અને પુસ્તકાલયો સરકારી સ્થાનિક અને પંચાયતોની મદદ મળતાં અસ્તિત્વમાં આવ્યાં. વડોદરા રાજ્યમાં મિ. બોર્ડનની કામગીરી શરૂ થાય એ પહેલાં ને એના અંતે રાજ્યમાં પુસ્તકાલયોની સ્થિતિ આ પ્રમાણે હતી :[૧૪]

| | યોજનાના અમલ પહેલાં (૧૯૧૦–૧૧) | યોજનાના અમલના અંતે (૧૯૧૪–૧૫) |
|---|---|---|
| કસબા–પુસ્તકાલયો | ૨૪ | ૩૮ |
| ગ્રામ–પુસ્તકાલયો | ૨૨૩ | ૩૮૫ |
| વાચનાલયો | ૨૦ | ૬૨ |
| સ્વતંત્ર મકાનો | ૧૯ | ૪૯ |
| પુસ્તક–સંખ્યા | ૫૫,૫૯૬ | ૧,૫૫,૨૦૬ |
| વાચકો | — | ૧૨,૩૧૦ |
| વંચાયેલાં પુસ્તક | — | ૧,૬૪,૩૩૧ |
| ખર્ચ | રૂ. ૯૭,૯૯૦ | રૂ. ૧,૨૨,૭૯૮ |

આમ પુસ્તકાલયોના વિકાસ માટે વડોદરા રાજ્યે અલગ પુસ્તકાલય ખાતું સ્થાપ્યા પછી પુસ્તકાલય–પ્રવૃત્તિનો વિકાસ થયો છે તેથી એમ કહી શકાય કે આ પ્રવૃત્તિના વિકાસ માટે રાજ્યનું પીઠબળ, પ્રજાકીય પ્રવૃત્તિ માટે ભેખધારી કાર્યકરો અને એનાં સંચાલન તથા દેખરેખ માટે સ્વતંત્ર એવું પુસ્તકાલય માટેનું ખાતું, આ ત્રણ હોવાં જરૂરી છે. હજી આજે પણ આ ત્રણની જરૂરિયાત છે જ છે.

ભારતમાં જાહેર પુસ્તકાલય–પ્રવૃત્તિનો પ્રારંભ કરવાનું માન આમ વડોદરા–નરેશ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડને શિરે જાય છે. એમના શાસન–કાલ દરમ્યાન ગુજરાતમાં પદ્ધતિસરની પુસ્તકાલય–પ્રવૃત્તિ અને ગ્રંથાલયસેવાનો વિકાસ થયો. ઉપર્યુક્ત પ્રવૃત્તિ અને સંલગ્ન એવી પ્રવૃત્તિઓમાં ઈ.સ. ૧૯૧૧ માં સાર્વજનિક પુસ્તકાલય યોજના

વડોદરા રાજ્યમાં દાખલ કરી. એ સાથે ઈ.સ. ૧૯૧૧-૧૨ માં ફરતાં પુસ્તકાલયોની યોજનાનો અમલ શરૂ કર્યો હતો. ઈ.સ. ૧૯૧૩ અને ઈ.સ. ૧૯૧૪ માં વડોદરા સેન્ટ્રલ લાઇબ્રેરી ખાતે અનુક્રમે બાળપુસ્તકાલય અને સ્ત્રીવાચનાલય વિભાગ શરૂ કરવામાં આવ્યા હતા. આમ પુસ્તકાલય-પ્રવૃત્તિની યોજનાથી રાજ્યમાં ગામે ગામ પુસ્તકાલયો શરૂ કરવામાં આવ્યાં હતાં. સારી ગ્રંથાલય-સેવા આપવી હોય તો તાલીમ લીધેલા ગ્રંથપાલો જોઈએ એ દૃષ્ટિએ વડોદરા રાજ્યે ગ્રંથપાલોને તાલીમ આપવા માટે વિલિયમ એ. બોર્ડનની દોરવણી હેઠળ ગ્રંથાલય વિજ્ઞાનના તાલીમ-વર્ગ ઈ.સ. ૧૯૧૧ માં શરૂ કર્યા, જે ભારતમાં પ્રથમ પુસ્તકાલય શિક્ષણ વર્ગ તરીકે ઐતિહાસિક સ્થાન ભોગવે છે, એટલું જ નહિ, તાલીમ બાદ ગ્રંથપાલોને વિશેષ જ્ઞાન મળે અને વ્યવસાય વિશેની જાણકારી અને ફરજો પ્રત્યે સજાગતા કેળવાય એ માટે 'ગ્રંથાલય મિસેલિની' એ નામનું ત્રૈમાસિક ગુજરાતી મરાઠી અને હિંદી ભાષામાં પ્રગટ કરવામાં આવતું હતું, જે ઈ.સ. ૧૯૧૨-૧૯૧૯ સુધી પ્રકાશિત થયું હતું.

## પાદટીપ

૧. ગણપતરામ હિં. દેસાઈ, 'ભરૂચ શહેરનો ઇતિહાસ,' પૃ. ૨૧૭
૨. શિવપ્રસાદ રાજગોર, 'ગુજરાતનો કેળવણીનો ઇતિહાસ,' (ગુકેઇ) પૃ. ૩૯-૪૦
૩. શોરાબજી મનચેરજી દેશાઈ, 'તવારીખે નવસારી,' પૃ. ૨૫૪
૪. ગણપતરામ હિં. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૨૧૯
૫. શોરાબજી દેશાઈ, ઉપર્યુક્ત પૃ. ૨૫૪
૬. ગણપતરામ દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૨૨૧-૨૨૨
૭. શોરાબજી દેશાઈ, ઉપર્યુક્ત, પૃ. ૨૫૫
૮. એજન પૃ. ૨૫૪
૯. એજન પૃ. ૨૫૫
૧૦. શિવપ્રસાદ રાજગોર, 'ગુજરાતનો કેળવણીનો ઇતિહાસ,' પૃ. ૪૮
૧૧. એજન, પૃ. ૪૫-૪૭.
૧૨. એજન, પૃ. ૩૬
૧૩. શંકરલાલ ગં. શાસ્ત્રી, 'રસગંગા' (લે. મજલાલ કા. શાસ્ત્રી), પરિશિષ્ટ, પૃ. ૪૭-૪૮
૧૪. 'संस्कृत सौरभ उनशताब्दी महोत्सव अङ्क,' राजकीय संस्कृत पाठशाला, पेटलाद, पृ. ६-७
૧૫. डॉ. हीरालाल शुक्ल, 'आधुनिक संस्कृत साहित्य,' पृ. २४०
૧૬. શંકરલાલ ગં. શાસ્ત્રી, ઉપર્યુક્ત, પ્રસ્તાવના, પૃ. ૫
૧૭. ગણપતલાલ હિં. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૨૪૮-૨૫૦
૧૮. શંકરલાલ ગં. શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૪૬-૪૭

૧૯. मुहम्मद रज़ा अनसारी फिरंगी महली, 'बानीए दर्से' निज़ामी, पृ. ६७
૨૦. W.K. Wellsmith, *The Ulema in Indian Politics*, p. 47
૨૧. Syed Nurullah and J.P. Naik, *History of Education in India*, (*HEI.*) pp. 80, 86, 135–136
૨૨. હીરાલાલ ત્રિ. પારેખ, 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન' (અગુરે.), ખંડ ૧, પૃ. ૨૩૯, ૨૪૭, ૨૫૦–૨૫૧; *HEI.*, pp. 365–369
૨૩. S.B. Rajyagor, *Education of Gujarat, 1854–1954* (Typed thesis), pp. 34–36, 39–40, 62–63
૨૪. *Gujarat District Gazetteer : Kutch*, p. 501
૨૫. શિવપ્રસાદ રાજગોર, ઉપર્યુક્ત, પૃ. ૫૫–૫૯
૨૬. એજન, પૃ. ૫૯–૬૧, ૧૦૪    ૨૭. એજન, પૃ. ૬૩
૨૮. એજન, પૃ. ૧૩૪–૧૩૫
૨૯. Government of Bombay, *A Review of Education in Bombay State*, pp. 156–157
૩૦. શિવપ્રસાદ રાજગોર, ઉપર્યુક્ત, પૃ. ૧૩૬–૧૩૭
૩૧. એજન, પૃ. ૧૩૭–૧૩૯
૩૨. શિવપ્રસાદ રાજગોર, 'અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' (અગુરાસાંઇ), પૃ. ૧૫૨, ૧૫૪–૧૫૫
૩૩. શિવપ્રસાદ રાજગોર, 'ગુજરાતનો કેળવણીનો ઇતિહાસ,' પૃ. ૧૭૨–૧૭૪
૩૪. એજન, પૃ. ૨૩૧–૨૩૬, ૨૪૨–૨૪૩
૩૫. એજન, પૃ. ૧૮૪–૧૮૭; 'અગુરાસાંઇ,' પૃ. ૧૭૨, ૧૮૦–૧૮૧
૩૬. Lakshmi Misra, *Education of Women in India*, p. 29
૩૭. R.V. Parulekar, *A Source Book of History of Education in the Province of Bombay*, Para I
૩૮. હીરાલાલ ત્રિ. પારેખ, 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ', (ગુવસોઇ) ભા. ૧, પૃ. ૨૭
૩૯–૪૦. એજન, પૃ. ૨૮
૪૧. એજન, પૃ. ૨૭    ૪૨. એજન, પૃ. ૩૧
૪૩. ઈ. ઈ. દેસાઈ, 'સૂરત સોનાની મૂરત', પૃ. ૧૫૮
૪૪. Jayendra Dave, *A Study of Evolution of Female Education in Gujarat till Independence* (Typed thesis), pp. 106–109
૪૫. પ્રવીણા ઠક્કર, 'ગુજરાતનો સ્ત્રીકેળવણીનો ઇતિહાસ,' પૃ. ૬
૪૬. એજન, પૃ. ૬
૪૭. *Report of the Indian Education Commission*, 1882, pp. 545–548
૪૮. પ્રવીણા ઠક્કર, ઉપર્યુક્ત, પૃ. ૮
૪૯. અગુરે., ખંડ ૧, પૃ. ૨૩૬–૨૩૯
૫૦. ગુકેઇ, પૃ. ૫૩; 'શાળાપત્ર જ્યુબિલી અંક,' ૧૯૧૧, પૃ. ૫૬, ૬૭

૫૧. અગુરે., પૃ. ૨૫૦–૨૫૧; ગુકેઇ., પૃ. ૬૨; ગુવસોઇ., ભા ૧, પૃ. ૧૦૬ થી

૫૨. અગુરે, પૃ. ૨૪૧–૨૪૬, ગુવસોઇ., ભા. ૧, પૃ. ૧૦૭

૫૩. *A Review of Education in Bombay State*, pp. 513 ff.

૫૪. અગુરે, પૃ. ૧૨૫

૫૫. કૃષ્ણલાલ મો. ઝવેરી, 'ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક અને વધુ માર્ગસૂચક સ્તંભો,' પૃ. ૩

૫૬. વિજયરાય ક. વૈદ્ય, 'અર્વાચીન સાર્વજનિક પુસ્તકાલયો,' પૃ. ૧૧

૫૭. એજન, પૃ. ૧૩

૫૮. ઈશ્વરભાઈ પટેલ, 'સેવામૂર્તિ' મોતીભાઈ અમીન,' પૃ. ૨૨

૫૯. 'વડોદરા રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિ,' પૃ. ૩

૬૦. એજન, પૃ. ૩

૬૧. એજન, પૃ. ૩–૪

૬૨. એજન, પૃ. ૪૪–૪૫

૬૩. એજન, ક્રમ (૬), પૃ. ૬૨

૬૪. 'વડોદરા રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિ,' પરિશિષ્ટ ૭, પૃ. ૮૭

## પ્રકરણ ૧૨

# ગુજરાતી ભાષા, બોલીઓ અને લિપિ

### ૧. ભાષા

#### અ. શિષ્ટ ગુજરાતીનું ઘડતર

ઈસવી સન ૧૮૧૮ માં ગુજરાતી ભાષાપ્રદેશ ઉપર અંગ્રેજ સત્તાનું સાર્વભૌમત્વ સ્થપાયા પછીના થોડાક દસકાઓમાં આ પ્રદેશનાં જીવન અને સંસ્કૃતિમાં કેટલાંક ભારે પરિવર્તન થયાં. અંગ્રેજી કેળવણી તથા એ દ્વારા પશ્ચિમનાં સાહિત્ય અને વિચારસૃષ્ટિના સંપર્કને પરિણામે પ્રગટેલાં નવીન પરિવર્તન-બળોએ અત્રત્ય સાહિત્ય અને વિચારસરણીની નવીન પરંપરાઓ ઊભી કરી.

આપણા અભ્યાસપાત્ર કાલખંડમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય-પરંપરાના છેલ્લા તેજસ્વી પ્રતિનિધિ કવિ દયારામ(૧૭૭૭–૧૮૫૩)ના સક્રિય જીવનનો મોટો ભાગ વ્યતીત થયો હતો. સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક અને ગુજરાતી ગદ્યના એક સીમાચિહ્ન જેવા 'વચનામૃત'ના વક્તા સ્વામી સહજાનંદ(૧૭૮૧–૧૮૩૦)નું જીવનકાર્ય અને એમના અનેક સાધુ-કવિઓની ગુજરાતી વ્રજ અને સંસ્કૃતની લેખન-પ્રવૃત્તિ મુખ્યત્વે આ કાલખંડમાં થયાં હતાં. કવિ દયારામ એમના જીવનના ઉત્તર કાલમાં મુંબઈ ગયા હોવાની એક કિંવદંતી છે; સ્વામી સહજાનંદ બિશપ હેબર જેવા અંગ્રેજ પાદરી અને મુંબઈના ગવર્નર સર જ્હોન માલ્કમ જેવા મોટા અંગ્રેજ અમલદારોના સંપર્કમાં આવ્યા હતા, પરંતુ આ બંનેના તેમજ એમના અનુયાયી અથવા શિષ્યવર્ગના સાહિત્યલેખન કે વિચારસરણી ઉપર પાશ્ચાત્ય વિચારો કે પરિબળોની કશી અસર જણાતી નથી. હા, કવિ દલપતરામ (૧૮૨૦–૧૮૯૮) જેવા જૂની અને નવી સાહિત્ય-પરંપરાને જોડનારા તથા કવિતા સાહિત્ય અને કેળવણી દ્વારા સમાજ-સુધારા માટે પ્રયત્ન કરનાર અને આકાંક્ષા સેવનાર વ્યક્તિવિશેષ સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી હતા એ ખરું, પણ એમની આ દિશામાંની પ્રવૃત્તિઓ વિશેષ તો ફાર્બસ સાહેબ સાથેના એમના ગાઢ સંપર્કને આભારી હતી.

બીજી બાજુ, અંગ્રેજ અમલદારોની સલાહથી મુંબઈના ધનિક ગૃહસ્થોએ શિક્ષણપ્રસાર માટે એક ફંડ ભેગું કર્યું અને ૧૮૨૦ ના ઑગસ્ટ માસમાં 'નેટિવ સ્કૂલ બુક ઍન્ડ નેટિવ સ્કૂલ સોસાયટી'ની સ્થાપના કરી: મુંબઈના વિદ્યારસિક

ગવર્નર માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન દેશી ભાષાઓની ખિલવણી કરવાના મતના હતા; એમણે આ સંસ્થાને નાણાંની મદદ કરવા માંડી.[1] એ સંસ્થા 'બૉમ્બે એજ્યુકેશન સોસાયટી' નામથી ઓળખાઈ અને એમાંથી ૧૮૨૫ માં 'નેટિવ એજ્યુકેશન સોસાયટી' ઉદ્ભવી.[2] એ મંડળી પોતાની પ્રવૃત્તિ ગુજરાત ખાતે વિસ્તારવા ઇચ્છતી હતી. ભરૂચના એક ઉત્સાહી જુવાન રણછોડદાસ ગિરધરભાઈએ[3] (૧૮૦૩-૧૮૭૩) અપંગ થયેલો એક અંગ્રેજ સિપાહી, જે ભરૂચના ખ્રિસ્તી દેવળના ચોકીદાર તરીકે કામ કરતો હતો અને ગુજરાતી ભાષાથી લગભગ અનભિજ્ઞ હતો, તેની પાસેથી અંગ્રેજી ભાષાનું પ્રાથમિક જ્ઞાન મુશ્કેલીથી મેળવી લીધું હતું. મુંબઈના વડા પાદરી કાર ૧૮૨૫માં ગુજરાતના પ્રવાસે આવ્યા તેમને આ જુવાનનો ભેટો થયો. એમની ભલામણથી 'નેટિવ એજ્યુકેશન સોસાયટી' તરફથી ગુજરાતમાં નવી કેળવણીનો પ્રચાર કરવા માટે, એ સારુ યોગ્ય માણસો શોધી કાઢવા માટે તથા વ્યાકરણ ઇતિહાસ ભૂગોળ ગણિત અને વિજ્ઞાન-સમેત વિવિધ વિષયોનાં પાઠ્ય-પુસ્તક તૈયાર કરવા-કરાવવા માટે રણછોડભાઈની નિમણૂક થઈ અને એ કામ એમણે સફળતાથી પાર પાડયું. આથી રણછોડભાઈ ગુજરાતી કેળવણીના પિતા તરીકે ઓળખાય છે.[4]

ઉપર્યુક્ત સોસાયટીની કાર્યનીતિનું મહત્ત્વનું લક્ષણ એ હતું કે તમામ વિષય દેશી ભાષામાં જ શીખવાતા. એ માટેનાં પુસ્તક મોટે ભાગે અંગ્રેજી કે મરાઠીનાં ભાષાંતર હતાં. કોઈ પુસ્તક ગુજરાતીમાં સ્વતંત્ર લખાયેલાં પણ હશે, પરંતુ સુપરિણામ એ આવ્યું કે ગુજરાતી ભાષાના, નવીન યુગને અનુરૂપ, ખેડાણને મોટો વેગ મળ્યો. ૧૮૫૫માં એ સમયના મુંબઈ ઇલાકામાં 'ડિરેક્ટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન'-('શિક્ષણ નિયામક')ની જગ્યા કાઢવામાં આવી અને શિક્ષણની વ્યવસ્થા એમની દેખરેખ નીચે મૂકવામાં આવી ત્યારથી એ પદ્ધતિ બંધ પડી અને માધ્યમિક શાળામાં વિજ્ઞાનાદિ વિષયો-સંસ્કૃતાદિ ભાષાઓ પણ-અંગ્રેજી દ્વારા શીખવવાનું શરૂ થયું, જે પદ્ધતિ નિદાન પોણી સદી સુધી ચાલી.

પણ પ્રાચીન સાથે નવીન પરંપરાના સમાંતર ચાલેલા વિચારપ્રવાહ અને સાહિત્યપ્રવાહની વાત ઉપર ફરી વાર આવીએ. ૧૮૨૨ માં 'મુંબઈ સમાચાર' સાપ્તાહિકનો આરંભ થયો, જે કેટલાંક વર્ષ બાદ દૈનિક થયું. સુધારક મહેતાજી દુર્ગારામ મંછારામે (૧૮૦૯-૧૮૭૮) સુરતમાં ૧૮૪૦ માં 'માનવ ધર્મસભા'ની સ્થાપના કરી, જેની મહેતાજીએ લખેલી કાર્યનોંધનો મહત્ત્વનો ભાગ મહીપતરામ નીલકંઠ-કૃત 'દુર્ગારામચરિત્ર'માં સચવાયો છે. લન્ડન ખાતે ૧૮૫૬માં ગુજરાત પ્રદેશનો અંગ્રેજી ભાષામાં પ્રથમ ઇતિહાસ 'રાસમાળા' પ્રગટ કરનાર 'સવાઈ

ગુજરાતી' અંગ્રેજ અમલદાર એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ અથવા ફાર્બસ સાહેબનાં પ્રેરણા અને પ્રયત્નથી અમદાવાદમાં 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની (જે સંસ્થાનું પાછળથી 'ગુજરાત વિદ્યાસભા' નામકરણ થયું તેની) સ્થાપના થઈ. આ સંસ્થાએ ગુજરાતમાં શિક્ષણ અને સાહિત્યના પ્રસાર માટે અગ્રયાયીનું કામ કર્યું છે.[5] ગુજરાતી ભાષા અને સાહિત્યના વિવિધ ક્ષેત્રે નવીન કાર્ય કરનાર, 'અર્વાચીનોમાં આદ્ય' નર્મદ અથવા નર્મદાશંકર લાલશંકર કવિએ (૧૮૩૩–૧૮૮૬) ૧૮૫૧માં અઢાર વર્ષની વયે એ જ વર્ષે સ્થપાયેલી 'બુદ્ધિવર્ધક સભા' સમક્ષ[6] 'મંડળી મળવાથી થતા ફાયદા' એ વિશે નિબંધ વાંચ્યો, જે નવી કેળવણીથી વિકસતા વિચારો સાથે અર્વાચીન ગુજરાતી ગદ્યના સંયોજનનો પણ એક નમૂનો છે. એ સભા સમક્ષ ૧૮૫૬માં સુધારક કરસનદાસ મૂળજીએ 'દેશાટન' વિશે નિબંધ વાંચ્યો હતો.[7] કરસનદાસે પાછળથી મહીપતરામની જેમ, ઈંગ્લૅન્ડની મુસાફરી અનેક વિરોધો તથા અવરોધોની વચ્ચે કરી હતી અને એ વિશે પુસ્તક પણ લખ્યું હતું. ૧૮૫૭માં મુંબઈ યુનિવર્સિટીની સ્થાપના થઈ, જેના પદવીધરોએ જીવન અને સાહિત્યનાં વિવિધ ક્ષેત્રોમાં પાયારૂપ મહત્ત્વનું કામ કર્યું. વિશેષ તો અર્વાચીન સાહિત્યનાં પ્રેરક બળ ભારતના અન્ય પ્રદેશોની જેમ ગુજરાતમાં પણ પાશ્ચાત્ય સંસ્કારવાળી આ નવી કેળવણીને પરિણામે ઉદ્‌ભવ્યાં.

આપણા અભ્યાસવિષય–કાલખંડથી લગભગ એક શતાબ્દી પૂર્વે ગુજરાતી ભાષા બંધારણની દષ્ટિએ સિદ્ધ રૂપ પામી ચૂકી હતી. જૂના ગુજરાતી સાહિત્યમાં ગદ્યસાહિત્ય પુષ્કળ હતું અને એનાં કેટલાંક નિશ્ચિત સ્વરૂપ હતાં,[8] પણ નવી કેળવણીને પરિણામે વિકસેલા ગદ્ય–સાહિત્યથી સ્વભાવ રૂપ અને વિષયોની દષ્ટિએ એ સર્વથા ભિન્ન હતું એ સ્વયંસ્પષ્ટ છે.

## આ. ગુજરાતી ભાષાસ્વરૂપનો વિકાસ

અહીં ગુજરાતી ભાષા ઉત્તરોત્તર શિષ્ટતા ધારણ કરવા લાગી એનો પ્રથમ ખ્યાલ આપી એના પ્રાદેશિક ઉપરાંત જ્ઞાતિગત ભેદોનો નમૂનાઓ દ્વારા ખ્યાલ આપવાનો પ્રયત્ન છે.

૧૮૧૮ આસપાસ અર્વાચીન ગુજરાતી ભાષાનું આદ્ય સ્વરૂપ હજી ચાલુ હતું. ગુજરાતી બીબાંઓથી તેમ શિલાછાપખાનાંઓની મદદથી ગુજરાતી ગદ્ય-સ્વરૂપે ભાષા આકાર લેતી જતી હતી. સન ૧૮૨૪માં મુંબઈના 'મુંબઈ સમાચાર' છાપખાનામાં 'પંચોપાખ્યાન' છપાયેલું, જેની ભાષા ધ્યાનમાં લેવા જેવી છે; જેવી કે

"એક વંનમાં શંહી અને બલદને માહોમાહે ઘણી મીત્રાઈ પડી તે એક શીઆલે પોતાંના શવારથ શારૂં આધું પાછું શમજાવીને તોડી નાખી

રાજપુત્રો પુછ્વા લાગા હે માહારાજ તે કેમ થઉ હશે વીશનુશરમા કેહે છે શાંભલો" (પૃ. ૫)

કેપ્ટન જ્યોર્જ જાર્વિસના એક ગ્રંથનો 'વિદ્યાના ઉદ્દેશ, લાભ અને સંતોષ' મથાળે મુંબઈના કોઈ જગન્નાથ શાસ્ત્રી ક્રમવંતની સહાયથી સન ૧૮૩૦ના આરંભમાં દેવનાગરી લિપિમાં લિથો–છાપખાનામાં છપાયેલો અનુવાદ વધુ સુશ્લિષ્ટ સ્વરૂપ ધરાવે છે; જેવું કે

"કોઈ પણ એક વિદ્યાના જ્ઞાન થકી જે લાભ અનેં સંતોષ થાય છે, તે જાણવા સારૂ તે જ વિદ્યામાં માહિત થાવું જોઈયે અનેં એ માટે પૂર્વેના વિદ્યાવાનોયે જે વિદ્યાઓ પ્રસિદ્ધ કરીયો છે, તેઓના અભ્યાસે કરીનેં જે લાભ થાય છે, તે સઘળા લાભ વિદ્યાઓના જુદા જુદા ભાગ શિખવ્યા વગર ધ્યાનમાં આણી અપાતા નથી." (પૃ. ૧)

જોડણી એકધારી રાખવાનો શિષ્ટ પ્રયત્ન છે, છતાં એમાં 'કરી'ને બદલે બોલીગત બહુવચન 'કરીયો' જેવા મળે છે: 'ચાલ શી છે' જેવા શિષ્ટ પ્રયોગ આ નમૂનામાં સુલભ છે.

આ પૂર્વે સન ૧૮૨૬માં કે. જાર્વિસે શ્રી જગન્નાથ શાસ્ત્રી ક્રમવંત પાસે 'કર્તવ્યભૂમિતિ' શીર્ષકથી કર્નલ પારલીના ગ્રંથનો અનુવાદ એવી જ રીતે દેવનાગરી લિપિમાં લિથો–છાપખાનામાં છપાવેલો તે પણ શિષ્ટ રૂપ રજૂ કરે છે; જેમ કે

"એ આજ્ઞા આપ્યા પછિ શિખવનારેં પોતે કર્તવ્યભૂમિતી એ શબ્દ હોટા અક્ષરોયેં પાટી ઉપર લખવો—તે પાટી બદ્ધા શિખનારાઓની નજર પુગશે નેં તે બદ્ધા તે પાટી ઉપરના અક્ષરો જોઈનેં તે અક્ષર પરમાણે અક્ષરો લખવા સકશે એવે ઉંચે ઠેકાણે રાખવી. તથા તે પાટી આ કામ માહેના કેટલાક શબ્દ તાથા બિજૂં લખવું લખવાનેં પુરી થાશે એવી હોટી જોઈયે." (પૃ. ૧)

આમાં પણ બોલીગત 'પુગશે' જેવું ક્રિયારૂપ જોવા મળે છે. આ ભાષા–સ્વરૂપ મુંબઈમાં પ્રચલિત હતું એમ જોઈ શકાય છે. જગન્નાથ શાસ્ત્રી સંસ્કૃતના જ્ઞાતા હોઈ સંસ્કૃત શબ્દોની જોડણીમાં સાવધાન જોવા મળે છે.

સન ૧૮૩૯માં કોઈ ગંગાધર શાસ્ત્રી ફડકેનું લખેલું 'ગુજરાતી ભાષાનું

વ્યાકરણ' પણ દેવનાગરી લિપિમાં લિથો છાપખાનામાં છપાયેલું જાણવામાં આવ્યું છે. આમાં પણ ભાષાશુદ્ધિ જાળવવાનો પ્રયત્ન છે.

આ અરસામાં 'ડાડ્રસ્લીની વાતોનૂં ભાષાંતર' એ નામની એક પુસ્તિકા લિથોમાં છપાયેલી છે. એની વિશિષ્ટતા એ છે કે દેવનાગરી લિપિમાં શિષ્ટ સ્વરૂપ આપવામાં આવ્યું છે, જ્યારે સામે સમાંતર કટારમાં માથે સળંગ લીટી આંકી લખેલી ગુજરાતી લિપિમાં વાણિયાશાહી લખાણ આપવામાં આવ્યું છે; જેમ કે

| | |
|---|---|
| "वात १ | "વાત ૧ |
| लोट दळनार तथा तेहेनो छोकरो तथा तेहनो गधेडो. | લોટ દલનાર તથા તેહનો છોકરો તથા તેહનો ગધેડો. |
| एक लोट दळनार, तथा तेहनो दीकरो, पोताना गधेडाने, वेचवा सारू बजारनी कोरे लई जता हता : ने तेहने मारगमां हळवे हळवे हांकता हता, एटला सारू के ते थाकी न जाय, ने सारो मातो पोंहोंचे......" | એક લોટ દલનાર તથા તેહનો દીકરો, પોતાના ગધેડાને વેચવા સારૂ બજારની કોરે લઈ જતા હતા, ને તેહને મારગમાં હલવે હલવે હાંકતા હુતા. એટલા સારૂ કે તે થાકી ન જાએ, ને સારો માતો પોંહોંચે......" |

(પૃ. ૧)

આમાં શુદ્ધ સ્વરૂપમાં ळ છે, વાણિયાશાહીમાં 'લ' છે; દક્ષિણ ગુજરાતના ઉચ્ચારણનો આ તફાવત શક્ય છે. ઉપરાંત આ ફકરાઓમાં 'मळ्यू—મલીઉ' 'कहयुं—કહીઉ' 'ध्यानमां—ધીઆનમાં' 'चाल्यो—ચાલીઓ' પ્રકારનાં બોલીનાં રૂપ જોવા મળે છે.

સન ૧૮૪૮ માં મુંબઈમાં 'મુંબઈ સમાચાર' પ્રેસમાંથી 'અંગરેજી તથા ગુજરાતી વોકાબીઉલેરી' છપાઈ હતી, એની ભાષા જોતાં એમાં પારસીબોલીની અસર વરતાય છે; જેમકે

> "આએ • પુશતકમાં • કેટલાએક • અંગરેજી • શબદો • હેવા છે કે • તે • દરએક • શબદના • એકથી • વધારે • અરથ • થાએ છે • તે • જુદા • જુદા • શરવે • અપરથ • તમુને • આએ • પુશતકમો • એક • ઠેકાંણે • મલશે • નહી • તેહેનો • કશો • વીચાર • રાખવો • નહી • કાંએ જે • આએ • પુશતક • મધે • જે • બાબત • હશે. • તે • બાબત • પોતાને • લગતો • ઈંગરેજી • શબદનો • એક જ • જાતનો • અરથ • બતાવશે • તે • અરથ • તમોએ • તે • બાબત • શંબંધી • મુકરર • જાંણવો." (પૃ. ૪)

'સૃષ્ટિજન્ય ઈશ્વરજ્ઞાન' (અંગ્રેજીનો અનુવાદ) ૧૮૪૯માં પ્રસિદ્ધ થયેલ તે ગ્રંથમાં ભાષાસ્વરૂપ સંસ્કાર પામેલું છે. પ્રકાર આખો શ્રી જગન્નાથ શાસ્ત્રી ક્રમવંતને મળતો છે. મુંબઈમાં મહારાષ્ટ્રિય વિદ્વાનની દેખરેખમાં ભાષા સંસ્કાર-વાળી જોવા મળે છે એ થોડું નવાઈભરેલું તો ખરું જ.

કવિ નર્મદાશંકરે સન ૧૮૫૦ માં 'મંડળી મળવાથી થતા લાભ' એ મથાળે 'બુદ્ધિવર્ધક સભા'માં ભાષણ કરેલું તે થોડા ઘણા ફેરફાર સાથે નિબંધના આ-કારમાં સન ૧૮૫૧ માં સુરતની 'સ્વદેશ હિતેચ્છુ મંડળી'માં વાંચ્યું હતું. કવિ પોતાની ૧૮ વર્ષની ઉંમરે લખેલા આ નિબંધને સંસ્કારી ભાષાસ્વરૂપ આપે છે; જેવું કે

> "આ ભાષણથી મુખ્યત્વે કરીને ત્રણ વાત મારે તમને બતલાવવી આવશ્યક છે. તેમાં પેહેલી એ કે આ દેશમાં આવી મંડળી મળવાનો ચાલ નહી માટે શું શું નુકસાનો થયાં તથા અતઃ પર આવી મંડળી મળવાનો ચાલ નહી જેવો થાય તો શું શું અનર્થો થાય. બીજી વાત એ કે આવી મંડળી મળવાથી શા લાભ થાય છે તે બતાવવું. અને ત્રીજી વાત એ કે આપણા દેશી લોકોએ કિયે પ્રકારે મંડળી કાહાડવી તથા તદનુસાર ભાષણ તથા નિબંધ કેમ અને કિયે ઉદ્દેશે કરવા." (સન ૧૮૬૫ : પૃ. ૧–૨)

આમાં 'બતલાવવું' એ સુરતી અસર, જ્યારે 'બતાવવું' શિષ્ટ. નર્મદાશંકરના ગદ્યમાં સુરતી લાક્ષણિકતા એમનાં અનેક લખાણોમાં જોવા મળે છે. 'છિયે' 'છઉ' જેવાં સુરતી રૂપ એઓ પ્રચુરતાથી વાપરતા, તો 'રાખીએ છ' 'બોલીયે છ' જેવાં પણ. 'શું શું અનર્થો' ને 'શા લાભ' એમ બેઉ પણ જોવા મળે છે.

સન ૧૮૪૮ ના ડિસેમ્બરની ૨૬ મી તારીખે અમદાવાદમાં સ્થપાયેલી 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'(પછીથી હવે 'ગુજરાત વિદ્યાસભા')ને માટે એના સહાયક મંત્રી શ્રી. મગનલાલ વખતચંદે 'અમદાવાદનો ઇતિહાસ' લખી આપી, ૧૮૫૧ માં લિથોમાં છપાવી પ્રસિદ્ધ કરેલો છે તેમાં અમદાવાદમાં ભાષાસ્વરૂપ કેવું પ્રચલિત હતું એ જોવા મળે છે; જેવું કે

> "એ બાબત જે "અમદાવાદ સેહેરનો ઇતિહાસ: સેહેર વસ્યુ તે દીવસથી તે આજ દીન સુધી તથા હાલની અવસ્થા તથા પુરાં તથા પોળોનું વરણાન" એવી રીતનો ઠરાવ અમારા જાણવામાં આવા ઉપરથી હું આ ઇતિહાસ રચવાનો ઊદમ કરવા લાગ્યો. આ ઇતિહાસ મેં કેવી રીતે નેં તેની બીના કીયે કીયે ઠેકાણેથી લેઇનેં રચ્યો છે તેનો વીસ્તાર લખુ છું જે..." (પૃ. ૧)

ભક્તકવિ દયારામે એની ઉત્તરાવસ્થામાં લખ્યું હોય તેવું ગદ્ય મળે છે તેના કરતાં શ્રી મગનલાલના ગદ્યમાં સંસ્કાર થોડો વધુ છે. એના કરતાં કવિ નર્મદાશંકરમાં, પણ મઝા એ છે કે અમદાવાદમાં ખીલતા આવતા ગદ્યમાં નડિયાદના નાગરવાડાના કે અમદાવાદની આકા શેઠ કૂવાની–વાઘેશ્વરની–હવેલીની—લાખા પટેલની પોળોના નાગરોમાં બોલાતી અને હજી પણ વૃદ્ધ બૈરાં પ્રયોજે છે તેવી નાગરી બોલીનો અણસાર તત્કાલીન લેખનમાં તો જોવા મળતો જ નથી.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી 'વરતમાન' નામનું સામયિક પ્રસિદ્ધ થયા પછી તા. ૭ મી માર્ચ, ૧૮૫૪ના દિવસે 'બુદ્ધિપ્રકાશ' માસિકનો ૧ લો અંક પ્રસિદ્ધ થયો ત્યારે લિથોમાં આખી લીટી નીચે ગુજરાતી અક્ષરોમાં એ અંક છપાયેલો. તંત્રી તરીકે શ્રી મગનલાલ વખતચંદ હતા. એની પ્રસ્તાવનામાં એમના 'અમદાવાદનો ઇતિહાસ'ને મળતું વાણિયાશાહી લખાણ કહી શકાય.

સન ૧૮૫૫ ના જુલાઈના અંકથી 'બુદ્ધિપ્રકાશ'ના સંપાદક તરીકે વઢવાણ-(સૌરાષ્ટ્ર)ના શ્રીમાળી બ્રાહ્મણ કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ આવ્યા. એમના ગદ્યનો નમૂનો એ અંકમાં નીચેના પ્રકારનો જોવા મળે છે:

> "હું દલપતરામ ડાઆભાઈ સાદરાના મેહેરબાન પુલેટીકાલ સાહેબની હજુર કચેરીમાં મુલકગીરી દફતરના હેડકારકુનનું કામ કરતો હતો ત્યાંહાંથી વરનાક્યુલર સોસાઇટીના મેંબર મેહેરબાન વાલીશ સાહેબ વીગેરેના અભિપ્રાય લેઈ સોસાઈટીના સેક્રેટરી ટી.બી. મીસ્તર કરટીસ સાહેબે મહીકાંઠાના પુલેટીકાલ સાહેબને કેટલીએક તરેથી સીપારશ કરી ઘણા આગ્રહથી મને સોસાઇટી ખાતામાં બોલાવી લીધો." (પૃ. ૯૭)

કવીશ્વર દલપતરામના આ ગદ્યમાં શ્રી. મગનલાલ વખતચંદના ગદ્યની લઢણ છે. બંનેનાં લખાણ લિથોનાં છે અને બંનેનાં લખાણ સીધાં આધારરૂપ હોઈ તેથી લિથોના લહિયાએ જુનવાણી રૂપ આપી દીધું કહી શકાય નહિ.

સરકારી ગુજરાતી નિશાળોને સારુ મુંબઈ ઇલાકાના કેળવણી–ખાતાના ગુજરાત વિભાગના ઇન્સ્પેક્ટર શ્રી. ટી. સી. હોપે 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' ૧૮૫૮ માં સુરતના 'આઇરિશ મિશન છાપખાના'માં છપાવી પ્રસિદ્ધ કર્યું હતું. આરંભમાં જે સૂચના છાપી છે તે એમણે તૈયાર કરાવેલી 'જૂની સરકારી વાચનમાળા'ના ગદ્યના પ્રકારની લગભગ કહી શકાય:

### "વ્યાકરણ ભણાવવા વિષે મેતાજીઓને સૂચના

"છોકરાંને વ્યાકરણું ભણાવવાનો આજ લગણ એવો ધારો ચાલ્યો આવે છે, કે પેહેલાં ચોપડીમાં લખેલા નિયમ તેમને પાઠે કરાવવા; ત્યારપછી તે નિયમનો થોડોઘણો અર્થ સમજાવી વાકયોમાંથી નામ, સર્વનામ, વગેરે ઓલખતાં શિખવી, છેલ્લે વાકયોનું વ્યાકરણ કરતાં શિખવવું."

એક વસ્તુ સ્પષ્ટ દેખાશે કે આ ભાષાસ્વરૂપમાં સુરત બાજુનો કોઈ રણકો અનુભવાતો નથી. માન્ય ગુજરાતી ભાષાની ઐતિહાસિક માંડણીનો આરંભ એ વ્યાકરણના ગદ્યમાં જોવા મળે છે.

સન ૧૮૫૯ માં સરકારે એક 'પાઠાવળી' છપાવી હતી તેનું ગદ્ય વધુ શિષ્ટતા તરફ વળેલું જોઈ શકાય છે. હકીકતે 'જૂની સરકારી વાચનમાળા'—લોકમાં 'હોપ વાચનમાળા' તરીકે જાણીતી વાચનમાળાના ગદ્યમાં તત્કાલીન સ્વીકૃત જોડણીની એકવાક્યતા જોવા મળે છે અને ભાષામાં પણ પ્રૌઢિ જોવા મળે છે આના પાઠ અનેક વિદ્વાનો પાસે લખાવવામાં આવેલા અને પદ્યો તો મોટે ભાગે 'ક. દ. ડા.'-(કવિ દલપતરામ ડાહ્યાભાઈ)નાં રચેલાં છપાયાં હતાં. હોપ વાચનમાળાના સંપાદનમાં કવીશ્વરનો સીધો હિસ્સો હોવાની સંભાવના નથી, પરંતુ 'બુદ્ધિપ્રકાશ'ના તો એઓ સંપાદક હતા અને એની ભાષાનું ધોરણ વિકસતું જતું હતું એ નોંધપાત્ર છે.

અહીં એ નોંધવા જેવું છે કે શ્રી. હોપના વ્યાકરણની પૂર્વે સન ૧૮૫૭ માં *Principles of Goojaratee Grammar* (ગુજરાતી વ્યાકરણના સિદ્ધાંત) એ વ્યાકરણ શ્રી એડવર્ડ લેકીએ અંગ્રેજી માધ્યમથી રચી પ્રસિદ્ધ કર્યું હતું. બેશક, સુવિશદ આ વ્યાકરણમાં ભાષાનો ઢાંચો હજી વાણિયાશાહી છે. એ વિદ્વાને પોતાનું વ્યાકરણ લખતાં પૂર્વે ડ્રુમન્ડ, ફોર્બ્સ, ગંગાધર ફડકે, રામસે, કલાર્કસન અને ફોકનરનાં ગુજરાતી વ્યાકરણ જોયાનું લખ્યું છે. ભાષાને વ્યાકરણબદ્ધ કરવાનો પણ પ્રયત્ન સારી રીતે શરૂ થઈ ચૂકયો હતો. કવિ નર્મદાશંકરે પણ વ્યાકરણ લખ્યાનું જાણીતું છે.

સન ૧૮૬૨ માં અમદાવાદની શિક્ષક તાલીમ શાળા તરફથી 'ગુજરાત શાળાપત્ર' શરૂ થયું, જેમાં 'બુદ્ધિપ્રકાશ'ની લેખન-પદ્ધતિનો સમાદર કરવામાં આવ્યો હતો. આ તાલીમ શાળામાંથી અભ્યાસ કરીને નીકળેલા મોટા ભાગના શિક્ષકો ઝાલાવાડના હતા. 'શાળાપત્ર'ની ભાષાનો નમૂનો પણ જોવા જેવો છે:

"આ ચોપાન્યું ગુજરાતી નિશાળોના મેહેતાજીઓને સારૂ પ્રગટ કર્યું છે. પરંતુ બીજા માણસોને પણ ઉપયોગી પડશે, એમાં કાંઈ સંદેહ નથી.

કેમકે એમાં ભાતભાતના વિષયો લખાશે, તથાપિ કેળવણી સંબંધી ઘણું આવશે.'' (પૃ. ૧)

'જોડણી'નો વ્યવસ્થિત વિચાર પણ 'શાળાપત્ર'ના આ ૧૮૬૨ ના જુલાઈ–ઑગસ્ટ–સપ્ટેમ્બરના જોડિયા અંકમાં શરૂ કરવામાં આવ્યો હતો. પ્રયોજન બહુ સ્પષ્ટ હતું:

> ''નવી સાત ચોપડીઓમાં છાપનારની એટલી બધી ભૂલો છે કે તેઓ પરથી ફલાણા શબ્દની નકી આ જોડણી છે એમ કહી શકાતું નથી. તેના તે જ શબ્દની જુદે જુદે ઠેકાણે જુદી જુદી જોડણી કરી છે. એ ભૂલોને આ ચોપાન્યામાં થોડે થોડે પ્રસિદ્ધ કરીશું.'' (પૃ. ૪૫-૪૬)

જોડણીવિષયક લેખ પછી એ વર્ષના પાંચમા અંકમાં 'જોડણી–આંક ૧' મથાળે અપાયેલા, જેમાં ૯ નિયમ આપવામાં આવેલા. આ નિયમો નીચે ''તા. ૨૮ મી જાનેવારી સને ૧૮૫૯ મુ૦ અમદાવાદ'' એમ દિવસ કરી (૧) ''શ્રી મોહનલાલ રણછોડદાસ દિપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સુરત જીલ્લાના,'' (૨) ''પ્રાણલાલ મથુરાદાસ દિ૦ એ૦ ઇ૦ પ્રા૦ ધોળકા,'' (૩) ''મહીપતરામ રૂપરામ પ્રો૦ દિ૦ એ૦ ઇ૦ પ્રા૦ ગોગા,'' (૪) મયારામ શંભુનાથ દિ૦ એ૦ ઈ૦ ખેડા જીલાના,'' (૫) ''દોલતરામ ઉત્તમરામ દિ૦ એ૦ ઈ૦ ભરૂચ જીલાના,'' અને (૬) ''દલપતરામ ડાહ્યાભાઈ ગુ૦ વ૦ સોસાઈટીના આસિસ્ટંટ સેક્રેટરી'' આ રીતે (પૃ. ૮૦) સહીઓ કરવામાં આવી છે. હકીકતે ગુજરાતી જોડણીના વિષયમાં આ પહેલો ઐતિહાસિક પ્રયત્ન છે એ નોંધવું જોઈએ. એ પછી ૧૮૬૨ ના છઠ્ઠા અંકથી થોડાં થોડાં પાનાંમાં 'જોડણીકોશ' આપવામાં આવતો હતો.

કવીશ્વર દલપતરામ અને કવિ નર્મદાશંકરના ઉત્તર સમકાલીન ગુજરાતી વિદ્વાનોએ લખવા માંડેલા વિવિધ પ્રકારના સાહિત્યે હવે ભાષાને શિષ્ટતા અને પ્રૌઢિ આપી દીધી હતી.

શૈક્ષણિક સાહિત્યિક અને વ્યાવહારિક ઉપયોગ માટે સ્વીકારવામાં આવેલા લિખિત પ્રકારના ભાષાસ્વરૂપને 'શિષ્ટ' કે 'માન્ય' એવી સંજ્ઞા આપવામાં આવી છે. શિષ્ટ જનો એનો સાર્વત્રિક ઉપયોગ કરતા હોય છે. એક વાત સ્પષ્ટ છે કે શિષ્ટ જનોના ઉચ્ચારણમાં પણ એવી પરિસ્થિતિ છે કે મુખ્યત્વે બલાત્મક સ્વરભારને કારણે સ્વરોનાં ચોક્કસ પ્રકારનાં ઉચ્ચારણ થતાં હોય છે તે ઉચ્ચારણ લેખનમાં સ્વીકારવામાં આવેલી વ્યવહારુ જોડણીમાં બધા જ સંયોગોમાં બતાવી શકાતાં નથી, અનુસ્વાર અને અનુનાસિક સ્વરોચ્ચારણ વચ્ચે, મૂર્ધન્ય અને મૂર્ધન્યતર ડ–ઢ

વચ્ચે તેમજ 'એ–ઓ'નાં સંવૃત અને વિવૃત હ્રસ્વ-દીર્ઘ ઉચ્ચારણોમાં સ્પષ્ટ ભેદ હોવા છતાં આપણે લેખનમાં એ ભેદ નથી બતાવતાં, વળી પૂર્વના સ્વર ઉપર ભાર હોવાને કારણે પછીની શ્રુતિમાં લખાતો 'અ' ઉચ્ચરિત થતો નથી છતાં જોડણીમાં આપણે અનિવાર્ય રીતે લખીએ છીએ; યશ્રુતિ વશ્રુતિ અને મર્મરોચ્ચારણ કિંવા હશ્રુતિ આ વગેરે પણ જોડણીના વ્યવહારુ નિયમો પ્રમાણે લેખનમાં બતાવીએ છીએ અથવા તો ક્યાંક બતાવતાં નથી. આવી પરિસ્થિતિમાં લેખનમાં ભાષાનું એક સ્વરૂપ આપણે 'માન્ય' કર્યું છે તે આપણી 'શિષ્ટ ગુજરાતી ભાષા' છે.

આ સંદર્ભમાં એક વાત સમજી લેવી જોઈએ કે કવીશ્વર દલપતરામ દ્વારા 'બુદ્ધિપ્રકાશ'માં, હોપ વાચન માળા લખનારાઓ દ્વારા વાચનમાળામાં અને અમદાવાદની શિક્ષક તાલીમ શાળા(પછીથી 'પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કોલેજ') દ્વારા 'ગુજરાત શાળાપત્ર'માં ભાષાનો જે ઢાંચો શરૂ થયો તે આ આપણી માન્ય ભાષા અને એનું નજીકમાં નજીકનું ઉચ્ચરિત સ્વરૂપ હોય તો એ વઢવાણને કેંદ્રમાં રાખી ઝાલાવાડ (આજના સુરેંદ્રનગર જિલ્લા)નું. અને એક નોંધપાત્ર સ્થિતિ એ પણ હતી કે અમદાવાદની શિક્ષક તાલીમ શાળામાં તાલીમ પામેલા શિક્ષકોમાં ઝાલાવાડના બ્રાહ્મણ અને વણિક શિક્ષકોની સંખ્યા સારી રહેતી અને સરકારી તેમજ દેશી રાજ્યોની તાલુકા શાળાઓમાં મહેતાજીઓ અને શિક્ષકો તરીકે આ ઝાલાવાડી શિક્ષકો પ્રમાણમાં ઠીકઠીક સંખ્યામાં હતા. આને કારણે પણ માન્ય ભાષાનું સ્વરૂપ ઝાલાવાડની બોલીને વધુ નજીક રહ્યું.

## ૨. બોલીઓ

### અ. બોલી-સ્વરૂપો

ભાષા અને બોલી વચ્ચે એક મહત્ત્વનો ભેદ એ છે કે કોઈ પણ એક બોલીને કેંદ્રમાં રખાયે માન્ય બનેલા રૂપમાં વિભિન્ન બોલીઓમાંથી પણ શબ્દોની તેમજ રૂઢિપ્રયોગોની આયાત થતી હોય છે અને તેથી ભાષામાં એક જ અર્થના એકથી વધુ શબ્દ વપરાતા હોય છે, જ્યારે તે બોલીમાં એક જ અર્થનો એક જ શબ્દ વપરાતો હોય છે. આને કારણે તે તે બોલી તારવવાની સરળતા થાય છે.

પ્રાદેશિક બોલીઓના 'કચ્છી' 'સૌરાષ્ટ્રી' 'ઉત્તર ગુજરાતી' 'મધ્ય ગુજરાતી' 'દક્ષિણ ગુજરાતી' અને 'આદિમ જાતિઓના વિસ્તારની' એવા ભેદના શબ્દગત સ્વરૂપ વિશે આપણને સ્વલ્પ પરિચય હવે પછી મળશે; આ વિષયમાં જોઈએ કે 'આદિમ જાતિઓની ગુજરાતી'ની બોલીઓના જાતિગત દૃષ્ટિએ જેમ ચાર પ્રકાર છે તે પ્રમાણે ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છમાંની વિભિન્ન જ્ઞાતિવાર પણ બોલીઓ પ્રચારમાં હતી અને હજી પણ પકડી શકાય છે.

## ૧. કચ્છી બોલી

હકીકતમાં તો સિંધમાંથી લગભગ દસમી સદીથી સમા રાજપૂતો અને બીજી જ્ઞાતિઓ પણ આવતી થઈ ત્યારથી સિંધમાં જેમ વ્રાચડ અપભ્રંશમાંથી સિંધીનો ભાષા તરીકે વિકાસ થયો તે પ્રમાણે સમાંતર રીતે કચ્છીનો પણ વિકાસ થયો. કચ્છના વાગડ ભૂભાગને અપવાદે કચ્છની તળભૂમિમાં બોલીભેદે કચ્છી જ વપરાય છે. રાજવંશ જાડેજા રાજપૂત હોવાને કારણે કચ્છની પ્રધાન બોલી 'જાડેજી' છે. એનું સાહિત્ય મૌખિક પરંપરામાં રહેવાને કારણે એને 'ભાષા'નો દરજ્જો ન મળ્યો, આમ છતાં એ 'રાજભાષા' તરીકે કચ્છની મુખ્ય બોલી રહી અને એના સંસ્કારમાં વિકસેલી બીજી સોળ જેટલી બોલી પ્રચારમાં આવી. આમાં માંડવીના ઓસવાળોમાં બે પ્રકાર છે અને ઉત્તર ભારતમાંથી આવેલા કાયસ્થોની ઉત્તરના સંસ્કારવાળી 'કાયસ્થી' કચ્છી પણ વિકસી આવી. મુખ્યત્વે સૌરાષ્ટ્રમાંથી રાજ્યની સેવામાં નાગર બ્રાહ્મણો (ગૃહસ્થો અને એમના પુરોહિતો) આવતા થયા ને મુખ્યત્વે ભૂજ અંજાર માંડવી મુંદ્રા વગેરેમાં સ્થિર થયા એને કારણે ઘરમાં સૌરાષ્ટ્રિય નાગરી ગુજરાતી બોલીનું ચલણ રહ્યું, છતાં જાડેજી બોલીનો પટ લાગ્યો ને એણે પણ એક બોલીનું સ્થાન લીધું. વાગડ(કચ્છ)માં તો મુખ્યત્વે આહીરોની અને ઉત્તર ગુજરાતમાંથી આવેલ રાજપૂતોની વસ્તી હોવાથી ત્યાં ઉતર ગુજરાતની 'બોલી' વ્યાપક બની અને હજી પણ છે.

કચ્છમાંથી મુખ્યત્વે ભાટિયા મેમણ ખોજા મિયાણા મુસ્લિમ-સિંધી સાછીમાર વાઘેર વગેરે સૌરાષ્ટ્રના હાલાર અને સોરઠ(અત્યારના જામનગર રાજકોટ અને જૂનાગઢ જિલ્લાઓ)માં આગળ વધ્યા, જેઓ કચ્છી પોતાના આંતરિક વ્યવહારમાં પ્રયોજે છે.

કચ્છની મુખ્ય અને વિવિધ જ્ઞાતિગત પેટા બોલીઓને 'ગુજરાતી' સાથે સીધો સંબંધ નહિ હોવાથી એનાં ઉચ્ચારણ તેમજ ભાષાકીય નમૂનાઓ વિશે અહીં કશું આપવામાં આવ્યું નથી.

અહીં પ્રાદેશિક બોલીઓની પ્રથમ ઉચ્ચારણગત વિશિષ્ટતાઓ તારવવાનો પ્રયત્ન છે.

## ૨. ઉત્તર ગુજરાતની બોલીઓ

અ. સ્વરોચ્ચારણમાં અંત્ય એકારનું અતિ હ્રસ્વ ઉચ્ચારણ; જેમકે 'આવશિ' 'ખાશિ' 'થાશિ' વગેરે

આ. અનંત્ય દશામાં એકારનું વિવૃતપણું : 'બૅસિ' 'પૅસિ છિ'

ઇ. દીર્ઘ ઈ-ઊનાં પ્રાયઃ હ્રસ્વ ઉચ્ચારણ

ઈ. શબ્દાંતે અનુનાસિક સ્વરોચ્ચારણ નહિવત્ (નરસિંહરાવનું 'કોમલતમ')

ઉ. અનુનાસિક વ્યંજનો 'ણ–મ'ની પૂર્વેના 'આ'નું 'ઑ': 'પૉણિ' 'ગોંમ' એવું વિવૃત ઉચ્ચારણ

ઊ. ઇકાર જાળવતા શબ્દોમાં 'લેંબડો' 'પેંપરો' 'નેશાર', 'ઇ'ને સ્થાને 'એ'

ઋ. વ્યંજનોમાં તાલવ્ય સ્વરના યોગમાં 'સ'નો તાલવ્ય 'શ', પરંતુ અન્યત્ર કંઠ્ય 'સ' અઘોષ ઉચ્ચારણ: જેમકે 'નાશિ જ્યો', પરંતુ 'સારું'

એ. ળકારને સ્થાને વ્યાપક 'ર' જેવું ઉચ્ચારણ; જેમકે 'નળ'ને સ્થાને 'નર' વગેરે

ઐ. યશ્રુતિનો વ્યાપક પ્રયોગ: જેમકે 'આવ્ય' 'નાઠ્ય' 'વાવ્ય' વગેરે

ઓ. મર્મર ધ્વનિ કિંવા હશ્રુતિનો આછો પ્રયોગ: 'માઃરું' તાઃરું' 'એઃનું'

ઔ. 'ચ–છ'ને સ્થાને 'સ' અને 'જ–ઝ'ને સ્થાને જ (z) જેવું ઉચ્ચારણ: જેમકે 'છે'નું 'સે', 'સાચું'નું 'સાસું' જેવું

અં. કકારને સ્થાને 'ચ' અને ગકારને સ્થાને 'જ': 'ચ્યાં' 'જ્યો'

અઃ. 'નથી'નું 'નહિ', ક્વચિત્ 'નખે' પણ સંભળાય છે. અને વર્તમાન પુરુષ એકવચનમાં 'છું' 'કરું છું' વગેરે

## ૩. મધ્ય ગુજરાતની બોલીઓ

અ. 'એ–ઓ'નાં ચતુર્વિધ ઉચ્ચારણ: હ્રસ્વ દીર્ઘ અર્ધવિવૃત અને સંપૂર્ણ વિવૃત

આ. દીર્ઘ ઈ–ઊકારનાં પ્રાયઃ હ્રસ્વ ઉચ્ચારણ

ઇ. શબ્દાંતે અનુનાસિક સ્વરોચ્ચારણનો પ્રાયઃ અભાવ; જેમકે 'આવવુ' 'જવુ' વગેરે

ઈ. ઉત્તર ગુજરાતની જેમ અનુનાસિક વ્યંજનો 'ણ–મ'ની પૂર્વે 'આ'નું 'ઑ' ઉચ્ચારણ

ઉ. અહીં પણ 'લેંબડો' 'પેંપરો' 'નેશાર' જેવાં ઉચ્ચારણ

ઊ. વ્યંજનોમાં તાલવ્ય સ્વરના યોગમાં 'સ'ને સ્થાને 'શ': જેમકે 'પેશે' 'બેશે' 'પેશિ' 'બેશિ' 'નાશે' 'નાશિ' વગેરે

ઋ. 'ળ'નો સર્વત્ર નિરપવાદ 'ર', ઉત્તર ગુજરાતની જેમ

એ. યશ્રુતિનો વ્યાપક પ્રયોગ: 'આવ્ય' 'કરય' 'બેસ્ય' 'મત્ય' 'ગત્ય' 'વાવ્ય' વગેરે

ઐ. મર્મરધ્વનિ કિંવા હશ્રુતિની સંપૂર્ણ વ્યાપકતા: જેમકે 'માઃરું' 'અઃમારું' 'તઃમે' 'અઃમે' 'તાઃરું' 'જ્યાઃરે' 'ત્યાઃરે' 'તેઃનું' 'એઃનું' વગેરે

ઓ. 'ચ–છ–જ–ઝ'નાં તત્સમેતર શબ્દોમાં મરાઠી પ્રકારનાં ઉચ્ચારણ (નરસિંહરાવે નોંધ્યાં છે.)

ઔ. વર્તમાન બીજા પુરુષ એકવચનમાં 'છુ'; જેમકે 'તુ આવુ છુ'. 'નથી'નું નહિ.

## ૪. દક્ષિણ ગુજરાતની બોલીઓ

અ. બધા જ સ્વરોનું મધ્યમ ઉચ્ચારણ, અંત્ય સ્વરોને સહેજ તાણીને બોલવાની રીત, 'એ–ઓ'નાં વિવૃત ઉચ્ચારણોનો સદંતર અભાવ

આ. ઈ–ઊકારનાં સર્વત્ર હ્રસ્વ ઉચ્ચારણ

ઇ. તાલવ્ય શકારનો સર્વથા અભાવ, સર્વત્ર કંઠ્ય અઘોષ 'સ' વ્યાપક; જેમકે 'સારુ' 'બેસે' 'સુ' વગેરે

ઈ. ળકારને સ્થાને 'લ'ની બહુલતા (મુંબઈગરાઓમાં આ સામાન્ય છે તે દક્ષિણ ગુજરાતની લઢણ છે.): 'નલ' 'મલ્યો' વગેરે

ઉ. શબ્દારંભે 'ન'ને સ્થાને 'લ' પ્રયોજવાની આદત (સૌરાષ્ટ્રમાં સમુદ્રકાંઠાના ખારવા–ભોઈ વગેરેની બોલીઓમાં આ જોવા મળે છે.): જેમકે 'નાખે'નું 'લાખે'

ઊ. યશ્રુતિનું પ્રાબલ્ય, ભૂતકૃદંતમાં તો 'ઇ'ના રૂપમાં વટાવીને આગળ આવી જવાનું; જેમકે 'આઇવો' 'ચાઇલો' વગેરે

ઋ. મર્મર કિંવા હશ્રુતિનો અભાવ; જેમકે માત્ર 'મારુ' 'તારુ' 'તેનુ' વગેરે

એ. દ્વિતીય ભૂતકૃદંતના રૂપમાં 'અ–આ' પછી 'એ'–'યે'ના સ્થાને 'ય' ઉચ્ચારણ; જેમકે 'ગયલુ' 'આયલુ' 'છપાયલુ' વગેરે

ઐ. ક્રિયાતિપત્ત્યર્થનાં રૂપોમાં 'કરતે' 'ખાતે' 'જતે' જેવાં રૂપોની પ્રચુરતા

ઓ. સર્વનામોમાં 'એ'ને બદલે 'તે'નો જ સાર્વત્રિક પ્રયોગ

## ૫. સૌરાષ્ટ્રિય બોલીઓ

અ. ઉચ્ચારણની દૃષ્ટિએ ઝાલાવાડ (હાલનો સુરેંદ્રનગર જિલ્લો) વધુ શિષ્ટ; 'એ–ઓ'નાં અર્ધવિવૃત અને વિવૃત ઉચ્ચારણ ખૂબ સ્વાભાવિક રીતે, હાલાર અને સોરઠમાં અનંત્ય દશામાં વિવૃત ઉચ્ચારણ સર્વથા નથી. જ્યારે શબ્દાંતે અર્ધવિવૃત કિંવા હ્રસ્વ વિવૃત બરોબર સંભળાય છે.

આ. ઈ–ઊનાં પણ એ અનુનાસિક હોય કે અનનુનાસિક, ઉચ્ચારણ સર્વથા હ્રસ્વ જ થાય છે; માત્ર 'જ' અને 'ય' પૂર્વે જ સ્વરભારને કારણે તાણીને ઉચ્ચરિત કરાય છે.

ઇ. અનુનાસિક સંપૂર્ણ સ્વરોચ્ચારણ સમગ્ર સૌરાષ્ટ્રમાં વ્યાપકતાથી થાય છે અને 'હસવું' જેવા શબ્દમાં 'હઁસવું' જેવું ઉચ્ચારણ.

ઈ. 'શ-ષ-સ' વચ્ચે સૌરાષ્ટ્રમાં કોઈ ભેદ નથી, શહેરી ઉચ્ચારણમાં દંત્ય 'સ' અને કંઠ્ય અઘોષ 'સ' બેઉ, જ્યારે ગ્રામીણ ઉચ્ચારણમાં કંઠ્ય અઘોષ 'સ઼' જ વ્યાપક છે; જેમકે 'સું' અને 'સ઼ું' 'બેસે' અને 'બેસ઼ે' વગેરે.

ઉ. ગ્રામીણ ઉચ્ચારણમાં 'ચ–છ' ને સ્થાને દંત્ય 'સ' અને 'જ–ઝ' ને સ્થાને 'જ઼' (z) વ્યાપક

ઊ. ઝાલાવાડમાં 'ગ'ને સ્થાને ક્વચિત્ 'જ' : 'ગ્યો'–'જ્યો' 'નાસિ ગ્યો' 'બેસિ ગ્યો' તેમ 'બોજો' 'બોજા' 'જાડ઼' 'સાંજ઼' વગેરે

ઋ. 'ઢ'નું અનાદિ દશામાં પણ શુદ્ધ મૂર્ધન્ય ઉચ્ચારણ, જ્યારે અનાદિ દશામાં સંસ્કૃતના ત–ટ વગેરે પરથી આવેલા શબ્દોમાં 'ડ' નું મૂર્ધન્યતર, પરંતુ પ્રાકૃત ભૂમિકામાંથી બેવડા ડ્ડ ઉપરથી ઊતરી આવેલા ઉચ્ચારણમાં શુદ્ધ મૂર્ધન્ય : 'પાડ઼ો' (સં. पाटकने કારણે) મૂર્ધન્યતર, પરંતુ 'પાડો' ('ભેંસ'-નો નર, પ્રા. पड्डुने કારણે) શુદ્ધ મૂર્ધન્ય–એ રીતે 'ગાડી' 'હાડ' 'લાડ' 'લાડો' વગેરેમાં શુદ્ધ મૂર્ધન્ય, એ જ રીતે 'વડો' (મોટો)

એ. યશ્રુતિ સર્વત્ર વ્યાપક : 'આવ્ય' 'હરય' 'મરચ' 'વાવ્ય' 'રત્ય' 'ગત્ય' વગરે

ઐ. મર્મર કિંવા હશ્રુતિનો સર્વથા અભાવ : 'મારું' 'તારું' 'એનું' 'જ્યાં' 'ક્યાં' વગેરે

ઓ. ળ-કારના વિષયમાં પ્રાદેશિક ભેદ : સોરઠ અને હાલારમાં નાગરોને અપવાદે 'ર' ઉચ્ચારણ. અર્થભ્રમ થતો હોય ત્યાં 'લ' ઉચ્ચારણ (આંગરીથી ગર કાઢી ચાટય, ગરચો લાગે ચ કે મોરો ? પરંતુ 'મળ્યો'નું કે 'નલ'-નું 'મલ્યો' કે 'નલ', સુરતી જેમ)

ઔ. વ્યાકરણની દૃષ્ટિએ વિચાર કરતાં વર્તમાન બીજા પુરુષના એકવચનમાં ઝાલાવાડના અપવાદે 'અ' પ્રત્યય : 'તું કર ચ' ('તું કરે છે' ને સ્થાને). 'છ' ધાતુનો મુખ્ય ક્રિયાપદ ન હોય ત્યારે માત્ર 'છ' કે 'ચ' તરીકે જ પ્રયોગ : હું આવું છ (ચ), અમે આવિયેં છ (ચ), તું આવે છ (ચ), તમે આવો છ (ચ), એ આવે છ (ચ), એઓ આવે છ (ચ). બીજા ભૂતકૃદંતનાં 'એલું'વાળાં રૂપ 'એલ' એમ અવિકારી અંગના રૂપમાં વ્યાપક, અને ક્રિયાતિપત્ત્યર્થમાં 'કરત' વગેરે રૂપ પ્રયોજાતાં ગ્રામીણોમાં 'કરેત' એ પ્રકારનાં રૂપ પ્રયોજાય છે.

ઝાલાવાડમાં વર્તમાન બીજા પુરુષ એકવચનમાં વ્યાપક રીતે પહેલા પુરુષના એકવચન જેવું રૂપ પ્રયોજાય છે: 'તું આવું છું'' વગેરે.

પશ્ચિમ સૌરાષ્ટ્રમાં મેર વગેરેની બોલીમાં વર્તમાન પહેલા પુરુષમાં અંતે અનુનાસિક ઉચ્ચારણ નથી; જેમકે 'આવિયે' 'કરિયે' વગેરે, બાકી સમગ્ર સૌરાષ્ટ્રમાં ત્યાં અનુનાસિક અંત્યોચ્ચારણ છે: 'આવિયેં'' 'કરિયેં'' વગેરે.

ત્રીજી વિભક્તિના એકવચનમાં અનુનાસિક 'એ'' પ્રત્યય છે, જે અકારાંત નામોને લાગતાં અંતર્ગત થાય છે, એ સિવાયમાં બહાર વળગેલો હોય તો 'યે'' રૂપ ધારણ કરે છે. અંતે 'ઓ'–'ઉ'' આવતાં વિકારક નામ–વિશેષણોમાં અંતર્ગત થાય તો 'એ' અનુનાસિક હોય છે; જેમ કે 'ઘોડે', પરંતુ અલગ રહે તો 'અનુનાસિક હોય છે; જેમકે ''ઘોડાયેં'' વગેરે

પહેલી વિભક્તિના બહુવચનમાં સૌરાષ્ટ્રમાં વ્યાપક રીતે 'ઉ' પ્રત્યય સાંભળવામાં આવે છે. જ્યારે સ્રીલિંગ 'ઇ–ઈકારાંત' શબ્દોને લાગે છે ત્યારે સોરઠ અને હાલારમાં એ 'ઉ' અનનુનાસિક હોય છે; જેમકે 'બાઇડિયુ' 'ઘોડિયુ' વગેરે, પણ બાકીના પ્રદેશમાં અનુનાસિક ઉચ્ચારણ છે; જેમકે 'બાઇડિયું'' 'ઘોડિયું'' 'છોકરિયું'' ''દિકરિયું'' વગેરે.

સૌરાષ્ટ્રમાં 'તે' સર્વનામ માત્ર 'તેથી' ના અર્થમાં 'તિ' તરીકે પ્રયોજાય છે, બાકી એનો ઉપયોગ થતો જ નથી, એને બદલે સર્વત્ર 'એ' વપરાય છે. 'જે'ની સામે પણ 'એ' જ: 'જે કરશે એ ભોગવશે.'

ગ્રામીણ બોલીમાં સર્વનામોમાં 'અમિ' 'તમિ' 'તી' 'ઇ' 'ઇમણું'' 'કિમણું'' ''જિમણું'' 'ઇમ' 'જિમ' 'કિમ' વગેરે સામાન્ય. 'એટલું–એટલે–કેટલું–જેટલું'' ને સ્થાને 'અટચલું–અટચલે–કટચલું–જટચલું'' 'વ્યાપક રીતે સંભળાય છે. 'જ્યારે–ત્યારે–ક્યારે'ને સ્થાને 'જયેં–તયેં–કયેં,' તો 'ત્યાં'ને સ્થાને મધ્ય વિભાગમાં ''ન્યાં' અને કંઠાળના પ્રદેશમાં કચ્છીની અસરે 'વાં' ખૂબ સામાન્ય.

પ્રાદેશિક તેમજ જ્ઞાતિગત બોલીઓનો આછો ખ્યાલ આવે એ દૃષ્ટિએ થોડા નમૂના ઠીક થઈ પડશે. અહીં પારસીઓની બોલીને જેમ બાકાત રાખવામાં નથી આવી તેમ હાલ ગુજરાતના રાજકીય એકમમાંથી ભાગલા પાડતી વખતે રાજસ્થાનમાં ચાલ્યા ગયેલા ડુંગરપુર અને વાંસવાડા જિલ્લાઓની 'વાગડી' બોલીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, કારણ કે એ ગુજરાતીની જ બોલીઓ છે, છેલ્લીનો નમૂનો સુલભ નથી. પાકિસ્તાનમાં ગયેલા થરપારકરની પણ બોલી ગુજરાતી છે, પણ નમૂનો સુલભ નથી.

## આ. બોલીગત શબ્દતંત્રો

હવે આપણે આ સંદર્ભમાં પ્રથમ શબ્દતંત્રથી ભેદક એવી ગુજરાતી ભાષાનું બોલીગત શબ્દતંત્ર જોઈએ, જે પછી નમૂના ઠીક થઈ પડશે.

### કચ્છી બોલી

ગુજરાત રાજ્યની પશ્ચિમોત્તર દિશામાં કચ્છ પ્રદેશ આવેલો છે તે પ્રદેશમાં જે વાક્સ્વરૂપ પ્રચલિત છે તેને આ પૂર્વે 'કચ્છી'ના નામે ઓળખવામાં આવી છે. કચ્છી એના કુલક્રમની દષ્ટિએ અનેક ભાષાવિદોના મતે યોગ્ય રીતે જ સિંધી ભાષાનું સમાંતર બોલીરૂપ હોવા છતાં ઘણા લાંબા સમયથી 'કચ્છી' રૂપનો સંસર્ગ ગુજરાતી ભાષારૂપ સાથે ઘનિષ્ઠ રહ્યો હોવાના પરિણામે આમાંથી હવે એક નવું જ સ્વરૂપ આકાર લેતું હોય એમ લાગે છે. આ સ્વરૂપને એટલે કે આજની 'કચ્છી'ને ભૌગોલિક તેમજ સામાજિક એ બંને દષ્ટિકોણથી જોતાં ગુજરાતીના સંલગ્ન સ્વરૂપે પણ શબ્દગત દષ્ટિએ તપાસી લેવું જોઈએ.

આ સ્વરૂપની ગુજરાતીથી ભેદક એવી શબ્દગત વાગ્ભેદની રેખાઓનાં દષ્ટાંત આ પ્રમાણે છે :

| | |
|---|---|
| અન્ધીચીચી (સ્ત્રી.) ગરોળી | પરોલી (સ્ત્રી.) સમસ્યા |
| ઓખો (વિ.) મુશ્કેલ | ફેરો (પું.) રૂઆબ |
| કોસો (વિ.) ગરમ | ભોંગો (પું.) ઝૂંપડું |
| ખચું (પું.) હગણ | રાન્ધાકો (પું.) રમકડું |
| જરકલી (સ્ત્રી.) ચકલી | લાડ઼ી (સ્ત્રી.) ચીંથરું |
| ઢગો (પું.) બળદ | વેજ (પું.) કાંણું |
| ધી (સ્ત્રી.) દીકરી | સી (સ્ત્રી.) ઠંડી |
| નિન્ધરો (પું.) છોકરો | હાબડ઼ (વિ.) અડબાઉ |
| વાંસે (અ.) પાછળ | માથે (નામ.) ઉપર |
| ગરવું (ક્રિ.) પ્રવેશવું | બરકવું (ક્રિ.) બોલાવવું |
| ઓલ્યું (સર્વ) પેલું | રોવું (ક્રિ.) રડવું |

### સૌરાષ્ટ્રિય બોલી

ગુજરાત રાજ્યનો પશ્ચિમ તરફનો ભૂ-ભાગ તે સૌરાષ્ટ્ર. આ પ્રદેશમાં પ્રચલિત ગુજરાતી ભાષાના સ્વરૂપને આ પૂર્વે આપણે 'સૌરાષ્ટ્રિય બોલી' તરીકે ઓળખી છે.

આ સ્વરૂપની ગુજરાતીથી ભેદક એવી શબ્દગત વાગ્ભેદની રેખાઓને જ

અહીં નોંધીશું. આનાં દષ્ટાંત આ મુજબ છે:

અડાયું (ન.) પ્રાકૃતિક છાણું
ઇતેડી (સ્ત્રી.) એક જંતુ
ગગો (પું.) દીકરો
ઘાંઘું (વિ.) બહાવરું
જાસલ (વિ.) તકલાદી
ઠેરી (સ્ત્રી.) લખોટી
ઢોલિયો (પું.) એક ઊંચા પ્રકારનો ખાટલો
દેદાર (પું., બ. વ.) હાલહવાલ
નિમાણું (વિ.) શૂન્યમનસ્ક
પાંસરું (વિ.) સીધું
ભારાડી(વિ.)પહોંચી વળે તેવી શક્તિવાળું
મોવાળો (પું.) વાળ
રવદ (પું.) શરત
વદાડ (પું.) શરત
સીંદરી (સ્ત્રી.) કાથી
ચાલાં (ન., બ. વ.) ગપ્પાં

## ઉત્તર ગુજરાતની બોલી

ગુજરાત રાજ્યનો ઉત્તર તરફનો ભાગ તે ઉત્તર ગુજરાત. આ વિસ્તારમાં જે વાક્સ્વરૂપ પ્રચલિત છે તેને આ પહેલાં 'ઉત્તર ગુજરાતની બોલી' એ નામે ઓળખી છે.

આ સ્વરૂપની ગુજરાતીથી ભેદક એવી શબ્દગત વાગ્ભેદની રેખાઓ આ પ્રમાણે છે:

અંબાર (પું.) બાજરીના ડૂંડાનો ઢગલો
અરઘેણ (સ્ત્રી.) માદા ગીધ
ઘટુકો (પું.) હેડિયો
જેરો (પું.) ગાયોનું ધણ
ડબોરવું (ક્રિ.) બોળવું
ડૂવો (પું.) ઘેંશ અને છાશનું મિશ્રણ
ડોઘું (ન.) ભમર
ડોંકો (પું.) જુવારનો લીલો છોડ
પોરવું (ક્રિ.) વાવવું
પૉણેઠ (સ્ત્રી.) જુવારના છોડનાં લીલાં પાંદડાં
ફાસે (અ.) પાસે
બખારો (પું.) ઘોંઘાટ
રામેસડા (પું., બ. વ.) ચોળા
સરાજમ (પું., બ. વ.) ખેતીનો બધો સામાન
સોઝવયણ (સ્ત્રી.) કુટુંબ
હાડિયો (પું.) કાગડો

## મધ્ય ગુજરાતની બોલી

ગુજરાત રાજયની મધ્યમાં આવેલા વિસ્તારને મધ્ય ગુજરાત તરીકે ઓળખાવ્યો છે. આ વિસ્તારમાં પ્રચલિત ભાષાસ્વરૂપને આ પૂર્વે 'મધ્ય ગુજરાતની બોલી' તરીકે ઓળખાવી છે. આમાંથી ખેડા જિલ્લામાં બોલાતું રૂપ 'ચરોતરી બોલી' તરીકે જાણીતું છે, બાકીના બે જિલ્લાઓના સ્વરૂપ વિશે અધિકૃત ભાષાકાર્યો

ઉપલબ્ધ નહિ હોવાથી અહીં માત્ર ચરોતરીની જ શબ્દગત વાગ્ભેદની રેખાઓ આપીશું. આનાં દૃષ્ટાંત આ પ્રમાણે છે :

ઉચ્છેદિયું (વિ.) નખોદિયું
ઓમ (અ.) અહીં
કેડું (વિ) તોફાની ઢોર
કોન્સિયારચ (સ્ત્રી.) એક જંતુ
ખાવા કરવું (ક્રિ.) રાંધવું
ખેરો (પું.) કણકીની પાપડી
ચારસો (પું.) ઓઢવા માટેની ચાદર, ચોરસો
ડોશી (સ્ત્રી.) એક જંતુ
ઢોસકું (ન.) પાણીની નાની માટલી
દઇ (પું.) દૈવ
દર (પું.) રેત
ધોકેણું (ન.) કપડાં ધોવાનો ધોકો
નેસાતરો (પું.) ચટણી વાટવાનો પથ્થર
બથડો (પું.) વાંસો
મકતું (વિ.) પહોળું
હાંડવો (પું.) એક ખાદ્ય-વાનગી

## દક્ષિણ ગુજરાતની બોલી

ગુજરાત રાજ્યનો દક્ષિણ તરફનો વિસ્તાર તે દક્ષિણ ગુજરાત. આ વિસ્તારમાં બોલાતા વાક્સ્વરૂપને આ પૂર્વે 'દક્ષિણ ગુજરાતની બોલી' તરીકે ઓળખાવી છે. અહીં 'સુરતી બોલી' તરીકે ઓળખાતા વાગ્રૂપના વાગ્ભેદની રેખાઓ આપવામાં આવી છે. આનાં દૃષ્ટાંત આ પ્રમાણે છે :

આરખિયો (પું., બ. વ.) બટાકા
આજી (સ્ત્રી.) માની મા
ઊંઘાઈ જવું (ક્રિ.) ઊંઘી જવું
ઓછંડવું (ક્રિ.) તોડવું
કરમકલ્લો (પું.) કોબીજ
ડખુચોખા (પું. બ. વ.) દાળભાત
તમખી (સ્ત્રી.) છીંકણી, તપખીર
તીશા (અ.) એ તરફ
દોરિયો (પું.) માટલું
પરવલ્લી (સ્ત્રી.) ગરોળી
પાયો (પું.) કપડાં ધોવાનો ધોકો
પોરી (સ્ત્રી.) છોકરી
ભુસું (ન., બ. વ.) ચવાણું
લોટાવવું (ક્રિ.) ગબડાવવું
સારતિયો (પું.) નાતમાં પીરસનાર પુરુષ
સાંભે (અ.) સામે

## આદિમ જાતિઓના વિસ્તારની બોલીઓ

ગુજરાત રાજ્યની ઉત્તરે આબુથી માંડી દક્ષિણે ડાંગ સુધીના ઉત્તર-પૂર્વ સરહદ પરના પટ્ટામાં રાજ્યની લગભગ સમસ્ત આદિમ પ્રજાનો વસવાટ સમાઈ જાય છે. ૧૯૬૧ની વસ્તીગણતરીના આંકડા મુજબ ગુજરાતમાં વનવાસીઓએ કુલ ૩૭

ભાષાઓને પોતાની માતૃભાષા ગણાવી હતી.[૧૦] આમાંની લગભગ ૯૦ ટકા વસ્તી આ જ સંદર્ભના જણાવવા મુજબ ગુજરાતીને પોતાની માતૃભાષા જણાવતી માલૂમ પડી હતી. આ સિવાયની માતૃભાષાઓનો વિચાર કરીએ તો આદિમ જાતિઓની મુખ્ય મુખ્ય બોલીઓની સંખ્યા લગભગ બાર જેટલી થવા જાય છે. આનાં નામ આ પ્રમાણે આપી શકાય: 'ડાંગી' 'ભીલી' 'ભિલોડી' 'ચોધરી' 'ગામીત' 'કૂંકણી' 'વારલી' 'ધોડિયા' 'માવચી' 'વસાવી' 'કોટવાળિયા' અને 'નાયકડી.'

આમાંની પ્રત્યેક બોલી અન્ય કરતાં ભિન્ન છે, અહીં તો વિસ્તારભયથી માત્ર 'ભીલી'ની શબ્દગત વાગ્ભેદની રેખાઓ આપી છે. શામળાજી-વિસ્તારની ભીલીનાં દૃષ્ટાંત આ મુજબ છે :

| | |
|---|---|
| અદારું (ન.) અંધારું | તર (સ્ત્રી.) તરશ |
| અમૂસ (અ.) આમ જ | પુઠે (અ.) પછી |
| કંઈક (વિ.) ઘણું | ભાઠો (પું.) પથ્થર |
| ખરાડવું (ક્રિ.) ખોદવું | મૂડ (ન.) માથું |
| જેરે (અ.) જ્યારે | લબરાં (ન., બ. વ.) કપડાં |
| ટાસી (સ્ત્રી.) ગાય | વરસાં (ન., બ. વ.) વરસો |
| ડુંગરું (ન.) ચીભડું | સપવું (ક્રિ.) છુપાઈ જવું, છપવું |
| ઢકેલી પાડવું (ક્રિ.) ધકેલી દેવું | |

આમ તદ્દન અછડતી રીતે જોતાં ગુજરાતી ભાષાની પ્રાદેશિક તેમજ આદિમ જાતિઓની બોલીઓના આવા છ મોટા વિસ્તાર પાડી શકાય.[૧૧]

આ છ મોટા વિસ્તારોમાં ફરીને પાછા એ જ પદ્ધતિ વડે પેટા વિસ્તારો પાડી શકાય અને પ્રત્યેક પેટા વિસ્તારમાં પણ 'જ્ઞાતિબોલી' 'જાતિબોલી' 'વર્ગબોલી' 'ધંધાબોલી' 'પારસીબોલી' ઇત્યાદિ જેવા ભેદોની પણ તપાસ કરી શકાય. આ પ્રકારના ભેદ જો વ્યાપક પ્રમાણમાં પ્રચલિત હોય તો તેઓને પણ જે તે બોલીભેદ તરીકે ઓળખાવી શકાય.

# ગુજરાતની બોલીઓના નમૂના

## ૧. ઉત્તર ગુજરાતની પટણી બોલી

[ દેવકરણ પટવેલ ને માટયમ બારોટ ]

માટયમ—( ધાંટો પાડીને ) એ દેવકણદા, આવો તો ખરા.

દેવકરણ— ( પાછું જોઈને ) ઓહોહોહો: બારોટ, તમે આંહિં ચ્યાથી ?

મા૦—આંહિં આયે બે દાડા થ્યા. જાણો સો તો કશમો ફરિ જ્યો સેં, નકર ભાટ ભરામણને દેસાવર તે સિંદ જવું પડે ? તમ સરખા બાપા પાસે આઇને શકન નાસતો ક નાઃલ થૈ જતા. હંવ તો મજુરી કરિ કરિને ધ્રુંમલિઅ તુટિ જાય સેં. ઇંનું સત્યાનાસ જાય મેંમઇમાં માતા કાલ્યકાનું ખપ્પર સાલે સેં. ઇંનું સારું થજ્યો ક મારગમાં પોઃરના જેવું દખ નસિ.

## ૨. અમદાવાદી ગામડિયા બોલી

એક માણસને બે દિચરા હતા. ને એમોંના નેનાએ બાપને કિધું કે બાપા, માલમતાનો માઃરો ભાગ મઃને આલો. ને બાપે માલમતની વેંઃચણિ કરિ. ને થોડા દિ કઅે નેનો છૈયો સઘરું ભેરું કરિ પરદેસ જ્યો ને ત્યાંઃ મોજમજામોં પૈશો ખરસિ નાંખ્યો. ને એ પછિ દેસમોં મોઃટો કાર પડ્યો ને એણે તાણ્ય પડવા લાગિ.

## ૩. મધ્યગુજરાતની ચરોતરી બોલી

એક વાણિયો'તો, એઃના સાર સોકરા'તા, ને એઃનો બાપ મોંદે પડ્યો. એણે વસ્યાર કર્યો કે હું મરેશ તારે સોકરા વઢિ મરશે. તેથી તે પસે જિવતા જિવે મોઃટા તૈણને બસેં બસેં રુપિયા આલ્યા, સૌથિ નેનાનેં પાંચ્છેં રુપિયા આલ્યા. ભગવોંનને કરવુ કે એઃમનો બાપ સાજો થયો.

## ૪. દક્ષિણ ગુજરાતની પૂર્વ ભરૂચની બોલી

રેવાશિ અમિ હરભાણના. અમિ હરભાણા રખોતકના તિ આસર ૧૫–૨૦ વરસ રખો ક્યો. તે ઇ રખા રુપિયા અમાઃન પાંચ વરસ લગિ નિ આપ્યાન. તાંઃ અમ઼ઃ રુપિયા માગ્યાન. તાંઃ નોકઁઃ કણો કે આવત વરસ અમિ રુપિયા આપુસું. તાંઃ અમ઼ પાસો રાખ્યો. પણ આવત વરસ પણ રુપિયા નિ આપ્યાન.

## ૫. સુરતી બોલી

એક જણને બે પોયરા ઉતા. ટેમાંના નાલ્લાએ બાપને કયું કે બાપા, જે મિલકત મારે ભાગે ટે મને આપિ લાખો. બાપે મિલકટના બે ભાગ પાઇડા. ઠોડા ડાડામાં નાલ્લો પોયરો સગલું એકઠું કરિને દુર મુલખ ચાઇલો ને ટાં પોટાનિ દૌલટના વદાણા વવડાઇવા. જારે ટેણે સગલું ઉડાવિ દિઢું ટે વખટે ટે મુલખમાં મોટો ડુકાલ પઇડો ને ટેને ટંગી પડવા લાગિ.

## ૬. પારસી બોલી

એક સખસને બે છોકરા ઉંતા. તેમાના નાઃલ્લા છોકરાએ પોતાના બાવાને કેયું, બાવા, તમારિ દોલતમાંથિ જે હિસ્સો મારો થાય તે મુને આપો, તેથિ તેને પોતાનિ દોલત તેવનમા વેચિ આપિ. ઘના દાહ્‌ડા થયા નઈ એટલામાં નાઃલ્લા છોકરાએ પોતાનિ પુંજિ એકથિ કરિને દુર દેસાવર ગિયો ને તાં ખરાબ હાલતનિ અંદર બદ્ધિ ગુમાવિ દિધિ.

## ૭. સૌરાષ્ટ્રની ઝાલાવાડી

એક જણાને બે સોકરા હતા. ઇમાંથા નાનાયે ઇના બાપને કિધું, બાપા, આપણા મઝિયારામાંથી મને મારો ભાગ આપો. અટલે બાપાયેં બધિ ઘરવખરિ વેંચિ દિધિ. થોડા દિ સ્યેડે નાનાયેં તો પોતાના ભાગનું બધું વેચિ સાટિ ઇના જે પૈસા આવ્યા ઇ લૈને પરદેસમાં જિયો ને ઇયાં કણે પોતાનું બધું મન પડે ઇમ ઉડાડવા માંડ્યું.

## ૮. સૌરાષ્ટ્ર–હાલારની નાગરી બોલી

એક હતાં ડોસિમાં. ઇ રોજ કથાવારતા સાંભળેં ને દેવદશ'નેં જાય. રોજ પાદરમાં આવેલ માદેવને મંદિરેં જાય. ઉંવાં જૈ દર્શન કરે, ચોખા કે જારની વાટયકી લૈ આવ્યાં હોય ઇ ઉંબરે ઠલવે ને સોપારી નેં પૈસો મુકે નેં પાછાં ઘેરય આવે; ઘેરય આવિનેં માળા ફેરવે.

ઘરમાં નાનાંમોટાં છોકરાંની બોબ્ય હતી. છોકરાંઉનેં થ્યું ક અમેંય ડાડિબાને હારયેં દર્શનેં જૈયેં તો કેવી મજા! 'ડાડિબા, ડાડિબા' એક દિ છોકરાંઉયેં કિધું, તમેં દર્શનેં જાવ તયેં અમનેં ભેગાં તેડિ જાવ્યો તો! ઉંવાં સું થાય છે. ઇ અમારે જોવું છે. કાલ્ય તો તમારિ ભેગા

અમિ બધાં હડિ કાઢતાંકનેં પોંચિ જાસ્યું.' ડોસિમાં કયે: 'બે દિ પછિ શવરાંત્ય છે તયે તમિ આવજ્યો.'

## ૯. સોરઠી બોલી

એક હતાં ડોસિમાં. ઇ નત્ય કથાવારતા સાંભરે નેં દેવદરસનેં જાય, નત્ય પાદરથમાં આવ્યલ માદેવને મંદારય જાય. જ્યાં જૈ દરસન કરે, ચોખા નેં ફુલ ઉંબરે ઠલવે નેં સોપારિ નેં દોકડો મુકે, નેં પાછાં ઘેરય આવે. ઘેરય આવિનેં મારા ફેરવે.

ઘરમાં નાનાં છોકરાંઉંનિ બોરચપ હતિ. છોકરાંઉંનેં થ્યું કે અમેંય ડાડિમાંનિ હારયેં દરસનેં જાયેં તો કિવિ મજા! 'ડાડિમાં,' એક દિ છોકરાંઉયેં કયું: 'તમેં દરસનેં જાવ તયેં અમનેં હારયે તેડિ જાજ્યો, હો કે? ન્યાં સું થાય્ છ ઇ અમારે જોવું છ. કાલ્ય તો તમારિ મોરય મોરય અમેં સૌ હડિયુ કાઢતાંકનેં પુગિ જાસ્યું! ડોસિમાં કયે: 'બે દિ પછેં સવરાંત્ય છે તયેં તમેં આવજ્યો. તે દિ મા પુજા છે.'

## ૧૦. સોરઠી ગ્રામીણ બોલી

એક હતાં ડોસિમાં. ઇ નત્યાન કથાવારતા સાંભરે નેં દેવદરસનેં જાય. નત્યાન પાદરથમાંના માદેવને મંઘરય જાય. ન્યાં જૈ દરસન કરે. સોખા નેં ફુલ ઉંબરે ઠલવે ને સોપારિનો રોઠો ને દોકરો મેલે, પાસાં ઘેરય આવે. ઘેરય આવિનેં મારા ફેરવે.

ઘરમાં નાનાંમોટાં સોકરાંઉંનિ બોરથપ હતિ. સોકરાંઉંનેં થ્યું કે અમેંય ડાડિમાંનિ હારયેં જાયેં તો કિવિ મજા! 'ડાડિમાં, ડાડિમાં', એક દિ સોકરાંઉયેં કયું. 'તમેં દરસન જાવ તયેં અમનેંભેરાં તેડિ જાજ્યો. હોકે! ન્યાં સું થાયૂસ ઇ અમારે જોવુંસ. કાલ્ય તો તમારિ મોરય મોરય અમિં સૌ હડિયુ કાઢતાંક પુગિ જાસ્યું.' ડોસિમાં કયે: 'બે દિ પસેં સવરાંત્ય સે તયેં તમિં આવજ્યો. તે દિ માપુજા સેં.'

## ૧૧. મેરની બોલી

એક હુંતાં ડોસિમાં. ઇ વરે નિતનિમ નેં વરત કરે. નિત પાદરના માદેવને ડેરે જાય. માલિકોર ગરે નેં પુંજા કરે. પાણિનો કરસિયો ચડાવે, ફુલ ચડાવે નેં પાસાં ઘેર મરડે. ઘેર આવેનેં મારા ફેરવવા બેસે જાય.

ઘરમાં નાનાં નાનાં પોકયૂડાંઉં જાજાં હુંતાં. પોકયૂડાંઉંને થાય કે અમીંયં ડાડિમાનિ હારે હારે ડેરે જાયે તો કિવિ મજા પડે! ‘ડાડિમાં, ડાડિમાં’, એક દિ પોકયૂડાંઉં બોલે ઉઠાં, ‘તું વરે ડેરે જા તયેં અમણેય ભેરાં લેત્તિ જા તો! ન્યાં વરે જોયે તો ખરાં કે કાંઉ પે. કાલ તો તારિ મોર મોર જ અમિં બથ્થાં તગતગતાં આવસું.’ ડોસિમાં કે: ‘એ દિ પષે સુવરાંત આવે ૫. તેદુ મોટિ પુંજા થાસે તયેં તમણે જુલું જોવાનું મલસે.’’

## ૧૨. સોરઠી ખારવાની બોલી

એક માનસને બે ડિકરા હુટા. નેં ઇમાંના નાનાયેં બાપનેં કિદું, ‘બાપા, સંપટનો ભાગ હુંનેં આપ. નેં ઇયેં પુંજિ વેંચિ ડિદિ. ઠોરા ડારા કેરે ઇ નાનો ડિકરો બઢિબઢ બદું ભેરું કરટોકનેં ડુર ડુર ડેસાવર ચાલિયો ગિયો. ઇયેં વાં રંગભોગેં પોટાનિ સંપટ ઉડારિ લાખિ. નેં ઇયેં બઢિબઢ બદુંય ખરચિ લાખિયું.

## ૧૩. સિદ્ધપુરિયા વહોરાઓની બોલી

સકીના—કાકાજી, દસ રુપિયાના છુટા હસે?

બાપ—ડિકરી, ટને કોએ મોકલિ છ?

સકીના—મારી માયે.

બાપ—જો, સામે લંગરા મુલ્લાંની ડુકાને પૂછ. મારિ કને નહિ, નૈ તો મેં આપટ.

સકીના—(જઈને) દસનિ નોટનું પરચુટન હસે?

મુલ્લાં—આ નોટ કાંસિ લાવિ? ટારા બાવાજીનું નામ સું?

સકીના—અબ્દુલહુસેન મિઠાઇવાલા. (કંકોડી સડેલી જોઇ) કાકા, આવિ કંકોરિ કાંસિ લાવા? ટફુન સરિ ગે લાગે છ.

મુલ્લાં—ડિકરી, એ કંકોરિમાં ટો કિરા પરા છ.

સકિના—આજ બઢા અપનાવાલા ભેગા કેમ ઠિયા છ.?

મુલ્લાં—આજ અપનાવાલા અલિહુસેન બાલડિવાલાની મૈયટ થૈ છ.

## ૧૪. સામાન્ય ભીલી

અમાં ભિલ કેવાં ને ડુંગરામાંય રહાં. અસલ અમારે બાપદાદા આવેલા સે, તિવા ડુંગરા અમારા કેવા ને અમારે વિવા એવો થાય કે:

વોરને ગેરહા માબાપ ભાઇ ને કાકા ભેગા થૈને જોવા નિકલે. જણે ગામ લાડિ ગમે તણે ગેર જાઇને પુસે, 'તમારે સુરિને મારા સોરા હાર સગાઇ કરવી સે' ને લાડિને માબાપ ગમે તો 'હાં, સગાઇ કરવી સે.' એમ કે: પસે કલાલને ગેરન્સો હરો એક રુપિયાનો મગાવિ સગળાં પાઇને વોર ને માબાપ પાસાં અણુાને ગેર આવે ને વિવા કરે.

## ૧૫. ડુંગરપુર–વાંસવાડાની 'વાગડી'

અમેં ભિલ કેવં સું. ને ડોંગરમેં રસં. અસલ અમારા બાપદાદા આવેલ સેં તાર થકિ ડોંગરા અમારા કેવંયં ને અમારો વિવા થાયુ કે વોરને ઘેરેયં માબાપ ભાઈ ને કાકા ભેગ થૈને લાડિ જોવા નૈરેં. જૈએ ગામ લાડિ ગમે એણું ઘેરે જાઇને પુસેં કે તમારિ સોરિનિ મારા સોરા સાતે સગાઇ કરવિ સે?' એમ કૈં. પસે કલાલને ઘેર-ઓ દારુ એક રુપિયાનો મંગાવિ સંગળંને પાઇને વોર નં માબાપ પાસં એણુને ઘેરે આવેં ને વિવા કરેં.

## ૩. લિપિ

જૂના ગુજરાતી સાહિત્યના ગ્રંથ ગુજરાતમાં પ્રચલિત હતી તે પ્રકારની દેવનાગરી અથવા બાળબોધ લિપિમાં–જૈન હસ્તપ્રતો બાબતમાં દેવનાગરી લિપિના જૈન મરોડમાં–લખાતા હતા. સંસ્કૃત પ્રાકૃતાદિ ભાષાના અભ્યાસુ માટેના કે વિદ્વદ્-ભોગ્ય ગ્રંથોની પ્રતોની લિપિ અને ગુજરાતી ભાષાની વિવિધ કૃતિઓની લિપિ વચ્ચે કશો ભેદ ન હતો. હા, એટલું ખરું કે ઈસવી સનના સોળમા સત્તરમા અઢારમા સૈકામાં અને ઓગણીસમા સૈકાના આરંભમાં કેટલીક ગુજરાતી કૃતિઓ સળંગ દોરેલી લીટીઓ નીચે લખેલી ગુજરાતી લિપિમાં મળે છે. એ લિપિ વેપારીઓના ચોપડામાં લખાતી હતી અને એ ગુર્જર લિપિ, વાણિયાશાહી કે મહાજન–લિપિ તરીકે ઓળખાતી હતી. ગ્રંથસ્થ ગુજરાતી લિપિનો સૌથી જૂનો ઉપલબ્ધ નમૂનો ભો. જે. વિદ્યાભવનના સંગ્રહમાં સચવાયેલી ગુજરાતી 'આદિપર્વ'ની સં. ૧૬૪૮ (ઈ. સ. ૧૫૯૧–૯૨)ની હસ્તપ્રતનો છે.[૧૨] આ બતાવે છે કે ગ્રંથલેખન માટે ગુજરાતી લિપિનો ઉપયોગ, ભલે અપવાદરૂપે પણ, ઠીક જૂના સમયમાં થતો હતો; આ કરતાં જૂના એના નમૂના નહિ મળે એમ માનવાને કારણ નથી.

દેવનાગરી લિપિ શાસ્ત્રીય છતાં અટપટા ખાંચા–ખચકાવાળી હોવાથી તથા પ્રત્યેક અક્ષર ઉપર માથું બાંધવાને કારણે ત્વરિત લેખનમાં અગવડભરી હોવાથી

બીજા કેટલાક પ્રદેશોની જેમ અહીં પણ ખાસ કરીને વેપારીવર્ગમાં એનું લેખન-સુલભ રૂપ વિકસાવાયું[૧૩] અને એમાંથી ગુજરાતી લિપિનો જન્મ થયો. અંગ્રેજી વર્ણમાળાના લિખિત સ્વરૂપની જેમ ત્વરાથી અને સરળતાથી કલમ ઉઠાવ્યા વિના થતા દેવનાગરીના લેખનને-અંગ્રેજીમાં જેને cursive writing કહે છે તેને પરિણામે મોટા ભાગના ગુજરાતી વર્ણોનું સ્વરૂપ સોળમા સત્તરમા સૈકામાં ઘડાયું, બાકીના વર્ણ અર્વાચીન કાલમાં મુદ્રણનો આરંભ થયા પછી ગુજરાતી સ્વરૂપ પામ્યા.[૧૪] દેવનાગરીમાંથી વિકસેલી પ્રાદેશિક લિપિઓમાં ગુજરાતી એ દેવનાગરીનું સૌથી વધુ નજીકનું, વફાદાર, સૌથી સરળ અને છતાં સુંદર રૂપ છે એમ પ્રાદેશિકતાના અભિમાન સિવાય કહી શકાય.[૧૫]

ગ્રંથલેખન માટે ગુજરાતી લિપિ સર્વથા યોગ્ય હતી; સંસ્કૃત ગ્રંથો બંગાળી લિપિમાં લખાયા અને છપાયા છે એમ અહીં પણ થઈ શક્યું હોત, પરંતુ જેમ લોકભાષા સામે હતો તેમ ગુજરાતી લિપિ સામે પણ વિદ્વાનો વગેરેમાં એક પ્રકારનો પૂર્વગ્રહ પ્રવર્તતો હોય એમ બને, નહિ તો સોળમા–સત્તરમા સૈકા પછી ગુજરાતમાં લખાયેલી હજારો હસ્તપ્રતો (જેમાંની ઘણી મોટી સંખ્યા ગુજરાતી ભાષાની છે) દેવનાગરી લિપિમાં જ હોય એમ બને નહિ. સમાજના અજ્ઞાન ગણાતા વર્ગની એ લિપિ છે એવો પણ ખ્યાલ પ્રવર્તતો હોય.

ગુજરાતી મુદ્રણકલાનો પ્રારંભ મુખ્યત્વે પારસીઓ અને અન્ય ધંધાદારીઓએ કરેલો હોઈ એમણે એ માટે લોકભોગ્ય લિપિ પસંદ કરી અને એથી ગુજરાતી લિપિ શિક્ષણ ઉપરાંત સાહિત્યલેખન માટે પણ સ્વીકૃત અને પ્રચલિત થઈ. ગુજરાતી લિપિ જેમ દેવનાગરીનું સ્વરૂપાંતર છે તેમ મહારાષ્ટ્રની મોડી લિપિ પણ છે. પેશવાઓનો અને વડોદરા જેવાં મરાઠી રાજ્યોનો અગાઉનો વહીવટ મોડી લિપિમાં લખાતી મરાઠી ભાષામાં ચાલતો હતો. મહારાષ્ટ્રમાં વિદ્યાક્ષેત્રે એ સમયે બ્રાહ્મણોનું વર્ચસ હોઈ, શ્રી પ્રિયોળકર કહે છે તેમ, પ્રાદેશિક લિપિમાં ગ્રંથોના લેખન સામે શાસ્ત્રીઓએ ઘણો ઊહાપોહ કર્યો હતો,[૧૬] આથી મોડી લિપિ વ્યવહારમાંથી ધીરે ધીરે ઘસાઈ ગઈ અને એના જાણકારો હવે મહારાષ્ટ્રમાં પણ વિરલ થઈ ગયા છે.

ગુજરાતી લિપિનો સર્વપ્રથમ ઉપલબ્ધ મુદ્રિત નમૂનો તા. ૨૯–૧–૧૭૯૭ના 'બૉમ્બે કુરિયર'માં એક જાહેરાતરૂપે છપાયો છે.[૧૭] ભારતની બીજી કોઈ પ્રાદેશિક લિપિમાં આ પહેલાં લખાણ છપાયું હોય એમ જાણવામાં નથી. પહેલાં શિલાછાપ અને પછી બીબાં–મુદ્રણના આરંભ સાથે ગુજરાતી પુસ્તકો ગુજરાતી લિપિમાં જ

મોટે ભાગે છપાવા લાગ્યાં. કેટલાક વિદ્વાન લેખકોએ તો પોતાનાં ગુજરાતી લખાણોમાં સંસ્કૃતનાં અવતરણ પણ ગુજરાતી લિપિમાં આપ્યાં છે!

હસ્તપ્રતોની ગુજરાતી લિપિના અને શિલાછાપમાં મુદ્રિત ગ્રંથોની ગુજરાતી લિપિના મરોડમાં તથા એ પછી પ્રારંભકાલના બીબાં–મુદ્રણના ગુજરાતી લિપિ-મરોડમાં મૂળભૂત એકતા છતાં કેટલોક નોંધપાત્ર તફાવત વરતાય છે. ગુજરાતી બીબાંના મરોડનાં સૌંદર્ય સફાઈ અને આકર્ષકતા ઉત્તરોત્તર વધ્યાં છે એમાં શંકા નથી.

## પાદટીપ

૧. ડાહ્યાભાઈ દેરાસરી, 'સાઠીના સાહિત્યનું દિગ્દર્શન', પૃ. ૧૧
૧. કૃષ્ણલાલ મો. ઝવેરી, 'ગુજરાતી સાહિત્યના વધુ માર્ગસૂચક સ્તંભો', પૃ. ૭
૩. એજન, પૃ. ૬. રણછોડદાસ ગિરધરભાઈ તે કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પિતામહ થાય.
૪. એજન, પૃ. ૭.
૫. જુઓ પ્રકરણ ૧૩, પરિશિષ્ટ ૨. ફાર્બસના અવસાનના થોડાક માસ પહેલાં મુંબઈમાં માર્ચ સને ૧૮૬૫ માં ગુજરાતી સભાની સ્થાપના થઈ. એ સભાની સ્થાપનામાં મુખ્ય પ્રેરણારૂપ ફાર્બસનું એ પછી થોડાક માસમાં અવસાન થતાં એમના સ્મરણમાં એનું 'ફાર્બસ ગુજરાતી સભા' એવું નામ રાખવામાં આવ્યું. એ સભા આજ સુધી ઇતિહાસ અને સાહિત્યના ક્ષેત્રમાં વિવિધ રીતે કાર્યરત છે.
૬–૭. હીરાલાલ ત્રિ. પારેખ, 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન' ભા. ૨, પૃ. ૩૨
૮. જુઓ ગુજરાતી સાહિત્ય પરિષદ–પ્રકાશિત 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ', ગ્રંથ ૧ માં 'ગદ્ય' વિશે પ્રકરણ ૮ મું (લે. ભોગીલાલ સાંડેસરા) તથા ગ્રંથ ૨ માં 'ગદ્યસાહિત્ય' વિશે પ્રકરણ ૨૧ મું (લે. હરિવલ્લભ ભાયાણી).
૯. કે. કા. શાસ્ત્રી, 'ગુજરાતી ભાષાનો વિકાસ અને અર્વાચીન ગુજરાતી ભાષાનું સ્વરૂપ.'
૧૦. વિમલ શાહ, 'ગુજરાતના આદિવાસીઓ', પૃ. ૭૨–૭૩
૧૧. આ બધા નમૂના લેખકના પ્રત્યક્ષ ક્ષેત્રકાર્યના આધારે આપવામાં આવ્યા છે.
૧૨. પ્રવીણચન્દ્ર ચિ. પરીખ, 'ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ', પૃ. ૨૫૭. ગુજરાતી લિપિમાં લખાયેલી બીજી કેટલીક હ.પ્ર. માટે જુઓ એજન, પૃ. ૨૬૦–૬૧.
૧૩. બચુભાઈ રાવત, 'લિપિનો વિકાસ', "કુમાર" પુ. ૧૪, અં. ૪ (સળંગ અંક ૪૦૦), પૃ. ૧૬૪
૧૪. પ્રવીણચંદ્ર ચિ. પરીખ, ઉપર્યુક્ત, પૃ. ૨૬૬
૧૫. બચુભાઈ રાવત, ઉપર્યુક્ત
૧૬. અનંત કાકબા પ્રિયોળકરનું વ્યાખ્યાન 'ગુજરાતી મુદ્રણકલાનું આદિપર્વ', "ફાર્બસ ગુજરાતી સભા ત્રિમાસિક" પુ. ૧૩, અંક ૪, પૃ. ૧૫૫.

મોડી લિપિમાં इ અને उ નો હ્રસ્વ–દીર્ઘભેદ દર્શાવતાં ચિહ્ન તેમજ હલંત ચિહ્નો નથી, એ પણ એની સામે વિરોધનું કારણ હોય. બીજી બાજુ ગુજરાતી લિપિ ગ્રંથ-લેખન માટે દેવનાગરી જેટલી જ સંપૂર્ણ છે.
૧૭. આ ફોટોગ્રાફ માટે જુઓ બચુભાઈ રાવત, ઉપર્યુક્ત, પૃ. ૧૬૮.

## પ્રકરણ ૧૩

# સાહિત્ય

## અ. મધ્યકાલીન પરંપરાનું સાહિત્ય

### ૧. મુખ્ય પ્રવાહ

ઈ.સ. ૧૮૧૮ થી અંગ્રેજી કમ્પની સરકારે ગુજરાત પર વર્ચસ જમાવવાનો આરંભ કર્યો એ સાથે નવી પદ્ધતિની ગુજરાતી શાળાઓ વધતી ચાલી અને અર્વાચીન કેળવણીનો યુગ શરૂ થયો, એમ છતાં મધ્યકાલીન સાહિત્યપ્રકાર લુપ્ત થયા નહોતા. જૂની પરંપરામાં ટેવાયેલા આવા સાહિત્યસ્વામીઓ એમના પ્રસિદ્ધ તેમ હસ્તલિખિત સંગ્રહોમાં પડેલી અપ્રસિદ્ધ કૃતિઓ દ્વારા જાણવામાં આવ્યા છે. છેક ૧૯ મી સદીની છેલ્લી પચીસીના આરંભ સુધી આ અસર જોવા મળે છે. અહીં એવા નામાંકિત સાહિત્યસ્વામીઓની ટૂંક માહિતી આપી છે.

**રણછોડજી દીવાન** (ઈ.સ. ૧૭૬૮–૧૮૪૧)

જૂનાગઢની બાબી રિયાસતના સ્તંભ દીવાન અમરજીનો એક પુત્ર રણછોડજી જૂનાગઢનો વડનગરો નાગર હતો અને જૂનાગઢના નવાબનો દીવાન હતો. એ પિતાની જેમ એક શૂરવીર યોદ્ધા ઉપરાંત સાહિત્યકાર પણ હતો. 'તારીખે–સોરઠવ હાલાર' (ઇતિહાસ) અને 'રુકાતે ગુનાગુન' (ફારસી પત્રોનો સંગ્રહ) એની બે ઉત્તમ ફારસી ગદ્યની રચના છે. ઉપરાંત એની ગુજરાતી પદ્યબદ્ધ રચના 'ચંડીપાઠના ગરબા' (ઈ.સ. ૧૮૨૨), 'રામાયણના રામાવળા' (સન ૧૮૨૩ અપ્રસિદ્ધ) અને 'શિવગીતા' (ફારસી ટિપ્પણ સાથે–અપ્રસિદ્ધ) જાણવામાં આવી છે, જેમાંની પહેલી કૃતિ તો અનેક વાર છપાયેલી છે. આ ઉપરાંત એક ચોપડામાં કામદહન શિવવિવાહ શંખચૂડ ત્રિપુરાખ્યાન કાલખંજ મોહિનીછળ, બ્રહ્માનાં ૮૪ નામ, અંધકાખ્યાન નાગરવિવાહ અને બૂઢેશ્વર બાવની જાણવામાં આવ્યાં છે.

**દયારામ (દયાશંકર) પ્રભુરામ ભટ્ટ** (ઈ.સ. ૧૭૭૭–૧૮૫૩)

કવિ સમ્રાટ નાનાલાલે જેને 'બંસીબોલનો કવિ' કહ્યો છે તે 'ભક્તકવિ દયારામ જ્ઞાતિએ સાઠોદરો નાગર બ્રાહ્મણ હતો અને ઈ.સ. ૧૮૦૩–૦૪ માં નાથદ્વારામાં આવેલા વનમાળીજીના મંદિરના ગો. શ્રીવલ્લભજી મહારાજ પાસે વૈષ્ણવી દીક્ષા પામ્યો હતો. ડાકોરમાં જઈ વસેલા વલ્લભ સંપ્રદાયના ઉચ્ચ કોટિના દાર્શનિક વિદ્વાન ઇચ્છારામ ભટ્ટજીના સંપર્કને લીધે એ આરૂઢ મરજાદી વૈષ્ણવ બન્યો હતો. ૧૮૧૩ માં ચાણોદ છોડી ડભોઈમાં જઈને એણે નિવાસ કર્યો હતો. એણે આખ્યાનો, અનેકવિધ પદો, અનેક પ્રકારના ગરબા, સંખ્યાબંધ મધુર ગરબીઓ, ઉપરાંત વ્રજ

તેમજ ગુજરાતી ભાષામાં અનેક સિદ્ધાંતગ્રંથોની રચના કરી છે. ગેય પદ્યસાહિત્યના અનેક પ્રકાર ખેડનારો એ એકમાત્ર કવિ કહી શકાય. એનાં ગરબા અને ગરબીઓ આજે પણ ગુજરાતમાં ખૂબ જાણીતાં છે. એના ગરબા જેમ ગરબા–સાહિત્યમાં આગવી ભાત પાડે છે તેમ એની ગરબીઓનો તો 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જોટો પણ મળતો નથી.

એણે 'અનુભવમંજરી' શીર્ષક ગ્રંથ વ્રજ ભાષામાં રચ્યો છે, જેમાં જીવનના અંત સુધી પોતે અનુભવેલા સ્વાપ્નિક પ્રસંગોનું નિરૂપણ કર્યું છે. એના 'સતસૈયા' પણ વ્રજ ભાષાની ઉચ્ચ રચના છે, જેનું વિવરણ એણે સ્વાભાવિક ગુજરાતી ગદ્યમાં કર્યું છે. એની 'પ્રશ્નોત્તરમાલિકા' એક વિસ્તૃત ગુજરાતી ગદ્યગ્રંથ છે. સહજાનંદ સ્વામીનાં વચનામૃતોની તુલનાએ દયારામનું ગદ્ય વધારે પ્રૌઢ છે. અર્વાચીન ગુજરાતી ગદ્યના સમાંતર સહજાનંદ સ્વામી અને દયારામનું ગદ્ય વિકસ્યું છે, જેના પર નવા વિકાસની ખાસ કોઈ અસર જોવા મળતી નથી.

એનાં આખ્યાન તે વૃત્રાસુરનું આખ્યાન, અજામિલનું આખ્યાન (૧૮૦૭), ભગવદ્ગીતામાહાત્મ્ય (૧૮૨૩), રુકમિણીવિવાહ, સત્યભામાવિવાહ, નાગ્નજિતીવિવાહ અને રુકમિણી–સીમંત છે, જ્યારે સિદ્ધાંતકાવ્યો તે ભક્તિપોષણ રસિકરંજન(વ્રજ). પુષ્ટિપથરહસ્ય અને રસિકવલ્લભ(૧૮૨૮) વગેરે છે. એનું ષડ્ઋતુવર્ણન એ પણ એક સારી કૃતિ છે.

આ કવિને વધારે મોટો બનાવવા એના ધવલધનાશ્રી રાગના ૬૦–૬૫ કડીથી લઈ સેંકડો કડીઓના ૧૦૦ જેટલા પદ્યગ્રંથ રચાયા છે, એક ગુરુશિષ્ય-સંવાદ, તો પત્રલીલા વગેરે ત્રણ લીલા રચાયેલ છે, પણ શૈલી આદિથી એ જુદાં તરી આવે છે.

આ કવિની ગરબીઓ જ એટલી ઉત્કૃષ્ટ છે કે એટલી માત્રથી એ ગુજરાતી કવિઓમાં આદરણીય માન મેળવી લે.

**મયારામ મેવાડી** (દયારામનો સમકાલીન)

આની શિવવિવાહ(અપ્રસિદ્ધ) અને સંકટચતુર્થી મહિમા(અપ્રસિદ્ધ) એ બે રચનો જાણવામાં આવી છે.

**સહજાનંદ સ્વામી** (ઈ. સ ૧૭૮૧–૧૮૨૬)

શ્રીસ્વામિનારાયણ–સંપ્રદાય કિંવા ઉદ્ધસંપ્રદાયના સંસ્થાપક શ્રીહરિકૃષ્ણ ઉર્ફે ઘનશ્યામ ઈ.સ. ૧૭૯૯(તા. ૨૧ મી ઑગસ્ટમાં માંગરોળ (સોરઠ) પાસે આવેલા લોએજ ગામે નીલકંઠ બ્રહ્મચારી તરીકે આવ્યા ને રામાનંદી સંપ્રદાયના

રામાનંદ સ્વામીના શિષ્યોને મળ્યા અને એ જ વર્ષની કાર્તિકની દેવઊઠી એકાદશીને દિવસે નજીકના પિપલાણા ગામે રામાનંદ સ્વામી પાસેથી દીક્ષા પામી 'સહજાનંદ સ્વામી' 'કિંવા 'નારાયણમુનિ'ની સંજ્ઞા પામ્યા. વળતે વર્ષે જેતપુરમાં એઓ ગુરુની ગાદીએ પ્રતિષ્ઠિત થયા. અને ત્યારથી સ્વતંત્ર કહી શકાય તેવા નવા સંપ્રદાયના સ્થાપક થયા. એમની ગુજરાતી સાહિત્યક્ષેત્રે મોટી સેવા તો એમના વિશાળ શિષ્યસમુદાયને ઉદ્દેશી આપેલાં ગદ્ય–વચનામૃતો છે. આ વચનામૃતોનો આરંભ સન ૧૮૨૦ માં થયો અને ૧૮૨૪ સુધીનાં સંગ્રહાયેલાં છે. એ વચનામૃતો સરળ ગુજરાતી ગદ્યનો ઉત્તમ નમૂનો છે.

**નિષ્કુલાનંદ** (ઈ.સ. ૧૭૬૬–૧૮૪૮)

સહજાનંદ સ્વામીના શિષ્યોમાંનો એક. મૂળ વતન કચ્છ અને જ્ઞાતિએ વિશ્વકર્મા બ્રાહ્મણ. એનું દીક્ષા પહેલાંનું નામ લાલજી. એની રચનાઓ ધીરજાખ્યાન (૬૪ કડવાં, ઈ.સ. ૧૮૪૩), પુરુષોત્તમપ્રકાશ, યમદંડ, વ્રેહના ૧૨ મહિના અને જ્ઞાનવૈરાગ્યનાં કેટલાંક પદ. એનો સહજાનંદ સ્વામીને પ્રગટ પુરુષોત્તમનારાયણ માની રચેલો 'પુરુષોત્તમપ્રકાશ' એ 'ભક્તચિંતામણિ' નામથી જાણીતો છે.

**બ્રહ્માનંદ** (ઈ.સ. ૧૭૭૨–૧૮૩૨)

ડુંગરપુર(હાલ રાજસ્થાન)ના ચારણ લાડુ બારોટનો જન્મ ઈ.સ. ૧૭૭૨ માં થયેલો અને ઈ.સ. ૧૮૦૪ માં ભુજમાં સહજાનંદસ્વામીના સંપર્કમાં આવ્યા અને ઈ.સ. ૧૮૦૫ માં સહજાનંદ સ્વામીના શિષ્ય બન્યા. એ સમયે નામ શ્રીરંગદાસ હતું, પણ પછી 'બ્રહ્માનંદ' નામથી પ્રસિદ્ધ થયા. સ્વામિનારાયણ-સંપ્રદાયના જે આઠ ભક્તકવિ થઈ ગયા છે તેઓમાં પ્રતિભાની દૃષ્ટિએ પ્રથમ કોટિના કવિ તરીકે એમની ગણના થાય છે. જ્ઞાતિએ ચારણ હોઈ એમની પાસે જન્મજાત પ્રતિભા હતી અને સહજાનંદ સ્વામીના સંપર્કથી એ ખૂબ ખીલી હતી. 'બ્રહ્માનંદ કાવ્ય' શીર્ષક એમનાં અનેકવિધ પદોનો સંગ્રહ પ્રસિદ્ધ થયેલો છે. એમણે કૃષ્ણલીલાનાં તેમજ સહજાનંદ સ્વામીને પ્રગટ પુરુષોત્તમ તરીકે કહી એમની લીલાનાં અનેકવિધ પદ એમણે ગાયાં છે.

**મુક્તાનંદ સ્વામી** (ઈ.સ. ૧૭૬૧–૧૮૨૪)

સહજાનંદ સ્વામીના ભક્તકવિ શિષ્યોમાં પહેલા મુકુંદ ઉર્ફે મુક્તાનંદ સ્વામી ધ્રાંગધ્રાના રામાનંદ સાધુ હતા. એમણે શિષ્ય થયા પહેલાં 'મુકુંદ' નામથી કવિતારચના કરેલી. શિષ્ય થયા પછી અનેક પદો ઉપરાંત મુખ સિદ્ધાંતુ, રુક્મિણીવિવાહ (અપ્રસિદ્ધ), વિવેકચિંતામણિ (હિં.), સતીસીતા (૧૮૨૪) અને

હનુમાન અષ્ટક (હિં.) જાણવામાં આવી છે. એમની 'ઉદ્ધવગીતા' (૧૮૨૪) સંપ્રદાયમાં ખૂબ જાણીતી રચના છે.

**પ્રેમાનંદ પ્રેમસખી** (ઈ.સ. ૧૭૮૪–૧૮૫૫)

સહજાનંદ સ્વામી પાસે આ ગણ્ય કોટિના ભક્તકવિએ ઈ.સ. ૧૮૧૪–૧૫ના અરસામાં દીક્ષા લીધી હતી. આ કવિએ કૃષ્ણની લીલા વિશેનાં તેમ સહજાનંદ સ્વામીના આધિદૈવિક સ્વરૂપને લગતાં સેંકડો પદોની રચના આપી છે. એ સહજાનંદ સ્વામીના અંતરંગભક્ત કોટિના હોવાથી સ્વામીજી એને 'પ્રેમસખી' કહીને બોલાવતા. પ્રેમલક્ષણા ભક્તિનાં નિરૂપક આ ઉચ્ચ કોટિના કવિનાં પદોનો સારો સંગ્રહ મુદ્રિત થયેલો છતાં હજી સારો પદસંગ્રહ અપ્રસિદ્ધ છે.

**મનોહર સ્વામી** (ઈ. સ. ૧૭૮૮–૧૮૪૫)

જૂનાગઢના વડનગરા નાગર ગૃહસ્થ સંન્યાસી થયા ત્યારે 'સચ્ચિદાનંદ' નામ પામેલા. પાછળથી ઘોઘામાં અને પછી ભાવનગરમાં સુપ્રસિદ્ધ ગગા ઓઝા સાથે રહેલા. વસાવડના ધ્રુવાખ્યાનવાળા કાલિદાસના એ ભાણેજ હતા. આ આધ્યાત્મિક કવિનો 'મનહરકાવ્ય' એ એકમાત્ર કવિતાસંગ્રહ પ્રસિદ્ધ થયો છે.

**ભોજો ભક્ત** (ઈ.સ. ૧૭૮૫–૧૮૫૦)

જ્ઞાતિએ લેઉઆ પાટીદાર. વતન મૂળ ગુજરાતમાં સાવલી ગામ (બીજા મતે જેતપુર પાસેના દેવકીગાલોળ ગામમાં જન્મ), પાછળથી એક યોગી પાસેથી દીક્ષા લીધા પછી જેતપુર નજીકના વીરપુર(જલારામવાળું)માં આવી રહેલો વિરક્ત સંતકવિ. એ એના ૪૩ ચાબખાઓથી જાણીતો છે. એ આખાબોલો અને સમાજનાં દૂષણોનો પ્રતીકારક કવિ હતો. એની રચનાઓમાં કાલગણીદેવીનો ગરબો, ધૂન્ય ૨, પ્રભાતિયાં ૧૨, બાવનાક્ષર (કક્કો, ઈ. સ. ૧૮૨૬), બ્રહ્મબોધ (૩ કડવાં), મહિના કે બારમાસ, ભક્તમાળ (૬ કડવાં), સરવડાં, સાતવાર અને ચેલૈયાનું આખ્યાન (૫ કડવાં) ઉપરાંત નાની સંખ્યામાં પદો પણ મળે છે.

**ગિરધર** (ઈ.સ ૧૭૯૬–૧૮૫૨)

વડોદરા નજીકના માસરનો દસા લાડ વણિક, ગો. શ્રી પુરુષોતમજીનો શિષ્ય, પછી વડોદરામાં બહેનને ત્યાં આવી વસેલો એ એના રામાયણ(ઈ.સ. ૧૮૩૭)થી ખૂબ જાણીતો છે. એવું જ મહત્ત્વનું ભાગવત દશમસ્કંધની ગોકુલલીલા અને મથુરાલીલાને મૂર્ત કરતું ૭૮ કડવાંઓનું 'કૃષ્ણલીલા' શીર્ષક આખ્યાનકાવ્ય છે. આ ઉપરાંત મુક્તાચરિત્ર (અપ્રસિદ્ધ) રાજસૂયયજ્ઞ (૫૨ કડવાં, ઈ.સ. ૧૮૩૧), અને પ્રકીર્ણ કવિતા જાણવામાં આવેલ છે.

**ભૂમાનંદ** (ઈ.સ. ૧૭૯૬–૧૮૬૮)

આ પણ સહજાનંદ સ્વામીના શિષ્ય હતા અને એમણે સહજાનંદ સ્વામીનું 'ઘનસ્યામ લીલામૃત–ભાગ ૧–૨' એ કાવ્ય દોહા–ચોપાઈમાં રચેલું છે. ઉપરાંત તિથિઓ અને વિરહનાં પદોની પણ રચના કરેલી જાણવામાં આવી છે.

**દેવાનંદ** (ઈ.સ. ૧૮૦૩–૧૮૫૪)

દેવાનંદ સહજાનંદ સ્વામીના શિષ્યોમાંના એક પ્રતિભાશાળી ભકતકવિ હતા. કૃષ્ણભજનનાં ૨૦ પદ અને પ્રભુ સાથે પ્રીત કરવાનાં ૨૦ પદ છપાયેલાં છે, ઉપરાંત હજી સેંકડોની સંખ્યામાં એમનાં પદ અપ્રસિદ્ધ છે. એમણે પણ કૃષ્ણ અને સહજાનંદ સ્વામીને લગતાં પદ બનાવ્યાં છે. ઉપદેશની પણ આ કવિની ગરબીઓ ખૂબ જાણીતી છે.

**મંજુકેશાનંદ** (જન્મ ?–અવસાન ઈ.સ. ૧૮૬૩)

સહજાનંદ સ્વામીના શિષ્ય મંજુકેશાનંદ સ્વામીની માનવદેહની દુર્લભતા, સંસારની અસારતા, સ્ત્રી ધન ધામ અને કીર્તિની અનિત્યતા આદિ વિષયોને કેંદ્રમાં રાખી અનેક પદોની રચના કરેલી જાણવામાં આવી છે.

**નશરવાનજી ટેહમૂલજી દુરબીન** (ઈ.સ. ૧૮૧૨–૧૮૮૧ પહેલાં)

મુંબઈમાં થઈ ગયેલા આ પારસી કવિનાં કાવ્યોનો એક સંગ્રહ શિલાછાપમાં 'ગુલજારે નશીહત' શીર્ષકથી પ્રસિદ્ધ થયેલો છે. પારસી બોલીમાં રચાયેલા આ ગ્રંથની ભાષા બોલીની દૃષ્ટિએ નોંધપાત્ર છે.

**છોટમ કવિ** (ઈ.સ. ૧૮૧૨–૧૮૮૫)

પેટલાદ તાલુકાના મલાતજના વતની સાઠોદરા નાગર બ્રાહ્મણ છોટાલાલ કાલિદાસ ત્રિવેદી અર્વાચીન ગુજરાતીના પહેલા ભાષાશાસ્ત્રી વ્રજલાલ કાળિદાસના મોટા ભાઈ હતા. આધ્યાત્મિક સાહિત્યના ઊંડા વિચારક હતા અને એના પરિણામે એ અનુભવી આરૂઢ જ્ઞાની કવિ હતા. ભોળા ભીમની વાર્તા, અક્ષરમાળા, ભક્તિભાસ્કર, છોટમ-કૃત કીર્તનમાળા ભક્તિકલ્પતરુ, છોટમકૃત કાવ્યસંગ્રહ (ઈ.સ. ૧૯૨૨), છોટમની વાણી ભાગ ૧ થી ૪ (ઈ.સ. ૧૯૨૬), પ્રશ્નોત્તરમાળા, સાંખ્યસાર–યોગસાર (૧૯૫૨) સુમુખ અને નૃસિંહકુંવર આખ્યાન, એકાદશીમાહાત્મ્ય, અને 'ધર્મસિદ્ધિ' એ છપાયાં છે, જ્યારે કેટલીક કૃતિઓ સામયિકોમાં પ્રસિદ્ધ થઈ છે, પણ ગ્રંથરૂપે હજી અપ્રસિદ્ધ છે. એમણે વ્રજભાષામાં રચેલો **ધર્મબ્રહ્મપ્રકાશ** ગ્રંથ તદ્દન અપ્રકાશિત રહ્યો છે. સંતકવિ છોટમે ચારસોએક પદો, પાંત્રીસેક જ્ઞાનકાવ્યો અને વીસેક આખ્યાનો દ્વારા તત્કાલીન સાહિત્યમાં ગણનાપાત્ર પ્રદાન કર્યું છે. મધ્યકાલીન ગુજરાતી જ્ઞાની કવિઓના આ છેલ્લા પ્રતિનિધિ છે.

**વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રી** (૧૮૨૫–૧૮૯૨)

અર્વાચીન ગુજરાતના પહેલા ભાષાશાસ્ત્રી અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટી-(આજની ગુજરાત વિદ્યાસભા)ના ઈ.સ. ૧૮૬૫ થી સહાયક મંત્રી પણ થઈ ચૂકેલા શાસ્ત્રીજી વ્રજલાલ કાલિદાસ પેટલાદ તાલુકાના મલાતજના વતની હતા. એમણે જૂના પદ્ધતિએ ચંદ્રહાસ–આખ્યાન (ઈ.સ. ૧૮૫૮) અને મુક્તામાળા રચ્યાં છે. વૈશેષિક તર્કસાર, રસગંગા, નાગર–પુરાવૃત્ત (અપ્રસિદ્ધ) ઇત્યાદિ ગ્રંથ પણ લખ્યા છે.

**અવિનાશાનંદ** (ઈ.સ. ૧૮૩૪–૧૮૮૩)

સહજાનંદ સ્વામીના આ શિષ્ય ભક્તકવિએ સંતોનાં લક્ષણ, સત્સંગી–કુસંગીનાં લક્ષણ, સહજાનંદ સ્વામીની અનેકવિધ લીલાનાં પદ, અને શંકર ગણપતિ. હનુમાનજી વગેરેની આરતીઓ પણ રચેલ છે.

**સેવકરામ રૂપરામ** (ઈ.સ. ૧૮૩૪-૧૮૬૮માં હયાત)

અમદાવાદ (રાયપુર)માં થયેલ ભટ્ટ મેવડા સેવકરામની બે રચના 'બંસી' (પ્રસિદ્ધ) અને 'વ્યાધનું આખ્યાન' (ઈ.સ. ૧૮૬૮ ?) (અપ્રસિદ્ધ) જાણવામાં આવી છે. એ ઈ.સ. ૧૮૩૪ માં હયાત હતો એવું પણ જાણવામાં આવ્યું છે.

**કૃષ્ણ કે કૃષ્ણારામ** (ઈ.સ. ૧૮૧૮ માં હયાત)

આ કવિ દયારામનો સમકાલીન હતો અને કપિલદેવહૂતિસંવાદ, કલિયુગનો ગરબો (ઈ.સ. ૧૮૧૮), નારીનો ગરબો ઉપરાંત અનેક પદોનો રચનારો. એના મુદ્રિત 'કૃષ્ણારામ મહારાજનો કાવ્યસંગ્રહ'થી જાણવામાં આવ્યો છે.

**ગોવર્ધન** (ઈ.સ. ૧૮૨૫ માં હયાત)

આમોદના એક હરિદાસ નામના વણિક માટે રચેલી એની એકમાત્ર રચના, ૧૦ કડવાંની 'કપિલગીતા' (૧૮૨૫), જાણવામાં આવી છે. એ હજી અપ્રસિદ્ધ છે.

**બાપુ** (ઈ.સ. ૧૮૩૪ માં હયાત, ૧૮૪૩માં અવસાન)

મિયાંગામનો વતની અને ધીરાભક્તનો શિષ્ય. એના જ્ઞાનના દ્વાદશ માસ છપાયા છે, થોડાં પદ પણ છપાયાં છે.

**બાપુ ગાયકવાડ** (આશરે ઈ.સ. ૧૭૭૮–૧૮૪૩)

વડોદરાના ગાયકવાડનો ભાયાત. પિતાનું નામ યશવંતરાવ ગાયકવાડ. એ પણ ધીરા ભક્તનો શિષ્ય કહેવાય છે. એનો પદસંગ્રહ પ્રાચીન કાવ્યમાળા (ગ્રં. ૭) માં છપાયો છે, પણ એ રચનાઓનું કર્તૃત્વ સંદિગ્ધ છે.

**જેઠારામ કે જેઠો ભટ્ટ** (ઈ. સ. ૧૮૪૨ માં હયાત)

અમદાવાદનો ઔદીચ્ય બ્રાહ્મણ, પિતાનું નામ મૂળજી વ્યાસ, અવટંક દેરાસરી. એની એકમાત્ર રચના શીતળાદેવીનું આખ્યાન (ઈ. સ. ૧૮૪૨, અપ્રસિદ્ધ) જાણવામાં આવી છે.

**ચતુરરામ** (ઈ.સ. ૧૮૪૪ માં હયાત)

અમદાવાદનો વતની. આ ગરબાકારની એકમાત્ર રચના અંબાજીનો પરચો (ઈ. સ. ૧૮૪૩) જાણવામાં આવી છે. (આ ગરબામાં અમદાવાદના શ્રી હેમાભાઈ અને હઠીભાઈ નામના શેઠોનાં નામ આપવામાં આવ્યાં છે.)

**ઉત્તમરામ** (ઈ.સ. ૧૮૪૪ માં હયાત)

સંભવતઃ ડાકોરના વતની. આ કવિના બે ગ્રંથ 'ડંકપુરમાહાત્મ્ય' (ઈ.સ. ૧૮૪૪) અને 'રેવાજીના છંદ' (અપ્રસિદ્ધ) જાણવામાં આવ્યા છે.

**હમીર** (ઈ.સ. ૧૮૪૯માં હયાત)

આ બારોટનું એકમાત્ર કાવ્ય ભાવનગરના ઠાકોર વિજયસિંહજીની દશેરાની સવારીનું વર્ણન આપતું 'દશરા બનાવ' (ઈ.સ. ૧૮૩૯) જાણવામાં આવ્યું છે.

**દસ્તૂર દોરાબજી રુસ્તમજી** (ઈ.સ. ૧૨૫૨માં હયાત)

ભાઠા ગામના વતની દસ્તૂર દોરાબજીની એકમાત્ર પારસી બોલીને સાચવતી રચના 'ખાને–નેઆમત' (ઈ.સ. ૧૯૫૨) જાણવામાં આવી છે. હજી અપ્રસિદ્ધ છે.

**પ્રભાશંકર** (ઈ. સ. ૧૮૬૨–૬૩ માં હયાત)

અમદાવાદના આ ખડાયતા બ્રાહ્મણની પોતાના હાથની કરેલી નકલમાં એનાં જ્ઞાનવિષયક ધોળ (ઈ. સ. ૧૮૬૩, અપ્રસિદ્ધ), તુલસીવિવાહ (ઈ.સ. ૧૮૬૨), પદો (અપ્રસિદ્ધ), પંદરતિથિ (અપ્રસિદ્ધ), બારમાસ (અપ્રસિદ્ધ) અને બ્રહ્મતત્ત્વ (ગદ્ય, અપ્રસિદ્ધ) સચવાઈ રહ્યાં છે.

**ભવાનીશંકર** (ઈ. સ. ૧૮૭૨માં હયાત)

લિથોમાં છપાઈને પ્રસિદ્ધ થયેલા 'ભવાનીકાવ્ય' એ શીર્ષકનો ગ્રંથ (ઈ. સ. ૧૮૭૨) થી જાણવામાં આવ્યો છે. એ તારંગા પાસેના હડોલ ગામનો વતની અને જ્ઞાતિએ ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણ હતો.

**મંગળશંકર પંડિત** (ઈ.સ. ૧૮૬૮માં હયાત)

અમદાવાદનો નાગર બ્રાહ્મણ. આ કવિની એકમાત્ર રચના 'ગુરુગીતા' (ઈ.સ. ૧૮૬૮) જાણવામાં આવી છે (અપ્રસિદ્ધ).

**જશવંત** (ઈ.સ. ૧૮૮૧માં હયાત)

'બહુચરાજીના છંદ' (અપ્રસિદ્ધ) એ કાવ્ય સંગ્રહથી આ કવિનું અસ્તિત્વ જાણવામાં આવ્યું છે.

## ૨. જૈનપ્રવાહ

જૈનેતર કવિઓનો પ્રવાહ જે પ્રમાણે ચાલુ હતો એનાથી વધુ સંખ્યામાં જૈન વિરક્ત સાધુઓ તેમજ કોઈ કોઈ ગૃહસ્થોનો ધાર્મિક રચનાઓ રચતો પ્રવાહ વેગપૂર્વક ચાલુ હતો. જૈનેતર કવિઓ ૧૯ મી સદીની ચોથી પચીસીને કવચિત્ વટાવે છે, પણ જૈન સાધુઓ તો ૨૦ મી સદીના આરંભને આંબવા મથે છે. સંભવ છે કે એ પ્રવાહ ત્યાંથી પણ આગળ વધતો હોય, પણ હવે એ પોથીઓમાં હસ્તલિખિત સ્વરૂપમાં ન સંગ્રહાતાં સીધો મુદ્રણસ્થિતિમાં મુકાયે જતો હોય. આ જૈન સાહિત્યકારોમાં સમૃદ્ધ રચનાઓ આપનારા ભાગ્યે જ જોવા મળે છે. ૫૦ જેટલા જાણવામાં આવેલાઓમાંથી મોટા ભાગના વિરક્ત સાધુઓ છે, જ્યારે થોડા યતિઓ, તો થોડા જૈન શ્રાવક પણ છે. રાસ જેવી રચનાઓ થોડી જ છે. બાકીની સ્તવનો અને થોડી સજ્ઝાયો છે. ધ્યાન ખેંચનારા બાલાવબોધ જોવા મળતા નથી.

## ૩. ફારસી પ્રવાહ

આ ગ્રંથમાળાના ૭ મા ગ્રંથમાં અપાયેલા ફારસી-ગ્રંથકારોની પરંપરા હજી ચાલુ રહેવા પામી છે અને એમાં હિંદુ તેમજ મુસ્લિમ ફારસી–લેખકોએ પોતાનો મહત્ત્વનો ફાળો આપ્યો છે. આમાંના મહત્ત્વના પહેલા ગ્રંથકાર રણછોડજી દીવાન (ઈ.સ. ૧૭૬૮–૧૮૪૧) વિશે આ પૂર્વે ગુજરાતી પ્રવાહમાં નિર્દેશ થઈ ગયો છે. ત્યાં નિર્દેશેલી બે કૃતિઓ ઉપરાંત 'કર્ણપર્વ' અને 'અશ્વમેધપર્વ'નો અનુવાદ અને 'જંગનામ-એ–હોલી' નોંધપાત્ર છે. રેવાશંકર (જૂનાગઢ : ૧૯મી સદીનો પૂર્વાર્ધ, ત્રીકમદાસ મજમૂદારનો ૭મો પુત્ર), રંગીલદાસ (જૂનાગઢ: અવસાન ૧૮૩૨), સારાભાઈ બાપાભાઈ દિવેટિયા (અમદાવાદ–વડોદરા : ૧૯ મી સદીનો પૂર્વાર્ધ), છોટાભાઈ બાપાભાઈ દિવેટિયા (સારાભાઈના નાના ભાઈ), ભોળાનાથ સારાભાઈ દિવેટિયા (ઈ. સ. ૧૮૨૨–૧૮૮૬), ગુલાબરાય બાબુરાય (સુરત : ૧૯ મી નો પૂર્વાર્ધ), સુંદરલાલ (અમદાવાદ અને ઉદેપુર : ૧૯ મી સદીનો પૂર્વાર્ધ), હરિપ્રસાદ શિવપ્રસાદ (વનગર-વીરમગામ : ઈ.સ. ૧૮૨૫ માં હયાત), આત્મારામજી (સુરત : ઈ.સ. ૧૮૪૮ માં હયાત), દસ્તૂર રબાડી (મુંબઈ ઈ.સ. ૧૮૩૫ માં હયાત), એરવદ માહિયાર નવરોજી કુતાર (ઈ.સ. ૧૯૧૪ માં હયાત), શેખ અહમદ રઝિયુદ્દીન (સુરત : ઈ.સ. ૧૮૦૩–૧૮૪૮), શેખ બહાદુર (સુરત : ઈ.સ. ૧૮૩૦–૧૮૯૦), મોહમ્મદ ઝહીરુદ્દીન (ઈ.સ. ૧૮૪૮ માં હયાત), સૈયદ અહમદુલ્લાહ બિન શાહ પીરમોહમ્મદ (સુરત : અવસાન ઈ.સ. ૧૮૫૧), કવિ બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયા (નડિયાદ : ઈ.સ. ૧૮૫૮–૧૮૯૮), આત્મારામ મોતીરામ દીવાનજી (સુરત : ઈ.સ. ૧૮૭૩–૧૯૩૬), દસ્તૂર ખુરશેદજી જમશેદજી જામાસ્પ આસાના (અવસાન : ૧૯૧૨), મહેરજીભાઈ નસરવાનજી કૂકા (ઈ.સ. ૧૯૧૪ માં હયાત), ઉપરાંત બીજા દસેક પારસી ગ્રંથકારો તેમ ભાષાંતરકાર જાણવામાં આવ્યા છે.

## આ. અર્વાચીન પરંપરાનું ગુજરાતી સાહિત્ય

### ૧. અર્વાચીન સાહિત્યનો આરંભ તથા વિકાસ : નવીન સાહિત્ય-સ્વરૂપો

મુંબઈ યુનિવર્સિટીની સ્થાપના અને એ પછી શરૂ થયેલું શિક્ષણ એ અર્વાચીન ગુજરાતી સાહિત્ય માટે પ્રેરક બળ બનવા ઉપરાંત એના સ્વરૂપનિર્માણ ઉપર ભારે પ્રભાવ પાડનારી ઘટના છે. યુરોપની યુનિવર્સિટીઓમાં ગ્રીક અને લેટિનનું પ્રાચીન પ્રશિષ્ટ ભાષાઓ તરીકે જેવું સ્થાન હતું તેવું અહીં સંસ્કૃત અને ફારસીના અભ્યાસને મળ્યું, આથી અંગ્રેજી સાથે સંસ્કૃત અને ફારસીનો વિદ્યાપીઠ-પદ્ધતિએ અભ્યાસ આરંભાતાં આપણા પ્રાચીન સાહિત્ય અને સંસ્કાર-ના વારસાનું નવમૂલ્યાંકન થયું અને ત્રણેયની અસર અર્વાચીન સાહિત્યના નિર્માણ પર થઈ. સંસ્કૃત કાવ્યનાટકાદિની પ્રશિષ્ટ કૃતિઓના જુદા જુદા લેખકોને હસ્તે એક કરતાં વધુ ભાષાંતર થયાં, હાફિજ અને ઉમર ખય્યામની કૃતિઓ અને બીજી કેટલીક ફારસી કૃતિઓ ગુજરાતીમાં ઉતારાઈ; બાલાશંકર મણિલાલ દેરાસરી 'કલાપી' 'સાગર'(જગન્નાથ ત્રિપાઠી) વગેરેએ ગઝલનો કાવ્યપ્રકાર ગુજરાતીમાં ઉતાર્યો. અંગ્રેજીના પ્રશિષ્ટ સાહિત્યકારોના અભ્યાસ સાથે પાલગ્રેવની 'ગોલ્ડન ટ્રેઝરી' જેવા મનોહર ઊર્મિકાવ્યસંચયનું પરિશીલન થતાં યુનિવર્સિટીનું શિક્ષણ લેનાર પદ્યકારોની પહેલી પેઢીએ જૂના સાહિત્યના પ્રકારોને સ્થાને 'ઊર્મિકાવ્ય' 'ખંડકાવ્ય' 'મહાકાવ્ય' 'સૉનેટ' 'કરુણ પ્રશસ્તિ' જેવા પ્રકાર ગુજરાતીમાં ઉતાર્યા. જૂના ગદ્યના પરિચિત પ્રકારોને સ્થાને નાટક વાર્તા નવલ-કથા નિબંધ ચરિત પ્રવાસવર્ણન આદિ ગદ્ય-સાહિત્યના નવા પ્રકાર આવ્યા. સંસ્કૃતમાં નાટક તથા નાટકનું શાસ્ત્ર બંને હતાં, પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતીમાં નાટક નહોતું, પણ અર્વાચીન ગુજરાતી નાટકે સંસ્કૃત નાટકો, શેક્સપિયર મોલિયેર વગેરેનાં પાશ્ચાત્ય નાટકો તથા ભવાઈના અત્રત્ય નાટ્ય-પ્રકારના પ્રભાવ નીચે નવા જમાનામાં નવજીવન પ્રાપ્ત કર્યું. પ્રાચીન કાળમાં સંસ્કૃતનું સાહિત્યશાસ્ત્ર હતું તથા કાવ્યવિવેચનના વિવિધ સંપ્રદાય (schools) વિકસ્યા હતા, પરંતુ પાશ્ચાત્ય સાહિત્ય-પ્રકારોનો અહીંની ભૂમિમાં રોપ તથા વિકાસ થતાં સાહિત્યનો તત્ત્વવિચાર અને ગ્રંથાવલોકન એ વિવેચનનાં ઉભય

ક્ષેત્રોમાં પાશ્ચાત્ય વિવેચન-સિદ્ધાંતો અને પદ્ધતિની ભારે અસર થઈ તથા આપણા અભ્યાસપાત્ર કાલખંડમાં નવલરામ પંડયા(૧૮૩૬-૧૮૮૮), મણિલાલ નભુભાઈ દ્વિવેદી(૧૮૫૮-૧૮૯૮), ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી(૧૮૫૫-૧૯૦૭), રમણભાઈ મહીપતરામ નીલકંઠ(૧૮૬૮-૧૯૨૮), નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા (૧૮૫૯-૧૯૩૭) અને આનંદશંકર બાપુભાઈ ધ્રુવ(૧૮૬૯-૧૯૪૨) વગેરેનાં લખાણોમાં એનાં શ્રેષ્ઠ પરિણામ જણાય છે.

અર્વાચીન સર્જનાત્મક સાહિત્યે માનવીની પ્રતિષ્ઠા કરી. "એક વાર સાહિત્ય-મંદિરમાં માનવીની મૂર્તિપ્રતિષ્ઠા કરી એટલે માનવ-વ્યવહારનો આખો પ્રદેશ સાહિત્ય માટે ખુલ્લો થઈ ગયો. અને માનવીમાં રસ પડચો તો પોતેય એક માનવી છે, વધુ સંવેદનશીલ માનવી છે, એ ભાન સાથે અર્વાચીન કવિ પોતાનાં ઊર્મિ વિચાર કલ્પના અને દર્શનને, જીવન અને જગતના પોતા પર થતા અનુભાવોને અને પ્રતિભાવોને એ ગમે તેટલા માનુષી હોય તોપણ વગર શરમાયે ગાતો થયો. અંગ્રેજી કવિતાએ આ શીખવ્યું."[1]

આને પરિણામે કવિતામાં આત્મલક્ષિતા આવી તથા પ્રણય એ અર્વાચીન ગુજરાતી કવિતાનો એક મુખ્ય વિષય બન્યો. નર્મદે અંગ્રેજીની અસરથી પ્રણય-કવિતાની વિપુલ રચના કરી છે, પણ એની કૃતિઓમાં વિલક્ષણ સ્થૂલતા છે. ભાવનાં ઊંડાણ અને નિર્મળતાવાળાં મનોહર આત્મલક્ષી પ્રણયકાવ્ય નરસિંહરાવ (૧૮૫૮-૧૮૯૮), 'કાન્ત', બાલાશંકર(૧૮૬૭-૧૯૨૩), 'કલાપી' (૧૮૭૪-૧૯૦૦), નાનાલાલ(૧૮૭૭-૧૯૪૬) આદિમાં મળે છે. અર્વાચીન ગુજરાતી કવિતા ઉપર અંગ્રેજીની બીજી મહત્ત્વની અસર એ પ્રકૃતિ-કવિતા છે. સંસ્કૃત સાહિત્યમાં પ્રકૃતિ-વર્ણનો ઉદ્દીપન વિભાવ લેખે અથવા અલંકારાત્મક હોય છે. જૂના ગુજરાતી સાહિત્યમાં એ ઘણુંખરું વનરાજિવર્ણન તરીકે દેખાય છે, જે પણ પ્રાચીનતર પરંપરાનો વારસો છે. વર્ડ્ઝવર્થ આદિ અંગ્રેજી કવિઓની કવિતામાં પ્રકૃતિ-સૌંદર્ય પ્રત્યેની લાગણીનું પૃથક્કરણ કરીને નિરૂપણ હોય એવો અનુભવ થાય છે. ગુજરાતીમાં આ પ્રકારની કવિતા-રચનામાં સૌથી પહેલો નર્મદ છે. એ પછી પ્રકૃતિવર્ણનમાં હૃદયંગમ કાવ્ય નરસિંહરાવે આપ્યાં (ઊર્મિ-કાવ્યોનો નરસિંહરાવનો પ્રથમ સંગ્રહ 'કુસુમમાળા' ૧૮૮૭માં પ્રગટ થયો હતો.) અને એ પરંપરા પછી ચાલુ રહી છે. "પ્રકૃતિ સૌંદર્યનાં અને પ્રાકૃતિક ઘટના-ઓનાં તાદૃશ શબ્દચિત્રો આપવાં, પ્રકૃતિદર્શને પોતાને થતાં હર્ષશોકાદિનું સંવેદન નોંધવું, પ્રકૃતિદર્શને અનુભવાતું વિચારોદ્દીપન લંબાવી તત્ત્વચિંતનમાં સરી જવું, પ્રકૃતિની રમ્ય-રૌદ્ર શોભા વર્ણવી તેના સર્જનહારનું સ્તોત્ર લલકારવું, મનોહર

કલ્પના-લીલા વડે પ્રકૃતિને કવિતામાં અલંકારાદિમાં પ્રયોજવી, પ્રકૃતિને માનવ-પાત્રોના સ્થાયી ભાવના ઉદ્દીપન અર્થે અથવા માનવ-લીલાની પશ્ચાદ્‌ભૂમિકા તરીકે નિયોજવી, વિવેચકો જેને અસત્યભાવારોપણના દોષદર્શી નામથી વર્ણવે છે, પણ ખરી રીતે જગતની કવિતાને જેના વિના ચાલ્યું નથી એવા સરલ વ્યાપારની ભાવોત્કટતા સારુ માનવભાવો સાથે સમભાવ, ઉદાસીનતા કે વિરોધ દાખવતી તેને બતાવવી—આ બધી રીતે પ્રકૃતિનું નિરૂપણ કવિજન કરતા આવ્યા છે અને અર્વાચીન ગુજરાતી કવિતામાં પણ એ પ્રમાણે થયું છે."[૨]

દેશાભિમાનનો વિષય ગુજરાતી કવિતાને મળ્યો એ ઇતિહાસનો અભ્યાસ, રાજકીય જાગૃતિ અને અંગ્રેજી કવિતાના સંસ્કાર એ ત્રણેયનું યુગપત્ પરિણામ છે. વૉલ્ટર સ્કૉટના Breathes there the man with soul so dead એ પંક્તિથી શરૂ થતા કાવ્યનાં નિદાન ત્રણ ભાષાંતર ગુજરાતી પદ્યમાં થયાં છે. સંસારસુધારાનાં ખ્યાલ અને પ્રવૃત્તિ એ બંને દેશાભિમાનનો પ્રકારાંતરે આવિર્ભાવ છે. અંગ્રેજી 'પેટ્રિઅટિઝમ'ના પર્યાયરૂપે 'સ્વદેશાભિમાન' શબ્દ નર્મદે ઘડેલો મનાય છે. દેશની પ્રવર્તમાન દીન દશાથી પોતાને થતી વ્યથા નર્મદે 'હિન્દુઓની પડતી'(૧૮૬૪) એ સુદીર્ઘ કાવ્યમાં વ્યક્ત કરી, 'નર્મકોશ'નું અર્પણ 'જય જય ગરવી ગુજરાત' એ કાવ્ય દ્વારા સમગ્ર ગુજરાતને કર્યું તથા પ્રેમશૌર્યનાં અનેક જુસ્સાદાર પદ રચ્યાં, દલપતરામે 'હુન્નરખાનની ચઢાઈ'(૧૮૬૦)માં હુન્નરોના વિકાસ દ્વારા દેશની ચડતીનો રચનાત્મક માર્ગ બતાવ્યો. ભીમરાવ ભોળાનાથ દિવેટિયાએ(૧૮૫૧-૧૮૯૦) 'પૃથુરાજ રાસો'(૧૮૯૭)માં મહાકાવ્યની રચનાનો પ્રયત્ન કરવા સાથે ભારતની પ્રાચીન ગૌરવ-ગાથાને લાગણીપૂર્વક સંભારી અને હરિલાલ હર્ષદરાય ધ્રુવે(૧૮૫૬-૧૮૯૬) દેશાભિમાન અને ભારત-ભક્તિનાં જુસ્સાદાર કાવ્ય રચ્યાં. બંગભંગ પ્રસંગે સમસ્ત ભારતમાં દેશભક્તિના તરંગ ઊછળ્યા અને શિષ્ટ કવિઓએ રચેલાં દેશભક્તિનાં કાવ્યોના કેટલાક સંચય પ્રગટ થયા. હિંમતલાલ અંજારિયા-સંપાદિત 'દેશભક્તિનાં કાવ્યો'(૧૯૦૫) અને 'વસંત વિનોદી'(ચંદુલાલ દેસાઈ), હરિલાલ ધ્રુવ, કેશવલાલ ધ્રુવ અને અન્ય કવિઓની રચનાઓની સંકલનારૂપ 'સ્વદેશ ગીત'(૧૯૦૮) એનાં ઉદાહરણરૂપ છે.

સંસાર-સુધારો અને સ્વદેશપ્રીતિ લલિત વાઙ્‌મયનાં નવલકથા અને નાટક જેવાં સ્વરૂપોમાં સ્વાભાવિક રીતે એકરૂપ બની ગયાં જણાય છે. થોડાંક ઉદાહરણ માત્ર લઈએ. દલપતરામ-કૃત 'વેનચરિત્ર'(૧૮૬૮), 'નર્મકવિતા'નાં બહુસંખ્ય કાવ્ય નવલરામ પંડ્યા-કૃત 'બાળલગ્નબત્રીશી'(૧૮૭૬), ગોવર્ધનરામ-કૃત 'સ્નેહમુદ્ર.'(૧૮૮૯), નરસિંહરાવનાં 'વિધવાકાવ્યો' વગેરેને આ રીતે જોઈ શકાય.

મહીપતરામ નીલકંઠ(૧૮૨૯–૧૮૯૧)-કૃત સામાજિક નવલકથા 'સાસુ–વહુની લડાઈ'(૧૮૬૬) સુધારાલક્ષી છે અને એમની ઐતિહાસિક નવલકથાઓ 'સધરા જેસંગ'(૧૮૮૨) અને 'વનરાજ ચાવડો'(૧૮૮૮)માં પણ એમની અર્વાચીન સુધારક-વૃત્તિ અનેક સ્થળે ડોકાય છે. 'ભવાઈ–સંગ્રહ'ની સંકલના પાછળ ભવાઈનાં અશ્લીલ તત્ત્વ દૂર કરી લોકશિક્ષણ માટે એનો વિનિયોગ કરવાનો એમનો ઉદ્દેશ જણાય છે. આપણી પ્રથમ પ્રશિષ્ટ નવલકથા નંદશંકર(૧૮૩૫–૧૯૦૫)–કૃત 'કરણઘેલો'(૧૮૬૬) ગુજરાતના એજ્યુકેશનલ ઇન્સ્પેકટર રસેલની સૂચનાથી સ્કૉટ વગેરે અંગ્રેજ ઐતિહાસિક નવલકથાકારોના પ્રભાવ નીચે રચાઈ હતી. એમાંયે પોતાના દેશબાંધવો સમક્ષ નવીન જ્ઞાનની જ્યોતિ ધરવાનો લેખકનો લોભ અછતો રહેતો નથી. હરગોવિંદદાસ કાંટાવાળા(૧૮૪૯–૧૯૩૩)-કૃત 'અંધેરી નગરીનો ગર્ધવસેન'(૧૮૬૯), જેનો કર્તાએ પોતે જ 'એક ઉટંગ વાર્તા' તરીકે નિર્દેશ કર્યો છે અને જેમાં બને તેટલા તળપદા શબ્દ પ્રયોજવાની લેખકની પ્રતિજ્ઞા છે તે, સ્પષ્ટ રીતે રાજકીય અને સાંસારિક સુધારાના ઉદ્દેશથી લખાયેલી છે. એમની બીજી નવલકથા 'બે બહેનો'(૧૮૯૧)નું પ્રેરક બળ પણ સંસારસુધારો છે. ગોવર્ધનરામની મહાનવલ 'સરસ્વતીચંદ્ર' પણ (ભાગ ૧, ૧૮૮૭; ભાગ ૨, ૧૮૯૨; ભાગ ૩, ૧૮૯૮; ભાગ ૪, ૧૯૦૧) પ્રાચીન પૂર્વ, અર્વાચીન પૂર્વ અને અર્વાચીન પશ્ચિમના સંસ્કાર–સમન્વય દ્વારા દેશોન્નતિ વાંછે છે. ગોવર્ધનરામના લઘુવયસ્ક સમકાલીન ભોગીંદ્રરાવ દિવેટિયા(૧૮૭૫–૧૯૧૭)ની સામાજિક નવલકથાઓ પણ સંસાર–સુધારાનો સૂર કાઢે છે. મુંબઈના 'ગુજરાતી' સાપ્તાહિકના તંત્રી શ્રી ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ(૧૮૫૩–૧૯૧૨)ની નવલકથા 'ગંગા–એક ગુર્જર વાર્તા'(૧૮૮૮)માં સ્ત્રી–વર્ગની તત્કાલીન સ્થિતિનું ચિત્રણ આપી એમાં થવા જોઈતા સુધારાની જરૂર પ્રત્યે ઇંગિત છે. 'હિન્દ અને બ્રિટાનિયા' (૧૮૮૬) નવલકથા છે, પણ એમાં ઐતિહાસિક સંદર્ભમાં ભારત અને બ્રિટન વચ્ચેના રાજકીય સંબંધોનો સ્વાતંત્ર્યપૂર્ણ વિમર્શ છે. એના પ્રકાશનને પરિણામે 'ગુજરાતી' પત્ર અને એના તંત્રીને રાજદ્રોહના આરોપ નીચે કચડી નાખવાનો પ્રયત્ન થયો હતો.

દલપતરામ–કૃત 'લક્ષ્મી નાટક' (૧૮૫૧) એ ગ્રીક નાટકકાર એરિસ્ટોફેનિસની કૉમેડી 'પ્લુટસ'નું ગુજરાતી રૂપાંતર છે. ગ્રીક પુરાણકથામાં પ્લુટસ ધનનો દેવ હોઈ દલપતરામે એને સ્થાને લક્ષ્મીદેવી મૂકી છે. દલપતરામ પોતે તો કોઈ વિદેશી ભાષા જાણતા નહોતા, એટલે મૂળ નાટકનો સાર ફાર્બસ સાહેબે દલપતરામને સમજાવ્યો હશે અને એ ઉપરથી એમણે આ નાટક રચ્યું હશે.

ભવાઈની ભરપૂર અસરવાળા હાસ્યરસ દ્વારા આમાં લેખકે બોધ આપવા પ્રયત્ન કર્યો છે. એનો સારાંશ એ છે કે અન્યાય અધર્મ અને ચાડિયાપણાથી ધન પેદા કરવું નહિ. દલપતરામનું બીજું નાટક 'મિથ્યાભિમાન'(૧૮૬૯) સંસ્કૃત નાટ્યરીતિ અને ભવાઈના લોકનાટ્યનો આકર્ષક સમન્વય સાધે છે અને જીવરામ ભટ્ટના પાત્ર દ્વારા મિથ્યાભિમાનની વિફળતાનો બોધ આપે છે. રમણભાઈ નીલકંઠના 'ભદ્રંભદ્ર'(૧૯૦૦)ની જેમ જીવરામ ભટ્ટનું પાત્ર ચિરંજીવ રહેશે. ૧૯૨૨ સુધીમાં એ નાટકનાં આઠ પુનર્મુદ્રણ થયાં એ એની અસાધારણ લોકપ્રિયતા બતાવે છે.

ગુજરાતના સમર્થ આદિ નાટ્યકાર ગણાયેલા રણછોડભાઈ ઉદયરામ દવે (૧૮૩૭–૧૯૨૩)–કૃત 'જયાકુમારીનો વિજય'(૧૮૬૨), 'લલિતાદુ:ખદર્શક' (૧૮૬૬) આદિ નાટકોનો સુધારક હેતુ સુસ્પષ્ટ છે. 'વિદ્યાવિજય' 'કજોડાંદુ:ખ-દર્શક' 'કન્યાવિક્રયખંડન' 'સુધારા દિગ્દર્શક' 'ત્રાસદાયક તેરમાં દુ:ખદર્શક' 'મદ્યપાન દુ:ખદર્શક' 'સ્વયંવર સ્વરોદય' આદિ પ્રારંભ–કાલનાં સંખ્યાબંધ નાટકોએ લોકશિક્ષણ ને સુધારાના યુગધર્મની જ પોતે એનું વાહન કે પ્રચારસાધન બની સેવા કરી છે.[૩] આપણા અભ્યાસવિષય કાલખંડના લગભગ અંતે રચાયેલું રમણભાઈ નીલકંઠ-કૃત 'રાઈનો પર્વત'(૧૯૧૩) વિરલ સાહિત્યિક ગુણવત્તા અને વિશિષ્ટ તખ્તાલાયકી[૪] ધરાવતું હોવા સાથે એના કર્તાની દૃઢ ઈશ્વરશ્રદ્ધા સાથે સમાજસુધારક તરીકેની ઊંડી દાઝ વ્યક્ત કરે છે.

## લલિતેતર વાઙ્મય અને એના મુખ્ય વિષય

નવી કેળવણીના પરિબળને પરિણામે–એ કેળવણીના સાધનરૂપે તેમજ એની પ્રેરણાથી વિવિધ વિષયોમાં જે લલિતેતર વાઙ્મય વિકસ્યું તેનું, બને ત્યાંસુધી કાલાનુક્રમિક, વિહંગાવલોકન અહીં કરીએ. એમાં જે ગ્રંથાદિનો નિર્દેશ થાય તે એ વિષયોની કોઈ સર્વગ્રાહી સૂચિ તરીકે નહિ,[૫] પણ પ્રસ્તુત નિરૂપણની પુષ્ટિ માટે કેવળ ઉદાહરણરૂપ ઉલ્લેખ તરીકે ગણવાનો છે.

નવી કેળવણીના વિતરણ માટે સૌ પહેલાં તો કાચાં–પાકાં **પાઠ્ય–પુસ્તક** પ્રગટ થયાં. મરેના અંગ્રેજી વ્યાકરણનો ગુજરાતી તરજૂમો અરદેશર બહેરામજી લશ્કરીએ મુંબઈમાં ૧૮૨૨ માં છપાવ્યો હતો.[૬] અમદાવાદની 'પુસ્તક વૃદ્ધિ કરનાર મંડળી'એ ૧૮૪૭ માં છાપેલી 'સંસાર વહેવાર' નામે ચોપડીમાંથી એ સમયની કેળવણી અને એના વિષયોનો સામાન્ય ખ્યાલ આવે છે. ગણપતરામ રાજારામ ભટ્ટ–કૃત 'ભરૂચ જિલ્લાની કેળવણીનો ઇતિહાસ' (૧૮૭૭) પદ્યમાં રચાયેલો છે અને એ આ પ્રકારની માહિતી માટે રસપ્રદ છે.

બાલોપયોગી વાચનસામગ્રી તરીકે વાર્તાઓનાં કેટલાંક પુસ્તક પ્રગટ થયેલાં છે. નોંધપાત્ર એ છે કે એ વાર્તાઓનાં સ્વરૂપ અને કથનરીતિ જૂના ગુજરાતી બાલાવબોધોમાંની કથાઓ જેવાં નહિ, પણ પ્રમાણમાં અર્વાચીન રીતિનાં છે. આ પુસ્તકોમાં[૭] બાપુશાસ્ત્રી પંડ્યા-કૃત 'ઈસપનીતિકથા'(૧૮૩૦), અજ્ઞાતકર્તૃક 'ગુજરાતી પંચોપાખ્યાન'(૧૮૪૦) અને 'ઈસપની વાતો'(૧૮૪૭), ભોગીલાલ નાનાલાલ-કૃત 'નીતિબોધ' ભાગ ૧-૨(૧૮૫૨), રણછોડદાસ ગિરધરભાઈ-કૃત 'ઈસપ–નીતિની વાતો'(૧૮૫૪) અને 'નીતિબોધકથા'(૧૮૫૬), અરદેશર ફરામજી મૂસ-કૃત 'નીતિબોધક નિબંધ'(૧૮૫૯), મનમોહનદાસ રણછોડદાસ-કૃત 'નીતિબોધ કથા' ભાગ ૧–૨ (૧૮૬૨) આદિનો નિર્દેશ કરી શકાય. કેખુશરુ હોરમસજી અલપાઈવાલા-કૃત 'મુંબઈમાં દેશીઓની કેળવણી'(૧૮૫૫) એ કાલે પ્રચલિત થયેલી નવી કેળવણીનું સિંહાવલોકન કરે છે.

એ સમયે પ્રગટ થયેલાં વિવિધ વિષયનાં કેટલાંક પાઠ્ય–પુસ્તકોમાં જી. આર. જરવીસની 'કર્તવ્યભુમિતિ'(૧૮૨૬), 'ભૂમિતિ'(૧૮૫૬) અને 'બીજગણિત'(૧૮૫૬), નંદશંકર તુળજાશંકર મહેતા-કૃત 'ભુમિતિનાં મૂળતત્ત્વોના પહેલા છ સ્કંધો'-(૧૮૫૯), ગોવિંદ નારાયણ-કૃત 'ઉદ્ભિજ પદાર્થ'(૧૮૫૯), વિકાજી કેખુશરુ રુસ્તમજી-કૃત 'સિદ્ધ પદાર્થવિજ્ઞાન'(૧૮૭૧), મહીપતરામ રૂપરામ નીલકંઠ-કૃત 'પદાર્થવિજ્ઞાન'(૧૮૭૩) આદિ ઉલ્લેખનીય છે.

આપણા અભ્યાસપાત્ર કાલખંડમાં **શિક્ષણનાં ઇતિહાસ અને ફિલસૂફીના** કેટલાક નોંધપાત્ર ગ્રંથ છે. મણિશંકર રત્નજી ભટ્ટ('કાન્ત')–કૃત 'શિક્ષણનો ઇતિહાસ' (૧૮૯૫) એ સમર્થ કૃતિ એમાં અગ્રસ્થાને છે. પ્રાચીન–ભારત ગ્રીસ રોમ ચીન ઇજિપ્ત ઇઝરાયેલ અરબસ્તાન અને યુરોપના દેશોમાં શિક્ષણ જે પ્રકારે ઉદ્ભવ્યું તથા પ્રવર્ત્યું, શિક્ષણશાસ્ત્રીઓએ એ માટે જે હેતુઓ અને ઉદ્દેશો સૂચવેલા અને એનો વ્યવહારમાં જે રીતે પ્રયોગ થયો તેમજ એનાં જે પરિણામ આવ્યાં તેનું વિષયને અનુરૂપ સાદી પણ ગંભીર અર્થવાહી શૈલીએ એમાં વિવેચન થયું છે. 'સ્ત્રીકેળવણી'(૧૮૬૮) અને 'કેળવણી વિષે'(૧૮૬૯) એ બે નર્મદની પુસ્તિકા છે. હર્બર્ટ સ્પેન્સરના શિક્ષણ–વિષયક સુપ્રસિદ્ધ અંગ્રેજી ગ્રંથનું 'કેળવણી' (૧૮૮૬) નામથી ભાષાંતર બુલાખીદાસ ગંગાદાસે કર્યું છે. 'અંગ્રેજી ભણીને શું કરવું ?'(૧૮૮૯) એ નામનું પુસ્તક ચતુર્ભુજ માણેકેશ્વર ભટ્ટે લખ્યું છે. હરગોવિંદદાસ કાંટાવાળા, જેઓ ગુજરાતના તાલીમ પામેલા શિક્ષકોની પહેલી પેઢીની આગલી હરોળમાં હતા, તેમણે 'કેળવણીનું શાસ્ત્ર અને કળા' ભાગ ૧–૨ (૧૯૦૩) આપ્યા છે. મગનભાઈ ચતુરભાઈ પટેલે 'શિક્ષકનું કર્તવ્ય'(૧૯૦૭)

લખ્યું અને અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદીએ શાર્પના અંગ્રેજી પુસ્તકનું 'જાપાનની કેળવણીની પદ્ધતિ'(૧૯૧૦) એ નામે ભાષાંતર કર્યું છે. શિક્ષણ-પદ્ધતિના એક અનુભવી જાણકાર જગજીવન દયાળજી મોદીએ 'મોટી ઉંમરની સ્ત્રીઓની કેળવણી'(૧૯૦૮) એ પુસ્તકમાં પ્રૌઢ શિક્ષણની અગત્ય અને કાર્ય-પદ્ધતિની જાણે કે આગાહી કરી છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં પ્રારંભની ગદ્યરચનાઓ ઉદ્બોધક લેખો-રૂપે થઇ અને સમય જતાં એમાંથી નિબંધનું સ્વરૂપ વિકસ્યું. ગુજરાતી ભાષાનો વિકાસ અને એ દ્વારા જ્ઞાનનો પ્રસાર એ 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'નો એક ઉદ્દેશ હતો. તદ્દન સાધારણ્ માણસ કે નિશાળે જતું બાળક પણ ખરીદી શકે એ દૃષ્ટિએ એક પાઈથી માંડી એક આના જેવી નજીવી કિંમતે સોસાયટીએ અનેક ચોપડીઓ બહાર પાડી હતી. એમાં મગનલાલ વખતચંદ-કૃત 'આળસુ છોકરીની વાત'(૧૮૫૨) અને 'આળસુ છોકરો'(૧૮૫૨) જેવી બાળ-બોધક કથાઓ સાથે 'રેશમ વિષે' 'કપાસનો છોડ' 'વીજળી વિષે' 'કોલેજના ફાયદા' 'નોટોના ચલણ વિષે' 'લાંચ વિષે' 'બાલવિવાહ-નિષેધક' 'કાનડા દેશ વિષે' 'રસાયનશાસ્ત્ર' 'શીળી વિષે' વગેરે વિવિધ વિષયોની પુસ્તિકાઓ કે પત્રિકાઓ છે.[૮]

ઇનામી સ્પર્ધા જાહેર કરીને સોસાયટી કેટલાક નિબંધ લખાવી પ્રગટ કરતી. કવિ દલપતરામનાં કેટલાંક ઉદ્બોધક ગદ્ય-લખાણ આ રીતે બહાર પડ્યાં છે. ભૂત-પ્રેત અને ડાકણ વિશેના વહેમોનું ખંડન કરતો એમનો 'ભૂત નિબંધ' (૧૮૪૮) એમાં કાલાનુક્રમે પહેલો છે. ફાર્બસ સાહેબે એનું અંગ્રેજી ભાષાંતર કર્યું હતું. મહીપતરામનો 'વિલાયતમાં જવા વિષે નિબંધ'(૧૮૬૦), જ્ઞાતિઓનો ઇતિહાસ આપી એની પ્રવર્તમાન સ્થિતિમાં સુધારો સૂચવતો 'જ્ઞાતિ નિબંધ' (૧૮૬૧), બાળલગ્નનાં અનિષ્ટ સમજાવતો 'બાળવિવાહ નિબંધ'(૧૮૬૨), 'પુનર્વિવાહ નિબંધ' (વર્ષ નથી) વગેરે આ કોટિમાં આવે. 'અંગઉધારનો ઝગડો' (૧૮૬૨), રાજકુમારો માટે શિક્ષણની આવશ્યકતા દર્શાવતી પુસ્તિકા 'રાજ-વિદ્યાભ્યાસ'(૧૮૬૨), 'કેફના ગરબાની ચોપડી'(વર્ષ નથી) જેવી કૃતિઓ પદ્યમાં હોવા છતાં વસ્તુતઃ ઉદ્બોધક લેખો છે.

સોનીઓની ધંધાદારી યુક્તિઓ ઉપર પ્રકાશ પાડતો સાંકળેશ્વર જોશી-કૃત 'સોની નિબંધ'(૧૮૫૦), ડોસાભાઈ ફરામજી-કૃત 'બુદ્ધિપ્રકાશ નિબંધ'(૧૮૫૭), નગીનદાસ પુરુષોત્તમ સંઘવી-કૃત 'ઉદ્યોગથી થતા લાભ અને આલસ્યથી થતી હાનિ'(૧૮૮૬), ગણપતરામ રાજારામ ભટ્ટ-કૃત 'બાળલગ્નથી થતી હાનિ'(૧૮૯૦)

અને નાગેશ્વર જ્યેષ્ઠારામ જોશી-કૃત 'બાળલગ્ન સંબંધમાં આપણું કર્તવ્ય' (૧૮૯૦)-એ બંને કવિતામાં લખાયેલી કૃતિઓ, છગનલાલ ઠાકોરદાસ મોદી-કૃત 'બાલવિવાહ સંબંધી લાભાલાભનો વિચાર'(૧૮૯૩), કેશવલાલ મોતીલાલ પરીખ-કૃત 'ભોજનવ્યવહાર ત્યાં કન્યાવ્યવહાર', ભવાનીશંકર રામેશ્વર જોશી-કૃત 'પરદેશી માલ આપણા દેશમાં તૈયાર કરવા શા ઉપાય યોજવા?'(૧૮૯૦) ઇત્યાદિ ઉદ્બોધક લખાણોના પ્રતિનિધિરૂપ નમૂના છે.

અંગ્રેજીમાં લીધેલા નિબંધના પ્રકારને સહુ પ્રથમ સુસ્પષ્ટ રૂપ નર્મદે આપ્યું. એ પછી આપણા કાલખંડમાં નવલરામ પંડ્યા, મણિલાલ દ્વિવેદી, નરસિંહરાવ દિવેટિયા, રમણભાઈ નીલકંઠ, આનંદશંકર ધ્રુવ, ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી (૧૮૭૦-૧૯૨૪) આદિએ એ પ્રકારનો વિકાસ કરી ઉત્તમ નિબંધ તથા પરિમાર્જિત ગદ્ય સાથોસાથ આપ્યાં છે.

આપણા જૂના સાહિત્યમાં 'કુમારપાલચરિત' 'વસ્તુપાલચરિત' 'જગડૂચરિત' આદિ અર્ધ-ઐતિહાસિક પ્રબંધાત્મક કૃતિઓ કે 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' જેવી પૌરાણિક પદ્ધતિની રચનાઓ સંસ્કૃતમાં છે તેમ 'સુદામાચરિત' 'મીરાંચરિત્ર' આદિ ગુજરાતી આખ્યાનો છે, પણ એને અર્વાચીન અર્થમાં 'ચરિત' કહી શકાશે નહિ. મધ્યકાલીન ગુજરાતમાં જૈન આચાર્ય સોમસુંદરસૂરિનું અને હીરવિજયસૂરિનું ચરિત અનુક્રમે 'સોમસૌભાગ્ય' અને 'હીરસૌભાગ્ય'માં તથા ભાનુચંદ્રગણિનું જીવન 'ભાનુચંદ્રગણિચરિત'માં ઐતિહાસિક તથ્યો સાચવીને પણ સંસ્કૃતનાં અલંકૃત કાવ્યોની રીતિએ વર્ણવાયું છે, આમ છતાં ઐતિહાસિક કે સમકાલીન વ્યક્તિ-વિશેષોના વૃત્તાંત દેશકાલના પરિપ્રેક્ષ્યમાં, પ્રમાણોપેત રીતિએ, આલેખવા એ અર્વાચીન ચરિતકારનો ઉદ્દેશ અને આદર્શ છે, જે જૂનાં ચરિતોમાં જણાતો નથી. એ જ રીતે વ્યક્તિ પોતાનું ચરિત કહે અથવા અનુભવો વર્ણવે એ આત્મચરિત કે આત્મકથા. ચરિત અને આત્મચરિત એ બંને પ્રકાર આપણને પશ્ચિમમાંથી મળ્યા છે. સામાન્યતઃ આ પ્રકાર લલિતેતર ગણાતા હોવા છતાં અનેક વાર એમાં સર્જનાત્મક લાલિત્ય પ્રવેશે છે અને જીવનચરિતની કૃતિઓ પણ લલિત વાઙ્મય બને છે. આપણા કાલખંડની આ પ્રકારોની પ્રતિનિધિરૂપ કૃતિઓનો અહીં નિર્દેશ કરીશું.

મોહનભાઈ હરિદાસ અને મહીપતરામ રૂપરામ નીલકંઠે મહાપુરુષોના ચરિતના ચેમ્બર્સના અંગ્રેજી પુસ્તકના ભાષાંતરરૂપે 'ચરિત્રનિરૂપણ'(૧૮૫૪) પ્રગટ કર્યું છે. ફરામજી હોરમસજી શેઠનાએ 'મહાપુરુષોના જન્મારાનો અહેવાલ' (૧૮૫૭) તૈયાર કર્યો છે અને બહેરામજી ખરશેદજીએ *Biography of Eminent*

*Women* ના ભાષાંતરનું પુસ્તક 'સદ્‌ગુણી સ્ત્રી'(૧૮૬૦) આપ્યું છે, પણ સંશોધન અને જાતતપાસ કરીને ચરિત્તલેખન કરનાર ગુજરાતમાં નર્મદ પહેલો છે અને એનું 'કવિચરિત્ર' (૧૮૬૦) એ રીતે નવી કેડી પાડે છે. ડાહ્યાભાઈ ઘેલાભાઈ પંડિતનું 'કવિચરિત્ર' (૧૮૬૯) પણ એ દૃષ્ટિએ નોંધપાત્ર છે.

મહીપતરામ-કૃત 'કરસનદાસ મૂળજીનું ચરિત્ર'(૧૮૭૮) આપણા સાહિત્યનું સમય-દૃષ્ટિએ પહેલું અને ગુણ-દૃષ્ટિએ નોંધપાત્ર વિસ્તૃત ચરિત છે. એમનું આ પ્રકારનું બીજું પુસ્તક 'મહેતાજી દુર્ગારામ મંછારામનું ચરિત્ર'(૧૮૯૩) છે, પણ એમાં ચરિત-નાયકના અંગત જીવન વિશે પૂરતી શોધ થઈ નથી એમ વિવેચક નવલરામને લાગ્યું છે. ગોવર્ધનરામે 'નવલરામનું જીવનચરિત્ર'(૧૮૯૧) લખ્યું છે અને પોતાની પુત્રીના સ્મરણમાં 'લીલાવતી જીવનકલા'(૧૯૦૫) આલેખી છે, એ બંનેમાં જેમનું ચરિત આલેખાયું છે તેમના આંતર-જીવનનું પણ સુભગ દર્શન થાય છે.

ચુનીલાલ બાપુજી મોદી-કૃત 'આલ્ફ્રેડ ધ ગ્રેટ'(૧૮૮૮), જગજીવનદાસ કાપડિયા-કૃત 'હિન્દનાં મહારાણી અને તેમનું કુટુંબ(૧૮૯૩), ડાહ્યાભાઈ દેરાસરી-કૃત 'રણજીતસિંહ'(૧૮૯૫), ચુનીલાલ માણેકલાલ ગાંધી-કૃત 'માઉન્ટ સ્ટુઆર્ટ એલ્ફિન્સ્ટનનું જીવનચરિત્ર'(૧૮૯૫), ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ-કૃત' 'બેન્જામિન ફ્રાંકલીનનું જીવનચરિત્ર'(૧૮૯૫), વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય-કૃત 'લોર્ડ લૉરેન્સ' (૧૮૯૫), પરમાનંદદાસ ભોળાભાઈ પારેખ-કૃત 'ડેમોસ્થિનીસનું ચરિત્ર'(૧૮૯૮), શારદાબહેન મહેતા-કૃત 'મિસ ફ્લોરેન્સ નાઇટિંગેલનું જીવનચરિત્ર'(૧૯૦૭), મહેબૂબમિયાં કાદરી-કૃત 'સર સૈયદ અહેમદનું જીવનચરિત્ર' (૧૯૧૩) વગેરે અંગ્રેજીને આધારે લખાયેલાં છે. કૃપાશંકર દોલતરામ ત્રવાડીએ 'ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર'(૧૮૯૯) અને 'રાજા રામમોહનરાય'(૧૮૯૮)નાં ચરિત બંગાળીને આધારે લખ્યાં છે. મુંબઈના નિર્ણયસાગર પ્રેસના સ્થાપક અને ભારતમાં સંસ્કૃત મુદ્રણ અને ગ્રંથ-પ્રકાશનના વિશિષ્ટ આયોજક 'જાવજી દાદાજી ચોધરીનું જીવનચરિત્ર'(૧૮૯૭) મરાઠીને આધારે છગનલાલ વિદ્યારામ રાવળે લખ્યું છે.

અન્ય સ્વતંત્ર જીવનચરિતોમાં કૃષ્ણરાવ ભોળાનાથ દિવેટિયાનું પોતાના પિતાની જીવનકથા આલેખતું 'ભોળાનાથ સારાભાઈનું જીવનચરિત્ર'(૧૮૮૮) આ સાહિત્યપ્રકારમાં મહત્ત્વનું અર્પણ છે. ધર્મસુધારો સંસાર-સુધારો દેશોદ્ધાર આદિ ક્ષેત્રોમાં કામ કરનાર વ્યક્તિવિશેષના જીવનકાર્યના આધારભૂત નિરૂપણ સાથે રસપ્રદ સમયચિત્ર પણ એમાં છે. મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠીએ 'ફાર્બસ

જીવનચરિત્ર'(૧૮૯૯) આપ્યું છે, જે પાછળથી 'રાસમાળા'ના ભાષાંતરમાં પણ છપાયું છે. એ સમયે ગ્રંથપ્રકાશન માટે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ને મોટી રકમ આપનાર 'શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસનું જીવનચરિત્ર'(૧૮૯૯) પણ મનસુખરામે લખ્યું છે. લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ પારેખે સંસ્કૃત वल्लभदिग्विजयनो આધાર લઈ પુષ્ટિમાર્ગના પ્રવર્તક વલ્લભાચાર્યનું લોકભોગ્ય જીવનવૃત્ત 'વલ્લભચરિત્ર' (૧૯૦૭)માં આપ્યું છે.

સુધારક મહીપતરામને જીવનમાં કસોટીના પ્રસંગોએ પ્રેરણા અને પ્રોત્સાહન આપનાર એમનાં પત્નીનું ચરિત ગણપતરામ રાજારામ ભટ્ટે 'પાર્વતીકુંવરચરિત્ર' (૧૮૯૦) એ નામથી, પદ્યમાં આખ્યાન શૈલીએ, રચ્યું છે, પણ સમકાલીન વૃત્તાંત એમાં વણાયો હોઈ એ રસપ્રદ અને માહિતીપૂર્ણ છે. નગીનદાસ મંછારામે ગુજરાત અને સૌરાષ્ટ્રના સોળ દેશી રાજાઓનો જીવનપરિચય આપતો, મોંઘાં મુદ્રણ અને બાંધણીનો ગ્રંથ 'ચરિત્રમાળા', ભાગ ૧(૧૮૯૦) પ્રગટ કર્યો છે. તેરમા સૈકામાં થયેલા કચ્છના દાનેશ્વરી જગડૂશાહનું ઐતિહાસિક 'જગડૂચરિત્ર' (૧૮૯૬) મગનલાલ ખખ્ખરે આપ્યું છે તથા લગભગ અર્વાચીન યુગના આરંભે થયેલા સાહસિક કચ્છી વેપારી વીર અને મુત્સદ્દી સુંદરજી શિવજીનું ચરિત્ર 'સુંદર સોદાગર'(૧૯૦૮)માં રજૂ કર્યું છે.

પ્રાચીન અને પ્રશિષ્ટ ઐતિહાસિક ગ્રંથ તરીકે વિખ્યાત 'પ્લુટાર્કનું જીવનચરિત્ર'(૧૯૦૬)નું ભાષાંતર ઇતિહાસના અધ્યાપકો બળવંતરાય ક. ઠાકોર અને હરિલાલ માધવજી ભટ્ટે આપ્યું છે. મહાન મનીષી અને સર્જક ગોવર્ધનરામનું સુવાચ્ય અને આધારભૂત ચરિત 'શ્રીયુત ગોવર્ધનરામ'(૧૯૧૦) એમના ભાણેજ કાંતિલાલ છગનલાલ પંડ્યાએ લખ્યું છે. જયસુખરાય પુરુષોત્તમરાય જોશીપુરાએ 'ભક્તકવિ નરસિંહ મહેતાનું જીવન અને કવન'(૧૯૦૮) અને 'ભક્તકવિ ભોજલ'(૧૯૧૧)માં આપણા બે જૂના કવિઓનાં ચરિત આલેખ્યાં છે તથા 'સાક્ષરમાળા'(૧૯૧૨)માં અર્વાચીન ગુજરાતના વિશિષ્ટ સર્જકો અને વિદ્વાનોનો પરિચય આપ્યો છે.

ભારતીય-આર્ય ભાષાઓના જૂના સાહિત્યમાં આત્મચરિત નહોતું, એ પાશ્ચાત્ય સાહિત્યની સીધી દેણ છે.[૯] આપણા કાલખંડમાં આત્મચરિત ઝાઝાં નથી, પણ જે છે તે આંતરિક વિત્તવાળાં છે. વાઙ્મયનાં બીજાં અનેક ક્ષેત્રોની જેમ આમાં પણ નર્મદ અગ્રયાયી છે એનું પ્રમાણ 'મારી હકીકત'(૧૮૬૬) છે.[૧૦] એમાં જુવાન નર્મદનું જીવન તેમજ એની માનસસૃષ્ટિ પ્રત્યક્ષ થાય છે, પણ ૧૮૬૫ થી ૧૮૭૫ના ગાળાનો ઉધમાતિયો કડખેદ નર્મદ સ્થિર દષ્ટિવાળો

વિચારક બની થોડાંક વર્ષ બાદ 'ધર્મવિચાર'(૧૮૮૮) પ્રગટાવે છે. એને વૈચારિક દૃષ્ટિએ એના આત્મવૃત્તાંતનો ઉત્તર ભાગ ગણી શકાય.

મણિલાલ નભુભાઈ દ્વિવેદીના 'આત્મચરિત્ર'માં એમના ટૂંકા જીવનનાં પહેલાં અઠ્ઠાવીસ વર્ષનો અહેવાલ સળંગ કથનરૂપે અને છેલ્લાં આઠેક વર્ષોની હકીકત છૂટક નોંધરૂપે છે.[૧૧] એક સમર્થ વિદ્વાન ચિંતક અને ગદ્ય-સ્વામીનું આત્મચરિત એના લેખકનું બાહ્યાભ્યંતર દર્શન કરાવે છે એ સાથે સમાજ-શાસ્ત્ર અને મનોવિજ્ઞાનના અભ્યાસી માટે પણ મૂલ્યવાન સામગ્રી પૂરી પાડે છે. નારાયણ હેમચંદ્રની આત્મકથા 'હું પોતે'(૧૯૦૦)માં લેખક પોતાના જીવનનાં ૩૪ વર્ષ સુધીનો છબી સંયમ અને નિખાલસતાથી આલેખે છે એ દૃષ્ટિએ ધ્યાનપાત્ર છે. નારાયણ હેમચંદ્રનાં ઉછેર અને વ્યક્તિત્વ એ પ્રકારનાં હતાં કે તેઓ લેખનમાં ભાષાશુદ્ધિ કે કથનમાં વિનયવિવેકની ઝાઝી પરવા કરતા નથી. ભાઈશંકર નાનાભાઈ ભટ્ટ વ્યવસાયે સોલિસિટર હતા અને કેટલાંક વર્ષ 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ના પ્રમુખ તરીકે રહ્યા હતા; એમની આત્મકથનાત્મક કૃતિ 'મારા અનુ-ભવની નોંધ' (૧૯૧૨) આપણા એક અગ્રિમ વ્યવહાર-પુરુષની અનુભવકથા છે.

આપણાં સંસ્કૃત-પ્રાકૃત પ્રાચીન સુભાષિતોમાં પ્રવાસના લાભ વર્ણવ્યા છે, કથાસાહિત્યમાં કઠિન અને લાંબા પ્રવાસની વાતો આવે છે, રાજકીય અશાંતિ અને અરાજકતાના સમયમાં પણ આસેતુહિમાચલ તીર્થયાત્રાઓ ચાલુ હતી, આમ છતાં આપણા જૂના સાહિત્યમાં એક સ્વરૂપ તરીકે **પ્રવાસવર્ણન** નથી, એ તો અર્વાચીન સાહિત્યમાં જ મળે છે. ગુજરાતી સાહિત્યનો પહેલો નોંધપાત્ર પ્રવાસ-ગ્રંથ મહીપતરામ-કૃત 'ઇંગ્લૅન્ડની મુસાફરીનું વર્ણન'(૧૮૬૪) છે. બ્રિટનની શિક્ષણ-વ્યવસ્થાનાં અભ્યાસ અને અવલોકન માટે મહીપતરામને મોકલવામાં આવ્યાં હતાં. એમણે પ્રવાસની વિગતો ઉપરાંત ઇંગ્લૅન્ડનાં જોવાલાયક સ્થળોનો, ત્યાંનાં સમાજજીવન અને ગૃહજીવનનો તથા અંગ્રેજોની રાજકીય અને શૈક્ષણિક સ્થિતિનો ચિતાર આપ્યો છે. સુધારક કરસનદાસ મૂળજીનું 'ઇંગ્લૅંડમાં પ્રવાસ'(૧૮૬૬) એ પુસ્તક સાહિત્યક દૃષ્ટિએ પણ સ્મરણીય છે. સાડા ચારસો પાનાંનો એ દળદાર સચિત્ર ગ્રંથ છે અને એના છસો ગ્રાહક પ્રકાશન પૂર્વે જ નોંધાઈ ગયા હતા! વિલાયત જોવાથી મન પર થયેલી અસરથી માંડી ત્યાંના જીવનનાં વિવિધ પાસાંનું એમાં સાદી અને સ્વાભાવિક શૈલીમાં વર્ણન છે. એનું મરાઠી ભાષાંતર થયું હતું. દામોદર ઈશ્વરદાસ-કૃત 'ચીનની મુસાફરી'(૧૮૬૮) એમાં વર્ણવાયેલા દેશને કારણે રસપ્રદ છે. હાજી સુલેમાન શાહ મુહમ્મદ લોધિયા-કૃત 'પૃથ્વીની પ્રદક્ષિણા, ભાગ ૧'(૧૮૯૫) અને 'પૃથ્વીની પ્રદક્ષિણા, ભાગ ૨ : ઉત્તર ધ્રુવથી ખાર્ટુમ'[૧૨] આપણા અલ્પધન

પ્રવાસ–સાહિત્યમાં વિવિધ દૃષ્ટિએ યાદગાર છે. એના લેખક ધોરાજીના મેમણ હતા અને દક્ષિણ આફ્રિકામાં કેપટાઉનમાં વેપાર અર્થે સ્થાયી થયેલા હતા. ૧૮૮૭ થી ૧૮૯૫ સુધીમાં એમણે ત્રણ લાંબા પ્રવાસ કર્યા; પહેલા પ્રવાસમાં તેઓ આફ્રિકા અરબસ્તાન મિસર સીરિયા જેરુસલેમ અને તુર્કી ફર્યા; બીજા પ્રવાસમાં ઑસ્ટ્રેલિયા ન્યૂઝીલૅન્ડ ચીન જાપાન, ત્યાંથી યુનાઇટેડ સ્ટેટ્સ, ત્યાંથી હૉલૅન્ડ બેલ્જિયમ ફ્રાન્સ જર્મની નોર્વે સ્વીડન થઈ યુરોપીય રશિયા, ત્યાં જતાં પોલૅન્ડ ઑસ્ટ્રિયા હંગરી, ત્યાંથી સ્વિત્ઝરલૅન્ડ ઇટલી સ્પેન ફ્રાન્સ અને ઇંગ્લૅન્ડ થઈ માતૃભૂમિ ભારત આવ્યા. આ પછી ત્રીજી સફરમાં મુંબઈથી મસ્કત, ત્યાંથી બસરા બગદાદ મોસલ, પ્રાચીનનગર નિનેવેહ થઈ આખું ઈરાન ફરી, બેબિલોનનાં ખંડેર જોઈ, ભારત પાછા આવી, આખો સ્વદેશ ખૂંદી વળી કેપટાઉન ગયા. આ સઘળી મુસાફરીનો વૃત્તાંત 'પૃથ્વીની પ્રદક્ષિણા ભાગ–૧' માં છે. એ પછી સાત વર્ષે ૧૯૦૨ માં લેખક રખડપટ્ટીએ નીકળ્યા. એમાં પોર્ટુગાલ પાસેના મદિરા–ટાપુઓ, સ્કૉટલૅન્ડ હેમરફેસ્ટ અને ઉત્તર ધ્રુવ નજીકનાં અન્ય સ્થળો, ત્યાંથી મોસ્કો થઈ એશિયાઈ રશિયા, તાસ્કંદ[૧૩] અને ખોકંદ, બૉસ્ફરસની સામુદ્રધુનીમાં થઈ તુર્કસ્તાન એશિયા–માઇનોર અંકારા સ્મર્ના ગ્રીસ અને મિસરના પુરાતન અવશેષ જોઈ, એડન થઈ માતૃભૂમિ હિંદના કિનારે મુંબઈ, ત્યાંથી અમદાવાદમાં ૧૯૦૨ માં સુરેંદ્રનાથ બેનરજીના પ્રમુખપદે મળેલા કોંગ્રેસ–અધિવેશનમાં હાજરી આપી, આબુ જઈ, પાછા વળતાં સિદ્ધપુર રોકાઈ, તા. ૨૫ મે, ૧૯૦૩ ના રોજ ભારે હૈયે મુંબઈથી માતૃભૂમિનો કિનારો છોડી, ઝાંઝીબાર રોકાઈ તા. ૨૫ નવેમ્બર ૧૯૦૩ ના રોજ કેપટાઉન પહોંચ્યા. આ બધો વૃત્તાંત 'પૃથ્વીની પ્રદક્ષિણા, ભાગ ૨' : ઉત્તર ધ્રુવથી ખાર્ટુમ'માં મળે છે. લેખકની અવલોકનશક્તિ અને જ્ઞાનપિપાસા સતેજ છે અને ઘણાં વર્ષ પરદેશ રહેવા છતાં એમનો ગુજરાતી ભાષા ઉપરનો કાબૂ સારો છે. બંને ભાગોમાં પુષ્કળ ચિત્રો છે. આવું બૃહદ્ પ્રવાસ–પુસ્તક ગુજરાતી ભાષામાં વિરલ છે.

કવિ 'કલાપી'–કૃત 'કાશ્મીરનો પ્રવાસ'(૧૯૧૨) ગુજરાતી પ્રવાસ-સાહિત્યમાં સીમાચિહ્ન છે અને માત્ર સત્તર વર્ષની તરુણ વયે થયેલું એક કવિ પ્રકૃતિપ્રેમી સ્વદેશભક્ત સહૃદય મુગ્ધ પ્રણયીનું એ લેખન, કહો કે, સર્જન છે. 'કલાપી'નું અંતર્ગત રસવિશ્વ કાશ્મીરના પ્રકૃતિસૌંદર્ય સાથે એટલું તાદાત્મ્ય અનુભવે છે કે આ પ્રવાસવર્ણનનું બીજું નામ તેઓ 'સ્વર્ગનું સ્વપ્ન' એવું આપે છે. એમાં ગંભીરતા સાથે વિનોદ, સૃષ્ટિલીલાનાં વર્ણનો સાથે દેશભક્તિ અને સમાજ-જીવનના કેટલાયે આનુષંગિક વિષયોને લગતા વિચાર ઓતપ્રોત છે.

બાળાશંકર ઉલ્લાસરામ કંથારિયા–કૃત 'માર્કો પોલોનો પ્રવાસ' (૧૮૯૮) અને

મણિલાલ છબારામ ભટ્ટ-કૃત 'બર્નિયરનો પ્રવાસ'(૧૮૯૮) અંગ્રેજી ઉપરથી લખાયેલા છે અને પ્રવાસ ઉપરાંત ઇતિહાસના અભ્યાસ માટે પણ રસપ્રદ છે.

જાણીતા પારસી લેખક જહાંગીર બહેરામજી મર્ઝબાન પ્રવાસના શોખીન હતા; એમણે 'મુંબઈથી કાશ્મીર'(૧૮૮૭) પુસ્તક લખ્યું છે. વળી એમણે યુરોપનો પ્રવાસ ત્રણ વાર કર્યો હતો, એનું વર્ણન 'મોદીખાનાથી માર્સેલ્સ'(૧૯૦૬) 'વિલાયતી વહેજા'(૧૯૧૨) અને 'ગોરું વિલાયત' (૧૯૧૫) એ ત્રણ પુસ્તકોમાં છે.

આ સમયગાળાનાં ઇતિહાસનાં નોંધપાત્ર પુસ્તકોમાં 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ના એક વારના આસિસ્ટંટ સેક્રેટરી મગનલાલ વખતચંદનો 'અમદાવાદનો ઇતિહાસ' (૧૮૫૧) કાલાનુક્રમે પહેલો હોવા સાથે ગુણદૃષ્ટિએ સમૃદ્ધ છે. અમદાવાદમાં બ્રિટિશ અમલ સ્થપાયા પહેલાંનો રસમય સામાજિક અને આર્થિક વૃત્તાંત એમાંથી મળે છે. મોહનલાલ રણછોડદાસ-કૃત 'ઇંગ્લૅન્ડનો ઇતિહાસ' (૧૮૩૯) એની અગાઉ પ્રગટ થયો છે, પણ એનું પ્રયોજન શાળાના પાઠ્યપુસ્તક તરીકેનું છે. ભગવાનલાલ સંપતરામ-કૃત 'સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ'(૧૮૬૮) એક મુત્સદ્દી કુટુંબના નબીરાને હાથે લખાયો હોઈ પ્રાચીન ઇતિહાસ ઉપરાંત સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોના આંતરિક બખેડાઓ વચ્ચે મરાઠાઓની મુલકગીરી ચાલુ હતી અને બ્રિટિશ સાર્વભૌમત્વ હજી સ્થપાયું નહોતું એ સમયનો સૌરાષ્ટ્રનો આધારભૂત અર્વાચીન ઇતિહાસ આપે છે. ફાર્બસની અંગ્રેજી 'રાસમાળા'નું રણછોડભાઈ ઉદયરામ દવેએ કરેલું ગુજરાતી ભાષાંતર ફાર્બસ સભાએ પ્રગટ કર્યું હતું (૧૮૬૯) અને ભાષાંતરકારે કરેલા ઉમેરા અને નોંધો સાથેની એની બીજી આવૃત્તિ (૧૮૯૯) 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'એ બહાર પાડી હતી.[૧૪] નવલરામ-કૃત "ઇંગ્રેજ લોકનો સંક્ષિપ્ત ઇતિહાસ' કમભાગ્યે અધૂરો રહ્યો છે.

ઇતિહાસને ક્ષેત્રે પણ નર્મદે ગણનાપાત્ર નવીન કામ કર્યું છે; 'રાજ્યરંગ' (૧૮૭૪) નામથી જગતનો ઇતિહાસ એણે આપ્યો છે અને 'મહાદર્શન–જગતના ઇતિહાસનું સમગ્રદર્શન'(૧૮૭૪) લખ્યું છે. આ બંને ગ્રંથ તૈયાર કરવા માટે એણે આશરે બસો પુસ્તકોનો ઉપયોગ કર્યો હતો. પોતાના વતન સુરતનો ઇતિહાસ નર્મદે 'સૂરતની મુખ્તેસર હકીકત'(૧૮૬૫) એ નામથી આલેખ્યો છે અને હિંદુઓના ગૌરવસ્થાન મેવાડનો ઇતિહાસ 'મેવાડની હકીકત'(૧૮૬૭) એ નામે લખ્યો છે. રહેમાનખાં કાલેખાં પઠાણ અને વજેશંકર પ્રાણશંકર ઉપાધ્યાય-કૃત 'સૂરત માંડવીનું દેશી રાજ્ય'(૧૮૮૩) ઉપલબ્ધ દફતરોની તપાસ કરીને લખાયેલું આધારભૂત પુસ્તક છે.

ચુનીલાલ બાપુજી મોદી-કૃત "ફ્રેન્ચ રેવોલ્યુશન'(૧૮૮૩), મહીપતરામ-કૃત 'અકબર ચરિત્ર'(૧૮૮૪) અને 'ગ્રીસ દેશનો ઇતિહાસ'(૧૮૯૩) અંગ્રેજીને

આધારે લખાયાં છે. એદલજી જમશેદજી ખોરીનો 'દુષ્કાળ વિષે નિબંધ'(૧૮૮૪) 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' માટે લખાયેલો ઇનામી નિબંધ હોવા છતાં પૂરતા આંકડા અને ઐતિહાસિક પ્રમાણો સાથેનું આધારભૂત પુસ્તક છે. છગનલાલ ઠાકોરદાસ મોદી-કૃત 'કિલ્લે ડભોઈનાં પુરાતન કામો'(૧૮૯૧) બર્જેસના અંગ્રેજી ગ્રંથનું ભાષાંતર છે, પણ મૂળ ગ્રંથમાંનાં તમામ ચિત્ર આમાં પણ અપાયાં હોઈ અભ્યાસ-દૃષ્ટિએ મૂલ્યવાન છે. પરમાનંદદાસ ભોળાભાઈ પારેખ-કૃત 'લંકાનો ઇતિહાસ'(૧૮૯૩) અંગ્રેજીને આધારે લખાયો છે અને લક્ષ્મીશંકર મોરારજી ભટ્ટ-કૃત 'પ્રાચીન ભારત'(૧૮૯૮) રમેશચંદ્ર દત્ત-કૃત 'એન્શિયન્ટ ઇન્ડિયા'નો અનુવાદ છે.

સોરાબજી મંચેરજી દેસાઈએ 'પારસી અટકો અને નામો'(૧૮૯૧) વિશે રસપ્રદ પુસ્તક લખ્યું છે અને 'તારીખે નવસારી'(૧૮૯૭) નામથી પોતાના વતન નવસારીનો ઇતિહાસ આલેખ્યો છે.

કમળાશંકર ત્રિવેદી-કૃત "ઇંગ્લૅન્ડમાં સુધારાનો ઇતિહાસ" (૧૮૯૭) બકલ-કૃત 'હિસ્ટરી ઑફ સિવિલાઇઝેશન ઇન ઇંગ્લૅન્ડ'ને આધારે તૈયાર થયો હતો. 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ'(૧૮૯૮) અને 'ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ' (૧૮૯૮) ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈએ 'બૉમ્બે ગૅઝેટિયર, ગ્રંથ ૧, ભાગ ૧'ને આધારે લખ્યા હતા. જમિયતરામ શાસ્ત્રી-કૃત 'જગતનો અર્વાચીન ઇતિહાસ' (૧૮૯૬), મહેબૂબમિયાં ઇમામબક્ષ કાદરી-કૃત 'મુસલમાનોની ચડતીપડતીનો ઇતિહાસ'(૧૯૦૬), નનામિયાં રસૂલમિયાં-કૃત 'ઇસ્લામનો ભરતી-ઓટ'(૧૯૦૭) અને કરીમઅલી નાનજીઆણી-કૃત 'મરાઠી સત્તાનો ઉદય' (૧૯૦૮) અંગ્રેજીને આધારે લખાયા છે. નવનીતરાય નારાયણભાઈ મહેતાએ દેવદત્ત ભાંડારકર-કૃત 'અર્લી હિસ્ટરી ઑફ ડેક્કન'નું ભાષાંતર 'દક્ષિણનો પૂર્વ સમયનો ઇતિહાસ' (૧૯૦૮) એ નામથી કર્યું છે અને અતિસુખશંકર ત્રિવેદીએ 'યુરોપના સુધારાનો ઇતિહાસ' (૧૯૧૩) ગીઝોના અંગ્રેજી પુસ્તકને આધારે આપ્યો છે.

**સમાજવિદ્યાઓ**માં મુંબઈના અગ્રણી તબીબ સમાજસેવક અને ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીને એમના ઐતિહાસિક સંશોધનકાર્યમાં સહાય અને ઉત્તેજન આપનાર ડૉ. ભાઉ દાજી લાડનું 'સ્ત્રીબાળહત્યા'(૧૮૪૮) પુસ્તક દીકરીને દૂધપીતી કરવાના દુષ્ટ રિવાજનો ઇતિહાસ આપી એને દૂર કરવાનાં આવશ્યકતા અને ઉપાયો સૂચવે છે. ઉત્તમરામ પુરુષોત્તમનો 'કડવા નિબંધ'(૧૮૫૯) કડવા પાટીદાર જ્ઞાતિનો ઇતિહાસ અને તત્કાલીન સ્થિતિ તથા રીતરિવાજ વર્ણવે છે. દયારામ ડાહ્યાભાઈનું 'ગુજરાતીની સ્થિતિ'(૧૮૮૪) વિશેનું પુસ્તક સમાજશાસ્ત્રીય અગત્યનું

છે. 'નવસારી પ્રાંતની કાલી પરજ'(૧૯૦૧) એ પુસ્તકમાં પ્રેમાનંદ ઘેળીદાસ પટેલ દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ વિશે રસપ્રદ સામાજિક અધ્યયન રજૂ કરે છે.

અંબાલાલ સાકરલાલ દેસાઈએ મીલના અંગ્રેજી પુસ્તક ઉપરથી 'અર્થ-શાસ્ત્રના સિદ્ધાન્તો'(૧૮૭૫) એ પુસ્તક 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ને આપ્યું છે અને ચિમનલાલ હરિલાલ સેતલવાડનું 'અર્થશાસ્ત્રનાં મૂળ તત્ત્વો'(૧૮૮૬) પુસ્તક પણ એ સંસ્થાએ પ્રગટ કર્યું છે. બળવંતરામ મહાદેવરામ મહેતા-કૃત 'હિન્દની રાજ્ય–વ્યવસ્થા અને લોકસ્થિતિ'(૧૮૮૯), જગજીવનદાસ ભવાનીશંકર કાપડિયા–કૃત 'પ્રતિનિધિ રાજ્ય વિષે વિવેચન'(૧૮૯૩), કૃપાશંકર દોલતરામ ત્રવાડી-કૃત 'રશિયા'(૧૮૯૮) અને કેશવલાલ મોતીલાલ પરીખ–કૃત 'હિન્દની ઉદ્યોગસ્થિતિ'(૧૯૦૭) એ જ સંસ્થાનાં પ્રકાશન છે.

મણિલાલ નભુભાઈનો 'ચેતનશાસ્ત્ર'(૧૮૯૬) અને હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટિયાનો 'માનસશાસ્ત્ર'(૧૯૧૪) એ અંગ્રેજીને આધારે લખાયેલા મનોવિજ્ઞાનના ગ્રંથ છે.

હોરમસજી ફરામજી ચિનાઈ–કૃત 'ચીન અને ઈંગ્લેંડ ખાતેના વેપારનું ગણિત પુસ્તક'(૧૮૬૦) પશ્ચિમ ભારતના પરરાષ્ટ્રિય વેપાર તેમજ વ્યવહારુ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ જોવા જેવું છે.

**વ્યાકરણ** અને **ભાષાશાસ્ત્ર**નો વિષય આપણી ભાષામાં અર્વાચીન કાલમાં જ ખેડાયો છે. જૂની ગુજરાતીમાં તેરમા સૈકાના સંગ્રામસિંહ-કૃત 'બાલશિક્ષા'થી માંડી અનેક ઔક્તિક રચાયાં છે તે લોકભાષા દ્વારા સંસ્કૃત શીખવા માટેનાં વ્યાકરણ છે, લોકભાષાનાં વ્યાકરણ નથી. વળી કેળવણીનો આરંભ થયા પછી, પ્રથમ પુસ્તક 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ'(૧૮૪૦) ગંગાધરશાસ્ત્રી ફડકેએ લખ્યું, પણ એ એમના મરાઠી વ્યાકરણનું લગભગ ભાષાંતર હોઈ અતિશય ખામી-ભરેલું છે.[૧૫] એ પછી મહીપતરામ(૧૮૬૨), હરગોવિંદદાસ કાંટાવાળા, લાલશંકર ઉમિયાશંકર અને બીજા કેટલાકે શાળાપયોગી વ્યાકરણ લખ્યાં છે. નર્મદાશંકરનું 'નર્મવ્યાકરણ'(૧૮૬૫) અગ્રયાયીની કૃતિ તરીકે ધ્યાનપાત્ર છે, પણ આ ક્ષેત્રે અગ્રિમ સીમાચિહ્નરૂપ, જોસેફ વાન સોમરેન ટેલર-કૃત 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' —નાનું અને મોટું બંને–૧૮૬૭માં પ્રગટ થયાં છે.

આપણા સમયગાળામાં થયેલું ભાષાશાસ્ત્ર વિશેનું કાર્ય કેવળ પ્રાથમિક સ્વરૂપનું છે. મહીપતરામે 'વ્યુત્પત્તિપ્રકાશ'(૧૮૮૨) તૈયાર કર્યો છે, પણ એમને અથવા 'વ્યુત્પત્તિપાઠ'(૧૮૭૨)ના કર્તા નવલરામ જેવા વિવેચક વિદ્વાનને ક્રમિક

વ્યુત્પત્તિ વિશે સ્પષ્ટ ખ્યાલ જ નહોતો. છોટાલાલ સેવકરામ–કૃત 'ગુજરાતી શબ્દમૂળ-દર્શકકોશ'(૧૮૭૯) અને પ્રભાકર રામચંદ્ર પંડિત-કૃત 'અપભ્રષ્ટ શબ્દપ્રકાશ' (૧૮૮૦) નાનકડા વ્યુત્પત્તિકોશ છે. શબ્દોનાં મૂળ શોધવાના પુરુષાર્થ લેખે આ બે કૃતિઓનું ઐતિહાસિક મહત્ત્વ છે. આ ક્ષેત્રમાં શાસ્ત્રીય અભિગમનો સ્પષ્ટ અણસાર આપણને વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રીની પુસ્તિકાઓમાં મળે છે; 'ગુજરાતી ભાષાનો ઇતિહાસ'(૧૮૬૬) અને 'ઉત્સર્ગમાળા'(૧૮૭૦) એ બંને આ દૃષ્ટિએ મહત્ત્વની છે. પહેલી પુસ્તિકા 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'એ લખાયેલો ઇનામી નિબંધ છે. એમાં જૂની હસ્તપ્રતોમાંથી નમૂના આપી ભાષાની ક્રમિક ઉત્ક્રાંતિ દર્શાવી છે અને બીજીમાં સંસ્કૃતમાંથી પ્રાકૃત દ્વારા ગુજરાતી શબ્દો વ્યુત્પન્ન થાય એના ઉત્સર્ગ અર્થાત્ નિયમો ઉદાહરણો સાથે બતાવ્યા છે. વ્રજલાલ શાસ્ત્રીને જૈન સાધુઓનો સંપર્ક હોઈ એમને પ્રાકૃત ભાષાઓનો પરિચય થયો હતો અને એથી ભાષાવિકાસમાં એ કાલે વિરલ તેવી ઐતિહાસિક દૃષ્ટિ એમણે દાખવી છે. એમની આ બે કૃતિ હવે કાલગ્રસ્ત થઈ હોવા છતાં આ વિષયના અભ્યાસીએ અવશ્ય જોવા જેવી છે.

અર્વાચીન ભારતીય ભાષાઓમાં **વિજ્ઞાન**નું સાહિત્ય એ પશ્ચિમના સંપર્કનું પ્રત્યક્ષ પરિણામ છે અને ગુજરાતી ભાષા એમાં અપવાદ નથી. વિજ્ઞાનની વિવિધ શાખાઓના બહુસંખ્ય પુસ્તક ગુજરાતીમાં લખાયાં અને પ્રગટ થયાં છે.[૧૧] એ પ્રારંભકાલનાં પ્રકાશન પ્રાથમિક સ્વરૂપમાં હતાં અને વૈજ્ઞાનિક સંશોધનોમાં થયે જતી ઝડપી પ્રગતિને કારણે બીજાં ઘણાં પ્રકાશન ક્યારનાંયે કાલગ્રસ્ત થઈ ગયાં હશે, તોપણ સંખ્યા અને વિષયવૈવિધ્ય એ બંને દૃષ્ટિએ જોતાં પ્રસ્તુત સમય-ગાળામાં પેદા થયેલા પ્રબોધની દ્યોતક એ લેખન–પ્રકાશન પ્રવૃત્તિ છે. એમાંનાં કેટલાંક પુસ્તક અંગ્રેજીના અનુવાદ છે, જ્યારે બીજાં કેટલાંક સ્વતંત્ર કૃતિઓ ગણી શકાય તેવાં સંકલન કે અધ્યયન છે. અહીં એનું કેવળ ઉદાહરણાત્મક દિગ્દર્શન શક્ય છે.

વિજ્ઞાનવિષયક પ્રારંભિક પ્રકાશનોમાં 'નેટિવ એજ્યુકેશન સોસાયટી'એ પ્રગટ કરેલ પાઠ્યપુસ્તક 'ભૂગોળ અને ખગોળ'(૧૮૩૯), ગોવિંદ નારાયણ–કૃત 'ઉદ્-ભિજ્જ પદાર્થ'(૧૮૫૯), કેખુશરુ રુસ્તમજી વિકાજી–કૃત 'સિદ્ધ પદાર્થવિજ્ઞાન' (૧૮૭૧), મહીપતરામ રૂપરામનું 'પદાર્થવિજ્ઞાન'(૧૮૭૩), હરિલાલ મોહનલાલ-કૃત 'ભૂગોળનો ઉપયોગ'(૧૮૬૭), ભાલચંદ્ર કૃષ્ણ ભાટવડેકર–કૃત 'વનસ્પતિશાસ્ત્રનાં મૂળ તત્ત્વો'(૧૮૮૧) આદિને ગણી શકાય. આમાંનાં થોડાંકનો નિર્દેશ આ પ્રકરણમાં અગાઉ પ્રારંભિક પાઠ્યપુસ્તકોના અનુલક્ષમાં આવ્યો છે.

એ પછી વિશેષ અભ્યાસપ્રધાન અને કંઈક વ્યાપક દૃષ્ટિએ લખાયેલાં પુસ્તકોનો યુગ આવે છે; જોકે એમાંયે ગુણવત્તાનું વૈવિધ્ય સ્વાભાવિક રીતે મોટું છે. થોડાંક શીર્ષક જોઈએ : બળવંતરામ મહાદેવરામ મહેતા-કૃત 'પ્રાણી વર્ણન' ભાગ ૧ થી ૩(૧૮૮૫), 'વનસ્પતિશાસ્ત્રનાં મૂળતત્ત્વો'(૧૮૮૯) તથા 'અનેક-વિદ્યા–મૂળતત્ત્વસંગ્રહ'(૧૮૯૩), બાપાલાલ ભાઈશંકર ભટ્ટ-કૃત 'ખેતીવાડીમાં સુધારણા વિષે નિબંધ'(૧૮૮૪), મણિલાલ દલપતરામ સંત-કૃત 'જીવજંતુ અને દુનિયાની અજાયબીઓ'(૧૮૯૩) અને 'દુનિયાની બાલ્યાવસ્થા'(૧૮૯૬), મણિલાલ હરગોવિંદ ભટ્ટ-કૃત 'પ્રકૃતિશાસ્ત્રનાં મૂળતત્ત્વ'(૧૮૯૬), ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા-કૃત 'સામાન્ય પદાર્થવિજ્ઞાન'(૧૮૯૪) અને 'હિન્દનાં આંચળવાળાં પ્રાણીઓ' (૧૮૯૬), ડાહ્યાભાઈ દેરાસરી-કૃત 'સરળ પદાર્થવિજ્ઞાન'(૧૮૯૬), દામુભાઈ ડાહ્યાભાઈ મહેતા-કૃત 'ઇન્દ્રિયવિજ્ઞાનશાસ્ત્ર'(૧૮૯૯) આદિ ઉલ્લેખપાત્ર છે.

પ્રસ્તુત સમયગાળામાં કેટલાંક પુસ્તક લોકભોગ્ય શૈલીએ નિષ્ણાતોએ લખેલાં છે એ એમની લોકસેવાવૃત્તિ તેમજ ભાષાભક્તિ બંને દર્શાવે છે. ડૉ. નીલકંઠરાય ડાહ્યાભાઈ છત્રપતિનાં[૧૭] પુસ્તક–'આરોગ્યનાં મૂળ તત્ત્વો'(૧૮૮૨), 'સાધારણ પદાર્થોનું રસાયણ'(૧૮૯૨), 'હિન્દુસ્તાનનાં ગામડાંની આરોગ્યતા' (૧૮૯૭), 'ઘરમાં વપરાતી ચીજોનું રસાયણ' (૧૮૯૭), 'અકસ્માત વખતે મદદ અને ઇલાજ (૧૯૦૦), 'માંદાની સારવાર'(૧૯૦૫), 'લોકોપયોગી શારીરવિદ્યા' (૧૯૦૮) આદિ; ડૉ. ત્રિભુવનદાસ મોતીચંદ શાહનાં[૧૮] પુસ્તક–'માને શિખામણ' (૧૮૮૫), 'આરોગ્યતા અને સ્વચ્છતા' (૧૮૯૦), 'ગૃહવ્યવસ્થા અને આરોગ્યવિદ્યા' (૧૮૯૮), 'ગરમી અને ટાંકીના રોગો' (૧૯૦૦) આદિ; ડૉ. રવિશંકર ગણેશજી અંજીરિયા-કૃત પુસ્તક–'વહુને શિખામણ' (૧૮૯૧) અને 'મરકીની હકીકત' (૧૯૦૬); ડૉ. જોસેફ બેન્જામિન-કૃત 'તંબાકુ અને ભાંગનાં માદક તત્ત્વો'(૧૮૯૪), અને 'હિન્દુસ્તાનમાં આરોગ્યતાનો સુધારો'(૧૮૯૯) આદિ; ડૉ. ચુનીલાલ બહેરાવાળા-કૃત 'શહેરની આરોગ્યતા', ડૉ. ધનજીભાઈ હોરમસજી મહેતા-કૃત 'ગર્ભપોષણ અને સુવાવડ' (૧૯૦૬), 'મરકી વિષે ભાષણ'(૧૯૦૮) આદિ; દુલેરાય છોટાલાલ અંજારિયા-કૃત 'ખાતર'(૧૮૯૭), 'ખેતીવાડી અને બગીચાની ઊપજ વધારનારાં ખાતર'(૧૯૦૩) આદિ; મોહનલાલ કામેશ્વર પંડ્યા-કૃત 'ઢોરનું ખાતર'(૧૯૦૧) વગેરે આ દૃષ્ટિએ વિશિષ્ટ નોંધ માગી લે છે. વનસ્પતિવિદ્ જયકૃષ્ણ ઇન્દ્રજીએ 'કચ્છ સ્વસ્થાનની વનસ્પતિઓ અને તેની ઉપયોગિતા'(૧૮૭૦) તથા 'વનસ્પતિશાસ્ત્ર : બરડા ડુંગરની જડીબુટ્ટી'(૧૯૧૦) એ પ્રમાણભૂત બૃહદ્ ગ્રંથો આપ્યા છે.[૧૯] હોમિયોપથી-સમેત તબીબીવિદ્યાના સર્વસંગ્રહ જેવો સચિત્ર ગ્રંથ 'વૈદ્યકવિજ્ઞાનચક્ર' ડૉ. જમનાદાસ પ્રેમચંદ નાણાવટીએ તૈયાર કર્યો છે.[૨૦]

બીજાં ઉલ્લેખપાત્ર પુસ્તકોમાં ગણપતરાય ગોપાલરાવ બર્વે-કૃત 'અનાદિ કાળથી ચાલી આવેલી પ્રાણિજ સૃષ્ટિ'(૧૮૯૩) અને 'હિન્દની ખનિજ સંપત્તિ'(૧૮૯૩), વિષ્ણુ ગોવિંદ ચિપલોણકર-કૃત 'હિન્દુસ્તાનના સર્પ, ભાગ ૧'(૧૮૮૯), ત્રીકમલાલ દામોદરદાસ-કૃત 'ઇલેક્ટ્રોપ્લેટિંગનો હુન્નર'(૧૯૦૩), 'સીમેન્ટ બનાવવાનો હુન્નર'(૧૯૦૩), 'વાર્નિશ'(૧૯૦૫) અને 'વિવિધ પ્રકારના હુન્નરોપયોગી તેજાબો'(૧૯૦૫), આત્મારામ મોતીરામ દીવાનજી-કૃત 'પશુના ઔષધનું શાસ્ત્ર'(૧૯૦૫), 'અશ્વપરીક્ષા'(૧૯૦૫), 'શરીર અને ઇન્દ્રિયવિજ્ઞાન'(૧૯૦૫), 'ખગોળ સંબંધી વ્યાખ્યાનમાળા'(૧૯૦૮) અને 'ખગોળવિદ્યા'(૧૯૧૦), ગંગાશંકર મણિશંકર વૈષ્ણવ-કૃત 'પદાર્થવિજ્ઞાન'(૧૯૦૮) આદિ ગણાવી શકાય.

ઓગણીસમી સદીની છેલ્લી પચીસીમાં વડોદરા રાજ્યના આશ્રય અને ઉત્તેજનથી વિજ્ઞાન–વિષયક કેટલાંક મહત્ત્વનાં ગુજરાતી પ્રકાશન થયાં હતાં; એની નોંધ આ પ્રકરણના પરિશિષ્ટમાં વડોદરા રાજ્યની સાહિત્યપ્રવૃત્તિ સાથે લઈશું.

## પાદટીપ

૧. અનંતરાય રાવળ, ભૂતપૂર્વ વડોદરા રાજ્યના ઉપક્રમે જાન્યુઆરી ૧૯૪૮માં યોજાયેલા ગુજરાતી ગ્રંથકાર સંમેલનમાં અપાયેલું વ્યાખ્યાન "અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં પ્રેરકબળો" (ગ્રંથસ્થ થયું વ્યાખ્યાતાના લેખસંગ્રહ 'ગન્ધાક્ષત', પૃ. ૨૪૫–૩૦૭માં)

૨. અનંતરાય રાવળ, 'ગન્ધાક્ષત', પૃ. ૨૬૪–૬૫

૩. એજન, પૃ. ૨૭૯.

૪. 'રાઈનો પર્વત' વાચકને સામાન્યત: ટાઢું નાટક લાગે અને આ લેખકને, પાઠ્ય–પુસ્તક તરીકે અનેક વાર વાંચ્યા પછી પણ એ એવું જ લાગતું હતું, પણ ૧૯૪૮માં ગુજરાત વિદ્યાસભાની શતાબ્દી પ્રસંગે શ્રી જયશંકર 'સુંદરી'ના દિગ્દર્શન નીચે એ ભજવાયું ત્યારે સાહિત્યિક ગુણવત્તા સાથે એની અસામાન્ય તખ્તાલાયકી પ્રગટ થઈ હતી.

૫. ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલા તમામ ગ્રંથોની શાસ્ત્રીય સૂચિ આપણાં અભ્યાસ અને સંશોધનનું એક આવશ્યક સાધન હોવું જોઈએ. (એની પૂર્તિરૂપે સામયિકોની લેખસૂચિ પણ હોય). આવી સૂચિને અભાવે અભ્યાસીઓનો કેટલો બધો પરિશ્રમ અને સમય કેવળ સામગ્રી અને એ પણ છૂટક સ્વરૂપે એકત્ર કરવામાં જાય છે! થવી જોઈતી ગ્રંથ-સૂચિની રૂપરેખા માટે જુઓ ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ', જાન્યુઆરી ૧૯૭૯માં ભોગીલાલ સાંડેસરાનો લેખ 'ગુજરાતી ગ્રંથસૂચિ'.

૬. શિલાછાપમાં પ્રગટ થયેલા આ પુસ્તકના ટાઇટલ-પેજનો બ્લોક હીરાલાલ પારેખ-કૃત 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ', ભાગ–૧, પૃ. ૩૮ ઉપર છપાયો છે. શ્રી પારેખ લખે છે: "આટલું જૂનું છાપેલું પુસ્તક બીજું કોઈ અમારા જોવામાં આવ્યું નથી" (પૃ. ૩૭), પણ ડ્રમન્ડ-કૃત 'ગ્લોસરી' ૧૮૦૮માં છપાયેલી હોઈ એને ઉપલબ્ધ પ્રથમ પ્રકાશન ગણવી જોઈએ (જુઓ પ્રકરણ ૧૨નું પરિશિષ્ટ).

૭. મુદ્રિત ગુજરાતી પુસ્તકોની યાદીઓ મુંબઈ સરકારના હુકમથી સને ૧૮૬૭ અને ૧૮૯૯ માં પ્રગટ થઈ હતી, તે ઉપરથી વડોદરા યુનિવર્સિટીની શ્રીમતી હંસા મહેતા લાઇબ્રેરી-(યુનિવર્સિટી લાઇબ્રેરી)ના કૅટલૉગ વિભાગના અધીક્ષક (સુપરિન્ટેન્ડેન્ટ) શ્રી કે. જી. વૈદ્યે પોતાના ઉપયોગ માટે કરેલી નોંધોમાંથી કેટલાંક અલભ્ય પુસ્તકોનો અહીં મેં ઉલ્લેખ કર્યો છે, એ બદલ એમનો આભાર માનું છું.

૮. સને ૧૮૭૮ સુધીમાં આવી ૮૧ પુસ્તિકા પ્રગટ થઈ હતી. એ પૈકી કેટલીકની યાદી તથા વિશેષ વિગતો માટે જુઓ હીરાલાલ પારેખ, 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ', ભાગ-૧, પૃ. ૫૯-૬૨.

૯. એમાં એક અપવાદ ગણવો હોય તો ગણી શકાય. સત્તરમા સૈકામાં થયેલા હિંદી કવિ બનારસીદાસે પચાસ વર્ષની વય સુધીનો પોતાનો જીવનવૃત્તાંત આલેખતું 'અર્ધકથાનક' નામે કાવ્ય રચેલું છે.

૧૦. 'મારી હકીકત' ૧૮૮૬માં લખાઈ હતી, પણ એનું પ્રકાશન નર્મદના જન્મ-શતાબ્દી વર્ષમાં, ૧૯૩૩માં થયું !

૧૧. મણિલાલના 'આત્મચરિત્ર'નો મોટો ભાગ અપ્રગટ હતો તે ધીરુભાઈ ઠાકરે છેક ૧૯૭૯ માં સંપાદિત કરીને બહાર પાડયો છે.

૧૨. આ બીજો ભાગ સંજોગવશાત્ ઘણાં વર્ષ સુધી અપ્રગટ રહ્યો. એની પ્રસ્તાવના લેખકે, આ લાંબી મુસાફરી પૂરી કર્યા પછી તુરત ૧૦ ઑક્ટોબર, ૧૯૦૩ના રોજ લખેલી છે, પણ પુસ્તકના પ્રકાશનની ટૂંકી પ્રસ્તાવના નીચે 'કેપટાઉન તા. ૨૯ જૂન, ૧૯૨૯'નો નિર્દેશ છે. થોડાક માસ બાદ પુસ્તક પ્રગટ થયું ત્યાર પહેલાં જ લેખક અવસાન પામ્યા હતા. એના પ્રકાશનમાં સહાય કરનાર એમના મિત્ર અને શુભેચ્છક રુસ્તમજી પેસ્તનજી મસાણીએ આરંભમાં એમનું ટૂંકું જીવનચરિત આલેખ્યું છે અને પુસ્તકના મહત્ત્વનો પરિચય આપ્યો છે.

૧૩. તારકંદમાં મગન હકીમ નામે એક સિંધી હિંદુ વૈદ્યની ધીકતી પ્રૅક્ટિસની નોંધ લેખકે કરી છે.

૧૪. એ જ ગ્રંથની ત્રીજી આવૃત્તિ પાછી ફાર્બસ સભાએ પ્રસિદ્ધ કરી હતી (પહેલો ભાગ ૧૯૨૨, બીજો ભાગ ૧૯૨૬).

૧૫. ડાહ્યાભાઈ દેરાસરી, 'સાઠીના સાહિત્યનું દિગ્દર્શન', પૃ. ૫૩-૫૪

૧૬. સને ૧૯૬૩ માં દિલ્હી ખાતે ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસનું પચાસમું અધિવેશન મળ્યું તે સમયે પ્રાદેશિક ભાષાઓમાં પ્રગટ થયેલા વિજ્ઞાનવિષયક સાહિત્યની સૂચિ તૈયાર કરવાની વિનંતી કૉંગ્રેસના કાર્યવાહકો તરફથી કરવામાં આવી હતી. એના પ્રતિભાવરૂપે વડોદરા યુનિવર્સિટીના ગુજરાતી વિભાગે યુનિવર્સિટી લાઇબ્રેરીના સહકારથી ત્યાર સુધીમાં છપાયેલાં ગુજરાતી પુસ્તકોની વ્યવસ્થિત સૂચિ કરી હતી. વડોદરામાં ઉપલબ્ધ હતાં તે જ પુસ્તકો, કૅટલૉગ આદિ ઉપરથી એ સૂચિ થઈ હોવા છતાં એમાં સાતસો કરતાં વધુ કૃતિ હતી. ગુજરાતીમાં પ્રગટ થયેલાં તમામ પુસ્તક ગુજરાત કે મુંબઈના કોઈ પુસ્તકાલયમાં નથી અને ભૂતપૂર્વ દેશી રાજ્યોમાં બહાર પડેલાં પુસ્તક કૉપીરાઇટ-લાઇબ્રેરીમાં મોકલવાનું ફરજિયાત નહોતું, એ જોતાં વિજ્ઞાનવિષયક ગુજરાતી પુસ્તકોની ખરેખર સૂચિ આ કરતાં ઠીક ઠીક મોટી થવી જોઈએ.

૧૭. ડૉ. નીલકંઠરાય છત્રપતિ તથા ઉપરના લખાણમાં એમની પછી તુરત જેમનો નિર્દેશ છે તે ડૉ. ત્રિભુવનદાસ શાહ અમદાવાદની બી. જે. મેડિકલ સ્કૂલમાં અધ્યાપક હતા. ડૉ. છત્રપતિને અકાળે અંધત્વ સાંપડ્યું હતું, પણ તેઓ ધૈર્યવાન વિચક્ષણ અને પૂરા આશાવાદી હતા. નિરાશામાં નહિ ડૂબી જતાં એમણે અંધશિક્ષણનો માર્ગ શોધ્યો અને અંધજનો માટે ગુજરાતી બ્રેઇલ લિપિ યોજવામાં અગ્રયાયી બન્યા. મુંબઈમાં અંધશાળા સ્થાપવામાં એમનું મોટું યોગદાન હતું અને મૃત્યુ સુધી તેઓ એ શાળાના આચાર્યપદે રહ્યા હતા (ડૉ. છત્રપતિના જીવન-ચરિત માટે જુઓ 'કુમાર', એપ્રિલ, ૧૯૭૮માં અશોક ઠાકોરનો લેખ).

૧૮. ડૉ. ત્રિભુવનદાસ શાહ પછીથી જૂનાગઢ રાજ્યના ચીફ મેડિકલ ઑફિસર નિમાયા હતા.

૧૯. જયકૃષ્ણ ઇંદ્રજી ઉચ્ચ કોટિના વનસ્પતિશાસ્ત્રી હતા. એમનાં જીવન અને કાર્ય માટે જુઓ બાપાલાલ ગ. વૈદ્યનું પુસ્તક 'વનસ્પતિ-શાસ્ત્રી જયકૃષ્ણભાઈ.'

૨૦. ડૉ. જમનાદાસના અવસાન પછી એમના પુત્ર બાલાભાઈ નાણાવટીએ ૧૯૧૭માં બે ભાગમાં આ ગ્રંથ છપાવ્યો છે.

## પરિશિષ્ટ ૧

# ગુજરાતમાં મુદ્રણનો ઊગમ અને વિકાસ

મુદ્રણ એ એક કળા તો છે જ, પણ વધુમાં એને કળાઓને સાચવનારી કળા તરીકે પણ ઓળખવામાં આવે છે. આમ એ ઇતિહાસને સંઘરવાનું સાધન પણ બની રહે છે. એ કારણે કોઈ પણ કાળ યા પ્રજાના સાંસ્કૃતિક ઇતિહાસમાં એના મુદ્રણનો ઇતિહાસ એ એક નોખું પ્રકરણ બની જાય છે.

મુદ્રણની શોધ પંદરમી સદીમાં થઈ એટલે એ કળા ચાર સૈકા કરતાં જૂની નથી. ચાર સૈકા પહેલાં મુદ્રણ જેવું કંઈ હતું જ નહિ એવું પણ નથી, દુનિયાના જૂનામાં જૂના પુસ્તક તરીકે જેને ઓળખવામાં આવે છે તેની પર મળી આવતી મુદ્રણની છાપનો અભ્યાસ કરી એ ઈ.સ. ૮૬૮ની સાલમાં છપાયાનું નક્કી કરવામાં આવ્યું છે. ચીનમાં છપાયેલું આ પ્રાચીનતમ પુસ્તક એ આજે આપણે વ્યાપક અર્થમાં જેને પુસ્તક કહીએ તેવું પુસ્તક નથી.

મુદ્રણની શોધ ચીનમાં થઈ અને કાગળની શોધ માટે પણ આપણે ચીનના ઋણી છીએ. કાગળની શોધને વરસો સુધી ગુપ્ત રાખવામાં આવી હતી, પણ પાછળથી એ સમરકંદ થઈ આરબ ગુલામો દ્વારા પશ્ચિમમાં પહોંચી. મુદ્રણનું પણ એવું જ થયું. એ કળા ચીનાઓએ શોધી કાઢી. કોરિયાએ એને ઠીક ઠીક પ્રમાણમાં વિકસાવી અને ત્યાંથી મધ્ય એશિયા થઈ એ પશ્ચિમમાં પહોંચી.

મુદ્રણની શોધના શરૂઆતના તબક્કામાં લાકડાના પાટિયા પર લખાણને કોતરી કાઢી એ રીતે તૈયાર થતા કોતરેલા પાટિયા પરથી છાપકામ કરવામાં આવતું. આ પદ્ધતિ અત્યંત ધીમી હતી અને એને માટે ખૂબ માણસોને કામે લગાડવા પડતા. એ કારણે આ રીતે તૈયાર થતાં પુસ્તકોની સંખ્યા તથા પ્રત ખૂબ ઓછાં હતાં અને એનો ઉપયોગ મંદિરો અને રાજમહેલો પૂરતો મર્યાદિત હતો. મુદ્રણને વ્યાપક અને સરળ બનાવવા માટે ચીનાઓએ ૧૧ મી સદીમાં માટીનાં છૂટાં છૂટાં બીબાં બનાવી, એને પકવી એ પરથી છાપકામ કરી જોયું હતું. કોરિયનોએ માટીનાં બીબાં પકવી એના પરથી છાપકામ કરવાની કળા વિકસાવી હતી અને હજુ પણ કોરિયાના સંગ્રહસ્થાનમાં માટીનાં પ્રાચીન બીબાં સંઘરાયેલાં પડયાનું નોંધાયેલું છે. કોરિયાનો દાવો તો એવો પણ છે કે પશ્ચિમમાં ધાતુનાં બીબાં શોધાયાં તે પહેલાં

કોરિયનોએ છાપકામ માટે ધાતુનાં બીબાં ઢાળવાનું શોધી કાઢ્યું હતું અને એવાં બીબાં પરથી રાજ્યપત્રોનું છાપકામ કર્યું હતું.

મુદ્રણની શોધના મૂળમાં ચીન અને કોરિયા બંને દેશોની પ્રજાઓનો પુરુષાર્થ છે એ વિશે વિવાદ નથી; પરંતુ આ દેશોની ચિત્રલિપિને કારણે ધાતુનાં બીબાં બનાવવાનું એમને માટે સરળ નહોતું, એટલું જ નહિ, એ લિપિઓમાં વર્ણાક્ષરોની પ્રચુરતાને કારણે મુદ્રણ માટેનાં ધાતુનાં બીબાં વિકસાવવાનું એમને માટે મુશ્કેલ હતું. હજુ આજે પણ વર્ણાક્ષરોની પ્રચુરતા એ ચીની, કોરિયન તથા જાપાની લિપિનું એવું લક્ષણ ગણાય છે જે કે સરળ મુદ્રણ માટે બાધારૂપ લેખાય છે.

આ સંજોગોમાં ચીનથી પશ્ચિમના દેશોમાં પહોંચેલી મુદ્રણકળાને વ્યાપક બનાવવામાં જર્મનીના જ્હોન ગુટનબર્ગને સફળતા મળી(૧૪૪૦). એણે પહેલ-વહેલી વાર એકબીજા સાથે ગોઠવી શકાય તેવાં અને એના પરથી છાપકામ કરી લીધા બાદ ફરી પાછાં છૂટાં પાડી શકાય તેવાં અને ફરી કામમાં લઈ શકાય તેવાં ધાતુનાં બીબાંઓની શોધ કરી. આ કારણે જ્હોન ગુટનબર્ગને મુદ્રણનો પિતા ગણવામાં આવે છે.

ત્યારબાદ લગભગ એકસો દસ વરસે મુદ્રણકળાનું હિંદમાં અવતરણ થયું. તા. ૬ નવેમ્બર ૧૫૫૬ના રોજ જેસૂઇટ પાદરીઓ ગોવાના બંદર પર એક છાપખાનું અને મુદ્રક લઈ ઊતર્યા. આ મુદ્રકનું નામ જુઆન દ બુસ્તામાંતે (Juan de Bustamante) હતું. આ આદમી સ્પૅનિશ હતો. ગોવામાંના છાપખાનામાંનાં બીબાં રોમન હતાં. એ છાપખાનામાં લૅટિન કે પોર્તુગીઝ ભાષામાં ગ્રંથ છપાતા. ૧૬૧૬ની સાલમાં ગોવામાં મરાઠી ઓવીબદ્ધ ખ્રિસ્તપુરાણ મુદ્રિત થયું, અલબત્ત એ રોમન લિપિમાં હતું. આ પુરાણનો કર્તા ફાધર ટૉમસ સ્ટિફન્સ એ હિંદની ભૂમિ પર પગ મૂકનાર પહેલો અંગ્રેજ હતો. એમ મનાય છે કે એણે પોતાના વડીલોને ઇંગ્લૅન્ડમાં વખતોવખત જે પત્ર મોકલ્યા હતા તે ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીની સ્થાપના-માં પ્રેરક બન્યા હતા. ગોવામાં રોમન લિપિમાં છાપેલા બીજા કેટલાક મરાઠી ગ્રંથ ઉપલબ્ધ છે.

હિંદુસ્તાનમાંની મુદ્રણકલાના પહેલા પ્રવેશની દૃષ્ટિએ જ કેવળ ગોવામાંના આ મુદ્રણાલયને મહત્ત્વ અપાય છે. પોર્તુગીઝ મિશનરીઓએ છાપખાનાને 'લિહિતમંડપ' એવું નામ આપ્યું છે.[૧]

હિંદુસ્તાનના દેશી મુદ્રણના આદ્ય આચાર્યનું માન સર ચાર્લ્સ વિલ્કિન્સ (Charles Wilkins)ને આપવું જોઈએ, કારણ કે એના પ્રયત્ન દેશી મુદ્રણના

ઉત્પત્તિસ્થાને છે. એણે પોતે બંગાળામાં હોવાથી બંગાળી અક્ષરોનાં બીબાં પાડયાં અને એ બીબાંઓની સહાયતાથી મિ. નૅટૅનિયલ હેલ્બેડે (Mr. Natbeniel Halbed) પોતાનું બંગાળી વ્યાકરણ ૧૭૭૮ ની સાલમાં છાપ્યું. ૧૭૯૫ની સાલમાં એમણે દેવનાગરી લિપિનાં બીબાં તૈયાર કર્યાં અને પોતાનું સંસ્કૃત ભાષાનું વ્યાકરણ છાપવાની શરૂઆત કરી, પણ દુર્દૈવવશાત્ એના કાર્યાલયને એકાએક આગ લાગી ને બધાં બીબાં બગડી ગયાં. આ આગમાંથી બચાવેલાં બીબાંનાં મેટ્રિસો અને પંચ એ ઇંગ્લેન્ડમાં સાથે લઈ ગયો અને ૧૮૦૮ ની સાલમાં એણે પોતાનું સંસ્કૃત ભાષાનું વ્યાકરણ મુદ્રિત કર્યું. ૧૮૨૩ની સાલમાં મુંબઈમાં જે મરાઠી પુસ્તક–'विदुरनीति'–છપાયું તે આ જ ટાઇપોથી. કુરિયર પ્રેસે આ ટાઇપ ત્યાંથી આણ્યા હતા, પરંતુ એ પત્રની મરાઠી જાહેરખબરો મોડી બીબાંમાં જ છપાતી. 'મુંબઈ કુરિયર'ના તા. ૧૭ જુલાઈ, ૧૮૦૨ (અં.૫૧૨)ના અંકમાં પહેલી મરાઠી મોડી જાહેરખબર જોવામાં આવે છે. આ જ સાલમાં તા. ૨૪ જુલાઈના અંકમાં કાનડી જાહેરખબર છે. ડ્રૈમાન્ડ કૃત 'ગ્લોસરી' નામની ગુજરાતી–અંગ્રેજી–મરાઠી ડિક્શનરી ૧૮૦૮ માં પ્રસિદ્ધ કરી. ત્યારબાદ ગુજરાતી–અંગ્રેજી ડિક્શનેરી મિરઝા મહમદ કાસીમે તૈયાર કરેલી અને એની નવરોજી ફરદૂનજીએ સુધારા-વધારા કરેલી આવૃત્તિ ૧૮૪૬ ની સાલમાં પ્રસિદ્ધ થઈ છે. એમાં શબ્દોનાં મૂળ તરીકે સંસ્કૃત કિંવા મરાઠી શબ્દો બતાવવા માટે જે નાગરી બીબાં વાપર્યાં છે તે વિલ્કિન્સનાં જ છે.

વિલ્કિન્સે બીબાં તૈયાર કરતી વેળા જે લુહારોની મદદ લીધી હતી તે કારીગરોની મદદથી પાછળથી ડૉ. વિલિયમ કેરે, જે ૧૭૯૩ ની સાલમાં હિંદુસ્તાનમાં શુભવર્તમાનનો પ્રચાર કરવા આવ્યો હતો તેણે, બંગાળમાં શ્રી રામપુરમાં મુદ્રણનો વિરાટ ઉદ્યોગ જમાવ્યો. બંગાળી નાગરી મોડી ઉર્દૂ ગુજરાતી કાનડી વગેરે અનેક ભાષાઓમાં એણે બાઇબલ અને ઇતર પુસ્તકો છાપ્યાં. એણે ગુજરાતી ભાષામાં બાઇબલ પ્રસિદ્ધ કર્યું.

અલબત્ત, ગુજરાતી બીબાં મુંબઈમાં આ પૂર્વે જ તૈયાર થયાં હતાં. આ બીબાં બહેરામજી જીજીભાઈએ 'કુરિયર' પત્રની જાહેરખબરો માટે તૈયાર કર્યાં હોવાનું કહેવાય છે. 'કુરિયર' પત્ર ૧૭૯૧ની સાલમાં શરૂ થયું. આ પત્રની ૧૭૯૭ની સાલની ફાઇલો મુંબઈ સરકારના દફતરખાનામાં સંગ્રહ કરી રાખેલી છે. આ પત્રના ૧૭૯૭ ની સાલના જાન્યુઆરીની તા. ૭, ૧૪, અને ૨૧ ના (૨૨૩, ૨૨૪ અને ૨૨૫) અંકોમાં ગુજરાતી જાહેરખબરો દેખાતી નથી, પરંતુ તા. ૨૮ જાન્યુઆરી ૧૭૯૭(અંક૨૨૬)થી ગુજરાતી લિપિમાં પણ જાહેરખબરો દેખાય છે. આ પરથી એ વર્ષે ગુજરાતી બીબાં પ્રથમ ચાલુ થયાં એમ કહી શકાય."

ફરદૂનજી મર્ઝબાનના છાપખાના (૧૮૧૨) પછીથી અમેરિકન મિશન (૧૮૧૭), બાગુક (૧૮૨૨), જામે જમશેદ(૧૮૨૮), ગણપત કૃષ્ણાજી(૧૮૩૧) વગેરે છાપખાનાં નીકળ્યાં અને એમાં ગુજરાતી મુદ્રણ પણ શરૂ થયું. ગુજરાતીઓએ શરૂ કરેલાં છાપખાનાં શિલાછાપનાં જણાય છે. એમાં પણ છેક પહેલું શિલા-છાપખાનું મહેતાજી દુર્ગારામ મંછારામે શરૂ કરેલું. ૧૮૪૨ ની સાલમાં સુરતમાં 'દાદોબા દુર્ગારામ દલપતરામ દામોદરદાસ દિનમણિશંકર' આ પાંચ દકારાદિ નામના ગૃહસ્થો હતા. એમણે એક ગુજરાતી પુસ્તક પ્રસારક મંડળી સ્થાપી હતી અને એ માટે છાપખાનું ખોલ્યું હતું, જેનો વિરોધ થયો હતો. એ સજ્જનોએ શિલાછાપયંત્ર મુંબઈથી આણ્યું હતું. હિંદમાં છાપખાનાં સ્થાપવાની છૂટનો કાયદો ગવર્નર જનરલે સને ૧૮૩૫ માં મંજૂર કર્યો હતો, છતાં સને ૧૮૪૨ માં આ મંડળીને સુરત શહેરમાં મુખ્ય મૅજિસ્ટ્રેટે આ છાપખાનું કાઢવા દીધું નહોતું. આ અટકાવ કાયદાવિરુદ્ધ હતો. દુર્ગારામને અને એના સાથીઓને શહેરમાં છાપખાનું લાવવાની રજા ન મળી તેથી તેઓ નાઉમેદ થયા નહિ. અધિકારી કાયદા વિરુદ્ધ હરકત કરે છે એ જોઈ એમણે શહેરના કોટની બહાર કતારગામના દરવાજા પાસે મકાન ભાડે લીધું અને એમાં છાપયંત્રો આણ્યાં. કેટલોક વખત ગયા પછી છાપખાનું શહેરમાં લાવવામાં આવ્યું.[3]

હિંદુસ્તાનમાં અંગ્રેજોના આગમન પછી બાઇબલ વગેરે છાપેલાં પુસ્તક આવવા લાગ્યાં ત્યારે હિંદવાસીઓને એ કળાનો પરિચય થયો. એ છાપેલ પુસ્તકોાં જોઈને ભીમજીભાઈ પારેખ નામના ગુજરાતીને ધર્મગ્રંથો દેવનાગરી લિપિમાં છાપવાની પ્રેરણા થઈ. ભીમજી પારેખ ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીના આડતિયા હોઈ એમણે કંપનીના ડાયરેક્ટરોને લખ્યું કે છાપવાની કલામાં પ્રવીણ હોય એવા કારીગરને વિલાયતથી અહીં મોકલાવો. કંપનીના ડાયરેક્ટરોએ હેન્રી હીલ નામના એક કારીગરને ઈ. સ. ૧૬૭૪ માં મુંબઈ મોકલ્યો. હેન્રી હીલ પોતાની સાથે છાપવાનું યંત્ર, બીબાં અને કાગળો પણ લાવ્યો હતો, પરંતુ એને બીબાં ઢાળવાનું કામ આવડતું ન હોવાથી જે હેતુ માટે એને બોલાવ્યો હતો તે હેતુ પાર પડ્યો નહિ, એટલે ભીમજીએ ફરી વિલાયત લખીને ઈ. સં. ૧૬૭૮માં બીજો કારીગર બોલાવી મગાવ્યો. ભીમજી પારેખે સુરતમાં જ દેશી છાપગરો તૈયાર કર્યા અને સાથે સાથે એમને બીબાં કોતરવાનાં કામે લગાડ્યા.

ભીમજી પારેખને હાથે સુરતમાં મુદ્રણકળાનાં બીજ રોપાયાં બાદ સો વરસનો ગાળો વીતી ગયો. એ કાલ દરમ્યાન એ કળા ગુજરાતમાં કેવી રીતે વિકસી એની કડીબદ્ધ વિગતો મળતી નથી. ઈ. સ. ૧૭૭૭ માં રુસ્તમજી ખરશેદજી નામના એક સાહસિક પારસીએ મુંબઈના કોટ વિસ્તારમાં બજારગેટમાં એક છાપખાનું

ખોલ્યું, આ છાપખાનામાં ઈ. સ. ૧૭૮૦ માં પહેલી જ વાર, રોમન અંગ્રેજી પંચાંગ(કેલેન્ડર)ની અનેક નકલો છાપી. હિંદમાં પંચાંગના છાપકામનાં પગરણ ત્યારથી થયાં એમ ગણી શકાય.

વસ્તુતઃ અત્યારે જે ગુજરાતી બીબાં છાપકામમાં વપરાય છે તેનું મૂળ સ્વરૂપ બહેરામજી જીજીભાઈ નામના પારસીએ પ્રચલિત કર્યું હોઈને એમની અટક પણ 'છાપગરણ' તરીકેની લોકજીભે વસી ગઈ.

બીબાકસબી બહેરામજી જીજીભાઈનું ઈ. સ. ૧૮૦૪ માં અવસાન થયું. એ વખતે એમના પુત્ર જીજીભાઈ બહેરામજીની વય ઘણી નાની, પણ બચપણ વટાવીને કિશોર વયમાં આવતાં જ તેઓ પણ 'ધ બૅામ્બે કુરિઅર' છાપખાનામાં જ કામ શીખવા રહ્યા અને આખી જિંદગી એમણે એ જ છાપખાનામાં ગુજારી. ઈ. સ. ૧૮૫૫ થી એમણે પહેલવહેલી 'ખોરદેહ અવસ્તા'ની ચોપડી છાપી ગુજરાતી બીબાંમાં પ્રગટ કરેલી. જેને વ્યવસ્થિત કહી શકાય તેવું અને ગુજરાતી ભાષામાં બધા પ્રકારનું મુદ્રણકાર્ય હાથ ધરે તેવું સૌ પ્રથમ ગુજરાતી છાપખાનું શરૂ કરવાની હિંમત અને પહેલ તો કરી ફરદૂનજી મર્ઝબાનજીએ.

લાગવગ લગાડી એમણે લાકડાનો એક દાબપ્રેસ મેળવ્યો, જેમતેમ કરીને છાપવાનો બીજો સરંજામ ઊભો કર્યો અને પોતાને હાથે ગુજરાતી બીબાંનો એક સેટ તીખા લોઢા પર કોતર્યો. પોતે જ તાંબાની તખતીઓ ઠોકી અને પોતે જ એને સીસામાં ઓતી ટાઇપો પાડ્યા. આ બીબાં પાડવાં ઘસવાં સાફ કરવા વગેરે માટે ફરદૂનજીએ ઘરનાં બૈરાં–છોકરાંને કામે લગાડ્યાં. ૧૮૧૨ માં એમણે મુંબઈમાં 'ગુજરાતી છાપખાના'ના શ્રીગણેશ માંડ્યા. કિંમત ભારે હોવા છતાં એમાં છપાઈને બહાર પડતાં પુસ્તકોનો સારો ઉપાડ થવા લાગ્યો.

મુંબઈમાં પહેલવહેલાં અંગ્રેજી બીબાં પાડનાર રુસ્તમજી ખરશેદજીએ ઈ. સ. ૧૭૮૦ માં અંગ્રેજી પંચાંગ પ્રગટ કરેલું. ફરદૂનજીએ પણ ઈ. સ. ૧૮૧૪ માં સંવત ૧૮૭૧ નું પ્રથમ ગુજરાતી પંચાગ બહાર પાડ્યું. આજે રૂપિયાની કિંમત અનેકગણી ઘટી છે ત્યારે, રૂપિયો કે બે રૂપિયાની કિંમતે પંચાંગ મળે છે, પણ એ જમાનામાં, એટલે કે આજથી ૧૫૮ વરસ પહેલાં, ફરદૂનજીના છાપખાનામાંથી પ્રસિદ્ધ થયેલા એ પંચાંગની કિંમત પણ બે રૂપિયા હોવા છતાં એની પુષ્કળ નકલો ખપી ગઈ. આજ દિન સુધી, દર વરસે એકધારી નિયમિતતાથી પંચાંગ છાપવાની એ પ્રણાલિકા 'મુંબઈ સમાચાર છાપખાનાં' મારફત જળવાતી રહી છે.

બીજે વરસે ફારસી કિતાબ 'દાબેસ્તાન'નો ગુજરાતી તરજૂમો રૂ. ૧૫ ની કિંમતે બહાર પડયો. તરજૂમો કરનાર અને છાપનાર બંને ફરદૂનજી પોતે હતા. ઈ. સ.

૧૮૧૮ માં 'ખોરદેહ અવસ્તા બા માએની'નું એક મોટું પુસ્તક બહાર પાડયું. પારસીઓના ધર્મપુસ્તક 'ખોરદેહ અવસ્તા'ના ગુજરાતી તરજૂમા સાથેનું એ સર્વથી પહેલું પુસ્તક છે. એ જ વરસમાં શેખ સાદીના 'કરીમા'નો અનુવાદ અને નસિહતની ફારસી ચોપડીઓના તરજૂમા પ્રગટ થયા. ઈ.સ. ૧૮૧૯ માં 'બુનદેહશ'નું પુસ્તક છાપ્યું અને કેટલાંક નાનાં ચોપાનિયાં બહાર પાડયાં. ઈ. સ. ૧૮૨૨ માં એમણે મરેના અંગ્રેજી વ્યાકરણનો ગુજરાતી તરજૂમો પ્રગટ કર્યો.

ઈ. સ. ૧૮૨૬માં એમણે ગોશીતળાની સમજણને લગતું પુસ્તક છાપ્યું, જે સરકારે પોતાને ખરચે પ્રજામાં મફત વહેંચ્યું હતું.[૪]

ગુજરાતી અને નાગરી અક્ષરોનાં બીબાંની બનાવટની કળામાં સુધારો કરનાર અને દિવસે દિવસે એના મરોડ આકર્ષક કરવામાં સંપૂર્ણ સહાય કરનાર ટૉમસ ગ્રેહામ અને સુરતનો જીવણ લુહાર છે. ટોમસ ગ્રેહામે લોખંડના ખીલા ઉપર અક્ષરો કેમ કોતરવા એની કળા જીવણ લુહારને બતાવી (૧૮૩૫). અમેરિકન મિશન પ્રેસમાં જીવણ લુહારની બનાવટનાં નાગરી અને ગુજરાતી બીબાંનો ઉપયોગ થયો હતો. જાવજી દાદાજીની તથા બીજી ફાઉન્ડરીઓમાં જે સાદા પૈકા એટલે ૧૨ પૉઇંટનાં બીબાં બને છે તે મૂળ જીવણ લુહારનાં, પણ પાછળથી સુધારેલાં જ છે. ૧૮૪૫–૪૮ માં 'દફતર આશકારા'માં કામ કરતા એક પારસીએ હાલમાં "રાસ્ત ગોફતાર"માં છપાતાં ૧૪ પૉઇંટનાં બીબાં બનાવેલાં અને એ જ પારસીએ ૧૮ પૉઇન્ટનાં "એલૉંગેટેડ" ગુજરાતી બીબાં પણ બનાવેલાં છે. ટૉમસ ગ્રેહામે કેળવી તૈયાર કરેલા બેત્રણ મરાઠાઓએ જુદી જુદી જાતના ગુજરાતી અને નાગરી અક્ષર બનાવેલા છે, જે આજે સામાન્યતઃ સઘળા ગુજરાતી નાગરી છાપખાનાઓમાં વપરાય છે. નાનાભાઈ રુસ્તમજી રાણીનાના ૧૪ પૉઇન્ટના ને બીજા અક્ષરોના તેઓએ જાતેજ પંચ કરેલા છે. એજ્યુકેશન સોસાયટીના ગુજરાતી અને મરાઠી અક્ષરોના ખીલા બનાવવાનું માન ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીના જેમ્સ વિલિ નામના એક નોકરોને ફાળે જાય છે. પગ અને માથા વગરના અક્ષર 'જામે જમશેદ'માં વપરાય છે. ગુજરાતીમાં વાંકડા અક્ષરો બનાવવાની રૂઢિ 'ગુજરાતી' ટાઇપ ફાઉન્ડરીએ કરી છે. એ વધણના બની શકે તેવા મરોડદાર અક્ષરો બનાવવાની કલ્પના 'ઇન્ડિયન સ્પેક્ટેટર' નામના વારિકના એક સબએડિટર મોબેદજીએ ૧૮૮૬ માં કરી હતી અને એની કેટલીક મુદ્રાઓ પણ બનાવી હતી. આજે ગ્રેહામનાં પંચો નાનાભાઈ રાણીનાનાં પંચો અને મેત્રીસો, ગણપતનાં પંચો (ખીલા) તથા કાળુ લુહારનાં ખીલા અને મેત્રીસો ઇચ્છારામ સૂર્યરામ દેસાઈની અને મગનલાલ ઠાકોરદાસ મોદીની મૂળ માલિકીની ગુજરાતી ટાઇપ ફાઉન્ડરીના કબજામાં છે. વળી

એની પાસે હાથથી બીબાં ઓટવાના જૂના મોલ્ડ પણ છે, અને 'ગુજરાતી' પ્રેસમાં જૂના છાપખાનામાં છપાવેલી ચોપડીઓ, અસલ કેવું છપાતું હતું તેના નમૂનાઓ તરીકે સંગ્રહ કરેલી છે. સૌથી મોટી અને જૂની ટાઇપ ફાઉન્ડરી સ્વ. જાવજી દાદાજીની છે. સ્વ. જાવજી ટોમસ ગ્રેહામને ત્યાં નોકરીએ હતા, તેમને નિર્ણયસાગર' નામની ટાઇપ ફાઉન્ડરી ૧૮૬૧ માં કાઢવાની સગવડ મળી હતી, જેમાં મોલ્ડ જીવણ લુહારના હતા. એ પછી ૧૮૮૫ માં સુરતના મેસર્સ ઘેલાભાઈ અને ફીકાભાઈએ બીબાં બનાવવાનું કારખાનું કાઢ્યું, ગુજરાતી ટાઇપ ફાઉન્ડરીનો જન્મ ૧૯૦૦માં થયો અને એ અમેરિકન પોઇંટ સિસ્ટમ પર અને ત્રાંબામિશ્રિત ધાતુમાં બીબાં પાડનાર હિંદમાં પહેલી ફાઉન્ડરી છે.

આ પૂર્વે સુરતમાં ૧૮૪૨માં રુસ્તમજી નામના એક પારસીએ રુસ્તમપરામાં સીસાનાં બીબાંનું છાપખાનું કાઢ્યું હતું અને જદુરામનું શિલાછાપનું છાપખાનું હતું. અમદાવાદમાં બાજીભાઈ અમીચંદનું શિલાછાપનું છાપખાનું ૧૮૪૨ માં સ્થપાયું હતું અને ૧૮૬૪માં 'યુનાઇટેડ પ્રિન્ટિંગ પ્રેસ' સ્થપાયું. સુરત મિશન પ્રેસ ૧૮૪૫ માં સ્થપાયું.[૫]

શિલાછાપ-પદ્ધતિ મુખ્યત્વે મોટાં પોસ્ટરો તેમજ સચિત્ર ગ્રંથો છાપવામાં પ્રયોજાતી હતી. બ્લોક બનાવવાની તેમજ ઑફસેટ મુદ્રણની પદ્ધતિનો વ્યાપક પ્રચાર થતાં હવે શિલાછાપ-પદ્ધતિ બંધ થવા આવી છે.

## પાદટીપ

૧. અનંત કાકબા પ્રિયોળકાર, 'ગુજરાતી મુદ્રણકલાનું આદિપર્વ', "ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક", પૂ. ૧૩, અંક ૪, પૃ. ૩૨

૨. એજન, પૃ. ૩૭-૩૮

૩. એજન, પૃ. ૪૯

૪. 'મુંબઈ સમાચાર : દોઢસો વર્ષની તવારીખ, ૧૮૨૨-૧૯૭૨', પૃ. ૯-૧૩

૫. 'ગુજરાતી મુદ્રણની શતવર્ષી', ૧૮૧૨-૧૯૧૨', "ગુજરાતી", દિવાળી અંક, ૧૯૧૨

પરિશિષ્ટ ૨

# ગુજરાતી ગ્રંથોનાં લેખન તથા પ્રકાશનોનો વિકાસ

**શબ્દકોશ**

પ્રાચીન સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યમાં પદ્યાત્મક શબ્દકોશ હતા, જેનું સૌથી પ્રસિદ્ધ ઉદાહરણ 'અમરકોશ' છે. જૂની ગુજરાતીમાં એકેય કોશ નથી. પ્રત્યેક ઔક્તિકને અંતે ઘણુંખરું એકાદ ગુજરાતી–સંસ્કૃત શબ્દસૂચિ હોય છે ખરી, પણ એ વર્ણાનુક્રમે ન હોઈ એને અર્વાચીન કોશની કોટિમાં મૂકી શકાય નહિ. જેમાં શબ્દસંચય વર્ણાનુક્રમે ગોઠવાયો તેવા એકભાષી દ્વિભાષી કે બહુભાષી શબ્દકોશ, અંગ્રેજી કોશોના પ્રભાવથી, આપણા અભ્યાસપાત્ર સમયગાળામાં ગુજરાતીમાં રચાયા છે.[1]

ડ્રમન્ડ-કૃત 'ગ્લોસરી'(૧૮૦૮) સમયદૃષ્ટિએ સૌથી પહેલો કોશ અથવા શબ્દાવલિ છે, જેમાં ૪૬૩ ગુજરાતી શબ્દોની વિસ્તૃત અંગ્રેજી સમજૂતી અપાઈ છે. આવું બીજું નોંધપાત્ર પુસ્તક સોરાબશા ડોસાભાઈ-કૃત 'અંગ્રેજી અને ગુજરાતી ભાષા બોલવાની રીતીઓનાં કાએદાનાં તથા તેવોની બનાવટનાં દાખલાની વાકેઆવલી'(૧૮૪૧) એ વિલ્સનની *Idiomatic Exercises*નું મૂળ સાથે ગુજરાતી ભાષાંતર જ છે, એમાં આશરે ૨,૫૦૦ મહત્ત્વના શબ્દોનો અંગ્રેજી–ગુજરાતી કોશ આપોઆપ મળી જાય છે. ગુજરાતી ભાષાનો રીતસરનો કોશ ત્યાર પછી પાંચ વર્ષે પ્રગટે છે અને એ છે મિરઝા મહંમદ કાસીમ અને નવરોજી ફરદૂનજીનો 'ગુજરાતી–અંગ્રેજી કોશ' (૧૮૪૬). એમાં આશરે ૧૫,૦૦૦ શબ્દ છે. અરદેશર ફરામજી મૂસ અને નાનાભાઈ રુસ્તમજી રાણીના–કૃત 'અંગ્રેજી અને ગુજરાતી કોશ' આઠ ભાગમાં પૂરો થયો હતો અને એનો પહેલો ભાગ ૧૮૫૭ માં છપાયેલો છે; એમાં આશરે ૫૦,૦૦૦ શબ્દ છે. આ બંને કોશકારોએ એ મોટા કોશનો સંક્ષેપ કવિ નર્મદાશંકરની સહાયથી 'અગ્રેજી તથા ગુજરાતી ન્હાનો કોશ'(૧૮૬૨) એ એ નામથી છપાવ્યો છે. આ કામમાં જોડાવાને પરિણામે નર્મદાશંકરને કોશના કાર્યની વિશેષ તાલીમ મળી હોય અને ગુજરાતી ભાષાનો કોશ પ્રગટ કરવાનો એનો સંકલ્પ દૃઢીભૂત થયો હોય એ સંભવિત છે.

કરસનદાસ મૂળજીનો 'ગુજરાતી અને અંગ્રેજી કોશ' ૧૮૬૨ માં પ્રગટ થયો હતો.

અને એમાં આશરે ૧૦,૦૦૦ શબ્દ છે. શાપુરજી એદલજી-કૃત 'ગુજરાતી અને અંગ્રેજી કોશ'(૧૮૬૩)માં આશરે ૨૭,૦૦૦ શબ્દ છે. એના પ્રસ્તાવનારૂપ અંગ્રેજી લેખમાં કર્તાએ પહેલી જ વાર ગુજરાતી ભાષાનો ઇતિહાસ આપવાનો પ્રયત્ન કર્યો છે. બાબારાવ તાત્યારાવજી રણજિત અને શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર-કૃત 'સંસ્કૃત તથા ગુજરાતી કોશ'(૧૮૭૧) આશરે ૧૨,૦૦૦ શબ્દોનો ઉત્તમ શાળોપયોગી કોશ છે. જામાસ્પજી દસ્તૂર મીનેચેહેર-કૃત 'પેહેલવી-ગુજરાતી અને ઇંગ્રેજી શબ્દ-કોશ'(૧૮૭૭) એક વિરલ કોશ છે. એમાં માહિતીપૂર્ણ અંગ્રેજી પ્રસ્તાવના ઉપરાંત એવો જ ગુજરાતી 'દિબાચો' છે. આ પહેલો અને કદાચ અત્યાર સુધી છેલ્લો પહેલવી-ગુજરાતી શબ્દકોશ છે.

કવિ નર્મદાશંકરનો 'નર્મકોશ' એ ગુજરાતી કોશ-સાહિત્યના ઇતિહાસમાં સૌથી મોટું સીમાચિહ્ન છે. એની પહેલાંના કોશ 'ગુજરાતી–અંગ્રેજી' અર્થાત્ ઘણું-ખરું દ્વિભાષી હતા, પરંતુ ગુજરાતી શબ્દના અર્થ ગુજરાતીમાં આપે અને એને સાહિત્યનાં પ્રમાણોથી પુષ્ટ કરે, ઉચ્ચારાનુસારી જોડણીની કંઈક વ્યવસ્થા ગોઠવે અને ભાષાનો ઇતિહાસ ખ્યાલમાં રાખી, શક્ય હોય તો શબ્દના મૂળનો નિર્દેશ કરે એવા કોશની અપેક્ષા પ્રથમ વાર એક સાચા ભાષાપ્રેમી વિદ્વાન અને કવિને હસ્તે પૂરી થઈ એ ગુજરાતી ભાષાનું સદ્ભાગ્ય છે. 'જય જય ગરવી ગુજરાત'નું અમર ગીત રચીને કપરા આર્થિક સંજોગોમાં પણ જેણે આ મહાગ્રંથ કોઈ વ્યક્તિને નહિ, પણ સમસ્ત ગુજરાતી પ્રજાને અર્પણ કર્યો એનું ધૈર્ય, વેધક દૃષ્ટિ અને ઊંડો દેશપ્રેમ ચિરસ્મરણીય છે. સંપૂર્ણ 'નર્મકોશ' ૧૮૭૩ માં પ્રગટ થયો; એમાં ૨૫,૦૦૦ થી વધુ શબ્દ છે. નર્મદ પછીના તમામ કોશકારોએ અનિવાર્યપણે 'નર્મકોશ'નો આધાર લીધો છે.

'નર્મકોશ'ના પ્રકાશન પછી એની પ્રેરણાથી તથા એની પૂર્તિરૂપે કેટલાક નાનામોટા શબ્દકોશ રચાયા તેઓમાં નીચેના નોંધપાત્ર છે: કાલિદાસ બ્રિજભૂખણદાસ અને બાલકિસનદાસ બ્રિજભૂખણદાસ-કૃત 'ગુજરાતીનો ગુજરાતી અને અંગ્રેજી કોશ'(૧૮૮૫)માં વિશેષતઃ સૌરાષ્ટ્રમાં વપરાતા શબ્દ આપ્યા છે. મોતીલાલ મનસુખરામ શાહ(પત્રકાર–ફિલસૂફ વાડીલાલ મોતીલાલ શાહના પિતા)નો 'ગુજરાતી શબ્દકોશ'(૧૮૮૬) મુખ્યત્વે ઘરગથુ તથા ખેડૂતો કારીગરો અને વેપારી-ઓમાં વપરાતા શબ્દ આપે છે. પટેલ જેસંગ ત્રીકમદાસ અને ત્રિભોવન ગંગાદાસનો 'ગુજરાતી શબ્દાર્થસંગ્રહ ભાગ–૧'(૧૮૯૫) મુખ્યત્વે મહીનદીની ઉત્તરે બોલાતા શબ્દોનો સંગ્રહ છે. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ-કૃત 'પ્રાંતિક શબ્દસંગ્રહ'

(૧૯૦૦) ભૂતપૂર્વ વડોદરા રાજ્યના કડી પ્રાંતના(હવે મહેસાણા જિલ્લાના) તળપદા શબ્દ સરકારી અમલદારોના કામની સગવડ માટે એકત્ર કરે છે.

'નર્મકોશ' પછી ગુજરાતી કોશ-સાહિત્યનાં સીમાચિહ્ન તે લલ્લુભાઈ ગોકળદાસ પટેલ-કૃત 'નર્મકોશ'ની પદ્ધતિએ રચાયેલો 'ગુજરાતી શબ્દકોશ'(૧૯૦૮) અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો 'ગુજરાતી શબ્દકોશ' છે, પણ વચ્ચેના સમયના નોંધપાત્ર કોશોમાં નીચેનાનો ઉલ્લેખ કરવો જોઈએ: ઉકરડાભાઈ શિવજી નેણશીનો 'ગુજરાતી–અંગ્રેજી શબ્દકોશ'(૧૮૭૪) અંગ્રેજો સાથે સંબંધ ધરાવતા મુંબઈના વેપારી વર્ગ માટે તૈયાર થયેલો જણાય છે. શિવશંકર કરસનજી-સંપાદિત 'ગુજરાતી ઇન્ટુ ગુજરાતી એન્ડ ઇંગ્લીશ ડિક્શનરી'(૧૮૭૪)માં આશરે ૨૪,૦૦૦ શબ્દ છે અને એમાં ગુજરાતી શબ્દોના ગુજરાતી તેમજ અંગ્રેજી પર્યાય આપ્યા છે. રોબર્ટ મોન્ટગોમરી, અંબાલાલ સાકરલાલ દેસાઈ અને મણિધરપ્રસાદ તાપીપ્રસાદે રચેલો 'અંગ્રેજી-ગુજરાતી કોશ'(૧૮૭૭) મુંબઈ સરકારના કેળવણી ખાતાની સૂચનાથી તૈયાર થયો હતો. અંબાલાલ સાકરલાલ દેસાઈએ સુધારેલી એની બીજી આવૃત્તિ ૧૯૧૦માં પ્રગટ થઈ હતી અને પ્રમાણભૂત કોશ તરીકે લોકપ્રિય થઈ હતી ત્યારથી એ 'અંબાલાલના કોશ' તરીકે ઓળખાય છે. વડોદરાના કલાભવન તરફથી ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરે ૧૮૯૧ના અરસામાં વેબ્સ્ટરના અંગ્રેજી કોશના શબ્દોના ગુજરાતી મરાઠી હિંદી બંગાળી અને સંસ્કૃત (ક્વચિત્ ફારસી અને અરબી) પર્યાયો આપતો એક મહાકોશ તૈયાર કરાવેલો. એના આશરે ૮૦ હસ્તલિખિત ગ્રંથ વડોદરા યુનિવર્સિટી લાઇબ્રેરીમાં સચવાયેલા છે. આ ઉપરાંત લલ્લુભાઈ ગોકળદાસ પટેલનો પોતાનો આશરે ૪૦,૦૦૦ શબ્દોનો 'અંગ્રેજી–ગુજરાતી શબ્દકોશ'(૧૮૯૨), વ્યાસ અને પટેલનો 'સ્ટાન્ડર્ડ અંગ્રેજી–ગુજરાતી શબ્દકોશ'(૧૮૯૪), વિઠ્ઠલ રાજારામ દલાલ-કૃત 'શબ્દાર્થસિન્ધુ–ગુજરાતી શબ્દાર્થ-સંગ્રહ'(૧૮૯૫), મલ્હાર ભીમજી બેલસરેનો 'ગુજરાતી–અંગ્રેજી કોશ'(૧૮૯૫), હરગોવિંદદાસ ગ. મર્ચન્ટનો સંસ્કૃત–ગુજરાતી લઘુકોશ 'શબ્દાર્થ સિન્ધુ'(૧૮૯૫), મગુભાઈ એફ. કારભારીની 'ઇંગ્લીશ–ગુજરાતી ડિક્ષનેરી' (૧૮૯૯) અને સવાઈલાલ છોટમલાલ વોરા-કૃત સંસ્કૃત–ગુજરાતી કોશ 'શબ્દચિન્તામણિ'(૧૯૦૦)નો[2] નિર્દેશ કરવો જોઈએ

ભાષાશુદ્ધિને પ્રાધાન્ય આપીને રચાયેલા ગુજરાત-વર્નાક્યુલર સોસાયટીના ગુજરાતી શબ્દકોશનો પહેલો 'સ્વરવિભાગ' ૧૯૦૮માં સોસાયટીના હીરક મહોત્સવ પ્રસંગે પ્રગટ થયો હતો.[3]

### વિષય–કોશ

હિંદુ પુરાણકથાનાં પાત્રોનો અકારાદિક્રમે પરિચય આપતો 'નર્મકથાકોશ' (૧૮૭૦) રચવાની પહેલ નર્મદે કરી છે. વેપારવણજમાં આવતી વસ્તુઓનાં નામોનો અંગ્રેજી–ગુજરાતી અને ગુજરાતી–અંગ્રેજી 'વેપારકોશ'(૧૮૭૨) હોરમસજી દાદાભાઈએ તૈયાર કરેલો છે. ર.જયવહીવટમાં પ્રચલિત આશરે ૧,૨૦૦ શબ્દોનો 'રાજ્યકાર્યશબ્દાર્ણવ'(૧૮૭૬)[૪] ઘણો રસપ્રદ છે, પણ એનું મુખપૃષ્ઠ ફાટી ગયું હોવાથી કર્તાનું નામ જાણી શકાતું નથી. ભોગીલાલ ભીખાભાઈ ગાંધીના 'રૂઢિપ્રયોગ કોશ'(૧૮૯૮)માં ગુજરાતી રૂઢિપ્રયોગોની સમજૂતી અકારાદિક્રમે જરૂર જણાય ત્યાં સાહિત્યિક અવતરણોનાં ઉદાહરણ સહ આપી છે. ચિમનરાવ શિવશંકર વૈષ્ણવના 'ઓષધિકોશ' (૧૮૯૯) માં ઓષધિઓના સંસ્કૃત ગુજરાતી મરાઠી હિંદી બંગાળી અંગ્રેજી અને લૅટિન પર્યાયો તેઓના મુખ્ય ગુણધર્મ સહિત આપ્યા છે.

### જ્ઞાનકોશ

જ્ઞાનકોશ અથવા અંગ્રેજીમાં જેને 'એન્સાઇક્લોપીડિયા' કહે છે તેનું પ્રકાશન ગુજરાતીમાં થયું છે, અને એ છે રતનજી ફરામજી શેઠનાએ સંકલિત કરેલ 'જ્ઞાનચક્ર'. એના નવ ગ્રંથ છે અને એ ૧૮૯૯ થી ૧૯૧૨ સુધીમાં પ્રગટ થયા છે તથા પ્રકાશનસ્થાન મુંબઈ છે. એમાં બધા મળી આશરે ૧૫,૦૦૦ વિષયોનું વિવરણ છે. આ ગ્રંથોને ઇનામ મળેલાં છે એની આભારનોંધ એમાં છે તથા પરામર્શકોના અહેવાલ પણ કેટલાકમાં છે. આ જ્ઞાનકોશ હવે જૂનો થયો હોવા છતાં અને એમાંના કેટલાક લેખોનાં વિધાન વિદ્વાનોમાં ચર્ચાસ્પદ થયાં હોવા છતાં રતનજી શેઠનાએ એકલે હાથે કરેલી એની આયોજના અને એ પાછળ લીધેલી જહેમત પ્રશંસનીય છે. પ્રસ્તુત સમયગાળામાં બીજો કોઈ જ્ઞાનકોશ રચાયો નથી.[૫]

### સર્વસંગ્રહ

'બૉમ્બે ગેઝેટિયર્સ'ની ગ્રંથમાળામાં પ્રગટ થયેલા અંગ્રેજી ગ્રંથોને આધારે કવિ નર્મદાશંકરે 'ગુજરાત સર્વસંગ્રહ'(૧૮૮૮) અને 'કાઠિયાવાડ સર્વસંગ્રહ' (૧૮૮૯) એ બે ગ્રંથ તૈયાર કર્યા હતા તે બંને ૧૮૮૬માં નર્મદાશંકરના અવસાન પછી પ્રસિદ્ધ થયા હતા.

'વડોદરા રાજ્યસર્વસંગ્રહ'ના ચાર ભાગ (રાજ્યના ચાર પ્રાંતો–કડી વડોદરા નવસારી અને અમરેલી વિશે) ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈની રાહદારી નીચે તૈયાર થયેલા. તેઓનું પ્રકાશન પ્રસ્તુત કાલખંડ પછી તુરત ૧૯૧૭–૧૮ માં થયું હતું.[૬]

## ગુજરાત વર્નાક્યુલર સોસાયટી

પ્રકરણ ૧૨-૧૩ માંના નિરૂપણથી સ્પષ્ટ થશે કે ગુજરાતમાં શિક્ષણ ભાષા-વિકાસ અને સાહિત્યપ્રકાશનક્ષેત્રે નવજાગૃતિ લાવવામાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું પ્રદાન મહત્ત્વનું છે અને પ્રસ્તુત સમયગાળામાં લલિતેતર વાઙ્‌મયનો ઠીક મોટો અને મહત્ત્વનો અંશ સંસ્થાએ પ્રગટ કરેલો છે.[૭]

## ફાર્બસ ગુજરાતી સભા

આ સંસ્થાની ૧૮૬૫માં સ્થાપના થયા પછી પ્રસ્તુત કાલખંડમાં એનું મહત્ત્વનું પ્રકાશન 'રાસમાળા'નું ગુજરાતી ભાષાંતર છે.[૮]

## ભૂતપૂર્વ વડોદરા રાજ્ય

કવીશ્વર દલપતરામે વડોદરા ખાતે ખંડેરાવ ગાયકવાડના દરબારમાં 'રૂડી ગુજરાતી વાણીરાણીના વકીલ' તરીકે કવિતામાં 'ગુર્જરી વાણીવિલાપ'(૧૮૬૪) રજૂ કર્યો તથા ગુજરાતીને રાજ્યવ્યવસ્થામાં ઉચિત સ્થાન આપી શાળાઓ સ્થાપવાની હિમાયત કરી અને ખંડેરાવ મહારાજાએ એ માટે બનતું કરવાની ખાતરી આપી, પણ એ ખાતરી અમલમાં મુકાય ત્યાર પહેલાં મહારાજાનું અવસાન થયું. એ પછી કેટલોક સમય મલ્હારરાવ ગાયકવાડનું અવ્યવસ્થિત તંત્ર ચાલ્યું. એ પછી સયાજીરાવ ત્રીજા(૧૮૭૫–૧૯૩૯)ના રાજ્યકાલનાં ચોસઠ વર્ષમાં જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં વડોદરા રાજ્યની પ્રગતિ થઈ તેમાં મહારાજાના વિદ્યાપ્રેમને કારણે ગુજરાતી સાહિત્યને પણ મોટો વેગ મળ્યો. આપણા સમયગાળામાં એ ક્ષેત્રે વિશિષ્ટ અને વિવિધ વિષયોમાં થયેલાં પ્રકાશનાદિની સંક્ષિપ્ત નોંધ અહીં લઈશું.

રાજ્યાશ્રયને કારણે વડોદરા સંગીતનું કેન્દ્ર પણ હતું અને વડોદરામાં પ્રથમ ગાયનશાળા મહારાજા સયાજીરાવે સ્થાપી.[૯] વળી રાજ્યનાં બીજાં કેટલાંક નગરોમાં પણ સંગીતશાળાઓ સ્થપાઈ અને શાળાઓના ઉપયોગ માટે ભારતમાં સૌ પ્રથમ સંગીતની સ્વરલિપિ (નોટેશન) પદ્ધતિ ઉસ્તાદ મૌલાબક્ષે દાખલ કરી તથા એમણે અને એમના પુત્રોએ એ વિશેનાં કેટલાંક પુસ્તક તૈયાર કર્યાં. એમાં મૌલાબક્ષ-કૃત 'ગાયનનું પુસ્તક ભાગ ૧ અને ૨', 'ગાયન-શાળામાં ચાલતી ગાયનની ચીજોનું પુસ્તક, ભાગ ૨ થી ૬' તથા 'સંગીતાનુભવ' અને 'સંગીતાનુસાર' છંદોમંજરી', મુર્તુજાખાં મૌલાબક્ષ-કૃત 'જૂની ગુજરાતી વાચનમાળાની કવિતાનું નોટેશન', અલ્લાઉદ્દીન ચીસેખાં-કૃત 'નવી ગુજરાતી વાચનમાળા નોટેશન' અને 'સિતાર-શિક્ષણ', ઉસ્માનખાં સુલતાનખાં-કૃત 'તાલપદ્ધતિ' આદિ નોંધપાત્ર છે. ગુજરાતી

અને મરાઠીમાં કન્યાઓ માટે 'બાળાસંગીતમાળા' નામે ગાયનગ્રંથોનો અને 'શહનાઈ-વાદન પાઠમાળા' નામે વાદનના પુસ્તકનો પણ આ ગ્રંથમાળામાં સમાવેશ થાય છે. 'સંગીત–રત્નાકર' અને 'સંગીત–પારિજાત' બે સંગીત–વિષયક સંસ્કૃત ગ્રંથોનું ભાષાંતર કૃષ્ણશાસ્ત્રી યજ્ઞેશ્વરશાસ્ત્રી પાસે કરાવવામાં આવ્યું હતું.

કલાભવન[10] દ્વારા વિજ્ઞાન અને હુન્નર–ઉદ્યોગનું શિક્ષણ ગુજરાતીમાં આપવાનો સયાજીરાવ ગાયકવાડનો મનોભાવ હતો અને એ કામ એમણે ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરને સોંપ્યું હતું. ગજ્જરે તૈયાર કરાવેલા આઠ ભાષાઓના કોશનો ઉલ્લેખ ઉપર આવી ગયો છે. શિક્ષણ માટે ગ્રંથો હોવા જોઈએ એ સારુ 'શ્રી સયાજી જ્ઞાનમંજૂષા' અને 'શ્રી સયાજી લઘુજ્ઞાન-મંજૂષા'નું[11] પ્રકાશન ગુજરાતી અને મરાઠીમાં આરંભાયું. એમાંના કેટલાક ગુજરાતી ગ્રંથ નીચે મુજબ છે: હીરાલાલ ડાહ્યાભાઈ નાણાવટી-કૃત 'સૃષ્ટિશાસ્ત્રનો અભ્યાસક્રમ'(૧૮૯૫), રાજારામ રામશંકર ભટ્ટનો મરાઠીમાંથી અનુવાદ 'રેખાત્મક યથાદર્શન ચિત્રવિદ્યા' (૧૮૯૫), ગજાનન ભાસ્કર વૈદ્ય-કૃત 'શ્રી સયાજી વિજ્ઞાન-મંજૂષા, પ્રથમ ભાગ' (૧૮૯૫), દયાળજી લલ્લુભાઈ દેસાઈએ કરેલો ગ્રીવના અંગ્રેજી પુસ્તકનો અનુવાદ 'યંત્રશાસ્ત્રનાં મૂલતત્ત્વ'(૧૮૯૫), કેશવલાલ વિઠ્ઠલદાસ દેસાઈ-કૃત 'અંકગણિત શાસ્ત્રીય અને વ્યાવહારિક' (૧૮૯૭), મૂળજી રામનારાયણ વ્યાસ-કૃત 'ક્રિયાત્મક ભૂમિતિ' (૧૮૯૯), શિવરામ ગંગાધર સંત-કૃત 'ક્રિયાત્મક રસાયણ'(૧૮૯૬), ધનુર્ધારી-કૃત 'વ્યાપારી ભૂગોલ', ત્રિભુવનદાસ ગજ્જર–કૃત 'રેખા ઉપર રંગનિર્ણય', મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત'–કૃત 'શિક્ષણનો ઇતિહાસ'(૧૮૯૫)–જે ગુજરાતી ગદ્યસાહિત્યનો પણ એક પ્રશિષ્ટ ગ્રંથ છે અને જેનો ઉલ્લેખ પ્રકરણ ૧૩ માં થયો છે તે 'જ્ઞાનમંજૂષા'માં પ્રગટ થયેલો છે.

વડોદરા રાજ્યના એક ઉચ્ચ અધિકારી હરગોવિંદદાસ કાંટાવાળાએ પોતાને ખર્ચે ૧૮૮૫ માં 'પ્રાચીન કાવ્ય ત્રૈમાસિક' શરૂ કર્યું હતું અને એ કેટલાંક વર્ષ ચાલ્યું હતું. **જૂનાં ગુજરાતી** કાવ્ય એમાં ક્રમશઃ છપાતાં હતાં.[12] ખાસ કરીને વડોદરા રાજ્યમાં થયેલા ગુજરાતી કવિઓની રચનાઓ પ્રગટ કરવા માટે ગાયકવાડ સરકારે એક માતબર રકમ ૧૮૮૯ માં મંજૂર કરી ત્યારે 'પ્રાચીન કાવ્ય ત્રૈમાસિક' બંધ કરીને હરગોવિંદદાસ કાંટાવાળા અને નાથાશંકર શાસ્ત્રીએ 'પ્રાચીન કાવ્યમાળા' શરૂ કરી, જેમાં કુલ ૩૫ ગ્રંથ પ્રગટ થયા છે.[13]

હસ્તલિખિત ગ્રંથભંડારો માટે પ્રસિદ્ધ ગુજરાતનું ઐતિહાસિક પાટનગર પાટણ વડોદરા રાજ્યમાં હતું. એ ગ્રંથભંડારો તપાસવા માટે મણિલાલ નભુભાઈ

દ્વિવેદીને મોકલવામાં આવ્યા હતા અને ત્યાંથી મળેલાં પુસ્તકોમાંથી 'ભોજપ્રબંધ' (૧૮૯૨), 'વિક્રમચરિત્ર'(૧૮૯૨), 'દ્વયાશ્રય મહાકાવ્ય'(૧૮૯૩), 'ષડ્દર્શન-સમુચ્ચય'(૧૮૯૪), 'અનેકાન્તવાદપ્રવેશ'(૧૮૯૯) આદિનાં ગુજરાતી ભાષાંતર રાજ્ય તરફથી પ્રગટ થયાં, જે **સંસ્કૃત વિદ્યા** અને તત્સંબદ્ધ વિષયોમાં ગણના-પાત્ર પ્રદાન છે. આપણા અભ્યાસપાત્ર કાલખંડના છેલ્લા વર્ષ ૧૯૧૪માં સયાજી-રાવ ગાયકવાડે વડોદરા સેન્ટ્રલ લાઇબ્રેરીના સંસ્કૃત લાઇબ્રેરિયન ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલને (૧૮૮૧–૧૯૧૮) પાટણના ભંડારોની તપાસ માટે મોકલ્યા હતા. દલાલે એ ભંડારોની લગભગ સંપૂર્ણ તપાસ મુનિશ્રી કાંતિવિજયજી અને એમના શિષ્યમંડળની સહાયથી કરી હતી તથા એને પરિણામે દલાલે રજૂ કરેલો અહેવાલ એટલો મહત્ત્વનો જણાયો કે એ ઉપરથી જગદ્વિખ્યાત 'ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝ'નો આરંભ કરવામાં આવ્યો. મણિલાલની જેમ દલાલનું અવસાન પણ નાની વયે થયું હતું, પણ આ સિરીઝના શરૂઆતના વીસેક બહુમૂલ્ય ગ્રંથ એમની દૃષ્ટિપૂર્ણ આયોજનાનું પરિણામ છે.[૧૪]

વડોદરા રાજ્યમાં ધર્માધિકારીનો હોદ્દો હતો; ધર્માધિકારી રાજ્યમાં પ્રવાસ કરી ધર્મ અને નીતિ વિશે વ્યાખ્યાનો આપતા, અને આ પ્રવૃત્તિના સાતત્યરૂપે '**હિંદુધર્મશાસ્ત્ર** ગ્રંથમાળા' પ્રગટ કરવાનું નક્કી થયું હતું. એમાં આનંદશંકર ધ્રુવે કરેલો શ્રી રામાનુજાચાર્યના 'શ્રીભાષ્ય'નો અનુવાદ, ભાગ ૧–૨(૧૯૧૩), જગતના ધર્મોનો સરલ અને સમભાવપૂર્ણ પરિચય આપતું પુસ્તક 'ધર્મવર્ણન'(૧૯૩૧) અને દૃષ્ટાંતો તથા કથાઓ દ્વારા વિદ્યાર્થીઓનો હૃદયંગમ બોધ આપતું 'નીતિશિક્ષણ' (૧૯૧૪) એ આપણા સમયગાળામાં પ્રગટ થયેલાં પુસ્તક છે.[૧૫]

**દેશી રમતો**ના પુનરુજ્જીવન માટે 'દેશી રમત ગ્રંથમાળા' શરૂ કરવામાં આવી હતી. અને એમાં છગનલાલ ઠાકોરદાસ મોદી-કૃત 'સચિત્ર દેશી રમતો' (૧૮૯૩), 'કમાન-દડાનો ખેલ' 'ગેડી-દડાનો ખેલ' 'જાળ-દડાનો ખેલ' 'દડીમારની રમત, ક્રિકેટ' 'પાનાંની રમત, ગિઝિક' વગેરે દેશી–વિદેશી રમતો વિશેનાં પુસ્તક અને ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ-કૃત 'ઘરમાં રમવાની રમતો' (૧૯૦૩) એ પુસ્તક બહાર પડ્યાં હતાં.

આરોગ્યની જાળવણી માટે પ્રજાને જાણકારી અને સૂચનાઓ મળે એ સારુ 'આરોગ્ય ગ્રંથમાળા' આરોગ્યખાતા દ્વારા ચાલતી હતી અને એમાં ડૉ. બાલાભાઈ મગનલાલ નાણાવટી-કૃત 'ખોરાક', ગોવિંદભાઈ દેસાઈ-કૃત 'દીર્ઘાયુષી શી રીતે થવાય ?', ડૉ. કૂપર-કૃત 'બાળસંરક્ષણ', ડૉ. ધુરંધર-કૃત 'મચ્છર–વિધ્વંસ' અને 'સ્વચ્છતા સંબંધી ભાષણ' અને કર્તાના નામ વિનાની 'ચોખ્ખું પાણી વાપરવાની

જરૂર અને સૂચનાઓ' અને 'હિમજ્વરપ્રતિબંધક બોધ' એ કૃતિઓ ઉલ્લેખપાત્ર છે. વડોદરા રાજ્યનો વહીવટ ગુજરાતીમાં ચાલતો હોઈ કાયદાને લગતાં ઘણાં પ્રકાશન રાજ્ય તરફથી થયેલાં છે.

ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ વડોદરામાં રણછોડભાઈ ઉદયરામ દવેના પ્રમુખપદે ૧૯૧૨માં મળી તે સમયે માતૃભાષાના સાહિત્યની અભિવૃદ્ધિ કરવાના સદુદ્દેશથી સયાજીરાવ ગાયકવાડે ખાનગી ખાતામાંથી બે લાખ રૂપિયાની દેણગી જાહેર કરી હતી, જેના વ્યાજમાંથી 'શ્રી સયાજી સાહિત્યમાળા' અને 'શ્રી સયાજી બાલજ્ઞાનમાળા'એ બે પુસ્તકશ્રેણીઓ શરૂ થઈ. કેટલીક પૂર્વ-તૈયારી પછી એ શ્રેણીઓનું કામ વિદ્યાધિકારી કચેરીની ભાષાંતર શાખા દ્વારા ૧૯૧૭માં શરૂ થયું હોઈ આપણા સમયગાળામાં એ આવતું નથી.[૧૬]

## 'ગુજરાતી' પ્રેસ

ઇચ્છારામ સૂર્યરામ દેસાઈએ મુંબઈમાં ૧૮૮૦માં શરૂ કરેલા 'ગુજરાતી સાપ્તાહિક'ની વિવિધ કતારોએ, અગ્રલેખોએ, દીપોત્સવી-અંકોએ, વાર્ષિક ભેટ-પુસ્તકોએ તથા પ્રાચીન કાવ્ય, ઐતિહાસિક-સામાજિક નવલકથાઓ અને વિવિધ વિષયોનાં સ્વતંત્ર પુસ્તકોએ, સંસ્કૃત સાહિત્યની ધાર્મિક અને સાહિત્યિક વિવિધ કૃતિઓનાં ભાષાંતરોએ તથા 'ચંદ્રકાન્ત' જેવા વેદાંતવિષયક લોકપ્રિય ગ્રંથોએ ૧૮૮૦થી પહેલા વિશ્વયુદ્ધના પ્રારંભ (૧૯૧૪) સુધીના ગુજરાતની વિચારસૃષ્ટિ સાહિત્યરુચિ અને ભાષા ઘડવામાં તથા વિદ્યારસ કેળવવામાં અગત્યનું પ્રદાન કર્યું છે.

## ગુજરાતી સાહિત્ય પરિષદ

અમદાવાદમાં સ્થપાયેલી 'ગુજરાત સાહિત્ય સભા'(૧૯૦૩)ના પ્રાણભૂત રણજિતરામ વાવાભાઈ મહેતાના સ્વપ્નની સિદ્ધિરૂપે 'ગુજરાતી સાહિત્ય પરિષદ' ૧૯૦૫માં અસ્તિત્વમાં આવી અને એનું પ્રથમ અધિવેશન એ વર્ષમાં અમદાવાદ ખાતે 'સરસ્વતીચંદ્ર'કાર ગોવર્ધનરામ ત્રિપાઠીના પ્રમુખપદે મળ્યું; બીજું અધિવેશન ૧૯૦૭માં મુંબઈમાં કેશવલાલ હર્ષદરાય ધ્રુવના પ્રમુખપદે, ત્રીજું ૧૯૦૯માં રાજકોટ ખાતે અંબાલાલ સાકરલાલ દેસાઈના પ્રમુખપદે અને ચોથું ૧૯૧૨માં વડોદરા ખાતે, ઉપર કહ્યું તેમ, રણછોડભાઈ ઉદયરામના પ્રમુખપદે મળ્યું હતું. વીસમી સદીના આરંભનો સમય એવો હતો કે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' અને 'ફાર્બસ ગુજરાતી સભા' એ બે સંસ્થાઓને બાદ કરતાં, સમસ્ત ગુજરાતીભાષી પ્રજાને સાહિત્ય અને વિદ્યાના રસથી આંદોલિત કરી એને સાહિત્ય પ્રીત્યર્થે સંમેલન કે સમાજરૂપે એકત્રિત કરનાર એકેય સંસ્થા કે સંગઠનનું

અસ્તિત્વ નહોતું. એ પ્રજાકીય આવશ્યકતા સાહિત્ય પરિષદે પૂરી કરી. સંમેલનો, કલા સાહિત્ય પુરાતત્ત્વ હસ્તપ્રતોનાં પ્રદર્શનો, વ્યાખ્યાનો, કવિસંમેલનો અને પાદપૂર્તિઓ, નાટ્યપ્રયોગો અને લોકસંગીત આદિના કાર્યક્રમો દ્વારા શિક્ષિત પ્રજામાં એક પ્રકારના નવજીવનનો સંચાર પરિષદે કર્યો. આપણા અભ્યાસપાત્ર સમય-ગાળામાં પરિષદે પુસ્તકપ્રકાશનની પ્રવૃત્તિ આરંભી નહોતી, પણ પહેલાં ચાર અધિવેશનોમાં પરિષદ-પ્રમુખોનાં વિચારપ્રેરક અને વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો અને ચારેય અહેવાલોમાં છપાયેલા વિવિધ વિષયના નિબંધો અને સંશોધનાત્મક લેખો જોતાં જ વિચાર આવે છે કે આ મૂલ્યવાન પ્રદાન બીજા કોઈ માધ્યમ દ્વારા એ સમયે ભાગ્યેજ થઈ શક્યું હોત.

## જૈન સંસ્થાઓ

પ્રાચીનતમ ઉપલબ્ધ ગુજરાતી સાહિત્ય એ જૈન સાહિત્ય છે. આપણા અભ્યાસપાત્ર કાલખંડમાં શ્રાવક ભીમશી માણેક, જેઓએ કચ્છથી મુંબઈ આવી ગ્રંથ-પ્રકાશન આરંભ્યું હતું, તેમણે ઘણા જૈન ગ્રંથ પ્રગટ કર્યા છે તેમાં અનેક ગુજરાતી રાસાઓ પણ છે.[૧૭] અમદાવાદના શાહ સવાઈભાઈ રાયચંદે પણ લગભગ ૪૦ રાસા છાપ્યા છે.[૧૮] ભાવનગરની 'શ્રી જૈનધર્મપ્રસારક સભા' મુનિશ્રી વૃદ્ધિચંદ્રજીના ઉપદેશથી ૧૮૭૪માં સ્થપાઈ હતી તેણે અનેક જૈનગ્રંથો અને એનાં ભાષાંતર પ્રગટ કર્યાં, જેમાં આચાર્ય હેમચંદ્રકૃત 'ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્ર' અને 'પરિશિષ્ટ પર્વ' ધર્મપ્રેમી વાચકો તેમજ ઇતર અભ્યાસીઓને પણ વિવિધ રીતે ઉપયોગી છે. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ; મુંબઈ તરફથી પ્રગટ-અપ્રગટ પ્રાચીન જૈન સાહિત્યની સૂચિ 'જૈન ગ્રંથાવલિ'(૧૯૦૯) નામે છપાઈ છે તે હજી પણ સંશોધકોને કામની છે. શેઠ દેવચંદ લાલભાઈ જૈનપુસ્તકોદ્ધાર ફંડ તરફથી જૈન ગુજરાતી કાવ્યોની જીવણચંદ સાકરચંદ ઝવેરીએ સંપાદિત કરેલી ગ્રંથમાળા 'આનંદકાવ્યમહોદધિ'ના આઠ ભાગ રૂપે પ્રસિદ્ધ થઈ છે; એમાંના પહેલા બે ભાગ આપણા સમયગાળામાં છે. પહેલા ભાગ(૧૯૧૩)માં 'શાલિભદ્રરાસ' 'કુસુમ શ્રીરાસ' 'અશોકચંદ્ર સંગ્રહણી રાસ' અને 'પ્રેમલાલક્ષ્મી રાસ' છે. બીજા ભાગ (૧૯૧૪)માં જૈન પરંપરા અનુસાર રામાયણકથા વર્ણવતો કેશરાજ મુનિકૃત 'રામયશોરસાયન રાસ' છપાયો છે.

### પાદટીપ

૧. ગુજરાતી કોશરચના પ્રવૃત્તિનાં વૃત્તાન્ત અને સમાલોચના માટે જુઓ ભોગીલાલ સાંડેસરા, 'ગુજરાતી કોશ'-"સંસ્કૃતિ" જાન્યુ.-ફેબ્રુઆરી, ૧૯૬૨, પૃ. ૧૭ થી ૨૪; પૃ. ૫૧ થી ૫૬; ભો. જ. સાંડેસરા, 'ઇતિહાસ અને સાહિત્ય', પૃ. ૫૦-૭૯; કે. કા. શાસ્ત્રી, 'A Survey

of Published Uni-Lingual and Bi-Lingual Dictionaries Pertaining to Gujarati *Journal of the Oriental Institute Baroda*, Vol. XXVIII, No. 2, pp. 23, ff. ફરી મુદ્રિત થયો, 'સ્વાધ્યાય અને સંશોધન' શ્રી કે. કા. શાસ્ત્રી અમૃતમહોત્સવ ગ્રંથ, ૨ જો પૃ. ૩૭૨-૨૭.

૨. 'શબ્દચિન્તામણિ' આશરે ૭૦,૦૦૦ શબ્દોનો સંસ્કૃત-ગુજરાતી કોશ છે અને અંગ્રેજી નહીં જાણનાર ગુજરાતીઓની બેત્રણ પેઢીઓએ એનો પૂરો ઉપયોગ કરેલો હોઈ યોગ્ય સુધારણા સાથે એનું પુનર્મુદ્રણ આજે પણ આવકારપાત્ર છે.

૩. આ રીતે સોસાયટીના કોશના પછીના કેટલાક ભાગ ૧૯૧૨ થી ૧૯૨૩ સુધીમાં બહાર પડયા. પ્રમાણભૂત બૃહદ્ કોશ તૈયાર કરવાની સોસાયટીની યોજના પ્રસંગવશાત્ અધૂરી રહી, પણ એવો કોશ રચવામાં ઉપયોગી થાય એ દૃષ્ટિએ વ્યુત્પત્તિ અર્થ અને પ્રયોગોનાં ઉદાહરણ સાથે એક નમૂનારૂપે સોસાયટીના પ્રમુખ કેશવલાલ ધ્રુવે તૈયાર કરેલો 'પ વર્ણનો કોશ' એ સંસ્થા તરફથી ૧૯૪૪ માં પ્રગટ થયો છે એ આ પ્રવૃત્તિના સાતત્યની તપસીલમાં અહીં નોંધવું જોઈએ.

૪. રાજ્યવહીવટના ફારસી-અરબી શબ્દોના પર્યાયો આપતો 'રાજવ્યવહારકોશ' છત્રપતિ શિવાજીની આજ્ઞાથી સંસ્કૃત પદ્યમાં રચાયો હતો, (જુઓ ભોગીલાલ સાંડેસરા, 'રાજવ્યવહારકોશ : એક પરિચય', "બુદ્ધિપ્રકાશ", પુ. ૧૨૭, પૃ. ૧૧૯-૧૨૨. વડોદરામાં ૧૮૭૫ માં સયાજીરાવ ગાયકવાડના રાજ્યારોહણ પછી થોડાંક વર્ષમાં રાજભાષા ગુજરાતી થઈ. નિબંધ-નિયમોમાં જે શબ્દો વપરાયા અને વ્યવહારમાં પ્રયોજાયા એનું સંકલન "શ્રી સયાજીશાસન શબ્દ-કલ્પતરુ' એ વહીવટી કોશમાં થયું છે, એ કોશનું પ્રકાશન ૧૯૩૧ માં થયું, પણ એમાં જે ગુજરાતી શબ્દ સંગૃહીત થયા છે તેઓનાં પ્રયોગ અને પ્રસાર આપણા અભ્યાસપાત્ર સમયગાળામાં થયાં હતાં એની નોંધ લેવી જોઈએ. (આ સંબંધમાં જુઓ, ભોગીલાલ સાંડેસરા 'વહીવટી શબ્દ-કોશોની રચનાના કેટલાક પ્રશ્નો' 'રાજભાષા' ત્રૈમાસિક, અં. ૩, પૃ. ૧ થી ૧૩, પુ. ૧, પ્રસ્તુત કાલખંડ પછી પ્રગટ થયેલા કેતકરના મરાઠી જ્ઞાનકોશના ગુજરાતી રૂપાંતરના બે ભાગ પ્રગટ થયા બાદ એ કામ અટકયું હતું. પહેલો ભાગ ૧૯૨૯ માં પ્રસિદ્ધ થયો. હમણાં, કેટલાંક વર્ષ થયાં ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ગુજરાતી જ્ઞાનકોશ માટેનું કામ શરૂ થયું હતું.

૬. એ ગ્રંથ અંગ્રેજીમાં થોડાંક વર્ષ બાદ *Gazetteers of the Baroda State* નામથી પ્રકાશિત થયા છે.

૭. સને ૧૮૪૮ માં થયેલી એ સંસ્થાની સ્થાપનાથી ૧૯૩૩ સુધીના એના આધાર અને વિગતવાર વૃત્તાન્ત માટે જુઓ હીરાલાલ પારેખ, 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ', ભાગ ૧ થી ૩.

૮. જુઓ પ્રકરણ ૧૩ માં ઇતિહાસ વિશેનાં ૪ પુસ્તકોની નોંધ તથા એ પ્રકરણની પાદટીપ ૨૮. 'રાસમાળા' પછીનું ફાર્બસ સભાનું પ્રથમ પ્રકાશન 'બાદશાહ માર્કસ ઓરિલયસ ઍન્ટોનિનસના વિચારો' પણ એક અનૂદિત કૃતિ છે અને એ ઠેઠ ૧૯૨૨ માં પ્રગટ થઈ છે. ખાસ કરીને ઇતિહાસ અને ભાષાસાહિત્ય વિષયમાં ફાર્બસ સભાની સઘન પ્રકાશન પ્રવૃત્તિ ૧૯૩૦ પછી શરૂ થઈ એમ કહી શકાય.

૯. ૧૯૪૯ માં વડોદરા રાજ્યનું વિલીનીકરણ થતાં તથા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સ્થાપના થતાં એ સંગીતશાળાનું સંગીત-નૃત્ય-નાટ્ય મહાવિદ્યાલય તરીકે રૂપાંતર અને વિકાસ થયાં.

૧૦. મ. સ. યુનિવર્સિટીની ફેકલ્ટી ઑફ એન્જિનિયરિંગ ઍન્ડ ટેકનોલૉજી એ કલાભવનનો વિસ્તાર છે.

૧૧. આ બંને ગ્રંથમાળાનાં બધાં પુસ્તકો કે એમની પૂરી યાદી ક્યાંય ઉપલબ્ધ નથી એ ખેદની વાત છે.

૧૨. પ્રેમાનંદાદિનાં આખ્યાનો અને શામળ આદિની પદ્યવાર્તાઓ શિલાછાપમાં છપાયાં છે. પણ જૂના કવિઓની કૃતિઓ સંપાદિત કરી વ્યવસ્થિત રીતે છાપવાનો યશ સર્વપ્રથમ કવિ નર્મદાશંકરને ઘટે છે. દયારામ-કૃત 'કાવ્યસંગ્રહ'(૧૮૬૦) અને પ્રેમાનંદ-કૃત 'દશમ-સ્કન્ધ'(૧૮૭૨) આ રીતે એમણે સંપાદિત કર્યાં હતાં. એ પહેલાં મુંબઈ સરકારના આશ્રયે જૂના કવિઓની રચનામાંથી ફૂલગૂંથણી કરીને દલપતરામે 'કાવ્યદોહન' ભાગ ૧ (૧૮૬૧) અને ભાગ ૨(૧૮૬૫) તૈયાર કર્યા હતા અને તે લોકપ્રિય થયા હતા. મણિલાલ દ્વિવેદીનાં માસિકો 'સુદર્શન' અને 'પ્રિયંવદા'ના વ્યવસ્થાપક ચતુરભાઈ શંકરભાઈ પટેલે 'અપ્રસિદ્ધ ગુજરાતી કવિતા' નામે એક માસિક કાઢયું હતું અને તે બે-એક વર્ષ ચાલ્યું હતું.

૧૩. 'પ્રાચીન કાવ્યમાળા' બંધ થયા પછી એના મુખ્ય સંપાદક કાંટાવાળાએ બીજા હસ્ત-લિખિત જૂના ગુજરાતી ગ્રંથો પ્રગટ કરવા માટે ૧૮૯૪ માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને પત્ર લખ્યો હતો તથા સોસાયટીના મંત્રી લાલશંકર ઉમિયાશંકરે એનો ઉત્તર આપ્યો હતો, પણ સંજોગવશાત્ એ યોજના અમલમાં આવી શકી નહોતી. (આ પત્રવ્યવહાર તથા કાંટાવાળાએ આપેલી ગ્રંથોની યાદી માટે જુઓ હીરાલાલ પારેખ, ઉપર્યુક્ત, ભાગ-૨, પૃ. ૧૪૦-૪૪; વળી જુઓ 'બુદ્ધિપ્રકાશ લેખસંગ્રહ', ભાગ-૨, પૃ. ૪૨-૪૪.) આમ છતાં કાંટાવાળા અને નાથાશંકરે સંપાદિત કરેલું, ભાલણસુત ઉધ્ધ(?)વ-કૃત 'રામાયણ' સોસાયટીએ મહારાજા સયાજીરાવ ફંડમાંથી ૧૮૯૩ માં પ્રસિદ્ધ કર્યું છે. વળી વડોદરાથી પ્રાચીન કાવ્યમાળાનું પ્રકાશન શરૂ થયું તે અરસામાં મુંબઈના 'ગુજરાતી' પ્રેસે 'બૃહત્કાવ્યદોહન'ના દસ ગ્રંથોની યોજના કરી, જેમાંથી આઠ ગ્રંથ પ્રગટ થયા છે (પહેલો ગ્રંથ ૧૮૮૦, આઠમો ગ્રંથ ૧૯૧૩). નરસિંહ મહેતા-કૃત 'કાવ્યસંગ્રહ'(૧૯૧૩), જેમાં નરસિંહની ઘણી કૃતિઓનો સમાવેશ થાય છે, તે પ્રગટ કરવાનો યશ પણ 'ગુજરાતી પ્રેસ'ને ફાળે જાય છે. જૂના ગુજરાતી સાહિત્યનાં બે વિખ્યાત ઐતિહાસિક કાવ્યો પદ્મનાભ-કૃત 'કાન્હડદેપ્રબન્ધ' અને લાવણ્ય-સમય-કૃત 'વિમલપ્રબન્ધ'. 'કાન્હડદેપ્રબન્ધ'નું પુસ્તકરૂપે પ્રથમ વાર સંપાદન, વડોદરા રાજ્યના ઉત્તેજનથી ડાહ્યાભાઈ દેરાસરીએ કર્યું છે(૧૯૧૩) તથા 'વિમલપ્રબન્ધ'નું અર્વાચીન ગુજરાતી અનુવાદ સહ સંપાદન મણિલાલ બકોરભાઈ વ્યાસે કર્યું છે(૧૯૧૪). ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને જૂની હસ્તપ્રતોના સંગ્રહમાં પ્રથમથી રસ હતો, પણ

૧૯૦૨ માં કેશવલાલ ધ્રુવ સોસાયટીના પ્રમુખ થયા એ પછી જ આ ક્ષેત્રે ગણનાપાત્ર પ્રકાશન-કાર્ય એ સંસ્થાએ કર્યું છે.

૧૪. આ ગ્રંથમાળાનો પહેલો ગ્રંથ, રાજશેખર-કૃત 'કાવ્યમીમાંસા' ૧૯૧૬ માં પ્રગટ થયો હોઈ આપણા અભ્યાસની સમયમર્યાદા પછીનો છે. પણ ઐતિહાસિક સાતત્યની દૃષ્ટિએ એ નોંધવું ઉચિત થશે કે પછી કેટલેક વર્ષે સેન્ટ્રલ લાઇબ્રેરીના સંસ્કૃત વિભાગને ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ (પ્રાચ્ય વિદ્યામંદિર) નામે અલગ સંસ્થાનો દરજ્જો આપવામાં આવ્યો. રાજ્યના વિલીનીકરણ વખતે એ સંસ્થા વડોદરા યુનિવર્સિટી સાથે જોડાઈ; ઉપર્યુક્ત ગ્રંથમાળા આજ સુધી ચાલુ રહી છે, તથા એમાં આશરે ૧૭૦ ગ્રંથો (સંસ્કૃત પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી, ફારસી, અરબી તથા એનાં અંગ્રેજી ભાષાંતર અને પ્રાચ્ય વિદ્યાના કેટલાક સંદર્ભગ્રંથ) પ્રગટ થયા છે.

૧૫. આનંદશંકર ધ્રુવનાં બીજાં બે સુંદર પુસ્તક 'હિન્દુ ધર્મની બાળપોથી' (૧૯૧૮) અને 'હિન્દુ વેદધર્મ'(૧૯૧૯) આ જ ગ્રંથમાળામાં એ પછી ટૂંક સમયમાં છપાયાં છે.

૧૬. એટલું નોંધવું પ્રસ્તુત થશે કે એ બંને શ્રેણીઓ પ્રાચ્ય વિદ્યામંદિર દ્વારા આજ સુધી પ્રગટ થાય છે. વિલીનીકરણ સુધીનાં વડોદરા રાજ્યનાં પ્રકાશનોની વિગતો માટે જુઓ ભરતરામ મહેતા અને રમણિકરાય દેસાઈ, 'વડોદરા રાજ્યની સાહિત્યપ્રવૃત્તિઓ.'

૧૭. ડાહ્યાભાઈ દેરાસરી, 'સાઠીના સાહિત્યનું દિગ્દર્શન', પૃ. ૨૫૭–૫૯

૧૮. એજન, પૃ. ૨૬૪–૬૫.

## પ્રકરણ ૧૯

# પત્રકારત્વ

### ૧. વૃત્તપત્રો

ગુજરાતી પત્રકારત્વનો પ્રારંભ મુંબઈમાં થયો અને એનો વિકાસ એ જ મહાનગરમાં થયો. શરૂનાં ગુજરાતી વૃત્તપત્રોનો ઘણો મોટો ભાગ મુંબઈમાંથી પ્રગટ થયેલો. મુંબઈમાં ગુજરાતીઓની સારી સંખ્યા. પારસી સમાજનો ઘણો મોટો ભાગ મુંબઈમાં વસે. પારસીઓએ આ ક્ષેત્રમાં મહત્ત્વનું પ્રારંભિક કાર્ય કર્યું. એમ કરતાં ત્યારના સંજોગોમાં એમણે સામાજિક અને ધાર્મિક ચર્ચાને મહત્ત્વ આપ્યું. ત્યારે સમાચાર મેળવવાનાં આજના જેવાં સાધન નહોતાં. તેમ સમાચાર જાણવાની આજ જેવી તાલાવેલી પણ નહોતી, એટલે પત્રોની કતારોનો ઘણો મોટો ભાગ સામાજિક અને ધાર્મિક ચર્ચાથી ભરાતો. એમાં 'રાસ્ત ગોફ્તાર' જેવા ગણતરીના અપવાદ બાદ કરતાં, જે સમાજમાં પત્રનો ફેલાવો હોય, જે ન્યાત–જાતનો પત્રનો પ્રવર્તક હોય, તે જ સમાજને લગતી ચર્ચા એમાં આવતી.

ગુજરાતનાં જ ગુજરાતી પત્ર લક્ષમાં લેવાનાં હોય તો એમાં મુંબઈમાં નીકળેલાં વર્તમાનપત્રોનો વિચાર કરવાનો ન થાય, પણ આવા વિચારની ગેરહાજરીમાં ગુજરાતી પત્રકારત્વ વિશે સાચો ખ્યાલ ન બાંધી શકાય. એ હકીકતના સંદર્ભમાં ગુજરાત બહાર અને એમાંય મુંબઈમાં પ્રગટ થયેલાં, ખાસ કરીને પ્રારંભનાં, ગુજરાતી પત્રો વિશે ઊડતો ઉલ્લેખ કરવો આવશ્યક બને છે.

સુરતમાં જન્મેલા, પણ મુંબઈમાં નાની વયથી ઠરીઠામ થયેલા ફર્દુનજી મર્ઝબાને સન ૧૮૧૨ માં સૌ પ્રથમ ગુજરાતી ભાષાનું છાપખાનું શરૂ કર્યું. એમાંથી ઈ.સ. ૧૮૧૪ માં સં. ૧૮૭૧ નું પ્રથમ ગુજરાતી પંચાંગ પ્રગટ કર્યું. એ પછી થોડાં પુસ્તક છાપી બહાર પાડયાં અને ૧૮૨૨ ની ૧ લી જુલાઈએ એમાંથી ગુજરાતી ભાષાનું સૌથી પહેલું વર્તમાનપત્ર 'શ્રી મુમબઈના સમાચાર' શરૂ કર્યું. એ વર્તમાનપત્ર (આજનું 'મુંબઈ સમાચાર') આજેય દૈનિક અને સાપ્તાહિક સ્વરૂપે નીકળે છે. ગુજરાતી વૃત્તપત્રોની વિકાસગાથામાં આ પત્રને અતિ અગત્યનું સ્થાન છે. એ ઘણી સમૃદ્ધ દશાને પામ્યું છે. ગુજરાતી વર્તમાનપત્રો વાંચતા મુંબઈના ગુજરાતીઓના વિશાળ વર્ગનું અને ગુજરાતી વેપારી વર્ગનું એ વાજિંત્ર છે. મુંબઈ બહાર પણ એનો સારો ફેલાવો તેમ વગવસીલો છે.

લગભગ દોઢ સદીને આરે આવીને ઊભેલું બીજું ગુજરાતી વર્તમાનપત્ર તે મુંબઈથી તા. ૧૨ મી માર્ચ, ૧૯૩૨ ને દિને શરૂ થયેલું 'શ્રી મુમબઈના જામે જમશેદ' ઘણાં વર્ષોથી 'જામે જમશેદ'ના નામે દૈનિક અને સાપ્તાહિક સ્વરૂપે પ્રગટ થતું. આ વૃત્તપત્ર મુખ્યત્વે પારસીઓમાં વંચાતું પત્ર છે. જુનવાણી કે સ્થિતિરક્ષક વિચારસરણી ધરાવનાર પારસીઓમાં એનો સારો વગવસીલો છે અને એ વર્ગનું આ પત્ર પ્રચારવાહન છે.

સન ૧૮૫૦ માં મુંબઈમાં પાંચ ગુજરાતી વૃત્તપત્ર નીકળતાં તે સઘળાં જ પારસી-માલિકીનાં હતાં. મોટે ભાગે એ સઘળાં જ જૂના વિચારનાં પ્રચારક હતાં, સુધારાના વિચારોનો પ્રસાર એમાં થઈ શકતો નહિ. જેઓ મોટે ભાગે પારસીઓ હતા તેવા સુધારકોને આ સ્થિતિ અકળાવતી. એમાં મુખ્ય હતા દાદાભાઈ નવરોજી. એમની સમજાવટથી ખરશેદજી નસરવાનજી કામાએ આર્થિક સહાય આપવા સ્વીકાર્યું. યોજના એવી હતી કે દાદાભાઈએ સેવાભાવે પત્ર ચલાવવું અને પ્રજાને મફત વહેંચવું. પરિણામે તા. ૧૫ મી નવેમ્બર, ૧૮૫૧ ને દિને 'રાસ્ત ગોફતાર'(સત્ય વક્તા)નો પહેલો અંક બહાર પડ્યો. ૧૮૫૫ માં દાદાભાઈ વિલાયત વસવા જતાં એનું સંચાલન, વખતના વહેવા સાથે, કેખુશરૂ નવરોજી જેવા સંસારસુધારકના હાથમાં આવ્યું. એમની દોરવણી હેઠળ એણે આગેવાન સુધારક પત્ર તરીકે અગત્યનું સ્થાન ઝડપ્યું. કેવળ પારસી જ નહિ, પણ જુદા જુદા સમાજના, સવિશેષ હિંદુ સમાજના, પ્રશ્ન એમાં ઠીક વિગતે ચર્ચાતા.

પત્રે સાતમા વર્ષમાં પ્રવેશ કર્યો ત્યારે 'તમામ દેશી લોકોના લાભને માટે પત્ર પ્રવર્તાવવામાં આવશે' એવી મહત્ત્વની જાહેરાત કરતાં તંત્રીએ લખેલા શબ્દ નોંધવા જેવા છે:

'દેશી વરતમાન પતર'માં નામ રાખીને આએ પતરને ફક્ત પારશીઓનાં જ ફાએદાને શારૂ કામે લગાડવું તેમાં હમો ચુક સમજીએચ. હીનદુશથાનના દેશીઓમાં જુદી જુદી કોમ હોવાથી તેઓમાં એકબીજા વચે જે મમતા ઓછી ચાલે છે તે હાલત ખરેખર દલગીરી ભરેલી છે. પણ જુદી જુદી કોમના લોકોને સારુ જુદાં જુદાં પતરો પરવરતાવીને તે ફરક વધારવો અને આપણે એક દેશનાં લોકો જેઓએ હમેશાં એકબીજાનાં સુખદુઃખમાં સામેલ થવું જોઈએ તથા બંને તાંહાં સુધી એકબીજામાં ઘણું વીતરાવવું જોઈએ તેને ઠેકાણે પોતાનો લાભ એકબીજાથી હલાએદો સમજવો અને તે વેગલાઈ કાંઈબ પરકારે જીઆદા કરતાં જાવું તે વાત ડહાપણની નથી અને તેટલા માટે રાસ્ત ગોફતારના લખનારાઓ પોતાનાં પતરની કટાર સઘલી કીશમના દેશીઓના લાભને સારું ખોલ્લી મુકવાની અગત વિચારે છે.'[૧]

લગભગ સવા સદી પૂર્વે લખાયેલા આ શબ્દ પત્રના સંચાલકોની દષ્ટિ અને દેશપ્રેમ તથા દેશાભિમાનનો સ્પષ્ટ ખ્યાલ આપે છે. ૧૮૫૨ માં કરસનદાસ મૂળજીએ શરૂ કરેલું 'સત્ય પ્રકાશ' ૧૮૬૧ માં 'રાસ્ત ગોફ્તાર'માં ભળી જતાં તો આ પત્ર શિક્ષિત અને સુધારક ગુજરાતી સમાજનું પણ આગેવાન અખબાર બન્યું. આશ્ચર્યજનક લાગે તેવી વાત એ છે કે સામાજિક અને ધાર્મિક દિશામાં ઘણા આગળ વધેલા વિચાર દર્શાવનારું આ પત્ર, ખાસ કરી એના તંત્રી કેખુશરુ કાબ્રાજીની વિચારસરણીને કારણે, રાજકારણની દિશામાં અંગ્રેજી રાજ્યનું મોટું હિમાયતી હતું. પ્રજાની રાજકીય આકાંક્ષાનો પડઘો એમાં સહેજે ન પડ્યો જે એના સ્થાપક દાદાભાઈની રાજકીય નીતિ કરતાં જુદી જ વાત હતી. આ દિશામાં દાદાભાઈ અને કેખુશરુના વિચારોમાં મોટું અંતર હતું; જુલાઈ, ૧૯૧૮ માં આ પત્ર 'પ્રજામિત્ર અને પારસી' સાથે જોડાઈ જઈ, ખરી રીતે, અદૃશ્ય થયું.[૨]

મુંબઈમાંથી પ્રગટ થયેલું એક બીજું ગુજરાતી વૃત્તપત્ર ઉલ્લેખનીય છે તે સાપ્તાહિક 'ગુજરાતી'. ૧૮૮૦ ના અરસામાં પ્રગટ થતાં વૃત્તપત્ર લગભગ બધાં જ પારસી માલિકોનાં હતાં. એમાં 'રાસ્ત ગોફ્તાર' સિવાય બીજાં કોઈ પત્રોમાં રાજકીય વિષયોની વિશદ ચર્ચા ભાગ્યેજ થતી. રાજકારણ ઉપરાંત હિંદુ સમાજને સ્પર્શતા વિષયોની ચર્ચા વિગતે કરે એવા એક પત્રની આવશ્યકતા સર મંગળદાસ નથ્થુભાઈને સમજાઈ. એ જ સમયે 'સુરત રાયટ કેસ'થી ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ લોક-પ્રસિદ્ધિમાં આવ્યા હતા. ઇચ્છારામને સુરતથી બોલાવાયા. કવિ નર્મદે પત્રનું નામ 'ગુજરાતી' સૂચવ્યું. ત્યારના ગુજરાતી સજ્જનોના માર્ગદર્શન અને સર મંગળ-દાસની આર્થિક સહાય વડે, ઇચ્છારામ દેસાઈના તંત્રીપદે, ૧૮૮૦ ના જૂનની ૬ ઠ્ઠી તારીખે સાપ્તાહિક 'ગુજરાતી'નો પ્રથમ અંક પ્રગટ થયો. ૧૮૮૦–૮૧ ના અરસામાં ધાર્મિક ક્ષેત્રે ચર્ચા જગાડનારો એક બનાવ બન્યો. જામનગરવાળા મહારાજ વ્રજકેશજીના બેગી કેસે લોકમાં ખળભળાટ મચાવ્યો. એ વિશે 'ગુજરાતી'માં પ્રસિદ્ધ થયેલાં લખાણ વાંચવાને સમાજ ઉત્સુક રહેતો. દેશી રાજ્યોની અંધાધૂંધી અને આપખુદી વિશે પણ એમાં નીડરતાથી ચર્ચા કરવામાં આવી. એને લઈ કાઠિયાવાડમાં 'ગુજરાતી'નો સારો પગપેસારો થયો; સમય સંજોગ અને પ્રજામાનસ પારખીને એના કુશળ તંત્રીએ પત્રનું સંચાલન કર્યું અને એને જનપ્રિય બનાવ્યું.

ઇચ્છારામ સુરતના 'સ્વતંત્રતા' સામયિકમાં પ્રગટ થયેલા લેખોને લઈ 'સુરત રાયટ કેસ'માં સંડોવાયા ત્યારે એમનો બચાવ કરવાને મુંબઈથી અંગ્રેજ બૅરિસ્ટર ભેગા ફીરોજશાહ મહેતા સુરત ગયેલા અને સ્મરણીય મુકદ્દમો લડી ઇચ્છારામને નિર્દોષ ઠરાવેલા. આ પ્રસંગથી ઇચ્છારામે ફીરોજશાહને પોતાના રાજકીય ગુરુ

માન્યા. ફીરોજશાહ હિંદી રાષ્ટ્રિય મહાસભા યાને કોંગ્રેસના આત્મા બન્યા ત્યારે મુંબઈમાં વસતા થયેલા ઇચ્છારામે પોતાની કલમ તેમ વૃત્તપત્ર દ્વારા એમને સબળ સાથ આપ્યો. કોંગ્રેસની પ્રવૃત્તિનાં પ્રારંભનાં વર્ષોમાં એની પડખે ઊભું રહેનારું ગુજરાતી ભાષાનું એકમાત્ર આગેવાન અખબાર 'ગુજરાતી' હતું. એનો ટેકો આ રાષ્ટ્રિય સંસ્થાને ઘણો ઉપયોગી બન્યો.

રાજકારણને ક્ષેત્રે 'ગુજરાતી'નું અર્પણ મૂલ્યવાન છે, પણ સામાજિક સુધારાને ક્ષેત્રે એની કામગીરી માયકાંગલી છે. આ દિશામાંની એની નીતિ સ્થિતિરક્ષક હતી. મુનશીજીના શબ્દોમાં ઇચ્છારામ સૂર્યરામના 'ગુજરાતી' પત્રે રાજકારણમાં પ્રગતિ અને સામાજિક બાબતોમાં રૂઢિને બરદાસ્ત કરી.'[3] 'રાસ્ત ગોફ્તારે' સામાજિક સુધારાને ક્ષેત્રે પ્રગતિશાળી વિચારોનો પ્રસાર જોરશોરથી કરી રાજકારણને ક્ષેત્રે સંકુચિત વિચાર દર્શાવ્યા, તો 'ગુજરાતી'એ એનાથી ઊલટી જ રીતે રાજકારણને ક્ષેત્રે પ્રગતિવંત અને સંસારસુધારાને ક્ષેત્રે સંકુચિત વિચારસરણી દર્શાવી.

રાજકીય પ્રચારકાર્યની જેમ ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી ભાષાની 'ગુજરાતી'એ બજાવેલી સેવા આપણા વૃત્ત–વિવેચનની વિકાસગાથામાં સ્મરણીય રહેશે. 'ગુજરાતી'ની સ્થાપના અને એ પછીનાં કેટલાંક વર્ષો દરમ્યાન ઘણાંખરાં ગુજરાતી પત્રોના પ્રવર્તકો અને છાપખાનાંઓના માલિક પારસીઓ હોઈ, કાબ્રાજીના 'રાસ્ત ગોફ્તાર'ને બાદ કરતાં એમાંના કોઈ પત્રમાં ભાષાની શુદ્ધિ પરત્વે લક્ષ્ય નહોતું અપાતું. 'ગુજરાતી'ના શરૂના અંકોમાં પણ ભાષા અશુદ્ધ હતી એનું કારણ પણ એ જ. એ પત્ર ત્યારે પારસી માલિકીના છાપખાનામાં છપાતું. પત્રનું પોતાનું છાપખાનું થતાં આ સ્થિતિમાં સુધારો થયો. સૌ સહેલાઈથી સમજી શકે તેવું તળપદું સાદું અને સરળ લખવાની ઇચ્છારામમાં ચીવટ હતી. પાછળથી આ દિશામાં ગાંધીજીએ જે અર્પણ કર્યું તેની હિમાયત ઇચ્છારામે ૧૮૮૦ માં કરી હતી.

"દરેક ભાષાની ખૂબી તેની સાદાઈમાં છે, જ્યારે શબ્દો નાના નાના સાદા અને સાધારણ લોકો સમજી શકે એવા હોય ત્યારે જ ખરેખરી ખૂબી માલૂમ પડે છે. અને બોલનાર અથવા લખનારના વિચારોની અસર સાંભળનાર તથા વાંચનાર ઉપર બરાબર રીતે થઈ શકે છે. સંસ્કૃત ભાષાના માહિતગારો મોટા ગજગજના અને અજાણ્યા શબ્દો વાપરી એમ ધારતા હોય કે આમ વાપરવાથી તે ગુજરાતી ભાષામાં દાખલ થઈ ગયા, તો તેમાં તેમની ભૂલ છે."[4]

ઇચ્છારામે સાપ્તાહિક પત્રને વિશિષ્ટ ઘાટ આપ્યો. એ ઘાટનું બીજાં

પત્રોએ અનુસરણ કર્યું. પ્રાસંગિક અને હળવા વિનોદનું અંગ પણ એમણે વિકસાવ્યું.[5] એક આખી પચીસી દરમ્યાન 'ગુજરાતી' સાપ્તાહિક દ્વારા ઇચ્છારામે રાજદ્વારી સામાજિક અને સાહિત્યનાં ક્ષેત્રોમાં દેશની અને પ્રજાની અસાધારણ સેવા કરી, એમનું વૃત્ત-વિવેચન અવનવું, કુદરતી શક્તિના પરિપાકરૂપ, દીર્ઘ-દૃષ્ટિવાળું અને સર્વગ્રાહી હતું.

ઇચ્છારામ તા. ૫-૧૨-૧૯૧૨ને દિને ૫૮ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા. એમના પછી એમના મોટા પુત્ર મણિલાલ અને એમના પછી બીજા પુત્ર નટવરલાલ એના તંત્રી થયા. પત્રનું મહત્ત્વનું સ્થાન વખતના વહેવા સાથે નષ્ટ થયું. 'ગુજરાતી' જુનવાણી દૃષ્ટિવાળાનું વકીલ બનીને રહ્યું. સનાતની હિંદુઓમાં એનું આકર્ષણ રહ્યું, પણ પ્રગતિવાદી જુવાન વર્ગમાં એની કશી અસર ન રહી. નવા જમાનાનો નવો પ્રવાહ એના લેખોમાં કે એના ઉઠાવમાં ક્યાંયે નજરે ન આવ્યો. એક વેળા રાજકારણને ક્ષેત્રે ગર્જના કરનાર અને પ્રજાને પાનો ચડાવનાર આ પત્ર વહેલું આથમી ગયું, પણ એટલું અવશ્ય નોંધીએ કે એક કાલે ગુજરાતી વાચકોમાં એણે મરાઠી 'કેસરી' જેવું ઉચ્ચ પદ ભોગવેલું અને ગુજરાતી વૃત્ત-વિવેચનમાં બીજા યુગનો આરંભ એનાથી થયેલો.

તળ ગુજરાતના ગુજરાતી વૃત્તવિવેચન વિશે વિચારતાં સ્થાપનાની દૃષ્ટિએ પ્રથમ ક્રમે આવે છે 'વરતમાન'. એણે ગુજરાતમાં વૃત્ત-વિવેચનનું બીજ ૧૮૪૯ માં વાવ્યું. એનો પ્રથમ અંક પ્રાપ્ત ન હોઈ એને લગતી વિસ્તૃત વિગતો જાણવી શક્ય નથી, પરંતુ મગનલાલ વખતચંદે ૧૮૫૧ માં પ્રગટ કરેલ 'અમદાવાદનો ઇતિહાસ,' નાનાલાલ દલપતરામ-રચિત 'કવીશ્વર દલપતરામ,' 'બુદ્ધિપ્રકાશ' અને 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ'માંથી ગુજરાતના એ સૌ પ્રથમ ગુજરાતી વર્તમાનપત્ર વિશે ઠીક માહિતી મળે છે.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ આ પત્ર પ્રગટ કરવાનું માથે લીધું ત્યારે પરિસ્થિતિ આજ કરતાં ઘણી જુદી હતી. એક બાજુ પ્રજાને સમાચાર વાંચવાનો મહાવરો નહિ જેવો અને બીજી બાજુ સમાચાર મેળવવાનાં સત્તાવાર સાધન પણ નહિ. આમ આ પ્રગટાવવું એ ત્યારે સાહસ હતું અને એ સંસ્થાના સ્થાપક એલેક્ઝાન્ડર કિન્લૉક ફૉર્બ્સને આભારી હતું. એનો પ્રથમ અંક તા. ૨-૫-૧૮૪૯ને દિને બહાર પડ્યો હતો.[6] નાનાલાલ દલપતરામના જણાવ્યા મુજબ એ તા. ૪-૪-૧૮૪૯ ને દિને પ્રગટ થયો હતો.[7] આ તારીખો વચ્ચે માંડ એક માસનો ફેર છે. બુધવારે એ પ્રગટ થતું એટલે લોકો એને "બુધવારિયું" કહેતા. એ પછીથી શરૂ થયેલાં બીજાં છાપાંઓને પણ લોકો કેટલોક સમય

'બુધવારિયું' જ કહેતા. "બુદ્ધિપ્રકાશ"ના મતે[૮] 'લોકો(એ) બુધવારીઉં એટલે ઘણું હલકું નામ પાડું છે.' પત્રના સંચાલન માટે પ્રારંભમાં થયેલી ગોઠવણ આજે વિચિત્ર લાગે. પત્રનો પગારદાર તંત્રી ખરો, પરંતુ પત્રનો વહીવટ, એની નીતિરીતિ વગેરેને લગતી સઘળી જવાબદારી સોસાયટીના મંત્રીને સોંપાયેલી. ત્યારના સંજોગોમાં એમ કરવું સોસાયટીને જરૂરી લાગ્યું હશે.

કવિશ્રી નાનાલાલ ગુજરાતના આ પ્રથમ ગુજરાતી વર્તમાનપત્ર વિશે કેટલીક અગત્યની માહિતી આપે છે. સં. ૧૯૦૨-૦૩(ઈ.સ. ૧૮૪૬-૪૭)ના અરસામાં બાજીભાઈ અમીચંદ અમદાવાદમાં સૌથી પહેલું શિલા છાપખાનું લઈ આવ્યા. 'વરતમાન' એમાં છપાવું શરૂ થયેલું. સોસાયટીના એક કારકુન અમરેશ્વર કુબેરદાસ એના પ્રથમ તંત્રી નિમાયેલા. ભોગીલાલ ભોળાનાથ અને ફૉર્બ્સના શિરસ્તેદાર છોટમલાલ એમાં મુખ્યત્વે લખતા. દલપતરામ ડાહ્યાભાઈ વિદ્યા-વિસ્તરણ અને પ્રજાકેળવણી વિશે જે વિચારતા તે એમાં આપતા. બજાર-ભાવ અને શહેર-સમાચારને એમાં સ્થાન મળતું. એનું વાર્ષિક લવાજમ રૂપિયા ૭ હતું અને ગ્રાહક-સંખ્યા સવાસો જેટલી હતી. પત્રના આરંભકાલે ચાલતા હીરાલાલ ફોજદારના મુકદ્દમા વિશે એમાં લખાણ આવતાં, સરકારી ફરમાન નીકળ્યું કે કોઈ પણ સરકારી અમલદારે જાહેરછાપામાં લખાણ કરવાં નહિ. પરિણામે ફૉર્બ્સની કલમ અને બુદ્ધિનો લાભ પત્રને અને એ દ્વારા પ્રજાને મળતો બંધ થઈ ગયો.[૯]

'વરતમાન'ના મુખપૃષ્ઠનો નમૂનો 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઇતિહાસ'ના ત્રીજા ભાગના ૧૦૨મે પાને પ્રસિદ્ધ થયેલો છે. એક સદી અને ત્રણ દસકા પૂર્વે શરૂ થયેલા આ પત્રે પ્રજા પર કેવી છાપ પાડેલી અને પ્રજામાનસ ઘડવામાં એણે કેવો ફાળો આપેલો એ વગેરે જાણવાને કોઈ આધારપાત્ર સાધન નથી, પરંતુ 'અમદાવાદનો ઇતિહાસ'ના લેખકના જણાવ્યા પ્રમાણે પ્રજાનો વાંચવાનો શોખ વધ્યો એ માટેનો જશ આ પત્રને ફાળે જાય છે.[૧૦] આ પત્રને લગતો એક કિસ્સો અવશ્ય નોંધવા જેવો છે, કારણ કે એમાં અપક્ષપાતી અંગ્રેજ અફસરોએ પ્રજાલાભાર્થે અને છાપાંના સ્વાતંત્ર્ય અંગે ભજવેલ ભાગ એમને ગૌરવ આપનારો છે. પત્રના તા. ૨-૭-૧૮૫૯ના અંકમાં અમદાવાદની ત્યારની તુરંગના વહીવટ વિશે એવી ટીકા થઈ કે 'કેદખાનાનો મુખ્ય કારભારી કેવી રીતે ચોકશી રાખે છે. કેદમાં પડેલા માણસોને જાળીએ સ્હોને એનાં સગાં-સાંગવાં અને પિછાનવાળા લોકો સાથે વગર હુકમે વાતો કરવાની રજા મળે છે.'

અમદાવાદના ગુજરાતી વર્તમાનપત્રમાં પ્રગટ થયેલ આ ટીકા વિશે મુંબઈના અંગ્રેજી પત્ર 'ટેલિગ્રાફ ઍન્ડ કુરિયરે' તા. ૧૧-૭-૧૮૫૧ના અંકમાં એવી ચર્ચા

કરી કે જેલનો નાજર એની ફરજમાં ચૂક કરે છે. એ માટે એ શિક્ષાને પાત્ર ઠરે. આ નાજરનો ઉપરી હેરિસન નામનો અંગ્રેજ હતો. એ સોસાયટીની કાર્યવાહક સમિતિનો સભ્ય પણ હતો. એણે 'વરતમાન'માં અપાયેલી માહિતી ખોટી છે એવી વિગત પત્રના બીજા અંકમાં પ્રગટ થાય એ માટે સીધી કે આડકતરી રીતે ખટપટ શરૂ કરી. સોસાયટીના અંગ્રેજ સભ્યોનો મત હતો કે પત્રમાં છપાયેલી વિગત અસત્ય છે એમ સ્પષ્ટ ન થાય ત્યાંસુધી આવી મતલબનું લખાણ આપવું અયોગ્ય ગણાય. આમ દબાણને વશ થઈ ખુલાસા છપાય તો પત્ર સ્વતંત્રપણે કામ ન કરી શકે અને એની સ્થાપનાનો ઉદ્દેશ જ માર્યો જાય.

પોતાના સૂચનનો અસ્વીકાર થતાં ગુસ્સે થયેલા હેરિસને સમિતિને પત્ર લખી જણાવ્યું કે આવી બાબત પત્રમાં પ્રસિદ્ધ કરવાનું પગલું અયોગ્ય હતું. સમિતિએ હેરિસનને એનો આ આક્ષેપ ખેંચી લેવા જણાવ્યું, એણે એમ ન કરતાં સમિતિએ આ બાબતને લગતાં પત્ર વગેરે પ્રસિદ્ધ કર્યાં. એની પ્રસ્તાવનાને અંતે તેણે જણાવ્યું : '.........એ બાબતના સઘળા કાગળપત્રો છપાયા છે અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની કમિટીએ મી. હારીસનના કહીઆ મુજબ કહી એ નાંખા વિશેની દાદ સંભળાવવાની ના પાડી છે કે મી. હારીસને જે લોકો ઉપર કશી રીતે ન ફાવતાં હલ્લો કર્યો હતો તે લોકોની નીંધા કરી ખશી ગયો. એહવી જે ચાલ ચાલ્યો તેમાં પોતાની અક્કલ તથા વીચાર કાંઈજ નહીં ચલાવી. એહનો વીચાર કરવાની બાબતોએ સોસાયટીના મેમબરો તથા દુનીઆના લોકો આગળ મેલી છે.'

આ ઉપર સહી કરનારા સમિતિના સઘળા પાંચ સભ્ય અંગ્રેજ હતા. (એમાં ફોર્બ્સનો સમાવેશ થાય છે.) એમણે પોતાના ભાઈબંધ અને જાતભાઈની સહેજે તરફદારી ન કરી. ચર્ચાસ્પદ લખાણ 'વરતમાન'ની સ્વીકારાયેલ નીતિ અનુસાર હોવાનું જણાવ્યું અને સમગ્ર ચર્ચાની વિગતો પ્રજાની માહિતી માટે પ્રસિદ્ધ કરી. પત્રકારત્વના સ્વાતંત્ર્ય અને પ્રજાલાભના વિષય જાહેરમાં છણવાના અધિકાર માટે આ અંગ્રેજ સજ્જનોએ દાખવેલ હિંમત મક્કમતા અને અપક્ષપાતી વલણે આપણા વૃત્તવિવેચનને યોગ્ય દિશામાં આગળ વધવા સરળતા કરી આપી.

સમિતિએ અખત્યાર કરેલ વલણ મુંબઈ સરકારને ન ગમ્યું. ફોર્બ્સની બદલી અમદાવાદથી સુરત થઈ અને 'વરતમાન' પણ સોસાયટીના હાથમાંથી સરકી ગયું. 'બુદ્ધિપ્રકાશ'ના એપ્રિલ, ૧૮૭૮ના અંકમાં કવિ દલપતરામનો અમદાવાદના ત્યારના નગરશેઠ હિમાભાઈ વખતચંદ સાથેનો સંવાદ પ્રગટ થયો છે

તે પરથી જણાય છે કે ૧૮૭૮ માં એ પત્ર બાજીભાઈ અમીચંદ તરફથી પ્રગટ થતું હતું.

ત્યારે 'ખબરદાર દર્પણ' અને 'શમશેર બહાદુર' (સ્થાપના જુલાઈ, ૧૮૫૪) નામનાં પત્ર પ્રગટ થતાં હતાં, જેની સાથે 'વરતમાન'ને અવારનવાર તકરારમાં ઊતરવું પડતું. 'ખબરદાર દર્પણ' તો શાંત થઈ ગયું, પણ 'શમશેર બહાદુર' એના નામ પ્રમાણે શમશેર વીંઝતું જ રહ્યું. એનો મુદ્રાલેખ પણ એવો જ હતો :

"નિત કલમ હમારી, ચાલશે એકધારી,
વગર તરફદારી, લોકને લાભકારી,
પણ રસમ નઠારી, દેખશે જો તમારી,
ચટ કલમ ચિતારી, દેઈ દેશ ઉતારી."

મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ એમના માસિક 'સુદર્શન'ના માર્ચ, ૧૮૯૬ ના અંકમાં શમશેર વીંઝવામાં રચ્યાપચ્યા રહેતા આ પત્રનું મૂલ્યાંકન કરતાં લખ્યું હતું : 'એકતાલીશ વર્ષનું થયા છતાં વધતી જતી વયથી તેણે કાંઈ ડહાપણ પ્રાપ્ત કર્યું જણાતું નથી. જ્યારે પ્રસિદ્ધ થયું હશે ત્યારે એક નવાઈ તરીકે સારું લાગ્યું હશે, પણ ચાલુ સમયમાં એ પત્રની કશી વિશિષ્ટતા જણાતી નથી.[૧૧]

'શમશેર બહાદુર'ને એની શમશેર મ્યાન કરવાનો સમય પણ આવ્યો. રા.બ. મગનભાઈ કરમચંદના ગુમાસ્તાઓ ધરમચંદ ફૂલચંદ અને ભાઉ વિશ્વનાથ વિશે એમાં વિરુદ્ધ લખાણ છપાતાં, બંનેએ પોતાની બદનક્ષી થયેલી હોવાનું જણાવી બદલો મેળવવા અદાલતમાં દાદ માંગી. આ મુકદ્દમાએ 'શમશેર બહાદુર'નું પાણી ઉતારી નાખ્યું અને એ ૧૮૫૫ માં બંધ પડયું, પણ એ પછી એ ફરી વહેલું સજીવન થયેલું અને લાંબી મુદત ચાલેલું એમ 'સુદર્શન'માંના ઉપરના અવતરણ પરથી સમજાય છે.

'વરતમાન' તળ-ગુજરાતનું પહેલું ગુજરાતી વૃત્તપત્ર હોઈ એને લગતી માહિતી થોડી વિગતે આપી છે. એનું આયુષ પ્રમાણમાં અલ્પ હતું. એના પછી ગુજરાતમાં બીજાં વર્તમાનપત્ર, ખાસ કરી સાપ્તાહિક, નીકળ્યાં, જેમાં એક નોંધપાત્ર અને લાંબો સમય ટકી રહેલ પત્ર તે 'ખેડા વર્તમાન'. એની સ્થાપના સન ૧૮૬૧ માં શેઠ પાનાચંદ અને કહાનદાસે એ સમયમાં શકય એવું શિલાપ્રેસ સંપાદન કરી કરેલી. 'ખેડા વર્તમાન' ના ઉદ્ભવ સમયે ત્રણેક મોટાં શહેર બાદ કરતાં બીજે છાપાવાચન જેવું કશું નહોતું. પ્રજા છાપાવાચનથી ટેવાયેલી કે રંગાયેલી નહોતી એવે સમયે પાનાચંદ શેઠે ખેડા જેવા પ્રમાણમાં નાના સ્થળેથી સાપ્તાહિક

પ્રગટાવવાનું સાહસ કર્યું. ખેડાની જનતામાં વાચનનો અને નવું નવું જાણવા શીખવાનો શોખ એણે પ્રગટાવ્યો, પણ પ્રજામાં ચેતનનો સંચાર એ ખાસ ન કરી શક્યું. એ લાંબું જીવ્યું અને એણે સાધારણ પ્રગતિ કરી. પાનાચંદ અને કહાનદાસ પછી એમના વારસ સોમચંદ અને મણિલાલે આ અખબાર પાછળ જહેમત ઉઠાવી. વાર્ષિક લવાજમ જેટલી કિંમતનું ભેટ–પુસ્તક દર સાલ ગ્રાહકોને આપવાની પ્રથા એમણે શરૂ કરી. દેશના અને સમાજના પ્રશ્નો પરત્વે, સાધન–સંજોગ-સમયના પ્રમાણમાં, પત્રે ઠીક ઠીક સેવા કરી. એ વિશે એના તંત્રી સોમચંદ પાનાચંદે લખ્યું છે: 'સમાજ–કલ્યાણ અને સમાજ–રક્ષાના આદર્શો અમે અખંડિત અમારા સમક્ષ રાખ્યા છે. દેશહિતની રાષ્ટ્રિય પ્રવૃત્તિઓને અમારો હંમેશાં ટેકો છે. સ્થાપિત સરકાર વિરુદ્ધ વાહિયાત ક્રાંતિકારી કહેવાતા વિચારો અમે ધરાવતા નથી. રશિયા જેવી સ્થિતિ અહીં ખેડૂત પ્રજામાં અને કામદાર વર્ગમાં લાવવી એ વિચાર કે આદર્શ સાથે કદી સહમત થઈ શકતા નથી. ધર્મના વિષયમાં આ દેશને પશ્ચિમ પાસેથી શીખવાનું કે અનુકરણ કરવા જેવું છે એમ કદી અમે માની શકતા નથી'.[૧૨] આ પત્રની આર્થિક રાજકીય અને સામાજિક કે ધાર્મિક ક્ષેત્રે કેવી નીતિ હતી એ આ અવતરણ સ્પષ્ટ કરે છે.

ખેડાની બાજુમાં આવેલ, જે એક વેળા સમગ્ર ભારતનું આગેવાન દેશી રાજ્ય હતું તે, વડોદરાનાં વૃત્તપત્રોનો ઉલ્લેખ સાથોસાથ કરી લઈએ. પૂર્વે જણાવ્યું છે કે આ રાજ્યની પ્રગતિ મહારાજા સયાજીરાવ ગાયકવાડને આભારી છે. તેઓ ૧૮૮૪માં ગાદીએ આવ્યા ત્યારે રાજ્યમાં એકે વર્તમાનપત્ર નીકળતું નહોતું. મહારાજાની ઇચ્છાથી રામજી સંતુજી આવટે મુંબઈથી વડોદરા આવ્યા અને 'વડોદરા વત્સલ' નામનું મરાઠી સાપ્તાહિક શરૂ કર્યું. પાછળથી એમની સાથે દામોદર સાંવળારામ યંદે ભાગીદાર બન્યા. આ યંદેએ વડોદરામાં વૃત્તવિવેચન અને મુદ્રણકામનો વિકાસ સાધવામાં અગત્યનું અર્પણ કર્યું છે.

થોડાં વર્ષો પછી બંને ભાગીદારોમાં મતભેદ પડતાં તેઓ છૂટા પડ્યા અને પ્રજાના ટેકાને અભાવે 'વડોદરા વત્સલ' બંધ પડ્યું. એમ થતાં વડોદરાથી એક નવા પત્રનો ઉદય થયો. શ્રીમંતની સહાનુભૂતિથી યંદેએ સાપ્તાહિક 'સયાજીવિજય' શરૂ કર્યું. એમાં મરાઠી ગુજરાતી અને અંગ્રેજી એમ ત્રણ વિભાગ આવતા. એ સાપ્તાહિક બનતાં એમાં મરાઠી અને ગુજરાતી ભાષાના બે છૂટા છૂટા વિભાગ પ્રગટ થતા. ૧૮૯૯માં 'ઇંદુ પ્રકાશ'નું સંચાલન સંભાળી લેવા યંદે વડોદરા છોડી મુંબઈ ગયા અને 'સયાજીવિજય'ના ગુજરાતી વિભાગના સંપાદક માણેકલાલ અંબારામ ડૉક્ટરે પત્રનો કારોબાર સંભાળી લીધો. એ પત્ર એમની માલિકીનું બન્યું અને આખું ગુજરાતીમાં નીકળતું થયું.

'સયાજીવિજય'ની સ્થાપના અને પ્રગતિ વડોદરાનરેશ અને એમની સરકારના સમર્થનને આભારી હોઈ એની નીતિ સત્તાધીશોની તરફદારી કરનારી રહી. પ્રજા-લાગણીને પ્રસંગોપાત્ત એ થાબડે ખરું, પણ એને વેગ ન આપે, દોરવણી ન આપે. ખબરો વગેરેની વિપુલતાથી એ વડોદરા રાજ્યનું આગેવાન અખબાર બન્યું. રાજ્યના ગામે ગામ એનો ફેલાવો થયો, પણ વૃત્તપત્ર તરીકે એનું કોઈ અંગ વિકસ્યું નહિ કે આકર્ષક બન્યું નહિ.

ઉપર કહ્યું તેમ 'સયાજીવિજય'નું કોઈ આકર્ષક અંગ નહોતું. એનું સાહિત્ય-સ્થાન પણ ઊંચું ન લેખાય, પરંતુ ગુજરાતી સાહિત્યના આકાશમાં એક ઝળહળતો સિતારો ચમકાવવાનું શ્રેય એને છે. રમણલાલ વસંતલાલ દેસાઈ લેખક તરીકે આગળ નહોતા આવ્યા ત્યારે 'સયાજીવિજય'ના તંત્રીએ એમને ખોળી કાઢયા. એમની નવલકથાઓ ભેટ–રૂપે 'સયાજીવિજય'ના ગ્રાહકોને મળતી થઈ. રમણલાલ દેસાઈની કલમકલાને ગુજરાત સમક્ષ પ્રથમ વાર ધરનાર 'સયાજીવિજય' છે.

'ખેડા વર્તમાન' પછી કેટલોક સમય રહીને સુરતમાં શરૂ થયેલા પત્રે ગુજરાતનાં વર્તમાનપત્રોના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. દીનશા અરદેશર તાલેયારખાને તા. ૧૩–૯–૧૮૬૩ ને દિને સુરતથી 'સુરતમિત્ર' નામનું દર રવિવારે બહાર પડતું પત્ર શરૂ કર્યું. પત્રને સારો ટેકો મળતાં તા. ૧૧–૯–૧૮૬૪ થી પત્રનું નામ ફેરવી 'ગુજરાતમિત્ર' રખાયું અને સુરત બહારના પ્રશ્નોને પણ એમાં સારું સ્થાન અપાયું. દીનશા કોઈ પણ સ્થળે ગેરરીતિ કે આપખુદી ચાલતી જણાતાં ગરમ થઈ જતા અને પોતાની કલમ દ્વારા એ દૂર કરાવવા ખંતીલા પ્રયાસ કરતા. એમ કરવામાં ગમે તેવા મોટા માનવીની એ પરવા કરતા નહિ. અંગ્રેજ હોદ્દેદારો અને દેશી રાજાઓની આપખુદી સામે ગર્જવામાં એમણે પાછળ વળી જોયું નહોતું. એમની સૌથી યાદગાર લડત એ સમયના વડોદરાનરેશ મલ્હારરાવ ગાયકવાડ સામે હતી. એ રાજવીની રાજનીતિ સામે એમણે હિંમતથી લખ્યે રાખ્યું તેથી ભારે સનસનાટી મચી ગઈ અને સરકારને એ પ્રત્યે ધ્યાન આપવાની ફરજ પડી. પરિણામે મલ્હારરાવ અંગે તપાસ થઈ અને એમણે ફરજિયાત ગાદીત્યાગ કરવો પડયો.

એક સદી પૂર્વે શક્તિશાળી દેશી રાજવીઓનાં નામ દઈ જાહેરમાં એમની ખામી દેખાડનાર અને ખબર લઈ નાંખનાર 'ગુજરાતમિત્ર'ના તંત્રી કેટલા નીડર હશે! એમની નીડરતાની સ્તુતિ 'ધી બૉમ્બે રિવ્યૂ' માં પણ કરવામાં આવી હતી.[૧૩]

૧૮૭૦ માં 'ગુજરાતમિત્ર' મંછારામ ઘેલાભાઈ, કીકાભાઈ પરભુદાસ વગેરે ચૌદ જણની બનેલી કંપનીને વેચાયું. દીનશાનો પત્ર સાથેનો લેખક તરીકેનો સંબંધ ૧૯૦૦ સુધી ચાલુ રહ્યો.

પ્રજાહક્ક માટે લડતાં આ અખબાર એક વેળા મોટી મુશ્કેલીમાં મુકાયું. ૧૮૭૮ માં સુધરાઈએ કરવેરા વધારવા વિચાર કર્યો ત્યારે 'ગુજરાતમિત્રે' એનો સખત વિરોધ કર્યો. એ જ અરસામાં લાયસન્સ ટૅક્સ આદિને લઈ જનતામાં ઉગ્ર અસંતોષ ફેલાયો હતો. એપ્રિલમાં સુરતમાં અપૂર્વ હડતાલ પડી, શહેરમાં હુલ્લડ ફાટી નીકળ્યું, અંગ્રેજો પર હુમલા થયા. આવા કાર્યમાં 'ગુજરાતમિત્ર' 'દેશીમિત્ર' અને 'સ્વતંત્રતા'ના સંચાલકોનો હાથ હોવાનો સત્તાધીશોને વહેમ ગયો. તા. ૧૧ મીએ મંછારામ, કીકાભાઈ અને બીજાઓની ધરપકડ થઈ. એમ થતાં યાદગાર 'સુરત રાયટ કેસ' લડાયો. ફીરોજશા મહેતા અને ગીલ બૅરિસ્ટરો આરોપીઓના બચાવમાં લડેલા. તા ૨૩ મી સપ્ટેમ્બરે સર્વ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂક્યા. આ મુકદ્દમાએ આ પત્રોને ભારે પ્રસિદ્ધિ અપાવી.

હોરમસજી સેક્રેટરીએ તા. ૧-૪-૧૮૮૮ થી જેકિશનદાસ લલ્લુભાઈ અઠ્ઠા-વાળા અને હરિલાલ હર્ષદરાય ધ્રુવની મદદથી સપ્તાહમાં એ વેળા પ્રસિદ્ધ થતું 'ગુજરાતદર્પણ' નામે પત્ર શરૂ કરેલું અને એ છ વર્ષ ચલાવ્યા પછી 'ગુજરાતમિત્ર' ખરીદી તા. ૧૯-૮-૧૮૯૪ થી એને એની સાથે જોડી દીધું, ત્યારથી આજ પર્યંત એ 'ગુજરાતમિત્ર અને ગુજરાતદર્પણ'ને નામે પ્રસિદ્ધ થાય છે.

ઉપર 'સુરત રાયટ કેસ'નો ઉલ્લેખ કરતાં 'દેશી મિત્ર' સંબંધી નિર્દેશ કર્યો છે. મંછારામ ઘેલાભાઈએ ૧૮૭૩ના મે માસમાં અદના આદમીને ગમી જાય તેવું હળવું વાચન આપતું ઓછા દરનું એ અઠવાડિક કીકાભાઈ પ્રભુદાસની ભાગીદારીમાં પ્રગટ કરવા ઠરાવ્યું. જૂનમાં પ્રથમ અંક પ્રગટ થયો. એ અંકનું કદ કેવળ એક પાનાનું અને પત્રનું લવાજમે વાર્ષિક એક રૂપિયો. પાછળથી લવાજમ દોઢ રૂપિયો કર્યું અને કદેય વધાર્યું. ૧૮૮૯ માં મંછારામે તંત્રી-સ્થાન પોતાના પુત્ર નગીનદાસને સોંપ્યું.[૧૪]

'દેશી મિત્ર' મુખ્યત્વે રમૂજી વાચન આપવા શરૂ કરાયેલું. આ નીતિને એ એટલું વફાદારીથી વળગી રહેલું કે અકસ્માત આગ રોગ ખૂન વગેરેને લગતા સમાચાર પણ એ જ રીતે આપતું. ત્યારે એ વાંચવામાં પ્રજાને રસ પડચો હશે, પણ આજે તો એ કૃત્રિમ લાગે છે. એમાં પીરસાતી રમૂજ ગ્રામ્ય હતી, એમાં

પ્રગટ થતાં જોડકણાં અને ટુચકાઓએ ત્યારના લહેરી સુરતીઓને આનંદ આપેલો. તંત્રીએ રચેલા રાણીના બાગના ગરબા–'રાની વિકટોરિયાનો બાગ, ટાંટા જોવાનો છે લાગ'—પર વાચકો ફિદા થઈ ગયેલા.[૧૫] 'દેશી મિત્ર' પ્રજાનું પત્ર હતું. એ લોક–પ્રવૃત્તિને સમર્થન આપતું. હોમરૂલ ચળવળને એણે ટેકો આપેલો.

ઉપર 'સુરત રાયટ કેસ' વિશે લખતાં 'સ્વતંત્રતા'નો પણ ઉલ્લેખ કર્યો છે. 'સ્વતંત્રતા' માસિક–સ્વરૂપે પ્રગટ થયેલું હોઈ એને વર્તમાનપત્રો વિશેના લેખમાં સ્વાભાવિક સ્થાન ન હોય, પરંતુ એ વાતનો અત્રે ઉલ્લેખ કરવો આવશ્યક છે કે વૃત્તપત્રના હક્ક–અધિકાર માટે એણે ખેલેલ જંગને આપણા વૃત્તવિવેચનના ઇતિહાસમાં સ્થાન છે. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ સ્વતંત્રતા અને સ્વરાજનો મંત્ર 'સ્વતંત્રતા'માં ભણ્યા. એ દ્વારા એમણે પોતાની પત્રકાર–કારકિર્દીના શ્રીગણેશ કર્યા. આ અનુભવે પાછળથી એ મુંબઈ જઈ 'ગુજરાતી' સાપ્તાહિકના તંત્રી બન્યા ત્યારે સ્વાતંત્ર્યદેવીની સતત અને ઉત્કટ પૂજા કરવા એમને પ્રેરણા આપી અને ગુજરાતી વૃત્તવિવેચનના ઇતિહાસમાં એમને આદરપાત્ર સ્થાન અપાવ્યું.

'ન્હાનાં મ્હોટાં નાર નર, સરવે થાય સુજાણ' એ માટે કવિ નર્મદાશંકરે સુરતથી શરૂ કરેલ 'ડાંડિયો' પાક્ષિક હોઈ એનોય અત્રે ઊડતો ઉલ્લેખ આવશ્યક બને છે, પણ એમાં જે વાનગી પિરસાયેલી તેને લઈ એ વૃત્તપત્ર નહિ, પણ સ્પષ્ટપણે વિચારપત્ર હતું અને એ કારણે એના વિશે એનું અર્પણ અગત્યનું હોવા છતાં અત્રે વિસ્તૃત વિચારણાને સ્થાન નથી. અત્રે એટલો ઉલ્લેખ કરવો બસ થશે કે 'ડાંડિયો'ની ઓછામાં ઓછી ત્રણ શ્રેણી થઈ હતી : (૧) તા. ૧ લી સપ્ટેમ્બર, ૧૮૬૪ થી તા. ૧૫ મી ડિસેમ્બર, ૧૮૬૫ સુધીના ૩૨ અંકોની શ્રેણી, તે પહેલી (૨) તા. ૧૫ મી માર્ચ, ૧૮૬૬ થી તા. ૧૫ મી એપ્રિલ, ૧૮૬૭ સુધીના ૨૭ અંકો–આ બીજી શ્રેણી, અને (૩) ત્રીજી તે તા. ૧ લી ઑગસ્ટ, ૧૮૬૭ થી માંડી ઘણું કરી તા. ૧૫ મી ડિસેમ્બર, ૧૮૬૯ સુધીના ૫૮ અંકોની.[૧૬] નર્મદ અને એના પાક્ષિક 'ડાંડિયો'એ પોચા દેખાતા ગુજરાતીઓમાં સ્વમાનભાવના, સ્વદેશાભિમાન અને સમાજસુધારણા માટે 'જોસ્સો' પ્રગટાવ્યો. 'ડાંડિયો'નું જીવન અલ્પ હોવા છતાંયે એણે કરેલ કાર્ય આ વિષયના ઇતિહાસમાં એને મહત્ત્વનું સ્થાન અપાવે છે.

ઓગણીસમા શતકની આખર સુધીમાં મુંબઈમાં ગુજરાતી વૃત્તવિવેચન સ્પષ્ટ ઘાટદાર સ્વરૂપ પામી ચૂક્યું હતું, પરંતુ તળ–ગુજરાતમાં એ દિશા ઝાઝી ખેડાઈ નહોતી. નાનાં નાનાં વર્તમાનપત્રો–સવિશેષ સાપ્તાહિકો–એ અરસામાં શરૂ

થયેલાં અને બંધ પડેલાં. અમદાવાદમાં ત્રણ પત્રો 'હિતેચ્છુ,' 'શમશેર બહાદુર' અને 'અમદાવાદ સમાચાર' પ્રસિદ્ધ થતાં હતાં. એમાં 'હિતેચ્છુ' પ્રજા માટે વિશેષ ઉપયોગી હતું. સમકાલીન સવાલોની એ સ્વતંત્રપણે સારી ચર્ચા કરતું. એ પ્રસિદ્ધ કરતા હતા પીતાંબરદાસ ત્રિભુવનદાસ મહેતા. ત્યારનાં પત્રોમાં આવતી અંગ્રેજી કટારનું મહત્ત્વ હતું, પરંતુ પીતાંબરદાસે અંગ્રેજીનો અભ્યાસ ન કરેલો હોઈ અંગ્રેજી લેખો એમાં નિયમિત પ્રગટ નહોતા થતા અને ત્યારે આ બાબત પત્રની ઊણપ બની જતી.

'શમશેર બહાદુર'નો ઉલ્લેખ આગળ આવી ગયો છે. એ અને 'અમદાવાદ સમાચાર' નિયમિત પ્રસિદ્ધ નહોતાં થતાં. ઘણી વેળા નજીવા કારણે અંક મુલતવી રાખી પાછળથી ભેગા અંક કાઢતા. વિશેષ, એ અખબારો પ્રજાપ્રીતિ પણ નહોતાં પામ્યાં. આ સંજોગોમાં ભગુભાઈ ફતેહચંદ કારભારીએ જીવનલાલ વ્રજરાય દેસાઈ બૅરિસ્ટરના સહકારથી અંગ્રેજી વિભાગવાળું ગુજરાતી સાપ્તાહિક શરૂ કરવા નિર્ધાર કર્યો. પરિણામે ૧૮૯૮ની ૬ ઠ્ઠી માર્ચે 'પ્રજાબંધુ' સાપ્તાહિકની મજલ શરૂ થઈ. ભગુભાઈએ દોઢ વર્ષ એનું સંચાલન કર્યું. તે દરમ્યાન લેખો લખવા, પ્રૂફ સુધારવાં અને અંકો ટપાલપેટીમાં નાંખી આવવા સુધીનું લગભગ બધું જ કામ એમને જાતે કરવું પડતું.

પત્ર કેવા ઉદ્દેશથી શરૂ કરાયું એ ભગુભાઈએ 'પ્રજાબંધુ'ના પ્રથમ અંકમાં 'પ્રારંભ'–શીર્ષક હેઠળ કરેલા નિવેદનમાં જણાવતાં પ્રશ્ન કર્યો : 'કહો જન્મ ધરી શી કરી દેશની સેવા ?' આ સેવા કાજે પોતે પત્ર સાથે આગળ આવ્યા છે એમ સ્પષ્ટતા કરતાં તેમણે લખ્યું : 'આ પત્ર નૂતન છે, તે નૂતન લોહીનું છે, પણ ઉચ્છેદક વિચારનું નથી. તે નૂતન પદ્ધતિનું છે, પણ યોગ્યાયોગ્ય વિચારનિર્ણયનો એટલે વિવેકવૃત્તિનો કદી ત્યાગ કરનાર નથી; તે નૂતન પ્રારંભનું છે, પણ 'આરંભે શૂર બની પછીથી નૂર ગુમાવવા માટે કાંઈ નિર્મ્યું' નથી.[૧૭]

નિરુદ્યમ અને આળસ, કુસંપ અને કુથલી, અનીતિ અને ભૂખમરો, અજ્ઞાન અને પરાધીનતા આપણે ત્યાં ભારોભાર છે, એ માટે દુઃખ અને અફસોસ વ્યક્ત કરી તંત્રીએ જણાવ્યું કે "કરવાનું બહુ છે, પણ કરનારા થોડા છે. 'રાજકીય સુધારણા થયા વિના બીજી બધી સુધારણા થવી મિથ્યા છે,' એવો અભિપ્રાય જેમ આ પત્ર પ્રવર્તાવનારાનો નથી તેમ 'જેઓ સાંસ્કારિક સુધારણા કરી શકતા નથી તેઓ રાજકીય સુધારણા કરવાને લાયક નથી' એવા અભિપ્રાયને પણ તેઓ સ્વીકારતા નથી. સાચી વાત તો એ છે કે સંસ્કાર વ્યવહાર અને રાજ્ય આદિ

પ્રત્યેક પ્રકારની સુધારણાનો આધાર નિશ્ચય પ્રયત્ન જ્ઞાન અને શુદ્ધબુદ્ધિ પર રહેલો છે. આથી પોતાના દેશબંધુઓ સર્વે બાબતનું જ્ઞાન મેળવતા થાય, એ મેળવીને નિશ્ચયવાળા ને નીડર બની પ્રયત્નશીલ થાય એ પ્રકારના લેખ આ નૂતન પત્રમાં એના યોજક પ્રગટ કરતા રહેશે".[૧૮]

'પ્રજાબંધુ' એના નામ પ્રમાણે પ્રજાનો બાંધવ બન્યું અને વખતના વહેવા સાથે ગુજરાતી વૃત્તવિવેચનના સાપ્તાહિક વિભાગમાં એણે પ્રથમ પંક્તિનું સ્થાન મેળવ્યું. એના આરંભે અમદાવાદને સ્થાનિક સ્વરાજ્યનો હક્ક મળી ચૂક્યો હતો, પરંતુ પ્રજાનાં હિતોનું રક્ષણ કરે અને રચનાત્મક કાર્યો કરે તેવા સભ્યોની સંખ્યા સુધરાઈમાં મર્યાદિત હતી. મધ્યમ સ્થિતિના નિષ્ઠાવાન સમાજસેવકોને સ્થાને એમાં માલેતુજારો અને મિલમાલિકોના મિત્રો ઘૂસી જતા. ચૂંટણીનું ત્યારનું ખામી-ભરેલું ધોરણ એ માટે કારણભૂત હતું. 'પ્રજાબંધુ'એ આ સામે શરૂથી મોરચો માંડ્યો અને સમસ્ત પ્રજાને પોતાનો સાચો પ્રતિનિધિ ચૂંટી મોકલવાનો હક્ક મળે એ માટે ખંતીલું પ્રચારકાર્ય કર્યું. પ્રજા જ્ઞાની બને એ તો એનો પ્રધાન ઉદ્દેશ હતો જ, એટલે કેળવણીના ક્ષેત્રમાં ત્યારના કેળવણી ખાતાના અધિકારીઓની ખફગી વહોરીને પણ એણે રચનાત્મક ચર્ચા કરી. અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો, શિક્ષકો, એમના વડાઓ અને એમનું વર્તન વગેરે વિશે એણે વિચારશીલ લખાણ કર્યાં અને કેળવણીખાતા તથા કેળવણી ક્ષેત્રની કેટલીક ખામી દૂર કરાવવામાં સફળતા પ્રાપ્ત કરી.

ભગુભાઈ કારભારીએ દોઢ વર્ષ 'પ્રજાબંધુ'નું સંચાલન કરી એ ઠાકોરલાલ પરમોદરાય ઠાકોરને સોંપ્યું. એમના હાથે આ સાપ્તાહિકનો સારો વિકાસ થયો. ૧૯૦૫ માં એમણે 'પ્રજાબંધુ પ્રિન્ટિંગ વર્ક્સ' સ્થાપી એમાંથી 'પ્રજાબંધુ' છાપી બહાર પાડ્યું. ધીમે ધીમે 'પ્રજાબંધુ'ની પ્રતિષ્ઠા વધી. ૧૯૧૦ થી ગ્રાહકોને ભેટ-પુસ્તક આપવાની પ્રથા શરૂ થતાં પત્રની લોકપ્રિયતા તેમ ફેલાવામાં વધારો થયો. 'પ્રજાબંધુ' પ્રજા-કલ્યાણની દિશામાં નોંધપાત્ર અર્પણ કરી શક્યું એનું પ્રધાન કારણ એને સદ્ભાગ્યે સાંપડેલા નીડર અને વિદ્વાન સાથોસાથ કર્તવ્યપરાયણ લેખકમિત્રો હતા. જીવનલાલ વ્રજરાય દેસાઈ, વૈદ્ય જટાશંકર લીલાધર, ગિરધરલાલ પ્રમોદરાય, કૃષ્ણલાલ નરસિંહલાલ દેસાઈ, કૃષ્ણલાલ ગોવિંદરામ દેવાશ્રયી, પ્રાણલાલ કિરપારામ દેસાઈ વગેરે એમાં મુખ્ય હતા. એમાં એ પત્રની અંગ્રેજી કતારો દ્વારા ત્યારના વિવિધ દિશાને સ્પર્શતા સવાલોની નિખાલસ અને વિચારશીલ ચર્ચા કરી પ્રજા અને સરકાર બંનેનું બહુ સારું લક્ષ ખેંચનાર દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈએ આપેલ ફાળો અનુપમ હતો.

ભગુભાઈ કારભારી પાસેથી ઠાકોરલાલ ઠાકોરે આ વૃત્તપત્ર ખરીદી એનું તંત્રીપદ પોતે સ્વીકાર્યું ખરું, પરંતુ પછીથી પોતે સંચાલક તરીકેની વ્યવસ્થાનું કામ ઉપાડી તંત્રીસ્થાન જેઠાલાલ ઉમેદરામ મેવાડાને સોંપ્યું, જેમના તંત્રી-પદે એ આશરે આઠ વર્ષ રહ્યું. એ પછી એક વર્ષ અંબાશંકર કેશવજી શુક્લ એ સ્થાને આવી ગયા. એમના પછી લગભગ અગિયાર વર્ષ જગજીવનદાસ શિવશંકર ત્રિવેદી તંત્રી-પદે આવ્યા.

૧૯૦૮ના ત્યારની અંગ્રેજ સરકારના અહેવાલ મુજબ, મુંબઈના 'ગુજરાતી' જેવું એવડા પત્રનું બિરુદ પામનાર સાપ્તાહિક 'ગુજરાતી પંચ' અમદાવાદથી સોમાલાલ મંગળદાસ શાહે તા. ૨૦-૫-૧૯૦૧ થી શરૂ કરેલું. શરૂમાં એમાં વ્યંગચિત્ર પણ અપાતાં; એ બંધ પડતાં એને સ્થાને એમાં રમૂજી લેખ આવવા લાગ્યા. એવા લેખ લખવામાં 'ગુજરાતી'ના 'બીરબલ' યાને ખરશેદજી બમનજી ફરામરોજ મુખ્ય હતા. ત્યારની પ્રથાને અનુસરી એમાં અંગ્રેજી વિભાગ હતો. એના ગુજરાતી વિભાગમાં 'બીરબલ' ઉપરાંત ચતુર્ભુજ ભટ્ટ, ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ, ચુનીલાલ વર્ધમાન શાહ, સીતારામ જે. શર્મા, કેશવ હ. શેઠ, ધનશંકર હીરાશંકર ત્રિપાઠી, ચિમનલાલ મોતીલાલ મુનશી વગેરે જાણીતા લેખક મુખ્યત્વે લખતા. દર સોમવારે પ્રગટ થતા આ પત્રે ગુજરાતમાં ચાલુ વાર્તા આપવાની પ્રથા ('ગુજરાતી'ને મુંબઈનું પત્ર ગણતાં) શરૂ કરી. ગ્રાહકોને ભેટ-પુસ્તક પ્રતિવર્ષ આપવાની શરૂઆત ગુજરાતમાં એણે જ કરેલી અને સૌથી પહેલો દીપોત્સવી અંક પણ ગુજરાતને એ જ પત્રે આપેલો. હિંદી પંચનું અનુકરણ કરીને પ્રારંભનાં બે-અઢી વર્ષ ઠઠ્ઠાચિત્રો-વ્યંગચિત્રો પણ પ્રથમ વાર ગુજરાતમાં એણે આપેલાં.

પત્રના રજત મહોત્સવ પ્રસંગે જણાવાયેલું કે એનો પ્રારંભ ત્રણ ઉદ્દેશોથી થયો હતો :

(૧) હિંદની રાજકીય પ્રવૃત્તિઓમાં સાધ્યની નજીક પ્રજાસમૂહને જવામાં કિંચિત્ પણ સાધનભૂત થવું,

(૨) અમદાવાદ અને ગુજરાતને એ પ્રવૃત્તિઓમાં એનું સ્થાન અપાવવું, અને

(૩) સાંસારિક કુરિવાજો દૂર કરવા, જનતાને ધર્મ-માર્ગે પ્રવૃત્ત રાખવા અને આપણું નૈતિક ધાર્મિક અને આધ્યાત્મિક શ્રેય સાધવામાં લોકસમૂહને સસ્તું વાચન પૂરું પાડીને કિંચિત્ પણ સહાયભૂત થવું.[૧૯]

'ગુજરાતી પંચે' આ ઉદ્દેશ કેટલે અંશે અમલમાં મૂક્યો હતો એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં કહેવું રહે છે કે વીસમી સદીની શરૂઆતે ગુજરાતની પ્રજાને રાજદ્વારી વિષયોમાં જાગ્રત કરવા જે પ્રયાસ થયા તેમાં આ પત્રે સારો સહકાર આપેલો. કોંગ્રેસના એક શુભેચ્છક અને એનું સમર્થન કરનાર પત્ર તરીકે જ એનો જન્મ થયેલો. કોંગ્રેસનાં અધિવેશન ગુજરાતમાં પણ ભરાવાં જોઈએ એવો પોકાર એણે પાડતાં મહાસભાનું સન ૧૯૦૨નું અધિવેશન ગુજરાતમાં ભરવા કલકત્તા કોંગ્રેસમાં ફીરોજશાહ મહેતાએ સૂચના કરી એ અનુસાર અમદાવાદમાં એનું અધિવેશન ભરાયું પણ ખરું, પરંતુ એ જ કારણે સરકારની ખફગી એના પર ઊતરી અને એને મળતી સરકારી જાહેરખબરો બંધ થઈ ગઈ. સરકારની ઇતરાજી, નાણાકીય મુશ્કેલી, છાપખાનામાં આગ, માંદગીની મુસીબતો, બીજાં પત્રોની હરીફાઈ વગેરે મુશ્કેલીઓએ સોમાલાલ પર હલ્લો કર્યો, પરંતુ એ સામે ત્યારે એ ટકી રહ્યા.

પ્રમાણમાં ઓછા મહત્ત્વનાં અને અલ્પ સમય ચાલી આથમી ગયેલાં ગુજરાતનાં કેટલાંક પત્રો વિશે ઊડતો ઉલ્લેખ કરીએ. ૧૮૫૦માં એ. ફોર્બ્સની અમદાવાદથી સુરત બદલી થતાં એ વર્ષમાં કેટલાક વર્ગોનો સહકાર મેળવી એમણે 'સૂરત સમાચાર' નામે પત્ર શરૂ કર્યું.[૨૦]

એના વિશે 'પારસી પ્રકાશ'માં એવો ઉલ્લેખ છે કે "બેજનજીએ (સુરતના ત્યારના કોટવાળ બેજનજી પાલણજીએ) સુરતવાલા જાણીતા મહેતાજી દુરગારામ મંછારામની સાથે મળી 'સુરત સમાચાર' નામે અઠવાડિયામાં બે વાર નીકળતું એક વર્તમાનપત્ર સ્થાપવાની ગોઠવણ કીધી હતી, અને તેનો પહેલો અંક તા. ૧૦મી અકટોબર, ૧૮૫૦ને દિને નીકળ્યો હતો, પણ તે પત્ર થોડુંક ચાલી બંધ પડયું હતું."[૨૧]

બીજે વર્ષે કવિ નર્મદાશંકરે 'સ્વદેશ હિતેચ્છુ' નામની મંડળી સ્થાપી અને એના આશ્રયે એકાદ વર્ષ 'જ્ઞાનસાગર' સાપ્તાહિક પ્રસિદ્ધિ પામ્યું. એને લગતી વિગત કવિના જ શબ્દોમાં ટાંકવી રસિક બનશે: 'મેં મારી ગમતને સારું એક મંડળી ઊભી કરવી ધારી, તે પછી તે વાત મેં મારા સગા દોલતરામને કહી. એણે મંડળીની સાથે એક છાપખાનું કહાડવાનું કહ્યું. અને પછી અમે ભાગીદારી કરી "સ્વદેશ–હિતેચ્છુ" એ નામની મંડળી ઊભી કરી. એક માસથી છાપખાનામાં "જ્ઞાનસાગર" નામનું ન્યુસ પેપર અઠવાડિયે એક વાર નીકળવા માંડયું ને બીજી પાસથી ભાષણો થવા માંડયાં. જ્ઞાનસાગર કહાડવાની દોલતરામની મતલબ દુર્ગારામ મહેતાજીની કેટલીક નરસી ચાલ જાહેરમાં આણવાની હતી. પણ તે મારા જાણવામાં પછવાડેથી આવી. પહેલું ભાષણ "મંડળી મળવાથી થતા લાભ" વિશે લખીને તા. ૪ થી

જુલાઈએ કર્યું હતું. એ જ્ઞાનસાગર આશરે એક વર્ષ ચાલ્યું. પછી તે મંડળી ભાંગી ગઈ ને સઘળું અસ્તવ્યસ્ત થઈ ગયું... "જ્ઞાનસાગર"માં મેં કંઈ જ લખ્યું નથી, તે દોલતરામ લખતા.'[૨૨]

૧૮૬૧માં પેસ્તનજી રુસ્તમજી ભરૂચાએ શિલાપ્રેસ પર છપાતું 'ભરૂચ વર્તમાન' નામે સાપ્તાહિક ભરૂચમાં શરૂ કર્યું. એના તંત્રી-સ્થાને લાંબો સમય સોરાબશાહ દાદાભાઈ મુનસફ હતા. પેસ્તનજીએ ચોત્રીસેક વર્ષ આ પત્ર ચલાવી, વૃદ્ધાવસ્થાને લઈ એક હિંદુ સજ્જનને એ વેચી નાંખ્યું. ૧૮૮૫ સુધી એ ચાલ્યું.[૨૩]

તા. ૭-૧૧-૧૮૬૪થી રાજકોટથી 'કાઠિયાવાડ સમાચાર' નામનું સોમવારે પ્રસિદ્ધ થતું અઠવાડિક બહાર પડ્યું હતું. એમાં મુખ્યત્વે કાઠિયાવાડના સમાચાર આવતા. એ ઉપરાંત ચર્ચાપત્રો, કાવ્યો, એજન્સી ગેઝેટના ઠરાવ વગેરે પણ પ્રસિદ્ધ થતાં.

તા. ૬-૧-૧૮૮૬થી બેજનજી રુસ્તમજી દરોગાએ ભરૂચથી 'ભરૂચ-મિત્ર' નામનું બુધવારે પ્રગટ થતું સાપ્તાહિક શરૂ કરેલું. પાછલાં વર્ષોમાં એનું સંચાલન ગાંધી કુટુંબને હસ્તક આવ્યું. સાધન-સ્થળ-સંજોગની મર્યાદા ધ્યાનમાં લેતાં આ પત્રે ભરૂચ શહેર અને જિલ્લાની સારી સેવા કરી. એના માલિકી ગાંધી કુટુંબના હાથમાંથી ગઈ, પણ એ પત્ર પ્રગટ થતું રહ્યું.

રાજકોટથી ૧૮૮૮માં અંગ્રેજી નામ ધરાવતું ગુજરાતી પત્ર 'કાઠિયાવાડ ટાઇમ્સ' શરૂ થયું. ટી. એ. વઝીરાણીના તંત્રીપદે એ બુધવારે અને રવિવારે બહાર પડતું.

તા. ૧૬-૯-૧૮૯૨થી સુરતથી એદલજી દોરાબજી તલાટીએ પારસી મહિનાના પહેલા દિવસે પ્રસિદ્ધ થતું 'તલાટી સમાચાર' નામે પત્ર શરૂ કર્યું. આમ એ માસિક હતું, પણ સમાચારપત્રની કક્ષામાં મુકાય તેવું હતું. એને વિશે અત્રે ઉલ્લેખ કરવો એ કારણે પણ આવશ્યક માન્યો છે કે આ પત્ર તલાટી કુટુંબના સભ્યો સારુ પ્રગટ થતું. એક જ કુટુંબના સભ્યોની વાકેફી માટે ખાસ સમાચારપત્ર પ્રકટ થાય એ જેમ નવાઈ જેવું છે તેમ નોંધપાત્ર પણ છે.[૨૪]

રુસ્તમજી જામાસ્પજી દસ્તૂર મહેરજી રાણાએ તા. ૧૪-૨-૧૮૯૭થી નવસારીથી દર રવિવારે પ્રગટ થતું 'નવસારી પ્રકાશ' નામે પત્ર શરૂ કર્યું, જે નવસારીનું સૌપ્રથમ બિન-સરકારી (ત્યારે ત્યાં ગાયકવાડનું રાજ્ય હતું.) પત્ર હતું. રુસ્તમજી ૧૯૧૧ સુધી એ પત્રના માલિક ને તંત્રી રહેલા. એ પછી એમના પુત્ર દોરાબજીએ એમનું સ્થાન સંભાળ્યું, પણ એ વહેલું જ આથમી ગયું. રુસ્તમજી તંત્રી-સ્થાને હતા તે દરમ્યાન એમની સામે બદનક્ષીના દસેક મુકદમા નોંધાયેલા અને લગભગ દરેકમાં કાંઈ ને કાંઈ પ્રકારની સમજૂતી થયેલી.

આ ઉપરાંત ગુજરાતમાં કેટલાંક પત્ર નીકળેલાં અને પ્રમાણમાં ટૂંક મુદત ચાલી વિરમી ગયેલાં. એ બધાંને વિશે પૂરી તેમજ આધારપાત્ર માહિતી મેળવવાનું કોઈ સાધન રહ્યું નથી. અહીં તહીં બધાં વિશે થયેલા ઉલ્લેખ પર આધાર રાખી, જે માહિતી મળી છે તે, આ વિષયનું ચિત્ર બને તેટલે અંશે પૂર્ણ બને એ વિચારે, પરિશિષ્ટ-રૂપે આપી છે.

ગુજરાતી પત્રકારત્વના પહેલા બે યુગ દરમ્યાન (પહેલો ૧૮૨૨ થી ૧૮૮૦ સુધીનો, બીજો ૧૮૮૦ થી ૧૯૧૯ સુધીનો) આખું અંગ્રેજીમાં છપાતું કોઈ વૃત્તપત્ર ગુજરાતમાં નીકળ્યું હોય એવી માહિતી મળતી નથી. ઉર્દૂમાં કોઈ પત્ર કદાચ પ્રગટ થયાં હોય. વડોદરા જેવા રાજ્યમાં મરાઠી પત્ર પ્રગટ થયેલું ખરું, જેનો ઉલ્લેખ 'સયાજી વિજય' વિશે લખતાં કર્યો છે. અંગ્રેજી ભાષાનાં સળંગ વર્તમાનપત્ર ગુજરાતમાં નહોતાં, પણ ગુજરાતી વર્તમાનપત્રોમાં અને એમાંયે સવિશેષ સાપ્તાહિકોમાં તંત્રી તરફથી અંગ્રેજી નોંધો લાંબો સમય પ્રગટ થયેલી. પ્રાંતિક ભાષાથી અજાણ સરકારી અમલદારો એ વાંચે અને પ્રજા-અવાજ પારખે એવો એ પાછળ આશય હતો. આવી કતારો ત્યારના વિદ્વાનો લખતા અને પરિણામે એ સારી રીતે લખાવા ઉપરાંત શિક્ષિત સમાજ અને સરકારી અમલદારોનું સારું લક્ષ્ય ખેંચતી. ગુજરાતી વૃત્તપત્રોમાં અંગ્રેજીમાં આવી નોંધો પ્રગટ થાય એ સામે ગાંધીજીએ અણગમો દર્શાવતાં ત્રીજા યુગમાં મુંબઈમાં અને ગુજરાતમાં એમ થતું બંધ થઈ ગયું, પણ મુંબઈનાં કેટલાંક પારસી પત્રોમાં અંગ્રેજી વિભાગ હજીયે પ્રગટ થાય છે.

ગુજરાતના પત્રકારત્વના પહેલા યુગ દરમ્યાન ભાષાનું ખેડાણ ઘણું ઓછું, નહિ જેવું થયું, ત્યારે પત્રોમાં ભાષાશુદ્ધિ કે સાહિત્યનો ભાગ્યેજ ખ્યાલ હતો. એમાં ત્યારે જે ચર્ચા થઈ તે પણ મોટે ભાગે ધર્મને નામે અને કેટલાક અપવાદ બાદ કરતાં એમાં સંકુચિત વિચારસરણી પ્રગટ થઈ. સુધારકોનો અવાજ દબાવી દેવા પત્રોની કતારોનો સારો જેવો ઉપયોગ થયો. રાજકીય વિષયોની ચર્ચા કરતાં આગળ વધેલા વિચાર દર્શાવનાર પત્રોએ પણ સામાજિક સુધારાને ક્ષેત્રે સામાન્ય રીતે સ્થિતિરક્ષક વિચાર પ્રગટ કર્યા. ત્યારની પ્રજાને પણ એ એકંદરે ગમ્યું. સાચી રીતે દેશને રાજકીય સુધારા અને સંસારસુધારા બંનેની આવશ્યકતા હતી, પણ ત્યારે એ દિશામાંના પ્રાણવાન પ્રચારનો સમય પાક્યો નહોતો. એ સ્થિતિ કેટલેક અંશે બીજા યુગમાં અને પૂરે અંશે ગાંધીયુગમાં આવી.

સમાચારનું સ્થાન પહેલા યુગમાં ગૌણ હતું. બીજા યુગમાં સ્થિતિ પલટાઈ. પ્રજાના માનસિક વિકાસ સાથે સમાચારો માટેની એની ભૂખ વધી. રેલવે અને

વાહનવ્યવહારની ખિલવણીને કારણે બહારગામના સમાચાર મેળવવાનું પે કેટલેક અંશે સુલભ થયું હતું.

ભારતમાં જેમ કોમો છે, ન્યાતો અને પેટા ન્યાતો છે, તેમ કોમી પત્રો પણ છે. ગુજરાતનાં ઘણાંખરાં વર્તમાનપત્ર માટે એવો ગર્વ લઈ શકાય કે એ બધાંએ ભારતના હિતને પ્રાધાન્ય આપ્યું છે.[૨૫]

આપણે ત્યાં વર્તમાનપત્ર કમાવાનાં સાધન બન્યાં છે ખરાં, પણ એમ કરતાં એ બધાંએ પ્રજાનું નખોદ વાળ્યાના દાખલા ઝાઝા જડી શકે એમ નથી, ઊલટું એણે પ્રજાની સારી સેવા કર્યાના દાખલા વધુ મળી રહે છે. કેટલાંક પત્રોની આર્થિક સ્થિતિ સારી બની અને એની વાચક-સંખ્યા વધી એ માટેનું મુખ્ય કારણ એમનું સારું સેવાકાર્ય જ છે. ઉપરના સમયગાળાનાં આપણાં પત્ર અને પત્રકારો માટે, એમની કેટલીક દિશામાંની અપૂર્ણતાઓ છતાં, આપણે એકંદરે ગર્વ લેવો રહે છે.

## પરિશિષ્ટ

ટૂંક સમય ખાસ નોંધપાત્ર નહિ એવું જીવન જીવીને બંધ થઈ ગયેલાં ગુજરાતનાં ગુજરાતી વૃત્તપત્રો વિશે માત્ર એનાં નામ યા એ શરૂ થયાનાં વર્ષો વિશે ઉલ્લેખ મળે છે, એને લગતી વિગત નીચે આપી છે. એમ કરતાં ૧૯૧૪ સુધીની હદ રાખવા પ્રયત્ન કર્યો છે, પણ આધારપાત્ર માહિતીને અભાવે કોઈ પત્રો ત્યાર-પછી પ્રગટ થયું હોય એ શક્ય છે. કેટલાંક નામ સામયિકોનાં હોય એવાં લાગે છે અને એમ હોવા પણ સંભવ છે.

| પત્રનું નામ | સ્થળ | સ્થાપના-સાલ-નો અડસટ્ટો | નોંધ |
|---|---|---|---|
| અંકુશ | સુરત | ૧૯૦૮ | |
| કચ્છ વર્તમાન | | | |
| કાઠિયાવાડ હિમાયતી | અમદાવાદ | | |
| કાઠિયાવાડ સમાચાર | અમદાવાદ | | |
| ખબરદર્પણ | અમદાવાદ | | |
| ખેડા નીતિપ્રકાશ | ખેડા | ૧૮૫૭ | |
| ગુજરાત ગૅઝેટ | અમદાવાદ | ૧૮૮૬ | |
| ગુજરાત વર્તમાન | અમદાવાદ | | |
| ગુજરાત સમાચાર | વડોદરા | | |

| | | | |
|---|---|---|---|
| ચંડિકા | સુરત | ૧૯૦૬ | |
| ચંદ્રોદય | અમદાવાદ | | |
| જૈન | ભાવનગર | ૧૯૦૨ | |
| દીનબંધુ | | | ૧૮૯૧-૯૨ના અરસા-માં પ્રગટ થતું હતું. |
| દેશભક્ત | વડોદરા | | |
| નવયુગ | સુરત | | |
| ન્યાયદર્શક | | | |
| પોલિટિકલ ભોમિયો | અમદાવાદ | | |
| પ્રજા-અભિલાષ | અમદાવાદ | ૧૮૬૩ | |
| પ્રજામત | અમદાવાદ | | |
| પ્રતિનિધિ | અમદાવાદ | | |
| રાજનગર પત્રિકા | અમદાવાદ | ૧૮૯૯ | |
| રાજપત્રિકા | અમદાવાદ | | |
| રાજસ્થાન મિત્ર | મોડાસા | | |
| લોહાણા મિત્ર | વડોદરા | | |
| વર્તમાનપત્ર | રાજકોટ યા જૂનાગઢ | ૧૮૬૪ | |
| વલસાડ પત્રિકા | વલસાડ | | |
| વિદ્યોદય | જૂનાગઢ | | |
| વીરશાસન | અમદાવાદ | | |
| શક્તિ | સુરત | ૧૯૦૪ | |
| શંખનાદ | સુરત | | |
| સુરત અખબાર | સુરત | | ૧૯૨૦માં બંધ થયું. |
| સુરત વર્તમાન દર્પણ | સુરત | ૧૮૬૪ | |
| સુરત સોદાગર | સુરત | ૧૮૬૨ | |
| સૂર્યપ્રકાશ | સુરત | | |
| સૌરાષ્ટ્ર મિત્ર | રાણપુર | | |
| સ્વદેશ વત્સલ | અમદાવાદ | ૧૮૭૫ | ૧૮૭૫માં જ બંધ પડ્યું. |
| સ્વદેશ હિતેચ્છુ | | | |
| સ્વરાજ્ય | | | |
| હિન્દુસ્તાન | અમદાવાદ | | પાછળથી મુંબઈ જઈ બંધ પડ્યું. |

## ૨. સામયિકો

સામયિકોના જન્મને વિવિધવિષયક જ્ઞાનની ઉત્કંઠાનું પરિણામ દર્શાવવામાં આવ્યો છે. ગુજરાતી સામયિકોને માટે પણ આ વાત સાચી છે. ઓગણીસમી સદીના ઉઘાડ સાથે જે નવો પ્રવાહ શરૂ થયો હતો તેણે વિવિધ માધ્યમોથી જ્ઞાન પ્રાપ્ત કરવાના મનોરથને પણ બળ આપ્યું. જ્ઞાનની બધી બારીઓ ખુલ્લી રાખવાના હેતુસર અર્વાચીન શિક્ષણની આવશ્યકતા સમજાવા લાગી, પરસ્પર ચર્ચા અને વિમર્શ માટે વિવિધ સ્થાનોએ 'મંડળીઓ' રચાઈ અને આ જ્ઞાનવાર્તાઓ વધુ લોકો સુધી પહોંચે એ માટે ચોપાનિયાં અને સામયિક શરૂ થયાં.

એક રીતે જેમ વૃત્તપત્ર તેમ સામયિક પણ પશ્ચિમની ભેટ છે. અંગ્રેજી વૃત્તપત્ર સત્તરમી સદીનાં છેલ્લાં પચાસ વર્ષોમાં 'ન્યૂઝશીટ' તરીકે વિકસિત થયાં, તો સામયિક એ પછીના નજીકના ગાળામાં આકાર લેતાં થયાં. પશ્ચિમનાં સામયિક સાહિત્ય ઉપરાંત ઇતર વિષયો પરની સામગ્રી આપતાં. પછીથી એમાં શુદ્ધ સાહિત્યિક સામયિક, ચોક્કસ વિષય પરનાં સામયિક, એવું વર્ગીકરણ થતું રહ્યું.

ગુજરાતી સામયિક, અગાઉ કહ્યું તેમ, વૃત્તપત્રોની જેમ, નવી કેળવણીની આબોહવાનું પરિણામ હતાં. લૉર્ડ કોર્નવૉલિસે ૧૭૯૨ માં જોનાથન ડંકનના સાથે સંસ્કૃત કૉલેજ સ્થાપી. બ્રિટિશ પ્રજા ભારતમાં એની કેળવણી-પ્રથા દાખલ કરવાના પ્રયત્ન કરી રહી હતી. વિલ્બર ફ્રોર્સે પ્રાથમિક શાળાઓ ખોલવાની માગણીને ઝુંબેશનું સ્વરૂપ આપી દીધું. દરમ્યાન કલકત્તા મુંબઈ તાંજોર વગેરે સ્થાનોએ ઈસાઈ પાદરીઓએ શાળાઓ ચાલુ કરી. રાજા રામમોહનરાયે ડેવિડ હેરની સાથે મળીને ૧૮૧૬ માં 'હિંદુ કૉલેજ' સ્થાપી અને ૧૮૩૩ ના એક ખિલથી બ્રિટિશ શાસને સરકારી નોકરીના દરવાજા બધાને માટે ખુલ્લા મૂકયા.

આમ ચોતરફી ઘટનાઓએ જ્ઞાનપ્રસાર માટે આબોહવા પેદા કરી. મુદ્રણકળા ગોવા થઈને ભારતમાં પ્રવેશી ચૂકી હતી. ગુજરાતી ભાષામાં મુદ્રણનો પુરુષાર્થ ખેડાયો. જીજીભાઈ છાપગરે પહેલવહેલાં ગુજરાતી બીબામાં 'બૉમ્બે કુરીઅર'માં જાહેરાત છાપી. રુસ્તમજી કેરસાસ્પજીએ છાપખાનું શરૂ કર્યું અને નાનાંમોટાં પુસ્તક બજારમાં આવ્યાં. ફરદૂનજી મર્ઝબાને છાપખાનું નાખ્યા પછી ગુજરાતી અખબાર માટે પરિશ્રમ આદર્યો અને પહેલાં સાપ્તાહિક પછી દૈનિક સ્વરૂપે 'મુંબઈ સમાચાર' જુલાઈ, ૧૮૨૨ ના પહેલા જ દિવસે આવ્યું તે ગુજરાતી દૈનિક પત્રકારત્વનું પહેલું સોપાન.

ગુજરાતમાં આ વર્ષોમાં સમાજસુધારા-પ્રવૃત્તિનો વંટોળ શરૂ થયો હતો તેણે પણ નવા જન્મતા સામયિકી પત્રકારત્વને વેગ આપ્યો. પાંચ 'દદ્દા'

(દિનમણિશંકર, દુર્ગારામ, દલપતરામ, દાદોબા અને દોલતરામ) તેમજ ત્રણ 'નન્ના' (નંદશંકર, નવલરામ અને નર્મદ) આ નવાં દ્વાર ખોલવાના ઉત્સાહી અગ્રણી હતા. દુર્ગારામે 'માનવ ધર્મસભા' સ્થાપી એ પૂર્વે 'પુસ્તક પ્રકાશન મંડળી' સ્થપાઈ ચૂકી હતી(૧૮૪૪). ફોર્બ્સે અમદાવાદમાં 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' સ્થાપવા કેટલાક મહાનુભાવોને પ્રેર્યા અને આ સંસ્થા ૧૮૪૮ ના અંતભાગમાં સ્થપાઈ. મુંબઈમાં ૧૮૫૧ માં 'બુદ્ધિવર્ધક સભા'ની સ્થાપના થઈ. 'ફાર્બસ ગુજરાતી સભા', 'જ્ઞાન પ્રચારક મંડળી', 'સુપથ પ્રવર્તક મંડળ', 'વિદ્યાગુણપ્રકાશ', 'બાળ જ્ઞાનોદય', 'મનોરંજક મંડળી' વગેરે મંડળીઓ વિવિધ સ્થાનોએ આકાર લેતી ગઈ. આ મંડળોએ જ્ઞાનપ્રચારના ધ્યેય માટે કેટલાંક પત્ર શરૂ કર્યાં. તેઓનું સ્વરૂપ સાપ્તાહિકોનું હતું અને તેઓમાં વિવિધ વિષયોનાં લખાણ આવતાં હતાં. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ૧૮૪૯ માં 'વરતમાન' શરૂ કર્યું, તો મુંબઈમાં 'રાસ્ત ગોફ્તાર', 'જામે જમશેદ' અને ૧૮૫૨ માં 'સત્યપ્રકાશ' શરૂ થયાં. આ બધાં સાપ્તાહિક હતાં. કેટલાંકે પછીથી એના પ્રકાશનગાળામાં ફેરફાર કર્યા.

દૈનિક અને એનાં પૂર્વરૂપ જેવાં સાપ્તાહિક તેમજ સ્વતંત્રપણે પ્રકાશિત થતાં સાપ્તાહિક બધી દૃષ્ટિએ વૃત્તપત્રના પત્રકારત્વનો ખ્યાલ આપતાં હતાં; સામયિકોની કેડી એનાથી થોડીક જુદી પડે છે. એની વ્યાખ્યાઓમાંથી આટલાં લક્ષણ અલગ તારવી શકાય : (૧) મોટે ભાગે એ મહિને, પણ ઘણી વાર એનાથી ઓછા સમયગાળામાં કે વધુ સમયાંતરે (દ્વૈમાસિક ત્રૈમાસિક વાર્ષિક) અને અનિયત-કાલીન પ્રકાશનમાં બંધાયેલું હોય છે, (૨) એ બે પૂઠાં વચ્ચે બંધાયેલું, વૃત્તપત્ર કરતાં મહદંશે નાના કદનું હોય છે, અને (૩) એમાં જ્ઞાનની વિવિધ સામગ્રી આપવામાં આવતી હોય છે.

આ દૃષ્ટિએ આપણું પહેલું ગણનાપાત્ર સામયિક 'બુદ્ધિપ્રકાશ' છે. ૧૮૫૦ માં એનો પ્રારંભ થયો. એ પહેલાં સામયિક-પ્રકાશનના પ્રયત્ન પણ થયેલા. મુંબઈની એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટના અધ્યાપક શ્રી રીડ પોતાના વિદ્યાર્થીઓની સમક્ષ જ્ઞાન-પ્રસારણ માટે મંડળીઓની સ્થાપનાના મનોરથ પ્રસ્તુત કરતા. એમાંથી પ્રેરણા લઈને કેટલાક વિદ્યાર્થીઓએ 'સ્ટુડન્ટ્સ સોસાયટી' સ્થાપી. આ મંડળીની એક શાખાનું નામ 'ગુજરાતી જ્ઞાનપ્રસારક મંડળી' હતું. એણે ૧૮૪૯ માં એક માસિક શરૂ કર્યું તે 'ગનેઆન પરસારક એટલે જે એલમ તથા હોનરોનો ફેલાવો કરનાર ચોપાનીઉં.' દાદાભાઈ નવરોજી પણ આ પ્રયત્નમાં સામેલ હતા.

આ સામયિક આપણા પ્રારંભિક ગદ્ય અને ભાષાનો પણ પરિચય આપે

છે. એક ઉદાહરણ :

"જારે. ગનેઆંન પરસારક. ચોપાનીઉં. આએ. ટાપુમાં. પહેલ. વહેલું. પરવરતાવીઉં તારે. એવી. હમને. ઈતેજારી. હતી. કે. કેઆરે. એ. આએ. ટાપુમાં. ફેલાવો. પામે. પણ. શુકર ખુદાના કે હમને. એ. વીશે. કહેતાં ઘણી. ખુશી ઉપજેચ. કે. જે. હમારી. ઉમેદ. હતી. તે. ઈઅજદાંએ. પુરી. પાડીચ. અને. આપણાં. દેશીઓએ. હમને. સારી. મદદ–આપીચ."[૨૬]

સમય જતાં એના અધિપતિને 'શુધ જોડની'ની જરૂર લાગી. માસિકનું નામ 'જ્ઞાન પ્રસારક' રાખ્યું અને ત્રીજા વર્ષના આરંભે પ્રકાશિત અંકમાં સ્પષ્ટ કરાયું કે શરૂઆતમાં શુદ્ધ જોડણીનો બહુ આગ્રહ રાખવામાં આવ્યો નહોતો, કારણ કે 'મુંબાઈના ઘણાખરા પારસી રહેવાસીઓને શુધ જોડનીથી લખેલી ગુજરાતી ભાષા વાંચવાનો મહાવરો નથી તેથી કોઈને ચોપાનીઉં પસંદ આવે નહીં.'

૧૮૫૦ અને એની આસપાસનાં વર્ષ આ દૃષ્ટિએ ગુજરાતી સામયિકોના પ્રકાશનમાં મહત્ત્વનાં હતાં. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વિવિધ સ્થળોએ જે 'મંડળીઓ' સ્થપાઈ હતી તેઓનાં પોતાનાં સામયિક શરૂ થયાં. રાજકોટમાં 'વિજ્ઞાન વિલાસ' અને 'ગુજરાત શાળાપત્ર'ની શરૂઆત થઈ, તો જૂનાગઢથી 'સૌરાષ્ટ્ર દર્પણ પ્રકાશન સમિતિ'એ આચાર્ય વલ્લભજી હરિદત્તના તંત્રી–પદે 'સૌરાષ્ટ્ર દર્પણ' શરૂ કર્યું. ભાવનગરથી 'મનોરંજક રત્ન' ત્રણ ભાષામાં નીકળતું. આ ઉપરાંત 'સુબોધપ્રકાશ' 'ધર્મદર્પણ' 'વિવેચક' 'ધર્મપ્રકાશ' 'માસિક સારસંગ્રહ' 'ત્રિમાસિક ટીકાકાર' 'જગતમિત્ર' 'માનવધર્મ' વગેરે સૌરાષ્ટ્રમાંથી પ્રકાશિત થતાં સામયિક હતાં.

પરંતુ ગુજરાતી સામયિકક્ષેત્રે મહત્ત્વની રેખા અંકિત થઈ 'બુદ્ધિપ્રકાશ'ના પ્રારંભથી. ૧૮૫૦ની પંદરમી મેએ એનો પ્રથમાંક બહાર પડચો ત્યારે એનું પ્રકાશન પાક્ષિક-સ્વરૂપનું હતું. સોળ પાનાં અને દોઢ આનાની કિંમતના આ સામયિકનો હેતુ પહેલા અંકમાં જણાવાયો હતો તે પ્રમાણે 'તારે તેટલા માટે આ ચોપાનીઉં છપાવનારાઓનો એવો ઈરાદો છે કે એ ચોપાનીઆમાં એવી વિદ્યાની, ઇતિહાસની, રસાએનશાસ્ત્રની, લોકોના વેહેપાર વિશે, લોકોના ચાલ-ધારા વિશે, જે જે મ્હોટા મ્હોટા માંની લીધેલા વિચારમાં ફેરફાર થાએં, ને હાલમાં જે જે અમુલ વસ્તુઓ છે તેને, જેમ કુકડાને મન રત્ન, તેમ ધીકારીને

નાખી દીએ છે, તે તે વસ્તુઓને ઓલખીને' લેવી ને' જેમ હીરા, મોતી, માણેકને માન આપે છે ને સહાસ પ્રાણ રાખે છે, તેના કદાપી કરોડમા હીસાનું યે તેમને માન આપે એવી રીતની છપાવનારાઓના મનમાં ઈચ્છા છે. પછી તો દઈવ ઈચ્છા જે થાએ તે ખરૂ"૨૭

આ પાક્ષિક દોઢ વર્ષ ચાલ્યું અને બંધ પડ્યું. ગુજરાતી સામયિકના શ્રીગણેશ એનાથી થયા. આ દરમ્યાન ૧૮૫૧માં 'વિદ્યાભ્યાસ મંડળી' સ્થપાઈ હતી. અંગ્રેજી શાળાના આચાર્ય રાવબહાદુર ભોગીલાલ પ્રાણવલ્લભદાસના પરિશ્રમથી 'બુદ્ધિપ્રકાશ' ફરી શરૂ તો થયું (એપ્રિલ, ૧૮૫૪), પણ આ મંડળી જ ધીમે ધીમે વિખેરાઈ ગઈ. દોઢેક વર્ષ એણે ચલાવેલું આ માસિક બાર પાનાંનું હતું અને વર્ષનું લવાજમ એક રૂપિયો હતું.

આ વ્યવસ્થા પણ બહુ વખત ચાલી નહિ. આખરે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'એ એને હાથમાં લીધું. ફાર્બસની પ્રેરણાથી ૧૮૪૮માં સ્થપાયેલી આ મંડળીનો ઉદ્દેશ 'ગુજરાતી ભાષા સાહિત્યનો ઉત્કર્ષ કરવો, ઉપયોગી જ્ઞાનનો પ્રચાર કરવો અને સામાન્ય રીતે કેળવણીની વૃદ્ધિ કરવી' એવો હતો.

શરૂઆતમાં સોસાયટીના મંત્રી હરિલાલ મોહનલાલ અને પછી મગનલાલ વખતચંદે 'બુદ્ધિપ્રકાશ'નું સંચાલન સંભાળ્યું. ૧૮૫૫માં સાદરામાં સરકારી નોકરી કરતા કવિ દલપતરામ ડાહ્યાભાઈ નોકરી છોડી સોસાયટીમાં જોડાયા. 'બુદ્ધિપ્રકાશ'નું તંત્રી-પદ ધારણ કરતાં એમણે લખ્યું (જુલાઈ, ૧૮૫૫):

> 'જે જે સજ્જન જગતમાં, પઢશે બુદ્ધિપ્રકાશ,
> તો તેની, દલપત કહે, પ્રભુ પૂરી કર આશ.'૨૮

'બુદ્ધિપ્રકાશ'નો ઇતિહાસ એક રીતે ગુજરાતના સમાજજીવનનો સંકેત આપતું પ્રકરણ પણ છે. દલપતરામ એમાં મુખ્ય લેખક હતા. પહેલાં પખવાડિક અને પછી માસિક બન્યું. ૬૦૦ જેટલા ગ્રાહક એ મગાવતા, બાકીનો ખર્ચ સોસાયટી પૂરો પાડતી. શિલાછાપમાં છપાતું એ ૧૮૬૪થી ટાઇપમાં છપાવું શરૂ થયું અને એને માટે મુદ્રણાલય પણ સ્થાપવામાં આવ્યું. ૧૮૬૮થી શાસ્ત્રી વ્રજલાલ એના તંત્રી બન્યા હતા. એમણે માસિકનાં થોડાંક પાનાં બાળબોધમાં આપવાનો પ્રયોગ કર્યો. પ્રારંભના લેખકોમાં મગનલાલ વખતચંદ, મહીપતરામ રૂપરામ, ભોગીલાલ પ્રાણવલ્લભદાસ, વ્રજલાલ શાસ્ત્રી, હરગોવિંદદાસ કાંટાવાળા, લાલશંકર ઉમિયાશંકર, ગોપાળ હરિ દેશમુખ વગેરે હતા.

ઇતિહાસ કવિતા ચરિત્ર તત્ત્વજ્ઞાન વાર્તા કેળવણી ભાષાવિષયક નિબંધો અને

સામાન્ય જ્ઞાનના વિષયવૈવિધ્યથી આ માસિકે ગુજરાતમાં આદરનું સ્થાન મેળવ્યું. શ્રી વિશ્વનાથ ભટ્ટના શબ્દોમાં 'પ્રાચીનતાની દૃષ્ટિએ પ્રથમ સ્થાન "બુદ્ધિપ્રકાશ"ને મળશે. તે ગુજરાતી ભાષાનું જૂનામાં જૂનું માસિક પત્ર છે. આપણા પ્રજાજીવનના જૂના અને નવા જમાનાને એણે સાંકળ્યા છે અને આજના વાચકને પાશ્ચાત્ય વિદ્યાસંસ્કૃતિના પ્રારંભની અસરના ઉત્સાહમય દિવસો સુધી દોરી જવાનું એનામાં સાહસ છે.'[૨૯]

૧૮૫૧ માં મહિને બે વાર પ્રકાશિત થતું એક સામયિક શરૂ થયું તે દાદાભાઈ નવરોજીનું 'રાસ્ત ગોફતાર'. આ ગાળામાં બહેરામજી ગાંધીના 'ચિત્રજ્ઞાનદર્પણ'ના લેખો પર હુલ્લડનું દુર્ભાગ્ય આવ્યું હતું. એવી સ્થિતિમાં સ્વતંત્ર પારસી પત્રની જરૂરિયાત કેટલાક પારસી સજ્જનોને લાગી. 'રહનુમાએ મજદયા સનન સભા' મુંબઈમાં હતી જ. એણે ૧૫ નવેમ્બર, ૧૮૫૧થી 'રાસ્ત ગોફતાર' શરૂ કર્યું. શેઠ ખુરશેદજી કામા એને મદદ કરવામાં આગળ હતા. પ્રારંભના ત્રણ અંકોમાં દાદાભાઈએ પારસી સમાજ પરના આક્રમણનો ચિતાર આપેલો. શરૂઆતમાં એ પાક્ષિક હતું, પછીથી ૧૮૫૨ થી સાપ્તાહિક બન્યું. કરસનદાસ મૂળજીએ 'સત્યપ્રકાશ' એની સાથે જોડી દેતાં ૧૮૬૨ માં એ 'રાસ્ત ગોફતાર અને સત્યપ્રકાશ' બન્યું. દાદાભાઈ, કરસનદાસ મૂળજી, કેખુશરુ કાબરાજી, કાવસજી ખંભાતા જેવા ઘણા મહાનુભાવોનો તંત્રી તરીકેનો લાભ આ પત્રને મળ્યો.

૧૮૫૧ માં 'બુદ્ધિવર્ધક ગ્રંથ' શરૂ થયું. નર્મદની એક વાર્તા એના શરૂઆતના અંકમાં જોવા મળે છે: 'ન્હાનપણમાં લગ્ન થવાથી થતાં માઠાં પરિણામ'. અલબત્ત, વાર્તાઓનું સ્વરૂપ ઘડવાની શરૂઆત 'બુદ્ધિપ્રકાશે' કરી હતી અને બીજાં સામયિકોએ એનું અનુકરણ કરેલું. 'આર્યધર્મપ્રકાશ' (જેનું પૂર્વનામ 'હૃદયચક્ષુ' હતું.) એ અંગે (કાર્તિક, સં. ૧૮૯૧) લખે છે, 'હાલમાં બુદ્ધિપ્રકાશ વગેરે જે ચોપાનિયાં નીકળે છે તે દરેકમાં એકાદ નીતિબોધક વાર્તા લખવામાં આવે છે તે પ્રમાણે અમે પણ આપીશું.'

૧૮૬૨ માં 'ગુજરાત શાળાપત્ર' આવ્યું. પ્રારંભે એના તંત્રી મહીપતરામ હતા. 'બુદ્ધિપ્રકાશ' સામે કેટલાક વિષયો પર (જેમ કે પ્રેમાનંદ શ્રેષ્ઠ કે શામળ ?) એણે ચર્ચાયુદ્ધ છેડેલું. ૧૮૭૨ માં નવલરામે આ સામયિકનું તંત્રી-પદ સંભાળ્યું. નવલરામે એમાં ગ્રંથાવલોકન સાથે સૈદ્ધાંતિક અને ઐતિહાસિક વિવેચન-દૃષ્ટિનો સમન્વય કરીને એને ઊંચી કોટિએ પહોંચાડ્યું. નવલરામના મૃત્યુ બાદ એનું સ્થળાંતર રાજકોટથી અમદાવાદ થયું. કમળાશંકર ત્રિવેદી પણ આ સામયિકના તંત્રી રહેલા.

૧૮૬૪ માં 'અર્વાચીનોમાં આદ્ય' નર્મદનું 'ડાંડિયો' પ્રકાશિત થયું. માંડ પાંચ વર્ષ ચાલેલું આ પત્ર પાક્ષિક હતું. સુધારાવાદના આકાંક્ષીઓની મંડળી 'સાક્ષર મંડળ'ના સભ્યોએ એનો પ્રારંભ કર્યો. નર્મદની સાથે ગિરધરલાલ દયાળદાસ અને નગીનદાસ તુળસીદાસ પણ હતા. 'જેમ મોરઅપૈયા મેઘ માટે આતુર હોય છે તેમ ગરીબ, તવંગર, મુરખ, ભણેલ, સ્ત્રી અને પુરુષ પહેલી-પંદરમીના ડાંડિયા માટે વાટ જોતાં.' આ દૃષ્ટિએ એનું સ્વરૂપ ગંભીર વિષયો આપનારા સામયિકનું ન ગણાય, પણ, ૧૮૬૪ થી ૧૮૬૯ સુધી 'ડાંડિયો'નું પ્રકાશન ચાલુ રહ્યું. પછી એ સોરાબજી ઇજનેરના 'સન્ડે રિવ્યુ' સાથે ૧૮૬૯ માં ભળી ગયું. આટલા સમયમાં આ પત્રે વિવિધ ક્ષેત્રોમાં, નર્મદના 'જોસ્સા'ને અનુરૂપ વિલક્ષણ સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. સુરતમાં મીઠાનો કર દાખલ થયો તેના વિરોધમાં પણ 'ડાંડિયો' આગળ રહ્યું હતું.

૧૮૭૧ માં ભોળાનાથ દિવેટિયા અને મહીપતરામે 'પ્રાર્થના સમાજ' ઉપાસના-સંસ્થા ગુજરાતમાં શરૂ કરી. એ સમયે પ્રકાશિત થતા 'ગુજરાત ગેઝેટ' નામના અંગ્રેજી સામયિકની જેમ ગુજરાતીમાં પણ એક સામયિક હોવું જોઈએ એવા વિચારના અમલરૂપે 'જ્ઞાનસુધા' શરૂ કરાયું. પ્રારંભે એ પાક્ષિક હતું, દેવનાગરી લિપિમાં છપાતું, અંગ્રેજી વિભાગ પણ એમાં આવતો અને એ વિભાગની સામગ્રી રમણભાઈ નીલકંઠ સંભાળતા. ૧૮૯૨ થી એ પાક્ષિક મટીને માસિક બન્યું. સામાજિક રૂઢિઓની સામે આ સામયિકમાં સામગ્રી આવતી. 'ભદ્રંભદ્ર' એ સામાજિક કટાક્ષ-કથા આ માસિકમાં ક્રમશઃ પ્રકાશિત થતી. ધનસુખલાલ મહેતાએ નોંધ્યું છે કે 'એ સમયે તો, માત્ર 'જ્ઞાનસુધા'એ જ હાસ્યરસનો ઝંડો ઊંચો રાખેલો.'

૧૮૭૩ માં 'જ્ઞાનપ્રસારક'ને અનુસરવા એક સામયિકનો જન્મ થયો તે 'જ્ઞાનવર્ધક'. આ પારસી-ગુજરાતી સામયિકનો ઇતિહાસ ભાતીગળ છે. લગભગ ૬૭ વર્ષ સુધી પ્રકાશિત થયા કરેલા આ સામયિકની પાછળ શેઠ શાપૂરજી ભીમજીભાઈ તારાપોરવાળાની જહેમત હતી. ૧૮૭૩ માં 'જ્ઞાનપ્રસારક'નો પ્રથમ અંક બહાર પડ્યો તેમાં 'વિદ્યા, હુન્નર, તવારીખ, કેળવણી, સંસારનીતિ, રમૂજ તથા બીજી ઘણી લોકોપયોગી બાબતો' સમાવિષ્ટ કરવાનો તંત્રીએ ઇરાદો વ્યક્ત કર્યો હતો; બીજા વિશ્વયુદ્ધ સુધી આ સામયિકનું પ્રકાશન ચાલુ રહ્યું હતું.

'ગુજરાતી' સાપ્તાહિકના પુરોગામી 'સ્વતંત્રતા' માસિકની શરૂઆત 'શારદા-પૂજક મંડળી'' દ્વારા ૧૮૭૮ માં થઈ. ઇચ્છારામ દેસાઈ એના તંત્રી હતા. પ્રથમ અંકમાં એમણે 'સ્વતંત્રતા'નો મર્મ સમજાવ્યો. આ સામયિક રાજકીય ચેતનાનું પ્રતિનિધિ બની રહ્યું. ૧૮૭૮ માં સુરતમાં હુલ્લડ પછી સરકારી અધિકારીઓની

એના પર કરડી નજર રહી. 'સ્વતંત્રતા'નું ડેકલેરેશન ન જણાતાં સામયિક પર જડતી થઈ, તંત્રીની ધરપકડ થઈ. 'સ્વતંત્રતા' થોડો સમય બંધ રહ્યું અને ન્યાયાલયે એની તરફેણમાં ચુકાદો આપતાં ફરી શરૂ થયું ત્યારે એનો અગ્રલેખ હતો 'સત્તા અને સ્વતંત્રતા'. ૧૮૭૯માં આ સામયિક બંધ પડયું અને એક વર્ષ બાદ 'ગુજરાતી' સાપ્તાહિક તરીકે મુંબઈમાં નવો અવતાર પામ્યું

૧૮૮૧માં 'આર્યજ્ઞાનવર્ધક સભા'એ શરૂ કરેલું 'આર્યજ્ઞાનવર્ધક' એક દસકાથી વધુ સમય ચાલુ રહ્યું હતું. દરમ્યાન મણિલાલ નભુભાઈ દ્વિવેદી દ્વારા સંપાદિત બે સામયિક ગુજરાતી સામયિક–સાહિત્યમાં મહત્ત્વનું પ્રદાન કરતાં થાય છે તે છે 'પ્રિયંવદા' અને 'સુદર્શન'.

'પ્રિયવંદા' ૧૮૮૫ના ઑગષ્ટમાં શરૂ થયું. ત્રીસ વર્ષ ઉપર કેખુશરો કાબરાજી, સોરાબજી બેંગાલી, નાનાભાઈ હરિદાસ, સોરાબજી તાલિયારખાન, શીરીન કાબરાજી વગેરેના પ્રયત્નોથી 'સ્ત્રીબોધ' શરૂ થયેલું, એ પછી સ્વતંત્ર સ્ત્રીસામયિક–પ્રકાશનનો આ મહત્ત્વનો પ્રયાસ હતો. મણિભાઈ દ્વિવેદીના શબ્દોમાં "'પ્રિયંવદા' પોતાની પ્રિય વદવાની રીતથી સર્વને રંજન કરશે, પણ પોતાની સખીઓ તરફ એની દૃષ્ટિ વિશેષ રહેશે ખરી; તેમના કલ્યાણમાં, તેમનાં હૃદય સમજવામાં, તેમને સમજાવવામાં મુખ્ય પ્રયત્ન કરશે?"[૩૦] પાંચ વર્ષ સુધી આ સામયિકમાં સ્ત્રીવિષયક સામગ્રીનું પ્રભુત્વ રહ્યું, પછી નામાંતર કરીને ૧૮૯૦ના ઑક્ટોબરથી એ 'સુદર્શન' બન્યું. ૧૮૮૫થી ૧૮૯૮ સુધી આ સામયિકોનું સંપાદન મણિલાલ દ્વિવેદીએ કર્યું. ૧૮૯૮ના ઑક્ટોબરના પહેલા દિવસે, જયારે 'સુદર્શન'નું ચૌદમું વર્ષ શરૂ થતું હતું ત્યારે, મણિલાલનું દેહાવસાન થયું. એ પછી આ સામયિક આચાર્ય આનંદશંકર ધ્રુવે સંભાળ્યું. ચાર વર્ષ પછી આનંદશંકર ધ્રુવે 'વસંત' શરૂ કર્યું ત્યારે થોડો સમય માધવલાલ દ્વિવેદી 'સુદર્શન'ના તંત્રી થયા અને ટૂંકા ગાળામાં એ સામયિક બંધ પડયું.

અંબારામ ગુલાબીરામ જાની અને ચંદ્રશંકર પંડયાએ ૧૮૯૬માં 'સમાલોચક' શરૂ કર્યું. પહેલાં એ ત્રૈમાસિક હતું, પછીથી માસિક બન્યું. રાજકારણ વિજ્ઞાન અને સાહિત્યનું વિવેચન કરવાનો એનો ઉદ્દેશ હતો, વિશ્વનાથ ભટ્ટના શબ્દોમાં 'મણિલાલ–ગોવર્ધનરામના વિચારક યુગનું તે પ્રતિનિધિ' હતું.

'સમાલોચક' પછી પ્રકાશિત થાય છે 'વસંત', તંમાઘ, સં. ૧૯૫૮(ઈ.સ. ૧૯૦૨) થી એ શરૂ થયું. નર્મદની પંક્તિ 'હૃદયદ્રવ્ય ઊકળાશે જયારે પર્વત તો ઊંચકાશે'ને યાદ કરાવીને આચાર્ય આનંદશંકરભાઈએ સંપાદકીયમાં લખ્યું : 'જે કાલનિયમને અનુસરીને આજથી પચાસેક વર્ષ પર 'બુદ્ધિપ્રકાશ' અને 'બુદ્ધિવર્ધક'નો જન્મ

થયો હતો, વીસેક વર્ષ પર 'પ્રિયંવદા'–'સુદર્શન' અસ્તિત્વમાં આવ્યાં હતાં, એ જ નિયમાનુસાર આજે 'વસંત'નો પ્રાદુર્ભાવ થાય છે.' 'સમયનું યોગ્ય પ્રતિબિંબ ઝીલીને તેના જીવનવિકાસમાં સહાયક થાય,' 'યથાશક્તિ ગુજરાતી સાહિત્યનો વધારો થાય અને તે ગુજરાતી ભાષામાં'[૩૧] એવા ઉદ્દેશ સાથે આ સામયિકનો પ્રારંભ થયો.

'વસન્ત' ગુજરાતી સાહિત્યની એક વિશેષ ઘટના તરીકે પ્રમાણિત થયું. શ્રી હીરાલાલ પારેખે આ સામયિક વિશે નોંધ્યું છે : 'વસન્ત પ્રગટ થયું એ પૂર્વે અંગ્રેજીમાં કેળવાયેલો વર્ગ ગુજરાતી લેખન અને ગુજરાતી સાહિત્યના અભ્યાસ પ્રતિ બહુ બેદરકાર અને બેકદર રહેતો. સામાન્ય વાતચીત અને પત્રવ્યવહારમાં પણ રાજભાષાનો ઉપયોગ થતો. આ પરિસ્થિતિ વિપરીત અને અનિષ્ટ હતી. અંગ્રેજી કેળવણીની શરૂઆત થઈ ત્યારે સર ચાર્લ્સ વૂડે તેના ખરીતામાં ચોખ્ખું માંગી લીધેલું કે આ નવીન કેળવાયેલો વર્ગ, પોતાને પ્રાપ્ત થયેલ પાશ્ચાત્ય જ્ઞાન અને વિદ્યાનો લાભ પોતાના અન્ય બંધુઓને માતૃભાષામાં ઉતારી આપશે. પણ એ આશા નિષ્ફળ નીવડેલી અને તેથી સર જેમ્સ પીલે એ વિષે ઉલ્લેખ કરતાં માતૃભાષાની એ અવગણનાને 'સ્વદેશાભિમાનની ખામી' છે એવું જણાવેલું. પ્રિન્સિપાલ ધ્રુવે, એ 'હૃદયવેધક' શબ્દો ખરા છે એમ 'વસન્ત'ના પ્રથમ અંકમાં, તેનાં ઉદ્દેશ, નામ અને સૂત્રમાં લખતાં, સ્વીકારેલું. પણ તે પછી પરિસ્થિતિ સુધરી ગઈ છે અને અત્યારે સંખ્યાબંધ ગ્રેજ્યુએટો જુદી જુદી રીતે જુદાં જુદાં ક્ષેત્રોમાં પોતાનાં અભ્યાસ અને જ્ઞાનનો લાભ ગુજરાતી દ્વારા આપી રહ્યા છે. તેને ઉત્તેજન આપી બહાર આણી, એને પોષવાનો યશ ખરું કહીએ તો 'વસન્ત'ના તંત્રીને ઘટે છે. ગુજરાતી માસિકોમાં આ સામયિકે વિદ્વત્તાભર્યું, સર્વદેશી અને સંસ્કારી વાતાવરણ ઊભું કર્યું છે.'[૩૨]

૧૯૧૩ માં હરગોવિંદદાસ કાંટાવાળાનું 'સાહિત્ય' આવ્યું. આ સામયિક અને એમના જ હાથે પ્રકાશિત થયેલું 'પ્રાચીન કાવ્ય' ત્રિમાસિક(૧૮૮૫), બંનેનું ગુજરાતી સાહિત્યની સેવામાં મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. 'સાહિત્ય' દ્વારા ઘણાં પ્રાચીન કાવ્ય પ્રકાશમાં આવ્યાં. એ ઉપરાંત સાહિત્યચર્ચા, ગ્રંથાવલોકન, વિવિધ સ્વરૂપોની સામગ્રી વગેરે 'સાહિત્ય'માં પ્રકાશિત થતી. બળવંતરાય ઠાકારે આ સામયિક વિશે ૧૯૩૩ માં નોંધ્યું હતું કે રા. મટુભાઈના તંત્રી–પદે ચાલતા 'સાહિત્યે' વીસ વર્ષમાં બજાવેલી સેવામાં પ્રગટ થતી ચોપડીઓનાં એમણે તત્કાળ લખેલાં–લખાવેલાં અને મળે તેવાં છાપેલાં અવલોકનોની સેવા ઘણી મોટી છે... 'સાહિત્ય' માસિકે એનો વ્યસની વર્ગ વર્ષોથી ઉપજાવી લીધો છે.[૩૩]

૧૯૧૪ ના વર્ષ સુધીનાં આ મહત્ત્વનાં સામયિકો. આ ઉપરાંત વિવિધ

ક્ષેત્રોમાં સામયિકો પણ છેક શરૂઆતથી બહાર પડયા કર્યાં છે. આમાંનાં મોટા ભાગનાં વિવિધ રસના વિષયોને આવરી લેતાં હતાં, કેટલાંક જ્ઞાતિવિશેષનાં મુખપત્ર જેવાં હતાં, તો કેટલાંક બાળકો અને સ્ત્રીવર્ગ માટેનાં. આમાંનાં જેટલાંનાં નામ ઉપલબ્ધ થાય છે તેમાં આર્યજ્ઞાનવર્ધક(૧૮૮૧), ઇતિહાસમાલા–તંત્રી, બાલાશંકર કંથારિયા(૧૮૯૬), ઉદીચ્યહિતેચ્છુ(૧૮૮૯), કપોળમિત્ર(૧૯૦૧), કેળવણી–તંત્રી : નાથાશંકર શાસ્ત્રી(૧૮૮૯), ગપસપ(૧૮૮૭), ગુર્જરવિજય(૧૮૯૫), ગુર્જર બ્રાહ્મણ(૧૯૦૯), ગુલશન(૧૯૧૦), ચંદ્રપ્રકાશ(૧૯૦૬), ચિરાગ(૧૯૦૦), જગત-પ્રેમી(૧૮૫૧), જગતમિત્ર(૧૮૫૦), જૈનધર્મપ્રકાશ(૧૮૮૫), જૈન શ્વેતા-બંર હેરોલ્ડ(૧૯૦૧), જ્યોતિ(૧૯૦૬), ત્રિમાસિક(૧૯૦૫), નવરસ(૧૮૯૯), નૂરે એલાન(૧૮૭૧), ફિરદોશ(૧૯૦૬), ફુરસદ(૧૮૮૧), બાલશિક્ષક(૧૯૧૧), મધુર વચન(૧૮૮૬), માસિક મિત્ર(૧૯૧૧), માસિક મજાહ(૧૮૯૦), મેળાવડો (૧૮૭૩), લક્ષ્મી(૧૮૯૪), વિદ્યામિત્ર(૧૮૭૪), વિવેચક–તંત્રી : ધનશંકર ત્રિપાઠી (૧૯૧૩), સત્ય–તંત્રી : મોતીલાલ દલાલ(૧૯૧૧), સ્ત્રીબોધ(૧૮૫૭), સ્ત્રીમિત્ર (૧૮૮૯), જ્ઞાનદીપ(૧૮૮૩), આર્યધર્મપ્રકાશ(૧૮૭૬), આર્યપ્રકાશ(૧૮૮૭), ભાવપ્રકાશ(૧૮૮૬), મહાકાલ(૧૮૯૮), રાહેરોશન(૧૮૯૫), વિદ્યામિત્ર(૧૮૭૪), વૈદ્યકલ્પતરુ(૧૮૯૫), સત્યોદય(૧૮૭૩) સરસ્વતીશૃંગાર(૧૮૯૯), સુબોધપ્રકાશ (૧૮૮૨), જ્યોતિપ્રકાશ(૧૮૮૫), જ્ઞાનેન્દીવર(૧૮૯૭), જ્ઞાનોદય(૧૮૮૪) વગેરેનો સમાવેશ થાય છે.

—

પ્રથમ વિશ્વયુદ્ધના ઓળા જગત પર ઊતર્યા એની અનેક ક્ષેત્રો પર અસર થઈ. ગુજરાતી સામયિક–જગતે પણ ઘણા આંચકા અનુભવ્યા.

## પાદટીપ

૧. 'રાસ્ત ગોફ્તાર', તા. ૩–૧–૧૮૫૮

૨. 'પારસી પ્રકાશ', દફતર ૪, ભા. ૧, પૃ. ૪૬

૩. K. M. Munshi, *Gujarat and Its Literature*, p. 305

૪. 'ગુજરાતી', તા. ૧૦–૧૦–૧૮૮૦

૫. ગુજરાતીમાંની 'ભર કટોરા રંગ' નામે 'બીરબલ'ની હળવી કટારો બહુ લોકપ્રિય બની હતી. 'બીરબલ' એ ખરશેદજી બમનજી ફરામરોજ. 'મસ્ત ફકીર'ના શબ્દોમાં "ભર કટોરા રંગ'ની એમની હળવી લેખમાળા વાંચવા 'ગુજરાતી' પત્રના ગ્રાહકો દર અઠવાડિયે ખડે પગે તૈયાર રહેતા અને એક પારસી કેટલું સુંદર, શુદ્ધ ગુજરાતી લખે છે અને સમકાલીન ગંભીર પ્રશ્નો પર કેવી વક્ર દષ્ટિથી કટાક્ષો ફેંકી શકે છે એ જોઈ વિસ્મય પામતા. એમના જમાનામાં 'બીરબલ' હળવી કટારોના ક્ષેત્રમાં તો લગભગ

બિનહરીફ હતા.'' ('હિન્દુસ્તાન-પ્રજામિત્ર રજત મહોત્સવ અંક'-(૧૯૩૮), પૃ. ૫૩ અને ૬૨).

૬. મગનલાલ વખતચંદ, 'અમદાવાદનો ઇતિહાસ', પૃ. ૧૮૭
૭. નાનાલાલ દલપતરામ કવિ, 'કવીશ્વર દલપતરામ', ભા. ૨, પૂર્વાર્ધ, પૃ. ૮૪
૮. 'બુદ્ધિપ્રકાશ' પ્રથમાંક (૧૮૫૦)
૯. નાનાલાલ દલપતરામ કવિ, ઉપર્યુક્ત, પૃ. ૮૫-૮૬
૧૦. મગનલાલ વખતચંદ, ઉપર્યુક્ત, પ્રસ્તાવના, પૃ. ૪
૧૧. મણિલાલ ન. દ્વિવેદી, 'સુદર્શન ગદ્યાવલિ', પૃ. ૯૩૩
૧૨. 'ખેડા વર્તમાન,', તા. ૨૫-૧૨-૧૯૪૦
૧૩. *The Bombny Review,* 15-10-1897
૧૪. રતન માર્શલ, 'ગુજરાતી પત્રકારિત્વનો ઇતિહાસ', પૃ. ૧૫૫-૧૫૬
૧૫. ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી, 'સાઠીના સાહિત્યનું દિગ્દર્શન', પૃ. ૨૯૩
૧૬. વિજયરાય ક. વૈદ્ય, 'લીલાંસૂકાં પાન', પૃ. ૧૮
૧૭-૧૮ 'પ્રજાબંધુ', તા. ૬-૩-૧૮૯૮
૧૯. 'ગુજરાતી પંચ રજત મહોત્સવ ખાસ અંક,' પૃ. ૧
૨૦. હીરાલાલ ત્રિ. પારેખ, 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન', ખંડ ૨, પૃ. ૧૯૬
૨૧. 'પારસી પ્રકાશ', દફ્તર ૧, ભા. ૬, પૃ. ૫૩૯
૨૨. નર્મદાશંકર લાલશંકર, 'મારી હકીકત', ભા. ૧, પૃ. ૩૫ અને ૩૯
૨૩-૨૪ 'પારસી પ્રકાશ', દફ્તર ૩, પૃ. ૧૯૧
૨૫. મહાદેવ હરિભાઈ દેસાઈ, 'વૃત્તવિવેચન અને વૃત્તવિવેચકો', ''ગુજરાતી સાહિત્ય પરિષદનું ૧૨ મું અધિવેશન'' (પત્રકારત્વ વિભાગના પ્રમુખનું વ્યાખ્યાન), પૃ. ૫-૬
૨૬. 'ગનેન્યાન પરસારક', જૂન, ૧૮૪૯, પૃ. ૩
૨૭. 'બુદ્ધિપ્રકાશ', પ્રથમાંક (મે, ૧૮૫૦), પૃ. ૩
૨૮. હીરાલાલ ત્રિ. પારેખ, 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ', પૃ. ૧૫૧
૨૯. 'વસંત', વર્ષ ૨૧, અં. ૧૦, પૃ. ૩૯૨
૩૦. 'પ્રિયંવદા', ઑગષ્ટ, ૧૮૮૫, પૃ. ૪
૩૧. 'વસંત', વર્ષ ૧, અંક ૧, પૃ. ૭
૩૨. 'એજન', વર્ષ ૨૬, અં. ૧૧, પૃ. ૪૦૭-૦૮
૩૩. 'કૌમુદી', નવું પુસ્તક ૭, અં. ૨ (ફેબ્રુ., ૧૯૩૩), પૃ. ૧૮૬

## પ્રકરણ : ૧૫

# ધાર્મિક સ્થિતિ

ગુજરાતમાં ઈ.સ. ૧૮૧૮ માં બ્રિટિશ સત્તા સર્વોપરિ બની ત્યારથી ગુજરાતના સામાજિક જીવનમાં નવા સાંસ્કૃતિક પ્રવાહોની શરૂઆત થઇ. લોકોએ ગુજરાતમાં હકૂમતની સ્થાપનાને આવકારી, કારણ કે એ પહેલાં મરાઠા–તંત્ર દરમ્યાન ગુજરાતમાં બ્રિટિશ રાજકીય સ્થિરતાનો અભાવ હતો. રાજકીય અસ્થિરતાની અસર આર્થિક-સામાજિક તથા સાંસ્કૃતિક જીવન પર પણ ખૂબ પડી હતી. સતત યુદ્ધના વાતાવરણમાં વેપાર–વાણિજ્ય પડી ભાગ્યાં, લુટારાઓ તથા અસામાજિક તત્ત્વોનું વર્ચસ વધ્યું[1] અને એને પરિણામે સમાજની માનસિક ક્ષિતિજ પણ મર્યાદિત બની. સામાજિક સંબંધોમાં અજ્ઞાન તથા વહેમનું પ્રાધાન્ય વધ્યું.[2] ધર્મસંપ્રદાયો પર પણ યુગપરિબળોની અસર ખૂબ હતી. આ સંજોગોમાં સ્વામી સહજાનંદે હિંદુ સમાજના પ્રણાલીગત માળખામાં રહીને ધર્મસુધારાનું આંદોલન શરૂ કર્યું.

અંગ્રેજી હકૂમતે નવું વહીવટી આર્થિક તથા શૈક્ષણિક માળખું ઊભું કરવાની શરૂઆત કરી. નવા શિક્ષિત મધ્યમ વર્ગે ગુજરાતમાં જુનવાણી વલણો સામે જેહાદ ઉપાડી અને પાશ્ચાત્ય સંસ્કૃતિનાં મૂલ્યો અને જીવનપદ્ધતિને ભારતની સાંસ્કૃતિક પ્રણાલીમાં મર્યાદિત રીતે પણ જોડવા પ્રયાસ કર્યો. આમ ગુજરાતમાં ધાર્મિક સુધારાનું આંદોલન શરૂ થયું. બીજી બાજુ, નવા શિક્ષિત વર્ગમાંથી જ કેટલાકે ભારતની સાંસ્કૃતિક અસ્મિતા જાળવી રાખવા માટે ધાર્મિક ક્ષેત્રે નવા સુધારકો સામે આંદોલન શરૂ કર્યું. ૧૯ મી સદીના અંતે અને ૨૦ મી સદીની શરૂઆતમાં ગુજરાતના સમાજમાં સાંસ્કૃતિક ક્ષેત્રે નવા સમન્વયીકરણની ભાવના ઉદ્દભવી, જો કે આ પ્રકારની ભાવના જ્યાં નવા શિક્ષણનો ફેલાવો થયો હતો તે વિસ્તારમાં વિશેષ જોવા મળે છે.

### ૧. ધર્મસંપ્રદાયોની સામાન્ય સમીક્ષા

૧૯ મી સદીના અંત પહેલાં એટલે કે ઈ.સ. ૧૮૯૧ ની વસ્તી–ગણતરી મુજબ દેશી રાજ્યો સહિત ગુજરાતની કુલ વસ્તી ૧,૧૦.૩૬,૭૦૬ જેટલી હતી, જેમાંથી ૯૮,૮૭,૮૧૦ એટલે કે ૮૯.૫૯ ટકા જેટલી વસ્તી જૈનો સહિત હિંદુઓની હતી. મુસ્લિમ વસ્તી ૧૧,૧૩,૪૭૪ એટલે કે ૧૦.૦૯ ટકા જેટલી અને પારસીઓની

વસ્તી ૨૭,૭૧૨ એટલે ૨૫ ટકા જેટલી હતી, જ્યારે ખ્રિસ્તીઓની વસ્તી ૭,૦૪૪ જેટલી અને અન્ય વસ્તી ૬૬૬ જેટલી હતી.[3]

## હિંદુ ધર્મ-સંપ્રદાયો

જૈનોને બાદ કરતાં હિંદુઓ સામાન્ય રીતે બ્રાહ્મણધર્મની પ્રણાલીમાં માનનારા હતા. જુદાં જુદાં દેવ-દેવીઓની ઉપાસના તેમજ શક્તિની ઉપાસના હિંદુઓના રોજિંદા ધાર્મિક વ્યવહારમાં જોવા મળતી હતી.[4] એ સમયનો હિંદુ સમાજ મુખ્યત્વે વૈષ્ણવ અને સ્માર્ત સંપ્રદાયમાં વહેંચાયેલો હતો. ઈ.સ.૧૮૭૨ ની વસ્તી-ગણતરી મુજબ સ્માર્ત સંપ્રદાયના અનુયાયીઓની સંખ્યા ૬,૯૦,૧૨૪ ની હતી. આ સંપ્રદાયમાં માનનારાઓનો મોટા ભાગનો વર્ગ બ્રાહ્મણોનો હતો. ઈ.સ. ૧૮૯૧ ની વસ્તી-ગણતરી મુજબ સમગ્ર ગુજરાતમાં બ્રાહ્મણોની સંખ્યા કુલ વસ્તીના ૫.૭૫ ટકા એટલે કે ૫,૬૮,૮૬૮ જેટલી હતી, જ્યારે રામ કે કૃષ્ણમાં માનનારા જુદા જુદા પંથોને આવરી લેતા વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓની સંખ્યા ઈ.સ. ૧૮૭૨ ની ગણતરી મુજબ લગભગ ૨૮,૦૭,૪૨૪ જેટલી હતી.[5] એ પૈકી લગભગ ૧૧ લાખ રામાનુજી વૈષ્ણવ નોંધાયા છે.

બ્રાહ્મણ અને વૈષ્ણવ વાણિયાઓ બાદ કરતાં ગુજરાતના હિંદુ સમાજમાં જુદા જુદા પંથો કે સંપ્રદાયોના અનુયાયીઓની સંખ્યા પણ સારા પ્રમાણમાં હતી. આ સંપ્રદાયોમાં રામાનંદી, સ્વામિનારાયણ અને કબીરપંથી સંપ્રદાય મુખ્ય હતા. એ ઉપરાંત નાના પંથોમાં બીજમાર્ગી, પ્રણામી કે નિજાનંદી, રામસનેહી, દાદુપંથી, શાક્ત કે વામમાર્ગી, રવિપંથી, ઉદાસી, પીરાણાપંથી, રાધાવલ્લભપંથી, સંતરામપંથી જેવા નાના સંપ્રદાયોનો પણ સમાવેશ થતો હતો.[6]

**રામાનંદી પંથ :** વૈષ્ણવ સંપ્રદાયમાં રામના ઉપાસકોમાં મુખ્યત્વે રામાનંદી અને રામસનેહી જેવા પંથોનો સમાવેશ થતો હતો. રામાનંદી પંથના સ્થાપક રામાનંદ (આશરે ઈ.સ. ૧૩૦૦-૧૪૦૦) હતા. એમના અનુયાયીઓ અવધૂત તરીકે પણ ઓળખાતા. રામાનંદી પંથના સાધુઓ ભભૂત ચોળનારા નાગા સાધુઓ તરીકે પણ ઓળખાતા. આ સાધુઓ સિવાયના અનુયાયીઓ સંજોગી તરીકે ઓળખાતા. તેઓ લગ્ન કરી શકતા હતા. આ પંથના અનુયાયીઓ દયા દાન અને સદ્‌ગુણી જીવન પર વિશેષ ભાર મૂકતા. ગુજરાતમાં રામાનંદી પંથના અનુયાયીઓમાં બ્રાહ્મણ તથા વાણિયા સિવાયના લોકોનો સમાવેશ થતો હતો. સૌરાષ્ટ્રમાં અનેક ગામોમાં રામાનંદી મંદિર હતાં. ગુજરાતમાં કણબી લુહાર કડિયા દરજી વગેરે કોમોમાં આ પંથનો પ્રચાર સારા પ્રમાણમાં થયો હતો.[7]

**રામસનેહી પંથ :** આ પંથની સ્થાપના જોધપુરના સાધુ સંતદાસ અથવા રામદાસે ઈ.સ. ૧૭૪૨ માં કરી હતી. આ પંથના અનુયાયીઓની સંખ્યા મારવાડમાં વિશેષ હતી, જ્યારે ગુજરાતમાં ઈડર પ્રાંતીજ અમદાવાદ વડોદરા ઓલપાડ રાંદેર સુરત વલસાડ વગેરે સ્થળોમાં રામસનેહી-પંથીઓ જોવા મળતા હતા. આ પંથના અનુયાયીઓમાં બ્રાહ્મણ સોની રાજપૂત વગેરેનો સમાવેશ થતો હતો. તેઓ રામની મૂર્તિની પૂજા કરવાને બદલે નામસ્મરણ પર વધારે ભાર મૂકતા.[૮]

**પુષ્ટિમાર્ગ :** આ સંપ્રદાયના સ્થાપક વલ્લભાચાર્ય (ઈ. સ ૧૪૭૩-૧૫૩૧) હતા. ભગવાનની કેવળ કૃપા જ નિયામક હોઈ આ સંપ્રદાય પુષ્ટિમાર્ગ તરીકે ઓળખાતો. ઈ. સ. ૧૮૭૨ ની વસ્તી-ગણતરી મુજબ આ સંપ્રદાયના અનુયાયીઓની સંખ્યા ૬,૪૭,૨૫૬ જેટલી હતી.[૯] શ્રીકૃષ્ણને ઇષ્ટદેવ તરીકે સ્વીકારીને ગોપીભાવથી ભક્તિ કરવી અને એ રીતે કૃષ્ણને જ તન મન ધન વગેરે બધું જ સમર્પિત કરવું એ આ સંપ્રદાયની વિશિષ્ટતા છે.[૧૦] આ સંપ્રદાયની મુખ્ય સાત ગાદીઓ પૈકી છઠ્ઠી ગાદીનાં બે સ્વરૂપ વડોદરા અને સુરતમાં છે.[૧૧] આ કેંદ્રોની ગાદી પર આચાર્ય તરીકે મહારાજ કે ગોસ્વામી તરીકે ઓળખાતા વલ્લભાચાર્યના વંશજો હતા. ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છનાં બીજાં શહેરો તેમજ કસબાઓમાં પણ વલ્લભ-સંપ્રદાયનાં કેંદ્ર હતાં.[૧૨] આ સંપ્રદાયના અનુયાયીઓમાં મુખ્યત્વે વાણિયા ભાટિયા લોહાણા બ્રહ્મક્ષત્રિય કાયસ્થ પાટીદાર કણબી વગેરે મુખ્યત્વે ઉચ્ચવર્ણોનો સમાવેશ થતો હતો. બ્રાહ્મણો તેમ નાગરોમાં પણ કેટલાક આ સંપ્રદાયના અનુયાયી હતા.

**સ્વામિનારાયણ સંપ્રદાય :** સહજાનંદ સ્વામી (ઈ. સ. ૧૭૮૧-૧૮૩૦) દ્વારા સ્થપાયેલા સ્વામિનારાયણ-સંપ્રદાયના અનુયાયીઓની સંખ્યા ઈ.સ. ૧૮૭૨ની વસ્તી-ગણતરી મુજબ ૨,૮૭,૬૮૭ જેટલી હતી. હિંદુ સમાજમાં ફેલાયેલાં કેટલાંય અનિષ્ટોને સહજાનંદ સ્વામીએ દૂર કરવા પ્રયાસ કર્યા હતા. આ સંપ્રદાયમાં ચારિત્ર્ય-શુદ્ધિ તેમજ વ્યસનોમાંથી મુક્તિ મેળવવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો. એના અનુયાયીઓમાં પાટીદાર ભાવસાર ચારણ દરજી ઘાંચી કણબી કાઠી કોળી લુહાર રાજપૂત સલાટ સોની સુથાર વગેરેનો સમાવેશ થયો હતો. સ્વામિનારાયણ સંપ્રદાયના વિચાર 'શિક્ષાપત્રી' તેમજ 'વચનામૃત'માં રજૂ કરવામાં આવ્યા હતા.[૧૩] ૧૯ મી સદીની શરૂઆતમાં ધર્મસુધારાના આંદોલનમાં સહજાનંદ સ્વામીનો ફાળો મહત્ત્વનો હતો.

**કબીર સંપ્રદાય :** આ સંપ્રદાયનો વિકાસ રામાનંદી સંપ્રદાયની શાખારૂપે થયો હતો. કબીર(ઈ.સ. ૧૩૯૮-૧૫૧૮) દ્વારા શરૂ કરવામાં આવેલા આ સંપ્રદાયમાં હિંદુ-મુસ્લિમ વચ્ચે કોઈ ભેદભાવ રાખવામાં આવ્યો ન હતો. બાહ્ય

કર્મકાંડ કે ક્રિયાઓ કરતાં જીવનશુદ્ધિ અને આંતરચેતનાના વિકાસ સાથે વિશ્વબંધુત્વની ભાવનાને આ સંપ્રદાયમાં વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. ઈ.સ.૧૮૭૨ ની વસ્તી-ગણતરી મુજબ આ સંપ્રદાયના અનુયાયીઓની સંખ્યા ૨,૦૦,૭૫૮ જેટલી હતી, જેમાં લોહાણા કણબી સોની ખત્રી કાછિયા ઘાંચી ભાવસાર વાળંદ ધોબી કડિયા કોળી વગેરેનો સમાવેશ થતો હતો.[૧૪]

**સ્માર્ત સંપ્રદાય :** સ્માર્ત સંપ્રદાયમાં ભગવાન શિવની ભક્તિ મુખ્ય ગણાય છે. ગુજરાતમાં પ્રાચીન કાળથી શિવની ઉપાસના થતી આવી છે. ગુજરાતમાં ભાગ્યેજ કોઈ એવું ગામ હશે કે જ્યાં ચોરામાં રામ કે કૃષ્ણની પૂજા તથા ગામની બહાર શિવની પૂજા થતી ન હોય. ગુજરાતમાં નાથસંપ્રદાય પણ સ્માર્ત સંપ્રદાયનો જ એક ફાંટો હતો. કચ્છમાં ધીણોધર ગામમાં નાથસંપ્રદાયનો એક મઠ આવેલો છે. આ શાખાના સાધુઓ 'કાનફટા' તરીકે ઓળખાતા. સ્માર્ત સંપ્રદાયમાં ગોરખપંથી 'કાનફટા' સાધુઓ ઉપરાંત દંડી, સંન્યાસી, યોગી, જંગમ, પરમહંસ, અઘોરી, ઊર્ધ્વબાહુ, આકાશમુખી વગેરેનો સમાવેશ થતો હતો. સ્માર્ત સંપ્રદાયમાં આસ્થા ધરાવનારાઓમાં મુખ્યત્વે બ્રાહ્મણોનો સમાવેશ થતો હતો. એ ઉપરાંત રાજપૂતો વાણિયા કણબી ભાટ સુથાર સલાટ સોની ચારણ તરગાળા વગેરે એ સંપ્રદાયના અનુયાયીઓ હતા[૧૫]

**બીજપંથી અથવા બીજમા :** પાંચસો વર્ષ પર્ગીહેલાં કાશીમાં સ્થપાયેલા આ સંપ્રદાયના અનુયાયીઓ ઘોડાની છમીની પૂજા કરતા હતા. જેસલમેરના ઉગમસી, મારવાડના રાજા માલદેવ, એની રાણી રૂપાંદે, રામદેવ પીર વગેરેને આ પંથમાં સંત તરીકે માનવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં સૂરો રબારી અને સતી તરીકે ઓળખાતી તોલીરાણી વગેરેએ આ પંથનો ફેલાવો કર્યો હતો. આ પંથના અનુયાયીઓમાં બ્રાહ્મણ વાણિયા લોહાણા રાજપૂત સથવારા માળી લુહાર દરજી ભાવસાર ગોલા ખારવા આહીર બાબરિયા કોળી કાઠી ચારણ વગેરેનો સમાવેશ થતો હતો.[૧૬]

**પ્રણામી સંપ્રદાય :** પ્રણામી અથવા નિજાનંદ સંપ્રદાયના સ્થાપક આચાર્ય દેવચંદ્રજી(ઈ.સ. ૧૫૮૨-૧૬૫૫)નો જન્મ ઉમરકોટ(સિંધ)માં થયો હતો. નાની વયે આત્મજ્ઞાનની ખોજમાં એ સિંધ છોડીને કચ્છમાં આવ્યા. કચ્છમાં દશેક વર્ષ સુધી રહીને ત્યાંથી જામનગર આવ્યા. જામનગરમાં કાનજી ભટ્ટ નામના વિદ્વાન પાસેથી ભાગવતનું રહસ્ય પ્રાપ્ત કર્યું અને 'નિજાનંદ સંપ્રદાય'ની સ્થાપના કરી, પરંતુ ગુજરાત બહાર-સમગ્ર ઉત્તર ભારતમાં આ સંપ્રદાયનો ફેલાવો કરવામાં જામનગરમાં જન્મેલા અને દેવચંદ્રના મુખ્ય શિષ્ય એવા સંત પ્રાણનાથ- બાળપણનું

નામ મહેરાજ(ઈ.સ. ૧૬૧૮-૧૬૮૪)-નો ફાળો ખૂબ મહત્ત્વનો રહ્યો હતો. એમણે હિંદુ ધર્મ અને ઇસ્લામના તાત્ત્વિક સિદ્ધાંતોની એકતા દર્શાવીને ઔરંગઝેબની ધર્માંધ નીતિને પડકારી હતી. એમની વાણી 'કુલજમ સ્વરૂપ-સાહેબ' નામે ઓળખાતા સંપ્રદાયના ગ્રંથમાં સંગૃહીત કરવામાં આવી હતી. એમણે હિંદુ-મુસ્લિમ એકતા ઉપરાંત અસ્પૃશ્યતાનિવારણ માટે ખાસ પ્રયાસ કર્યા હતા. પ્રણામી સંપ્રદાયમાં મૂર્તિપૂજાનો નિષેધ કરવામાં આવ્યો હતો. મૂર્તિને સ્થાને સંપ્રદાયના ગ્રંથ 'કુલજમ સ્વરૂપસાહેબ'ની પ્રતિષ્ઠા કરીને એનું પૂજન-પઠન કરવામાં આવતું. આ પદ્ધતિ અદ્યાપિપર્યંત ચાલુ છે. પાટીદાર કાયસ્થ મોઢ-વાણિયા રાજપૂત ભાટ સુથાર દરજી ગોલા કડિયા કોળી વગેરે આ સંપ્રદાયના અનુયાયીઓ હતા. સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આ સંપ્રદાયનાં લગભગ ૯૨ જેટલાં મંદિર આવેલાં છે.[૧૭]

**દેવી-શાક્ત પંથ :** ઘણા પ્રાચીન કાળથી ગુજરાતમાં શાક્તસંપ્રદાય પ્રચલિત હતો. ગુજરાતની મહત્ત્વની શાક્તપીઠોમાં આરાસુરમાં અંબિકાપીઠ, ગિરનાર અને પાવાગઢમાં કાલિકાપીઠ, ચુંવાળમાં બહુચરાજીનું સ્થાનક, પોરબંદર પાસે હરસિદ્ધિ દેવીપીઠ, કચ્છમાં આશાપુરા માતા, ઓખાબંદરમાં અભયા માતાપીઠ, દ્વારકામાં રુકૂમિણી ચંદ્રભાગા ભદ્રકાલીપીઠ, હળવદમાં સુંદરીપીઠ, નર્મદાતટે અનસૂયાક્ષેત્ર, વગેરે નોંધપાત્ર દેવીસ્થાન આવેલાં છે. આ ઉપરાંત ગુજરાત અને કચ્છ-સૌરાષ્ટ્રમાં ઘણી ગ્રામદેવીઓની પણ પૂજા થતી. શીતળા મેલડી વગેરેનું મહત્ત્વ સમાજના નીચલા સ્તરોમાં ખૂબ હતું.

શાક્તપંથમાં દક્ષિણાચારી અને વામાચારી એમ બે અલગ અલગ ફાંટા હતા. ૧૯ મી સદી પહેલાં દક્ષિણાચારી પશુવધ કરીને યજ્ઞમાં લોહી હોમતા, પરંતુ પાછળથી પશુને સ્થાને યજ્ઞમાં અનાજ દૂધ વગેરે હોમાતાં થયાં. વામાચારી પંથમાં માનનારા ભૈરવ સ્વરૂપના શિવની પૂજા કરતા. એ ઉપરાંત તેઓ ડાકણી અને સાકણીની પૂજા પણ કરતા. વામમાર્ગી શાક્તપંથીઓમાં કૌલ અઘોરી પરમહંસ અવધડ અને શરભંગી એમ પાંચ પ્રકારના અનુયાયી હતા. મેલી વિદ્યા કે તંત્ર અનુસાર કૌલપ્રકારના વામમાર્ગી લોહી માંસ માછલી મદિરા મૈથુન વગેરેની ક્રિયાઓ દ્વારા પૂજા કરતા. ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં આ કૌલ વામમાર્ગી 'કાંચકિયા પંથી' તરીકે પણ ઓળખાતા.[૧૮]

**માધવગર પંથ :** ઈ.સ. ૧૮૨૪ માં નડિયાદના માધવગર દ્વારા આ પંથ સ્થાપવામાં આવ્યો હતો. આ પંથમાં મૂર્તિપૂજાનો નિષેધ કરવામાં આવ્યો હતો. ઉપવાસ દેહદમન કે યજ્ઞમાં પશુહિંસાને આ પંથમાં સ્થાન ન હતું. આ પંથના અનુયાયીઓમાં બ્રાહ્મણ પાટીદાર સંઘાડિયા વાળંદ વગેરેનો સમાવેશ થતો હતો.[૧૯]

**પીરાણા પંથ :** આ પંથના સ્થાપક ઇમામશાહ હતા. એમણે ઈ.સ. ૧૪૪૯ માં ઈરાનમાંથી ગુજરાતમાં આવીને એની સ્થાપના કરી હતી. ઇમામશાહના ચમત્કારોથી પ્રભાવિત થઈને ઘણા બ્રાહ્મણ કાછિયા મતિયા કણબી વગેરે આ પંથમાં જોડાયા હતા. આ પંથમાં મૂર્તિપૂજાનો નિષેધ કરવામાં આવ્યો હતો. એના અનુયાયીઓ હિંદુ તેમજ મુસ્લિમ તહેવાર ઊજવતા. હિંદુ અનુયાયીઓ એમની જ્ઞાતિના નિયમોનું પાલન કરતા અને હિંદુ ધર્મપુસ્તકોનું અધ્યયન કરતા. ફક્ત ઇમામશાહ તરફના પૂજ્યભાવને લીધે એ મૃત્યુ પામેલાના અગ્નિસંસ્કાર કર્યા પછી એની ભસ્મને અમદાવાદ નજીક આવેલા પીરાણા મુકામે દફનાવતા.[૨૦]

**રવિ પંથ :** જૂનાગઢ નજીકના શાહપુરના વતની રવિ સાહેબે ઈ.સ. ૧૭૫૦ માં આ પંથની સ્થાપના કરી હતી. આ પંથના અનુયાયીઓ વડોદરા વિસ્તારમાં પણ હતા. એમાં મુખ્યત્વે લોહાણા કાછિયા સુથાર ગઢવી ચારણ વગેરેનો સમાવેશ થતો હતો. રવિપંથીઓ હકીકતમાં વૈષ્ણવ-ધર્મની ઉપાસના કરતા.[૨૧]

**સંતરામ પંથ :** અઢારમી સદી દરમ્યાન નડિયાદમાં સંતરામ મહારાજે આ પંથની સ્થાપના કરી હતી. આ પંથમાં દરેક જાતિ કે જ્ઞાતિના લોક હતા. સદ્ગુણી જીવન તથા નૈતિકતા પર સંતરામ મહારાજે ખાસ ભાર મૂકયો હતો.[૨૨]

**ઉદાસી પંથ :** ચારસો વર્ષ પહેલાં બારડોલીના ઉદા કણબીઓમાં ગોપાળદાસ નામની વ્યક્તિએ આ પંથની શરૂઆત કરી હતી. અખાડાઓમાં રહેતા નાનકપંથી ઉદાસી કરતાં આ પંથ જુદો હતો.[૨૩]

**દાદુ પંથ :** ઈ.સ. ૧૬૦૦ માં દાદુરામ અથવા દયાળજી દ્વારા દાદુપંથની સ્થાપના કરવામાં આવી હતી. ઉપાસના અને સિદ્ધાંતની દષ્ટિએ દાદુપંથ કબીર-પંથને ઘણો મળતો હતો. કબીર તથા દાદુનાં વચનોનું અને લખાણોનું અધ્યયન આ પંથના અનુયાયીઓ કરતા. મુખ્યત્વે અનાવળા-બ્રાહ્મણ વાણિયા કણબી સુથાર લુહાર કાછિયા વાળંદ વગેરે આ પંથના અનુયાયી હતા.[૨૪]

આ ઉપરાંત ઈ.સ. ૧૫૮૫ માં વૃંદાવનના હરિવંશ દ્વારા સ્થપાયેલ રાધા-વલ્લભપંથ હતો તેના અનુયાયીઓમાં નીચલી જ્ઞાતિના લોકોનો સમાવેશ થતો હતો. ગોસાઈ લક્ષ્મણગર દ્વારા સ્થપાયેલ લક્ષ્મણગર-પંથના અનુયાયીઓમાં વાળંદ કુંભાર કણબી કોળી વગેરે હતા. આણંદ પાસે આવેલા સારસાના કુબેરદાસ નામના સંતના અનુયાયીઓ 'સત્ કેવલી પંથ'ના તરીકે ઓળખાતા હતા. એમાં મુખ્યત્વે લુહારો હતા. આ ઉપરાંત ઈ.સ. ૧૭૨૪ માં રણછોડજી નામના વાણિયા દ્વારા રણછોડ ભગત-પંથની શરૂઆત થઈ હતી.[૨૫]

હિંદુધર્મના આ જુદા જુદા સંપ્રદાયો ઉપરાંત ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઘણા સંતોએ જનસેવા દ્વારા અને પોતાના નિર્મળ જીવન દ્વારા પ્રજાજીવનનો નૈતિક સ્તર ઊંચે લાવવા મહત્ત્વના પ્રયાસ કર્યા હતા. એમણે અભ્યાગતો માટે અન્નદાન–સદાવ્રત સ્થાપ્યાં અને દુષ્કાળો દરમ્યાન ગરીબોના પેટનો ખાડો પૂર્યો હતો. આવાં 'સેવામંદિરો'માં રક્તપીતિયા–કોઢિયાઓની સેવા પણ થતી. આ સંતોએ જીવન અને કવનનો અખૂટ ભંડાર ખોલી બતાવ્યો અને ધર્મનાં શ્રેષ્ઠ અંગ–ઉપાંગો એમણે પોતાનાં ભજનમાં બતાવ્યાં. આવા ઘણા સંતો તો આહીર રબારી કોળી જેવા સમાજના નીચલા સ્તરોમાંથી આવ્યા હતા. મહીદાસ, લુણેમેર, ગંગાજી મહારાજ, મીઠો ઢાઢી, આણુદાબાવા, જલારામ બાપા, સાયલાના લાલજી ભગત, સતધારના સંત આપા ગીગા, વીરજી ભગત, વાલમરામ, મોરાર સાહેબ, મીઠા મા'રાજ, ભીમસાહેબ, હોથીજી, દેવીદાસ ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાયના અનેક સંતોએ સૌરાષ્ટ્રના સમાજજીવનમાં ધર્મ–પ્રાણ પૂર્યો હતો.[૨૫અ]

**શ્રાવક વાણિયા :** ૧૯ મી સદીના અંત પહેલાં ગુજરાતમાં વાણિયાની કુલ વસ્તીના લગભગ ૬૧ ટકા જેટલી એટલે કે ૩,૩૪,૬૪૫ જેટલી વસ્તી શ્રાવક વાણિયાઓની હતી. એમાં મુખ્યત્વે દિગંબર અને શ્વેતાંબર એમ બે જૈન સંપ્રદાયોના અનુયાયીઓની વસ્તી હતી. દિગંબર સંપ્રદાયના અનુયાયીઓની તુલનામાં ગુજરાતમાં શ્વેતાંબર પંથના અનુયાયીઓની વસ્તી વધારે હતી. વળી શ્વેતાંબર સંપ્રદાયના અનુયાયીઓ ૮૪ જેટલા વાડા કે ગચ્છોમાં વહેંચાયેલા હતા. ઓગણીસમી સદી દરમ્યાન લગભગ ૧૫ થી ૨૦ જેટલા જ પ્રવર્તમાન ગચ્છોમાં લોંકાગચ્છના જૈનો જીવ-જંતુની હિંસા ન થાય એ માટે વિશેષ કાળજી રાખતા. આ ગચ્છના અનુયાયીઓ મૂર્તિપૂજામાં માનતા નહિ. આશરે છસો વર્ષ પહેલાં લોંકાગચ્છમાં પરેલો તડને પરિણામે ઢૂંઢિયા કિંવા સ્થાનકવાસી નામનો નવો ગચ્છ અસ્તિત્વમાં આવ્યો હતો. આ ગચ્છનાં સાધુઓ વસ્ત્રો કે શરીરને પાણીનો સ્પર્શ કરવા દેતા નહિ. સૌરાષ્ટ્રમાં ઢૂંઢિયાનું પ્રમાણ વિશેષ હતું.[૨૬]

**ઇસ્લામ ધર્મના અનુયાયીઓ :** ગુજરાતમાં ઈ.સ. ૧૮૯૧ ની વસ્તી-ગણતરી મુજબ મુસ્લિમોની વસ્તી ૧૧,૧૩,૦૦૦ જેટલી એટલે કે કુલ વસ્તીના ૧૦.૦૭ ટકા જેટલી હતી.

ગુજરાતના મુસ્લિમોને બે ભાગમાં વહેંચી શકાય : એક, જેમના વડવા બહારથી આવીને હિંદમાં વસ્યા હતા અને બીજા, જેઓ હિંદુમાંથી મુસ્લિમ થયેલાના વંશજ હતા. ખાસ કરીને સૈયદ શેખ મોગલ અને પઠાણ બહારથી આવીને અહીં સ્થિર થયેલા મુસ્લિમોના વંશજ હતા. આ ઉપરાંત અંશતઃ બહારથી આવીને વસેલા મુસ્લિમોમાં સીદી વહાબી કાબુલી નાયતા અગરા બલ્તિયા

ભૂતા ચંગી કસ્બાતી ખાતિયા ખિલજી કુરેશી ફીરદિયા અરબ બલૂચી મકવાણા અને મિરધાનો સમાવેશ થતો હતો.[૨૭]

**સૂફી-સંતો** : ગુજરાતમાં મુસ્લિમ સૂફી-સંતોના કુલ દસ પ્રકાર હતા, જેમાં અબ્દાલી નકશબંદી બેનવા મલામતિયા હુસેઈની બ્રાહ્મણ કલંદર, મદારી તરીકે ઓળખાતા શાહ મદારના અનુયાયીઓ મુસા સુહાગ રાફેઈ અને રસૂલશાહી વગેરેનો સમાવેશ થતો હતો.[૨૮]

નકશબંદી સંતોની સંખ્યા ગુજરાતમાં નાની હતી. તેઓ ખ્વાજા બહા-ઉદ્-દીન નકશબંદના અનુયાયી હતા. હુસેઈની બ્રાહ્મણ અથર્વવેદમાં માનતા હતા. મહમ્મદ પયગંબર સાહેબના દૌહિત્ર હુસેનના નામ પરથી તેઓ 'હુસેઈની બ્રાહ્મણ' તરીકે ઓળખાતા. તેઓ હિંદુ ધર્મની માન્યતાની સાથે સાથે ઇસ્લામ ધર્મના સિદ્ધાંતોનું પણ પાલન કરતા. એમનું વડું મથક અજમેરમાં હતું. તેઓ અજમેરના સંત ખ્વાજા મુઇન-ઉદ્-દીનમાં શ્રદ્ધા ધરાવતા. એમની વસ્તી વડોદરા તથા અમદાવાદમાં જોવા મળતી.[૨૯]

૧૫ મી સદીના અંત દરમ્યાન થઈ ગયેલા સંત મુસાના અનુયાયીઓ 'મુસા સુહાગ' તરીકે ઓળખાતા. તેઓ પરણેલી સ્ત્રીનો પહેરવેશ ધારણ કરતા. એ સુન્ની સંપ્રદાયના હતા અને એમનું મુખ્ય મથક અમદાવાદમાં હતું. સૈયદ અહમદ કબીરના અનુયાયીઓ 'રફાઈઓ' તરીકે ઓળખાતા.[૩૦]

ઇસ્લામ ધર્મમાં સુન્ની અને શિયા એમ બે મુખ્ય સંપ્રદાય હતા. ગુજરાતમાં ઈ.સ. ૧૮૭૨ ની વસ્તી-ગણતરી મુજબ મુસ્લિમોની કુલ વસ્તી ૯,૯૩,૩૨૪ હતી તેમાંથી ૫,૦૭,૪૪૦ જેટલા સુન્ની મુસ્લિમ અને ૪,૨૨,૭૯૩ જેટલા શિયા મુસ્લિમ હતા. ગુજરાતમાં મુસ્લિમ શાસકો દ્વારા સુન્ની સંપ્રદાયનો ફેલાવો થયો હતો, જ્યારે શિયા સંપ્રદાયના ફેલાવામાં મુસ્લિમ સંતોનો ફાળો મહત્ત્વનો હતો. આ મુસ્લિમ સંતોમાં મુસ્તાલી ઇસ્માઇલી અથવા દાઉદી વહોરાના સંત અબ્દુલ્લાહ (આશરે ઈ. સ. ૧૧૩૦) કુતુબ્-ઉદ્-દીન (ઈ.સ. ૧૪૦૦) અને પીરાણા સંતો જેવા એમના અનુજો તેમજ સોળમી સદીની શરૂઆતનાં વર્ષો દરમ્યાન થઈ ગયેલા શાહ તાહિર જેવા ઇસ્માઇલી મિશનરીનો ફાળો મહત્ત્વનો હતો.[૩૧]

**વહોરા** : ગુજરાતમાં વહોરા ઇસ્માઈલિયા મુસ્તાલી શાખાના શિયા અનુયાયીઓ હતા. ઘણે અંશે આ કોમ વેપાર-વાણિજ્ય સાથે સંકળાયેલી હતી, જ્યારે ખેતી કરતા અને ગામડામાં રહેતા વહોરા સુન્ની સંપ્રદાયમાં માનતા હતા. શિયા સંપ્રદાયના દાઉદી વહોરા સમાજમાં પણ ચાર ફાંટા પડયા હતા, જે 'જાફરી'

'સુલેમાની' 'અલિયા' અને 'નાગોશી' તરીકે ઓળખાયા. દાઉદી વહોરા મુસ્લિમ આખા ગુજરાતમાં ફેલાયેલા હતા. ઈ.સ. ૧૮૭૨ની વસ્તી-ગણતરી મુજબ એમની સંખ્યા ૧,૩૦,૦૦૦ જેટલી હતી. એમના મુખ્ય ધર્મગુરુ દાઈ–મુલ્લા સાહેબ તરીકે ઓળખાતા. મુખ્ય મથક સુરતમાં હતું, મુખ્ય ધર્મગુરુ દાઈ ઉપરાંત એમની હેઠળ બીજા ચાર કક્ષાના ધર્મગુરુ હતા, જેમાં અનુક્રમે 'માઝુન' 'મુકાસીર' 'મશાઇખ' અને 'મુલ્લા'નો સમાવેશ થતો હતો. સુરતમાં ધર્મગુરુઓને તાલીમ આપતી એક ધાર્મિક સંસ્થા પણ ઈ.સ. ૧૮૦૯માં સ્થાપવામાં આવી હતી.[૩૨]

જાફરી વહોરા સુન્ની મુસ્લિમ હતા. તેઓ સૈયદ મહમ્મદ જાફર શીરાઝી(આશરે ઈ.સ. ૧૫૩૫)ના અનુયાયી હતા. સુલેમાની વહોરાનાં કુટુંબ મુખ્યત્વે સુરત ભરૂચ તેમજ ખંભાતમાં હતાં. દાઉદી વહોરા અને સુલેમાની વહોરા વચ્ચે લગ્નવ્યવહારનો સંબંધ ન હતો. સુલેમાની વહોરાના મુખ્ય ધર્મગુરુ યમન ખાતે હતા. અલિયા વહોરા પંથના સ્થાપક અલીએ ઈ. સ. ૧૩૨૪માં એની સ્થાપના કરી હતી. સુલેમાની વહોરાની જેમ અલિયા વહોરા પણ દાઉદી વહોરા સાથે લગ્ન-વ્યવહાર બાંધતા નહિ. નાગોશી વહોરા એ અલિયા વહોરા પંથથી આશરે ઈ.સ. ૧૭૮૯માં અલગ થયેલો એક પેટા ફિરકો હતો. નગોશી વહોરામાં પશુનું માંસ ખોરાક તરીકે વર્જ્ય હોવાથી તેઓ 'નાગોશી' તરીકે ઓળખાયા. ૧૯મી સદીના અંતમાં નાગોશી વહોરાનાં ફક્ત ચાર જેટલાં જ કુટુંબ વડોદરામાં વસેલાં હતાં.[૩૩]

ખોજા : શિયા ઇસ્માઇલિયા સંપ્રદાયના અનુયાયીઓમાં ખોજાઓનો પણ સમાવેશ થતો હતો. તેઓ આખા ગુજરાતમાં ફેલાયેલા હતા. ખોજામાં સાત વિભાગ હતા, જેમાં 'ખેડવાયા મોમા' 'ગુજરગુમી' 'મુલ્તાની' 'અત્લઈ–ખુરાસાની' 'મોચી મોમા' 'સોની–લુહાર' 'કાબુલી' અને 'બદખ્શાની' વગેરેનો સમાવેશ થતો હતો.

સામાન્ય રીતે સુન્ની મુસ્લિમ માન્યતા મુજબ અલ્લાહ એક માત્ર ઈશ્વર છે અને હજરત મહમ્મદ એના પયગંબર છે, જ્યારે શિયા અનુયાયીઓ હજરત મહમ્મદ પછી હજરત અલીને સૌથી ઊંચી કક્ષાના ગણે છે. સુન્ની મુસ્લિમ માટે મક્કા તથા મદીનાની હજ એમની પવિત્ર ફરજ છે, જ્યારે શિયા આ બંને પવિત્ર સ્થળો ઉપરાંત હજરત અલી અને હજરત હુસેનની દરગાહની યાત્રાએ પણ જાય છે.[૩૪]

**સત્પંથી :** ઇસ્માઇલિયા સંપ્રદાયની મિશનરીઓએ ગુજરાતમાં શક્તિ-સંપ્રદાયમાં માનતા લોહાણાઓને આકર્ષવા માટે એમના ધર્મસિદ્ધાંતોમાં પણ કેટલાક ફેરફાર કર્યા હતા, જે મુજબ પ્રથમ ઇસ્માઇલિયા મિશનરી નુરસતગુરુ(આશરે

ઈ.સ. ૧૧૬૩)ને બ્રહ્માના અવતાર તરીકે ગણાવવામાં આવ્યા હતા. માતાપંથી અનુયાયીઓની માન્યતા મુજબ ચાર યુગોમાંથી પહેલા યુગમાં ભક્ત તરીકે પ્રહ્લાદ, બીજા યુગમાં હરિશ્ચંદ્ર, ત્રીજા યુગમાં યુધિષ્ઠિર અને ચોથા યુગના ભક્ત બલભદ્રને સ્થાને ત્રીજા ખોજા મિશનરી પીર સદ્દર-ઉદ્દ-દીને પોતાને ભક્ત તરીકે જાહેર કર્યા અને પોતાના નવા અનુયાયીઓને 'શક્તિપંથી'ને બદલે 'સત્પંથી' તરીકે ઓળખાવ્યા.[૩૫]

**મેમણ :** કચ્છ તેમજ સૌરાષ્ટ્રમાં લોહાણા તથા કાછિયામાંથી કેટલાકે ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો હતો. ઈ.સ. ૧૪૨૧માં સૈયદ યુસુફુદ્દીન કાદરીએ સિંધમાં ૭૦૦ જેટલાં લોહાણા કુટુંબોને મુસ્લિમ ધર્મનો અંગીકાર કરાવ્યો હતો. આ લોકો 'મેમણ' તરીકે ઓળખાયા.[૩૬]

**મતિયા કણબી :** એ અમદાવાદ નજીકના પીરાણાના સંત ઇમામ સાહેબના અનુયાયીઓ હતા. પંદરમી સદીના મધ્યમાં એમણે અંશતઃ ઇસ્લામ ધર્મનો અંગીકાર કર્યો હતો, મતિયા કણબી નૂરસતગુરુમાં પણ આસ્થા ધરાવતા હતા.[૩૭]

**શેખડા :** એમની વસ્તી ભરૂચ તથા અમદાવાદ વિસ્તારમાં જોવા મળતી હતી. શેખડા લોકો બાલ મહમદશાહ નામના એક પીરાણા સંતના અનુયાયી હતા. એમના ધાર્મિક રીતરિવાજ ઘણે અંશે મતિયા કણબીના રીતરિવાજને મળતા હતા. એમાંના ઘણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ માનતા થયા હતા.[૩૮]

**પારસી :** ઈ. સ. ૧૮૯૧ ની વસ્તી-ગણતરી મુજબ ગુજરાતમાં પારસીઓની વસ્તી ૩૪,૪૧૧ જેટલી હતી, જ્યારે ગુજરાત બહાર મુંબઈમાં એમની વસ્તી ૪૭,૪૫૮ જેટલી થતી હતી. આખા મુંબઈ ઇલાકામાં એમની વસ્તી ૯૧,૩૬૧ જેટલી હતી. પારસીઓ સંત જરથુસ્ત્રે સ્થાપેલા જરથુસ્ત્રધર્મના અનુયાયીઓ છે. એમનો ધર્મ 'માઝ્દયસ્ની ધર્મ' તરીકે પણ ઓળખાય છે. પારસી ધર્મની માન્યતા મુજબ વિશ્વનો સર્જનહાર ઈશ્વર-અહૂરમઝ્દ હતો, જેમાં બધાં શુભ તત્ત્વોનો સમાવેશ થતો હતો, જ્યારે અનિષ્ટ તત્ત્વોનું પ્રતીક અહ્‌રિમાન તરીકે ઓળખાતું. પારસી ધર્મની માન્યતા મુજબ દરેક વ્યક્તિને આત્મા હતો. શુભ કાર્યો બદલ વ્યક્તિને ફળ પ્રાપ્ત થતાં અને ખરાબ કાર્ય બદલ એને સહન કરવું પડતું. પારસી અગ્નિ જળ સૂર્ય તારા વગેરેને પૂજતા. દરેક પારસીની દૃષ્ટિએ પવિત્ર મન, પવિત્ર વાણી અને પવિત્ર આચાર સ્વર્ગ પ્રાપ્ત કરવા માટે આવશ્યક હતાં. આ ધર્મમાં અગ્નિને ઈશ્વરના પ્રતીક તરીકે ગણવામાં આવતો હોવાથી અગ્નિપૂજા પર ભાર મૂકવામાં

આવ્યો હતો અને આ કારણસર અગિયારીઓ (सं. अग्न्यागारिका: प्रा. अग्गिआरिआ) પણ બાંધવામાં આવી હતી.[૩૯]

ઈ.સ. ૧૮૫૧ માં દાદાભાઈ નવરોજી, જે. પી. વાચ્છા, નવરોજી ફરદુનજી જેવા સુધારકોએ પારસી ધર્મમાં સુધારા લાવવા અને એનું શુદ્ધ સ્વરૂપ જાળવવા માટે 'રાહનુમાય માઝ્દયસ્નાન સભા' નામની સંસ્થાની સ્થાપના પણ કરી હતી.[૪૦]

**યહૂદી :** આ અરસામાં ગુજરાતમાં યહૂદીઓ પણ આવી વસ્યા હતા. યહૂદીઓ યહોવાહના ઉપાસક છે. ભારતમાં તેઓનું એક જૂથ કેરલમાં વસ્યું હતું ને બીજું મહારાષ્ટ્રમાં. ગુજરાતમાં વસેલા યહૂદીઓ મહારાષ્ટ્રથી આવેલા 'બેને ઇઝરાએલ' છે. અમદાવાદ વડોદરા, ડીસા રાજકોટ ભૂજ વગેરે સ્થળોએ તેઓનાં કબ્રસ્તાન આવેલાં છે. અમદાવાદમાં તેઓનું કબ્રસ્તાન પહેલાં કેન્ટોનમેન્ટ વિસ્તારમાં હતું, હાલનું કબ્રસ્તાન દૂધેશ્વર માર્ગ પર આવેલું છે. એમાં ઈ.સ. ૧૮૮૭ અને એ પછીનાં વર્ષોની અનેક કબર આવેલી છે.[૪૧]

**ખ્રિસ્તી મિશન :** ગુજરાતમાં ખ્રિસ્તી મિશનરીઓએ ઈ.સ. ૧૮૦૪થી પ્રચારકાર્યની શરૂઆત કરી હતી. લન્ડન મિશનરી સોસાયટી દ્વારા સુરત ખાતે બે મિશનરી મોકલવામાં આવ્યા હતા, પરંતુ એમને સફળતા ન મળી. ઈ.સ. ૧૮૧૭ માં સુરતમાં લન્ડન મિશનરી સોસાયટી દ્વારા એક શાળાની સ્થાપના કરવામાં આવી અને ઈ.સ. ૧૮૨૩ સુધીમાં ૭ જેટલી પ્રાથમિક શાળા સ્થપાઈ. આ શાળાઓ પાછળથી આયરિશ પ્રેસ્બિટેરિયન મિશનને સુપરત કરવામાં આવી. આયરિશ પ્રેસ્બિટેરિયન મિશને ઈ.સ. ૧૮૪૦ માં સુરતમાં એક હાઈસ્કૂલની પણ સ્થાપના કરી.[૪૨]

પ્રેસ્બિટેરિયન ચર્ચ દ્વારા ઈ.સ. ૧૮૪૩ માં ચાર મિશનરીઓએ રાજકોટ ખાતે મિશનની પ્રવૃત્તિની શરૂઆત કરી. એમણે રાજકોટ ઉપરાંત પોરબંદર અને ઘોઘામાં કેંદ્ર સ્થાપ્યાં. ઈ.સ. ૧૮૭૧ સુધીમાં ગુજરાતના જુદા જુદા ભાગોમાં ખ્રિસ્તી મિશન-કેંદ્ર સ્થાપવામાં આવ્યાં, જેમાં ઘોઘા ઉપરાંત બોરસદ અમદાવાદ આણંદ ભરૂચ ડીસા વઢવાણ(કૅમ્પ) ખંભાત ભાવનગર વગેરેનો સમાવેશ થતો હતો.[૪૩] ૧૯ મી સદી દરમ્યાન ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓની સંખ્યા ૭,૦૪૪ થી વધુ ન હતી.[૪૪] મોટા ભાગના આ ખ્રિસ્તીઓ પ્રૉટેસ્ટન્ટ સંપ્રદાયના અનુયાયી હતા. આ સમય દરમ્યાન ગુજરાતમાં કૅથોલિક સંપ્રદાયનો ખાસ ફેલાવો કે પ્રવૃત્તિ જોવા મળતાં નથી. પ્રૉટેસ્ટન્ટ સંપ્રદાયના ખ્રિસ્તી ધર્મગુરુઓએ સાબરકાંઠાના લુસડિયા ગામે, પંચમહાલ જિલ્લામાં ઝાલોદ પાસે તેમજ છોટા ઉદેપુર દેવગઢબારિયાની આદિમ પ્રજાના વસવાટનાં સ્થળોએ ધર્મનો પ્રચાર કર્યો હતો.

## ૨. સહજાનંદ સ્વામી : હિંદુ સમાજમાં ધર્મસુધારણા–આંદોલન

ભારતીય સમાજમાં ધાર્મિક સંબંધોને સામાજિક સંબંધોથી તદ્દન અલગ પાડી શકાય એમ નથી. ભારતીય સાંસ્કૃતિક પ્રણાલી મુજબ જીવનને એના અખિલ સ્વરૂપમાં જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વળી સામાજિક સંબંધોના પાયામાં ધર્મના શાસનનો સ્વીકાર કરવામાં આવતો હતો. પરિણામે સમય જતાં સામાજિક સંબંધોમાં જ અનિષ્ટ પેદા થતાં ગયાં એની પાછળ ધર્મ વિશેની સંકુચિત અને ઘણી વાર વિકૃત દૃષ્ટિ પણ કામ કરતી હતી. ધર્મને નામે જે કંઈ અનિષ્ટ પેદા થયાં તેની અસર સામાજિક સંબંધો પર પણ પડી, તેથી ધર્મસુધારકોએ ધાર્મિક અનિષ્ટોની સાથે સાથે સામાજિક અનિષ્ટો દૂર કરવાનો પણ પ્રયાસ કર્યો.

૧૯ મી સદીની શરૂઆતમાં ગુજરાતમાં બ્રિટિશ હકૂમતની સ્થાપના થઈ તે વખતે પ્રણાલીગત માળખામાં રહીને ધાર્મિક સુધારાનું આંદોલન કરનાર સ્વામી સહજાનંદ (ઈ.સ. ૧૭૮૧–૧૮૩૦) હતા. સ્વામી સહજાનંદ પહેલાં પણ ગુજરાતના સમાજમાં નરસિંહ મહેતા(આશરે ઈ.સ. ૧૪૧૪–૧૪૮૧), અખો ભગત(ઈ.સ. ૧૬૧૫–૧૬૭૪) અને ભોજો ભગત(૧૭૮૫–૧૮૩૦) જેવા ઘણા સંતો–ભક્તોએ ધાર્મિક તેમજ સામાજિક ક્ષેત્રે ફેલાયેલાં દૂષણો તરફ સમાજનું ધ્યાન ખેંચ્યું હતું, પરંતુ વ્યાપક અને વ્યસ્થિત રીતે ધર્મ–સુધારણાનું આંદોલન એ સહજાનંદ સ્વામીનું વિશિષ્ટ પ્રદાન હતું.

અયોધ્યા નજીક આવેલા છપૈયા ગામમાં બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા ઘનશ્યામે નાની વયે જ વિરક્તિ લઈને આખા હિંદનું ભ્રમણ કર્યું. જુદા જુદા પ્રકારની સાધના તથા તપશ્ચર્યામાંથી પસાર થયેલા અને નીલકંઠ તરીકે ઓળખાતા આ જુવાન બ્રહ્મચારી દરેક પ્રકારનાં ધાર્મિક જૂથ અને સાધુઓના સંપર્કમાં આવ્યા અને નાના વયે માનવસ્વભાવનો પરિચય કેળવ્યો.[૪૫] ઈ.સ. ૧૮૦૦ માં એ દક્ષિણ સૌરાષ્ટ્રમાં માંગરોળથી આઠેક કિ.મી.ને અંતરે આવેલ લોહેજ ગામમાં આવ્યા અને સ્વામી રામાનંદના શિષ્ય બન્યા. જીવનનાં બાકીનાં ૩૦ વર્ષ હવે 'સહજાનંદ સ્વામી' તરીકે ઓળખાતા આ સુધારકે ગુજરાતમાં ગાળ્યાં. રામાનંદે સ્થાપેલા આ સંપ્રદાયમાં સહજાનંદ સ્વામીએ કેટલાક ફેરફાર કર્યા અને એ 'સ્વામિનારાયણ સંપ્રદાય' તરીકે જાણીતો થયો.[૪૬]

આ સમયે ગુજરાતમાં ધર્મને નામે ઘણાં અનિષ્ટ ફેલાયાં હતાં. કોઈ કોઈ સંપ્રદાયમાં ધર્મને નામે અનીતિ પણ ક્યાંક ક્યાંક ચાલતી હતી. જુદા જુદા ધર્મ

સંપ્રદાયો કે પંથોના વેરાગીઓ લોકોમાં ત્રાસ ફેલાવતા હતા. ભુત–પ્રેતના વહેમ ઉપરાંત દેવ–દેવીઓને ભોગ આપવા માટે જીવ–હિંસા કરવામાં આવતી.[૪૭]

સહજાનંદ સ્વામીએ ચારિત્ર્યશુદ્ધિ પર વિશેષ ભાર મૂક્યો હતો, તેથી સૌ પ્રથમ એમણે સંપ્રદાયની સત્સંગ–સભામાં સ્ત્રી–પુરુષોની સભાઓ અલગ પાડી. એનું એક પરિણામ એ આવ્યું કે સ્ત્રી અનુયાયીઓ કે સાધ્વીઓએ પોતાની આધ્યાત્મિક જરૂરિયાત સંતોષવા માટે સ્વતંત્ર રીતે શાસ્ત્રોનો અભ્યાસ શરૂ કર્યો. એ રીતે સ્ત્રીશિક્ષણના કાર્યમાં તેમજ એમની આધ્યાત્મિક ઉન્નતિની દિશામાં વેગ મળ્યો.[૪૮]

સહજાનંદ સ્વામીએ સંપ્રદાયના સાધુઓને ગુજરાતમાં જુદે જુદે સ્થળે લોકોમાં સદાચારનો ફેલાવો કરવા મોકલ્યા. એમને લોકો તેમજ વેરાગીઓના વિરોધનો સામનો કરવો પડતો. ઘણી વાર આ સાધુઓ માર ખાઈને પણ આશીર્વાદ આપતા. સહજાનંદે એમના વિરક્ત તેમજ ગૃહસ્થી અનુયાયીઓમાં જે ત્યાગની ભાવના પેદા કરી હતી તેની અસર સમાજ પર ઊંડી પડી. સૌરાષ્ટ્રના ગરાસિયા તેમજ કાઠી દરબારો એમના શિષ્ય બન્યા, એટલું જ નહિ, બલ્કે સહજાનંદના પાર્ષદ અને અંગરક્ષક તરીકે પણ એમણે કામ કર્યું. ગઢડાના એભલ ખાચર અને એમના પુત્ર દાદા ખાચરે તો સહજાનંદને પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું.[૪૯] કલકત્તાના બિશપ રેવ. રેજિનાલ્ડ હેબર જ્યારે સહજાનંદને નડિયાદમાં મળ્યા (૨૬મી માર્ચ, ૧૮૨૫) તે વખતે નોંધ્યું કે એમના પોતાના અંગરક્ષક તો સરકારી પગારદાર સિપાઈઓ હતા, જ્યારે સહજાનંદના અંગરક્ષક તો સ્વામીના ઉપદેશથી રંગાયેલા તથા સ્વેચ્છાએ એમનું રક્ષણ કરવાનું ગૌરવ લેતા અને એમના માટે પ્રાણ પાથરનાર અનુયાયી હતા.[૫૦]

સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓના બે પ્રકાર હતા : એક ગૃહસ્થી, જે 'સત્સંગી' તરીકે ઓળખાતા અને બીજા ત્યાગી. ત્યાગી બ્રહ્મચારી, સાધુ અને પાર્ષદ એમ ત્રણ પ્રકારમાં વહેંચાયેલા હતા.[૫૧] દરેક સત્સંગીને (૧) ચોરી, (૨) વ્યભિચાર, (૩) માંસાહાર, (૪) દારૂ વગેરેથી દૂર રહેવું અને (૫) પોતાનાથી ઊતરતી કોટિની નાત–જાતની વ્યક્તિનું ભોજન ન લેવું–એવાં પાંચ વ્રતોનું પાલન કરવાનું હતું.[૫૨] સંપ્રદાયનાં મુખ્ય ધર્મપુસ્તકોમાં ૨૨૧ અનુષ્ટુપ અને ઉપજાતિ-વૃત્તનું નાનકડું પુસ્તક 'શિક્ષાપત્રી' ઉપરાંત ત્યાગીઓ માટે 'ધર્મામૃત' અને 'નિષ્કામ-શુદ્ધિ' જેવાં પુસ્તક હતાં, પરંતુ સંપ્રદાયનું અધ્યાત્મશાસ્ત્ર તો સહજાનંદનાં વચનામૃતોનો સંગ્રહ છે. આ સંગ્રહ મુક્તાનંદ ગોપાળાનંદ નિત્યાનંદ અને શુકાનંદે કર્યો હતો.[૫૩]

સહજાનંદે હિંસાયુક્ત યજ્ઞોને બંધ કરાવવા અહિંસામય યજ્ઞોની શરૂઆત કરી. આવા પ્રસંગો વખતે મોટી સંખ્યામાં લોકો હાજર રહેતા. સંપ્રદાયના સિદ્ધાંતોથી એમને વાકેફ કરવાની આ સારી તક રહેતી.[૫૪] સહજાનંદે કચ્છ-સૌરાષ્ટ્રના રાજપૂતોમાં છોકરીઓને દૂધપીતી કરવાના અનિષ્ટને બંધ કરાવવાના અને સતીની પ્રથા પણ દૂર કરાવવાના પ્રયાસ આદર્યા હતા. વળી એમણે લોકોને વહેમો, મંત્ર-જંત્ર કે મલિન દેવ-દેવીઓની બીક ન રાખવાનો ઉપદેશ આપ્યો.[૫૫]

પરંતુ સહજાનંદ સ્વામીનું સૌથી મહત્ત્વનું કાર્ય તો હજારોની સંખ્યામાં ગુજરાતની કહેવાતી ઊતરતી જાતિઓને ઊંચે લાવવાનું હતું. એમણે કડિયા દરજી સુથાર બારવા મોચી ઉપરાંત હરિજન અને કોળી-કાઠી જેવી જાતિઓને સુધારીને સંસ્કારી બનાવી.[૫૬] એમની વિશાળ ધાર્મિક દૃષ્ટિને લીધે સુરતના પ્રખ્યાત પારસી કોટવાલ અરદેશર એમના શિષ્ય બન્યા હતા. વળી એમના પ્રયાસથી કેટલાક ખોજા મુસ્લિમોએ પણ સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતોનો સ્વીકાર કર્યો હતો.[૫૭] 'કચ્છના ક્રોમવેલ' તરીકે વિખ્યાત બનેલા જમાદાર ફતેહમહમ્મદ પણ સહજાનંદથી ખૂબ પ્રભાવિત થયા હતા.[૫૮]

પોતે એક અઠંગ વ્યવસ્થાપક હોવાથી સહજાનંદે સમૈયા અથવા વર્ષમાં જુદે જુદે સમયે ભરાતી ધર્મપરિષદ દ્વારા ત્યાગીઓ અને સત્સંગીઓમાં બિરાદરીની ભાવના પેદા કરી. આવા સમૈયામાં ગુજરાતના જુદા જુદા ભાગોમાંથી આવતા બ્રાહ્મણથી માંડીને કોળી કે હરિજન જેવા એમના અનુયાયીઓની હાજરીથી સંપ્રદાયમાં એકતા અને બંધુતાની ભાવના પેદા થઈ શકી. આવા પ્રસંગે સહજાનંદે સમાજ-ઉપયોગી પ્રવૃત્તિ પણ આદરી હતી. સમૈયાના સ્થળે એમણે તળાવ ખોદવાની કે રસ્તા સમારવાની પ્રવૃત્તિમાં ત્યાગીઓ અને સત્સંગીઓને સામેલ કર્યા. આમ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ધાર્મિક પ્રવૃત્તિની સાથે સાથે સમાજસેવા તથા શ્રમનું મહત્ત્વ પણ આંકવામાં આવ્યું.[૫૯]

સહજાનંદ સ્વામીએ એમના જીવનકાલના છેલ્લા દાયકા દરમ્યાન મંદિરો બંધાવવાની પ્રવૃત્તિ હાથ ધરી. બ્રહ્માનંદ તથા નિષ્કુળાનંદ જેવા એમના શિષ્યો દ્વારા અમદાવાદ વડતાલ ગઢડા ભૂજ ધોલેરા વગેરે સ્થળોએ મંદિરો બંધાવવાની યોજના થઈ. આ સુંદર મંદિરો બાંધવામાં મજૂર તરીકેનું કાર્ય ત્યાગીઓ અને સત્સંગીઓએ કર્યું, જેમાંના ઘણા કડિયા અને સુથાર હતા.[૬૦]

સ્વામી સહજાનંદે સમાજના નીચલા વર્ગના કચડાયેલા લોકોને સંસ્કારી બનાવી એમને વ્યસનો અને ચોરી-લૂંટફાટ જેવી પ્રવૃત્તિથી મુક્ત કરાવવાની આદરેલી ઝુંબેશથી તાજેતરમાં સ્થપાયેલી બ્રિટિશ સત્તાના અધિકારીઓ ખૂબ

પ્રભાવિત થયા હતા. ઈ.સ. ૧૮૨૮ માં જ્યારે મુંબઈના ગવર્નર સર જ્હૉન માલ્કમે રાજકોટની મુલાકાત લીધી તે વખતે એમણે સહજાનંદને મળવાની ખાસ ઇચ્છા વ્યક્ત કરી હતી. આ બતાવે છે કે સૌરાષ્ટ્રના વિસ્તારમાં કાયદો-વ્યવસ્થા સ્થાપવામાં પરોક્ષ રીતે સહજાનંદનો ફાળો મહત્ત્વનો હતો.[૬૧]

સહજાનંદે સ્વર્ગવાસ પહેલાં એમના બધા શિષ્યોને બે આચાર્યોના અલગ અલગ નેતૃત્વ હેઠળ મૂકયા. ઉત્તર વિસ્તારના આચાર્ય તરીકે સહજાનંદે પોતાના મોટા ભાઈના પુત્ર અયોધ્યાપ્રસાદને અમદાવાદમાં નરનારાયણ દેવની ગાદી આપી, જ્યારે દક્ષિણ વિસ્તારના આચાર્ય તરીકે પોતાના નાના ભાઈના પુત્ર રઘુવીરજીને વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવની ગાદી આપી, પરંતુ આ બન્ને આચાર્યોના વંશજોમાં સહજાનંદની તેજસ્વિતા કે નેતૃત્વનો અભાવ હોવાથી સ્વામિનારાયણ સંપ્રદાયના આંદોલનમાં એક પ્રકારની સ્થગિતતા આવી ગઈ. એમ છતાં ૧૯ મી સદી દરમ્યાન સ્વામી ગોપાળાનંદ, ગુણાતીતાનંદ, પ્રાગજી ભક્ત, જગા ભક્ત, શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ વગેરે સાધુઓએ સહજાનંદની પરંપરા જાળવી રાખી[૬૨] અને સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓની સંખ્યામાં વધારો કર્યો. ઈ.સ. ૧૮૭૨ની વસતી-ગણતરી મુજબ આખા ગુજરાતમાં આ સંપ્રદાયના અનુયાયીઓની સંખ્યા એ સમયે ૨,૮૭,૬૮૭ જેટલી હતી.[૬૩]

## ૩. નવા ધર્મસુધારાનું આંદોલન : સ્વરૂપ, નેતૃત્વ અને સંસ્થાઓ

ગુજરાતમાં ઈ.સ. ૧૮૧૮ માં બ્રિટિશ હકૂમત સ્થપાતાં સામાજિક તથા સાંસ્કૃતિક જીવનમાં નવા પરિવર્તનની શરૂઆત થઈ. બ્રિટિશ વહીવટી તંત્ર પાછળ કંઈક અંશે ઉદારમતવાદી વિચારધારા કામ કરતી હતી. આ વિચારધારાના પ્રભાવ હેઠળ બ્રિટિશ વહીવટીકારોએ બૌદ્ધિક અભિગમથી પ્રવર્તમાન જડ માન્યતાઓને સ્થાને વહીવટી ક્ષેત્રે પ્રયોગાત્મક નીતિ અને સામાજિક ક્ષેત્રે માનવતાવાદી તથા ન્યાયની નીતિ અપનાવી. પરિણામે સૌરાષ્ટ્ર-કચ્છ અને તળ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છોકરીને દૂધપીતી કરવાના રિવાજને અને સતીના રિવાજને નાબૂદ કરવામાં આવ્યો.[૬૪]

બ્રિટિશ સરકારની નવી વહીવટી તેમજ આર્થિક નીતિને લીધે ગુજરાતમાં પણ નવો મધ્યમ વર્ગ અસ્તિત્વમાં આવ્યો. બીજી બાજુ સંદેશા-વ્યવહારની સગવડને લીધે સામાજિક ગતિશીલતા વધી. નવા શહેરીકરણની પ્રક્રિયાને લીધે ચોક્કસ નાત-જાત સાથે સંકળાયેલા વ્યવસાયોની પ્રણાલી પણ તૂટવા લાગી. નવા મધ્યમ વર્ગે પાશ્ચાત્ય કેળવણી લેવાની શરૂઆત કરી. બૌદ્ધિક અભિગમ પર આધારિત અને વ્યક્તિવાદ સમાનતા તથા સામાજિક ન્યાયનાં મૂલ્યોને વણી

લેતી નવી કેળવણીએ પ્રણાલીગત સમાજવ્યવસ્થા તથા એનાં મૂલ્યોને આંચકો આપ્યો. ધર્મને નામે ફેલાયેલાં અનિષ્ટો વહેમ વગેરેને સ્થાને વૈજ્ઞાનિક દૃષ્ટિ અપનાવવાનો આગ્રહ નવા શિક્ષિત વર્ગે રાખ્યો. પરિણામે ગુજરાતમાં નવા ધર્મસુધારાનું આંદોલન શરૂ થયું.

## માનવધર્મસભા અને દુર્ગારામ મહેતા

મુંબઈ પશ્ચિમ હિંદનું રાજકીય વહીવટી વેપારી તથા શૈક્ષણિક કેન્દ્ર હોવાથી ગુજરાત સ્વાભાવિક રીતે મુંબઈના સાંસ્કૃતિક વર્તુળમાં આવ્યું. ૧૯ મી સદી દરમ્યાન ગુજરાતના પ્રથમ ધર્મસુધારક તરીકે વિખ્યાત થયેલા નાગર દુર્ગારામ મંછારામ મહેતાજીએ (ઈ.સ. ૧૮૦૯–૧૮૭૬) લગભગ દોઢેક વર્ષ સુધી મુંબઈમાં 'નેટિવ એજ્યુકેશન સોસાયટી' દ્વારા શરૂ થયેલ નૉર્મલ કલાસમાં તાલીમ લઈને સુરતમાં ઈ.સ. ૧૮૨૬માં સ્થપાયેલ સરકારી ગુજરાતી શાળામાં શિક્ષક તરીકે કામ કરવાની શરૂઆત કરી. મુંબઈના વસવાટ દરમ્યાન દુર્ગારામ પર નવા વિચારોની ઊંડી અસર પડી હતી. શરૂઆતમાં એમણે સુરતમાં વિધવાવિવાહની તરફેણમાં ઝુંબેશ શરૂ કરી, પરંતુ ઈ.સ. ૧૮૩૮માં એમની પ્રથમ પત્નીના અવસાન પછી પોતે જ વિધવા સાથે લગ્ન કરવા તૈયાર નહોતા. બીજી વારનાં લગ્ન વખતે એમને વિધવાવિવાહની તરફેણમાં જાહેરમાં વિચારો વ્યક્ત ન કરવાની એમનાં સાસુ–સસરાએ ફરજ પાડી, જોકે વિધવાવિવાહ અંગેના એમના પોતાના વિચારોમાંથી કંઈ ફેર નહોતો પડ્યો. હવે દુર્ગારામે ધર્મસુધારણાના આંદોલન પ્રત્યે પોતાનું ધ્યાન કેંદ્રિત કર્યું. દુર્ગારામે સંસ્કૃતનો અભ્યાસ કરેલો હોવાથી તેઓ ઉપનિષદ ગીતા પુરાણ વગેરેને સારી રીતે સમજતા થયા. ઈ.સ. ૧૮૪૨ માં એ સુરતમાં સ્થપાયેલ પ્રથમ સરકારી અંગ્રેજી શાળાના મુખ્ય શિક્ષક દાદોબા પાંડુરંગના સંપર્કમાં આવ્યા. દુર્ગારામે અંગ્રેજી શિક્ષણ લીધેલું ન હોવા છતાં એમના ધર્મ અંગેના ક્રાંતિકારી વિચારોથી દાદોબા ખૂબ પ્રભાવિત થયા. આ વખતે સુરતમાં સુધારાની પ્રવૃત્તિમાં પાંચ 'દદ્દા'–દાદોબા, દુર્ગારામ, દલપતરામ માસ્તર, દામોદરદાસ અને દિનમણિશંકર શાસ્ત્રીએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો; જોકે આ પ્રવૃત્તિને મોખરે તો દુર્ગારામ અને દાદોબા જ હતા.[૧૫]

આ સમયે લોકો ધર્મ અંગે વિચિત્ર ખ્યાલ ધરાવતા હતા. એમણે એમ જ માની લીધું કે વસંત–પંચમી(૪થી ફેબ્રુઆરી, ૧૮૪૩)ને દિવસે દુનિયાનો અંત આવવાનો છે. દુર્ગારામે આવા પ્રકારનાં વહેમ અને બીકની ખૂબ ટીકા કરી. લોકોને ધર્મનું શુદ્ધ સ્વરૂપ સમજાવવા માટે દુર્ગારામ તથા એમના સાથીઓએ

એક મંડળ શરૂ કરવાનો નિર્ણય લીધો અને ઈ.સ. ૧૮૪૪માં એમણે 'માનવ-ધર્મસભા'ની સ્થાપના કરી. માનવધર્મસભાના મુખ્ય હેતુઓમાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે (૧) સર્વ સૃષ્ટિનો સર્જનહાર ઈશ્વર એક જ છે, (૨) મનુષ્યમાત્રની જાતિ એક છે, (૩) મનુષ્યમાત્રનો ધર્મ એક છે, પરંતુ જેમણે પોતપોતાના ભિન્ન ભિન્ન ધર્મ માનેલા છે તે એમનો અભિગમ છે, (૪) મનુષ્યની ઓળખ એના ગુણથી જાણી શકાય, કુળ પરથી નહિ, (૫) વિવેકને અનુસરીને કર્મ કરવાં, (૬) ઈશ્વરના અનુગ્રહ માટે ભક્તિ કરવી, અને (૭) સન્માર્ગની શિક્ષા સર્વને કહેવી.[૬૬]

માનવધર્મસભાની પ્રથમ બેઠક ૨૨ મી જૂન, ૧૮૪૪ને દિવસે મળી તેમાં એવો નિર્ણય લેવામાં આવ્યો કે અજ્ઞાનને લીધે માણસોમાં ધર્મસંબંધી અનેક પ્રકારના પેદા થયેલા ખ્યાલને સ્થાને મોક્ષ પ્રાપ્ત કરવા જ્ઞાનપૂર્વક વિચાર કરવો અને એ માટે દર શનિવારે રાત્રે નક્કી કરેલ સ્થળે બેઠક રાખવી. આવા પ્રકારની સભા ભરવા માટે લગભગ ૧૩ જેટલા સભ્યોએ સહી કરી. સામાન્ય રીતે આવી સભામાં હાજર રહેનારાઓની સંખ્યા ૨૦થી ૨૫ જેટલી રહેતી. એમાં ધર્મનું સાચું સ્વરૂપ જાણવા, મૂર્તિપૂજાનો રિવાજ બંધ કરવા, જ્ઞાતિભેદ દૂર કરવા, મૂઆ પછી જમણવાર બંધ કરવા, વગેરે બાબતો પર ચર્ચા થતી. દાદોબા પોતે સારા વક્તા ન હોવાથી મોટા ભાગે આવી સભામાં દુર્ગારામ જ બોલતા. દુર્ગારામે વિવેકશક્તિનો ઉપયોગ કરવા અને પરમહંસ થવા માટે આગ્રહ રાખ્યો. એમણે આચાર્યોના સ્વાંગમાં પાખંડ ચલાવનારાઓ તથા વેદઉપનિષદનું વિકૃત અર્થઘટન કરનારાઓની ટીકા કરી, એમણે અસ્પૃશ્યતા તથા ઉચ્ચ-નીચના ભેદભાવ દૂર કરીને વાડાબંધીનો ત્યાગ કરવા પર ભાર મૂકયો. દુર્ગારામે એ આગ્રહ પણ રાખ્યો કે શાસ્ત્રો ઈશ્વરકૃત નથી, પરંતુ જ્ઞાની મનુષ્યો દ્વારા તૈયાર કરવામાં આવ્યાં છે, માટે માણસને પરમેશ્વર બનાવવાથી નુકસાન થાય છે.[૬૭]

આમ માનવધર્મસભાએ હિંદુધર્મની જડ માન્યતાઓનો ખુલ્લી રીતે વિરોધ કર્યો તેથી એની એવી પણ ટીકા કરવામાં આવી કે આ સભા લોકોને ખ્રિસ્તી બનાવવા માગે છે, પરંતુ દુર્ગારામે સ્પષ્ટતા કરી કે એમની પ્રવૃત્તિ એક યા બીજા ધર્મના પ્રચાર માટેની નહોતાં ફક્ત વહેમ ધર્મનો વેશ ન લે એ જોવાનો પ્રયાસ હતો. માનવધર્મસભાએ ચમત્કારો વહેમ ભૂત જાદુ વગેરે સામે પણ ઝુંબેશ આદરી. ભૂવા તથા જાદુગરોનાં જુઠાણાં ખુલ્લાં પાડવા માટે દુર્ગારામે જાહેરખબર દ્વારા એમને પડકાર્યા અને જો કોઈ જાદુગર કે મંત્રશાસ્ત્રી પોતાની વિદ્યાને સત્ય પુરવાર કરે તો એને ૨૦ રૂપિયાનું ઇનામ આપવાની પણ જાહેરાત કરી. દુર્ગારામની

આ ઝુંબેશને ખૂબ પ્રસિદ્ધિ મળી અને લોકોમાં પણ કુતૂહલવૃત્તિ જાગી. આવી જાહેરાતના અઠવાડિયા પછી નક્કી કરેલ રવિવારે સભાઓ ભરવામાં આવતી. આવી કુલ પાંચ સભા ભરવામાં આવી (ડિસેમ્બર, ૧૮૪૪ માં). દરેક સભામાં હાજર રહેનારાઓની સંખ્યા લગભગ બે થી ત્રણ હજાર જેટલી થતી, પરંતુ કોઈ મંત્રશાસ્ત્રી કે જાદુગર પોતાની શક્તિનો પરચો કરાવવા તૈયાર થયા નહિ. છેવટે વજેરામ ગોકળદાસ નામના એક મંત્રશાસ્ત્રીએ આ પડકાર ઝીલ્યો, પરંતુ એ કંઈ પુરવાર કરી શક્યો નહિ તેથી તકરાર થઈ અને સુરતમાં એ વખતે કાયદો–વ્યવસ્થાનો પ્રશ્ન ઉપસ્થિત થયો, દુર્ગારામ પર પણ હુમલો થયો, પરંતુ આવા પ્રકારની સભાઓનું એ પરિણામ આવ્યું કે લોકોમાં હવે જાગૃતિ આવી અને ભૂત વગેરે વહેમોમાં લોકોનો વિશ્વાસ ઘટવા લાગ્યો.[૬૮]

માનવધર્મસભાની પ્રવૃત્તિ સુરતમાં વધુ સમય ચાલી ન શકી, કારણ કે ઈ. સ. ૧૮૪૬માં દાદોબાની બદલી મુંબઈ ખાતે થઈ, જ્યારે દુર્ગારામની બદલી ઈ. સ. ૧૮૫૨ માં શાળાઓના સબ–ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર તરીકે રાજકોટ થઈ. દુર્ગારામે રાજકોટમાં સૌરાષ્ટ્રના એ સમયના સુધારક મણિશંકર કીકાણી સાથે રહીને ધર્મસુધારણા અંગેના પોતાના વિચાર વ્યક્ત કર્યા. ઈ. સ. ૧૮૬૦ માં નિવૃત્ત થઈને એ સુરત પાછા આવ્યા. સુરતમાં એમણે ઇંગ્લૅન્ડ જઈ આવેલા મહીપતરામ રૂપરામને ટેકો આપ્યો અને પોતે નાત બહાર રહ્યા.[૬૯] સુરતમાં એમણે પારસી પંચાયત ફંડના મંત્રી તરીકે પણ કામ કર્યું. દર અઠવાડિયે 'ગુજરાત મિત્ર'માં જુદા જુદા વિષય પર એમણે લેખ પણ લખ્યા.[૭૦] ઈ. સ. ૧૮૭૬ માં એમનું મૃત્યુ થયું.

## ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અને કવિ દલપતરામ

સમાજસુધારાની જેમ ધર્મસુધારણા આંદોલનમાં 'માનવધર્મસભા' જેવાં નવાં સ્થપાયેલાં મંડળો કે સંસ્થાઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આવાં મંડળોની એ વિશિષ્ટતા હતી કે એમાં જોડાનાર શિક્ષિત વર્ગ જ્ઞાતિ કે નાતને ધોરણે ન જોડાતાં નવાં સામાજિક મૂલ્યોની સમાન પરિપાટી પર એમાં જોડાયો હતો. સુરત મુંબઈની નજીક હોવાથી નવા સાંસ્કૃતિક પ્રવાહોની અસર ગુજરાતમાં સૌ–પ્રથમ સુરત પર થઈ, પરંતુ નવા શિક્ષણના ફેલાવા સાથે અમદાવાદ સહિત ગુજરાતના બીજા ભાગ પણ ધીરે ધીરે નવા પ્રવાહોની અસર હેઠળ આવ્યા. સુરતની જેમ અમદાવાદમાં પણ ઈ. સ. ૧૮૨૬ માં પ્રથમ સ્કૂલ સ્થપાઈ અને નવા શિક્ષણની શરૂઆત થઈ. ડિસેમ્બર, ૧૮૪૮ માં અમદાવાદના આસિસ્ટન્ટ જજ ઍલેક્ઝાન્ડર કિન્લોચ ફૉર્બ્સ (ઈ.સ. ૧૮૨૧–૧૮૬૫)ના પ્રયાસથી અમદાવાદમાં 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની

સ્થાપના કરવામાં આવી, નગરશેઠ હીમાભાઈ હઠીસિંગ તેમજ નગરશેઠ પ્રેમાભાઈ જેવા ધનાઢ્ય સજ્જનોના પ્રયાસથી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની શૈક્ષણિક સાહિત્યિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિને ઉત્તેજન મળ્યું. ગુ. વ. સોસાયટીએ એપ્રિલ, ૧૮૫૪ થી 'બુદ્ધિપ્રકાશ' નામનું માસિક પ્રગટ કરવાની જવાબદારી લીધી.[૭૧] ૧૯ મી સદી દરમ્યાન ગુજરાતમાં શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક વિચારોનો ફેલાવો કરવામાં 'બુદ્ધિપ્રકાશ'નો ફાળો ખૂબ મહત્ત્વનો રહ્યો છે, પરંતુ ગુ. વ. સોસાયટીની સ્થાપના તથા એના વિકાસમાં કવિ દલપતરામ ડાહ્યાભાઈ(ઈ.સ. ૧૮૨૦–૧૮૯૮)નો ફાળો પણ ખૂબ મહત્ત્વનો હતો. કવિ દલપતરામ જૂન, ૧૮૫૫ માં ગુ.વ. સોસાયટીના મદદનીશ મંત્રી તરીકે જોડાયા[૭૨] અને (થોડા સમયને બાદ કરતાં) ઈ. સ. ૧૮૭૯ની શરૂઆતમાં ગુ. વ. સોસાયટીમાંથી નિવૃત્ત થયા ત્યાંસુધી એ 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી તરીકે રહ્યા હતા.[૭૩]

ગુ. વ. સોસાયટી દ્વારા સામાજિક તથા ધાર્મિક દૂષણો દૂર કરવા માટે ઇનામી નિબંધ યોજના પણ શરૂ કરવામાં આવી હતી. કવિ દલપતરામે આવી યોજના હેઠળ કેટલાંક લેખો અને કવિતા લખ્યાં, ઉપરાંત 'સત્યપ્રકાશ'ના તંત્રી અને સુધારક કરસનદાસ મૂળજી દ્વારા 'ગુરુ–શિષ્ય ધર્મ' પર ઇનામી નિબંધ સ્પર્ધામાં ભાગ લઈને દલપતરામે ઇનામ પ્રાપ્ત કર્યું. એમણે વિધવાવિવાહની તરફેણમાં લેખો તથા કાવ્યો લખ્યાં. એમનું 'વેનચરિત્ર' કાવ્ય 'સુધારાના પુરાણ' તરીકે પ્રખ્યાત થયું.[૭૪] આ ઉપરાંત દલપતરામે ધર્મનાં જુદાં જુદાં પાસાંને આવરી લેતાં, ઈશ્વરની એકતા પર ભાર મૂકતાં અને ગુરુઓને શિખામણ આપતાં એવાં કાવ્ય પણ લખ્યાં હતાં.[૭૫] આમ કવિ દલપતરામે એમની સાદી સીધી શૈલી દ્વારા ધાર્મિક ક્ષેત્રે લોકોનું માનસ જાગ્રત કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. એમની એ વિશિષ્ટતા હતી કે એમણે ક્રાંતિકારી સુધારાને બદલે લોકમાનસને રુચે એ રીતે ધીરે ધીરે સુધારો દાખલ કરવાનો બોધ આપ્યો.

### કવિ નર્મદ, કરસનદાસ મૂળજી અને સુધારાનું આંદોલન

નવા દૃષ્ટિકોણથી દુર્ગારામ મહેતાજીને ચીલે ધર્મસુધારણા આંદોલનમાં આગળ પડતો ભાગ લેવામાં નાગર બ્રાહ્મણ નર્મદાશંકર લાલશંકર (ઈ. સ. ૧૮૩૩–૧૮૮૬) અને કપોળ વાણિયા કરસનદાસ મૂળજી(ઈ. સ. ૧૮૩૨–૧૮૭૧)નો ફાળો મહત્ત્વનો રહ્યો હતો. બંને સુધારક મુંબઈની એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થી હતા અને નવાં મૂલ્યોથી ખૂબ પ્રભાવિત થયા હતા. એમણે હિંદુ સમાજમાં ધાર્મિક ક્ષેત્રે ફેલાયેલાં દૂષણો પર પ્રહાર કરતા લેખ લખ્યા અને આંદોલન ચલાવ્યું. તેઓ મુંબઈની 'બુદ્ધિવર્ધક સભા' સાથે ગાઢ રીતે સંકળાયેલા

હતા. નીતિમત્તાને ધોરણે માનવમૂલ્યોની પ્રતિષ્ઠા કરવી એ એમના ધર્મસુધારાના આંદોલનનો કેંદ્ર-સૂર હતો.

કવિ નર્મદે વલ્લભ-સંપ્રદાયના મુંબઈમાંના ધર્મગુરુઓનાં અનિષ્ટોને અનુલક્ષીને 'ગુરુ અને સ્ત્રી' 'વિષયી ગુરુ વિશે' 'ગુરુસત્તા વિશે' જેવા કેટલાક લેખ લખ્યા.[૭૬] ઑગસ્ટ, ૧૮૬૦ માં એમણે સુરતના વૈષ્ણવ મહારાજ ગોસ્વામી જદુનાથજીને પણ વિધવાવિવાહ અને હિંદુશાસ્ત્રો ઈશ્વરપ્રણીત છે એ વિશે પડકાર્યા.[૭૭] મહીપતરામ રૂપરામ ઈંગ્લૅન્ડથી આવ્યા પછી નાગર જ્ઞાતિએ એમને નાત બહાર મૂક્યા તે વખતે નર્મદે મહીપતરામને ટેકો આપ્યો અને આ સંદર્ભમાં એમણે 'ડાંડિયો' (એપ્રિલ, ૧૮૬૧)માં બધા સુધારકોના સહકારથી નવો ધર્મ તેમ જાતિ રચવાની પણ કલ્પના કરી. નર્મદે મુંબઈની 'પરમહંસ સભા' તથા 'બુદ્ધિવર્ધક સભા'ની નિષ્ક્રિયતાની પણ ટીકા કરી. જુલાઈ, ૧૮૬૦ માં નર્મદે ધર્મના શુદ્ધ સ્વરૂપ અંગે લોકોને વાકેફ કરાવવા મુંબઈમાં 'તત્ત્વબોધક સભા' સ્થાપી, પરંતુ એનું કાર્ય આગળ ન વધ્યું. ઈ. સ. ૧૮૬૪ માં કેશવચંદ્ર સેન મુંબઈ આવ્યા તે વખતે નર્મદ એમને મળ્યા હતા અને કલકત્તાના બ્રાહ્મસમાજ દ્વારા પ્રકાશિત 'બ્રાહ્મ-ધર્મ' પુસ્તકની હિંદી આવૃત્તિ પરથી એનું ગુજરાતીમાં ભાષાંતર પણ કરાવ્યું.[૭૮] જો કે ઈ. સ. ૧૮૬૯ પછી નર્મદના સુધારા અંગેના દૃષ્ટિકોણમાં મૂળભૂત પરિવર્તન આવવાની શરૂઆત થઈ.

નીડર સુધારક તરીકે નર્મદની જેમ કરસનદાસ મૂળજીએ પણ ધાર્મિક ક્ષેત્રે ફેલાયેલી બદીઓને દૂર કરવા ઝુંબેશ ચલાવી. વિદ્યાર્થી-કાલમાં કરસનદાસે વિધવાવિવાહની તરફેણમાં નિબંધ લખ્યો અને એ માટે એમને ઘરમાંથી હાંકી કાઢવામાં આવ્યા. કરસનદાસે 'રાસ્ત ગોફતાર' અને બીજાં ચોપાનિયાંઓમાં સુધારા અંગે લેખ લખ્યા[૭૯] અને ઈ. સ. ૧૮૫૫ માં એમણે 'સત્યપ્રકાશ' નામનું પોતાનું ચોપાનિયું શરૂ કર્યું. 'સત્યપ્રકાશ'માં સામાજિક તેમજ ધાર્મિક વિષયોને લગતા લેખ લખ્યા. એવા લેખોમાં એમણે મુંબઈના વૈષ્ણવ મહારાજોના એમના અનુયાયીઓ પરના જુલમ વિશે આક્રોશ વ્યક્ત કર્યો. કરસનદાસે વલ્લભ-સંપ્રદાયના મહારાજોના કૃષ્ણના અવતાર હોવાના 'દાવા'ને અને એમની વ્યભિચારની 'લીલા'ને છતી કરી. આ વખતે એક વૈષ્ણવ મહારાજે અદાલતમાં પોતાના બચાવ માટે વૈષ્ણવો પાસેથી બળજબરીથી ફંડ ઊભું કરવા અને વૈષ્ણવ અનુયાયીઓને એમની વિરુદ્ધ કોઈ પણ સંજોગોમાં અદાલતમાં દાવો ન માંડવા, જુબાની ન આપવા તેમજ અખબારો કે ચોપાનિયાંમાં એમની વિરુદ્ધ લેખ ન લખવા અંગે એક આદેશ બહાર પાડ્યો. કરસનદાસે આ આદેશને 'ગુલામી ખત' તરીકે ગણાવીને

એ સામે આંદોલન ચલાવ્યું તથા લેખ લખ્યા અને સાથે સાથે સાચી સલાહ પણ આપી,[80] પરંતુ મહારાજોના વિકૃત માનસને એ યોગ્ય ન લાગ્યું.

કરસનદાસે વૈષ્ણવ મહારાજો વિરુદ્ધ ચલાવેલા આંદોલનથી મહારાજોની પ્રતિષ્ઠા એમના સમાજમાં ઝાંખી પડી. આ સંજોગોમાં ઈ.સ. ૧૮૬૦માં સુરતના વૈષ્ણવ મંદિરના વડા ગોસ્વામી જદુનાથજી મહારાજ મુંબઈ આવ્યા. એમણે સુધારકોને નાસ્તિક ગણાવવાના પ્રયાસરૂપે 'સ્વધર્મવર્ધક અને સંશયચ્છેદક' નામનું માસિક શરૂ કર્યું. ઉપરાંત એમણે 'વિષ્ણુ પંથ' અને 'ચાબૂક'માં પણ સુધારકો વિરુદ્ધ લેખ લખ્યા. કરસનદાસે 'સત્યપ્રકાશ'ના (૨૧મી ઑક્ટોબર, ૧૮૬૦) અંકમાં વળતા જવાબ-રૂપે લખેલા લેખમાં વલ્લભસંપ્રદાય અને એના એવા મહારાજોની ઝાટકણી કાઢી, અને મહારાજોના એમના સ્ત્રી–અનુયાયીઓ સાથેના તદ્દન વિકૃત પ્રકારના સંબંધોનો ઉલ્લેખ કર્યો, સાથે સાથે એ મહારાજોને સન્માર્ગે જીવન ગાળવાની વિનંતી પણ કરી. કરસનદાસે આ લેખમાં જદુનાથજીના નામનો પણ ઉલ્લેખ કર્યો હતો, એનું પરિણામ એ આવ્યું કે મે, ૧૮૬૧માં જદુનાથજીએ મુંબઈની સુપ્રીમ કોર્ટમાં કરસનદાસ સામે બદનક્ષીનો દાવો માંડ્યો. ૨૫મી જાન્યુ. ૧૮૬૨ ને દિવસે શરૂ થયેલા અને ૪૦ દિવસ સુધી ચાલેલા આ પ્રખ્યાત 'મહારાજ લાયબલ કેસ'માં મુંબઈના વૈષ્ણવ મહારાજો અને જદુનાથજીનું ખાનગી વિકૃત ચારિત્ર્ય વધારે ખુલ્લું પડ્યું.[81] સુધારકો અને રૂઢિચુસ્તો વચ્ચેના ગજગ્રાહની અહીં ચરમ સીમા હતી. સુધારકોની તરફેણમાં એ વખતે આગળ આવનાર વ્યક્તિઓ બહુ ઓછી હતી. કરસનદાસની તરફેણમાં જુબાની આપનારાઓમાં ડૉ. જૉન વિલ્સન, મથુરાદાસ લવજી, ગોકુળદાસ તેજપાળ, ડૉ. ભાઉ દાજી, ડૉ. ધીરજરામ દલપતરામ, વિશ્વનાથ નારાયણ મંડળીક, કવિ નર્મદ, ઝવેરીલાલ ઉમિયાશંકર વગેરેનો સમાવેશ થતો હતો. અદાલતનો ચુકાદો કરસનદાસની તરફેણમાં આવ્યો. ન્યાયાધીશ સર જોસેફ આર્નોલ્ડે એના ચુકાદામાં એ સમયના વલ્લભસંપ્રદાય જેવા સંપ્રદાયોમાં પોષાતાં અનીતિનાં ધામોની સખત ટીકા કરી અને સુધારકોની પ્રશંસા કરી. હિંદનાં એ વખતનાં મુખ્ય અખબારોએ કરસનદાસને હિંદના એક અગ્રગણ્ય સુધારક તરીકે નવાજ્યા. સિલોનથી લઈને કલકત્તા સુધીના વિસ્તારનાં ૨૧ જેટલાં અંગ્રેજી અખબારોએ કોર્ટના ચુકાદાને પ્રગટ કર્યો.[82] પ્રાદેશિક ભાષામાં પ્રગટ થતાં અખબારોએ પણ કરસનદાસની નીડરતાની પ્રશંસા કરી. ડૉ. જૉન વિલ્સને કરસનદાસના માનમાં જાહેર સભા યોજી. ખોજા કોમના સુધારકોએ પણ કરસનદાસને માનપત્ર આપ્યું, પરંતુ મુંબઈના વૈષ્ણવ સમાજમાં કરસનદાસની ખૂબ ટીકા કરવામાં આવી. કપોળ જ્ઞાતિના લોકો તો સંપૂર્ણ રીતે કરસનદાસ–

વિરોધી બની ગયા,[૮૩] પરંતુ બીજી બાજુ મુંબઈ તેમજ ગુજરાતના સુધારકો કરસનદાસના વિજયનો ફાયદો ઉઠાવી ન શકયા. ડૉ. ભાઉ દાજી, શેઠ લક્ષ્મીદાસ ખીમજી, ઠક્કર મથુરાદાસ લવજી અને કવિ નર્મદ જેવા સુધારકોએ કોર્ટમાં કરસનદાસને ટેકો આપ્યો હોવા છતાં ચુકાદા પછી જાહેરમાં તેઓ કરસનદાસની પ્રશંસા કરવા પણ તૈયાર ન હતા. મુંબઈની 'બુદ્ધિવર્ધક સભા' પણ મૌન રહી.[૮૪]

કરસનદાસે ઈ.સ. ૧૮૬૩ માં તેમજ ઈ.સ. ૧૮૬૭ માં એમ બે વખત ઇંગ્લૅન્ડની મુલાકાત લીધી. ઈ.સ. ૧૮૬૭ ના અંતમાં એ રાજકોટમાં કાઠિયાવાડ પોલિટિકલ એજન્ટના મદદનીશ તરીકે નિમાયા. અહીં એમણે સૌરાષ્ટ્રના એ સમયના સુધારક મણિશંકર કીકાણી (ઈ.સ. ૧૮૨૨–૧૮૮૪) દ્વારા શરૂ થયેલ 'વિદ્યાગુણપ્રકાશક સભા'માં સક્રિય ભાગ લીધો. એપ્રિલ, ૧૮૭૦ માં એમની બદલી લીંબડી થઈ. ઑગસ્ટ, ૧૮૭૧ માં કરસનદાસનું મૃત્યુ થયું, પરંતુ એ પહેલાં એમણે મુંબઈ જઈને પોતાના મિત્ર માધવદાસ રુગનાથદાસનું લગ્ન ધનકોર નામની શિક્ષિત વિધવા સાથે કરાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.[૮૫]

## પ્રાર્થનાસમાજ

ગુજરાતમાં પાશ્ચાત્ય દષ્ટિકોણથી ધર્મશુદ્ધિનું આંદોલન ચલાવવામાં ભોળાનાથ સારાભાઈ(ઈ.સ.૧૮૨૨–૧૮૮૬)નું સ્થાન પણ વિશિષ્ટ રહ્યું છે. ભોળાનાથે બ્રિટિશ તંત્ર હેઠળ ફર્સ્ટ કલાસ સબૉર્ડિનેટ જજ તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સામાજિક તેમજ ધાર્મિક સુધારાની પ્રવૃત્તિ અંગે એ પૂર્વમાં કલકત્તાથી પશ્ચિમમાં મુલતાન અને કરાંચી સુધીના તેમજ ઉત્તરમાં દિલ્હી–આગ્રાથી લઈને દક્ષિણમાં મદ્રાસ સુધીના વિસ્તારોની અગ્રગણ્ય વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા હતા.[૮૬] રૂઢિચુસ્ત નાગર કુટુંબમાં એમનો ઉછેર થયેલો હોવા છતાં ઈ.સ. ૧૮૫૮–૫૯ થી એમના ધર્મ-સંબંધી વિચારોમાં પરિવર્તન આવ્યું અને મૂર્તિપૂજા તેમજ બાહ્ય કર્મકાંડ તરફ એમને અણગમો પેદા થયો. ઈ. સ. ૧૮૫૫ માં ડૉ. વ્હેલરનાં વ્યાખ્યાનોની અસર એમના ઉપર ઊંડી પડી હતી. ઈ.સ. ૧૮૫૮–૫૯ દરમ્યાન એમણે અમદાવાદમાં 'ધર્મસભા' નામનું મંડળ શરૂ કર્યું. આ પ્રવૃત્તિમાં એમને ગુજરાતમાં પ્રથમ કાપડ મિલ શરૂ કરનાર અને સુધારક એવા રણછોડલાલ છોટાલાલનો પણ સહકાર મળ્યો. ઈ.સ. ૧૮૭૦ માં 'ધર્મસભા'નું નામ 'ભક્તિસભા' રાખવામાં આવ્યું અને એમણે કેટલાંક જૂનાં–નવાં ભક્તિ–પદોનો સંગ્રહ પ્રગટ કર્યો; જોકે ભોળાનાથને 'ધર્મસભા'માં વ્યક્ત થતા વિચારો જુનવાણી લાગ્યા હતા. ધર્મને વહેમ તથા કર્મકાંડથી મુક્ત રાખવાના એમના વિચારમંથનને પરિણામે એમણે કલકત્તાના બ્રાહ્મસમાજ તરફથી પ્રગટ થતાં પુસ્તક વાંચ્યાં.[૮૭] એમણે ઈ.સ.

૧૮૬૯ માં મુંબઈમાં આત્મારામ પાંડુરંગને ઘેર પ્રાર્થનાસભામાં હાજરી આપી હતી.[૮૮] આમ ભોળાનાથે બંગાળ તથા મુંબઈના ધર્મસુધારકોના પ્રત્યક્ષ અથવા પરોક્ષ સંપર્કને પરિણામે અમદાવાદમાં ૧૭ મી ડિસેમ્બર, ૧૮૭૧ ને દિવસે 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના કરી.

અમદાવાદ પ્રાર્થનાસમાજની સ્થાપનામાં એમને રણછોડલાલ છોટાલાલ તથા મહીપતરામ રૂપરામ જેવા સુધારકોનો પણ સાથ મળ્યો. કલકત્તાના બ્રાહ્મસમાજ કરતાં અમદાવાદનો પ્રાર્થનાસમાજ એ રીતે જુદો પડતો હતો કે એ જ્ઞાતિ–જાતિનાં બંધન તોડવા માગતો ન હતો. પ્રાર્થનાસમાજના કાર્યક્રમમાં દર રવિવારે પ્રાર્થના તથા સ્તોત્ર વંચાતાં કે ગવાતાં. પાછળથી એમાં ઉપદેશનો અંશ પણ દાખલ કરવામાં આવ્યો. ઈ.સ. ૧૮૭૨ ના ડિસેમ્બરમાં કલકત્તા બ્રાહ્મસમાજના બાબુ પ્રતાપચંદ્ર મજૂમદારે અમદાવાદ પ્રાર્થનાસમાજની મુલાકાત લીધી. ઈ.સ. ૧૮૭૬ ના મે મહિનામાં પ્રાર્થનાસમાજનું સ્વતંત્ર મકાન પણ તૈયાર થયું.

ઈ.સ. ૧૮૭૬ માં મહર્ષિ દેવેંદ્રનાથ ટાગોરના દ્વિતીય પુત્ર સત્યેંદ્રનાથ ટાગોર અમદાવાદમાં જિલ્લા ન્યાયાધીશ તરીકે નિયુક્ત થયા. ભોળાનાથ અને સત્યેંદ્રનાથ વચ્ચે મૈત્રીસંબંધ બંધાયો, પરિણામે, પ્રાર્થનાસમાજની પ્રવૃત્તિને વેગ મળ્યો. જાન્યુઆરી, ૧૮૭૭ માં ભોળાનાથ કલકત્તા ગયા ત્યાં એમણે આદિ બ્રાહ્મસમાજ તેમજ ભારતવર્ષીય બ્રાહ્મસમાજના કાર્યક્રમમાં હાજરી આપી. એ રીતે એ મહર્ષિ દેવેંદ્રનાથ ટાગોર ઉપરાંત કેશવચંદ્ર સેન અને શિવનાથ શાસ્ત્રીના સીધા સંપર્કમાં આવ્યા. કલકત્તાથી આવ્યા પછી ભોળાનાથે અમદાવાદ પ્રાર્થનાસમાજમાં કેટલાક ફેરફાર કર્યા. અમદાવાદ પ્રાર્થનાસમાજના ઘણા સભ્ય હજી મૂર્તિપૂજામાં માનતા હતા તેથી ભોળાનાથે મહીપતરામ રૂપરામ (ઈ.સ. ૧૮૩૦–૧૮૯૧) તથા લાલશંકર ઉમિયાશંકર (ઈ.સ. ૧૮૪૫–૧૯૧૨) જેવા સહકાર્યકરોની મદદથી પ્રાર્થનાસમાજ-માં જોડાયેલા સભ્યો માટે પ્રતિજ્ઞાપત્ર તૈયાર કર્યું, જેમાં નાત–જાતનાં બંધન અને મૂર્તિપૂજાના નિષેધ પર ભાર મૂકવામાં આવ્યો હતો, પરંતુ આ પ્રકારનું બંધન જાહેરમાં સ્વીકારવા ઘણા સભ્ય તૈયાર ન હોવાથી પ્રાર્થના–સમાજની પ્રવૃત્તિ પર એની અસર પહોંચી.[૮૯] ભોળાનાથે સુરત ખેડા પેટલાદ માતર ભરૂચ વગેરે સ્થળોએ પ્રાર્થનાસમાજની શાખાઓ સ્થાપી હતી અને વખતોવખત આ શાખાઓમાં ઉપદેશ આપતા.

જાન્યુઆરી, ૧૮૮૬ માં પંજાબથી બ્રહ્મવાદી સત્યાનંદ અગ્નિહોત્રી અમદાવાદ આવ્યા તે વખતે ભોળાનાથને મળ્યા હતા. એ જ અરસામાં મહર્ષિ દેવેંદ્રનાથ ટાગોરે પણ અમદાવાદની મુલાકાત લીધી અને પ્રાર્થનાસમાજની સભામાં વ્યાખ્યાન

આપ્યું.[૯૦] આ અગાઉ (માર્ચ, ૧૮૭૯) ભોળાનાથ મુંબઈમાં થિયોસોફિકલ સોસાયટીનાં સ્થાપક મેડમ બ્લેવેત્સ્કી તથા કર્નલ ઑલ્કોટને મળ્યા હતા, પરંતુ બંને તરફનું ભોળાનાથનું વલણ ટીકાત્મક રહ્યું હતું, કારણ કે ભોળાનાથના મંતવ્ય મુજબ એમણે કહેલી ચમત્કારોની વાતો પોકળ હતી.[૯૧]

ડિસેમ્બર, ૧૮૭૪માં મહર્ષિ દયાનંદ સરસ્વતી અમદાવાદમાં આવ્યા હતા. અહીં એમણે ઘણાં વ્યાખ્યાન આપ્યાં અને ધર્મસંબંધી વાદવિવાદ પણ કર્યો. દયાનંદ ભોળાનાથને પણ મળ્યા હતા. એમના વિચારો અને પ્રાર્થનાસમાજ વચ્ચે કેટલીક બાબતો અંગે સામ્ય હોવાથી દયાનંદે ભોળાનાથને પ્રાર્થનાસમાજનું નામ બદલાવીને આર્યસમાજ રાખવા સૂચન કર્યું. ભોળાનાથે એનો સ્વીકાર ન કર્યો તેથી દયાનંદે અમદાવાદમાં અલગ આર્યસમાજ સ્થાપ્યો, પરંતુ આર્યસમાજનું કામ વધારે ન ચાલ્યું.[૯૨]

ભોળાનાથનું અવસાન થયું (ઈ.સ. ૧૮૮૬) ત્યાં સુધી એ અમદાવાદ પ્રાર્થનાસમાજના પ્રમુખ રહ્યા. ત્યારપછી પ્રાર્થનાસમાજની જવાબદારી મહીપતરામ રૂપરામ પર આવી. એમણે 'જ્ઞાનસુધા' નામનું ચોપાનિયું શરૂ કર્યું, જે શરૂઆતમાં સાપ્તાહિક અને પાછળથી માસિક બન્યું. અગાઉ ઉલ્લેખ થયો છે તે રીતે પ્રાર્થનાસમાજની પ્રવૃત્તિમાં લાલશંકર ઉમિયાશંકર, સત્યેંદ્રનાથ ટાગોર, રણછોડલાલ છોટાલાલ વગેરે પણ સામેલ હતા. રણછોડલાલ થોડા સમય માટે પ્રાર્થનાસમાજના ઉપપ્રમુખ તરીકે પણ રહ્યા હતા. પરંતુ એ મૂર્તિપૂજાની તરફેણમાં હોવાથી એમણે પ્રાર્થનાસમાજની પ્રવૃત્તિમાં રસ ઓછો કરી નાખ્યો.[૯૩] આ ઉપરાંત અમદાવાદમાં ઈ.સ. ૧૮૬૩ થી ૧૮૬૫ સુધી અને ફરી વાર ઈ.સ. ૧૮૬૮ થી ૧૮૭૭ સુધી સ્મોલ કૉઝ કોર્ટમાં ન્યાયાધીશ તરીકે રહેલા પ્રખ્યાત સુધારક ગોપાલ હરિ દેશમુખ (ઈ.સ. ૧૮૨૩–૧૮૯૨) પણ પ્રાર્થનાસમાજના ઉપપ્રમુખ તરીકે રહ્યા હતા.[૯૪]

અગાઉ ઉલ્લેખ કરવામાં આવ્યો તેમ ગુજરાતમાં પ્રાર્થનાસમાજની પ્રવૃત્તિ અમદાવાદ ઉપરાંત ખેડા માતર પેટલાદ ભરૂચ સુરત વડોદરા સોજિત્રા અંકલેશ્વર વગેરે સ્થળોએ મર્યાદિત પ્રમાણમાં ફેલાઈ હતી. ૨૦મી સદીની શરૂઆતમાં મહીપતરામ (મૃત્યુ ઈ.સ. ૧૮૯૧)ના પુત્ર અને સુધારક રમણભાઈ નીલકંઠ આ પ્રવૃત્તિના સૂત્રધાર હતા. બંગાળના બ્રાહ્મસમાજની જેમ ગુજરાતમાં પ્રાર્થનાસમાજને એક અલગ ધર્મ તરીકે સ્વીકારવામાં આવ્યો ન હતો, એમ છતાં ઈ.સ. ૧૯૧૧ના વસ્તીપત્રક મુજબ બ્રાહ્મવિભાગ હેઠળ ગુજરાતમાં પ્રાર્થનાસમાજના ૧૩ જેટલા સભ્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.[૯૫]

## સૌરાષ્ટ્રમાં ધર્મસુધારાનું સ્વરૂપ

સૌરાષ્ટ્રમાં સુધારાની પ્રવૃત્તિમાં મણિશંકર જટાશંકર કીકાણી(ઈ. સ. ૧૮૨૨–૧૮૮૪)નો ફાળો મહત્ત્વનો હતો. મણિશંકર કીકાણી રાજકોટમાં કાઠિયાવાડ પોલિટિકલ એજન્સીમાં નોકરી કરતા હતા. સંસ્કૃત ભાષાના વિદ્વાન તરીકે અને તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી તરીકે એમણે નામના મેળવી હતી. ઇતિહાસ-સંશોધનમાં ઊંડો રસ દાખવીને ભગવાનલાલ ઇંદ્રજી જેવા સંશોધકોને એમણે પ્રેરણા આપી. એ દુર્ગારામ મહેતા, ભોળાનાથ સારાભાઈ, કવિ નર્મદ, મહીપતરામ રૂપરામ, કવિ દલપતરામ, વ્રજલાલ શાસ્ત્રી જેવા સુધારકોના સંપર્કમાં હતા. એમણે જૂનાગઢમાં ઈ. સ. ૧૮૬૫માં 'સૌરાષ્ટ્રદર્પણ' નામનું માસિક શરૂ કર્યું. પુનર્લગ્ન, મૂર્તિપૂજા, કર્મ વગેરે વિષયો પર એમણે લેખ લખ્યા. કાઠિયાવાડમાં નવા વિચાર ફેલાવવામાં 'સૌરાષ્ટ્રદર્પણ'નો ફાળો મહત્ત્વનો હતો. એ અગાઉ મણિશંકર કીકાણીએ ઈ. સ. ૧૮૫૪માં સમાજસુધારાને અનુલક્ષીને 'સુપંથ પ્રવર્તક મંડળ' અને ઈ. સ. ૧૮૬૪માં 'જ્ઞાનગ્રાહક સભા'ની સ્થાપના કરી હતી. 'જ્ઞાનગ્રાહક સભા' સાથે ગોકુળજી ઝાલા, મણિભાઈ જશભાઈ, કલ્યાણરાય ચતુર્ભુજ વગેરે પણ સંકળાયેલા હતા.[૯૬]

મણિશંકર કીકાણી, ગોકુલજી ઝાલા તથા ભાવનગરના ગૌરીશંકર ઓઝા, જેવા સૌરાષ્ટ્રના ધર્મ–સુધારકોની વિશિષ્ટતા એ હતી કે તેઓ ગુજરાતના સુધારકોની જેમ પાશ્ચાત્ય જીવનમૂલ્યોની અસર હેઠળ આવ્યા ન હતા. તેઓ હિંદુ ધર્મની પ્રણાલીને જ અનુસરીને સુધારો કરવાની તરફેણમાં હતા. પરિણામે સૌરાષ્ટ્રમાં ધર્મસુધારણાના આંદોલને ગુજરાતની જેમ પ્રત્યાઘાત પેદા કર્યા ન હતા. મણિશંકર પણ દયાનંદ સરસ્વતી જેમ વેદોને જ પ્રમાણભૂત શાસ્ત્ર માનતા હતા. એમ છતાં તેઓ દયાનંદની જેમ મૂર્તિપૂજાની વિરુદ્ધ ન હતા. એમણે તો સ્વામી દયાનંદને મૂર્તિપૂજા અંગે ચર્ચા કરવા રાજકોટ આવવા નિમંત્રણ આપ્યું, પરંતુ દયાનંદે એનો અસ્વીકાર કર્યો. એમ છતાં મણિશંકરે મુંબઈના ચોપાનિયા 'જ્ઞાનદીપક'માં આ ચર્ચા ચાલુ રાખી અને દયાનંદને મૂર્તિપૂજા અંગે ૨૪ જેટલા પ્રશ્ન પૂછ્યા, જેના ઉત્તર દયાનંદે પોતે નહિ પરંતુ એમના વતી પૂર્ણાનંદે આપ્યા હતા, જે મુંબઈના નિર્ણયસાગર પ્રેસ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા. ભોળાનાથ સાથે પણ આ બાબત અંગે મણિશંકરે પત્ર–વ્યવહાર દ્વારા ચર્ચા કરી હતી, પરંતુ બંને સુધારકો આ અંગે સંમત ન હતા.[૯૭] આમ સૌરાષ્ટ્રના સુધારકોનું વલણ એકંદરે રૂઢિચુસ્ત સુધારાવાદી તરીકેનું રહ્યું હતું.

## ૪. નવા ધર્મસુધારા સામે આંદોલન

બંગાળમાં લગભગ ઈ.સ. ૧૮૭૦ પછી અને ગુજરાતમાં લગભગ ઈ. સ. ૧૮૮૦ થી ધર્મસુધારણાના આંદોલનમાં નવો વળાંક આવ્યો. ભારતીય સંસ્કૃતિના ભવ્ય ભૂતકાળ પર ભારતીય અને વિદેશી વિદ્વાનોનાં સંશોધનો દ્વારા પાડવામાં આવેલા પ્રકાશને લીધે સાંસ્કૃતિક ક્ષેત્રે 'અસ્મિતાની ખોજ' માટેની પ્રવૃત્તિ શરૂ થઈ. રાષ્ટ્રિય ચેતનાએ પણ એને પુષ્ટિ આપી, પરિણામે નવા શિક્ષિતોના એક વર્ગમાં ધર્મસુધારણાના આંદોલનમાં રૂઢિચુસ્તતા કરતાં સંરક્ષણવાદી વૃત્તિ તરફનો ઝોક વધ્યો. નવા સંરક્ષણવાદીઓની દૃષ્ટિએ હમણાં સુધી સુધારકોએ ભારતીય સંસ્કૃતિના પાયાના સિદ્ધાંતોને તપાસ્યા કે સમજ્યા વગર જે નવા વિચાર લોકમાનસ પર ઠસાવવાના પ્રયાસ કર્યા તેને પરિણામે સમાજમાં ઉચ્છૃંખલ મનોદશા પેદા થઈ હતી. સંરક્ષણવાદીઓ પાશ્ચાત્ય દૃષ્ટિકોણને બદલે ભારતીય દૃષ્ટિકોણથી ધર્મનું સ્વરૂપ રજૂ કરવા માગતા હતા. કવિ નર્મદ (એમની ઉત્તરાવસ્થામાં), મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી (ઈ.સ. ૧૮૪૦–૧૯૦૭), શ્રીમન્નૃસિંહાચાર્ય (ઈ.સ. ૧૮૫૩–૧૮૯૭) અને મણિલાલ નભુભાઈ દ્વિવેદી (ઈ.સ. ૧૮૫૮–૧૮૯૮) વગેરેએ ગુજરાતમાં પાશ્ચાત્ય સંસ્કૃતિનાં મૂલ્યોને ફેલાતાં અટકાવવા માટે ભારતીય સંસ્કૃતિની પ્રણાલીને વધારે મહત્ત્વ આપ્યું, જ્યારે રમણભાઈ નીલકંઠ (ઈ.સ. ૧૮૬૮–૧૯૨૮) જેવા સુધારકોએ નવા સુધારાની પ્રવૃત્તિ જારી રાખી. પરિણામે સુધારાવાદીઓ અને સંરક્ષણવાદીઓ વચ્ચે ગજગ્રાહ શરૂ થયો. એમ છતાં કવિ દલપતરામ તેમજ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી (ઈ.સ. ૧૮૫૫–૧૯૦૭) અને આચાર્ય આનંદશંકર ધ્રુવ (ઈ.સ. ૧૮૬૯–૧૯૪૨) જેવા વિદ્વાનોએ ધર્મપ્રણાલી અને આધુનિકતા વચ્ચે સમન્વય સાધવાનો પ્રયાસ કર્યો.

મનઃસુખરામ ત્રિપાઠીની સંરક્ષણવાદી વિચારસરણીની અસર ગોવર્ધનરામ ત્રિપાઠી તથા મણિલાલ દ્વિવેદી પર વિશેષ પડી હતી.[૯૮] મનઃસુખરામે સાંસ્કૃતિક કટોકટીમાંથી પસાર થઈ રહેલ ભારતને ફરી ઉચ્ચ શિખરે મૂકવા માટે લોકોને પોતાનો ધર્મ જાળવવાનો તથા સદાચારી બનીને જ્ઞાનને ક્ષેત્રે સંગઠિત થવાનો અનુરોધ કર્યો હતો.[૯૯]

બીજી બાજુ કરસનદાસ મૂળજીના અવસાન પછી કવિ નર્મદના સુધારાને લગતા ક્રાંતિકારી વિચારોમાં ઈ.સ. ૧૮૭૯ થી સ્પષ્ટ રીતે પરિવર્તન આવ્યું. હવે, નર્મદની દૃષ્ટિએ નવા સુધારાએ સમાજમાં સાચા પરિવર્તનને બદલે વિકૃતિ આણી હતી. એમણે આ ઉપરછલ્લા સુધારાનું વિસર્જન કરવાની હિમાયત કરી. સાથે સાથે એમણે સ્વધર્મપાલન પર ભાર મૂક્યો.[૧૦૦] નર્મદે પોતાના વિચારો

ઈ.સ. ૧૮૮૦ પછી 'ગુજરાતી' નામના અઠવાડિકમાં લખેલા લેખો દ્વારા રજૂ કર્યા. આ લેખોનો સંગ્રહ ઈ.સ. ૧૮૮૫ માં 'ધર્મવિચાર'ના શીર્ષક હેઠળ પ્રગટ થયો હતો. નર્મદે પાશ્ચાત્ય અભિગમવાળા પ્રવૃત્તિધર્મ કે રાજધર્મને સ્થાને નિવૃત્તિધર્મ પર ભાર મૂકયો.[૧૦૧] નર્મદે તો મૂર્તિપૂજાને લગતા દયાનંદ સરસ્વતીના વિચારોની પણ ટીકા કરી હતી. એમના મંતવ્ય મુજબ આર્યજાતિને સાંસ્કૃતિક કટોકટીમાંથી બહાર લાવવા માટે સુધારાવાદીઓની શુષ્ક બુદ્ધિને બદલે બ્રાહ્મણની પ્રજ્ઞા અને ક્ષત્રિયની આત્મભોગની વૃત્તિની વિશેષ જરૂર હતી.[૧૦૨] આમ નર્મદને પોતે અગાઉ સુધારાના આંદોલન માટે જે પ્રવૃત્તિ આદરી હતી તેની ભૂલ સમજાઈ.

**શ્રેયઃસાધક અધિકારી વર્ગ** : નાગર કુટુંબમાં જન્મેલા અને 'શ્રેયઃસાધક અધિકારી વર્ગ'(ઈ.સ. ૧૮૮૨)ના સ્થાપક શ્રીમન્નૃસિંહાચાર્ય પણ આર્યધર્મના હિમાયતી હતા. સુરતના પ્રાર્થનાસમાજના આચાર્ય તરીકે એમણે પ્રાર્થનાસમાજમાં આર્યધર્મ પર વિશેષ ભાર મૂકયો હતો. હિંદના લોકોને નિસ્તેજ બનાવતી અને કૃત્રિમ સુધારાને ઉત્તેજન આપતી નવી કેળવણી અને સુધારાની પ્રવૃત્તિની એમણે ટીકા કરી અને આર્યધર્મની પ્રણાલીને પુષ્ટિ આપવા માટે પ્રાચીન શિક્ષણપ્રથાને અનુમોદન આપ્યું. એમણે પોતાના વિચાર 'મહાકાલ' નામના માસિક દ્વારા વ્યક્ત કર્યા. વડોદરામાં સ્થાપેલા 'શ્રેયઃસાધક અધિકારી વર્ગ' જેવા મંડળ દ્વારા એમણે ત્યાગની ભાવનાને અનુલક્ષીને સાંસારિક પ્રવૃત્તિ કરવા પર ભાર મૂકયો.[૧૦૩] 'શ્રેયઃસાધક અધિકારીવર્ગ' ફક્ત હિંદુઓ પૂરતો મર્યાદિત ન હતો, એમાં જૈન બૌદ્ધ પારસી ખ્રિસ્તી તથા મુસ્લિમોને પણ આવકારવામાં આવ્યા હતા. નૃસિંહાચાર્યના જીવનકાલ દરમ્યાન અને એમના મૃત્યુ પછી એમની પ્રવૃત્તિ ચલાવવામાં એમના સાથી-શિષ્ય છોટાલાલ જીવણલાલ માસ્તર(ઈ. સ. ૧૮૬૨-૧૯૧૨)નો ફાળો મહત્ત્વનો હતો. એમણે ઈ. સ. ૧૮૮૮માં 'મહાકાલ' અને ઈ.સ. ૧૯૦૨ માં 'પ્રાતઃકાલ' નામનાં માસિક શરૂ કર્યાં. આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ નગીનદાસ સંઘવીએ પણ ઈ. સ. ૧૯૦૧ માં 'વિદ્યાર્થી-જીવન' નામનું માસિક શરૂ કર્યું. 'વિદ્યાર્થી-જીવન' માં વિશેષ કરીને આર્યસંસ્કૃતિ પર આધારિત એવી શૈક્ષણિક પ્રવૃત્તિને લગતા વિચાર અને જુવાનોની પ્રવૃત્તિને લગતા લેખ રજૂ કરવામાં આવતા હતા.[૧૦૪]

**નથુરામ શર્મા** : આ સમયે સૌરાષ્ટ્રમાં શ્રીમન્નથુરામ શર્મા(ઈ.સ. ૧૮૫૯-૧૯૩૧)એ પણ યોગ અને વેદાંતના ઊંડા અભ્યાસ દ્વારા પ્રજામાં ધાર્મિક ચેતના ફેલાવવાના પ્રયાસ કર્યા. એમણે પોતાની કારકિર્દીની શરૂઆત શિક્ષક તરીકે કરી હતી. મરાઠી બંગાળી તથા સંસ્કૃત ભાષાનો પણ ઊંડો અભ્યાસ કર્યો.

'યોગકૌસ્તુભ' 'સ્વરોદય' 'યોગપ્રભાકર' 'પાતંજલ-યોગદર્શન વગેરે ગ્રંથો ઉપરાંત ઉપનિષદો તથા ગીતા પર ટીકા લખીને એમણે આર્યધર્મનો પ્રચાર કર્યો[૧૦૫] અને ગુજરાતના ધાર્મિક સાહિત્યને સમૃદ્ધ કર્યું. ભાવનગરમાં નાનાભાઈ ભટ્ટ જેવા સમર્થ શિક્ષણકાર પર એમની અસર ખૂબ હતી.

**મણિલાલ દ્વિવેદી :** પરંતુ નવા સુધારકો સામે વધારે વ્યાપક આંદોલન ચલાવનાર નડિયાદના નાગર બ્રાહ્મણ અને મુંબઈ યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ મણિલાલ નભુભાઈ દ્વિવેદી મુખ્ય હતા. એમના પર શંકરાચાર્યના અદ્વૈતવાદની ખૂબ અસર હતી. મણિલાલે થિયોસોફિકલ સોસાયટીમાં પણ રસ લીધો અને એ ઈ. સ. ૧૮૮૨ માં એમાં જોડાયા. મુંબઈની થિયોસોફિકલ સોસાયટીમાં એમણે Logic of Common Sense(સામાન્ય સમજનું તર્કશાસ્ત્ર) પર વ્યાખ્યાન આપ્યું.[૧૦૬] આ ઉપરાંત એમણે થિયોસોફી પર ઘણા લેખ લખ્યા. ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં એમના પ્રયાસથી થિયોસોફિકલ સોસાયટીની કેટલીક શાખાઓ સ્થપાઈ.[૧૦૭]

ભાવનગરની કૉલેજમાં એમણે સંસ્કૃતના અધ્યાપક તરીકે ઈ.સ. ૧૮૮૫ થી ફેબ્રુઆરી, ૧૮૮૯ સુધી કામ કર્યું. ઈ.સ. ૧૮૮૫ માં એમણે 'પ્રિયંવદા' નામનું માસિક શરૂ કર્યું. એમનો 'રાજયોગ' પણ ઈ.સ. ૧૮૮૫ માં પ્રગટ થયો. આ પુસ્તકે મણિલાલને યુરોપ તથા અમેરિકામાં પ્રસિદ્ધિ આપી. કૉલેજની નોકરીમાંથી નિવૃત્ત થયા પછી એમણે નડિયાદમાં 'અધ્યાત્મ-મંડળ' સ્થાપ્યું અને 'પ્રિયંવદા'ને સ્થાને 'સુદર્શન' નામનું માસિક શરૂ કર્યું. એમનો 'અદ્વૈતવાદ' પરનો નિબંધ શિકાગોમાં ભરાયેલી સર્વધર્મપરિષદ(ઈ.સ. ૧૮૯૩) પર મોકલવામાં આવ્યો હતો.[૧૦૮]

મણિલાલ આર્યસંસ્કૃતિના પ્રખર હિમાયતી હતા. મણિલાલે એમના માસિકમાં 'પૂર્વ અને પશ્ચિમ' શીર્ષક હેઠળ લેખમાળા શરૂ કરી. આ લેખોમાં એમણે હિંદના લોકો પર પડેલી પાશ્ચાત્ય શિક્ષણની વિપરીત અસરની ચર્ચા કરી. એમની દૃષ્ટિએ પશ્ચિમનાં મૂલ્યોએ વ્યક્તિની સમાનતા તથા સ્વતંત્રતા પર વધારે પડતો ભાર મૂક્યો હતો. પરિણામે અહમ્-કેંદ્રી વ્યક્તિત્વ ભૌતિકવાદ તથા સ્વચ્છંદતાને જ વધારે મહત્ત્વ આપવામાં આવ્યું. મણિલાલના મંતવ્ય મુજબ ભારતીય સંસ્કૃતિએ બાહ્ય સમાનતાને સ્થાને આંતરિક એકતા પર ભાર મૂક્યો હતો. એમણે 'નવીન અને પ્રાચીન'ના શીર્ષક હેઠળની લેખમાળામાં પણ પ્રાચીનને ભોગે નવીન અપનાવવા સામે ચેતવણી આપી હતી. આમ છતાં એમણે ફક્ત પ્રણાલીનું આંધળું પૂજન કરનારની પણ ટીકા કરી હતી.[૧૦૯] મણિલાલ સુધારાના વિરોધી ન હતા, પરંતુ એમની દૃષ્ટિએ એ સુધારો સાંસ્કૃતિક અને રાષ્ટ્રિય આદર્શોને સુસંગત હોવો

જરૂરી હતો. એમણે ધર્મના પાયા પર સર્વ પ્રવૃત્તિઓને મૂકવાનો પ્રયાસ કર્યો. 'અભેદમાર્ગી' મણિલાલે પક્ષભાવનાથી પર એવા એક જ સત્યની ઉપાસના પર ભાર મૂક્યો.[૧૧૦]

**રમણભાઈ નીલકંઠ :** મણિલાલે જ્યારે નવા સુધારકોની પ્રવૃત્તિની ઝાટકણી કાઢી ત્યારે બીજી બાજુ વિખ્યાત સુધારક મહીપતરામ રૂપરામના પુત્ર રમણભાઈ નીલકંઠે ગુજરાતમાં સુધારાવાદીઓની પ્રણાલી ચાલુ રાખી. રમણભાઈ નીલકંઠ ઈ.સ. ૧૮૯૦ થી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની વ્યવસ્થાપક સમિતિના સભ્ય હતા અને ઈ.સ. ૧૯૧૨ થી એના મંત્રી થયા હતા. અમદાવાદના પ્રાર્થના-સમાજનું સંચાલન પણ એમની પાસે હતું. રમણભાઈએ નવા સંરક્ષણવાદીઓની આકરી ટીકા કરી. એમની દૃષ્ટિએ સંસ્કૃતિના કહેવાતા આ રક્ષકો મિથ્યાદેશા-ભિમાનમાં રાચનારા હતા. મણિલાલ અને રમણભાઈ વચ્ચે સુધારા અંગેના દૃષ્ટિભેદને લીધે વિવાદ પેદા થયો. ઈ.સ. ૧૮૮૮ પછી મણિલાલે એમના 'સુદર્શન'-માં અને રમણભાઈએ 'જ્ઞાનસુધા'માં આ અંગે લેખો લખ્યા. 'જ્ઞાનસુધા'(ઑગસ્ટ અને ઑક્ટોબર, ૧૮૯૫)માં રમણભાઈએ 'સનાતન હિંદુધર્મ' પર લેખ લખ્યા તેમાં એમણે પ્રણાલીવાદીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા હિંદુધર્મના સ્વરૂપ અંગેની દલીલોને પડકારી. એમના મંતવ્ય મુજબ હિંદુધર્મના સ્વરૂપમાં વખતો-વખત પરિવર્તન આવ્યાં હતાં. ધર્મશાસ્ત્રોમાં પણ આત્મવિરોધી વિધાનો કરવામાં આવ્યાં હોવાથી સનાતન હિંદુધર્મ એના મૂળ સ્વરૂપમાં રહી શક્યો જ ન હતો. એ સંજોગોમાં, રમણભાઈની દૃષ્ટિએ, લોકોએ ધર્મનાં બાહ્ય સ્વરૂપોને દૂર કરીને નૈતિકતા સદાચાર અને ભક્તિને અનુસરવું જોઈએ.[૧૧૧]

રમણભાઈએ ઈ.સ. ૧૯૦૦ માં 'ભદ્રંભદ્ર' નામની એક હાસ્યરસિક નવલકથા પ્રગટ કરી તેમાં એમણે પ્રાચીન પ્રણાલીવાદીઓની રૂઢિચુસ્તતાનો ઉપહાસ કર્યો હતો. વિશેષ કરીને મનઃસુખરામ ત્રિપાઠી તથા મણિલાલ દ્વિવેદીને અનુલક્ષીને એમના વિચારોની ઠેકડી કરવાનો એમાં પ્રયાસ હતો. આચાર્ય આનંદશંકર ધ્રુવના મંતવ્ય મુજબ આ નવલકથાએ સુધારા અંગેનું દૃષ્ટિબિંદુ સબળ બનાવવાને બદલે એના માર્ગમાં વિઘ્ન પેદા કર્યું હતું.[૧૧૨]

## ૫. સમન્વયવાદી અભિગમ

૧૯ મી સદીના છેલ્લા બે દાયકા દરમ્યાન જ્યારે સુધારાવાદીઓ અને પ્રણાલીવાદીઓ વચ્ચે ગજગ્રાહ ચાલતો હતો તે સમયે તેમજ ૨૦ મી સદીના પ્રથમ દાયકા દરમ્યાન ધર્મસુધારણા અંગે સમન્વયીકરણનો અભિગમ અપનાવવાનો

પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ અભિગમના સમર્થકોમાં ગોવર્ધનરામ ત્રિપાઠી તથા આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવ મુખ્ય હતા; જોકે એમની પહેલાં પ્રણાલી અને નવા સુધારાના સમન્વયનો પ્રયાસ કવિ દલપતરામે એમનાં કાવ્યો તથા લેખો દ્વારા કર્યો હતો. દલપતરામના મંતવ્ય મુજબ ધર્મસુધારો સાંસ્કૃતિક આળખાને અનુરૂપ રહીને દાખલ કરવો જરૂરી હતો.[૧૧૩]

**ગોવર્ધનરામ ત્રિપાઠી :** ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીએ ઈ.સ. ૧૮૮૭ થી ૧૯૦૧ દરમ્યાન ચાર ભાગોમાં લખાયેલી 'સરસ્વતીચંદ્ર' જેવી અમર સાહિત્યકૃતિ દ્વારા ભારતીય સમાજમાં નવાં અને પ્રણાલીગત જીવનમૂલ્યોના સંઘર્ષનું સુંદર વિવેચન કર્યું હતું. 'સરસ્વતીચંદ્ર'માં શિક્ષિત વર્ગના આંતર જગતને વિવિધ રીતે નિરૂપવામાં આવ્યું હતું. સંક્રાંતિકાલની આ નવલકથાનો નાયક સૉક્રેટિસની જેમ સ્વતંત્રતાને નામે સંસ્કૃતિના આદર્શોનું ઉલ્લંઘન કરવા માગતો ન હતો. આર્ય-સદાચાર પર નિર્ભર એવી સ્વાર્પણની ભાવના એ આ નવલકથાનો પ્રધાન સૂર હતો. સાથે સાથે ગોવર્ધનરામ આ નવલકથા દ્વારા પાશ્ચાત્ય તથા ભારતીય મૂલ્યોનું સમન્વયીકરણ કરવા માગતા હતા. એમણે પ્રાચીન ભારત, અર્વાચીન ભારત અને પશ્ચિમના 'ત્રિવેણી સંગમ'માં જનસમાજના નેતાઓના આચાર વિચાર તથા ઉપદેશો કેવા હોવા જોઈએ એનો ખ્યાલ આપ્યો. એમણે નવા શિક્ષિત વર્ગ પાસેથી એવી અપેક્ષા રાખી હતી કે એ વર્ગ પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિ વચ્ચે તેમજ સરકાર અને સામાન્ય જનતા વચ્ચે કડીરૂપ બની રહે. ગુજરાતના શિક્ષિત સમાજના માનસ પર 'સરસ્વતીચંદ્ર'નો પ્રભાવ ખૂબ ઘેરો પડ્યો હતો.[૧૧૪]

**આનંદશંકર ધ્રુવ :** ગોવર્ધનરામની જેમ આચાર્ય આનંદશંકર ધ્રુવે પણ ધર્મસુધારાના આંદોલન પ્રત્યે એકંદરે તટસ્થતા જાળવી રાખી હતી. આનંદ-શંકર મણિલાલ દ્વિવેદીના 'સિદ્ધાંતસાર'થી ખૂબ પ્રભાવિત થયા હતા અને સુધારાવાદીઓની સામે એમણે 'સુદર્શન'માં લેખો લખીને મણિલાલની વિચાર-સરણીને સમર્થન આપ્યું હતું. મણિલાલના અવસાન પછી આનંદશકરે 'સુદર્શન' ચલાવ્યું હતું. મણિલાલની જેમ તેઓ પણ શાંકરવેદાંતના હિમાયતી હતા, પરંતુ આનંદશંકર મણિલાલ કરતાં વધારે સૌમ્ય અને તટસ્થ હતા. એમણે સુધારાવાદી અને એનું ખંડન કરનાર એમ બંને પક્ષોને નજીક લાવવાનો પ્રયાસ કર્યો હતો.

ડૉ. ધીરુભાઈ ઠાકરના શબ્દોમાં 'નર્મદે આરંભેલા ધર્મશોધન–કાર્યને મણિ-લાલે મજબૂત પાયા પર મૂકીને વ્યવસ્થિત કર્યું', તો આનંદશંકરે મણિલાલની ધર્મતત્ત્વ વિચારણાને સર્વતઃ પરિશુદ્ધ કરીને સંપૂર્ણ બનાવી. નર્મદના સમયમાં અજ્ઞાન અને જડતાની તામસી ભૂમિકા ઉપર અગતિક રહેલા ધર્મતત્ત્વને મણિલાલે

સ્વરક્ષણ અને અભેદલક્ષી કર્તવ્યની દીપ્તિમંત ભાવના વડે રાજસી ભૂમિકા ઉપર લાવીને મૂકયું હતું. તેને આનંદશંકરે પોતાની ઉદાર તર્કશુદ્ધ નિર્ણાયક બુદ્ધિ વડે વિશાળ સાત્ત્વિક ભૂમિકા ઉપર સ્થાપીને એક પાયરી ઊંચું ચડાવ્યું એમ કહી શકાય.'૧૧૫

## પાદટીપ

૧. *Gazetteer of the Bambay Preisdency (BG.)*, Vol. IV, p. 260
૨. હીરાલાલ ત્રિ. પારેખ, 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ', ભા. ૧, પૃ. ૩
૩. *BG*, Vol. IX, Part I, p. vii
૪. *Ibid.*, p. xxxv ૫. *Ibid.*, pp. 1 and 530
૬. *Ibid.*, p. xxxvi
૭. *Ibid.*, pp. 530, 534; નવીનચંદ્ર આ. આચાર્ય 'ગુજરાતના ધર્મસંપ્રદાયો' પૃ. ૬૧, ૬૨; ખારાવાળા અમરદાસજી, 'રામાનુજને વડલે સાધુસંપ્રદાયો', "ઊર્મિનવરચના દીપોત્સવી વિશેષાંક : સૌરાષ્ટ્રની ધર્મસાધના", અંક ૭–૮, પૃ. ૫૭૨–૫૭૬
૮. *BG*, Vol. IX, Part I, pp. 534 f. ૯. *Ibid.*, p. 530
૧૦. હીરાલાલ ત્રિ. પારેખ, 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન', ખંડ ૨, પૃ. ૪૫–૪૭
૧૧. કે. કા. શાસ્ત્રી, 'મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી', પૃ. ૬૩
૧૨. *BG*, Vol. IX, Part I, p. 536

મહાપ્રભુજીની ૮૪ બેઠકોમાંની ૨૦ બેઠક આ પ્રદેશમાં આવેલી છે (વિગતો માટે જુઓ કે. કા. શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૭૭–૮૦.). ગુજરાતમાં આરાસુરનાં અંબાજી, સુંવાળનાં બહુચરાજી અને પાવાગઢનાં કાલિકા, સૌરાષ્ટ્રમાં ગિરનાર પરનાં અંબાજી અને કચ્છમાં આશાપુરા માતાનો ઘણો મહિમા મનાય છે. —સં.

૧૩. *BG*, Vol. IX, Pt. I, pp. 536. 537
૧૪. *Ibid.*, pp. 539–540. વિગતો માટે જુઓ 'ચરોતર સર્વસંગ્રહ', વિભાગ ૧, પૃ. ૮૨૦–૮૨૨ —સં.
૧૫. *Ibid.*, p. 541, 544; હરિલાલ ગૌદાની 'સૌરાષ્ટ્રમાં નાથ સંપ્રદાય', "ઊર્મિ નવરચના" વર્ષ ૪૪, પૃ. ૫૩૦–૫૩૫; નવીનચંદ્ર આચાર્ય, 'ગુજરાતના ધર્મસંપ્રદાય', પૃ. ૧૪–૩૬
૧૬. *Ibid.*, pp. 545 f.
૧૭. *Ibid.*, pp. 545 ff., પ્રવીણચંદ્ર પરીખ, 'તલસ્પર્શ' પૃ. ૧૦૪–૧૪
૧૮. *Ibid.*, p. 545; ન. આ. આચાર્ય, ઉપર્યુક્ત, પૃ. ૭૪, ૭૭–૮૦; ખોડીદાસ પરમાર, 'દેવીપૂજા અને સૌરાષ્ટ્રનાં દેવી-દેવલાં; ના. કે. ભટ્ટી, 'વામમાર્ગ', 'ઊર્મિ નવરચના', વર્ષ ૪૪, પૃ. ૪૬૦–૪૬૬, ૫૬૦–૫૬૮
૧૯–૨૧. *Ibid.*, p. 547
૨૨. વિગતો માટે જુઓ 'ચરોતર સર્વસંગ્રહ', વિભાગ ૧, પૃ. ૯૬૧–૯૬૨. —સં.
૨૩–૨૫ *BG*, Vol. IX, pt. I, p. 548

૨૫ અ. જુઓ દેવેન્દ્ર પંડિત, 'સૌરાષ્ટ્રના સંતો.'

૨૬. *Ibid.*, pp. 96-98, 105, 106

૨૭. *BG*, Vol. IX, Part II, pp. 1, 6, 11. વધુ વિગતો માટે જુઓ કરીમ મહંમદ માસ્તર, 'મહાગુજરાતના મુસલમાનો', 'ચરોતર સર્વસંગ્રહ', વિભાગ ૧, પૃ. ૮૩૦-૮૪ અને 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ ૫ : 'સલ્તનત કાલ', પૃ. ૩૭૪-૩૮૨. —સં.

૨૮. *Ibid.*, p. 20

૨૯. *Ibid.*, p. 22, 23

૩૦ *Ibid.*, pp. 23-24

૩૧. *Ibid.*, p. 125

૩૨. *Ibid.*, pp. 24, 27-32

૩૩. *Ibid.*, pp. 33, 34

૩૪. *Ibid.*, pp. 36, 46, 47

૩૫. *Ibid.*, p. 48

૩૬. *Ibid.*, pp. 50, 51, 56

૩૭. *Ibid*, p. 66

૩૮. *Ibid.*, pp. 69, 71

૩૯. *Ibid.*, pp. 183, 211, 213

૪૦. બહમનજી બહેરામજી પટેલ (સં.) 'પારસી પ્રકાશ', ભા. ૧, પૃ. ૫૬૮.

અમદાવાદમાં ખમાસા ચોકી પાસે શેઠ નવરોજી પેશતનજી વકીલે તથા જહાંગીરજી પેશતનજી વકીલે ઈ.સ. ૧૮૮૪માં જૂની દાદગાહની જગ્યાએ નવી દાદગાહ બંધાવી હતી (હરિપ્રસાદ શાસ્ત્રી અને ભારતી શેલત, 'અમદાવાદની પારસી અગિયારીના શિલાલેખ', "બુદ્ધિપ્રકાશ", પુ. ૧૨૭, પૃ. ૪૮૫-૪૮૭).

અમદાવાદમાં શ્રી સોરાબજી જમશેદજીએ ૧૮૬૬માં ધર્મશાળા બંધાવેલી તે રેલમાં પડી જતાં નવરોજી પેશતનજી વકીલે ૧૮૯૩માં ત્યાં નવી ધર્મશાળા બંધાવી હતી (હરિપ્રસાદ શાસ્ત્રી અને ભારતી શેલત, 'અમદાવાદની પારસી ધર્મશાળાના શિલાલેખ', "પથિક", વર્ષ ૨૦, અં. ૩, પૃ. ૧૮-૨૦).-સં.

૪૧. ભારતી શેલત, 'અમદાવાદનો યહૂદી ત્રિભાષી લેખ અને ત્યાંનું યહૂદી કબ્રસ્તાન,' "વિદ્યાપીઠ", અંક ૧૧૦, પૃ. ૩-૮

૪૨. *D.G.*, *Surat*, p. ૬09

૪૩. R. H. Boyd, *The Prevailing Word*, pp. 13, 57, 58

વધુ વિગતો માટે જુઓ લાજરસ તેજપાળ, 'ગુજરાતમાં ખ્રિસ્તીમંડળનો ઇતિહાસ' અને ન. આ. આચાર્ય; 'ગુજરાતના ધર્મસંપ્રદાય', પૃ. ૧૧.

૪૪. *BG*, Vol. IX, Part I, p. vii

૪૫. Manilal C. Parekh. *Shri Swāminārāyaṇ*, pp. 16 f.

૪૬. K. M. Munshi, *Gujarat and Its Literature; From Early Times to 1857*, p. 267; Manilal C. Parekh, *op. cit.*, p. 23

૪૭. કિશોરલાલ ઘ. મશરૂવાળા 'સહજાનંદ સ્વામી', પૃ. ૬, ૭, ૮

૪૮. Manilal C. Parekh, *op. cit.*, pp. 26 f.

૪૯. કિશોરલાલ ઘ. મશરૂવાળા, ઉપર્યુક્ત, પૃ. ૩૫-૩૭, ૪૧, ૪૨

૫૦. Heber Reginald, *Narrative of a Journey through Upper Provinces of India*, Vol. II, pp. 146-148

૫૧. કિશોરલાલ મશરૂવાળા, ઉપર્યુક્ત, પૃ ૧૧૩
૫૨. Manilal C. Parekh, *op. cit*., p. 91
૫૩. કિશોરલાલ મશરૂવાળા, ઉપર્યુક્ત પૃ. ૧૦૮, ૧૧૫
૫૪. મગનલાલ વખતચંદ, 'અમદાવાદનો ઇતિહાસ', પૃ. ૨૫૧; કિશોરલાલ મશરૂવાળા, ઉપર્યુક્ત, પૃ. ૫૫-૫૭
૫૫. કિશોરલાલ મશરૂવાળા, ઉપર્યુક્ત, પૃ. ૫૭, ૫૮, ૬૦-૬૨
૫૬. H. G. Briggs, *The Cities of Gujarashtra*, p. 238
૫૭. કિશોરલાલ મશરૂવાળા, ઉપર્યુક્ત, પૃ. ૬૩, ૬૪
૫૮. નરોત્તમ ડી. મહેતા, 'સ્વામીશ્રી સહજાનંદ ભગવાનની કચ્છ પ્રદેશમાં આનંદ અને જીવનલીલા', "કચ્છમિત્ર", દિવાળી અંક, ૧૯૭૧, પૃ. ૩૦
૫૯. Manilal C. Parekh. *op. cit*., pp. 109 f.
૬૦. કિશોરલાલ મશરૂવાળા, ઉપર્યુક્ત, પૃ. ૭૧, ૭૨
૬૧. મૂલચંદ આશારામ શાહ, 'આશારામ દલીચંદ શાહ અને તેમનો સમય', પૃ. ૧૩, ૧૪
૬૨. કિશોરલાલ મશરૂવાળા, ઉપર્યુક્ત, પૃ. ૧૩૮-૧૪૨; Ramesh M. Dave, *Life and Work of Shree Swāmināráyaṇ*, pp. 16-19.

શાસ્ત્રી યજ્ઞપુરુષદાસે બોચાસણમાં અલગ શાખા સ્થાપી ૧૯૦૭માં મંદિર બંધાવ્યું. આ શાખામાં 'અક્ષર' અર્થાત્ સ્વામી ગુણાતીતાનંદ તથા 'પુરુષોત્તમ' અર્થાત્ સ્વામિનારાયણ-બંનેનો મહિમા મનાય છે. —સં.

૬૩. *BG*, Vol. IX, Part I, pp. 536 f.
૬૪. John Wilson, *History of the Suppression of Infanticide in Western India*, p. 6; *Selections from the Records of the Bombay Government*, No. XXXIX, New Series, Part II; R. L. Raval, 'Some Aspect of the British Impact on Religion, Culture and Literature in Gujarat during the Nineteenth Century', *Vidya*, Vol. XX, p. 99.
૬૫. મહીપતરામ રૂપરામ, 'દુર્ગારામચરિત્ર', પૃ. ૩, ૫, ૮, ૧૦, ૧૧
૬૬. એજન, પૃ. ૧૦, ૧૧
૬૭. એજન, પૃ. ૩૬, ૩૭, ૪૯-૫૬, ૫૯, ૭૯-૮૧, ૮૩, ૧૨૫, ૧૩૫
૬૮. એજન, પૃ. ૫૪, ૧૪૨-૧૪૪, ૧૪૬-૧૫૧, ૧૫૫. ૧૬૩-૧૬૮
૬૯. નવલરામ જગન્નાથ ત્રિવેદી, 'સમાજ-સુધારાનું રેખાદર્શન', પૃ. ૨૬, ૨૭
૭૦. મગનલાલ નરોત્તમદાસ પટેલ, 'મહાજન મંડળ', ભા. ૧, પૃ. ૧૧૩૭, ૧૧૩૮
૭૧-૭૨ 'ગુજરાત વર્નાક્યુલર સોસૈટીનો ઇતિહાસ', "બુદ્ધિપ્રકાશ", પુ. ૨૫, પૃ. ૩, ૭૬, ૮૯
૭૩. કવિ ન્હાનાલાલ દલપતરામ, 'કવીશ્વર દલપતરામ', ભા. ૨, પૃ. ૪૦૯
૭૪. એજન, પૃ. ૮૬, ૮૮, ૨૭૦
૭૫. દલપતરામ ડાહ્યાભાઈ, 'દલપતકાવ્ય', ભા. ૧, પૃ. ૧૩૫-૧૩૮, ૪૨૩, ૪૨૪
૭૬. નર્મદાશંકર લાલશંકર, 'જૂનું નર્મગદ્ય', ભા. ૧, પૃ. ૧૦૧-૧૧૬, ૧૪૩-૧૮૫

૭૭. મહીપતરામ રૂપરામ, 'ઉત્તમ કપોળ કરસનદાસ મૂળજી ચરિત્ર', પૃ. ૨૯, ૩૦
૭૮. નર્મદાશંકર લાલાશંકર, ઉપર્યુક્ત, પૃ. ૪૩૫–૪૩૮, ૪૪૦–૪૪૫
૭૯. મહીપતરામ રૂપરામ, ઉપર્યુક્ત, પૃ. ૩, ૭
૮૦. કરસનદાસ મૂળજી, 'નિબંધમાળા', પુ. ૧, પૃ. ૮૦–૮૭, ૯૩–૯૫, ૧૩૩–૧૪૨. ૧૪૪–૧૫૧
૮૧. મહીપતરામ રૂપરામ, ઉપર્યુક્ત, પૃ. ૨૯–૩૮
૮૨. એજન, પૃ. ૫૨–૬૭, ૯૧, ૯૨
૮૩. B. N. Motivala, *Karsandas Mulji : A Biographical Study*, pp. 136, 137
૮૪. મહીપતરામ રૂપરામ, ઉપર્યુક્ત, પૃ. ૯૨, ૯૩
૮૫. એજન, પૃ. ૧૨૧, ૧૨૨, ૧૩૫, ૧૩૬
૮૬. Krishnarao Bholanath, 'A Brief Sketch of the Life and Character of Bholanath Sarabhai', *Life of Bholanath Sarabhai*, p. 1
૮૭. કૃષ્ણરાવ ભોળાનાથ, 'ભોળાનાથ સારાભાઈનું જીવનચરિત', પૃ. ૧૩૧
૮૮. Krishnarao Bholanath, *op. cit.*, p. 6
૮૯. કૃષ્ણરાવ ભોળાનાથ, ઉપર્યુક્ત, પૃ. ૧૧૪–૧૧૬, ૧૧૯–૧૨૨, ૧૨૪
૯૦. એજન, પૃ. ૨૦૧, ૨૦૨
૯૧. એજન, પૃ. ૫૨–૫૮
૯૨. એજન, પૃ. ૧૧૬–૧૧૮
૯૩. નવલરામ જ. ત્રિવેદી, ઉપર્યુક્ત, પૃ. ૧૦૧–૧૦૪; Bhagvanlal R. Badshah, *The Life of Rao Bahadur Ranchodalal Chhotalal*, p. 129
૯૪. 'રા. આ. ગોપાળરાવ હરિનું જન્મવૃત્તાંત', "બુદ્ધિપ્રકાશ", પુ. ૪૦, પૃ. ૨૩૧, ૨૩૨.
નવલરામ ત્રિવેદીએ ગોપાળરાવ હરિ દેશમુખ ૧૮૬૭ થી ૧૮૭૯ સુધી અમદાવાદની સ્મૉલ કૉઝ કોર્ટમાં ન્યાયાધીશ તરીકે કામ કર્યું" એમ જણાવ્યું છે ('સમાજસુધારાનું રેખાદર્શન', પૃ. ૧૧૨.)
૯૫. નવલરામ જ. ત્રિવેદી, ઉપર્યુક્ત, પૃ. ૧૦૫
૯૬. જયસુખરાય પુરુષોત્તમરાય જોશીપુરા, 'મણિશંકર કીકાણી,' પૃ. ૨૨, ૨૫, ૩૧–૪૦, ૪૩. ૪૪, ૫૦
૯૭. એજન, પૃ. ૬૪–૬૭, ૭૨–૭૭, ૧૩૩–૧૩૮
૯૮. K. C. Pandya, R. P. Bakshi and S. J. Pandya (ed.), *Govardhanram Madhavram Tripathi's Scrap Book*; ધીરુભાઈ ઠાકર (સં.), 'મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું આત્મવૃત્તાંત'
૯૯. મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી. 'અસ્તોદય તથા સ્વાશ્રય', પૃ. ૭૩, ૭૪, ૭૮, ૮૬, ૮૭, ૧૧૮, ૧૮૨
૧૦૦. નર્મદાશંકર લાલશંકર 'ધર્મવિચાર', પૃ. ૨૩
૧૦૧. વિશ્વનાથ મગનલાલ ભટ્ટ (સં.), 'નર્મદનું મન્દિર,' પૃ. ૫૦૮–૫૧૦
૧૦૨. નર્મદાશંકર લાલશંકર, ઉપર્યુક્ત, પૃ. ૬૬, ૬૭, ૯૮

૧૦૩. મહેંદ્રકુમાર એમ. દેસાઈ. 'શ્રીમન્ નૃસિંહાચાર્ય,' પૃ. ૯૭, ૧૦૦
૧૦૪. એજન, પૃ. ૩૧૪-૩૧૬, ૩૨૨, ૩૪૭, ૩૬૭
૧૦૫. મગનલાલ નરોત્તમદાસ પટેલ, ઉપર્યુક્ત, પૃ. ૮૮૮-૮૯૧
૧૦૬. અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી, 'મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું જીવનચરિત્ર', પૃ. ૪૩, ૪૪, ૫૦
૧૦૭. મણિલાલ નભુભાઈ દ્વિવેદી. 'સુદર્શન ગદ્યાવલી', પૃ. ૮૧-૧૧૮
૧૦૮. અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી, ઉપર્યુક્ત, પૃ. ૭૮
૧૦૯. મણિલાલ નભુભાઈ દ્વિવેદી, ઉપર્યુક્ત, પૃ. ૩૭૬-૩૭૮, ૪૬૫-૫૧૪
૧૧૦. રામપ્રસાદ બક્ષી અને રમણલાલ જોશી (સં.), 'ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યસિદ્ધિ,' પૃ. ૯૬, ૯૭
૧૧૧. રમણભાઈ મહીપતરામ, 'ધર્મ અને સમાજ', ભા. ૧, પૃ. ૨૦૪, ૨૦૬
૧૧૨. ધીરુભાઈ ઠાકર, 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા' પૃ. ૧૨૦, ૧૨૧
૧૧૩. દલપતરામ ડાહ્યાભાઈ, ઉપર્યુક્ત, પૃ. ૩૮૯
૧૧૪. K. M. Munshi, *Gujaart and Its Literature*, p. 256
૧૧૫. ધીરુભાઈ ઠાકર, 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા', પૃ. ૧૨૮-૧૩૦

## પુરવણી

# ખ્રિસ્તી ધર્મ

આ સમય દરમ્યાન ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મના બંને પંથો રોમન કેથોલિક અને પ્રોટેસ્ટન્ટ પ્રચલિત હતા. પ્રોટેસ્ટન્ટ પંથના અનેક પેટા-પંથ પણ પ્રચલિત હતા.

## રોમન કેથોલિક

રોમન કેથોલિક સંપ્રદાયે અગાઉ જે ધર્મપ્રવૃત્તિઓ આદરી હતી તે આ કાલ દરમ્યાન પણ ચાલુ રહી.[1] આ પંથના પાદરીઓ એમની ધર્મપ્રવૃત્તિ આણંદ, વડોદરા ભરૂચ સુરત અમદાવાદ રાજકોટ ભૂજ જામનગર અને ભાવનગરમાં કરતા હતા. સુરતમાં ઈ.સ. ૧૮૫૮ સુધી કાર્મેલાઇટ સંઘના, ઈ. સ. ૧૮૫૮ થી ઈ.સ. ૧૮૬૯ સુધી જેસૂઇટ સંઘના અને ઈ.સ. ૧૮૬૯ પછી કોઈપણ સંઘ સાથે સંકળાયેલ ન હોય તેવા સેક્યુલર પાદરીઓ ધર્મપ્રવૃત્તિઓ કરતા હતા.[2] ઈ.સ. ૧૮૩૦ માં ભરૂચ અને વડોદરા માટે એક નિવાસી પાદરીની નિયુક્તિ કરવામાં આવી, જે વડોદરામાં રહીને આ બંને નગરોમાં ધર્મપ્રવૃત્તિ કરતા. ઈ.સ. ૧૮૩૬ માં ભુજમાં અને ઈ.સ. ૧૮૫૪ માં રાજકોટમાં નિવાસી પાદરીની નિયુક્તિ થઈ. ઈ.સ. ૧૮૯૩ પછી એમ. એફ્સ. ગોમ્સ નામના પાદરી આણંદ પાસે મામડી ગામમાં સ્થિર થયા. વડતાલમાં રોમન કેથોલિકોની ઈ.સ. ૧૮૯૭ થી ઑગસ્ટિનસ માર્ટિન નામના પાદરીએ ધર્મકાર્ય શરૂ કર્યું હતું. ફાધર ઉમ્પિયરે ઈ.સ. ૧૯૦૫ માં કરમસદમાં ધર્મપ્રવૃત્તિ શરૂ કરી. નડિયાદમાં ઈ.સ. ૧૯૧૧ માં ધર્મપ્રવૃત્તિ શરૂ થઈ. રોમન કેથોલિક પાદરીઓ આર્કબિશપ દ્વારા મળતી ગ્રાન્ટ દ્વારા ધર્મપ્રવૃત્તિ કરતા અથવા કયારેક પોતાની રીતે યુરોપના દેશોમાંથી દાન મેળવીને ધર્મપ્રવૃત્તિ ચલાવતા હતા.

### પ્રોટેસ્ટન્ટ

પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયનાં અનેક મિશન આ સમય દરમ્યાન ગુજરાતમાં ધર્મ-પ્રવૃત્તિઓ ચલાવતાં હતાં.[2] ગુજરાતમાં લન્ડન મિશનરી સોસાયટીની પ્રવૃત્તિઓ ઈ.સ. ૧૮૬૦ સુધી ચાલુ રહી હતી. ઈ.સ. ૧૮૪૭ માં સુરતમાંથી અને ઈ.સ. ૧૮૬૦ માં અમદાવાદમાંથી આ મિશને પોતાનું ધર્મકાર્ય સમેટી લીધું હતું ને એ સુરતમાં આઇ. પી. મિશનને સોંપી દીધું.

એસ. પી. જી. (Society for the Propagation of the Gospel) નામના મિશનની ધર્મપ્રવૃત્તિઓ ગુજરાતમાં ઈ.સ. ૧૮૩૦ માં ટી. ડી. પેટિન્જર નામના મિશનરી દ્વારા શરૂ થઈ.

આઇરિશ પ્રેસ્બિટેરિયન મિશન, જે ટૂંકમાં આઈ.પી.મિશન તરીકે ઓળખાય છે, તેના કાર્યની શરૂઆત ગુજરાતમાં ઈ.સ. ૧૮૪૧ થી થઈ. લન્ડન મિશન સ્કૂલ અને એસ.પી.જી. મિશનોએ પોતાનું ધર્મકાર્ય ગુજરાતમાંથી સમેટી લીધું ત્યારે એ મિશનોના ધર્મપ્રાંત આઈ.પી. મિશનને સોંપવામાં આવ્યા હતા.

ગુજરાતમાં મેથોડિસ્ટ ચર્ચની શરૂઆત ઈ.સ. ૧૮૭૨થી મહી નદીના દક્ષિણ ભાગમાં થઈ. આ મિશનના આશ્રયે ગુજરાતમાં સૌ પ્રથમ ખ્રિસ્તી મેળો આણંદ પાસેના ભાલેજમાં ઈ.સ. ૧૮૯૫ માં ભરાયો હતો. આ પછી ઈ.સ. ૧૯૦૩ માં અને ઈ.સ. ૧૯૦૬ માં પણ આ પ્રકારના મેળાઓનું આયોજન થયું હતું.

સી. એમ. એસ.(The Church Missonary Society)એ ગુજરાતમાં એની પ્રવૃત્તિઓ ઈ.સ. ૧૮૮૦ માં શરૂ કરી. આ મિશને વિશેષ કરીને ભીલ પ્રજામાં ધર્મપ્રચારનું કામ કર્યું છે.

સાલ્વેશન આર્મી (જે હાલ ગુજરાતીમાં 'મુક્તિ-ફોજ' તરીકે ઓળખાય છે) નામના મિશનની શરૂઆત ગુજરાતમાં ઈ.સ. ૧૮૮૨ થી થઈ. આ મિશને શરૂઆતમાં ખ્રિસ્તી ધર્મના પ્રસારાર્થે ભારતીયીકરણનો માર્ગ અપનાવ્યો હતો. એના અધિકારીઓ–યુરોપિયન હોય તોપણ–ભગવાં વસ્ત્ર ધારણ કરતા, ઉઘાડા પગે ફરતા, માથે મુંડન કરાવતા, કપાળે તિલક કરતા. ક્યારેક કપાળે ક્રોસની આકૃતિ સિંદૂર વડે દોરતા, ભારતીય નામ ધારણ કરતા. ભારતીયીકરણ બાબતે શ્રીમતી ટયુકર કહેતાં : "ભારતને જીતવાનો આ જ માર્ગ છે."

ગુજરાતમાં અલાયન્સ મિશનની શરૂઆત ઈ.સ. ૧૮૮૩ માં અને ચર્ચ ઑફ બ્રધનની શરૂઆત ઈ.સ. ૧૮૯૫ માં થઈ.

ગુજરાતમાં ભીલ પ્રજામાં ખ્રિસ્તી ધર્મનો પ્રસાર કરવા આઈ. પી. મિશને ઈ.સ. ૧૮૮૯ માં જંગલ ટ્રાઇબ્સ મિશનની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૦૬ માં ભીલ પ્રજા વચ્ચે સી.એમ.એસ., જંગલ ટ્રાઇબ્સ મિશન, મેથોડિસ્ટ એપિસ્કોપલ ચર્ચ, સાલ્વેશન આર્મી અને ચર્ચ ઑફ બ્રધન એમ જુદાં જુદાં પાંચ મિશન કામ કરતાં હતાં.

પડદામાં રહેતી સ્ત્રીઓમાં ધર્મપ્રચાર કરવા માટે ઝનાના મિશન શરૂ કરવામાં આવ્યું.[૩]

ઈ.સ. ૧૯૦૮માં ગુજરાત અને કાઠિયાવાડની પ્રેસ્બિટેરિયન સુવાર્તા પ્રચારક મિશનની સ્થાપના થઈ. આ મિશન 'હોમ મિશન' કે 'ફર્ચ મિશન' તરીકે પણ ઓળખાય છે.[૪]

## ધાર્મિક પરિષદો

ઉપર્યુક્ત જુદાં જુદાં મિશન એકબીજાના સહકારથી કાર્ય કરી શકે એ માટે ઈ.સ. ૧૯૦૪માં 'ધી ગુજરાત ઍન્ડ કાઠિયાવાડ મિશનરી કૉન્ફરન્સ'ની સ્થાપના કરવામાં આવી.[૫] એની પરિષદોમાં એમ નક્કી થયું કે દરેક મિશને અન્ય મિશનના ધર્મપ્રાંતની મર્યાદા જાળવવી. ગુજરાતમાં આવતા પરદેશી મિશનરીઓને ગુજરાતી ભાષાનું જ્ઞાન મળી રહે એ માટે ગુજરાતી ભાષાની પરીક્ષા લેવાનું ઠરાવ્યું (ઈ.સ. ૧૯૧૧).

## ધર્મપરિવર્તનો

આ સમય દરમ્યાન જે ધર્મપરિવર્તન થયાં તેમાં ખૂબ જ નોંધપાત્ર અને ચકચારભર્યું ધર્મપરિવર્તન કવિ 'કાંત'નું ગણાવી શકાય. સ્વીડનના તત્ત્વજ્ઞાની ઇમેન્યુએલ સ્વીડનબૉર્ગનાં લખાણ વાંચવાથી તેઓ ખ્રિસ્તી ધર્મ પ્રત્યે આકર્ષાયા હતા.[૬] કાંતે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો.[૭]

## ધર્મપ્રસારની પદ્ધતિ

ખ્રિસ્તી મિશનરીઓએ ખ્રિસ્તી ધર્મના પ્રસારાર્થે જુદી જુદી પદ્ધતિઓ અપનાવી હતી.[૮] બાઇબલના છાપકામ માટે ગુજરાતમાં સૌપ્રથમ છાપખાનું સુરતમાં લન્ડન મિશન સોસાયટી દ્વારા ઈ.સ. ૧૮૨૦માં ખોલવામાં આવ્યું. આ જ વર્ષે નવો કરાર (New Testament) 'નવીન બંદોબસ્ત' નામે પ્રસિદ્ધ થયો. ઈ.સ. ૧૮૨૩માં જૂના કરાર(Old Testament)નું ભાષાંતર પ્રગટ થયું. ઈ.સ. ૧૮૨૯માં સંપૂર્ણ બાઇબલ ચાર ભાગોમાં ગુજરાતીમાં બહાર પડ્યું. ઈ.સ. ૧૮૫૭થી ૧૮૬૧ના સમય દરમ્યાન બાઇબલના ભાષાંતરમાં સંપૂર્ણ સુધારા-વધારા થયા.

મિશનરીઓને ગુજરાતી ભાષામાં ધર્મોપદેશ કરવો પડતો. ગુજરાતી ભાષાનું પદ્ધતિસરનું જ્ઞાન મળી રહે એ માટે એમને ગુજરાતી વ્યાકરણ ગ્રંથોની જરૂર પડી. ઈ.સ. ૧૮૧૯માં સ્કીનર અને ફાઇવીએ ગુજરાતી વ્યાકરણ અને કોશ તૈયાર કર્યાં હતાં, પરંતુ એ પ્રગટ થયાં ન હતાં. ઈ.સ. ૧૮૪૭માં લન્ડન મિશન સોસાયટીના મિશનરી વિલિયમ ક્લાર્કસનકૃત 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' પ્રસિદ્ધ થયું.

મિશનરીઓ દ્વારા રચિત ગુજરાતી વ્યાકરણના સર્વ ગ્રંથોમાં જે.વી.એસ. ટેલર-કૃત 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' શ્રેષ્ઠ છે. આ ગ્રંથ ઈ.સ. ૧૮૬૭માં પ્રસિદ્ધ થયો હતો. જે.વી.એસ. ટેલર ગુજરાતી વ્યાકરણના પિતા ગણાય છે. એમના પુત્ર જી.વી. ટેલરે ઈ.સ. ૧૮૯૩ માં અંગ્રેજી ભાષામાં 'ધી સ્ટુડન્ટસ ગુજરાતી ગ્રામર' નામનો ગ્રંથ લખ્યો. સી.એમ.એસ. ના મિશનરી થોમ્પસને ભીલ-અંગ્રેજી વ્યાકરણ લખ્યું હતું. ઈ.સ. ૧૮૭૭ માં રૉબર્ટ મૉન્ટગોમરીએ અંગ્રેજી-ગુજરાતી ભાષાનો કોશ તૈયાર કર્યો.

ખ્રિસ્તી ધર્મશિક્ષણ માટે મિશન-શાળાઓ ખોલવામાં આવી. ગુજરાતમાં આવી પ્રથમ મિશન-શાળા લન્ડન મિશન સોસાયટી તરફ઼ સુરતમાં ઈ.સ. ૧૮૪૦ માં ફરીથી શરૂ કરવામાં આવી. આઈ.પી. મિશને ઈ.સ. ૧૮૭૫ માં અમદાવાદ ખાતે એક શાળા ખોલી હતી, જે આજે પણ આઈ. પી. મિશન સ્કૂલ તરીકે ચાલુ છે. આણંદ અને બોરસદમાં અનુક્રમે ઈ.સ. ૧૮૮૭ માં અને ઈ.સ. ૧૮૯૨ માં ઍંગ્લો-વર્નાક્યુલર શાળાઓ ખોલવામાં આવી. સુરતની 'ધી સુરત ગર્લ્સ હાઈસ્કૂલ' ઈ.સ. ૧૮૭૬ માં શરૂ થઈ હતી. રોમન કૅથોલિક મિશને અમદાવાદમાં ઈ.સ. ૧૮૮૫ માં એક શાળા શરૂ કરી હતી.

મિશનરીઓએ શાળાઓ માટે પાઠ્યપુસ્તક પણ તૈયાર કર્યાં. ઈ.સ. ૧૮૪૮ માં ગ્લાસગોએ 'વિદ્યાભ્યાસની પોથી'નો ૧ લો ભાગ પ્રસિદ્ધ કર્યો. અંગ્રેજી ભાષા શીખવા માટે ટી.એલ. વેલ્સે ઈ.સ. ૧૮૭૦ માં 'પાઠમાલા'ની રચના કરી.

ગુજરાતમાં દેશી મિશનરીઓ તૈયાર કરવા અને એમને ખ્રિસ્તી ધર્મની અધ્યાત્મવિદ્યાનું જ્ઞાન મળી રહે એ માટે કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવામાં આવી. ખ્રિસ્તી અધ્યાત્મવિદ્યાની તાલીમ માટેના પ્રથમ વર્ગનું સંચાલન જેમ્સ વાલેસે ઈ.સ. ૧૮૬૪ માં ઘોઘામાં કર્યું હતું. ઈ.સ. ૧૮૯૨ માં અમદાવાદમાં સ્ટીવન્સન ડિવિનિટી કૉલેજની સ્થાપના કરવામાં આવી. ઈ.સ. ૧૮૯૫ માં મૅથોડિસ્ટ ચર્ચ મિશને અમદાવાદમાં આવી કૉલેજ શરૂ કરી હતી. આ મિશને વડોદરામાં ઈ.સ. ૧૯૦૬ માં ફ્લૉરેન્સ બી. નિકોલ્સન સ્કૂલ ઑફ થિયૉલૉજીની સ્થાપના કરી. આ પછી અમદાવાદની મેથોડિસ્ટ મિશનની ઉપર્યુક્ત કૉલેજ આ સંસ્થા સાથે ભળી ગઈ. અલાયન્સ ચર્ચે ઈ.સ. ૧૯૦૧ માં મહેમદાવાદ ખાતે બાઇબલ ટ્રેઇનિંગ સ્કૂલ શરૂ કરી. ધોળકામાં ઈ.સ. ૧૯૦૩ માં સેન્ટ્રલ બાઇબલ ટ્રેઇનિંગ સ્કૂલ શરૂ થઈ. ઈ.સ. ૧૯૧૩ માં ચર્ચ ઑફ બ્રધ્રને 'બલસાર બાઇબલ સ્કૂલ'ની સ્થાપના કરી.

ખ્રિસ્તી અધ્યાત્મવિદ્યાને લગતાં પુસ્તક ગુજરાતીમાં લખાયાં. વળી કેટલાક ખ્રિસ્તી ભજનસંગ્રહ તૈયાર થયા, જેમાંના કેટલાક આ પ્રમાણે છે: કલાર્કસન-

કૃત 'ધર્મગીત'(ઈ.સ. ૧૮૫૧), ટેલર-કૃત 'કાવ્યાર્પણ'(ઈ.સ. ૧૮૬૩), વહાલજી બેચર-કૃત 'આત્મબોધ'(ઈ.સ. ૧૮૬૪), 'ગરબાવલિ'(ઈ.સ. ૧૮૭૩), સાલ્વેશન આર્મીનો ભજનસંગ્રહ(ઈ.સ. ૧૮૮૭), મેથોડિસ્ટનો 'ગીતસંગ્રહ'(ઈ.સ. ૧૯૦૩) 'ખ્રિસ્તાખ્યાન'(ઈ.સ. ૧૯૦૪) વગેરે.

આ સમય દરમ્યાન ખ્રિસ્તી સામયિક શરૂ થયાં: 'જ્ઞાનદીપક'(૧૮૫૬–૬૦), આઈ.પી. મિશનનું 'સત્યોદય', મેથોડિસ્ટનું 'હર્ષાનંદ', ચર્ચ ઑફ બ્રધરનનું 'પ્રકાશ-પત્ર', સાલ્વેશન આર્મીનું 'જંગી પોકાર', અલાયન્સ ચર્ચનું 'હર્ષ-વર્તમાન', રોમન કેથોલિકનું 'ઈસુના પૂજ્ય અંતઃકરણનો દૂત' વગેરે.

ગુજરાતના તબીબી ક્ષેત્રે ખ્રિસ્તી મિશનરીઓની સેવા યાદગાર છે. ઈ.સ. ૧૮૭૪માં સુરતમાં મિસ સુસાન બ્રાઉને લોકોને તબીબી સેવા આપવાનું શરૂ કર્યું. એ પછી ઈ.સ. ૧૮૯૦માં બોરસદમાં મિસ એ. મૉન્ટગોમરીએ શરૂઆત કરી. આઈ.પી. મિશન અને મેથોડિસ્ટ ચર્ચે ઈ.સ. ૧૯૦૫માં આણંદ ખાતે હૉસ્પિટલો ખોલી. એ જ વર્ષે સી.એમ.એસ. એ પંચમહાલમાં લુસાડિયા ખાતે હૉસ્પિટલ શરૂ કરી. ઈ.સ. ૧૯૦૬માં ભરૂચમાં હૉસ્પિટલ શરૂ કરવામાં આવી. મેથોડિસ્ટ ચર્ચે ઈ.સ. ૧૯૧૦માં વડોદરા ખાતે 'મિસિસ વિલિયમ બટલર મેમોરિયલ હૉસ્પિટલ' અને નડિયાદમાં 'ધી નડિયાદ મૅથોડિસ્ટ હૉસ્પિટલ' શરૂ કરી હતી.

આ સમય દરમ્યાન મિશનરીઓએ અનાથાશ્રમો અને છાત્રાલયો પણ ખોલ્યાં હતાં. આવો પ્રથમ ખ્રિસ્તી અનાથાશ્રમ ઈ.સ. ૧૮૬૮માં સુરતમાં ખોલવામાં આવ્યો હતો. છપ્પનિયા દુકાળમાં આવા અનાથાશ્રમોની સંખ્યા ઘણી જ વધી ગઈ હતી.

## પાદટીપો

૧. રોમન કૅથોલિક સંપ્રદાયની ધર્મપ્રવૃત્તિઓ માટે જુઓ Boyd, Robin *'Church History of Gujarat'*, pp. 27–29

૨. પ્રૉટેસ્ટંટ મિશનોની ધર્મપ્રવૃત્તિઓ માટે જુઓ એજન, પૃ. ૩૦ થી ૭૯.

૩. રેવ. લાજરસ તેજપાળભાઈ, 'ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીનો ઉદય', પૃ. ૧૧૬ થી ૧૨૪

૪. એજન, પૃ. ૧૨૯ થી ૧૩૨

૫. Robin Boyd, *op. cit*, pp. 153 to 155

૬. *Ibid.*, p. 131

૭. 'કાન્તમાલા' પૃ. ૩૪૬–૩૪૯

૮. Robin Boyd, *op. cit.*, pp. 91–116

# ખંડ ૪

# પુરાતત્ત્વ

## પ્રકરણ ૧૬

## સ્થાપત્ય

### ૧. સામાન્ય સમીક્ષા

ઈ.સ. ૧૮૧૮ થી ૧૯૧૪ના સમયને સાંસ્થાનિક યુગ કહેવો એ યોગ્ય છે, કારણ કે એ સમયના ભારત પર બ્રિટિશ અમલની સંપૂર્ણ અસર જણાય છે. આ સાથે ગુજરાતના સ્થાપત્ય પર યુરોપીય સ્થાપત્યની અસર જોવા મળે છે. બૃહદ્ બ્રિટિશ સામ્રાજ્યની વધુ મહત્ત્વની એક અસર એ પડી કે આંતરિક સંરક્ષણની ભાવનાના પ્રસારની શરૂઆત થઈ. બ્રિટિશ વહીવટ પૂર્વે નવાબો, મનસબદારો અને મરાઠાઓના શાસન દરમ્યાન હરીફ રાજકીય સમૂહો વચ્ચે સતત આંતરિક સંઘર્ષ ચાલતા, આથી શહેરો અને ગામડાં વારંવાર લૂંટાતાં અને નાશ પામતાં. આનું એક ઉદાહરણ મગનલાલ વખતચંદ આપે છે. એમણે આશરે ઈ.સ. ૧૮૫૧ ના અમદાવાદ વિશે લખ્યું છે કે "હેવી હેવી પીડાથી શેહેરના લોકો શેહેર મુકીને નાશી ગઆ એ પ્રમાણે શેહેર ઊજડ થયું હતું ને મરેઠાના સરસુબાએ પુરું કરયું. જાહારે અંગ્રેજ સરકારનો અમલ સંવત ૧૮૭૪ની શાલમાં આવ્યો તારે આશરે અડધું શેહેર ઊજડ હતું ને દરવાજા બંધ હોએ પણ ગાડાં શેહેરમાં ચાલ્યાં આવે હેવાં તો કોટમાં છીડાં પડેલાં હતાં...."[૧]

મગનલાલ વખતચંદ આ પાયમાલ સ્થિતિના નજરોનજર સાક્ષી હતા અને અમદાવાદના બ્રિટિશ વહીવટે શહેરમાં કેવાં રાહત અને સંરક્ષણ આપ્યાં હતાં એ એમણે જોયું હતું. 'હવે અંગ્રેજ સરકારનું રામરાજ્ય આવ્યું....'[૨] અને નગરજનોએ મકાનોના પુનર્નિર્માણનું કાર્ય ચાલુ કર્યું. આ કથનમાં મુખ્ય મુદ્દો એ દર્શાવવાનો છે કે સંરક્ષણની સ્થાપના પછી જ ગુજરાતમાં ફરીથી સ્થાપત્ય સમૃદ્ધ થવા માંડયું, અને મોટા ભાગનું રહેણાક સ્થાપત્ય, જે હાલ આપણે જોઈએ છીએ તે, આ સાંસ્થાનિક કાલ દરમ્યાન નિર્માણ પામ્યું હતું.

નાગરિક સંરક્ષણ અને સ્થાપત્ય વચ્ચેના આ સંબંધનો બીજો પુરાવો સુરત અને ભરૂચના ગૅઝેટિયર(ઈ.સ. ૧૮૭૭)માંથી મળે છે. "મુસ્લિમોના શાસન હેઠળ...સમૃદ્ધ હિંદુઓ પણ જોરજુલમ અને લૂંટફાટની બીકે, કંગાળ દેખાતાં નાનાં ઘરોમાં રહેતા, પરંતુ સુરતમાં ઈ.સ. ૧૭૫૯ માં બ્રિટિશ સત્તાની સ્થાપના થતાં સુરક્ષા આવી. હિંદુઓએ વિશાળ અને સુંદર મકાનો બાંધવાની શરૂઆત કરી, એટલું જ નહિ, પણ તેઓ એમનાં ઘરોની આગળના ભાગને લાકડાંની કોતરણીવાળા સ્તંભો અને કારનિસ વડે અલંકૃત કરવામાં પુષ્કળ નાણાં વાપરતા હતા."[3] આપણી અનેક જાણીતી હવેલીઓ, હવેલી-મંદિરો અને દરબારગઢ આજ દિન સુધી કેમ ઊભાં છે એ ઉપર્યુક્ત લખાણ પરથી સમજી શકાય છે.

બ્રિટિશ સત્તાની સ્થાપના થતાં ગૉથિક રેનેસાં તથા નીઓ–ગૉથિક શૈલીનાં તત્ત્વોથી સભર એવા યુરોપીય સ્થાપત્યની અસર ગુજરાતી સ્થાપત્યમાં સાકાર થવા લાગી.

પ્રજાના જે વર્ગે મોટે પાયે યુરોપીય સ્થાપત્યની નકલ કરી તેઓ સ્થાનિક ઉપરીઓ(ઠાકોરો નવાબો વગેરે) હતા. આ ઉપરીઓને હવે બ્રિટિશ રક્ષણ મળ્યું અને એમણે સમગ્ર ગુજરાતમાં સાંસ્થાનિક શૈલીએ ખર્ચાળ દરબારગઢો બાંધવાનું શરૂ કર્યું, શ્રીમંત વેપારીઓએ અને શરાફોએ આ શૈલીનું અનુકરણ કર્યું અને ત્યાર બાદ થોડા જ વખતમાં સામાન્ય નગરજનો માટે આ શૈલી આદર્શ બની ગઈ, પરંતુ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે આ શૈલીનાં તત્ત્વ અલંકરણ પૂરતાં જ મર્યાદિત રહ્યાં, પરંપરાગત ગુજરાતી મકાનના પ્લૅનને કોઈ જ અસર થઈ ન હતી.

સિદ્ધપુર કપડવંજ અને સુરતમાં રહેતા વહોરાઓનાં મકાનોને આમાં અપવાદ તરીકે ગણવાં જોઈએ. એમનાં મકાનો અને ગલીઓની રચનામાં યુરોપીય અસર જોવા મળે છે. આનું કારણ એ છે કે મુંબઈ સાથે એમનો ગાઢ સંપર્ક હતો અને વિદેશી ખ્યાલોને સ્વીકારવાની એમની તૈયારી હતી.

સાંસ્થાનિક અસર હોવા છતાં બહોળા પ્રમાણમાં લાકડાના ઉપયોગની બાબતમાં ગુજરાતી સ્થાપત્ય પરંપરાગત જ રહ્યું. ગુજરાત લાકડાના ઉપયોગની બાબતમાં અજોડ છે. લાકડાના વપરાશની પરંપરા મધ્યકાલ સુધી પાછળ જાય છે. સૌથી અસાધારણ બાબત તો એ છે કે લાકડાની સ્થાનિક પ્રાપ્તિની અછત રહી હતી છતાં એનો વપરાશ ચાલુ રહ્યો હતો.

ગુજરાતમાં સક્રિય વેપારી જાતિ હોવાથી અનેક દેશો સાથેના ગાઢ સંપર્કને

લીધે મલબાર જેટલા દૂરના પ્રાંતમાંથી પણ સ્થાનિક માંગને સંતોષવા ઇમારતી લાકડાંની આયાત કરવામાં આવતી. બાંધકામમાં ઇમારતી પદ્ધતિનો ઉપયોગ હોવા છતાં પ્રભાવશાળી મકાનોના બાંધકામમાં લાકડાંની કોતરણી વધુ કરવામાં આવતી. આપણે જોઈ શકીએ છીએ કે સૌરાષ્ટ્રમાં બાંધકામ માટે સામાન્ય રીતે પથ્થરનો જ વપરાશ છે. એમ છતાં હળવદ જામનગર અને રાજકોટના મહેલોમાં સુશોભનાત્મક અસરો નિપજાવવામાં લાકડાનો ઉપયોગ વધુ થયો છે.

આ કાલના સ્થાપત્ય વિશેનું સામાન્ય અવલોકન આપ્યા બાદ હવે આપણે એ સમયનાં નગરો, રાજમહેલો, ધાર્મિક ઇમારતો, બજારો, હવેલીઓ વગેરેનું અવલોકન કરીશું.

## (૬) નગરો

**અમદાવાદ** : મોટા પાયા પરના પુનર્નિર્માણના આયોજનને લીધે અમદાવાદે મોટે ભાગે એનું મધ્યકાલીન સ્વરૂપ ગુમાવ્યું હતું. આમ છતાં જે કંઈ બચવા પામ્યું છે તેમાં ખડકીઓ અને પોળો છે. ૧૮૧૭ માં અમદાવાદમાં બ્રિટિશ સત્તા સ્થપાઈ ત્યારે એ ભગ્ન સ્થિતિમાં હતું, જેનું ઉપર વર્ણન કરવામાં આવ્યું છે. ૧૮૩૨ માં શહેરના બધા જ વેપારીઓ પર એક ખાસ વેરો નાખવામાં આવ્યો હતો અને એ રકમમાંથી શહેરના કોટનું સમારકામ કરાવવામાં આવ્યું હતું. રોજ રાત્રે નગરવાસીઓને લૂંટવા ટોળીમાં આવતા ઉપદ્રવી કોળીઓનો પ્રતીકાર કરવા આની તાત્કાલિક જરૂર હતી. સંરક્ષણની ભાવનાને લીધે પુનર્નિર્માણની પ્રવૃત્તિને વેગ મળ્યો. મગનલાલ વખતચંદ લખે છે કે "બીજી ઉજડ જમીન મુસલમાન જેમ જેમ વેચતા જાએ છે તેમ તેમ લોકો લેઈને ઘર બાંધી ભાડે આપે છે."[૪]

અમદાવાદની વસ્તી જેમ જેમ વધતી ગઈ અને સમૃદ્ધિ ફરી સ્થાપાતી ગઈ તેમ તેમ અનેક વાડી બંધાઈ. આમાંની કેટલીક વાડીઓ તો હજાર વ્યક્તિઓની સગવડ સાચવી શકે તેવી હતી. ૧૮૭૦ માં આવી લગભગ ૬૪ વાડી હતી. આ ઐતિહાસિક વાડીઓ લગભગ નાશ પામી છે. તે સમયની હવેલીઓ(મોટાં ઘર) અગ્રગણ્ય નાગરિકો દ્વારા બંધાઈ હતી, જે આજે પણ હયાત છે. આ હવેલીઓ તે સમયના રહેણાક સ્થાપત્યના ઉત્તમ નમૂના છે, જેનું વર્ણન આગળ કરવામાં આવ્યું છે. આમાંની કેટલીક હવેલીઓનો ઉલ્લેખ પૂરતો છે, જેમ કે, શાહપુરમાં લલ્લુ બહાદુરની હવેલી, દોશીવાડાની પોળ અને ફતાશા પોળમાં હઠીસિંહ કુટુંબની હવેલી, હાજાપટેલની પોળમાં ટંકશાળની હવેલી, સાંકડીશેરીમાં દીવેટિયાની હવેલી,

આ સમયનાં મંદિરોનું વર્ણન પણ આગળ કરવામાં આવશે. આ સમયનાં પ્રસિદ્ધ બે મંદિર છે : હઠીસિંહનું મંદિર અને એના થોડા સમય પછી દરિયાપુરમાં બંધાયેલું સ્વામિનારાયણનું મંદિર. આ સમયે મોટી સંખ્યામાં હિંદુ તથા જૈન મંદિરોનું પુનર્નિર્માણ થયું અને તેઓનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. આ મંદિરો આજે પણ પૂજા માટે વપરાય છે.

**સુરત :** ૧૮૩૭ની આગમાં લગભગ સમગ્ર સુરત નાશ પામ્યું હતું. આ પછી મૂળ સ્થિતિએ પહોંચતાં સુરતને દશકા લાગ્યા. આ આગ પછી બંધાયેલાં મકાનોના બાંધકામની શૈલી મુંબઈ–શૈલી હતી. આ શૈલીનાં લક્ષણ આ પ્રમાણે હતાં : લાકડાની સીડીને બદલે ચણેલી સીડી, મોટી બારીઓ, ચોરસ સ્તંભોને બદલે ગોળ સ્તંભો અને સામાન્ય રીતે ઓછી કાષ્ઠ–કોતરણી. અહીંની અનેક ઇમારતો સંપૂર્ણ રીતે નીઓ–ગૉથિક શૈલીની નકલમાં બાંધવામાં આવી હતી, જેમ કે ગોપીપુરા વૉર્ડની ઇમારતો.

આગ વખતે પ્રસિદ્ધ મુઘલ સરાઈ અને જૂની બ્રિટિશ કોઠીને કોઈ નુકસાન થયું ન હતું. પાછળથી થોડાં વર્ષો અગાઉ કમનસીબે આ બંને ઇમારતો તોડી પાડવામાં આવી.

૧૮૩૭ પૂર્વેની સમૃદ્ધ ઇમારતોમાં વહોરાઓની ઇમારતોની ગણના કરવી જોઈએ. એમણે હવે મુંબઈને પોતાનું વડું મથક બનાવ્યું હતું. એમના લત્તા (વૉર્ડ) 'ઝાંપા' તરીકે ઓળખાય છે. આ ઝાંપા આજે પણ ઊભા છે. ઘણાં પારસી કુટુંબોએ પણ સુંદર રહેઠાણો અને ધર્માદા મકાનો બંધાવ્યાં. એમની મુખ્ય અગિયારી ૧૮૨૩ના સમયની છે.

**વડોદરા :** ગાયકવાડની રાજધાની હોવાથી એ મરાઠાઓની લૂંટફાટનો ભોગ બન્યું નહિ તેથી નુકસાનમાંથી એ બચી ગયું. વિકાસના અભાવે શહેરના આંતરિક વિભાગ તેઓના મૂળ સ્વરૂપે રહ્યા. ગાયકવાડી શાસને જાણીતા શરાફો, વેપારીઓ અને લશ્કરી સરદારોને એમની રીતે વિશાળ ઇમારતો બાંધવા માટે આકર્ષ્યા. એને પરિણામે જે ઇમારતો બંધાઈ તેઓમાંની કેટલીક આજે પણ ઊભી છે.

શાહી ઇમારતોમાં જૂના સરકારી વાડા ચાલુ રહ્યા, પરંતુ શાંતિ અને સમૃદ્ધિને લીધે સાંસ્થાનિક શૈલીમાં મોટા કદના અને પ્રભાવશાળી અનેક નવા મહેલ બંધાયા. આ રીતે મકરપુરાનો મહેલ ૧૮૫૬–૭૦માં ખંડેરાવે બંધાવ્યો હતો. પાછળથી મલ્હારરાવે એ તોડી નખાવ્યો હતો. એને બદલે એણે ૧૮૭૦–૭૫માં નઝરબાગ મહેલ બંધાવ્યો. આ મહેલનું બાંધકામ રેનેસાં શૈલીનું હતું;

જો કે સયાજીરાવના સમયમાં આ વિશાળ મહેલનો ઉપયોગ બંધ થયો અને એનાથી વધુ ભવ્ય એવો લક્ષ્મીવિલાસ મહેલ(૧૮૭૮-૯૦) બાંધવામાં આવ્યો. અંગ્રેજી એન્જિનિયરોના માર્ગદર્શન હેઠળ એ બાંધવામાં આવ્યો હતો. એના બાંધકામમાં ઇન્ડો-સારસેનિક શૈલી વપરાઈ છે. મકરપુરાનો નવો મહેલ પણ આ જ સમયે(૧૮૮૦) મિ. ચિશોલ્મ દ્વારા બંધાયો. એમણે જ પ્રસિદ્ધ વડોદરા કોલેજની ડિઝાઈન તૈયાર કરી હતી. ૧૯૧૦ માં એમાં ન્યાયમંદિર(કોર્ટ) અને બરોડા મ્યુઝિયમ (પિકચર ગૅલેરી) ઉમેરવામાં આવ્યું. ખંડેરાવ માર્કેટ આ સમયે જ બંધાઈ.

મરાઠા અમીરાઈનાં મોટાં ભવ(વાડા) મોટે ભાગે વાડીના વિસ્તારમાં દક્ષિણ-પૂર્વમાં બંધાયાં. એમાંના નોંધપાત્ર વાડાઓ મેરાદ, ફડનીસ અને ઓઝે કુટુંબના છે. ગણપતિનું મોટું મંદિર ગોપાલરાવ મેરાદે બંધાવ્યું, જે આજે પણ ઊભું છે. બીજો જાણીતો વાડો રાવપુરામાં આવેલો ભાઉ તાંબેકરનો વાડો છે, જે ૧૮૪૯-૫૪ વચ્ચે બંધાયો. એનાં ભિત્તિચિત્રો અને રંગીન લાકડકામને લીધે આજે એ રક્ષિત ઇમારત છે.

અહીંની પ્રસિદ્ધ હવેલીઓમાં સુરેશ્વર દેસાઈની હવેલી, હરિભક્તિની હવેલી અને લલ્લુ બહાદુરની હવેલીની ગણના થાય છે; જોકે આ હવેલીઓનું વર્ણન અહીં અપ્રસ્તુત છે, કારણ કે તેઓનું બાંધકામ ૧૮૧૮ પૂર્વેનું છે.

અંતમાં ૧૮૩૩-૩૪ માં બંધાયેલ બ્રિટિશ પ્રેસિડેન્સીના મકાનનો પણ ઉલ્લેખ કરવો જોઈએ. આ મકાન આજે પણ ઊભું છે.

## (ખ) રાજમહેલો

આ કાલ દરમિયાન સમગ્ર ગુજરાતમાં અનેક મહેલોનું નિર્માણ થયું. સૌરાષ્ટ્રમાં વિશેષ બંધાયા. આ મહેલોનાં મુખ્ય બે લક્ષણ હતાં : (૧) ઉપયોગમાં લઈ શકાય તેવા દરબારગઢ હોવા છતાં આ મહેલ બાંધવામાં આવ્યા હતા. (૨) બધા જ મહેલ સાંસ્થાનિક શૈલીમાં બાંધવામાં આવ્યા હતા. આ બંને લક્ષણોથી એમ નક્કી થાય છે કે બ્રિટિશ સંરક્ષણને લીધે આ મહેલ બંધાયા હતા. નવા રાજમહેલ જૂના રાજમહેલો કરતાં વિશાળ અને ભવ્ય હતા.

સૌરાષ્ટ્રના કેટલાક જાણીતા મહેલ આ સમયે બંધાયા હતા, જેમ કે રાજકોટ, ધ્રાંગધ્રા, જામનગર(લાલકોટ સહિત ૧૮૩૯-૪૫), પોરબંદર, ભાવનગર, મોરબી, વઢવાણ વગેરે સ્થળોના મહેલો. ભુજમાં આવેલો પ્રાગમલજીનો મહેલ કર્નલ વિલ્કિન્સ દ્વારા ૧૮૬૫ માં બાંધવામાં આવ્યો. જૂનાગઢનો રાજમહેલ ૧૮૫૮-૮૨ સમયનો છે.

જામનગરમાં તળાવની મધ્યે બાંધેલ લખોટા-કોઠો એક રસપ્રદ ઇમારત છે. ૧૮૩૯-૪૫ માં દુકાળના સમયમાં રાહત-કાર્ય માટે તે બાંધવામાં આવ્યો હતો.

સોરાષ્ટ્રના આ બધા રાજમહેલોના બાંધકામમાં પથ્થર વપરાયો છે. તેમાં કોતરણી ખૂબ જ ઓછી છે. કારણ કે અહીંનો સ્થાનિક પથ્થર સૂક્ષ્મ કોતરણી માટે યોગ્ય નથી. કેટલાક મહેલોમાં લાકડું મૂકીને તેમાં સુશોભન કરવામાં આવ્યું છે. ખાસ કરીને રાજકોટ, જામનગર અને હળવદના જીર્ણોદ્ધાર કરાયેલા મહેલોમાં આવું જોવા મળે છે. આમાં હળવદના મહેલની કાષ્ઠ-કોતરણી સમગ્ર સૌરાષ્ટ્રમાં સુંદર છે. વડોદરામાં ગાયકવાડના મહેલનો ઉલ્લેખ આગળ આવી ગયો છે.

## (ગ) ધાર્મિક ઇમારતો

આ કાલ દરમિયાન જે સૌથી મોટાં હિંદુ મંદિર બંધાયાં તે વલ્લભાચાર્ય સંપ્રદાય (પુષ્ટિમાર્ગ) અને સ્વામિનારાયણ સંપ્રદાય સાથે સંકળાયેલાં છે. આ મંદિર ખૂબ જ મોટા કદનાં છે. તેનું એક કારણ એ છે કે આ સંપ્રદાય નવા સ્થપાયેલા હોવાથી શરૂઆતમાં મંદિર ઘણાં જ ઓછાં હતાં. આથી એક મંદિરમાં આજુ-બાજુના ભક્તો ભજનકીર્તન માટે આવતા. બીજું કારણ એ છે કે આ પ્રસંગોપાત્ત મોટો સમુદાય એકત્ર થતો. સમુદાયની સગવડ સાચવવા માટે આ મંદિર ખુલ્લા મોટા ચોક સાથે બાંધવામાં આવતાં. ઢંકાયેલા ખંડોમાં યાત્રાળુઓ રહી શકતા.

સ્વામિનારાયણ મંદિરોમાં શિખરોથી યુક્ત ગર્ભગૃહ સામાન્ય હિંદુ મંદિરોની જેમ ચોકની મધ્યે રાખવામાં આવતું. પરંતુ વલ્લભ સંપ્રદાયમાં આનાથી જુદું જોવા મળે છે. આ સંપ્રદાયમાં આધ્યાત્મિક ગુરુનું સ્થાન ઘણું ઊંચું હતું. બધી પૂજા તેમની હાજરીમાં થતી. આથી આ સંપ્રદાયનાં મંદિર અને ગુરુના રહેઠાણની ઇમારતોનો સંયુક્ત સમૂહ રહેવાના મકાન(હવેલી) જેવો લાગતો, આથી તે 'હવેલી મંદિર' તરીકે ઓળખાય છે. કેટલીક વખતે રહેઠાણ મુખ્ય મંદિરની સાથે રાખવામાં આવતું; જેમ કે જામનગરના ગિરિધર મંદિરમાં, વડોદરાના નરસિંહજીના મંદિરમાં અને સુરતના મોટા મંદિરમાં આ પ્રકારની રચના જોવા મળે છે. હવેલી-મંદિરમાં દેવના નિવાસને રાજાના નિવાસ જેવો માનવામાં આવતો. આથી રાજા ભોગવતો હોય તેવી સર્વ સેવાઓ દેવને અર્પવામાં આવતી. આ માટે આવી કેટલીક ધર્મવિધિઓ હતી; જેમ કે, સંગીતવાદન દ્વારા દેવને જગાડવા, સ્નાન કરાવવું, ભોજન ધરાવવું, ભાવિકો સાથેનો પ્રેક્ષક-ગણ, વગેરે. કેટલાંક મંદિરોમાં જલક્રીડા માટે પાણીના કુંડ હતા, પશુઓ માટે તબેલા હતા. મુખ્ય પ્રવેશદ્વારોને શાહી મહેલોની જેમ ગંજાવર દરવાજા હતા. આ બધી જુદી જુદી જરૂરિયાતોને લીધે હવેલી-મંદિરની રચનામાં અનેક અંગોપાંગ ઉમેરાયાં.

જાણીતાં હવેલી–મંદિર જામનગર, ભાવનગર, વડોદરા અને સુરતમાં બંધાયાં, જ્યારે સ્વામિનારાયણ મંદિરો વડતાલ, અમદાવાદ, ધોળકા અને વડોદરામાં બંધાયાં.

આ કાલ દરમિયાન જૈનોએ ખાસ કરીને જૂનાં મંદિરોના જીર્ણોદ્ધાર અંગે ધ્યાન કેન્દ્રિત કર્યું. લાકડામાં બંધાયેલાં મંદિરોને ફરીથી પથ્થરમાં બાંધવામાં આવ્યાં. ગિરનાર અને પાલિતાણાનાં પથ્થરમાં બંધાયેલા જૂનાં મંદિરોનો આરસમાં જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. અમદાવાદમાં હઠીસિંહ કુટુંબ દ્વારા ૧૮૪૮ માં એક અગત્યનું મંદિર બાંધવામાં આવ્યું, જે હઠીસિંહના મંદિર તરીકે પ્રસિદ્ધ છે. ભૂતકાળમાં જે ભવ્ય, વિશાળ અને સમૃદ્ધ કોતરણી–યુક્ત મંદિરો બનાવવાની પરંપરા હતી તેનો અહીં અંતિમ પ્રયત્ન જણાય છે. જો કે પ્રાચીન કાલમાં શિલ્પીઓ જે કૌશલ્ય ધરાવતા હતા તેનું પતન થઈ ગયું હતું.

આ સમય દરમ્યાન સ્વામિનારાયણ સંપ્રદાયનાં જે મંદિર બંધાયાં તેમાં ગઢડા, વડતાલ અને અમદાવાદનાં મંદિર નોંધપાત્ર છે.

આ સમય દરમ્યાન જામનગરમાં શીખોનું ગુરુદ્વારા બંધાયું.

સુરતમાં વહોરાઓના ઝાંપામાં આવેલી મસ્જિદ ૧૮૪૦ માં બંધાઈ હતી. એના લાકડાના ઊંચા મિનારા ધ્યાન ખેંચે તેવા છે.

જામશ્રી વિભાજી ૨ જા(ઈ. સ. ૧૮૫૨થી ઈ. સ. ૧૮૯૫)ના રાજ્યકાલ દરમ્યાન એમનાં રાણી મોટાં ધનબાઈએ જામનગરની જૂની જુમા મસ્જિદને મોટું રૂપ આપ્યું. ત્યાં એમનો રોજો પણ છે, જે આરસપહાણનો બનાવેલ છે અને જેમાં ઝીણી કોતરણી પણ કરવામાં આવી છે. વિભાજીનાં બીજાં રાણી રતનબાઈની મસ્જિદ શહેરની મધ્યમાં આવેલી છે ને એ મોટી મસ્જિદ તરીકે જાણીતી છે. એના મિનારામાં ૧૨૦ પગથિયાં છે.[૬]

આ સમય દરમ્યાન ગુજરાતમાં વસતા પારસીઓએ કેટલીક અગિયારીઓ પણ બંધાવી હતી. દા. ત. સુરતમાં બે અગિયારી(આતશ બેહરામ) ૧૮૨૩માં બંધાઈ–એક શહેનશાહી પારસીઓની અને બીજી કદમી પારસીઓની. ખંભાતમાં ઈ. સ. ૧૮૪૪ માં એક અગિયારી બંધાઈ હતી.[૭] અમદાવાદમાં ખમાસા ચોકી પાસેના બુખારા મહોલ્લામાં શેઠ ખરશેદજી બહેરામજી નાણાવટીએ ૧૮૪૬ માં એક દાદગાહ બંધાવી.[૮] જે ઈ. સ. ૧૮૮૪ માં આદરિયાનમાં વિકાસ પામી.[૯] આ ઉપરાંત અમદાવાદમાં પારસી ધર્મશાળાઓ પણ બંધાઈ હતી, જેમાંની જૂની ધર્મશાળા ઈ. સ. ૧૮૬૬માં બંધાઈ હતી. આ ધર્મશાળા રેલથી પડી જતાં તેના સ્થાને નવી ધર્મશાળા ઈ. સ. ૧૮૯૨માં બંધાઈ હતી.[૧૦] જામનગરમાં ઈ. સ. ૧૮૯૫ માં ટહેમુલજી મીરઝાએ દરેમહેર(અગિયારી)ની સ્થાપના કરી.[૧૧]

આ સમય દરમ્યાન ગુજરાતમાં વસતા બેનેઈસરાએલ કોમના યહૂદીઓએ જૂના ડીસા(જિ. બનાસકાંઠા)માં કેન્ટોનમેન્ટ વિસ્તારમાં એક કબ્રસ્તાન બંધાવ્યું,[૧૨] જ્યાંની સહુથી જૂની કબર ઈ. સ. ૧૮૮૬ ની છે. અમદાવાદમાં દૂધેશ્વર રોડ પર એડવાન્સ મિલની પાછળના ભાગમાં યહૂદીઓનું કબ્રસ્તાન આવેલું છે, જેમાંની સહુથી જૂની કબર ઈ. સ. ૧૮૮૭ની છે.[૧૩]

### (ઘ) બજારો

આ સમય દરમિયાન ગુજરાતના ઘણા રાજાઓએ યુરોપની મુલાકાત લીધી હતી. ત્યાં એમણે સુંદર બજાર જોયાં હતાં. એમને આવાં બજાર પોતાનાં નગરોમાં પણ બાંધવાની ઇચ્છા જાગી. પરિણામે આ સમયે ગુજરાતનાં કેટલાંક શહેરોમાં બજાર બાંધવામાં આવ્યાં. મોરબીનું બજાર આનો સૌથી સુંદર નમૂનો છે. વડોદરાની ખંડેરાવ માર્કેટ પણ આનું બીજું ઉદાહરણ છે.

### (ચ) હવેલીઓ

હવેલી એટલે શ્રીમંત નાગરિકોને રહેવાનું મકાન. પોતાનાં સમૃદ્ધિ અને દરજ્જો પ્રદર્શિત કરવા આ મકાન ખૂબ ખર્ચ કરીને બાંધવામાં આવ્યાં હતાં. આમાંની કેટલીક ભવ્ય હવેલીઓ નગરશેઠની, શરાફોની અને મહેસૂલી ખેડૂતો (દેસાઈઓ)ની છે.

હવેલીઓ હંમેશાં ખડકી કે પોળની અંદર રાખવામાં આવતી. આથી મુખ્ય માર્ગથી એ ઘણી દૂર રહેતી. એના આયોજનની પદ્ધતિ પરંપરાગત રહી. એની આયોજનપદ્ધતિ આ પ્રમાણે હતી : કેંદ્રના ચોકની બંને બાજુએ આવેલા બે વિભાગોમાં આખીયે ઇમારત વહેંચાઈ જતી. ઇમારતનો પાછળનો ભાગ ત્રણ ગૌણ વિભાગોમાં વહેંચાઈ જતો : રવેશી, રવેશી સાથે પરસાળ અને એ પછી એની સાથે સંકળાયેલા બે ઓરડા રાખવામાં આવતા. આગળના ભાગે એક બીજી રવેશી રાખવામાં આવતી, જે માર્ગની સામે રાખવામાં આવતી. આ પછી એક મોટો ખંડ (અથવા બે નાના ખંડ) રાખવામાં આવતા, જે ખડકી તરીકે ઓળખાય છે. કેટલીક વાર અંદરની રવેશી ચોકને ફરતી રાખવામાં આવતી અને એ બધા જ ભાગને જોડતી હતી.

ચોકની એક બાજુએ નાનકડી ઓરડીઓ રાખવામાં આવતી. ત્યાં રસોડું, પાણિયારું અને કેટલીક વાર પૂજા માટેની ઓરડી રાખવામાં આવતી.

મકાનનો પાછલો ભાગ કુટુંબના વ્યક્તિગત ઉપયોગ માટે ખાનગી રાખવામાં આવતો. ત્યાં નજીકના સંબંધીઓ તથા મિત્રોને જ પ્રવેશ આપવામાં આવતો.

આગળનો ભાગ લગભગ જાહેર મકાન જેવો હતો. એ ભાગ ધંધા કે વેપાર માટેની દુકાન તથા કારીગરો માટેના કારખાના તરીકે ઉપયોગમાં લેવાતો. ખાસ ગ્રાહકોને અલંકૃત દીવાનખાનામાં આવકારવામાં આવતા હતા.

વિપુલ મોટી હવેલીઓમાં સ્તંભો ઝરૂખા ટેકાઓ અને છતો પર વિપુલ પ્રમાણમાં કાષ્ઠ-કોતરણી કરવામાં આવતી. હવેલીઓને આકર્ષક બનાવવા માટે સ્પર્ધા થતી. સમગ્ર ગુજરાતમાં કાષ્ઠકામ પર રંગ કરવામાં આવતો હતો, જ્યારે અમદાવાદમાં ઑલ-તેલ લગાવવામાં આવતું. મોટા ભાગની કોતરણીમાં ફૂલપત્તાંની ભાત આલેખવામાં આવી છે. ઘણાં મકાનોમાં અપ્સરા અને ગંધર્વોની આકૃતિઓ પણ આલેખવામાં આવી છે.

ગુજરાતની નોંધપાત્ર હવેલીઓમાં નીચેની હવેલીઓ ખાસ ઉલ્લેખનીય છે:

(૧) વડોદરામાં સુરેશ્વર દેસાઈની હવેલી. સુરેશ્વર દેસાઈ ગાયકવાડી શાસન પૂર્વેથી મહેસૂલી-ખેડૂત(દેસાઈ) હતા. અનુશ્રુતિ અનુસાર એમણે સુરસાગર તળાવ બંધાવ્યું હતું. જૂનાં મકાનોનો સમય ૧૮ મી સદીનો છે, જે બહુ જૂનો ન કહેવાય. એનો ભવ્ય કચેરીવાળો ભાગ(વહીવટ માટેનો ચોક) હજુ પણ હયાત છે. આને રક્ષિત સ્મારક તરીકે જાહેર કરવાની વિચારણા ચાલે છે.

(૨) વડોદરામાં આવેલી હરિભક્તિ કુટુંબની હવેલી. હરિભક્તિના પૂર્વજ ગાયકવાડને ત્યાં સરકારી શરાફ(પોતદાર) હતા. એમની જૂની હવેલી કેટલોક વખત રાજ્યની તિજોરી તરીકે વપરાતી હતી. થોડા સમય પૂર્વે આ ઇમારતના ઘણા ભાગનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. એની સાથે અડીને આવેલી હવેલીઓ કુટુંબના સભ્યો માટેની છે. એનું બાંધકામ પાછળના સમયનું છે.

(૩) લલ્લુ બહાદુર(મંગલ પારેખ)ની હવેલી વડોદરામાં છે. તેઓ પણ ગાયકવાડના બીજા પ્રસિદ્ધ શરાફ હતા. એમની હવેલી તથા એની સાથેની કચેરી હજુ પણ છે. આ જ કુટુંબની એક જૂની હવેલી અમદાવાદમાં શાહપુરમાં છે, જે ગુજરાતની શ્રેષ્ઠ કોતરણી ધરાવે છે.

(૪) અમદાવાદમાં શાંતિદાસ ઝવેરીનું કુટુંબ ઘણું જ પ્રસિદ્ધ છે. તેઓ નગરશેઠ હતા. એમની હવેલીઓ ઝવેરીવાડમાં આવેલી હતી. કમનસીબે એ આગમાં નષ્ટ થઈ ગઈ.

(૫) અમદાવાદમાં બીજું પ્રસિદ્ધ કુટુંબ હઠીસિંહનું હતું. એમની બે હવેલી આજે પણ ઊભી છે: (૧) દોશીવાડાની પોળમાં આવેલી હવેલી. આ હવેલી એના મૂળ સ્વરૂપે છે. (૨) ફતાશાની પોળમાં આવેલી હવેલી. આ હવેલીના ઘણા

ભાગનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. એમાં ઘણાં સાંસ્થાનિક શૈલીનાં લક્ષણ જોવા મળે છે, તેથી એનું બાંધકામ પાછળના સમયનું હોવાનું મનાય છે. આ બંને હવેલીઓનું કાષ્ઠ–કોતરકામ ઘણું જ સુંદર છે.

(૬) અમદાવાદના મુસ્લિમ સમાજમાં કાઝી કુટુંબ ઘણું જ પ્રસિદ્ધ છે. તેઓ આજે પણ એમનાં ધાર્મિક કાર્ય બજાવે છે. એમનું મકાન આસ્ટોડિયામાં હતું. આજે પણ એની કચેરીવાળો ભાગ ઊભો છે. ગુજરાતની ભવ્ય કોતરણીયુક્ત છતોમાં એની છતની ગણના થાય છે.

(૭) અમદાવાદમાં ગાયકવાડની હવેલી ખરેખર તો નાશ પામી છે તેથી એની મૂળ સ્થિતિ વિશે ઘણું જ ઓછું જાણવા મળે છે.

(૮) અમદાવાદમાં હાજા પટેલની પોળમાં આવેલી ટંકશાળની હવેલી. હાજા પટેલ બ્રિટિશ કાલ દરમ્યાન ટંકશાળના ઉપરી હતા, આથી આ પોળને અને હવેલીને આવું નામ મળ્યું.

(૯) અમદાવાદમાં ખાડિયામાં આવેલી સારાભાઈ કુટુંબની હવેલી અમદાવાદ શહેરની સુંદર હવેલીઓમાંની એક છે. કમનસીબે એનો આગળનો ભાગ બ્રિટિશ કાલ દરમ્યાન રસ્તો પહોળો કરતી વખતે તોડી નાખવામાં આવ્યો હતો. પાછળથી આ હવેલીમાં જે પરિવર્તન કરવામાં આવ્યાં તેથી એનું આખું સ્વરૂપ બદલાઈ ગયું છે.

(૧૦) ભરૂચમાં આજે નગરશેઠની જૂની હવેલી નથી: પરંતુ બીજી બે હવેલી આજે ઊભી છે: (૧) લલ્લુભાઈની હવેલી. લલ્લુભાઈને જેમ્સ ફોર્બ્સ સાથે ગાઢ સંબંધ હતો, (૨) ભિખારીદાસની હવેલી. લલ્લુભાઈ અને ભિખારીદાસે એ સમયના ગુજરાતના રાજકીય જીવનમાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો. ચુનારવાડમાં આવેલ ભિખારીદાસ હવેલીનું મકાન આજે 'દેસાઈ હવેલી' તરીકે ઓળખાય છે. લલ્લુભાઈની હવેલીની કચેરીના ભાગ આજે પણ જોવા મળે છે.

(૧૧) મુસ્લિમ કુટુંબોનાં કેટલાંક સુંદર મકાન પાટણના કેટલાક ભાગો, જેવા કે રખતવાડ અને પાંચ-પાડામાં જોઈ શકાય છે. સિદ્ધપુર કપડવંજ અને સુરતમાં આવેલાં વહોરાઓનાં મકાન પણ સુંદર છે. સુરતમાં વહોરા સૈયદ સાહેબનું સુંદર મકાન આવેલું છે. વહોરાનાં મકાનોની વિશેષતા એ છે કે એમનાં મકાનોની અંદરનો દરેક ભાગ ખૂબ જ અલંકૃત હોય છે. ભીંતોનાં તાકાં આયાત કરેલાં કાચનાં વાસણોથી ભરેલાં હોય છે.

(૧૨) પારસીઓનાં સુંદર મકાન સુરતમાં આવેલાં છે. એમાં મેહરજી રાણાનું મકાન ઉલ્લેખનીય છે. મેહરજી રાણાએ અકબરની મુલાકાત લીધી હતી. જમશેદજી

તાતા અને દાદાભાઈ નવરોજીના કુટુંબનાં મકાનોનો પણ અહીં ઉલ્લેખ કરવો જોઈએ. સુરતના પ્રસિદ્ધ અરદેશર કોટવાળનું મકાન નાશ પામ્યું છે.

(૧૩) અંતમાં, બે જાણીતી હવેલીઓનો ઉલ્લેખ સ્વતંત્ર રીતે કરવો જોઈએ. કારણ કે આ બંને હવેલીઓ આજે રક્ષિત સ્મારકો છે: એક વડોદરામાં આવેલી તાંબેકરવાડાની હવેલી (જેનો ઉલ્લેખ ઉપર થઈ ગયો છે) અને બીજી વસોની હવેલી. વસોમાં બાજીશાહ અને વેણીશાહના વંશજોની જ બે શાખાઓ સાથે સંકળાયેલી એકસરખી હવેલીઓ આવેલી છે. ગુજરાતના સમૃદ્ધ ખેડા જિલ્લામાં આ કુટુંબ દેસાઈગીરી ધારણ કરતું હતું. આ બંને હવેલી ૧૮૧૫-૧૮૨૦માં બંધાઈ હતી. હાલ એમાંની એક હવેલીને દરબાર સાહેબની હવેલી તરીકે અને બીજી હવેલી વિઠ્ઠલદાસની હવેલી તરીકે ઓળખાય છે.

આ હવેલીમાં ભવ્ય કાષ્ઠ-કોતરણી છે. એના જુદા જુદા ભાગોમાં વૈષ્ણવ પુરાણ-કથામાંનાં દૃશ્ય આલેખાયાં છે, જ્યારે એના દીવાનખાનામાં રાસલીલાનું દૃશ્ય છે. એની કોતરણી અને ચિત્રો સંપૂર્ણ સુરક્ષિત છે.

આ વિભાગનું સમાપન કરતાં કહી શકાય કે આ હવેલીઓનું બાંધકામ એ કાલના ગુજરાતના સ્થાપત્યનું વિશિષ્ટ લક્ષણ કહી શકાય. કમનસીબે પુરાવાઓના અભાવે આ બધાં જ બાંધકામોનો ચોક્કસ સમય આપવો અશક્ય છે, પરંતુ ખાતરીપૂર્વક એમ કહી શકાય કે આ બાંધકામ ૧૮૦૦થી ૧૮૮૦ના સમય દરમ્યાનનાં છે.

## (૭) પ્રકીર્ણ

આ કાલ દરમ્યાન બંધાયેલી કેટલીક નોંધપાત્ર પ્રકીર્ણ ઇમારતોનો પણ ઉલ્લેખ કરવો જોઈએ. એમાં બે મકાન નોંધપાત્ર છે. આમાંનું એક મકાન અમરેલીમાં આવેલું છે. તે ૧૮૧૭-૧૯માં કેપ્ટન બેલેન્ટાઇન દ્વારા બંધાયું હતું. એનું બાંધકામ યુરોપીય શૈલીમાં છે. બીજું મકાન અંજારમાં આવેલું છે. આ મકાન ૧૮૧૮માં કેપ્ટન મેકમુર્દો દ્વારા બંધાયેલું છે. એનું બાંધકામ આધુનિક શૈલીમાં છે.

આ કાલ દરમ્યાન સંગ્રહાલયોનાં મકાન બંધાયાં એનો પણ ઉલ્લેખ કરવો જોઈએ. રાજકોટના વૉટસન મ્યુઝિયમનું ૧૮૫૮માં બંધાયું, ભૂજ મ્યુઝિયમનું ૧૮૭૭માં અને ભાવનગરના બાર્ટન મ્યુઝિયમનું ૧૮૯૦માં બંધાયું હતું. વડોદરા મ્યુઝિયમનો ઉલ્લેખ આગળ થઈ ચૂક્યો છે.

## ૨. હિંદુ અને જૈન મંદિરો

આ કાલ દરમ્યાન હિંદુ અને જૈન મંદિરો મોટી સંખ્યામાં નિર્માણ પામ્યાં. આની પૂર્વે બંધાયેલાં કેટલાંક મંદિરોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. આ કાલનાં મંદિરોમાં પરંપરાગત સ્થાપત્ય-શૈલી જોવા મળે છે. આ કાલ દરમ્યાન બંધાયેલાં મંદિર અમદાવાદ જેતલપુર વડતાલ ધોલેરા ધોળકા વડોદરા ભરૂચ સુરત ખંભાત ઊંઝા પાટણ દૂધરેજ ગઢડા જૂનાગઢ શત્રુંજય દ્વારકા અંજાર વગેરે સ્થળોએ આવેલાં છે. પ્રાપ્ત સાધનોને આધારે આ કાલનાં મંદિરો વિશેની કેટલીક છૂટીછવાઈ માહિતી નીચે પ્રમાણે રજૂ કરી શકાય.

અમદાવાદમાં એલિસપુલની નીચે ગણેશબારીથી ઉત્તર દિશાએ જતાં જમણા હાથે પંચમુખી મહાદેવનું મંદિર આવે છે. આ મંદિર ઈ. સ. ૧૮૩૪ માં બંધાયું હોવાનું જણાય છે. મૂળ મંદિર ઉત્તરાભિમુખ હતું, પરંતુ ઈ.સ. ૧૯૬૮ ના જીર્ણોદ્ધાર વખતે એને પશ્ચિમાભિમુખ કરાયું. મંદિરના તલમાનમાં ગર્ભગૃહ, અંતરાલ અને મંડપની રચના છે. ગર્ભગૃહમાં પંચમુખી શિવલિંગ સ્થાપેલું છે.[૧૪]

હઠીસિંહનું જૈન મંદિર (આકૃતિ ૧૭) ઈ.સ. ૧૮૪૮ માં બંધાયું. આ મંદિરના સલાટ પ્રેમચંદ હતા. આ મંદિર માત્ર અમદાવાદના જ નહિ, પરંતુ આ કાલના ગુજરાતના મંદિર-સ્થાપત્યનો પણ આદર્શ કહીએ તો એમાં અત્યુક્તિ નથી. પંદરમા તીર્થંકર ધર્મનાથને સમર્પિત આ મંદિર બાવન જિનાલય પ્રકારનું છે. આ મંદિર ગર્ભગૃહ ગૂઢમંડપ ત્રિકમંડપ સભામંડપ શૃંગારચોકી અને દેવકુલિકાઓનું બનેલું છે. એ પશ્ચિમાભિમુખ છે. ગર્ભગૃહ ઉપર ત્રણ શિખર છે. મંદિરનું શિખર કુલ ૯૯ અંડકોનું બનેલું છે. ગૂઢમંડપ બે મજલાનો છે. ગૂઢમંડપની ઉત્તર અને દક્ષિણ તરફની શૃંગાર–ચોકીઓ પણ બે મજલાની છે. ત્રિકમંડપની નીચે ભોંયરું છે, જેમાં ઉત્તર અને દક્ષિણ તરફ બે નાનાં મંદિર છે. સભામંડપની ઉત્તર દક્ષિણ અને પશ્ચિમ દિશાએ શૃંગારચોકીઓ આવેલી છે. સભામંડપનું વિતાન સંવર્ણા વડે અલંકૃત છે.[૧૫] આ મંદિરનો શિલ્પ-વૈભવ પણ આકર્ષક છે. સ્તંભોના ટેકાઓના સ્વરૂપે પૂતળીઓનાં શિલ્પ મનોરમ છે. મંડોવરની જંઘામાં પણ આ પ્રકારનાં શિલ્પ જોવા મળે છે. સ્ત્રી–સહજ વિવિધ પ્રવૃત્તિઓમાં રત આ પૂતળીઓની અંગભંગીમાં વૈવિધ્ય વરતાય છે. સાદા રેતિયા પથ્થરમાં સુઘડ અને સૂક્ષ્મ શિલ્પકામ જોવા મળે છે. આનંદકુમાર સ્વામી આ મંદિરની બાંધણીને નાગર-બાંધણી કહે છે.[૧૬]

અમદાવાદમાં ઝવેરીવાડમાં મહાવીર સ્વામીનું મંદિર શેઠ પ્રેમાભાઈ હેમાભાઈએ ઈ.સ. ૧૮૪૯ માં બંધાવ્યું.[૧૭] દોશીવાડાની પોળમાં આવેલું અષ્ટાપદજીનું મંદિર

શેઠ મગનભાઈ કરમચંદે ઈ.સ. ૧૮૫૬ માં બંધાવ્યું.[૧૮] ઝવેરીવાડમાં આવેલા ભગવાન આદીશ્વરના મંદિરનો જીર્ણોદ્ધાર શેઠ લલ્લુભાઈ પાનાચંદે ઈ.સ. ૧૮૫૯ માં કરાવ્યો હતો.[૧૯] ચોમુખજીની પોળમાં ચોમુખજીનું મંદિર ઈ.સ. ૧૮૬૬ માં શેઠ મગનભાઈ હકમચંદે બંધાવેલું.[૨૦] ફતાશાની પોળમાં આવેલા મહાવીર સ્વામીના મંદિરનું પુનર્નિર્માણ આ જ સમયે શેઠ ઉમાભાઈ રૂપચંદે કરાવ્યું.[૨૧]

અમદાવાદમાં રાયખડમાં આવેલું પ્રાર્થનાસમાજનું મંદિર આ કાલનું છે. એનું બાંધકામ ઈ.સ. ૧૮૭૬ માં પૂરું થયું હતું. ઉત્તર દિશાના ખંડની ઉપર શિખરની રચના છે. ખ્રિસ્તી દેવળની જેમ આ મંદિરનું તલમાન ક્રોસાકારે છે. આમ તલમાન ખ્રિસ્તી દેવળ પ્રમાણે છે, પરંતુ ઊર્ધ્વમાનમાં શિખર છે. આ મંદિરની આવી વિચિત્ર બાંધણી અંગે રત્નમણિરાવ જોટ કહે છે: "આમ ખ્રિસ્તી બાંધણી ઉપર હિંદુ શિખર બેસાડવાથી કોટ-પાટલુન અને ટાઈ પહેરેલા માણસે ભાવનગરી કે એવી કોઈ બીજી પાઘડી પહેરી હોય એવું દેખાય છે."[૨૨]

વડોદરામાં આવેલું રાધાવલ્લભ મંદિર ઈ.સ. ૧૮૩૫ માં બંધાયું.[૨૩] રાવપુરામાં આવેલું શ્રી ભૈરવેશ્વર નામનું મંદિર સયાજીરાવ મહારાજ ૨ જાના સમયનું છે. આ મંદિર હિંમતબહાદુર વેણીરામ આત્મારામે ઈ.સ. ૧૮૩૬ માં બંધાવ્યું હતું.[૨૪] સર્વેશ્વર મહાદેવનું મંદિર સયાજીરાવ ૨ જાના સ્મરણાર્થે એમના પુત્ર ગણપતરામ ગાયકવાડે ઈ.સ. ૧૯૧૧ માં બંધાવ્યું હતું.[૨૫] સયાજીરાવના દહન-સ્થાને જ આ મંદિર બાંધવામાં આવ્યું છે. આ મંદિર ઊંચા ઓટલા ઉપર બાંધેલું છે. એનો પ્રવેશ પૂર્વમાં છે. ગર્ભગૃહમાં કાળા આરસનું લિંગ પ્રતિષ્ઠિત છે. સભામંડપની પૂર્વ ઉત્તર અને દક્ષિણ દિશાએ શૃંગારચોકીઓ આવેલી છે.

ભરૂચના મોટાગણપતિનું મંદિર અમરતલાલ વકીલે ઈ.સ. ૧૮૬૦ માં બંધાવ્યું. નારાયણદેવની ખડકીમાં આવેલું શ્રીનરનારાયણનું મંદિર ઈ.સ. ૧૮૬૭ ના સમયનું છે. આ મંદિર ઘેલાભાઈ વલવભાઈએ બંધાવ્યું હતું. ચકલામાં જવાના માર્ગે દક્ષિણ બાજુએ આવેલા શ્રીજીમંદિરના કેટલાક ભાગનું બાંધકામ ઈ.સ. ૧૮૭૪ માં કરવામાં આવ્યું હતું. બહારની ઉનાઈ તરફ આવેલું પ્રેમનાથ મહાદેવનું મંદિર ઈ.સ. ૧૮૮૪ ના સમયનું છે. ગુલાબભાઈ નરોત્તમ નામના એક કલમીએ એ બંધાવ્યું હતું. અચારવાડમાં આવેલા દુઃખભંજનેશ્વર મહાદેવના મંદિરની સ્થાપના આ જ સમયે કરવામાં આવી. મણિનાગેશ્વર, મહાન કાલેશ્વર, અમરકંટેશ્વર મહાદેવ વગેરેનાં મંદિર ક્ષત્રિયોએ બંધાવ્યાં છે, જેઓનો નિર્માણ-કાલ લગભગ ઈ.સ. ૧૮૮૫ નો છે. મહારુદ્રની જગ્યાએ બે મંદિર ઊભાં છે, જેમાંનું એક મંદિર વાયડા વાણિયા મથુરદાસ ભૂખણદાસે ઈ.સ. ૧૮૯૦ માં બંધાવ્યું

હતું. સેખસાઈજીનું મંદિર ઈ.સ. ૧૯૦૭માં બંધાયું. દાંડિયા બજાર તરફ નદી બાજુએ આવેલા રોકડિયા હનુમાન તથા કાશીવિશ્વનાથ મહાદેવનાં મંદિરોનો જીર્ણોદ્ધાર વાયડા વાણિયા તાપીદાસ મોહનભાઈ દલાલે ઈ.સ. ૧૯૧૦માં કરાવ્યો હતો.[૨૬]

સુરતમાં વડાચૌટામાં નગરશેઠની પોળમાં આવેલું ગોડી પાર્શ્વનાથનું મંદિર શેઠ લાલભાઈ નવલખાભાઈ શાજીવાલાએ બંધાવ્યું હતું. આ મંદિરની પ્રતિષ્ઠા ઈ.સ. ૧૮૨૬ માં કરવામાં આવી હતી.[૨૭] બાલકૃષ્ણ લાલજીનું મૂળ મંદિર ઈ.સ. ૧૬૯૫ માં બંધાયું હતું. ઈ.સ. ૧૮૩૭ની ભયંકર આગમાં આ મંદિરનો ઘણો-ખરો ભાગ ખંડિત થઈ ગયો હોવાથી એને નવેસરથી બાંધવામાં આવ્યું.[૨૮]

ખંભાતમાં માદલા તળાવ પાસેનું શ્રી અંબાજીનું મંદિર ઈ.સ. ૧૮૩૫ના સમયનું છે.[૨૯] ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરની જગ્યાએ મૂળ સાત દહેરાં હતાં. ઈ.સ. ૧૯૦૦માં અહીં નવું મંદિર બાંધવામાં આવ્યું.[૩૦] આ મંદિરમાં મૂલનાયકની પ્રતિષ્ઠા ઈ.સ. ૧૯૦૭ માં કરવામાં આવી હતી.

ઊંઝાનું કડવા પાટીદારોનાં માતા (ઉમિયા)નું મંદિર ઈ.સ. ૧૮૫૮ ના સમયનું છે. આ મંદિરનો ઘાટ જૈન મંદિરને મળતો આવે છે.[૩૧]

પાટણથી ૧.૬ કિ. મી. દૂર માતરવાડી નામના ગામની ભાગોળે સતી માતાની દહેરી ઊભી છે. અમદાવાદના પ્રસિદ્ધ બૅરોનેટ ચીનુભાઈના કુટુંબમાં થઈ ગયેલા છોટાલાલના પિતાનાં માતા ઈ.સ. ૧૮૯૫ માં સતી થતાં એમની સ્મૃતિમાં આ દહેરી બાંધવામાં આવી છે.[૩૨]

સુરેંદ્રનગર નજીક આવેલ દૂધરેજનું શ્રી વડવાળા મંદિર (આ. ૧૮–૧૯) ઓગણીસમી સદીના અંતનું જણાય છે. ગર્ભગૃહની ઉપર ત્રણ શિખર છે. સભા-મંડપની પૂર્વ ઉત્તર અને દક્ષિણ દિશાએ શૃંગારચોકીઓ છે. પૂર્વની શૃંગારચોકીના આગલા બે સ્તંભો પર દ્વારપાલ તરીકે માનવ-કદના બે સાધુઓનાં શિલ્પ છે. સભા-મંડપના સ્તંભોમાં આયોનિક અને ડૉરિક શૈલીની અસર જોવા મળે છે. સ્તંભોના મધ્યદંડના સુશોભનમાં વૈવિધ્ય જણાય છે.

શત્રુંજય પર આ કાલ દરમ્યાન કેટલીક નવી ટૂંકો ઊભી કરવામાં આવી અને એની પર કેટલાંક મંદિર બાંધવામાં આવ્યાં. ખરતરવસહિની ટૂંક ઈ.સ. ૧૮૩૬ માં શેઠ સાકરચંદ પ્રેમચંદે ઊભી કરાવી હતી. આ ટૂંક એને બંધાવનારના નામે પણ ઓળખાય છે. આ ટૂંકમાં પ્રવેશતાં જમણી બાજુએ નરસી કેશવજી નાયકનું મંદિર જોવા મળે છે. આ મંદિરના મૂલનાયક ચોથા તીર્થંકર અભિનંદનનાથ

છે. મંદિરનું બાંધકામ ઈ.સ. ૧૮૩૨ માં થયેલું છે. પૂર્વાભિમુખી આ મંદિર બે મજલાનું છે. સભામંડપની પૂર્વ, ઉત્તર અને દક્ષિણ દિશાએ શૃંગારચોકીઓ આવેલી છે. અહીંથી આગળ જતાં અંદરના દરવાજાના માર્ગે પશ્ચિમ બાજુએ પાંચ મંદિરોનો સમૂહ છે. એમાંનું બીજું મંદિર પદ્મપ્રભુનું છે, જેનું બાંધકામ નરસી શેઠે ઈ.સ. ૧૮૪૮ માં કરાવ્યું હતું. આ સિવાય બીજાં મંદિરોનો નિર્માણકાલ ઈ.સ. ૧૮૩૧ થી ૧૯૩૭ સુધીનો છે. આ પાંચ મંદિરોની ડાબી બાજુએ બીજાં પાંચ મંદિરોનો સમૂહ આવેલો છે, જેમાંનાં ત્રણ મંદિર ઈ.સ. ૧૮૨૮ થી ૧૮૩૧ દરમ્યાન બંધાયેલાં છે. આ ટૂંક ઉપર આ ઉપરાંત ઈ. સ. ૧૮૩૪ થી ઈ. સ. ૧૮૮૫ થી દરમ્યાન બંધાયેલાં મંદિર પણ છે.

અમદાવાદના શેઠ હીમાભાઈ વખતચંદે ઈ. સ. ૧૮૪૦ માં બંધાવેલી ટૂંક એમના નામે ઓળખાય છે. આ ટૂંક પરનું પ્રસિદ્ધ મંદિર નંદીશ્વરદ્વીપનું છે. આ ટૂંક ઉપરનું એક નાનું મંદિર અમદાવાદના શેઠ ડાહ્યાભાઈ અનોપચંદે ઈ.સ. ૧૮૪૧ માં બંધાવેલું છે. નંદીશ્વરદ્વીપના દરવાજામાંથી નીકળતાં સહેજ ઊંચે હેમાભાઈની બીજી ટૂંક આવેલી છે. આ ટૂંક હેમાભાઈના પુત્ર પ્રેમાભાઈ હેમાભાઈના નામે ઓળખાય છે. આ ટૂંક ઉપર હેમાભાઈના પિતા શાહ વખતચંદે ઈ સ. ૧૮૨૬ માં એક મંદિરનું નિર્માણ કરાવ્યું હતું, જે આ ટૂંકનું મુખ્ય મંદિર છે. ગર્ભગૃહ ઉપર ત્રણ શિખર છે. સભામંડપની ત્રણ દિશાએ ત્રણ શૃંગાર-ચોકીઓ આવેલી છે. આ મંદિરની પૂર્વે આવેલાં કેટલાંક નાનાં મંદિર ઈ.સ. ૧૮૨૯ થી ઈ. સ. ૧૮૩૨ દરમ્યાન બંધાયેલાં છે.[33]

દ્વારકામાં જામપરાનું પ્રદ્યુમ્નજીનું મંદિર ઈ. સ. ૧૮૬૦ માં બંધાયેલું છે. જામનગરના જાણીતા જામસાહેબ રણમલજીએ ઈ. સ. ૧૮૪૭ માં દ્વારકાની યાત્રા કરી ત્યારે એમણે અહીં એક મંદિર બાંધવાનો સંકલ્પ કર્યો હતો. એમણે અહીં જામપરું વસાવ્યું અને ત્યાં ઈ.સ. ૧૮૬૦ માં પ્રદ્યુમ્નજીનું મંદિર બંધાવ્યું હતું. આ મંદિરના બાંધકામમાં રાજમહેલના જેવી ભવ્યતાનાં દર્શન થાય છે.[34]

કચ્છ પ્રદેશમાં પણ આ કાલ દરમ્યાન કેટલાંક મંદિર બંધાયેલાં હતાં. અંજારમાં આવેલ માધવરાયના વૈષ્ણવ મંદિરના દ્વારે વિ. સં. ૧૮૬૯(ઈ. સ. ૧૮૧૩)ની સાલનો એક લેખ છે. અગાઉના ગૅઝેટિયર પ્રમાણે આ મંદિર ઈ.સ. ૧૮૧૪ થી ૧૮૨૪ દરમ્યાન ફરીથી બંધાયું હતું.[35]

લખપતથી ૪૩ કિ. મિ. દૂર આવેલા મઢ નામના સ્થાનકમાં કચ્છના રાવની કુળદેવી આશાપૂરાનું મંદિર આવેલું છે. ઈસુની ૧૪ મી સદીમાં બંધાયેલું આ મંદિર ઈ.સ. ૧૮૧૯ ના ધરતીકંપમાં નાશ પામ્યું હતું, આથી ઈ.સ. ૧૮૨૩ માં બ્રહ્મક્ષત્રી સુંદરજી શિવજી અને વલ્લભજીએ આ મંદિરનું પુનર્નિર્માણ કરાવ્યું.[36]

આ કાલ દરમ્યાન ગુજરાતની ભૂમિમાં ઉદ્ભવેલા સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રયે કેટલાંક મંદિરોનું સર્જન થયું. શ્રી સ્વામિનારાયણની પ્રેરણાથી નવ સ્થળે નવ મંદિર બંધાયાં જેમ કે અમદાવાદ મૂળી ભુજ વડતાલ જેતલપુર ધોલેરા ધોળકા જૂનાગઢ અને ગઢડા. સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ નવ મંદિર મહા-મંદિરો તરીકે ઓળખાય છે. અમદાવાદના મંદિરની સ્થાપના ઈ.સ. ૧૮૨૨ માં થઈ હતી, જ્યારે મૂળી ભૂજ અને વડતાલનાં મંદિરોની સ્થાપના ઈ.સ. ૧૮૨૩–૨૪ માં, જેતલપુર અને ધોલેરાનાં મંદિરોની સ્થાપના ઈ.સ. ૧૮૨૬ માં, ધોળકાના મંદિરની સ્થાપના ઈ.સ. ૧૮૨૭ માં તેમ જ જૂનાગઢ અને ગઢડાનાં મંદિરોની સ્થાપના ઈ.સ. ૧૮૨૮–૨૯ માં થઈ હતી.[૩૭]

## ૩. સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિર

૧૯ મી સદીના પ્રથમ બે દાયકા સુધી સહજાનંદ સ્વામીએ સંપ્રદાયના પ્રચાર અને પ્રસાર માટે સાધુ–સંતોનાં મંડળો સાથે સૌરાષ્ટ્ર કચ્છ અને ગુજ-રાતનાં ગામો અને નગરોમાં ઘૂમીને 'રાધાકૃષ્ણ'ની ઉપાસના અને એકાંતિક ભક્તિનો ઉપદેશ આપ્યો અને લાખો લોકોને સંપ્રદાયના ભક્તિમાર્ગમાં જોડી દીધા. ઘર-ઘરમાં કૃષ્ણભક્તિ અને ઉપાસનાનું તથા સંસ્કારનું વાતાવરણ ઊભું થઈ શકે તે માટે 'શ્રીકૃષ્ણની ચિત્રપ્રતિમા'ની નિત્યપૂજાની પદ્ધતિ પણ દાખલ કરી, એને કારણે સંપ્રદાયની વિશિષ્ટ 'ચિત્રકલાશૈલી'નો પણ વિકાસ થયો.[૩૮]

ત્યારબાદ સહજાનંદ સ્વામીએ પોતાની હયાતી પછી પણ સંપ્રદાયની ભક્તિ–પરંપરા અવિરત વહેતી રહે અને સંપ્રદાયની વ્યવસ્થા અક્ષુણ્ણ ટકી રહે એ માટે ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છનાં વિવિધ સ્થળોએ હિંદુ સ્થાપત્ય પરંપરાને અનુરૂપ એવાં વિશાળ મંદિર બાંધવાનો, ધર્મવંશમાં આચાર્યપદની સ્થાપનાનો અને સંપ્રદાયના શાસ્ત્રીય ગ્રંથ નિર્માણ કરવાનો એમ ત્રણ સંકલ્પ કર્યા.[૩૯] એ અનુસાર તેઓએ ભારતીય શિલ્પશાસ્ત્રાનુસાર અદ્ભુત શિલ્પકૃતિઓથી સુશોભિત ત્રણ શિખરોવાળું સંપ્રદાયનું પ્રથમ મંદિર અમદાવાદમાં કાળુપુરમાં બંધાવ્યું (આ. ૨૦) અને એમાં વિ. સં. ૧૮૭૮ ના ફાગણ સુદિ ત્રીજ ને સોમવાર(તા. ૨૪–૧૨–૧૮૨૨)ના રોજ વેદવિધિપૂર્વક ઉત્તરાભિમુખ મધ્ય ગર્ભગૃહમાં શ્રીનરનારાયણ દેવની મૂર્તિઓની સ્થાપના કરી. એની પૂર્વ તરફના ગર્ભગૃહમાં રાધાકૃષ્ણની તથા પશ્ચિમ તરફના ગર્ભગૃહમાં પોતાનાં માતાપિતા ધર્મભક્તિની અને પોતાની–'હરિકૃષ્ણ'ની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી.[૪૦] આ ઉપરાંત મંદિરની પશ્ચિમ તરફની શૃંગારચોકીની બંને તરફ હનુમાન અને ગણેશની તથા શિવલિંગની પણ સ્થાપના કરી. ત્યારબાદ મંદિરના

વિશાળ પ્રાંગણમાં સાધુ-સંતો અને આચાર્યના નિવાસ માટે કાષ્ઠકલાથી સમૃદ્ધ બહુમાળી હવેલીની પણ રચના કરી. સમગ્ર મંદિર અને આવાસોને ફરતો કોટ તૈયાર કરાવી કલાત્મક દરવાજો પણ તૈયાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સહજાનંદ સ્વામીએ મૂળી(જિ. સુરેન્દ્રનગર)માં પણ મંદિર બંધાવી શ્રીરાધાકૃષ્ણ હરિકૃષ્ણ મહારાજ ઇત્યાદિની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી (વિ. સં. ૧૮૭૯); ભૂજમાં મંદિર બંધાવી શ્રીનરનારાયણદેવ વગેરેની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી(વિ.સં. ૧૮૭૯); વડતાલમાં મંદિર બંધાવી (આ. ૨૧), શ્રીલક્ષ્મીનારાયણ વગેરે દેવોની મૂર્તિઓ પધરાવી(વિ. સં. ૧૮૮૧); જેતલપુરમાં મંદિર બંધાવી શ્રીરેવતી બલદેવજી રાધાકૃષ્ણ ઇત્યાદિ દેવોની મૂર્તિઓ પધરાવી (વિ. સં. ૧૮૮૨); ધોલેરા-(જિ. અમદાવાદ)માં મંદિર બંધાવી શ્રીમદનમોહનજી અને રાધિકાજીની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી(વિ. સં. ૧૮૮૨); ધોળકા(જિ. અમદાવાદ)માં મંદિર બંધાવી શ્રીમુરલી-મનોહર અને રાધિકાજી તથા શ્રીહરિકૃષ્ણ મહારાજ વગેરેની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી(વિ. સં. ૧૮૮૩); જૂનાગઢમાં મંદિર બંધાવી શ્રી-રણછોડજી ત્રીકમજી વગેરે દેવોની પ્રતિષ્ઠા કરી(વિ. સં. ૧૮૮૪); ગઢડામાં છેલ્લું મંદિર બંધાવી શ્રીગોપીનાથજી અને રાધિકાજી તથા શ્રી હરિકૃષ્ણ મહારાજ ઇત્યાદિની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી(વિ. સં. ૧૮૮૫).[૪૧]

આ મંદિરોમાં સ્થાપત્યની દૃષ્ટિએ નીચે પ્રમાણેની વિશેષતાઓ નજરે પડે છે :[૪૨]

(૧) આ મંદિરો ૨.૫ થી ૩ મીટર ઊંચી જગતી પર રચવામાં આવેલાં ત્રણ શિખરોવાળાં સાદાં મંદિર છે. એના મંડોવર શિલ્પોથી અલંકૃત નથી, પરંતુ સાદાં પ્રોજેક્શનોથી યુક્ત છે.

(૨) સંપ્રદાયના અનુયાયીઓ અને દર્શનાર્થીઓની વિશાળ સંખ્યાને ધ્યાનમાં રાખી અંતરાલ મંડપ વગેરે વિશાળ બનાવવામાં આવ્યા છે. મંદિરની ત્રણ તરફથી શૃંગાર-ચોકીઓ સાદાં તોરણોથી સુશોભિત કરવામાં આવેલી છે, જ્યારે બહારના સ્તંભો અને મંડપને ફરતા સ્તંભોને જુદાં–જુદાં લોકવાદ્યો અને લોકવેશથી યુક્ત વાદ્યધારીઓ વાદ્યધારિણીઓ તેમ રાસ રમતાં કહાન–ગોપીઓ વગેરેનાં મદલ–શિલ્પોથી સુશોભિત કરેલા છે. આ શિલ્પોનો અહીં બેવડો ઉપયોગ જોવા મળે છે – મંદિરનાં સુશોભન શિલ્પ તરીકે તથા મંદિરનાં તોરણ છત વગેરેના ટેકા માટે એટલે કે અગત્યનાં સ્થાપત્યકીય અંગ તરીકે.

(૩) સ્વામિનારાયણ મંદિરોના સ્થાપત્યની એક વિશેષતા એ છે કે મંદિરનાં ત્રણ ગર્ભગૃહોની બહાર અંતરાલમાં એક ઓરડો તૈયાર કરી એમાં 'સુખશય્યા'ની રચના કરવામાં આવે છે, જેમાં એક કલાત્મક પલંગ પર ગાદલાં વગેરે પાથરી તેના પર શ્રીસહજાનંદ સ્વામીની ચિત્રપ્રતિમા, ચાખડીઓ તથા તથા તેમની પ્રસાદીની ચીજવસ્તુઓ પધરાવવામાં આવે છે. આ ઉપરાંત મંદિરની વિશાળ જગતી ઉપર કે મંદિરના પ્રાંગણમાં શ્રીસહજાનંદ સ્વામીનાં પગલાં-થી યુક્ત પથ્થરની કલાત્મક છત્રીની પણ રચના કરેલી જોવા મળે છે. આમ સુખશય્યા અને પગલાંની છત્રી એ સ્વામિનારાયણ મંદિરના સ્થાપત્યનાં અગ-ત્યનાં અંગ છે.

(૪) વિશેષ, સ્વામિનારાયણ સંપ્રદાય એ સાધુઓનો સંપ્રદાય હોવાથી એમાં સાધુઓના નિવાસની પણ રચના કરવામાં આવેલી છે. સંપ્રદાયમાં ત્રણ કક્ષાના સાધુઓ–બ્રહ્મચારી, સાધુ અને પાર્ષદ(પાળા)ની પરંપરા જોવા મળે છે અને ત્રણેય પ્રકારના સાધુઓ માટે તથા સાંખ્યયોગી બાઈઓ માટે પ્રાંગણમાં જ રહેવાની અને જમવાની વ્યવસ્થા જુદી જુદી કરવામાં આવેલી છે. સંપ્રદાયના આચાર્ય માટે પણ સપરિવાર રહેવાની વ્યવસ્થા મંદિરના પ્રાંગણમાં જ કરવામાં આવેલી છે. એને માટે બેથી ચાર માળ સુધીની વિશાળ, ઉત્તમ કાષ્ઠકોતરણીથી યુક્ત હવેલીની રચના ઉપરનાં બધાં જ મંદિરોમાં જોવા મળે છે. આ મંદિરોનું હવેલી–સ્થાપત્ય એ સ્વતંત્ર અભ્યાસનો વિષય છે.

(૫) આ સમગ્ર મંદિર-સંકુલ – મુખ્ય મંદિર અને આવાસોને આવરી લેતો ફરતો વિશાળ કોટ પણ મંદિરના સ્થાપત્યનું અંગ છે. મંદિરની વ્યવસ્થા અને સમૃદ્ધિની સુરક્ષાની દષ્ટિએ આ કોટ બહુ અગત્યનો છે. કોટનાં મુખ્ય પ્રવેશદ્વારોને સુંદર શિલ્પો અને અર્ધશિલ્પોથી તથા ભૌમિતિક અને ફૂલવેલની આકૃતિઓથી અલંકૃત કરેલાં જોવા મળે છે, જેમાં અમદાવાદ ગઢડા અને મૂળીનાં મંદિરોના દરવાજા કલાની દષ્ટિએ દર્શનીય છે. એના પરની શિલ્પકૃતિઓ પરંપરિત કલા ઉપરાંત મુઘલ રાજસ્થાની મરાઠા અને બ્રિટિશ કલા તથા સ્થાનિક લોકકલાને અભિવ્યક્ત કરે છે.

(૬) મંદિરના ઘૂમટ અને કોટની દીવાલો પણ સુંદર ભીંતચિત્રોથી અલંકૃત કરેલી જોવા મળે છે.

એમાં પણ ગુજરાતનાં રીતરિવાજો ઉત્સવો માન્યતાઓ લોકોના પહેરવેશ અને અલંકારો, એમ લોકજીવનનાં વિવિધ પાસાંઓની ઝાંખી થાય છે. આ દષ્ટિએ ગઢડા અમદાવાદ અને વડતાલનાં મંદિરોનાં ભીંતચિત્ર અત્યંત મહત્ત્વનાં છે.

આમ સ્વામિનારાયણ સંપ્રદાયે ગુજરાતની શિલ્પ–સ્થાપત્યકલા કાષ્ઠકલા અને ચિત્રકલાના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે, એનાં સાક્ષીરૂપ ઉપર જણાવેલાં શિખરબંધ મંદિર, એ પછી પણ બંધાયેલાં અનેક શિખર–મંદિર તથા હરિમંદિરો આજે પણ ઊભાં છે.[૪૩]

## ૪. ખ્રિસ્તી દેવળો

આ કાલ દરમ્યાન ખ્રિસ્તીધર્મના રોમન કેથોલિક અને પ્રોટેસ્ટંટ એમ બંને સંપ્રદાયોનાં દેવળ ગુજરાતમાં બંધાયાં હતાં.

રોમન કેથોલિક સંપ્રદાયનું આ કાલનું સૌ પ્રથમ દેવળ ભૂજનું 'અવર લેડી ઑફ માઉન્ટ કાર્મેલ' નામનું દેવળ છે. એનો નિર્માણકાલ ઈ.સ. ૧૮૩૬ છે. આ દેવળના બાંધકામમાં પી. એ. કોલીએ ઘણી મોટી સખાવત કરી હતી. અમદાવાદમાં મીરજાપુર રોડ પર આવેલું (હાલ જ્યાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ છે એ જગ્યાએ) 'અવર લેડી ઑફ માઉન્ટ કાર્મેલ' નામનું દેવળ ઈ.સ. ૧૮૪૨ માં બંધાયું હતું. ઈ.સ. ૧૮૬૪ માં એનો વિસ્તાર વધારવામાં આવ્યો. આ દેવળનું મૂળ સ્વરૂપ ઈ.સ. ૧૯૭૦ સુધી અસ્તિત્વમાં હતું. આ મૂળ દેવળ તોડીને એ જગ્યાએ હાલનું વર્તમાન દેવળ બાંધવામાં આવ્યું છે. 'મદ્રાસ કેથોલિક ડિરેક્ટરી' પ્રમાણે ઈ.સ. ૧૮૫૧ માં સુરતમાં એક દેવળ હતું. અમદાવાદના કેમ્પ વિસ્તારમાં ઈ.સ. ૧૮૫૬ માં એક નાનું દેવળ શરૂ કરવામાં આવ્યું હતું. ઈ.સ. ૧૮૬૬ માં ત્યાં 'ચર્ચ ઑફ ઇમેક્યુલિટ કન્સેપ્શન' નામનું દેવળ બાંધવામાં આવ્યું. આ દેવળ હાલ પણ એ જગ્યાએ એના મૂળ સ્વરૂપે ઊભું છે. દેવળના મુખભાગમાં પ્રવેશચોકીનો અભાવ છે. એની છત ત્રિકોણાકારે છે. દેવળનું બાંધકામ સ્તંભરહિત છે. પ્રવેશ પશ્ચિમ દિશાએ છે. પ્રવેશની સામેનો દેવળનો છેડો ચાપાકાર છે. અહીં (ઑલ્ટર જ્યાં ધાર્મિક વિધિ કરવામાં આવે છે તે વિભાગ) આવેલ છે. મધ્યમંડપમાં ભક્તજનોને બેસવા લાકડાની પાટલીઓ ગોઠવેલી છે. રાજકોટમાં ઈ.સ. ૧૮૫૯ માં નાનું દેવળ શરૂ કરવામાં આવ્યું અને ઈ.સ. ૧૮૬૩ માં 'ચર્ચ ઑફ ઇમેક્યુલિટ કન્સેપ્શન' નામનું દેવળ નિર્માણ પામ્યું. ભરૂચનું 'અવર લેડી ઑફ હેલ્થ' નામનું દેવળ ઈ.સ. ૧૮૧૪ માં બંધાયું હતું, જે ઈ.સ. ૧૮૬૦ માં નાશ પામ્યું. ઈ.સ. ૧૮૬૧ માં એનું પુનઃ નિર્માણ કરવામાં આવ્યું. ઈ.સ. ૧૮૮૭ માં એનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. જામનગરનું દેવળ ઈ.સ. ૧૮૭૧ માં રાજ્યના ખર્ચે બંધાયું હતું. અમદાવાદમાં સાબરમતીમાં ઈ.સ. ૧૮૮૨ માં નાનું દેવળ શરૂ કરવામાં આવ્યું હતું. વર્તમાન દેવળ ઈ.સ. ૧૯૦૪ માં બાંધવામાં આવ્યું હતું. આણંદમાં

ગોધરા રેલવે લાઇન પર આવેલું દેવળ ઈ.સ. ૧૮૯૮ માં બંધાયું હોવાનું એના લેખ પરથી નક્કી થાય છે. આ દેવળ એના મૂળ સ્વરૂપે આજે પણ હયાત છે.[૪૫]

આ કાલ દરમ્યાન ગુજરાતમાં બંધાયેલાં પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયનાં દેવળોમાં સૌથી જૂનાં દેવળ ઈ. સ. ૧૮૨૫ ની સાલનાં છે. વડોદરાનું સેન્ટ જેમ્સનું દેવળ, ખેડાનું સેન્ટ જ્યૉર્જનું દેવળ અને સુરતનું ક્રાઇસ્ટ ચર્ચ નામનું દેવળ, ઈ.સ. ૧૮૨૫ ની સાલમાં બંધાયાં છે. આ ત્રણે દેવળોની પ્રતિષ્ઠા બિશપ હેબરે એ વર્ષમાં કરી હતી. આમાંથી ખેડા અને સુરતનાં દેવળોનું બાંધકામ જ્યૉર્જિયન શૈલીને અનુસરે છે, જ્યારે વડોદરાનું સેન્ટ જેમ્સનું દેવળ ૧૯ મી સદીની શરૂઆતની ગૉથિક શૈલીએ બંધાયેલું છે. ઈ.સ. ૧૮૩૨ માં ડીસામાં રોમન કૅથોલિક અને ઍંગ્લિકન દેવળો બંધાયાં હતાં, પરંતુ ઈ.સ. ૧૮૪૦ માં લશ્કરી સત્તાએ એ બંને દેવળ બંધ કર્યાં હતાં. સુરતમાં મુઘલસરાઈ વિસ્તારમાં આવેલું દેવળ લન્ડન મિશન સોસાયટીએ ઈ.સ. ૧૮૪૦ માં બંધાવ્યું હતું;[૪૬] જ્યૉર્જિયન શૈલીનું આ ઉત્તમ ઉદાહરણ છે. અમદાવાદમાં મિરજાપુર રોડ પર રેંટિયાવાડી પાસે આવેલા 'ક્રાઇસ્ટ ચર્ચ' (આ. ૨૨) નામના દેવળનો નિર્માણકાલ ઈ.સ. ૧૮૪૮ છે. ૬ જાન્યુઆરી. ૧૮૪૮ ના રોજ બિશપ કેરે આ દેવળની પ્રતિષ્ઠા કરી હતી. અમદાવાદમાં અસ્તિત્વ ધરાવતાં બધાં જ દેવળોમાં જૂનામાં જૂનું આ દેવળ છે. રાજકોટના 'ક્રાઇસ્ટ ચર્ચ'ની પ્રતિષ્ઠા ઈ.સ. ૧૮૪૮ માં થઈ હતી. ભરૂચનું ઈ.સ. ૧૮૫૬ માં બંધાયેલું 'સેન્ટ માથિયાસ'નું દેવળ ગૉથિક શૈલીનું છે.[૪૭] ઈ.સ ૧૮૬૦ માં લન્ડન મિશન સોસાયટીએ બોરસદમાં એક દેવળ બંધાવ્યું હતું. ઈ.સ. ૧૯૦૭ માં આ દેવળનો વિસ્તાર વધારવામાં આવ્યો ત્યારે એનું બાંધકામ ગૉથિક શૈલીએ કરવામાં આવ્યું હતું; મૂળ દેવળ જ્યૉર્જિયન શૈલીમાં હતું. ઈ.સ. ૧૮૭૮ માં આણંદમાં આઈ. પી. મિશનનું દેવળ બંધાયું. ખેરવાડાના દેવળના બાંધકામનો સમય ઈ.સ. ૧૮૮૦ નો છે.[૪૮] અમદાવાદના કેન્ટોનમેન્ટ વિસ્તારના ખ્રિસ્તી લોકોની જરૂરિયાતને અનુલક્ષીને એ વિસ્તારમાં ઈ.સ. ૧૮૮૨ માં સેન્ટ જ્યૉર્જનું દેવળ બાંધવામાં આવ્યું હતું;[૪૯] આ દેવળ એના મૂળ સ્વરૂપે આજે પણ ઊભું છે. દેવળના મુખભાગની સંમુખ પ્રવેશચોકી આવેલી છે. પ્રવેશદ્વારની ડાબી બાજુએ બૅપ્ટિસ્ટ્રી(જ્યાં બૅપ્ટિઝમનો વિધિ કરવામાં આવે છે તે જગ્યા) આવેલી છે; એના પરનું શિલ્પકામ સુંદર છે. પ્રવેશ પશ્ચિમ દિશાએ છે, જ્યારે ઑલ્ટર પૂર્વ દિશામાં છે. ઑલ્ટરની પાછળની દીવાલ ચાપાકારે છે અને એ દીવાલમાં રંગીન કાચની બારીની રચના કરી છે. બારીના કાચમાં ઈસુની આકૃતિ રજૂ કરવામાં આવી છે. બહારનો પ્રકાશ આ રંગીન કાચમાંથી ગળાઈને દેવળની અંદર આવે છે ત્યારે ખૂબ જ સુંદર લાગે છે.

## પાદટીપ

१. મગનલાલ વખતચંદ, "અમદાવાદનો ઇતિહાસ', પૃ. ૬૦
२. એજન, પૃ. ૬૫
३. *Bombay Gazetteer, Vol II: Surat and Broach*, p. 321
४. મગનલાલ વખતચંદ, ઉપર્યુક્ત, પૃ. ૬૧
५. ડૉલરરાય રં. માંકડ, 'જામનગરનો ઇતિહાસ', પૃ. ૧૧૧
६. એજન, પૃ. ૧૧૧–૧૧૨
७. નર્મદાશંકર ભટ્ટ, 'ખંભાતનું સાંસ્કૃતિક દર્શન', પૃ. ૩૮૯
८. અમદાવાદ પારસી પંચાયત, 'પારસી ઝોરાષ્ટ્રીઅન રહેવાસીઓ વિશેની મોજણી પ્રકાશન ડિરેક્ટરી', પૃ. ૭
९. હ. ગં. શાસ્ત્રી અને ભારતી શેલત, 'અમદાવાદની અગિયારીઓના શિલાલેખ', "બુદ્ધિપ્રકાશ", પુ. ૧૨૮, પૃ. ૪૮૫–૪૮૭
१०. જુઓ ઉપર પ્રકરણ ૯, પા.ટી. ૬૧.
११. ડૉલરરાય માંકડ, ઉપર્યુક્ત, પૃ. ૧૦૭
१२. હ. ગં. શાસ્ત્રી અને ભારતી શેલત, 'ગુજરાતમાં યહૂદીઓ', "પથિક", વર્ષ ૨૦, અં. ૭, પૃ. ૧૩
१३. ભારતી શેલત, 'અમદાવાદનો ત્રિભાષી યહૂદી શિલાલેખ અને ત્યાંનું યહૂદી કબરસ્તાન', "વિદ્યાપીઠ", સળંગ અંક ૧૧૦, પૃ. ૭
१४. પ્રવીણચંદ્ર પરીખ, 'અમદાવાદના ભદ્રના કિલ્લામાંનાં મંદિરોની સ્થળતપાસ', "બુદ્ધિપ્રકાશ", પુ. ૧૨૬, પૃ. ૩૭૫; પ્રવીણચંદ્ર પરીખ, 'તલસ્પર્શ,' પૃ. ૭૭–૮૫
१५. K. F. Sompura, 'Architectural Treatment of the Hathisinha's Temple, Ahmedabad', *Bulletin of the Chunilal Gandhi Vidya Bhavan* nos. 5, 16, 17. pp. 77 ff.
१६. રત્નમણિરાવ ભી. જોટ, 'ગુજરાતનું પાટનગર : અમદાવાદ', પૃ. ૬૬૪
१७–१८ એજન, પૃ. ૬૬૬
१९. એજન, પૃ. ૬૬૫
२०–२१ એજન, પૃ. ૬૬૬
२२. એજન, પૃ. ૬૬૮
२३. ગોવિંદભાઈ હા. દેસાઈ, 'વડોદરા પ્રાંત સર્વસંગ્રહ', પૃ. ૫૯૪
२४. એજન, પૃ. ૫૯૮
२५. Talumati Gupte, *Gaekwad Cenotaphs*, pp. 15-16
२६. ભરૂચ શહેરનાં મંદિરોના પરિચય માટે જુઓ ગણપતરામ હિં. દેસાઈ, 'ભરૂચ શહેરનો ઇતિહાસ', પૃ. ૫૦–૫૬.
२७. એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ (પ્રકાશક), 'સૂરતનાં ઐતિહાસિક સ્થળો', પૃ. ૪૬
२८. એજન, પૃ. ૩૯
२९. નર્મદાશંકર ત્ર્યં. ભટ્ટ, ઉપર્યુક્ત, પૃ. ૨૯૦
३०. એજન, પૃ. ૩૨૭
३१. ગોવિંદભાઈ હા. દેસાઈ, 'કડી પ્રાંતનો સર્વસંગ્રહ', પૃ. ૪૬૭

૩૨. એજન, પૃ. ૪૪૬

૩૩. શત્રુંજય પરનાં આ કાલનાં મંદિરોના પરિચય માટે જુઓ James Burgess, *The Temples of Shatrunjaya-Palitana in Kathiawad* ; દુર્ગાશંકર શાસ્ત્રી, 'ઐતિહાસિક સંશોધન'.

૩૪. કલ્યાણરાય ન. જોષી, 'દ્વારકા-વસઈના પુરાણા અવશેષો', પૃ. ૨૭

૩૫. *District Gazetteer : Kutch*, p. 608

૩૬. *Ibid.*, p. 583

૩૭. સ્વામિનારાયણ સંપ્રદાયનાં મહામંદિરોના પરિચય માટે જુઓ 'શ્રીસ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિગ્રંથ', પૃ. ૨૨૬–૨૬૭.

૩૮. કિરીટ જે. દવે, 'સ્વામિનારાયણ ચિત્રકલા', પ્રકરણ ૨

૩૯. सत्सङ्गिजीवनम्, १/२८/१–१२

૪૦. ५२–२०, श्री हरिचरित्रामृतसागर, तरंग–५९

૪૧. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, 'ભગવાન સ્વામિનારાયણસ્થાપિત નવ મહામંદિરો', "શ્રીસ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિગ્રંથ", પૃ. ૨૬૫–૨૭૦

૪૨. પ્રવીણચંદ્ર પરીખ અને કિરીટ જે. દવે, 'સ્વામિનારાયણ શિલ્પ-સ્થાપત્યકલા,' પ્રકરણ ૨

૪૩. કિશોરલાલ મશરૂવાળા, 'સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય', પૃ. ૭૧–૭૨

૪૪. Robin Boyd, *Church History of Gujarat*, pp. 27–29

૪૫. સ્વનિરીક્ષણ પરથી

૪૬. Robin Boyd, *op–cit*; p. 144

૪૭. *Ibid.*, p. 26

૪૮. *Ibid.*, p. 145

૪૯. *Ibid.*, p. 26

## પ્રકરણ ૧૭

# શિલ્પકૃતિઓ

ગુજરાતની શિલ્પકલાએ મધ્યયુગ સુધી ભારતીય ચિત્રકલાના ઇતિહાસમાં 'પશ્ચિમ ભારતીય શિલ્પકલા શૈલી' તરીકે સલ્તનત કાલથી જે વ્યાપક અને ઉત્કૃષ્ટ સ્વરૂપ જાળવી રાખ્યું હતું તેની કક્ષા સલ્તનત કાલથી ઊતરતી જતી હતી. શિલ્પકલામાં મૂર્તિઓને બદલે મુસ્લિમ રૂપાંકનોએ સ્થાન લીધું હતું. મુઘલ અને મરાઠા કાલ દરમ્યાન સ્થાનિક અને આસપાસના પ્રદેશોનાં પરિબળોના પ્રભાવમાં શિલ્પકલાનો પરિધિ ગુજરાતની પ્રાદેશિક સીમાઓમાં મર્યાદિત બની ગયો હતો. આમ છતાં ગુજરાતની એ પ્રશિષ્ટ શિલ્પકલા આ સમયમાં એક પ્રાદેશિક કલા તરીકે પોતાની આગવી છાપ ઉપસાવી શકી હતી, જેમાં તત્કાલીન સમાજ-જીવન, ધાર્મિક પરંપરા, ઉત્સવો અને રિવાજો, વેશભૂષા અને અલંકારો વગેરે લોકસંસ્કૃતિ અને સમાજનાં જુદાં જુદાં પાસાં અભિવ્યક્ત થતાં જોવા મળે છે. મરાઠી મુઘલ રાજસ્થાની વગેરે અન્ય પ્રાદેશિક તત્ત્વોની અસર પણ એમાં ભળેલી જોવા મળે છે. બ્રિટિશ કાલ દરમ્યાન હવે એમાં પાશ્ચાત્ય અસર પણ ભળવી શરૂ થઈ.

આ કાલનાં શિલ્પોનાં કેટલાંક સામાન્ય લક્ષણ આ પ્રમાણે તારવી શકાય :

(૧) પથ્થર ધાતુ કાષ્ઠ ઉપરાંત ચૂના-રેતીના મિશ્રણમાંથી બીબા વડે ઢાળીને કે કલાકારે હાથથી ઘડેલી શિલ્પકૃતિઓ (stucco sculpture) જોવા મળે છે. આવી શિલ્પકૃતિઓ તૈયાર કરવાની રીત વિશિષ્ટ છે. વચ્ચે આધાર માટે આકૃતિના આકાર મુજબ આડા-ઊભા સળિયા કે તારનું માળખું ગોઠવીને ચૂના-રેતીના મિશ્રણમાંથી આવી શિલ્પકૃતિઓ તૈયાર કરવામાં આવતી. દીવાલ પરની ચૂના-રેતીની છો(પ્લાસ્ટર)માં પણ જુદી જુદી માનવ-આકૃતિઓ કે ચહેરા, ભૌમિતિક આકૃતિઓ, ફૂલ-વેલ વગેરે આકારો ઉપસાવવામાં આવતા.

(૨) પ્રશિષ્ટ અને પરંપરિત શિલ્પોનું અનુકરણ આ સમયની શિલ્પકૃતિઓમાં જોવા મળે છે.

(૩) અન્ય તત્કાલીન મુઘલ મરાઠા તથા રાજસ્થાની કલાની અસર પણ આ સમયની શિલ્પકૃતિઓ પર જોઈ શકાય છે.

(૪) સ્થાનિક લોકકલાનાં તત્ત્વ : ગુજરાત–સૌરાષ્ટ્રની વેશભૂષા, અલંકારો, વાળ ઓળવાની જુદી જુદી રીતો વગેરેની ઊંડી છાપ સ્પષ્ટ નજરે પડે છે.

(૫) તત્કાલીન સામાજિક–ધાર્મિક રીતરિવાજો, સવારીઓ, વાજિંત્રો, લોક-નૃત્યના પ્રકારો વગેરેનું દર્શન પણ આ સમયની શિલ્પકૃતિઓમાં થાય છે.

(૬) સૌથી મહત્ત્વની બાબત છે ગુજરાતની કલા પર પડેલી યુરોપીય કે ભારત–યુરોપીય કે વિક્ટોરિયન કલાની અસરોથી ગુજરાતનાં અનેક મંદિરો, મહેલો–હવેલીઓ, નાના–મોટાં મકાનો વગેરેનાં સ્થાપત્યો અને શોભન–શિલ્પો ઓતપ્રોત થયેલાં જણાય છે. સામાન્ય રીતે મકાનોના બાંધકામમાં ઈંટ–ચૂનાનો ઉપયોગ વધ્યો હોઈ એમાંથી ઉપર જણાવ્યા મુજબ 'સ્ટકો' શિલ્પો તૈયાર કરીને ક્યારેક સામાન્ય મકાનોને પણ અલંકૃત કરવામાં આવતાં. મકાનમાં પ્રવેશદ્વારની કમાનો, સ્તંભો, ઝરૂખા, અગાસીની હર્મિકા(railing કે પૅરપિટ) વગેરે ભાગો આ રીતે સુંદર શિલ્પો કે અર્ધશિલ્પોથી સુશોભિત કરવામાં આવતાં. આવાં શિલ્પોથી સુશોભિત અનેક મકાન આજે પણ ગુજરાતનાં ગામો અને નગરોમાં જોવા મળે છે. મોટા ભાગનાં આ શિલ્પ વિક્ટોરિયન કલા–શૈલીનાં હોવાનું જોવા મળે છે. વ્યક્તિના ચહેરા, શરીરનાં અંગ, વેશભૂષા, અલંકારો, વાળ ઓળવાની રીત, હથિયારો, વાજિંત્રો વગેરે સ્પષ્ટતઃ વિદેશી ઢબનાં જોવા મળે છે. પથ્થર અને કાષ્ઠની શિલ્પકૃતિઓ પણ વિક્ટોરિયન કલાની અસરથી યુક્ત જણાય છે.

(૭) કલાતત્ત્વની દૃષ્ટિએ આ સમયની શિલ્પકૃતિઓને મૂલવીએ તો જણાય છે કે મુઘલ અને મરાઠા કાલમાં શિલ્પોની કક્ષા જે ઘણી નીચે ઊતરી જઈ બલહીન અને સૌંદર્યવિહીન બની ગઈ હતી તેનો આ કાલમાં ફરીથી ઉત્કર્ષ થતો દૃષ્ટિગોચર થાય છે. આકૃતિઓ સપ્રમાણ અને સૌંદર્યયુક્ત જોવા મળે છે. કલાનાં આધુનિક તત્ત્વોનો આવિષ્કાર થતાં કલાકૃતિઓ વધુ વાસ્તવિક અને જીવંત બનતી જોવા મળે છે. માનવ–આકૃતિઓ કે પશુ–પક્ષીઓનાં શિલ્પોમાં આંખો, શરીરનાં અંગો વગેરે વધુ આબેહૂબ કુદરતી અને માંસલ થવા લાગ્યાં છે. યુરોપીય કલાની અસરનું એ પરિણામ છે.

બ્રિટિશ કાલ દરમ્યાન દુનિયાના દેશો અને પ્રજાઓ વચ્ચેનાં અંતર ઘણાં ઘટી ગયાં અને સંપર્કો પણ ઘણા વધી ગયા, જેથી એની વચ્ચેના સાંસ્કૃતિક અને કલાના વિનિમય વધુ ઝડપી અને સરળ બન્યા, આથી આ સમયની શિલ્પ-કૃતિઓ પર સ્થાનિક તત્ત્વો ઉપરાંત અન્ય પ્રાદેશિક અને વિદેશી કલાતત્ત્વોની મિશ્રિત અસરો પણ જોઈ શકાય છે. બીજા અર્થમાં કહીએ તો ભારતમાં ભાષા સાહિત્ય અને કલાના પુનરુત્થાનનો તથા આધુનિકી-કરણનો આ યુગ હતો. આ

સમયની કેટલીક શિલ્પકૃતિઓના નમૂનાઓની ચર્ચા (ચિત્ર સાથે) અહીં પ્રસ્તુત કરી છે.

વૉટ્સન સંગ્રહાલય, રાજકોટમાં પ્રદર્શિત કરેલું મહારાણી વિક્ટોરિયાનું શ્વેત આરસમાંથી કંડારેલું શિલ્પ શુદ્ધ યુરોપીય કે વિક્ટોરિયન કલાનો નમૂનો છે. ઇંગ્લૅન્ડની આ મહારાણીના શાસનના પ્રારંભથી બ્રિટનમાં અને બ્રિટિશ તાજ નીચેના ભારત સહિતના દેશોમાં આધુનિક અંગ્રેજી શાસનનો પ્રારંભ થયો. સાહિત્ય અને કલાના ક્ષેત્રે પણ વિક્ટોરિયન કલાશૈલીના યુગ તરીકે આ સમય ઓળખાયો. વિક્ટોરિયાના આ શિલ્પમાં ચહેરા પરના હાવભાવ, વાસ્તવિક આંખો, રાજસી અંગ્રેજી પોશાક વગેરે મહારાણીની જાજરમાન પ્રતિભાની ઝાંખી કરાવી જાય છે. વિક્ટોરિયાનું આવું જ ઉત્તમ શિલ્પ અમદાવાદના રાણીબાગમાં ગોઠવેલું હતું, પરંતુ થોડાં વર્ષો પહેલાં એના ચહેરાને કોઈ કલાવિધ્વંસકે વિકૃત કરી દેતાં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને એને અન્યત્ર ખસેડેલ છે.

અમદાવાદમાં હઠીસિંગનાં જૈન મંદિર આ સમયની શિલ્પ-સ્થાપત્ય કલાના ઉત્તમ નમૂનારૂપે છે. એના મુખ્ય મંદિરની ઉત્તર દિશા તરફની પ્રવેશચોકીનો શિલ્પખચિત ભાગ અહીં રજૂ કર્યો છે (આ. ૨૩). આ યુગની શિલ્પકલા પર સ્થાનિક કે વિદેશી કલાની અસર પડી હોવા છતાં ગુજરાતની પ્રાચીન પ્રશિષ્ટ અને પરંપરિત કલાને પણ કલાકારોએ સાચવી રાખી હતી, જેનાં હઠીસિંગનાં મંદિરોનાં શોભન-શિલ્પ ઉત્તમ ઉદાહરણ છે. મંદિરનાં મંડોવર, પ્રવેશચોકીઓ, પ્રથમ મજલાના ઝરૂખા, સ્તંભો વગેરેને વિવિધ ભાવભંગિમાવાળી વાદ્યધારિણીઓ, યક્ષો કિન્નરો દિક્પાલો પક્ષીઓ વગેરેનાં અનેક પ્રકારનાં શિલ્પોથી સુશોભિત કરવામાં આવેલાં છે. કલાકારોએ પ્રાચીન શિલ્પકૃતિઓનું અનુકરણ કર્યું હોવા છતાં માનવ-આકૃતિઓમાં અંગોનું પ્રમાણ બરાબર જાળવી શકાયું નથી; જેમ કે વાદ્યધારિણીઓના પગ વધુ પડતા લાંબા જોવા મળે છે. એમના હાથમાંનાં વાજિંત્ર તત્કાલીન લોકવાદ્યોના નમૂના છે. અહીં પ્રસ્તુત કરેલા શૃંગારચોકીના વિવિધ ભાગો પર જુદાં જુદાં શિલ્પ જોઈ શકાય છે તેમાં દેખાતી જુદી જુદી ભૌમિતિક આકૃતિઓ અને ફૂલવેલની ભાતોથી યુક્ત જાળીઓ મુઘલ કલાની અસરથી યુક્ત જણાય છે.

હઠીસિંગના જૈન મંદિરના એક સ્તંભ પરનું દ્વારપાલિકાનું અર્ધશિલ્પ અહીં રજૂ કર્યું છે (આ. ૨૪). હાથમાં અંકુશ ગદા કમંડળ દંડ વગેરે આયુધો ધારણ કરેલાં છે. નીચે હાથીનું શિલ્પ કંડારેલું છે. સ્તંભ પર ગોઠવેલાં શિલ્પો કરતાં આ અર્ધશિલ્પોનું કંડારકામ કંઈક ઊતરતી કક્ષાનું છે. મંદિરના મંડપના સ્તંભ આ રીતે દ્વારપાલ દેવો વ્યાલ ભૌમિતિક ભાતો વગેરેથી અલંકૃત કરેલા છે.

આ સમયની કલાને ઉત્તમ રીતે જાળવી રાખતાં મંદિરોમાં ઈ.સ. ૧૮૨૦ થી ૧૮૩૦ ના ગાળામાં બંધાયેલાં સ્વામિનારાયણમંદિરો શિલ્પ–સ્થાપત્ય કલાની અને કાષ્ઠ–સ્થાપત્યકલાની દષ્ટિએ બહુ મહત્ત્વનાં છે. આ ભવ્ય મંદિરોમાં સ્વામી સહજાનંદે શ્રીકૃષ્ણનાં વિભિન્ન સ્વરૂપોની મૂર્તિઓ સ્થાપી.

સંપ્રદાયના સાહિત્યનો અભ્યાસ કરતાં જણાય છે કે આ મંદિરોની મૂર્તિઓ ડુંગરપુર(રાજસ્થાન)માં તૈયાર કરાવવામાં આવતી હતી, જ્યારે મંદિરનું બાંધકામ અને એનાં શોભન=શિલ્પ ગુજરાતના સ્થાનિક શિલ્પીઓએ તૈયાર કર્યાં હતાં. ચિત્ર (આ. ૨૫) જોતાં જણાશે કે કાષ્ઠકલાની ઉત્તમ કોતરણીવાળા સિંહાસન પર મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરવામાં આવેલી છે. સિંહાસનોની કોતરણીને સોના–ચાંદીનાં પતરાંથી મઢવામાં આવે છે. સંપ્રદાયનાં મંદિરોની સેવ્ય પ્રતિમાઓનું કંડારકામ ચારે તરફથી એવી રીતે કરવામાં આવ્યું છે કે જેથી દેવને વસ્ત્રાલંકારો વ્યવસ્થિત રીતે પહેરાવી શકાય. અમદાવાદના કાળુપુરના સ્વામિનારાયણમંદિરની શ્રીનર-નારાયણદેવની પાષાણ–પ્રતિમા તથા શ્રીઘનશ્યામ મહારાજની માનવકદથી પણ મોટી પ્રતિમા તેમજ ગઢડાના સ્વામિનારાયણમંદિરની શ્રીગોપીનાથજીની અને રાધિકાજીની મૂર્તિઓ ભાવવાહી અને કલાના ઉત્કૃષ્ટ નમૂનારૂપ છે.

ધોળકાના સ્વામિનારાયણમંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલી શિવ–પાર્વતી-ની પ્રતિમાનું ચિત્ર અહીં રજૂ કર્યું છે (આ. ૨૬). અર્ધપર્યંકાસનમાં બિરાજેલા શિવના ખોળામાં બેઠેલાં પાર્વતીનું લઘુશિલ્પ આરસમાં ઘડવામાં આવેલું છે. લાંબી આંકડાવાળી મૂછોમાં શિવનું વ્યક્તિત્વ કોઈ કાઠી દરબાર જેવું ઊપસી આવ્યું છે. પાછળ ભૂમિકામાં મોટા પર્ણાંકનોવાળી વિક્ટોરિયન ઢબની ફૂલવેલ કંડારેલી જોવા મળે છે.

ધોલેરા (જિ. અમદાવાદ)ના સ્વામિનારાયણમંદિરના પ્રાંગણમાં શ્રીજીમહારાજ-ના ચરણોની મોટી છત્રી આવેલી છે એની પ્રવેશચોકીના બંને તરફના ઓટલા પર બે મદમસ્ત હાથીઓનાં અર્ધશિલ્પ કંડારેલાં છે. અહીં પ્રસ્તુત ચિત્રમાં હાથીની અંબાડી પર અંગ્રેજ કે ફિરંગી અફસર અને એનો ચાકર બેઠેલા જણાય છે. મહાવતના વાળ પણ વિદેશી ઢબે ઓળેલા છે (આ. ૨૭).

સ્વામિનારાયણમંદિર, અમદાવાદના મંડપના ઘુંમટના સ્તંભો પર સુંદર વાદ્યધારિણીઓનાં શિલ્પ ગોઠવેલાં છે તેમાંથી બે શિલ્પોનાં ચિત્ર અહીં પ્રસ્તુત કર્યાં છે. મૃદંગ બજાવતી વાદ્યધારિણીની આબેહૂબ આંખો, સપ્રમાણ દેહયષ્ટિ, વલયાકાર કુંડલ, સ્તનપ્રદેશ સુધીની અર્ધી બાંયવાળી ચોળી, કટિમેખલા વગેરે ખૂબ જ આકર્ષક

છે (આ. ૨૮). બીજી વાદ્યધારિણી હાથમાં ઢોલ લઈને નૃત્યની ગતિમાં ફરતી જણાય છે તેના માથા પરની મરાઠી ઢબની પાઘ, ચોળી, સાડીનો કચ્છ વગેરે મરાઠી નૃત્યાંગનાનો ખ્યાલ આપે છે (ચિત્ર ૨૯.).

સ્વામિનારાયણમંદિર, અમદાવાદનું શિલ્પખચિત ભવ્ય પ્રવેશદ્વાર પણ આ સમયની શિલ્પ-સ્થાપત્યકલાનો શ્રેષ્ઠ નમૂનો છે. એના પરનાં વિવિધ શિલ્પ સ્થાનિક મરાઠી અને રાજસ્થાની લોકકલાને અને લોકવેશને અભિવ્યક્ત કરે છે. એના અર્ધસ્તંભોનું કંડારકામ પણ કોરિન્થિયન પ્રકારનું છે. આ દરવાજા પરનાં મરાઠી વેશભૂષા ધરાવતા બંને દ્વારપાલોનાં શિલ્પોનું ચિત્ર રજૂ કર્યું છે. એક હાથમાં તલવાર અને બીજા હાથમાં બંદૂક, માથે મરાઠી ઢબની ચકરી પાઘ, નીચે સુંદર ભાતવાળાં સુરવાલ અને અચકન, સાદા અલંકારો વગેરે એની બહાદુર સૈનિક તરીકેની પ્રતિભાની પ્રતીતિ કરાવે છે (આ. ૩૦).

આવો જ કલાત્મક અને ભવ્ય દરવાજો સુરતના સ્વામિનારાયણમંદિરનો છે. એના પર કંડારેલું વિષ્ણુનું શિલ્પ (આ. ૩૧) ખાસ નોંધપાત્ર છે. મસ્તક પર મુકુટને બદલે આંટાવાળી કલાત્મક પાઘ, કસવાળો લાંબો કોટ, કમર પર ફાળિયાનો કમરબંધ, દુપટ્ટો, ભરાવદાર અણીવાળી મૂછો વગેરેને લઈને વિષ્ણુ ગુજરાતના કોઈ વણિક શ્રેષ્ઠી જેવા લાગે છે. હાથમાં ઘૂઘરા જેવાં ગદા અને ચક્ર તથા નાળિયેરની જેમ પકડેલાં શંખ અને પદ્મ પણ દર્શનીય છે. સમગ્ર દરવાજા પરની ફૂલવેલની ભાત, વિક્ટોરિયન શૈલીનાં સ્તંભો કમાનો વગેરે ગુજરાતની કલા પર પડેલી બ્રિટિશ કલાની ઝાંખી કરાવી જાય છે. ગઢડાના સ્વામિનારાયણમંદિરનો મુખ્ય દરવાજો પણ આવો જ ભવ્ય અને વિવિધ શૈલીઓના સંયોજનથી યુક્ત છે.

જૂનાગઢ જિલ્લાના ગુપ્તપ્રયાગમાં આવેલી મહાપ્રભુજીની બેઠકની હવેલીના પ્રાંગણનું મુખ્ય પ્રવેશદ્વાર પણ હિંદુ મંદિરોનાં ઇલ્લિકા તોરણ, મુઘલ કમાન, ગોથિક સ્તંભો, મરાઠી-ગુજરાતી વેશભૂષાવાળાં સ્ત્રીપુરુષોની આકૃતિઓ, મુઘલ ફૂલવેલની ભાત વગેરે કલાઓના સંયોજનથી સુશોભિત છે (આ. ૩૨).

સુરેંદ્રનગર જિલ્લાના દૂધરેજ ગામમાં રામાવત વૈષ્ણવ સંપ્રદાયનું શ્રીવટપતિ ભગવાન(વડવાળા)નું પ્રસિદ્ધ મંદિર આવેલું છે, જે ગુજરાતની રબારી કોમનું તીર્થસ્થાન છે. એમના આદ્યદેવ ભગવાન શ્રીરામચંદ્રજી છે. આ મંદિર ભારત-યુરોપીય કલાનો અજોડ નમૂનો છે. ધ્રાંગધ્રાના સોમપુરા શ્રી લીલાધરે એ બાંધ્યું હતું. મંદિરનું સ્થાપત્ય અને એનાં સુશોભન શિલ્પ પરંપરાગત હિંદુ શિલ્પ-સ્થાપત્યકલાનાં પરિચાયક હોવા છતાં એના સ્તંભ વિવિધ જાતની વિક્ટોરિયન કલાના નમૂનારૂપ છે. મંદિરની ત્રણેય પ્રવેશચોકીઓ પર ઓટલાની બંને તરફ મૂકેલ

સિંહ વૃષભ અને હાથીનાં શિલ્પ એની વાસ્તવિકતામાં ગ્રીકો-રોમન શિલ્પોનો ભાસ કરાવી જાય છે. હાથીએ સૂંઢમાં પકડેલા અને પગ નીચે દબાવેલા બે પુરુષ યોદ્ધાનાં માંસલ શરીરમાં એમના વાંકડિયા વાળ વગેરે કોઈ રોમન યોદ્ધાની યાદ આપી જાય છે; એની સૂંઢમાં અને પગ નીચે દબાવેલા વાઘનું શિલ્પ પણ જીવંત અને આબેહૂબ લાગે છે (આ. ૩૩). મંદિરના ઉત્તર દિશા તરફના એક ઉરુશૃંગ પાસે ઘોડી પર હાથ ટેકવીને પગ પર પગ ચડાવેલી પલાંઠીમાં દાઢી અને જટાધારી નાગાબાવાનું શિલ્પ ગોઠવેલું છે તેની માંસલ દેહયષ્ટિ પણ રોમન આકૃતિ જેવી જણાય છે. ખાસ ઉલ્લેખનીય છે તે મંદિરની મુખ્ય પ્રવેશચોકીના સ્તંભોના ભાગરૂપે ગોઠવેલા બે નાગાબાવાઓનાં દ્વારપાલ-શિલ્પ. લાંબી, ઊભી રેખામાં ઓળેલી કાળી-સફેદ દાઢી, મોટા ડોળાવાળી વાસ્તવદર્શી આંખો, ઢીંચણથી નીચે સુધી લટકતી જટાની બે લટ, એક હાથમાં કોતરણીવાળી છડી અને બીજા હાથમાં ચામર વગેરે એની વિકરાળતામાં વધારો કરે છે, પરંતુ દ્વારપાલ બાવાઓનાં આ શિલ્પો(આ.-૩૪)માં વધુ ધ્યાન ખેંચે તેવી બાબત છે તે પાછળ માથાથી પગના પંજા સુધી લટકતો, ગૂંથેલો અને લટોનો બનેલો એમનો લાંબો જટાજૂટ અને એમના લિંગને ઢાંકતો સાંકળની કડીઓથી ગૂંથેલો ખાસ પ્રકારનો બનેલો લંગોટ. ઈ. સ. પૂર્વે પાંચમી સદીમાં બંધાયેલા ગ્રીસના ડેલ્ફીના એપોલો-મંદિરની પ્રવેશચોકીની વચ્ચેના બે સ્તંભો પર આવાં જ વિશાળકાય સ્તંભશિલ્પ જોવા મળે છે.

પાળિયાદ (તા. લીંબડી, જિ. સુરેંદ્રનગર) ગામના એક મંદિરમાં વાયુદેવનું એક છૂટું શિલ્પ પડેલું છે. વાંકી આંકડા ચડાવેલી મૂછોવાળા વાયુદેવ એમના વાહન બકરા પર લલિતાસનમાં બેઠેલા છે. એમણે પોતાના ચાર હાથમાં ગદા કમળદંડ માળા તથા કમંડળ ધારણ કરેલ છે. શિલ્પનું કંડારકામ લોકકલાના નમૂનારૂપ છે (આ. ૩૫).

ચંડીસર (તા. દસક્રોઈ, જિ. અમદાવાદ) ગામમાં બ્રહ્માણીના ટેકરામાંથી બ્રહ્માણી દેવીની મૂર્તિ મળી આવી છે. દેવીએ કમર પર ધોતી, ગળામાં મોતીનો હાર, હાથમાં કમળ શંખ કમંડળ અને છૂરિકા (?) વગેરે આયુધ ધારણ કરેલાં છે. આ મૂર્તિનું કંડારકામ પણ પ્રમાણસર નથી. કોઈ ગામઠી કલાકારે બનાવેલો એ લોકકલાનો એક નમૂનો (આ. ૩૬) હોવાનું જણાય છે.

રાજુલા(જિ. અમરેલી)ના મૂળનાથ મહાદેવમાં ચતુર્ભુજ કુબેરનું એક વિશિષ્ટ પ્રકારનું શિલ્પ પડેલું છે. ગુજરાતના કોઈ વણિક શ્રેષ્ઠી જેવા પહેરવેશમાં માથે ચકરી પાઘડી, ઝબ્બો, ધોતી, બંને ખભા પર લટકતો કિનારીવાળો ખેસ, ટૂંકી મૂછો વગેરે વાળું આ શિલ્પ કંડારેલું છે. એમણે નીચેના બે હાથમાં કમંડળ અને કલમ

તથા ઉપરના બે હાથમાં માથા પર ઊંચે પકડેલી પરંપરાગત ધનની કોથળી વગેરે ધારણ કરેલાં છે. એમની બાજુમાં ખાનાવાળી તિજોરી–પેટી પણ પડેલી છે. આમ ધનપતિ કુબેરદેવને લોકોના ધનપતિ વણિક શેઠના રૂપમાં અહીં કલાકારે રજૂ કર્યા છે (આ. ૧૭).

ખ્રિસ્તીધર્મી લોકોનાં કબરસ્તાનોમાં પોતાનાં દિવંગત પ્રિયજનોને દફનાવ્યા પછી એમની પુણ્યસ્મૃતિમાં કલાત્મક કબરો અને નાની મોટી વ્યક્તિને અનુરૂપ સુંદર શિલ્પો કંડારવાની પ્રથા પણ જોવા મળે છે. ગુજરાતનાં જૂનાં કબ્રસ્તાનોનું સર્વેક્ષણ કરતાં આવી અનેક કલાત્મક કબરો અને શિલ્પ જોવા મળ્યાં. આ દૃષ્ટિએ અમદાવાદના કૅમ્પ વિસ્તારમાં આવેલું પ્રોટેસ્ટન્ટ ખ્રિસ્તીઓનું કબ્રસ્તાન સૌથી જૂનું અને કલાત્મક કબરો અને શિલ્પોથી છવાયેલું છે. નાના બાળકથી માંડી મોટી વ્યક્તિઓની કબરો પરનાં શિલ્પો અને એમની સ્મૃતિમાં લખાયેલાં ઉપદેશાત્મક અને શ્રદ્ધાંજલિયુક્ત વાક્ય આપણને માનવજીવનની ક્ષણભંગુરતાની અનુભૂતિ કરાવી જાય છે અને સંસારની દુન્યવી ચીજોથી દૂર ઈશ્વરના સામ્રાજ્યની નજીક લઈ જાય છે. આવી કબરો પરનાં શ્વેત આરસમાં કંડારેલાં બે શિલ્પ, હાથમાં વલયાકાર ફૂલમાળા ધારણ કરી, ઘૂંટણ પર બેસી નત મસ્તકે શ્રદ્ધાંજલિ અર્પણ કરતા વાંકડિયા વાળવાળા બાળકનું શિલ્પ તથા દિવ્ય આત્માને સ્વર્ગમાં લઈ જવાને જાણે કે આગમન થયું હોય તેવી શ્વેત વસ્ત્રો ધારણ કરીને કલાત્મક ક્રૉસ પાસે ઊભેલી પરીનું શિલ્પ કેવાં જીવંત અને વાસ્તવિક લાગે છે! બંને શિલ્પકૃતિઓમાં વાળ અને પહેરવેશ તથા ચહેરા સંપૂર્ણપણે યુરોપીય ઢબના લાગે છે. યુરોપીય કલાના આ અહીં વાળના વિશિષ્ટ નમૂના છે (આ. ૩૮–૩૯).

મકાનોના સુશોભન માટે રેતી–ચૂના કે રેતી–સિમેન્ટના મિશ્રણમાંથી બનાવેલાં કે ઉપસાવેલાં સ્ટકો શિલ્પોના પણ કેટલાક નમૂના અહીં પ્રસ્તુત કર્યા છે. સત્તરમી સદી સુધી માત્ર મંદિરોને જ આવી શિલ્પકૃતિઓથી અલંકૃત કરવામાં આવતાં, પરંતુ બ્રિટિશ કાલ દરમ્યાન લોકોના નાના-મોટા આવાસો, હવેલીઓ મહેલો વગેરેને પણ આવી શિલ્પકૃતિઓથી સુશોભિત કરવાની પ્રથા જોવા મળે છે. આ શિલ્પકૃતિઓનું વિષયવસ્તુ મુખ્યત્વે સામાજિક અને પૌરાણિક રહ્યું છે; જેમકે કૃષ્ણ અને ગોપીઓ, વાજિંત્રો વગાડતી અને ફૂલમાલા ધારણ કરીને ઊભેલી સુંદર લલનાઓ વગેરે. એમનાં ચહેરા-મહોરા, દેહયષ્ટિ, વાળની છટા, વગેરે ભારત–યુરોપીય કલાનો પરિચય કરાવી જાય છે.

અમદાવાદના આસ્ટોડિયા ચકલામાં આવેલી ઢાળની પોળમાં એક મકાનની અગાસીની પેરાપિટ પર ગોઠવેલાં કેટલાંક શિલ્પોમાંથી એક સુંદર યુવતિનું શિલ્પ

(આ. ૪૦) અહીં રજૂ કર્યું છે. વાંકડિયા વાળની છટા, ફ્રોકની સુંદર ભાત, આંખો અને ચહેરાનું વાસ્તવદર્શી કંડારકામ વગેરે કોઈ અંગ્રેજ કન્યાનો ખ્યાલ આપે છે. ત્યાં જ આવેલા એક મકાનમાં છોમાં કોતરીને ઉપસાવેલા નાના બાળકનું સુંદર શિલ્પ પણ ચિત્તાકર્ષક છે. વાંકડિયા વાળની લટો ઉપર મોટી હેટ, વિદેશી ઢબે સીવેલ ફૂલ અને ઝાલરવાળું કલાત્મક ફ્રોક, નિર્દોષ ભાવમુદ્રામાં ઘડેલો ચહેરો વગેરે ખાસ ઉલ્લેખનીય છે (આ. ૪૧).

અમદાવાદના કાળુપુર વિસ્તારની ધનાસુથારની પોળમાં આવેલા એક જૈન ઉપાશ્રયના મકાનનું પ્રવેશદ્વાર બે સુંદર વિદેશી વાદ્યધારિણીઓનાં શિલ્પોથી સુશોભિત છે. મોટા કદના ચહેરામાં ઝીણી આંખો, ખભા સુધી પહોંચતા કલાત્મક રીતે ઓળેલા વાળ, જાંઘ સુધી કલાત્મક રીતે લપેટેલું વસ્ત્ર, પગનાં મોજાં, પ્રમાણસર ઉપસાવેલી લાલિત્યપૂર્ણ દેહદષ્ટિ અને હાથમાં ધારણ કરેલું વિદેશી તંતુવાદ્ય વગેરે યુરોપીય ઢબનાં જણાય છે (આ. ૪૨).

અમદાવાદમાં માણેકચોકમાં નાની શાકમાર્કેટ સામે પશ્ચિમે આવેલું 'કેશવ ભવન' આ પ્રકારની અનેક સ્ટકો શિલ્પકૃતિઓથી અલંકૃત થયેલું છે. વિદેશી વસ્ત્રપરિધાનમાં ઊભેલી અને બેઠેલી સ્નાન કરતી સુંદરીઓ તથા સ્વાગતિકાઓનાં અનેક શિલ્પોથી અલંકૃત ઝરૂખાનું પ્રવેશદ્વાર પણ કલાત્મક વિદેશી ભાતોથી સુશોભિત છે. ચાર મજલાના આ મકાનની બહારની દીવાલો, ઝરૂખા, અગાસી વગેરે કલાત્મક રીતે સ્ટકો શિલ્પો અને કાષ્ઠશિલ્પોથી મઢી દીધેલાં છે. ભારત-યુરોપીય સ્થાપત્ય અને શિલ્પકલાના એક નમૂના તરીકે આ મકાનનું ઘણું મહત્ત્વ છે (આ. ૪૩).

અમદાવાદના કાળુપુર વિસ્તારની હજીરાની પોળ સામે રસ્તા પર આવેલા ત્રણ મજલાના મકાનની અગાસીની પૅરાપિટ કલાત્મક અંગ્રેજી ભાતની કમાનથી સુશોભિત છે. કમાનની ટોચ પર મુરલી ધારણ કરી બેઠેલા શ્રીકૃષ્ણ, નીચે કમાનની બંને બાજુ બેઠેલી વાદ્ય વગાડતી ગોપીઓ તથા બીજાં પણ અનેક શિલ્પ એમનાં ચહેરા, વસ્ત્રપરિધાનની રીત અને બેસવાની છટાને કારણે યુરોપીય ભૂમિ પર પેદા થયેલ કોઈ કાનગોપીઓનો પરિચય કરાવી જાય છે (આ. ૪૪).

અમદાવાદમાં સારંગપુર વિસ્તારમાં આવેલી સરકીવાડની પોળમાં એક આવા ભારત-યુરોપીય શિલ્પ-સ્થાપત્યથી સુશોભિત થયેલું મકાન છે. એનાં કોરિન્થિયન ભાતવાળી શિરાવટીઓથી યુક્ત સ્તંભો અને કમાનો, હાથમાં ફૂલમાળા ધારણ કરી સ્વાગત કરવા ઊડતા ગાંધર્વો તેમજ વિદેશી માતા અને બાળકનું શિલ્પ ઉલ્લેખનીય છે (આ. ૪૫).

અમદાવાદમાં શાહીબાગ વિસ્તારમાં આવેલો વીસમી સદીના પ્રથમ દસકામાં બંધાવેલો શ્રી ચીનુભાઈ બૅરોનેટનો 'શાંતિકુંજ' નામનો બંગલો વિક્ટોરિયન યુગની શિલ્પ-સ્થાપત્ય કલાનો અજોડ નમૂનો છે. બંગલાનું સંમુખદર્શન, અંદરના ડૉરિક-કોરિન્થિયન શૈલીના વિવિધ ભાતના ઊંચા ગોળાકાર સ્તંભ, યુરોપીય ઢબની કમાનો, વિદેશી ચહેરામહોરાંવાળાં શિલ્પ એની ભવ્યતા અને સુંદરતામાં વધારો કરે છે (આ. ૪૬).

આ સિવાય ગુજરાતમાં દેશી રાજાઓના આ સમયમાં બંધાયેલા કેટલાક મહેલોનું સ્થાપત્ય અને એનાં શોભન-શિલ્પ પણ ભારત-યુરોપીય કલાનાં ઉત્તમ ઉદાહરણ પૂરાં પાડે છે. એમાં વડોદરા રાજ્યનો લક્ષ્મીવિલાસ મહેલ, ભૂજનો વિજય-વિલાસ મહેલ તેમજ ડચ-આકૃતિઓથી અલંકૃત માંડવી(કચ્છ)નો મહેલ, મોરબીનો વાઘજી મહેલ, વાંકાનેરનો રણજિતવિલાસ મહેલ તથા જામનગરનો મહેલ વગેરે આ દૃષ્ટિએ ખાસ ઉલ્લેખનીય છે. એના ગૉથિક-કોરિન્થિયન શૈલીના ઊભી રેખાવાળા ગોળ સ્તંભ, એના જુદા જુદા સ્થાપત્યકીય ભાગો પર ગોઠવેલા વિદેશી ચહેરા અને વેશભૂષાવાળાં નાનાં-મોટાં શિલ્પ, એના પ્રાંગણના કલાત્મક ફુવારા, મહેલોના દીવાનખંડ શયનખંડ વગેરેમાં ભારતીય, ભારત-યુરોપીય અને યુરોપીય કલાના નમૂનારૂપ મનોહર નરનારીઓનાં શિલ્પ આ મહેલોની ભવ્યતા સમૃદ્ધિ અને સુંદરતામાં વધારો કરે છે.

મુંદ્રા(કચ્છ)નો નવલખો મહેલ એની કાષ્ઠ-કલાકારીગરી માટે પ્રસિદ્ધ છે. એના એક કલાત્મક સ્તંભ અને શિરાવટીનું ચિત્ર અહીં પ્રસ્તુત કર્યું છે. મોભને ટકવી રાખતા અને શિરાવટીના અલંકાર-પ્રચુર વિવિધ ભાગો-ભરણી કુંભી ફાલના નિર્વ્યૂહ, મદલ વગેરે-થી સુશોભિત સ્તંભનું સમગ્ર કંડારકામ કમનીય છે. સ્તંભની શોભા બંને બાજુ નીકળતી ફાલનાઓથી વધતી જણાય છે. ફાલનાઓનું તળિયું તેમજ પડખાં પણ સમૃદ્ધ ફૂલ-વેલથી કંડારેલાં છે. મયૂરની ડોક જેવાં મદલ અને ડોક નીચે લટકાવેલી ઘંટાકાર તુંડિકાઓ એની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. સ્તંભની શિરાવટીના વિવિધ ભાગો અને મદલોની રચનામાં ગુજરાતના કાષ્ઠકલાકારીગરો પોતાના સમગ્ર કલાકૌશલને ઠાલવી દેતા એનું આ ઉત્તમ ઉદાહરણ છે (આ. ૪૭).

સ્વામિનારાયણમંદિર, ધોળકાના પ્રાંગણમાં આવેલી હવેલીની પડાળી અને સભામંડપના સ્તંભો પરનાં મદલ-શિલ્પ વિવિધ પ્રકારની વ્યાલ આકૃતિઓ, ફૂલ-વેલની ભાતો, સુરસુંદરીઓ તથા માનવ-આકૃતિઓથી સુશોભિત છે. અહીં મરાઠી લેબાસમાં સજ્જ એવા દ્વારપાલના મદલ-શિલ્પને રજૂ કર્યું છે. એનું સપ્રમાણ દેહસૌષ્ઠવ વાસ્તવદર્શી આંખો તથા વેશભૂષાને અનુરૂપ મદલનું રંગકામ

વગેરે નોંધપાત્ર છે. સ્તંભની શિરાવટી, એની ફાલનાઓ, ઉપરની છત વગેરે પણ નાની-મોટી આકૃતિઓ અને ભૌમિતિક ભાતોથી સુશોભિત દેખાય છે (આ. ૪૮).

આ સમયનાં મકાનોનાં પ્રવેશદ્વાર પણ વિદેશી અર્ધશિલ્પકૃતિઓ અને વિદેશી ફૂલ-વેલની ભાતોથી સુશોભિત કરવામાં આવતાં. અહીં અમદાવાદની ઢાળની પોળના એક મકાનનું આવું કલાત્મક કાષ્ઠકોતરણીથી યુક્ત બે બારણાંવાળું પ્રવેશદ્વાર તથા ધનાસુથારની પોળના એક મકાનના પ્રવેશદ્વારના ઓત્તરંગનો કોતરણીવાળો ભાગ ચિત્રો દ્વારા પ્રસ્તુત કર્યો છે. વિક્ટોરિયન શૈલીની સ્ત્રી-આકૃતિઓનાં શિલ્પો અને અર્ધશિલ્પો તથા વિલાયતી ફૂલ-વેલની ભાતોથી આ પ્રવેશદ્વારો અને એની દ્વારશાખ સુશોભિત છે. આવાં કલાત્મક પ્રવેશદ્વારોથી યુક્ત મકાન ગુજરાતનાં ગામો અને નગરોમાં ઠેર ઠેર આવેલાં છે. ઘરનાં કબાટ ટેબલ ખુરશીઓ વગેરે રાચરચીલાં પણ આવી વિદેશી ભાતો અને સંરચનાઓથી સુશોભિત કરવામાં આવતાં.

ઘરમાં ઉપયોગમાં લેવાતાં લાકડાંનાં અન્ય રાચરચીલાં–પટારા, મજબૂત મંજૂષા–(પેટી), પાણિયારાં, ઘંટીનાં થાળાં, ડામચિયા પલંગ કબાટ વગેરે પણ વિદેશી ભાતોવાળી અને ગુજરાતની પરંપરાગત ભાતોવાળી કોતરણીથી સુશોભિત કરવામાં આવતાં. અહીં જુદા જુદા ચોરસમાં વિવિધ ભૌમિતિક અને ફૂલપત્તીની ભાતોની કલાત્મક કોતરણીવાળા મજૂસનું ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે તેની નાની પદલીઓ અને ટોડલીઓ તથા પાયા પણ સુંદર રીતે કોતરેલાં છે. મજૂસનો ઉપયોગ ઘરની નાની-મોટી ઘરવખરી તેમ ઘી દૂધ ગોળ ખાંડ વગેરે સાચવવા માટે કરવામાં આવતો. ઉપરના ભાગમાં રોજબરોજના વપરાશનાં ગાદલાં–રજાઈઓ–ઓશિકાં ગોઠવી એનો ડામચિયા તરીકે ઉપયોગ કરવામાં આવતો (આ. ૪૯).

મકાનના વિવિધ સ્થાપત્યકીય ભાગોમાં બારીઓનું સ્થાન ઘણું અગત્યનું હોઈ એને પણ અંદર અને બહારથી ઉત્તમ પ્રકારની કોતરણીથી સજાવવામાં આવતી. હવા અને પ્રકાશના આયોજનનો બારીની રચનામાં ખ્યાલ રાખવામાં આવતો. અહીં અમદાવાદના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી પિરાજી સાગરાના સંગ્રહમાંની એક કલાત્મક બારીનું ચિત્ર પ્રસ્તુત કરવામાં આવ્યું છે. બારીની ફ્રેમ, એના ટોડલા વગેરે જુદી જુદી ભૌમિતિક ભાતોથી સુશોભિત છે. બારીની ઓતરંગની મધ્યમાં પૂર્ણ કલશ કંડારેલો છે. કેટલીક વાર ત્યાં શુભ ચિહ્ન તરીકે લક્ષ્મીજી ગજલક્ષ્મી કે ગણેશનાં અર્ધશિલ્પ પણ કંડારવામાં આવે છે. વિદેશી ઢબની કોતરણીમાં ઓતરંગની વચ્ચેના ભાગમાં વિલાયતી મુદ્રા કે સીલની કોતરણી કરવામાં આવે છે (આ. ૫૦).

વસો(જિ. ખેડા)ના રામજી મંદિરમાં હનુમાનજીની સુંદર કાષ્ઠ-પ્રતિમા આવેલી છે. મસ્તક પર કમલપત્રની ભાતનો મુકુટ, કાનમાં ગોળ કુંડળ, ગળામાં હાર, એક હાથમાં ટૂંકી ગદા, બીજા હાથમાં પગ નીચે દબાવેલી પનોતીની ચોટી વગેરે તેમ કમર બાંધેલી અને બે પગ વચ્ચે લટકતી કટિમેખલાની વિક્ટોરિયન ઢબની પત્રાવલિ વગેરે ઉલ્લેખનીય છે (આ. ૫૧).

અમદાવાદના કાળુપુર સ્વામિનારાયણના મંદિરના પ્રાંગણમાં ચાર માળની ઊંચી ઉત્તમ પ્રકારની કાષ્ઠકલાકારીગરીથી યુક્ત હવેલી આવેલી છે, જે કદાચ ઉંચાઈમાં અને વિશાળતામાં ગુજરાતની એકમાત્ર વિશિષ્ટ પ્રકારની હવેલી છે. હવેલીના સભામંડપના ઊંચા રેખાન્વિત સ્તંભો પર ગોઠવેલા વિશાળ મદલ માનવકદની અને નાની મોટી અનેક પ્રકારની આકૃતિઓથી સુશોભિત છે. એમાં દાંતની બત્રીસી દર્શાવતા હનુમાનજી, લાલ ચકરી દક્ષિણી પાઘ ધારણ કરેલા ગણેશ, સિંહવ્યાલ, ગજવ્યાલ, પત્રાવલિ, ફૂલવેલની અનેક ભાતો, વાનરસમૂહ, યોદ્ધા વગેરે મુખ્ય છે. સ્તંભોના ઉપરના ભાગ જુદી જુદી ચોરસ ભૌમિતિક ભાતોની બારીક કોતરણીથી કંડારેલા છે. દરેક સ્તંભના મદલ, ભરણી લુંબિકા ફૂલના અને નિવ્યૂહની કોતરણીમાં વિવિધતા અને અલંકારપ્રચુરતા છે. આ સ્તંભોની હારમાળાનું એક ચિત્ર અહીં રજૂ કર્યું છે (આ. ૫૨). આ મંદિરની બાઈઓની હવેલી પણ ગુજરાતના પરંપરાગત હવેલી-સ્થાપત્યનો સારો નમૂનો છે. મૂળી(જિ. સુરેંદ્રનગર)ના સ્વામિનારાયણમંદિરમાં પણ બાઈઓના આવાસો માટે કાષ્ઠ-કલાકારીગરીથી ખચિત અને સમૃદ્ધ કલાત્મક હવેલી આવેલી છે. આ ઉપરાંત ધોલેરા જેતલપુર વડતાલ વગેરે સ્થળોએ આવેલાં સ્વામિનારાયણનાં મંદિરોની હવેલીઓ, સભામંડપ, સાધુ-સંતોના આવાસો વગેરે આ પ્રકારના વિવિધ કાષ્ઠસ્થાપત્યનાં કલાત્મક અંગોથી સુશોભિત છે.

આગળ જતાં ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં વિલાયતી બાંધણીનાં મકાનો, મહેલો, બાંધકામ વધતાં કલાત્મક મદલો અને શિરાવટીઓથી યુક્ત પરંપરાગત સ્તંભોનો ઉપયોગ ઓછો થવા લાગ્યો અને એનું સ્થાન કોરિન્થિયન ડોરિક ગોથિક એમ વિવિધ પ્રકારનાં વિક્ટોરિયન શૈલીના સ્તંભોનું ચલણ વધવા લાગ્યું.

ગુજરાતના આદિવાસીઓમાં પણ કાષ્ઠકલાનાં અનેક રમકડાં, દેવ-દેવીઓની મૂર્તિઓ વગેરે પ્રચલિત છે. અહીં દેવહાટ(છોટાઉદેપુર) વિસ્તારના આદિવાસીઓના લાકડામાંથી બનાવેલા બાબલા દેવનું ચિત્ર (આ. ૫૩) પ્રસ્તુત કર્યું છે. બાબલા દેવના વાળની ઢબ, વસ્ત્ર-પરિધાન વગેરે જોતાં કોઈ ઇજિપ્શિયન દેવ જેવા લાગે છે.

આ સમયગાળા દરમ્યાન ધાતુશિલ્પના ક્ષેત્રે ગુજરાતનું કોઈ વિશિષ્ટ પ્રદાન જોવા મળતું નથી. પરંપરાગત પ્રકારનાં દીપ–શિલ્પ તથા જૈન ધાતુ–પ્રતિમાઓ, પશુ-પંખીઓનાં શિલ્પોથી અલંકૃત હીંચકાની સાંકળો વગેરે રાચરચીલાંનાં બનાવટ અને ઉત્પાદન પણ ઓછાં થઈ જતાં જણાય છે. અલબત્ત ધાતુપાત્ર કે વાસણ-ઉદ્યોગ આ સમયમાં વધુ ખીલેલો જણાય છે. ગૃહ–ઉપયોગી અને સુશોભન માટેનાં અનેક પ્રકારના ઘાટવાળાં નાનાં–મોટાં વાસણ આ સમયમાં ગુજરાતમાં અનેક સ્થળે બનતાં હતાં, જેમાં સૌરાષ્ટ્રમાં શિહોર અને વઢવાણ તથા ગુજરાતમાં ડભોઈ નડિયાદ વીસનગર વગેરે મુખ્ય સ્થળો હતાં.

આ સમયમાં ગુજરાતની કલા પર વિદેશી કલાની પડેલી ઊંડી અસરો અંગે વિસ્તૃત અભ્યાસ અને સંશોધન હાથ ધરી શકાય તેટલી વિપુલ સામગ્રી હજી ઉપલબ્ધ છે. અલબત્ત છેલ્લાં પચાસ સાઠ વર્ષોમાં આધુનિકતાના પૂરમાં અનેક મંદિરો હવેલીઓ મહેલો મકાનોની કાષ્ઠકલા અને વિક્ટોરિયન શૈલીના સ્થાપત્યને ઘણું સહન કરવું પડ્યું છે. કુદરતી અને માનવનિર્મિત પરિબળોના હાથે વિનાશની ગર્તામાં આ સમયનાં ઉત્તમ સ્થાપત્યો અને શિલ્પો હોમાઈ રહ્યાં છે. જૂની ચીજવસ્તુઓ અને કલાકૃતિઓના વેપારીઓ દાણચોરી અને ગેરકાયદે વેપાર દ્વારા ગુજરાતના આ કલાવારસાને તોડી ફોડી કલાના ઉત્તમ નમૂનાઓને અન્ય પ્રદેશોમાં અને વિદેશોમાં ઢસડી રહ્યા છે.

## પાદટીપ

૧. જુઓ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ ૬ઃ 'મુઘલકાલ', પૃ. ૪૬૨ –૪૮૨; ગ્રંથ ૭ 'મરાઠાકાલ', પૃ. ૩૫૮–૩૭૬.

૨. જોરાવરસિંહ જાદવ, 'ગુજરાતની લોકસંસ્કૃતિઓ,' પૃ. ૪૧

૩. H. Goezt, 'The Post Mediaeval Sculpture of Gujarat', *BBMPG.*, Vol V. pts. I & II, p. 31

૪. રત્નમણિરાવ ભી. જોટ, 'ગુજરાતનું પાટનગર : અમદાવાદ', પૃ. ૬૫૬–૬૭૨

૫. પ્રવીણચંદ્ર પરીખ અને કિરીટ જ. દવે, 'સ્વામિનારાયણ શિલ્પ–સ્થાપત્યકલા' (પ્રકરણ ૨–૩)

૬. सत्सङ्गिजीवनम्, चतुर्थ प्रकरण, अ. २४/१०–११

૭. શાસ્ત્રી ઘનશ્યામસ્વરૂપદાસ સ્વામી, 'ભગવાન શ્રીસ્વામિનારાયણસ્થાપિત નવ મહા-મંદિરો,' "સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ ગ્રંથ," પૃ. ૨૬૫–૨૭૦

૮. મગ્નીરામ કાશીરામજી દુધરેજિયા, 'ગુરુપીઠ પ્રકાશચંદ્રિકા : દુધરેજ', પૃ. ૧૨૮–૧૩૩

૯. H.W. Janson, *History of Art*, pt. III, *The Renaissance*, pp. 284–434

૧૦. Fattesinghrao Gaekwad, 'The palaces of India', p. 148-170
૧૧. H. Goetz, 'A Monument of Old Gujarati Wood Sculpture : The Jain Mandap in the Baroda Museum'. *BBMPG.*, Vol. VI, pts. I & II
૧૨. R. K. Trivedi, *Wood Carving of Gujarat* (WCG), pp. 1-106
૧૩. જયેન્દ્ર નાણાવટી અને મધુસૂદન ઢાંકી 'ગુજરાતનું કાષ્ઠસ્થાપત્ય', "કુમાર", સળંગ અંક ૪૮૯, પૃ. ૩૫૧-૩૬૦
૧૪. *WCG*, plates XII, XXIV
૧૫. Jyotindra Jain, *Utensils*, pp. 7-13

પ્રકરણ ૧૮

# ચિત્ર નૃત્ય નાટ્ય અને સંગીત

## ૧. ચિત્રકલા

કલા અને સંસ્કૃતિના વિકાસ માટે રાજકીય શાંતિ અને સલામતી એ એક આવશ્યક પરિબળ ગણાય છે. આ સમયગાળામાં ગુજરાતમાં બ્રિટિશ સત્તાની સ્થાપના થતાં પ્રજાએ શાંતિ અને સલામતીનો દમ ઘૂંટયો. ત્રીજી જૂન, ૧૮૧૮ના રોજ પેશવાઈનું પતન થયું અને ગુજરાતમાં મરાઠી સતાનાં અજવાળાં અસ્ત થયાં. ગુજરાતમાં કમ્પની સરકારની સત્તા દૃઢ બની.[૧] અંગ્રેજી સત્તાના પરિણામે શિક્ષણ વાહનવ્યવહાર તાર–ટપાલ વગેરે ક્ષેત્રોમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું. દેશના જુદા જુદા પ્રાંતોની પ્રજાઓ વચ્ચેનું અંતર ઘટયું, જેની અસર કલાનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં સ્પષ્ટ દેખાય છે. વિજ્ઞાનની અવનવી શોધોને કારણે લોકોમાં જિજ્ઞાસાવૃત્તિ જાગી, વહેમ અંધશ્રદ્ધા રૂઢિઓ જંતરમંતર ઇત્યાદિનું બળ ઘટયું. પશ્ચિમનાં સાહિત્ય વિજ્ઞાન અને સભ્યતાની અસર નીચે લોકોમાં સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે નવજાગૃતિ આવી. નવજાગૃતિની અસર કલાનાં ક્ષેત્રોમાં પણ દેખાય છે. આજ દિન સુધી જે કલા ધર્માભિમુખ હતી તે હવે સમાજાભિમુખ બને છે. શિક્ષણનો પ્રસાર થતાં લોકોમાં કલા પ્રત્યે નવો અભિગમ કેળવાય છે.

ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં જે દેશી રાજ્ય હતાં તેઓમાં દેશના અને વિદેશના કલાકારોને રાજ્યાશ્રય આપવામાં આવતો હતો. સંગીતકારો વાદ્યકારો નટ–નર્તકો અને ચિત્રકારો રાજવીઓના એકબીજાના દરબારમાં જતાઆવતા અને પોતાની કલાનું નિદર્શન કરાવતા હતા. એક મહારાષ્ટ્રી આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ કેશવરાવની ભલામણથી શ્યામરાવ નામના મહારાષ્ટ્રી ચિત્રકારે રાજકોટના કેટલાક અગ્રણી નાગરિકોની તસવીરો ચીતરી આપી હતી. આ માટે એને ચિત્રદીઠ રૂ. ૭૫ ચૂકવવામાં આવ્યા હતા. રાજકોટના જ્યુબિલી બાગના સંગ્રહાલય માટે સાતમા એડવર્ડના રાજ્યારોહણના પોર્ટ્રિટ માટે ઇંગ્લૅન્ડના ખ્યાતનામ કલાકાર સર લ્યૂક ફીલ્ડ્ઝને ભાવનગર રાજ્યે એક હજાર પાઉન્ડ ચૂકવેલા.[૨] રાજકોટમાં ઈ. સ. ૧૮૯૨ માં કર્નલ ઓલિફન્ટે રાણી વિક્ટોરિયાના જ્યુબિલી પ્રસંગને સ્મરણાંકિત કરવા જ્યુબિલી મકાન અને કૉનોટ હોલની યોજના કરેલી. એ હોલ માટે એ વખતના કાઠિયાવાડના રાજાઓની તસવીરો ચીતરવા ઇંગ્લૅન્ડથી કાંક

બ્રૂકસ નામનો એક બાહોશ ચિત્રકાર આવેલો. એણે એ સમયના કાઠિયાવાડના રાજાઓ અને ઠાકોરોની તસવીરો આલેખેલી, જેમાં એમની વિશિષ્ટ વેશભૂષા અને સજાવટનો તાદૃશ ખ્યાલ આવે છે.[3] આ સમયમાં જૂનાગઢના નવાબ મહોબતખાનજી ૨ જાના અમલ દરમ્યાન જર્મન ચિત્રકાર વાન રથ જૂનાગઢમાં આવેલો અને એમની આકૃતિ બનાવેલી. જૂનાગઢના લોકજીવનનાં પણ કેટલાંક ચિત્ર એણે તૈયાર કર્યાં હતાં. આ સમયમાં પશ્ચિમની સંસ્કૃતિનો પ્રભાવ એટલો બધો હતો કે રાજવીઓ અને સુખી નાગરિકોના ઘરમાં વિદેશી ચિત્ર રાખવામાં આવતાં હતાં! બીજી બાજુ ગામડાંઓમાં ઘરની શોભા માટે દીવાલમાં ગેરુથી ચિત્રો આલેખવાની પ્રથા જળવાઈ રહી હતી. આ ચિત્રમાં રામાયણ મહાભારત અને પુરાણોમાંથી કથા-પ્રસંગો અને પાત્રો લઈને આલેખન કરવામાં આવેલું છે. આ સમયમાં હસ્તલિખિત જૈન અને જૈનેતર પોથીઓમાં ચિત્રો આલેખવાની પશ્ચિમ ભારતની પરંપરા જળવાઈ રહી હતી: વિજ્ઞપ્તિપત્રો, રાસ–આખ્યાનોની હસ્તપ્રતો, જન્મપત્રિકાઓ, પોથીના રક્ષણ માટેની લાકડાની પટ્ટીઓ, વૈષ્ણવ સંપ્રદાયની પિછવાઈઓ, જૈન અને જૈનેતર જ્ઞાન–ચોપટો ઇત્યાદિમાં ચિત્રનું આલેખન જોવા મળે છે.

આ સમયની નોંધપાત્ર બાબત એ છે કે બ્રિટિશ સરકારે નવી કેળવણીમાં કલાશિક્ષણને મહત્ત્વ આપ્યું અને મુંબઈમાં સર જમશેદજી જીજીભાઈએ મોટું દાન આપીને પોતાનું નામ જોડી સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટની સ્થાપના ઈ. સ. ૧૮૫૮માં કરી. આ શાળામાં જે વિદ્યાર્થીઓ તૈયાર થયા તેમણે ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચિત્રકલાના શિક્ષણ દ્વારા કલાની પ્રતિષ્ઠા વધારી. શરૂઆતમાં આ ચિત્રશાળાનું સંચાલન અંગ્રેજ નિષ્ણાતોના હાથે થયું હોવાથી એમાં પશ્ચિમની કલાઓને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું. પરિણામે આ ચિત્રશાળામાં તૈયાર થતા વિદ્યાર્થીઓ પશ્ચિમના કલાવારસાથી પ્રભાવિત થતા હતા અને ભારતના કલાવારસા વિશે તેઓને બહુ ઓછી જાણકારી હતી! આ શાળામાં આચાર્ય તરીકે ગ્લૅડસ્ટન સોલોમન આવતાં એણે ભારતીય કલાપરંપરાને પુનર્જીવિત કરવા પ્રયત્નો કર્યા, કારણ કે તેઓ ભારતીય કલાના અનન્ય ચાહક હતા. ઈ. સ. ૧૮૯૦માં વડોદરામાં કલાભવનની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થામાં પણ કલાશિક્ષણ પશ્ચિમની ઢબે આપવામાં આવતું હતું. વિદ્યાર્થીઓને રોમન ગ્રીક અને ઇટાલીની કલાનો અભ્યાસ કરાવવામાં આવતો.

આ સમયની ચિત્રકલા જૈન–જૈનેતર હસ્તપ્રતોમાં, વિજ્ઞપ્તિપત્રોમાં, જન્મ-પત્રિકાઓમાં, ધાર્મિક પટોમાં, રાજમહેલો અને હવેલીઓ તેમજ ધર્મશાળાઓની

ભીંતોમાં આલેખાયેલી જોવા મળે છે. ગુજરાતના જૈનભંડારો અને વ્યક્તિઓના અંગત સંગ્રહોમાં જે પોથીઓ સચવાયેલી છે તેઓમાં ચિત્રો જોવા મળે છે. આ બધી ચિત્રિત પોથીઓ તો ઘણી છે, પરંતુ આ સમયની ચિત્રકલા અંગે જે કંઈ લેખો અને પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે તેમાંથી તેમજ અમદાવાદના ભંડારોની મુલાકાત લઈને શકય તેટલી માહિતી આપવાનો અહીં પ્રયત્ન કર્યો છે.

આ સમયની હસ્તપ્રતો હેમચંદ્ર જ્ઞાનમંદિર–પાટણ, શાંતિનાથ જૈનમંદિર–ખંભાત, ડહેલાનો જૈન ઉપાશ્રય–અમદાવાદ, દેવશાના પાડાનો ઉપાશ્રય–અમદાવાદ, આત્માનંદ સભા–ભાવનગર, શેઠ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર–અમદાવાદ ઇત્યાદિ સ્થળોએ સંગૃહીત કરવામાં આવી છે. આ હસ્તપ્રતોમાં કલ્પસૂત્ર, ધન્નાશાલિભદ્ર રાસ, શ્રીપાલરાસ, ચંદરાજાનો રાસ, માનતુંગ માનવતી રાસ ઇત્યાદિ મુખ્ય છે. આ ઉપરાંત વિજ્ઞપ્તિપત્રો, ધાર્મિક પટો, જન્મપત્રિકાઓ, પોથીઓ સાચવવા માટેની લાકડાની પટ્ટીઓ, ઇત્યાદિમાં પણ ચિત્રો જોવા મળે છે. જૈનેતર રચનાઓમાં મધ્યકાલીન કવિઓનાં આખ્યાનો, ખાસ કરીને મહાકવિ પ્રેમાનંદની કૃતિઓમાં ચિત્રોનું આલેખન જોવા મળે છે. આ સમયમાં ગામડાંઓમાં સ્વર્ગનરકના પટ્ટોનું દર્શન કરાવનાર ગરોડાઓના ચોપડામાંથી પણ ચિત્રોનું આલેખન પ્રાપ્ત થાય છે. આ સમયમાં ગુજરાતી રંગભૂમિનો જન્મ થયો અને એની નાટકમંડળીઓમાં નાટકો માટે પડદા ચીતરવા માટે ચિત્રકારો રાખવામાં આવતા હતા. રંગભૂમિની ચિત્રકલાની પણ એક અનોખી વિશેષતા હતી.

## હસ્તપ્રતોની ચિત્રકલા

વિ. સં. ૧૮૭૮(ઈ. સ. ૧૮૨૧–૨૨)માં આજના ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામમાં ચિત્રિત કરવામાં આવેલી શ્રીપાલરાસની હસ્તપ્રત અમદાવાદમાં ડહેલાના ઉપાશ્રયમાં છે. આ પોથીનાં ચિત્ર ઉત્તર ગુજરાતની વિશિષ્ટ ગ્રામીણ શૈલીમાં આલેખાયેલાં છે. પેથાપુરના ગ્રામજનોનાં મકાનોની દીવાલ ઉપર જે ચિત્રો જોવા મળે છે તેવી જ શૈલીનાં ચિત્ર આ પોથીમાં આલેખાયેલાં જોવા મળે છે. પુરુષ-પાત્રોનાં પાઘડી, લાંબી બાંયનાં અંગરખાં, પટાદાર ધોતિયાં અને ખેસનું આલેખન આકર્ષક છે. સ્ત્રી-પાત્રો ઘેરા વાદળી રંગની ઓઢણી અને લાલ રંગનો ચણિયો ધારણ કરેલાં આલેખવામાં આવ્યાં છે. ચિત્રોમાં પશુપંખી અને વનશ્રીનું આલેખન આકર્ષક છે.

વિ. સં. ૧૮૮૫(ઈ. સ. ૧૮૨૮)માં સૌરાષ્ટ્રના પડધરી ગામે ચિત્રિત

કરવામાં આવેલી શ્રીપાલરાસની હસ્તપ્રત અમદાવાદમાં શેઠ લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે, જેના પ્રથમ પત્રમાં ચિત્રો છે.

અમદાવાદના દેવશાના પાડા ભંડારમાં શ્રીપાલરાસની ચિત્રિત હસ્તપ્રત છે, જેનાં ચિત્ર સુરતમાં વિ. સં. ૧૮૮૬(ઈ. સ. ૧૮૨૯) માં દોરવામાં આવ્યાં હતાં. આ પોથીમાં કેટલાંક વહાણનાં આલેખન છે. એ સમયે સુરત પશ્ચિમ ભારતનું ધીકતું બંદર હતું. ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીએ પોતાની કોઠી સ્થાપી હતી. વેપાર માટે જે જહાજ સુરત આવતાં હતાં તેનું આલેખન અહીં કરવામાં આવ્યું છે. આ હસ્તપ્રતનાં કેટલાંક ચિત્ર પાનના સંપૂર્ણ કદનાં છે. આકૃતિઓના આલેખનમાં મુઘલ અસર સ્પષ્ટ દેખાય છે. વૃક્ષો વનરાજિ અને વનોનું આલેખન ચિત્રકારનો પ્રકૃતિપ્રેમ દર્શાવે છે. કેટલાંક ચિત્રોમાં ગીત–સંગીત–નૃત્યનું આલેખન કરવામાં આવ્યું છે. પુરુષોના હાથમાં વીણાનું આલેખન નોંધપાત્ર છે. પુરુષો જામો ધોતી અને પાઘડી ધારણ કરતા આલેખાયા છે અને સ્ત્રીઓ ચોળી ચણિયો અને ઓઢણી ધારણ કરતી આલેખાયેલી છે. સ્ત્રીઓના નાકમાં નથણી નોંધપાત્ર છે- ડૉ. મોતીચંદ અને ડૉ. ઉમાકાંત શાહના મંતવ્ય પ્રમાણે આ ચિત્રો શિરોહી–શૈલીનાં છે.[૪]

વિ. સં. ૧૮૮૯(ઈ.સ. ૧૮૩૨–૩૩)માં સુરતમાં ચિત્રિત કરવામાં આવેલી શ્રીપાલરાસની હસ્તપ્રત અમદાવાદમાં લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે. આ હસ્તપ્રતમાં રાસના કથાપ્રસંગ આલેખતાં સુંદર ચિત્ર છે. આ ચિત્રો પૈકીનું એક ચિત્ર ધવલશેઠની કથાને લગતું છે. ધવલશેઠ શ્રીપાલને વહાણમાંથી બહાર ફેંકે છે. વહાણનાં આ ચિત્રોમાં બ્રિટિશરોનો યુનિયન જેક સ્પષ્ટ દેખાય છે (આ. ૫૪).

અમદાવાદમાં વિ.સં. ૧૮૯૫(ઈ.સ. ૧૮૩૮–૩૯)માં ચિત્રિત કરેલી શ્રીપાલ-રાસની હસ્તપ્રત શ્રી સારાભાઈ નવાબના અંગત સંગ્રહમાં છે. આ હસ્તપ્રતમાં-નાં ચિત્રો પૈકીનાં વહાણનાં ચિત્ર એ સમયના ગુજરાતના વહાણવટાની માહિતી પૂરી પાડે છે. ગુજરાતનાં બંદરો ઉપર એ સમયે કેવાં વહાણ લાંગરતાં હશે એનો ખ્યાલ આ ચિત્રો પરથી આવે છે.

શ્રીપાલરાજાની કથાની જેમ જૈનોમાં ચંદરાજાની કથા પણ ઘણી લોકપ્રિય બની હતી. ચંદરાજાના રાસની કેટલીક હસ્તપ્રતોમાં ચિત્રો જોવા મળે છે. વિ.સં. ૧૮૬૯(ઈ.સ. ૧૮૧૨–૧૩)માં પુણેમાં ચિત્રિત કરવામાં આવેલી આ રાસની હસ્તપ્રત અમદાવાદના લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે. આ પોથીમાં રાસની કથાનુસાર ચિત્ર આલેખવામાં આવ્યાં છે. આ ચિત્રોમાં પાત્રોની વેશભૂષામાં દક્ષિણી અને ગુજરાતીનું મિશ્રણ સ્પષ્ટ જોવા મળે છે. આ કથાની

બીજી ચિત્રિત હસ્તપ્રત ભાવનગરમાં ડોસાભાઈ અભેચંદના સંગ્રહમાંથી પ્રાપ્ત થઈ છે, જેનાં ચિત્ર પણ ઉલ્લેખપાત્ર છે. આ હસ્તપ્રતની નકલ જિનકુશલ નામના લહિયાએ ભાવનગરમાં વિ.સં. ૧૮૫૫(ઈ.સ. ૧૭૯૮–૯૯)માં કરી હતી. આ હસ્તપ્રતનાં ચિત્રોમાં જે પાત્રોનું આલેખન કરવામાં આવ્યું છે તેમની વેશભૂષા નોંધપાત્ર છે. પુરુષપાત્રો કલગીવાળી પાઘડી અને આખી બાંયવાળો પગ સુધીનો જામો પહેરેલ જોવા મળે છે. સ્ત્રીપાત્રો સૌરાષ્ટ્રી ઢબનાં ચોળી ચણિયો અને ઘાઘરો ધારણ કરેલ જોવા મળે છે. પાત્રોની આંખનું આલેખન એકચશ્મી છે, જે પશ્ચિમ ભારતની લઘુચિત્રશૈલીની અસર સૂચવે છે. પુરુષ અને સ્ત્રીપાત્રોના અલંકાર ચિત્રની સમૃદ્ધિમાં વધારો કરે છે. પાત્રોની સમગ્ર આકૃતિ ઘાટીલી સપ્રમાણ અને સુંદર છે. આ હસ્તપ્રતનાં ચિત્રોમાં કરવામાં આવેલ પશુપંખીનું આલેખન વાસ્તવિક છે.

આ સમયમાં ચિત્રિત કરવામાં આવેલી સંગ્રહણી સૂત્રની હસ્તપ્રતોમાં પણ કથાનુસાર ચિત્રો જોવા મળે છે. વિ. સં. ૧૯૧૧(ઈ.સ. ૧૮૫૪–૫૫)માં આ સૂત્રની એક હસ્તપ્રતની નકલ અમદાવાદમાં હાજા પટેલની પોળના એક મકાનમાં બેસીને કરવામાં આવી છે. આ હસ્તપ્રતમાં ચક્રવર્તીનાં ૧૪ રત્નો, મેરુપર્વત, અને દ્વીપોનું આલેખન કરવામાં આવ્યું છે.

સં. ૧૮૮૬(ઈ.સ. ૧૮૨૯–૩૦)માં વડોદરામાં ચીતરવામાં આવેલી મધુ-માલતી પદ્યવાર્તાની હસ્તપ્રતમાં જે ચિત્ર આલેખવામાં આવ્યાં છે તેઓમાં મરાઠી અસર સ્પષ્ટ દેખાય છે.

આ સમયની હસ્તપ્રતોનાં પાનાંઓના હાંસિયાઓને પણ ચિત્રકારોએ આકર્ષક સુશોભનોથી સજાવેલ છે, જેમાં હંસપંક્તિ વેલબુટ્ટી હાથી હરણ ઘોડા પોપટ મોર અને ભૌમિતિક આકૃતિઓ આકર્ષક છે.

### જન્મપત્રિકા અને ચિત્રકલા

આ સમયગાળામાં તૈયાર કરવામાં આવતી જન્મપત્રિકાએમાં નવ ગ્રહનાં ચિત્ર જોવા મળે છે. એમાં સૂર્યને સાત ઘોડાના રથમાં, ચંદ્રને હરણની ગાડીમાં, મંગળ અને બુધને વૃષભ પર, ગુરુને ઐરાવત પર, શુક્રને ઘોડા પર, શનિને મહિષ પર, રાહુને વાઘ પર, અને કેતુને મચ્છના મુખમાં આલેખવામાં આવેલ છે. આ ઉપરાંત જન્મપત્રિકાઓમાં કુંડળીઓ માટે કલાત્મક ભૌમિતિક આકૃતિઓ તૈયાર કરી એમાં રંગ પૂરવામાં આવતા.

## વિજ્ઞપ્તિપત્રોની ચિત્રકલા

જૈન પરંપરામાં એક રિવાજ એવો છે કે જૈન આચાર્યો અને મુનિઓને જુદાં જુદાં શહેરો કે નગરોના જૈનસંઘ પોતાને ત્યાં પર્યુષણ કરવા તથા ચાતુર્માસ ગાળવા માટે નિમંત્રણ આપતા. આ નિમંત્રણપત્રો વ્યવસ્થિત રીતે તૈયાર કરવામાં આવતાં અને એમાં ચિત્રોનું આલેખન પણ કરવામાં આવતું. ચિત્રોમાં ધાર્મિક અને નગરનો મહિમા બતાવતાં ચિત્ર આલેખવામાં આવતાં. નગરજનો જૈન સાધુઓનાં દર્શન કરવા અને એમનાં વ્યાખ્યાન સાંભળવા માટે કેટલાં ઉત્સુક છે એનું વર્ણન કરવામાં આવતું. પોતાના શહેર કે નગરમાં કેવા પ્રકારની સગવડો અને સુવિધાઓ છે એનું વર્ણન પણ કરવામાં આવતું. નગરની ભૌતિક અને કુદરતી સમૃદ્ધિનું સચિત્ર વર્ણન કરવામાં આવતું. આ પ્રકારના નિમંત્રણને જૈન પરિભાષામાં 'વિજ્ઞપ્તિપત્ર' તરીકે ઓળખવામાં આવે છે. આ વિજ્ઞપ્તિપત્રો અને એમાંનાં ચિત્રો ઉપરથી આપણને એ સમયની સામાજિક ધાર્મિક આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિનો ખ્યાલ આવે છે. લોકોનાં પહેરવેશ અલંકારો વાહન-વ્યવહાર ઉપકરણો વગેરેની માહિતી એમાંથી પ્રાપ્ત થાય છે. આ રીતે વિજ્ઞપ્તિ-પત્રોનું મૂલ્ય ઘણું મોટું છે. આ વિજ્ઞપ્તિપત્રોમાં સાલ અને તિથિ હોવાથી એનું ઐતિહાસિક મહત્ત્વ ઘણું છે.

## જ્ઞાનચોપાટનાં ચિત્ર

આ સમયમાં હિંદુ અને જૈન પરંપરામાં સાધુઓ અને સંસારીઓ માટે જે જ્ઞાનચોપાટ તૈયાર કરવામાં આવતી તેઓમાં પણ ચિત્રોનું આલેખન કરવામાં આવતું. આ ચોપાટમાં દેવલોકનું સર્પોનું સીડીઓનું તથા નવગ્રહોનું તેમજ જીવ-યોનિઓનું આલેખન કરવામાં આવેલ છે. વિ.સં ૧૯૦૯(૧૮૫૨–૫૩)માં ચિત્રિત થયેલી જૈન જ્ઞાનચોપાટ અમદાવાદના લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે. જૈન સાધુઓ શ્રાવકોને આ જ્ઞાનચોપાટ દેખાડી જુદી જુદી જીવયોનિઓ, વિવિધ પ્રકારના દેવલોક, સ્વર્ગ અને નરક તેમજ મોક્ષનો ખ્યાલ આપતા હતા. આવી જ્ઞાનચોપાટ હિંદુ પરંપરામાં પણ તૈયાર કરવામાં આવતી હતી. જ્ઞાનચોપાટમાં ૮૪ કોઠાઓનું આલેખન એ ૮૪ લાખ જીવયોનિઓનું પ્રતીક છે. આજે આ જ્ઞાન-ચોપાટથી સાપબાજી તરીકે રમવામાં આવે છે. સાપબાજી રમતી વખતે પાસાના આંક પ્રમાણે કોઠામાં કૂકરી મૂકવાની હોય છે. જે તે કોઠાના ચિત્રમાં બતાવેલ સાપ કે સીડી પ્રમાણે તમારું પતન કે આરોહણ થતું હોવાનું મનાય છે.

## હિંદુ પટોની ચિત્રકલા

અમદાવાદના લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં 'गोपीचंद की शाब्दी'

નામનો હિંદુપટ છે. આ પટમાં રાજા ગોપીચંદના જીવનને લગતાં ચિત્ર છે. આ ચિત્રોનો સમય આશરે ૧૮મા સૈકાનો મનાય છે. ચિત્રોની શૈલી મારુ–ગુર્જર શૈલી લાગે છે. ચિત્રોમાંનું સ્થાપત્ય રાજસ્થાની છે. પાત્રોની વેશભૂષા પણ રાજસ્થાની છે. ગુજરાત–રાજસ્થાનના લોકસાહિત્યમાં ગોપીચંદની કથા ઘણી લોકપ્રિય બની છે. રાવણહથ્થા સાથે ભરથરીઓ ગામેગામ આ કથાનું ગાન કરતા જોવા મળે છે.

આ સંસ્થામાં એક બીજો હિંદુપટ છે, જેમાં કોઈ હિંદુ ધર્મગુરુના ભંડારાના પ્રસંગોનું એટલે કે ગાદીવારસા વખતના પ્રસંગોનું જુદાં જુદાં દૃશ્યોમાં આલેખન કરવામાં આવ્યું છે. આ પટનાં ચિત્ર સૌરાષ્ટ્રના કોઈ ભાગમાં આલેખાયાં હોવાની અટકળ કરવામાં આવે છે. પટમાં જે લખાણ છે તે પરથી એનો સમય વિ.સં ૧૮૮૪(ઈ.સ.૧૮૨૭) નક્કી કરી શકાય છે. કપડાના આ લાંબા પટમાં જુદા જુદા ખંડ પાડીને પ્રસંગની ઉજવણીનાં દૃશ્યોનું આલેખન કરવામાં આવ્યું છે. આ પટના એક દૃશ્યમાં નટનર્તકી ઊંધા માથે નૃત્ય કરતાં કરતાં પગની મદદથી તીર છોડતી બતાવાઈ છે. એના માથાના અને હાથપગના અલંકાર ધ્યાન ખેંચે તેવા છે. એની બાજુમાં એને મદદ કરનાર બીજી નટનર્તકી ઊભી છે. અંગકસરતના દાવ સાથે નૃત્ય દર્શાવતું આ ચિત્ર એ સમયની નૃત્યકલાની ઝાંખી કરાવે છે (આ. ૫૫). આ પટના એક બીજા ચિત્રમાં નૃત્યકાર સ્ત્રી એક હાથમાં કપડાનું બનાવેલું કમળનું ફૂલ રાખી નૃત્ય કરતી જોવા મળે છે. એના માથા ઉપર પાંચ ગાગરનું બેડું છે. એની પાછળ હાથમાં ઘૂઘરાની પટ્ટી લઈને બે વાદક સ્ત્રી નૃત્ય કરી રહી છે. ચોથું પુરુષપાત્ર બે હાથમાં મંજીરાં વગાડે છે. પાંચમું સ્ત્રીપાત્ર મૃદંગ વગાડે છે અને છેલ્લું પુરુષપાત્ર સારંગી જેવું વાદ્ય વગાડે છે (આ. ૫૬). આ સમગ્ર ચિત્ર ઉપરથી ગુજરાત-સૌરાષ્ટ્રમાં લોકપ્રિય એવા બેડાનૃત્યનો ખ્યાલ આવે છે. પાત્રોની વેશભૂષા સૌરાષ્ટ્રી છે. નૃત્ય કરતી સ્ત્રીનો ઘેરદાર ઘાઘરો નૃત્યના લયને કારણે ફૂલેલો બતાવાયો છે. બીજાં પાત્ર પણ મુખ્ય પાત્ર સાથે સંગીતના સૂર અને તાલ મિલાવતાં દેખાય છે. અત્રે નોંધવું જોઈએ કે ગુજરાતના લોકનાટ્ય–ભવાઈવેશમાં મહિયારીનો વેશ ભજવવામાં આવે છે તેની સાથે આ ચિત્રનું કંઈક સામ્ય જણાય છે. મહિયારીના વેશમાં મહિયારી નૃત્ય કરતાં પોતાના માથા ઉપર એક પછી એક પાંચ કે સાત ગાગર મુકાવે છે. છેલ્લી ગાગર ઉપર માતાજીની જ્યોત મૂકવામાં આવે છે. નૃત્યકાર નૃત્યનાં પગલાં એવી રીતે ભરે છે કે માથા ઉપર મૂકેલું બેડું ગતિમાં ગોળગોળ ફરે અને સૌથી ઉપર મૂકેલી જ્યોત પણ ફર્યા કરે! માથા ઉપર બેડા સાથે આ કલાકાર લાલ પાઘડીમાંથી નૃત્ય કરતાં કમળના ફૂલની ગૂંથણી પણ કરતો હોય છે. ભૂંગળ તબલાં અને

કાંસીજોડાની રંગત સાથે કરવામાં આવતું આ મહિયારી–નૃત્ય ખૂબ આકર્ષક હોય છે. રાજસ્થાનમાં પણ આવો નૃત્યપ્રકાર પ્રચારમાં છે.

## આખ્યાનો અને ચિત્રકલા

આ સમયમાં ગુજરાતી ભાષામાં લખાયેલાં આખ્યાનોની પોથીઓમાં પણ ચિત્રોનું આલેખન કરવામાં આવતું હતું. વિશેષ કરીને મધ્યકાલના કવિ પ્રેમાનંદનાં આખ્યાનોની હસ્તપ્રતોમાં ચિત્રો જોવા મળે છે. કુંવરબાઈના મામેરાની ૧૯ મા સૈકામાં ચિત્રિત હસ્તપ્રત અમદાવાદના લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે. આ હસ્તપ્રતમાં જે ચિત્રો છે તેઓમાંથી એ સમયનાં વેશભૂષા અલંકારો વાહનવ્યવહાર રીતરિવાજ ઇત્યાદિનો ખ્યાલ આવે છે. એક ચિત્રમાં વહેલમાં બેસીને જતાં શેઠશેઠાણીનું આલેખન ભાવવાહી છે. પાત્રોની વેષભૂષા સૌરાષ્ટ્રી છે. વહેલ લાકડાની બનાવેલી છે. એનાં કોતરકામ અને ચિત્રકામ આકર્ષક છે. શણગારેલા બળદથી હંકારાતી આ વેલનાં પૈડાં ગતિમાન દર્શાવાયાં છે. બળદનાં અણીદાર શીંગડાં, એની પીઠ ઉપર ઓઢાડવામાં આવેલ ચાકડો, એના ગળા પર પહેરાવવામાં આવેલ ઘૂઘરમાળ વગેરે ચિત્રની શોભામાં વધારો કરે છે. વહેલ હાંકનાર પુરુષપાત્રની પાઘડી, એનું અંગરખું અને એના ખભાનો ખેસ નોંધપાત્ર છે.

પ્રેમાનંદના દશમસ્કંધની આવી એક બીજી ચિત્રિત હસ્તપ્રત ગુજરાત રાજ્યના દફતર વિભાગમાં છે. આ હસ્તપ્રત શોધવાનું માન એના અધિકારી શ્રી ચંદ્રકાંત પંડ્યાને મળે છે. આ હસ્તપ્રત વડોદરા પાસેના માંડવીમાં લખવામાં આવી હતી. એનાં ચિત્રોનો સમય ૧૮ મી સદીના ઉત્તરાર્ધ અને ૧૯ મી સદીના પૂર્વાર્ધનો લાગે છે. આ હસ્તપ્રતમાં કુલ ૩૬૫ ચિત્ર છે. પ્રેમાનંદે લખેલાં કડવાંઓના પ્રસંગોને અનુરૂપ આ પોથીમાં ચિત્રોનું આલેખન કરવામાં આવેલું છે. પાત્રોની આંખ વિસ્ફારિત–એકચશ્મી છે. ચિત્રોમાં બકાસુરવધ પૂતનાવધ અઘાસુરવધ કૃષ્ણની બાળલીલાં નાગદમન વગેરે મુખ્ય છે. પાત્રોની આકૃતિ ઘાટીલી અને સપ્રમાણ છે. પાત્રોની વેશભૂષા પરંપરાગત ગુજરાતી છે. એક ચિત્રમાં બાળકને સૂવાનું પારણાનું આલેખન સંપૂર્ણ ગુજરાતી જણાય છે. વડોદરા નજીક સંખેડાની કાષ્ઠકલાની અસર અહીં સ્પષ્ટ જણાય છે. પારણાની આકૃતિમાં સંખેડાની કાષ્ઠકલા દેખાય છે. ચિત્રોની આસપાસ હાંસિયાની વેલબુટ્ટાની ભાત કલાત્મક લાગે છે. ચિત્રને ઉઠાવ આપવામાં હાંસિયાની આ ભાત અગત્યનો ભાગ ભજવે છે. નોંધપાત્ર બાબત એ છે કે પ્રેમાનંદે જે ભાવ કવિતામાં વ્યક્ત કર્યા છે તેને જ ચિત્રકારે રંગ અને રેખામાં અભિવ્યક્ત કરેલ છે.

### સ્વર્ગ–નરકના પટ

સામાજિક નીતિનું મૂળ શોધવા જઈએ તો એ જ સૂત્ર નીકળે કે માણસ ડરનો માર્યો જ સુધરે. સત્કર્મીને સ્વર્ગસુખ મળે અને દુષ્કર્મીને નરકની યાતના ભોગવવી પડે. નીતિ-નિયમનું ભાન લોકોને કરાવવા માટે સ્વર્ગ–નરકના પટનું આલેખન કરવામાં આવતું. દુષ્કર્મ કરનારને નરકમાં કેવાં દુઃખ ભોગવવાં પડે એના ટીપણા–આકારમાં પટ લઈને ગરોડા અગાઉ ગામેગામ ફરતા અને ચોક્કસ લયકારીથી એ પ્રત્યેક પ્રસંગનું એમાં ચીતરેલ વર્ણન ગાતા અને લોકોને પટચિત્રો બતાવતા—આ ચિત્રોની કલમ ગામઠી શૈલીની છે.

### સ્વામિનારાયણનાં મંદિરોનાં ચિત્ર

આ સમયગાળામાં ગુજરાતમાં જે સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિર બાંધવામાં આવ્યાં તેઓમાં શિલ્પનાં કોતરણી અને ચિત્રકામ ઉત્તમ કારીગરીવાળાં છે. આ મંદિરોના નિર્માણમાં મોટા ભાગના સલાટો અને ચિત્રકારો એ સંપ્રદાયના હોવાથી એમણે પોતાનો કસબ વ્યવસાયી ધોરણે નહિ, પણ ભક્તિભાવપૂર્વક આલેખ્યો છે. આ મંદિરોના સભામંડપમાં અને કથામંડપમાં લાકડાનું કોતરકામ વૈવિધ્યપૂર્ણ અને સૂક્ષ્મ છે. અમદાવાદ જેતલપુર ગઢડા મૂળી વડતાલ જૂનાગઢ વઢવાણ ભૂજ વગેરે સ્થળોનાં મંદિરોનું કાષ્ઠકામ અને ચિત્રકામ નોંધપાત્ર છે. મંદિરોના ઘૂમટમાં રામલીલા દાણલીલા અને લોકજીવનના પ્રસંગ આલેખવામાં આવ્યા છે. આ બધાં મંદિરોની ચિત્રકલા વિશે માહિતી આપવી શક્ય નથી, પરંતુ અમદાવાદના કાળુપુર મંદિરમાંના શ્રીજી મહારાજના એક પ્રભાવક ચિત્રનો પરિચય સાધીએ. સ્વામિનારાયણ મંદિરમાં શ્રીમહારાજ પોતાની માણકી ઘોડી ઉપર બેસીને જેતલપુર પધાર્યા એ પ્રસંગનું સુંદર ચિત્ર છે. આ ચિત્રમાં શ્રીજી મહારાજની અલંકૃત પાઘડી અને ગળામાં અને હાથમાં ધારણ કરેલ અલંકારો ધ્યાન ખેંચે છે. હાથમાં પહેરેલાં કડાં અને પગમાં પહેરેલા તોડા, સાંકળાં અને મોજડી પણ આકર્ષક લાગે છે. એમની આગળ હાથમાં છડી લઈને એક સાધુ રસ્તાનું માર્ગદર્શન આપી રહ્યો હોય એમ લાગે છે, એ પોતાની ડોક વખતોવખત ફેરવી શ્રીજીનું દર્શન કરતો હોય એમ જણાય છે. પાછળના બે સાધુઓ પૈકી એકના હાથમાં ચામર છે અને બીજાના હાથમાં છત્ર છે. આ ત્રણેય સ્વામિનારાયણી સાધુઓની વેશભૂષા પરંપરાગત છે. માણકી ઘોડી કે જેના ઉપર શ્રીજી મહારાજ બેઠા છે તેનું આલેખન પણ ગતિમય દર્શાવાયું છે. એના માથાની કેશવાળી અને કલગી તેમજ એના આગળના બે પગમાં પહેરાવાયેલાં ઝાંઝર એની સુંદરતામાં વધારો કરે છે. એની પીઠ ઉપર લાદવામાં આવેલું જીન પણ અત્યંત કલાત્મક છે. જીનની કિનારીમાં

ફૂલપત્તીની ભાત નોંધપાત્ર છે. આ આખુંયે ચિત્ર ભાવવાહી અને ગતિમાન છે. નોંધપાત્ર હકીકત એ છે કે આલેખાયેલાં પાત્રોની આંખ એકચક્ષી છે, જેમાં પશ્ચિમ ભારતની લઘુચિત્રશૈલીની પરંપરા જળવાયેલી દેખાય છે (આ. ૫૭).

## ભિત્તિચિત્રો

ભીંતો પર ચિત્રો આલેખવાની પરંપરા આ સમયમાં ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચાલુ રહી હતી. રાજમહેલો હવેલીઓ દેવાલયો ધર્મશાળાઓ અને સુખી તેમજ સામાન્ય નાગરિકોનાં નિવાસસ્થાનોની ભીંતોમાં ચિત્ર આલેખવામાં આવતાં હતાં. ચિત્રોના વિષયોમાં પણ વૈવિધ્ય જોવા મળે છે. રામાયણ મહાભારત ભાગવતપુરાણ શિવપુરાણ અને ઢોલા–મારુની લૌકિક વાર્તામાંના પ્રસંગો તેમજ રાજસવારીનાં દૃશ્યો, દેવ–દેવીઓ અને રાજવીઓનાં વ્યક્તિગત ચિત્રોનું આલેખન આ ભિત્તિચિત્રોમાં જોવા મળે છે. આ સમયનાં ભિત્તિચિત્રો ભાવનગર પાસે શિહોરના રાજમહેલમાં અને રામજી મંદિરમાં, જામનગરના લાખોટા કોઠામાં (ભૂચરમોરીના યુદ્ધનાં દૃશ્ય), ભૂજના આયનામહેલમાં, કચ્છના તેરા ગામમાં, વડોદરાના તાંબેકરવાડામાં અને પાટણ ખેરાળુ વડનગર વિસનગર અમદાવાદ વગેરે નગરોમાં તેમજ કચ્છ સૌરાષ્ટ્રના કૂબાઓમાં જોવા મળે છે.

સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઘેર ઘેર ચિત્રકલાના નમૂના એક યા બીજા સ્વરૂપમાં જોવા મળે છે. ઘર અને જીવન શુષ્ક ન બને એ માટે એને રંગીન બનાવવા ગ્રામજનોએ સુશોભન શણગાર ચિત્રકલા ભરતગૂંથણ અને લીંપણનું શરણું લીધું છે. કેટલીય કોમોએ પોતાના કૂબામાં ગાર–માટીથી બનાવેલા ઓરડામાં કોઠલા મજૂસ કાંધી પાણિયારાં વગેરે ઉપર લીંપણ દ્વારા કે ચિતરામણોમાં વેલબુટ્ટીઓ પશુ-પક્ષીઓ દેવદેવીઓ અને પ્રકૃતિનાં દૃશ્યોનું આલેખન કરી જીવનને રમણીય બનાવવા પ્રયત્ન કર્યા છે.

લીંપણનાં ચિત્ર એ આ બંને પ્રદેશોની વિશેષતા છે. આ માટે ખાસ ગાર બનાવવામાં આવે છે. છાણ લાદ અને માટીનું મિશ્રણ કરી ભીંત ઉપર થાપા દેવામાં આવે છે. મોર પોપટ ગણપતિ કૃષ્ણ લક્ષ્મી વૃક્ષો હાથી ઘોડા અને બીજી અનેક આકૃતિઓ દોરવામાં આવે છે. દિવાળી તેમ લગ્ન કે અન્ય શુભ પ્રસંગે ભીંતો પર વિશેષ કરવામાં આવે છે.

આ બધાં ભિત્તિચિત્રોનો વિગતવાર પરિચય કરાવવો શક્ય ન હોઈ કેટલાંક નોંધપાત્ર ચિત્રો વિશે વિગતો જોઈએ.

## શિહોરનાં ભિત્તિચિત્રો

ભાવનગરની સ્થાપના થઈ તે અગાઉ શિહોર ગોહિલવાડની રાજધાની હતું. શિહોરના રાજમહેલની ભીંતમાં અમરેલી પાસેના ચિતળ ગામે ખેલાયેલા યુદ્ધનાં દશ્ય છે. આ ચિત્રોમાં યુદ્ધ માટે તૈયાર થતા યોદ્ધાઓનાં હૂબહૂ આલેખન છે. યોદ્ધાઓના હાથમાં ભાલા બરછી તલવાર જમૈયા ઢાલ વગેરે જોવા મળે છે. આ ચિત્રોમાં ક્યાંય તીર–કામઠાં નથી એ હકીકત નોંધપાત્ર છે. યુદ્ધમાં બંદૂક અને તોપોનો ઉપયોગ કરવામાં આવતો હતો એમ આ ચિત્રો ઉપરથી સ્પષ્ટ થાય છે. તોપના ગોલંદાજો ફિરંગીઓ હતા. સેનાના મોખરે નાગર વાણિયા બ્રાહ્મણ રાજપૂત વગેરે કોમોના શૂરવીર યોદ્ધા ચાલતા હતા. આ બધાં ચિત્રોમાં સૌરાષ્ટ્રી પહેરવેશ ધ્યાન ખેંચે તેવો છે, વિશેષ કરીને માથાની પાઘડીઓનો લંબગોળ ઘાટ. આ ચિત્રો પૈકીનું એક ચિત્ર યુદ્ધ માટે સવાર થયેલા આતાભાઈ ગોહિલનું છે. એમના એક હાથમાં ભાલો છે અને બીજા હાથમાં ઘોડાની લગામ પકડેલી છે. એમની કમરે તલવાર લટકે છે. એક સૈનિક એમને ચામર ઢોળે છે, તો બીજો રાજદંડ લઈને મોખરે ચાલે છે. બીજી બે વ્યક્તિ યુદ્ધના વાતાવરણને ઉત્તેજિત કરવા માટે શરણાઈ-વાદન કરતી બતાવાઈ છે. આતાભાઈ ગોહિલની પાછળ પણ શસ્ત્રધારી ઘોડેસવારો છે. આ ચિત્રમાં ઘોડાનું આલેખન જીવંત અને ગતિમાન છે. ઘોડાઓની કેશવાળી અને તરવરાટવાળી તેજીલી આંખોનું આલેખન કલાત્મક છે. એમની પીઠ ઉપર મૂકવામાં આવેલાં જીનની ભાત પણ સ્પષ્ટ જોઈ શકાય છે. આતાભાઈ ગોહિલની લાંબી મૂછો અને દાઢી પરના થોભા એમના પ્રભાવશાળી વ્યક્તિત્વમાં ઉમેરો કરે છે. આ ચિત્રો ઉપરથી ભાવનગરના મહારાજાએ નાનો ગંજીફો ઇંગ્લૅન્ડમાં છપાવ્યો હતો.

રાજમહેલ ઉપરાંત અહીંના રામજીમંદિરની ભીંતો ઉપર પણ ચિત્રો છે. આ ચિત્રો સો વર્ષ ઉપર આલેખવામાં આવ્યાં હોઈ તેઓના ઉપર મરાઠી પ્રભાવ જોવા મળે છે. સ્ત્રીપાત્રોના આલેખનમાં સૌરાષ્ટ્રી પહેરવેશ જોવા મળે છે. સ્ત્રીઓ ચોળી ચણિયો અને સૌરાષ્ટ્રી ઓઢણી ધારણ કરેલી દેખાય છે. એમના હાથપગના અલંકારોમાં પણ સૌરાષ્ટ્રની પરંપરા જોવા મળે છે. ચિત્રોનો વિષય નાગદમન દાણલીલા રામ–રાવણ–યુદ્ધ ગજેન્દ્રમોક્ષ, નિશાળે વિદ્યા પ્રાપ્ત કરવા માટે જતો પ્રહ્લાદ વગેરે છે. આ ચિત્રોની વિગતવાર માહિતી શ્રી ખોડીદાસ પરમારે[૫] 'શિહોરના રામજી મંદિરનાં ભીંતચિત્રો' વિશેના લેખમાં આપેલી છે.

આ સમયગાળામાં હાલ ગાંધીનગર જિલ્લામાં આવેલ વાસણ ગામના મહાદેવના મંદિરની છતમાં અને ભીંતો ઉપર પૌરાણિક ચિત્રોનું આલેખન થયેલું જોવા મળે છે, પરંતુ ચિત્રો સાવ ભૂંસાઈ ગયાં હોવાથી વિગતો આપી શકાતી નથી.

કચ્છના તેરા ગામના દેવમંદિરની ઓસરીમાં ચિત્રો છે, જેમાં ગોપીઓના વસ્ત્રાહરણનો પ્રસંગ ઉલ્લેખપાત્ર છે. કચ્છનાં અન્ય નગરો અને ગામડાંઓનાં મકાનોની ભીંતોમાં ચિત્રો આલેખવાની પરંપરા જળવાઈ રહેલી જોવા મળે છે. ભીંત ઉપર ચિત્રો આલેખવાની લોકચાહના એવી તીવ્ર હતી કે ભીંત તૈયાર થઈ ગયા પછી એમાં ચિત્રોનું આલેખન કરવામાં ન આવે તો ચણતરકામ અધૂરું લેખાતું. આ ચિત્રોમાં રામાયણ મહાભારત અને પુરાણોમાંથી પ્રસંગો લઈને આલેખન કરવામાં આવતું. ક્યારેક પ્રચલિત લોકવાર્તામાંથી કે લોકસંતોનાં જીવન-માંથી પ્રસંગો લઈને આલેખન કરવામાં આવતું. આ ભીંતચિત્રોમાં વનસ્પતિ અને પશુપંખીનું આલેખન પણ પરંપરાગત રીતે કરવામાં આવતું. શ્રી રામસિંહજી રાઠોડે કચ્છનાં ભીંતચિત્રોનો વિગતે પરિચય 'કુમાર'ના ૧૯૬૭ના કલાઅંકમાં કરાવ્યો છે.[૬]

ગુજરાત–સૌરાષ્ટ્રમાં અન્ય નગરો અને ગામોનાં મકાનોની ભીંતોમાં સુશોભન માટે ચિત્રકામ કરવામાં આવતું હતું. ઉત્સવ તહેવાર કે શુભ પ્રસંગે મકાન ધોળાવીને ફરીથી ચિત્રોનું આલેખન કરવામાં આવતું હતું. મોટાં નગરો કરતાં પણ ગામડાંઓમાં સામાન્ય ગ્રામજનોનો કલાપ્રેમ કેવો હતો એની સાક્ષી આ ભીંતચિત્રો પૂરે છે. ગુજરાતના લોકજીવનને ઉલ્લાસમય બનાવવામાં ચિત્રકલાએ નોંધપાત્ર પ્રદાન કર્યું છે એમ કહી શકાય.

### રંગભૂમિ અને ચિત્રકલા

આ સમયમાં પારસી ગુજરાતી અને ઉર્દૂ નાટક મંડળીઓને પોતાના ચિત્રકાર હતા. આ ચિત્રકારો પાસે ઐતિહાસિક પૌરાણિક ધાર્મિક અને સામાજિક નાટકોનાં જુદાં જુદાં દશ્યોનું આલેખન કરાવવામાં આવતું હતું. રાજમહેલ દરબાર હવેલીઓ, રાચરચીલા સાથેના બેઠકખંડો, તપોવનો વનો ઉપવનો બાગ–બગીચા વગેરેનું આલેખન ભપકાદાર રીતે નાટકની જરૂરિયાત ધ્યાનમાં રાખીને કરાવવામાં આવતું. આ ચિત્રોની એક વિશેષતા એ હતી કે કવિ એટલે કે નાટ્યલેખક દિગ્દર્શક, નાટક કંપનીના માલિક અને નટો સાથે બેસીને નાટકના દશ્યની જરૂરિયાતો ધ્યાનમાં રાખીને ચિત્રકાર પાસે પડદા તૈયાર કરાવતા હતા. પડદા ઉપરાંત ઝાલરો અને વિંગોનું આલેખન પણ જરૂરિયાત પ્રમાણે કરાવવામાં આવતું. નડિયાદના કવિ નાટ્યકાર અને ચિત્રકાર ફૂલચંદ માસ્તરનું નામ જાણીતું છે.

### ૨. નૃત્યકલા

બ્રિટિશ સત્તાની સ્થાપનાના સમયે ગુજરાતનું રાજકીય અને સામાજિક જીવન છિન્નભિન્ન થઈ ગયું હતું, પરંતુ પ્રજાના સંસ્કારજીવનના ધબકારા ચિત્ર

નૃત્ય નાટ્ય સંગીત વગેરે કલાઓના બેડાણ દ્વારા ચાલુ રહ્યાં હતા. આ સમયે ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં જે દેશી રાજ્ય હતાં તેઓમાં ચિત્રકારો નૃત્યકારો ગાયકો અને વાદકોને તેમજ ભાટ–ચારણોને રાજ્યાશ્રય આપવામાં આવતો હતો, જેથી કલાને પ્રોત્સાહન મળતું હતું. કેટલાક કલાપ્રેમી રાજવીઓએ સંગીત નૃત્ય અને નાટ્ય જેવી કલાને રાજદરબારમાંથી પ્રજાની વચમાં જાહેરમાં મૂકી દીધી હતી. પરિણામે કલાના સ્પર્શ દ્વારા સામાન્ય જનતાની સંસ્કારની ભૂખ સંતોષાતી હતી. રાજદરબારમાં અને શ્રેષ્ઠીઓની હવેલીઓમાં તવાયફો અને વારાંગનાઓના નૃત્યના જલસા શુભ પ્રસંગોએ યોજવામાં આવતા હતા. આ નૃત્ય મોટે ભાગે કથકશૈલીનું રહેતું.

ગુજરાતના ગામેગામ ભવાઈ મંડળીઓ ફરતી હતી અને લોકનૃત્ય–નાટ્ય દ્વારા મનોરંજન કરી પ્રજાને સંસ્કાર અને શિક્ષણ આપવાનું કાર્ય કરતી હતી. ભવાઈ રમનારાઓમાં કેટલાકમાં વિકૃતિઓ પ્રવેશી ગઈ હોવાથી ભવાઈ પ્રત્યે શિક્ષિત વર્ગમાં એક પ્રકારની સૂગ પેદા થઈ હતી. આ સમયગાળામાં જે ભવાઈઓ ભજવાતી હતી તેઓમાં નૃત્ય અને સંગીતની અવનતિ થઈ હતી અને અભિનયમાં અશ્લીલપણું પ્રવેશ્યું હતું. નાટ્ય અને રંગભૂમિના વિભાગમાં આ અંગે વિગતે ચર્ચા કરી છે. ભવાઈ નૃત્ય ઉપરાંત નગરોમાં અને ગામડાંઓમાં ગરબા ગરબી અને રાસનો નૃત્યપ્રકાર લોકપ્રિય હતો. ગુજરાતની આદિમ જાતિઓ પણ ઋતુઓ અને ઉત્સવો પ્રમાણે નૃત્યો કરતી હતી. આ જાતિઓનાં નૃત્યોમાં લાકડીનૃત્ય ઢોલનૃત્ય હાલીનૃત્ય ભાલાનૃત્ય ઇત્યાદિ પ્રચારમાં હતાં. સુરત ભરૂચ રાજપીપળા અને પંચમહાલની આદિમ જાતિઓને પોતાનાં આવાં વિશિષ્ટ લોકનૃત્ય છે. ગુજરાતને વિશાળ સાગરકાંઠો હોવાથી ત્યાં વસતા માછીમારો પણ પોતાની વિશિષ્ટ શૈલીમાં નૃત્યો કરે છે અને આબવાણી ગાય છે. સૌરાષ્ટ્રમાં ભાલકાંઠાના પઢારોનું પઢારનૃત્ય પણ ઉલ્લેખપાત્ર છે. ગીરનાં જંગલોમાં જે સીદીઓ વસે છે તેમના સીદીનૃત્યનો પણ ઉલ્લેખ કરવો જોઈએ. સીદીઓની વસ્તી ગિરનારના જંબૂર ગામે છે. તેઓ ધાર્મિક અને સામાજિક ઉત્સવ પ્રસંગે આ પ્રકારનું નૃત્ય કરે છે. આ સીદીઓ મુસ્લિમ હોવા છતાં હિંદુ દેવદેવીઓની ઉપાસના કરે છે અને નૃત્ય કરતી વખતે એમનાં નામોનું ઉચ્ચારણ પણ કરે છે! નૃત્ય કરતી વખતે સીદીઓ વર્તુલાકારે એકત્ર થાય છે અને એમની વચમાં એક સીદી કૂદકા સાથે નૃત્ય કરતો હોય છે. એમનું નાનું ઢોલક અને તૂંબડાવાળું જંતર આ વખતે સતત વગાડવામાં આવે છે.

સૌરાષ્ટ્રનાં અત્યંત લોકપ્રિય એવાં ટીપણી ગોફગુંથન દાંડિયારાસ વગેરેનો પણ ઘણો પ્રચાર આ સમયમાં હતો.

આ સમયગાળામાં ગુજરાતી રંગભૂમિનો જન્મ થયો. ગુજરાતી નાટકોની એક વિશેષતા એનો ગરબો હતી. નાટકમાં ગવાતા અને નૃત્યમાં રજૂ થતા ગરબાએ પ્રેક્ષકોની લોકચાહના મેળવી હતી. નાના કિશોરવયના છોકરા કન્યાઓનો વેશ ધારણ કરતા હતા અને ગુજરાતણના જેવી હલકથી ગરબો રજૂ કરતા હતા.

આ સમયમાં જે હસ્તપ્રતો અને ધાર્મિક પટોનું આલેખન કરવામાં આવ્યું તેઓમાં પણ નૃત્યના પ્રસંગ જોવા મળે છે. જૈન અને જૈનેતર હસ્તપ્રતોમાં ધાર્મિક અને સામાજિક પ્રસંગોએ રજૂ થતાં નૃત્ય વૈયક્તિક અને સામૂહિક જોવા મળે છે. વૈયક્તિક નૃત્યોમાં ખાસ કરીને નૃત્યકાર તરીકે વારાંગનાનું આલેખન જોવા મળે છે, જ્યારે સમૂહનૃત્યમાં ક્યારેક એકલી સ્ત્રીઓનું તો ક્યારેક સ્ત્રી–પુરુષોનું આલેખન જોવા મળે છે. આ સમયના સૌરાષ્ટ્રમાં ચિત્રિત કરાયેલા એક હિંદુ ધાર્મિક પટમાં નટનર્તકીનું દૃશ્ય આલેખવામાં આવ્યું છે, આ દૃશ્યમાં નૃત્ય કરતાં કરતાં નર્તકી હાથ અને માથું નીચું રાખી પગથી તીર છોડતી બતાવાઈ છે (આ. ૫૫). એક બીજા ચિત્રમાં નર્તકીને માથા ઉપર બેડું મૂકીને ગતિમાં નૃત્ય કરતી બતાવાઈ છે. તેની પાછળ વાદ્યકારો છે (આ. ૫૬). આ બંને ચિત્રોમાં ગુજરાત-સૌરાષ્ટ્રની વિશિષ્ટ નૃત્યકલાનાં દર્શન થાય છે.

આ સમયગાળામાં જે જૈન અને હિંદુ મંદિરો બાંધવામાં આવ્યાં તેઓમાં પણ મંદિરોનાં જંઘા મંડોવર અને થાંભલાઓમાં નૃત્ય કરતી નૃત્યાંગનાઓ અપ્સરાઓ અને વાદ્ય વગાડતા ગાંધર્વોનાં કલાત્મક શિલ્પ છે. અમદાવાદમાં આવેલ હઠીસિંહનાં દહેરાંની કલાત્મક નૃત્યાંગનાઓ વિશેષ ઉલ્લેખપાત્ર છે. આ મંદિરના પ્રત્યેક વિભાગમાં નૃત્યમાં રત એવી અપ્સરાઓ અને નર્તકીઓ જોવા મળે છે. નર્તકીઓની અંગભંગી અને મુખના ભાવ અત્યંત કલાત્મક છે. પગમાં ઘૂઘરા બાંધતી કે અળતો લગાડતી નર્તકીઓનાં શિલ્પ ઘણાં મોહક છે. અહીં કંડારાયેલી એકેએક નૃત્યાંગનાની અંગભંગી કલાત્મક અને લયબદ્ધ છે. આ સમયગાળામાં બાંધવામાં આવેલ અમદાવાદ જેતલપુર મૂળી જૂનાગઢ વઢવાણ ગઢડા ધોચાસણ વડતાલ ઇત્યાદિ સ્થળોનાં સ્વામિનારાયણ મંદિરોમાં પણ ગાયન વાદન અને નર્તનનાં કલાત્મક શિલ્પ લાકડામાં અને પથ્થરમાં કંડારેલાં જોવા મળે છે. આ સમયમાં ગુજરાતમાં બાંધવામાં આવેલી હવેલીઓની કાષ્ઠકલામાં પણ કલાત્મક નૃત્યાંગનાઓ જોવા મળે છે. અમદાવાદ પાલનપુર સિદ્ધપુર પાટણ સુરત ભરૂચ ખંભાત ઇત્યાદિ સ્થળોની હવેલીઓનાં કાષ્ઠશિલ્પ આ વાતની સાક્ષી પૂરે છે.

આ બધા ઉલ્લેખો પરથી કહી શકાય કે આ સમયમાં લોકજીવનને ધબકારવંતું રાખવામાં નૃત્યકલાએ અગત્યનો ભાગ ભજવ્યો હતો.

## ૩. નાટ્યકલા અને રંગભૂમિ

ઓગણીસમી સદીમાં ગુજરાતના સામાજિક અને સાંસ્કૃતિક જીવનના ઘડતરમાં રંગભૂમિએ અગત્યનો ભાગ ભજવ્યો છે. ગુજરાતની રંગભૂમિનો ઇતિહાસ ભાતીગળ છે. એનો જન્મ ક્યારે ક્યાં અને ક્યા સંયોગોમાં થયો એની ચર્ચા એક યા બીજા સ્વરૂપમાં નાટ્યસંમેલનો અને શતાબ્દી તેમજ સવા શતાબ્દીની ઉજવણી પ્રસંગે કરવામાં આવી છે. એક હકીકત સ્પષ્ટ છે કે બાંધેલી નાટકશાળાઓ ન હતી તે અગાઉ ગુજરાતનાં ગામડાંઓમાં ભવાઈ મંડળીઓ ફરતી હતી અને મનોરંજન દ્વારા સામાન્ય જનતામાં શિક્ષણ આપવાનું કામ કરતી હતી. ભવાઈ એના અસલ સ્વરૂપમાં આદ્ય શક્તિનું ભાવન હતી અને એ મંદિરના આંગણામાં રમાતી હતી. સમય જતાં ભજવનારાઓમાં વિકૃતિ આવી અને એમાં સંગીત-નૃત્યને બદલે અભિનયમાં અશ્લીલપણું પ્રવેશ્યું. પરિણામે શિક્ષિત વર્ગમાં ભવાઈ પ્રત્યે એક પ્રકારની સૂગ ઊભી થઈ. શ્રી રણછોડભાઈ ઉદયરામ જેવા સાક્ષરને પોતાના વતન મહુધામાં કજોડાનો વેશ જોઈને ભારે ખેદ થયો હતો. આ વેશ જોયા પછી તેઓ પોતે જાણે ભરતમુનિ હોય એવી લાગણી ઉશ્કેરાઈ આવી હતી.[૭] ભવૈયાઓની સ્થિતિ સુધારવા માટે એમણે પ્રયત્નો કર્યા અને નાટ્યપ્રવૃત્તિનો આરંભ કર્યો. ભવાઈ પ્રત્યે સૂગ હોવા છતાં મહીપતરામ રૂપરામ નીલકંઠ જેવાને એ સંગ્રહ કરવા જેવી લાગી હતી. ઘણા નાટ્યલેખકો અને કલાવિવેચકો માને છે કે ભવાઈમાંથી અર્વાચીન ગુજરાતી નાટકનો જન્મ થયો. આ હકીકત સાવ પાયા વિનાની છે. ભવાઈ અને અર્વાચીન ગુજરાતી નાટકને સ્નાન–સૂતકનો પણ સંબંધ નથી. આ બાબતમાં શ્રી ચંદ્રવદન મહેતા શ્રી નરસિંહરાવ દિવેટિયાના મતને સમર્થન આપતાં કહે છે: "શ્રી નરસિંહરાવ દિવેટિયા લખી ગયા છે કે આપણાં નાટકો ભવાઈમાંથી આવ્યાં નથી. વિદ્વાન ગુરુવર્ય સાથે સહમત છું. ભવાઈઓ સ્વતંત્ર રીતે વિકસી હતી, વંઠી પણ હતી. ભવાઈમાંથી થોડા નટો નાટકમાં સામેલ થયા હતા. નાટકોનું મૂળ ભવાઈ જ છે એ વાત બરાબર બેસતી નથી."[૮] શ્રી ચંદ્રવદન મહેતાના આ વિધાનમાંથી એક વાત સ્પષ્ટ થાય છે કે ભવાઈ કરનાર ત્રાગાળા–નાયક ભોજક કોમમાંથી થોડાક નટો ગુજરાતની રંગભૂમિને મળ્યા. ઓગણીસમા સૈકામાં જે નાટક મંડળીઓ મુંબઈ સુરત અમદાવાદ અને કચ્છ-સૌરાષ્ટ્રમાં જન્મી તેનો ઇતિહાસ તપાસતાં જણાય છે કે થોડાક નહિ પણ વધારે પ્રમાણમાં નટો નાયક–ભોજક કોમમાંથી રંગભૂમિને મળ્યા છે. અભિનય સંગીત અને નૃત્યના ક્ષેત્રમાં આ નટોએ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. એમણે શિક્ષણ ઓછું લીધું હોવા છતાં એમની સમજ અને તર્કશક્તિને કારણે અભિનય દ્વારા ભજવાતાં

નાટકોને ઘણી સિદ્ધિ અને પ્રસિદ્ધિ અપાવી શક્તા હતા. શરૂઆતના દિવસોમાં જ્યારે સ્ત્રીઓ રંગભૂમિ ઉપર ભૂમિકા ભજવતી ન હતી ત્યારે આ કોમના નટોએ સ્ત્રીપાત્રોની ભૂમિકા સફળ રીતે ભજવી હતી, જે ભૂમિકાઓ એમનાં નામ સાથે જોડાઈ ગઈ હતી. દા. ત., જયશંકર "સુંદરી," ત્રીકમ "કુમુદ," સોમનાથ "કલ્યાણી," પ્રભાશંકર "રમણી," ભોગીલાલ "માલતી" ઇત્યાદિ. આ હકીકત સમજાવતાં સને ૧૯૩૭માં અમદાવાદમાં ભરાયેલી રંગભૂમિ પરિષદના પ્રથમ અધિવેશનના પ્રમુખ સ્વ. રમણલાલ વસંતલાલ દેસાઈએ પોતાના વ્યાખ્યાનમાં જણાવેલું : "ભવાઈ એ ગુજરાતે જ ઊભી કરેલી નાટયરચના છે. એને આપણે ભલે હસી કાઢીએ. કોઈ પણ અસભ્ય કે અણગમતા પ્રસંગને તિરસ્કારવા માટે તેને ભવાઈ સાથે ભલે સરખાવીએ, પરંતુ ગુજરાતની રંગભૂમિના ઇતિહાસકારથી ભવાઈને બાજુએ મુકાય એમ નથી. એમાંથી જ નવીન રંગભૂમિએ મોટે ભાગે પોતાનો નટવર્ગ મેળવ્યો છે, એમાંથી નવીન રંગભૂમિને કેટલુંક સુંદર સંગીત અને કેટલાક સુંદર સંગીતકાર મળ્યા છે. નવીન રંગભૂમિ આ ભવાઈને લીધે ઘણાં તૈયાર સાધનોનો ઉપયોગ કરી શકી."[૯] ગુજરાતની રંગભૂમિને નાયક–ભોજક કોમ ઉપરાંત પારસી બ્રાહ્મણ બ્રહ્મભટ્ટ મુસ્લિમ-મીર વગેરે કોમમાંથી પણ ઉત્તમ નટ મળ્યા છે. નોંધવા લાયક એક બાબત એ છે કે ઉત્તર ભારત અને મહારાષ્ટ્રમાંથી કેટલાક નટોએ ગુજરાતી રંગભૂમિ ઉપર કામ કરીને ઉજ્જવળ ખ્યાતિ મેળવી હતી. ઈ.સ. ૧૮૭૫ પહેલાં મુંબઈમાં તખ્તા ઉપર ઊતરનાર સૌ પ્રથમ યુરોપીય સન્નારી કુ. મેરી ફેન્ટન હતી. પારસણ ઉપરાંત વાણિયણની ભૂમિકા ભજવીને એણે વાહવાહ પોકારાવી હતી. વાણિયણ તરીકે એણે તખ્તા ઉપર કૂટવાનો આબાદ અભિનય કર્યો હતો.[૧૦] આ પછી બૅન્ડર મોતીજાન આગાજાન મુન્નીબાઈ મોતીબાઈ વગેરે નટીઓએ ગુજરાતી રંગભૂમિને પોતાનાં અભિનય અને સંગીત વડે સમૃદ્ધ કરી. રંગભૂમિની શરૂઆતની કારકિર્દીના નટ–નટીની આટલી વિગતો પછી આ સમયમાં મુંબઈ અને અમદાવાદમાં બાંધવામાં આવેલાં પાકાં થિયેટરોની વિગતો તપાસીએ.

## થિયેટરો–નાટ્યગૃહોનાં બાંધકામ

ગુજરાતી નાટક અને રંગભૂમિનો વિકાસ ભવાઈમાંથી નહિ, પરંતુ પશ્ચિમની કેળવણી અને સભ્યતાના પ્રભાવ હેઠળ થયો છે. આ સમયગાળામાં બંદર તરીકે સુરતની પડતી થઈ હતી અને મુંબઈનો વિકાસ થયો હતો. મુંબઈમાં અંગ્રેજોની વસ્તી ઠીક ઠીક હતી. મુંબઈમાં પહેલવહેલું નાટ્યગૃહ બાંધવામાં આવ્યું તેનો ઇતિહાસ છે. મુંબઈમાં અંગ્રેજો માટે થિયેટર હોવું જોઈએ એમ

એમ બ્રિટિશ સરકારને લાગતું હતું. આ માટે ૮૦ અંગ્રેજોનો ફાળો એકત્રિત કરી રૂ. ૧૪,૦૨૫ ઊભા કર્યા. સરકારે જમીન આપી. થિયેટર બાંધવાની જવાબદારી મેસર્સ ફાર્બસ કંપનીએ લીધી અને ઈ.સ. ૧૭૭૦માં મુંબઈમાં એલ્ફિન્સ્ટન સર્કલ પર થિયેટર બાંધવામાં આવ્યું, જેનું નામ "બૉમ્બે થિયેટર" રાખવામાં આવ્યું. અહીં અંગ્રેજી નાટકો ભજવાતાં હતાં, પરંતુ કાર્યક્રમોના આયોજનમાં ભારે ખોટ આવવાથી આ થિયેટરની પ્રવૃત્તિઓ અટકી ગઈ. આ થિયેટર શ્રી જમશેદજી જીજીભાઈએ રૂપિયા પચાસ હજારમાં ખરીદી લીધું, જે પાછળથી રૂ ભરવાની વખાર બની ગયું[૧૧]!

આ થિયેટરમાં જે અંગ્રેજી નાટકો અને પ્રહસનો ભજવાતાં તેઓમાંથી પ્રેરણા લઈને પારસીઓએ પારસી–ગુજરાતી થિયેટરને વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું. 'પારસી પ્રકાશ'માં શ્રી બ. બે. પટેલ નોંધે છે કે "મુંબઈ મધ્યે ગુજરાતી ભાષામાં નાટકો કરનારી એકે ય ટોળી ન હોવાથી કેટલાક કેળવણી પામેલા પારસી ગૃહસ્થોની આગેવાની હેઠળ આ સાલમાં પહેલવહેલી એક પારસી નાટક મંડળી સ્થાપવામાં આવી હતી. તે મંડળીએ આજે રાત્રે ગ્રાન્ટ રોડની નાટકશાળામાં 'રૂસ્તમ અને સોરાબ'નો નાટક તથા 'ધનજી ગરક'નો ફારસ કરી બતાવ્યો હતો. પારસીઓમાં નાટકનું કામ આ પહેલવહેલું હોવાથી નાટકશાળા તમાસગીરોથી ઊભરાઈ ગઈ હતી."[૧૨] પારસી નાટકોનો આ પ્રથમ સફળ પ્રયોગ ૨૯ ઑગસ્ટ, ૧૮૫૩ના રોજ કરવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૮૪૨માં રંગભૂમિના ચાહક શ્રી જગન્નાથ શંકરશેઠ નામના મહારાષ્ટ્રીએ મુંબઈમાં ગ્રાન્ટ રોડ ઉપર પોતાની માલિકીનું થિયેટર બંધાવ્યું હતું. ઈ.સ. ૧૮૭૦માં વિક્ટોરિયા થિયેટરના પાયા મુંબઈમાં નખાયા. એ સમયનાં સુંદર થિયેટરોમાં કુંવરજી નાઝરના 'ગેઇટી'ની પણ ગણના કરવામાં આવતી. એનો ઉદ્‌ઘાટન વિધિ મુંબઈના ગવર્નર સર રિચર્ડ ટેમ્પલે કર્યો હતો. એ પછી ખુરશેદજી બાલીવાલાએ પોતાની નૉવેલ્ટી નાટકશાળા માટે 'એક્સેલશિયર' ઊભું કર્યું.[૧૩] ગેઇટી થિયેટરમાં મુંબઈ ગુજરાતી નાટકમંડળી પોતાનાં નાટક ભજવતી હતી. ભાંગવાડીનું પ્રિન્સેસ થિયેટર પૂરું બંધાયું ન હતું. આ પછી મુંબઈમાં બીજાં અનેક થિયેટર બાંધવામાં આવ્યાં.

આ સમયગાળામાં અમદાવાદમાં જ્યારે પાકું થિયેટર ન હતું ત્યારે નાટકો જ્ઞાતિનાં પંચોની વાડીમાં વાંસના કાચા માંડવા બાંધીને ભજવવામાં આવતાં હતાં. વીજળી ન હતી તેથી નાટકનાં દશ્યો માટે પ્રકાશ–આયોજન મશાલો કે કપાસિયાના દીવા પ્રગટાવી કરવામાં આવતું હતું, જેમાં આગ લાગવાનું મોટું જોખમ રહેતું! અમદાવાદની આવી વાડીઓમાં નાગોરીશાળાની વાડી, માનાભાઈની

વાડી, મગનભાઈની વાડી, ડાહ્યાભાઈની વાડી, બ્રહ્મચારીની વાડી અને ગોસાંઈજીની વાડી મુખ્ય હતી. નાટક જોવા માટે પ્રેક્ષકોને બેસવા મોટો ખાડો ખોદવામાં આવતો અને ખાડાની માટી ઉપર નાટક ભજવવા માટે લાકડાનું કામચલાઉ પીઠ ઊભું કરવામાં આવતું હતું. આવા માંડવાના થિયેટરની દીવાલ કંતાન કે પતરાંથી તૈયાર કરવામાં આવતી. અમદાવાદની આવી એક નગરશેઠના વંડાની વાડીમાં શ્રી કેશવલાલ અધ્યાપકનું 'સંગીત લીલાવતી' નાટક ઈ.સ. ૧૮૮૮માં ભજવાયું હતું. મળતી માહિતી પ્રમાણે ઈ.સ. ૧૮૯૪માં ઘીકાંટા રોડ ઉપર 'આનંદભવન થિયેટર' બાંધવામાં આવ્યું. આ થિયેટરમાં અમદાવાદના દેશી નાટક સમાજના ઉપક્રમે સ્વ. ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરીએ 'સંગીત લીલાવતી' નાટક ભજવ્યું હતું. આ સ્થળે આજે નોવેલ્ટી સિનેમાનું થિયેટર છે. આ પછી ઈ.સ. ૧૮૯૮માં બ્રહ્મચારી વાડીમાં 'શાંતિભુવન થિયેટર' બાંધવામાં આવ્યું. અહીં પણ ગુજરાતી મંડળીઓ નાટક ભજવતી હતી. આ સ્થળે આજે અશોક ટોકીઝનું થિયેટર આવેલું છે. આ પછી ઘીકાંટા ઉપર 'ભારતભુવન થિયેટર' અને 'માસ્તર થિયેટર' બાંધવામાં આવ્યાં. ચલચિત્રોનું આગમન થયું તે પહેલાં આ થિયેટરોમાં અનેક નાટકમંડળી આવતી અને પોતાનાં જૂનાંનવાં નાટક રજૂ કરતી હતી. અત્યારે માન્યામાં ન આવે કે આ થિયેટરો નાટ્યરસિક પ્રેક્ષકોથી ઊભરાતાં હતાં અને પોતાનાં મનગમતાં ગીતોના અનેક 'વન્સ મોર' માણી પ્રેક્ષકો મોડી રાત્રે ઘેર પાછાં ફરતાં હતાં. આ સમયગાળામાં ગુજરાત-સૌરાષ્ટ્રમાં અન્ય સ્થળોએ માંડવા બાંધી નાટક રજૂ કરવામાં આવતાં હતાં.

સૌરાષ્ટ્ર અને કચ્છમાં જે દેશી રાજ્ય હતાં તેઓના રાજવીઓ નાટકના શોખીન હતા. કેટલાક રાજવીઓના મહેલોમાં પોતાની નાની નાટકશાળા અને સંગીતશાળા હતી. આ રાજવીઓ મુંબઈ સુરત અને અમદાવાદની નાટક મંડળીઓના નટોને પોતાના રાજદરબારમાં બોલાવી એમનું આદરપૂર્વક સ્વાગત કરતા હતા અને એમનાં બોધપ્રધાન નાટક માણતા હતા. લીંબડીના ઠાકોરને પોતાની આગવી નાટકશાળા હતી. આ નાટકશાળા આજે હાઈસ્કૂલમાં ફેરવાઈ ગઈ છે. જૂનાગઢના છેલ્લા નવાબ મહાબતખાનજી ત્રીજા પણ રંગભૂમિના ભારે રસિયા હતા. પ્રાપ્ત થતી વિશ્વસનીય માહિતી પ્રમાણે તેઓ જાતે નાટકોમાં ઊતરતા હતા અને નાની મોટી ભૂમિકાઓ ભજવતા હતા. આ નાટક જોવાની માત્ર રાજકુટુંબના સભ્યોને જ છૂટ હતી! એમના દરબારમાં નાટક અને સંગીતના ઘણા કલાકારોને આશ્રય આપવામાં આવતો હતો. ભજવાતાં નાટકોનાં અભિનય અને સંગીતથી ખુશ થઈને કલાકારોનું તેઓ પોતાના દરબારમાં જાહેર સંમાન પણ કરતા હતા.

રંગભૂમિના ઇતિહાસનું એક નોંધાયેલ ઉદાહરણ આપું. ભાવનગરમાં દેશી નાટક સમાજ લઈને શ્રી ડાહ્યાભાઈ ધોળશાજી નાટકો ભજવવા ગયા હતા. કોઈ આકસ્મિક કારણસર માંડવામાં આગ લાગી. નાટક કંપનીનો બધો સરસામાન બળીને ખાખ થઈ ગયો હતો. કમ્પનીના માલિક શ્રી ડાહ્યાભાઈ ઘણા હતાશ થઈ ગયા. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ડાહ્યાભાઈનાં નાટકોના અનન્ય ચાહક અને પ્રશંસક હતા. એમણે ડાહ્યાભાઈની કમ્પનીને બેઠી કરવા મોટી રકમ ઉદાર ભાવે આપી. પરિણામે દેશી નાટક સમાજ જીવંત બન્યો. રંગમંચની ઉપરની ઝાલર ઉપર લખવામાં આવતું "સેનાખાસખેલ સમશેર બહાદુર મહારાજા સયાજીરાવ ગાયકવાડ આશ્રિત."

## નાટકમંડળીઓ

આપણે જોયું કે ગુજરાતી રંગભૂમિની શરૂઆતની કારકિર્દીમાં પારસીઓએ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. મુંબઈમાં ઈ.સ. ૧૮૫૩માં પારસી નાટક મંડળીની સ્થાપનામાં દાદાભાઈ નવરોજી, ખુરસેદજી નશરવાન કામા, ધનજીભાઈ નશરવાનજી કામા, અરદેશર ફરામજી મુસ, સોરાબશાહ ફરામજી મુસ, જહાંગીરજી બરજોરજી વાચ્છા, ડૉક્ટર ભાઉ દાજી વગેરે અગ્રગણ્ય નાગરિકો હતા. ઈ.સ. ૧૮૬૧માં કુંવરજી સોરાબજી નાઝરે એલ્ફિન્સ્ટન ડ્રામેટિક ક્લબની સ્થાપના કરી. ડૉ. ધનજી-ભાઈ પટેલના જણાવ્યા પ્રમાણે આ મંડળમાં મુંબઈના પારસી જજો, બૅરિસ્ટરો, ઈન્કમટેક્સ કલેક્ટર, ડિરેક્ટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન વગેરે હતા.[૧૪] એમણે મુંબઈમાં બોરીબંદર સ્ટેશન પાસે જગ્યા મેળવી "ગેઇટી" થિયેટર બંધાવ્યું હતું. શરૂઆતમાં એમાં અંગ્રેજી નાટકોના અનુવાદ ગુજરાતીમાં કરી ભજવાતા હતા. "અલાદીન અને જાદુઈ ફાનસ" તથા "ઇન્દ્રસભા" નાટકોમાં ઘણી યાંત્રિક કરામતો રજૂ કરીને પ્રેક્ષકોને આંજી દીધા હતા. એ પછી દાદાભાઈ રતનજી ધૂથીએ નાટક મંડળી સ્થાપી હતી, જે કલકત્તામાં ગુજરાતી અને ઉર્દૂ નાટકો રજૂ કરતી હતી. આ સમયગાળામાં મુંબઈમાં સ્થાપવામાં આવેલ એલ્ફિન્સ્ટોનિયન મંડળ અને સ્ટુડન્ટ એમેચ્યોર ક્લબ દ્વારા અંગ્રેજીમાં શેક્સપિયરનાં નાટક રજૂ કરવામાં આવતાં હતાં. ઈ.સ. ૧૮૫૩થી ૧૮૬૦ના ગાળામાં ૨૦થી ૨૫ જેટલી ગુજરાતી નાટક મંડળી અસ્તિત્વમાં આવી, જેના માલિકો પારસી હતા. આવા માલિકોમાં દાદાભાઈ રતનજી ધૂથી, સોરાબજી ઓગરા, કાવસજી ખટાઉ, ખુરશેદજી બાલીવાલા વગેરે મુખ્ય હતા. આ પછી આર્ય સુબોધ નાટક મંડળી, મોરબી આર્ય સુબોધ નાટક મંડળી, વાંકાનેર આર્યહિતવર્ધક નાટક મંડળી, મુંબઈ ગુજરાતી નાટક મંડળી, સુબોધ ગુજરાતી નાટક મંડળી, વાંકાનેર

વિદ્યાવર્ધક નાટક મંડળી, શ્રી અમદાવાદ ગુજરાતી નાટક મંડળી, શ્રી દેશી નાટક સમાજ, શ્રી રાજનગર નાટક સમાજ, શ્રી આર્યનૈતિક નાટક સમાજ વગેરે પ્રચારમાં આવી. ઈ.સ. ૧૮૬૦ થી ઈ.સ. ૧૯૧૪ સુધીના ગાળામાં ગુજરાત –સૌરાષ્ટ્રમાં લગભગ સવા બસો જેટલી નાટક મંડળી હતી, જે મોટાં નગરોમાં પૌરાણિક ઐતિહાસિક અને સામાજિક નાટકો ભજવીને પ્રજાનું મનોરંજન દ્વારા સંસ્કાર–સિંચન કરતી હતી. આ નાટક મંડળીઓને વ્યવસાયી કે ધંધાદારી કહેવીને એઓનું મૂલ્યાંકન ગુજરાતની રંગભૂમિના ઇતિહાસમાં ઓછું આંક્યું એ વાત બરાબર નથી. શરૂઆતમાં આ નાટક મંડળીઓના માલિકોના રંગભૂમિ અંગેના ખ્યાલ ઘણા ઉચ્ચ અને આદર્શવાદી હતા. એમની નાટક મંડળીમાં દાખલ થનાર નટની ઘણી કાળજી લેવાતી. નટોને અભિનય નૃત્ય અને સંગીતની પદ્ધતિસરની તાલીમ આપવામાં આવતી. એમની તંદુરસ્તીની પણ ઘણી કાળજી લેવાતી. મંડળીઓમાં નટને કેવી તાલીમ આપવામાં આવતી હતી એની વિગતો શ્રી જયશંકર સુંદરીએ ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૨ મા વિલેપારલે અધિવેશન વખતે કલાવિભાગના પ્રમુખ તરીકેના ભાષણમાં આપી છે. આ ઉપરાંત એમની આત્મકથા "થોડાંક આંસુ : થોડાંક ફૂલ"માં પણ વિગતો આપી છે. શ્રી અમૃત જાનીએ પોતાના "અભિનયપંથે" માં પણ વિગતો આપી છે. રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટે પોતાની આત્મકથા "સ્મરણમંજરી"માં પણ આ અંગે કેટલીક રસિક વિગતો નોંધી છે. શ્રી પ્રાગજી ડોસાએ "તખતો બોલે છે, ભાગ ૧ અને ૨"માં પણ નાટક કમ્પનીના માલિકો દિગ્દર્શકો અને કલાકારોની વિગતો આપી છે. આ સમયગાળાની નાટક મંડળીઓનો કેટલોક ઇતિહાસ 'ગુજરાતી નાટ્ય'ના જુદા જુદા અંકોમાં શ્રી જયંતીલાલ ત્રિવેદીએ "ઇતિહાસની દૃષ્ટિએ" વિભાગમાં આપવા પ્રયત્ન કર્યો છે.

આ નાટક મંડળીઓ ગુજરાત બહાર કલકત્તા હૈદરાબાદ કરાંચી દિલ્હી અને રંગૂન સુધી પોતાનાં નાટક ભજવતી અને અજબ લોકચાહના મેળવતી હતી. શ્રી ચંદ્રવદન મહેતા "નક્કર હકીકતોના ટૂંક સાર"માં નોંધે છે : ૧૮૮૫ માં બાલીવાલાએ હિંદ બહાર બર્મા જાવા અને સિયામ સુધી નાટકો કરી નામના મેળવી હતી, આખરે થિબોરાણો ખુશ થતાં, એણે પોતાને હિસાબે સ્ટીમર ચાર્ટર કરી બાલીવાલાને લન્ડનમાં નાટક કરવા ઇંગ્લૅન્ડ મોકલ્યા હતા. પાછા ફરતાં કોન્સ્ટન્ટિનોપલ એડન વગેરે સ્થળોએ નાટકો કર્યાં હતાં, જેમાં 'હરિશ્ચંદ્ર'નું ગુજરાતી અને 'હરિશ્ચંદ્ર'નો હિંદુસ્તાની અનુવાદ ખાસ નાટક હતું.[૧૫] પ્રાપ્ત થતી વિગતો પરથી કહી શકાય કે ગુજરાતી રંગભૂમિનો આ સમય એની સમૃદ્ધિની પરાકાષ્ઠાનો હતો.

## ખ્યાતનામ નાટ્યલેખકો દિગ્દર્શકો અને નટો

ગુજરાતી રંગભૂમિનું એક સદ્‌ભાગ્ય કે આ સમયગાળામાં એને જે નાટ્યલેખકો કવિઓ દિગ્દર્શકો અને નટો મળ્યા તેમણે રંગભૂમિને સમૃદ્ધ કરવામાં મહત્ત્વનું પ્રદાન કર્યું. શરૂઆતમાં તો અંગ્રેજી અને સંસ્કૃત નાટકોનું કથાવસ્તુ લઈને જ નાટક ભજવાતાં હતાં, પરંતુ અંગ્રેજી શિક્ષણના પ્રભાવથી જે નવજાગૃતિ આવી તેને કારણે આપણા પોતાના ઇતિહાસનાં પાત્રોની કથાવસ્તુ લઈને, પૌરાણિક કથાપ્રસંગો લઈને, રામાયણ અને મહાભારતના કથાપ્રસંગો લઈને વિશેષ કરી બોધપ્રધાન નાટક લખાતાં અને ભજવાતાં. હરિશ્ચંદ્ર, સતી દ્રૌપદી, સતી અનસૂયા, ભક્ત પ્રહ્‌લાદ, કૃષ્ણ–સુદામા, નળ–દમયંતી, ભક્ત ધ્રુવ ઇત્યાદિ નાટક ખૂબ લોકાદર પામ્યાં. ઐતિહાસિક કથાવસ્તુવાળાં નાટક, જેવાં કે સમ્રાટ ચંદ્રગુપ્ત, વીર કુણાલ, સમ્રાટ હર્ષ, બુદ્ધદેવ, સધરા જેસંગ, પૃથ્વીરાજ ચૌહાણ, શાલિવાહન, ચાંપરાજ હાડો, વનરાજ ચાવડો, માલવપતિ મુંજ વગેરે નાટકોએ પણ પ્રેક્ષકોનાં મન ઉપર સારી અસર ઉપજાવી હતી. ગુજરાતી નાટ્યના અને ગુજરાતી રંગભૂમિના પિતા રણછોડભાઈ ઉદયરામે સામાજિક નાટકો લખવાની પહેલ કરી. એમનાં "લલિતાદુઃખદર્શક" અને "જયકુમારી વિજય" નાટકોએ સમાજ ઉપર ધાર્યો પ્રભાવ પાડ્યો. એમણે "દમયંતી" અને "બાણાસુર મદમર્દન" નામનાં નાટક પણ લખ્યાં, જે ભજવાયાં હતાં. શ્રી રણછોડભાઈના નાટક "લલિતાદુઃખદર્શક"ની પરિપાટીમાં આ સમયમાં સુધારાલક્ષી બીજાં નાટક લખાયાં. આ નાટકોમાં શ્રી ભાઈશંકર કાશીરામનું "વ્યવહારોપયોગી નાટક", શ્રી પાનાચંદ આનંદજીનું "વ્યભિચાર–ખંડન", શ્રી કેશવલાલ મોતીલાલનું "કજોડા દુઃખદર્શક નાટક", શ્રી રૂપશંકર ગંગાશંકરનું "વિધવા દુઃખદર્શક", શ્રી બાપાલાલ ભાઈશંકરનું "કેસર વિજય", શ્રી છોટાલાલ મુનશીનું "વિદ્યાવિજય", શ્રી નરભેરામ કાશીરામ દવેનું "બાળવિધવા રૂપવંતી દુઃખદર્શક," શ્રી આત્મારામ નારણજીનું "વસંતની વેદના", શ્રી આ. પા. રાજગરનું "કજોડા વિશે સંભાષણ," શ્રી કેશવલાલ હરિવિઠ્ઠલદાસનું "કન્યાવિક્રય ખંડન નાટક," શ્રી કે. વી. ત્રવાડીનું "કન્યાવિક્રય નિષેધ દર્શક" ઇત્યાદિ ગણાવી શકાય. આ નાટકોમાં કેટલાંક તખતા ઉપર રજૂ થયાં હતાં. ગુજરાતમાં રૂઢિઓ સામે બંડ ઉઠાવવામાં અને સમાજસુધારાના પ્રસરણમાં આ નાટકોએ યત્કિંચિત્ ફાળો આપ્યો હતો. કવિ દલપતરામે "લક્ષ્મી" નાટક લખ્યું. આ નાટક ગ્રીક કવિ ઍરિસ્ટોફેન્સના 'પ્લૂટસ'(Plutus)નો અનુવાદ હતો. એમણે "સ્ત્રી સંભાષણ" અને "મિથ્યાભિમાન" નાટકમાં સામાજિક વસ્તુ લઈને સમાજ-સુધારાનો સૂર રજૂ કર્યો. દલપતરામની જેમ નવલરામે પણ મોલિયરના **Dumb**

Wife ઉપરથી "ભટનું ભોપાળું" રૂપાંતરિત કર્યું. એમનું બીજું ઐતિહાસિક નાટક "વીરમતી" મૌલિક છે. ક્રાંતિકાર સુધારક કવિ નર્મદે પણ "કૃષ્ણાકુમારી" "દ્રૌપદી દર્શન" "રામજાનકી દર્શન" અને "સાર શાકુંતલ" એ ચારેય નાટક સંસ્કૃત પરંપરામાં લખ્યાં હતાં, જે મુંબઈમાં ભજવાયાં હતાં. આ સમયમાં લખાયેલું મણિલાલ નભુભાઈનું "કાન્તા" નાટક પણ ઉલ્લેખનીય ગણાય. આ પછી પંડિતયુગના સાહિત્યકારોએ નાટક લખ્યાં, પણ એ ભજવવા માટે નટોને ઘણી મુશ્કેલી પડતી હતી. સ્વ. રમણભાઈ નીલકંઠનું "રાઈનો પર્વત" આનું ઉદાહરણ છે. ગુજરાતી રંગભૂમિની એક કમનસીબી એ રહી કે સાહિત્યિક નાટકોને બહુ સફળતા મળી નહિ અને પરિણામે ભજવનારા નટો અને સાહિત્યકારો વચ્ચે કોઈ સુમેળ સાધી શકાયો નહિ. બીજી બાજુ નાટક મંડળીઓના માલિકો કવિઓને નોકરીમાં રાખીને પોતાના નટોને ધ્યાનમાં રાખીને નાટકો લખાવતા હતા, જે મોટાભાગે રંગભૂમિ ઉપર સફળ થતાં હતાં! આવા નાટયલેખકો–કવિઓમાં વાઘજી આશારામ ઓઝા, ડાહ્યાભાઈ ધોળશાજી, નથુરામ સુંદરજી, મૂળશંકર મુલાણી, કવિચિત્રકાર ફૂલચંદ ઝવેરચંદ શાહ, છોટાલાલ ઋખદેવ શર્મા, નારાયણ વસનજી ઠક્કર, હરિહર દીવાના, રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ, મણિલાલ પાગલ, પ્રભુલાલ દ્વિવેદી, બૅરિસ્ટર વિભાકર, ગૌરીશંકર વૈરાટી ઇત્યાદિનાં નામ ઉલ્લેખપાત્ર છે. આ કવિઓનાં પૌરાણિક ઐતિહાસિક અને સામાજિક નાટકોએ પ્રેક્ષકવર્ગનું ઘણું આકર્ષણ જમાવ્યું હતું.

આ સમયના દિગ્દર્શકો પણ નાટકની રજૂઆત અંગે ઊંડી સૂઝ ધરાવતા હતા. નાટકનું રિહર્સલ કરાવતી વખતે અભિનય: વાચિક, આંગિક અને આહાર્યનો પૂરેપૂરો ખ્યાલ રાખતા હતા. સાત્ત્વિક અભિનયનો ખ્યાલ કુશળ નટોને જ આપવામાં આવતો હતો. સંગીત–મઢયાં ગીતોની કઈ અસર પ્રેક્ષકો ઉપર પાડી શકાશે એનો તેઓને સ્પષ્ટ ખ્યાલ હતો. સંગીતમાસ્તર પાસે નાટકના દૃશ્યને અનુરૂપ ગીતોની તરજો બંધાવતા હતા. વેશભૂષા અને સિનસિનેરીની સજાવટ કરવામાં નાટકકમ્પનીના માલિકો ખર્ચ કરવામાં પાછું વળીને જોતા ન હતા. આ સમયના નામાંકિત દિગ્દર્શકોમાં સર્વ શ્રી દાદાભાઈ રતનજી થૂથી, સોરાબજી ઓગરા, કેશવલાલ શિવરામ અધ્યાપક, વાઘજી આશારામ ઓઝા, અમૃત કેશવ નાયક, મૂળચંદ (મામા), બાપુલાલ ભભલદાસ નાયક, જયશંકર "સુંદરી," ચુનીલાલ દુર્ગાદાસ, રામલાલ વલ્લભ નાયક ઇત્યાદિ નામો નોંધપાત્ર છે.

આ સમયગાળાની આશરે સવા બસો નાટક મંડળીઓમાં જે નટોએ નાની–મોટી ભૂમિકાઓ ભજવીને ખ્યાતિ મેળવી તેમની યાદી આપવી અશક્ય છે,

આમ છતાં સાત–આઠ વર્ષની કુમળી વયે નાટકમંડળીઓમાં પ્રવેશ કરી ઉત્તમ દિગ્દર્શકો અને અનુભવી નટો પાસેથી તાલીમ લઈ એમણે જે સિદ્ધિઓ અને અને કીર્તિ પ્રાપ્ત કરી છે તેનાથી ગુજરાતી રંગભૂમિનો ઇતિહાસ ઉજમાળો બન્યો છે. આવા નટોમાં સોરાબજી ઓગરા, સોરાબજી કાત્રક, મૂળજી આશારામ ઓઝા, અમૃત કેશવ નાયક, વલ્લભ કેશવ નાયક, જયશંકર 'સુંદરી,' બાપુલાલ ભભલદાસ નાયક, મૂળચંદ (મામા), વિઠ્ઠલદાસ નાયક, માસ્ટર શનિ, મૂળજી ખુશાલ, મોહન લાલા, માસ્ટર અશરફખાન, લાલજી નંદા, મોતીરામ બહેચર, પ્રાણસુખ એડીપોલો, પ્રભાશંકર રમણી, ત્રીકમ (સુરભિ) ત્રીકમ (કુમુદ), માસ્ટર ભગવાનદાસ, સૂરજરામ (સ્પેશ્યલ સુંદરી) વગેરે નટોનો ઉલ્લેખ કરવો ઘટે. આ સમયની નટીઓમાં કુ. મિસ મેરી ફેન્ટન, મુન્નીબાઈ, કમળાબાઈ, શ્યામા, કુ. મણિ, મોતીબાઈ વગેરેનાં નામ પણ રંગભૂમિના રસિયાઓને આજે પણ મોઢે છે.

ગુજરાતી રંગભૂમિનું આકર્ષક અંગ તે એનું કોમિક અને સંગીત છે. રંગભૂમિ ઉપર ભજવાતા પૌરાણિક ઐતિહાસિક કે સામાજિક નાટકના કથાવસ્તુ સાથે પ્રેક્ષકોને પેટ પકડીને હસાવતું કોમિક ગોઠવવામાં આવતું. મૂળ નાટકના લાંબા કથાપટને અનુકૂળ આગળના પડદા પર જે ઉપકથા કોમિકના રૂપમાં ભજવાતી તેનું પણ પ્રેક્ષકોને ભારે આકર્ષણ હતું. બે પ્રવેશોની વચમાં મુખ્ય પડદા પર અંદરના પીઠમાં દશ્યસજાવટ માટે પૂરતી વ્યવસ્થા કરવા માટે તેમજ પ્રેક્ષકોનું આકર્ષણ ટકાવી રાખવા માટે કોમિકનાં દશ્ય ટુકડે ટુકડે ભજવાતાં હતાં. કોમિકનાં દશ્યો માટે પણ નટો નક્કી કરેલા હતા. એમના હાવભાવ અને લહેકાને ધ્યાનમાં રાખીને જ કોમિક રજૂ કરવામાં આવતું. કોમિક પાત્રના પ્રવેશ વખતે જ રસિક પ્રેક્ષકો તાળીઓ અને સીટીઓથી વધાવતા. કોમિકનાં ગીત પણ કથાવસ્તુને અનુરૂપ રચવામાં આવતાં, જે પ્રેક્ષકોના ઘણા વન્સમોર ઝીલતાં હતાં. આ પ્રકરણના સંગીત–વિભાગમાં રંગભૂમિનાં ગીતો અને સંગીત વિશે ચર્ચા કરી હોવાથી અહીં એની વિગતો આપી નથી.

આ સમયગાળાની ગુજરાતી રંગભૂમિનું સરવૈયું જોતાં જણાય છે કે એનું જમાપાસું ઘણું સમૃદ્ધ છે. આજના ઘણા વિવેચકો અને સાહિત્યકારો આ સમૃદ્ધ રંગભૂમિને ધંધાદારી કે વ્યવસાયી કહીને એનું અવમૂલ્યન કરે છે. ઇતિહાસની હકીકતો તપાસતાં જણાય છે કે નાટક મંડળીઓના માલિકો કેવળ ધન કમાવાની વૃત્તિથી નાટકો રજૂ કરતા ન હતા, પરંતુ પ્રજાની સંસ્કારભૂખ મનોરંજન દ્વારા સંતોષાય એની પણ કાળજી રાખતા હતા. કોઈ નાટકમાં આવક સારી થતી

હતી, તો કોઈમાં મોટી ખોટ પણ વેઠવી પડતી હતી ! રંગભૂમિમાં જે કંઈ વિકૃતિઓ પ્રવેશી તે ઈ. સ. ૧૯૧૪ પછીના ગાળાની છે. આ મંડળીઓના દિગ્દર્શકો અને નટો પણ પોતાના વ્યવસાયને વફાદાર રહીને, ગીત સંગીત અને અભિનયના ક્ષેત્રમાં નૈપુણ્ય દાખવીને રંગભૂમિને સંસ્કારમંદિર બનાવવા પ્રયત્નો કરતા હતા. ગુજરાતી હિંદી અને ઉર્દૂ ભાષામાં આ નાટક કમ્પનીઓ જે નાટક ભજવતી હતી તે જોતાં કહી શકાય કે ગુજરાતની રંગભૂમિ પ્રાંતીય કે પ્રાદેશિક ન રહેતાં એણે રાષ્ટ્રિય સ્વરૂપ ધારણ કર્યું હતું. મહારાષ્ટ્ર કે બંગાળની રંગભૂમિ કરતાં એ કોઈ પણ રીતે ઊતરતી કક્ષાની ન હતી.

## સંગીતકલા

મરાઠાકાલ દરમ્યાન ગુજરાતમાં પ્રવર્તમાન વૈષ્ણવ શાક્ત અને જૈન ધર્મે ભક્તિસંગીતને સમૃદ્ધ કરવામાં જે ફાળો આપ્યો હતો તેની પરંપરા બ્રિટિશ કાલમાં પણ જળવાઈ રહી હતી. આ સમયગાળામાં ગુજરાતની વૈષ્ણવ હવેલીઓમાં પરંપરાગત ભક્તિસંગીત ગવાતું હતું. જૈનમંદિરોમાં ભોજકો "ભાવના" અને રાસાઓનું ગાન કરતા હતા. આ સમયમાં સહજાનંદ સ્વામીએ સ્વામિનારાયણ–સંપ્રદાયની સ્થાપના કરી અને ગુજરાત–સૌરાષ્ટ્રમાં મંદિર બંધાવ્યાં તેઓમાં પણ ભક્તિસંગીત વૈષ્ણવ પરંપરા પ્રમાણે ગવાતું હતું. સ્વામિનારાયણ–સંપ્રદાયમાં જે સાધુસંતો થયા તે પૈકીના કેટલાક ઉત્તમ સંગીતકાર અને વાદક હતા. આ સંતોમાં શ્રી દેવાનંદ સ્વામીનો ઉલ્લેખ કરવો ઘટે. એમનો જન્મ ઈ.સ. ૧૮૫૯માં ધોળકા નજીક બળોલ ગામમાં ગઢવી જીજીભાઈને ત્યાં થયેલો. સહજાનંદ સ્વામીની જ્યારે એમના ગામમાં પધરામણી થઈ ત્યારે તેઓ એમના વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ ગયા અને શ્રીજી મહારાજ પાસે દીક્ષા લીધી. એમનું અસલ નામ 'દેવીદાન' હતું, પરંતુ દીક્ષા લીધા પછી 'દેવાનંદ સ્વામી' બન્યા. એમ કહેવાય છે કે તેઓ એક સમર્થ ગવૈયા હતા. ઉત્તર હિંદુસ્તાની સંગીતનાં રાગરાગિણીઓને મૂર્તિમંત કરવાનું એમનામાં અપૂર્વ સામર્થ્ય હતું. શ્રીજી મહારાજની સાથે રહીને ગામેગામ ફરીને તેઓ શાસ્ત્રીય રાગોમાં કીર્તન કરતા હતા, એમનાં રચેલાં કીર્તન ગુજરાત–સૌરાષ્ટ્રના ભરથરીઓ આજે પણ રાવણહથ્થા સાથે ગાય છે. દેવાનંદ સ્વામી અચ્છા સિતારવાદક પણ હતા. એમનું તાલ અને માત્રાનું જ્ઞાન પણ સારું હતું. પદોની બંદિશ તેઓ જાતે બાંધતા હતા, જેમાં મલ્હાર ખમાજ કાફી દેશ સોરઠ ધનાશ્રી કલ્યાણ વગેરે રાગો મુખ્ય હતા. ગુજરાતનાં નાનાં મોટાં નગરોમાં કથાકારો માણભટ્ટો ભજનિકો ભરથરીઓ ટહેલિયા પોતપોતાની રીતે લોકોમાં સંગીત દ્વારા ધર્મ અને નીતિનો ઉપદેશ આપતા હતા.

## સંગીત અને રાજ્યાશ્રય

ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં જે નાનાં મોટાં દેશી રાજ્ય હતાં તેઓમાં ગાયકો અને વાદકોને રાજ્યાશ્રય આપવામાં આવતો હતો. આ રાજ્યોમાં વડોદરા અને ભાવનગરનો ફાળો સંગીતકલાના ક્ષેત્રમાં ઘણો મોટો હતો. મળતી માહિતી પ્રમાણે વડોદરામાં ખંડેરાવ મહારાજના સમયમાં અને ભાવનગરમાં ભાવસિંહજીના સમયમાં મોટી સંખ્યામાં નટ-નર્તક ગાયકો અને વાદકો આવતા અને રાજ્ય તરફથી એમનું સંમાન કરવામાં આવતું હતું. ઈ. સ. ૧૮૮૬ માં સયાજીરાવ ગાયકવાડે વડોદરામાં 'સરકારી ગાયનશાળા'ની સ્થાપના કરી અને પ્રજા માટે સંગીત-શિક્ષણની વ્યવસ્થા કરી. સમય જતાં આ ગાયનશાળામાંથી આજની 'મ્યુઝિક ડાન્સ અને ડ્રામા સ્કૂલ'નો વિકાસ થયો છે. આ ગાયન-શાળાનું સંચાલન ખાનસાહેબ મૌલાબક્ષ નામના બીનકારને સોંપવામાં આવ્યું હતું. સંગીતશિક્ષણ માટે એમણે સૌ પ્રથમ વાર સ્વરલેખન-પદ્ધતિ શરૂ કરી. નોંધપાત્ર બાબત એ છે કે એમણે ગુજરાતના સંતો અને કવિઓનાં ભજનો-પદોને સ્વરલિપિમાં નિબદ્ધ કર્યાં અને સંગીતશિક્ષણને લોકપ્રિય બનાવ્યું. એમણે ઈ. સ. ૧૮૮૮ માં "સંગીતાનુભવ", ૧૮૯૧ માં "બાલસંગીતમાલા", ૧૮૯૨ માં "છંદોમંજરી", ૧૮૯૩-૯૪ માં નરસિંહ મહેતાનું મામેરું તથા ભાગવત ગરબાવલી અને ગાયનશાળામાં ચાલતી ચીજોનાં એકથી છ ભાગોમાં ક્રમિક પુસ્તક પ્રગટ કર્યાં. આ પુસ્તકોનો એ સમયે બહોળો પ્રચાર હતો અને એમાંનાં કેટલાંક ગુજરાતી અને મરાઠી બંને ભાષાઓમાં હતાં.[૧૬]

આ સમયગાળામાં લખાયેલ "સંગીત કલાધર" નામનો ગ્રંથ અત્યાર સુધી પ્રગટ થયેલા સંગીતના શાસ્ત્રીય ગ્રંથોમાં આગવી ભાત પાડે છે. ભાવનગરના મહારાજા ભાવસિંહજીના દરબારમાં રાજ્ય-ગાયક તરીકે સેવા આપનાર સંગીતકાર પંડિત ડાહ્યાલાલ શિવરામે એની રચના કરી છે. પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે આ ગ્રંથ પ્રાચીન શૈલીને અનુસરી નવીન શૈલી પસંદ કરતા ગ્રાહકોને અનુકૂળ પડે તેવી યોજનાથી લખાયો છે. આરંભમાં ઇંગ્લિશ મ્યુઝિક તથા આર્ય-સંગીતરીતિથી અવાજની ઉત્પત્તિ, અવાજની ખૂબી, અવાજની ગતિ તથા તીવ્રતા કોમળતા વગેરે સવિસ્તર વર્ણવેલ છે. એ પછી સંગીતરીતિ પ્રમાણે અવાજની ગોઠવણ તથા શરીરના જે ભાગોમાંથી અવાજ ઉત્પન્ન થાય છે તેનું સમજાય તેવી રીતે વર્ણન કર્યું છે. એ પછી ઇંગ્લિશ નોટેશન સંબંધી વર્ણન વિસ્તારથી લખેલ છે તે મુજબ આર્યસંગીતશાસ્ત્રની પરિભાષા યથાસ્થિત જણાવી છે અને સંગીતાચાર્યોનો ઇતિહાસ જણાવેલ છે.[૧૭] ભાવનગર રાજ્યમાં ડાહ્યાલાલ શિવરામ

ઉપરાંત રાજ્યાશ્રય મેળવનાર દલસુખરામ, રહીમખાન, ચંદ્રપ્રભા, તબલાવાદક નારાયણદાસ દલસુખરામ, હારમોનિયમવાદક મણિલાલ, સિતારવાદક અમીરખાન ઇત્યાદિ મુખ્ય હતા.

વડોદરામાં ગાયનશાળા ઉપરાંત કલાવંત કારખાનું (Department of Amusement) હતું જેમાં ઘણી ઉત્તમ કોટિના ગાયકો–વાદકોને સ્થાન આપવામાં આવેલું. નાસરખાં અને ગંગારામજી જેવા મૃદંગાચાર્યો, કરીમબક્ષ તથા ગુલાબસિંહ ને એમના પુત્રો કુબેરસિંહ અને ગોવિંદસિંહ જેવા તબલાવાદકો, અલીહુસેન અને જમાલુદ્દીન બીનકાર તથા ઇનાયતહુસેન તેમજ ઘસીટખાં સિતારિયા, શહનાઈ-વાદકોમાં વસઈકર ને ગાયકવાડ, જલતરંગપ્રવીણ ગુલાબસાગર જેવા સાજનવાઝો આ ખાતાને શોભાવતા હતા. તદુપરાંત ભાસ્કરબુવા બખલે જેવા ગુરુના શિષ્ય ફૈજમહંમદખાં, ગુલામરસૂલખાન, ઉસ્તાદ આલમગીર, તસદ્દુક ગુલામ અબ્બાસખાન ને એમની પાસે તૈયાર થયેલ આફતાબે મૌસિકી ખાનસાહેબ ફૈયાઝખાન જેવાં ગાયકરત્ન પણ હતાં.[૧૮]

ધરમપુર રાજ્યના મહારાજા મોહનદેવજીના ભાઈ રાજકુમારશ્રી પ્રભાવદેવજી સંગીતના ભારે શોખીન હતા. એમણે પોતાના રાજ્યમાં સંગીતશાળાની સ્થાપના કરી હતી અને "સંગીતપ્રકાશ" નામનો સંગીતના રાગોની સમીક્ષા કરતો ગ્રંથ પણ પ્રકાશિત કર્યો હતો. એમના કાકા મહારાજા શ્રીવિજયદેવજીએ 'સંગીતભાવ' નામનો એક ઘણો મહત્ત્વાકાંક્ષી ગ્રંથ બે ભાગોમાં પ્રગટ કર્યો. આ ગ્રંથ ફ્રેન્ચ અંગ્રેજી હિંદી તથા ગુજરાતી એમ સંયુક્ત ચાર ભાષામાં સ્ટાફ–નોટેશનમાં પ્રસિદ્ધ થયો છે તે દુનિયાનાં મોટાં ગ્રંથાલયોમાં પણ હિંદી સંગીત ઉપર એક આકર–ગ્રંથ તરીકે વપરાય છે.[૧૯] ધરમપુર પાસે વાંસદા રાજ્યમાં મહારાજા ચંદ્રસિંહજીના વખતમાં રહીમખાન નામનો ખ્યાતનામ વાદક હતો, જે સિતાર બીન અને જલતરંગ સારી રીતે વગાડી શકતો હતો.

ઉપરનાં મોટાં રાજ્યો ઉપરાંત નાનાં રજવાડાં પણ ગાયક–વાદકોને રાજ્યાશ્રય આપતાં હતાં. આ રજવાડાંઓ પૈકી લુણાવાડા સંતરામપુર પાલનપુર બાલાશિનોર ઈડર દેવગઢબારિયા વઢવાણ જામનગર જૂનાગઢ માંગરોળ સાણંદ(અમદાવાદ જિલ્લો) ઉલ્લેખપાત્ર છે. ગુજરાતના સંગીતકારો ગુજરાત બહારનાં રાજ્યોમાં પણ પોતાની કલા પ્રદર્શિત કરવા જતા હતા. ઉત્તરમાં ઉદેપુર–જયપુરથી માંડીને પૂર્વમાં દરભંગાના રાજવીઓના દરબારમાં ગુજરાતના સંગીતકારોએ રાજ્યાશ્રય મેળવ્યાના પુરાવા મળે છે. નોંધપાત્ર બાબત એ છે કે આ રાજ્યો તરફથી ખ્યાતનામ ગાયકો અને વાદકોના જાહેર જલસા ગોઠવાતા હતા અને પ્રજા એમનું સંગીત માણતી

હતી. મધ્યકાલમાં જે સંગીતકલા મંદિરની ચાર દીવાલોમાં પુરાયેલી હતી તે હવે ખુલ્લા દરબારમાં–પ્રજાના ચોકમાં આવી હતી, પરિણામે શાસ્ત્રીય સંગીતની કલબો સ્થાપવામાં આવી, જેમાં સંગીતનું પદ્ધતિસરનું શિક્ષણ આપવામાં આવતું હતું. ધનિક કુટુંબોમાં ખાનગી ટ્યૂશન દ્વારા ઉત્સાહી સંતાનોને સંગીતની તાલીમ આપવામાં આવતી હતી.

## રંગભૂમિનું સંગીત

આ સમયમાં વિકાસ પામેલી ગુજરાતી રંગભૂમિનુ એક અત્યંત લોકપ્રિય પાસું તે એનું સંગીત હતું. નાટકની શરૂઆત સૂત્રધાર અને બાળાઓના પ્રાર્થનાગીતથી કરવામાં આવતી, જે મોટે ભાગે કલ્યાણ રાગમાં ગવાતું. નાટક મંડળીઓ પાસે પોતાના આગવા સંગીત માસ્તરો હતા, જેઓ કવિઓએ રચેલાં ગીતોની તરજો સંગીતમાં નિબદ્ધ કરતા હતા. નાટક મંડળીમાં દાખલ થનાર નટને વહેલી સવારથી સ્વરો ભણાવવામાં આવતા હતા અને તાલબદ્ધ અને લયબદ્ધ પદ્ધતિથી કેવી રીતે ગાવું એની વ્યવસ્થિત તાલીમ આપવામાં આવતી હતી. નાટકના કથાવસ્તુને અનુરૂપ અને કયારેક ગાનાર નટને ધ્યાનમાં રાખીને ગીતોની રચના કરવામાં આવતી હતી. નાટક પૌરાણિક હોય કે ઐતિહાસિક ધાર્મિક હોય કે સામાજિક, પરંતુ એમાં પ્રસંગને અનુરૂપ સંગીત આવશ્યક ગણાતું. આ વાત સમજાવતાં રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ કહે છે કે "રંગભૂમિ સાથે સંગીત, દેહની સાથે આત્માની માફક, સંલગ્ન છે. સંગીત વગર રંગભૂમિ જરૂર નીરસ અને શુષ્ક લાગે. સંગીત પ્રયોગોની અનેક ઊણપો પૂરી પાડે છે."[૨૦] નોંધપાત્ર બાબત એ છે કે ગુજરાતી રંગભૂમિનાં નાટકોના સંવાદો કરતાં પણ ગીતો વધારે લોકાદર પામતાં હતાં. નાટક કમ્પનીના સમ્ગીતાચાર્યો શાસ્ત્રીય અને લોકઢાળોનો ઉપયોગ કરીને ગીતરચનાને જીવંત બનાવતા હતા. આવા સંગીતાચાર્યોમાં પંડિત વાડીલાલ શિવરામ નાયકનું નામ ગૌરવ સાથે ઉલ્લેખપાત્ર ગણાય. એમણે વિખ્યાત સંગીત-શાસ્ત્રી પંડિત વિષ્ણુ નારાયણ ભાતખંડે પાસે તાલીમ લીધી હતી. મુંબઈ ગુજરાતી નાટક મંડળીનાં અનેક ગીતોને એમણે સંગીતનિબદ્ધ કર્યાં હતાં. એમની સંગીત શીખવવાની પદ્ધતિ અને ગીતોને સંગીતમાં નિબદ્ધ કરવાની પદ્ધતિ વિશે સ્વ. રસિકલાલ છો. પરીખે સુંદર ચરિત્રચિત્રણ કર્યું છે.[૨૧] આ સિવાયના નામાંકિત સંગીતદિગ્દર્શકોમાં વાડીલાલ ઉસ્તાદ, હરિભાઈ જામનગરવાળા, હીરાલાલ ઉસ્તાદ, મૂળચંદ વલ્લભ(મામા), અમૃત કેશવ નાયક, રામલાલ નાયક, માસ્ટર લલ્લુભાઈ નાયક, માસ્ટર છેલાજી, માસ્ટર મોહન લાલા, હમીરજી ઉસ્તાદ, માસ્ટર નારણદાસ ઉસ્તાદ વગેરેનાં નામ ગણાવી શકાય. સ્વ. ડાહ્યાભાઈ ધોળશાજી, પ્રભુલાલ દ્વિવેદી,

રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ, કવિ વૈરાટી વગેરેનાં ગીત ખૂબ લોકપ્રિય બન્યાં હતાં. આ ગીતોની કેટલીક પંક્તિઓ અહીં ટાંકવા જેવી છે :—

"રે શું માનવનું અભિમાન પલકમાં ટળી જશે રે"
(વીણાવેલી)

"હું મસ્તાન પ્રેમની, મને કોઈ ના છેડો રે.."
(ઉમાદેવડી)

"રે શું નટવર વસંત થૈ થૈ નાચી રહ્યો"
(અશ્રુમતી)

"ઝીણા ઝરમર વરસે મેહ, ભીંજે મારી ચૂંદલડી"
(જગતસિંહ)

"આંખ વિના અંધારું રે, સદાય મારે આંખ વિના અંધારું"
(સૂરદાસ)

"હૃદયના શુદ્ધ પ્રેમીને નિગમનાં જ્ઞાન ઓછાં છે"
(માલવપતિ મુંજ)

આ ગીતોના રાગ પણ સંગીતશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે સમયાનુસાર ગાવામાં આવતા. રાતના બાર વાગ્યા સુધી પૂર્વ–રાગો અને એ પછી ઉત્તર રાગો–રાગિણીઓમાં ગીતોની બંદિશ બાંધવામાં આવતી હતી. દેશ સારંગ માઢ વસંત પૂર્વી હિંડોળ માલકંસ—આ બધા રાગ નાટકના બે અંક સુધીમાં આવી જતા અને ત્યાર પછી રાત જામતાં રાગિણી ટોડી માલશ્રી હંસકીંકણી ખંભાવતી ભૈરવી આશાવરી વગેરે ગાવામાં આવતી. આ ગીતોની કવિતા અને તરજોએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ બનાવ્યા હતા. આજે પણ જે પેઢીએ આ નાટક જોયાં છે અને માણ્યાં છે તે ગુજરાતી રંગભૂમિનાં ગીત વાગોળતાં આનંદ અને ઉલ્લાસ અનુભવે છે. આ ગીતોની લોકજીવન ઉપર એવી ભૂરકી હતી કે મુંબઈથી માંડવી સુધી બૅન્ડવાળા એની તરજો બજાવતા હતા અને લોકોને ખુશ રાખતા હતા.

## ચિત્ર અને શિલ્પમાં વાદ્યોનું આલેખન

આ સમયમાં જે હિંદુ અને જૈન મંદિરો બાંધવામાં આવ્યાં તેઓનાં શિલ્પોમાં ગંધર્વો અને નર્તિકાઓ જુદાં જુદાં વાદ્યો સાથે જોવા મળે છે. અમદાવાદમાં દિલ્હી દરવાજા બહાર આવેલા હઠીસિંહના દહેરામાં વિવિધ અંગ-ભંગીઓ સાથે વાદ્યધારિણીઓ કંડારવામાં આવી છે. આ વાદ્યોમાં મૃદંગ વાંસળી ઢોલ સરોદ મંજીરાં સારંગી મુખ્ય છે. આ સમયગાળામાં ગુજરાત-

સૌરાષ્ટ્રમાં જે સ્વામિનારાયણ મંદિર બાંધવામાં આવ્યાં તેઓનાં શિલ્પોમાં અને ચિત્રોમાં નર્તકો અને વાદકોનું આલેખન જોવા મળે છે જૈન અને જૈનેતર ધાર્મિક પટોમાં પણ જુદાં જુદાં વાદ્યોનું આલેખન જોવા મળે છે. રાજવીઓના મહેલોનાં ભિત્તિચિત્રોમાં પણ નૃત્ય અને સંગીતના જલસાના આલેખનમાં તેમજ રાજસવારી કે યુદ્ધના આલેખનમાં વાદ્યોનું નિરૂપણ જોવા મળે છે. આ વાદ્યોમાં મૃદંગ ઢોલ નગારું ડમરુ વીણા સરોદ એકતારો તંબૂર વાંસળી શંખ શરણાઈ ભૂંગળ રણશીંગુ ઇત્યાદિનું આલેખન આ સમયમાં સંગીતમાં પ્રચલિત વાદ્યોનો ખ્યાલ આપે છે. ગુજરાત–સૌરાષ્ટ્રની લોકકલામાં પણ દેવ–દેવીઓનું આલેખન વાદ્યો સાથે જોવા મળે છે; જેમકે સરસ્વતી વીણા સાથે, શિવ ડમરુ સાથે, કૃષ્ણ બંસરી સાથે, ઇત્યાદિ. આ સમયગાળામાં રજૂ થતાં ગુજરાતનાં લોકનૃત્યો અને લોકસંગીતોમાં એકતારો જંતર રાવણહથ્થો ઢોલ મંજીરાં ભૂંગળ અને વાંસળીનો ઉપયોગ કરવામાં આવતો. આદિવાસી પ્રજા પણ પોતાનાં નૃત્યોમાં ચંગ, શરણાઈ, જંતર, તાડપું, ડોબરું, નરહિલો, ધાંગળી, મલંગી નામનાં વાદ્યોનો ઉપયોગ કરતી હતી.

ગુજરાતમાં ચિત્ર નૃત્ય નાટચ સંગીતનો ઘણો વિકાસ આ સમયગાળામાં થયો હતો એમ નિઃશંક કહી શકાય. ગુજરાતની પ્રજાને સંસ્કારિતાનો ઓપ આપવામાં આ કલાઓના ખેડાણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

## પાદટીપ

૧. હીરાલાલ ત્રિ. પારેખ, 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન', પૃ. ૪૩
૨. રવિશંકર મ. રાવળ, 'ગુજરાતની સાંપ્રત ચિત્રકલાનું વિહંગાવલોકન', કલાઅંક, "કુમાર" સળંગઅંક ૫૨૮, પૃ. ૩૬
૩. રવિશંકર મ. રાવળ, એજન પૃ. ૩૭
૪. U. P Shah, 'Treasures of Jain Bhandaras", p. 40
૫. ખોડીદાસ પરમાર, 'શિહોરના રામજીમંદિરનાં ભીંતચિત્રો', "કુમાર", સળંગ અંક ૫૬૫, પૃ. ૧૮–૨૦
૬. રામસિંહજી રાઠોડ, 'કચ્છનાં ભીંતચિત્રો', "કુમાર"નો કલા અંક ૫૨૮, પૃ. ૯૭–૧૦૩
૭. સ્વ. સાક્ષર દીવાનબહાદુર રણછોડભાઈ ઉદયરામ શતાબ્દી ગ્રંથ, નાટકનો "પ્રારંભ", પૃ. ૭
૮. ધનસુખલાલ મહેતા, 'નાટકની ભજવણી', "ગુજરાતની નાટ્ય શતાબ્દી મહોત્સવ સ્મારક ગ્રંથ", પૃ. ૧૯
૯. રમણલાલ વસંતલાલ દેસાઈ, 'રંગભૂમિ', "રંગભૂમિ પરિષદનું પહેલું અધિવેશન", પૃ ૩૪
૧૦. ચંદ્રવદન મહેતા, 'નક્કર હકીકતોનો ટૂંક સાર', "ગુજરાત નાટ્યશતાબ્દી મહોત્સવ સ્મારક ગ્રંથ", પૃ. ૧૬

૧૧. પ્રાગજી ડોસા, 'તખ્તો બોલે છે'–ભાગ ૧ લો, પૃ. ૩
૧૨. બહમનજી બહેરામજી પટેલ, 'પારસી પ્રકાશ' દફતર ૧ લું, ભાગ–૭, પૃ. ૬૨૪–૨૫
૧૩. પ્રભુલાલ દ. દ્વિવેદી, 'નાટક અને લોકરુચિ', "ગુજરાતી નાટ્ય શતાબ્દી મહોત્સવ સ્મારક ગ્રંથ," પૃ. ૧૩
૧૪. ધનજીભાઈ પટેલ, 'પારસી નાટક તખ્તાની તવારીખ', પૃ. ૭
૧૫. ચંદ્રવદન મહેતા, ઉપર્યુક્ત, પૃ. ૧૮
૧૬. રમણલાલ છોટાલાલ મહેતા, 'સંગીતચર્ચા', પૃ. ૭
૧૭. ડાહ્યાલાલ શિવરામ પંડિત, 'સંગીતકલાધર'–પ્રસ્તાવના, પૃ. ૧
૧૮. રમણલાલ છોટાલાલ મહેતા, ઉપર્યુક્ત, પૃ. ૯
૧૯. એજન, પૃ. ૧૦
૨૦. રઘુનાથ બ્રહ્મભટ્ટ, 'રંગભૂમિ અને સંગીત', "ગુજરાતી નાટ્ય શતાબ્દી મહોત્સવ સ્મારક ગ્રંથ", પૃ. ૪૧
૨૧. રસિકલાલ છો. પરીખ, 'સંગીતાચાર્ય વાડીલાલ શિવરામ નાયક', 'આકાશભાષિત', પૃ. ૨૫૯

## પરિશિષ્ટ

# હુન્નરકલાઓ

### ૧. રંગાટી અને છાપકામ

રંગાટીકામ અને કાપડ છાપવાનું કામ મોટા ભાગે મિલોમાં થાય છે, પણ એમાં ડિઝાઇનોની વિવિધતા હોતી નથી તેથી ગૃહઉદ્યોગ અને લઘુઉદ્યોગ તરીકે આ ઉદ્યોગ ગુજરાતનાં મોટાં ભાગનાં શહેરોમાં ટકી રહ્યો છે. 'ગુજરાત સર્વ-સંગ્રહ'માં રંગાટીકામ અંગે જણાવાયું છે: "મુખ્ય રંગ ગામોમાં ગળી ને શહેરોમાં ઘેરો આસમાની કાળો ને આછા રંગો ચડાવવામાં આવે છે. શહેરમાં થોડા મુસલમાન રંગાટી છે, બાકીના બીજા બધા રંગરેજ હિંદુ ભાવસાર છે. પાઘડી વગેરે રંગનારને રંગરેજ તથા ગળીથી રંગનારાને ગળીઆરા કહે છે." છાપકામ કરનાર 'છીપા' કહેવાય છે. સૌરાષ્ટ્રમાં અને કચ્છમાં હિંદુ અને મુસલમાન ખત્રી આ કામ કરે છે, ગુજરાતમાં મારવાડી મુસલમાનો તથા ખત્રી આ કામ કરે છે.[૧]

ભૂતકાલમાં ગળી હરડે વગેરે વનસ્પતિજન્ય રંગો વપરાતા હતા, પણ રાસાયણિક રંગોની શોધ થતાં, રંગાટી–ઉદ્યોગ મિલો હસ્તક જતાં આ ઉદ્યોગ મૃતપ્રાય થવામાં હતો, પણ ગ્રામવિસ્તારની જાડા બરનાં રંગબેરંગી વસ્ત્રોની માંગને કારણે આ ઉદ્યોગ ટકી રહ્યો છે. નર્મદા સાબરમતી વાત્રક ભાદર આજી વગેરે નદીઓનાં પાણીના વિશિષ્ટ ગુણોને કારણે ભરૂચ અમદાવાદ ખેડા જેતપુર અને રાજકોટ રંગાટી તથા છાપકામનાં મહત્ત્વનાં કેંદ્ર હતાં. ભરૂચ આ ઉદ્યોગમાં મોખરાનું સ્થાન ધરાવતું હતું. ૧૮૭૯ માં ખેડા જિલ્લામાં કેલિકો પ્રિન્ટિંગ તથા રંગવાનું કામ નડિયાદ ખેડા ડાકોર ઉમરેઠ મહેમદાવાદ સાણંદ શાસ્તાપુર કઠલાલ માહ અને કપડવંજમાં થતું હતું. ઓગણીસમી સદીના અંત સુધી આ ઉદ્યોગ સારી સ્થિતિમાં હતો. લાકડાનાં કે ધાતુનાં બીબાંનો છાપકામ માટે ઉપયોગ થતો હતો.[૨] ગાંધીનગર જિલ્લામાં પેથાપુર અને મહેસાણા જિલ્લામાં વડનગરમાં છાપકામ સારું થતું હતું. પેથાપુરની સાડીઓ તથા ખેડાનું રંગાટી કાપડ સિયામમાં જતું હતું. ભાવનગર જિલ્લાના શિહોરમાં તથા અમરેલી જિલ્લાનાં દામનગર અમરેલી તથા બગસરામાં ખેડૂતો તથા ગ્રામજનોને અનુકૂલ પડે તેવું જાડા કાપડ ઉપરનું છાપકામ તથા રંગાટી કામ થતું હતું. ગવન કસુંબો મધરાસિયા બંગાળા જેવી રંગીન સાડીઓ વપરાતી હતી.

સાડીનાં નામ રંગસૂચક અને સ્થળસૂચક છે એ નોંધપાત્ર છે.[3] વડોદરા જિલ્લામાં વડોદરા તથા ડભોઈ રંગાટીકામ માટે જાણીતાં હતાં. સુરત–વલસાડ જિલ્લાઓમાં સુરત ઉપરાંત નવસારી વલસાડ બારડોલી જલાલપોર ચીખલી અને ગણદેવી રંગાટીકામ માટેનાં મહત્ત્વનાં કેંદ્ર હતાં.[4] બાંધણીનો ઉદ્યોગ રાજસ્થાન અને કચ્છ દ્વારા સૌરાષ્ટ્રમાં જામનગરમાં લગભગ ૪૫૦ વરસોથી અસ્તિત્વમાં છે. મલમલ જ્યોર્જેટ વોયલ અને હાથશાળનું ઝીણું કાપડ આ માટે વપરાય છે. અગાઉ વનસ્પતિ–જન્ય રંગો વપરાતા હતા, પણ હવે નેપ્થોલ અને બ્રેન્થોલ રંગો વપરાય છે. બાંધણીમાં પીળો લાલ અને લીલો રંગ મુખ્યત્વે વપરાય છે.[5] જામનગર ઉપરાંત કચ્છનાં ભૂજ માંડવી અંજાર મુંદ્રા અને નળિયા બાંધણી માટેનાં કેંદ્ર છે. આ કામ મુસલમાન અને હિંદુ ખત્રીઓ કરે છે. કચ્છમાં બાંધણી ઉપરાંત રેશમી કાપડ વણવાનું તથા રંગવાનું કામ માંડવીના ખત્રીઓ કહે છે. માંડવીની રુકમાવતી નદીનું પાણી ઘેરા ગાઢ રંગો માટે વધારે અનુકૂળ છે. સૌરાષ્ટ્ર અને કચ્છની પ્રજા રંગબેરંગી ગાઢ વસ્ત્ર વિશેષ પસંદ કરે છે. બાંધણી ઉપર કપડાને ગાંઠ મારીને ટીકડાની ડિઝાઈન ઉપસાવવામાં આવે છે. આ સિવાય હાથથી કે બીબાંનો ઉપયોગ કરી વિવિધલક્ષી ફૂલ વેલ વગેરેની ડિઝાઇન ઉતારવામાં આવે છે. બાર બાગ, બાવન બાગ, મોર પૂતળી વગેરે રેશમી કાપડ ઉપરની કચ્છી ડિઝાઇનો ધરાવતી વિશિષ્ટ નામવાળી સાડીઓ જાણીતી છે. આ ઉપરાંત બાટિક આજરખ અને રોગન પ્રકારની વિશિષ્ટ હાથછાપકલા કચ્છની વિશિષ્ટતા છે. કચ્છનાં કાંઠાનાં ગામોમાં ભભકાદાર રંગોયુક્ત બાટિક તરીકે ઓળખાતી હસ્તછાપકલા ઘણા સમયથી પ્રચલિત છે. અઢારમી અને ઓગણીસમી સદી દરમ્યાન બાટિક–કલાવાળાં વસ્ત્રોની ઇન્ડોનેશિયામાં નિકાસ થતી હતી. હાલ એ કલા ઇન્ડોનેશિયામાં પણ પ્રચલિત છે. સિંધમાંથી "આજરખ" પ્રકારની હસ્તછાપકલા કચ્છમાં દાખલ થઈ છે. ખાસ કરીને રાજસ્થાન સિંધ અને કચ્છના મુસલમાન આ પ્રકારનાં રંગાટીવસ્ત્ર પસંદ કરે છે. ક્ષાર-રહિત સખત પાણી ન હોય ત્યાં આ રંગાટીકામ થાય છે. ડિઝાઇનો હાથથી દોરવામાં આવે છે. સિક્કાઓનાં નામ ઉપરથી કેટલીક ડિઝાઇનો આલેખાય છે. દા. ત. 'કોરી' 'અઢિયા' 'પાંચિયા' વગેરે. સાડીની કિનારની ડિઝાઇન બુટ્ટી તાવીજ ગીની ફૂલડા જેવાં વિવિધ નામ ધરાવે છે. ટેબલક્લૉથ અને પડદાનાં સુશોભનો માટે "રોગન" પ્રકારનું હસ્તછાપકામ પ્રચલિત છે. અળશી કે દિવેલમાં રંગો મેળવીને સફેદ કાપડને રંગવામાં આવે છે. આ પ્રકારના રંગાટી–કાપડ ઉપર ભૌમિતિક આકૃતિઓ તથા ફૂલ વેલ વગેરેની ડિઝાઇનો મુખ્યત્વે હોય છે.

સ્ક્રીન પ્રિન્ટિંગ તથા રોલર પ્રિન્ટિંગને કારણે મિલોમાં થતા છાપકામને લીધે રંગાટી–કામ અને છાપકામ જથ્થાબંધ થતાં ગૃહઉદ્યોગની અવનતિ થઈ છે.[6]

પાટણમાં વરસોથી પટોળાંનું કામ થાય છે. સાડીની બંને બાજુ એકસરખી ડિઝાઇન હોય છે અને વસ્ત્રના વણાટ સાથે ડિઝાઇન ઊપસતી જાય છે. હાલ એક–બે કારીગર પટોળાં વણે છે. કિંમત ખૂબ વધી છે.

## ૨. ભરતગૂંથણ

ભરતગૂંથણ માટે કચ્છ સૌરાષ્ટ્ર અને સુરત જિલ્લો જાણીતા છે. સુરતના ગેઝેટિયરમાં જણાવ્યા પ્રમાણે ભરતકામ માટે સુરતે એની ખ્યાતિ જાળવી રાખી હતી. રેશમી કાપડ ઉપર સોના–રૂપાના અને જરીના તારવાળા ભરતકામની માગણી ખૂબ રહેતી હતી. જરી–કામ કરનાર મોટા ભાગના કારીગર મુસલમાન હતા. આ ઉપરાંત બ્રાહ્મણ વાણિયા વગેરે ઉચ્ચ કોમની સ્ત્રીઓ ઘેર રહીને રેશમી ભરત ભરવાનું કામ કરતી હતી. મુંબઈ અને સુરતના પારસીઓ એમના મુખ્ય ગ્રાહક હતા.[૭]

કચ્છમાં ભરતકામ ૨૭૦ વર્ષ પૂર્વે સિંધમાંથી આવેલા "થાથાથી" નામના ફકીરે પ્રચલિત કર્યું હતું. એની પાસેથી ભૂજ અને માંડવીના મોચી કારીગરોએ આ કળા અપનાવી હતી. સૂયાની મદદથી આ કારીગરો આરી-ભરતનું કામ કરે છે અને કોઈ જાતની ડિઝાઇન તૈયાર કર્યા સિવાય સીધેસીધા અક્ષરો ફૂલ વેલ પક્ષીઓ પશુઓ અને મનુષ્યોની આકૃતિઓ ભરતના ટાંકાઓ દ્વારા ઉપસાવે છે. સૌરાષ્ટ્રનાં રજવાડાંમાં તથા ઝાંઝીબારમાં આરી-ભરતવાળા કાપડની માંગ રહેતી હતી. બુલબુલ મોર પૂતળી વગેરેની આકૃતિ ચોળી, સાડીનો પાલવ, ટોપી પડદો તોરણ પિછવાઈ વગેરે ઉપર ટાંકાઓની મદદથી ઉપસાવાય છે. કણબી કોમની સ્ત્રીઓનાં ચણિયા ચોળી ઉપર અને તોરણ ચાકળા વગેરે ઉપર સાંકળી-ભરત ભરે છે. કોટાઈ અને લોડાઈ વિસ્તારના આહીરો તથા રતનાલના રબારીઓ આભલા-ભરતમાં કુશળ છે. સામાન્ય રીતે તેઓ કાળા રંગનું જાડું બરનું કાપડ પસંદ કરે છે. બન્નીના જત અને મતિયા તથા ખાવડાના લોહાણા ઓશિકાનાં કવર ચોળી વગેરે ઉપર આભલાં સાથેનું ખૂબ જ ખીચોખીચ ભરત ભરે છે. જત લોકો 'કજરી' તરીકે ઓળખાતાં કપડાં ઉપર ભરત ભરે છે. બન્નીનું ભરત ખૂબ સમય માગી લે છે અને એક ચોરસ ઇંચની કિંમત એકથી સવા રૂપિયા જેટલી હોય છે. વાગડ(કચ્છ)ના અને ભૂજ અને માંડવીના ઓસવાળ વણિકો ચોકડી હીરા (diamond) વગેરે ભૌમિતિક આકૃતિવાળું ભરત ભરવામાં કુશળ છે. સૌરાષ્ટ્રમાં ચાકળા તોરણ, બળદ માટેની ઝૂલ, થેલી ઘાઘરા વગેરે ઉપર આભલાં સાથેનું ભરત ભરવામાં આવે છે. કચ્છ અને સૌરાષ્ટ્રના કણબીઓનું ભરતકામ સામ્ય ધરાવે છે. "ફૂલકરી" તરીકે ઓળખાતું ભરતકામ કચ્છના

મોચીઓના ભરતકામથી અલગ પડે છે. કચ્છમાં ગજી મખમલ અને જાડી ખાદી ઉપર ભરતકામ થાય છે. સૌરાષ્ટ્રમાં લાલ કે ભૂરા રંગના જાડા ચણિયાના કાપડ ઉપર ભરતકામ આભલાં સાથે થાય છે. આભલાં ફરતી બુટ્ટી ઉપરાંત મોર પોપટ વગેરે આકૃતિ ભરતના ટાંકાઓ દ્વારા ઉપસાવાય છે. સૌરાષ્ટ્રમાં કણબી ઉપરાંત કાઠી કોમમાં લગ્નને પ્રસંગે દીકરીને આણામાં ભરત ભરેલાં ઘાઘરા ચાકળા તોરણ, દીવાલ ઉપર લટકાવી શકાય તેવા પડદા વગેરે અપાય છે, જેમાં હીરના દોરાથી ભરતકામ કરવામાં આવે છે. લાલ રંગના કાપડ ઉપર ભરત ભરવામાં આવે છે. આ પ્રકાર કાઠી–ભરત તરીકે જાણીતો છે. અમરેલી જિલ્લામાં બગસરા ચાડિયા ઇંગોરાળા બાબરા વડિયા ચલાળા વગેરે કાઠીની વસ્તી ધરાવતાં ગામોમાં ભરત-કામ સ્ત્રીઓ નવરાશના સમયમાં કરે છે. આ કામ હીરના દોરા મોંઘા થઈ જતાં હવે ઓછું થવા લાગ્યું છે.

શ્રી રામસિંહજી રાઠોડે કચ્છના ભરતકામ અંગે અભિપ્રાય વ્યક્ત કર્યો છે : ‘કચ્છનું ભરતકામ પણ જાણે ચિત્રકામની લોકકળાનું જોડિયું હોય એવા લાલિત્ય-પૂર્વક વિકસ્યું છે. આજે પણ કચ્છમાં વસ્ત્રાભૂષણો અને તે ધારણ કરવાની રીત કોમવાર અલગ અને વિવિધ રહેલી છે, તેમાં કચ્છની રંગીલી લોકકળાનાં ઉત્તમ તત્ત્વો સચવાયેલાં છે. તેમની પહેરવેશની રીતને અનુરૂપ કોમવાર તે પર ભરત-કામની લાક્ષણિકતા પણ ખાસ અલગ તરી આવે છે.......તેમનું ભરતકામ તેમની પોતાની આગવી રીતે રૂપમાં અને રંગે પ્રાણવાન છે. ભરતકામમાં વપરાતાં રૂપલક્ષણ પરંપરાગત પેઢીઉતાર વંશજોને મળ્યાં કર્યાં છે, છતાંય આ કામમાં માત્ર રૂઢિગત જડ અનુકરણ નહીં થતાં એ સાંસ્કારિક વારસાનો મૌલિક મુક્ત વપરાશ થતો જોવા મળે છે. એકંદરે જોતાં તેમાં સાંકળી અને આંટીવાળા લપેટા, ટાંકા તથા આભલાંનું ભરત એકસરખું જોવા મળે છે. કચ્છના ભરતકામના કેટલાક નમૂનાઓમાં તો જાણે ચિત્રમાં હોય એવી એકસરખી ભરણી, ભરતકામની સફાઈ અને આકૃતિની બારીકી જોવા મળે છે. આ ભરતકામ ટોપીથી તોરણ સુધી—ઝૂલ ઘાઘરા કાપડાં પાલવપટ્ટી ચંદરવા ચાકળા નોરા વગેરે જેવાં રોજિંદા વપરાશનાં ઘણી જાતનાં વસ્ત્રો ઉપર કરવામાં આવે છે. શ્રમભર્યું સામૂહિક જીવન જીવતાં આ લોકોના જીવનની પ્રતિકૃતિ તેઓ રંગથી દેખાડે છે. ઘણુંખરું કસુંબલ રાતા કાળા નીલા કેસરી કે ધોળા પટ ઉપર તેઓ રાતા લીલા જાંબલી નારંગી કે સફેદ રંગના દોરાથી આ ભરતકામ ઉપસાવે છે. કચ્છના ભરતકામની આકૃતિઓમાં સુડો મોર અને પાંદડિયા કસળફૂલનો ચકર તેની લાક્ષણિકતા છે. કામે જતી કણબણ, વાગડમાં ભેંસો ચારતી રાજપૂત છોડી, ભાત લઈ જતી ભણસાલણ, વાંઢીઓ ઉપાડી ઊંટ પાછળ ચાલતી

સ્મારણ કે ગ્રીક ઉપર ભૂંગાની ટાઢકમાં બન્નિયારી આવું ભરતકામ તો વાતો કરતાં કરતી જાય છે. ચોકસાઈભરી હથોટીથી થતા આ સુંદર ભરતકામની કલાપ્રણાલી એક સજીવ સંસ્કાર–વારસો બની રહે છે.'[૧૦]

## ૩. મોતીકામ

મોતીનાં તોરણ, ઈંઢોણી નાળિયેર પંખા ચોપાટ ઢીંગલી ચાકળા ચંદરવા વગેરે ભરવાનું કામ અમરેલી જિલ્લાનાં કાઠી વસ્તીવાળાં ગામોમાં થાય છે. બગસરા એનું કેંદ્ર છે. અન્ય કોમોમાં પણ દીકરીને મોતી–ભરેલાં ઈંઢોણી તથા પંખો અપાય છે, જ્યારે કાઠી કોમમાં ચાકળા ચંદરવા વગેરે આ ઉપરાંત અપાય છે. સૌરાષ્ટ્રનાં ગ્રામવિસ્તાર અને શહેરોમાં આ ગૃહઉદ્યોગ પ્રચલિત છે. મોતીગૂંથણીના એકમોતી અને ત્રણમોતીગૂંથણ એવા બે પ્રકાર છે.[૧૧] સૌરાષ્ટ્રનાં મોટા ભાગનાં શહેરોમાં મોતીનાં તોરણ અને ઈંઢોણી દીકરીને આણામાં આપવા માટે નવરાશના સમયમાં સ્ત્રીઓ બનાવતી હતી.

## ૪. ધાતુકામ

ધાતુકામના કારીગર મુખ્યત્વે લુહાર અને કંસારા છે. યંત્રયુગના આગમન પૂર્વે લુહારો કોદાળી કુહાડી દાતરડું કરવત કાતર સાણસી ચીપિયો તવેથો વગેરે સ્થાનિક જરૂરિયાત પ્રમાણે બનાવતા હતા. આ સિવાય બાંધકામ માટે ઉપયોગી ખીલા ખીલીઓ અને કડછી ચપ્પુ સૂડી વગેરે બનાવતા હતા. આ ઉપરાંત ખેતીનાં ઓજારોની મરામત પણ કરતા હતા. યંત્રયુગના આગમન પછી શહેરમાં વસતાં તેઓ બાલદી ટ્રન્ક અભરાઈ તિજોરી કબાટ અને યંત્રના ભાગ વગેરે બનાવે છે. પરદેશનાં શસ્ત્રો–લોખંડની વસ્તુઓ ઉપલબ્ધ થતાં લુહારોના ધંધામાં ઓટ આવી હતી, એમ છતાં અસ્ત્રા ચપ્પુ સૂડી તાળાં વગેરે બનાવવાનો ગૃહ-ઉદ્યોગ જીવંત રહ્યો હતો. વડનગર અને ઉમરેઠમાં અસ્ત્રા બનતા હતા અને *સ્થાનિક વપરાશ ઉપરાંત ઈંદોર રતલામ વગેરે સ્થળોએ એની નિકાસ થતી હતી. સૂડી બનાવવાનો ઉદ્યોગ લીમડી પાટણ ઓલપાડ મોટી પાનેલી (રાજકોટ જિલ્લો)* અને જામનગરમાં તથા કચ્છ જિલ્લાના અંજારમાં ચાલતો હતો. જાપાન તથા જર્મનીથી આ વસ્તુઓની આયાતને કારણે આ ઉદ્યોગમાં ઓટ આવવા છતાં આ ઉદ્યોગ ટકી રહ્યા છે. કચ્છમાં ૧૮૬૦ પછી ચપ્પુ અને સૂડી બનાવવાનો ઉદ્યોગ 'જુણસ' નામની વ્યક્તિએ કર્યો હતો. ભૂજ માંડવી અંજાર રેહા વગેરેમાં એના વંશજો કોઠારાના અજાણી સાથે રહીને સારી જાતનાં ચપ્પુઓ અને સૂડીઓ હાલ બનાવે છે. તેઓ કાતર પણ બનાવે છે. તળ–ગુજરાતમાં આમોદ અને લુણાવાડામાં

સારાં ચપ્પુ બનતાં હતાં. જામનગરમાં પિત્તળનાં તાળાં અને બટનો બનાવવાનો ઉદ્યોગ હાલ ચાલે છે. મોટાં શહેરોમાં ટ્રન્ક બાલદી કબાટ, યંત્રોના ભાગ વગેરે લુહારો તથા વોરાઓ બનાવે છે. અમદાવાદ રાજકોટ સુરત ભાવનગર એમાં મુખ્ય છે.[૧૨]

કંસારાનો મુખ્ય વ્યવસાય ત્રાંબા પિત્તળ તથા કાંસાનાં વાસણ બનાવવાનો છે. અગાઉ લગ્ન પ્રસંગે કન્યાને પિતૃપક્ષ તરફથી ઘણાં વાસણ અપાતાં હતાં. ચરોતરની પાટીદાર કોમમાં આ રિવાજ વધારે પ્રચલિત હતો. આ ઉદ્યોગનાં નડિયાદ ડભોઈ સુરત આમોદ ખંભાત નવસારી વીસનગર ધ્રાંગધ્રા વઢવાણ જોરાવર-નગર શિહોર મુખ્ય કેંદ્ર છે. બેડાં ગોળી લોટા પ્યાલા કપ દીવી કડાં રકાબી થાળી તપેલાં વાટકા ત્રાસક પવાલાં છાલિયાં વગેરે ત્રાંબા–પિત્તળનાં પતરાંમાંથી બનાવે છે. આ પતરાંની પરદેશથી આયાત કરાય છે.

મોટા ભાગે અગાઉ ઘડતરનાં વાસણ કંસારા ઘેર રહીને બનાવતા હતા. કોઈ સ્થળે કારખાનામાં પૉલિશવાળો માલ પણ બનતો હતો. શિહોરમાં પિત્તળની હીંચકાની સાંકળી તથા ઘડતરનાં વાસણ સારાં બને છે. અમદાવાદ નવસારી બીલીમોરા અને શિહોરમાં હાલ યંત્રસંચાલિત કારખાનાં અસ્તિત્વમાં આવ્યાં છે. કાંસાનો વપરાશ ઘટી ગયો છે. ઍલ્યુમિનિયમનાં વાસણ ગ્રામવિસ્તારમાં વપરાય છે, પણ એની બનાવટ ગુજરાતમાં થતી નથી. આ સિવાય જર્મન સિલ્વરનાં વાસણ પણ પ્રચલિત હતાં.[૧૩]

સોનારૂપાનાં ઘરેણાં સોની લોકો બનાવે છે. ગામડાં તથા શહેરોમાં સોની જ્ઞાતિના લોકો આ ધંધો કરે છે. અમદાવાદ વડોદરા સુરત નડિયાદ પાટણ ઈડર રાજપીપળા રાધનપુર વલસાડ ભરૂચ પાલનપુર અને બોરસદ આ ઉદ્યોગનાં મહત્ત્વનાં મથક છે. સોની લોકો પોતાની દુકાન કે ઘરમાં કામ કરે છે. સ્ત્રીઓને ઘરેણાંનો મોહ હોઈને સોની લોકોનો ધંધો બારે માસ ચાલે છે. કચ્છનું રૂપાનું કારીગરીકામ તથા મીનાકામ ખૂબ જ જાણીતું છે. મૂળ આ ધંધો રામસિંહજી માલમે કચ્છ કારીગરો પાસેથી શીખીને દાખલ કર્યો હતો. [૧૪]

## ૫. અકીકનો ઉદ્યોગ

ખંભાતનો અકીકની વસ્તુઓ બનાવવાનો ઉદ્યોગ પ્રાચીન સમયથી જાણીતો છે. મુઘલ સમય દરમ્યાન આવેલા પરદેશી પ્રવાસીઓએ આ ઉદ્યોગનો ઉલ્લેખ કર્યો છે અને વર્ણન કરેલ છે. અકીકના પથ્થર નર્મદા પર આવેલા ઝઘડિયા તાલુકાના રતનપોર કે અંકલેશ્વર તાલુકાના અડાદરામાં, ખેડા જિલ્લામાં કપડવંજ અને સૌરાષ્ટ્રમાં મોરબી અને રાણપુર પાસેથી નીકળે છે.

શેર પથ્થરની કિંમત એના કદ અને ગુણ પ્રમાણે રૂ. ૩ થી ૫૦ સુધી બેસે છે. મણ પથ્થર હોય તેમાંથી સાફસૂફ કરી ઉપયોગમાં ૩ થી ૫ શેર જ આવે છે. પથ્થરનાં રંગ અને ગુણ પ્રમાણે ચશ્મદાર જામો સૂવા ભાજી ખારિયો આગિયો રાતડિયો દોરીદાર પીરોજ માઇ મરિયમ વગેરે જુદાં જુદાં નામ હોય છે. અકીકના પથ્થરોને છાણાંની ગરમીથી પકવવામાં આવે છે, જેથી વિવિધ રંગો ખીલી નીકળે છે.

ઘરેણાં તરીકે અકીકનાં માળા માદળિયાં પાટિયાં પોંચી બાજુબંધ અંગૂઠીઓ બોરિયાં બને છે. પ્યાલા રકાબી, ચપ્પુના હાથા, શેતરંજનાં મહોરાં, પેન ખડિયો, તલવારની મૂઠ, પેપરવેઇટ પેપરકટર વગેરે બને છે. કાળા પથ્થરમાંથી એરિંગ વીંટીઓ અને બટનો બને છે.

અકીકનું કામ મોટે ભાગે કણબી કારીગરો કરે છે. ડોળિયા પથ્થરને પૉલિશ કરે છે, ઘસિયા ઘસે છે, વીંધારા વીંધે છે અને પટીમાર લાકડા ઉપર ઘસી પૉલિશ કરે છે. આ ઉદ્યોગ માટે સામાન્ય રીતે સોનીના ઉપયોગનાં સાધન વપરાય છે. માત્ર હીરાને કાણાં પાડવાની ખાસ ડ્રિલ આવે છે તેની ડ્રિલ વિશિષ્ટ સાધન છે અને મણકા વગેરે બનાવવાનું કામ એનાથી સરળ પડે છે. ખંભાતમાંથી અકીકની વસ્તુઓ ચીન અરબસ્તાન યુરોપ, આફ્રિકાનાં ગોલ્ડકોસ્ટ, અને નાઈજીરિયામાં જાય છે, "ગુજરાત સર્વસંગ્રહ"માં જણાવ્યા પ્રમાણે ખંભાતમાં બેથી ત્રણ લાખ રૂપિયાની અકીકની વસ્તુઓ બનતી હતી અને ખંભાતના નવાબની એના ઉપર પટકા નિકાસ–જકાત હતી. હડપ્પાકાલીન સ્થળોમાંથી અકીકના મણકા મળી આવે છે અને મધ્યપૂર્વના દેશો તથા આફ્રિકામાં પ્રાચીન સ્થળોમાંથી ઉત્ખનનો દરમ્યાન મળી આવ્યા છે.[૧૫]

## ૬. જરીકસબ ઉદ્યોગ

કિનખાબ અને મખમલના કામમાં સોનેરી અને રૂપેરી તારકસબની જરૂર પડે છે. 'ગુજરાત સર્વસંગ્રહ'માં જણાવ્યા પ્રમાણે તારકસબ બનાવવાનું કામ સુરત અમદાવાદ અને નવાનગરમાં થતું હતું. અમદાવાદ અને સુરતમાં ૧,૫૦૦ થી ૨,૦૦૦ કારીગર આ કામમાં રોકાયેલા હતા. નવાનગર(જામનગર)માં એમની સંખ્યા ૫૦ હતી. હવે સુરત સિવાય અન્યત્ર આ ઉદ્યોગ કોઈ સ્થળે ચાલતો નથી.[૧૬]

આ ઉદ્યોગનો કાચો માલ રેશમી દોરાઓ, ચાંદી સોનું વગેરેની જર્મની ફ્રાન્સ અને સ્વિત્ઝરલૅન્ડથી આયાત થતી હતી. એક તોલા ચાંદીમાંથી ૧,૬૦૦ થી ૩,૦૦૦ વાર લંબાઈના તાર નીકળી શકે છે. ખૂબ ઝીણા તાર બનારસમાંથી મંગાવાતા હતા. ચાંદીનો પાટલો તેમ મોંકણી તારની મજૂરી આપીને પણ જરીના તાર સ્થાનિક

રીતે તૈયાર કરાવાતા હતા. તાર બનાવતાં ચાંદીની એક ટકો ઘટ પડે છે. એક તોલા સોનામાંથી સામાન્ય રીતે ૬૦૦–૮૦૦ તાર ખેંચાય છે. કેટલાક લોકો ૨,૦૦૦ વાર જેટલો બારીક તાર પણ ખેંચે છે. ચાંદીને ઓગાળ્યા બાદ પાવઠીવાળા એક તોલા ચાંદીમાંથી ૧૦ થી ૧૨ ફૂટનો ચાંદીનો તાર જંતર કે પાવઠાની મદદથી હાથ અને પગનો ઉપયોગ કરી કાઢતા હતા. ત્યારબાદ તાણિયા તારમાંથી ઝીણા તાર કાઢતા હતા. રેશમ ઉપર જરીના તાર વીંટનારને 'અસારો' કહે છે. રૂપા ઉપર સોનાનો ઢોળ ચડાવવા રૂપાને ગરમ કરીને સોનાનું પતરું ચડાવાતું હતું. આયર્લૅન્ડની જરી કાળી પડી જતી હતી, જ્યારે સુરતની જરીનો ચળકાટ એવો ને એવો રહેતો હતો. ૧૮૫૦ પછી ફ્રાન્સની મશીનથી બનેલી જરીની હરીફાઈ થોડો વખત રહી હતી. ભારતમાં મદ્રાસ મૈસૂર રાજસ્થાન દિલ્હી ઉત્તરપ્રદેશ તથા કલકત્તા અને મુંબઈ જરીનો માલ ખરીદે છે. વેપારનાં કેંદ્રો તરીકે બૅંગ્લોર સાલેમ મદુરાઈ કાંજીવરમ કુંભકોણમ જયપુર દિલ્હી અમૃતસર વારાણસી અને કલકત્તા મુખ્ય છે. દક્ષિણમાં વેપારીઓ હાથસાળ કાપડમાં ગૂંથવા માટે સોનારૂપાનો કસબ ખરીદે છે. અફઘાનિસ્તાન સિલોન બ્રહ્મદેશ ઇન્ડોનેશિયા કેનેડા અને મધ્યપૂર્વના દેશોમાં જરીકસબવાળા કાપડની નિકાસ થતી હતી. જરીકસબનાં કપડાં રાજા-મહારાજાઓ ધનિકો અને મેમણકોમમાં લગ્નપ્રસંગે આપવાં પડતાં હતાં.[૧૬]

## ૭. માટીકામ

વિશાળ અર્થમાં માટીના ઉદ્યોગમાં માટીનાં વાસણો, હ્યૂમપાઇપ, ટાઇલ્સ, નળિયાં, ચિનાઈ માટીનાં વાસણ વગેરે બનાવટોનો સમાવેશ થાય છે. બીલીમોરા અને ગણદેવીમાં મૅંગલોરી નળિયાં બનાવાય છે. સૌરાષ્ટ્રમાં ભાવનગર નજીક વરતેજ આસપાસ, અમદાવાદ નજીક સરખેજમાં તથા અન્ય શહેરોની નજીકનાં સ્થળોમાં ઈંટો બનાવાય છે. દેશી નળિયાં માટીનાં ગોળા કોઠી માટલી કોડિયાં વગેરે માટીની વસ્તુઓ કુંભારો જરૂર પ્રમાણે સારી ચીકણી માટી જ્યાં મળી આવે ત્યાં બનાવે છે. કપ-રકાબી માટે ૧૨૦૦ સે. ગરમી જોઈએ છે. આનાથી વધારે ગરમીથી વિકૃત આકાર થઈ ન જાય તેવી ફ્રાયર ક્લેનો ઉપયોગ ઈંટો નળિયાં ને વાસણો બનાવવા થાય છે. ઉત્તર ગુજરાતમાં પાટણમાં માટીનાં રમકડાં બનાવવાનો ઉદ્યોગ વિકસ્યો છે. તેઓ રાષ્ટ્રિય નેતાઓ અને દેવદેવીઓનાં પૂતળાં ઢીંગલીઓ કૂતરા હરણ ઘોડા સાપ ધૂપિયાં વગેરે માટીમાંથી બનાવતા હતા. દેડકા કાચબો અને માછલીનાં પાણીમાં તરે તેવાં રમકડાં પણ તેઓ બનાવતા હતા. પાટણનાં આ રમકડાં અમદાવાદ મુંબઈ વડોદરા અને સુરત જતાં હતાં. ૧૯૧૯ પછી રમકડાંની કિંમત ઘટી જતાં અને પ્લાસ્ટિકનાં સસ્તાં રમકડાંની આયાતને કારણે આ ઉદ્યોગમાં મંદી આવી છે.[૧૭]

## ૮. ખરાદીકામ

પલંગ ઘોડિયાં રમકડાં વગેરે બનાવવાનો ઉદ્યોગ ગુજરાતમાં ઘણા વખતથી ચાલ્યો આવે છે. રમકડાં હેંગર વેલણ વગેરે બનાવનાર ખરાદી કે સંઘેડિયા તરીકે ઓળખાય છે. ગોધરા ઈડર અમદાવાદ સુરત લુણાવાડા પાલનપુર બાલાશિનોર મોડાસા સંતરામપુર સંખેડા પાટણ મહુવા જૂનાગઢ ભાવનગર વગેરે આ ઉદ્યોગનાં મહત્ત્વનાં કેંદ્ર છે. ગોધરામાં જંગલનું લાકડું સસ્તું અને સહેલાઈથી મળી શકવાને લીધે તથા મજૂરી સસ્તી હોવાથી પલંગ ઘોડિયાં ખુરશી વગેરે બનાવાય છે. આ ઉદ્યોગ માટે જોઈતું સાગ ટાંચ કલમબીયો અને દૂધીનું લાકડું પંચમહાલ રાજપીપળા અને ડાંગના જંગલમાંથી મળે છે. એ ઉપરાંત લાખ અને રંગો સ્થાનિક બજારમાંથી ખરીદવામાં આવે છે. મહુવામાં તથા ઈડરમાં લાકડાનાં રમકડાં બને છે. મહુવાના કારીગરો લાકડાનાં જુદાં જુદાં ફળ આબેહૂબ બનાવે છે. લાખના રંગ વાપરી પારદર્શક ફર્નિચર, ઘોડિયાં સોફાસેટ વેલણ પાટલી બાજોઠ વગેરે સંખેડામાં બને છે. અહીં કલાઈ અને લાખના રંગ વપરાય છે. આ પ્રકારને મળતું લાખના રંગોનો ઉપયોગ કરી જૂનાગઢમાં પણ ફર્નિચર બનાવાય છે. લાકડાનાં બલોયાં બનાવવાનો ઉદ્યોગ લુણાવાડા અને સંતરામપુરમાં ચાલે છે.

લાકડાના કોતરકામ માટે ૧૯મી સદી દરમ્યાન અમદાવાદ ખૂબ પ્રસિદ્ધ હતું. સુરતમાં ચંદનની વિવિધ દશ્યો ને આકૃતિઓથી કંડારેલ પેટીઓ મળે છે. આ માટે ચંદન બ્લૅકવૂડ હળદરવો સાગ અને હરણનાં શીંગડાં વગેરે સ્થાનિક બજારમાંથી ખરીદવામાં આવે છે. કેટલાક કારીગર રામાયણનાં દશ્ય તેમ સમુદ્ર-મંથનનાં દશ્ય ચંદન કે હાથીદાંત ઉપર કોતરે છે. આ કારીગરો ઘરેણાંની કલાત્મક પેટી, સિગારેટ કેસ, બાસ્કેટ વગેરે બનાવે છે. લાકડાની પૂતળીઓ બનાવવાનું કામ જૈન અને વૈષ્ણવ મંદિરોને લીધે જીવંત રહ્યું છે. દ્વારકા વડતાલ અને અમદાવાદ આ માટે જાણીતાં છે. વીસનગર અને વાંસદામાં ઊંટ મગર ભેંસ વગેરે પ્રાણીઓની આકૃતિ આબેહૂબ બનાવે છે. ખેડાની દવેજીની હવેલી તથા વસોની દરબાર ગોપાલદાસની હવેલી ઓગણીસમી સદીમાં થતા કાષ્ઠકોતરકામના ઉત્કૃષ્ટ નમૂના છે. મોટાં શહેરો તથા કસ્બામાં વસતા સુથાર મકાનોનાં બાંધકામ ઉપરાંત ફર્નિચર બનાવવાનું કામ કરતા હોય છે.[૧૮]

### પાદટીપ

૧. નર્મદાશંકર લા. કવિ, 'ગુજરાત સર્વસંગ્રહ,' પૃ. ૨૭૧-૨૭૨

૨. શાહ, ચં. કૃ. અને શાહ, પુ. છ., 'ચરોતર સર્વસંગ્રહ', પૃ. ૬૦૦

૩. *Gujarat State Gazetteer–Amreli District*, pp. 241-242

૪. *Ibid.-Surat District*, p. 436.

૫. *Gujarat State Gazetteer–Jamnagar District*, pp. 233 f.

૬. *Ibid.-Kutch District*, pp. 244, 248–249

૭. *Ibid.-Surat District*, p. 441

૮. *Ibid.-Kutch District*, pp. 244 f.

૯. *Ibid.-Amreli District*, pp. 242 ff.

૧૦. રામસિંહજી રાઠોડ, 'કચ્છનું સંસ્કૃતિ દર્શન', પૃ. ૨૪–૨૭

૧૧. *Gujarat State Gazetteer-Amreli District*, p. 248

૧૨. 'ગુજરાત સર્વસંગ્રહ', પૃ. ૨૭૩; A. B. Trivedi, *Post war Gujarat*, pp. 152–153, 162–163

૧૩. એજન, પૃ. ૨૭૩; A. B. Trivedi, *op. cit.*, pp. 165 ff.

૧૪. એજન, પૃ. ૨૭૨; A. B. Trivedi *op. cit.*, pp. 168 f.; *Gujarat State Gazetteer–Kutch District*, pp. 246 f.

૧૫. A. B. Trivedi, *op. cit.*, pp. 204 ff.

૧૬. A. B. Trivedi, *op. cit.*, pp. 111–115; *Gujarat State Gazetteer—Surat, District*, pp. 441 f; *Bombay Gazetteer, Vol. II, Surat, Broach–District*, pp. 179 f.

૧૭. A. B. Trivedi, *op. cit.*, pp. 192 ff.

૧૮. A. B. Trivedi, *op. cit.*, pp. 132 ff; *Gujarat State Gazetteer–Baroda*, pp. 350 ff; 'ગુજરાત સર્વસંગ્રહ', પૃ. ૨૭૪

## પરિશિષ્ટ–૧

# ગુજરાતમાં પુરાતત્ત્વનાં પગરણ

### ૧. પુરાતત્ત્વ : વ્યાખ્યા કાર્યક્ષેત્ર અને અન્ય શાસ્ત્ર–સંબંધ

પુરાતત્ત્વ એટલે પ્રાચીન સંસ્કૃતિ સભ્યતા અને પુરાવશેષોનો એના નિર્માતા--ઓનો અને નિર્માણનાં કલા તકનીકી અને વિજ્ઞાનનો તત્કાલીન માનવ–સમાજ-જીવનના સંદર્ભમાં અભ્યાસ.

'પુરાતત્ત્વ'માં પ્રાચીન માનવ–નિર્મિત તમામ ચીજવસ્તુઓની નિર્માણ-કલાનાં આદિ વિકાસ હ્રાસ ઉપયોગ સ્થાન આદિનો સમાવેશ થઈ જાય છે: પરંતુ એમાંયે નીચેની બાબતોનો ખાસ સમાવેશ થાય છે: પથ્થર અને અસ્થિમાંથી બનાવેલાં સાધન, માટીકામ, લિપિ અભિલેખ મુદ્રા મુદ્રાંકન સિક્કા વાસ્તુ સ્થાપત્ય શિલ્પ મૂર્તિ ભાષા વ્યુત્પત્તિ આદિ. આ ઉપરાંત લોક-મનોવિજ્ઞાન, પ્રાણીઓની સહજ વૃત્તિઓ, તર્કશાસ્ત્ર ઉદ્યાનકલા વનસ્પતિ–વિજ્ઞાન રેખાકારી અર્થઘટનક્ષમતા લેખનચાતુર્ય પ્રકાશન–કલા, પુરાતત્ત્વીય કાયદા–કાનૂન અને પુરસ-રક્ષણવિજ્ઞાન આદિનું જ્ઞાન પણ પરમ આવશ્યક ગણાય છે.

સાંપ્રતકાલીન નવપુરાતત્ત્વવિજ્ઞાનમાં ઉપર્યુક્ત તમામ બાબતોનો સમાવેશ થાય છે, પરંતુ સમીક્ષિત સમયગાળા (ઈ.સ. ૧૮૧૮ થી ૧૯૧૪) દરમ્યાન આ તમામ બાબતોનાં પગરણ ન થયાં હોય એ સહજ છે.

### ૨. ગુજરાતના સંબંધમાં વર્ષવાર કામગીરી

ભારતમાં પુરાતત્ત્વીય ક્ષેત્રાન્વેષણો (અં. એક્સપ્લોરેશન્સ) શરૂ કરવાનો વિચાર માત્ર સને ૧૭૭૪ માં આવેલો હતો.[1] ત્યાર પછી એક દાયકા બાદ કામગીરી શરૂ થયેલી હતી. એમાંથી કેટલીક કામગીરી સાથે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે ગુજરાત અને સમીક્ષિત સમયગાળો સંકળાયેલાં હતાં. વર્ષવાર એનું વિહંગાવલોકન કરી જોઈએ :

૧૭૮૪ જાન્યુઆરીની ૧૫મી તારીખે કલકત્તામાં 'રોયલ એશિયાટિક સોસાયટી'-ની સ્થાપના થઈ.

૧૭૮૮ થી ઉક્ત સંસ્થાએ 'એશિયાટિક રિસર્ચીઝ' નામના સામયિકની શરૂઆત કરી. ચાર્લ્સ વિલ્કિન્સે ગુપ્ત અને કુટિલ લિપિ ઉકેલવાની ચાવી શોધી કાઢી.

૧૮૧૪ કલકત્તા મુકામે સંગ્રહાલયની સ્થાપના થઈ.

૧૮૨૫ જેમ્સ ટૉડની પશ્ચિમ ભારતની મુલાકાત.

૧૮૨૯ થી ૧૮૪૭ જેમ્સ ફર્ગ્યુસને ભારતનાં પ્રાચીન સ્થાપત્યકીય સ્મારકોનું સર્વેક્ષણ કર્યું.

૧૮૩૩–૩૯ જેમ્સ પ્રિન્સેપ વગેરેએ બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિનો ઘણો ભેદ ઉકેલ્યો.

૧૮૪૮ ડિસેમ્બરની ૨૬ મી તારીખે ફોર્બ્સે 'ગુજરાત વર્નાકયુલર સોસાયટીની' સ્થાપના કરી.

૧૮૪૯ આસપાસ 'બુદ્ધિપ્રકાશ' નામનું મંડળ અસ્તિત્વમાં આવ્યું.

૧૮૫૦ ઉક્ત મંડળે 'બુદ્ધિપ્રકાશ' નામના પાક્ષિક મુખપત્રની શરૂઆત કરી. આ જ સમયગાળાની આસપાસ કવિ દલપતરામ ડાહ્યાભાઈએ ફોર્બ્સની 'રાસમાળા' માટે પ્રાચીન સાહિત્યની શોધમાં સહાયતા કરી.

૧૮૬૧ મુંબઈના ડૉ. ભાઉ દાજીના સહાયક તરીકે શ્રી ભગવાનલાલ ઇંદ્રજીની કામગીરી શરૂ.

૧૮૬૨ એલેક્ઝાંડર કનિંઘમની ભારતના પ્રથમ પુરાતત્ત્વીય સર્વેક્ષક તરીકે નિમણૂક, કાર્યક્ષેત્ર ઉત્તર ભારત.

૧૮૬૩ ના ૨૦મા કાયદાથી સ્થાપત્યકીય સ્મારકોના સંરક્ષણની જોગવાઈ કરવામાં આવી.

૧૮૬૬ પુરાતત્ત્વીય સર્વેક્ષકની જગ્યા નાબૂદ થઈ.

૧૮૭૧ કનિંઘમની ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના મહાનિર્દેશક તરીકે નિમણૂક. એમણે પોતાના કાર્યક્ષેત્રમાંથી પુરારક્ષણને બાદ કર્યું.

૧૮૭૨ 'ઇન્ડિયન ઍન્ટિકવરી' નામે પુરાતત્ત્વ–સામયિકની શરૂઆત.

૧૮૭૩ પશ્ચિમ ભારતીય પુરાતત્ત્વ–સર્વેક્ષણ નામના ખાતાની શરૂઆત. પુરાતત્ત્વીય સર્વેક્ષક તરીકે જેમ્સ બર્જેસની નિમણૂક.

૧૮૭૩ બ્રિટિશ સરકારે આદેશો બહાર પાડીને સ્થાપત્યકીય મહત્ત્વની તમામ ઇમારતોનાં સંરક્ષણની કાળજી રાખવા પ્રાંતિક સરકારોને જણાવ્યું.

૧૮૭૪–૭૫ જેમ્સ બર્જેસે કચ્છ–સૌરાષ્ટ્રનાં સ્થાપત્યકીય સ્મારકોનું સર્વેક્ષણ કર્યું.

૧૮૭૪–૮૮ પુરાતત્ત્વક્ષેત્રે પં. ભગવાનલાલ ઇંદ્રજીની સ્વતંત્ર કામગીરી. પ્રાચીન સ્મારકોના સંરક્ષણની જવાબદારી કેંદ્ર સરકારે લીધી.

૧૮૭૮ બ્રિટિશ સરકારે ભારતીય ભૂમિગત ભંડારપ્રાપ્તિ અધિનિયમ બહાર પાડ્યો.

૧૮૮૧ થી ત્રણ વર્ષ માટે મેજર કોલની પુરારક્ષણના ખાસ અધિકારી તરીકે નિમણૂક થઈ.

૧૮૮૧ વૉટ્સનના આગ્રહથી ભાવનગરના મહારાજાએ પોતાના રાજ્ય માટે પુરાતત્ત્વ ખાતાની સ્થાપના કરી.

૧૮૮૨–૮૩ મેજર કોલે સ્મારકોને ત્રણ વર્ગોમાં વહેંચ્યાં. એમનું કરેલું વર્ગીકરણ ૧૯૧૯ સુધી અમલમાં રહ્યું.

૧૮૮૩ અભિલેખવિદ્ તરીકે ફ્લીટની નિમણૂક.

૧૮૮૩–૮૪ બર્જેસે ચાંપાનેર ધોળકા તથા અમદાવાદનાં મુસ્લિમ સ્થાપત્યોનું રક્ષણ–સર્વેક્ષણ કર્યું.

૧૮૮૬ માર્ચની ૧૫ મી તારીખનો સરકારી ઠરાવ: ઉત્તર પશ્ચિમ અને દક્ષિણ ભારતનાં સ્વતંત્ર પુરાતત્ત્વીય સર્વેક્ષણ ખાતાં મહાનિર્દેશકની દેખરેખ હેઠળ મુકાયાં.

૧૮૮૬ માર્ચની ૧૫ મી તારીખનો જ બીજો સરકારી ઠરાવ સરકારી નોકરોને મલ્યો કે તેઓથી સંપાદિત કરાતા પુરાવશેષોનો નિકાલ સત્તાવાર મંજૂરી મેળવ્યા વિના ન થઈ શકે.

૧૮૮૬ માર્ચની ૨૫ મી તારીખે બર્જેસ મહાનિર્દેશક બન્યા.

૧૮૮૬ ના જૂનની પહેલી તારીખે જે. એચ. ફ્લીટ સરકારી અભિલેખવિદ્‌ના પદેથી નિવૃત્ત થયા ત્યાં સુધી અભિલેખીય સર્વેક્ષણ–વિષયક કામગીરી પુરાતત્ત્વીય સર્વેક્ષણના એક ભાગ રૂપે નહોતી.

૧૮૮૬ ઑગસ્ટની આઠમી તારીખે સરકારી હુકમ: પૂર્વમંજૂરી મેળવ્યા વિના કોઈ પણ પ્રકારના પુરાવશેષ ખોદવા ઉપર પ્રતિબંધ.

૧૮૮૬–૮૭ હેન્રી કાઉસેન્સે સ્થાપત્યકીય સ્મારકોનું સર્વેક્ષણ કર્યું.

૧૮૮૮ જેમ્સ બર્જેસે 'એપિગ્રાફિયા ઇન્ડિકા' નામના ત્રૈમાસિકની શરૂઆત કરી.

૧૮૮૮ સુધીમાં ફ્લીટનાં કાર્ય પ્રસિદ્ધ થયાં.

૧૮૮૮ નાતાલમાં ગિરનાર પાસેના બેરિયા સ્તૂપનું કૅમ્પબેલે ઉત્ખનન કર્યું.

૧૮૮૮–૮૯ ફર્ગ્યુસને ઉત્તર ગુજરાતમાં સ્થાપત્યકીય સ્મારકોનું સર્વેક્ષણ કર્યું.

૧૮૮૯ બર્જેસે મહાનિર્દેશકના પદેથી રાજીનામું આપ્યું. પરિણામે જુદાં જુદાં વિભાગીય પુરાતત્ત્વીય સર્વેક્ષણો ફરીને અસ્તિત્વમાં આવ્યાં. પશ્ચિમ વર્તુળના વડાને પુરાતત્ત્વ–અધીક્ષક નામ અપાયું. સર્વેક્ષણ અને પુરારક્ષણની કામગીરી પ્રાંતિક સરકારને સોંપાઈ.

૧૮૮૯ જૂન પછી બ્રિટિશ સરકારે માની લીધું કે સ્થાપત્યોનાં સર્વેક્ષણ અને પુરારક્ષણની કામગીરી પાંચ વર્ષમાં પૂરી થઈ જશે અને ૧૮૯૪ માં ભારતભરમાં પુરાતત્ત્વ સર્વેક્ષણ ખાતાં બંધ કરી દઈ શકાશે.

૧૮૮૯ ઑક્ટોબરની પહેલી તારીખથી સર્વેક્ષણની અને પુરારક્ષણની કામગીરી પ્રાંતિક સરકારોને સોંપાઈ અને પાંચ વર્ષમાં એ બંને કામગીરી પૂરી કરવાના બ્રિટિશ સરકારના હુકમ થયા.

૧૮૮૯–૯૦ હેન્રી કાઉસેન્સે બાકીનાં સ્થાપત્યોનું સર્વેક્ષણ કર્યું.

૧૮૯૧ રૉબર્ટ બ્રુશ ફૂટ વડોદરા રાજ્યના ભૂસ્તરશાસ્ત્રી થયા. તેઓ ૧૮૫૮ થી ૧૮૯૧ સુધી ભારતીય ભૂસ્તરીય સર્વેક્ષણના મહાનિર્દેશક હતા.

૧૮૯૫ બ્રિટિશ સરકારની પૂર્વોક્ત ૧૮૮૯ વાળી માન્યતા ખોટી ઠરી. સરકાર ચોંકી ઊઠી. બાકીનાં કામ પૂરાં કરા આપવા માટે એશિયાટિક સોસાયટીને વિનંતી કરી. એ સંસ્થાએ સ્પષ્ટ ના પાડી. સરકારને એ કડવું સત્ય સ્વીકારવાની ફરજ પડી કે પુરાતત્ત્વીય કામગીરી ખાનગી સંસ્થાને સોંપી શકાય નહિ. કામ ચાલુ રાખવું હોય તો સરકારે જ કરવું પડે.

૧૮૯૭ જેમ્સ બર્જેસ અને હેન્રી કાઉસેન્સ–કૃત મુંબઈ ઇલાકાના પુરાવશેષોની સુધારેલી યાદી પુસ્તકાકારે પ્રસિદ્ધ થઈ.

૧૮૯૮ પ્રાચ્યવિદોના ૧૧ મા અધિવેશનનો ઠરાવ : 'ઇન્ડિયન એક્સપ્લોરેશન ફંડ'ની સ્થાપના કરવા ભલામણ. વિચારણાને અંતે ૧૯૦૪ નો પ્રાચીન સ્મારક–સંરક્ષણનો કાયદો.

૧૮૯૮ મે માસની ૧૮ મી તારીખે બ્રિટિશ સરકારે સમસ્ત ભારતમાં પુરાતત્ત્વીય કામગીરી માટે પાંચ વર્તુળ બનાવવાનું સ્વીકાર્યું તેમાંનું એક મુંબઈ વર્તુળ. એમાં કચ્છ સૌરાષ્ટ્ર અને ગુજરાતનો પણ સમાવેશ થયેલો.

૧૮૯૯ લૉર્ડ કર્ઝનના પ્રયત્નોથી બ્રિટિશ સરકારે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના મહાનિર્દેશકનું પદ ફરીને ચાલુ કરવા, એ પદ ઉપર સમર્થ પુરાન્વેષક પુરાતત્ત્વવિદ્ અને વાસ્તુવિદ્ની નિમણૂક કરવા અને દેશના તમામ પુરાતત્ત્વીય કામકાજ ઉપર તેઓ દેખરેખ રાખે એવું દબાણ ઇંગ્લૅન્ડના માંધાતાઓ ઉપર મૂક્યું.

૧૯૦૧ નવેમ્બરની ૨૯ મી તારીખે સેક્રેટરી ઑફ સ્ટેટ તરફથી પાંચ વર્ષ માટે પૂર્વોક્ત દરખાસ્તને મંજૂરી અને જહોન માર્શલની મહાનિર્દેશક તરીકે નિમણૂક કરવાનો નિર્ણય.

૧૯૦૨ આજનું ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ નામનું ખાતું અસ્તિત્વમાં આવ્યું. માર્શલ ફેબ્રુઆરીની ૨૨ મી તારીખે ભારતમાં આવી ગયા અને ૧૮૬૧ થી શરૂ થયેલ સુષુપ્ત પ્રવૃત્તિઓમાં નવા પ્રાણનો સંચાર થયો.

૧૯૦૪ માર્શલે નોંધેલ હતું કે પુરારક્ષણકાર્યો સરકારથી ન તો બંધ કરાય કે ન જાહેર બાંધકામ ખાતાને સોંપાય. પુરાતત્ત્વીય અધિકારીઓનાં કામ અન્ય માધ્યમથી થઈ શકે જ નહિ.

૧૯૦૪ પ્રાચીન સ્મારકોના સંરક્ષણનો અધિનિયમ ઘડાયો.

૧૯૦૬ એપ્રિલની ૨૮ મી તારીખના સરકારી ઠરાવથી 'મુંબઈ વર્તુળ'નું નામ બદલીને ફરીથી 'પશ્ચિમ વર્તુળ' રાખ્યું. વડું મથક શરૂઆતમાં મુંબઈ, પાછળથી પુણે અને ૧૯૫૧ અને ૧૯૬૦ વચ્ચે વડોદરા ખસેડાયેલ, જે હાલ પણ ત્યાં છે.

૧૯૧૪–૧૬ હિંદી મૂર્તિવિધાન ઉપર ગોપીનાથ રાવનાં પ્રકાશન પ્રસિદ્ધ થયાં.

## ૩. વિવિધ પુરાતત્ત્વીય કામગીરી

### (ક) પ્રાગૈતિહાસિક પુરાતત્ત્વ

ભારત અને ગુજરાતમાં પ્રાગૈતિહાસિક આદિમાનવ–સર્જિત પ્રસ્તર–ઉપસ્કરો પ્રથમ વાર શોધી કાઢવાનું માન ભૂસ્તરશાસ્ત્રીઓને ફાળે જાય છે.[૨] આદિમાનવ–નિર્મિત પથ્થરનાં ઓજાર બહુધા નદીતટેથી મળતાં હોઈ પુરાનદીતલવેદિકાના રચનાકાલના સંદર્ભમાં પથ્થરનાં ઓજારોનું સમયાંકન થાય છે.

સમીક્ષિત સમયગાળામાં ભૂસ્તરીય તૃતીયક કલ્પના અંતિમ પ્લાયોસીન યુગ અને ચતુર્થક કલ્પના પ્રથમ પ્લાયસ્ટોલિન યુગ વચ્ચેની ભેદરેખા સુસ્થાપિત થઈ ન હોવાથી પુરાપ્રસ્તરયુગીય અવશેષોને ચતુર્થક કલ્પના માનવામાં આવતા હતા, પરિણામે બ્લેંક ફોર્ડ નામના વિદ્વાને, ગોદાવરી–નર્મદા-નદીતલવેદિકા ઉપરથી મળેલા પ્રસ્તર ઉપસ્કરોના સંદર્ભમાં ૧૮૬૭ માં જાહેર પણ કરી દીધેલ કે અમારે એમ કહેવું પડે એમ છે કે યુરોપ કરતાં ભારતમાં માનવનું અસ્તિત્વ ઘણું વહેલું શરૂ થયું હોવાના પુરાવા અમારી પાસે છે.[૩] ૧૮૯૩ માં ડૉ. બ્રુસ ફૂટ જાહેરક રેલું કે સાબરમતીના ઉત્તર પ્રદેશમાં પ્રાગૈતિહાસિક માનવનાં બનાવેલાં પથ્થરનાં ઓજાર મળે છે. આમ છતાં ૧૯૪૦ સુધી એમ મનાતું હતું કે ગુજરાતને પ્રાગૈતિહાસિક ભૂતકાલ નથી.

આ બે સમયગાળામાં પાષાણ-યુગના બે જ પેટાયુગ માનવામાં આવતા હતા : પુરા-પાષાણયુગ અને નવ-પાષાણયુગ. બંને પેટા યુગો વચ્ચે યુરોપમાં મોટો ગાળો હોવાનું મનાતું. પરિણામે ભારતમાં પણ એવો ગાળો હશે એવી માન્યતાને રોબર્ટ બ્રુસ ફૂટે કરેલા સાબરમતીના ભાઠાના ઊર્ધ્વકાલના દેખાતા સ્તરોના અભ્યાસ ઉપરથી ફૂટે નક્કી કરેલું કે સાબરમતીએ ૭ તલવેદિકાઓનું નિર્માણ કરેલું અને પછી એને કાપેલું. એ પૈકી ત્રીજી વેદિકાના સમયના પુરાપ્રસ્તર ઉપસ્કર, પથ્થરની હાથકુહાડી, ધોવાઈને જલસપાટીની તરત ઉપર આવેલી પ્રથમ તલવેદિકા ઉપરથી મળી આવેલ. પ્રથમ તલવેદિકા ઉપર ૫૦ ફૂટ (૧૫ મીટર)થી વધુ કાંપ ઠલવાયેલ હતો. એ કાંપ ઉપર ૨૦૦ ફૂટ (૬૦ મીટર) જેટલી ઊંચાઈની રેતી પવનને કારણે ટેકરીઓના આકારે એકત્રિત થઈ હતી. આવી રેતાળ ટેકરીઓના સપાટ મથાળા ઉપર નવપાષાણકાલીન માનવો પોતાનાં બનાવેલાં પથ્થરનાં ઓજારો સાથે વસતા હતા. મતલબ કે પુરાપાષાણયુગ અને નવપાષાણયુગ વચ્ચે સમયનો મોટો ગાળો પથરાયેલો હતો એમ ભૂસ્તરશાસ્ત્રીય પ્રમાણો ઉપરથી સિદ્ધ થતું હતું.

આ સમયગાળામાં પુરાપ્રસ્તર(પેલિયોલિથિક) યુગ અને નવપ્રસ્તર(નિયોલિથિક) યુગ વચ્ચે મધ્યપ્રસ્તર(મેસોલિથિક) યુગનું અસ્તિત્વ ધ્યાનમાં આવ્યું નહોતું, એટલું જ નહિ, પરંતુ પુરાપ્રસ્તરયુગના ભૂસ્તરશાસ્ત્રીય સ્તર–વિજ્ઞાનાધારિત પૂર્વપુરાપ્રસ્તર(લોઅર પેલિયોલિથિક), મધ્ય પુરાપ્રસ્તર (મિડલ પેલિયોલિથિક) અને ઉત્તર પુરાપ્રસ્તર(અપર પેલિયોલિથિક) જેવા પેટાયુગભેદ કે સમસ્ત પથ્થરયુગ (સ્ટોન એઇજ)ના આદ્ય પથ્થરયુગ (અર્લી સ્ટોન એઇજ), મધ્ય પથ્થરયુગ (મિડલ સ્ટોન એઈજ) અને અંત્ય પથ્થરયુગ (લેઇટ સ્ટોન એઇજ) જેવા ત્રણ ભાગ પણ પડેલા નહોતા. લઘુપાષાણ ઓજારો મધ્યપુરાપ્રસ્તરયુગ કે મધ્ય પથ્થરયુગમાં શરૂ થઈ ઉત્તર પુરાપ્રસ્તરયુગ કે અંત્ય પથ્થરયુગમાં વધુ ફેલાયેલાં એ હકીકત પણ આ કાલે ધ્યાનમાં આવી નહોતી. પરિણામે ગુજરાતમાંથી મળી આવેલાં લઘુપાષાણ ઓજારોને ફૂટે નવા પાષાણયુગનાં માનેલાં. હકીકતમાં ગુજરાતમાં નવા પાષાણયુગ હોવાના નિઃશંક પુરાવા અદ્યાવધિ પ્રાપ્ત થયેલા નથી.

## (ખ) આદ્ય-ઐતિહાસિક અને તામ્રાશ્મકાલીન પુરાતત્ત્વ

સમીક્ષિત સમયગાળામાં હડપ્પાની શોધ થઈ ગયેલી, પરંતુ ઉત્ખનન ૧૯૨૧ માં થવાનું બાકી હતું. મોહેં–જો-દડોની શોધ પણ ૧૯૨૨ માં થવાની બાકી હતી. સિંધુ ઘાટીની સભ્યતા અને હડપ્પીય સંસ્કૃતિ પથ્થર અને ધાતુ યુગોની સંસ્કૃતિઓની પરિભાષામાં તામ્રાશ્મસંસ્કૃતિ હતી, પરંતુ એમાંથી મળેલા અભિલેખોની વાચના (હજી સુધી) થઈ ન શકતાં એ યુગને ન તો પ્રાગૈતિહાસિક કે

ન ઐતિહાસિક કહી શકાય. એથી આપણે એને આદ્ય-ઐતિહાસિક યુગ તરીકે ઓળખીએ છીએ. બ્રુસ ફૂટે આ જ યુક્તિ એવાં ઐતિહાસિક સ્થળોના યુગ-વિભાજન માટે અપનાવી, જેને પોતે પોતાને જ્ઞાત કારણોસર પ્રાગૈતિહાસિક કે ઐતિહાસિક યુગમાં ન મૂકી શકયા! પરિણામે એવા અનેક પૂર્વ-મધ્ય-ઉત્તર ઐતિહાસિક પુરાવશેષોને ફૂટે —આદ્યઐતિહાસિક યુગમાં અને લોહયુગને આદ્ય-ઐતિહાસિક યુગ પહેલાં મૂકેલા છે.[૪]

સને ૧૯૦૫ સુધી એવી માન્યતા પ્રવર્તતી હતી કે ભારતને કાંસ્યયુગ નહોતો.[૫] ફૂટને સંખેડા તાલુકાના વડેલી ગામ પાસે ઓરસંગ નદીના કાંપના ભાઠાના તટપ્રદેશ ઉપરથી કાંસાની બંગડીનો એક ટુકડો મળેલો, જેને તેઓ પ્રાગૈતિહાસિક ગણાવી નવપાષાણકાલીન માને છે,[૬] નહિ કે કાંસ્યયુગીય! એમની ચોકસાઈ કેમ થાપ ખાઈ ગઈ? બાકી એમને જ સંખેડા તાલુકામાં આવેલ હિરણ નદીના જમણા તટે, ઉત્તર તરફ આવેલા સિગમ નામના જૂના સ્થળેથી, એમના મતે પ્રાગૈતિહાસિક સમયના, નવપાષાણયુગના, પુરાવશેષો સાથે ચાંપાનેર યુગના ઘેરા ભૂખરા રંગના સોનગીર રેતિયા પથ્થરમાંથી બનાવેલા હુક્કાના નાળચાનો ટુકડો મળી આવ્યો તેથી પોતે મૂંઝવણમાં પડી ગયેલા કે વાસ્કો-ડી-ગામાના અનુયાયીઓએ ઈસુની ૧૫ મી સદીમાં તમાકુ દાખલ કરી એ સમયનો હુક્કો બહુ જ પ્રાચીન યુગના ઠીકરા સાથે શી રીતે આવ્યો! એમના મિત્ર રોબર્ટ સેવેલ્લે એમના મનનું સમાધાન કરેલું કે તમાકુ પહેલા ગાંજો પિવાતો એની 'પાઇપ'નો એ ટુકડો હશે! ઐતિહાસિક યુગના પુરાવશેષોને પ્રાગૈતિહાસિક માનવાનાં આ પરિણામ! પરંતુ પગરણનો કાલ આવો જ હોય.

## (ગ) ઐતિહાસિક પુરાતત્ત્વ

રોબર્ટ બ્રુસ ફૂટ જેને 'લોહયુગ' તરીકે ઓળખાવે છે[૭] તે હકીકતે ઐતિ-હાસિક યુગ જ છે. એમને તત્કાલીન વડોદરા રાજ્યનાં સાતેક સ્થળોએથી મળી આવેલા લોહના અવશેષોને 'લોહયુગ' સાથે કશો સંબંધ નથી, એવો લોહયુગ તો આજે પણ ચાલુ છે!

કેમ્પબેલે સને ૧૮૯૬ માં પ્રસિદ્ધ કરેલ 'બૉમ્બે ગૅઝેટિયર, વૉલ્યૂમ-૧, પાર્ટ-૧' માં સમાવિષ્ટ થતા 'ઈ.સ. પૂર્વે ૩૦૦ થી ઈ.સ. ૧૩૦૦ સુધીનો ગુજરાતનો ઇતિહાસ' તૈયાર કરવામાં પુરાતત્ત્વ વિશે કશું લખવાનો આશય નહોતો, પરંતુ પં. ભગવાનલાલ ઇંદ્રજીએ અને જેકસને તૈયાર કરી આપેલ નોંધોના આધારે એ ઇતિહાસ લખાયો હોઈ પુરાતત્ત્વીય સાધનોનો ઉપયોગ થયો હતો એમ કહી શકાય.

રાજકોટના વૉટ્સન સંગ્રહાલયના આ ગાળાના વાર્ષિક અહેવાલો પૈકી

સને ૧૯૧૨–૧૩ ના અહેવાલમાં જણાવેલ છે કે શ્રી ગિ. વ. આચાર્યે શિયાળ બેટનું પુરાતત્ત્વીય ક્ષેત્રાન્વેષણ કરેલું હતું, પરંતુ અન્વેષણના વૃત્તાંતમાં મહદંશે સ્થાનિક લોકકથાઓનું વર્ણન આપેલું છે.

## (ઘ) સ્થાપત્યકીય સ્મારકો

સને ૧૮૩૯ પહેલાં જ જેમ્સ ટૉડે ભાવી સર્વેક્ષકો અને પુરાન્વેષકો માટે કેડી કંડારવાનું કામ કરી રાખેલું હતું. 'ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા' નામનું એમનું પુસ્તક સને ૧૮૩૯ માં લંડનથી પ્રસિદ્ધ થયું હતું. જેમ્સ ટૉડે ઈસુની ૧૯મી સદીના પ્રથમ ચરણમાં પશ્ચિમ ભારતનો પ્રવાસ ખેડેલો હતો. ૧૮૨૨ માં એમણે જૂનાગઢની મુલાકાત લીધી હતી અને ગિરનારની તળેટીમાંના અશોક–શૈલલેખો તરફ ધ્યાન દોર્યું હતું. જૂનાગઢની કેટલીક શૈલોત્કીર્ણ ગુફાઓમાં અશોકીય બ્રાહ્મી લિપિના અક્ષર કોતરાયેલા હોવાનું એમણે જોયેલું એમ નોંધતાં જેમ્સ બર્જેસ, "કેઇવ ટેમ્પલ્સ ઑફ ઇન્ડિયા"માં જણાવે છે કે પાછળથી એ અક્ષરાંકિત ભાગ નષ્ટ થઈ ગયેલા હતા.

રાજકોટના વૉટ્સન સંગ્રહાલયના સને ૧૯૧૨–૧૩ ના વાર્ષિક અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે ભાવનગર જિલ્લાના કળસાર ગામે આવેલ 'વશીનું દેવળ' એ ખંડનું છે. (હકીકતમાં આ પ્રાક્સોલંકીકાલીન મંદિરનું ફક્ત ગર્ભ-ગૃહ જ અવશિષ્ટ છે.)

પુરાવતત્ત્વનાં પગરણના સંદર્ભમાં એટલું કહેવું જરૂરી છે કે જેમ્સ બર્જેસે સૌરાષ્ટ્રની શૈલોત્કીર્ણ ગુફાઓનો અભ્યાસ સ્થાનિક નૃકુલતત્ત્વને ધ્યાનમાં રાખીને કરવાનું સૂચન તો કર્યું છે, પરંતુ પોતે આર્ય આદિ જાતિ અને બૌદ્ધ–જૈન –બ્રાહ્મણાદિ ધર્મોના સંદર્ભમાં જ ચર્ચા કરી છે.

સમીક્ષિત સમયગાળો સ્થાપત્યકીય સ્મારક સર્વેક્ષણનો યુગ હતો એ પણ ધ્યાનમાં રાખીએ.

## (ચ) મૂર્તિકલા

શિલ્પકલાનાં ત્રણ અંગ : દેવ–મનુષ્ય–પશુ–પંખીની આકૃતિઓ, પ્રાકૃતિક આકૃતિઓ અને ભૌમિતિક આકૃતિઓ. આ ત્રણેની ચર્ચા સ્થાપત્ય સર્વેક્ષણમાં વત્તે-ઓછે અંશે થતી હોય છે, પરંતુ એમાંથી મૂર્તિકલા જુદી માવજત માગી લે છે.

પં ભગવાનલાલ ઇંદ્રજીએ મૂર્તિકલા ઉપર પણ પ્રદાન કરેલ છે. મુંબઈની 'રૉયલ એશિયાટિક સોસાયટી' ના મુખપત્રમાં એમના એ અંગે લેખ પ્રસિદ્ધ થતા હતા.

ગોપીનાથ રાવે સને ૧૯૧૪ પહેલાં હિંદુ મૂર્તિકલાનો અભ્યાસ કર્યો. એમના "ઍલિમેન્ટ્સ ઑફ હિન્દુ આઇકોનોગ્રાફી"ના પ્રથમ ગ્રંથના બંને ભાગ સને ૧૯૧૪ માં પ્રગટ થયા. એના બીજા ભાગમાં, જૂનાગઢ સંગ્રહાલયમાં પ્રદર્શિત, સૂર્યપરિકરનો સચિત્ર ઉલ્લેખ થયેલો છે, પરંતુ 'પરિકર'ને ઓળખાવેલ છે 'તોરણ' તરીકે. પરિણામે એને સૂર્યમંદિરનું પ્રવેશદ્વાર માની લેવામાં આવ્યું છે.

## (છ) અભિલેખો

ગિરનારની તળેટીમાંના અશોકના શૈલલેખોના અસ્તિત્વની પ્રથમ નોંધ લેવાનું માન ઉપર યથાસ્થાન બતાવ્યું છે તેમ જેમ્સ ટૉડ ખાટી જાય છે. એ કેવળ યોગાનુયોગ છે કે અભિલેખીય પ્રવૃત્તિઓમાં જૂનાગઢ બીજી બે બાબતોમાં પણ મોખરે છે: (૧) પં. ભગવાનલાલ ઇંદ્રજી જેવા વિદ્વાન અભિલેખવિદની જન્મભૂમિ અને (૨) અશોક શૈલલેખોની પૂર્વમાં એનાથી થોડે દૂર આવેલા એક અન્ય શૈલ પર સને ૧૯૦૬–૦૭ માં થયેલ પ્રતિલિપિનું કામ.

જેમ્સ પ્રિન્સેપ, બ્યૂલર, કીલહૉર્ન, એગ્ગલિંગ, ફ્લીટ, ફોગલ આદિ પુરાલિપિવિદો અને અભિલેખવિદોની પ્રવૃત્તિઓનો લાભ ગુજરાતને પણ મળેલો છે.

કનિંઘમે 'કૉર્પસ ઇન્સ્ક્રિપ્શનમ ઇન્ડિકેરમ'ના પ્રથમ ગ્રંથનું સંપાદન કરેલું. એ ગ્રંથ ૧૮૭૭ માં પ્રસિદ્ધ થયેલો. ફ્લીટ દ્વારા સંપાદિત ત્રીજો ગ્રંથ ૧૮૮૮ માં પ્રસિદ્ધ થયેલો.

જેમ્સ બર્જેસે 'ઇન્ડિયન ઍન્ટિક્વરી'ના સંપાદન–કાર્ય ઉપરાંત 'એપિગ્રાફિયા ઇન્ડિકા' નામના ત્રૈમાસિકની શરૂઆત, ઉપર યથાસ્થાન કહ્યા પ્રમાણે, ૧૮૮૪ થી કરી હતી.

ભાવનગર રાજ્યના પુરાતત્ત્વખાતાએ કેટલાંક ગણનાપાત્ર અભિલેખીય પ્રકાશન કર્યાં.

## (જ) સિક્કા

અભિલેખક્ષેત્રે કાર્ય કરતા વિદ્વાનોએ મહદંશે સિક્કા અંગે પણ કાર્ય કરેલ હોઈ સિક્કા બાબત જુદી સમીક્ષા કરવી જરૂરી નથી. એટલું નોંધવું અંજલિરૂપ થશે કે પં. ભગવાનલાલ ઇંદ્રજી ૨૧ વર્ષની વયે ક્ષત્રપ-મુદ્રાના વાચનની શક્તિ ધરાવતા હતા.

સને ૧૯૧૪ પહેલાં સિક્કા ઉપર જ ગ્રંથાકારે કોઈ પ્રકાશન થયું હોવાનું ધ્યાનમાં નથી. ગુજરાતમાંથી મળેલા સિક્કાઓ અંગેના છૂટક લેખ તત્કાલીન સામયિકોમાં પ્રસિદ્ધ થતા રહ્યા હતા.

## (૭) ઉત્ખનન

વૈજ્ઞાનિક ઢબે પુરાતત્ત્વીય ઉત્ખનનો કરવાનો આ સમય નહોતો. સંગ્રહાલયોને શણગારવા માટે પુરાવશેષો મેળવવા ઉત્ખનન આ વખતે થતાં હતાં. સ્તરવિજ્ઞાનને ધ્યાનમાં લેવામાં આવતું જ નહિ. ઉત્ખનનમાંથી મળતા પુરાવશેષોનો તત્કાલીન લોકજીવન સાથેનો સંબંધ પણ વણવિચાર્યો રહી જતો હતો.

ગિરનારની તળેટીમાં આવેલા બોરિયા કિંવા લાખામેડી નામના સ્તૂપનું ૧૮૮૮ ની નાતાલમાં કેમ્પબેલે ઉત્ખનન કર્યું હતું. ઉત્ખનનનો વૃત્તાંત કેમ્પબેલે નહિ, પરંતુ કાઉસન્સે પ્રસિદ્ધ કર્યો હતો। કેમ્બબેલે ઉત્ખનન કરીને સ્તૂપને ટીંબામાંથી બહાર નહોતો કાઢ્યો, પરંતુ જમીનની સપાટી ઉપર ઊભેલા સ્તૂપ ઉપર એક સાંકડી સીધી ઊંડી ખાઈ ખોદીને એમાંથી નીકળેલા અવશેષ પ્રાપ્ત કર્યા હતા.

લાખામેડી સ્તૂપની બાજુમાં આવેલ બડી લાખામેડી નામના સ્તૂપના કે બંનેની બાજુમાં આવેલા વિહારના અવશેષો તરફ તત્કાલીન ઉત્ખનકનું ધ્યાન ગયું નહોતું.

લાખામેડીમાંથી મળેલા સ્થાપત્યકીય અવશેષ સને ૧૯૦૦ બાદ અગોચર થઈ ગયા હતા, જ્યારે અન્ય અવશેષ જૂનાગઢના સંગ્રહાલયમાં સુરક્ષિત રાખવામાં આવ્યા છે.

## (૮) પુરારક્ષણ

સમીક્ષિત સમયગાળામાં ગુજરાતના કોઈ પ્રાચીન સ્થાપત્યકીય સ્મારકના પુરારક્ષણનું કાર્ય થયું હતું કે કેમ એ જાણવાનાં સાધન હોય તોપણ હાલ સુલભ નથી. તત્કાલીન ગુજરાતનાં જૂનાગઢ જેવાં કેટલાંક રાજ્યોએ ૧૯૦૪ ના સ્મારક સંરક્ષણના કાયદા હેઠળ કેટલાંક સ્મારકોને રક્ષિત જાહેર કર્યાં હતાં એટલે પુરારક્ષણકાર્ય પણ યત્કિંચિત્ થયાં હશે એમ અટકળ કરી શકાય.

### પાદટીપ

૧. Sourindranath Roy, 'Indian Archaeology from Jones to Marshall.' *Ancient India (A. I.)*, No. 9, 1953, p. 4, n. 2

૨. V.D. Krishnaswami, 'Progress in Prehistory', *A. I*, No. 9, pp. 53 ff.

૩. *Ibid.*, p. 54

૪. Robert Bruce Foote, *The Foote Collection of Indian Prehistoric and Protohistoric Antiquities* (1916)

૫. V.A. Smith, 'The Copper Age and Prehistoric Bronze Implements of India', *Indian Antiquary*, Vol. XXXIX (1905), p. 229

૬-૭. Bruce Foote, *op. cit.*

## પરિશિષ્ટ ૨

# ગુજરાતમાં મ્યુઝિયમનાં પગરણ

મ્યુઝિયમની વિભાવના ભારતમાં પશ્ચિમમાંથી આવી છે. પ્રાચીન ગ્રીસમાં 'Mouseion' એટલે Muses(વિદ્યાદેવીઓ)નું રાજ્ય – પવિત્ર મંદિર અને વિદ્યાનું ધામ ગણાતું. "મ્યુઝિયમ" શબ્દ ૧૫ મી સદી પછી સંખ્યાબંધ ખાનગી સંગ્રહોને લાગુ પડચો. વર્તમાન સાર્વજનિક મ્યુઝિયમની પ્રવૃત્તિ પશ્ચિમ-માં ૧૮ મી સદીમાં વિકસી. ઇગ્લૅન્ડમાં એવા મ્યુઝિયમની સ્થાપના પહેલીવહેલી એ સદીના મધ્યમાં થઈ. બ્રિટિશ મ્યુઝિયમની સ્થાપના પછી માત્ર ૪૦ વર્ષે ઈ.સ. ૧૭૯૬ માં ભારતમાં મ્યુઝિયમના સંગ્રહનો પ્રારંભ થયો. ૧૭૮૪ માં સ્થપાયેલી બંગાળની એશિયાટિક સોસાયટીએ ૧૭૯૬ માં નક્કી કર્યું કે કલકત્તામાં યોગ્ય સ્થળે પોતાનો એ સંગ્રહ કાયમી ધોરણે પ્રદર્શિત કરવો. ૧૮૧૪ માં એ 'ઇન્ડિયન મ્યુઝિયમ' તરીકે વિકસ્યું. આ પછી ૬૩ વર્ષે ગુજરાતમાં પ્રથમ મ્યુઝિયમ ભૂજમાં 'કચ્છ મ્યુઝિયમ' નામથી અસ્તિત્વમાં આવ્યું.

બીજા દેશોની માફક ભારતમાં પણ ત્યારે મ્યુઝિયમ એ store-house of curios (અજાયબીઓનો કોઠાર) તરીકે ગણાતું હતું, પરંતુ મ્યુઝિયમનાં ધ્યેય અને ક્ષેત્ર એના કરતાં ઘણાં વિશાળ છે, જે એની અદ્યતન વ્યાખ્યામાં પણ પ્રતિ-બિંબિત થાય છે—'મ્યુઝિયમ એ સમાજ અને એના લોકોની સેવા કરતી બિન-નફાકારી કાયમી સંસ્થા છે, જે અધ્યયન સંશોધન અને પ્રમોદના પ્રયોજન માટે, માનવ અને પર્યાવરણના પાદાર્થિક પુરાવાનાં સંપાદન સંરક્ષણ સંશોધન પ્રદર્શન અને સંવેદન સાધે છે.'

હવે ગુજરાતનાં મ્યુઝિયમોમાં ૧૯૧૪ સુધી કેવો અભિગમ રહ્યો એની સમીક્ષા કરીએ.

૧૯૧૧ માં ડૉ. જે. પી. ફોગલે સૌ પ્રથમ ભારતીય મ્યુઝિયમોની ડિરેક્ટરી તૈયાર કરી. એ ડિરેક્ટરીમાં ૩૯ મ્યુઝિયમોના અસ્તિત્વનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ પછી ૧૯૩૬ માં શ્રી એસ. એફ. માર્ખામ અને શ્રી એચ. હરગ્રીવ્સ દ્વારા ભારતીય મ્યુઝિયમોનું સર્વેક્ષણ (પ્રથમ ભાગ) અને ભારતીય મ્યુઝિયમોની ડિરેક્ટરી (દ્વિતીય ભાગ) તૈયાર કરવામાં આવ્યાં.[1] એ ડિરેક્ટરીમાં આપણા દેશમાં ૧૦૫ મ્યુઝિયમ અસ્તિત્વમાં હતાં એમ જણાવ્યું છે. આ

ડિરેક્ટરીમાં ગુજરાતના જૂનામાં જૂના મ્યુઝિયમ–કચ્છ મ્યુઝિયમ–વિશે કશો જ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી! પણ એ વખતે આ મ્યુઝિયમ જાહેર જનતા માટે નાગપંચમી અને દિવાળી જેવા અગત્યના તહેવારો હોય ત્યારે જ ખોલવામાં આવતું હોવાથી ૧૯૩૬ માં પ્રકાશિત થયેલી ડિરેક્ટરીમાં એનો ઉલ્લેખ ન હોય એ સ્વાભાવિક છે.

૧૯૫૯ માં શ્રી શિવરામમૂર્તિએ તૈયાર કરેલી ભારતીય મ્યુઝિયમોની ડિરેક્ટરીમાં આ મ્યુઝિયમની સ્થાપના ૧૮૭૭ માં થઈ એવો ઉલ્લેખ છે,[૨] જ્યારે 'જર્નલ ઑફ ઇન્ડિયન મ્યુઝિયમ'ના વૉ. ૧૧ માં સ્વ શ્રી. અમૃત પંડ્યા આ મ્યુઝિયમની સ્થાપના ૧૮૭૦ માં થયેલી જણાવે છે.[૩] આ મ્યુઝિયમની શતાબ્દી ૧૮૭૭ ના સ્થાપના–વર્ષ પ્રમાણે ૧૯૭૭ માં ઊજવાઈ હતી. વૉટ્સન મ્યુઝિયમ રાજકોટમાં આવ્યું છે તેની સ્થાપના ૧૮૮૮ માં થઈ. ૧૮૯૪ માં બરોડા મ્યુઝિયમનું મકાન તૈયાર થયું, જેનો શિલારોપણવિધિ ૧૮૮૭ માં મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના હસ્તે થયો હતો. સુરતમાં આવેલા સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમની સ્થાપના ૧૮૯૧ માં થઈ હતી. ભાવનગરમાં બાર્ટન મ્યુઝિયમની સ્થાપના ૧૮૯૫ માં થઈ હતી. ૧૯૫૯ માં શ્રી શિવરામમૂર્તિએ તૈયાર કરેલી ભારતીય મ્યુઝિયમોની ડિરેક્ટરીમાં જૂનાગઢ મ્યુઝિયમની સ્થાપના ૧૯૦૧ માં થઈ હતી એમ જણાવ્યું છે,[૪] જ્યારે ૧૯૩૬ માં પ્રકાશિત થયેલી ભારતીય મ્યુઝિયમોની ડિરેક્ટરીમાં આ મ્યુઝિયમની સ્થાપનાનું વર્ષ લગભગ ૧૯૨૫ આપ્યું છે.[૫]

આ મ્યુઝિયમો વિશે હવે આપણે સંક્ષિપ્ત પરિચય મેળવીએ :

## ૧. ફર્ગ્યુસન મ્યુઝિયમ, ભૂજ

ગુજરાતના આ સૌથી પ્રાચીન મ્યુઝિયમની સ્થાપના કેવી રીતે થઈ એ અંગેની માહિતી ૧૮૮૪ ના કચ્છ દરબારના ગૅઝેટમાંથી મળે છે. મહારાજા મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાના શાસનકાલ દરમ્યાન આ મ્યુઝિયમની સ્થાપના થઈ. ભૂજમાં મહારાજા માટે મહેલ બંધાઈ રહ્યો હતો ત્યારે નજીકમાં આર્કિટેક્ટની ઑફિસ માટે એક નાનું મકાન બાંધવામાં આવ્યું હતું. મહેલ પૂરેપૂરો બંધાઈ ગયા પછી આર્કિટેક્ટની ઑફિસની જરૂર ન રહી, આથી આ મકાનમાં પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું. આ મકાનના ઉપલા માળે મહારાવશ્રીને ભેટ મળેલી કલાકૃતિઓ રાખવામાં આવી. આ જ મકાનમાં પહેલી જુલાઈ, ૧૮૭૭ થી શ્રી. જે. ડી. એસ્પ્રાન્સની આચાર્ય તરીકે નિમણૂક કરી એક લલિતકળાની સ્કૂલ(આર્ટ સ્કૂલ)ની સ્થાપના કરવામાં આવી. આ સ્કૂલના આ ઉત્સાહી આચાર્યે કલાકૃતિઓના સંગ્રહને વર્ગીકૃત કરી વ્યવસ્થિત ગોઠવ્યો. ૩૦ મી નવેમ્બર,

૧૮૭૮ના રોજ મુંબઈના ગવર્નર શ્રી રિચર્ડ ટેમ્પલે આ ચીજો જોઈ હતી[૬]. ધીરે ધીરે સંગ્રહ માટે જગ્યા ઓછી પડવા લાગી. ૧૮૮૪ના ફેબ્રુઆરી મહિનામાં મહારાવશ્રી ખેંગારજી ત્રીજાના લગ્નપ્રસંગે સ્થાનિક પેદાશ અને બનાવટની વસ્તુઓનું એક પ્રદર્શન યોજ્યું હતું. કચ્છમાં સૌ પ્રથમ વાર યોજાયેલ આ પ્રદર્શન એટલું બધું લોકપ્રિય થયું કે પ્રદર્શન માટે એક અલગ ઇમારત ઊભી થવી જોઈએ એમ પ્રજાને તથા રાજ્યકર્તાને લાગ્યું, આથી પુસ્તકાલય અને સંગ્રહાલય માટે એક સારી ઇમારતની ખોટ દૂર કરવા કચ્છ રાજ્યના એ વખતના ઇજનેર મેક્લીલેન્ડે આલ્ફ્રેડ હાઈસ્કૂલની ઇમારતની હારમાં એક નવી ઇમારત ઊભી કરવાની સલાહ આપી. આ ઇમારતનો શિલારોપણ-વિધિ એ વખતના મુંબઈના ગર્વનર સર જેમ્સ ફર્ગ્યુસનના હસ્તે કચ્છના મહારાવ ખેંગારજી ત્રીજાની વિનંતીથી થઈ, તેથી આ ગર્વનરના નામ પરથી આ મ્યુઝિયમનું નામ 'ફર્ગ્યુસન મ્યુઝિયમ' અપાયું.

મહારાવ ખેંગારજી ત્રીજાએ ૧૪મી નવેમ્બર, ૧૮૮૪ના રોજ શિલારોપણ-વિધિના પ્રસંગે કહ્યું: 'અમારું એવું સારી પેઠે માનવું છે કે કોઈ પણ પ્રજાની સુધારામાં વૃદ્ધિ થવા માટે કેળવણી એ એક પ્રબળ સાધન છે અને અમારી પ્રજામાં જેથી કરી સામાન્ય તેમજ હુન્નર સંબંધી કેળવણીનો ફેલાવો થાય એવી યોજનાઓ કરીશું. જે વિધિ માટે આપણે અત્રે એકઠા થયા છીએ તે વિધિ વિદ્યાવૃદ્ધિ તેમજ ઉદ્યોગોની વૃદ્ધિ સાથે સંબંધ રાખનારી છે.'[૭] એ વખતના ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસને 'ફર્ગ્યુસન સંગ્રહસ્થાન અને પુસ્તકાલય'નો પાયો વિધિ-પૂર્વક નાખી પછી જે ભાષણ કર્યું તેમાં એમણે જણાવ્યું કે 'આ મ્યુઝિયમ તથા લાઇબ્રેરીનો પાયો નાખવાની બીના ઉપરથી એવું અમને જણાઈ આવે છે કે જે કેળવણીનો આપે સંપૂર્ણ રીતે લાભ લીધો છે તે કેળવણીમાં આપની પ્રજાને ભાગ આપવો એવી આપની ઉત્કંઠા છે ને આ દેશના અગ્રેસર ગૃહસ્થો તેઓ આ લાભ અર્થે આપ આટલી રૂડી ઉત્કંઠા ધરાવો છો તે વિશેની કદર તેઓના કલ્યાણ અર્થે આપના પરિશ્રમને તેઓથી બની શકે તેવી પુષ્ટિ આપીને દર્શાવશે, એમ અમારી પૂરેપૂરી ઉમેદ છે, કારણ કે આપ જેવા પ્રતિષ્ઠિત રાજા આવા પ્રજા-ઉપયોગી કામનો આરંભ કરો છો.'[૮]

આમ ગુજરાતમાં મ્યુઝિયમ-પ્રવૃત્તિ(movement)ના શરૂઆતના તબક્કાના અભ્યાસમાં, ગુજરાતના સૌથી જૂના મ્યુઝિયમ–ફર્ગ્યુસન મ્યુઝિયમની સ્થાપના જાહેર જનતાના લાભાર્થે કરવામાં આવી એ હકીકતની ખાસ નોંધ લેવાવી જોઈએ, પણ જાહેર જનતાને એ મ્યુઝિયમ જોવાનો લાભ નાગપંચમી દિવાળી

તથા એવા મહત્ત્વના બીજા તહેવારો દરમ્યાન જ મળતો હતો અને વર્ષના આવા તહેવારો સિવાયના દિવસોએ રાજ્યની અગ્રગણ્ય વ્યક્તિઓ તથા રાજ્યના માનવંતા મહેમાનોને જ સંગ્રહ બનાવવા મ્યુઝિયમ ખોલવામાં આવતું હતું.

આમ હંગામી પ્રદર્શનને સ્થાયી મકાનમાં કાયમી ધોરણે રાખવાનો અને પુસ્તકાલયની જેમ સંગ્રહાલયને સ્થાયી સ્વરૂપ આપવાનો આ જે વિચાર સાકાર બન્યો તે આ દિશામાં એક નોંધપાત્ર પ્રસ્થાન ગણાય.

આ મ્યુઝિયમનો સંગ્રહ મુખ્યતઃ કચ્છના રાજ્યકર્તાઓને દેશ–વિદેશમાંથી ભેટમાં મળેલી કલાકારીગીરીની વસ્તુઓ તથા કચ્છના હુન્નરકલાના કારીગરો પાસેથી તેઓએ ભેટમાં મેળવેલી અને ખરીદેલી વસ્તુઓ, અને કચ્છની ભૌતિક સંપત્તિ–ખાસ કરીને ખનીજો છે. આ મ્યુઝિયમ હાલ 'કચ્છ મ્યુઝિયમ' તરીકે ઓળખાય છે.

## ૨. વૉટ્સન મ્યુઝિયમ, રાજકોટ

કર્નલ જહોન વૉટ્સન ૧૮૭૮ થી ૧૮૮૭ દરમ્યાન કાઠિયાવાડના રાજદ્વારી પ્રતિનિધિ (પોલિટિકલ એજન્ટ) તરીકે હતા. એમણે કાઠિયાવાડના ઇતિહાસ પર એક પુસ્તક લખ્યું છે. તેઓ કાઠિયાવાડના રાજ–પ્રતિનિધિ તરીકે નિવૃત્ત થયા એ પછી એમના મિત્રો અને પ્રશંસકોએ કાઠિયાવાડના રાજ્યકર્તાઓ તથા પ્રજાજનોને કર્નલ જહોન વૉટ્સને કાઠિયાવાડને ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં આપેલી સેવાના સંદર્ભમાં એમના નામ પર એક ઇમારત કરવા નાણાકીય સહાય કરી રૂ. ૫૦,૦૦૦/–નો ફંડ-ફાળો એકત્રિત કર્યો. આ ફંડમાંથી ઇમારત કરવા માટે એક સમિતિની રચના થઈ હતી. કયા પ્રકારની ઇમારત કરવી એ અંગે વિવિધ રસપ્રદ પ્રસ્તાવ મુકાયા હતા, જેમાંનો એક પ્રસૂતિ–ગૃહ બાંધવાનો પણ હતો, પણ કર્નલ વૉટ્સનને કાઠિયાવાડનાં ઇતિહાસ અને પુરાતત્ત્વમાં ખૂબ રસ હતો તેથી સર્વાનુમતે એમની યાદમાં મ્યુઝિયમ માટેની ઇમારત કરવાનું નક્કી થયું. આ મ્યુઝિયમના સંચાલનમાં કાઠિયાવાડનાં જે દેશી રજવાડાંઓએ ફંડ–ફાળો આપ્યો હતો તેઓના પ્રતિનિધિઓની સમિતિના સભ્યો તરીકે અને કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટની સમિતિના પ્રમુખ તરીકે વરણી થઈ હતી.

કર્નલ વૉટ્સને ભેટ આપેલી પુરાતત્ત્વીય વસ્તુઓ અને કલાકૃતિઓ, રૉબર્ટ બ્રુસ ફૂટે આપેલા ભૂસ્તરશાસ્ત્રના નમૂના અને કાઠિયાવાડના દેશી રાજવીઓ તરફથી મળેલી હુન્નર–ઉદ્યોગોના કારીગરોએ બનાવેલી વસ્તુઓ મ્યુઝિયમનો અગત્યનો સંગ્રહ ગણાય છે.

આ રીતે વૉટ્સન મ્યુઝિયમ ૧૮૮૮માં સ્થપાયું. આ મ્યુઝિયમના પ્રથમ ક્યુરેટર તરીકે કાઠિયાવાડનાં પુરાતત્ત્વ તથા પ્રાચીન ઇમારતો વિશે ઊંડું જ્ઞાન ધરાવતા સ્વ. શ્રી વલ્લભજી હરિદત્ત આચાર્ય હતા. એમની આ મ્યુઝિયમમાં દસ વર્ષની નોકરી દરમ્યાન એમણે કાઠિયાવાડમાં દૂર દૂરના ભાગો સુધી આવેલ પ્રાચીન મંદિરો વાવો મસ્જિદો વગેરે ઇમારતોની રૂબરૂ મુલાકાત લઈ એનાં શિલ્પોનો અને એ સ્થળોએ પોતાને મળેલા અભિલેખોની છાપો લઈ એનો ઝીણવટથી અભ્યાસ કર્યો હતો. આવાં પ્રાચીન સ્થળોની એમની મુલાકાતનો ઉલ્લેખ અને એ અંગેની વિગતવાર માહિતી આ મ્યુઝિયમના વાર્ષિક અહેવાલોમાં પ્રાપ્ય છે. તેઓ ક્યુરેટર તરીકે ૧૯૦૯ સુધી હતા.

આ મ્યુઝિયમના બીજા ક્યુરેટર તરીકે એમના પુત્ર શ્રી ગિ. વ. આચાર્યની નિમણૂક ૧-૨-૧૯૧૦ના રોજ થઈ. તેઓ પણ એમના પિતાશ્રીની માફક પ્રાચીન સ્થળોની રૂબરૂ મુલાકાત લઈ તે તે સ્થળનો ઝીણવટથી અભ્યાસ કરતા હતા અને અભિલેખોની છાપ એકઠી કરતા હતા.[૯] એમણે પ્રાચીન સિક્કાઓ વગેરેનો મ્યુઝિયમના સંગ્રહમાં સારો એવો ઉમેરો કર્યો અને મ્યુઝિયમના કેટલાક તામ્રપત્ર-લેખો અને શિલાલેખોને સંશોધન-સામયિકોમાં પ્રકાશિત કર્યા.

એમણે આ મ્યુઝિયમ ૧૯૧૯ સુધી સંભાળ્યું. મ્યુઝિયમના ૧૯૧૪ સુધીના સંગ્રહમાં મુખ્યત્વે ક્ષત્રપકાલ ગુપ્તકાલ અને મૈત્રકકાલથી લઈને પ્રાચીન પાષાણ-પ્રતિમાઓ સિક્કાઓ શિલાલેખો તામ્રપત્રો હસ્તપ્રતો ખનીજો ખડકો અને અશ્મીભૂત અવશેષો તેમજ કાઠિયાવાડના રાજવીઓ અને અન્ય મહાનુભાવોનાં તૈલચિત્રો, સ્થાનિક હુન્નરોના નમૂનાઓ વગેરેનો સમાવેશ થતો હતો.[૧૦]

### ૩. વિન્ચેસ્ટર મ્યુઝિયમ, સુરત

આ મ્યુઝિયમનું નામ, સ્વ. શ્રી. વિન્ચેસ્ટર કે જેઓ સુરત જિલ્લાના કલેક્ટર અને સુરત બરો નગરપાલિકાના પ્રમુખ હતા, તેમની યાદમાં પાડવામાં આવ્યું છે. આ મ્યુઝિયમ સુરતમાં રાણી વિકટોરિયાનો બાગ, જે હવે 'ગાંધીબાગ' તરીકે ઓળખાય છે, તેના એક ખૂણામાં નાના મકાનમાં હતું. એનો વહીવટ નગરપાલિકાના ઇજનેરને હસ્તક હતો. આ મ્યુઝિયમના સ્ટાફમાં ફક્ત એક જ ચોકીદાર હતો.

૧૯૫૯માં પ્રકાશિત થયેલી શ્રી શિવરામમૂર્તિએ તૈયાર કરેલી ડિરેક્ટરીમાં આ મ્યુઝિયમનું સ્થાપનાવર્ષ ૧૮૯૦ બતાવ્યું છે,[૧૧] જ્યારે ૧૯૭૭માં શ્રીમતી ઉષા અગ્રવાલે તૈયાર કરેલી ભારતીય મ્યુઝિયમોની અદ્યતન સંક્ષિપ્ત ડિરેક્ટરીમાં

આ મ્યુઝિયમનું સ્થાપના-વર્ષ ૧૮૯૧ બતાવ્યું છે.[૧૨] આ મ્યુઝિયમની સ્થાપના પાછળનો હેતુ મોડલ નકશાઓ તથા કલાકારીગીરીના નમૂનાઓથી બાળકોને શિક્ષણ આપવાનો હતો. આ મ્યુઝિયમમાં ૧૯૧૪ સુધીમાં કેવા પ્રકારનો સંગ્રહ હતો એની માહિતી હાલ ઉપલબ્ધ નથી. આ મ્યુઝિયમ હાલ 'સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ' તરીકે ઓળખાય છે.

## ૪. બરોડા મ્યુઝિયમ ઍન્ડ પિક્ચર ગૅલરી, વડોદરા

આ મ્યુઝિયમની સ્થાપના ૧૮૯૪ માં થઈ. કમાટી બાગ(હાલના સયાજી-બાગ)માં આવેલું મ્યુઝિયમનું આ બે-માળી મકાન બાંધવાનો એટલાં વર્ષો પહેલાં ખર્ચ લગભગ ત્રણ લાખ જેટલો થયો હતો. આ મકાન મ્યુઝિયમની સ્થાપના કરવાના હેતુથી જ બાંધવામાં આવેલું. ભારતમાં મ્યુઝિયમ-પ્રવૃત્તિના એ તબક્કાનો અભ્યાસ કરતાં એ સ્પષ્ટ થાય છે કે એ સમયમાં ઘણું કરીને રાજાના મહેલ અથવા મહેલના અમુક ભાગોને મ્યુઝિયમની સ્થાપના કરવાના હેતુથી પ્રદર્શન-ખંડોમાં ફેરવવામાં આવતા હતા. ગુજરાત માટે ગૌરવ લેવા જેવી બાબત એ છે કે એ વખતના શાસનકર્તાઓમાંના કેટલાક શાસક મ્યુઝિયમ-પ્રવૃત્તિમાં એટલી ઊંડી સૂઝ ધરાવતા હતા અને માનતા હતા કે મ્યુઝિયમ માટે અલગ મકાન બાંધવું અને જૂના મહેલ ઇત્યાદિના આવાસના ખંડોને પ્રદર્શન-ખંડમાં ફેરવવા એ બે પરિસ્થિતિ વચ્ચે ઘણો તફાવત છે. મ્યુઝિયમના સંગ્રહની વાતાવરણનાં પરિબળો સામે સાચવણી, પ્રદર્શનમાં સંગ્રહમાંની વસ્તુઓ મૂકવા માટે ખંડોની રચના તથા મ્યુઝિયમમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ ચલાવવા માટે મકાનના બાંધકામ વખતે, મ્યુઝિયમ માટે જ અલગ મકાન તૈયાર થાય એ અત્યંત આવશ્યક રહે છે. ગમે તેટલા મોટા મહેલોના ખંડોને પ્રદર્શન-ખંડોમાં ફેરવવામાં આવે ત્યારે ઉપર જણાવેલાં કાર્યોમાં કેટલીક મર્યાદા નડે છે.

બરોડા મ્યુઝિયમનો શિલારોપણવિધિ ૧૮૮૭ માં મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા(૧૮૭૫-૧૯૩૯)ના હસ્તે થયો હતો. મકાન બંધાવવાનું ૧૮૯૦ માં શરૂ થયું ને ૧૮૯૪ માં પૂરું થયું.

મ્યુઝિયમનો વહીવટ તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સંચાલન મ્યુઝિયમની શરૂઆતથી શિક્ષણ ખાતા દ્વારા થયાં હતાં. મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાનો ૬૪ વર્ષનો શાસનકાલ પ્રજાનાં કલ્યાણ તથા કેળવણીની દૃષ્ટિએ વડોદરા રાજ્યનો સુવર્ણકાલ કહેવાય છે. એમણે દેશ-પરદેશમાંથી એકત્રિત કરેલા કલાકારીગીરીના નમૂના મ્યુઝિયમને ભેટ આપ્યા. મ્યુઝિયમનું અસલ મકાન

૧૫૦ ફૂટ (૪૫ મીટર) લાંબું અને ૪૦ ફૂટ (૧૨ મીટર) પહોળું હતું. એમાં હૅાલની આજુબાજુ અને આઠ ટાવર વચ્ચે બે માળવાળી ગૅલરીઓ આવેલી છે. આ ઇમારત પણ મ્યુઝિયમના સંગ્રહોની જેમ વિવિધતાવાળી છે. મ્યુઝિયમની ઇમારતનો ભોંયતળિયાનો ભાગ તદ્દન યુરોપીય સ્થાપત્ય–સ્વરૂપ ધરાવે છે, જ્યારે ઊંચી સીડી પર આવેલ દક્ષિણાભિમુખ પૅાર્ચનો ભાગ, મુઘલ સ્થાપત્ય–સ્વરૂપ રજૂ કરે છે ને ઈંટેરી દીવાલોનું ચણતર તથા બારણાનાં લાકડાનાં ચોકઠાં પરંપરાગત સ્થાનિક મરાઠા સ્થાપત્યકલાનાં દર્શન કરાવે છે.

૧૮૯૫ માં શ્રી જે. એફ. બ્લૅક આ મ્યુઝિયમના સૌપ્રથમ નિયામક તરીકે નિમાયા. એમણે મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રાજા તરફથી ભેટમાં મળેલા સંગ્રહોને વર્ગીકૃત કરી પ્રદર્શિત કર્યા. ૧૮૯૬ માં બરોડા કૅાલેજના શ્રી એ. એમ. મસાણી, જેઓ જીવશાસ્ત્રના અધ્યાપક હતા, તેમની બરોડા મ્યુઝિયમના નિયામક તરીકે નિમણૂક થઈ. ૧૯૦૬ માં ડૅા. એમ. કે. કાંગા, જેઓ પણ બરોડા કૅાલેજમાં જીવશાસ્ત્રના અધ્યાપક હતા, તેઓ બરોડા મ્યુઝિયમના નિયામક તરીકે નિમાયા. એમણે આ કામગીરી ૧૯૨૦ સુધી સંભાળી.

બરોડા મ્યુઝિયમની ઇમારતની સાથે હાલ જોડાયેલી પિકચર-ગૅલરીની ઇમારતનું બાંધકામ ૧૯૦૮ માં શરૂ થયું અને ૧૯૧૪ માં પૂરું થયું, પણ પહેલા વિશ્વયુદ્ધને કારણે પિકચર-ગૅલરી જાહેર જનતા માટે છેક ૧૯૨૧ માં ખુલ્લી મુકાઈ. મ્યુઝિયમને ભૂસ્તર-શાસ્ત્રનો સંગ્રહ વડોદરા રાજ્યના પુરાતત્ત્વ-ખાતાના વડા શ્રી રૅાબર્ટ બ્રુસ ફૂટ પાસેથી મળ્યો હતો. આ સંગ્રહમાં ઘણું કરીને પરદેશમાંથી મળતાં ખનીજોના, ખડકોના તથા અશ્મીભૂત અવશેષોના નમૂના છે, પણ આ સંગ્રહને લોકભોગ્ય બનાવવા ભૂસ્તરશાસ્ત્રના વિષયના તજજ્ઞો અને અભ્યાસીઓ સિવાય બીજા મુલાકાતીઓને રસ પડે તેવાં લેબલ બનાવવાનો ત્યારે પ્રયત્ન થયો ન હતો. આ મ્યુઝિયમમાં ભૂસ્તરશાસ્ત્રના સંગ્રહ ઉપરાંત પ્રાણી-શાસ્ત્ર વનસ્પતિશાસ્ત્ર માનવશાસ્ત્ર અને કલા તથા પુરાતત્ત્વવિદ્યાના વિષયોનો સમાવેશ ૧૯૧૪ સુધીના સમયના ગાળામાં પણ થયો હતો. ભોંયતળિયે આવેલા કેટલાક ખંડોમાં તથા ઉપલે મજલે આવેલા ઘણા ખંડોમાં યુરોપીય કલા પ્રદર્શિત કરવામાં આવી છે. મુખ્ય મકાનની એક ગૅલરીમાં થાઇલૅન્ડ બર્મા શ્રીલંકા ઇન્ડોનેશિયા અને મલેશિયાની કલાકૃતિઓ છે. બીજી ગૅલરીમાં જાપાનની કલાકૃતિઓ છે, ત્રીજી ગૅલરીમાં તિબેટ અને નેપાળની કલા-કૃતિઓ છે અને ચોથી ગૅલરીમાં ઇજિપ્ત અને બૅબિલોનની કલાકૃતિઓ છે. એ ઉપરાંત ચીનની અને ઇસ્લામ ધર્મ પાળતા દેશોની ગૅલરીઓ પણ છે. ૧૯૧૪ સુધીની મ્યુઝિયમના સંગ્રહની રચનામાં સિક્કાઓનો સંગ્રહ મકાનના ભોંયતળિયે

એક નાના ખંડમાં રાખવામાં આવ્યો હતો અને ઘણું કરીને આ ખંડને તાળું મારેલું રાખવામાં આવતું હતું. ભોંયતળિયાના મધ્યસ્થ ભાગ (૧૪×૯ મીટર)માં ભારતીય કલા અને સંસ્કૃતિના નમૂના કાલક્રમે વર્ગીકૃત કરી રાખવામાં આવતા હતા. એના એક છેડાની ગૅલેરીમાં ભારતીય પ્રાગૈતિહાસિક અને આદ્ય-ઐતિહાસિક સંસ્કૃતિ અને બીજા છેડાની ગૅલરીમાં ગુજરાતી અને મરાઠા કલા રજૂ કરાતી. ભારતીય લઘુચિત્રોના તથા ભારતીય આધુનિક કલાનાં ચિત્રોના પણ સંગ્રહ છે. ઉપરના માળે પશ્ચિમ દિશાવાળા ભાગમાં પ્રાણી-શાસ્ત્રને લગતા નમૂના તથા પૂર્વ દિશાવાળા ભાગમાં ભૂસ્તરશાસ્ત્ર વગેરેને લગતા નમૂના ગોઠવવામાં આવ્યા હતા. એ ઉપરાંત, એમાં માનવશાસ્ત્રને અનુલક્ષી વસ્ત્રો વાદ્યો, ખેતીને લગતાં સાધનો, માછલીને પકડવાનાં સાધનો, હોડી અને સ્ટીમર તથા વરાળથી ચાલતા એન્જિનના નમૂના મૂકયા હતા.[૧૩]

## ૫. બાર્ટન મ્યુઝિયમ, ભાવનગર

આ મ્યુઝિયમની સ્થાપના ૧૮૯૫ માં થઈ હતી. આ મ્યુઝિયમ બાર્ટન પુસ્તકાલયના મકાનમાં હતું અને એનો વહીવટ બાર્ટન પુસ્તકાલય સમિતિ કરતી હતી. મ્યુઝિયમના સંગ્રહની શરૂઆત પ્રાચીન વસ્તુઓ, જેવી કે હસ્તપ્રતો હથિયાર અને હાથકારીગીરીથી તૈયાર કરેલી કલાકૃતિઓથી થઈ હતી. સિક્કાઓને લગતા ટાઇપ કરેલા કૅટલૉગમાં લગભગ ૧૦,૦૦૦ સિક્કાઓનો ઉલ્લેખ છે. આ મ્યુઝિયમનાં પ્રકાશનોમાં સંસ્કૃત અને પ્રાકૃત અભિલેખોનો સંગ્રહ, પર્શિયન અભિલેખોનો સંગ્રહ અને પ્રાચીન શોધસંગ્રહ ઉલ્લેખનીય છે.[૧૪]

## ૬. રસૂલખાનજી મ્યુઝિયમ, જૂનાગઢ

૧૮૯૭ માં શહેરના મધ્યભાગમાં બહાદુરખાનજી લાઇબ્રેરી અને રસૂલખાનજી મ્યુઝિયમનાં મકાન બાંધવાનો જૂનાગઢ રાજ્યે નિર્ણય લીધો અને એ વર્ષના ડિસેમ્બર માસની ૨ જી તારીખે મુંબઈના ગવર્નર લૉર્ડ સૅન્ટ હર્સ્ટે એનું શિલારોપણ કર્યું. એમના અનુગામી લૉર્ડ નૉર્થકોટે ૧૯૦૧ ના ડિસેમ્બર માસની પાંચમી તારીખે આ બંને મકાનોનું ઉદ્ઘાટન કર્યું.[૧૫]-મ્યુઝિયમને નવાબસાહેબના નામ ઉપરથી 'રસૂલખાનજી મ્યુઝિયમ' એવું નામ આપવામાં આવ્યું. આગળ જતાં એને રાજકોટ માર્ગ ઉપર આવેલા સક્કર-બાગમાં ખસેડવામાં આવ્યું, જેની અંદર પ્રાણી-સંગ્રહસ્થાન (સ્થાપના–૧૮૬૩) પણ આવેલું છે.[૧૬]

મ્યુઝિયમમાં સ્થાનિક કારીગરીના નમૂનાઓ ઉપરાંત ઐતિહાસિક ઉત્ખનનો દ્વારા પ્રાપ્ત થયેલી અને અન્ય ઉપયોગી વસ્તુઓ મૂકવામાં આવી. એના પ્રથમ

કયુરેટર તરીકે સુરતના શ્રી સારાભાઈ તુલસીદાસને નીમવામાં આવ્યા.[૧૭] આ મ્યુઝિયમ વિશે એ સમયની આનાથી વિશેષ માહિતી ઉપલબ્ધ થઈ નથી. હાલ આ મ્યુઝિયમ 'જૂનાગઢ મ્યુઝિયમ' તરીકે ઓળખાય છે.[૧૮]

## પાદટીપ

૧. S. F. Markham & H. Hargreaves, *The Museums of India* (1936)
૨. C. Sivaramamurti, *Directory of Museums in India*, p. 26; વળી જુઓ Swarna Kamal, *Museums in Gujarat*, pp. 2, 10
૩. A. V. Pandya, 'The Museums at Vallabh Vidyanagar,' *Journal of Indian Museums*, Vol XI, p. 51
૪. C. Sivaramamurti, *op. cit.*, p. 34
૫. S. F. Markham & H. Hargreaves, *op. cit.*, p. 161
૬. ડી. કે. વૈદ્ય, 'કચ્છ મ્યુઝિયમ', પૃ. ૧.
૭–૮. 'કચ્છ દરબારી ગેઝેટ,' પુ. ૧૨, અંક ૧૧, પૃ. ૯૯ (શ્રી દિલીપ વૈદ્ય દ્વારા મળેલ માહિતી પરથી)
૯. એમના પછીના કયુરેટર શ્રી દ. બા. ડિસકળકરે (૧૯૧૯–૧૯૨૯) આ બે પુરોગામી કયુરેટરોએ લીધેલી છાપોના આધારે *Inscriptions of Kathiawad* નામે સંગ્રહ તૈયાર કરેલો.
૧૦. V. L. Devkar, *Souvenir-cum-Guide Book of the Watson Museum*, Rajkot, pp. 3 ff.
૧૧. C. Sivaramamurti, *op. cit.*, p. 40
૧૨. Usha Agrawal, *Brief Directory of Museums in India*, p. 38; વળી જુઓ Swarna Kamal, *op. cit.*, p. 19.
૧૩. વિગતો માટે જુઓ H. Goetz, *Handbook of the Colleciions of the Museum and Picture Gallery*, Vol. VIII, pt. I (1950–52); મુદ્રિકા જાની, 'ગુજરાતમાં મ્યુઝિયમ પ્રવૃત્તિ', પૃ. ૩૪–૪૦.
૧૪. C. Sivaramamurti, *op. cit.*, pp. 25 f.
૧૫. શં. હ. દેશાઈ, 'જૂનાગઢ અને ગિરનાર', પૃ. ૧૯૧
૧૬. એજન, પૃ. ૧૯૨, ૩૨૫
૧૭. એજન, પૃ. ૧૯૨
૧૮. C. Sivaramamurti, *op. cit.*, p. 34.

## પરિશિષ્ટ ૩

# પાશ્ચાત્ય સંસ્કૃતિ : પ્રસાર પ્રભાવ અને પ્રત્યાઘાત

અંગ્રેજોની રાજસત્તા ગુજરાતમાં સ્થપાઈ ત્યાંથી અર્વાચીન યુગ ગણવાનું ઔચિત્ય એ છે કે ઇતિહાસનો એ એક અસાધારણ વળાંક હતો. પૂર્વ અને પશ્ચિમની બે અત્યંત ભિન્ન કહી શકાય તેવી સંસ્કૃતિઓનું મિલન ત્યાંથી આરંભાયું અને એ મોટાં પરિવર્તનોનું નિમિત્ત બન્યું.

બે સંસ્કૃતિઓનું મિલન હંમેશાં અનુકૂળ હોય એમ માની લેવાની જરૂર નથી. પ્રજાઓ એકબીજાના સંપર્કમાં આવે એનું એક પ્રયોજન વ્યવહાર-વિનિમય હોઈ શકે, તો બીજું પોતાની સત્તાનું ક્ષેત્ર વિસ્તારવાનું કે કોઈ વધુ સુખદ પરિસ્થિતિમાં સ્થાયી થવાનું હોઈ શકે. અંગ્રેજ પ્રજા સાથે ભારતીય પ્રજા સંપર્કમાં આવી એમાં પહેલાં બે પ્રયોજન નિમિત્ત બન્યાં હતાં. આ દેશમાં સ્થાયી વાસ કરવાનું અંગ્રેજોને અભિમત નહોતું, જેવું પૂર્વેના વિજેતાઓને હતું. અંગ્રેજો આવ્યા વેપાર કરવા, પણ રહી પડયા રાજ્ય કરવા. ભારતીય પ્રજા સાથે અંગ્રેજોનો જે સંબંધ બંધાયો તે પરાજિત પ્રજા સાથે વિજેતાઓનો હોઈ શકે તેવો હતો. અલબત, એ પહેલાં મુઘલ દરબારમાં વેપાર કરવાનો પરવાનો મેળવવા માટે અંગ્રેજો પૂરતી ગરજ અને નમ્રતા દાખવી ચૂકયા હતા. પ્લાસીના યુદ્ધ પહેલાં અંગ્રેજો ભારતની પ્રજા સાથે સમાન દરજ્જાથી અને છૂટથી હળતા મળતા હતા, એટલું જ નહિ, તળ ભારતીય સંસ્કૃતિની કેટલીક વિશેષતાઓને વખાણતા પણ હતા, પણ પ્લાસીના યુદ્ધમાં મળેલા વિજયના પરિણામે બંગાળનો કબજો મેળવ્યા પછી, એટલે કે અઢારમા શતકનો ઉત્તરાર્ધ પૂરો થવા પછી હાકેમીનો મિજાજ એમણે પરખાવવા માંડેલો. હળવા–મળવાનું પણ તેઓ ટાળતા રહ્યા. પરિણામે અંગ્રેજો કાયમ અહીંની પ્રજાને પારકા જ લાગેલા.

૧૭૫૭થી માંડી ૧૮૫૭ સુધીમાં લગભગ આખો ભારત દેશ અંગ્રેજોની આણ હેઠળ આવી ચૂકયો હતો અને જે સેંકડો નાનાંમોટાં દેશી રાજ્યોને એમણે આંતરિક સ્વાયત્તતા ભોગવવા દીધેલી તે કેવળ રાજનીતિની એક શૈલી હતી. એ રાજ્યોનો દરજ્જો આશ્રિત કે ખંડિયા રાજ્ય કરતાં વિશેષ ન હતો. આ આંતરિક સ્વાયત્તતાનો સુંદર ઉપયોગ કરનારાં કેટલાંક દેશી રાજ્યોએ પોતાની લોકપ્રિયતા હાંસલ કરી હતી, પણ મોટે ભાગે દેશી રાજ્યોને ભાગે બેવડી પરાધીનતા આવી હતી એ પણ નોંધવું જોઈશે.

અંગ્રેજો પારકા રહ્યા તેથી એમના પ્રભાવનું ક્ષેત્ર એમની શાસનપદ્ધતિઓ, એમણે સ્થાપેલી નવી રાજકીય સંસ્થાઓ, તારટપાલ રેલવે જેવાં એમણે દાખલ

કરેલાં નવાં સાધનો, એમણે સ્થાપેલી શિક્ષણસંસ્થાઓ અને ભારતીય પ્રજાના ઉજળિયાતો પૂરતું અંગ્રેજી સાહિત્ય એટલામાં સીમિત રહેવા પામ્યું, પણ યુરોપની પ્રજાઓમાં અંગ્રેજ પ્રજા જે ગુણો વડે નોખી તરી આવે છે તે ગુણોનો લાભ ભારતીય પ્રજાને પણ મળ્યો, એટલે કે અંગ્રેજોનું રાજત્વ વિશેષે કાયદાનું રાજ્ય બની રહ્યું.

કાર્લ માર્ક્સે 'ભારત' વિશે જે નિબંધો લખ્યા છે તેમાં અંગ્રેજોને એણે ઇતિહાસના સાધન તરીકે ઓળખાવ્યા છે. માર્ક્સના મત પ્રમાણે અંગ્રેજો ઉમદા શાસકો ન હતા. ઉમદા શાસકો એમને કહેવાય કે જે પ્રજાની આર્થિક સમૃદ્ધિ વધારવામાં નિમિત્તભૂત બને અને પ્રજાને સુરક્ષિત રાખે. મધ્યયુગની ગરાસદારી પ્રથા પ્રવર્તતી હતી તે કાળમાં ભારતમાં વિદેશી આક્રમણો અનેક વાર થયાં હતાં અને વિદેશીઓનું શાસન પણ સ્થપાયું હતું, વિદેશી શાસકોએ જુલમ પણ ઓછો ગુજાર્યો ન હતો, પણ પ્રજાના આર્થિક જીવનની નાડ એમણે સુરક્ષિત રાખી હતી. એમના મુકાબલે અંગ્રેજ શાસકોની ન્યૂનતા એ કે પ્રજાના મુખ્ય નિર્વાહસાધનરૂપ કૃષિજીવનને એમણે ચૂંથી નાખ્યું. કાયદાના રાજ્યને લીધે લોકોને અમુક આસાયેશ શાસનમાં અવશ્ય મળી, પણ એમ કહી શકાય કે એનાથી જુલમનો પ્રકાર બદલાયો. કૃષિજીવન બરબાદ થયું, અનેક દેશી ઉદ્યોગ મરવા પડ્યા અને પ્રજાનું અને એની સાધનસંપત્તિનું વ્યવસ્થિત શોષણ ચાલ્યું. એમ છતાં અંગ્રેજો અનાયાસે, પોતે પણ જાણે નહિ તેમ, પશ્ચિમની ઔદ્યોગિક સંસ્કૃતિ અને વૈજ્ઞાનિક દૃષ્ટિ ભારતમાં અવતારવામાં નિમિત્ત બન્યા. કાર્લ માર્ક્સ એને જીવનવિકાસનો સંકેત ગણે છે, એટલે કે ગરાસદારી પ્રથામાંથી મૂડીવાદી પ્રથામાં રાષ્ટ્રજીવન મુકાય એને વિકાસનો સંકેત ગણે છે એ અર્થમાં અંગ્રેજોનો ઉપકાર માનવાનો રહે, પણ વિકાસના તેઓ અસંપ્રજ્ઞાત વાહક હતા.

અંગ્રેજો અસંપ્રજ્ઞાત રીતે યુરોપીય નવજાગૃતિના પણ વારસદાર હોવાથી પશ્ચિમની સંસ્કૃતિનાં નવતર મૂલ્યોનો લાભ ભારતને અંગ્રેજ શાસન વાટે મળ્યો. યુરોપમાં અંધારયુગ પ્રવર્તતો હતો તે દરમ્યાન પ્રાચીન ગ્રીક અને લેટિન વિદ્યાઓ વીસરાઈ ગઈ હતી, પણ એના આકસ્મિક રીતે આરંભાયેલા નવતર અભ્યાસથી પ્રાચીન વિદ્યાઓની છાલક યુરોપની પ્રજાઓને વાગી અને એમાંથી નવું દર્શન લાધ્યું, અને સંશોધનોથી એ દૃઢતર બનીને વિકસ્યું તેથી યુરોપની પ્રજાઓમાં નવી ચેતના, નવું સામર્થ્ય આવ્યાં. યુરોપમાં જે જ્ઞાનવિજ્ઞાન ખીલ્યાં ને એનાથી આંદોલિત થયેલા સાહસિકો દુનિયાની સફરે નીકળ્યા, તેઓ નવા હેતુઓ અને નવા મનોભાવોના વાહકો બન્યા. અંગ્રેજ શાસન દ્વારા યુરોપના આ નવતર

જ્ઞાનનું આચમન કરવાનું ભારતને માટે શકય બન્યું. યુદ્ધમાં જીતી શકાય તેવાં વિકસિત શસ્ત્રાસ્ત્રો જ નહિ, પણ ચડિયાતી વ્યવસ્થાશક્તિ અને બંધારણીય અભિગમો પણ અંગ્રેજોના દિગ્વિજયોની પાછળનું રહસ્ય છે. એક મુસ્લિમ ઇતિહાસકારે ૧૭૮૮માં નોંધ્યું હતું કે "ઇન્સાફ કરવા માટેના કાયદાઓમાં, રૈયતની સલામતી જાળવવામાં, જુલમગારી દૂર કરવામાં અને નિર્બળને રક્ષવામાં અંગ્રેજોની તોલે આવે તેવું કોઈ શાસન થયું નથી."[1] અલબત્ત, આ પૂર્ણ સત્ય નથી, પણ આવી છાપ ઊભી કરવામાં અંગ્રેજ શાસન સફળ થયું હતું એમાં શંકા નથી. દેશીઓ કરતાં પણ વિદેશી શાસકો પ્રજાને વધુ સ્વીકાર્ય બન્યા હતા એ હકીકત છે.

ભારતમાં અને ગુજરાતમાં બ્રિટિશ શાસન સ્થપાયું તે પહેલાં જે દેશવ્યાપી અંધાધૂંધી હતી તેમાં પણ કેટલીક સાંસ્કૃતિક પરંપરાઓ જળવાઈ રહી હતી એ નોંધવું જરૂરનું છે; જેમકે સમાજવ્યવસ્થા જળવાઈ રહી હતી. જ્યાંસુધી એક આખું ગામ નાશ પામ્યું ન હોય ત્યાંસુધી ગ્રામજીવનની સંસ્થાઓ ટકી રહેતી હતી. ખેતીવાડીનો નાશ થતો ન હતો, પણ કૃષિવ્યવસ્થા વારંવાર હચમચી ઊઠતી, એમ છતાં જેવો સારો સમય આવ્યો કે ખેડૂતો પોતાની જમીન સંભાળી લેતા હતા અને જૂના હકદાવાના નામે તકાદા પણ કરતા રહેતા હતા. આર્થિક વ્યવહારોમાં બેસુમાર વિક્ષેપો આવતા, પણ ચીજવસ્તુઓનું ઉત્પાદન વણથંભ્યું ચાલુ રહેતું. યુરોપથી આવેલા વેપારીઓને જે લાભ મળતો હતો તે આ કારણે. પરંપરાગત વિદ્યાધામો પણ જળવાઈ રહ્યાં હતાં, વિદ્વાનો કવિઓ સંતો ભક્તો ચિત્રકારો સંગીતકારો અને ધર્મનેતાઓ પોતપોતાનું કામ કર્યે જતા હતા અને એ રીતે સાંસ્કૃતિક પરંપરાઓને જિવાડતા હતા. જ્યારે અંધાધૂંધીમાંથી દેશ બહાર આવ્યો ત્યારે બાહ્ય જીવનમાં એક પ્રકારની સ્વસ્થતા એને જરૂર પ્રાપ્ત થઈ, પણ વ્યવસ્થા પ્રસારીને સ્વસ્થતા અનુભવાવનાર બ્રિટિશ હકૂમતે પ્રજાના આંતરિક જીવનમાં સૂક્ષ્મ પડકારો પણ પેદા કર્યા. પરંપરાગત સંસ્કારો રિવાજો અને સંસ્થાઓ સાથે પશ્ચિમના સંસ્કારો અને સંસ્થાઓ વચ્ચે એક સૂક્ષ્મ સંઘર્ષ પેદા થયો. ન્યાય વહીવટ તત્ત્વદૃષ્ટિ ધર્મભાવ સમાજનીતિ શાસન એ સર્વ તળે ઉપર થઈ જાય એવો એ સંઘર્ષ હતો, જોકે એનું સ્વરૂપ સૂક્ષ્મ હતું.

ઔરંગઝેબના અવસાન પછી વિશાળ મુઘલ સામ્રાજ્ય, જેમાં વ્યક્તિકેંદ્રી શાસન હતું તે, ખૂબ જ નબળું પડયું અને મરાઠા સત્તાનો ઉદય થયો. મુઘલ સત્તા નબળી પડયા પછી શિવાજી મહારાજના જે વંશજો રાજ્યકર્તાઓ હતા તે પણ નબળા પડવા મંડયા અને એમના શાસનકાલમાં પેશવા સત્તા ઉપર આવ્યા.

જોતજોતાંમાં ભારતમાં મરાઠા સરદારોની સત્તા ફેલાઈ ગઈ. બરાબર એ જ સમયે આ વિશાળ દેશમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સત્તા પણ જામતી જતી હતી અને મરાઠાઓ અને અંગ્રેજો વચ્ચે ઘર્ષણના પ્રસંગ ઊભા થયા જ કરતા, અને વખતોવખત સંધિઓ અને કોલકરારો પણ થતાં રહેતાં. ૧૭૬૧ માં પાણીપતના યુદ્ધમાં મરાઠા હાર્યા અને આંતરિક રીતે નબળા પડચા તોપણ એમની આણ ચાલુ રહી હતી, એમ છતાં ભારતીય પ્રજાને જેમ અન્યત્ર તેમ ગુજરાતમાં પણ મરાઠા શાસન અને અંગ્રેજ શાસન વચ્ચે તુલના કરવાનું ફાવી રહ્યું હતું. અંગ્રેજો મૂળે વેપાર કરવા આવેલા, પણ દેશમાં પ્રવર્તતી અંધાધૂંધી વચ્ચે ટકી રહેલા અને સ્વરક્ષણ કરવા એમને પોતાનાં સૈન્ય નભાવ્યા વિના છૂટકો ન હતો. પોતે દૂરના મુલકમાંથી આવેલા હોઈને સૈન્ય પણ તળ વસ્તીમાંથી જ ઊભું કરવું પડે એમ હતું. આવા ભાડૂતી સૈન્યને પણ અંગ્રેજોએ કવાયત શિસ્ત અને વ્યવસ્થાથી નમૂનેદાર બનાવ્યું હતું. ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીના અધિકારીઓને પ્રારંભમાં વલંદાઓ, ફ્રેંચો અને પોર્ટુગીઝોની હરીફાઈનો પણ મુકાબલો કરવાનો હતો, પણ નેપોલિયન સાથેના યુરોપી યુદ્ધમાં નેપોલિયનના પરાભવ પછી આ હરીફાઈ ક્ષીણ થઈ ગઈ અને સઘળા વિદેશીઓમાં અંગ્રેજો સર્વોપરિ બની રહ્યા. અહીંની અંધાધૂંધીએ એમને આત્મરક્ષણમાંથી રાજસત્તા સ્થાપવાના માર્ગે મૂકી આપ્યા અને વેપાર ટકાવી રાખવા માટે રાજસત્તા કબજે કરવાનું એમને અનિવાર્ય લાગવા માંડ્યું. આ પ્રક્રિયા પૂરી થવાને લગભગ એક સૈકા જેટલો વખત લાગ્યો.

રાજ્યકર્તાઓ તરીકે અંગ્રેજો પણ જુલમી શાસકો જ હતા, પણ દૂર દેશથી આવેલા મૂઠીભર શાસકોએ બે વાત બરાબર સમજી લીધી હતી : એક તો ભારતની વિવિધ પ્રજાઓનાં સામાજિક માળખાંઓ ઉપર કુઠારાઘાત કરવામાં રહેલું જોખમ, તેથી પ્રજાના આંતરિક જીવનમાં દખલગીરી નહિ કરવાનું શાણપણ એમણે દાખવ્યું અને બીજું વ્યૂહાત્મક સ્થાનો ઉપર એમણે બરાબર નજર માંડી. દેશમાં ત્યારે જે મધ્યકાલીન ગરાસદારીને મળતી શાસનપ્રણાલિ પ્રવર્તતી હતી તેનું સ્વરૂપ પણ અંગ્રેજોએ જાળવી રાખ્યું, પણ પશ્ચિમની જે નવી ઔદ્યોગિક સંસ્કૃતિનો વારસો લઈને તેઓ આવેલા તેને કારણે ભારતમાં ઔદ્યોગિક પરિવર્તન લાવવામાં તેઓ નિમિત્ત બન્યા. કાર્લ માર્ક્સે આ અર્થમાં એમને 'ઇતિહાસનું સાધન' કહીને ઓળખાવ્યા હતા.

અંગ્રેજો પરદેશી અને પરધર્મી હોવા છતાં અને એ કારણે સતત પરાયાપણાનો અનુભવ કરાવતા રહ્યા હોવા છતાં વ્યવસ્થા પ્રસારવાની એમની વિશિષ્ટ આવડતને કારણે એમનું શાસન એકંદરે કાયદાનું શાસન બની રહ્યું અને

પ્રજાને આસાયેશનો અનુભવ થતો રહ્યો. અઢારમા સૈકાના અંતભાગમાં ગુજરાતમાં પ્રવર્તતું ગાયકવાડનું શાસન કેવું હતું એ 'વડોદરાના રાજકર્તાઓ' એ પુસ્તકમાંથી સ્વ. હીરાલાલ પારેખે ઉદ્ધૃત કરેલા નીચેના અવતરણ પરથી સમજાશે :

"તે વખતે રાજ્યની સ્થિતિ કેવી અધમ અને દયાજનક હતી તેનું સંપૂર્ણ ધ્યાન થવું અસંભવિત છે. રાજ્યનો ખજાનો તદ્દન ખાલી હતો, ઘણાંખરાં પરગણાં માગનારાઓને સાનમાં આપેલાં હતાં, અને બાકી રહેલાં શેષની ઊપજ વસૂલ કરવાનું કામ નિઃશંક મનના, કોઈ પણ તદબીરથી ધનસંચય કરી લેવાની ઇચ્છાવાળા મનુષ્યોને સોંપેલું હતું. સૈન્યનાં દર્શન કરીને જ ખંડણી આપનારા માંડલિક રાજાઓએ ઉદ્ધત થઈ જઈને ચડેલી ખંડણી અટકાવી રાખી હતી; ગાયકવાડો માંહોમાંહે ઝઘડો મચાવી રહ્યા હતા. સ્વકુટુંબની ઉન્નતિ અર્થે ધનસંચય કરી લેવાની ઇચ્છાવાળા પરદેશી દીવાનના હાથમાં રાજ્યની ઘણીખરી સત્તા હતી. એકલા સૈન્યનો ખરચ જ રાજ્યની કુલ ઊપજ કરતાં વધારે હતો; ન્યાય આપવા તરફ, જનસમૂહના રક્ષણ તરફ, અને તેવી જ બીજી સામાજિક બાબતો તરફ કાંઈ પણ લક્ષ્ય અપાતું નહોતું; અને સત્ય રીતે કહીએ તો તે વેળાએ વડોદરામાં કોઈનું પણ રાજ્ય નહોતું, કારણ કે સઘળી સત્તા ઉદ્ધત અને ધનલોભી આરબોના હાથમાં હતી. જાહેર તેમજ ખાનગી દરેક બાબતમાં દરેક માણસ સાથે આશ્ચર્યકારક અણવિશ્વાસથી કામ પાડવામાં આવતું હતું, અને રાજ્યકર્તા પ્રત્યે તો બિલકુલ વિશ્વાસ જ નહોતો. આ વખતે સ્વાર્થ-પરાયણતાને વશ થયેલા પેશ્વા અને સિંધિયા, અને કદાચ હોલકર પણ તેમાં સામેલ હોઈ, રાજ્યના થતા વિનાશને તટસ્થ રહી નિહાળતા હતા; તથા આ મહાન સંકટમાંથી સહીસલામત નીકળવાનો એક જ માર્ગ દૃષ્ટિએ પડતો હતો, અને તે માર્ગ તે અંગ્રેજ સરકારની મદદ માગવાનો હતો."[2]

એક બીજો પણ લાક્ષણિક પ્રસંગ નોંધવા જેવો છે. ઈ.સ. ૧૭૭૨ માં અંગ્રેજોએ ભરૂચ શહેર ત્યાંના નવાબ પાસેથી જીતી લીધું હતું અને ત્યાં પોતાનો વહીવટ સ્થાપ્યો હતો, પણ ઈ.સ. ૧૭૭૯ માં થયેલા કોલકરારો મુજબ ભરૂચ શહેર સિંધિયાને સોંપવાનું ઠર્યું. "ભરૂચ શહેરનો ઇતિહાસ"ના લેખકે નોંધ કર્યા મુજબ "આ શહેર મરાઠાઓના તાબામાં જાય છે, એ હકીકત લોકોએ જાણી એટલે ભરૂચી પ્રજા ઘણી દિલગીર થઈ. ઈશ્વરની પ્રાર્થના કરવા લાગી કે અંગ્રેજી અમલ અમારા ઉપર હંમેશા રહો. રાજ્ય અંગ્રેજોનું કાયમ રહે માટે યજ્ઞો, હોમ, બલિદાન વગેરે શરૂ થયાં. કેટલાક લોકોએ અમુક અમુક બાધાઓ પણ લીધી. આ વાતમાં ઢીલ થઈ એટલે પ્રજાએ જાણ્યું કે ઈશ્વરે સામું જોયું, તેથી લોકો ખુશ થયા."[3]

મરાઠાઓના રાજઅમલ દરમ્યાન ચોથ સરદેશમુખી ઇજારાપદ્ધતિ અને લાંચરુશવતથી પ્રજા ત્રાહિ ત્રાહિ પોકારી ગઈ હતી. ઉપર ભરૂચ શહેરનો જે પ્રસંગ ટાંક્યો છે તે શુદ્ધ દેશાભિમાનની દૃષ્ટિએ જોતાં આત્મગ્લાનિ પેદા કરે તેવો ગણાય, પણ સ્વરાજ્ય સુરાજ્ય ન હોય તો એ ટકી શકતું નથી.

૧૮૧૮ માં પેશવા બાજીરાવ બીજો પદભ્રષ્ટ થવાની સાથે ગુજરાત ઉપર અંગ્રેજોની સત્તા સ્થપાઈ રહેતાં જે સાર્વત્રિક શાંતિ પ્રસરી તે સાંસ્કૃતિક વિકાસની દૃષ્ટિએ ખૂબ ઉપકારક હતી. પરાયા સામેનો અવિશ્વાસ માફ, પણ મરાઠાઓના જુલમની સ્મૃતિ ગુજરાતની પ્રજામાં એવી સતેજ હતી કે ૧૮૫૭ માં અંગ્રેજ સત્તા સામે જે ખંડ જાગ્યું તેમાં ગુજરાત એકંદરે તટસ્થ રહ્યું હતું. તત્ત્વતઃ ૧૮૫૭ નો બળવો વિદેશી સત્તાને હાંકી કાઢવાનો દેશીઓનો પુરુષાર્થ હતો અને એ એક પ્રકારનું સ્વાતંત્ર્યયુદ્ધ જ હતું, એમ છતાં જે તત્ત્વો સામસામે ખોડાયાં હતાં તેઓની ઉપર આજે દૃષ્ટિપાત કરતાં સમજાય છે કે પરંપરાપ્રેમી ભારતીય સમાજ અને આધુનિકીકરણના ઉત્સાહવાળા બ્રિટિશ વિજેતાઓ વચ્ચેનો એ સંગ્રામ હતો. બુદ્ધિસંગત અને કાર્યક્ષમ વહીવટ સ્થાપવાની ધગશવાળા વિજેતાઓનો મુખ્ય હલ્લો રાજાઓ અને જમીનદારો ઉપરનો હતો, એટલે કે સામંતશાહી ઉપર મૂડીવાદનું એ આક્રમણ હતું. બળવો ભારતના ઇતિહાસનું એક ભેદક પરિબળ છે એમાં શંકા જ નથી. એક પક્ષે અતીતમાંથી જ પ્રેરણા મેળવતું અને વિદેશીઓનાં નવતર પ્રવર્તનો સામે અવિશ્વાસ અને ઘૃણાથી નિહાળતું, વેરવિખેર, અનિર્ણયી, આપસમાં ઝઘડતું અને પરિબળોનું માપ કાઢવાને અસમર્થ એવું દેશીઓનું વ્યવસ્થાતંત્ર હતું, તો સામે કમ્પના સરકારનું નિષ્ઠુર મતલબી ધીર વ્યવસ્થિત અને આધુનિકતાનાં ઉપકરણોથી સજ્જ એવું વ્યવસ્થાતંત્ર હતું. પણ આ બંને તંત્ર મરણોન્મુખ હતાં. બળવો નિષ્ફળ ગયો અને અંગ્રેજોનું રાજ્ય ટકી રહ્યું, પણ સાથે કમ્પની સરકાર પણ ગઈ અને ભારત બ્રિટિશ સામ્રાજ્યનો ભાગ બન્યું. બીજી બાજુએ, ભારતમાં સામંતશાહીના અવસાનની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ, જે હજી સુધી પૂરી થઈ નથી, તોપણ પૂરી થવાને પંથે છે એવાં ચિહ્ન અવશ્ય વરતાય છે.

ઉપર કહેવાઈ ગયું કે પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ ભારતીય જીવન ઉપર પડ્યો એમાં બ્રિટિશરો નિમિત્ત બન્યા હતા, પણ બ્રિટિશ સંપર્ક એમાં પ્રત્યક્ષ નિમિત્ત હતો એમ નહિ કહી શકાય. બ્રિટિશ અમલ દરમ્યાન જે શાસન-પદ્ધતિઓ અને સંસ્થાઓ નીપજી તેઓનો ફાળો પણ પ્રમાણમાં ઓછો રહ્યો, પણ મુખ્ય ફાળો અંગ્રેજોએ કેળવણીની નવી સંસ્થાઓ સ્થાપી તેનો તેમજ

મુદ્રણયંત્રોનો રહ્યો. સર ચાર્લ્સ વૂડનો ૧૮૫૪ નો શિક્ષણ અંગેનો ખરીતો એવું અવશ્ય સ્થાપે છે કે ભારતવાસીઓની કેળવણીની જવાબદારી અંગ્રેજ શાસને સ્વીકારવી, પણ તેથી કંઈ એમણે ફરજિયાત પ્રાથમિક કેળવણી સુધ્ધાંની જવાબદારી સ્વીકારી હતી એમ નહિ કહી શકાય. માત્ર જ્યાં જ્યાં સામાજિક માંગ ઊઠી ત્યાં ત્યાં અંગ્રેજ શાસકોએ યત્કિંચિત્ મદદ કરી. અંગ્રેજી ભાષા શીખવાનો ઉત્સાહ દેશના જાગ્રત વર્ગોમાં આપોઆપ પેદા થયો. જેમ મુસ્લિમ રાજઅમલ દરમ્યાન રાજદરબાર સાથે પ્રસંગ પાડવા માટે જાગ્રત વર્ગો ફારસીનો ખપ કરતા હતા તે જ પ્રમાણે અંગ્રેજીનો હવે મહિમા થવા માંડ્યો.

પણ અંગ્રેજોની ભાષા અને અંગ્રેજોની વિદ્યા એ બે જુદી વસ્તુ હતી. રાજા રામમોહન રાય અને બીજા ભારતીય અગ્રેસરોને આ વિદ્યાની ગરજ હતી, કેમકે એ વિદ્યા વાટે અંગ્રેજો વિજયી બન્યા હતા અને એ વિદ્યા વાટે જ નવા સંદર્ભમાં ભારતીયો પોતાનું સત્ત્વ પ્રસ્થાપિત કરી શકે એમ હતું. વાઇસરૉય લૉર્ડ વિલિયમ બૅન્ટિકના અમલ દરમ્યાન રાજા રામમોહન રાયે ભાર દઈને ભારતીયોની આ વિકાસાકાંક્ષાની જિકર કરી એનો ઇતિહાસ સુવિદિત છે. લૉર્ડ મૅકોલેની મિનિટ્સ પણ હવે સુખ્યાત છે. મૅકોલેની માન્યતા હતી કે ભારતીય પુસ્તકોના ગમે તેટલા ગંજ ખડકીએ તોપણ પશ્ચિમી વિદ્યાના બેચાર ગ્રંથોની તોલે એ ન આવે. વળી, એનો આગ્રહ જેઓ દેહના વર્ણથી અને લોહીથી ભારતીય હતા તેઓ પોતાનાં રુચિ અને વ્યવહારો પૂરતા અંગ્રેજ બને એ માટેનો હતો. આ અંગે જાગેલો વિવાદ અહીં પ્રસ્તુત નથી તોપણ મૅકોલેનો આગ્રહ આપણી કેળવણી પૂરતો ફળ્યો છે એમ ઇતિહાસ બોલે છે. પણ અંગ્રેજોની વિદ્યા અંગ્રેજી વાટે પ્રાપ્ત થાય એમાં અંગ્રેજોનો સ્વાર્થ હતો તેથી શિક્ષણનું માધ્યમ અંગ્રેજી બન્યું. અંગ્રેજોની એથી સગવડ સચવાતી હતી, કેમકે રાજ્યવહીવટનાં અને બીજાં નિમ્ન સ્તરનાં કામ ભારતવાસીઓના સહકારથી જ થઈ શકે એમ હતું. પરિણામે અંગ્રેજી ભાષા દ્વારા માધ્યમિક અને ઉચ્ચ કેળવણી આપવી એમ ઠર્યું. આમ ભારતવાસીઓને કેળવણી વાટે અંગ્રેજી ભાષાનો અને એ ભાષા દ્વારા અંગ્રેજી અને પશ્ચિમી સાહિત્યનો અને એ સાહિત્ય દ્વારા પશ્ચિમી સાંસ્કૃતિક મૂલ્યો અને અભિગમોનો પરિચય થયો. આમ ૧૯મા શતકમાં ભારતીય જીવનમાં પરિવર્તન આણનારું મહાન પરિબળ તે અંગ્રેજી સાહિત્ય છે. એ પરિવર્તન ઝીલવાનો જે ઉત્સાહ ભારતીયોએ દાખવ્યો તેનાથી પરિવર્તનમાં વેગ પણ આવી શક્યો. પરિવર્તનની પ્રક્રિયા પ્રારંભે પ્રતિકારલક્ષી નહિ તેટલી માનસિક અનુમોદનની રહી, તેથી એનું બાહ્ય સ્વરૂપ ક્રાંતિનું ન રહ્યું, પણ શિક્ષિત

ભારતવાસીઓના વિચારજીવન ઉપર એનો જે પ્રભાવ પડ્યો તેનાથી આંતર જીવનની સૂક્ષ્મ સાંસ્કૃતિક ક્રાંતિના શ્રીગણેશ મંડાયા એમ કહેવામાં અત્યુક્તિ નથી.

ગુજરાતમાં અંગ્રેજોનું શાસન સ્થપાયા પછીનાં પહેલાં પચાસ વર્ષોમાં પરિવર્તન આણનારી જે ઘટનાઓ બની તેમાંની કેટલીક લાક્ષણિક ઘટનાઓ નોંધીએ. આશ્ચર્યની વાત છે કે અહીંની ભૂમિ અને ભાષા પ્રત્યે પ્રેમ રાખનારા એવા કેટલાક અંગ્રેજોએ એમાં પહેલ કરેલી; જેમકે ૧૮૦૮ માં ડૉ. ડ્રમંડ નામના સર્જને ગુજરાતી ભાષાનો નાનો શબ્દસંગ્રહ તેમ નાનું વ્યાકરણ તૈયાર કરેલાં તેમાં ગુજરાતી બીબાં પહેલવહેલાં વપરાયેલાં. એ પુસ્તક ઉપયોગી હતું ગુજરાતી શીખવા માગતા અંગ્રેજો માટે, પણ તૈયાર થયેલું એક ભાષાપ્રેમીને હાથે. ૧૮૦૪ માં મુંબઈમાં રૉયલ એશિયાટિક સોસાયટીની સ્થાપના થયેલી અને ૧૮૦૬ માં મુંબઈની લિટરરી સોસાયટીએ ભાષાઓના તુલનાત્મક અભ્યાસ માટે વિવિધ ભાષાઓનો શબ્દસંગ્રહ તૈયાર કરવાની યોજના ઘડેલી. આ બધાં ઊંચાં કામો માટે વ્યાપક ભૂમિકાઓ જોઈએ તેવી રચાઈ નહોતી, પણ ભારતીય બુદ્ધિમત્તાને આ પ્રકારનાં કામ છેક અપરિચિત કે દુઃસાધ્ય નહોતાં. આવાં કામોનો પડઘો મર્યાદિત વર્તુળમાં જ ઊઠતો, પણ એનાં પરિણામ ઝમતાં ઝમતાં સાંસ્કૃતિક પુનરુત્થાન માટેની ભોંય તો તૈયાર કરતાં જ હતાં.

૧૮૨૨ માં ગુજરાતની સાહસિક પારસી કોમના એક નબીરાએ "મુમબઈ સમાચાર" નામે અઠવાડિક કાઢવા માંડ્યું. મુદ્રણયંત્ર અને વર્તમાનપત્ર ઉભય પશ્ચિમી સંસ્કૃતિની દેણ હતાં. ભલે મુંબઈથી શરૂ થયેલું, પણ આ ગુજરાતી ભાષાનું સાહસ હતું અને અર્વાચીનતાનો એ એક સંકેત હતો. એ જ સાલમાં એક બીજા પારસી અરદેશર બહેરામજીએ તૈયાર કરેલું અને ફરદુનજી મર્ઝબાનજીએ છાપેલું મરેના અંગ્રેજી વ્યાકરણ પરથી તૈયાર કરેલું ગુજરાતી વ્યાકરણનું પુસ્તક પ્રસિદ્ધ થયેલું, જેમાં "અંગરેજી તથા ગુજરાતી વાકાબીઉલારી' પણ હતી અને એ "ગુજરાતી લોકોને અંગરેજી બોલી શીખવા સારૂ" તૈયાર થયેલું. એક પચ્ચીસી વીત્યા પછી ૧૮૪૮ માં સ્થપાયેલી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ૧૮૪૯ માં અમદાવાદમાં "વરતમાંન" નામનું વર્તમાનપત્ર શરૂ કરેલું, જોકે એ લાંબું ચાલ્યું નહિ. ફરી વાર ૧૮૬૦ માં "અમદાવાદ સમાચાર" પ્રગટ થવા માંડ્યું. દર અઠવાડિયે બુધવારે પ્રગટ થતા સાપ્તાહિકનું લોકેદીધું નામ "બુધવારિયું" હતું. ૧૮૬૩ માં સુરતમાં "ગુજરાતમિત્ર" શરૂ થયું. આમ પોતાના નાનકડા જૂથ કે પ્રદેશના કોશેટામાંથી બહાર આવીને બહારના વિશાલતર જગત સાથે અનુસંધાન સાધવાની ભૂખ જગાડનારા આવા નાના નાના ઉપક્રમોએ

સાધનોની ભાષાની માહિતીની અને વિચારની અપાર મર્યાદાઓ છતાં જનજીવનને મહત્ત્વનો વળાંક આપ્યો છે.

૧૮૨૬ માં સુરતમાં પહેલવહેલી ગુજરાતી નિશાળ સ્થપાઈ. ૧૮૩૫ માં મુંબઈમાં એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટયૂટની સ્થાપના થઈ તેની સાથે એને સરખાવી નહિ શકાય, પણ બહુજનસમાજને અક્ષરજ્ઞાન પૂરું પાડવાના આરંભ લેખે એનું મૂલ્ય ઓછું નથી, કેમકે તરત પછી ૧૮૪૨ માં સુરતમાં અંગ્રેજી સ્કૂલની સ્થાપના થાય છે અને ૧૮૪૪ માં અમદાવાદમાં પણ અંગ્રેજી શાળા શરૂ થાય છે.

અમદાવાદમાં ૧૮૪૬ માં મુકાયેલા અંગ્રેજ ન્યાયાધીશ એલેકઝાન્ડર કિન્લૉક ફૉર્બ્સને પોતાની નિમણૂકનાં બે જ વર્ષમાં ગુજરાત વર્નાકયુલર સોસાયટી સ્થાપવાનો મનસૂબો જાગ્યો એના મૂળમાં દેશીઓ પ્રત્યેની વત્સલતા ઉપરાંત પોતાનો સાહિત્ય અને ઇતિહાસનો રસ પણ હતો. ગુજરાતના આધુનિકીકરણમાં જ નહિ, પણ એની પરંપરાઓના સંરક્ષણમાં પણ આ સંસ્કૃતિપ્રેમી અંગ્રેજને રસ હતો તેથી ગુજરાતના અભ્યુત્થાનનું એ પોતે અને એમણે સ્થાપેલી સોસાયટી મુખ્ય પરિબળ બની ગયેલ છે. ૧૮૨૪ માં સુરતમાં અને ૧૮૪૯ માં અમદાવાદમાં પુસ્તકાલયો પણ સ્થપાયાં. અક્ષરજ્ઞાનની નવી ઊઘડેલી ભૂખ એવી હતી કે લોકો જે મળે તે ધ્યાનથી વાંચતા, એટલું જ નહિ, જાતે વાંચી નહિ શકનારાને ભેગા કરીને અક્ષરજ્ઞાનવાળા વાંચી પણ સંભળાવતા.

બુદ્ધિનો પ્રકર્ષ અનુભવવા મથી રહેલા ઉત્સાહી ગુજરાતીઓએ બુદ્ધિનો—તર્કશક્તિ, વૈજ્ઞાનિક મનોદશા અને જીવનની બૌદ્ધિક આલોચનાનો જાણે કે સંપ્રદાય રચવો હોય તેમ ૧૮૫૦ માં અમદાવાદમાં શરૂ થયેલા સામયિકનું "બુદ્ધિપ્રકાશ" એવું નામકરણ થયું. બુદ્ધિનો, તર્કશક્તિનો, વૈજ્ઞાનિક સમજણનો પ્રકાશ વિકાસક પરિબળ છે એવી શ્રદ્ધા એની પાછળ હતી. ૧૮૫૧ માં મુંબઈમાં "બુદ્ધિવર્ધક સભા" સ્થપાઈ અને ૧૮૫૬ માં એક બીજું સામયિક નીકળ્યું તેનું નામ "બુદ્ધિવર્ધક" હતું. કવિ નર્મદાશંકરે "તત્ત્વશોધક" નામની એક જુદી સભા "બુદ્ધિવર્ધક સભા"ની સામે કાઢી હતી, કેમકે બુદ્ધિવર્ધક સભામાં કેટલીક ચર્ચા ઉપર પ્રતિબંધ હતો અને કવિ નર્મદને નિર્બંધ ચર્ચા ઇષ્ટ હતી. પાછળથી બુદ્ધિવર્ધક સભાએ એ પ્રતિબંધ ઉઠાવી લીધો ત્યારે નર્મદે એમાં આપેલ બે વ્યાખ્યાનોના વિષય ખૂબ લાક્ષણિક હતા : "ઈશ્વરે અવતાર લીધો નથી" એ એક વિષય અને બીજો તે "પુનર્વિવાહ". અંગ્રેજ શાસનને ચાર દાયકા પૂરા થાય તે પહેલાં આવા સાહસિક વિષયો ઉપર નર્મદની નજર ઠરી હતી. તત્ત્વશોધક સભા સ્થાપવાનું

પ્રયોજન સમજાવતાં નર્મદે જે ઉદ્‌ગારો કાઢેલા તેમાંથી સર્વતોમુખી પરિવર્તનની ઝાનકડી છબી ઊપસી રહે છે :

"વહેમરૂપી અગાસુરના મ્હોડામાં અજ્ઞાન અને ભોળા થઈ ગયેલ દેશીઓ પડેલા છે તેઓને તેમાંથી જીવતા કાહાડી ઠેકાણાસર આણનાર કોઈ ધર્મસભા-રૂપી કૃષ્ણ (આકર્ષણ કરનારી) શક્તિ જોવામાં આવતી નથી માટે એ શક્તિને શોધવી—એક ધર્મસભા ઉભી કરવી, ને તેનો ઉદ્દેશ એવો હોવો કે ધર્મરૂપી ગોળીમાં આજકાલ ઘરઘરનું જમાવેલું વાસી દહીં એકઠું થયેલું છે તેને વિવેક-બુદ્ધિ રૂપી રવૈયે એકસંપી ઉદ્યોગરૂપી નેત્રું બાંધી ખૂબ જ વલોવવું અને શુદ્ધ માખણ કાહાડવું—અથવા ધર્મનીતિ સંબંધી પ્રકરણમાં જે કાંઈ સાર હોય તે યથાશક્તિ શોધવો..."[૪]

૧૮૪૪ માં સુરતમાં પાંચ દદ્દાઓએ માનવધર્મસભાની સ્થાપના કરી. એમાંનો "માનવ" શબ્દ મનુષ્યને—બુદ્ધિયુક્ત મનુષ્યને—કેંદ્રમાં સ્થાપે છે. સાહિત્યના કેંદ્રમાં ઈશ્વર ઉપરાંત માનવને સ્થાપવાના વલણનો પણ આ એક સંકેત છે.

૧૮૫૫ માં કરસનદાસ મૂળજીએ "સત્યપ્રકાશ" સામયિક પ્રગટ કર્યું અને ધર્મને નામે આચરાતા પાખંડ સામે તીખા પ્રહાર કરવા માંડ્યા.

બળવાના વર્ષમાં એટલે કે ૧૮૫૭ માં મુંબઈ યુનિવર્સિટીની સ્થાપના થઈ તેનો પ્રભાવ ગુજરાતી જીવન અને ગુજરાતી સાહિત્ય ઉપર કેવડો મોટો છે એનું માપ કાઢવું મુશ્કેલ છે. સમસ્ત મુંબઈ ઇલાકા માટેની એક માત્ર આ યુનિવ-ર્સિટી ઉચ્ચ વિદ્યાઓ સાથે ગુજરાતના જીવનનો યોગ કરાવવાનું પ્રબળ નિમિત્ત બની. આધુનિકીકરણની ઊર્જાનું એ મુખ્ય પ્રભવસ્થાન બની રહી.

૧૮૫૭નો બળવો માંડ વરસેક પહોંચ્યો અને રાણી વિક્ટોરિયાના ઢંઢેરાના વર્ષમાં "હોપ વાચનમાળા" તૈયાર કરીને ભણતાં થયેલાં ગુજરાતી સ્ત્રી-પુરુષોને સુયોગ્ય પાઠ્યપુસ્તકો પૂરાં પાડવાનો પ્રારંભ થયો. કવિ દલપતરામ એમાં જોતરાયા. આ વાચનમાળાએ ગુજરાતના નૂતન ભાવજગતનું વર્ષો સુધી ધાત્રા-કર્મ કર્યું હતું.

૧૮૬૦ માં રૂઢ ધર્મસંપ્રદાય સામેનો સંઘર્ષ જદુનાથજી મહારાજ સાથે વિધવાવિવાહ અંગે જાહેર વિવાદ જગવવા સુધી પહોંચ્યો. બુદ્ધિ અને રૂઢિ વચ્ચેનો આ સંગ્રામ ભારે કૌતુકનો વિષય બન્યો હતો. એનાથી રૂઢિવશતા ઓસરી એમ નહિ કહી શકાય, પણ એને આઘાત આપનારાં અપક્વ, પણ ઉત્સાહી પરિબળોનો ગુજરાતના સંસ્કારજીવનને વિકસાવવામાં ઓછો ફાળો નથી. એ જ

વર્ષમાં રૂઢિની પાળો ઠેકીને મહીપતરામે ઇંગ્લૅન્ડનો પ્રવાસ કર્યો. ત્રણ વર્ષ પછી કરસનદાસ મૂળજીએ પણ દરિયો ઓળંગ્યો. એનાથી આસમાન તૂટી પડયું નહિ, પણ નવી દુનિયાને નજીકથી ઓળખવાના મનોરથનો માર્ગ મોકળો થયો. ૧૮૬૪ માં પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજની સ્થાપના થઈ અને પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપીને તૈયાર કરવાની પ્રક્રિયાનો આરંભ થયો. નવું જ્ઞાન સુગ્રથિત રૂપે આત્મસાત્ કરનારા પ્રાથમિક શિક્ષકોએ ગુજરાતમાં શિક્ષણપ્રસાર માટે જે ફાળો આપ્યો તેની કથા હજી સુધી વણકથી રહી છે. આ જ વર્ષે "ગુજરાત શાળાપત્ર" શરૂ થયું, જેણે જ્ઞાન માટેના પુરુષાર્થમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ અને ઊંડાણ લાવવાનો ઉત્તમ પ્રયાસ કર્યો હતો. ૧૮૬૬ માં "નર્મકવિતા" પ્રસિદ્ધ થઈ અને મધ્યકાલીન કવિતાથી માર્ગ ફંટાવનારો કવિતાપ્રવાહ લોકસુલભ બન્યો. એ જ વર્ષમાં નર્મદની "મારી હકીકત" પ્રગટ થઈ, જે ગુજરાતના આત્મકથા-સાહિત્યનું ગણનાપાત્ર સીમાચિહ્ન છે. સાહિત્યનાં નવાં સ્વરૂપોની ઉપાસના લેખે પણ એનું મોટું મૂલ્ય છે. ૧૮૬૮ માં નંદશંકરકૃત "કરણ ઘેલો" ઇતિહાસમૂલક નવલકથા પ્રગટ થઈ, જે ગુજરાતની પહેલી મૌલિક નવલકથા-રૂપે રૂપગત સર્જનનો વિશિષ્ટ આવિષ્કાર છે.

અંગ્રેજ-શાસનનાં પહેલાં પચાસ વર્ષોની આ ઘટનાઓ ગુજરાતના જીવન-પ્રવાહમાં આવેલાં પરિવર્તનોનું નિદર્શન કરાવવા માટે કેવળ દૃષ્ટાંતરૂપે ઉલ્લેખી છે.

અંગ્રેજ-શાસન દ્વારા આવેલા પરિવર્તનની અસરો ઝીલવામાં ગુજરાતની પારસી કોમ અગ્રેસર હતી. આપણે ઉપર જોયું કે પહેલું છાપખાનું નાખવાનો, પહેલું વર્તમાનપત્ર પ્રસિદ્ધ કરવાનો અને પહેલું ગુજરાતી-અંગ્રેજી વ્યાકરણ આપવાનો યશ પારસીઓને ફાળે જાય છે. એ જ પ્રમાણે વહાણવટામાં અને બીજા ઉદ્યોગોમાં પણ તેઓ અગ્રેસર થયા હતા. અંગ્રેજો સાથે હળવા-મળવામાં પણ એમને કોઈ સાંસ્કૃતિક અંતરાય નહોતો. એક અંગ્રેજ હાકેમે સ્વદેશમાં લખેલા પત્રમાં નોંધ્યું હતું કે "પારસીઓ આપણા જેવા જ છે." આ નાનકડી કોમનાં ઉત્સાહ, સ્ફૂર્તિ અને નૂતન ભાવો વિશેની ગ્રહણતત્પરતાનો જોટો મળે એમ નથી. અંગ્રેજી જેવું સાહિત્ય સરજવાની અને એ પ્રગટ કરવાની હોંસ પણ એમણે દાખવી હતી. ગુજરાતની પહેલી મૌલિક નવલકથા "કરણ ઘેલો" પ્રગટ થઈ એનાં ચાર વર્ષ અગાઉ સોરાબશા નામના પારસી લેખકની "હિંદુસ્થાન મધ્યેનું એક ઝુંપડું" નામની લઘુ નવલ પ્રસિદ્ધ થઈ હતી તે મૂળ ફ્રેંચ કથાના અંગ્રેજી અનુવાદની ગુજરાતી છાયા હતી, પણ એમાં અસ્પૃશ્યતાનો પ્રશ્ન ચર્ચાયો હતો એ નોંધપાત્ર છે. પારસીઓએ રૂપાંતર કરેલી કે અનૂદિત કરેલી નવલકથાઓનો એક અલાયદો પ્રવાહ અર્વાચીન ગુજરાતની ભાષાકીય અભિવ્યક્તિમાં તરી આવે છે. એ જ પ્રમાણે

૧૮૫૨ માં ગુજરાતની વ્યવસાયી રંગભૂમિના શ્રીગણેશ પણ સાહસિક પારસી કોમને હાથે જ મંડાયા.

પણ ગુજરાતનો વ્યાપક સમાજ હિંદુઓનો બનેલો છે. પારસીઓ પછી નૂતન ભાવોનું સ્વાગત કરવામાં હિંદુ સમાજને ઉલ્લેખવો પડે. મુસ્લિમો એક સમયે રાજ્યકર્તાઓ હતા તથાપિ નવી અસરો ઝીલવામાં તેઓ પાછળ રહ્યા હતા. હરિજનો અને આદિવાસીઓ તો એટલા બધા પછાત હતા કે એમના સુધી નવી અસરો પહોંચે એ અશકય હતું.

પશ્ચિમી સંસ્કૃતિએ જીવનવિકાસનાં જે સાધન ભારતમાં ખડકયાં, પશ્ચિમી સાહિત્યે જે નવી મનોદશા પ્રગટાવી અને પશ્ચિમી સંપર્કે જીવનવ્યવહારો ઉપર જે અસર કરી તેની ગતિ ધીમી લાગે, એનો પ્રભાવ મુખ્યત્વે ઉજળિયાતો પૂરતો સીમિત હોય એમ લાગે અને છતાં પરિવર્તનની પ્રક્રિયાનો બીજનિક્ષેપ થયા પછી એનું આંતરિક સત્ત્વ પ્રગટ થવાને તલસ્યા જ કરતું હોય છે. અંગ્રેજોએ સ્થાપેલી શાંતિમાં એ સત્ત્વને પ્રગટવાની મોકળાશ મળી અને એણે અનેક સ્વરૂપ ધારણ કર્યાં. સમાજવ્યવહારોમાં કેળવણીમાં અને સાહિત્યમાં એની જે અસરો પડી તેને સામટે સરવાળે "સંસારસુધારો" એ નામે ઓળખવામાં આવે છે. ગુજરાતી સાહિત્યનું, ખાસ કરીને અર્વાચીન ગુજરાતી સાહિત્યનું, એ મુખ્ય પરિબળ છે. એમાં અપરિચિત અને નવીનનું આકર્ષણ, મુગ્ધતાનો ઉત્સાહ, અનુકરણવૃત્તિ અને અપકવતા પણ ભળ્યાં હતાં, પરંતુ પરંપરાગત જીવનને આઘાત આપવાનું બળ પણ એમાંથી જ પ્રગટી રહ્યું હતું.

વિજેતા અંગ્રેજો ભારતની પરાજિત પ્રજાથી અતડા જ રહ્યા અને ભારતની પ્રજા જાણે ગુલામ રહેવાને સરજાઈ હોય એ રીતે એની સાથે વર્ત્યા એના કેટલાક આડકતરા લાભ અવશ્ય જોવા મળ્યા છે. પ્રજા પણ અંગ્રેજોથી વેગળી જ રહી અને એમને સદૈવ પારકા જ ગણ્યા તેથી એ સ્વત્વરક્ષા કરી શકી. પ્રજાના આંતર જીવનમાં દખલગીરી કરવાની અંગ્રેજોને ન તો હોંસ હતી કે ન તો એ માટે એમની પાસે જોઈતું સંખ્યાબળ હતું. ૧૮૫૮ ના ઢંઢેરામાં તો વિક્ટોરિયા રાણીએ ભારતવાસીઓના આંતરિક વ્યવહારોમાં અને ધર્મમાં દખલગીરી નહિ કરવાની રાજનીતિ ઉચ્ચારેલી હતી, તેથી પણ અંગ્રેજો સાથેનો સંપર્ક ગાઢ ન બની શકયો. સંપર્ક અંગ્રેજી ભાષા વાટે અંગ્રેજી અને પશ્ચિમી સાહિત્યનો અને એમાંની ભાવનાઓ સાથે થયો એ પણ એક આનુષંગિક લાભ છે. અંગ્રેજી સાહિત્યમાં સ્વાતંત્ર્યના અને વ્યક્તિસ્વાતંત્ર્યના ભાવ ઘૂંટાયા હતા. મનુષ્યપ્રેમ અને પ્રકૃતિપ્રેમનું એ સાહિત્ય હતું. મુક્ત ન્યાયી સમતાયુક્ત જીવનની એમાં

ઝંખના હતી, બૌદ્ધિકતા અને વૈજ્ઞાનિકતા એમાં ભારોભાર હતી. વિક્ટોરિયન યુગના ઉદારમતવાદનો એ પડઘો પાડતું હતું. આ સઘળા ભાવોથી નવી કેળવણી પામનારાઓનું ચિત્ત આંદોલિત થયા વિના રહી શકે જ કેવી રીતે? પણ આ બધાં મૂલ્યો અને ભાવો ભારતીય સંસ્કૃતિની રગમાં પણ પડેલાં હતાં, તેથી સ્વાભાવિક ક્રમે એનો અનુકૂળ પડઘો પડ્યો.

અલબત્ત, આ મૂલ્યો વિદેશી અને વિધર્મી આક્રમણો અને પરચક્રના પ્રવર્તન દરમ્યાન તેમજ ત્રાસ અને ભય પ્રસરાવનાર અનવસ્થા દરમ્યાન વિસારે પડ્યાં હતાં, જીવન કુંઠિત થયું હતું, રૂઢિઓએ લગભગ પ્રાકૃતિક નિયમોનું સ્થાન લીધું હતું અને વ્યવહારો સીમિત બની ગયા હતા. બાળમરણ, બાળલગ્નો, વિધવાની અસહાયતા, રૂઢિજડતા, વહેમો, દૂધપીતીનો રિવાજ, સ્રીનું દાસત્વ, સતી થવાનો રિવાજ, નિરક્ષરતા, પ્રમાદ, વિધિવશતા, દારિદ્ય આદિના અભિશાપથી ભારતીય જીવન ઠીંગરાઈ ગયું હતું. અચાનક પશ્ચિમનું જે સાંસ્કૃતિક આક્રમણ થયું તેણે મુક્તિનાં દ્વાર ખોલી આપ્યાં. પ્રજા, નર્મદે નોંધ્યું છે તેમ, "બહાવરું બહાવરું જોવા લાગી." પણ એક સૈકાની અવધમાં તો એણે પોતાની સાંસ્કૃતિક ભૂમિકાએથી આ નવતર સંસ્કૃતિનાં લક્ષણ હોંસભેર આત્મસાત્ કરવા માંડ્યાં.

પરિવર્તનનો સંદર્ભ પરચક્રનો હતો, પરંતુ અંગ્રેજો ભારતીયોના સહકારથી જ રાજ્ય ચલાવી શકે એમ હતું તેથી ઉદારમતવાદી સંસ્થાઓ અને પ્રણાલીઓની કેળવણી પ્રજાને અનાયાસે મળવા માંડી. જે ભારતીય સંસ્થાઓ અને પ્રણાલીઓ જીવંત હતી તેઓએ પણ કરવટ બદલવા માંડી. પરચક્ર હેઠળ જે નિશ્ચિતતા અને નિશ્ચિંતતા પ્રાપ્ત થઈ તેનાથી જીવનને સંસ્કારાભિમુખ થવાનો ઓરતો જાગ્યો.

પરિવર્તનનું આર્થિક રૂપ મૂડીવાદ અને ઉદ્યોગવાદ તરફ ઝૂકતું હતું. દલપતરામે એને યોગ્ય રીતે "હુન્નરખાનની ચડાઈ"નું નામ આપ્યું હતું. જીવનના સર્વતોમુખી ઉત્કર્ષ માટે નર્મદને પણ ઉદ્યોગનું જ નેતરું ખપતું હતું. પૂર્તધર્મ વિશે ઠીક પાડવામાં આવતો હતો, પણ સમાજને ઇષ્ટ એવી આર્થિક સમાનતા કે "હિંદ સ્વરાજ"માં ગાંધીજીએ પ્રગટ કર્યા હતા તેવા ક્રાંતિકારી વિચારોને આવવાને હજી વાર હતી.

એનું સામાજિક રૂપ સંસારસુધારો હતો. બાળલગ્નનો વિરોધ, કન્યાકેળવણી, પરદેશગમન, ખોટી રૂઢિઓ સામે પ્રહારો, વહેમ, છૂમંતર, ટુચકા આદિને બુદ્ધિવાદનો પડકાર વગેરે એનાં બાહ્ય રૂપ હતાં. વ્યક્તિસ્વાતંત્ર્ય અને ભાવાભિવ્યક્તિની

મોકળાશ એની આંતર પ્રેરણા હતાં. અદીઠ રીતે સ્ત્રી-પુરુષ સંબંધ મૈત્રી તરફ ઢળે એવી ભૂમિકા રચાતી આવતી હતી.

પરિવર્તનનું સાહિત્યિક રૂપ ખરેખરું ક્રાંતિકારી હતું. પશ્ચિમી સાહિત્યનાં રૂપોને ગુજરાતીમાં સિદ્ધ કરવાનો પુરુષાર્થ શરૂ થયો તેથી કાવ્યના વિષય જ નહિ, પણ સારો યે અભિગમ બદલાઈ ગયો. અભિવ્યક્તિમાં જ નવતા આવી.

નિબંધ નવલકથા ચરિત્ર નાટક આદિ ગદ્યાશ્રિત સાહિત્યરૂપો તો નવાં જ ઉમેરાયાં. અર્વાચીન સમયના પ્રારંભે ગદ્ય અને પદ્યનો વિવેક નહોતો. આજે જે કાંઈ ગદ્યમાં વ્યક્ત કરીએ તેને પદ્યમાં વ્યક્ત કરવામાં કોઈ રોકટોકને અવકાશ નહોતો, કેમકે પદ્યાશ્રિત સાહિત્યની ચાલુ પરંપરામાં ગોઠવાવાનું સહેજે સૂઝી રહે તેવું હતું. 'રાગ કાઢીને ગાઈ શકાય તે કવિતા' એ દલપતરામની કાવ્યસમજ હતી અને "ભરૂચ જિલ્લાની કેળવણીનો ઇતિહાસ" સુધ્ધાં પદ્યમાં રચી શકાયો હતો, પણ નર્મદની કાવ્યસમજ વધારે ઊંડી હતી અને "કુસુમમાળા" સુધીમાં આવતાં સમજ વધારે ઊંડી ગઈ હતી. સાહિત્યિક ગદ્યનું અને વૈચારિક ગદ્યનું ખેડાણ શરૂ થયું એ એક નવતર ઘટના હતી. મધ્યકાલીન સાહિત્યમાં ગદ્યાશ્રિત સાહિત્ય હતું જ નહિ એમ નથી, પણ સાહિત્યસર્જન માટે પદ્ય અધિકાંશે અનુકૂળ વાહન રહ્યું હતું. પણ જે નવતર રૂપ આવ્યાં તે ગદ્યનો તકાજો કરતાં આવ્યાં. પ્રેરણાસ્રોત અંગ્રેજીમાં હતો. એ ગદ્યાશ્રિત હતાં તેથી નિબંધ નવલકથા અને ચરિત્ર માટે તો ગદ્ય જ જોઈએ એ ખ્યાલ દૃઢ થતો ચાલ્યો. પદ્યમાં પણ અનેક પ્રયોગ થવા માંડ્યા. છંદના પ્રયોગો, દેશી ઢાળમાંથી છૂટવા માટે સંસ્કૃત વૃત્તોનો આશ્રય શોધવાનું વલણ, સુદીર્ઘ રચનાઓ માટે ઉચિત "મહાછંદ" અજમાવી જોવાની મથામણ આદિનો આરંભ પણ ઓગણીસમા સૈકામાં થયો. સાહિત્યે નવતર ભાવોને પોષણ પૂરું પાડ્યું અને નવતર માનવસંબંધો અને મૂલ્યો ભણી દૃષ્ટિ વાળી.

પરિવર્તનનો સાહિત્યેતર કલારૂપે જે આવિષ્કાર થયો તે સ્થાપત્ય અને ચિત્રકલાને ક્ષેત્રે વહેલો થયેલો જ્યારે શિલ્પ સંગીત અને નૃત્યને ક્ષેત્રે એ મોડો થયેલો અને એનો પ્રભાવ મર્યાદિત રહેલો. અંગ્રેજોએ અન્ય ક્ષેત્રોની જેમ ભારતીય કલા માટે પણ અભિરુચિ દાખવી તેને લઈને વસ્તુતઃ આ કાલ દરમ્યાન ભારતીય કલાનો પુનરુદ્ધાર થયો. અજંટા એલોરા એલિફંટા મહાબલિપુરમ્ જેવાં કલાધામો અને મુઘલ, રાજપૂત શૈલીઓની તેમજ પશ્ચિમ ભારતીય ગ્રંથસ્થ ચિત્રકલાના સંપુટોની હેવેલ તથા કુમાર સ્વામી, ફર્ગ્યુસન, માર્શલ, સ્ટેલા ક્રેમરિશ વગેરેએ જગતને જાણ કરી. ભારતીય વિદ્વાનો પણ આ વિષયમાં અભિરુચિ

દાખવતા થયા. આની સાથે પશ્ચિમી કલાનો પણ પરિચય કેળવાતો ગયો. પોતાની સ્થાપત્યકલા દ્વારા અંગ્રેજોએ પશ્ચિમી કલાને અહીં પ્રવેશ કરાવ્યો. પરિણામે ભારતીય કલાઓમાં અનેક નવીન પ્રવૃત્તિઓ પાંગરી તેમજ ભારતીય કલાના અર્વાચીન સ્વરૂપ પરત્વે વિભિન્ન વલણો પ્રગટયાં. અલબત્ત, આ પ્રક્રિયા મુખ્યત્વે વીસમી સદીના પૂર્વાર્ધમાં વિશેષ પાંગરી, પણ એનો પ્રારંભ તો મુંબઈમાં સને ૧૮૫૬ માં સર જે.જે. સ્કૂલ ઑફ આર્ટની સ્થાપના થવાની સાથે શરૂ થયો હોવો જોઈએ.

યુરોપિયનોએ હિંદમાં પશ્ચિમી ઢબે મદ્રાસ કલકત્તા દિલ્હી ગોવા પોંડીચેરી વગેરે સ્થાનોએ ઇમારતો બાંધી. તત્કાલીન વહીવટી મકાનો, ઉપરાંત દેવળો, મિશનરી દવાખાનાં તેમજ શાળાઓનાં એ મકાન પશ્ચિમની રોમન તથા ગૉથિક અને ઇંગ્લૅન્ડની વિક્ટોરિયન કલાશૈલીના મિશ્રણરૂપ છે. ગુજરાતમાં અમદાવાદ સુરત ભરૂચ ખેડા બોરસદ વડોદરા રાજકોટ ભૂજ વગેરે સ્થળોએ આ શૈલીની ઇમારતો દૃષ્ટિગોચર થાય છે. અંગ્રેજોએ અહીં પોતાનાં નિવાસસ્થાન પણ પશ્ચિમી શૈલીએ બાંધેલાં. એમની એ ભવન–નિર્માણ–પદ્ધતિનું અનુકરણ કરીને કેટલાંક રજવાડાંઓએ પોતાના દરબારગઢ અને મહેલ બંધાવ્યા. વડોદરાના મલ્હારરાવે બંધાવેલ નઝરબાગ મહેલ, સયાજીરાવે બંધાવેલ લક્ષ્મીવિલાસ મહેલ, ભૂજનો વિજયવિલાસ મહેલ, મોરબીનો વાઘજી મહેલ, વાંકાનેરનો રણજિત-વિલાસ મહેલ તેમજ જામનગરનો સરદારબાગ મહેલ આનાં દૃષ્ટાંત ગણાવી શકાય. કેટલાક શ્રીમંતોએ પણ પોતાનાં મકાન એ શૈલીએ બાંધ્યાં, જેમાં અમદાવાદમાં શાહીબાગમાં આવેલ સર ચિનુભાઈ બૅરોનેટનો 'શાંતિકુંજ' નામનો બંગલો (આકૃતિ ૪૬) નમૂનારૂપ છે. આ વિદેશી શૈલીના મહેલોની સજાવટમાં માનવ-આકૃતિઓ પશુપક્ષીઓ તેમજ પુષ્પલતાઓનાં રૂપાંકન પણ વિદેશી ઢબનાં દૃષ્ટિગોચર થાય છે. આ મહેલો ઉપરાંત આ કાલની હવેલીઓ અને રહેણાક મકાનોની સજાવટમાં પણ વિદેશી, ખાસ કરીને વિક્ટોરિયન કલાશૈલીની અસર નજરે પડે છે (જુઓ આકૃતિઓ ૪૧ થી ૪૫). અલબત્ત, આ વિદેશી પ્રભાવ અલંકરણો પૂરતો સીમિત રહ્યો હતો ને પરંપરાગત ગુજરાતી મકાનોના પ્લૅનમાં બ્રિટિશ કાલના અંત સુધી એની કોઈ ખાસ અસર વરતાઈ નથી.

ચિત્રકલાક્ષેત્રે પશ્ચિમી કલાના પ્રભાવથી છાયા–પ્રકાશવાળાં ચિત્ર કરવાની પ્રવૃત્તિ વધી. ત્રાવણકોરના રાજા રવિવર્માએ તૈલરંગી વિદેશી શૈલીને ભારતમાં પ્રચારમાં આણી. એમણે ભારતીય પૌરાણિક વિષયો પસંદ કરી એ વિદેશી ઢબે રજૂ કર્યા. પરિણામે એમનાં ચિત્ર દીવાલો પર લટકાવવાનાં કેલેન્ડરો જેવાં

બની ગયાં ને એની નકલો ભારતના અન્ય ભાગોની જેમ ગુજરાતમાં પણ ભાવિક લોકોના દીવાનખાનાની દીવાલોને શોભાવવા લાગી. બંગાળમાં શાંતિનિકેતનમાં અવનીંદ્રનાથ ટાગોરે ભારતીય કલા અને પશ્ચિમી કલાનો સમન્વય કરવાનું આંદોલન ઉપાડયું. સમય જતાં એમાં ભારતીયતાનું તત્ત્વ વધતું ગયું. નંદલાલ બોઝ, અસિતકુમાર હલધર અને બીજાઓ એ પંથે વળ્યા. ગુજરાતમાં રવિશંકર રાવળ એમાં અગ્રેસર રહ્યા. બીજી બાજુ ભારતીય કલામાં પશ્ચિમી અનુકરણમાં જલરંગો અને તૈલરંગોના પ્રયોગ તેમજ શીઘ્ર રેખાંકનકલાનો વિકાસ થતો ગયો. પશ્ચિમી પ્રભાવ હેઠળ ભારતીય ચિત્રકલામાં પ્રયોગો કરવાનું વલણ પ્રગટયું અને પશ્ચિમમાં પ્રગટેલા ઇમ્પ્રેશનિઝમ એક્સપ્રેશનિઝમ ભૌતિકવાદ સ્વૈરવાદ ડાડાવાદ અમૂર્તવાદ એ સર્વની અસર થવા લાગી. અલબત્ત, આનો વિશેષ ઉદ્રેક વીસમી સદીના પહેલા ચરણ દરમ્યાન થયો સમજાય છે. ગુજરાતમાં આ ગાળામાં રાજવીઓએ વિદેશી ચિત્રકારોને બોલાવીને યુરોપીય પદ્ધતિએ પોતાનાં વ્યક્તિચિત્રો કરાવવામાં રસ દાખવેલો. શ્રીમંત નાગરિકોનાં ઘરોમાં પણ વિદેશી ચિત્રકારોનાં ચિત્ર નજરે ચડતાં.

આ ઉપરાંત ઝીણી કલાકારીગરીઓમાં વિદેશી પ્રભાવ જોવા મળે છે. ચીજવસ્તુઓના ઘાટ ઉપર તેણે અસર કરી જણાય છે. પણ એકંદરે આમાં અનુકરણની પ્રવૃત્તિ જોર કરતી દેખાય છે. કદાચ સર્વ સાહિત્યેતર કલાઓ માટે સુધ્ધાં આવું વ્યાપક વિધાન કરી શકાશે. અલબત્ત, ચિત્ર સંગીત આદિમાં ભારતીયતાનો આગ્રહ જળવાઈ રહ્યો છે, પણ સ્થાપત્ય વિશે છેક એમ નહિ કરી શકાય.

પરિવર્તનનું શૈક્ષણિક રૂપ ભાવનાઓનું સંવર્ધન કરનારું હતું, એટલું જ નહિ, પૂર્વ અને પશ્ચિમનાં જીવનમૂલ્યોનો સમન્વય કરવાની જવાબદારી આપોઆપ ભણેલાને શિરે આવતી જતી હતી. ભણેલો વર્ગ ઘણો નાનો હતો તેથી આમ થવું સ્વાભાવિક હતું. વળી પ્રાથમિકથી આગળનું શિક્ષણ અંગ્રેજી મારફત આપવાની પદ્ધતિ શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિએ ઘણી વાંધાભરેલી ગણીએ તથાપિ એનો એક આનુષંગિક લાભ એ થયો કે વધુ અભ્યાસ કરવાથી અંગ્રેજી ભાષાનું સઘન શિક્ષણ મળવા માંડયું. પરિણામે ભારતીય ચેતનાને અંગ્રેજી સાહિત્યનો ગાઢ સંસ્પર્શ થયો. અચરજની વાત તો એ છે કે અંગ્રેજી ભાષાના મહિમાથી પ્રાદેશિક ભાષાઓનું સાહિત્ય કુંઠિત થવાને બદલે મહોરી ઊઠયું. ભારતભરમાં આમ બનવા પામ્યું.

મુંબઈ યુનિવર્સિટીના સ્નાતકોનો જે પ્રારંભનો ફાલ ગુજરાતમાં ઊતર્યો તેનો કેવડો મોટો ઉપકાર ગુજરાતી ભાષાસાહિત્યના ખેડાણ અંગે થયો છે!

ગોવર્ધનરામ મણિલાલ રમણભાઈ બલવંતરાય આનંદશંકર નરસિંહરાવ મણિશંકર વગેરે પંડિત-યુગના સાક્ષરો યુનિવર્સિટી–શિક્ષણનો પરિપાક હતા. ૧૮૮૦ થી ૧૯૧૫ સુધીના ગાળાને "પંડિતયુગ" કહેવાની પરંપરા છે એ તાત્ત્વિક દૃષ્ટિએ સમુચિત નથી, કેમકે કશીક ને કશીક વ્યુત્પત્તિ વિના સાહિત્યકાર થઈ શકાતું નથી. એ અર્થમાં પ્રત્યેક યુગ પંડિતયુગ છે. પણ ક. મા. મુનશી "ગુજરાત ઍન્ડ ઇટ્સ લિટરેચર"માં જેને સંસ્કૃતના પુનરભ્યુદયના ગાળા તરીકે ઓળખાવે છે અને સામાન્ય રીતે જે પંડિતયુગ કહેવાય છે તેની વિશેષતા એ હતી કે અંગ્રેજીમાંથી એને નવા દૃષ્ટિકોણોનો અને મૂલ્યબોધક શબ્દોનો પરિચય થતો રહ્યો. સંસ્કૃત સાથે એની સરખામણી થતી અને સંસ્કૃત તત્સમ શબ્દોનો આશ્રય લઈને ગુજરાતી પર્યાય યોજાતા થયા. અર્વાચીન ગુજરાતી ચિંતનાત્મક ગદ્યના ખેડાણની આ પ્રક્રિયા આજ સુધી ચાલુ છે, જોકે હવે તદ્‌ભવ અને દેશ્ય શબ્દોની ગુંજાયશ પણ વૈચારિક અભિવ્યક્તિના માધ્યમમાં ભળવા માંડી છે. વિવિધ વિદ્યાઓના નવા નવા વિષયોના શિક્ષણ પરત્વે જ નહિ, પણ અંગ્રેજી અને સંસ્કૃતના સઘન શિક્ષણ દ્વારા ગુજરાતી ભાષાના વિકાસમાં મુંબઈ યુનિવર્સિટીના શિક્ષણે જે ફાળો આપ્યો હતો તે સાંસ્કૃતિક વિકાસને પણ ઉપકારક નીવડયો હતો.

રૂપરચનાની દૃષ્ટિએ અંગ્રેજી જેવી અત્યંત ભિન્ન એવી વિદેશી ભાષા ગુજરાતીને ખાઈ ગઈ નહિ પણ ગુજરાતીને ઉછેરનારી બની ગઈ. વળી અંગ્રેજી દ્વારા બીજી યુરોપીય ભાષાઓના તેમજ વિદ્યાઓના ગ્રંથો ગુજરાતના સુશિક્ષિતોને સુલભ થયા એ પણ એક આનુષંગિક લાભ હતો. ગુજરાતી ગદ્યની ઇબારતને પણ અંગ્રેજીના સંસ્પર્શથી એક નવું જ પરિમાણ મળ્યું.

અંગ્રેજ પાદરીઓએ ધર્મપ્રચાર માટે ગુજરાતી ભાષા શીખવા માંડી અને નવા આવતા પાદરીઓને ગુજરાતી શીખવવા માટે ગુજરાતી વ્યાકરણ અને શબ્દસંગ્રહો તૈયાર કરવા માંડચા એની પાછળ રહેલો હેતુ ગમે તે હોય, પણ ગુજરાતી ભાષાના શાસ્ત્રીય વ્યાકરણનો પાયો અંગ્રેજોને હાથે નખાયો. જોસેફ વૅન ટેલરનું ૧૮૬૭ માં પ્રસિદ્ધ થયેલ નાનું અને મોટું ગુજરાતી વ્યાકરણ એનો ઉત્તમ નમૂનો છે. ધર્મપ્રચાર માટે લોકજીવન સાથે ભળ્યા વિના છૂટકો નહોતો. ખ્રિસ્તી ધર્મપ્રચાર સમાજના હડધૂત થયેલ અને ચંપાયેલા સ્તર સુધી જ અધિકાંશે સીમિત રહ્યો, પણ રૂઢ ધર્મજીવન એથી સાવધાન બની ગયું. અંગ્રેજોનો રાજવહીવટ સારો, એમનાં સાધન નવાં, એમનું સાહિત્ય ઊંચું, તેથી યુરોપથી જે કંઈ આયાત થાય તેનો મહિમા કરવાની ફૅશન થઈ પડી હતી.

વિધવા-પુનર્વિવાહની હિમાયત કરવા માટે નર્મદે "ઝટ નાતરાં કરો" એવી શીખ આપી તે તો સમાજસુધારામાં પણ ખપી, પણ જ્યારે એ એમ લલકારે કે

"ચલો ચલો, શું વાર લગાડો, ચલો પીવા માંડો,
ચાંદની આ તો ખૂબ ખીલી છે, મસ્ત બની લાડો."

ત્યારે એ નવી આયાત થયેલી જીવનશૈલી પ્રત્યે ખૂબ ઝૂકી ગયો છે એવો વહેમ પડ્યા વિના રહેતો નથી. પરંપરાગત સંસ્કૃતિમાંથી આનો પ્રતિકાર ઊઠ્યો. અપરિચિત વિશેના આદરમિશ્રિત કુતૂહલની સામે અપરિચિત વિશેના દ્વેષ અને અવિશ્વાસ એ પણ એક પરિબળ હોઈ શકે. 'સુધારા'નાં બાહ્યાભ્યંતર લક્ષણો સામે એથી વિરોધ પણ પ્રગટી રહ્યો. દેશદેશના ઇતિહાસનો અભ્યાસ કરીને "રાજ્યરંગ" લખનાર નર્મદ અને વિશેષે કરીને "ધર્મવિચાર"નો નર્મદ સુધારાના સાથીઓના કાયરપણાથી હતાશ થઈને સામે છેડે જઈને બેસવાનું અને ભારતીય સંસ્કૃતિની વિગતે વિગતને—એમાં ભળેલા વહેમોને સુધ્ધાં પુરસ્કારવાનું વલણ દાખવે અને અંતકાલે જુવાન મણિલાલ દ્વિવેદીને તેડાવીને સંસ્કૃતિરક્ષાનું અધૂરું રહેલું કાર્ય પૂરું કરવાનું સોંપે એ સૂચક છે. "સુધારા"નો ઉત્સાહ તેમ અવસાદ આમ એક જ વ્યક્તિ દ્વારા મૂર્ત થાય છે, પણ પ્રજાકીય ચેતના પરત્વે આ પરિવર્તન વિવિધ સ્વરૂપો દાખવે છે.

ઓગણીસમા સૈકાના આરંભે અયોધ્યા પાસેના છપૈયાના મૂળ વતની સ્વામી સહજાનંદે સદ્ધર્મપ્રચારાર્થે ગુજરાતમાં વાસ કર્યો. એમની પોતાની ભાષા ગુજરાતી ન હતી છતાં લોકસમાગમથી જે ગુજરાતી એમણે આત્મસાત્ કરી હતી તેમાં ઉદ્ગારાયેલાં એમનાં "વચનામૃત" અંગ્રેજીની અસર પૂર્વેનું તત્ત્વચર્ચાનું ઉત્તમ ગદ્ય પૂરું પાડે છે. એમણે પ્રબોધેલો ધર્મ આમ તો પરંપરાગત ભાગવતધર્મ હતો તથાપિ સાદાઈ સંયમ વિવેક સદાચરણ અને ઈશ્વર-શ્રદ્ધા ઉપર એમણે સ્થાપેલા સ્વામિનારાયણ-સંપ્રદાયે જે ભાર મૂક્યો તેની અસર ગુજરાત-સૌરાષ્ટ્રના નીચલા સ્તરના લોકો ઉપર ઘેરી પડી. ધર્મજીવનની શુદ્ધિનો એ પ્રબળ સંકેત હતો. નિષ્કુળાનંદ પ્રેમાનંદ(પ્રેમસખી) અને દેવાનંદ જેવા સંપ્રદાયના કવિઓ ઉપરાંત કવિ દલપતરામને પણ એણે સંપ્રદાયના કવિ તરીકે સ્થાપ્યા.

૧૮૬૦ પછી તરત જ સાંસ્કૃતિક આત્મરક્ષણ પરત્વેની સાવધાનતા જોવા મળે છે. ૧૮૬૮ માં પ્રગટ થયેલા 'કરણ ઘેલો'માં આવતી ધર્મચર્ચાઓમાંથી એનું નિદર્શન મળી રહે છે, પણ ૧૮૮૦ સુધીમાં તો ધર્મસમન્વય ધર્મજિજ્ઞાસા અને

રૂઢ ધર્મની અભિરક્ષાનાં જૂજવાં સ્વરૂપ જોવા મળે છે. આર્યસમાજ બ્રહ્મોસમાજ પ્રાર્થનાસમાજ અને થિયોસોફીનો ઓગણીસમા સૈકાના આઠમા દાયકામાં પ્રાદુર્ભાવ થયો એને કોઈ આકસ્મિક ઘટના તરીકે ભાગ્યે જ ઘટાવી શકાશે. રૂઢ હિંદુ ધર્મને પણ નવે અવતારે આવ્યા વિના છૂટકો નહોતો. સુધારાના ગ્રાહ્ય અંશોને ધર્મસંમત અને શાસ્ત્રસંમત તરીકે ખપાવવાનો પણ દાર્શનિક ઉદ્યમ થયો. મણિલાલનાં લખાણ એની સાક્ષી પૂરશે. પરંપરાના અનુમોદનવાળો સંસારસુધારો એ સ્વામિનારાયણ–સંપ્રદાયની મોટી દેણ છે. પશ્ચિમી સંસ્કૃતિના આઘાતે જગવેલા ધર્મમંથને અને "પરસંસ્કારો ગાળવાની ભઠ્ઠી" તરીકેની ભારતીય સંસ્કૃતિની પરંપરાએ પ્રત્યેક ધર્મનાં ઉત્તમ લક્ષણોનો સમન્વય કરવાની શૈલી વિકસાવી છે. પ્રેરણા વેદમાંથી મેળવેલી હોય, પણ પશ્ચિમના સાંસ્કૃતિક આક્રમણને ખાળવાની એક પ્રક્રિયારૂપે એનો અભ્યાસ કરીએ તો એ હિંદુ ધર્મને શાસ્ત્રસંમત છતાં વૈજ્ઞાનિક ઓપ આપે છે. બ્રહ્મોસમાજનો ઉદ્ભવ બંગાળમાં અને પ્રાર્થના-સમાજનો મહારાષ્ટ્રમાં થાય છે. બંને સમાજ એકમેકમાં ભળી જાય એ માટેનો પ્રસ્તાવ પણ મુકાય છે. એકેશ્વરવાદ પ્રાર્થના તેમ નૈતિક જીવન આદિ લક્ષણો હિંદુધર્મને અભિમત હોવા છતાં એના ઉપર મુકાયેલો ભાર ખ્રિસ્તી ધર્મજીવનની અસર અવશ્ય સૂચવે છે. ધર્મસમન્વયનાં આ સ્વરૂપ ધર્મજીવનને સંસ્કારવાનો પરોક્ષ ઉપક્રમ બની રહે છે. આર્યસમાજના દ્રષ્ટા અને પ્રણેતા દયાનંદ સરસ્વતી ગુજરાતના હોવા છતાં ગુજરાત ઉપર આર્યસમાજની અસર પ્રબળ ન બની શકી અને બ્રહ્મોસમાજ તો વેગળો જ રહ્યો, પણ ગુજરાતના સંસ્કારજીવન ઉપર પ્રભાવ નાખનાર કેટલાંક અગ્રણી કુટુંબોએ પ્રાર્થનાસમાજનો જે મહિમા કર્યો તેનાથી પ્રાર્થનાસમાજની યત્કિંચિત્ અસર ગુજરાત ઉપર પડી. પણ પ્રાર્થનાસમાજનું મુખ્ય શ્રેય સાહિત્ય ઉપર એનો જે પ્રભાવ પડ્યો તે છે. ભોળાનાથ સારાભાઈ, નરસિંહરાવ દિવેટિયા અને રમણભાઈ નીલકંઠે રચેલા સાહિત્યમાં પ્રાર્થનાસમાજની ધાર્મિક શ્રદ્ધાઓ પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપે મૂર્ત થઈ છે.

પણ ધર્મમંથનનો વિશુદ્ધ પરિપાક ગોવર્ધનરામમાં દેખાય છે. મણિલાલ જેવો રૂઢ ધર્મ વિશે એમને અભિનિવેશ નથી અને નૂતનતા વિશે નર્મદ જેવો અપક્વ ઉત્સાહ પણ નથી; એમનામાં અભ્યાસ અને વિવેકે પ્રેરેલી સમુદારતા અને સમતુલા છે અને એમના ધર્મચિંતનમાં પૂર્વ અને પશ્ચિમની ધાર્મિક શ્રદ્ધાઓનું અંતસ્તત્ત્વ સમરૂપતા સાધે છે.

૧૮૮૫માં બે અંગ્રેજોના સહકારથી હિંદી રાષ્ટ્રિય મહાસભાની રચના થઈ એની અસર દેશવ્યાપી ગણી શકાય. ગુજરાત ઉપર એની સીધી અસર કેટલી

પડી એનું માપ કાઢવું મુશ્કેલ છે, પણ જે રાજકીય આકાંક્ષાઓ સતેજ થઈ, જે રાજકીય સંચાલન શરૂ થયાં, તેને પરિણામે અંતે જતાં સ્વરાજ્યની ભાવના પોષાવી શરૂ થઈ. પરચક્ર જેમને સવિશેષ ખૂંચતું હોય અને સ્વરાજ્ય મેળવવાના જેઓ હિમાયતી હોય તેવો એક રાજકીય નેતાવર્ગ તો બ્રિટિશ શાસકો સાથે મેળ પાડીને ક્રમે ક્રમે સ્વરાજ્યનું ધ્યેય સિદ્ધ કરવા માગતા હોય તેવો બીજો રાજકીય નેતાવર્ગ બેઉ ક્ષિતિજ ઉપર દેખાવા માંડ્યા. "સરસ્વતીચંદ્ર"ના ત્રીજા અને ચોથા ભાગમાં ગોવર્ધનરામે જે રાજકીય પરામર્શ સંવાદરૂપે આપ્યો છે તેમાં રાષ્ટ્રિય સ્વાતંત્ર્યની આકાંક્ષા સાથે સંકળાયેલા વિવિધ પ્રશ્નોની છાયા પડી છે. આવી રાજકીય સભાનતા "હિન્દ અને બ્રિટાનિયા"માં પણ દેખાય છે.

આટલે સુધી આવતાં ગુજરાતનો સુશિક્ષિત વર્ગ જાણે કે યુગોનું અંતર વટાવીને નવી ફાળ ભરવા માંડે છે, સાંસ્કૃતિક અનુસંધાનો અને અનુમોદનો શોધે છે, એટલું જ નહિ, ભાવ અને ભાષા ઉભયમાં ઊંડાણ સાધવાની દિશામાં પગલાં ભરતો જણાય છે.[૫]

## પાદટીપ

૧. Michael Edwardes, *British India*, p. 8
૨. 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન', ખંડ ૧, પૃ. ૮
૩. એજન, પૃ. ૧૦
૪. 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન' (સંક્ષિપ્ત આવૃત્તિ), પૃ. ૩૨૭–૨૮
૫. યશવંત શુક્લ, 'ભૂમિકા', 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ', ગ્રં. ૩, પૃ. ૧-૨૦

# સંદર્ભસૂચિ

## ૧. સામાન્ય

### (૧) મૂળ સંદર્ભો

(અ) સરકારી દફતરો પત્રવ્યહાર અહેવાલો વગેરે :


— 'The Annual Administration Report of Limbdi State for the year 1910-11,' Limbdi, 1911

— 'The Annual Administration Report of Nawanagar State for the year 1895-96,' Nawanagar, 1896

— 'The Annual Administration Report of Porbandar State for the year 1887-88', Porbandar, 1888-

**Baroda Government :** Report on the Administration of the Baroda State for 1882-83,' Baroda, 1884

**Baroda Government :** 'Baroda Admimstration Report', 1904-05 to 1908-09

'Baroda Residency Records'; Vol. No 418, Letter No. 180

'Baroda Resideney Records', No. 460 of 1858

**Baroda State :** 'Baroda Administration Report 1905-06,' Baroda, 1907

**Baroda State** : Jamabandhi Revision Settlement of the Siddhpur Taluka of the Kadi Division,' Bombay, 1911

**Bellasis, A.F.** 'Report of the Civil Cases adjudged by the Court of the Sadar Udalat for the Province of Bombay between the years A.D. 1800 and A.D. 1824 with an appendix and index of the reports', 2 Vols, Bombay, 1825

— **Bombay Government :** General Report on the Administration of the Bombay Presidency for the year 1864-65', Bombay, 1866

**Bombay Government** : 'Political Department Volume No. 1625 of 1844-45', Bombay

**Bombay Government** : 'Bombay Sudder Diwanni Adaulutt Dicisions: 1840-48'

Farnandes, T.R. — 'Papers Relating to the Revision Survey Settlement of the Bardoli of the Surat Collectorate', Bombay, 1877

Fawcelt, E.G. — 'Report of the Collected Ahmedabad Selections from the Records of the Bombay Government, New Series, No. 5', Bombay, 1954

Forrest, O.W. — 'Selections from the Letters, Despetches and Other State Papers Preserved in the the Bombay Secretariat', Maratha Series, Vol. I. Bombay, 1885

Khobrekar, V.G. — 'Disturbances in Gujarat (Gen. Ed. Joshi, P. M.), Historical Selections from Baroda Records', New Series, Vol. II, Baroda, 1962

—A Letter from Whitelock to Anderson, No. 72, 7th July, 1858

—Maharashtra State Archives, Revenue Department, Vol. 1313 of 1821, Bombay

—Parliamentary Paper No. 156 of 1890-91 entitled East India: Cambay Disturbances

—Parliamentary Paper, H. C. No. 156 of 1891, Return dated 13-2-1891

—Parliamentary Paper, No 402, Letter No. 29

—Parliamentary paper H. C. No. 6150, 1852-53, Return dated 15-6-1853

**Pattani, Prabhashankar** — 'Report on Famine Operations in the Bhavanagar State in 1899-1900', Bhavanagar, 1900

Political **Correspondence**, No. 1219 of 31st Oct, 1857

Political Development, Volume No. 37/736 (1836)

Reports of Civil Cases Determined in the Court of Civil Dewanny Adawlutt of Bombay, 1840–1848

Report on Indian Education Commission, 1882

Report on Indian Famine Commission, 1901

Selections from the Records of the Bombay Government, No. CLXXIV, Bombay, 1895

Selections from the Records of the Bombay Government, No. XXXIX, New Series, Part II

ભગવાનલાલ સંપતરામ, કાઠિયાવાડ એજન્સીનાં દેશી સંસ્થાનો સંબંધી કોલકરાર, દસ્તાવેજ અને સનદો, રાજકોટ, ૧૮૬૫

## (આ.) ગૅઝેટિયરો

Bombay Gazetteers (ed. by Campbell, James),

Vol. I, Part I : History of Gujarat, Bombay, 1896

Vol. II : Surat and Broach Districts, Bombay, 1877

Vol. III : Kaira and Panchmahals Districts Bombay, 1879

Vol. IV : Ahmedabad District, Bombay, 1879

Vol. V : Kutch, Palanpur, Mahikantha Districts, Bombay, 1880

Vol. VI : Revakantha, Narukot, Cambay and Surat States, Bombay, 1880

Vol. VII : Baroda State, Bombay, 1883

Vol. VIII : Kathiawar, Bombay, 1884

Vol. IX, Part I : Gujarat Population, : Hindus, Bombay, 1899

Part II : Gujarat Population : Musalmans and Parsis, Bombay, 1901

Desai, Govindbhai & Clarke, A.B. — Gazetteer of the Baroda State, Vol. I, Bombay, 1923

— Gazetteer of the Baroda State, Vol. II : Administration, Ahmedabad, 1979

District Gazetteers : Banaskantha (ed. by Rojyagor, S. B.), Ahmedabad, 1981

Bhavangar (ed. by. Trivedi, R.K.), Ahmedabad, 1969

Jamnagar (ed. by. Patel, G. D.), Ahmedabad, 1970

Junagadh (ed. by. Rajyagor, S. B.), Ahmedabad, 1975

Kheda (ed. by. Rajyagor, S. B.), Ahmedabad, 1977

Kutch (ed. by. Patel, G. D.), Ahmedabad, 1971

Mehsana (ed. by. Rajyagor, S. B.), Ahmedabad, 1975

Panch Manals (ed. by. Patel, G. D.), Ahmedabad, 1972

Rajkot (ed. by. Trivedi, R. K.), Ahmedabad, 1965

Sabarkantha (ed. by. Patel. G. D.), Ahmedabad, 1974

Surat (ed. by. Palande M. R.), Ahmedabad, 1962

Surendranagar ((ed. by Patel, G. D.), Ahmedabad, 1977

Vadodara (ed. by Rajyagor, S. B.), Ahmedadad, 1979

— Imperial Gazetteer of India, Provincial Series, Bombay Presidency, Vol. I, Calcutta, 1909

કવિ, નર્મદાશંકર લાલશંકર, 'કાઠિયાવાડ સર્વસંગ્રહ', મુંબઈ, ૧૮૮૬

—'ગુજરાત સર્વસંગ્રહ', મુંબઈ, ૧૮૮૭

દેસાઈ, ગો. હા. 'કડી પ્રાંત', વડોદરા, ૧૯૨૦–૨૧

—'વડોદરા પ્રાંત', વડોદરા, ૧૯૨૧

## (ઘ) ડિરેક્ટરીઓ


| | |
|---|---|
| Master, F. S. | Mahikantha Directory, Rajkot, 1922 |
| | —Palanpur Agency Directory. Vol. IV, Rajkot, 1919 |
| કઠાકા, ધ. હો. | 'કાઠિયાવાડ ડિરેક્ટરી', રાજકોટ, ૧૮૮૬ |
| પરમાર, લા. હ. | 'રેવાકાંઠા એજન્સીની ડિરેક્ટરી', વો. ર, રાજકોટ, ૧૯૨૨ |
| શાહ, દા. રે. | 'મહીકાંઠા ડિરેક્ટરી', અમદાવાદ, ૧૯૦૫ |
| શાહ, પુરુષોત્તમ છ. અને શાહ, ચંદ્રકાંત–(સંપા.) | 'ચરોતર સર્વસંગ્રહ', ભાગ–૧ અને ર, નડિયાદ, ૧૯૫૪ |


## (ઙ) અભિલેખો : સામયિકો, સંગ્રહો અને સૂચિઓ


| | |
|---|---|
| — | Collection of Prakrit and Sanskrit Inscriptions, Archeological Dept., Bhavanagar |
| Desai, S. H. (Ed.) | 'Arabic and Persian Inscriptions of Saurashtra', Junagadh, 1980 |
| Diskalkar, D.B. (Ed.) | 'Inscriptions of Kathiawad' (New Indian Antiquary, Vols. I, 2, 3), Poona, 1938–41 |
| Khakhar, D. P. (Ed.) | 'Report on the Architectural and Archaeological Remains in the Province of Kachchh, Bombay, 1879 |
| Pandya, A.V. (Ed.) | 'Some Newly Discovered Inscriptions from Gujarat', "*Vallabh Vidyanagar Research Bulletin*", Vol. I, Issue 2, Vallabh Vidyanagar, 1957–58 |
| ઓઝા, વજેશંકર (સં.) | 'ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ', ભાવનગર, ૧૮૮૫ |
| મુનિ, વિશાલવિજયજી (સં.) | 'રાધનપુર પ્રતિમાલેખ સંગ્રહ', ભાવનગર, ૧૯૬૦ |
| મુનિ, જિનવિજયજી (સં.) | 'પ્રાચીન જૈન લેખસંગ્રહ', ભાગ–૨, ભાવનગર, ૧૯૨૧ |


## (ચ) સિક્કા : સામયિકો, સંગ્રહો અને સૂચિઓ


| | |
|---|---|
| Allan, John | 'Catalogue of the Coins in the Indian Museum, Calcutta', New Delhi, 1976 |
| Krause, C. L. & Mishler, C. | 'Standard Catalog of World Coins', Wisconsin, 1976 |

Lahiri, A.N. — 'Rupee Coins Abroad', *Journal of Numismatics Society of India*, Vol. XIX, Varanasi 1957

—'Indo-British Coins, since 1835,' *Journal of Numismatics Society of India*, Vol. XXIII, Varanasi, 1961

## (ગ) સમકાલીન ગુજરાતી સાહિત્ય

કવિ, દલપતરામ ડાહ્યાભાઈ — 'દલપતકાવ્ય', ભા. ૧, મુંબઈ, ૧૮૭૯

દવે, નર્મદાશંકર લા. — 'મારી હકીકત', મુંબઈ, ૧૯૩૩

પદ્મનાભ — 'કાન્હડદે પ્રબંધ' (સંપા. ડાહ્યાભાઈ દેરાસરી), વડોદરા, ૧૯૧૩

મહારાજ, કૃષ્ણલાલ — 'કળિકાળનો ગરબો', ૧૮૧૭

મહીપતરામ રૂપરામ — 'દુર્ગારામ ચરિત્ર', અમદાવાદ, ૧૮૭૯

લાવાણ્યસમય — 'વિમલપ્રબન્ધ' (સંપા. મણિભાઈ બકોરભાઈ વ્યાસ), સૂરત, ૧૯૧૪

## ૨. અર્વાચીન ગ્રંથો

### (અંગ્રેજી)

Annie Besant — 'How India Wrought for Freedom', Madras, 1915

Bell, H. Wilberforce — 'The History of Kathiawad', London, 1916

Briggs, H. G. — 'The Cities of Gujarashtra', Bombay, 1849

Commissariat, M. S. — 'History of Gujarat', Vol. III, Ahmedabad, 1980

Dadabhai, Navroji — 'Poverty and Un-British Rule in India', London, 1901

Dodwell, H.H. (ed.) — 'The Cambridge History of India', Vol. VI : The Indian Empire' (1858–1918), New Delhi, 1958

Edalji, Dosabhai — 'History of Gujarat from the Earliest Period to the Present Time', Ahmedabad, 1894

Elliot, F, A. H. — 'The Rulers of Baroda', Baroda, 1934

Forbes, A. K. — 'Rāsmālā (Guj. Tra. Ranchhodbhai Udayaram, Third ed.), Vols. I-II, Bombay, 1922–1927

Hopkins, C. Waghburn — 'India : Old and New', New York, 1902

Joshi, H.M. (ed.) — 'Source Material For a History of the Freedom Movement in India, Vol. I 1818–1885, Bombay, 1957

Karaka, Dosabhai Framji — 'History of Parsis', Vol. II, London, 1884

Kenneth L. Gillion — 'Ahmedabad : A Study in Indian Urban History', California, 1968

Majumdar, R.C. (ed.) — 'The British Paramountcy and Indian Renaissance', Part II, Bombay, 1965

— 'Struggle for Freedom', Bombay, 1969

Malleson, Colonel, G. — 'A Historical Sketch of the Native States of India', London, 1875

Mayne, C. — 'History of the Dhrangadra State', Calcutta, 1921

Mehta, Markand N. & Mehta, Manu N. — 'The Hind Rajasthan or the Annals of the Native States of the India', Bhadarwa, 1896

Mewfee, P. V. — 'Ruling Princes of India', Bombay, 1911

Munshi, K.M. — 'Gujarat and its Literature', Bombay, 1954

Orme, Robert — 'Historical Fragments of the Mogul Empire', London, 1805

Parikh, Narahari — 'Sardar Vallabhbhai Patel'. Ahmedabad, 1953

Pattabhi, Sitaramaiya — 'The History of the Indian National Congress (1885 to 1935)', Allahabad, 1935

Ramgopal — 'Lokmanya Tilak', New York, 1965

Rejinald, Heber — 'Narrative of a Journey through the Upper Provinces of India from Calcutta to Bombay, 1825, Vol. III, London, 1828

— 'The Ruling Princes, Chiefs and Leading Personages in Western India State Agency' (II ed.), Rajkot, 1928

Sardesai, G. S. — 'New History of Marathas', Vol. III, Bombay, 1948

Warner, William Lee — 'The Native States of India', London, 1909

(हिन्दी)

शुक्ल, हीरालाल, आधुनिक संस्कृत साहित्य, इलाहाबाद, १९७१

(ગુજરાતી)

ગાંધી, ભોગીલાલ 'ગુજરાત દર્શન', વડોદરા, ૧૯૬૦

જાવડેકર, આચાર્ય 'આધુનિક–ભારત', અમદાવાદ, ૧૯૪૬

જોટ, રત્નમણિરાવ ભી. 'ખંભાતનો ઇતિહાસ', અમદાવાદ, ૧૯૩૫
–'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસઃ ઈસ્લામયુગ', ખંડ ૪, અમદાવાદ, ૧૯૫૯
–'ગુજરાતનું પાટનગર : અમદાવાદ', અમદાવાદ, ૧૯૨૯

ઝવેરી, કૃષ્ણલાલ મો. 'ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો', અમદાવાદ ૧૯૨૩
–'ગુજરાતી સાહિત્યના વધુ માર્ગસૂચક સ્તંભો', અમદાવાદ, ૧૯૩૦

ટાપરિયા, જસવંતસિંહ હરિસિંહ 'અમર–ચરિત', વાંકાનેર, ૧૯૭૯

દવે, નર્મદાશંકર 'નર્મગદ્ય', મુંબઈ, ૧૮૬૮

દેરાસરી, ડાહ્યાભાઈ 'સાઠીના સાહિત્યનું દિગ્દર્શન', અમદાવાદ, ૧૯૧૧

દેશપાંડે, પાંડરંગ ગણેશ 'લોકમાન્ય ટિળક', અમદાવાદ, ૧૯૫૬

દેશાઈ, શંભુપ્રસાદ હ. 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ', જૂનાગઢ, ૧૯૬૮

દેસાઈ, ઈશ્વરલાલ ઇ. 'સૂરત સોનાની મૂરત', સૂરત, ૧૯૫૮

દેસાઈ, ગણપતરામ હિ. 'ભરૂચ શહેરનો ઇતિહાસ', ભરૂચ, ૧૯૧૪

દેસાઈ, ગોવિંદભાઈ હાથીભાઈ 'ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ', અમદાવાદ, ૧૯૧૮

દેસાઈ, શેરાબજી મનચેરજી 'તવારીખે નવસારી', નવસારી, ૧૮૯૭

નહેરુ, જવાહરલાલ 'જગતના ઇતિહાસનું રેખાદર્શન' (ગુજ. અનુ. મણિભાઈ ભ. દેસાઈ), બીજી આવૃત્તિ, અમદાવાદ, ૧૯૫૬

પટેલ, એદલજી બજોરજી 'સુરતની તવારીખ', સુરત, ૧૮૯૦

પટેલ, બહમનજી બહેરામજી 'પારસીપ્રકાશ', દફતર ૧લું, મુંબઈ, ૧૮૭૮

પટ્ટાભી, સીતારામૈયા — 'મહાસભાનો ઇતિહાસ' (ગુજ. અનુ.) અમદાવાદ, ૧૯૩૫

પરીખ, ર. છો અને શાસ્ત્રી, હ. ગં. (સંપા.) — 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ ૫ : 'સલ્તનતકાલ', અમદાવાદ, ૧૯૭૭; ગ્રંથ ૬ : 'મુઘલકાલ', અમદાવાદ, ૧૯૭૯; ગ્રંથ ૭ : 'મરાઠાકાલ', અમદાવાદ, ૧૯૮૧

પરીખ, રામલાલ (સંપા.) — 'ગુજરાત એક પરિચય (કોંગ્રેસનો ભાવનગર અધિવેશન અંક : જાન્યુ. ૧૯૬૧)', ભાવનગર, ૧૯૬૧

પંડ્યા, કા. દે. — 'ગુજરાત–રાજસ્થાન', અમદાવાદ, ૧૮૮૪

પારેખ, હીરાલાલ ત્રિ. — 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન', ખંડ ૧ (૧૯૩૫), ખંડ ૨(૧૯૩૬) ખંડ ૩ (૧૯૩૭), અમદાવાદ
–'ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ' ભાગ–૧, ૨, અમદાવાદ, ૧૯૩૨, ૩૩

બાવીસી, મુગટલાલ — 'ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ', ખંડ ૭ : 'ગુજરાતના ઇતિહાસને લગતી વંશાવળીઓ', અમદાવાદ, ૧૯૮૦

ભટ્ટ, નર્મદાશંકર ત્ર્યં. — 'ખંભાતનું સાંસ્કૃતિક દર્શન', ખંભાત, ૧૯૭૬

મગનલાલ વખતચંદ — 'અમદાવાદનો ઇતિહાસ', અમદાવાદ, ૧૮૫૧

મહેતા, ભાનુપ્રસાદ નિ. — 'મહિપતરામચરિત્ર', વડોદરા, ૧૯૩૦

યાજ્ઞિક, ઇન્દુલાલ — 'આત્મકથા', ભાગ ૨, મહેમદાવાદ, ૧૯૫૫

રાજગોર, શિવપ્રસાદ — 'અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', અમદાવાદ, ૧૯૭૪

લીલાધર હરખચંદ — 'ગુજરાત તાલુકદારી પ્રાચીન-અર્વાચીન સંગ્રહ', ભાગ ૧, વઢવાણ, ૧૮૯૧

વાળંદ, નરોતમ — 'સંસ્કૃતિ અને ગુજરાત', 'ભરૂચ, ૧૯૭૯

શાસ્ત્રી, કે. કા. — 'માંગરોળ, સોરઠ', પોરબંદર, ૧૯૬૭

શાસ્ત્રી, દુર્ગાશંકર — 'ઐતિહાસિક સંશોધન', મુંબઈ, ૧૯૪૧

શાહ, અ. ગો. — 'ભારત રાજ્યમંડળ', ડાકોર, ૧૯૦૨

શુક્લ, નથુરામ સુંદરજી — 'શ્રી ઝાલાવંશવારિધિ', વાંકાનેર, ૧૯૧૬

## ૨. પ્રકરણવાર

(સામાન્ય સંદર્ભસૂચિમાં જણાવેલા ગ્રંથો સિવાયની)

### પ્રકરણ ૧


'Catalogue of Books (and Periodicals in the Bombay Presidency during the Qurters ending 31st. March, 30th June, 30th Septmber and 31st December', Bombay, 1914

Cormack, John — 'Abolition of Female Infanticide in Gujarat', London, 1815

Ingham, K. — 'An Account of Work of Christian Missionaries on Behalf of School Reform (1793-1833)', London, 1856

Mangaldas Nathubai (Ed.) — 'Borrodaile's Gujarat Caste Rules', Bombay, 1887

Moore, Edward — 'Hindu Infanticide', London, 1811

Pigs, James — 'India Cries to British Humanity', London, 1834

Postans, Mrs — 'Western India in 1838', Vol. I, *London, 1839*

Tod, James — 'Travels in Western India Embracing Visit to the Secred Mounts of the Jains and the Most Celebrated Shrines of Hindu Faith Between Rajputana and the Indus With an Account of the Ancient City of Nehrwala', London, 1839

Walter, Hamilton — 'Geographical Statistical and Historical Description of Hindostan and Adjacent Countries', Vol. II, London, 1820

Wilson, John — 'History of the Suppression Infanticide in Western India', Bombay, 1855

કવિ, દલપતરામ ડાહ્યાભાઈ — 'દલપતકાવ્ય', ભા. ૨, અમદાવાદ, ૧૯૨૪

કવિ, નર્મદાશંકર લાલશંકર — 'નર્મકવિતા', મુંબઈ, ૧૮૮૮

ગૌદાની, હરિભાઈ — 'ગુજરાતની પાળિયા-સૃષ્ટિ', "ઊર્મિનવરચના", દીપોત્સવી વિશેષાંક (સં. ૨૦૩૧), રાજકોટ, ૧૯૭૫

જાડેજા, દિલાવરસિંહ — 'ગુજરાતી કવિતામાં પ્રતિબિંબિત રાષ્ટ્રીય અસ્મિતા', વલ્લભ વિદ્યાનગર, ૧૯૭૪

નાયક, છોટુભાઇ — 'ગુજરાતમાં નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યનું ખેડાણ', અમદાવાદ, ૧૯૫૦

બારોટ, શં. આ. — 'બારોટના ચોપડામાં, પાળિયાની નોંધ', "ઊર્મિનવરચના", દીપોત્સવી વિશેષાંક (સં. ૨૦૩૧), રાજકોટ, ૧૯૭૫

ભટ્ટી, નાગજીભાઈ કે. — 'અમારો કચ્છ પ્રવાસ', "પથિક", વર્ષ ૭, અંક ૮, અમદાવાદ, ૧૯૬૮

—'કચ્છનાં છેલ્લાં સતી : રૂપાળી બા', "ઊર્મિનવરચના", સળંગ અંક ૫૪૪, રાજકોટ, ૧૯૭૫

—'સ્મૃતિચિહ્નો અને કચ્છના ખાંભી–પાળિયાનું સર્વેક્ષણ : એક અભ્યાસ', "ઊર્મિનવરચના", સળંગ અંક ૫૪૫, રાજકોટ, ૧૯૭૫

મહેતા, કપિલરાય — 'વૃત્તપત્રો', "ગુજરાત એક પરિચય" (સંપા. રામલાલ પરીખ), ભાવનગર, ૧૯૬૧

મહેતા, પ્રફુલ્લ — 'નર્મદ યુગનાં અન્ય કવિઓ', "ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (સંપા. જોશી, ઉમાશંકર, રાવળ, અનંતરાય અને શુક્લ, યશવંત), ગ્રંથ ૩, અમદાવાદ, ૧૯૭૮

માર્શલ, રતન રૂસ્તમજી — 'ગુજરાતી પત્રકારિત્વનો ઇતિહાસ', સુરત, ૧૯૫૦

શાસ્ત્રી, હરિપ્રસાદ — 'કચ્છના અભિલેખો', "પથિક," વર્ષ ૯, અં. ૧૨, અમદાવાદ, ૧૯૭૦

શાસ્ત્રી, હ. ગં. અને પરીખ, પ્ર. ચિ. — 'ભારતીય સિક્કાશાસ્ત્ર', અમદાવાદ, ૧૯૭૪


## પ્રકરણ ૨


દીક્ષિત, યતીન્દ્ર — 'ગુજરાતમાં અંગ્રેજોનું જામતું પ્રભુત્વ', "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ (સંપા. પરીખ, ર. છો. અને શાસ્ત્રી, હ. ગં.), ગ્રંથ ૭ : મરાઠાકાલ, અમદાવાદ, ૧૯૮૧

| | |
|---|---|
| પરીખ, રમેશકાંત | 'અકબરથી ઔરંગઝેબ', "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ ૬ : મુઘલકાલ અમદાવાદ, ૧૯૭૯ |
| | —'પેશવાઈ અમલ', પ્ર. ૩, "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ", ગ્રંથ ૭ : મરાઠા-કાલ, અમદાવાદ, ૧૯૮૧ |
| | —'પેશવાઈ સત્તાની પડતી', "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ", ગ્રંથ ૭ : મરાઠાકાલ, અમદાવાદ ૧૯૮૧ |
| શાહ, સુમનાબહેન શ. | 'ગુજરાતમાં વિદેશી વસાહતો', પ્ર. ૫, પરિ. ૧, "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ", ગ્રંથ ૬ : મુઘલકાલ, અમદાવાદ, ૧૯૭૮ |

પ્રકરણ ૩

| | |
|---|---|
| Ballhatchet, Kenneth | 'Social Policy and Social Change in Western India', London, 1957 |
| Boman Behram, B.K. | 'The Rise of Municipal Government in the City of Ahmedabad', Ahmedabad, 1937 |
| Rogers, Alexander | 'Land Revenue of Bombay', Vol. I, London, 1892 |
| Tripathi, Dvijendra & Mehta, M. J. | 'Colonialism and Modernization : The Case of Early British Intervention in a Traditional Indian Society', |

પ્રકરણ ૪

| | |
|---|---|
| Dharaiya, R. K. | 'The Last days of Nanasaheb Peshwa in Gujarat', *Journal of the Gujarat Research Society*', Vol. XXX, No. 4/120, Bombay 1968 |
| | —'Gujarat in 1857', Ahmedabad, 1970 |
| Kaye, John W. | 'A History of the Sepoy War in India', Vol. I, London, 1880 |
| Malleson, G. B. | 'History of Indian Mutiny', Vol. III, London, 1880 |

Malleson Lt. Col. W. 'The Revolt in Central India', Simla, 1908
Narayan, A. K. '1857', — —
Sen, S. N. 'Eighteen Fifty Seven', New Delhi, 1957
हार्डीकर, एस. 'अट्ठारसे सत्तावनकी चिनगारियां' परिशिष्ट १,——

પ્રકરણ ૫

Hunter, W.W. 'Bombay (1885–1890) : A Study in Indian Administration', Bombay, 1892.

પ્રકરણ ૬

Handa, R. L. 'History of Freedom Struggle in Princely States', New Delhi, 1968
વોરા, મણિભાઈ 'પોરબંદર,' પોરબંદર, ૧૯૭૭

પ્રકરણ ૭

Chudgar, P. L. 'Indian Princes under British Projection', London, 1929
Panikkar, K. M. 'Indian States and the Government of India', London, 1927
थानकी, ओम. जे. 'सौराष्ट्रके पहले चार वर्गों (श्रेणियों) के पुराने राज्योंका इतिहास और उनका ब्रिटिश सार्वभौम सत्तासे सम्बन्ध', वल्लभ विद्यानगर, १९७२ (टाइप)
મહેતા, મનસુખલાલ રવજીભાઈ 'દેશી રાજ્યોના પ્રશ્નો', રાજકોટ, ૧૯૨૦
મહેતા, કલ્યાણજી વિઠ્ઠલજી 'દરબાર શ્રી ગોપાળદાસ', રાણપુર, ૧૯૨૩

પરિશિષ્ટ

Gupta, P. L. 'Coins,' New Delhi, 1969

પ્રકરણ ૮

એક પારસી 'મુમબઈના શેરસટ્ટાની તવારીખ', મુંબઈ, ૧૮૬૭
ત્રિવેદી, નવલરામ જ. 'સમાજસુધારાનું રેખાદર્શન', અમદાવાદ, ૧૯૩૪
દેસાઈ, શાંતિલાલ 'રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત', અમદાવાદ ૧૯૭૨
પટેલ, મગનભાઈ શં. 'ગુજરાતમાં ભરાયેલાં કોંગ્રેસ અધિવેશનો', "ગુજરાત એક પરિચય" (સંપા. રામલાલ પરીખ), ભાવનગર, ૧૯૬૧

### પરિશિષ્ટ


| | |
|---|---|
| गुप्त, मन्मथराय | 'राष्ट्रीय आंदोलनका इतिहास', आगरा, १९६२ |
| विद्यावाचस्पति, इन्द्र | 'भारतीय स्वाधीनता संग्राम का इतिहास', नई दिल्ली १९६० |


### પ્રકરણ ૯


| | |
|---|---|
| Boyd, Robin | 'Church History of Gujarat', Madras, 1981 |
| આચાર્ય, નવીનચંદ્ર | 'સાબરકાંઠા જિલ્લાના પાળિયા', "સ્વાધ્યાય", પુ. ૧૪, અમદાવાદ, ૧૯૭૬–૭૭ |
| કવિ, દલપતરામ ડાહ્યાભાઈ | 'જ્ઞાતિ વિશેનો નિબંધ' (૪થી આવૃત્તિ), અમદાવાદ, ૧૮૮૭ |
| દીક્ષિત, સુરેશ | 'સતીમાનો ગરબો', "પ્રસ્થાન", પુ. ૧૧, અંક ૫, અમદાવાદ, ૧૯૩૧ |
| પારેખ, હીરાલાલ ત્રિ. (સંપા.) | 'લેડી વિદ્યાગૌરી મણિમહોત્સવ–અભિનંદન ગ્રંથ', અમદાવાદ, ૧૯૩૬. |
| લાજરસ, તેજપાળ | 'ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીનો ઉદય', અમદાવાદ, ૧૯૮૨ |
| શાસ્ત્રી, હરિપ્રસાદ અને શેલત, ભારતી | 'અમદાવાદની, અગિયારીઓના શિલાલેખ', "બુદ્ધિપ્રકાશ", પુ. ૧૨૭, અમદાવાદ, ૧૯૮૦ |
| | —'અમદાવાદની પારસી ધર્મશાળાના શિલાલેખો', "પથિક" વર્ષ ; ૨૦, અંક ૩, અમદાવાદ, ૧૯૮૦ |
| શાહ, ધીરજલાલ ધ. | 'વિમલ પ્રબંધ : એક અધ્યયન', અમદાવાદ, ૧૯૬૫ |


### પરિશિષ્ટ


| | |
|---|---|
| આચાર્ય, શાંતિભાઈ | 'ચોધરીઓ અને ચોધરી શબ્દાવલિ', પ્રસ્તાવના, અમદાવાદ, ૧૯૬૯ |
| | —'ગુજરાતી–ભીલી વાતચીત', અમદાવાદ, ૧૯૬૭ |
| — | 'આદિવાસી ગુજરાત', પુ. ૨, અં. ૨, અમદાવાદ, ૧૯૭૯ |
| — | 'આદિવાસી વર્તમાન', પુ. ૧, અં. ૨, અમદાવાદ, ૧૯૭૪ |

## પ્રકરણ ૧૦


Amin, B. D. — 'The Rise and Growth of Alembic Chemical Works', Baroda, 1939

Baden Powell, B. H. — 'Land System of British India', Vol. III, Oxford, 1892

Badshah, Bhagwanlal R. — 'The Life of Rao Bahadur Ranchhodlal Chhotalal', Bombay, 1899

Banerji, Tarashankar — 'Internal Market of India (1834-1900)', Calcutta, 1966

Blair, Kling — 'The Origin of the Managing Agency System in India', *The Journal of Asiatic Studies*, Vol. XXVI, 1966

Choksey, R. D. — 'Economic Life in the Bombay : Gujarat (1800-1939)', Bombay, 1965

Cole, Arthur H. — 'Bussiness Enterprise in its Social Setting', Cambridge, 1959

Desai, A. R. — 'Social Background of Indian Nationalism', Bombay, 1966

Forbes, James — 'Oriental Memoirs', Vol. II, London, 1813

Maharaja Sayaji Rao — 'Speeches and Addresses', (1877-1910), Vol. I, Cambridge, 1927

Mehta, Makrand — 'Indigenous Paper Industry and Muslim Enterpreneurship : A Case Study of Paper Technology and Trade in Ahmedabad with Special Reference to the 19th Century', "*Proceedings of the Seminar on Science and Technology in 18th-19th Century Indian National Science Academy*, New Delhi, 1980

—'The Ahmedabad Cotton Textile Industry; Genesis and Growth', Ahmedabad, 1982

Milburn, William — 'Oriental Commerce Containion a Geographical Description of the Principal Places in the East Indies, China and Japan With Their Produce Manufactures and Trade including the Coasting of Country Trade from Port to Port', Vol. I, London, 1813

Morris, David — 'Towards a Reinterpretation of the Nineteenth Century Indian Economic History', *The Indian Economic and Social Hisiory Review*, Vol. V, 1968

'Values as an obstacle to Economic Growth in South Asia : A Historical Survey', *The Journal of Economic History*, Vol. XXVII, 1967

Patel, G.D. — 'The Land Revenue Settlement and the British Rule in India', Ahmedabad, 1969

Pennant, Thomes — 'The View of Hindostan', Vol. I, London, 1798

Robertson, James (Ed.) — 'Western India : Reports Addressed to the Chambers of Commerce of Manchester, Liverpool and Glasgow by their Commissioner, the late Alexander Mackay Esq', London, 1853

Rogers, Alexander — 'Land Revenue of Bombay', Vol. I & II, London, 1892

Schumpeter, J. A. — 'The Theory of Economic Development', Cambridge, 1949

Shah, P.G. — 'The Dublas of Gujarat', Delhi, 1958

Somerset, Playne — 'The Bombay Presidency, the United Provinces, the Punjab etc. Their History, People, Commerce and Natural Resources', London, 1920

Summers, Augustus — 'An Account of the Agate and Carnelian Trade of Cambay', *Journal of the Bombay Branch of Royal Asiatic Society*, Vol. III, Part I, Bombay, 1849

Tripathi, Dwijendra — 'Indian Enterpreneurship in Historical Perspective, A Reinterpretation', *Economic and Political Weekly*, Vol. VI, 1971

Tripathi, Dwijendra & Mehta Makrand — 'Business Houses in Western India : A Study in Enterpreneurial Response 1850-1956,' *IIM Memeograph*, Ahmedabad, 1981

Walter, H. 'Geographical, Statistical and Historical Description of Hindostan and Adjacent Countries', Vol. I, London, 1820

કરસનદાસ મૂળજી 'નિબંધમાળા : સંસાર સંબંધી વિષયો', મુંબઈ, ૧૮૭૦

જોશી, ભવાનીશંકર 'પરદેશી માલ આપણા દેશમાં તૈયાર થવા શા ઉપાય યોજવા જોઈએ?', "બુદ્ધિપ્રકાશ", પુ. ૨૩, અમદાવાદ, ૧૮૭૬

પટેલ, ત્રિભુવનદાસ ગં. 'દુકાળ વિશે નિબંધ', અમદાવાદ, ૧૮૮૦

પટેલ, મગનભાઈ ચતુરભાઈ 'સ્વદેશી હિલચાલ', અમદાવાદ, ૧૯૦૭

પરીખ, નરહરિ દ્વારકાદાસ 'દીવાન બહાદુર અંબાલાલભાઈ : જીવનદર્શન', અમદાવાદ, ૧૯૪૩

રાજગોર, શિવપ્રસાદ 'ગુજરાતના વહાણવટાનો ઇતિહાસ', અમદાવાદ, ૧૯૭૬

— 'હરિભક્તિ ઘરાણાની હકીકતનું પુસ્તક, વડોદરા રાજ્ય', વડોદરા, ૧૯૪૪


## પરિશિષ્ટ ૧


Sanjivrao, T.S. 'A Short History of Modern Indian Shipping', Popular Prakashan, 1965

Trivedi, A. B. 'Kathiawad Economies', Bombay, 1943

મહેતા, જે. એમ. 'સૌરાષ્ટ્રનો દરિયાકાંઠો,' ભાવનગર, ૧૯૩૫


## પરિશિષ્ટ ૨


Brooks, Edgar H. & Webbe, Colin De B. 'A History of Natal', University of Natal Press, Durban, 1965

Harlow, Vincent, Chilver, E. M. & Smith, Allison 'History of East Africa', Oxford, 1965

Ingham, Kenneth 'History of East Africa', London, 1965

Wair, S. A. 'Indians Abroad Directory', Bombay, 1933

સંપત, ડુંગરશી ધ. 'ભાટિયા વહાણવટાનો જૂનો ઇતિહાસ', મુંબઈ, ૧૯૨૯

## પ્રકરણ ૧૧

| | |
|---|---|
| Dave Jayendra | 'A Study of Evolution of Female Education in Gujarat till Independence', Vallabh Vidyanagar, 1971 |
| Government of Bombay | 'A Review of Education in Bombay State', Poona, 1958 |
| Misra, Lakshmi | 'Education of Women in India (1921-1966)', Bombay, 1966 |
| Parulekar, R. V. | 'A Source Book of History of Education in the Province of Bombay', Bombay, 1950 |
| Rajyagor, S. B. | 'Education of Gujarat (1854-1954)', (typed Thesis), Rajkot, 1971 |
| Syed, Nurullah and Naik, J. P. | 'History of Education in India', London, 1943 |
| Wellsmith, W. K. | 'The Ulema in Indian Politics', *politics & History in India*,—,— |
| अनसारी, मुहम्मद रज़ा फिरंगी, महली | 'बानीअे दर्से निज़ामी', लखनौ, १९७३ |
| पंचोली, डाह्याभाई (सं.) | 'संस्कृत सौरभ उनशताब्दी महोत्सव अंक', राजकीय पाठशाला, पेटलाद, १९८० |
| ઠક્કર, પ્રવીણા | 'ગુજરાતનો સ્ત્રી-કેળવણીનો ઇતિહાસ', અમદાવાદ, ૧૯૭૯ |
| પટેલ, ઈશ્વરભાઈ | 'સેવામૂર્તિ મોતીભાઈ અમીન', વડોદરા, ૧૯૬૧ |
| રાજગોર, શિવપ્રસાદ | 'ગુજરાતનો કેળવણીનો ઇતિહાસ', અમદાવાદ, ૧૯૬૬ |
| વૈદ્ય, વિજયરાય ક. | 'અર્વાચીન ગુજરાતી પુસ્તકાલયો', વડોદરા, ૧૯૨૭ |
| શાસ્ત્રી, વ્રજલાલ કાળીદાસ | 'રસગંગા' (સંપા. શાસ્ત્રી શંકરલાલ ગં.), અમદાવાદ, ૧૯૩૪ |
| — | 'વડોદરા રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિ', વડોદરા, ૧૯૨૭ |

## પ્રકરણ ૧૨

| | |
|---|---|
| પરીખ, પ્રવીણચંદ્ર | 'ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિ વિકાસ (ઈ. સ. ૧૫૦૦ સુધી)', અમદાવાદ, ૧૯૭૪ |

ભાયાણી, હરિવલ્લભ 'ગદ્યસાહિત્ય', ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (સંપા. જોશી ઉમાશંકર, રાવળ અનંતરાય અને શુક્લ યશવંત), ગ્રંથ ૨, અમદાવાદ, ૧૯૭૬

રાવત, બચુભાઈ 'લિપિનો વિકાસ', "કુમાર", સળંગ અંક ૪૦૦, અમદાવાદ, ૧૯૫૭

શાહ, વિમલ 'ગુજરાતના આદિવાસીઓ', અમદાવાદ, ૧૯૬૬

શાસ્ત્રી, કે. કા. 'ગુજરાતી ભાષાનો વિકાસ અને અર્વાચીન ગુજરાતી ભાષાનું સ્વરૂપ', અમદાવાદ, ૧૯૬૫

સાંડેસરા, ભોગીલાલ 'ગદ્ય', "ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ", (સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ અને યશવંત શુક્લ), ગ્રંથ ૧, અમદાવાદ, ૧૯૭૩

## પ્રકરણ ૧૩

જોશી, ઉમાશંકર, રાવળ, અનંતરાય અને શુક્લ, યશવંત 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ', ગ્રંથ ૨ જો, અમદાવાદ, ૧૯૮૬

ઝવેરી, કૃષ્ણલાલ મો. 'ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો', અમદાવાદ, ૧૯૪૫

ઠાકોર, અશોક 'નીલકંઠરાય છત્રપતિ', "કુમાર", સળંગ અંક ૬૫૨, અમદાવાદ, ૧૯૭૮

નાયક, છોટુભાઈ ર. 'ગુજરાતના નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યનું ખેડાણ', અમદાવાદ, ૧૯૫૦

રાવળ, અનંતરાય 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં પ્રેરક બળો', "ગન્ધાક્ષત", મુંબઈ, ૧૯૪૯

શાસ્ત્રી, હરિપ્રસાદ ગં. 'સંત-કવિ છોટમ : એક પરિચય, "ગુજરાત સાહિત્ય સભા", અમદાવાદ, ૧૯૬૩

શાહ (વૈદ્ય), બાપાલાલ ગ. 'વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણભાઈ', વડોદરા, ૧૯૩૧

સાંડેસરા, ભોગીલાલ 'ગુજરાતી ગ્રંથસૂચિ', "પરબ", વર્ષ ૨૦, અંક ૧, અમદાવાદ, ૧૯૭૯

## પરિશિષ્ટ ૧

—'ગુજરાતી મુદ્રણની શતવર્ષી', ૧૮૧૨–૧૯૧૨', "ગુજરાતી", દિવાળી અંક, ૧૯૧૨

પ્રિયોળકર, અનંત કાકબા — 'ગુજરાતી મુદ્રણકલાનું આદિપર્વ', "ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક", પુ. ૧૩, અં. ૪, મુંબઈ, ૧૯૪૯
—'મુંબઈ સમાચાર: દોઢસો વર્ષની તવારીખ : ૧૮૨૨–૧૯૭૨'

## પરિશિષ્ટ ૨

Shastri, K. K. — 'A Survey of Published Uni-Lingual and Bi-Lingual Dictionaries Pertaining to Gujarati', *Journal of the Oriental Institute* Vol. XXVIII, Baroda, no. 2, Baroda, 1975-76

ધ્રુવ, આનંદશંકર — 'હિન્દુ ધર્મની બાળપોથી' અમદાવાદ, ૧૯૧૮
—'હિન્દુ વેદધર્મ', અમદાવાદ, ૧૯૧૯

ધ્રુવ, કેશવલાલ — 'પ વર્ણનો કોશ', અમદાવાદ, ૧૯૪૪

શાસ્ત્રી, કે. કા. — 'સ્વાધ્યાય અને સંશોધન', "કે. કા. શાસ્ત્રી અમૃત મહોત્સવ અભિનંદન ગ્રંથ," ગ્રંથ ૨, અમદાવાદ, ૧૯૮૩

સાંડેસરા, ભો. જ. — 'ઇતિહાસ અને સાહિત્ય', અમદાવાદ, ૧૯૬૬
—'ગુજરાતી કોશ', "સંસ્કૃતિ," જાન્યુ; ફેબ્રુ; ૧૯૬૨, અમદાવાદ, ૧૯૬૨
—'રાજવ્યવહારકોશ : એક પરિચય,' "બુદ્ધિપ્રકાશ", પુ. ૧૨૭, અમદાવાદ, ૧૯૮૦
—'વહીવટી શબ્દકોશની રચનાના કેટલાક પ્રશ્નો', "રાજભાષા" ત્રૈમાસિક, વર્ષ : ૧, અંક ૩, ગાંધીનગર, ૧૯૭૯

## પ્રકરણ ૧૪

કવિ, નાનાલાલ દ. — 'કવીશ્વર દલપતરામ,' અમદાવાદ. ૧૯૩૪

— 'ગુજરાતી પંચ રજત મહોત્સવ : ખાસ અંક', અમદાવાદ, ૧૯૨૬

ઠાકોર, બ. ક. — 'એકવીસમી સાલગીરી મુબારક', "કૌમુદી", નવું પુસ્તક ૭, અં. ૨, વડોદરા, ૧૯૩૩

નર્મદાશંકર લાલશંકર — 'મારી હકીકત', ભા. ૧, મુંબઈ, ૧૯૩૩

| | |
|---|---|
| દેસાઈ, મહાદેવભાઈ હરિભાઈ | 'વૃત્ત અને વૃત્તવિવેચકો,' "ગુજરાતી સાહિત્ય પરિષદનું ૧૨મું અધિવેશન," અમદાવાદ, ૧૯૩૭ |
| દ્વિવેદી, મણિલાલ | 'સુદર્શન ગદ્યાવલિ', અમદાવાદ, ૧૦૦૯ |
| ધ્રુવ, આનંદશંકર | 'ઉદ્દેશ, નામ તથા સૂત્ર', "વસન્ત" : વર્ષ ૧, અમદાવાદ, સં. ૧૯૫૮ |
| પારેખ, હી. ત્રિ. | 'વસન્ત રજત મહોત્સવ સ્મારક ગ્રંથ', "વસન્ત" વર્ષ : ૨૬, અમદાવાદ, સં. ૧૯૮૪ |
| ભટ્ટ, વિશ્વનાથ મ. | 'ગુજરાતી ભાષાનાં ચાલુ માસિકો', "વસન્ત" વર્ષ : ૨૧, અમદાવાદ, સં. ૧૯૭૧ |
| માર્શલ, રતન | 'ગુજરાતી પત્રકારિત્વનો ઇતિહાસ', સુરત, ૧૯૫૦ |
| — | 'હિન્દુસ્તાન પ્રજામિત્ર રજતમહોત્સવ અંક', ૧૯૩૮ |


## પ્રકરણ ૧૫


| | |
|---|---|
| Badshah, Bhagvanlal R. | 'The Life of Rao Bahadur Ranchodlal Chhotalal', Bombay, 1899 |
| Boyd, R. D. | 'The Prevailing Word', Belfast, 1953 |
| Dave, Ramesh, M. | 'Life and Works of Shree Swāminārāyan', Bombay, 1966 |
| Krishnarao Bholanath | 'A Brief Sketch cf the Life and Character of Bholanath Sarabhai', *Life of Bholanath Sarabhai*, Bombay, 1888 |
| Motiwala, B. N. | 'Karsandas Mulji : A Biographical Study', Bombay, 1935 |
| Pandya, K. C., Bakshi, R. P. and Pandya, S. J. (ed) | 'Govardhanram Madhavram Tripathi's Scrap Book', Bombay, 1957-1959 |
| Parekh, Manilal C. | 'Shree Swāminārāyan' (2nd edi.), Rajkot, 1960 |
| Raval, R. L. | 'Some Aspects of the Brittsh Impect on Religion, Culture and Literature in Gujarat during the Nineteenth Century', *Vidya*, Vol. XX, Ahmedabad, 1977 |
| Reginald, Heber | 'Narrative of a Journey through Upper Provinces of India', Vol II, London, 1828 |

Wilson, John — 'History of Suppression infanticide in Western India', Bombay, 1855

આચાર્ય, નવીનચંદ્ર — 'ગુજરાતના ધર્મસંપ્રદાય', અમદાવાદ, ૧૯૮૩

કરસનદાસ મૂળજી — 'નિબંધમાળા', પુ. ૧ મુંબઈ, ૧૮૭૦

કવિ, ન્હાનાલાલ દલપતરામ — 'કવીશ્વર દલપતરામ', ભાગ. ૨, અમદાવાદ, ૧૯૪૦

કૃષ્ણરાવ ભોળાનાથ — 'ભોળાનાથ સારાભાઈનું જીવનચરિત્ર', મુંબઈ, ૧૮૮૮

— — 'ગુજરાત વર્નાક્યુલર સોસૈટીનો ઇતિહાસ', "બુદ્ધિપ્રકાશ" પુ. ૨૫, અમદાવાદ, ૧૮૭૮

ખારાવાલા, અમરદાસજી — 'રામાનુજને વડલે સાધુ સંપ્રદાયો', "ઊર્મિનવરચના", દીપોત્સવી વિશેષાંક, "સૌરાષ્ટ્રની ધર્મસાધના", અં. ૭.૮, રાજકોટ, ૧૯૭૩

ગૌદાની, હરિલાલ — 'સૌરાષ્ટ્રમાં નાથ સંપ્રદાય', "ઊર્મિનવરચના", વર્ષ ૪૪, રાજકોટ, ૧૯૭૩

જોશીપુરા, જયસુખરાય પુરષોત્તમરાય — 'મણિશંકર કિકાણી', વડોદરા, ૧૯૨૦

ઠાકર, ધીરુભાઈ — 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા', પાંચમી આવૃત્તિ, અમદાવાદ, ૧૯૭૨

ઠાકર, ધીરુભાઈ (સંપા.) — 'મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું આત્મવૃત્તાંત', અમદાવાદ, ૧૯૭૯

ત્રિપાઠી, મનસુખરામ સૂર્યરામ — 'અસ્તોદય તથા સ્વાશ્રય' (પાંચમી આવૃત્તિ), મુંબઈ, ૧૯૦૫

દવે, નર્મદાશંકર લાલશંકર — 'જૂનું નર્મગદ્ય', ભાગ. ૧, (બીજી આવૃત્તિ), મુંબઈ, ૧૯૧૨

દેસાઈ, મહેન્દ્રકુમાર એમ. — 'શ્રીમન્ નૃસિંહાચાર્ય', વડોદરા, ૧૯૩૫

પટેલ, બહમનજી બહેરામજી — 'પારસી પ્રકાશ', ભાગ. ૧, મુંબઈ, ૧૮૭૮ ૧૮૮૮

પરમાર, ખોડીદાસ — 'દેવીપૂજા અને સૌરાષ્ટ્રનાં દેવી દેવલાં', "ઊર્મિનવરચના", વર્ષ ૪૪, રાજકોટ, ૧૯૭૩

પટેલ, મગનલાલ નરોત્તમદાસ — 'મહાજનમંડળ', ભા. ૧, અમદાવાદ, ૧૮૯૬

પરીખ, પ્રવીણચંદ્ર, ચિ. — 'તલસ્પર્શ', અમદાવાદ, ૧૯૮૪

પંડિત, દેવેન્દ્ર કાળિદાસ 'સૌરાષ્ટ્રના સંતો', અમદાવાદ ૧૯૬૧

પુરાણી, અંબાલાલ બાલકૃષ્ણ 'મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું જીવનચરિત્ર', અમદાવાદ, ૧૯૫૧

બક્ષી, રામપ્રસાદ અને જોશી, રમણલાલ (સંપા.) 'ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરિદ્ધિ', અમદાવાદ, ૧૯૭૧

ભટ્ટ, વિશ્વનાથ મગનલાલ 'નર્મદનું મંદિર', અમદાવાદ, ૧૯૧૭

ભટ્ટી, નાગજીભાઈ 'સૌરાષ્ટ્રના સંતો અને ભક્તો', "પથિક", વર્ષ : ૯ અંક ૮, ૯ અમદાવાદ, ૧૯૭૦

મશરૂવાલા, કિશોરલાલ ઘ. 'સ્વામિનારાયણ સંપ્રદાય અથવા સહજાનંદ સ્વામી', અમદાવાદ, ૧૯૪૦

માસ્તર, કરીમહંમદ 'મહાગુજરાતના મુસલમાનો', વડોદરા, ૧૯૬૯

મહીપતરામ રૂપરામ 'ઉતમ કપોળ કરસનદાસ મૂળજી ચરિત', અમદાવાદ, ૧૮૭૭

મહેતા, નરોતમ ડી. 'સ્વામીશ્રી સહજાનંદ ભગવાનની કચ્છ પ્રદેશમાં આનંદ અને જીવનલીલા', "કચ્છ મિત્ર", દિવાળી અંક, ભૂજ, ૧૯૭૧

રમણભાઈ મહીપતરામ 'ધર્મ અને સમાજ', ભા. ૧, અમદાવાદ, ૧૯૩૨

— રા. બા. ગોપાળરાવ હરિનું જન્મ વૃત્તાંત', "બુદ્ધિપ્રકાશ", પુ. ૪૦, અમદાવાદ, ૧૮૯૩

લાજરસ, તેજપાળ 'ગુજરાતના ખ્રિસ્તી મંડળનો ઇતિહાસ', અમદાવાદ, ૧૯૮૨

શાહ, મૂલચંદ આશારામ 'આશારામ દલીચંદ શાહ અને તેમનો સમય', અમદાવાદ, ૧૯૩૪

શાસ્ત્રી, કે. કા. 'મહાપ્રભુવલ્લભાચાર્યજી', મુંબઈ, ૧૯૭૭

શેલત, ભારતી 'અમદાવાદનો યહૂદી ત્રિભાષી લેખ અને ત્યાંનું યહૂદી કબ્રસ્તાન', "વિદ્યાપીઠ", સળંગ અંક ૧૧૦, અમદાવાદ, ૧૯૮૧


## પ્રકરણ ૧૬


Burgess, James 'The Temples of Shatrunjaya Palitana in Kathiawad', Gandhinagar, 1976

Gupte, Taramati 'Gaekwad Cenotaphs', Baroda, 1947

Sompura, K. F. Architctural Treatment of the Hathisinha's Temple Ahmedabad, *Bulletin of the Chunilal Gandhi—Vidya Bhavan*, Nos. 16,17. Surat, 1973

— અમદાવાદ પારસી પંચાયત, 'પારસી ઝોરાષ્ટ્રીઅન રહેવાસીઓ વિશેની મોજણી પ્રકાશન ડિરેક્ટરી' અમદાવાદ, ૧૯૭૫

જોષી, કલ્યાણરાય ન. 'દ્વારકા વસઈના પુરાણા અવશેષો', રાજકોટ, ૧૯૭૪

દવે, કિરીટ જે. 'સ્વામિનારાયણ ચિત્રકલા', પ્રકરણ ૨, "સ્વામિનારાયણ શિલ્પ–સ્થાપત્યકલા", અમદાવાદ, ૧૯૮૪

પરીખ, પ્રવીણચંદ્ર 'અમદાવાદના ભદ્રના કિલ્લામાંનાં મંદિરોની સ્થળ–તપાસ', "બુદ્ધિપ્રકાશ", પુ. ૧૨૬, અમદાવાદ, ૧૯૭૯

માંકડ, ડોલરરાય. ર. 'જામનગરનો ઇતિહાસ', જામનગર, ૧૯૭૨

શાસ્ત્રી, ધનશ્યામ, સ્વરૂપદાસજી એન. 'ભગવાન શ્રીસ્વામિનારાયણ સ્થાપિત નવ મહામંદિરો', "શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિગ્રંથ", (સંપા. સ્વામી ધનશ્યામસ્વરૂપદાસજી નંદકિશોરદાસજી), અમદાવાદ, ૧૯૮૧

શાસ્ત્રી, હ. ગં અને શેલત, ભારતી 'ગુજરાતમાં યહૂદીઓ', "પથિક", વર્ષ : ૨૦, અંક ૭, અમદાવાદ, ૧૯૮૧

— 'સુરતનાં ઐતિહાસિક સ્થળો', સૂરત, ૧૯૮૦

## પ્રકરણ ૧૭

Fatesinghrao, Gaekwad 'The Palaces of India', New york, 1980

Goetz, H. A Monument of Old Gujarati Word Sculpture : "The Jain Mandap in the Baroda Museum", *Bulletin of the Baroda Museum Picture Gallery*, Vol. VI, Part I, II, Baroda. 1950

—The Post Mediaeval Sculpture of Gujarat *Bulletin of the Baroda Museum Picture Gallery*, Vol. V, Part I, II Baroda, 1947–48

Jain, Jyotindra 'Utensils', Ahmedabad, 1981

Janson, H. W. 'History of Art', Part III, 'The Renaissance', New York, 1969
Trivedi, R. K. 'Wood Carving of Gujarat', Delhi, 1965
જાદવ, જોરાવરસિંહ 'ગુજરાતની લોકસંસ્કૃતિઓ', ગાંધીનગર, ૧૯૭૬
દવે, કિરીટકુમાર જે. 'શિલ્પકૃતિઓ', પ્ર. ૧૪, "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ", ગ્રંથ ૬, મુઘલકાલ, અમદાવાદ, ૧૯૭૯
—'શિલ્પ' પ્ર. ૧૧, "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ", ગ્રંથ ૭, મરાઠાકાલ અમદાવાદ, ૧૯૮૧
દૂધરેજિયા, મગનીરામ કાશીરામજી 'ગુરુપીઠ પ્રકાશ ચંદ્રિકા : દૂધરેજ', ચમારજ, ૧૯૬૯
નાણાવટી, જયેન્દ્ર અને ઢાંકી મધુસૂદન 'ગુજરાતનું કાષ્ઠ સ્થાપત્ય', "કુમાર", સળંગ અંક ૪૮૯, અમદાવાદ, ૧૯૬૪
પરીખ, પ્રવીણચંદ્ર અને દવે, કિરીટકુમાર 'સ્વામિનારાયણશિલ્પસ્થાપત્ય કલા', અમદાવાદ, ૧૯૮૪

## પ્રકરણ ૧૮

Shah, U. P. 'Treasures of Jain Bhandars', Ahmedabad, 1978
ડોસા, પ્રાગજી 'તખતો બોલે છે', ભાગ ૧ લો, મુંબઈ, ૧૯૭૮
દેસાઈ, રમણલાલ વસંતલાલ 'રંગભૂમિ', "રંગભૂમિ પરિષદનું પહેલું આધવેશન", અમદાવાદ, ૧૯૪૫
દ્વિવેદી, પ્રભુલાલ દ. 'નાટક અને લોકરુચિ', "ગુજરાતી નાટ્યશતાબ્દી મહોત્સવ સ્મારક ગ્રંથ", મુંબઈ, ૧૯૫૨
પટેલ, ધનજીભાઈ 'પારસી નાટક તખ્તાની તવારીખ', મુંબઈ, ૧૯૬૮
પટેલ, બહમનજી બહેરામજી 'પારસી પ્રકાશ', દફતર ૧લું, ભાગ ૭, મુંબઈ, ૧૮૮૨
પરમાર, ખોડીદાસ 'શિહોરના રામજી મંદિરનાં ભીંતચિત્રો', "કુમાર" સળંગ અંક ૫૬૫, અમદાવાદ, ૧૯૭૧
પરીખ, રસિકલાલ છો. 'સંગીતાચાર્ય વાડીલાલ શિવરામ નાયક', "આકાશભાષિત", અમદાવાદ, ૧૯૭૪

પંડિત, ડાહ્યાલાલ શિવરામ — 'સંગીત કલાધર', પ્રસ્તાવના, ભાવનગર, ૧૯૩૮

બ્રહ્મભટ્ટ, રઘુનાથ — 'રંગભૂમિ અને સંગીત' "ગુજરાતી નાટ્યશતાબ્દી મહોત્સવ સ્મારક ગ્રંથ", મુંબઈ, ૧૯૫૨

મહેતા, ચંદ્રવદન — 'નક્કર હકીકતોનો ટૂંકસાર', "ગુજરાતી નાટ્ય શતાબ્દી મહોત્સવ સ્મારકગ્રંથ", મુંબઈ, ૧૯૫૨

મહેતા, ધનસુખલાલ — 'નાટકની ભજવણી', "ગુજરાતી નાટ્ય શતાબ્દી મહોત્સવ સ્મારકગ્રથ", મુંબઈ, ૧૯૫૨

મહેતા, રમણલાલ છોટાલાલ — 'સંગીત ચર્ચા',, અમદાવાદ, ૧૯૬૩

— — 'નાટકનો પ્રારંભ', "સ્વ. સાક્ષર દીવાન બહાદુર રણછોડભાઈ ઉદયરામ શતાબ્દી ગ્રંથ", મુંબઈ, ૧૯૫૨

રાઠોડ, રામસિંહજી — 'કચ્છનાં ભીંતચિત્રો', "કુમાર", સળંગ અંક ૫૨૮, અમદાવાદ, ૧૯૬૭

રાવલ, રવિશંકર મ. — ગુજરાતની સાંપ્રત ચિત્રકલાનું વિહંગાવલોકન', કલાઅંક : "કુમાર", સળંગ અંક ૫૨૮, અમદાવાદ, ૧૯૬૭


## પરિશિષ્ટ


Trivedi, A. B. — 'Post War Gujarat', Bombay, 1949

રાઠોડ, રામસિંહજી — 'કચ્છનું સંસ્કૃતિ દર્શન', અમદાવાદ, ૧૯૫૯


## પરિશિષ્ટ ૧


Foote, Robert Bruce — 'The Foote Collection of Indian Prehistoric and Protohistoric Antiquities', 1917

Ghosh, A. — 'Fifty Years of the Archaeological Survey of India', *Ancient India* (Bulletin of the Archaeological Survey of India), No. 9, New Delhi, 1943

Krishnaswami, V. D. — 'Progress in Preservation of Monuments', *Ancient India*, No. 9, New Delhi, 1953

Ramchandran, T.N. — Preservation of Monuments', *Ancient India*, No. 9, New Delhi, 1953

Roy, Souarindranath — 'Indian Archcology from Jones to Marshall (1784-1902), *Ancient India* No. 9, New Delhi, 1953

Smith, V. A. — 'The Copper Age and Prehistoric Bronze Implement of India, *Indian Antiquary*, Vol. XXXIX, Bombay, 1909

## પરિશિષ્ટ ૨

Agrawal, Usha — 'Brief Directory of Museums in India', (3rd ed.), New Delhi, 1910

Devkar, V. L. — 'Souvenir-Cum Guide book of the Watson Museum, Rajkot'

Goetz, H. — '*Baroda Museum and Picture Gallery*', Hand book of the Collection, Vol VIII, Part I, Baroda, 1950-52

Markham, S. F. & Hargreaves, H. — 'Museums of India, London, 1936

Pandya, A. V. — 'The Museum at Vallabh Vidyanagar', *Journal of Indian Museum*, Vol. XI, 1955

Sivaramamurti, C. — 'Directory of Museums in India', New Delhi. 1959

Swarnkamal — 'Museums in Gujarat : An Outline', Baroda, 1979

— 'કચ્છ દરબારી ગેઝેટ, પુ. ૧૨, અં. ૧૧ ભુજ, ૧૮૮૪

જાની, મુદ્રિકા — 'ગુજરાતમાં મ્યુઝિયમ પ્રવૃત્તિ, 'વડોદરા', ૧૯૭૫

દેસાઈ શંભુપ્રસાદ હ. — 'જૂનાગઢ અને ગિરનાર', જૂનાગઢ, ૧૯૭૫

વૈદ્ય, ડી. કે. — 'કચ્છ મ્યુઝિયમ', ભુજ, ૧૯૭૫

## પરિશિષ્ટ ૩

Edwardes, Michael — 'British India' *1772-1946*, London, 1976

જોશી ઉમાશંકર, રાવળ અનંતરાય અને શુક્લ યશવંત (સંપા.) — 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ', ગ્રં. ૩, અમદાવાદ, ૧૯૭૮

## શબ્દસૂચિ


અકબર ૫૦૩
અકબર ૨ જો ૨૪, ૧૮૮, ૧૮૯, ૧૯૦
'અખબારે સોદાગર' ૨૮
અખેરાજજી ૧૪૦
અખો ભગત ૪૬૫
અગર, મેજર ૭૦
અગલોદ ૮૦
અગ્નિહોત્રી, સત્યાનંદ ૪૭૬
અગ્રવાલ, ઉષા ૫૮૩
અચીન ૩૧૪
અછુબા ૧૩૨
અજબપુરા ૧૫૪
અજબસિંહજી ૧૫૪, ૧૫૫
અજમેર ૧૫૭, ૩૧૪, ૪૬૧
અજિતસિંહ ૧૩૭
અડાદરા ૫૬૪
અડાસ ૪૪
અણહિલવાડ પાટણ ૧૪, ૧૦૬
અણોદિયા ૮૦
અદેસિંહજી (ભાદરવા) ૧૫૭
અદેસિંહજી (રણાસણ) ૧૫૨
અનગઢ ૧૫૭ ૨૦૨
'અનર્ઘરાઘવ' ૩૨૩
અનવરખાનજી ૧૪૮
અનંતજી ૧૪૨
અનાસ ૨૬૫
અનોપસિંહજી (માલપુર) ૧૫૧
અબડાસા ૨૨
અબુબકર ૩૧૨
અબુઝફર નદવી ૩૨૬, ૩૩૦
અબુશીરી ૩૦૯
અબ્દુલકરીમ ૨૪૬
અબ્દુલકરીમખાન ૧૪૯
અબ્દુલકાદર ૧૫૦
અબ્દુલ્લાહ ૪૬૧
અબ્બાસઅલી બેગ સર ૧૪૨
અબ્બાસખાન ૫૫૪
અભયસિંહ (પુનાદરા) ૧૫૪
અભયસિંહજી ૨ જા (ચૂડા) ૧૪૩
અભળોદ ૨૬૫
'અભિજ્ઞાન–શાકુન્તલ' ૩૨૩
અભેસિંહજી (મોહનપુર) ૧૫૦
અભેસીંગજી (થરાદ) ૧૫૬
અમથારામ ૨૩૮
**અમદાવાદ** : ૨, ૬, ૭, ૧૦, ૧૧, ૧૪, ૧૭, ૧૯, ૨૭–૩૧, ૩૪, ૩૯, ૪૫, ૪૬, ૪૮, ૫૦–૫૨, ૫૪, ૫૬–૬૦, ૬૭–૭૧, ૭૩, ૭૯, ૯૧, ૯૩–૯૬, ૯૮–૧૦૧, ૧૦૪, ૧૧૮, ૧૨૦, ૧૨૧, ૧૨૩, ૧૨૯, ૧૬૫, ૧૬૭, ૧૭૧, ૧૯૭, ૧૯૮, ૨૦૦, ૨૦૩–૨૦૮, ૨૧૫, ૨૧૭–૨૨૦, ૨૨૨, ૨૨૬, ૨૩૪, ૨૩૭–૨૪૦, ૨૪૨, ૨૪૪, ૨૪૭, ૨૫૨, ૨૫૩, ૨૫૬, ૨૫૯, ૨૬૧, ૨૬૮, ૨૬૯, ૨૭૨, ૨૭૪–૨૭૯,

૨૮૧-૨૮૫, ૨૮૮, ૨૯૪, ૨૯૭, ૩૨૦, ૩૨૧, ૩૨૪-૩૨૮, ૩૩૨, ૩૩૩, ૩૩૫-૩૩૮, ૩૪૦-૩૪૨, ૩૪૫-૩૪૭, ૩૫૩, ૩૬૧, ૩૬૪-૩૬૮, ૩૮૯, ૩૯૬, ૪૧૧, ૪૧૯, ૪૨૦, ૪૨૯ ૪૩૦, ૪૩૬-૪૩૯, ૪૪૨, ૪૪૩, ૪૪૮, ૪૫૬, ૪૬૧, ૪૬૩, ૪૬૪, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૫-૪૭૭, ૪૮૨, ૪૮૫, ૪૮૭, ૪૮૯, ૪૯૨, ૪૯૪, ૪૯૬, ૫૦૦, ૫૦૧, ૫૦૨, ૫૦૩, ૫૦૫-૫૧૩, ૫૧૮-૫૨૧, ૫૨૩-૫૨૬, ૫૩૧-૫૩૪, ૫૩૬-૫૩૮, ૫૪૨-૫૪૬, ૫૫૬, ૫૫૯, ૫૬૪-૫૬૭, ૫૭૧, ૫૯૫, ૫૯૬, ૬૦૨

'અમદાવાદનો ઇતિહાસ' ૧૧

'અમદાવાદ સમાચાર' ૪, ૨૮, ૫૯૫

'અમરકોશ' ૩૨૩

અમરચંદ વસાવડા ૧૪૧

અમરજી ૨૦

અમરતલાલ વકીલ ૫૦૬

અમરસિંગ (ઈડર) ૧૨૮

અમરસિંહ (લાઠી) ૧૪૫

અમરસિંહજી (આંબલિયારા) ૧૫૫

અમરસિંહજી (ધ્રાંગધ્રા) ૧૩૬, ૧૩૮

અમરસિંહજી (પુનાદરા) ૧૫૪

અમરસિંહજી (વાંકાનેર) ૧૩૮

અમરસિંહજી (સુદાસણા) ૧૫૬

અમરેલી ૨૪, ૩૪, ૧૧૯, ૧૨૩, ૧૨૫, ૩૩૪, ૩૪૧-૩૪૩, ૪૧૫, ૫૨૧, ૫૫૯, ૫૬૩

અમરેશ્વર કુબેરદાસ ૪૨૯

અમીન, ઝવેરભાઈ ૧૩૮

અમીન, બી.ડી. ૨૮૬

અમીન, મોતીભાઈ ૩૫૪

અમીરખાન ૫૫૪

અયોધ્યા ૪૬૫

અયોધ્યાપ્રસાદ ૪૬૮

અરદેશર ધનજી શાહ (કોટવાળ) ૩૩, ૫૫, ૨૫૧

અરદેશર ફ્રામજી મૂસ ૩૯૦, ૪૧૨, ૫૪૭

અરદેશરજી બહેરામજી લશ્કરી ૩૫૦, ૩૮૯, ૫૯૫

અરલ ૨૨

અરવિંદ ઘોષ ૧૨૬, ૨૧૨, ૨૨૨, ૩૩૮

અર્સ, કેપ્ટન ૪૫, ૪૬

અર્સકીન ૧૨૯

અલાઉદ્દીન ધીસેખાં ૪૧૬

અલીખાન ૧૫૦

અલીનવાઝખાન ૪૦

અલીલાલજી ૩૦૭

અલીહુસેન ૫૫૪

અલ્પાઈ ૩૧૪

અલ્લામહ શિલ્લી ૩૨૯, ૩૩૦

અલ્હાબાદ ૮૫

અવિનાશાનંદ ૩૮૪/૬

અહમદખાન ૪૦

અહમદનગર ૧૨૯, ૧૫૧, ૧૫૫

અહમદશાહ ૨ જો ૧૮૯

અહિપત ૧૫૩

અંકલેશ્વર ૪૧, ૪૪, ૪૫, ૪૮, ૫૬, ૬૮, ૧૦૧, ૧૨૭, ૨૫૬, ૨૭૬, ૪૭૭, ૫૬૪
અંગર ૭૦
અંજાર ૨૧, ૨૨, ૧૩૨, ૩૬૯, ૫૦૫, ૫૦૮, ૫૬૦, ૫૬૩
અંજારિયા, દુલેરાય છોટાલાલ ૪૦૧
અંજારિયા, રવિશંકર ગણેશજી ૪૦૧
અંજારિયા, હિંમતલાલ ૩૮૭
અંબાઈદાસ લશ્કરી ૨૭૫
અંબાજી ૧૪૩
અંબાલાલ સાકરલાલ દેસાઈ ૧૯૬, ૨૦૩, ૨૦૬, ૨૦૭, ૨૧૮, ૨૧૯, ૨૨૧, ૨૪૦, ૨૮૧, ૩૯૯, ૪૧૪, ૪૧૯, ૪૩૭
અંબાસણ ૧૫૧, ૧૫૩
આઈ. પિ. મીશન ૪૬૪, ૪૮૯, ૪૯૦, ૪૯૨, ૪૯૩, ૫૧૩
આઉટરામ, જેમ્સ ૧૨૯, ૨૦૦
આગાખાન ૫૪૪
આચાર્ય, ગિ.વ. ૫૭૬, ૫૮૨
આઝમખાન ૪૦,
આણંદ ૨૧, ૭૬, ૧૦૦, ૧૪૯, ૨૫૩, ૨૫૬, ૩૨૭, ૪૫૯, ૪૬૪, ૪૮૯, ૪૯૦, ૪૯૨, ૪૯૩, ૫૧૨, ૫૧૩
આણંદપર ૧૦૯, ૧૧૦
આણંદ–મોગરી ૪૩
આતર સુંબા ૧૫૩, ૧૫૪
આતાભાઈ ગોહિલ ૫૩૯
આત્મારામ નારણજી ૫૪૯
આત્મારામ ભૂખણ ૨૭૫
આત્મારામ મોતીરામ દીવાનજી ૩૮૪/૮, ૪૦૨
આદમજી અલીજી ૩૦૭
આનંદરાવ ૪૭, ૪૮, ૫૦, ૧૨૨, ૧૨૩, ૧૫૫, ૧૮૮
આનંદશંકર ૨૩૩, ૬૦૪
આનંદસિંગજી (થરાદ) ૧૫૬
આનંદ, સ્વામી ૩૩૮
આપારાવ ભોળાનાથ લાઇબ્રેરી, અમદાવાદ ૩૫૩
આબુ ૧૨૦, ૧૪૪, ૧૭૫, ૩૧૪, ૩૭૬, ૩૯૬
આમોદ ૪૫, ૪૮, ૫૧, ૫૬, ૭૭, ૧૦૧, ૫૬૩, ૫૬૪
આર. સી. ટેકનિકલ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ ૩૪૨
આર્નોલ્ડ, જોસેફ ૪૭૪
આર્બુથનોટ ૬૫
આલ્બન ૭૭
આલમગીર ૫૫૪
આવટે, રામજી સંતુજી ૪૩૨
આશકરણજી (વરસોડા) ૧૫૩
આશબર્નર ૭૦, ૭૫
આશાધર પંડિત ૩૨૫
'આશ્વલાયન ગૃહ્યસૂત્ર' ૩૨૪
આસોજ ૭૬
આહવા ૨૬૫
આંબલિયારા ૧૫૫
ઇડમંડ ઈરોનસાઈડ ૫૭
ઇતરિયા ૧૦૯, ૧૧૦

ઈનાયતહુસેન ૫૫૪
ઇન્દ્રજિત માણેકચંદ ૩૦૭
ઇન્ધામ, કેનેથ ૩૦૯
ઇબ્રાહીમખાન ૧૫૦
ઇબ્રાહીમ મહંમદ યાકુતખાન ૧ લો (સચીન) ૧૪૯
ઇબ્રાહીમ મહંમદ યાકુતખાન ૨ જો (સચીન) ૧૪૯
ઇમામશાહ ૪૫૮
ઇમામહુસેન ૨૪૫, ૩૦૬
ઇરફાન ૨૪૪–૨૪૬
ઈલિયટ, એફ. એ. એચ. ૧૨, ૧૨૫
ઇલોલ ૧૧૨, ૧૫૨, ૧૫૪
ઇસ્ટન, કર્નલ ૫૧
ઇસ્લામી યુનિવર્સિટી, લખનૌ ૩૨૯
ઈંગહામ ૧૪
ઇંદોર ૬૮, ૭૫, ૩૧૪, ૫૬૩
ઇંદ્રજી, ભગવાનલાલ ૩૯૮, ૪૭૮, ૫૭૦, ૫૭૫, ૫૭૭
ઇંદ્રસિંહજી (માલપુર) ૧૫૧
ઇંદ્રસિંહજી (વાંસદા) ૧૪૭
ઈજપુરા ૧૧૨
ઈડર ૧૨, ૩૧, ૩૩, ૭૧–૭૪, ૧૦૫, ૧૧૨, ૧૧૫, ૧૨૦, ૧૨૮, ૧૨૯, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૫, ૧૭૭, ૨૨૫, ૩૩૭, ૪૫૬, ૫૫૪, ૫૬૭
'ઈડર સ્તુતિ' ૩૩
ઈશરદાસજી ૩૩
ઈશ્વરગણેશ ૧૨૪
ઉકાભાઈ પરસુદાસ ૨૧૬
ઉગમશી ૪૫૭
ઉજીજી ૩૦૮
ઉજ્જન ૩૧૪
ઉત્તમરામ ૩૮૪/૭
ઉદયસિંહજી (ભાદરવા) ૧૫૭
ઉદયસિંહજી (વાંસદા) ૧૪૭
ઉદેકરણજી ૧૫૧
ઉદેપુર ૧૪૩, ૨૨૩, ૫૫૪
ઉનડજી ૧૪૦
ઉપરકોટ ૧૩
ઉપલેટા ૧૩૫
ઉમર ૧૪૧
ઉમરકોટ ૪૫૭
ઉમરખય્યામ ૩૮૫
ઉમરગામ ૩૦૩
ઉમરડા ૧૩૬
ઉમરસાડી ૨૯૯
ઉમરાળા ૧૪
ઉમરેઠ ૨૧, ૫૨, ૧૦૦, ૫૫૯, ૫૬૩
ઉમેટા ૧૦૭–૧૧૩, ૧૧૫
ઉમેદસિંહ (ઈડર) ૧૨૯
ઉમેદસિંહજી (મોહનપુર) ૧૫૧
ઉમ્રિપટે ૪૮૯
ઉસ્માનખાં સુલતાનખાં ૪૧૬
ઊનડી ૧૧૧
ઊમરી ૧૧૨
ઊંઝા ૫૦૫, ૫૦૭
એગ્ગલિંગ ૫૭૭
એટકિન્સન ૫
એડવર્ડ ૭ મા ૨૩, ૧૮૬
એડ્વર્ડ્ઝ મિ. ૧૨

એદલખાન ૧૪૮
એન્ગ્લિકન ૫૬
ઍન્ડર્સન, કેપ્ટન ૭૩, ૮૨
એન્ડ્રુ ડનલોપ ૫૭
ઍન્ડ્રુસ, મેજર ૭૨,૭૫, ૩૫૩
ઍન્ડ્રુસ લાઇબ્રેરી, સુરત ૨૫૧, ૨૮૧, ૩૫૩
એભલ ખાચર ૪૬૬
એરવદ, એરચ ડોસાભાઈ ૨૫૨
એરવદ માહિયાર નવરોજી કુતાર ૩૮૪/૮
ઍરિસ્ટોફેનિસ ૩૮૮, ૫૪૯
ઍલન, વિલિયમ ૯૭
ઍલિસબરો, સર ૯૫
ઍલ્જિન, લૉર્ડ ૩૧૦
ઍલ્ડવર્થ, ટૉમસ, ૩૯
ઍલ્ફિન્સ્ટન, લૉર્ડ ૫૦, ૯૧, ૧૨૩, ૨૨૫, ૪૭૨
ઍલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યુટ, મુંબઈ– ૪૪૫, ૫૯૬
ઍલ્ફિન્સ્ટન કૉલેજ, મુંબઈ ૩૪૧–
ઍસ્પ્રાન્સ, જે. ડી. ૫૮૦
ઓખા ૮૧
ઓખામંડળ ૨, ૫૨, ૮૨, ૧૨૪
ઓઝા, નાગેશ્વર ૧૩૨ ૨૨૬
ઓઝા, મૂળજી આશારામ ૫૫૧
ઓઝા, વાઘજી આશારામ ૫૫૦
ઓડ ૧૦૦
ઓઢા ખાચર ૧૪૫
ઓલપાડ ૪૪, ૪૮, ૫૧, ૪૫૬, ૫૬૩
ઑલિફન્ટ, ર્જેમ્સ ૫૨૯
ઑલિવન્ટ ૬૬
ઑલ્કોટ, ર્જેમ્સ ૪૭૭
ઔરંગઝેબ ૩૦૫, ૩૨૯, ૪૫૮, ૫૯૦
કચ્છ ૨, ૬, ૭, ૧૧, ૧૨, ૧૪, ૨૦–૨૨, ૨૪, ૨૫, ૩૧, ૩૨, ૪૯, ૬૧, ૭૮, ૮૨, ૧૦૪, ૧૧૧, ૧૧૫, ૧૧૯, ૧૨૧, ૧૨૨, ૧૨૯, ૧૩૧, ૧૩૨, ૧૩૫, ૧૩૬, ૧૪૨, ૧૫૩, ૧૫૪, ૧૫૭, ૧૮૧, ૧૮૮, ૧૮૯, ૨૧૨, ૨૧૯, ૨૨૩, ૨૩૨, ૨૫૯, ૨૮૨, ૨૯૪, ૨૯૫, ૨૯૭–૨૯૯, ૩૦૧–૩૦૫, ૩૦૯, ૩૧૪, ૩૨૪, ૩૩૨–૩૩૪, ૩૩૬, ૩૩૭, ૩૪૩, ૩૪૫, ૩૬૭, ૩૭૪, ૪૨૦, ૪૫૬–૪૫૮, ૪૬૩, ૪૬૭, ૪૮૪, ૫૦૮, ૫૦૯, ૫૨૯, ૫૩૦, ૫૩૮–૫૪૧, ૫૪૩, ૫૪૬, ૫૫૦, ૫૫૩, ૫૫૯–૫૬૩, ૫૭૦, ૫૭૨, ૫૮૧, ૫૮૨
'કચ્છ દેશનો ઇતિહાસ' ૧૨
'કચ્છભૂપતિકવિતા' ૩૨
'કચ્છભુપતિવિવાહવર્ણન' ૩૧
'કચ્છ–વૃતાંત' ૧૨
કટક ૩૧૪
કટોસણ ૧૦૭, ૧૧૨, ૧૨૦, ૧૫૪, ૧૫૫
કઠલાલ ૫૫૯
કડાકા, ધનજીશાહ હોરમઝજી ૪૦૧
કડાણા ૧૧૩, ૧૧૫, ૧૨૦, ૧૫૬

કડી ૧૭, ૩૪, ૪૭, ૪૮, ૫૨, ૭૦, ૭૯, ૧૧૯, ૩૩૭, ૪૧૪, ૪૧૫
કડોદ ૫૨
કડોલી ૧૧૨
કણબી ૨૬૫
કનારિયા ૭૯
કનિંઘમ, એલેક્ઝાન્ડર ૫૭૦, ૫૭૭
કપડવંજ ૫૨, ૫૭, ૧૦૦, ૨૭૭, ૨૯૮, ૪૯૫, ૫૦૩, ૫૫૯, ૫૬૪
કબીર ૪૫૬, ૪૫૯
કમઢિયા ૧૦૯, ૧૧૦
કમળાબાઈ ૫૫૧
કમળાશંકર પ્રાણશંકર ૩૪૦
કમાલુદ્દીનખાનજી ૧ લા ૧૪૮
કમી–કઠોદરા ૪૮
કરણસિંહજી (કટોસણ) ૧૫૫
કરણસિંહજી (માલપુર) ૧૫૧
કરણસિંહજી (લખતર) ૧૪૩
કરણસીંગજી (થરાદ) ૧૫૬
કરમચંદ પ્રેમચંદ ૨૭૫
કરમસદ ૨૫૩, ૪૮૯
કરસનજી વકીલ ૨૨૨
કરસનદાસ મૂળજી ૨૬, ૩૩, ૧૯૫, ૧૯૯, ૨૦૦, ૨૩૦, ૨૩૬, ૨૩૭, ૨૭૨, ૩૫૨, ૩૬૧, ૩૯૫, ૪૧૨, ૪૨૬, ૪૪૮, ૪૭૨–૪૭૫, ૪૭૯, ૫૯૭, ૫૯૮
કરાંચી ૨૯૪, ૨૯૬, ૨૯૮, ૨૯૯, ૩૦૨
કરિયાણા ૧૦૯
કરીમઅલી નાનજીઆણી ૩૯૮
કરીમબક્ષ ૫૫૪
કરીમભાઈ ઇબ્રાહીમભાઈ ૩૧૩
કરીમસિંહ (અહમદનગર) ૧૫૧
કર્ઝન, લૉર્ડ ૨૧૦, ૨૨૦, ૩૦૦, ૩૩૪, ૩૩૭, ૩૪૧, ૩૫૦ ૫૭૨,
કર્ણદેવ ૧૦૬
કર્ણ વાઘેલા (પેથાપુર) ૧૫૩, ૧૫૭
કર્નાક, કેપ્ટન ૪૯–૫૧
કલકત્તા ૩૧૪, ૩૫૩, ૪૪૪, ૫૭૦, ૫૭૯
કલાપી ૩૯૬
કલોલ ૭૯, ૧૦૭, ૧૧૨, ૧૨૦, ૧૫૩, ૧૫૭
કલ્યાણરાય ચતુર્ભુજ ૪૭૮
કલ્યાણસિંહજી ૧૪૪
'કવિતારૂપે ગુજરાતનો ઇતિહાસ' ૩૨
કસનદાસ ૧૫૫
કસલપુરા ૧૧૨
કહાનદાસ ૪૩૧, ૪૩૨
કંડારણા ૧૧૮
કંથારિયા, બાળાશંકર ઉલ્લાસરામ ૩૮૪/૮, ૩૯૬, ૪૫૨
કંથારિયા, સરદારસિંઘજી ૨૧૨
કાઉસન્સ, હેન્રી ૫૭૧, ૫૭૨, ૫૭૮
કાકા કાલેલકર ૩૩૮
કાઝમઅલી ૨૪૪
કાઠિયાવાડ ૨, ૭, ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૩૦, ૬૧, ૬૩, ૭૮, ૮૨, ૮૯, ૯૩, ૯૫, ૯૬, ૧૦૯, ૧૧૦, ૧૧૩, ૧૧૪, ૧૧૯, ૧૨૧, ૧૨૯, ૧૩૦, ૧૩૬, ૧૩૮, ૧૪૦, ૧૫૮, ૧૫૯,

૧૬૯, ૧૭૯, ૨૦૨, ૨૦૯, ૨૧૪, ૨૧૯, ૨૩૫, ૩૫૩, ૪૨૬, ૪૪૦, ૪૭૮, ૪૯૧, ૫૨૯, ૫૩૦, ૫૮૨, ૫૮૩.
'કાઠિયાવાડ ટાઇમ્સ' ૨૮
'કાઠિયાવાડ–ડિરેક્ટરી' ૧૫
'કાઠિયાવાડ–સમાચાર' ૨૮
કાદરી, મહેબુબમિયાં ૩૯૩, ૩૯૮
'કાદંબરી' ૩૨૩
કાનજી ભટ્ટ ૪૫૭
કાનજીભાઈ ૨૨૦
કાનાનોર ૩૧૪
કાનોજી ૧૩૪
કાન્હોજીરાવ ૪૭, ૪૯
કાપડિયા, જગજીવનદાસ ૩૯૩, ૩૯૯
કામા, ખરશેદજી નસરવાનજી ૪૨૫, ૪૪૮, ૫૪૭
કામા, ધનજીભાઈ નશરવાનજી ૫૪૭
કામા, ભીખાયજી રુસ્તમ ૨૦૮, ૨૦૯, ૨૨૨, ૨૨૩
કામા, રુસ્તમ ૨૧૨
કાર, ડૉ. ૧૬૯, ૩૩૫
કારખાજી ૮૪
કારભારી, ભગુભાઈ એફ. ૪૧૪, ૪૩૬–૪૩૮
કાર્પેન્ટર, કુ. ૩૪૬
કાર્લ માર્ક્સ ૫૮૯, ૫૯૧
કાલીકટ ૨૯૯, ૩૧૪
કાલોલ ૮૦, ૧૦૧
કાવસજી જહાંગીરજી ૨૫૨
કાવસજી દીનશા ૩૦૭
કાવી ૨૯૯
'કાવ્ય-પ્રકાશ' ૩૨૩
'કાવ્ય-પ્રદીપ' ૩૨૩
કાશી ૩૨૩, ૩૫૨
કાસોર ૨૫૩
કાળીદાસ બીજભૂખણદાસ ૪૧૩
કાળીદાસ શાસ્ત્રી ૩૨૫
કાળુભા ૧૩૯
કાળુ લુહાર ૪૧૦
કાંકરેજ ૧૦૬, ૧૧૧,
કાંગા, એમ. કે. ૫૮૫
કાંટાવાળા હરગોવિંદ ૨૦૩, ૨૩૮, ૨૮૧, ૩૮૮, ૩૯૦, ૩૯૯, ૪૨૨, ૪૪૭, ૪૫૧
કાંતિવિજયજી ૪૧૮
કાંધોજી ૪ થા ૧૪૦
કાંયોજી ૧૫૮
કિકાણી, મણિશંકર ૬૦૪
'કિરાતાર્જુનીય' ૩૨૩
કિશોરસિંહ (વરસોડા) ૧૫૩
કિશોરસિંહજી (માલપુર) ૧૫૧
કિશોરસિંહજી (રણાસણ) ૧૫૨
કીકાભાઈ ૪૧૧
કીકાભાઈ પરભુદાસ ૪૩૪
કીટિંગ, કર્નલ ૧૨૨
કીલહોર્ન ૫૭૭
કુચ, રિચાર્ડ ૧૬૧
કુત્બુદ્દીન ૩૨૯, ૪૬૧
કુબેરદાસ ૪૫૯
કુબેરસિંહ ૫૫૪

કુબેરસિંહજી ૧૪૮
'કુમારપાલચરિત' ૩૯૨
'કુમારસંભવ' ૩૨૩
કુમારસ્વામી ૬૦૧
કુરાન ૩૨૮
કુરેશી, મિ. ૧૪૨
કુંડલા ૧૩૯
કુંતલબારા ૧૨૮
કુંભોજી ૧લા ૧૫૯
કુંવરજી નાઝર ૫૪૫, ૫૪૭
કુંવરબાઈ ૫૩૬
કૂછડી ૧૩૫
કૂપર, ડૉ. ૪૧૮
કૂબા ૧૦૯, ૧૧૦
કૂંઢેલા ૪૫, ૪૬
કૃષ્ણ ૩૮૪/૬
કૃષ્ણકુમારસિંહજી ૧૪૦
કૃષ્ણરામ જુઓ કૃષ્ણ.
કૃષ્ણલાલ મહારાજ ૨૧૧
કૃષ્ણશાસ્ત્રી યજ્ઞેશ્વરશાસ્ત્રી ૪૧૭
કૃષ્ણસિંહ (ઈડર) ૧૨૯
કેકોબાદ ૨૦૬
કેખુશરુ કાબરાજી ૪૨૬, ૪૪૮, ૪૫૦
કેખુશરુ રુસ્તમજી વિકાજી ૪૦૦
કેખુશરો નવરોજજી ૨૩૭, ૪૨૫
કેખુશરો હરમસજી અલપાઈવાલા ૩૯૦
કેનિંગ, લૉર્ડ ૧૨૨
કેનેડી, ડબલ્યુ. પી. ૧૩૨
કેમ્પબેલ, જેમ્સ ૭, ૫૭૫, ૫૭૮
કેમ્રીવી ૩૧૨
કેરા ૩૦૯
કેરીપુર ૨૫૬
કેશરાજ, મુનિ ૪૨૦
કેશરીસિંહ (આંબલિયારા) ૧૫૫
કેશરીસિંહજી (ખડાલ) ૧૫૪
કેશરીસિંહજી (દાંતા) ૧૪૩
કેશરીસિંહજી (સૂંથ) ૧૪૪
કેશવચંદ્ર સેન ૪૦૩, ૪૭૬
કેશવજી ૧૯
કેશવરાવ ૫૨૯
કેશવલાલ અધ્યાપક ૫૪૬, ૫૫૦
કેશવલાલ મોતીલાલ ૫૪૯
કેશવલાલ વકીલ ૨૩૮
કેશવલાલ હરિવિઠ્ઠલદાસ ૫૪૯
કેશવરાવ ૫૨૯
'કેશવી' ૩૨૩
કેસરીસિંહ (ઈડર) ૩૩, ૧૨૯
કેસરીસિંહ (માણસા) ૧૫૨
કોચીન ૩૧૪
કોટડા-પીઠા ૧૦૯, ૧૧૦
કોટડા-સાંગાણી ૧૦૪, ૧૦૯, ૧૧૦, ૧૧૯, ૧૫૮
કોટડી ૨૨
કોટી ભાસ્કર ૨૮૬
કોટેશ્વર ૩૦૧
કોઠારા ૨૧
કોઠારિયા ૧૦૯, ૧૧૦
કોડીનાર ૧૪
કોર્નવોલિસ, લૉર્ડ ૪૬
કોરજી માધવજી ૩૦૮
કોરમેક, જોન ૧૪
કોરલ ૪૪

કોલ, મેજર ૫૭૧
કોલક ૨૯૯
કોલવડા ૧૫૩, ૩૨૪, ૩૨૫
કોલાણા ૧૨૫
કોલિયાર, ડૉ. ૩૪૪
કોલી, પી.એ. ૫૧૨
કોલ્હાપુર ૩૧૪
કોવર્નટન, જે.જી. ૩૫૦, ૩૫૧
કોળિયાક ૩૦૩
કોંકણ ૨૯૬–૨૯૯, ૩૦૧, ૩૦૨
'કૌમુદી' ૩૨૩, ૩૨૫
ક્રુકશેન્ક, કેપ્ટન ૨૭૦
ક્રોવ, મિ. ૬
ક્લાર્કસન ૩૫૦, ૪૯૧, ૪૯૨
ક્ષેમવર્ધન ૨૭૫
ખખ્ખર મગનલાલ ૩૯૪
ખટાઉ, કાવસજી ૫૪૭
ખડાણા ૨૫૩
ખડાલ ૧૦૭, ૧૧૨, ૧૫૪
ખરશેદજી બમનજી ફરામરોજ ૪૩૮
ખરેડી ૧૫૮
ખંડેરાવ ગાયકવાડ ૩૨, ૬૯, ૭૦, ૭૮, ૮૬, ૯૦, ૧૨૪, ૧૨૫, ૧૫૫, ૧૮૮, ૨૦૨, ૪૧૬, ૪૯૭, ૫૫૩
ખંભાત ૫, ૭, ૧૧, ૧૨, ૧૪, ૨૪, ૨૫, ૩૯, ૪૨, ૪૫, ૪૭, ૪૮, ૬૦, ૭૯, ૧૦૫, ૧૧૧, ૧૧૫, ૧૧૯, ૧૪૯, ૧૯૨, ૨૪૭, ૨૫૩, ૨૫૬, ૨૭૨, ૨૭૩, ૨૭૬, ૨૮૮, ૨૯૪–૨૯૭, ૩૦૦, ૩૦૨, ૩૦૫, ૩૦૬, ૩૦૮, ૩૧૪, ૩૩૭, ૩૫૦, ૪૬૨, ૪૬૪, ૫૦૦, ૫૦૫, ૫૦૭, ૫૩૧, ૫૪૨, ૫૬૪, ૫૬૫
ખંભાતા કાવસજી ૪૪૮
ખંભાળા ૧૧૦
ખાચર ૨ જા ૧૪૫
ખાનજી ૧૫૬
ખાનપુર ૭૪–૭૬, ૭૮, ૮૦
ખાનાજી (કટોસણ) ૧૫૪
ખિઝર ૨૪૫
ખિરસરા ૧૦૯, ૧૧૦ ૧૧૯
ખુમાનસિંહજી (માલપુર) ૧૫૧
ખુમાનસિંહજી (રણાસણ) ૧૫૨
ખુરશેદજી ૩૦૩
ખુરશેદજી બાબીવાલા ૫૪૫, ૫૪૭
ખુશાલરાય સારાભાઈ ૨૩૮
ખેડા ૨, ૬, ૭, ૧૪, ૨૧, ૨૮, ૪૭, ૪૮, ૫૦, ૫૪, ૫૭, ૫૮, ૬૦, ૬૧, ૬૮, ૭૦, ૭૬, ૭૭, ૭૯, ૮૦, ૯૧, ૯૬, ૯૯–૧૦૧, ૧૦૪, ૧૪૯, ૧૫૪, ૧૬૫, ૧૬૭, ૨૨૩, ૨૫૩, ૨૬૧, ૨૬૯, ૩૦૫, ૩૧૨, ૩૧૫, ૩૨૦, ૩૨૧, ૩૨૭, ૩૩૨, ૩૩૬, ૩૩૭, ૩૪૫, ૩૬૭, ૩૭૫, ૪૩૧, ૪૩૨, ૪૪૨, ૪૭૬, ૫૧૩, ૫૨૬, ૫૫૯, ૫૬૪, ૫૬૭, ૬૦૨
'ખેડા–વર્તમાન' ૨૮
ખેડાવાડી ૧૧૨
ખેરવાડા ૫૧૩
ખેરાળુ ૭૨, ૭૯, ૧૨૦, ૫૩૮
ખેંગારજી ૩ જા (કચ્છ) ૨૦, ૨૪, ૩૧, ૧૩૧, ૧૯૦, ૫૮૦, ૫૮૧
ખેંગારસીંગજી(થરાદ) ૧૫૬
ખોરી, એદલજી જમશેદજી ૩૯૮

ખ્વાજા, ખ્વાજા—ઉદ્—દીન નકશબંદ ૪૬૧
ખ્વાજા, મુઇન–ઉદ્–દીન ૪૬૧
ગજ્જર, ત્રિભોવનદાસ કલ્યાણદાસ
૨૦૬, ૨૧૮, ૨૮૬, ૨૮૭, ૩૪૨,
૪૧૪, ૪૧૭
ગજ્જર, શિવગૌરી ૨૦૦, ૨૪૦
ગજનફરખાનજી ૧ લા ૧૪૮
ગજાનન ભાસ્કર ૪૧૭
ગઢકા ૧૦૯, ૧૧૦
ગઢડા ૪૬૬, ૪૬૭, ૫૦૦, ૫૦૫,
૫૦૯–૫૧૧, ૫૩૭, ૫૪૨
ગણુદેવી ૨૭૬, ૩૨૪, ૩૨૫, ૫૬૦
ગણુપતરામ કૃષ્ણુજી ૪૦૮
ગણુપતરામ રાજારામ ૩૮૯, ૩૯૧
ગણુપતરાવ ૧૮૮, ૫૦૬
'ગણેશશતક' ૮૪
ગરબડદાસ ૭૬
ગલાલિયો ૯૪
ગવરીદડ ૧૦૯, ૧૧૦
ગંગદાસજી ૧૫૦
ગંગદાસજી ૨ જા ૧૪૬
ગંગરોલ ૮૪
ગંગાધર શાસ્ત્રી ૪૯, ૫૦, ૩૬૨, ૩૬૬,
૩૯૯
ગંગારામજી ૫૫૪
ગંગાશંકર મણિશંકર વૈષ્ણવ ૪૦૨
ગંડુ ૨૩૦
ગંભીરસિંહ (ઈડર) ૧૨૭–૧૨૯
ગંભીરસિંહજી (પેથાપુર) ૧૫૩
ગાબટ ૧૧૨
ગામડી ૨૫૩, ૪૮૯
ગારિયાધર ૧૪
ગાંગરડી ૨૬૫
ગાંધી, કરમચંદ ઉત્તમચંદ ૧૩૪
ગાંધી, ચુનીલાલ માણેકલાલ ૩૯૩
ગાંધીજી ૩૩, ૨૧૭, ૨૭૩, ૩૧૨,
૩૩૯, ૪૨૭, ૪૪૧, ૬૦૦
ગાંધીનગર ૫, ૫૩૧, ૫૩૯, ૫૫૯
ગાંધી, બહેરામજી ૪૪૮
ગાંધી, ભોગીલાલ ભીખાભાઈ ૪૧૫
ગાંધી, મણિલાલ ૩૧૨
ગિરધર ૩૮૪/૪
ગિરધરલાલ દયાળદાસ ૪૪૯
ગિરધરલાલ પ્રમોદરાય ૪૩૭
ગિરનાર ૧૩, ૧૪, ૪૫૮, ૫૦૦, ૫૪૧
૫૭૧, ૫૭૭, ૫૭૮
ગીદડ ૧૪૮
ગીર ૮૨
'ગુજરાત ગૅઝેટ' ૨૮
'ગુજરાત તથા કાઠિયાવાડ દેશની
વાર્તાઓ' ૧૪
'ગુજરાત–દર્પણ' ૪, ૨૮
'ગુજરાત દેશનો ઇતિહાસ' ૯
'ગુજરાતના હિંદુઓની સ્થિતિ' ૩૩
'ગુજરાતનો ઇતિહાસ' ૧૦
'ગુજરાતી પંચ' ૨૯
ગુજરાત પ્રોવિન્શ્યલ કૉલેજ,
અમદાવાદ ૩૩૮
'ગુજરાત–મિત્ર' ૪, ૨૮, ૪૭૧, ૫૯૫
'ગુજરાત–રાજસ્થાન' ૧૦
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી,
અમદાવાદ ૧૭, ૨૩૫, ૨૩૯,

૨૪૧, ૩૩૨, ૩૪૪, ૩૫૦, ૩૫૩, ૩૬૧, ૩૬૪, ૩૬૫, ૩૯૧, ૩૯૪, ૩૯૫, ૩૯૭, ૩૯૯, ૪૦૦, ૪૧૪, ૪૧૬, ૪૧૯, ૪૨૨, ૪૨૮, ૪૩૦, ૪૪૭, ૪૭૨, ૪૮૨, ૫૯૫, ૫૯૬
ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ—જુઓ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી.
'ગુજરાત–શાળાપત્ર' ૨૮
'ગુજરાતસર્વસંગ્રહ' ૮
ગુટનબર્ગ, જ્હોન ૪૦૬
ગુણાતીતાનંદ ૪૬૮
ગુમાનસિંહજી ૧૪૬
ગુલાબદાસ ભાઈદાસ વકીલ ૨૧૬
ગુલાબભાઈ નરોત્તમ ૫૦૬
ગુલાબરાય બાબુરાય ૩૮૪/૮
ગુલાબસાગર ૫૫૪
ગુલાબસિંહ ૧૪૭, ૫૫૪
ગુલામ રસૂલ ૨૭૯, ૫૫૪
ગૂલમાજી ૨૫૨
ગૂંદરાસણ ૧૭
ગેડા ૨૧
ગેરીતા–કોલવડા ૩૨૪, ૩૨૫
ગોકુળદાસ તેજપાળ ૨૧૭, ૪૭૪
ગોખલેજી ૩૩૪
ગોડાર્ડ ૪૫, ૪૬
ગોધરા ૭૪–૭૬, ૮૦, ૯૩, ૧૦૧, ૧૦૨, ૧૨૧, ૨૦૨, ૨૭૬, ૫૧૩, ૫૬૭
ગોપાળદાસ ૪૫૯, ૫૬૭
ગોપાળરાવ મેરાદ ૪૯૮
ગોપાળરાવ મૈરાલ ૧૨૪, ૧૨૫, ૨૫૧
ગોપાળ હરિ દેશમુખ ૨૩૮, ૨૮૧, ૪૪૭, ૪૭૭, ૪૮૭
ગોપાળાનંદ ૪૬૬, ૪૬૮
ગોપીચંદ ૫૩૫
ગોપીનાથ રાવ ૫૭૭
ગોમ્સ, એમ. એક્સ. ૪૮૯
ગોરધનદાસ ૯૨
ગૉર્ડન, રૉબર્ટ ૪૩
ગોવર્ધન ૩૮૪/૬
ગોવર્ધનદાસ લક્ષ્મીદાસ ૩૨
ગોવર્ધનરામ ૩૩, ૬૦૪, ૬૦૭
ગોવા ૪૦૬
ગોવિંદ અમીન ૨૨૩
ગોવિંદજી ઝાલા ૧૪૧
ગોવિંદનારાયણ ૩૯૦, ૪૦૦
ગોવિંદરામ ગાયકવાડ ૧૭
ગોવિંદરાવ ૪૧, ૪૪, ૪૬, ૪૭, ૪૯, ૭૦
ગોવિંદરાવ પાટીલ ૨૧૬
ગોવિંદસિંહ ૫૫૪
ગોવિંદસિંહજી (માલપુર) ૧૫૧
ગોસાઈ લક્ષ્મણગર ૪૫૯
ગોસાઈ હીરાગર ૨૧
'ગોહિલ બિરદાવલી' ૩૨
ગોહિલવાડ ૨, ૧૦૮, ૧૦૯, ૧૧૯, ૧૬૦
ગોંડળ ૩૨, ૯૬, ૧૦૪, ૧૦૯, ૧૧૦, ૧૧૯, ૧૩૪, ૧૩૫, ૧૫૮, ૧૫૯, ૩૦૧, ૩૫૧

'ગોંડળનો ઇતિહાસ અને મહારાજા શ્રી ભગવતસિંહજી જીવનચરિત્ર' ૧૨
ગૌતમેશ્વર ૮૩
ગૌરીશંકર ઓઝા ૧૪૦, ૪૭૮
ગૌરીશંકર વૈરાટી ૫૫૦
ગૌહર ૫૪૪
'ગ્રહલાઘવ' ૩૨૩
'ગ્રંથાલય મિસેલિની' ૩૫૬
ગ્રાઇંડો, મેજર ૭૯
ગ્રાન્ટ ૩૪૧
ગ્રાન્ટ મેડિકલ કોલેજ, મુંબઈ ૩૪૧
ગ્રીન ૩૩૫
ગ્રીવ ૪૧૭
ગ્રેહામ, ટૉમસ ૪૧૦, ૪૧૧
ગ્લાસગો ૩૩૫
ગ્લેડસ્ટન સોલોમન ૫૩૦
ગ્વાલિયર ૪૬, ૬૭, ૧૬૧
ઘનશ્યામ ૧૯૭, ૪૬૫
ઘનશ્યામસિંહજી ૧૩૭
ઘસીટખાં સિતારિયા ૫૫૪
ઘૂમલી ૧૪
ઘેડ ૨૦
ઘેલાભાઈ ૪૧૧
ઘેલાભાઈ વલ્લવભાઈ ૫૦૬
ઘેલો ખુમાણ ૧૩૯
ઘોઘા ૧૪, ૪૮, ૫૦, ૫૬, ૫૭, ૭૧, ૧૪૧, ૨૫૩, ૨૫૬, ૨૯૭–૩૦૧ ૩૦૩, ૩૩૨, ૩૮૪/૪, ૪૬૪
ઘોડવાડા ૧૫૦
ઘોડાદર ૧૫૦
ઘોડાસર ૧૧૨
ઘોષ, રાસબિહારી ૨૦૭, ૨૧૧
ચમારડી ૧૧૧, ૧૬૦
ચરક ૩૨૩
ચંડીસર ૫૨૧
ચંદરાજી ૫૩૨
ચંદ્રપ્રભા ૫૫૪
ચંદ્રસિંહ (પોળો) ૧૫૦
ચંદ્રસિંહજી (ગોંડલ) ૧૩૪
ચંદ્રસિંહજી (ધ્રાંગધ્રા) ૨૦
ચંદ્રસિંહજી (વઢવાણ) ૧૩૯
ચંદ્રસિંહજી (વાંકાનેર) ૧૩૮
ચંદ્રસિંહજી (વાંસદા) ૫૫૪
'ચંદ્રાર્કી' ૩૨૩
ચંદ્રાવતી ૧૪, ૧૫૦, ૧૫૨
ચંદ્રાસર ૨૦
ચાડચટ ૧૧૧
ચાણોદ ૮૬, ૩૨૪
ચાર્લ્સ વિલ્કિન્સ ૫૬૯
ચાર્લ્સ વુડ ૩૩૩, ૩૪૫, ૩૪૬, ૪૫૧, ૫૯૪
ચાંડપ ૭૧, ૨૦૨
ચાંદોજી (પેથાપુર) ૧૫૩
ચાંદોદ ૩૨૪
ચાંપરાજ ૧૬૦
ચાંપાનેર ૭૬, ૯૨, ૫૦૨, ૫૦૫
ચિતોડ ૧૫૭
ચિનાઈ, હોરમસજી ફરામજી ૩૯૯
ચિપલોણકર, વિષ્ણુ ગોવિંદ ૪૦૨
ચિમનાબાઈ ગાયકવાડ ૨૪૧
ચિશોલ્પ, મિ. ૪૯૮

ચીખલી ૪૪, ૪૭, ૪૮, ૫૪, ૮૯, ૫૬૦
ચીનુભાઈ બૅરોનેટ ૩૩૯, ૫૦૭, ૫૨૪, ૬૦૨
ચીમનલાલ નરસીદાસ ૩૨
ચુડાસ્રા ૭૪
ચુનીલાલ દુર્ગાદાસ ૫૫૦
ચુનીલાલ બાપુજી ૩૯૩, ૩૯૭
ચૂડા ૧૦૯, ૧૧૦, ૧૧૯, ૧૪૩, ૧૫૪
ચૂંવાળ ૪૫૮
ચેપમૅન, મિ. ૭
ચોક ૧૧૧, ૧૬૦
ચોટીલા ૧૦૯, ૧૧૧, ૧૬૦
ચોરવાડ ૧૪
ચોરાડ ૧૧૧
ચૌહાણ, હમીરશીંગ ૭૪
છત્રપતિ શિવાજી ૪૨૧
છત્રસાલજી (કડાણા) ૧૫૬
છત્રસાલજી (સંજેલી) ૧૫૭
છત્રસિંહજી (રાજપીપળા) ૧૨૭
છપૈયા ૪૬૫, ૬૦૫
છસરા ૨૨
છેલાજી, માસ્ટર ૫૫૫
છોટમ કવિ ૩૮૪/૫
છોટમલાલ ૪૨૯
છોટાઉદેપુર ૭૮, ૮૦, ૯૪, ૧૦૬, ૧૧૩, ૧૨૦, ૧૨૨, ૧૪૫, ૧૪૬, ૧૯૨, ૨૬૧, ૨૬૫, ૪૬૪, ૫૨૬
છોટાલાલ કાલિદાસ ત્રિવેદી—જુઓ છોટમ કવિ.
છોટાલાલ જીવણલાલ માસ્તર ૪૮૦
છોટાલાલ મુનશી ૫૪૯
છોટાલાલ શિવજી ૧૪૮
છોટાલાલ સેવકરામ ૪૦૦
જખૌ ૩૦૧, ૩૦૩
'જગડુચરિત' ૩૯૨
જગડુશાહ ૩૯૪
જગતસિંહજી (ખડાલ) ૧૫૪
જગતસિંહજી (દાંતા) ૧૪૩, ૧૪૪
જગતસિંહજી (માલપુર) ૧૫૧
જગતસિંહજી (સંજેલી) ૧૫૭,
જગન્નાથ ૩૨૫
જગન્નાથ શંકર શેઠ ૨૧૩, ૫૪૫
જગન્નાથ શાસ્ત્રી ૪૬૨
જગાભક્ત ૪૬૮
જડીબેન ૮૩
જદુનાથજી ૨૩૬, ૨૩૭, ૪૭૩, ૪૭૪, ૫૯૭
'જમણવાર વિશેનો નિબંધ'. ૩૩
જમનાબાઈ ૧૨૪, ૧૨૫
જમશેદજી ૨૪૮, ૩૦૩, ૫૦૩
જમશેદજી જીજીભાઈ ૨૫૧, ૩૪૨, ૫૩૦, ૫૪૫
જમશેદજી તાતા ૩૧૪, ૫૦૩
જમશેદપુર ૩૧૪
જમાલમિયાં ૧૫૪
જમાલુદ્દીન બીનકાર ૫૫૪
જમિયતરાય શાસ્ત્રી ૩૯૮
જમ્બૂર ૨૬૨, ૫૪૧
જયકૃષ્ણ ઇન્દ્રજી ૪૦૧
જયપુર ૧૬૧, ૩૧૪, ૩૨૮, ૫૫૪
જયરામ શિવજી ૩૦૭
જયશંકર દલપતરામ ૩૨

જયશંકર ('સુંદરી') ૫૪૪, ૫૪૮, ૫૫૦
જયસિંહજી ૧૩૩
જરથુસ્ત્ર ૪૬૩
જરવીસ, જી. આર. ૩૯૦
જલાલપોર ૫૬૦
જલાલુદ્દીનખાનજી ૧૨૮
જવાનસિંગ ૧૨૯
જવાંમર્દખાન ૧૨૮
જશવંત ૩૮૪/૭
જસદણ ૧૦૬, ૧૦૯, ૧૧૦, ૧૧૯, ૧૪૫
જસપાલ ૧૫૦
જસવંતસિંહજી (કટોસણ) ૧૫૫
જસવંતસિંહજી (દાંતા) ૧૪૪
જસવંતસિંહજી (ભાવનગર) ૧૩૨, ૧૩૭–૧૪૦
જસવંતસિંહજી (માલપુર) ૧૫૧
જસવંતસિંહજી (લીંબડી) ૩૧
જસવોજી ૧૫૬
જસોજી ૧૫૯
જહાંગીર ૩૯
જહાંગીરજી ૩૦૩
જહાંગીર બહેરામજી મર્ઝબાન ૩૯૭
જહાંગીરમિયાં ૧૪૮
જંજીરા ૧૦૫
જંજૂડા ૩૦૧
જંબુસર ૪૧, ૪૩, ૪૮, ૫૧, ૫૬, ૭૭, ૧૦૧, ૨૫૩, ૨૯૯, ૩૩૨
'જાગદીશી' ૩૨૩
જાગીરદાસ કાનદાસ ચારણ ૭૫
'જાતકચંદ્રિકા' ૩૨૩
જાની, અમૃત ૫૪૮
જાફરઅલીખાન (ખંભાત) ૧૪૯ ૨૭૩
જાફરઅલીખાન (સુરત) ૨૫૧
જાફરખાન ૧૯૨
જાફરાબાદ ૧૦૫, ૧૦૯, ૧૧૦, ૧૧૯, ૩૦૦, ૩૦૧, ૩૦૩
જાફરી વહોરા ૪૬૨
જામ જસાજી ૧૩૨
જામનગર ૨૦, ૩૧, ૩૮, ૪૯, ૮૩, ૧૧૮, ૧૧૯, ૧૩૨, ૧૩૩, ૧૩૮, ૨૫૯, ૨૭૮, ૩૦૧, ૩૨૪, ૩૨૫, ૩૩૭, ૩૩૮, ૩૬૯, ૪૨૬, ૪૫૭, ૪૮૯, ૪૯૬, ૪૯૮–૫૦૦, ૫૧૨, ૫૨૪, ૫૫૪, ૫૬૦, ૫૬૩, ૫૬૪, ૬૦૨
જામ રાવળ ૧૫૮
જામ વિભાજી ૨૦, ૨૫, ૧૯૧
જામ સતાજી ૧૩૨
જામાસ્પજી દસ્તૂર ૪૧૩
જામે જમશેદ ૨૯, ૪૦૮
જાલમપુરા ૧૫૪
જાલમસિંહજી (આંબલિયારા) ૧૫૫
જાલમસિંહજી (ઘોડાસર) ૧૫૪
જાલમસિંહજી (દાંતા) ૧૪૪
જાલમસિંહજી (ભાદરવા) ૧૫૭
જાલમસિંહજી (માલપુર) ૧૫૧
જાલમસિંહજી (મોહનપુર) ૧૫૦
જાલમસિંહજી (વઢવાણ) ૧૩૯
જાલમસિંહજી ૨ જા (કડાણા) ૧૫૬
જાલિમસિંહ (અહમદનગર) ૧૫૧
જાલોર ૧૦૫

જાવજી દાદાજી ૪૧૦, ૪૧૧
જાસપુર ૧૫૭
જાલિયા–દેવાણી ૧૦૯, ૧૧૦
જાંબુ ૧૦૫
જાંબુધોડા ૭૬, ૯૪, ૨૦૨
જિતસિંઘજી ૧૫૦
જિતસિંહજી ૧૪૬
જિનકુશલ ૫૩૩
જિયોજી ૧૩૫, ૧૫૮
જીજીભાઈ ગઢવી ૫૫૨
જીજીભાઈ બહેરામજી ૪૦૯
જીવણખાનજી ૧૫૮
જીવણ લુહાર ૪૧૦, ૪૧૧
જીવરામ ગોર ૩૨
જીવરામ ભટ્ટ ૩૮૯
જીવાભાઈ ૭૬
જીંજા ૩૧૦
જુઆન દ બુસ્તામાંતે ૪૦૬
જુગતરામ ૩૩૮
જૂનાગઢ ૧૦, ૧૨–૧૪, ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨–૩૪, ૪૯, ૬૧, ૧૦૫, ૧૦૯, ૧૧૦, ૧૧૯, ૧૨૧, ૧૩૪, ૧૩૯, ૧૪૧, ૧૪૨, ૧૪૮, ૧૫૯, ૧૬૦, ૧૭૯, ૧૮૧, ૧૮૮, ૧૯૦, ૨૧૯, ૨૨૩, ૨૩૬, ૨૩૭, ૨૫૯, ૨૬૨, ૩૦૧, ૩૨૪, ૩૩૬, ૩૩૭, ૩૩૯, ૩૬૯, ૩૮૪/૧, ૪૪૩, ૪૪૬, ૪૫૯, ૪૭૮, ૪૯૮, ૫૦૫, ૫૦૯, ૫૧૦, ૫૨૦, ૫૩૦, ૫૩૭, ૫૪૨, ૫૪૬, ૫૫૪, ૫૬૭, ૫૭૬, ૫૭૮, ૫૮૬
જુવાનસિંહજી ૩૦, ૭૨
જેકબ, કર્નલ ૧૪૧
જેક્સન ૫૭૫
જેકિસન લલ્લુભાઈ અઠ્ઠાવાલા ૪૩૪
જેઠા ખુશાલજી ૫૯
જેઠારામ ૩૮૪/૭
જેઠા શિવજી ૨૦, ૨૧
જેઠો ભટ્ટ–જુઓ જેઠારામ.
જેતજી ૧૬૦
જેતપુર ૯૪, ૧૦૬, ૧૦૯, ૧૧૦, ૧૧૮, ૧૧૯, ૧૩૯, ૧૫૯, ૧૬૦, ૫૫૯
જેતલપુર ૫૦૫, ૫૦૯, ૫૧૦, ૫૨૬, ૫૩૭, ૫૪૨
જેતલસર ૧૧૧
જેતસિંહજી (માલપુર) ૧૫૧
જેતોજી ૧૬૦
જેસલમેર ૪૫૭
જોગ, માધવરાવ ત્ર્યંબકરાવ ૩૧૪
જોગીદાસ ખુમાણ ૧૩૯, ૧૪૦
જોડિયા ૩૦૦, ૩૦૧, ૩૦૩
જોધપુર ૨૨, ૧૨૯, ૧૪૪, ૧૫૧, ૨૨૫, ૪૫૬
જોધા માણેક ૮૧, ૮૨
જોનાથન ડંકન ૪૭, ૪૪૪
જોરાવરખાન ૨૫, ૧૨૮, ૧૯૧
જોરાજી (માણસા) ૨૫૨
જોરાવરનગર ૧૪૩, ૫૬૪
જોરાવરસિંઘજી (પાટડી) ૨૩૧
જોરાવરસિંહજી–જોરામિયાં (આતરસૂંબા) ૧૫૩, ૧૫૪

જોરાવરસિંહજી (પાટડી) ૧૪૮
જોરાવરસિંહજી (સૂંથ) ૧૪૫
જોરિયા ૯૪
જોશી, કરુણાશંકર ૩૨૫
જોશી, નાગેશ્વર જયેષ્ઠારામ ૩૯૨
જોશી, ફૂલશંકર ત્ર્યંબકરામ ૩૨૪
જોશી, બી.બી. ૩૩૮
જોશી, ભવાનીશંકર રામેશ્વર ૩૯૨
જોશી, મગનલાલ ૩૨૫
જોશી, વૈકુંઠ ૩૨૫
જોશી, સાંકળેશ્વર ૨૩૮, ૩૯૧
જોશી, હરિપ્રસાદ દલસુખરામ ૨૩૨
'જ્ઞાતિનિબંધ' ૩૩
'જ્ઞાનચક્ર' ૧૬
'જ્ઞાનદીપક' ૨૮
'જ્ઞાનવર્ધક' ૨૮
'જ્ઞાનસુધા' ૨૮
જ્યૉર્જ ૫ મા (પંચમ જ્યૉર્જ) ૨૩,
જ્યૉર્જ જાર્વિસ ૩૬૨
ઝઘડિયા ૫૬૪
ઝરિયા ૩૧૪
ઝવેરચંદ લક્ષ્મીચંદ ૨૭૫
ઝવેરી, કૃષ્ણલાલ મોહનલાલ ૩૮૪
ઝવેરી, જીવણચંદ સાકરચંદ ૪૨૦
ઝવેરી, ડાહ્યાભાઈ ધોળશાજી ૫૪૬, ૫૪૭, ૫૫૦, ૫૫૫
ઝવેરી, મોતીલાલ ૩૪૮
ઝવેરી, મોહનલાલ ૩૩
ઝવેરી, રણછોડદાસ ગિરધરભાઈ ૨૩૪, ૩૪૮, ૩૬૦, ૩૮૪, ૩૯૦
ઝવેરીલાલ ઉમિયાશંકર ૪૭૪
ઝવેરી, શાંતિદાસ ૫૦૨
ઝાલાજી ૧૫૫
ઝાલા, પુરુષોત્તમરાય સુંદરજી ૧૪૨
'ઝાલાવંશવારિધિ' ૧૨
ઝાલાવાડ ૨, ૬૩, ૧૦૮, ૧૦૯, ૧૧૮, ૧૫૭, ૧૬૦, ૩૬૬, ૩૬૮, ૩૭૧, ૩૭૩
ઝાલોદ ૮૦, ૧૫૬, ૪૬૪
ઝાંઝીબાર ૫૬૧
ઝાંપા ૨૨
ઝીણા ૨૧૭
ઝીંગોજી ગાયકવાડ ૧૨૫
ઝીંઝુવાડા ૧૧૧, ૧૧૯
ટક્લ ૩૩૫
ટહેમુલજી મિરઝા ૫૦૦
ટહેલદાસ ૮૪, ૮૫
ટંકારિયા ૨૯૯
ટાઉન્શેન્ડ ૩૩૫
ટાગોર, અવનીન્દ્રનાથ ૬૦૩
ટાગોર, દેવેન્દ્રનાથ ૪૭૬
ટેયલર, કેપ્ટન ૬૯
ટેલર (ખંભાત પાસે) ૨૫૬
ટેલર, જી. વી. ૪૯૨, ૬૦૪
ટેલર, જોસેફ વાન સોમરેન (ટેલર, જે. વી. એસ.) ૩૯૯, ૪૯૨, ૪૯૩
ટેલર (બિશપ) ૩૫૯
ટેંબા ૪૧
ટૉડ, જેમ્સ ૧૪, ૫૦૦, ૫૭૬, ૫૭૭

ટોમર, મેજર ૭૫
ટોમસ રો, સર ૩૯
ટયુકર, શ્રીમતી ૪૯૦
ઠક્કર, નારાયણ વસનજી ૫૫૦
ઠક્કરબાપા (અમૃતલાલ) ૩૭૯
ઠક્કર, મથુરાદાસ લવજી ૪૭૫
ઠાકર, ધીરુભાઈ ૪૮૩
ઠાકોર, ઠાકોરલાલ પ્રમોદરાય ૪૩૭
૪૩૮
ઠાકોર, બળવંતરાય ક. ૩૯૪
ડનલોપ, જે.એ. ૫૯
ડફરીન, લૉર્ડ ૨૮૫
ડભોઈ ૪૫, ૪૬, ૪૮, ૫૧, ૫૨, ૧૨૩, ૧૨૪, ૫૨૭, ૫૬૪
ડંકન ૪૭, ૫૨
ડાકોર ૬, ૧૦૦, ૨૫૬, ૫૫૯
ડાભા ૧૧૨
ડાહીલક્ષ્મી પુસ્તકાલય, નડિયાદ ૩૫૩
ડાહ્યાભાઈ અનોપચંદ ૫૦૮
ડાહ્યાભાઈ ઘેલાભાઈ ૩૯૩
ડાહ્યાભાઈ દેરાસરી ૩૯૩, ૪૦૧, ૪૨૨
ડાહ્યાલાલ શિવરામ ૫૫૩
ડાંગ ૧૧૯, ૨૫૯, ૨૬૨ ૩૭૬, ૫૬૭
'ડાંડિયો' ૪, ૨૮, ૨૩૩, ૨૩૬, ૪૩૫, ૪૪૯, ૪૭૩
ડાંભેલ ૩૩૧
ડિસકળકર, દ. બા. ૫૮૭
ડિસોઝા, ગિલ્ડર ૨૭૯
ડીસા ૭૩, ૮૧, ૨૫૩, ૩૧૪, ૪૬૪, ૫૦૧, ૫૧૩
ડુંગરપુર ૧૨૦, ૧૨૯, ૧૫૬, ૩૭૩, ૫૧૯
ડેડાણા ૧૦૯, ૧૧૦
ડેલહાઉસી, લૉર્ડ ૬૬, ૧૬૭, ૨૯૫, ૩૦૦
ડેવિડ, હેર ૪૪૪
ડેવિસ ૭૭
ડૉનોવાન, કર્નલ ૮૧, ૮૨
ડોસાભાઈ અભેચંદ ૫૩૩
ડોસાભાઈ ફરામજી ૩૯૧
ડોસીબાઈ ૨૫૧
ડોસોજી ૧૫૮
ડ્રમંડ, ડૉ. ૩૫૦, ૩૬૬, ૪૧૨, ૫૯૫
ઢાંક ૧૦૬, ૧૫૯
'તખ્તયશત્રિવેણિકા' ૩૨
'તખ્તયશબાવની' ૩૨
'તખ્તયશસંગીતસુમન' ૩૨
'તખ્તવિરહબાવની' ૩૨
તખ્તસિંહજી (અહમદનગર) ૧૫૧
તખ્તસિંહજી (કટોસણ) ૧૫૫
તખ્તસિંહજી (દાંતા) ૧૪૪
તખ્તસિંહજી (ભાવનગર) ૩૨, ૧૪૦
તખ્તસિંહજી (માણસા) ૧૫૨
તખ્તસિંહજી (માલપુર) ૧૫૧
તખ્તસિંહજી (લાઠી) ૧૪૫
તખ્તસિંહજી (સુદાસણા) ૧૫૬
તલાળા ૨૬૨
તળાજા ૨૧, ૨૯૮, ૩૦૦, ૩૦૧, ૩૦૩
તાજપુરી ૧૧૨
તાજપોર ૮૫
તાત્યા ટોપે ૭૮, ૮૦–૮૨, ૮૪, ૮૫, ૧૪૬, ૨૦૩
તારાપુર ૩૦૩

તારાપોરવાળા, શાપુરજી ભીમજીભાઈ ૪૪૯
તાંજોર ૪૪૪
તીલદારખાન ૭૪
તૂણા ૧૩૨, ૩૦૧, ૩૦૩
તેજપુરા ૧૧૨
તેજોજી ૧૫૯
તેલંગ, કે. ટી. ૨૧૬
તોગાજી ૧૫૯
તોલીરાણી ૪૫૭
ત્રવાડી, કૃપાશંકર દોલતરામ ૩૯૩, ૩૯૯
ત્રવાડી, કે. વી. ૫૪૯
ત્રવાડી, શ્રીકૃષ્ણનાથજી ૨૭૫
ત્રિકમદાસ ૩૦૯
ત્રિકમલાલ દામોદરદાસ ૪૦૨
ત્રિપાઠી, ગોવર્ધનરામ મા. ૨૧૯, ૨૩૭, ૨૩૮, ૩૫૨, ૩૮૬–૩૮૮, ૩૯૪, ૪૧૯, ૪૩૧, ૪૭૯, ૪૮૩
ત્રિપાઠી, જગન્નાથ ('સાગર') ૩૮૫
ત્રિપાઠી, ધનશંકર હીરાશંકર ૪૩૮, ૪૫૨
ત્રિપાઠી, મનઃસુખરામ સૂર્યરામ ૩૯૩, ૩૯૪, ૪૭૯, ૪૮૨
ત્રિભોવનદાસ ગંગાદાસ ૪૧૩
ત્રિભોવનદાસ માળવી ૨૦૬, ૨૧૮
ત્રિભોવનદાસ મોતીચંદ શાહ ૪૦૧
ત્રિવેદી, અતિસુખશંકર કમળાશંકર ૩૯૧, ૩૯૮
ત્રિવેદી, ઉત્તમલાલ કેશવલાલ ૩૯૨
ત્રિવેદી, કમળાશંકર ૩૯૮, ૪૪૮
ત્રિવેદી, જગજીવનદાસ શિવશંકર ૪૩૮
ત્રિવેદી, જયંતીલાલ ૫૪૮
'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' ૩૯૨, ૪૨૦
ત્રીકમ (કુમુદ) ૫૫૧
ત્રીકમ (સુરભિ) ૫૫૧
ત્ર્યંબકજી ડેંગળે ૫૦, ૫૧
થરા ૧૧૧
થરાદ ૧૦૬, ૧૧૧, ૧૫૬
થાણા ૯૧, ૯૨
થાણા–દેવળી ૧૧૯
થાનકી, રતનરામ ૩૩૭
થાન–લખતર ૧૧૦
દત્ત, આર. સી. ૧૨૬
દધાલિયા ૧૦૬, ૧૧૨
દમણ ૭૯, ૩૦૩, ૩૩૨
દયાનંદ સ્વામી (નાના સાહેબ) ૮૩, ૮૪
દયાનંદ સરસ્વતી ૧૯૭, ૪૭૮, ૪૮૦
દયારામ ૩૫૯, ૩૬૫, ૩૮૪/૧, ૩૮૪/૨, ૪૨૨
દયારામ ડાહ્યાભાઈ ૩૯૮
દયારામ શુક્લ ૩૨૫
દયાશંકર શામજી ૩૨
દરિયાખાન ૨ જા ૧૫૮
દરોગા, બેજનજી રુસ્તમજી ૪૪૦
દલપતરામ કવિ ૧૫, ૩૦, ૩૧, ૧૨૪, ૧૯૬, ૧૯૯, ૨૩૦, ૨૩૫, ૨૮૧, ૩૩૨, ૩૩૩, ૩૪૪, ૩૪૫, ૩૪૭, ૩૪૯–૩૫૨, ૩૫૯, ૩૬૫-૩૬૮, ૩૮૭–૩૮૯, ૩૯૧, ૪૦૮, ૪૨૯, ૪૪૫, ૪૪૭, ૪૭૨, ૪૭૭–૪૭૯, ૪૮૩, ૫૪૯, ૫૭૦, ૫૯૭, ૬૦૦, ૬૦૧

દલપતરામ ભગુભાઈ ૩૩૫
દલપતરામ માસ્તર ૧૯૯, ૨૧૪, ૨૩૪, ૪૬૯
દલપતસિંહજી ૧૪૬
દલપતસિંહજી (ઘોડાસર) ૧૫૪
દલપતસિંહજી (ભાદરવા) ૧૫૭
દલસુખરામ ૫૫૪
દલાલ, ચીમનલાલ ડાહ્યાભાઈ ૪૧૮
દલાલ, તાપીદાસ મોહનભાઈ ૫૦૭
દલાલ, મોતીભાઈ ૪૫૨
દલાલ, વિઠ્ઠલ રાજારામ ૪૧૪
દલીજી ૧૫૦
દલેલસિંહજી ૧૪૬
દવે, કૃષ્ણરામ ૭૬
દવે, નરભેરામ કાશીરામ ૫૪૯
દસાડા ૧૦૯, ૧૧૧, ૧૬૦
દસ્તૂર, ખુરશેદજી ૨૫૨ ૩૮૪/૮
દસ્તૂર, દોરાબજી રુસ્તમજી ૩૮૪/૭
દસ્તૂર, રબાટી ૩૮૪/૮
દહેગામ ૭૯, ૧૨૦, ૩૨૪
દહેજબારા ૪૮, ૫૧
દાઈમુલ્લા સાહેબ ૪૬૨
દાદાસાહેબ ૧ લા (ઘોડાસર) ૧૫૪
દાજીરાજ (લાઠી) ૧૪૫
દાજીરાજજી (વઢવાણ) ૧૩૯
દાઠા ૧૦૭, ૧૧૧, ૧૧૯
દાદા (થાણું) ૧૬૦
દાદા ખાચર ૪૬૬
દાદાભાઈ નવરોજી ૩૩, ૧૨૫, ૨૦૫, ૨૦૬, ૨૧૧, ૨૧૭, ૨૧૮, ૨૨૦, ૨૩૫, ૪૨૫, ૪૪૫, ૪૪૮, ૪૬૪, ૫૦૪, ૫૪૭
દાદાભાઈ રતનજી થૂથી ૫૫૦
દાદાસાહેબ ૧ લા (ઘોડાસર) ૧૫૪
દાદુરામ (દયાળજી) ૪૫૯
દાદોબા પાંડુરંગ ૧૯૯, ૨૧૪, ૨૩૪, ૪૦૮, ૪૪૫, ૪૬૯, ૪૭૦
દામનગર ૫૫૯
દામાજીરાવ ગાયકવાડ ૧૨૫
દામોદર ઈશ્વરદાસ ૩૯૫
દામોદરદાસ ૧૯૯, ૨૧૪, ૨૩૪, ૪૦૮, ૪૬૯
દામોદર સાવરકર ૨૨૨
દામોદર સાંવળારામ થત્તે ૪૩૨
દાહોદ ૪૮, ૭૪, ૭૫, ૮૦, ૯૩, ૧૦૧, ૧૦૨, ૨૦૨, ૨૬૫
દાંડિયાપુરા ૯૪
દાંતા ૧૦૬, ૧૧૨, ૧૧૯, ૧૪૩, ૧૪૪, ૧૫૬, ૨૫૯
દિગ્વિજયસિંહજી ૩૩
દિનકરરાવ ૧૬૧
દિનમણિશંકર શાસ્ત્રી ૧૯૯, ૨૧૪, ૨૩૪, ૪૦૮, ૪૪૫, ૪૬૯
દિયોદર ૧૦૬, ૧૧૧
દિલેરખાન ૧૪૮
દિવાળીબાઈ ૨૩૦, ૨૩૨
દિવેટિયા, કૃષ્ણરાવ ભોળાનાથ ૩૯૩
દિવેટિયા, છોટાભાઈ બાપાભાઈ ૩૮૪/૮
દિવેટિયા નરસિંહરાવ ભોળાનાથ ૨૩૮, ૩૮૬, ૩૮૭, ૩૯૨, ૫૪૩, ૬૦૪
દિવેટિયા, ભીમરાવ ભોળાનાથ ૩૮૭
દિવેટિયા, ભોગીન્દ્રરાવ ૩૮૮

દિવેટિયા, ભોળાનાથ ૩૮૪/૮, ૪૪૯, ૬૦૬
દિવેટિયા, સારાભાઈ બાપાભાઈ ૩૮૪/૮
દિવેટિયા, હરસિદ્ધભાઈ વજુભાઈ ૩૯૯
દીનાનાથ ૩૨૫
દીપસિંહજી (ઈલોલ) ૧૫૨
દીપસિંહજી (માલપુર) ૧૫૧
દીક્ષિત, ભાનુશંકર ૩૨૫
દીક્ષિત, ડૉ. મોહનનાથ ૨૨૨
દીવ ૩૦૦
દીવાનરાવજી ૪૭
દુબારા ૭૯
દુરબીન, નશરવાનજી ટેહમૂલજી ૩૮૪/૫
દુર્ગારામ મહેતાજી ૩૩, ૫૬, ૧૯૫, ૧૯૯, ૨૧૪, ૨૩૨, ૨૩૪, ૨૩૫, ૩૩૨, ૩૪૫, ૩૪૯, ૩૫૧, ૩૫૨, ૩૬૦, ૪૦૮, ૪૩૯, ૪૪૫, ૪૬૯, ૪૭૦, ૪૭૨, ૪૭૮
દૂધઈ ૨૨
દૂધરેજ ૫૦૫, ૫૦૭, ૫૨૦
દેકાવાડા ૨૦૭, ૨૨૦
દેદરડા ૧૫૯
દેધરોટા ૧૧૨
દેરાસરી, બાલાશંકર મણિલાલ ૩૮૫
દેરોલ ૧૧૨
દેલવાડા ૨૧
દેલોલી ૧૧૨
દેવગઢ બારિયા ૭૪, ૮૦, ૧૦૬, ૧૪૬, ૧૫૭, ૪૬૪, ૫૫૪
દેવચંદજી ૪૫૭
દેવહાટ ૫૨૬
દેવળજી ૨૦
દેવાણ ૨૫૩
દેવાનંદ સ્વામી ૩૮૪/૫, ૫૫૨, ૬૦૫
દેવા માણેક ૮૨
દેવાશ્રયી, કૃષ્ણલાલ ગોવિંદરાય ૪૩૭
દેવોજી ૧૩૪, ૧૫૯
દેશપાંડે, કેશવરાવ ૩૩૮
દેશમુખ, ગોપાળદાસ ૨૩૮, ૪૪૭
દેશળજી ૨ જા (કચ્છ) ૨૧, ૨૪
દેશાઈભાઈ ખોજાભાઈ ૨૫૩
દેશાઈ, શંભુપ્રસાદ હ. ૩૫, ૫૨
'દેશીમિત્ર' ૨૮, ૨૩૩
દેસાઈ, ઇચ્છારામ સૂર્યરામ ૩૮૮, ૪૧૦, ૪૧૯, ૪૨૬–૪૨૮, ૪૩૫, ૪૪૯
દેસાઈ, કૃષ્ણલાલ નરસિંહલાલ ૪૩૭
દેસાઈ, કેશવલાલ વિઠ્ઠલદાસ ૪૧૭
દેસાઈ, ખંડુભાઈ ૨૨૦
દેસાઈ, ગણપતરામ હિંમતરાય ૧૩
દેસાઈ, ગોવિંદભાઈ હાથીભાઈ ૯, ૧૧, ૧૦૩, ૩૯૩, ૩૯૮, ૪૧૩, ૪૧૫, ૪૧૮
દેસાઈ, ચંદુલાલ ૩૮૭
દેસાઈ, જીવણલાલ વ્રજરાય ૪૩૬, ૪૩૭
દેસાઈ, દયાળજી લલ્લુભાઈ ૪૧૭
દેસાઈ, પ્રાણલાલ કિરપારામ ૪૩૭
દેસાઈ, બિહારીદાસ ૮૦
દેસાઈ, સરદાર બેચરદાસ ૧૪૨
દેસાઈ, મકનજી ૨૦૮
દેસાઈ, રમણલાલ વસંતલાલ ૪૩૩, ૫૪૪

દેસાઈ, રમણીકલાલ ૪૨૩
દેસાઈ, વેણીદાસ ૧૦૭
દેસાઈ, વ્રજરાય સાકરલાલ ૩૩૭
દેસાઈ, શામળદાસ ૧૯૯
દેસાઈ, સાકરલાલ ૩૩૭
દેસાઈ, સુરેશ્વર ૪૯૮, ૫૦૨
દેસાઈ, સોરાબજી મનચેરજી ૧૩,૩૯૮
દેસાઈ, હરિદાસ બિહારીદાસ ૧૪૨
દોલતરામ ૪૪૫
દોલતરામ ઉત્તમરામ ૩૬૭, ૪૩૯, ૪૪૫
દોલતસિંહ (ધ્રોળ) ૩૦, ૧૨૯, ૧૩૩
દોલતસિંહ (લીંબડી) ૩૩, ૧૩૮
દોલતસિંહજી (ખડાલ) ૧૫૪
દોલતસિંહજી (થરાદ), ૧૫૬
દોલતસિંહજી (મોહનપુર) ૧૫૧
દોલતસિંહજી લાઈબ્રેરી થરાદ, ૧૫૬
દ્વારકા ૧૪, ૮૧–૮૩, ૧૩૮, ૪૫૮, ૫૦૫, ૫૦૮, ૫૬૭
દ્વારકાદાસ લલ્લુભાઈ ૨૦૪, ૨૧૫
દ્વિવેદી, આત્મારામ કેશવજી ૧૨
દ્વિવેદી, પ્રભુલાલ ૫૫૦, ૫૫૫,
દ્વિવેદી, મણિલાલ નભુભાઈ ૨૩૭, ૩૮૬, ૩૯૨, ૩૯૫, ૩૯૯, ૪૧૭, ૪૧૮, ૪૨૨, ૪૩૧, ૪૫૦, ૪૭૯, ૪૮૧–૪૮૩, ૫૫૦, ૬૦૫
દ્વિવેદી, માધવલાલ ૪૫૦
ધનકોરબા ૨૦૦, ૨૩૦, ૪૭૫
ધનબાઈ ૫૦૦
ધનબાદ ૩૧૪
ધમછાડા ૩૨૪–૨૫
ધરમપુર ૫૫, ૭૮, ૧૧૫, ૧૧૯, ૧૪૭, ૨૪૭, ૫૫૪
ધર્મનાથ ૧૯
ધવલ શેઠ ૫૩૨
ધંધુકા ૫૦, ૫૬, ૫૭, ૧૪૧, ૩૦૭
ધાબેલ ૩૨૭
ધાર ૬૮
ધારપુર ૧૫૩
ધાલા, બહેરામજી નસરવાનજી ૨૫૧
ધાલા, હોરમસજી રુસ્તમજી ૨૫૧
ધીણોધર ૨૨, ૪૫૭
ધીરજરામ દલપતરામ ૪૭૪
ધૂરંધર, ડૉ. ૪૧૮
ધૂંસરી ૪૫
ધોરાજી ૬૧, ૧૩૫, ૩૬૯
ધોલેરા ૫૬, ૧૪૧, ૨૬૮, ૨૭૭, ૨૯૮, ૩૦૩, ૪૬૭, ૫૦૫, ૫૦૯, ૫૧૦, ૫૧૯, ૫૨૬
ધોળકા ૨, ૪૭–૪૯, ૪૯, ૫૭, ૬૯, ૯૭, ૯૮ ૫૫૨, ૫૭૧
ધ્રાફા ૧૧૧, ૧૬૦
ધ્રાંગધ્રા ૨૦, ૩૨, ૧૦૫, ૧૦૯, ૧૧૦, ૧૧૯, ૧૩૬, ૧૩૭, ૧૫૩, ૩૦૬, ૩૩૮, ૪૯૮, ૫૨૦, ૫૬૪
ધ્રુ, ગટુભાઈ ૨૩૮
ધ્રુવ, આનંદશંકર ૩૪૯, ૩૮૬, ૩૯૨, ૪૫૦, ૪૫૧, ૪૭૯, ૪૮૨–૪૮૪
ધ્રુવ, કેશવલાલ ૩૮૭, ૪૧૯, ૪૨૧, ૪૨૩, ૪૩૧
ધ્રુવ, હરિહર્ષદ ૨૦૬, ૨૧૬, ૨૧૮ ૨૧૯, ૩૮૭, ૪૩૪
ધ્રોળ ૩૦, ૧૦૪, ૧૦૯, ૧૧૦, ૧૧૯, ૧૩૩

નખત્રાણા ૩૦,
નગીનદાસ તુલસીદાસ ૪૪૯
નગીનદાસ મંછારામ ૩૯૪, ૪૩૪
નટવરલાલ ઇચ્છારામ ૪૨૮
નડિયાદ ૨, ૧૩, ૪૭-૪૯, ૫૭, ૬૦, ૭૬, ૮૦, ૯૬, ૯૯, ૧૦૦, ૧૭૧, ૧૯૭, ૧૯૯, ૨૦૦, ૨૧૪, ૨૨૦, ૨૩૬, ૨૬૮, ૨૮૪, ૩૨૫ ૩૩૨, ૩૪૫, ૩૫૩, ૪૫૮, ૪૫૯, ૪૬૬, ૪૮૧, ૪૮૯, ૪૯૬, ૫૨૭, ૫૪૦, ૫૫૯, ૫૬૪
નથુખાનજી ૧૪૮
નનામિયાં રસુલમિયાં ૩૯૮
નરવર ૮૧
નરસિંહ મહેતા ૪૨૨, ૪૬૫, ૫૫૩
નરોત્તમદાસ નરસિંહદાસ ૨૦૪, ૨૧૫
નર્મદાગૌરી ૨૩૬
નર્મદાશંકર લાલશંકર (કવિ નર્મદ) ૩૧, ૧૯૫, ૧૯૭, ૧૯૯, ૨૦૦, ૨૦૫, ૨૧૪, ૨૨૦, ૨૩૦, ૨૩૫, ૨૩૬, ૨૮૧, ૩૪૭, ૩૫૦, ૩૫૨, ૩૬૧, ૩૬૪, ૩૬૭, ૩૮૬, ૩૮૭, ૩૯૦, ૩૯૩, ૩૯૪, ૩૯૭, ૩૯૯, ૪૧૨, ૪૧૩, ૪૧૫, ૪૨૨, ૪૨૬, ૪૩૫, ૪૪૫, ૪૪૮–૪૫૦, ૪૭૨–૪૭૫, ૪૭૮–૪૮૦, ૪૮૩, ૫૯૬–૫૯૮, ૬૦૦ ૬૦૧, ૬૦૫, ૬૦૬
નવનીતરાય નારાયણભાઈ મહેતા ૩૯૮
નવરોજજી ફરદુનજી ૩૫૦, ૪૦૭, ૪૧૨, ૪૬૪
નવરોજી પેસ્તનજી વકીલ ૨૮૫, ૨૫૩, ૪૮૫
નવલરામ પંડ્યા ૨૧૪, ૨૩૦, ૨૩૫, ૨૩૮, ૩૮૬, ૩૮૭, ૩૯૨, ૪૪૫, ૪૪૮, ૪૮૭, ૫૪૩, ૫૪૯
નવલસિંહજી ૧૫૦
નવસારી ૧૧, ૧૩, ૩૪, ૮૪, ૮૫, ૨૦૮ ૨૪૭, ૨૪૮, ૨૫૧, ૨૫૨, ૨૭૬, ૨૯૯, ૩૩૧, ૩૩૩, ૩૪૧-૩૪૩, ૪૧૫, ૪૪૦, ૫૬૦, ૫૬૪
'નવસારી પ્રકાશ' ૨૮
નવાજભાઈ ૨૫૨
નવાનગર ૨૪, ૨૫, ૧૦૪, ૧૦૯, ૧૧૦, ૧૩૨, ૧૩૩, ૧૫૮, ૧૭૮, ૧૮૧, ૧૯૮, ૫૬૫
નવીબંદર ૨૫૨, ૩૦૦, ૩૦૧, ૩૦૩
નશરવાનજી રતનજી તાતા ૨૫૨, ૩૦૩
નસીરાબાદ ૬૮
નહારસિંહ (પુનાદરા) ૧૫૪
નહારસિંહ (માણસા) ૧૫૨
નહેરવાલા ૧૪
નળિયા ૫૬૦
નંદરબાર ૨૨૬
નંદશંકર તુળજાશંકર મહેતા ૨૧૪, ૨૨૭, ૨૨૮, ૨૩૫, ૩૯૦, ૪૪૫ ૫૯૮
નાગેશ ગુણાજી ૩૩૮
નાજા દેસા ૧૬૦
નાણાવટી, ખરશેદજી બહેરામજી ૫૦૦
નાણાવટી, જમનાદાસ પ્રેમચંદ ૪૦૧
નાણાવટી, બાલાભાઈ મગનલાલ ૪૧૮
નાથાજી ૭૧
નાથાશંકર શાસ્ત્રી ૪૧૭, ૪૨૨, ૪૫૨

નાથીબાઈ ૨૨
નાથુ મૂળજી ૩૦૭
નાથુસિંહજી (આંબલિયારા) ૧૫૫
નાથોજી ૧૩૪, ૧૫૮
નાનજી કાળીદાસ ૩૧૦
નાના ફડનવીસ ૪૫
નાનાભાઈ ભટ્ટ ૪૮૧
નાનાભાઈ રુસ્તમજી રાણીના ૪૧૦, ૪૧૨
નાનાભાઈ હરિદાસ ૨૦૫, ૪૫૦
નાનાલાલ દલપતરામ ૩૮૬, ૪૧૦, ૪૨૯
નાનાસાહેબ ૮૨, ૮૩
નાનીબા ઝાલી ૨૦
નાપાડ ૪૮, ૫૭
નાયક, અમૃત કેશવ ૫૫૦, ૫૫૧, ૫૫૫
નાયક, બાપુલાલ ભભલદાસ ૫૫૦
નાયક, વલ્લભ કેશવ ૫૫૧
નાયક, વિઠ્ઠલદાસ ૫૫૧
નારગઢ ૧૪૪
નારણદાસ ઉસ્તાદ ૫૫૫
નારણદેવજી ૧૪૭
નારસિંગજી ૧૨૬
નારાયણજી (કટોસણ) ૧૫૫
નારાયણદાસ દલસુખરામ ૫૫૪
નારાયણ મેરાળ ૨૭૫
નારાયણ હેમચંદ્ર ૩૯૫
'નારીશિક્ષણ' ૩૩
નારુકોટ ૭, ૧૧, ૭૬, ૧૧૩, ૧૧૫
નાસરખાં ૫૫૪
નાસિક ૫૦
નાહીરસિંહજી (ઇલોલ) ૧૫૨
નાંદોદ ૩૨, ૬૮, ૭૭, ૧૨૭, ૨૦૨
નાંદોલ ૩૨૪, ૩૨૫
નિઝામુદીન ફિરંગી મહલી ૩૨૯
નિત્યાનંદ ૪૬૬
નિર્મળદાસ ૫૫
નિષ્કુળાનંદ ૩૮૪/૩, ૪૬૭, ૬૦૫
નિહાલચંદ ઝવેરી ૭૦
નીલકંઠરાય ડાહ્યાભાઈ છત્રપતિ ૪૦૧, ૪૬૫
નીલકંઠ, વિદ્યાગૌરી ૨૨૯, ૨૩૯, ૨૪૧, ૩૩૯, ૩૪૭
નીલકંઠ શાસ્ત્રી ૩૨૫
નૃસિંહાચાર્ય ૪૭૯, ૪૮૦
નેટબેનિયલ હેલ્બેડ ૪૦૭
નેટિવ લાઇબ્રેરી, અમદાવાદ ૩૫૩
નેણશી, ઉકરડાભાઈ શિવજી ૪૧૪
નૉર્થકોટ, લૉર્ડ ૫૮૬
નોવરખાનજી ૧૪૮
નોંઘણજી ૪ થા ૧૪૦, ૧૪૧
ન્યૂપૉર્ટ ૨૭૦
પછેગામ ૩૨૪
પટેલ, એદલજી બરજોરજી ૧૧, ૧૦૩
પટેલ, ચતુરભાઈ શંકરભાઈ ૪૨૨
પટેલ, જેસંગ ત્રિકમદાસ ૪૧૩
પટેલ, ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ ૪૩૮
પટેલ, ધનજીભાઈ (ડૉ.) ૫૪૭
પટેલ, નરસિંહભાઈ ઈશ્વરભાઈ ૨૦૮, ૨૨૨
પટેલ, પ્રેમાનંદ ધોળીદાસ ૩૯૯
પટેલ, બહમનજી બહેરામજી ૮, ૧૬, ૫૪૫
પટેલ, બાપુજી ૭૬

પટેલ, મગનભાઈ ચતુરભાઈ ૨૧૯,૩૯૦
પટેલ, મગનભાઈ શં. ૨૧૨
પટેલ, મોતીભાઈ ૧૨૬
પટેલ, લલ્લુભાઈ ગોકળદાસ ૪૧૪
પટેલ. શિવાભાઈ ૨૧૬
પટેલ, સોરાબજી ફરામજી ૨૧૨
પઢિયાર ૧૦૭
પબાજી ૧૫૦
પરબતસિંહજી (કડાણા) ૧૫૬
પરબતસિંહજી (સુદાસણા) ૧૫૬
પરમાર, ખોડીદાસ ૫૩૯
પરીખ, કેશવલાલ મોતીલાલ ૩૯૨, ૩૯૯
પરીખ, રમેશકાંત, ૫૨
પરીખ, રસિકલાલ છો. ૫૫૫
પર્વતસિંહ (માણસા) ૧૫૨
પર્સિવલ, ઈ. એચ. ૧૪૦
પહાડસિંહજી (પોળો) ૧૫૦
'પંચદશી' ૩૨૩
પંચમહાલ ૬, ૭, ૧૦, ૫૪, ૫૭, ૬૮, ૭૪, ૭૬, ૭૮–૮૦, ૮૯, ૯૧, ૯૨, ૯૪, ૯૭, ૧૦૦–૧૦૨, ૧૦૪, ૧૧૩, ૧૨૧, ૧૬૫, ૧૭૧, ૨૦૨, ૨૩૨, ૨૫૯, ૨૬૧–૨૬૩, ૨૬૫, ૨૮૫, ૩૬૬, ૪૬૪, ૪૯૩, ૫૪૧, ૫૬૭
'પંચલક્ષણી' ૩૨૩
પંડિત, અચલેશ્વર ૩૨૫
પંડિત, ગટુલાલજી ૩૨૫
પંડિત, પ્રભાકર રામચંદ્ર ૪૦૦
પંડિત, બેચરદાસ ૨૦૮
પંડિત મંગળશંકર ૩૮૪,૭
પંડિત, શંકરલાલ મહેશ્વર (શાસ્ત્રી) ૩૦,૩૨૪,૪૧૩
પંડિત વકીલ ૨૨૨
પંડ્યા અમૃત–૫૮૦
પંડ્યા, કાળીદાસ દેવશંકર ૧૦
પંડ્યા, કાંતિલાલ છગનલાલ ૩૯૪
પંડ્યા, ચંદ્રકાંત ૫૩૬
પંડ્યા, ચંદ્રશંકર ૪૫૦
પંડ્યા, નરભેરામ ૩૨૫
પંડ્યા, બાપુશાસ્ત્રી ૩૯૦
પંડ્યા, મોહનલાલ કામેશ્વર ૪૦૧
પાટડી, ૧૦૫, ૧૦૭, ૧૦૯, ૧૧૦ ૧૧૯, ૧૪૮, ૧૫૩, ૧૫૪, ૨૩૧
પાટણ ૭૯, ૧૧૯, ૨૫૩, ૨૭૮, ૨૮૨, ૩૧૪, ૩૨૫, ૩૨૬, ૩૩૭, ૩૪૧, ૩૪૨, ૫૦૩, ૫૦૫, ૫૦૭, ૫૩૮, ૫૪૨, ૫૬૧, ૫૬૩, ૫૬૬, ૫૬૭
'પાટીદાર સુબોધસંગ્રહ' ૩૩
પાણીપત ૪૧
'પાતંજલ મહાભાષ્ય' ૩૨૩
'પાતંજલ–યોગદર્શન' ૩૨૩
પાદરા ૪૯
પાદલિપ્તપુર ૧૯
પાનવડ ૨૬૫
પાનાચંદ ૪૩૧, ૪૩૨, ૫૪૯
પારડી ૫૪
'પારાશરસ્મૃતિ' ૩૨૩
'પારસી' ૨૯
'પારસીપંચ ૨૮
'પારસીપ્રકાશ' ૧૬
પારેખ, અરદેશરજી ફરદુનજી ૨૫૧

પારેખ, ગોકળદાસ કહાનદાસ ૧૯૮
પારેખ, પરમાનંદદાસ ભોળાભાઈ
૩૯૩, ૩૯૮
પારેખ, ફરદુનજી ૩૪૨
પારેખ, ભીમજીભાઈ ૪૦૮
પારેખ, લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ ૩૯૪
પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ ૨૧૧,
૪૨૨, ૪૫૧, ૫૯૨,
પાર્ક, બ્રિગેડિયર ૮૦
પાલ ૭૯
પાલજ ૧૧૨
પાલણપુર ૨, ૬, ૭, ૧૨, ૧૦૫–
૧૦૭, ૧૧૧, ૧૧૪, ૧૧૯, ૧૨૦–
૧૨૨, ૧૨૭, ૧૨૮, ૧૫૩, ૧૫૬,
૧૭૭, ૨૫૩, ૨૭૨, ૩૧૪, ૩૨૦,
૩૩૬, ૫૪૨, ૫૫૪, ૫૬૪, ૫૬૭
પાલિતાણા ૧૪, ૧૯, ૧૦૫, ૧૦૯,
૧૧૦, ૧૧૯, ૧૪૦, ૧૪૧, ૩૩૮,
૫૦૦
પાવાગઢ ૪૮, ૯૨, ૧૫૭
પારપી, કર્નલ ૩૬૨
પાળ ૧૦૯, ૧૧૦
પાળિયાદ ૧૧૧, ૧૬૦, ૫૨૧
પાંડુમેવાસ ૧૧૩, ૧૧૫, ૧૨૦, ૧૫૭
પાંડુરંગ ૧૯૯
પિઠડિયા ૧૧૯
પિપલાણા ૩૮૪/૩
પિરાજી સાગરા ૫૨૫
પિરોજશાહ ધનજી શાહ ૫૫
પિલવાઈ ૨૨૬
'પિંગળસૂત્ર' ૩૨૩
પીતાંબર ત્રિભુવનદાસ ૪૩૬
પીરાન પાટણ–(અણહિલવાડ પાટણ)
૨૪૬
પીરોજબાઈ ૨૫૨
પીલ, જેમ્સ ૪૪૧
પીલે ૩૩૬
'પુનર્વિવાહપ્રબંધ' ૩૩
પુનાદરા ૧૧૨, ૧૫૩, ૧૫૪
પુરંધાર ૪૪, ૪૬
પુરાણી, છોટુભાઈ ૧૨૬
પુરુષોત્તમ ૩૦૯
પુરુષોત્તમ સરસ્વતી ૨૦
પુષ્પસિંહ (સંજેલી) ૧૫૭
પુંજપુર ૧૪૪
પૃથીરાજજી (મોરબી) ૧૩૫
પૃથુરાજ (મોહનપુર) ૧૫૦
પૃથુરાજજી ૨ જા (છોટાઉદેપુર)
૧૪૫, ૧૪૬
પૃથુરાજજી ૨ જા (દેવગઢબારિયા) ૧૪૬
'પૃથુરાજરાસો' ૩૮૭
પૃથ્વીરાજ (માણસા) ૧૫૨
પૃથ્વીરાજ (સંજેલી) ૧૫૭
પૃથ્વીરાજજી (લખતર) ૧૪૩
પૃથ્વીસિંહજી (અહમદનગર) ૧૫૧
પૃથ્વીસિંહજી (પોળો) ૧૫૦
પૃથ્વીસિંહજી (રણાસણ) ૧૫૨
પૃથ્વીસિંહજી (સુદાસણા) ૧૫૬
પૂંજાજી (માલપુર) ૧૫૧
પૂંજાજી (વરસોડા) ૧૫૩
પૂના (પૂણે) ૪૩, ૪૮, ૫૧, ૨૧૮,
૩૧૪, ૩૩૯, ૩૪૭
પૂર્ણાનંદ ૪૭૮
પૂંજાભાઈ વકીલ ૨૦૮

પૂંજેજી (પેથાપુર) ૧૫૩
પેટલાદ, ૨૧, ૫૨, ૫૭, ૧૨૩
પેથાજી (પેથાપુર) ૧૫૩.
પેથાપુર ૭૯, ૧૦૬, ૧૧૨, ૧૫૩, ૫૩૧, ૫૫૯
પેમ્બા ૩૦૯
પેસ્તનજી રુસ્તમજી વકીલ ૨૮૫
પોરબંદર ૩૨, ૮૨, ૧૦૯, ૧૧૦, ૧૧૮, ૧૧૯, ૧૨૨, ૧૩૬, ૧૮૧, ૧૯૧, ૨૫૩, ૨૫૪, ૨૯૬, ૨૯૮, ૩૦૦, ૩૦૧, ૩૦૩–૩૦૬, ૩૧૨, ૩૧૩, ૩૨૪, ૩૨૫, ૩૩૨, ૩૩૭, ૪૫૮, ૪૬૪, ૪૯૮
પોરડા, ૨૫૩
પોશી ૧૨૯
પોસ્ટાન્સ, મિસિસ ૧૮૪
પોળો, ૧૦૫, ૧૧૨, ૧૫૦
'પ્રજાબંધુ' ૨૮
પ્રતાપપુર, ૨૦૨
પ્રતાપસિંગ રામસિંગ ૧૨૬
પ્રતાપસિંહ (અહમદનગર) ૧૫૧
પ્રતાપસિંહ (પાલીતાણા) ૧૨૯, ૧૪૧
પ્રતાપસિંહ (માણસા) ૧૫૨
પ્રતાપસિંહ (લુણાવાડા) ૧૪૬
પ્રતાપસિંહજી (ભાદરવા) ૧૫૭
પ્રતાપસિંહજી (લાઠી) ૧૪૫
પ્રતાપસિંહજી (વાંસદા) ૧૪૭
પ્રતાપસિંહજી (સંજેલી) ૧૫૭
પ્રતાપસિંહજી (સૂંથ) ૧૪૫
પ્રભાવદેવજી ૫૫૪
પ્રભાશંકર ૩૮૪/૭
પ્રભાશંકર રમણી ૫૪૪, ૫૫૧
પ્રભાસપાટણ જુઓ સોમનાથપાટણ.
'પ્રયોગચિંતામણિ' ૩૨૩
'પ્રયોગ–દર્પણ' ૩૨૩
'પ્રવાસ–વર્ણન' ૩૨
'પ્રસન્ન રાઘવ' ૩૨૩
પ્રહ્લાદ ૪૬૩, ૫૩૯
પ્રાગજી ડોસા ૫૪૮
પ્રાગજી ભગત ૪૬૮
પ્રાગમલજી ૨ જા, ૧૨, ૨૧, ૨૪, ૧૩૧, ૧૮૯, ૧૯૦, ૩૪૩, ૪૯૮
પ્રાણનાથ સંત ૪૫૭,
પ્રાણલાલ મથુરાદાસ ૩૩૭
પ્રાણશંકર લલ્લુભાઈ ૨૪૧
પ્રાણસુખ એડીપોલો ૫૫૧
પ્રાંતીજ ૫૭, ૧૦૬, ૧૨૯, ૧૫૦, ૧૫૨, ૨૫૩, ૨૭૮, ૪૫૬
પ્રિન્સ ઑફ વેલ્સ ૧૩૭, ૨૧૦
પ્રિન્સ બિસ્માર્ક ૩૧૧
પ્રિન્સેપ, જેમ્સ ૫૭૦, ૫૭૭
પ્રિયોળકર ૩૮૩
પ્રેમચંદ રાયચંદ ૩૪૦
પ્રેમચંદ રાયચંદ ટ્રેઈનિંગ કૉલેજ, અમદાવાદ ૩૬૮, ૫૯૮
પ્રેમપુર ૧૧૨
પ્રેમાનંદ ૩૫૨, ૪૨૨, ૫૩૧, ૫૩૬, ૬૦૫
પ્રેમાનંદ પ્રેમ સખી ૩૮૪/૪
પ્રેમાભાઈ હીમાભાઈ નગરશેઠ ૨૦૩, ૪૭૨, ૫૦૫
પ્રોપર્ટ, ડબલ્યુ. એચ. ૯૪, ૯૭
ફઝલઅલી ૩૪
ફઝાલુલ્લાહ લુત્ફુલ્લાહ ફરીદી ૮

ફડકે, બી. એલ. ૩૩૮
ફડકે, હરિપંત ૪૩, ૪૪
ફતેહ અલીખાન ૧૪૯
ફતેહખાન ૧૨૭
ફતેહજંગખાનજી ૧૪૮
ફતેહમહંમદ ૧૩૧, ૪૬૭
ફતેહમામદ ૫૦
ફતેહસિંહ (માણુસા) ૧૫૨
ફતેહસિંહજી (ખડાલ) ૧૫૪
ફતેહસિંહજી (છોટાઉદેપુર) ૧૪૬
ફતેહસિંહજી (ભાદરવા) ૧૫૭
ફતેહસિંહજી (લીંબડી) ૧૩૭
ફતેહસિંહજી (લૂણાવાડા) ૧૪૬
ફતેહસિંહજી (સુદાસણા) ૧૫૬
ફત્તેસિંહરાવ, ગાયકવાડ ૪૧, ૪૨, ૪૪–૪૬, ૪૯–૫૧, ૧૨૩, ૧૫૫
ફતેસિંહ ૨ જા ૪૮
ફરદુનજી મર્ઝબાન ૪૦૮, ૪૦૯, ૪૨૪, ૪૪૪, ૫૯૫
ફરામજી બમનજી ૧૪
ફરામજી હોરમસજી શેઠના ૩૯૨
ફર્ગ્યુસન, જેમ્સ ૫૭૦, ૫૭૧, ૫૮૧
ફર્ગ્યુસન મ્યુઝિયમ, ભૂજ ૧૩૧, ૫૮૧
'ફાર્બસવિરહ' ૩૦
'ફાર્બસવિલાસ' ૩૦
ફિટ્ઝ જેરાલ્ડ ૯૯
ફિરોજશાહ ૬૭
ફિરોજશાહ મહેતા ૧૯૮, ૨૦૬, ૨૧૭, ૨૨૦, ૪૨૬, ૪૨૭, ૪૩૯,
ફિલ્ડ્ઝ, લ્યૂક ૫૨૯
ફૂલચંદ માસ્તર ૫૪૦
ફેન્ટન, મેરી (કુ.) ૫૪૪, ૫૫૧
ફેરે, કર્નલ ૧૨૫
ફૈજ મહંમદખાં ૫૫૪
ફૈયાઝખાન ૫૫૪
ફોકનર ૩૬૬
ફોગલ ૫૭૭, ૫૭૮
ફોજદાર, હીરાલાલ ૪૨૯
ફોર્બ્સ, એ. કે. ૧૦, ૩૦, ૪૫, ૪૬, ૮૨, ૨૩૫, ૨૭૯, ૨૮૦, ૩૪૪, ૩૫૦, ૩૫૩, ૩૬૧, ૩૬૬, ૩૮૪, ૩૮૮, ૩૯૧, ૩૯૭, ૪૨૮, ૪૩૦, ૪૩૯, ૪૪૭, ૪૭૧, ૫૦૩, ૫૭૦, ૫૯૬
ફ્રાંક, બ્રુકસ ૫૨૯, ૫૦૩
ફ્રેઝર ૧૨
ફ્રેરે, બાર્ટલ ૯૩
ફ્રેન્ચ, કેપ્ટન ૧૨૪
ફ્લિટ, જે. એચ. ૫૭૧, ૫૭૭
બકલ, કેપ્ટન ૭૪, ૭૫, ૭૭, ૩૯૮
બગસરા ૧૦૬, ૧૦૯–૧૧૧, ૧૬૦, ૫૫૯, ૫૬૩
બચુભાઈ ૨૫૨
બજાણા ૧૦૭, ૧૦૯, ૧૧૦, ૧૧૯, ૧૫૭
બટુકરામ, ડૉ. ૨૨૯
બડામિયાં શેખ ૧૪૮
બડોલી ૭૩
બદસિંહ (વરસોડા) ૧૫૩
બદ્રુદ્દીન તૈયબજી ૨૦૫, ૨૧૭
બનાસ ૧૨૮
બનાસકાંઠા ૧૨૧, ૨૫૯, ૨૬૧, ૨૬૨, ૩૨૭, ૫૦૧

બનેસિંહજી (ધ્રાંગધ્રા) ૧૫૫
બનેસિંહજી (વાંકાનેર) ૧૩૮
બરડો ૨,૮૨
બર્કલે, કર્નલ ૧૨૮
બરગશ, સુલતાન ૩૦૮
બર્જેસ ૩૯૮, ૫૭૦–૫૭૨, ૫૭૬, ૫૭૭
બર્ટન ૩૦૭
બર્વે, ગણપતરાય ગોપાળરાવ ૪૦૨
બલદેવ શર્મા ૩૨૫
બલભદ્ર ૪૬૩
બલવંતરાય ૧૭, ૬૦૪
બલોચ ૧૬૦
બસરા ૩૯૬
બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ ૩૩૯
બહાઉદ્દીનભાઈ વઝીર ૧૪૨
બહાદુરખાન ૧ લા ૨૦, ૧૬૦, ૧૯૦
બહાદુરખાન ૨ જા ૧૪૧
બહાદુરખાન ૩ જા ૧૪૨
બહાદુરપુર ૪૭, ૫૧
બહાદુરશાહ ૬૭, ૧૮૭, ૧૮૯
બહાદુરસિંહજી (પાલિતાણા) ૧૪૧
બહાદુરસિંહજી (સંજેલી) ૧૫૭
બહાધરપુર ૫૨
બહિવલ ૧૨૩
બહીધર ૧૫૭
બહેચરદાસ ૨૮૩
બહેચરસિંહજી (ચૂડા) ૧૪૩
બહેરામજી ખરશેદજી ૩૯૨
બહેરામજી જીજીભાઈ ૪૦૭, ૪૦૯
બહેરાવાળા, ચુનીલાલ ડી. ૪૦૧
બંદેઅલીખાન ૧૪૯
બાઈરાજબા, ૧૩૯
બાકોર ૨૩૨
બાજીભાઈ અમીચંદ ૪૧૧, ૪૨૯, ૪૩૧
બાજીરાજબા ૧૩૯
બાજીરાવ ૨ જો ૪૭, ૫૦, ૫૯૩
બાજીશાહ ૫૦૪
બાપાલાલ ભાઈશંકર ૫૪૯
બાપુ ૩૮૪/૬
બાપુ ગાયકવાડ ૩૮૪/૬
બાપુજી (ખડાણ) ૧૫૪
બાપુજી (પુનાદરા) ૧૫૩
બાબરા ૧૦૯, ૧૧૧, ૧૬૦
બામણિયોજી ૧૫૯
બાયડ ૧૨૮
બારડોલી ૪૫૯, ૫૬૦
બારા બંકી ૩૨૯
બારિયા ૧૧૩, ૧૨૦
બારીંદ્ર ઘોષ ૨૦૮, ૨૧૨, ૨૨૨
બાર્ટન મ્યુઝિયમ, ભાવનગર ૫૦૪, ૫૮૦, ૫૮૬
બાર્ટન લાઇબ્રેરી, ભાવનગર ૩૫૩
બાર્નવલ, કેપ્ટન ૧૫૯
બાલકિસનદાસ બ્રિજભૂખણદાસ ૪૧૩
બાલસિંહજી ૧૩૯
બાલાજી ૪૭
બાલાજી બાજીરાવ ૪૧
બાલારાવ પેશ્વા ૮૩
બાલાશિનોર ૫૫૪, ૫૬૭
બાલાસોર ૩૧૪
બાલુમિયાં ૧૪૯
બાલેસર ૪૧
બાવળિયાળી ૨૯૯
બાવાજીરાજ ૧૩૩, ૧૩૪

બાવામિયાં શેખ ૧૪૮
બાવીસી (જિ.) ૧૧૨
બાંટવા ૧૦૫, ૧૦૯, ૧૧૦, ૧૪૮
બાંભણિયા, કાશીરામ કરસનજી ૩૨૫
બિલખા ૧૦૬, ૧૧૯, ૧૫૯
બિસમિલ્લાખાન ૨૫, ૧૨૮, ૧૯૧
બીજાપુર ૭૯
બીલીમોરા ૨૦૮, ૨૭૬, ૨૯૯
૩૦૩, ૫૬૪
'બુદ્ધિપ્રકાશ' ૨૩૫, ૨૮૧, ૩૪૪, ૩૬૫, ૩૬૬, ૩૬૮, ૪૨૮, ૪૩૦, ૪૪૬–૪૪૮, ૪૫૦, ૪૭૨, ૫૭૦, ૫૯૬
બુરહાનપુરી ૨૦૩, ૨૧૪
બુલાખીદાસ ગંગાદાસ ૩૯૦
બુંદેલખંડ ૧૫૪
બેઈલી, મેજર ૩૦૬
બેચરસિંહજી ૧૩૯
બેજનજી પાલણજી ૪૩૯
બેટ ૮૧
બેટ દ્વારકા ૩૧
બેડન પોવેલ ૨૭૦
બેડી ૩૦૦, ૩૦૧, ૩૦૩, ૪૦૩
બેનરજી, સુરેંદ્રનાથ ૨૦૬, ૨૧૯, ૩૯૬
બેરીફલોઝ, કર્નલ ૪૮
બેલસરે, મલ્હાર ભીમજી ૪૧૪
બેલેન્ટાઇન, કેપ્ટન ૧૨૦, ૧૨૮, ૧૩૯, ૫૦૪
બેંજામિન, જોસેફ ૨૧૬, ૪૦૧
બેઝાબાઈ ૬૭
બોચાસણ ૪૮૬, ૫૪૨
બોઝ, નંદલાલ ૬૦૩
'બૉમ્બે ગેઝેટિયર' ૯, ૧૧, ૩૪૩, ૪૧૫
બોરસદ ૧૦૦, ૨૫૩, ૨૫૬, ૩૩૨, ૪૯૨, ૪૯૩, ૫૧૩, ૫૬૪, ૬૦૨
બોરિયાવી ૨૫૬
બોરેડેલ ૧૪, ૨૨૫
બૉર્ડન, વિલિયમ એ. ૩૫૪–૩૫૬
બોર્નવાલ, કેપ્ટન, ૬૧
બોલુંદરા ૧૦૬, ૧૧૨
બ્યૂલર ૫૭૭
બ્રહ્માનંદ ૩૮૪/૩, ૪૬૭
બ્રાઉન, સુસાન (મિસ) ૪૯૩
બ્રિગ્સ, એચ. જી. ૧૪
બ્રુકહિલ ૨૫૫
બ્લેક, કેપ્ટન ૭૩
બ્લેક, ફોર્ડ ૫૭૩, ૫૮૫
બ્લેન ૧૪૦
બ્લેર, ડૉ. ૪૭૫
બ્લેવેત્સ્કી ૪૭૭
ભગવતસિંહજી (ગોંડલ) ૧૩૪
ભગવા ૨૯૯
ભગવાનદાસ ૫૫૧
ભગવાનલાલ સંપતરામ ૩૯૭
ભટ્ટ, ચતુર્ભુજ ૪૩૮
ભટ્ટ, બાપાલાલ ભાઈશંકર ૪૦૧
ભટ્ટ, ભાઈશંકર નાનાભાઈ ૩૯૫
ભટ્ટ, મણિલાલ છબારામ ૩૯૭
ભટ્ટ, મણિલાલ હરગોવિંદ ૪૦૧
ભટ્ટ, મણિશંકર રતનજી ૩૯૦, ૪૧૭
ભટ્ટ, મહાશંકર ૩૬
ભટ્ટ, માણેકેશ્વર ૩૯૦

ભટ્ટ, રાજારામ રામશંકર ૩૯૪, ૪૧૭
ભટ્ટ, લક્ષ્મીશંકર મોરારજી ૩૯૮
ભટ્ટ, વિશ્વનાથ ૪૪૮, ૪૫૦
ભટ્ટ, હરિલાલ માધવજી ૩૯૪
ભડલી ૧૦૯, ૧૧૦
'ભદ્રંભદ્ર' ૨૩૮, ૩૮૯, ૪૪૯, ૪૮૨
ભદેલી ૩૦૩
ભદ્રેશ્વર ૨૧
ભરકુડા ૧૫૪
ભરતમુનિ ૫૪૩
ભરુકચ્છ ૩૦૫
ભરૂચ ૬, ૭, ૧૧, ૧૩, ૧૪, ૨૮, ૩૯, ૪૨-૪૬, ૪૮, ૫૨, ૫૪, ૫૬, ૬૦, ૭૭, ૭૯, ૮૦, ૯૧, ૯૬–૯૮, ૧૦૧, ૧૦૪, ૧૬૫, ૧૬૭, ૧૭૧, ૨૦૨, ૨૧૫, ૨૧૯, ૨૨૦, ૨૩૧, ૨૩૨, ૨૩૬, ૨૫૩, ૨૫૯, ૨૬૮, ૨૭૩, ૨૭૫–૨૭૮, ૨૯૪–૨૯૬, ૨૯૮, ૨૯૯, ૩૨૦, ૩૨૧, ૩૨૮, ૩૩૨, ૩૩૫–૩૩૭, ૩૪૫, ૩૫૩, ૩૬૦, ૩૬૭, ૪૪૦, ૪૬૨–૪૬૪, ૪૭૬, ૪૭૭, ૪૮૯, ૪૯૩, ૪૯૫, ૫૦૩, ૫૦૫, ૫૦૬, ૫૧૨, ૫૪૧, ૫૫૯, ૫૬૪, ૫૯૨, ૫૯૩, ૬૦૨
'ભરૂચ-મિત્ર' ૨૮
'ભરૂચ વર્તમાન' ૨૮
'ભરૂચ શહેરનો ઇતિહાસ' ૧૩
ભવાનીશંકર ૩૮૪/૭
ભવાનીસિંહજી (કડાણા) ૧૫૬
ભવાનીસિંહજી (સૂંથ) ૧૪૪, ૧૪૫
ભાઈચંદ નરસીદાસ ૨૫૪
ભાઈલાલભાઈ ૨૮૭
ભાઈશંકર કાશીરામ ૫૪૯
ભાઉ, દાજી ૨૧૩, ૩૯૮, ૪૭૪, ૪૭૫, ૫૪૭, ૫૭૦
ભાઉ, વિશ્વનાથ ૪૩૧
ભાઉ, શિન્દે ૧૨૪
ભાટવડેકર, ભાલચંદ્ર ૨૨૦, ૪૦૦
ભાડવા ૧૦૯, ૧૧૦
ભાણજી (વીરપુર) ૧૫૮
ભાણોભાઈ ૧૩૪
ભાથીજી ૧૫૫
ભાદરવા ૭૮, ૧૦૭, ૧૧૩, ૧૧૫, ૧૫૭
ભાનુચંદ્રગણિ ૩૯૨
ભાભા, કુંવરજી હોમરજી ૨૫૨
'ભારતચંપૂ' ૩૨૩
'ભારત રાજ્યમંડળ' ૧૨
ભારતસિંહજી (રણાસણ) ૧૫૨
ભારમલજી ૨ જા ૨૧, ૨૪ ૧૩૧, ૧૮૯, ૧૯૩
ભારોજી (વીરપુર) ૧૫૮
ભાલુસણા ૧૧૨
ભાલેજ ૫૨, ૫૭
ભાવનગર ૨, ૧૪, ૨૧, ૨૪, ૨૫, ૩૦–૩૨, ૪૩, ૪૯, ૫૦, ૯૬, ૧૦૫, ૧૦૯, ૧૧૦, ૧૧૭, ૧૧૯, ૧૨૨, ૧૩૬, ૧૩૯, ૧૪૦, ૧૫૯, ૧૬૦, ૧૭૯, ૧૮૧, ૨૨૦, ૨૩૬, ૨૬૮, ૨૭૬, ૨૭૭, ૨૮૪, ૨૯૪, ૨૯૮–૩૦૪, ૩૦૬, ૩૨૪, ૩૨૫, ૩૩૩, ૩૩૬, ૩૩૭, ૩૩૯,

૩૫૩, ૩૮૪/૪. ૪૨૦, ૪૪૩, ૪૪૬, ૪૬૪, ૪૭૮, ૪૮૧, ૪૮૯, ૪૯૮, ૫૦૦, ૫૨૯, ૫૩૩, ૫૩૯, ૫૪૭, ૫૫૩, ૫૫૯, ૫૬૪, ૫૬૬, ૫૬૭, ૫૭૧, ૫૭૬ ૫૭૭, ૫૮૦, ૫૮૬
ભાવસિંગ ૧૨૮
ભાવસિંહજી (પોરબંદર.) ૧૩૬
ભાવસિંહજી ૧ લા (ભાવનગર) ૧૦૫
ભાવસિંહજી ૨ જા (ભાવનગર) ૩૩, ૧૪૦, ૫૫૩
ભાવસિંહજી (લાઠી) ૧૪૫
ભાવસિંહજી (સૂંથ) ૭૭
ભાસ્કરરાવ બખલે ૫૫૪
ભાસ્કર શાસ્ત્રી ૩૨૫
ભીખારીદાસ ૫૦૩
ભીમસિંહ (માણસા) ૧૫૨
ભીમસિંહ (વરસોડા) ૧૫૩
ભીમસિંહજી (માલપુર) ૧૫૧
ભીખાભાઈ કિરપારામ ૮
ભીમોજી ૧૫૮
ભૂજ ૨, ૧૪, ૨૧, ૨૨, ૮૩, ૧૩૧, ૨૭૬, ૩૨૫, ૩૩૬, ૩૪૩, ૩૬૯, ૩૮૪/૩, ૪૬૪, ૪૬૭, ૪૮૯, ૪૯૮, ૫૦૯, ૫૧૦, ૫૨૪, ૫૩૭, ૫૬૦, ૫૬૧, ૫૬૩, ૫૭૯, ૫૮૦, ૬૦૨
ભૂપતસિંહજી ૧૩૩, ૧૫૦
ભૂમાનંદ ૩૮૪/૫
ભૂલાભાઈ ૨૨૦
ભૂલેશ્વર ૨૩૭
ભેદવાર, કાવસજી સોરાબજી ૨૫૨
ભોઈકા ૧૦૯–૧૧૧, ૧૬૦
ભોગીલાલ ('માલતી') ૫૪૪
ભોગીલાલ નાનાલાલ ૩૯૦
ભોગીલાલ પ્રાણવલ્લભદાસ ૩૩૨, ૩૪૯, ૩૫૧, ૪૪૭
ભોગીલાલ ભોળાનાથ ૪૨૯
ભોજરાજ (કચ્છ) ૩૧
ભોજરાજજી (કોટડા-સાંગાણી) ૧૩૬
ભોજરાજજી (પોરબંદર) ૧૩૬
ભોજરાજજી ૪ થા (લીંબડી) ૧૩૭
ભોજો ભગત ૩૮૪/૪, ૪૬૫
ભોળાનાથ સારાભાઈ ૨૩૭, ૪૭૫, ૪૭૬–૪૭૮, ૬૦૬
મકનસિંહજી (રણાસણ) ૧૫૨
'મકરધ્વજવંશી મહીપમાલા' ૧૨
મકરપુરા ૧૨૪
મગનભાઈ કરમચંદ ૩૩૨, ૩૪૫, ૪૩૧, ૫૦૬
મગનભાઈ કરમચંદ કન્યાશાળા, અમદાવાદ ૨૩૬, ૨૩૯, ૩૪૭
મગનભાઈ હકમચંદ ૫૦૬
મગનલાલ વખતચંદ ૯, ૧૧, ૧૯
મગનલાલ વાણિયા ૭૦
મગરવાડી ૨૯૭
મગુના ૧૧૨
મગોડી ૧૦૬, ૧૧૨
મચ્છુ કાંઠો ૨, ૧૫૮
મજમુદાર, પ્રતાપચંદ્ર ૪૦૬
મટવાડ ૨૯૯
મટુભાઈ ૪૫૧
મઠ ૫૦૮
મણિ, કુ. ૫૫૧
મણિધરપ્રસાદ તાપીપ્રસાદ ૪૧૪
મણિભાઈ જશભાઈ ૪૬૮

મણિલાલ ઇચ્છારામ ૪૨૮, ૪૪૨
મણિલાલ (ખેડા) ૪૩૨
મણિલાલ દલપતરામ સંત ૪૦૧
મણિલાલ નભુભાઈ ૨૩૩, ૬૦૪, ૬૦૬
મણિલાલ પાગલ ૫૫૦
મણિલાલ (વાદક) ૫૫૪,
મથુરદાસ ભૂખણદાસ ૫૦૬
મથુરાદાસ લવજી ૪૭૪
મદારસિંહજી ૧૪૩
મનમોહનદાસ રણછોડદાસ ૩૯૦, ૩૯૭
મનસુખભાઈ ભગુભાઈ ૨૮૫
'મનુસ્મૃતિ' ૩૨૩
મનોહરદાસજી ૧૫૦
મનોહર સ્વામી ૩૮૪/૪
મયાજી ૧૫૪
મયારામ મેવાડી ૩૮૪/૨
મયારામ શંભુનાથ ૩૬૭
મલબાર ૨૯૬, ૩૦૨
મલાતજ ૩૮૪/૫
મલબારી, બહેરામજી ૩૩
મલેક, નસીબખાનજી ૧૫૮
મલ્હારરાવ (વડોદરા) ૩૨, ૪૭, ૮૫, ૧૨૪, ૧૨૫, ૧૫૫, ૧૬૧, ૧૮૯, ૪૧૬, ૫૩૩, ૪૯૭, ૬૦૨
'મલ્હારવિરહશતક' ૩૨
મશરૂવાળા, ઈશ્વરદાસ ઇચ્છારામ ૧૨
મહમદખાન (પાલણપુર) ૧૨૭
મહમદખાનજી (બાંટવા) ૧૪૮
મહમદપુરા ૧૧૨
મહમૂદ બેગડો ૧૫૩, ૧૫૪, ૧૫૭
મહમ્મદ અલી ૩૦૭
મહંમદશાહ ૪૬૩
'મહાકાલ' ૨૮
મહાદજી સિંધિયા ૪૫, ૫૨, ૫૬
મહાદેવપુરી ૨૧
મહાબતખાન ૨ જો ૧૪૧, ૧૪૨, ૧૯૦
મહાબતખાન ૩ જો ૧૪૨, ૧૯૦, ૫૪૬
મહાબળેશ્વર ૩૨, ૧૩૮, ૧૭૫
મહાલક્ષ્મી ટ્રેઇનિંગ કોલેજ, અમદાવાદ ૩૪૬
મહીકાંઠા ૬, ૭, ૧૦, ૩૦, ૭૧, ૭૯, ૮૦, ૮૯, ૧૦૬, ૧૧૧, ૧૧૪, ૧૧૯, ૧૨૧, ૧૪૪, ૧૪૬, ૧૫૧, ૧૫૪, ૧૫૫, ૨૦૨, ૩૬૫
'મહીકાંઠા ડીરેક્ટરી' ૧૪
મહીપતરામ રૂપરામ ૧૯૫, ૧૯૯, ૨૦૫, ૨૨૭, ૨૨૮, ૨૩૦, ૨૩૬, ૩૪૦, ૩૪૭, ૩૪૮, ૩૫૨, ૩૬૦, ૩૬૧, ૩૬૭, ૩૮૮, ૩૯૦–૩૯૫, ૩૯૭, ૪૦૦, ૪૪૭–૪૪૯, ૪૭૧, ૪૭૩, ૪૭૬, ૪૭૭, ૪૮૨, ૫૪૩
મહીપતરામ રૂપરામ અનાથાશ્રમ, અમદાવાદ ૨૩૬
મહુધા ૪૮, ૪૯, ૫૭, ૧૦૦, ૫૪૩,
મહુવા ૩૦૦, ૩૦૧, ૩૦૩, ૫૬૭
મહુવાકર, વલ્લભદાસ પોપટભાઈ ૧૬
મહેતા, કરુણાશંકર ૩૩૨, ૩૪૪
મહેતા, કલ્યાણજીભાઈ ૨૨૨
મહેતા, ગિરજાશંકર દલસુખરામ ૩૨
મહેતા, ચતુર્ભુજ શિવજી ૧૨
મહેતા, ચંદ્રવદન ૫૪૩ ૫૪૮
મહેતા, જેઠાલાલ બાવાભાઈ ૧૫
મહેતા, દામુભાઈ ડાહ્યાભાઈ ૪૦૧
મહેતા, ધનજીભાઈ હો. ૧૩, ૪૦૧

મહેતા, ધનસુખલાલ ૪૪૯
મહેતા, બલવંતરાય મહાદેવરામ ૩૯૯, ૪૦૧
મહેતા, ભરતરામ ૪૨૬
મહેતા, ભાનુસુખરામ નિર્ગુણદાસ ૪૪૧
મહેતા મગનલાલ મોતીરામ ૨૨૧, ૨૨૨
મહેતા, રણજિતરામ વાવાભાઈ ૧૯૫, ૪૧૯
મહેતા, શામળદાસ ૧૪૦
મહેતા, શારદાબહેન ૨૨૯, ૨૩૦, ૨૩૯, ૨૪૧, ૩૩૯, ૩૪૭, ૩૯૩
મહેમદાવાદ ૨, ૧૦૦, ૪૯૨, ૫૫૯
મહેરાજ ૪૫૮
મહેરામણજી ૧૩૩
મહેસાજી (વરસોડા) ૧૫૩
મહેસાણા ૧૧૯, ૧૨૦, ૧૨૬, ૧૫૩, ૨૫૩, ૩૩૭, ૫૫૯
મહોબતખાન ૫૩૦
મહોબતસિંહજી (પોળો) ૧૫૦
મહોબતસિંહજી (સુદાસણા) ૧૫૬
મંગળદાસ નથ્થુભાઈ ૪૨૬
મંચેરશા પાલવજી ૨૦૬, ૨૧૬, ૨૧૮
મંછારામ ઘેલાભાઈ ૪૩૪
મંજુકેશાનંદ ૩૮૪/૫
મંડેટી ૭૨, ૭૩
માઈલ્સ, મેજર ૧૨૮
માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન ૬૭, ૨૭૦
માણસા ૭૯, ૧૦૬, ૧૧૨, ૧૫૧, ૨૭૬, ૩૩૭
માણાવદર ૧૦૫, ૧૧૦, ૧૧૯ ૧૪૮
માણેકલાલ અંબારામ ૪૩૨
માતર ૪૮, ૪૯, ૫૭, ૪૭૬, ૪૭૭
માતરવાડી ૫૨૭
માથુરી ૩૨૩
માથેરાન ૧૭૫
માધવજી પ્રાગજી ૩૨
માધવદાસ રઘુનાથ ૨૩૦
માધવદાસ રુગનાથદાસ ૪૭૫
માધવપુર ૨૦
માધવરાયજી ૨૦
માધવરાવ, ટી. ૧૨૫
માધવરાવ ૧ લા ૪૧
માધવલાલ, રાવબહાદુર ૨૧૯
માધવલાલ હરિભાઈ ૩૪૦
માધવસિંહ (પોરબંદર) ૧૩૬
માધવસિંહજી (ચૂડા) ૧૪૩
માનસિંહ (ધ્રાંગધ્રા) ૧૩૭
માનસિંહ (નરવર) ૮૧, ૮૪
'માનવધર્મસભા', સુરત ૩૬૦
માનસિંહજી (ઇલોલ) ૧૫૨
માનસિંહજી (દાંતા) ૧૪૩
માનસિંહજી (દેવગઢ બારિયા) ૧૪૬
માનસિંહજી (પાલિતાણા) ૧૪૧
માનાજીરાવ ૪૬
માયસોર ૪૫
મારવાડ ૧૧૯
માર્ક્વિસ ઑફ વેલેસ્લી ૪૮
માર્ખામ, એસ. એફ. ૫૭૯
માર્શલ, જહોન ૫૭૩
માલકમ, જહોન ૧૪૮, ૩૫૯, ૪૬૮
માલદેવ ૪૫૭

માણપુર ૧૦૫, ૧૦૬, ૧૧૨, ૧૫૧
માણાજી જોશી ૭૬
માણુસા ૭૪
માલેગામ ૧૨૫
માસ્તર, ટી. બી. ૩૬૫
માહ ૫૫૯
માળવા ૨૯૮
માળિયા ૧૦૪, ૧૦૯, ૧૧૦, ૧૧૯
માંગરોળ ૧૩, ૧૦૫, ૧૪૧, ૧૪૮ ૨૯૮, ૩૦૦, ૩૦૧, ૩૦૩, ૩૨૪–૩૨૬, ૪૬૫, ૫૫૪
માંડલ ૨૦૭, ૨૨૦
માંડવા ૧૦૬, ૧૫૪
માંડવી ૨,૧૪, ૫૫, ૧૧૦, ૨૧૨, ૨૬૮, ૨૭૬, ૨૯૬, ૨૯૮, ૩૦૧, ૩૦૩, ૩૦૪, ૩૦૮, ૩૨૫, ૩૬૯, ૫૨૪, ૫૫૬, ૫૬૦, ૫૬૧, ૫૬૩
મિગ્લાસ ૪૦
મિત્ર, એસ. એન. ૨૪૧
'મિતાક્ષરી' ૩૨૩
મિન્ટો, લૉર્ડ ૧૨૨
મિરઝા, મહંમદ કાઝી ૩૫૦
મિરઝા, મહંમદ કાસીન ૪૦૭, ૪૧૨
મિયાંગામ ૧૨૪
મિયાણા ૧૩૬
મિસ્ત્રી, ભૂખણ ૭૫
મીડ, રિચાર્ડ ૮૪, ૧૬૧
મુઆઝિઝખાન ૪૨
મુકરજી આશુતોષ ૨૧૩
મુક્તાનંદ ૩૮૪/૩ ૪૬૬
મુખત્યારખાનજી ૧૪૮
મુગટરામ ૨૦
મુઝફ્ફરશાહ ૩ જો ૨૪, ૨૫, ૧૯૦, ૧૯૧, ૧૯૩
મુનદાસ ૧૫૦
મુનસફ, સોરાબશાહ દાદાભાઈ ૪૪૦
મુન્નીબાઈ ૫૪૪, ૫૫૧
મુનશી, અબ્દુલ રહેમાન ૨૫૪
મુનશી, કનૈયાલાલ મા. ૨૧૯, ૬૦૪
મુનશી, ચિમનલાલ મોતીલાલ ૪૩૮
મુનશી, બાજીગૌરી ૨૦૦,૨૪૦
મુસાણી, એ. એમ. ૫૮૫
મુસ્તફાખાન ૭૭
મુસ્તાલી ઇસ્માઈલી ૪૬૧
મુહમ્મદ પયગંબર ૪૬૧, ૪૬૨
મુહમ્મદ શાહ ૨ જા ૩૨૬
મુંદ્રા ૩૦૧, ૩૬૯, ૫૨૪, ૫૬૦
મુંબઈ ૧, ૨, ૪–૮, ૧૦–૧૩, ૧૫, ૧૯, ૨૩, ૨૬–૨૯, ૪૦–૪૨, ૪૪, ૪૭, ૪૯, ૫૪, ૫૫, ૫૯, ૬૫, ૬૭, ૭૧, ૭૮, ૮૫, ૮૯, ૯૧, ૯૩, ૯૫, ૯૭–૧૦૦, ૧૦૮, ૧૧૮, ૧૨૦, ૧૨૩, ૧૨૫, ૧૨૭, ૧૩૦, ૧૩૪, ૧૩૮, ૧૪૭, ૧૬૫–૧૬૭, ૧૬૯–૧૭૨, ૧૮૫, ૧૯૭–૨૦૧, ૨૦૪, ૨૦૫, ૨૧૨–૨૧૫, ૨૧૭–૨૨૦, ૨૩૪, ૨૩૬, ૨૩૭, ૨૩૮, ૨૪૭, ૨૫૦, ૨૫૨, ૨૭૧, ૨૭૬, ૨૮૨, ૨૮૩, ૨૯૪–૨૯૯, ૩૦૧–૩૦૩, ૩૧૪, ૩૨૮, ૩૩૨–૩૩૪, ૩૩૬, ૩૮૪, ૩૮૮, ૩૮૯, ૩૯૪, ૩૯૬, ૪૦૭–૪૦૯, ૪૧૪, ૪૧૫, ૪૧૯, ૪૨૦, ૪૨૨, ૪૨૪–૪૨૭, ૪૨૯,

૪૩૨, ૪૩૫, ૪૩૮, ૪૪૧, ૪૪૪, ૪૪૫, ૪૪૮, ૪૫૦, ૪૬૩, ૪૬૮, ૪૬૯, ૪૭૨, ૪૭૩, ૪૭૫–૪૭૮, ૪૮૧, ૪૯૭, ૫૩૦, ૫૪૪–૫૪૭, ૫૫૦, ૫૫૬, ૫૬૧, ૫૬૬, ૫૭૦, ૫૭૨, ૫૭૩, ૫૭૬, ૫૮૧, ૫૮૬, ૫૯૫–૫૯૭, ૬૦૨
'મુંબઈ સમાચાર' ૨૯, ૩૬૦, ૩૬૧, ૩૬૩
મૂર, એડવર્ડ ૧૪
મૂળચંદ–(મામા) ૫૫૦, ૫૫૫
મૂળજી ખુશાલ ૫૫૧
મૂળજી ગિરધર ૫૯
મૂળવોજી ૧૫૯
મૂળશંકર મુલાણી ૫૫૦
મૂળી ૧૦૯, ૧૧૦, ૧૧૯, ૧૪૩, ૫૦૯ ૫૧૦, ૫૧૧, ૫૨૬, ૫૩૭, ૫૪૨
મૂળુ માણેક ૮૧, ૮૨
મૂળુવાળા ૧૩૯
મેકમર્ડો, જેમ્સ ૨૨, ૬૩, ૧૬૦, ૫૪૦
મેકનાટન, મિ. ૧૩૭
મેકલિયોડ ૯૪
મેકલીલેન્ડ ૫૮૧
મેક્સ વેબર ૨૮૭
મેકોલે ૩૩૧, ૫૯૪
મેટલકિખાન ૭૬
મેટલે, કર્નલ ૩૩૨
મેડાન ૩૧૩
'મેઘદૂત' ૩૨૩
મેથોડિસ્ટ ૪૯૩
મેરોજી ૧૫૯
મેલવીલ, ૨૭૦
મેલેટન ૪૫
મેવાડ ૭૨, ૭૫, ૧૨૦
મેવાડા ૭૪
મેવાડા, જેઠાલાલ ઉદયરામ ૪૩૮
મેહરજી રાણા ૫૦૩
મેંગણી ૧૦૯, ૧૧૦
મેંદરડા ૧૦૬
મોકોજી (બાપોજી) ૧૫૮
મોખડેજી ૧૦૫
મોટા કોઠારણા ૧૧૨
મોટી ખારજ ૨૬૫
મોટી પાનેલી ૫૬૩
મોડજી ૧૫૮
મોડવદર ૨૨
મોડાસા ૨૨, ૫૭, ૧૨૮ ૧૫૨, ૧૫૫, ૨૩૨, ૪૪૩, ૫૬૭
મોતીકુંવરબા ૧૪૬
મોતીચંદ અમીચંદ ૩૦૩
મોતીચંદ તુલસી ૧૩૪
મોતીચંદ્ર, ડૉ. ૫૩૨
મોતીજાન ૫૪૪
મોતીબાઈ ૫૪૪, ૫૫૧
મોતીભાઈ ભગુભાઈ ૨૭૫
મોતીરામ બહેચરા ૫૫૧
મોતીસિંહ (વરસોડા) ૧૫૩
મોતીસિંહજી (છોટાઉદેપુર) ૧૪૬, ૧૯૨
મોદી, છગનલાલ ઠાકોરદાસ ૩૯૨, ૩૯૮, ૪૧૮
મોદી, મગનલાલ ઠાકોરદાસ ૪૧૦
મોનપુર ૧૪૦
મોનિયર, વિલિયમ્સ ૨૭૦

મોન્ટગોમરી, એ. (મિસ) ૪૯૩
મોન્ટગોમરી, રોબર્ટ ૪૧૪
મોબેદજી ૪૧૦
મોમીનખાન ૨ જો (ખંભાત) ૪૨, ૧૪૯
મોરગઢ ૧૫૩
મોરબી ૩૦, ૬૩, ૮૩, ૧૦૪, ૧૧૦, ૧૧૯, ૧૩૫, ૧૫૮, ૨૩૧, ૩૨૪, ૩૨૫, ૪૯૮, ૫૦૧, ૫૨૪, ૫૬૪, ૬૦૨
મોરવાડા ૧૧૧, ૧૫૬
મોર્લ, જેમ્સ ૪૩
મોલિયેર ૩૮૫, ૫૪૯
મોસલ ૩૯૬
મોહનગઢ ૧૪૭
મોહનદેવજી ૧૪૭, ૫૫૪
મોહનપુર ૧૦૬, ૧૧૨, ૧૫૦
મોહનભાઈ હરિદાસ ૩૯૨
મોહનલાલ રણછોડદાસ ૩૬૭
મોહન લાલા ૫૫૧, ૫૫૫
મોહમ્મદ ઝહીરુદ્દીન ૩૮૪/૮
મોંઘાજી ૧૫૫
મૌલાના આહમદ હસન ૩૩૧
મૌલાબક્ષ ૪૧૬
મૌલી, લૉર્ડ ૩૦૦
મ્હાવ ૬૮, ૭૫
યકીન ૨૪૨
યજુર્વેદ ૩૨૩
યદુરામ ૩૮૪/૭
યદુકેશવ ૭૩
'યદુવંશપ્રકાશ અને જામનગરનો ઇતિહાસ' ૧૨
યમન ૪૬૨
યાજ્ઞિક, કનૈયાલાલ ૨૧૯
યામાજી ૭૧
યાવર અલીખાન ૧૪૯
યુધિષ્ઠિર ૪૬૩
રઘુનાથજી ૧૪૧
રઘુનાથ બ્રહ્મભટ્ટ ૫૪૮, ૫૫૦, ૫૫૫, ૫૫૬
રઘુનાથરાવ (રાઘોબા) ૪૧, ૪૩, ૪૫
'રઘુવંશ' ૩૨૩
રઘુવીરજી ૪૬૮
રણછોડજી ૪૫૯
રણછોડજી અમરજી દીવાન ૧૦, ૩૩, ૩૪, ૩૮૪/૧
રણછોડભાઈ ઉદયરામ ૧૦, ૨૩૦, ૩૮૯, ૩૯૭, ૪૧૯, ૫૪૩, ૫૪૯
રણછોડલાલ છોટાલાલ ૩૩, ૯૩, ૯૯, ૧૯૮, ૨૦૩, ૨૩૮, ૨૮૧–૨૮૩ ૨૮૫, ૨૮૭, ૪૭૫–૪૭૭
રણજિતસિંહજી (દેવગઢબારિયા) ૧૪૬
રણજિતસિંહ (નવાનગર) ૧૩૨
રણજિતસિંહજી (લુણાવાડા) ૧૪૭
રણમલજી (નવાનગર) ૧૩૨, ૧૯૦, ૫૦૮
રણમલજી (રાજકોટ) ૧૩૩
રણમલસિંઘજી – રણમલસિંહજી (ધ્રાંગધ્રા) ૨૦, ૧૩૬
રણાસણ ૧૦૬, ૧૧૨, ૧૫૦, ૧૫૨
રણિયાર ૨૬૫
રતનપુર ૨૬૫
રતનપોર ૫૬૪
રતનસિંહ (વરસોડા) ૧૫૩
રતનસિંહજી (ઘોડાસર) ૧૫૪
રતલામ ૬૯, ૯૩, ૨૯૮, ૫૬૩

રત્નમણિરાવ ૩૦૨
રજબ સાલાર પીર ૨૪૫
રમણભાઈ નીલકંઠ ૨૩૭, ૨૩૮, ૩૪૭, ૩૫૨, ૩૮૬, ૩૮૯, ૩૯૨, ૪૪૯, ૪૭૭, ૪૭૯, ૪૮૨, ૫૫૦, ૬૦૪, ૬૦૬
રમાંસ ૧૧૨
રમેશચંદ્ર દત્ત ૩૯૮
રવ ૨૧
રવજી ૨૨
રવિવર્મા ૬૦૨
રવિસાહેબ ૪૫૯
રવોજી ૨ જા ૩૦
રવોજીરાવ સંસ્કૃત પાઠશાળા, મોરબી ૩૨૪
'રસગંગાધર' ૩૨૩
રસાલાદાર, હસનખાન ૭૩
રસુલખાનજી ૧૪૨, ૩૩૯
રહીમખાન ૫૫૪
રહેવર ૧૨૦
રંગીલદાસ (જૂનાગઢ) ૩૮૪/૮
રંગીલદાસ (શિનોર) ૩૨૫
રંગીલાલ મહારાજ ૩૨૪
રંગો બાપુજી ૮૨, ૮૫, ૮૬
'રાઈનો પર્વત' ૨૩૮, ૩૮૯
રાઈસાંકળી ૧૦૯, ૧૧૦
રાજકોટ ૨૮, ૯૯, ૧૦૦, ૧૦૪, ૧૦૯–૧૧૧, ૧૧૮, ૧૧૯, ૧૨૨, ૧૨૯, ૧૩૦, ૧૩૩–૧૩૮, ૧૪૧, ૧૪૨, ૨૦૦, ૨૨૦, ૨૩૬, ૨૫૩, ૨૬૮, ૩૩૨, ૩૩૫, ૩૪૦, ૩૪૧, ૩૫૩, ૩૬૯, ૪૧૯, ૪૪૦, ૪૪૩, ૪૪૬, ૪૪૮, ૪૬૪, ૪૬૮, ૪૭૧, ૪૭૫, ૪૭૯, ૪૮૯, ૪૯૬, ૫૫૯, ૫૬૩, ૫૬૪, ૫૭૫, ૫૭૬, ૫૮૦, ૬૦૨
રાજગઢ ૯૪
રાજગર, આ. પા. ૫૪૯
રાજપર ૧૦૯
રાજપરા ૧૦૯, ૧૧૦
રાજપીપળા ૬૮, ૭૭, ૧૧૨, ૧૨૦, ૧૨૨, ૧૨૬, ૧૨૭, ૩૩૭, ૫૪૧, ૫૬૪, ૫૬૭
રાજપુર ૧૧૦, ૧૫૭
રાજપૂતાના ૬૭, ૬૮
રાજશેખર ૪૨૩
રાજસિંહ (માણુસા) ૧૫૨
રાજસિંહજી (મોહનપુર) ૧૫૧
રાજસિંહજી (રણાસણ) ૧૫૨
રાજસિંહજી (વઢવાણ) ૧૩૯
રાજસિંહજી (સુદાસણા) ૧૫૬
રાજસીતાપુર ૨૦
રાજસ્થાન ૧૨૦, ૩૭૩, ૫૩૫, ૫૬૦, ૫૬૬
રાજા રવિવર્મા ૬૦૨
રાજારામ મોહનરાય ૨૧૩, ૨૩૧, ૪૪૪, ૫૯૪
રાજુલા ૫૨૧
રાઠોડ, દુર્જનસિંગ ૭૪
રાઠોડ, રામસિંહજી ૫૪૦ ૫૬૨
રાણપુર ૪૮, ૫૦, ૫૬૪
રાણીપુર ૧૪૯, ૨૫૬, ૪૪૩
રાણીપુરા ૧૧૨
રાણોજી (કટોસણ) ૧૫૫
રાધનપુર ૧૫, ૧૯, ૨૪, ૨૫, ૧૦૫,

૧૧૧, ૧૨૦, ૧૨૨, ૧૨૮, ૧૫૫, ૧૫૬, ૧૯૧, ૧૯૩, ૩૩૬
'રાધનપુર ડિરેક્ટરી' ૧૫
રામચરણ ૮૫
રામદાસ ૪૫૬
રામદેવજી (ધરમપુર) ૧૪૭
રામદેવપીર ૪૫૭
રામનારાયણ ૭૮
રામપુર ૧૫૩, ૪૦૭
રામપુરા ૧૧૨, ૧૨૦
રામબાઈ ૨૧
રામલાલ વલ્લભ નાયક ૫૫૦, ૫૫૫
રામસિંહ (જોધપુર) ૧૨૯
રામસિંહ (વરસોડા) ૧૫૩
રામસિંહજી માલમ ૫૬૪
રામસે ૩૬૬
રામાનંદ સ્વામી ૩૮૪/૩
રામોભાઈ ૧૪૩
રામ્સે, એલેક્ઝાન્ડર ૫૪
રાયચંદ દીપચંદ લાયબ્રેરી, ભરૂચ ૩૫૩
રાયજી, મનંતરાય મદનરાય ૨૨૧, ૨૨૨
રાયસિંહજી (કટોસણ) ૧૫૫
રાયસિંહજી (ચૂડા) ૧૪૩
રાયસિંહજી (છોટાઉદેપુર) ૧૪૫
રાયસિંહજી (મોહનપુર) ૧૫૧
રાયસિંહજી (રણાસણ) ૧૫૨
રાવજી ૪૭, ૪૮
રાવજીરાવ ૩૦, ૩૮
રાવળ, રવિશંકર ૩૪૨, ૬૦૩
'રાસમાલા' ૧૦, ૧૧, ૫૭૦
રાંચરડા ૨૫૬
રાંદેર, ૧૦૧, ૩૦૫
રિચર્ડ, ટેમ્પલ ૫૮૧
રિચાર્ડો ૭૬
રિપન, લૉર્ડ ૯૬, ૨૧૬
રિયાણ ૨૧, ૨૧૬
રીડ, ડૉ. ૪૪૫
રીડિંગ, લૉર્ડ ૧૧૨
રુક્મણી ૨૩૫
રુમડિયા ૨૬૫
રુસ્તમખાનજી ૧૪૮
રુસ્તમજી ૪૧૧
રુસ્તમજી કેરસાસ્પજી ૪૪૪
રુસ્તમજી ખરશેદજી ૪૦૮, ૪૦૯
રુસ્તમજી જમશેદજી જીજીભાઈ ૨૫૨
રુસ્તમજી જામાસ્પજી દસ્તૂર મહેરજી રાણા ૪૪૦
રુસ્તમપુરા ૪૧૧
રુસ્તમપુરા જરથોસ્ત્રી પુસ્તકાલય, સુરત ૨૫૨
રુસ્તમજી રાણીના ૩૫૦
રૂપબાઈ ૨૨
રૂપશંકર ગંગાશંકર ૩૪૯
રૂપસિંગ ૯૪
રૂપસિંહજી (ખડાલ) ૧૫૪
રૂપાજી ૧૫૫
રૂપા નાયક ૭૬
રૂપાલ ૧૦૬, ૧૧૨
રૂપાળીબા ૨૦, ૨૧, ૧૩૬
રૂપાંદે ૪૫૭
રે, કપ્તાન ૨૨
રેક્સ, કેપ્ટન ૭૩, ૭૪
રેજિનાલ્ડ, હેબર ૧૩, ૪૬૬
રેબર્ડ, કેપ્ટન ૭૬

રેમિંગ્ટન ૬૫, ૨૦૦
રેવાકાંઠા ૬, ૭, ૧૨, ૭૪, ૧૦૦, ૧૧૧, ૧૧૩, ૧૧૫, ૧૧૯–૧૨૧
રેવાભાઈ રાણા ૨૦૮, ૨૦૯
રેવાશંકર ૩૮૪/૮
રેહા ૫૬૩
રોજર્સ ૬૮, ૭૭, ૯૪
રૉબર્ટ, બ્રુસ ફૂટ. ૫૭૨–૫૭૫, ૫૮૨,
રૉબર્ટ, સેવેલ્લ ૫૭૫, ૫૮૫
રૉબર્ટ્સ, જનરલ ૬૯
રોબર્સ ૮૨
રોમર ૨૫૧
રોમેશચંદ્ર ૨૮૬
રોહર ૩૦૧
લક્ષ્મણ ખવાસ ૧૩૬
લક્ષ્મીચંદ ભગવાનદાસ ૩૦૭
લક્ષ્મીદાસ ૩૦૯
લખતર ૧૦૫, ૧૦૯, ૧૧૯, ૧૪૩
લખપત ૨૬૮, ૩૦૧, ૫૦૮
લખા ભગત ૯૭
લધા દામજી ૩૦૮, ૩૦૯
લધા બારોટ ૩૨
લલ્લુ બહાદુર ૩૪૧, ૪૯૮, ૫૦૨
લલ્લુભાઈ ૫૦૩
લલ્લુભાઈ નાયક ૫૫૫
લલ્લુભાઈ પાનાચંદ ૫૦૬
લશ્કરી, બેચરદાસ ૩૨૪, ૩૪૦
લાખાજી ૧૪૫
લાખાપાદર ૧૧૧, ૧૬૦
લાખોજી ૧૩૩, ૧૩૪
લાઠી ૧૦૫, ૧૦૯, ૧૧૦, ૧૪૫
લાડ, ગણપતરાવ એન. ૧૩૮
લાલશંકર ૨૩૫
લાલશંકર ઉમિયાશંકર ૨૦૦, ૨૩૫, ૨૩૯, ૩૪૮, ૩૯૯, ૪૨૨, ૪૪૭, ૪૭૬, ૪૭૭
લાલસિંહજી (રણાસણ) ૧૫૨
લાવણ્યસમય ૪૨૨
લાંગે, કર્નલ ૬૩
લિટન, લૉર્ડ ૯૫
લિટલ, શ્રી. ૩૪૨
લિયાકતઅલી અલાહાબાદી ૮૨, ૮૫
લીખી ૧૧૨
લીઆંડ, જેકબ ૬૩
લીજીટ ૭૩, ૭૪
લીમાદેવજી (થરાદ) ૧૫૬
લીલાચંદ હેમચંદ ૩૩
લીલાધર ૫૨૦
લીલાધર મોરારજી ૩૨
લીલાધર હરખચંદ ૧૫
લીંગડા ૨૧
લીંબડી ૩૧–૩૩, ૮૦, ૧૦૫, ૧૦૯, ૧૧૦, ૧૧૯, ૧૩૭, ૧૫૪, ૧૭૮, ૧૭૯, ૨૦૯, ૨૧૨, ૨૨૩, ૨૩૬, ૩૩૩, ૩૩૭, ૩૩૮, ૪૭૫, ૫૨૧, ૫૬૩
લુણાવાડા ૩૨, ૭૫, ૧૦૬, ૧૧૩, ૧૨૦, ૧૯૨, ૨૦૨, ૨૩૨, ૨૯૮, ૫૫૪, ૫૬૩, ૫૬૭
લુસડિયા ૪૬૪, ૪૯૩
લૂણકરણ ૧૫૭
લેઇટ, કૅપ્ટન ૭૬
લેંઠી, લેફ્ટેનન્ટ ૧૬૮

લેંગ લાઇબ્રેરી, રાજકોટ ૩૫૩
લોઇડ, કેપ્ટન ૧૩૪, ૧૩૭
લોદરા ૭૨
લોધિયા, સુલેમાનશાહ મુહમ્મદ
હાજી ૩૯૫
લોધીકા ૧૦૯–૧૧૧, ૧૬૦
લોહેજ ૪૬૫
વક્તાપુર ૧૧૨
વખતસિંહ (જેતપુર) ૧૫૯
વખતસિંહ (પાટડી) ૧૪૮
વખતસિંહજી (ઈલોલ) ૧૫૨
વખતસિંહજી (કટોસણ) ૧૫૫
વખતસિંહજી (મૂળી) ૧૩૮, ૧૪૩
વખતસિંહજી (લૂણાવાડા) ૧૪૬,
૧૯૨
વચ્છરાજ (માણસા) ૧૫૨
વજમાલ પરબતજી મેટ્ટુ ૩૧
વજેરાજજી ૧૪૩
વજેરામ ૭૨
વજેરામ ગોકળદાસ ૪૭૧
વજેસિંહજી (ઇલોલ) ૧૫૨
વજેસિંહજી (ખડાલ) ૧૫૪
વજેસિંહજી (ભાવનગર) ૩૦, ૧૩૯
વજેસિંહજી (રણાસણ) ૧૫૨
વઝીરાણી, ટી. એ. ૪૪૦
વડગાંવ ૪૬ ૫૬
વડતાલ ૪૬૭, ૪૬૮, ૪૮૯, ૫૦૦,
૫૦૫ ૫૦૯–૫૧૧, ૫૨૬, ૫૩૭,
૫૪૨, ૫૬૭
વડનગર ૭૨ ૫૩૮, ૫૬૩
વડાગામ ૧૦૬, ૧૧૨
વડાલી ૧૦૯, ૩૨૭
વડાળા ૧૧૦
વડિયા ૧૧૯
વડેલી ૫૭૫
વડોદ ૧૦૯. ૧૧૦
વડોદરા ૨, ૩. ૬. ૭, ૯–૧૨, ૧૪,
૧૭, ૨૪, ૨૮, ૩૨, ૩૯, ૪૨. ૪૪.
૪૬–૫૦, ૫૨, ૫૭ ૬૮–૭૧,
૭૪. ૭૬, ૭૮ ૮૦ ૮૨, ૮૫,
૮૬, ૮૯, ૯૪, ૯૮, ૯૯, ૧૦૨,
૧૦૪, ૧૦૭, ૧૦૮. ૧૧૧, ૧૧૫,
–૧૨૭, ૧૩૯, ૧૭૯, ૧૮૧. ૧૮૮,
૨૦૦. ૨૦૨, ૨૦૩, ૨૦૬, ૨૦૯,
૨૧૦ ૨૧૯, ૨૨૦, ૨૨૨, ૨૩૦,
૨૩૧, ૨૩૩. ૨૩૬, ૨૬૮, ૨૫૪,
૨૫૯, ૨૬૫, ૨૬૮ ૨૭૫ ૨૭૮,
૨૮૧, ૨૮૪, ૨૮૬, ૩૦૦, ૩૨૩-
૩૨૫, ૩૩૨–૩૩૪, ૩૩૬, ૩૩૮,
૪૧૮, ૪૧૯, ૪૨૨, ૪૨૩ ૪૩૨,
૪૩૩, ૪૪૧, ૪૪૨, ૪૪૩, ૪૫૬,
૪૫૯, ૪૬૧, ૪૬૪, ૪૭૭, ૪૮૦,
૪૮૯, ૪૯૨, ૪૯૩ ૪૯૭–૫૦૨,
૫૦૪–૫૦૬, ૫૧૩ ૫૨૪ ૫૩૦,
૫૩૩, ૫૩૬, ૫૩૮, ૫૪૭, ૫૫૩,
૫૫૪, ૫૬૦, ૫૬૬, ૫૭૩, ૫૮૪,
૫૮૫, ૫૯૨, ૬૦૨
'વડોદરાના રાજ્યકર્તા' ૫૨
'વડોદરા વત્સલ' ૨૮
વઢવાણ ૧૦૦, ૧૦૫, ૧૦૯–૧૧૧,
૧૧૯ ૧૩૦, ૧૩૭, ૧૩૯, ૧૪૦,
૧૫૪ ૧૬૦, ૨૯૯, ૩૨૦, ૩૩૨,
૩૩૭, ૩૬૫. ૩૬૮ ૪૬૪, ૪૯૮,
૫૨૭, ૫૩૭, ૫૪૨, ૫૫૪, ૫૬૪,

વઢિયાર ૧૨૮
વણોદ ૧૦૯, ૧૧૦
વનિતાવિશ્રામ ૨૪૧
વરજદાસ વિઠ્ઠલદાસ ૨૭૫
વરતેજ ૫૬૬
વરસિંહ (પેથાપુર) ૧૫૩
વરસિંહ (ભાદરવા) ૧૫૭
વરસોડા ૭૯, ૧૦૬, ૧૧૨, ૧૫૩
વરાડ ૨૯૫
વરિશાવ ૪૧, ૪૪
વર્ડ્ઝવર્થ ૩૮૬
વલભી ૧૪
વલભીપુર ૩૨૪
વલસાડ ૪૪, ૧૦૧, ૧૪૭, ૨૪૭, ૨૫૯, ૨૭૬, ૨૯૯, ૩૩૦, ૪૪૩, ૪૫૬, ૫૬૦, ૫૬૪,
વલાસણા ૧૧૨
વલીખાન ૭૫
વલ્લભ કેશવ નાયક ૫૫૧
વલ્લભજી ૫૦૮
વલ્લભજી હરિદત્ત આચાર્ય ૩૨૫, ૪૪૬, ૫૮૩
વલ્લભાચાર્ય ૪૫૬
વસઈ ૪૩, ૪૬, ૯૨
વસઈકર ૫૫૪
વસાવડ ૧૦૯, ૧૧૦
વસો ૫૨૬
'વસ્તુપાલચરિત' ૩૯૨
વહાલજી બેચર ૪૯૩
વહોરા સૈયદ ૫૦૩
વળા ૧૦૯, ૧૧૦, ૧૧૯
વાઝડ ૧૩૦, ૧૫૮, ૩૬૯, ૫૬૧
વાગરા ૬૮, ૭૭
વાઘજી (મોરબી) ૧૩૫
વાઘસિંહજી (માલપુર) ૧૫૧
વાઘાજી (ઇલોલ) ૧૫૨
વાચ્છા, જે. પી. ૪૬૪
વાચ્છા, જહાંગીરજી બરજોરજી ૫૪૭
વાચ્છા, દીનશા ૨૦૬, ૨૧૭, ૩૦૬
વાજસૂર ૧૪૫
વાડક ૯૪
વાડાશિનોર ૩૨, ૭૯, ૧૧૩, ૧૨૦, ૧૫૬
વાડીલાલ ઉસ્તાદ ૫૫૫
વાડીલાલ શિવરામ નાયક ૫૫૪
વાઢેર ૧૦૬
વાત્રક કાંઠા ૧૦૭, ૧૧૧, ૧૧૨, ૧૨૦
વાનરથ ૫૩૦
વારાહી ૧૧૧
વાલેસપુર ૨૫૬
વાવ ૧૦૬, ૧૧૧
વાસણા ૧૧૨, ૧૨૦
'વાસવદત્તા' ૩૨૩
વાસ્કો-દ-ગામા ૩૦૫
વાળા વીરા ૧૬૦
વાંકાનેર ૧૦૫, ૧૦૯, ૧૧૦, ૧૧૯ ૧૩૮ ૧૫૪, ૫૨૪, ૬૦૨
વાંકિયા ૧૦૯
વાંસદા ૫૫, ૭૯, ૧૦૬, ૧૧૩, ૧૧૫, ૧૧૯, ૧૪૭, ૨૪૭, ૫૫૪, ૫૬૦,
વાંસવાડા ૮૧, ૭૭૩
વિક્ટોરિયા ૨૪, ૯૦, ૯૫, ૯૮, ૧૧૭, ૧૩૪, ૧૩૫, ૧૮૬, ૧૮૯,

૧૯૧, ૨૫૧, ૩૦૦, ૫૩૮, ૫૨૯;
૫૯૭, ૫૯૯
વિકાજી કેખુશરૂ રુસ્તમજી ૩૯૦
વિક્રમાતજી ૨૦, ૧૩૬
વિજયદેવજી (ધરમપુર) ૧૪૭, ૫૫૪
વિજયપાળ (છલોલ) ૧૫૨
વિજયરામ ૨૦
'વિજયવિનોદ' ૩૦
વિજયસિંહજી (ભાવનગર) ૩૮
વિજાપુર ૧૭, ૪૭, ૪૮, ૫૭, ૭૧,
૭૯, ૮૦, ૧૨૦, ૩૨૪
વિઠ્ઠલગઢ ૧૧૧, ૧૬૦
વિઠ્ઠલદાસ દામોદર મૂળજી ૩૨૪
વિઠ્ઠલરાવ ૧૦૭
વિઠ્ઠલરાવ દેવાજી ૪૯
'વિદ્યા-વિલાસ' ૨૮
વિન્ચેસ્ટર ૫૬૩
વિભાકર (બૅરિસ્ટર) ૫૫૦
વિભાજી ૨ જા (નવાનગર) ૨૧, ૩૧,
૧૩૨, ૧૩૩, ૧૯૧, ૫૦૦
વિભોજી ૧૫૮
'વિમલપ્રબંધ' ૨૨૫
વિલિ, જેમ્સ ૪૧૦
વિલિયમ ૪ થા ૧૮૬
વિલિયમ બૅન્ટિક ૫૯૪
વિલિયમ્સ ૧૧૮
વિલોબી, જે. ૧૨૦, ૧૨૧
વિલ્કિન્સન, કર્નલ ૪૦૭, ૪૯૮
વિલ્બર ફોર્સ ૪૪૪
વિલ્સન, જ્હૉન ૧૪, ૪૧૨, ૫૭૪
વિશાજી (છલોલ) ૧૫૨
'વિજ્ઞાનવિલાસ' ૨૮
વિશ્વનાથ નારાયણ મંડળીક ૪૭૪
વિશ્રામ ખીમજી ૩૦૩
વિષ્ણુનારાયણ ભાતખંડે ૫૫૫
'વીણાવિલાસ' ૩૧
વીરચંદ અમીચંદ ૩૦૬
વીરપુર ૧૦૪, ૧૦૯, ૧૧૦, ૧૧૯,
૧૫૮
વીરમગામ ૧૭, ૫૭, ૭૯, ૨૧૮,
૨૨૦, ૨૮૪, ૨૯૮-૩૦૦, ૩૦૨,
૩૨૪, ૩૨૫
વીસનગર ૩૨૪, ૩૨૫, ૫૨૭, ૫૩૮,
૫૬૪, ૫૬૭
વીંછાવડ ૧૦૯, ૧૧૦
વૂડ ૩૪૯
વૃદ્ધિચંદજી ૪૨૦
વેડનબર્ન ૪૩
વેણી શાહ ૫૦૪
'વેણીસંહાર' ૩૨૩
'વેદાંતપરિભાષા' ૩૨૩
'વેદાંતસાર' ૩૨૩
'વેનચરિત્ર' ૨૩૫
વેબ્સ્ટર ૪૧૪
વેરાવળ ૧૩
વેરીસાલજી ૧૨૬, ૧૨૭
વેલસ્મિથ ૩૩૦
વેલેસ્લી, માર્કિવસ ઑફ ૪૮,
૫૭, ૧૧૬
વૈદ્ય, ડે. બી. ૩૦૩
વૈદ્ય, જટાશંકર લીલાધર ૪૩૭
વૈદ્ય, વિશ્વનાથ પ્રભુરામ ૩૯૩
વૈરાટી, કવિ ૫૫૬
વૈષ્ણવ, ચિમનરાય શિવશંકર ૪૧૫

વૉકર, કર્નલ ૪૭, ૪૯, ૫૨, ૬૧
૧૦૨, ૧૧૮
વૉટ્સન ૫૭૧, ૫૮૨
વૉટ્સન મ્યુઝિયમ, રાજકોટ ૫૦૪,
૫૧૮, ૫૭૫, ૫૭૬, ૫૮૦, ૫૮૩
વૉરન હેસ્ટિંગ્સ ૪૪
વૉર્ડન ૧૩૯
વોરા, સવાઈલાલ છોટમલાલ ૪૧૪
વૉલેસ ૮૨
વૉલ્ટર હેમિલ્ટન ૧૩
વ્યંકટેશ ચીતલે ૮૬
વ્યાસ, ઇચ્છાશંકર ૨૩૮
વ્યાસ, મણિલાલ બકોરભાઈ ૪૨૨
વ્યાસ, માધવરાય ૧૪૯
વ્યાસ, મૂલજી નારાયણ ૪૧૭
વ્યાસ, વસંતરાય ૨૦૮
વ્રજકેશજી ૪૨૬
વ્હાઈટલૉક, મેજર ૭૨–૭૪, ૭૯
શત્રુંજય ૧૪, ૧૯, ૫૦૫, ૫૦૭
શનિ, માસ્ટર ૫૫૧
શમશેરખાન ૧૨૭
શમ્સખાન ૧૬૦
શર્મા, છોટાલાલ ઋખદેવ ૫૫૦
શર્મા, નથુરામ ૪૮૦
શર્મા, સીતારામ ૪૪, ૪૩૮
શંકરનાથજી ૨૧
શંકરાચાર્ય ૪૮૧
શંખોદ્ધાર બેટ ૧૪, ૨૦, ૫૨
શંભુપ્રસાદ લક્ષ્મીલાલ ૧૩૪
શાજીવાલા, લાલભાઈ
નવલખાભાઈ ૫૦૭
શાપુરજી એદલજી ૪૧૩
શામરાવ નારાયણ લાડ ૧૪૯
શામળ ૩૫૨ ૪૨૨
શામળદાસ કૉલેજ, ભાવનગર ૩૩૯
શામળ બેચર ૨૭૫
શામળાજી ૩૭૭
શાર્ઙ્ગધર ૩૨૩
શાર્પ ૩૯૧
શાસ્તાપુર ૫૫૯
શાસ્ત્રી, કરુણાશંકર ૩૨૫
શાસ્ત્રી, જેશંકર ૩૨૫
શાસ્ત્રી, દલસુખ ૩૨૫
શાસ્ત્રી, ભગવાન ૩૨૫
શાસ્ત્રી, મહાશંકર ૩૨૫
શાસ્ત્રી, ~~યદુપુખાસ~~ ૪૬૮, ૪૮૬
શાસ્ત્રી, રેવાશંકર ૩૨૫
શાસ્ત્રી, શિવનાથ ૪૭૬
શાસ્ત્રી, વિશ્વનાથ ૩૨૫
શાસ્ત્રી, વ્રજલાલ કાલિદાસ ૩૨૪.
૩૫૦, ૪૦૦, ૪૪૭, ૪૭૮
શાસ્ત્રી, હરખજી ૩૨૫
શાસ્ત્રી, હાથીભાઈ ૩૨૫
શાહઆલમ ૨જો ૨૩, ૧૮૫
શાહ, ઉમાકાંત ૫૩૨
શાહ, ચુનીલાલ ૩૩૭, ૪૩૮
શાહ, ત્રિભોવનદાસ મોતીચંદ ૪૦૧
શાહ, દામોદરદાસ રેવાદાસ ૧૫
શાહ, ફુલચંદ ઝવેરચંદ ૫૫૦
શાહ, મોતીલાલ મનસુખરામ ૪૧૩
શાહ, વખતચંદ ૫૦૮
શાહ, વજીરુદ્દીન ૩૨૬
શાહ, વાડીલાલ મોતીલાલ ૪૧૩
શાહ, સવાઈભાઈ રાયચંદ ૪૨૦

શાહ, સોમાભાઈ મંગળદાસ ૪૩૮
શાહપુર ૧૦૯, ૧૧૦, ૩૨૫, ૪૫૯
શાંતિસાગરસૂરિ ૧૯
શિણોલ ૨૨
શિનોર ૪૫, ૪૬, ૩૨૪, ૩૨૫
શિમરોલી ૨૦
શિરોહી ૭૩, ૧૧૯, ૧૨૦
શિવજી ૧૪૧
શિવબાઈ ૨૩૨
શિવરામ ગંગાધર ૪૧૭
શિવરામ મૂર્તિ ૫૮૦, ૫૮૩
શિવશંકર કસનજી ૪૧૪
શિવસિંગ (ઈડર) ૧૨૮
શિવસિંહ (અહમદનગર) ૧૫૧
શિવસિંહજી (માલપુર) ૧૫૧
શિવાજી ૪૦, ૫૯૦
શિવા હરજી ૩૧૧
'શિશુપાલવધ' ૩૨૩
શિહોર ૨૦, ૮૩, ૮૪, ૫૨૭, ૫૩૯, ૫૫૯, ૫૬૪
શિંદે ૩૩૮
શીરીન, કાબરાજી ૪૫૦
શુક્લ, નથુરામ સુંદરજી ૩૨, ૫૫૦
શુક્લ, હીરાલાલ ૩૭
શુકાનંદ ૪૬૬
શુક્લતીર્થ ૯૭, ૨૨૬
શેક્સપિયર ૭૦, ૭૩, ૭૮–૮૦, ૩૮૫, ૫૪૭
શેખ, અહમદ ખટ્ટુ ૩૨૫
શેખ, અહમદ રજિયુદ્દીન ૩૮૪/૮
શેખ, બદરુદ્દીન ૧૪૮
શેખ, બહાદુર ૩૮૪/૮
શેખ, બાપુમિયાં ૧૪૮
શેખ, મિયાં ૧૦૫, ૧૪૮
શેખ, સૈયદ હુસેન ઇદ્રુસ ૬૮
શેખપાટ ૨૦
શેખોજી (શેખાભાઈ) ૧૪૩
શેઠ, કેશવલાલ હ. ૪૩૮
શેઠ, ખરશેદજી બહેરામજી નાણાવટી ૫૦૦
શેઠ, ડુંગરશી દેવશી ૧૪૨
શેઠ, દાદીભાઈ નસરવાનજી ૨૫૦
શેઠ, દેવચંદ લાલચંદ ૪૨૦
શેઠ, પ્રેમચંદ રાયચંદ ૧૯૫, ૧૯૮
શેઠ, લક્ષ્મીદાસ ખીમજી ૪૭૭
શેઠના, રતનજી ફરામજી ૪૧૫
શેઠાણી હરકુંવરબાઈ કન્યાશાળા, અમદાવાદ ૨૩૯
શેપી ૭૫
શેરખાન (રાધનપુર) ૧૨૭
શેરખાન બાબી (જૂનાગઢ) ૧૪૮
શેલુકર, આબા ૪૬
શ્યામજી કૃષ્ણ વર્મા ૧૪૨, ૨૦૮, ૨૦૯ ૨૧૨, ૨૨૩
શ્યામરાવ ૫૨૯
શ્યામા ૫૫૧
શ્રીકૃષ્ણ અર્જુન ત્રવાડી ૫૫
શ્રીપાલ ૫૩૨
સચીન ૭૯, ૮૨, ૮૫, ૧૦૫, ૧૧૩, ૧૧૫, ૧૧૯, ૧૪૯
સજ્જનકુંવરબા ૧૪૭
સણોસરા ૧૦૯, ૧૧૦
સતલાસણા ૧૧૨
સતારા ૮૫, ૧૨૩

સતોજી ૧૫૮
'સત્યપ્રકાશ' ૨૨૬, ૪૨૬, ૪૪૫, ૪૭૨–૪૭૪, ૫૯૭
'સત્યમિત્ર' (સતિઅમીતર) ૨૮
સત્યેંદ્રનાથ ૪૭૬, ૪૭૭
'સત્યોદય' ૨૮
સફદરખાન ૪૦
સબળજી (કોટડા-સાંગાણી) ૧૫૯
સબળાજી (આંબલિયારા) ૧૫૫
સમશેરબહાદુર ૨
સમસખાન ૧૬૦
સયાજીરાવ ૨ જા ૪૬, ૬૨, ૧૧૮, ૧૨૨–૧૨૪, ૧૮૮, ૫૦૬, ૫૪૭ ૫૫૩
સયાજીરાવ ૩ જા ૨૪, ૧૨૫, ૧૨૬, ૧૮૯, ૨૦૬, ૨૧૦, ૨૧૨, ૨૧૯, ૨૩૨, ૨૩૩, ૨૩૭, ૨૩૮, ૨૮૧, ૨૮૪, ૨૮૬, ૩૨૪, ૩૩૪, ૩૪૨, ૩૫૪, ૩૫૫, ૪૧૬, ૪૧૮, ૪૧૯, ૪૩૨, ૪૯૮, ૫૮૦, ૫૮૪, ૫૮૫, ૬૦૨
'સયાજીવિજય' ૨૮
સરડોઈ ૧૫૦
સરતાનજી ૨૧, ૧૪૩
સરતાનસિંહજી (રણાસણ) ૧૫૨
સરદારખાનજી ૧૪૮
સરદારગઢ ૧૧૦
સરદારસિંઘજી ૨૦૮, ૨૦૯
સરદારસિંહ રાણા ૨૨૨, ૨૨૩
સરદારસિંહજી (ખડાલ) ૧૫૪
સરદારસિંહજી (દાંતા) ૧૪૪
સરદારસિંહજી (માદરવા) ૧૫૭, ૬૭૯
સરદારસિંહજી (સુદાસણા) ૧૫૬
સરવરસિંહજી (રણાસણ) ૧૫૨
સરસવ ૧૫૦
'સરસ્વતીચંદ્ર' ૨૩૮, ૩૮૮, ૪૧૯, ૪૮૩
સરાજુદ્દીન મૌલવી ૬૭
સલાયા ૩૦૦, ૩૦૧, ૩૦૩
સહજાનંદ સ્વામી ૧૩, ૫૫, ૧૯૭, ૩૫૯, ૩૮૪/૨, ૩૮૪/૩, ૪૫૪, ૪૫૬, ૪૬૫–૪૬૭, ૫૧૧, ૫૧૧, ૫૫૨, ૬૦૫
સંખેડા ૪૭, ૭૬, ૨૨૦, ૨૭૮, ૫૩૬, ૫૬૭, ૫૭૫
સંખેડા મેવાસ ૧૧૩, ૧૧૫
'સંગીતતત્ત્વવિનોદ' ૩૨
સંગ્રામસિંહ (અહમદનગર) ૧૫૧
સંગ્રામસિંહજી (આંબલિયારા) ૧૫૫
સંઘવી, નગીનદાસ પુરુષોત્તમ ૩૯૧, ૪૩૪
સંજેલી ૧૧૩, ૧૧૫, ૧૫૭
સંતદાસ ૪૫૬
સંતરામ મહારાજ ૪૫૯
સંતરામપુર ૧૨૦, ૫૫૪, ૫૬૭
સાકરચંદ પ્રેમચંદ ૫૦૭
સાઠંબા ૧૧૨
સાણંદ ૧૦૬, ૧૫૩
સાદરા ૧૦૦, ૧૨૦, ૧૪૪
સાદુલખસિંયા ૧૪૦
સાબરકાંઠા ૧૦૬, ૧૦૭, ૧૧૨, ૧૨૧
સામરખા ૨૫૩
'સામવેદ' ૩૨૩, ૩૨૪

સામંતસિંહ (માણુસા) ૧૫૧
સામંતસિંહ (વરસોડા) ૧૫૩
સાયલા ૧૦૫, ૧૦૯, ૧૧૦, ૧૧૯, ૧૪૩, ૧૫૪
સારસા ૪૫૯
'સારસ્વત વ્યાકરણ' ૩૨૩
સારંગજી ૧૪૯
સારાભાઈ ૫૦૩
સારાભાઈ નવાબ ૫૩૨
સાલમસિંહજી (મોહનપુર) ૧૫૦
સાલસેટ ૪૧, ૪૩
સાલેહ બીન સાલેહ હિંદી ૧૪૨
સાવરકર, ગણેશ દામોદર ૨૨૨
સાવલી ૫૧, ૫૨
સાવંતસિંહજી (વરસોડા) ૧૫૩
સાહામતખાનજી ૧૪૮
'સાહિત્ય' ૨૯
'સાહિત્યદર્પણ' ૩૨૩
સાંખ્યતત્ત્વકૌમુદી' ૩૨૩
'સાંખ્યયોગ' ૩૨૩
'સાંખ્યસૂત્ર' ૩૨૩
સાંગોજી ૧૫૮, ૧૫૯
'સાંજ વર્તમાન' ૨૯
સાંતલપુર ૧૧૧
સાંથલ ૧૫૪, ૧૫૫
સિકંદરાબાદ ૩૧૪
સિદ્ધપુર ૫૨
સિદ્ધરાજ ૩૨૬
'સિદ્ધાંતશિરોમણિ' ૩૨૩
સિપ્રી ૮૧, ૮૪
સિરોહી ૧૪૪
સિંધ ૧૫૭, ૧૫૮, ૨૧૮, ૨૯૪, ૨૯૬, ૩૦૨, ૩૬૯, ૫૬૦
સિંધિયા ૪૫, ૪૮, ૫૭, ૮૯, ૯૨, ૧૦૨, ૧૪૪, ૧૪૬, ૧૬૫
સિંહાલી ૩૨૯
સીતારામ ૪૮, ૫૧
સીતારામૈયા, પટ્ટાભી ૨૧૭
સીમલક ૩૩૧
સીમ્સ ૧૪૦
સીરવાઈ, ખરશેદજી નસરવાનજી ૮
સીસવા ૨૫૪
સીંહાજી ૧૫૦
સુજોજી ૩ જો (સૂરજમલજી) ૧૫૮
સુત્રાપાડા ૧૪
'સુદર્શન' ૨૮
સુદાસણા ૧૧૨, ૧૫૬
સુપારજ ૩૦૫
સુમંતરાય ૨૨૯, ૩૪૭
સુરત ૬, ૭, ૧૦–૧૨, ૧૪, ૨૮, ૩૦, ૩૯, ૪૮–૫૦ ૫૫, ૫૬, ૫૮, ૬૦, ૬૫, ૬૬, ૬૮, ૮૦, ૯૧, ૯૨, ૯૫, ૯૬, ૯૮, ૯૯, ૧૦૧, ૧૦૨, ૧૦૪, ૧૦૫, ૧૧૧, ૧૧૩, ૧૧૫, ૧૧૯, ૧૪૭, ૧૬૫–૧૬૭, ૧૭૧, ૧૯૭, ૧૯૮, ૨૦૦–૨૦૫, ૨૦૭, ૨૦૮, ૨૧૪–૨૧૬, ૨૧૮–૨૨૨, ૨૨૫, ૨૨૬, ૨૩૨, ૨૩૪–૨૩૬, ૨૪૭, ૨૫૧–૨૫૪, ૨૫૯, ૨૭૨–૨૭૫, ૨૮૧, ૨૮૨, ૨૯૪–૨૯૯, ૩૦૨, ૩૦૩, ૩૦૫, ૩૦૬, ૩૦૯, ૩૧૧, ૩૧૪, ૩૨૧, ૩૨૭, ૩૩૨, ૩૩૫–૩૩૭, ૩૪૦, ૩૪૪, ૩૫૩, ૩૬૫, ૩૬૭,

૩૯૭, ૪૧૦, ૪૧૧, ૪૨૪, ૪૩૨, ૪૩૪, ૪૩૯, ૪૪૦, ૪૪૨, ૪૪૩, ૪૪૯, ૪૫૬, ૪૬૨, ૪૬૪, ૪૬૯, ૪૭૩, ૪૭૪, ૪૭૬ ૪૭૭, ૪૮૦, ૪૮૯, ૪૯૧–૪૯૩, ૪૯૫, ૪૯૭, ૫૦૦, ૫૦૫, ૫૦૭, ૫૧૨, ૫૧૩, ૫૨૭, ૫૩૨, ૫૪૧, ૫૪૨, ૫૪૬, ૫૬૦, ૫૬૧, ૪૬૪, ૫૬૩–૫૬૭, ૫૮૦, ૫૮૭, ૫૯૫–૫૯૭, ૬૦૨
'સુરતની તવારીખ' ૧૧
'સુરત સમાચાર' ૨૮
સુરસાગર ૩૪૧
સુરસિંહજી ૧૯
સુરાજી ૧૩૩, ૧૫૮
સુલતાન સૈયદ ૩૦૮
સુલતાનજી ૧૩૫
સુલોચનાબહેન ૧૪૧
સુશ્રુત ૩૨૩
સુંદરજી ૨૧, ૫૦૮
સુંદરજી (ધોડાસર) ૧૫૪
સુંદરજી શિવજી ૧૪૧
સુંદરબાઈ ૨૨૯
સુંદરલાલ ૩૮૪/૮
'સુંદરી સુબોધ' ૨૯
સૂઈગામ ૧૦૬, ૧૧૧
સૂંથ ૭૭, ૧૦૬, ૧૧૩, ૧૪૪, ૧૫૬, ૨૦૨
સૂબેદાર હસનખાન ૭૪
સૂરજમલ (મંડેટી) ૭૨–૭૫
સૂરજમલજી (કટોસણ) ૧૫૫
સૂરજમલજી (ધોડાસર) ૧૫૪
સૂરજમલજી (વરસોડા) ૧૫૩
સૂરજરામ ૫૫૧
સૂરસિંહ (અહમદનગર) ૧૫૧
સૂરસિંહજી (ખડાલ) ૧૫૪
સૂરસિંહજી (પાલિતાણા) ૧૪૧
સૂરસિંહજી (રણાસણ) ૧૫૨
સૂરસિંહજી (લાઠી) ૧૪૫
સૂરો રબારી ૪૫૭
'સૂર્યપ્રકાશ' ૨
સેજકજી ૩૨, ૧૦૫
સેતલવાડ, ચુનીલાલ ૩૩૩, ૩૯૯
સેન્ટ્રલ લાઈબ્રેરી, વડોદરા ૪૧૮
સૅન્ડહર્સ્ટ, લૉર્ડ ૯૯, ૫૮૬.
સૅમ્પસન, પ્રો. ૩૧૦
સૅલિસબરી ૧૨૨
સેવકરાજ રૂપરામ ૩૮૪/૮
સેંસાભાઈ ૧૫૯
સૈયદ, અચ્ચન ૪૦, ૪૧
સૈયદ, અબ્દુલ હઈ ૩૩૦
સૈયદ, અહમદ કબીર ૪૬૧
સૈયદ, અહમદુલ્લાહ ૩૮૪/૮
સૈયદ, મહંમદ જાફર શીરાઝી ૬૪૨
સૈયદ, મુરાદઅલી ૭૭
સૈયદ, સુલેમાન નદવી ૩૩૦
સોક્રેટિસ ૪૮૩
સોખડા ૧૫૩
સોજપાલ ૨૨
સોજિત્રા ૨૧, ૪૭૭
સોઢસિંહજી ૧૫૦
સોનગઢ ૧૧૧, ૧૨૩, ૧૬૦
સોનબાઈ ૨૨
સોનીબાઈ ૧૩૨

સોમચંદ ૪૩૨
સોમનાથ 'કલ્યાણી' ૫૪૪
સોમનાથપાટણ (પ્રભાસ પાટણ) ૧૩, ૧૪, ૩૦૦, ૩૨૪
સોમનાથ મંદિર ૧૩, ૧૩૮,
સોમસુંદરસૂરિ ૩૯૨
સોમેશ્વર (વરસોડા) ૧૫૩
સોરઠ ૨, ૧૦, ૧૦૫, ૧૦૬, ૧૦૮, ૧૦૯, ૧૧૮, ૧૧૯, ૩૩૯, ૩૭૧, ૩૭૨
સોરાબજી ઇજનેર ૪૪૯
સોરાબજી ઓગરા ૫૪૭, ૫૫૦,૫૫૧
સોરાબજી કાત્રક ૫૫૧
સોરાબજી જમશેદજી જીજીભાઈ ૨૫૨, ૪૮૫
સોરાબજી તાલિયારખાન ૪૫૦
સોરાબજી બેંગોલી ૪૫૦
સોરાબશા ડોસાભાઈ ૪૧૨, ૫૯૮
સોરાબશાહ ધનજીભાઈ મૂસ ૫૪૭
સૌરાષ્ટ્ર ૧૫, ૧૬, ૨૨, ૪૯, ૫૧, ૫૨, ૧૦૪–૧૦૮, ૧૧૮, ૧૨૦, ૧૨૯, ૧૩૫, ૧૩૯–૧૪૨, ૧૭૬, ૨૩૧, ૨૩૨, ૨૮૨, ૨૯૪, ૨૯૫, ૨૯૭–૩૦૪, ૩૦૬–૩૦૯, ૩૧૧, ૩૧૩–૩૧૫, ૩૨૫, ૩૩૨, ૩૩૪–૩૪૦, ૩૪૨, ૩૪૪, ૩૪૫, ૩૬૦, ૩૬૯, ૩૭૨, ૩૭૩, ૩૯૪, ૪૧૩, ૪૪૬, ૪૫૫–૪૫૮, ૪૬૩, ૪૬૬–૪૬૮, ૪૭૧, ૪૭૫, ૪૭૮, ૪ ૦ ૪૮૧, ૪૮૪, ૪૯૬, ૪૯૮, ૪૯૯, ૫૦૯, ૫૧૭, ૫૨૯–૫૩૧, ૫૩૫, ૫૩૮– ૫૪૩, ૫૪૬, ૫૪૮, ૫૫૨, ૫૫૩, ૫૫૭, ૫૫૯–૫૬૪, ૫૬૬, ૫૭૦, ૫૭૨, ૫૭૬. ૬૦૫
'સૌરાષ્ટ્રચિંતામણિ' ૧૬
'સૌરાષ્ટ્રદર્પણ' ૨૮
સ્કોટ, વૉલ્ટર ૩૮૭
સ્ટાનર્ટ, કર્નલ ૬૧
સ્ટિફન્સ, ટોમસ ૪૦૬
સ્ટુઅર્ટ, એલ્ફિન્સ્ટન ૮૯
સ્ટૅમ્ફર્ડ રૅફલ્સ ૩૧૩
સ્ટેલા ક્રેમરિશ ૬૦૧
સ્પેન્સર, હર્બર્ટ ૪૦, ૩૯૦
'સ્વતંત્રતા' ૨૮
સ્વરૂપકુંવરબા ૧૪૭
સ્વામી, ગુણાતીતાનંદ ૪૮૬
સ્વામી, રામાનંદ ૪૬૫
સ્વામી, વિવેકાનંદ ૧૯૭
હકીમ, બરજોરજી બહેરામજી ૨૫૨
હજરતઅલી ૪૬૨
હજરત મુહમ્મદ ૨૪૩
હજરત પીર મોહમ્મદશાહ લાઈબ્રેરી, અમદાવાદ ૨૪૨
હઠીસિંહ કેસરીસિંહ ૧૯, ૨૩૫, ૨૭૫, ૫૦૨
હઠીસિંહજી (ચૂડા) ૧૪૩
હડોલ ૧૧૨, ૧૫૦
હન્ટર, મિ. ૯૨
હમીદખાન ૨ જા ૧૪૧, ૧૯૦
હમીરજી ઉસ્તાદ ૫૫૫
હમીરસિંહજી (દાંતા) ૧૫૪
હમીરસિંહજી (પોળો) ૧૫૦
હમીરસિંહજી (રણાસણ) ૧૫૨

હમીરસિંહજી (વાંસદા) ૧૪૭
હરકુંવર (હરકોર) શેઠાણી **૧૯**, **૧૯૬**, ૨૩૫, ૩૩૨, ૩૪૪
હરખાજી (કટોસણ) ૧૫૫
હરગ્રીવ્સ, એચ. ૫૭૯
હરવોળજી ૧ લા ૩૦
હરપાળજી (કટોસણ) ૧૫૪, ૧૫૫
હરભમજી (થરાદ) ૧૫૬
હરભમજી ૨ જા (લીંબડી) ૧૩૭
હરભાઈ ૩૩૮
હરસોલ ૫૭
હરિદત્ત ૩૨૫
હરિભાઈ ૧૩૭
હરિભક્તિ ૨૭૫, ૫૦૨
હરિભાઈ જામનગરવાળા ૫૫૫
હરિશ્ચંદ્ર ૪૬૩
હરિશ્ચંદ્રસિંહજી ૧૪૩
હરિસિંહ (ખડાલ) ૧૫૪
હરિસિંહ (મોહનપુર) ૧૫૦
હરિસિંહજી (દાંતા) ૧૪૪
હરિસિંહજી (ધ્રાંગધ્રા) ૧૩૭
હરિસિંહજી (પાટડી) ૧૪૮
હરિસિંહજી (પુનાદરા) ૧૫૩
હરિલાલ મોહનલાલ ૪૦૦
'હરિવંશ' ૪૫૯
હરિહર દીવાના ૫૫૦
હલધર, અસિતકુમાર ૬૦૩
હસરત, ચુનીલાલ સારાભાઈ **૧૪૨**
હળવદ ૧૦૫, ૧૦૬, ૪૫૮, **૪૯૬**, **૪૯૯**
હાજીભાઈ લાલજી ૩૦૭
હાથરોલ ૧૫૦
હાથીરામ પુરુષોત્તમ ૩૧
હાપા ૧૧૨
હાફેજ દાઉદ ૨૫૧
હારિજ ૩૮૫
હાલાર ૨, ૧૦, ૫૦, ૧૦૮, **૧૦૯**, ૧૧૮, ૧૧૯, ૧૫૮, ૩૬૯, ૩૭૧, ૩૭૨
હાલોલ ૮૦, ૧૦૨
હાવર્ડ ૩૩૩, ૩૩૫, ૩૪૧, ૩૪૯, ૩૫૧
હાંસોટ ૪૫, ૪૮, ૫૬, ૬૮, ૧૦૧
હિદાયતબખ્શ ૩૨૬
હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ ૩૫૩
હિમોળજી (પેથાપુર) ૧૫૩
હિંદુસિંઘજી (મોહનપુર) ૧૫૦
'હિંદુસ્તાન' ૨૯
હિંમતનગર ૧૨૯
હિંમત બહાદુર વેણીરામ આત્મારામ ૫૦૬
હિંમતસિંહજી (ઈડર) ૧૨૯
હિંમતસિંહજી (પાટડી) ૧૪૮
હિંમતસિંહજી (પેથાપુર) ૧૫૩
હિંમતસિંહજી (મૂળી) ૧૪૩
હિંમતસિંહજી (મોહનપુર) ૧૫૨
હીકોક, કેપ્ટન ૭૩
હીમાભાઈ હઠીસિંગ ૪૭૨
હીરવિજયસૂરિ ૪૯૨
હીરાલાલ ઉસ્તાદ ૫૫૫
હીંમોળજી ૧૫૦
હુસેન ૪૬૧
હુસેનમિયાં (કચ્છ) ૧૩૧

હુસેનમિયાં (માંગરોળ) ૧૪૮
હુસેન યાવરખાન ૧૪૯
હેદોજી ૧૫૭
હેન્કોક, કર્નલ ૧૩૨
હેંનરી, એસ્ટન ૩૩૨
હેમચંદ વખતચંદ ૧૪૧, ૨૭૫, ૪૩૦, ૫૦૮
હેમચંદ્ર ૪૨૦
હેમિલ્ટન વૉલ્ટર ૧૩
હેરિસન, લૉર્ડ ૯૯, ૪૩૦,
હેવેલ ૬૦૧
હૈદરખાન ૧૫૭, ૧૫૮
હૈદ્રાબાદ ૩૧૪, ૫૪૮
હોથીજી ૧૫૯
હોપ, ટી. સી. ૩૪૯, ૩૫૧, ૩૬૫, ૩૫૬
હોપકિન્સ ૨૭૭
હોર્નબાય, વિલિયમ ૪૨
હોશિંગાબાદ ૮૦

# ચિત્રો



આ. ૧ : તત્કાલીન ગુજરાતી લખાણનો નમૂનો

ખબરનાર·શેઠ·અરદેશર·કાહીનાજી·જરહેત

ખબર·દીઅંથી·આપીએ છે

તા· ૧૧ મી·શપટેમબર·આવતી·એ·શનિવારને·દીને બપોરનાં·કલાક ૧૧ નાં·મીશરર·બજુશ·સરાફની·કંપની·ની·હાઇરિઓ·અરનારની·મીલકત·શ્રીસુબજનાં·કોટ·મહેની·એ·ઠોરમેલ·નહીં·વેચારીતો·જાહેર·લીલામ·વ·રીતે·નીચે·લખેલા·બાબો·પરમાંણે·વેચારો ✻

બાદ ૧ —ઘોર ૧ મીશતર·બાડ·વજીજ·રેહેયતે·તાંમરીન·જેતમો·નંબર·૧૦ નુ·તે·ઘોરનુ·લાગ·રુમાલો·શુ· ૧૨૫ આરા ૧·નાં·રૂપએ·છે·પણ·એ·ઘોરનુ·લાગ·રૂપીઆ ૧૫૦ રૂપએ·તેનુ છે ❁

બાદ ૨ —વખાર ૧ નંબર ૨ ની·ચરસ·જેન·મહેની·તે·વખાર·મધે·રૂની·ફારી·ગાંશડી ૪૫૦ સમેઇ·તથા·રે·રૂ૦·એ·વખારનુ·લાગ·આરા ૧ નું·રૂપીઆ ૧૦૦ રૂપએ·તેની·જોડે છે ❁

બાદ ૩ —વખાર ૧ નંબર ૩ ની·ચરસ·જેન·મહેની·એ·વખાર·મધે·રૂની·ગાંશડી·ફારી ૭૦૦ રેહે છે·એ·વખારનુ·લાગ·આરા ૧ નાં·રૂપીઆ ૧૦૦·રૂપએ·તેનો·આવે છે ❁

બાદ ૪ —ઘોર ૧ નંબર ૮ નુ·પાજો·ઘરશતરીતનુ·જે·ઘોરમાં·કપતાન·આરચાતી·રેહે છે·તેનુ·લાગ·આરા ૧ નાં·૩ [illegible] ૩૦૦ રૂપએ છે·તથા·તે·ઘોરની·સાથે·જાતી·વખાર ૧ છે·તેનુ·લાગ·આરા ૧ નાં·રૂપીઆ ૧૦૦ રૂપએ·તેનો·આવે છે

બાદ ૫ —ઘોર ૧ તથા·તેની·સાથે·તબેલો·તથા·ફોય·ચાકરા·મેદારા·ઘરશતરીત·મધેનુ·નંબર ૩૧ નુ·તેમધે·મીશતર·[illegible]·રેહે છે·તેનુ·લાગ·આરા ૧ નાં·રૂપીઆ ૧૫૦ રૂપએ છે·પણ·શુ· ૨૦૦ નુ·લાગ·રૂપએ·તેનો·આવે છે ✻

બાદ ૬ —ઘોર ૧ નંબર ૩૧ નુ·પાજો·ઘરશતરીત·મધેનુ·તે·ઘોર·મધે·કપતાન·રેડીક·રેહે છે·તેનુ·લાગ·આરા ૧

આ. ૨ : 'જામે જમશેદ'માં તા. ૨૭ મી ઑગસ્ટ, ૧૮૧૧ ના દિને છપાયેલી જાહેર ખબરના હેન્ડબીલનો નમૂનો

આકૃતિ ૩–૯

પટ્ટ ૧



૩



૪



૫



૬



૯



૭



૮

૩. વિલિયમ ૪ થાના રૂપિયાની મુખ્ય બાજુ; ૪. રાણી વિકટોરિયાના રૂપિયાની આગલી બાજુ; ૫. ગાયકવાડ સયાજીરાવ ૨ જાનો પૈસો; ૬. ખંડેરાવ ગાયકવાડના સિક્કાની આગલી બાજુ; ૭. ગાયકવાડ સયાજીરાવ ૩ જાના તાંબાના સિક્કાની આગલી બાજુ; ૮. પ્રાગમલજી ૨ જાના તાંબાના સિક્કાની આગલી બાજુ; ૯. પ્રાગમલજી ૨ જાની પાંચ–કોરીની પાછલી બાજુ



૧૦



૧૧



૧૨



૧૩



૧૪



૧૫



૧૬

૧૦. ખંભાતના નવાબનો પૈસો, મુખ્ય બાજુ; ૧૧. છોટા ઉદેપુરના મહારાવલ મોતીસિંહજીના બે પૈસા, મુખ્ય બાજુ; ૧૨. ખંભાતનો ફારસી લખાણવાળો પૈસો, પાછલી બાજુ; ૧૩. નવાનગરનો ત્રણ દોકડાનો સિક્કો, મુખ્ય બાજુ; ૧૪. લુણાવાડાનો પૈસો, મુખ્ય બાજુ; ૧૫–૧૬. રાધનપુર નવાબ બિસ્મિલ્લાના રૂપિયાની અગ્ર અને પૃષ્ઠ બાજુ



આ. ૧૭ : હઠીસિંહ મંદિર, અમદાવાદ



આ. ૧૮ : વડવાળા મંદિર, દૂધરેજ : સન્મુખ દર્શન



આ. ૧૯ : વડવાળા મંદિરના મંડોવરની દીવાલનું દશ્ય




આ. ૨૦ : સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ



આ. ૨૧ : સ્વામિનારાયણ મંદિર, વડતાલ



આ. ૨૨ : ક્રાઇસ્ટ ચર્ચ, મિરજાપુર, અમદાવાદ



આ. ૨૩ : હઠીસિંહ મંદિરનો શિલ્પિત મહોરો



આ. ૨૪ : દ્વારપાલિકા, હઠીસિંહ મંદિર, અમદાવાદ



આ. ૨૫ : કાષ્ઠ કોતરણીવાળા સિંહાસન પર
પ્રતિષ્ઠિત દેવ પ્રતિમાઓ
સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ



આ. ૨૭ : હાથીની અંબાડી પર બેઠેલ
વિદેશી અફસર
સ્વામિનારાયણ મંદિર, ધોલેરા



આ. ૨૬ : શિવ–પાર્વતી, સ્વામિનારાયણ મંદિર, ધોળકા



આ. ૨૮



આ. ૨૯

વાદ્યધારિણીઓ, સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ



આ. ૩૦ : દ્વારપાલ
સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ



આ. ૩૧ : વિષ્ણુ
સ્વામિનારાયણ મંદિર, સુરત



આ. ૩૨ : મહાપ્રભુજીની બેઠકની હવેલીનો
મહોરો, ગુપ્તપ્રયાગ (જિ. જૂનાગઢ)



આ. ૩૩ : હાથીનું શિલ્પ, વડવાળા મંદિર, દૂધરેજ



આ. ૩૪ : દ્વારપાલ સાધુનું શિલ્પ, વડવાળા મંદિર, દૂધરેજ



આ ૩૫ : વાયુદેવ, પાળિયાદ



આ. ૩૬ : બ્રહ્માણી, ચંડીસર



આ. ૩૭ : કુબેર, રાજુલા




આ. ૩૮ : શ્રદ્ધાંજલિ અર્પતું બાળક
પ્રોટેસ્ટન્ટ કબ્રસ્તાન, અમદાવાદ



આ. ૩૯ : પરી, પ્રોટેસ્ટન્ટ કબ્રસ્તાન,
અમદાવાદ



આ. ૪૦ : અંગ્રેજ કન્યા,
ઢાળની પોળ, અમદાવાદ



આ. ૪૧ : બાળકી,
ઢાળની પોળ, અમદાવાદ



આ. ૪૨ : વિદેશી વાદ્યધારિણી,
જૈન ઉપાશ્રય, ધનાસુથારની પોળ, અમદાવાદ



આ. ૪૩ : પ્રવેશદ્વાર, કેશવભવન,
માણેકચોક, અમદાવાદ



આ. ૪૪ : કાન–ગોપીઓના શિલ્પવાળી કમાન
હજીરાની પોળ, કાળુપુર, અમદાવાદ



આ. ૪૫ : કોરિન્થિયન શિલ્પયુક્ત મહોરો, સરકીવાડ, સારંગપુર, અમદાવાદ



આ. ૪૬ : ચીનુભાઈ બૅરોનેટનો બંગલો, શાહીબાગ, અમદાવાદ



આ. ૪૭ : સ્તંભ શિરાવટી, નવલખા મહેલ, મુંદ્રા



આ. ૪૮ : સ્તંભ શિરાવટી, ફાલના અને છત
હવેલી, સ્વામિનારાયણ મંદિર, ધોળકા



આ. ૪૯ : મજૂસ, પિરાજી સાગરા સંગ્રહ, અમદાવાદ



આ. ૫૦ : કલાત્મક બારી, પિરાજી સાગરા સંગ્રહ, અમદાવાદ



આ. ૫૧ : હનુમાનજી રામજી મંદિર, વસો



આ. ૫૨ : મદલ, સ્વામિનારાયણ મંદિર, કાળુપુર, અમદાવાદ



આ. ૫૩ : બાબલા દેવ, દેવહાટ (છોટા ઉદેપુર)

૫
૬
૨૨



આ. ૫૫ :
પગથી તીર છોડતી
નર્તકી, પટચિત્ર,
લા. દ. વિદ્યામંદિર,
અમદાવાદ



આ. ૫૪ :
શ્રીપાલ રાસકથાનું એક
દૃશ્ય, લા. દ.
વિદ્યામંદિર, અમદાવાદ



આ. ૫૬ : નૃત્ય દૃશ્ય, પટચિત્ર, લા. દ. વિદ્યામંદિર, અમદાવાદ



આ. ૫૭ : માણકી ઘોડી પર બેઠેલા સહજાનંદ સ્વામી,
સ્વામિનારાયણ મંદિર–સંગ્રહ, કાળુપુર, અમદાવાદ